–: નમુનો – અ :–

સ્પેશ્યિલ જજ, સ્પેશયલ કોર્ટ (પોક્સો) અને બીજા અધિક સત્ર ન્યાયાધીશ, આણંદના ન્યાયાલયમાં શ્રી એસ. આઈ. ભોરણીયા	
ચુકાદાની તારીખ	૨૫/૦૩/૨૦૨૬
સ્પેશયલ (પોક્સો) કેસ નંબર	૫૩/૨૦૨૩
ગુન્હાની વિગત	
ગુન્હાની કલમ	ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬એ, ૩૬૬બી, ૩૭૦(૪), ૩૭૦એ(૧), ૩૭૨, ૩૭૩, ૩૭૬, ૧૨૦બી તથા જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ ૪, ૬, ૧૬ અને ઈમમોરલ ટ્રાફીક (પ્રિવેન્શન) એક્ટની કલમ ૪(૧), ૫(૧)(ડી) મુજબ.
પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા	ફર્સ્ટ ૧૧૨૧૫૦૩૭૨૩૦૫૫૫/૨૦૨૩
પોલીસ સ્ટેશન	વિધ્યાનગર પોલીસ સ્ટેશન, આણંદ, તા.જી. આણંદ
ફરિયાદ પક્ષ	સરકારશ્રી
રજુઆત	વિદ્વાન સ્પે. પબ્લિક પ્રોસીક્યુટર શ્રી એ.એસ.જાડેજા
આરોપી પક્ષ	(૧) મેસન સ/ઓ રઝાક રહમાન બીસ્સ ઉર્ફે અનવર ઉર્ફે મુનાવર હુસેન જોય રહે. મકાન નં.૨૦૧, બીજા માળ, મુસ્કાન એપાર્ટમેન્ટ, શાકમાર્કેટ પાસે, અલકાપુરી, નાલાસોપારા, ઈસ્ટ, વસઈ, જી.પાલઘર (મહારાષ્ટ્ર) તથા હાલ રહે. ગામ– પાનીતર, થાના. બોસીરાહત, જી. ઉત્તર ચોવીસ પરગુન્હા, (પશ્ચિમ બંગાળ, કલકત્તા) મુળ રહે. ડિગોલીયા, થાના ડિગોલીયા, જી. ખુલના, બાંગ્લાદેશ (૨) જેઠાનંદ ઉર્ફે સુનિલ ઘનશ્યામભાઈ સેવકાની હાલ રહે. મકાન નં. ૫૯, ભાથીજીનગર, ડી–માર્ટની સામે, વાઘોડીયા રોડ, તા.જી.વડોદરા મુળ રહે. બી૧૨–૫૬, રૂપલ એપાર્ટમેન્ટ, રાધાસ્વામી રોડ, રાણીપ, અમદાવાદ

	(૩) સોનીયાબેન વા/ઓ દીનેશભાઈ વેંકટ શિંદે ઉર્ફે નઝમા રજાકભાઈ બીસેસ હાલ રહે. મકાન નં. ૧૦૪, એ–વીંગ, કેમ એપાર્ટમેન્ટ, નાલાસોપારા ઈસ્ટ, વસઈ, જી.પાલઘર (મહારાષ્ટ્ર) રહે. પાનીતર, થાના–બોસીરહાત, જી. ઉત્તર ચોવીસ પરગુન્હા (પશ્ચિમ બંગાળ કોલકત્તા) મુળ રહે. ડિગોલીયા, થાના ડિગોલીયા, જી. ખુલના, બાંગ્લાદેશ. (૪) અમૃત ઉર્ફે અનીલ ઉર્ફે આર્યન ગોરધનભાઈ ખર્રા, રહે. પ્રહલાદપુરા, શિવદાસપુરાની બાજુમાં, પોસ્ટ–બીલવા, તા. સાંગાનેર, જી.જયપુર, રાજસ્થાન હાલ રહે. સીફોનીક સોસાયટી, મકાન નં. ૧૦૪, ઉભા ભવાની ફાટક, ચાંદખેડા, અમદાવાદ (૫) પ્રદિપકુમાર ઉર્ફે લાલો કાંતીભાઈ મકવાણા રહે. કાવીઠા, ચામુંડા ફળિયું, તા. બોરસદ, જી. આણંદ, હાલ રહે. વડોદરા, નવા યાર્ડ, ઓમ રેસીડેન્સી પાછળ, જુની આશાપુરી, મકાન નં.૬૫૯, તા.જી.વડોદરા (૬) રાહુલ પ્રકાશ નારાયણ મિશ્રા રહે. તિવરલાલપુર, થાના, અયાના, જી. ઔરૈયા, યુ.પી., હાલ રહે. વડોદરા, ફતેગંજ, સર્નમ સોલીટાયલ, ફલેટ નં. ૨૦૧, પોસ્ટ ઓફીસની પાછળ, તા.જી. વડોદરા (૭) શીભાઈભાઈ ઉર્ફે લાલભાઈ કરમશીભાઈ દેસાઈ રહે. ઉચરપી, દેસાઈ વાસ, તા.કાકરેજ, જી. બનાસકાઠા, હાલ રહે. અમદાવાદ, અંજના ઈલોરા એપાર્ટમેન્ટ, શંકર ભગવાનના મંદિર પાછળ, રિદ્ધી સિદ્ધી રો હાઉસ પાસે, થલતેજ, તા.જી.અમદાવાદ

	(૮) હની ત્રિભોવનભાઈ પટેલ રહે. ઉંઝા, અંબિકા સોસાયટીની પાછળ, રઘુવીર સોસાયટી, મકાન નં.૬૯, તા. ઉંઝા, જી. મહેસાણા, હાલ રહે. અમદાવાદ, ગુજરાત હાઈકોર્ટની સામે, સ્વતિક બંગ્લો, પાર્ટ–૦૧, મકાન નં. ૧૨/બી, તા.જી.અમદાવાદ
રજુઆત	આરોપી નં. ૦૧ તર્ફે વિદ્વાન ચીફ ડિફેન્સ કાઉન્સીલ શ્રી એન.વી.પટેલ આરોપી નં. ૦૨ તર્ફે વિદ્વાન ડેપ્યુટી ચીફ ડિફેન્સ કાઉન્સીલ શ્રી એ.યુ.દિવાન આરોપી નં. ૦૩ તર્ફે વિદ્વાન વકિલશ્રી ઝેડ.એ.ગાંધી આરોપી નં. ૦૪ તર્ફે વિદ્વાન વકિલશ્રી આર.એચ.સોનારા આરોપી નં. ૦૫ અને ૦૮ તર્ફે વિદ્વાન વકિલશ્રી સી.કે.પટેલ આરોપી નં. ૦૬ અને ૦૭ તર્ફે વિદ્વાન વકિલશ્રી ડી.એસ.શાહ

–: નમુના– બ :–	
ગુન્હાની તારીખ	તા. ૨૨/૦૮/૨૦૨૩ થી તા. ૦૫/૦૯/૨૦૨૩ દરમ્યાન
પ્રથમ માહિતી અહેવાલની તારીખ	૧૩/૦૯/૨૦૨૩
આખરી અહેવાલની તારીખ	૨૬/૧૦/૨૦૨૩
તહોમતનામાની તારીખ	૨૫/૦૧/૨૦૨૪
પુરાવો શરૂ થયાની તારીખ	૨૬/૦૨/૨૦૨૪
ચુકાદા માટે રાખવાની તારીખ	૨૩/૦૩/૨૦૨૬
ચુકાદાની તારીખ	૨૫/૦૩/૨૦૨૬
સજા હુકમની તારીખ (લાગુ પડે તો)	–

–: આરોપીની વિગત :–

અનુ. નં.	આરોપીનુ નામ	ધરપકડની તારીખ	જામીનમુક્તિ તારીખ	તહોમત	શું નિર્દોષ છોડ્યા / સજા કરી	કરવામાં આવેલ સજા	સુનવણી દરમિયાન અટકાયત નો સમયગા ળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ
(૧)	મેસન સ/ઓ રઙ્કાક રહમાન બીસ્સ ઉર્ફે અનવર ઉર્ફે મુનાવર હુસેન જોય રહે. મકાન નં.૨૦૧, બીજા માળ, મુસ્કાન એપાર્ટમેન્ટ, શાકમાર્કેટ પાસે, અલકાપુરી, નાલાસોપારા, ઈસ્ટ, વસઈ, જી.પાલઘર (મહારાષ્ટ્ર) તથા હાલ રહે. ગામ– પાનીતર, થાના. બોસીરાહત, જી. ઉત્તર ચોવીસ પરગુન્હા, (પશ્ચિમ બંગાળ, કલકત્તા) મુળ રહે. ડિગોલીયા, થાના ડિગોલીયા, જી. ખુલના, બાંગ્લાદેશ	૧૫/૦૯/૨૩		ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬એ, ૩૬૬બી, ૩૭૦(૪), ૩૭૦એ(૧), ૩૭૨, ૩૭૩, ૩૭૬, ૧૨૦બી, જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનયમની કલમ–૪, ૬, ૧૬, ઈમ્મોરલ ટ્રાફીક (પ્રિવેન્શન) એક્ટની કલમ ૪(૧), ૫(૧)(ડી) મુજબ.	વિશ્વસ નિય પુરાવા ઓના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ છોડ્યા	આખરી હુકમ મુજબ	
(૨)	જેઠાનંદ ઉર્ફે સુનિલ ઘનશ્યામભાઈ સેવકાની હાલ રહે. મકાન નં. ૫૯, ભાથીજીનગર, ડી–માર્ટની સામે, વાઘોડીયા રોડ, તા.જી.વડોદરા મુળ રહે. બી૧૨–૫૬, રૂપલ એપાર્ટમેન્ટ, રાધાસ્વામી રોડ, રાણીપ, અમદાવાદ	૧૫/૦૯/૨૩		"	"	"	
(૩)	સોનીયાબેન વા/ઓ	૧૫/૦૯/૨૩	૦૮/૧૨/૨૩	"	"	"	

	દીનેશભાઈ વેંકટ શિંદે ઉર્ફે નઝમા રજાકભાઈ બીસેસ હાલ રહે. મકાન નં. ૧૦૪, એ–વીંગ, કેમ એપાર્ટમેન્ટ, નાલાસોપારા ઈસ્ટ, વસઈ, જી.પાલઘર (મહારાષ્ટ્ર) રહે. પાનીતર, થાના–બોસીરહાત, જી. ઉત્તર ચોવીસ પરગુન્હા (પશ્ચિમ બંગાળ કોલકત્તા.) મુળ રહે. ડિગોલીયા, થાના ડિગોલીયા, જી. ખુલના, બાંગ્લાદેશ.						
(૪)	અમૃત ઉર્ફે અનીલ ઉર્ફે આર્યન ગોરધનભાઈ ખર્રા, રહે. પ્રહલાદપુરા, શિવદાસપુરાની બાજુમાં, પોસ્ટ–બીલવા, તા. સાંગાનેર, જી.જયપુર, રાજસ્થાન હાલ રહે. સીફોનીક સોસાયટી, મકાન નં. ૧૦૪, ઉભા ભવાની ફાટક, ચાંદખેડા, અમદાવાદ	૧૯/૦૯/૨૩	૦૭/૧૨/૨૩	"	"	"	
(૫)	પ્રદિપકુમાર ઉર્ફે લાલો કાંતીભાઈ મકવાણા રહે. કાવીઠા, ચામુંડા ફળિયું, તા. બોરસદ, જી. આણંદ, હાલ રહે. વડોદરા, નવા યાર્ડ, ઓમ રેસીડેન્સી પાછળ, જુની આશાપુરી, મકાન નં.૬૫૯, તા.જી.વડોદરા	૧૯/૦૯/૨૩	૨૦/૧૧/૨૩	"	"	"	
(૬)	રાહુલ પ્રકાશ નારાયણ મિશ્રા રહે. તિવરલાલપુર, થાના, અયાના, જી. ઔરૈયા, યુ.પી., હાલ રહે. વડોદરા, ફતેગંજ, સર્નમ સોલીટાયલ, ફ્લેટ નં. ૨૦૧, પોસ્ટ ઓફીસની પાછળ, તા.જી. વડોદરા	૧૯/૦૯/૨૩	૦૬/૧૨/૨૩	"	"	"	
(૭)	શીભાઈભાઈ ઉર્ફે લાલભાઈ કરમશીભાઈ દેસાઈ રહે. ઉચરપી, દેસાઈ વાસ, તા.કાકરેજ, જી. બનાસકાઠા, હાલ રહે. અમદાવાદ, અંજના ઈલોરા એપાર્ટમેન્ટ, શંકર ભગવાનના મંદિર	૧૯/૦૯/૨૩	૧૩/૧૧/૨૩	"	"	"	

	પાછળ, રિદ્ધી સિદ્ધી રો હાઉસ પાસે, થલતેજ, તા.જી.અમદાવાદ						
(૮)	હની ત્રિભોવનભાઈ પટેલ રહે. ઉંઝા, અંબિકા સોસાયટીની પાછળ, રઘુવીર સોસાયટી, મકાન નં.૬૯, તા. ઉંઝા, જી. મહેસાણા, હાલ રહે. અમદાવાદ, ગુજરાત હાઈકોર્ટની સામે, સ્વતિક બંગ્લો, પાર્ટ–૦૧, મકાન નં. ૧૨/બી, તા.જી.અમદાવાદ	૧૯/૦૯/૨૩	૦૧/૧૨/૨૩	"	"	"	

–: નમુનો – ક :–

ફરીયાદી/ બચાવ/ ન્યાયાલયના સાક્ષીની યાદીઓ

(અ) ફરિયાદ પક્ષ :–

અનુક્રમ નંબર	નામ	પુરાવાનો પ્રકાર
ફરિયાદ પક્ષ સાહેદ નં. ૧	ભોગ બનનારની જુબાની	ભોગ બનનાર સાહેદ
ફરિયાદ પક્ષ સાહેદ નં. ૨	પંચ સાહેદ પરેશભાઈ ઘનશ્યામભાઈ મિસ્ત્રીની જુબાની	પંચ સાહેદ
ફરિયાદ પક્ષ સાહેદ નં. ૩	પંચ સાહેદ સુરેશભાઈ બબુભાઈ તળપદા ની જુબાની	પંચ સાહેદ
ફરિયાદ પક્ષ સાહેદ નં. ૪	પંચ સાહેદ મથુરભાઈ ભદાભાઈ તળપદા ની જુબાની	પંચ સાહેદ
ફરિયાદ પક્ષ સાહેદ નં. ૫	પંચ સાહેદ ધર્મેન્દ્રકુમાર દુર્ગાપ્રસાદ પટેલ ની જુબાની	પંચ સાહેદ
ફરિયાદ પક્ષ સાહેદ નં. ૬	પંચ સાહેદ અમરસિંહ રમેશભાઈ સોઢાપરમારની જુબાની	પંચ સાહેદ
ફરિયાદ પક્ષ સાહેદ નં. ૭	ડોક્ટર સાહેદ ડો. દિપલ શાહ ની જુબાની	ડોક્ટર સાહેદ
ફરિયાદ પક્ષ સાહેદ નં. ૮	ડોક્ટર સાહેદ ડો.મિલિનસીંધ બદ્રીપ્રસાદ યાદવ ની જુબાની	ડોક્ટર સાહેદ
ફરિયાદ પક્ષ સાહેદ નં. ૯	સાહેદ નાયક કૈલાશબેન શિવુભાઈ ની જુબાની	સાહેદ
ફરિયાદ પક્ષ સાહેદ નં.૧૦	સાહેદ નિલોય નારયણપ્રસાદ ડેય	સાહેદ
ફરિયાદ પક્ષ સાહેદ નં.૧૧	સાહેદ વિકાસકુમાર કારુસવ ની જુબાની	સાહેદ

ફરિયાદ પક્ષ સાહેદ નં.૧૨	ડોક્ટર સાહેદ ધર્મેન્દ્રકુમાર બેચરભાઈ પરમારની જુબાની	ડોક્ટર સાહેદ
ફરિયાદ પક્ષ સાહેદ નં.૧૩	સાહેદ મહેન્દ્રભાઈ વાલજીભાઈ પાટીદારની જુબાની	સાહેદ
ફરિયાદ પક્ષ સાહેદ નં.૧૪	ફરિયાદી ગોપાલભાઈ સાંગાભાઈ ગઢવીની જુબાની	ફરિયાદી
ફરિયાદ પક્ષ સાહેદ નં.૧૫	સાહેદ ચિંતન વિરમભાઈ ચૌધરીની જુબાની	સાહેદ
ફરિયાદ પક્ષ સાહેદ નં.૧૬	ત.ક.અધિકારી પરીક્ષિતસિંહ કિરતસિંહ સોઢાની જુબાની	તપાસ કરનાર અધિકારી
ફરિયાદ પક્ષ સાહેદ નં.૧૭	પી.એસ.ઓ. વિનોદભાઈ મુળજીભાઈ ની જુબાની	પી.એસ.ઓ. સાહેદ
ફરિયાદ પક્ષ સાહેદ નં.૧૮	સાહેદ નકુલ દેવીલાલ જોશીની જુબાની	સાહેદ
ફરિયાદ પક્ષ સાહેદ નં.૧૯	ત.ક.અધિકારી લવકુમાર બનેસિંહ ડાભીની જુબાની	તપાસ કરનાર અધિકારી
બચાવ પક્ષે સાહેદઃ–		
કોઈ નહી....		
ન્યાયાલયના સાહેદઃ–		
કોઈ નહી....		

GJAN010044162023	રજુ તારીખ : ૨૬/૧૦/૨૦૨૩			
	નોંધ્યા તારીખ : ૨૬/૧૦/૨૦૨૩			
	ફેસલ તારીખ : ૨૫/૦૩/૨૦૨૬			
	સમયગાળો	વર્ષ	મહીના	દિવસ
		૦૨	૦૪	૨૯

सत्यमेव जयते

<u>આણંદના મહે. જજ, સ્પેશયલ કોર્ટ (પોક્સો) અને બીજા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં મુ. આણંદ</u>

સ્પે.પોક્સો કેસ નંબર : ૫૩/૨૦૨૩

આંક :–

<u>ફરિયાદી</u> :– **શ્રી સરકારશ્રી**

–: **<u>વિરુધ્ધ</u>** :–

<u>આરોપી નં.૦૧ :–</u>

મેસન સ/ઓ રઝાક રહમાન બીસ્સ ઉર્ફે અનવર ઉર્ફે મુનાવર હુસેન જોય

રહે. મકાન નં.૨૦૧, બીજા માળ, મુસ્કાન એપાર્ટમેન્ટ, શાકમાર્કેટ પાસે, અલકાપુરી, નાલાસોપારા, ઈસ્ટ, વસઈ, જી.પાલઘર (મહારાષ્ટ્ર) તથા

હાલ રહે. ગામ– પાનીતર, થાના. બોસીરાહત, જી. ઉત્તર ચોવીસ પરગુન્હા, (પશ્ચિમ બંગાળ, કલકત્તા) મુળ રહે. ડિગોલીયા, થાના ડિગોલીયા, જી. ખુલના, બાંગ્લાદેશ

<u>આરોપી નં.૦૨ :–</u>

જેઠાનંદ ઉર્ફે સુનિલ ઘનશ્યામભાઈ સેવકાની

હાલ રહે. મકાન નં. ૫૯, ભાથીજીનગર, ડી–માર્ટની સામે,
વાઘોડીયા રોડ, તા.જી.વડોદરા
મુળ રહે. બી૧૨–૫૬, રૂપલ એપાર્ટમેન્ટ, રાધાસ્વામી રોડ, રાણીપ,
અમદાવાદ

<u>આરોપી નં.૦૩ :–</u>

સોનીયાબેન વા/ઓ દીનેશભાઈ વેંકટ શિંદે ઉર્ફે નઝમા રજાકભાઈ બીસેસ
હાલ રહે. મકાન નં. ૧૦૪, એ–વીંગ, કેમ એપાર્ટમેન્ટ, નાલાસોપારા ઈસ્ટ,
વસઈ, જી.પાલઘર (મહારાષ્ટ્ર)
રહે. પાનીતર, થાના–બોસીરહાત, જી. ઉત્તર ચોવીસ પરગુન્હા
(પશ્ચિમ બંગાળ કોલકત્તા)
મુળ રહે. ડિગોલીયા, થાના ડિગોલીયા, જી. ખુલના, બાંગ્લાદેશ.

<u>આરોપી નં.૦૪ :–</u>

અમૃત ઉર્ફે અનીલ ઉર્ફે આર્યન ગોરધનભાઈ ખરા

રહે. પ્રહલાદપુરા, શિવદાસપુરાની બાજુમાં, પોસ્ટ–બીલવા, તા. સાંગાનેર,
જી.જયપુર, રાજસ્થાન
હાલ રહે. સીફોનીક સોસાયટી, મકાન નં. ૧૦૪, ઉભા ભવાની ફાટક,
ચાંદખેડા, અમદાવાદ.

<u>આરોપી નં.૦૫ :–</u>

પ્રદિપકુમાર ઉર્ફે લાલો કાંતીભાઈ મકવાણા
રહે. કાવીઠા, ચામુંડા ફળિયું, તા. બોરસદ, જી. આણંદ,
હાલ રહે. વડોદરા, નવા યાર્ડ, ઓમ રેસીડેન્સી પાછળ, જુની આશાપુરી,
મકાન નં.૬૫૯, તા.જી.વડોદરા.

<u>આરોપી નં.૦૬ :–</u>

રાહુલ પ્રકાશ નારાયણ મિશ્રા

રહે. તિવરલાલપુર, થાના, અયાના, જી. ઔરૈયા, યુ.પી.,
હાલ રહે. વડોદરા, ફતેગંજ, સર્નમ સોલીટાયલ, ફ્લેટ નં. ૨૦૧, પોસ્ટ ઓફીસની પાછળ, તા.જી. વડોદરા.

<u>આરોપી નં.૦૭ :–</u>

શીભાઈભાઈ ઉર્ફે લાલભાઈ કરમશીભાઈ દેસાઈ

રહે. ઉચરપી, દેસાઈ વાસ, તા.કાકરેજ, જી. બનાસકાઠા,
હાલ રહે. અમદાવાદ, અંજતા ઈલોરા એપાર્ટમેન્ટ,
શંકર ભગવાનના મંદિર પાછળ, રિદ્ધી સિદ્ધી રો હાઉસ પાસે,
થલતેજ, તા.જી.અમદાવાદ.

<u>આરોપી નં.૦૮ :–</u>

હની ત્રિભોવનભાઈ પટેલ

રહે. ઉંઝા, અંબિકા સોસાયટીની પાછળ, રઘુવીર સોસાયટી,
મકાન નં.૬૯, તા. ઉંઝા, જી. મહેસાણા,
હાલ રહે. અમદાવાદ, ગુજરાત હાઈકોર્ટની સામે,
સ્વસ્તિક બંગ્લો, પાર્ટ–૦૧, મકાન નં. ૧૨/બી,
તા.જી.અમદાવાદ.

ગુન્હો :– ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬એ, ૩૬૬બી, ૩૭૦(૪), ૩૭૦એ(૧), ૩૭૨, ૩૭૩, ૩૭૬, ૧૨૦બી તથા જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ ૪, ૬, ૧૬ અને ઈમ્મોરલ ટ્રાફીક (પ્રિવેન્શન) એક્ટની કલમ ૪(૧), ૫(૧)(ડી) મુજબ.

ફરિયાદ પક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી એ.એસ.જાડેજા
આરોપી નં. ૦૧ તર્ફે વિદ્વાન ચીફ ડિફેન્સ કાઉન્સીલ શ્રી એન.વી.પટેલ
આરોપી નં. ૦૨ તર્ફે વિદ્વાન ડેપ્યુટી ચીફ ડિફેન્સ કાઉન્સીલ શ્રી એ.યુ.દિવાન

આરોપી નં. ૦૩ તર્ફે વિદ્વાન વકિલશ્રી ઝેડ.એ.ગાંધી

આરોપી નં. ૦૪ તર્ફે વિદ્વાન વકિલશ્રી આર.એચ.સોનારા

આરોપી નં. ૦૫ અને ૦૮ તર્ફે વિદ્વાન વકિલશ્રી સી.કે.પટેલ

આરોપી નં. ૦૬ અને ૦૭ તર્ફે વિદ્વાન વકિલશ્રી ડી.એસ.શાહ

–૦: <u>ચુકાદો</u> :૦–

(૧) "તસ્કરી" શબ્દ સાંભળતા જ સામાન્ય માનવીના માનસમાં કોઈ ગુન્હાહીત પ્રસંગ કે બનાવના ચિત્ર અંકીત થઈ જાય કે કલ્પનાનો વિચાર દોડી જાય અને તે શબ્દને કોઈ અપરાધ સાથે સાંકળી લેવામાં આવે છે કારણ કે "તસ્કરી" શબ્દ જ કાયદાની પરીભાષામાં ગુન્હાહીત કૃત્ય સાથે સંકળાયેલ છે અને આ શબ્દ જ કોઈ ગુન્હો થયાની બાબત દર્શાવે છે. જો સામાન્ય તસ્કરી પણ સામાન્ય માનવીના માનસમાં વણગમતા ભાવ ઉત્પન્ન કરે તો "માનવ તસ્કરી" ની બાબત કેટલી તીવ્રતાવાળા કોઈ અપરાધીક બાબત સાથે સંકળાયેલ ભાવ સંવેદનશીલ માનવીના માનસમાં પેદા કરતા હશે અને તેની પરાકાષ્ઠા કેટલી હશે? તે બાબત માત્ર અનુભુતિની બાબત જ બની રહે છે અને તે સમજવી ખુબ જ અધરી થઈ પડે છે. આવો જ "માનવ તસ્કરી" સાથે સંકળાયેલ આક્ષેપવાળો કેસ ફરિયાદ પક્ષ દ્વારા અત્રેની અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

(૨) ફરિયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલા કેસ મુજબ આ કામના આરોપીઓ વિરુધ્ધ વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૨૧૫૦૩૭૨૩૦૫૫૫/૨૦૨૩ થી ગુન્હો નોંધાયેલ છે અને જે ગુન્હાની હકીકતો આધારે આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૬૩, ૩૬૬એ, ૩૬૬બી, ૩૭૦(૪), ૩૭૦એ(૧), ૩૭૨, ૩૭૩, ૩૭૬, ૧૨૦બી તથા જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ – ૪, ૬, ૧૬ અને ઈમમોરલ ટ્રાફીક (પ્રિવેન્શન) એક્ટની કલમ – ૪(૧), ૫(૧)(ડી) મુજબના ગુન્હાના તત્વો સમાયેલા હોય તેવો ગુન્હો નોંધાયેલ છે.

(૩) ઉપરોક્ત મુજબના આરોપીઓ વિરુધ્ધ નોંધાયેલ ગુન્હાની ગંભીરતા કાયદાની જોગવાઈઓ મુજબ સ્વયં સ્પષ્ટ રહેલી છે અને તેથી ચુકાદાના પુવાર્ધમાં આ પ્રારંભિક તબક્કે “માનવ તસ્કરી” ના ગુન્હા સંદર્ભે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **Pinki Vs. State of Uttar Pradesh and Anr.** 2025 **INSC** 482 ના કેસના ચુકાદામાં માનવ તસ્કરીના કેસની કાર્યવાહી નિયત સમય મર્યાદામાં પુર્ણ કરવા બાબતે નિર્દેશ આપવામાં આવેલ છે અને તે નિર્દેશ મુજબ આ કેસની કાર્યવાહી નિયમ સમય મર્યાદામાં પુર્ણ કરવામાં આવેલ છે તે નોંધવું અનિવાર્ય છે. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા આ ચુકાદામાં "માનવ તસ્કરી" જેવા ગુન્હાના કામે "માનવ તસ્કરી" ના અલગ અલગ પ્રકાર નોંધી આવા ગુન્હા પરત્વે કેટલી સંવેદનશીલતાથી ગુન્હા નોંધી કેટલીક ત્વરીતતાથી તપાસ કરવાની રહે અને ઝડપથી આવા ગુન્હાના કેસની કાર્યવાહી પુર્ણ કરવાની રહે તે બાબતે નિર્દેશ આપવામાં આવેલા છે. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા "માનવ તસ્કરી" બાબતે નોંધવામાં આવેલ છે કેઃ

> "24. Over the years, human trafficking has manifested into various forms of exploitation and child trafficking has increased. It has been documented that children are being trafficked for:
>
> i) Sexual exploitation;
> ii) Forced labour;
> iii) Begging and petty crimes;
> iv) Armed conflict;
> v) Child marriage;
> vi) Illegal adoption."

(૪) ઉપરોક્ત હકીકતની નોંધ અને આ કામે રહેલ આક્ષેપિત ગુન્હાની ગંભીરતા તથા નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા નોંધવામાં આવેલ ઉપરોક્ત હકીકતો મુજબ "માનવ તસ્કરી" નું એક સ્વરૂપ કે પ્રકાર જાતિય શોષણ પણ રહેલ છે અને આ કામે સગીર બાળાના જાતિય શોષણ સાથે સંકળાયેલ "માનવ તસ્કરી" નો ગુન્હો રહેલ છે, જે આરોપીઓ સામેના ગુન્હાની ગંભીરતા તો દર્શાવે છે પરંતુ સાથોસાથ નિર્બળ અને અસુરક્ષિત બાળક અને મુગ્ધાવસ્થામાં રહેલ સ્ત્રી સાથેના અત્યંત ગંભીર ગુન્હાની સંવેદનશીલતા પણ દર્શાવે છે.

(૫) સંવેદનશીલ માનવ માટે વિવિધ સંવેદનાઓની અનુભુતિ કરાવતો આ કેસ રહેલો છે. જેમાં વિદેશી નાગરિકોની આપણા દેશમાં ગેરકાયદેસર ઘુષણખોરી અને આપણા દેશના જ નાગરિકોની તેવી ઘુષણખોરીમાં સહાય દર્શીત કરતી આપણા દેશની સમાજ વ્યવસ્થા અને સુરક્ષાને ચિંતીત કરનાર અતિ સંવેદનશીલ તથ્ય રહેલ છે તેમજ એક સગીરાવસ્થા કે પુખ્ત અવસ્થાના ઉંબરે રહેલ એક યુવતીને ઈચ્છા કે અનિચ્છાએ દેહવ્યાપારમાં ધકેલવાના તીવ્ર સંવેદનાઓના ઘટકો પણ રહેલા છે. આ કેસના કામે જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની જોગવાઈઓ મુજબના ગુન્હાની હકીકતો પણ રહેલી છે અને આ કાયદો સંપુર્ણ સંવેદનશીલતા ઉપર ઘડાયેલો છે. આ કાયદા હેઠળના અને તેની સાથે જ્યારે "માનવ તસ્કરી" ના ગુન્હાના આક્ષેપો રહેલા છે તેવા આ કેસના નિર્ણય માટે ખુબ જ ઉચ્ચ કોટીની સંવેદનાઓ સાથે કાર્યવાહી હાથ ધરવાની રહે છે.

(૬) તાજેતરમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **Suo Moto Writ Petion (Criminal) No. 1/2025** ના કામે બાળકો અને સ્ત્રીઓના અતિ સંવેદનશીલ વર્ગ સાથેના જાતિય ગુન્હાઓના કામે ન્યાયીક પ્રણાલીના સુમેળ ભર્યા માળખામાં ન્યાય ઈચ્છુક વ્યક્તિની ફરિયાદના ન્યાયીક નિરાકરણ સાથે કરૂણા અને સહાનુભૂતિનું વાતાવરણ વિકસાવવા અને સમગ્ર કાર્યવાહી દરમ્યાન કરૂણા, માનવતા અને સમજણના સિદ્ધાંતોને પ્રતિબિંબીત કરવા બાબતે નીચે મુજબ ઠરાવવામાં આવેલ છેઃ

> "18. We find some strength in the issues raised before us. The judicial system, as a cohesive framework, is designed to deliver justice and satisfaction to citizens who seek redressal of their grievances before it. To meet such an objective, our efforts must not only be grounded in the sound application of constitutional and legal principles but also foster and environment of compassion and empathy. The absence of either of of these cornerstones would prevent judicial institutions from properly performing their critical duties.
>
> 19. No judge or judgment of any court can be expected to do complete justice when it is inconsiderate towards the factual realities of a litigant and the vulnerabilities which they may be facing in approaching a court of law. Our decisions as participants in legal process, from laying

> down the procedure that shall have to be faced by common citizens to the final judgment passed in any given case, must reflect the *ethos* of compassion, humanity and understanding, which are essential for creating a fair and effective justice system."

(૭) નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઉપરોક્ત અવલોકનોમાં જે અત્યંત તીવ્ર સંવેદનાઓ, કરૂણા અને સહાનુભૂતિ પ્રતિબિંબત કરવા ઠરાવવામાં આવેલ છે તેવી જ કરૂણા, માનવતા, સમજણ, સહાનુભૂતિ અને સંવેદનાઓ સાથે મારા વિદ્વાન પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા આ કેસની કાર્યવાહી હાથ ધરવામાં આવેલી અને આ તમામ પાસાઓ ધ્યાને લઈ આ અદાલત દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ અને તેવી જ કરૂણા, માનવતા, સમજણ, સહાનુભૂતિ અને સંવેદનાઓ સાથે આ કેસનો નિર્ણય કરવામાં આવે છે.

(૮) ઉપરોક્ત મુજબની નોંધ અનુસાર અત્યંત ગંભીરતા ધરાવતા અને સંવેદનાત્મક કેસના કામે ફરિયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાઓ અને તે પુરાવાઓ દરમ્યાન આરોપી પક્ષ તરફે લેવામાં આવેલા બચાવ અને ફરિયાદ પક્ષના પુરાવાઓને ખંડન કરતી બાબતોના મુલ્યાંકન માટે ઉભય પક્ષકારો દ્વારા ખુબ જ વિસ્તૃત અને લંબાણપુર્વકની રજુઆતો કરવામાં આવેલી છે. આ રજુઆતોમાં આ કેસના તથ્યો મુજબની અત્યંત સંવેદનશીલ બાબત સાથે ઘણા સંવેદનશીલ સવાલો પણ ઉપસ્થિત કરવામાં આવેલ છે અને શું સંવેદનશીલતા કાયદાથી પર હોય શકે? અને શું સંવેદનાઓ પુરાવાનું સ્થાન લઈ શકે? તેવા સવાલો પણ આરોપી પક્ષ તરફે રજુ કરવામાં આવેલા છે. આ અત્યંત સંવેદનશીલ કેસ સાથે ન્યાય પ્રણાલીમાં સંકળાયેલ તમામ પક્ષકાર પાસેથી પણ તેવી જ ઉચ્ચ કોટીની સંવેદનશીલતા, સંયમ અને કરૂણા અપેક્ષિત રહે છે. આ અભિગમ સાથે આ કેસના કામે રહેલા તથ્યો અને પુરાવાઓના મુલ્યાંકનના આધારે સત્ય શોધનની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

(૯) નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને રાખી તેમજ જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ– ૩૩(૭) ની જોગવાઈ અનુસાર આ ચુકાદામાં સહાનુભૂતિ અને સંવેદનાઓના

સાથે ભોગ બનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને તેમના નામની જગ્યાએ "ભોગ બનનાર" તરીકે હવે પછીથી ઉલ્લેખ કરેલ છે.

<u>ફરિયાદ પક્ષના કેસની હકીકતઃ–</u>

(૧૦) તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ રાત્રીના ૧૨:૩૦ થી ૦૧:૦૦ વાગ્યાના સમયે મહીલાઓની સુરક્ષા અને સલામતી માટેની ૧૮૧ અભયમ મહીલા હેલ્પ લાઈનની અમદાવાદ ખાતેની હેડ ઓફીસમાં આણંદ ખાતે એક દિકરીને રૂમમાં પુરી રાખેલ છે અને ત્યાંથી બીજા જીલ્લામાં લઈ જવા માંગે છે તેને બચાવવા માટે મદદ કરો તેવો ફોન આવતા તેની તાત્કાલીક જાણ હેડ ઓફીસ દ્વારા આણંદ ખાતેની ૧૮૧ અભયમ ટીમને જાણ કરવામાં આવતા ૧૮૧ અભયમ ટીમ દ્વારા જે થર્ડ પાર્ટી કોલર હતા તેની સાથે સંપર્કમાં રહી મળેલ માહીતી મુજબ જે સ્થળે દિકરીને પુરી રાખવામાં આવેલી તે સ્થળ તે દિકરી દ્વારા આપવામાં આવેલ મોબાઈલ લોકેશનના આધારે નક્કી કરી તે સ્થળ વિધ્યાનગર આત્મીય અમૃત સોસાયટીમાં આવેલ ફ્લેટ ખાતે હોવાનું જણાતા ૧૮૧ અભયમ ટીમ દ્વારા વિધ્યાનગર પોલીસની મદદથી જે દિકરીને તે ફ્લેટમાંથી બહાર લાવવામાં આવેલ તે દિકરી આ કામના ભોગ બનનાર રહેલા છે. ૧૮૧ અભયમ ટીમ દ્વારા આ ભોગ બનનારને ત્યારબાદ વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવેલા.

(૧૧) વિધ્યાનગ પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા વિનોદભાઈ પરમારનાઓએ ભોગ બનનાર બાળાને ૧૮૧ અભયમ હેલ્પ લાઈનની ટીમ વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે લાવેલ હોવાની જાણ પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી ગોપાલ સાંગાભાઈ ગઢવીને કરવામાં આવતા તેઓએ તાત્કાલીક બાળ સુરક્ષા સમિતિના મનિષાબેન જેઠવાને બોલાવી તેમની હાજરીમાં ભોગ બનનાર બાળાની પુછપરછ કરેલી અને નિવેદન લીધેલ ત્યારબાદ શ્રી ગઢવીએ તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ જાણવા જોગ જાહેરાત આપેલ જે વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે જાણવા જોગ નં. ૭૦/૨૦૨૩ થી નોંધાયેલ અને ત્યારબાદ તેઓએ જાણવા જોગની તપાસ હાથ ધરેલ અને તે દરમ્યાન ભોગ બનનારની શારીરિક તપાસ કરાવેલી. ત્યારબાદ તા. ૦૯/૦૯/૨૦૨૩ ના રોજ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના અલગ અલગ વિભાગના

અધિકારીઓ દ્વારા ભોગ બનનારની સંયુક્ત પુછપરછ કરવામાં આવેલ. ત્યારબાદ તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ શ્રી જી.એસ.ગઢવી, પોલીસ સબ ઈન્સ્પેક્ટર, વિધ્યાનગર પોલીસ સ્ટેશનનાઓએ વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ.

(૧૨) ફરિયાદીએ તેમની ફરિયાદ આપેલ તેની ટુંકી હકીકત એવી છે કે, આ કામના આરોપી નં. ૦૧ મેસન સ/ઓ રઙ્કાક રહમાન બીસ્સ ઉર્ફે અનવર ઉર્ફે મુનાવર હુસેન જોય નાઓએ આ કામના ભોગ બનનાર બાળાને મોડેલીંગ તથા એક્ટીંગમાં કામ અપાવવાની લાલચ આપી ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશ ભારતની બોર્ડર ક્રોસ કરાવી મુંબઈ ખાતે લાવી આરોપી નં.૦૧ મેસન સ/ઓ રઙ્કાક રહમાન બીસ્સ ઉર્ફે અનવર ઉર્ફે મુનાવર હુસેન જોય તથા આરોપી નં. ૦૩ સોનીયાબેન વા/ઓ દીનેશભાઈ વેંક્ટ શિંદે ઉર્ફે નઝમા રજાકભાઈ બીસેસ નાઓએ ભોગ બનનારને ડરાવી ધમકાવી લલચાવી આરોપી નં.૦૩ સોનીયાબેન વા/ઓ દીનેશભાઈ વેંક્ટ શિંદે ઉર્ફે નઝમા રજાકભાઈ બીસેસ નાઓ દેહ વ્યાપાર કરાવવા માટે ગુજરાત રાજ્યના વડોદરા ખાતે લાવી આરોપી નં. ૦૩ સોનીયાબેન વા/ઓ દીનેશભાઈ વેંક્ટ શિંદે ઉર્ફે નઝમા રજાકભાઈ બીસેસ નાઓએ ભોગ બનનારને આરોપી નં. ૦૨ જેઠાનંદ ઉર્ફે સુનિલ ઘનશ્યામભાઈ સેવકાની મારફતે દેહ વ્યાપાર કરવા માટે મોકલી આપી આરોપી નં. ૦૨ જેઠાનંદ ઉર્ફે સુનિલ ઘનશ્યામભાઈ સેવકાની નાઓએ મોકલેલ આરોપી નં. ૦૫ પ્રદિપકુમાર ઉર્ફે લાલો કાંતીભાઈ મકવાણા નાઓએ ભોગ બનનાર સાથે તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૩:૨૦ થી કલાક ૧૪:૧૦ દરમ્યાન વડોદરા, ફતેગંજ ખાતે આવેલ હોટલ લોટ્સ ગોલ્ડના રૂમ નં. ૨૦૧ માં દુષ્કર્મ આચરી તથા આરોપી નં. ૦૬ રાહુલ પ્રકાશ નારાયણ મિશ્રા નાઓએ ભોગ બનનાર સાથે તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૩:૨૫ થી ૧૪:૧૦ દરમ્યાન વડોદરા ફતેગંજ ખાતે આવેલ હોટલ લોટ્સ ગોલ્ડના રૂમ નં. ૨૦૮ માં દુષ્કર્મ આચરી તેમજ આરોપી નં. ૦૨ જેઠાનંદ ઉર્ફે સુનિલ ઘનશ્યામભાઈ સેવકાની નાઓએ ભોગ બનનાર બાળાને દેહ વ્યાપાર કરવા માટે અમદાવાદ ખાતે લાવી આરોપી નં. ૦૪ અમૃત ઉર્ફે અનીલ ઉર્ફે આર્યન ગોરધનભાઈ ખર્રા નાઓ મારફતે દેહ વ્યાપાર કરવા માટે મોકલી આપી આરોપી નં. ૦૪ અમૃત ઉર્ફે અનીલ ઉર્ફે આર્યન ગોરધનભાઈ ખર્રા નાઓએ મોકલેલ આરોપી નં. ૦૭ શીભાઈભાઈ ઉર્ફે લાલભાઈ કરમશીભાઈ દેસાઈ નાઓએ ભોગ બનનાર સાથે તા. ૦૩/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૪:૨૦ થી કલાક ૧૩:૫૫ દરમ્યાન અમદાવાદ

જુના વાડજ ખાતે આવેલ હોટલ સાંઈ વિલા રૂમ નં. ૪૦૬ માં દુષ્કર્મ આચરી તેમજ આરોપી નં. ૦૮ નાઓએ ભોગ બનનાર સાથે તા. ૦૩/૦૯/૨૦૨૩ ના કલાક ૨૧:૦૦ થી તા. ૦૪/૦૯/૨૦૨૩ ના કલાક ૦૮:૦૦ દરમ્યાન અમદાવાદ થલતેજ ખાતે આવેલ હોટલ આઈ લેન્ડ પાર્કમાં આવેલ રૂમ નં. ૪૦૫ માં દુષ્કર્મ આચરી આ કામના તમામ આરોપીઓએ ભેગા મળી ગુન્હાહીત કાવતરુ રચી ગુન્હો કરેલ અને તેવી ફરિયાદ આધારે વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે ગુન્હા રજીસ્ટર નંબર– ૧૧૨૧૫૦૩૭૨૩૦૫૫૫/૨૦૨૩ થી હાલનો ગુન્હો નોંધાયેલો છે.

<u>ગુન્હાની તપાસ અને ચાર્જશીટઃ–</u>

(૧૩) ફરીયાદીએ ફરિયાદ આપ્યા બાદ આ ગુન્હાની તપાસ તત્કાલીન એસ.ઓ.જી. શાખા, આણંદના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એલ.બી.ડાભીને સોંપવામાં આવેલ અને શ્રી ડાભીએ તપાસ કરનાર અધિકારી તરીકે આ ગુન્હાની તપાસ હાથ ધરેલ અને તેઓએ બાળ સુરક્ષા એકમના લીગલ કમ પ્રોબેશન ઓફીસર મનિષાબેન જેઠવાની હાજરીમાં ભોગ બનનાર હિન્દી ભાષા સમજતા ન હોય તેથી દુભાષિયા તરીકે મંગલચાંદ મન્નાની મદદથી ભોગ બનનારનું નિવેદન લેવામાં આવેલ અને ત્યારબાદ ભોગ બનનારની શારીરિક તપાસણી કરાવવા મહીલા પોલીસ કર્મચારી સાથે મોકલવામાં આવેલ. ત્યારબાદ આરોપી નં. ૦૧ મુનાવર હુસેન જોય જેની ફેસબુક આઈ.ડી. અનવર હુસેન જોય તરીકે હોય તેની તપાસ અર્થે ટીમ મોકલેલ અને તે દરમ્યાન ભોગ બનનાર સાથે જે જે હોટલમાં દુષ્કર્મ થયેલ તે જગ્યાનું પંચનામુ કરવા પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી પી.કે.સોઢાને મોકલેલ અને તેઓએ ભોગ બનનારને સાથે રાખી ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરી તપાસના કામે શ્રી ડાભીને સોંપેલ. ત્યારબાદ ભોગ બનનાર સાથે જે હોટલમાં દુષ્કર્મ થયેલ તે હોટલના સી.સી.ટી.વી. ફુટેજીસ ત્રણેય હોટલના મેનેજર દ્વારા પેનડ્રાઈવમાં રજુ કરવામાં આવતા પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલા. ત્યારબાદ ભોગ બનનારની ઉંમર જાણવા સારુ ભોગ બનનારને મેડીકલ ઓફીસર શ્રી શ્રી કૃષ્ણા હોસ્પિટલ, કરમસદ ખાતે મોકલવામાં આવેલા. તે દરમ્યાન આરોપી નં. ૦૧ મેસન સ/ઓ રઝાક રહમાન બીસ્સ ઉર્ફે અનવર ઉર્ફે મુનાવર હુસેન જોયનાઓને તા. ૧૫/૦૯/૨૦૨૩ ના રોજ, આરોપી નં. ૦૨ જેઠાનંદ ઉર્ફે સુનિલ ઘનશ્યામભાઈ સેવકાનીનાઓને તા. ૧૫/૦૯/૨૦૨૩ ના રોજ,

આરોપી નં. ૦૩ સોનીયાબેન વા/ઓ દીનેશભાઈ વેંકટ શિંદે ઉર્ફે નઝમા રજાકભાઈ બીસેસનાઓને તા.૧૫/૦૯/૨૦૨૩ ના રોજ અટક કરવામાં આવેલા અને સ્પેશ્યલ પોક્સો કોર્ટ, આણંદ ખાતે રજુ કરી તા. ૨૩/૦૯/૨૦૨૩ સુધીના રીમાન્ડ મેળવેલા. ત્યારબાદ આરોપી નં. ૦૪ અમૃત ઉર્ફે અનીલ ઉર્ફે આર્યન ગોરધનભાઈ ખર્રાનાઓને તા. ૧૯/૦૯/૨૦૨૩ ના રોજ, આરોપી નં. ૦૫ પ્રદિપકુમાર ઉર્ફે લાલો કાંતીભાઈ મકવાણા નાઓને તા. ૧૯/૦૯/૨૦૨૩ ના રોજ, આરોપી નં. ૦૬ રાહુલ પ્રકાશ નારાયણ મિશ્રા નાઓને તા. ૧૯/૦૯/૨૦૨૩ ના રોજ, આરોપી નં. ૦૭ શીભાઈભાઈ ઉર્ફે લાલભાઈ કરમશીભાઈ દેસાઈ નાઓને તા. ૧૯/૦૯/૨૦૨૩ ના રોજ અને આરોપી નં. ૦૮ હની ત્રિભોવનભાઈ પટેલ નાઓને તા. ૧૯/૦૯/૨૦૨૩ ના રોજ અટક કરી સ્પેશ્યલ પોક્સો કોર્ટ, આણંદ ખાતે રજુ કરેલા. તપાસના કામે તપાસ કરનાર અધિકારીએ જરૂરી પંચનામાઓ કરેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ તથા ભોગ બનનારનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવડાવેલ તેમજ આરોપીઓની શારીરિક તપાસણી કરાવેલ અને ગુન્હાના કામે સંકળાયેલ મુદ્દામાલ કબજે કરેલ અને એફ.એસ.એલ. પુથ્થકરણ અર્થે મુદ્દામાલ મોકલી આપેલ ત્યારબાદ આ ગુન્હાની તપાસ પુર્ણ કર્યા બાદ આરોપીઓ સામે ચાર્જશીટ કરવા પુરતો પુરાવો જણાતા સમય મર્યાદામાં અત્રેની સ્પેશ્યલ પોક્સો કોર્ટ સમક્ષ આરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ રજુ કરેલ. જે ચાર્જશીટ અત્રેની કોર્ટમાં સ્પેશ્યલ પોક્સો કેસ નં. ૫૩/૨૦૨૩ થી નોંધવામાં આવેલ.

<u>ફરિયાદ પક્ષના કેસની શરૂઆત અને તહોમતનામું</u> :–

(૧૪) ત્યારબાદ અત્રેની સ્પેશ્યલ પોક્સો કોર્ટ, આણંદ દ્વારા આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૮ મુજબ કેસ પેપર્સની નકલો વિનામુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ, હાલના આરોપી સામેના ગુન્હાના આક્ષેપો અંગે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૨૬ અને ૨૨૭ ની જોગવાઇને આધીન બંને પક્ષને સાંભળ્યા બાદ, આગળની ઇન્સાફી કાર્યવાહી ચલાવવા પ્રથમ દર્શનીય રીતે પુરતો કેસ જણાતાં, મારા વિદ્વાન પુરોગામી ન્યાયાધીશ શ્રી દ્વારા સદર ગુન્હા સંબંધે તા. ૨૫/૦૧/૨૦૨૪ ના રોજ આંક–૧૯ થી આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૦(એ), ૩૭૬, ૩૭૨, ૧૨૦(બી) તથા જાતિય ગુન્હાઓ સામે

બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ ૩(એ), ૪, ૫(એલ), ૬ તથા ઈમોરલ ટ્રાફીકીંગ એક્ટ ૧૯૫૬ ની કલમ ૫(૧)(ડી),(૨) મુજબના ગુન્હાનું તહોમતનામું ફરમાવી વાંચી, સંભળાવી, સમજાવી તહોમતનામા સબંધે આંક–૨૦ થી ૨૬ અને ૨૮ થી આરોપીઓની પ્લી (નિવેદન) નોંધતા આરોપીઓએ ગુન્હો કબુલ ન હોવાનું જણાવતા હાલના આરોપીઓ વિરૂદ્ધ ઇન્સાફી કાર્યવાહી અત્રેની સ્પેશ્યલ પોક્સો કોર્ટમાં મારા વિદ્વાન પુરોગામી ન્યાયાધીશ શ્રી દ્વારા આગળ ચલાવવામાં આવેલ.

<u>તહોમતનામામાં સુધારોઃ–</u>

(૧૫) ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે પોતાના પુરાવાઓ રજુ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ અને તે દરમ્યાન આ કામના ભોગ બનનારને સાહેદ નં. ૦૧ તરીકે આંક–૩૦ થી તપાસવામાં આવેલા અને ભોગ બનનારની જુબાનીમાં સરતપાસ પુર્ણ થયા બાદ આરોપીઓ પક્ષ તરફેની ઉલટ તપાસ દરમ્યાન વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા આંક–૩૭ ની અરજી ફોજદારી કાર્યરિતિ સંહિતાની કલમ– ૨૧૬ મુજબ આંક–૧૯ ના તહોમતનામામાં ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬એ, ૩૬૬બી, ૩૭૦(૪), ૩૭૦એ(૧), ૩૭૨, ૩૭૩ તથા જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ ૧૬ તથા ઈમમોરલ ટ્રાફીક (પ્રિવેન્શન) એક્ટ ૧૯૫૬ ની કલમ ૪(૧) મુજબના ગુન્હાનો તહોમતનામામાં ઉમેરો કરી સુધારો કરવા અને સુધારેલ તહોમતનામુ ફરમાવવા આપવામાં આવેલ. મારા વિદ્વાન પુરોગામી ન્યાયાધીશ શ્રી દ્વારા ઉભય પક્ષકારોને સુનાવણીનો યોગ્ય અને પુરતી તક આપ્યા બાદ સદર આંક–૩૭ ની વિદ્વાન એ.પી.પી. શ્રી ની અરજી મંજુર કરી આ કામે આંક–૧૯ ના તહોમતનામામાં ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬એ, ૩૬૬બી, ૩૭૦(૪), ૩૭૦એ(૧), ૩૭૨, ૩૭૩ તથા જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ ૧૬ અને ઈમમોરલ ટ્રાફીક (પ્રિવેન્શન) એક્ટની કલમ ૪(૧) મુજબના ગુન્હાના તહોમતનો ઉમેરો કરી નવુ તહોમતનામું ફરમાવવા હુકમ કરેલ અને તે હુકમના આધારે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૧૬(૧) મુજબ તા. ૧૫/૦૪/૨૦૨૪ અને તા. ૧૬/૦૪/૨૦૨૪ ના રોજ મારા વિદ્વાન પુરોગામી ન્યાયાધીશ શ્રી દ્વારા આરોપીઓ સામે આંક–૪૪ અને ૪૯ થી સુધારેલુ તહોમતનામું ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૬૩, ૩૬૬એ, ૩૬૬બી, ૩૭૦(૪), ૩૭૦એ(૧),

૩૭૨, ૩૭૩, ૩૭૬, ૧૨૦બી તથા જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ – ૪, ૬, ૧૬ અને ઈમ્મોરલ ટ્રાફીક (પ્રિવેન્શન) એક્ટની કલમ – ૪(૧), ૫(૧)(ડી) મુજબના ગુન્હા સબબ ફરમાવવામાં આવેલ અને સદર આંક–૪૪ અને આંક–૪૯ નું સુધારેલુ તહોતમનામું ફરમાવી વાંચી, સંભળાવી, સમજાવી તહોમતનામા સંબંધે આંક–૪૫ થી ૪૮ અને આંક–૫૦ થી ૫૩ થી આરોપીઓના નિવેદન (પ્લી) નોંધવામાં આવેલ અને આરોપીઓએ ગુન્હો કબુલ ન હોવાનું જણાવતા હાલના આરોપીઓ વિરૂધ્ધ આગળની ઈન્સાફી કાર્યવાહી અત્રેની સ્પેશ્યલ પોક્સો કોર્ટમાં મારા વિદ્વાન પુરોગામી ન્યાયાધીશ શ્રી દ્વારા આગળ ચલાવવામાં આવેલ.

<u>ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ</u> :–

(૧૬) આ કામે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૦ વંચાણે લઈ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૧ મુજબ ફરિયાદ પક્ષ દ્વારા નીચે મુજબના સાહેદોના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

–: <u>મૌખિક પુરાવાઓ</u> :–

અ.નં.	નામ	આંક
૧	ભોગ બનનારની જુબાની	૩૦
૨	પંચ સાહેદ પરેશભાઈ ઘનશ્યામભાઈ મિસ્ત્રીની જુબાની	૭૫
૩	પંચ સાહેદ સુરેશભાઈ બબુભાઈ તળપદા ની જુબાની	૮૩
૪	પંચ સાહેદ મથુરભાઈ ભદાભાઈ તળપદા ની જુબાની	૯૪
૫	પંચ સાહેદ ધર્મેન્દ્રકુમાર દુર્ગાપ્રસાદ પટેલ ની જુબાની	૯૫
૬	પંચ સાહેદ અમરસિંહ રમેશભાઈ સોઢાપરમારની જુબાની	૯૯
૭	ડોક્ટર સાહેદ ડો. દિપલ શાહ ની જુબાની	૧૦૩
૮	ડોક્ટર સાહેદ ડો.મિલિનસીંધ બદ્રીપ્રસાદ યાદવ ની જુબાની	૧૧૨
૯	સાહેદ નાયક કૈલાશબેન શિવુભાઈ ની જુબાની	૧૩૧
૧૦	સાહેદ નિલોય નારયણપ્રસાદ ડેય	૧૩૫
૧૧	સાહેદ વિકાસકુમાર કારુસવ ની જુબાની	૧૪૧
૧૨	ડોક્ટર સાહેદ ધર્મેન્દ્રકુમાર બેચરભાઈ પરમારની જુબાની	૧૫૪

૧૩	સાહેદ મહેન્દ્રભાઈ વાલજીભાઈ પાટીદારની જુબાની	૧૬૫
૧૪	ફરિયાદી ગોપાલભાઈ સાંગાભાઈ ગઢવીની જુબાની	૧૮૨
૧૫	સાહેદ ચિંતન વિરમભાઈ ચૌધરીની જુબાની	૨૧૪
૧૬	ત.ક.અધિકારી પરીક્ષિતસિંહ કિરતસિંહ સોઢાની જુબાની	૨૩૫
૧૭	પી.એસ.ઓ. વિનોદભાઈ મુળજીભાઈ ની જુબાની	૨૩૯
૧૮	સાહેદ નકુલ દેવીલાલ જોશીની જુબાની	૨૫૨
૧૯	ત.ક.અધિકારી લવકુમાર બનેસિંહ ડાભીની જુબાની	૨૫૪

–: <u>દસ્તાવેજી પુરાવાઓ</u> :–

અ.નં.	દસ્તાવેજી પુરાવાની વિગત	આંક
૧	ભોગ બનનારનુ ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન	૩૪
૨	ભોગ બનનારનુ મેડીકલ ઓફીસર શ્રી કૃષ્ણ હોસ્પિટલ કરમસદનાઓ દ્વારા આપવામાં આવેલ મેડીકો લિગલ સર્ટીફિકેટ	૩૫
૩	ભોગ બનનારનો ઓસિફિકેશન રીપોર્ટ	૩૬
૪	ભોગ બનનારની શરીર સ્થિતિનું પંચનામું	૭૬
૫	પંચ સ્લીપો	૭૭ થી ૮૨
૬	આરોપીઓની શરીર સ્થિતિનું પંચનામું	૮૪
૭	પંચ સ્લીપો	૮૫ થી ૯૨
૮	ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ	૯૬
૯	પેનડ્રાઈવ કબજે કર્યાનું પંચનામુ	૧૦૦
૧૦	ફોટોગ્રાફ	૧૦૧
૧૧	આરોપીઓની શરીર સ્થિતિનું પંચનામું	૧૦૨
૧૨	ભોગ બનનારની શારીરિક તપાસણી કરવા માટે શ્રીકૃષ્ણ હોસ્પિટલ કરમસદનાઓને કરેલ યાદી	૧૦૩(A)
૧૩	શારીરિક તપાસણી માટેનું સંમતિ ફોર્મ	૧૦૪
૧૪	એફ.એસ.એલ. ફોરવર્ડીંગ પત્ર	૧૦૫
૧૫	ભોગ બનનારનુ મેડીકલ ઓફીસર શ્રી કૃષ્ણ હોસ્પિટલ કરમસદનાઓ દ્વારા આપવામાં આવેલ મેડીકો લિગલ સર્ટીફિકેટ	૧૦૬
૧૬	ભોગ બનનારની ઉંમર અંગે શારીરિક મેડીકલ તપાસણી કરી સર્ટીફિકેટ આપવા માટે શ્રીકૃષ્ણ હોસ્પિટલ કરમસદનાઓને કરેલ યાદી	૧૧૩

૧૭	ભોગ બનનારની એઈજ એસ્ટીમેશન સર્ટીફિકેટ	૧૧૪
૧૮	ભારત સરકારના ફેમિલી વેલ્ફેર વિભાગ દ્વારા આપવામાં આવેલ ગાઈડ લાઈન	૧૧૫
૧૯	આરોપીઓની શારીરિક તપાસણી કરવા માટે શ્રીકૃષ્ણ હોસ્પિટલ કરમસદનાઓને કરેલ યાદી	૧૧૬
૨૦	આરોપી શિભાભાઈ કરમશીભાઈનુ મેડીકલ ઓફીસર શ્રી કૃષ્ણ હોસ્પિટલ કરમસદનાઓ દ્વારા આપવામાં આવેલ મેડીકલ સર્ટીફિકેટ	૧૧૭
૨૧	આરોપી હની ત્રિભુવનભાઈ પટેલનુ મેડીકલ ઓફીસર શ્રી કૃષ્ણ હોસ્પિટલ કરમસદનાઓ દ્વારા આપવામાં આવેલ મેડીકલ સર્ટીફિકેટ	૧૧૮
૨૨	આરોપી પ્રદિપ ઉર્ફે લાલો કાંતિભાઈ મકવાણાનુ મેડીકલ ઓફીસર શ્રી કૃષ્ણ હોસ્પિટલ કરમસદનાઓ દ્વારા આપવામાં આવેલ મેડીકલ સર્ટીફિકેટ	૧૧૯
૨૩	આરોપી રાહુલ પ્રકાશનારાયણનુ મિશ્રા મેડીકલ ઓફીસર શ્રી કૃષ્ણ હોસ્પિટલ કરમસદનાઓ દ્વારા આપવામાં આવેલ મેડીકલ સર્ટીફિકેટ	૧૨૦
૨૪	ભોગ બનનારના ડી.એન.એ. માટે સેમ્પલ લેવા માટેની યાદી	૧૨૧
૨૫	ભોગ બનનારનુ આઈડેન્ટીફિકેશન ફોર્મ	૧૨૨
૨૬	આરોપીઓના ડી.એન.એ. માટે સેમ્પલ લેવા માટેની યાદી	૧૨૩
૨૭	આરોપીઓનું આઈડેન્ટીફિકેશન ફોર્મ	૧૨૪
૨૮	પી.સી.આર. રીપોર્ટ	૧૩૩
૨૯	રજીસ્ટરની નકલ	૧૪૨ થી ૧૪૪
૩૦	એક્સ–રે ફિલ્મસ	૧૫૫ થી ૧૬૦
૩૧	રજીસ્ટરનો ઉતારો	૧૬૬ થી ૧૬૭
૩૨	ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૫(૧)(બી) નું હેઝવેલ્યુ સર્ટીફિકેટ	૧૭૦
૩૩	જાહેર રીપોર્ટ	૧૮૭
૩૪	ભોગ બનનારની અંગઝડતીનું પંચનામું	૧૮૮
૩૫	ભોગ બનનારની શારીરિક તપાસણી કરવા માટે જનરલ હોસ્પિટલ આણંદનાઓને કરેલ યાદી	૧૮૯
૩૬	ભોગ બનનારની મેડીકલ ઓફીસરશ્રી જનરલ હોસ્પિટલ આણંદ નાઓ દ્વારા આપવામાં આવેલ મેડીકલ સર્ટીફિકેટ	૧૯૦

૩૭	ઈન્ટ્રોગેશન રીપોર્ટ	૧૯૧
૩૮	ભોગ બનનારને રીસ્ટ્રીક્શનમાં રાખવાનો હુકમ	૧૯૨
૩૯	સુચિપત્ર	૧૯૩
૪૦	જાહેર રીપોર્ટ	૧૯૪
૪૧	અસલ ફરિયાદ	૧૯૫
૪૨	આરોપીઓની ઓળખ પરેડ કરવા માટે એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શ્રી આણંદ ગ્રામ્યનાઓને કરેલ યાદી	૨૧૫
૪૩	આરોપીઓની ઓળખ માટે એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શ્રી આણંદ ગ્રામ્યનો હુકમ	૨૧૬
૪૪	ઓળખ પરેડ પંચ ક્યાંસ	૨૧૭
૪૫	ડમી માણસો હાજર રાખેલાની યાદી	૨૧૮
૪૬	ડમી માણસોનું નામ, સરનામુ દર્શાવતો પત્રક	૨૧૯
૪૭	ગુન્હાવાળી જગ્યાનું પંચનામાની બજવણી નોટીસ	૨૩૬
૪૮	સુચિપત્ર	૨૪૦
૪૯	સ્ટેશન ડાયરી	૨૪૧
૫૦	રજીસ્ટરનો ઉતારો	૨૫૩
૫૧	એકાઉન્ટના સ્ટેટમેન્ટ આપવા બાબતે કરેલ યાદી	૨૫૫
૫૨	આરોપી નં. ૦૩ ના એકાઉન્ટનું સ્ટેટમેન્ટ	૨૫૬ અને ૨૫૭
૫૩	દુભાષિયા મંગલચંદ મન્ના બંગાળી ભાષા જાણતા હતા તે બાબતેનું પ્રમાણપત્ર	૨૫૮
૫૪	ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૫(બી)૪(સી) મુજબનું હેઝવેલ્યુ સર્ટીફિકેટ	૨૫૯
૫૫	સરકારી પંચો ફાળવવા માટે મદદનીશ મત્સ્યસ્ય ઉધોગ કેન્દ્ર, આણંદ નાઓને કરેલ યાદી	૨૬૦
૫૬	સરકારી પંચો ફાળવવા માટે ચીફ ઓફીસરશ્રી નગરપાલીકા, આણંદ નાઓને કરેલ યાદી	૨૬૧
૫૭	ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરવા માટે અને હોટલના મેનેજરોને બજવણી કરવા માટેની નોટીસ	૨૬૨
૫૮	આરોપીઓની ઓળખ પરેડ માટે આરોપીઓની કસ્ટડી સોપવા માટે નામદાર કોર્ટને કરેલ યાદી	૨૬૩
૫૯	ડી.એન.એ. માટે આરોપીઓની કસ્ટડી સોપવા માટે નામદાર કોર્ટને કરેલ યાદી	૨૬૪
૬૦	સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાની યાદી	૨૬૫
૬૧	ભોગ બનનારનું ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ ૧૬૪ મુજબ હાજર રાખવા માટેનો હુકમ	૨૬૬

૬૨	મુદ્દામાલ રવાનગી પત્રકો	૨૬૭ થી ૨૬૯
૬૩	એફ.એસ.એલ.માં મુદ્દામાલ મળ્યા અંગેની પહોચ	૨૭૦ થી ૨૭૨
૬૪	એફ.એસ.એલ. ફોરવર્ડીંગ પત્રક	૨૭૩
૬૫	બાયોલોજી અને સિરોલોજી રીપોર્ટ	૨૭૪
૬૬	એફ.એસ.એલ. પરીક્ષણ માટેની યાદી	૨૭૫
૬૭	ડી.એફ.એસ. મુદ્દામાલ ફોરવર્ડીંગ પત્ર	૨૭૬
૬૮	ડી.એન.એ.રીપોર્ટ	૨૭૭
૬૯	ડી.એફ.એસ. મુદ્દામાલ ફોરવર્ડીંગ પત્ર	૨૭૮
૭૦	ડી.એન.એ.રીપોર્ટ	૨૭૯

(૧૭) ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા આ કામે ઉપર મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો પુરો થયા અંગેની પુરસીસ આંક–૨૮૯ થી રજુ કરેલ છે.

(૧૮) ત્યારબાદ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીઓ વિરૂદ્ધના સંજોગો અંગે આરોપીઓના વિશેષ નિવેદન લેવામાં આવેલા અને આ તમામ આરોપીઓએ તેમના વિશેષ નિવેદનમાં ફરિયાદ પક્ષના પુરાવાની હકીકતોનો ઈન્કાર કરી તેઓ તેમના બચાવના સાહેદો તપાસવા માંગતા ન હોવાનું અને તેઓ તેમના બચાવમાં સોગંદ ઉપર જુબાની આપવા માંગતા ન હોવાનું જણાવેલ છે. આ તમામ આરોપીઓને તેમના વિશેષ નિવેદનમાં વિશેષમાં કાંઈ કહેવુ છે તે બાબતે પુછતા તેઓએ જે હકીકતો જણાવેલ છે તે વિગતવાર નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

<u>આરોપી નં.– ૦૧ મેસન રજાક રહેમાન બીસ્સ ઉર્ફે અનવર હુસેન ઉર્ફે મુનાવર હુસેન જોય નાએ તેમના વિશેષ નિવેદનમાં</u> <u>"અમો નિર્દોષ વ્યક્તિ છે અને આવો કોઈ ગુન્હો કરેલ ન હોવા છતાં અમો વિરુધ્ધ ખોટો પુરાવો ઉભો કરી ખોટું ચાર્જશીટ કરેલ છે. તેમજ આ સાથે અમારુ વિશેષ નિવેદન બાબતનું બિડાણ સામેલ છે."</u> **<u>આરોપી નં. ૦૧ નાએ અલગથી રજુ કરેલ બિડાણમાં નીચે મુજબ જણાવેલ છે.</u>**

> "(૧) અમો આરોપી નં. ૦૧ નિર્દોષ વ્યક્તિ છીએ અને ખોટી રીતે બીજા આરોપીઓના નામ ઉર્ફે લગાવી અમારી ખોટી રીતે સંડોવણી કરેલ છે.

(૨) ભોગબનનાર નાઓએ આપેલ મોબાઈલ નંબર ૯૩૨૨૨,૮૧૧૧૫ નો અમો આરોપીએ ક્યારેય ઉપયોગ કર્યો કર્યો નથી તથા તે નંબર અમારો નહિ હોવાથી પોલીસે તે નંબર ની કોઈ કોલ ડિટેલ્સ કે પુરાવા રજુ રાખ્યા નથી, તેમજ તે નંબર સીમકાર્ડ ધારક નો કોઈ રજુ કરેલ નથી.ભોગ બનનારને પોલીસ સ્ટેશનમાં પુરાવો આ કામે પ્રોસિકયુશને તારીખ ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ પોલીસ સ્ટેશન માં લાવ્યા ત્યારથી તે ભોગ બનનાર ની જુબાની થઈ ત્યાં સુધી વિધ્યાનગર પોલીસ સ્ટેશન માં રેહતા આવેલ હતા, પરંતુ પોલીસ ઉપરોક્ત નંબર બાબતે કોઈ તપાસ કરી પુરાવા મેળવેલ નથી કારણકે આવા અમો આરોપી વિરુદ્ધ ન હતા. કોઈ પુરાવા અમો આરોપી વિરુધ્ધ ન હતા.

(૩) આ કામે અમો આરોપીનું નામ ચાર્જશીટમાં મેસન રજાક બિસ્સ ઉર્ફે મુનાવર હુસેન જોય ઉર્ફે અનવર દર્શાવી પોલીસે કરેલ છે, પરંતુ આવું કોઈ અમારું ઉર્ફે નામ હોય તે બાબતે કોઈ અમારા સગાવહાલાં કે આજુબાજુ વાળાના નિવેદન કે અમે જ્યાં રહીએ છે ત્યાંનાં કોઈ વ્યક્તિને તપાસી ખરાઈ કરેલ નથી અને અમારી ઓળખ પરેડ દરમિયાન પોલીસ અમો ને અને ભોગ બનનાર બેનને એક સાથે એક જ ગાડી માં લઈ ગયેલ તે અગાઉ એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનમાં જેલ જેવી ઓરડી બનાવી છે ત્યાં અમોને અને પૂરેલા ત્યાં પણ અમારી ઓળખાણ પોલીસ કરાવેલ અને મામલતદાર ની સમક્ષ ઓળખવા માટે જણાવેલ પોલીસ પાસે અમો આરોપી નંબર –૧ નાઓ નું ઉર્ફે નામ દર્શાવતો કોઈ સીધો કે આડકટરો પુરાવો ન હોવા છતાં ખોટી રીતે અમો આરોપી ને ફસાવેલ છે. ખરેખર મુનાવર હુસેન જોય નામની કોઈ વ્યક્તિ જ નથી પરંતુ મનોહર હુસેન નામની વ્યક્તિ છે અને ભોગ બનનારે તેની સમગ જુબાની માં આનામ નો ઉપિયોગ કરેલ છે. મનહર ઉર્ફે મનોહા યાદવ નામની વ્યક્તિ છે અને તે હાલ બીજા ગુન્હામાં વડતાલ પોલીસ સ્ટેશન ના એક ગુન્હા માં સંડોવાયેલ છે. તે અંગે ના પુરાવા આ સાથે રજુ છે.

(૪) અમો આરોપી મૂળ પશ્ચિમ બંગાળ રાજ્ય ના ગામ પાનીતર,થાના બોસીરહાત જી–ઉત્તર ચોવીસ પરગુન્હા ના રહેવાસી છે અને હાલ મહારાષ્ટ્ર રાજ્ય ના પાલઘર,વસઈ, રૂમ–નં ૩૦૭–શ્યામ એપાર્ટમેંટ, આંચોલે રોડ, નલાસોપરા ઈસ્ટ શિડીનગર ના રહેવાસી છીએ. અમે ક્યારેય બાંગ્લાદેશ ગયેલ નથી બાંગ્લાદેશ નું નાગરિકત્વ ધરાવતા નથી. પરંતુ ભોગ બનનાર બાંગલાદેશ થી આવેલ છે અને બાંગ્લાદેશ ના ફેસબૂક ફ્રેન્ડ મહોમદ નઈમ શેખ નાઓએ ભારતમાં મૉડેલિંગ કામ આપવા મઆતે જણાવ્યું હતું. તેથી અમારી બાંગ્લાદેશ ના રહેવાસી હોવાની ખોટી હકીકતો ઉપજાવી ચાર્જ શીટ માં દર્શાવેલ છે. પોલીસે યોગ્ય તપાસ કરેલ હોત તો બાંગ્લાદેશ ના આરોપી ને પકડી શકાય હોત પરંતુ તે દિશામાં કોઈ તપાસ કરેલ ન હોય અને આરોપી નંબર–૩ ના અમારા બહેન થતાં હોય તેઓને છોડાવવા આવેલ તે દરમિયાન અમો ને પકડી ને આ કામે આરોપી તરીકે દર્શાવેલ છે.

(૫) અમો આરોપી ને એરેસ્ટ કર્યા તે દરમિયાન પણ અમો આરોપી પાસે થી કોઈ ગુન્હાહિત પુરાવો મળી આવ્યો નથી. અમો આરોપી પોલીસ કસ્ટડી માં હતા તે દરમિયાન પણ કોઈ પણ પ્રકારના ગુન્હા ની કબૂલાત કરેલ નથી કે કોઈ બાંગ્લાદેશનું નાગરિકત્વ ધરાવતા હોવાની કબૂલાત કરેલ નથી. પરંતુ મૂળ આરોપી મળી આવતા ન હોય ખોટી રીતે અમો આરોપી ની ઘરપકડ કરી ખોટી રીતે સંડોવણી કરવામાં આવેલ છે. આમ ઉપરોક્ત તમામ હકીકતો હોય અને અમો આરોપી નિર્દોષ માણસ હોય અમારી ખોટો રીતે સંડોવણી કરેલ હોય અમોને છોડી મૂકવા અરજ છે.”

<u>આરોપી નં.–૦૨ જેઠાનંદ ઉર્ફે સુનિલ ઘનશ્યામભાઈ સેવકાનીઃ–</u>

“અમો નિર્દોષ વ્યક્તિ છીએ, આવો કોઈ બનાવ બન્યો નથી, અમો પણ એ જ હોટલમાં રોકાયેલ હોય અમારે અને સોનિયા વચ્ચે કોઈ વાતચીત થયેલ ના હોય આ કામે પોલીસે અમારી કોલ ડીટેઈલ રજુ

કરેલ નથી અને અમો કોઈ ઉર્ફે નામ ધરાવતા નથી. અમારી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા અમારી વિરુધ્ધ ખોટું ચાર્જશીટ કરેલ છે."

<u>આરોપી નં.–૦૩ સોનીયાબેન વા/ઓ દિનેશભાઈ વેંકટ ઉર્ફે નઝમા રજાકભાઈ બીસેસઃ–</u>

"અમારી સામે ખોટો કેસ કરેલ છે, પુરતો પુરાવો અમારી સામે ન હોવા છતા ખોટું ચાર્જશીટ કરેલ છે."

<u>આરોપી નં.–૦૪ અમૃત ઉર્ફે અનિલ ઉર્ફે આર્યન ગોરધનભાઈ ખરાઃ–</u>

"અમો આરોપી નં. ૦૪ નાઓને માત્ર શંકાના આધારે આ ફરિયાદમાં સંડોવણી કરવામાં આવી છે. ફરિયાદમાં દર્શાવેલ અમારો રોલ તદ્દન ખોટો છે અમો આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટી ચાર્જશીટ કરેલ છે. અમો તદ્દન નિર્દોષ વ્યક્તિ છીએ. ખોટી રીતે અમારા નામ સદર કેસમાં જોડવામાં આવેલ છે."

<u>આરોપી નં.–૦૫ પ્રદિપકુમાર ઉર્ફે લાલો કાંતીભાઈ મકવાણાઃ–</u>

" સદર ગુન્હા બાબતે અમો નિર્દોષ અને અજાણ છે અમો કોઈ હોટલ ઉપર ગયેલ નથી કે કોઈ આવો અમોએ ગુન્હો કરેલ નથી સદર ગુન્હામાં અમોને ખોટી રીતે ફસાવી ખોટી રીતે અટક કરી અમો તહોમતદાર વિરુધ્ધ ખોટું ચાર્જ કરેલ છે."

<u>આરોપી નં.–૦૬ રાહુલ પ્રકાશનારાયણ મિશ્રાઃ–</u>

"અમો તહોમતદાર તદ્દન નિર્દોષ વ્યક્તિ છીએ. અમો તહોમતદારે કોઈ ગુન્હો કરેલ નથી કે, કોઈપણ પ્રકારની હોટલમાં ગયેલ નથી કે આવું કોઈ જારકર્મ કરેલ નથી. આ કામે પોલીસ સ્ટેશનમાં ખોટી રીતે ઓળખ પરેડમાં ઓળખી બતાવેલ છે. આમ, અમો તહોમતદાર વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી રીતે અટક કરી આ કામના તપાસ કરનાર અમલદાર દ્વારા ખોટું ચાર્જશીટ કરેલ છે."

<u>આરોપી નં.–૦૭ શીભાઈભાઈ ઉર્ફે લાલભાઈ કરમશીભાઈ દેસાઈઃ–</u>

"અમો તહોમતદાર તદ્દન નિર્દોષ વ્યક્તિ છીએ. અમો તહોમતદારે કોઈ ગુન્હો કરેલ નથી કે, કોઈપણ પ્રકારની હોટલમાં ગયેલ નથી કે આવુ કોઈ જારકર્મ કરેલ નથી આ કામે પોલીસ સ્ટેશનમાં ખોટી રીતે ઓળખ પરેડમાં ઓળખી બતાવેલ છે. આમ, અમો તહોમતદાર વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી રીતે અટક કરી આ કામના તપાસ કરનાર અમલદાર દ્વારા ખોટું ચાર્જશીટ કરેલ છે."

<u>આરોપી નં.–૦૮ હની ત્રિભુવનભાઈ પટેલઃ–</u>

"સદર ગુન્હા બાબતે અમો નિર્દોષ અને અજાણ છે અમો કોઈ હોટલ ઉપર ગયેલ નથી કે કોઈ આવો અમોએ ગુન્હો કરેલ નથી સદર ગુન્હામાં અમોને ખોટી રીતે ફસાવી ખોટી રીતે અટક કરી અમો તહોમતદાર વિરુધ્ધ ખોટું ચાર્જ કરેલ છે."

<u>કેસના નિર્ણય માટેના મુદ્દાઓઃ–</u>

(૧૯) આ કામે ફરિયાદ પક્ષના પુરાવાઓ તેમજ ઉભય પક્ષકારોની રજુઆતો ધ્યાને રાખી આ કેસનો નિર્ણય કરવા માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–: મુદ્દા :–

મુદ્દા નં.૦૧. શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આક્ષેપિત બનાવ સમયે આ કામના ભોગ બનનાર સગીર વયના હતા ?

મુદ્દા નં.૦૨. શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપી નં.૦૧ થી ૦૪ નાઓએ ભોગબનનાર સગીરાને ગુન્હાહિત કાવતરુ રચી એકબીજાના મેળાપીપણામાં અને મદદગારી કરીને ભારત બહારથી બાંગ્લાદેશ થી ગેરકાયદેસર રીતે ભારતની બોર્ડર ક્રોસ કરાવી ભોગ બનનારને તેણીના કાયદેસરના વાલીપણામાંથી ખસેડી તથા ભોગ બનનારને ભારત બહારથી લાવી ભોગબનનાર સગીરાને આરોપી નં.૦૫

થી ૦૮ નાઓને દેહ વ્યાપાર કરાવવા મેળવી આપી દેહ વ્યાપાર માટે સોંપી દેહ વ્યાપાર કરાવી ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૬૩, ૩૬૬એ તથા ૩૬૬બી મુજબનો આક્ષેપિત ગુન્હો કરેલ છે?

મુદ્દા નં. ૦૩ શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ ભોગબનનાર સગીરાને ગુલામ તરીકે તેણીનું શોષણ થશે તેવી ચોક્કસ જાણકારી અને ઈરાદા સાથે તેણીને ગુલામ તરીકે રાખી તેણીનું શારીરિક શોષણ કરી કરાવી અને ભોગબનનાર સગીરાને ગુલામ તરીકે એક થી બીજી જગ્યાએ તબદીલ કરી તથા વહન કરી તેણીનું શારીરિક શોષણ કરી કરાવી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૦એ(૧) તથા ૩૭૦(૪) મુજબનો આક્ષેપિત ગુન્હો કરેલ છે?

મુદ્દા નં. ૦૪ શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપી નં.૦૧ થી ૦૪ નાઓએ ગુન્હાહિત કાવતરુ રચી એકબીજાના મેળાપીપણામાં અને મદદગારીમાં સગીરાને વેશ્યાવૃતિ માટે મેળવી પોતાની સાથે રાખી અને ભોગબનનાર સગીરાને વેશ્યાવૃતિ માટે આરોપી નં. ૦૫ થી ૦૮ ને વેચી તેણી પાસે વૈશ્યાવૃતિ કરાવી અને આરોપી નં. ૦૫ થી ૦૮ નાઓએ ભોગ બનનાર સગીરાને ખરીદ કરી તેણી સાથે ગેરકાયદેસર બળજબરી પુર્વક સંભોગ કરી, વેશ્યાવૃતિ કરી કરાવી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૨, ૩૭૩ મુજબનો આક્ષેપિત ગુન્હો કરેલ છે?

મુદ્દા નં. ૦૫ શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામે આરોપીઓએ ગુન્હાહિત કાવતરુ રચી એકબીજાના મેળાપીપણામાં અને મદદગારીમાં ભોગબનનાર સગીરાને બાંગ્લાદેશથી ગેરકાયદેસર રીતે ભારતની બોર્ડર ક્રોસ કરાવી તેણીને કાયદેસરના વાલીપણામાંથી ખસેડી ભોગ બનનાર સગીરાને વેશ્યાવૃતિ માટે આરોપી નં. ૦૧ થી ૦૪ નાએ આરોપી નં. ૦૫ થી ૦૮ ને વેચી અને તે રીતે ભોગ બનનાર સગીરને વિદેશમાંથી દેહવ્યાપાર માટે મેળવી આરોપી નં. ૦૫ થી ૦૮ પાસે

દેહવ્યાપાર કરાવી અને આરોપી નં. ૦૫ થી ૦૮ નાએ ભોગ બનનાર સગીરાને વેશ્યાવૃતિ માટે ખરીદ કરી આરોપી નં. ૦૫ થી ૦૮ નાએ ભોગ બનનાર સાથે શરીર સંભોગ કરી કરાવી ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૨૦(બી) મુજબનો આક્ષેપિત ગુન્હો કરેલ છે?

મુદ્દા નં. ૦૬ શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપી નં.૦૫ થી ૦૮ નાએ ભોગ બનનાર સાથે ભોગ બનનારની મરજી વિરુધ્ધ બળજબરીથી શારીરિક સંભોગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૬ મુજબનો આક્ષેપિત ગુન્હો કરેલ છે?

મુદ્દા નં. ૦૭ શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપી નં.૦૧ થી ૦૪ નાઓએ ગુન્હાહિત કાવતરુ રચી એકબીજાના મેળપીપણામાં આ કામના ભોગ બનનાર સગીર હોવાનું જાણવા છતાં ભોગ બનનારને લાલચ આપી ભારત બહારથી બાંગ્લાદેશની બોર્ડર ક્રોસ કરાવી સગીર ભોગ બનનારનું દેહ વ્યાપાર કરાવવા ભારતમાં ગેરકાયદેસર રીતે લાવી પોતાની સાથે રાખી વિદેશમાંથી ભોગ બનનારને દેહ વ્યાપાર માટે મેળવી આરોપી નં. ૦૫ થી ૦૮ ને વેચી અને તે આવક ઉપર નિર્ભર રહી અને આરોપી નં. ૦૫ થી ૦૮ નાએ ભોગ બનનારને દેહ વ્યાપાર માટે ખરીદ કરી ભોગ બનનાર સાથે તેણી સગીર હોવાનું જાણવા છતાં પ્રવેશ જાતિય હુમલો અને ઉગ્ર પ્રવેશ જાતિય હુમલો કરી જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ ૪, ૬, ૧૬ મુજબનો આક્ષેપિત ગુન્હો કરેલ છે?

મુદ્દા નં. ૦૮ શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપી નં.૦૧ થી ૦૪ નાઓએ ગુન્હાહિત કાવતરુ રચી એકબીજાના મેળાપીપણામાં અને મદદગારીમાં ભોગબનનાર સગીરાને વેશ્યાવૃતિ માટે લલચાવી, વેશ્યાવૃતિની દિશામાં પ્રેરીત કરી આરોપી નં. ૦૫ થી ૦૮ ને વેચી તેણી પાસે વેશ્યાવૃતિ કરાવી અને આરોપી નં. ૦૧ થી ૦૪ તેની આવક ઉપર સંપુર્ણ કે આંશિક રીતે આધારિત બની આરોપી નં.

૦૫ થી ૦૮ ને વેચી તેણી પાસે વેશ્યાવૃતિ કરાવી ધી ઈમ્મોરલ ટ્રાફીક (પ્રિવેન્શન) એક્ટ ૧૯૫૬ ની કલમ ૪(૧) અને ૫(૧)(ડી) મુજબનો ગુન્હો કરેલ છે?

મુદ્દા નં.૦૯. આખરી શું હુકમ ?

(૨૫) ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણયો હવે પછી જણાવેલા કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. નકારમાં.

૪. નકારમાં.

૫. નકારમાં.

૬. નકારમાં.

૭. નકારમાં.

૮. નકારમાં.

૯. આખરી હુકમ મુજબ.

–:: <u>નિર્ણય માટેના કારણો</u> ::–

<u>ઉભય પક્ષકારોની મૌખિક દલીલોઃ–</u>

<u>ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક દલીલોઃ–</u>

(૨૦) ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન એ.પી.પી. શ્રી એ.એસ.જાડેજાએ તેમની મૌખીક રજુઆતમાં જણાવેલ છે કે, આ કામના આરોપી નં. ૦૧ મેસન સ/ઓ રઙ્કાક

રહમાન બીસ્સ ઉર્ફે અનવર ઉર્ફે મુનાવર હુસેન જોય નાઓએ આ કામના ભોગ બનનાર બાળાને મોડેલીંગ તથા એક્ટીંગમાં કામ અપાવવાની લાલચ આપી ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશ ભારતની બોર્ડર ક્રોસ કરાવી મુંબઈ ખાતે લાવી આરોપી નં.૦૧ મેસન સ/ઓ રઙ્કાક રહમાન બીસ્સ ઉર્ફે અનવર ઉર્ફે મુનાવર હુસેન જોય તથા આરોપી નં. ૦૩ સોનીયાબેન વા/ઓ દીનેશભાઈ વેંક્ટ શિંદે ઉર્ફે નઝમા રજાકભાઈ બીસેસ નાઓએ ભોગ બનનારને ડરાવી ધમકાવી લલચાવી આરોપી નં.૦૩ સોનીયાબેન વા/ઓ દીનેશભાઈ વેંક્ટ શિંદે ઉર્ફે નઝમા રજાકભાઈ બીસેસ નાઓ દેહ વ્યાપાર કરાવવા માટે ગુજરાત રાજ્યના વડોદરા ખાતે લાવી આરોપી નં. ૦૩ સોનીયાબેન વા/ઓ દીનેશભાઈ વેંક્ટ શિંદે ઉર્ફે નઝમા રજાકભાઈ બીસેસ નાઓએ ભોગ બનનારને આરોપી નં. ૦૨ જેઠાનંદ ઉર્ફે સુનિલ ઘનશ્યામભાઈ સેવકાની મારફતે દેહ વ્યાપાર કરવા માટે મોકલી આપી આરોપી નં. ૦૨ જેઠાનંદ ઉર્ફે સુનિલ ઘનશ્યામભાઈ સેવકાની નાઓએ મોકલેલ આરોપી નં. ૦૫ પ્રદિપકુમાર ઉર્ફે લાલો કાંતીભાઈ મકવાણા નાઓએ ભોગ બનનાર સાથે તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૩:૨૦ થી કલાક ૧૪:૧૦ દરમ્યાન વડોદરા, ફતેગંજ ખાતે આવેલ હોટલ લોટ્સ ગોલ્ડના રૂમ નં. ૨૦૧ માં દુષ્કર્મ આચરી તથા આરોપી નં. ૦૬ રાહુલ પ્રકાશ નારાયણ મિશ્રા નાઓએ ભોગ બનનાર સાથે તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૩:૨૫ થી ૧૪:૧૦ દરમ્યાન વડોદરા ફતેગંજ ખાતે આવેલ હોટલ લોટ્સ ગોલ્ડના રૂમ નં. ૨૦૮ માં દુષ્કર્મ આચરી તેમજ આરોપી નં. ૦૨ જેઠાનંદ ઉર્ફે સુનિલ ઘનશ્યામભાઈ સેવકાની નાઓએ ભોગ બનનાર બાળાને દેહ વ્યાપાર કરવા માટે અમદાવાદ ખાતે લાવી આરોપી નં. ૦૪ અમૃત ઉર્ફે અનીલ ઉર્ફે આર્યન ગોરધનભાઈ ખર્રા નાઓ મારફતે દેહ વ્યાપાર કરવા માટે મોકલી આપી આરોપી નં. ૦૪ અમૃત ઉર્ફે અનીલ ઉર્ફે આર્યન ગોરધનભાઈ ખર્રા નાઓએ મોકલેલ આરોપી નં. ૦૭ શીભાઈભાઈ ઉર્ફે લાલભાઈ કરમશીભાઈ દેસાઈ નાઓએ ભોગ બનનાર સાથે તા. ૦૩/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૪:૨૦ થી કલાક ૧૩:૫૫ દરમ્યાન અમદાવાદ જુના વાડજ ખાતે આવેલ હોટલ સાંઈ વિલા રૂમ નં. ૪૦૬ માં દુષ્કર્મ આચરી તેમજ આરોપી નં. ૦૮ નાઓએ ભોગ બનનાર સાથે તા. ૦૩/૦૯/૨૦૨૩ ના કલાક ૨૧:૦૦ થી તા. ૦૪/૦૯/૨૦૨૩ ના કલાક ૦૮:૦૦ દરમ્યાન અમદાવાદ થલતેજ ખાતે આવેલ હોટલ આઈ લેન્ડ પાર્કમાં આવેલ રૂમ નં. ૪૦૫ માં દુષ્કર્મ આચરી આ કામના તમામ આરોપીઓએ ભેગા મળી ગુન્હાહીત કાવતરુ રચી ગુન્હો કરેલ અને તેવી ફરિયાદ આધારે વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે

ગુન્હા રજીસ્ટર નંબર– ૧૧૨૧૫૦૩૭૨૩૦૫૫૫/૨૦૨૩ થી હાલનો ગુન્હો નોંધાયેલો છે અને તેની તપાસ એસ.ઓ.જી. આણંદના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી દ્વારા હાથ ધરવામાં આવેલ હતી અને તપાસના અંતે તપાસ કરનાર અધિકારી દ્વારા આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૦(એ), ૩૭૬, ૩૭૨, ૧૨૦(બી) તથા જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ– ૩(એ), ૪, ૫(એલ), ૬ તથા ઈમોરલ ટ્રાફીકીંગ એક્ટની કલમ ૧૯૫૬ ની કલમ–૫(૧),(ડી), (૨) મુજબના ગુન્હાની અન્વયેનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજુ કરવામાં આવેલુ જે ચાર્જશીટ સ્પે. પોકસો કેસ નં. ૫૩/૨૦૨૩ થી નોધાયેલુ ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધ આંક–૧૯ થી ચાર્જશીટમાં દર્શાવેલા તહોમત અન્વયે ગુન્હાની કલમો મુજબનું તહોમતનામું ફરમાવવામાં આવેલુ ત્યારબાદ નામદાર અદાલતમાં ફરિયાદ પક્ષ તરફથી આંક–૯૮ થી દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ રજુ કરવામાં આવેલુ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.–૧ તરીકે આંક–૩૦ થી ભોગ બનનારને તપાસવામાં આવેલા છે અને તેણીની સરતપાસ દરમ્યાન રેકર્ડ ઉપર આવેલ હકીકતો અન્વયે ફરિયાદ પક્ષ તરફથી આંક–૩૭ થી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૧૬ ની જોગવાઈઓ મુજબ તહોમતનામામાં સુધારો કરવા માટે અરજી આપવામાં આવેલી, જે અરજી નામદાર કોર્ટ દ્વારા તમામ પક્ષકારોને સાંભળી સદર અરજીના ગુણદોષ ઉપર મંજુર કરવામાં આવેલી અને ત્યારબાદ તમામ આરોપીઓ વિરુધ્ધ આંક–૪૪ થી સુધારેલુ તહોમતનામુ ફરમાવવામાં આવેલુ અને તે મુજબ આંક–૧૯ થી સુધારેલુ તહોતમનામુ દર્શાવેલ કલમો ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬એ, ૩૬૬બી, ૩૭૦(૪), ૩૭૦એ(૧), ૩૭૨, ૩૭૩ તથા પોકસો એકટની કલમ–૧૬ ઈમમોરલ ટ્રાફીકીગ એકટની કલમ–૪(૧)નો ઉમેરો કરવામાં આવેલો. ત્યારબાદ ફરિયાદ પક્ષે તહોમતનામાની હકીકતો સાબિત કરવા માટે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે અને આ તમામ પુરાવાઓના આધારે ફરિયાદ પક્ષે આરોપીઓ સામે આક્ષેપાયેલ તહોમતનામાની હકીકતો નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ છે.

(૨૦.૧) વિદ્વાન એ.પી.પી. શ્રી જાડેજાએ તેમની વિસ્તૃત રજુઆતમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષે સાહેદ નં.–૧ તરીકે આંક–૩૦ થી ભોગ બનનારને તપાસેલ છે. ભોગ બનનારની જુબાની નોંધતા સમયે નામદાર અદાલત દ્વારા ભોગ બનનાર સગીર વયની

હોવાથી તેઓ સોગંદની ગંભીરતા સમજી શકે છે કે કેમ? તે બાબતે પ્રશ્નોત્તરી કરવામાં આવેલી અને તેમાં બીજો સવાલ એવો પુછવામાં આવેલો કે, તેણીએ કેટલો અભ્યાસ કરેલો છે તેના જવાબમાં સગીર ભોગ બનનારે જણાવેલ છે કે, હાલમાં તેણી ભણતી નથી પરંતુ બાંગ્લાદેશમાં ધોરણ–૧૦ પાસ થઈને તેણી કોલેજના પ્રથમ વર્ષમાં ભણતી હતા અને ભોગ બનનારે આજ હકીકત તેણીની ઉલટ તપાસમાં પણ જણાવેલી છે. ભોગ બનનારને તેણીની ઉલટ તપાસમાં આરોપી પક્ષ તરફના વિદ્વાન વકિલશ્રીઓ દ્વારા ભોગ બનનાની ઉંમર ૧૮ વર્ષ કરતાં વધુ હોવાની હકીકત સ્થાપીત કરવા માટે ઘણા બધા સવાલો પુછવામાં આવેલ અને તે દરમ્યાન ભોગ બનનારના પરિવારની વિગતો તથા ભોગ બનનારના ભાઈઓ બહેનોની જન્મ તારીખ ઉંમર બાબતે પણ પ્રશ્નોત્તરી કરવામાં આવેલી આ દરમ્યાન ભોગ બનનારે તમામ હકીકતો સ્પષ્ટપણે જણાવેલી છે. ભોગ બનનારે તેણીની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેણીની ઉંમર ૧૭ વર્ષ થયેલી નથી. ભોગ બનનારને પુછવામાં આવતાં તેણીએ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેમની બહેન ઝાકીયા થી નાની બહેનનું નામ સોનીયા છે અને સોનીયાની હાલમાં ઉંમર ૨૫–૨૬ વર્ષ છે અને ભોગ બનનારે તેણીની ઉલટ તપાસમાં એવી હકીકત પણ જણાવેલ છે કે, તેમની બહેન સોનીયા તેણીથી ઘણી મોટી છે અને આશરે ૧૦ થી ૧૨ વર્ષ મોટી હશે. આમ, ભોગ બનનારની આરોપી પક્ષ તરફથી ઉલટ તપાસ દરમ્યાન પણ એ હકીકતો સ્પષ્ટ થાય છે કે, ભોગ બનનાર આક્ષેપીત બનાવ સમયે સગીર વયની ૧૪–૧૫ વર્ષના રહેલ હતા.

(૨૦.૨) વિદ્વાન એ.પી.પી. શ્રી જાડેજાએ તેમની મૌખિક રજુઆતમાં વધુમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ તરફથી ભોગ બનનારની ઉંમર નક્કી કરવા માટે ઓસીફીકેશન ટેસ્ટ કરનાર તબીબી સાહેદ ડોકટર મિલીનસીંધ બદ્રીપ્રસાદ યાદવને સાહેદ નં.–૦૮ તરીકે આંક–૭૬ થી તપાસવામાં આવેલા છે. આ તબીબી સાહેદે તેમની જુબાની દરમ્યાન તેમની સમક્ષ ભોગ બનનારને તેણીની ઉંમર નક્કી કરવા માટે ઓસીફીકેશન ટેસ્ટ માટે લાવવામાં આવતા તેઓએ કરેલી તમામ કાર્યવાહીની વિગતો જણાવેલ છે. આ તબીબી સાહેદે ભોગ બનનારની ઉંમર નક્કી કરવા માટે ભોગ બનનારના દાંતની તપાસના આધારે તપાસ કરેલી તેમજ રેડીયોલોજીકલ તપાસ માટે રેડીયોલોજી વિભાગમાં મોકલવામાં આવેલ હતી અને ત્યાં ભોગ બનનારના શરીરના વિવિધ ભાગોના એકસ–રે લેવામાં આવેલ હતા અને તે એકસ–રે રિપોર્ટ તથા ભોગ

બનનારનો શરીરનો બાંધો તેમજ ભોગ બનનારના દાંતના પરીક્ષણ આધારે આ તબીબી સાહેદે સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેઓએ ભોગ બનનારની ઉંમર અંગે અભિપ્રાય આપેલો તે મુજબ ભોગ બનનારની ઉંમર તપાસણી સમયે ૧૫ વર્ષથી વધુ અને ૧૭ વર્ષથી ઓછી ઉંમર હતી. વિદ્વાન એ.પી.પી.શ્રીએ વધુમાં રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેણીની સર તપાસમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેણીની ઉંમર ૧૭ વર્ષ થયેલી નથી અને ભોગ બનનાર દ્વારા જણાવેલી હકીકતને આંક–૧૧૪ થી રજુ થયેલા ઓસીફીકેશન ટેસ્ટના રિપોર્ટથી સમર્થન મળેલ છે.

(૨૦.૩) વિદ્વાન એ.પી.પી.શ્રી એ વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે ભોગ બનનારની ઉંમર બાબતે રેડીયોલોજીકલ તપાસ કરનાર તબીબી અધિકારી તબીબી સાહેદ ડોકટર ધર્મેન્દ્રકુમાર બેચરભાઈ પરમારને સાહેદ નં.–૧૨ તરીકે આંક–૧૫૪ થી તપાસવામાં આવેલા છે. આ તબીબી સાહેદે પણ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખ ૧૬/૦૯/૨૦૨૩ ના રોજ શ્રીકૃષ્ણ હોસ્પીટલમાં રેડીયોલોજી વિભાગમાં તેઓ ફરજ ઉપર હતા ત્યારે ત્યાં ભોગ બનનારને તેઓની સમક્ષ ઉંમર નક્કી કરવા માટે મોકલવામાં આવેલી ત્યારબાદ તેઓએ ભોગ બનનારના શરીરના વિવિધ ભાગોના એકસ–રે લીધેલ હતા અને ડોકટર ધર્મેન્દ્રકુમારની જુબાની દરમ્યાન આંક–૧૫૫ થી ૧૬૦ સુધીના ભોગ બનનારના વિવિધ ભોગોની એકસ–રે ફિલ્મ રજુ થયેલ છે તેમજ તબીબી સાહેદે તેમની જુબાની દરમ્યાન આંક–૧૧૪ વાળા ઓસીફીકેશન ટેસ્ટ રિપોર્ટમાં તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આ તબીબી સાહેદ ડો. ધર્મેન્દ્રકુમાર પરમારે આરોપી તરફે ઉલટ તપાસમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, આંક–૧૧૪ વાળા રિપોર્ટ મુજબ પ્રોસેસ ટુ ફયુઝડનું સ્ટેજ રહેલુ છે અને આ તબીબી સાહેદ ડો. ધર્મેન્દ્રકુમાર પરમાર માન્ય રેડીયોલોજીસ્ટ છે. તેઓ એકસ–રે તથા સોનોગ્રાફીના નિષ્ણાંત તબીબ રહેલા છે અને તેઓએ ભોગ બનનારના તમામ એકસ–રે નો અભ્યાસ કરીને તેના આધારે આંક–૧૧૪ વાળા ઓસીફીકેશન ટેસ્ટ રિપોર્ટ આપેલ છે અને આ તબીબી સાહેદે તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, ભોગ બનનારના શરીરના વિવિધ ભાગોના લેવામાં આવેલ એકસ–રે ફિલ્મોના પરિણામને જોઈ તપાસીને ભોગ બનનારની આશરે ઉંમર ૧૫ થી ૧૭ વર્ષની હતી તેવો અભિપ્રાય તેઓએ આપેલા.

(૨૦.૪) વિદ્વાન એ.પી.પી.શ્રી એ તેમની રજુઆતમાં જણાવેલ છે કે, આરોપી પક્ષ તરફે ભોગ બનનારની તેમની ઉલટ તપાસમાં પુછવામાં આવેલા સવાલના જવાબમાં ભોગ બનનારે જણાવેલ છે કે, આ વાતની મને ખબર નથી કે બાંગ્લાદેશમાં શાળામાં પ્રવેશ મેળવવા માટે છ વર્ષની ઉંમર ફરજીયાત છે. ત્યારબાદ ભોગ બનનારે જણાવેલ છે કે, તેઓ પહેલા ધોરણમાં દાખલ થયેલ ત્યારે તેમની ઉંમર ચાર વર્ષની હતી. ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેઓ મીરપુર કોલેજમાં અભ્યાસ કરતા હતા. ભોગ બનનારે તેમની જુબાનીમાં તેઓ કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા હોવાનું જણાવેલ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, બાંગ્લાદેશમાં શિક્ષણ પધ્ધતિ અનુસાર ધોરણ ૧ થી ૧૦ નો શાળાનો અભ્યાસ ત્યારબાદ કોલેજમાં પ્રી અને પછી પ્રથમ બીજુ અને ત્રીજુ વર્ષ આ રીતે રહેલુ છે. આમ, ભોગ બનનાર ચાર વર્ષની ઉંમરના હતા ત્યારે પ્રથમ ધોરણમાં અભ્યાસ કરેલો અને તેઓ ધોરણ દસ પાસ કરી કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા હતા તેથી સ્પષ્ટ થાય છે કે, ભોગ બનનારની ઉંમર માત્ર ૧૫ વર્ષની ઉંમર રહેલ હતી. તેઓએ રજુઆત કરેલ છે કે, આરોપી પક્ષે ભોગ બનનાર બાંગ્લાદેશના હોવાનું અને બાંગ્લાદેશમાં ભણતા હોવાનું રેકર્ડ ઉપર લાવેલા નથી. ભોગ બનનારને તેમની ઉલટ તપાસમાં પુછવામાં આવેલ સવાલની હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે, તેમની જન્મ તારીખનો પુરાવો અને જન્મના પ્રમાણપત્ર બાંગ્લાદેશમાં છે. ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં પુછવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, તેઓએ પોલીસ તપાસમાં બાંગ્લાદેશનું જન્મનું કાગળ, ભોગ બનનારના પાસપોર્ટની નકલ, તથા પિતાનું એન.આઈ.ટી. કાર્ડ આપેલ. વિદ્વાન એ.પી.પી.શ્રી એ રજુઆત કરેલ છે કે, આ કામના ફરિયાદી શ્રી ગઢવીએ તેમની આંક–૧૮૨ ની જુબાનીમાં આ કામે નિશાની ૬૨/૫ થી રજુ થયેલ જન્મ દાખલોની નકલ અંગે તેઓએ જણાવેલ છે કે, તે વ્હોટ્સએપ થી આવેલ ભોગ બનનારનો જન્મ દાખલોની નકલ રહેલ છે. તે જાણવા જોગની તપાસ દરમ્યાન રજુ થયેલી અને વ્હોટ્સએપ ઉપરથી પ્રિન્ટ કઢાવીને જાણવા જોગ કાગળો સાથે સામેલ રાખેલ. તે રજુ થયેલ જન્મના પ્રમાણપત્ર ભોગ બનનારનું નહી હોવાનું આરોપી પક્ષ તરફે પુરવાર થયેલું નથી. તપાસ કરનાર પોલીસ અધિકારી દ્વારા તેમની કાયદેસરની કાર્યવાહીના ભાગ રૂપે વ્હોટ્સએપ જેવા માન્ય માધ્યમ થી દસ્તાવેજ મેળવી તેને કામમાં સામેલ રાખેલ હોય માત્ર તેને આંક નહી આપવાથી પુરાવામાં વંચાણે લઈ શકાય નહી તેવી કાયદાની જોગવાઈ નથી. વધુમાં ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે

કે, બાંગ્લાદેશમાં ધોરણ દસ પછી બે વર્ષ ઈન્ટર કોલેજમાં અભ્યાસ કરવાનો હોય છે ત્યારબાદ ઓનર્સ ફસ્ટ ઈયર અને ઓનર્સ સેકન્ડ ઈયરનો અભ્યાસ હોય છે. ભોગ બનનારે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, બાંગ્લાદેશમાં ધોરણ–૧ માં પ્રવેશ લેતાં પહેલાં પ્રી સ્કુલીંગ એટલે કે સીનીયર કે.જી., જુનીયર કે.જી. કરવુ ફરજીયાત છે. આમ, ભોગ બનનારના જન્મ પ્રમાણપત્રની નકલ તથા ખુદ આરોપીઓ તરફેની ઉલટ તપાસના આધારે હાલના ભોગ બનનાર ૧૮ વર્ષથી ઓછી ઉંમરના સગીર રહેલા હોવાનુ પુરવાર થાય છે.

(૨૦.૫) વિદ્વાન એ.પી.પી.શ્રી એ રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષે સાહેદ નં.–૦૭ તરીકે આંક–૧૦૩ થી તપાસવામાં આવેલા તબીબી સાહેદ ડો. દિપલ શાહને તેમની ઉલટ તપાસ દરમ્યાન પુછવામાં આવેલ સવાલના જવાબમાં તેઓએ ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનારની ઉંમર તેઓએ પોલીસના કાગળોના આધારે લખેલી અને આ તબીબી સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગ બનનારને તેણીની ઉંમર પુછેલી, ઓસીફીકેશન ટેસ્ટના આધારે ભોગ બનનારની ઉંમર લખેલી છે. તેઓએ રજુઆત કરેલ છે કે, આ સાહેદની જુબાની દરમ્યાન આંક–૧૦૬ થી મેડીકોલીગલ એક્ઝામિનેશન રિપોર્ટ રજુ થયેલ છે, જેના કોલમ નં.૪ માં ઓસીફીકેશન ટેસ્ટના એમ.એલ.સી. નંબર તથા ભોગ બનનારની જન્મ તારીખ ૧૯/૦૬/૨૦૦૭ લખેલી છે. આમ, ભોગ બનનારની ઉંમર નક્કી કરવા માટે નિષ્ણાંત તબીબ દ્વારા કરવામાં આવેલા ઓસીફીકેશન ટેસ્ટના આધારે આ કામે ભોગ બનનારની ઉંમર આક્ષેપીત બનાવ સમયે ૧૮ વર્ષ કરતાં ઓછી ઉંમરની સગીરવયની રહેલી હોવાનું પુરવાર થાય છે.

(૨૦.૬) વિદ્વાન એ.પી.પી. શ્રી જાડેજાએ તેમની વિસ્તૃત રજુઆતમાં જણાવેલ છે કે, ફરીયાદ પક્ષ દ્વારા આરોપીઓ સામેના તહોમતની હકીકતો પુરવાર કરવા માટે સૌથી મહત્વના સાહેદ એવા ભોગ બનનારને સાહેદ નં.–૧ તરીકે આંક–૩૦ થી તપાસવામાં આવેલા છે. ભોગ બનનારે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ બાંગ્લાદેશમાં અભ્યાસ સાથે શોર્ટ ફિલ્મ, મ્યુઝીક, વીડીયો રેકોર્ડીંગ તથા મોડેલીંગનું કામ કરતા હતા અને એક વ્યક્તિ જેનું નામ મનોહરહુસેન જોયના નામથી તેણી ઓળખતી હતી તેમની સાથે ફેસબુક થી સંપર્ક થયેલો અને સને ૨૦૨૩ ના વર્ષમાં આ

મનોહરહુસેન જોય સાથે તેણીની વાતચીત થયેલી ત્યારબાદ મનોહર હુસેન જોયએ તેણીને તું મોડેલીંગ કરશે તેવુ પુછેલુ અને આ મનોહરહુસેન જોયએ તે કલકત્તામાં મોડેલીંગનું કામ કાજ કરતા હોવાનું તેણીને જણાવેલુ તેથી તેણીને આ મનોહર હુસેન જોય ખોટું બોલતા હોવાનું લાગેલુ તેથી તેણીએ આ વાત સ્વીકારેલી નહી ત્યારબાદ મનોહર હુસેને ઘણા ફોન કરેલા પરંતુ તેણીએ ઉઠાવેલ નહી ત્યારબાદ મનોહરહુસેને ફેસબુક અને મેસેન્જર ઉપર શુટીંગના ફોટા મોકલેલા અને ફેસબુક વીડીયો કોલથી વાત કરેલી ત્યારબાદ મનોહરહુસેનએ વીડીયો કોલથી બે બાંગ્લાદેશી છોકરીઓ તેમની પાસે કામ કરે છે તેવુ કહીને ભોગ બનનાર સાથે વાતચીત કરેલી અને ત્યારબાદ કલકત્તા આવીને મોડલીંગ કરવા જણાવેલુ હતુ. આમ, ભોગ બનનારના પુરાવા આધારે સ્પષ્ટ થાય છે કે, આરોપી નં.–૧ મનોહરહુસેનએ ભોગ બનનારને મોડલીંગના કામકાજના લાલચ આપીને તેની વાત નહી સ્વીકારતા ફેસબુક મેસેન્જર મારફતે શુટીંગના વીડીયો મોકલેલા તથા બે બાંગ્લાદેશી છોકરીઓ સાથે વીડીયો કોલમાં વાત કરાવીને મોડલીંગના કામકાજની લાલચ આપી વિશ્વાસ અપાવેલો.

(૨૦.૭) તેઓએ વધુ રજુઆતમાં જણાવેલ છે કે, ભોગ બનનારે તેણીની જુબાનીમાં જણાવેલ છે કે, ત્યારબાદ ભોગ બનનારે મનોહરહુસેનને તેણી ત્યાં કેવી રીતે આવે તેવુ પુછતા મનોહરહુસેનએ તેણીને જેસોર બોર્ડર ઉપર આવી જવા જણાવેલું તો તેણીએ તેની પાસે પાસપોર્ટ નહીં હોવાનું જણાવતા મનોહરહુસેને કરેલુ કે, "પાસપોર્ટની જરૂર પડતી નથી, ભોગ બનનારને કોઈ ફ્રેન્ડ હોય તો તેની સાથે આવી જાવ." ભોગ બનનાર સાહેદે તેણીની જુબાનીમાં જણાવેલ છે કે, ત્યારબાદ તેણીએ તેની એક મિત્ર ડેઝી સાથે વીડીયો કોલથી મનોહરહુસેન સાથે વાત કરાવેલી તારીખ ૨૦/૦૮/૨૦૨૩ ના રોજ મનોહરહુસેન સાથે વાત થયેલી તો તેણે તા.૨૧/૦૮/૨૦૨૩ ના રોજ જેસોર બોર્ડર ઉપર ગાડી આવશે તેવુ કહેલુ તે રીતે તેણી અને ડેઝી જેસોર રાત્રીના ૦૮:૦૦ વાગ્યે પહોચેલા ત્યારબાદ મનોહરહુસેનને ફોન કરતા મનોહરહુસેને ત્યાં તેમના ઓળખીતાની હોટલમાં રોકાય જવાનું જણાવતા તેઓ રોકાયેલા, તા. ૨૨/૦૮/૨૦૨૩ ના રોજ બપોરના ૦૨:૦૦ વાગ્યે તેણી અને ડેઝી હોટલથી નીકળીને બેનાફોલ બોર્ડર પાસે ગયેલા પરંતુ બોર્ડર બંધ થઈ ગયેલી હોય મનોહરહુસેને તેઓને ત્યાં બોર્ડર ઉપર તેમના મિત્રના ઘરે રોકાવા જણાવેલુ તેથી ભોગ બનનાર અને ડેઝી બન્ને મનોહરહુસેનના મિત્રના ઘરે રોકાયેલા અને તા.

૨૩/૦૮/૨૦૨૩ ના રોજ રાત્રીના ૧૦:૦૦ વાગ્યે મનોહરહુસેનના મિત્ર ભોગ બનનારને તથા ડેઝીને બોર્ડર ક્રોસ કરાવવા ખેતરના રસ્તે ચાલીને લઈ ગયેલો ત્યારબાદ મનોહરહુસેનના મિત્રએ નદી ક્રોસ કરાવવાનું કામ બીજા વ્યક્તિને સોપી દીધેલુ ત્યારબાદ તેઓ ચાલતા ચાલતા બોર્ડર ક્રોસ કરીને ભારતમાં આવેલા અને તેઓ મળસ્કે ૩ થી ૪ વાગ્યે ત્યાં આવેલા અને પ્રાઈવેટ વ્હાઈટ કલરની કારમાં ઘરે લઈ ગયેલા ત્યાં બે ત્રણ કલાક રોકાયને ત્યારબાદ સવારના ૦૭:૦૦ વાગ્યાના અરસામાં એક મોટર સાયકલ લઈને આવેલ અને તે મોટર સાયકલ ઉપર એક કલાક જેટલુ દુર કોઈ સ્થળે લઈ ગયેલો, ત્યારબાદ એક પ્રાઈવેટ કાર આવેલી તેમા તેઓને કલકત્તા હાવરા બ્રીજ રેલ્વે સ્ટેશન લઈ જવામાં આવેલી ત્યાં તેણીને ભારતનું મોબાઈલ ફોનનું સીમ કાર્ડ આપવામાં આવેલુ તે સીમ કાર્ડથી તેણીએ મનોહરહુસેન સાથે વાતચીત કરવાની હતી તેથી તેણીએ ફોનથી મનોહરહુસેન સાથે વાતચીત કરેલી, ત્યારબાદ રેલ્વે સ્ટેશન ઉપર એક કુલી જેવો માણસ તેઓને મળેલો તેણી તેઓને ટ્રેનની લોકલ ટિકિટ કઢાવી આપેલી ત્યારબાદ મુંબઈ જવા ટ્રેનમાં બેસેલા અને તેણી અને ડેઝી ટ્રેનમાં મુંબઈ આવેલા. આમ, ભોગ બનનારના પુરાવા આધારે સ્પષ્ટ થાય છે કે, આરોપી નં.–૧ મનોહરહુસેને ભોગ બનનારને ભારત આવવા મોડલીંગનું કામ અપાવવા લાલચ આપેલી અને ભોગ બનનારને ભારત આવવા માટે વ્યવસ્થા કરી દીધેલી અને આરોપી નં.–૧ મનોહરહુસેન ભોગ બનનાર સાથે સતત સંપર્કમાં રહેલો અને ભોગ બનનારને બાંગ્લાદેશ બોર્ડર ક્રોસ કરાવવા અને ભારતમાં પ્રવેશ અપાવી મુંબઈ સુધી આવવા સતત માર્ગદર્શન આપી વ્યવસ્થા કરી દીધેલી.

(૨૦.૮) તેઓએ વધુમાં રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ટ્રેનમાં બે દિવસો મુસાફરી કરીને મુંબઈ આવેલા અને નાલા સોપારા પહેલા એક સ્ટેશન આવે છે ત્યાં ઉતરેલા ત્યાં તેઓને મનોહરહુસેન જોય લેવા માટે આવેલા ત્યારબાદ મનોહરહુસેનએ તેઓની તેની બહેનના ઘરે જવાનું છે તેમ જણાવીને રાત્રીના ૦૧:૦૦ વાગ્યે એક સ્ત્રીના ઘરે લઈ ગયેલો તેનું નામ સોનીયા હતુ અને ત્યારબાદ મનોહરહુસેન તેઓને સોનીયાના ઘરે મુકીને જતો રહેલો. આમ, ભોગ બનનારના પુરાવા આધારે આરોપી નં.–૧ મનોહરહુસેને ભોગ બનનારને મોડલીંગનું કામ અપાવવા લાલચ આપીને ભારતમાં આવવાની વ્યવસ્થા કરી આપી તેના ભાગરૂપે ભોગ બનનાર મુંબઈ આવેલા અને ભોગ બનનાર તથા ડેઝીને લેવા માટે ખુદ આરોપી

નં.–૧ મનોહરહુસેન રેલ્વે સ્ટેશન ગયેલ અને ભોગ બનનારને મનોહરહુસેનના બહેન આરોપી નં.–૩ સોનીયાના ઘરે મુકી ગયેલ.

(૨૦.૯) વિદ્વાન એ.પી.પી.શ્રી જાડેજાએ તેમની રજુઆતમાં જણાવેલ છે કે, ભોગ બનનારના મૌખિક પુરાવા આધારે એ હકીકત પણ સ્પષ્ટ થાય છે કે, ભોગ બનનારને મુંબઈ મુકામે શુટીંગ માટે કામ કરવાનું કહીને આરોપી નં.–૧ લાવેલા અને આરોપી નં.–૩ ના ઘરે રાખેલા અને ત્યારબાદ આવુ કોઈ શુટીંગ કરવા માટે ભોગ બનનારને લઈ ગયેલા નહી તેથી ભોગ બનનારે વારંવાર આરોપી નં.–૩ ને શુટીંગમાં કયારે જવાનું છે અને શુટીંગ ના કરવુ હોય તો બાંગ્લાદેશ પરત મોકલી આપવા માટે કહેલુ અને ત્યારબાદ ભોગ બનનારે આરોપી નં–૧ મનોહરહુસેનના પત્નીને પણ શુટીંગ કરવા કયારે લઈ જવાના છે તેમ પુછેલુ જો શુટીંગ ના કરવાનુ હોય તો બાંગ્લાદેશ પરત મોકલવા વારંવાર જણાવેલુ. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારના પુરાવા આધારે જણાય આવે છે કે, ભોગ બનનારની સાથે તેણીની મિત્ર ડેઝી પણ આવેલી અને ત્યારબાદ ષડયંત્રના ભાગરૂપે ભોગ બનનાર અને તેની મિત્ર ડેઝીને અલગ કરવા માટે અલગ–અલગ જગ્યાઓએ શુટીંગમાં જવાની વાત કરેલી ત્યારે ભોગ બનનારે આરોપી નં.–૧ તથા આરોપી નં.–૩ ને સ્પષ્ટ કહેલુ કે શુટીંગ કરવાનું હોય તો બન્નેને સાથે રાખો નહી તો બાંગ્લાદેશ પરત મોકલી આપો ત્યારે આરોપી નં.–૧ મનોહરહુસેને જણાવેલુ કે, મગજમારી ના કરો, જેમ કહે તેમ કરો. ત્યારબાદ ભોગ બનનારને આરોપી નં.–૩ સોનીયા સાથે શુટીંગની લાલચ આપીને મોકલી આપવામાં આવેલી અને ભોગ બનનારની મિત્ર ડેઝીને આરોપી નં.–૧ મનોહરહુસેન પોતાની સાથે લઈ ગયેલ.

(૨૦.૧૦) તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સોનીયા સાથે નાલા સોપારાથી ટ્રેનમાં નીકળેલા ત્યારે ક્યાં જવાનું છે? તેમ પુછતાં આરોપી નં.–૩ સોનીયાએ કહેલુ કે, પહેલાં એક ફ્રેન્ડના ત્યાં જવાનું છે પછી શુટીંગમાં જવાનું છે ત્યારબાદ આરોપી નં.–૩ સોનીયા ભોગ બનનારને એક મિત્રને ત્યાં રાખડી બાંધવા લઈ ગયેલ ત્યાં તેઓ રાત રોકાયેલા. ભોગ બનનારે તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૩૦/૦૮/૨૦૨૩ ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે સોનીયાના મિત્રના ત્યાંથી નિકળેલા ત્યારે ભોગ બનનારે ક્યાં જવાનું છે તેમ પુછતા સોનીયાએ બીજા મિત્રને ત્યાં જવાનું છે કહેતાં ભોગ બનનારે ના પાડેલી અને

વડોદરા આવેલા ત્યાં સાંજના લોટ્સ ગોલ્ડ હોટલ ઉપર ગયેલા, ત્યાં સોનીયા તેણીને સુનીલ નામના એજન્ટ પાસે લઈ ગયેલી ત્યારબાદ તેણી હોટલમાં ફ્રેશ થઈ ખાઈને બેઠેલા હતા ત્યારે સોનીયાએ આવીને કહેલુ કે તું અહીંયા રોકા તને કાઈ જોઈએ તો સુનીલને કહ્યું છે તો ભોગ બનનારે સોનીયાને કહેલુ કે, હુ હીન્દી બોલી શકતી નથી તુ એકલી મુકીને જાય છે તેથી સોનીયાએ તેણીને કહેલુ કે તેણી કામથી બીજી હોટલમાં જાય છે તને કોઈ જરૂર પડે તો મને ફોન કરજે જેથી હુ સુનીલને ફોન કરીને કહી દઈશ. ભોગ બનનારે જણાવેલ છે કે સોનીયા અને મનોહરહુસેન તેની સાથે બાંગ્લાદેશી ભાષામાં વાત કરતા હતા. આમ, ભોગ બનનારના પુરાવા આધારે સ્પષ્ટ થાય છે કે, આરોપી નં.–૧ અને આરોપી નં.–૩ ભોગ બનનારને દેહ વ્યાપાર માટે વડોદરા લોટ્સગોલ્ડ હોટલ ખાતે લઈ ગયેલા. ભોગ બનનારની જુબાની ઉપરથી સ્પષ્ટ થાય છે કે, ભોગ બનનારને માત્ર બાંગ્લા ભાષા આવડતી હતી, તેણી હિન્દી ભાષા જાણતી ન હતી આથી ભોગ બનનાર પ્રથમ થી જ વ્હીસલ બ્લો કરી શકેલા નહી.

(૨૦.૧૧) વિદ્વાન એ.પી.પી. શ્રી જાડેજાએ તેમની રજુઆતમાં જણાવેલ છે કે, ભોગ બનનારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૩૧/૦૮/૨૦૨૩ ના રોજ સવારે એક ગ્રાહક આવેલો અને સોનીયા અને સુનીલે તેણીને એક રૂમ નંબર આપીને કહ્યુ કે તેમાં જા તો તેણીએ કહેલુ કે મારે કેમ જવાનું છે? હું અહીયા શુટીંગ માટે આવેલી હતી તો સોનીયાએ ગુસ્સો કરીને કહ્યુ કે, તને ઉપર જવા માટે કહ્યુને તું ઉપર જા તારો એજન્ટ તને એટલા માટે જ લાવ્યો છે, તું ઉપર નહી જાય તો પ્રોબ્લેમ થશે ત્યારે તેણીએ સોનીયાને કહ્યુ કે હું આવા ખોટા કામ કરવા માટે આવેલી નથી. ત્યારબાદ સોનીયાએ ગુસ્સે થઈને તેણીને ઉપર રૂમમાં મોકલી દીધેલી અને ત્યાં રૂમમાં એક માણસ વોશરૂમમાંથી બહાર આવેલો તો તેણીએ સોનીયાને ફોન કરીને કહ્યુ કે, અહી એક માણસ છે મારે અહીયા શું કરવુ. તો સોનીયાએ કહ્યુ કે, તે જેમ કહે તેમ કર. ત્યારબાદ તે માણસે તેણી સાથે રેપ કરેલો. આમ, ભોગ બનનારના મૌખીક પુરાવા આધારે આરોપી નં.–૦૩ સોનીયાએ ભોગ બનનાર સાથે બળ જબરી કરીને ભોગ બનનારની મરજી વિરુધ્ધ ભોગ બનનારની પાસે હેદવ્યાપાર કરાવેલો છે અને હોટલ લોટ્સ ગોલ્ડ ખાતે આરોપી નં.–૨ નાએ આરોપી નં.–૫ ને પ્રથમ ગ્રાહક તરીકે મોકલેલો અને આરોપી નંબર.–૫ નાએ હોટલ લોટ્સ ગોલ્ડ ખાતે ભોગ બનનાર સાથે દુષ્કર્મ આચરેલું છે.

(૨૦.૧૨) વિદ્વાન એ.પી.પી.શ્રી એ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારના પુરાવા આધારે જણાય છે કે, ત્યારબાદ ભોગ બનનારે ત્યાંથી નિકળી જવાનું કહી તેણી અહીંયા આવુ કરવા આવેલી નથી. તેણીએ કહ્યુ કે કેમ તેણી પાસે આવું કરાવેલુ છે તો સોનીયાએ ભોગ બનનારને કહ્યુ કે આ માંથી તને પૈસા મળવાના છે તે પૈસા તુ બાંગ્લાદેશ મોકલી શકીશ તો ભોગ બનનારે સોનીયાને કહ્યુ કે મારે પૈસા નથી જોઈતા ત્યારબાદ ભોગ બનનારે શુટીંગ ન કરવુ હોય તો, બાંગ્લાદેશ પરત મોકલી આપવા વારંવાર વાત કરેલી તેમ જણાવેલુ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનારે તેની જુબાનીમાં જણાવેલ છે કે, ત્યારબાદ સોનીયાએ તેણીને જણાવેલ કે, વધારે વાત ન કર બીજા ગ્રાહક આવશે, તેની પાસે જા. તો તેણીએ સોનીયાને મારે નથી જવુ તેમ જણાવેલુ ત્યારે સોનીયાએ કહ્યુ કે, તુ ત્યાં જા હુ બીજા કામ માટે બીજી હોટલમાં જાવ છું ત્યારબાદ સુનીલ ઓળખે છે તે છોકરો તેણીને ઉપરના માળે લઈ ગયેલ અને અગાઉ તેણી સાથે રેપ થયેલો તેના ૧૫ થી ૨૦ મીનીટ બાદ બીજી વખત રૂમમાં લઈ ગયેલ ત્યારબાદ તે રૂમમાં બીજો એક માણસ આવેલો ત્યાર પણ તેણી સાથે જોર જબરજસ્તી કરવામાં આવેલી ત્યારે તેણીને લોહી નીકળી આવેલુ અને તેણી સાથે ફીજીકલ રેપ કરવામાં આવેલો. ત્યારબાદ તેણીએ તે માણસને મારે વધારે કરવુ નથી, લોહી નીકળેલુ છે ત્યારબાદ તે માણસે બે વખત કામ કરવાનું જણાવેલુ છે. તો તેણીએ કહ્યુ કે, નથી કરવું મારે જવું છે તો પણ તેણીને જવા દીધેલ નહી તો તેણીએ સોનીયાને કોલ કરેલો અને લોહી નીકળી ગયેલુ છે જણાવેલુ. તેથી તેણીના મોબાઈલ ફોનથી તે માણસે સોનીયા સાથે વાત કરેલી ત્યારબાદ તેણી ત્યાંથી નીકળી ગયેલી અને રૂમમાં ગયેલ અને સોનીયા રૂમ ઉપર આવેલી અને સુનીલ પણ રૂમ ઉપર આવેલ અને સુનીલ સોનીયા ઉપર ગુસ્સે થઈ ગયેલો આને બે વખત કરવાનું કહ્યુ કેમ કરેલુ નથી તો સોનીયાએ કહેલુ કે તેને લોહી નીકળી ગયેલ હતુ તેથી બે વાર કરેલુ નથી. ત્યારબાદ સુનીલ નીચે જઈને મલમ લઈ આવેલો અને તેણીને આપેલો અને લગાવવાનુ કહેલુ ત્યારબાદ ફરીથી એક ગ્રાહક આવેલ અને સુનીલે તેણીને સોનીયા દ્વારા ગ્રાહક પાસે જવાનું જણાવેલુ ત્યારે તેણીએ મારે નથી જવુ જવુ હોય તો તું જા તેવુ જણાવેલુ તેથી સોનીયા ગયેલી અને અડધો કલ્લાક પછી પાછી આવેલી ત્યારે સુનીલ સોનીયા ઉપર ગુસ્સે થઈ ગયેલો અને કહ્યુ કે, આને શું કરવા માટે લાવેલા છે અને તે કામ આ નહી કરે તો અહી શું કામ રહેવાનુ ત્યારબાદ સોનીયા તેની હોટલ ઉપરથી ૩૧ મી તારીખે રાત્રીના ૦૭:૩૦ તી ૦૮:૦૦ વાગ્યે નીકળી ગયેલા અને રેલ્વે સ્ટેશન ગયેલા અને

ત્યાંથી અમદાવાદ ગયેલા. આમ, ભોગ બનનારના મૌખીક પુરાવા આધારે પુરવાર થાય છે કે, આરોપી નં.–૨ સુનીલ પણ આરોપી નં.–૩ સોનીયા સાથે સંકળાયેલ હતો. આરોપી નં.–૨ અને આરોપી નં.–૩ નાએ ત્રીજો ગ્રાહક આવેલો તેની પાસે ભોગ બનનારને જબરજસ્તીથી મોકલવા પ્રયત્નો કરેલા અને ત્યારે આરોપી નં.–૨ અને આરોપી નં.–૩ વચ્ચે ઝગડો થતાં તેઓ વડોદરા લોટ્સ ગોલ્ડ ખાતેથી નીકળી ગયેલા. આ સાથે એ હકીકત પણ પુરવાર થાય છે કે, આરોપી નં.– ૨ અને આરોપી નં.–૩ નાએ ષડયંત્રના ભાગરૂપે બે ગ્રાહક પાસે ભોગ બનનારને જબરજસ્તીથી મોકલીને ભોગ બનનાર પાસે દેહવ્યાપાર કરાવેલ છે અને હોટલ લોટ્સગોલ્ડ ખાતે આરોપી નં.–૫ અને આરોપી નં.–૬ નાએ સગીર ભોગ બનનાર સાથે દુષ્કર્મ આચરેલુ છે.

(૨૦.૧૩) વિદ્વાન એ.પી.પી.શ્રી એ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ અમદાવાદ ગયેલા ત્યાં રેલ્વે સ્ટેશન ઉપર એક સી.એન.જી. રીક્ષા વાળો સોનીયાને ઓળખતો હતો તે ત્યાં આવેલ અને તે તેઓને અમદાવાદ સાંઈપીલા હોટલ લઈ ગયેલ ત્યાં ભોગ બનનાર અને સોનીયા ગયેલા અને તારીખ પહેલીની સવારે ઉઠેલા અને એક હોટલમાં ખાવા ગયેલા અને ખાઈને પાછા હોટલમાં ગયેલા ત્યારબાદ સી.એન.જી. રિક્ષાવાળાએ સોનીયાને ફોન કરીને જણાવેલુ કે, જે હોટલમાં ગયેલા છે તેના બાજુમાં રૂમ છે તેમાં એક ગ્રાહકને મોકલી દેવાનો છે. જેથી સોનીયાએ ફોન કાપી નાંખીને તેણીને જણાવેલુ કે, એક ગ્રાહક આવેલો છે, ત્યાં તુ જા તો તેણીએ જણાવેલુ કે, મારુ લોહી નીકળી ગયેલુ છે મારે નથી જવુ અને સોનીયાને જણાવેલુ કે મારે આવુ કામ કરવુ નથી જવુ હોય તો તુ જા ત્યારબાદ સોનીયાએ તેણીને તે ગ્રાહકના રૂમમાં મોકલી આપેલી ત્યાં ગયેલી તો એક માણસ હાજર હતો, તેને તેણીએ જણાવેલુ કે, તે આ કામ કરવા માટે આવેલી નથી ત્યારબાદ તે ગ્રાહકે તેણીની સાથે એક વખત ફીજીકલ રેપ કરીને જતો રહેલ. ત્યારબાદ તેણી તેના રૂમમાં ગયેલી ત્યારબાદ સોનીયાએ કહેલુ કે, મારે બીજી હોટલમા કામ છે હું ત્યાં જાઉ છુ ત્યારબાદ સોનીયા નીકળી ગયેલી અને રાત્રે આવેલી, ત્યારબાદ ખાઈને સુઈ ગયેલા ત્યારબાદ તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ સોનીયાએ સી.એન.જી. રિક્ષાવાળા એજન્ટને ફોન કરેલો અને સોનીયા ગ્રાહક પાસે ગયેલી ત્યારબાદ તેણીએ તેનુ ફેસબુક એકાઉન્ટ ખોલીને નઈમ નામે છોકરાને ફોન કરી રડીને તેણી સાથે થયેલા બનાવની વાત જણાવેલી અને તેના કઝીનનો ફોન નંબર નઈમ પાસે હતો તે તેણે આપેલ હતો. જેથી

તેણીએ તેના કઝીનભાઈની સાથે વાત કરેલી અને તેણી સાથે થયેલા બનાવની તમામ હકીકતો જણાવેલી અને તેણીએ તેના કઝીનભાઈને તેણીનું લોકેશન પણ મોકલી આપેલ, ત્યારબાદ સોનીયા આવી ગયેલી ત્યારબાદ તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ આઈલેન્ડ પાર્ક હોટલ ઉપર જવા માટે તેણી અને સોનીયાને લેવા માટે સી.એન.જી. રિક્ષા વાળા એજન્ટ આવેલ અને સાંઈપીલા થી પહેલાં જમવા લઈ ગયેલ ત્યારબાદ આઈલેન્ડ હોટલ ઉપર લઈ ગયેલો સોનીયાએ જણાવેલ કે, આજે નાઈટ આ હોટલ ઉપર રહેવાનું છે તો તેણીએ સોનીયાને કહેલુ કે, તેણી એકલી નહી રહે અને તેની સાથે જ રહેશે ત્યારે સોનીયાએ કહેલુ કે નાઈટ રહી આવા કોઈ પ્રોબ્લેમ હોય તો ફોન કરજે ત્યારબાદ સી.એન.જી. રિક્ષાવાળા સોનીયાને લઈ જતો રહેલો અને એક છોકરો તેણીને રૂમમાં મુકી નીચે જતો રહેલો ત્યારબાદ તેણીને ભુખ લાગેલ હોય તેણીએ સોનીયાને ફોન કરેલો તો સોનીયાએ નાઈટમાં આવતા માણસ સાથે ખાવાનું મોકલી આપેલુ ત્યારબાદ ગ્રાહક આવેલ હોટલ ઉપર બેઠેલા માણસ તેણીને ગ્રાહક પાસે લઈ ગયેલ ત્યારબાદ તે ગ્રાહક આવી ફ્રેશ થયેલો ત્યારબાદ તેણીએ બાંગ્લાદેશી છે, શુટીંગ માટે આવેલી છે તેવું બાંગ્લાદેશી ભાષામાં જણાવેલુ અને અહીં ફસાઈ ગઈ છુ. બાંગ્લાદેશ જવુ છે તેવુ જણાવેલુ ત્યારબાદ તેણે તેણી સાથે ફીજીકલ રેપ કરેલો ત્યારબાદ તેણી સુઈ ગયેલી અને સી.એન.જી. રિક્ષા વાળો આવેલ અને તેણીને લઈને સાંઈ પીલા હોટલ લઈ ગયેલો. આમ ભોગ બનનારના મૌખીક પુરાવા આધારે સ્પષ્ટ થાય છે કે, આ કામે સાહેદ નં.–૩ ભોગ બનનારને દેહવ્યાપાર માટે અમદાવાદ લઈ ગયેલા ત્યાં આરોપી નં.–૪ નાએ એજન્ટ તરીકે તથા આરોપી નં.–૭ અને આરોપી નં.–૮ ને ગ્રાહક તરીકે હોટલ સાંઈ પીલા અને હોટલ આઈલેન્ડ પાર્ક ખાતે મોકલેલા ભોગ બનનાર પાસે દેહવ્યાપાર કરાવેલો અને આરોપી નં.–૭ અને આરોપી નં.–૮ નાએ તેણી સગીર સાથે દુષ્કર્મ આચરેલુ. ભોગ બનનારના મૌખીક પુરાવા આધારે એ હકીકત પણ પુરવાર થાય છે કે, આરોપી નં.–૩ અને આરોપી નં.–૪ નાએ અમદાવાદમાં ભોગ બનાર પાસે નાણાના બદલામાં દેહવ્યાપાર કરાવેલ છે.

(૨૦.૧૪) વિદ્વાન વકીલ શ્રી જાડેજાએ વધુમાં રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓને તેમના ભાઈ સુમનને ફોન કરીને પોલીસ પાસે જવાનું જણાવેલુ પરંતુ પોલીસ બાંગ્લાદેશી ભાષા સમજી શકશે નહી તેથી તેણીએ તેમના ભાઈના કોઈ મિત્ર હોય તો તેની સાથે પોલીસ સ્ટેશન આવે અને પોલીસને વાત

સમજાવી શકે તેવી વાત કરતાં તેમના ભાઈએ લોકેશન મોકલતા રહેવાનું જણાવેલુ અને ત્યારબાદ તેઓ અને સોનીયા બન્ને સોનીયાના ફ્રેન્ડ આણંદ રહે છે ત્યાં આવેલા ત્યારે તેઓએ સોનીયાને બાંગ્લાદેશ પરત જવુ છે તેવુ જણાવેલુ અને તેઓ રાત્રે ૧૨:૦૦ વાગ્યે સોનીયાના મિત્ર ગોપાલને ત્યાં આણંદ પહોચેલા ત્યારબાદ તેઓએ તેમના ભાઈ સાથે ફોન ઉપર વાતચીત કરેલી અને તેઓએ જુનીયર મિત્રનો નંબર આપેલો તેથી તેઓ વોટ્અપથી તેમના ભાઈના મિત્ર નિલોય સાથે વાત કરી તેઓનું લોકેશન મોકલેલુ અને નિલોયે ૧૮૧ હેલ્પ લાઈન નંબર ઉપર ફોન કરેલો અને ૧૮૧ હેલ્પલાઈન ઉપરથી તેમના ઉપર ફોન આવતા હતા પણ તે વખતે તેણી સોનીયા સાથે ગોપાલભાઈના ઘરે હતી તેથી ફોન ઉપર વાત કરી શકેલી નહી તેથી તેઓએ નિલોયને ફોનમાં એસ.એમ.એસ. કરીને તેણી ઉપરના માળે છે તેવુ પોલીસને જણાવવાનું કહેલ. આમ, ભોગ બનનારના પુરાવાના આધારે સ્પષ્ટ થાય છે કે, આરોપી નં.–૩ સોનીયા આ કામના ભોગ બનનાર સગીર હોવાનું જાણતા હોવા છતાં તેઓએ સગીર ભોગ બનનારને ગેરકાયદેસર રીતે ગોંધી રાખીને તેણી પાસે ગેરકાયદેસર રીતે દેહવ્યાપાર કરાવી મુંબઈ થી આણંદ લાવેલા અને આણંદમાં આવી પ્રવૃતિ માટે લાવી સગીર ભોગ બનનારને ગોંધી રાખેલી ત્યાંથી ભોગ બનનાર મળી આવેલી તેથી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬એ, ૩૬૬બી મુજબનો ગુન્હો બનતો હોય તેથી પણ નામદાર કોર્ટને આ ગુન્હાની હકુમત રહેલ છે.

(૨૦.૧૫) તેઓએ વિશેષમાં જણાવેલ છે કે, ભોગ બનનારના પુરાવા આધારે સ્પષ્ટ થાય છે કે, ભોગ બનનારના ભાઈ સુમોનના મિત્ર નિલોયએ ૧૮૧ હેલ્પ લાઈન ઉપર ફોન કરતા ૧૮૧ હેલ્પ લાઈન વાળાએ પોલીસની મદદથી ગોંધી રાખેલ તે આરોપી નં.–૩ સોનીયાના મિત્ર ગોપાલભાઈના ઘરે આવેલા અને પોલીસે ગોપાલભાઈના ઘરનો દરવાજો ખખડાવેલો પરંતુ ગોપાલભાઈએ સી.સી.ટી.વી. માં જોતા દરવાજો ખોલેલો નહી. જેથી ભોગ બનનારે નિલોયને એસ.એમ.એસ. થી તેણી તે જ ઘરમાં હોવાનું જણાવેલુ. જેથી આરોપી નં.–૩ સોનીયાને જાણ થયેલી કે ભોગ બનનાર જ માહીતી આપે છે તેથી ભોગ બનનાર પાસેથી સોનીયા ફોન લઈ ગયેલી અને તેણીએ બુમ પાડીને તેણીને જવા દે તેણીને પોલીસ પાસે જવું છે તેવુ કહેલુ ત્યારબાદ પોલીસ ગોપાલભાઈના ઘરમા આવી ગયેલી અને ભોગ બનનાર, આરોપી નં.–૩ સોનીયા તથા ગોપાલભાઈ અને ગોપાલભાઈના પત્નિને વિદ્યાનગર પોલીસ સ્ટેશન

ખાતે લઈ ગયેલા. આમ, ભોગ બનનારના પુરાવા આધારે આરોપી નં.–૩ સોનીયાએ ભોગ બનનારને તેમના મિત્ર ગોપાલભાઈના ઘરે આણંદ ગોંધી રાખેલ હોય અને ભોગ બનનારે ૧૮૧ હેલ્પ લાઈનની મદદથી આણંદ થી ગોપાલભાઈના ઘરે ગોંધી રાખેલી સ્થિતિમાં સગીર ભોગ બનનાર મળી આવેલી.

(૨૦.૧૬) તેઓએ વધુમાં જણાવેલ છે કે, ભોગ બનનારે તેમની જુબાની દરમ્યાન વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતેથી તેણીને પોલીસ વાળા હોસ્પીટલ લઈ ગયેલા અને પોલીસને તેઓએ તેમની સાથે જે હોટલમાં બનાવ બનેલો તે જગ્યા બતાવેલી અને પોલીસે તેણીની પુછપરછ કરી તેણીનું નિવેદન નોધેલુ. ભોગ બનનારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, એસ.ઓ.જી. પોલીસ વાળા તેઓને આરોપીઓને ઓળખી બતાવવા માટે લઈ ગયેલા અને ત્યાં આરોપીઓને તેઓએ ઓળખી બતાવેલા. તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનારે તેમની જુબાની દરમ્યાન આરોપીઓ દ્વારા આચરવામાં આવેલ દુષ્કર્મ કર્યાના સમયે પહેરેલા કપડા પણ ઓળખી બતાવેલ છે. તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનારે તેમની જુબાની દરમ્યાન તમામ આરોપીઓને આરોપી દ્વારા આચરવામાં આવેલા કૃત્યો અને ગુન્હાના કામે ભજવેલા ભાગની વિગતો જણાવી ઓળખી બતાવેલ છે અને તમામ આરોપીઓની સાચી ઓળખ પ્રસ્થાપિત કરવામાં આવેલી છે. આમ, ભોગ બનનારના મૌખીક પુરાવાના આધારે આરોપીઓ સામે આક્ષેપાયેલ તહોમતની હકીકતો નિઃશંકપણે પુરવાર થાય છે.

(૨૦.૧૭) વિદ્વાન એ.પી.પી. શ્રી જાડેજાએ તેમની રજુઆતમાં જણાવેલ છે કે, ભોગ બનનારના પુરાવા આધારે ભોગ બનનાર બનાવ સમયે હીન્દી ભાષા જાણતી ન હોવાનું અને માત્ર બાંગ્લાદેશી ભાષા જાણતી હોવાનું જણાય છે. ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં ઈન્કાર કરેલ છે કે, બાંગ્લાદેશની ઢાકાની અને પશ્ચિમ બંગાળની ભાષા બંને અલગ છે અને તેણી બાંગ્લાદેશથી મોડલીંગ માટે આવેલી અને છેલ્લે નીકળી ત્યારે ઘરેથી કોઈને કહ્યા વગર નીકળેલી. ભોગ બનનારે સ્વીકાર કરેલ છે કે, તેણી વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં આવ્યા દરમ્યાન હીન્દી ભાષા બોલતા સમજતાં શીખેલી. ભોગ બનનારને ઉલટ તપાસમાં એવો સવાલ પુછવામાં આવેલો કે, તમે હીન્દી ભાષા કોની પાસે કેવી રીતે શીખ્યા તેના જવાબમાં તેઓએ સ્પષ્ટ જણાવેલ છે કે, પોલીસ સ્ટેશનમાં લોકો હિન્દીમાં બોલતા હોય તે સાંભળી સાંભળીને હિન્દી

શીખેલી અને પહેલા હિન્દી સમજી શકતી હતી બોલી શકતી ન હતી આથી ભોગ બનનાર તેમની જુબાની સમયે હીન્દી ભાષા જાણતી હતી. ભોગ બનનારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓએ વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં તેઓનો મોબાઈલ ફોન આપેલો તેઓએ જેની સાથે વાતચીત કરેલી તેની ડીટેઈલ પોલીસમાં આપેલી. ભોગ બનનારને ફરિયાદ સિવાય કોઈ નિવેદન આપેલુ કે કેમ તેવુ પુછતા તેઓએ જવાબ આપેલ કે, ૧૮૧ મોબાઈલ વાનમાં વિધ્યાનગર પોલીસ સ્ટેશન લાવી લખાણ કરેલુ. વિદ્વાન એ.પી.પી.શ્રીએ સાહેદ નં.–૦૯ તરીકે આંક–૧૩ થી તપાસેલા સાહેદ કૈલાશબહેનના પુરાવાને ટાંકીને રજુઆત કરેલ છે કે, આ સાહેદ ૧૮૧ વાનમાં નોકરી કરતા હતા અને તેઓએ ભોગ બનનારને ગોપાલભાઈના ઘરેથી છોડાવીને વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં લઈ ગયેલા તે કાર્યવાહી અંગે તેઓએ પી.સી.આર. ફોર્મ આંક–૧૩૩ થી રજુ કરેલ છે તેમાં ભોગ બનનારે જે હકીકતો જણાવેલ તે લખી લીધેલ છે. આમ, ભોગ બનનારના પુરાવાને ૧૮૧ હેલ્પ લાઈનમાં નોકરી કરતા સાહેદ કૈલાસબેનના પુરાવાથી તેમજ આંક–૧૩૩ થી રજુ થયેલ પી.સી.આર. ફોર્મના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થાય છે.

(૨૦.૧૮) તેઓએ વિશેષમાં રજુઆત કરેલ છે કે, ભોગ બનનાર તેમની ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે, તેણી બાંગ્લાદેશ થી ભારત આવીને સૌપ્રથમ મહંમદ નઈમ શેખ સાથે વાતચીત થયેલી અને ભોગ બનનાર સ્વેચ્છાએ જણાવેલ હતુ કે, તેઓએ મુંબઈ થી મહંમદ નઈમ શેખ સાથે વાતચીત કરેલી અને આરોપી પક્ષ તરફથી પુછવામાં આવેલા આ સવાલ પણ આરોપી પક્ષે દ્વારા બાંગ્લાદેશના હોવાની હકીકત સ્વીકારવામાં આવેલ હોવાનું દર્શાવે છે. આરોપી પક્ષ તરફથી ભોગ બનનારને ઓળખ કાર્ડ બાબતે પુછવામાં આવતાં ભોગ બનનારે સ્વીકારેલ છે કે, તેણી બાંગ્લાદેશ થી આવી ત્યારે તેની પાસે કોઈ ઓળખ કાર્ડ સાથે લાવેલી ન હતી. ભોગ બનનારે સ્પષ્ટ જણાવેલ છે કે, તેણી ભારતમાં તેણીની બહેન ઝાકીયાનું ઓળખ કાર્ડ લઈને આવેલ હતી. ફરિયાદ પક્ષ તરફથી જે હોટલમાં બનાવ બનેલો તે જ હોટલમાં રજુ થયેલ ઝાકીયા બસીસના નામના આધાર કાર્ડ ઉપર આધાર રાખીને પોતાના બચાવ લીધેલો છે. પરંતુ ભોગ બનનારે સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે કે, તેણી તેના બહેન ઝાકીયાનું ઓળખ કાર્ડ લઈને આવેલ આથી પણ આરોપી પક્ષે પોતાનો બચાવ સાબિત કરવામાં નિષ્ફળ રહેલ છે.

(૨૦.૧૯) વિદ્વાન એ.પી.પી. શ્રી જાડેજા એ તેમની વિશેષ રજુઆતમાં જણાવેલ છે કે, આરોપી પક્ષે ભોગ બનનારને જુદા જુદા સવાલો ઉલટ તપાસમાં પુછતા ભોગ બનનારે પોલીસની કે અન્ય કોઈની મદદ માંગેલી ન હોવાનું સાબિંત કરવાના પ્રયત્નો કરવામા આવેલ છે પરંતુ ભોગ બનનારે સ્પષ્ટપણે જણાવેલ છે કે તેઓ સાથે આરોપી સોનીયા હોવાથી તેઓ કોઈપણ સ્થળે પોલીસની કે અન્ય કોઈની મદદ માંગેલ નથી. આમ, ભોગ બનનારે ક્યાં કારણોસર પોલીસની મદદ માંગેલી નથી તે હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે આરોપી નં.–૨ તરફે ઉલટ તપાસમાં સવાલના જવાબમાં જણાવેલ છે કે, હોટલ લોટ્સગોલ્ડ ખાતે રજીસ્ટરમાં સોનીયાએ એન્ટ્રી કરેલી. ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં આરોપી નં.–૨ ના નામ બાબતે પણ સવાલ જવાબમાં મોધમથી સ્પષ્ટ ખુલાસો કરેલો છે અને તેના આધારે સ્પષ્ટ થાય છે કે, આરોપી નં.–૦૨ જેઠાનંદ જ સુનીલ નામના એજન્ટ રહેલ છે.

(૨૦.૨૦) ભોગ બનનારે તેમની જુબાનીમાં સ્વીકાર કરેલ છે કે, તેઓ જાણતા હતા કે, બાંગ્લાદેશની બંગાળી ભાષા તે જ ભાષા ભારતમાં પશ્ચિમ બંગાળમાં બોલાય છે. ભોગ બનારે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, હાવરા રેલ્વે સ્ટેશને તેઓ અને ડેઝી બન્ને હતા. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, કુલી પણ હતો. ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે, તેઓએ હાવરા રેલ્વે સ્ટેશન પોલીસને જઈ સરન્ડર કરેલુ નથી ત્યારબાદ તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેમને ડર લાગેલો.

(૨૦.૨૧) વિદ્વાન એ.પી.પી. શ્રી એ તેમની મૌખીક રજુઆતમાં જણાવેલ છે કે, ભોગ બનનારનો મૌખીક પુરાવો સંપુર્ણ વિશ્વસનિય અને માનવા લાયક રહેલો છે અને ભોગ બનનારે તેની સાથે બનેલા તમામ બનાવની વિગતો તારીખ સહિત જણાવેલી છે. ભોગ બનનારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેણી ૩૦ મી તારીખે વડોદરા પહોચેલી, ૧ લી તારીખે અમદાવાદ પહોચેલી અને ૫ મી તારીખે રાત્રે ૧૧ વાગે આણંદ–વિધ્યાનગર આવેલા અને ૫ મી તારીખે રાત્રે ૧૨:૦૦ થી ૧૨:૩૦ના અરસામાં અભયમ ટીમ તેણીને વિધ્યાનગર લેવા આવેલ છે અને ત્યારબાદ વિધ્યાનગર પોલીસ સ્ટેશન લઈ ગયેલા. આમ, ભોગ બનનારના મૌખીક પુરાવા આધારે ભોગ બનનારને વિધ્યાનગરમાં ગોંધી રાખેલ હોવાની તથા ભોગ બનનારને ૧૮૧ અભયમ ટીમે શોધીને

મુકત કરાવેલ હોવાની અને વિધ્યાનગર પોલીસ સ્ટેશન લઈ ગયેલા હોવાની હકીકતો પુરવાર થાય છે. ભોગ બનનારનો પુરાવો એ રીતે પણ વિશ્વસનિય જણાય છે કે, ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં એવી હકીકત સ્વીકાર કરેલ છે કે, મુંબઈથી વડોદરા સુધી ઘણા પોલીસ વાળા મળેલા અને તેણીએ કોઈ ફરિયાદ કરેલી નહી પરંતુ સાથે સાથે સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણીની સાથે કોઈ ખોટુ થવાનું છે તેની તેણીને ખબર જ ન હતી.

(૨૦.૨૨) તેઓએ રજુઆત કરેલ છે કે, આરોપી નં.–૫ અને ૮ તરફે ભોગ બનનારની કરવામાં આવેલ ઉલટ તપાસ દર્શાવી રજુઆત કરેલ છે કે, ભોગ બનનારને સેકસ, ઈન્ટરકોર્સ, રેપ, શરીર સંભોગ, ફીજીકલ રિલેશન જેવા શબ્દો બાબતે તેણી જાણે છે કે કેમ? તે બાબતે સવાલો પુછવામાં આવેલા જેમાં તેઓએ જણાવેલ છે કે, સેકસ શું કહેવાય અને ઈન્ટર કોર્સ શબ્દનો શું અર્થ થાય તેની તેણીને જાણકારી નથી અને શરીર સબંધનો અર્થ તેણી સમજતી નથી. ભોગ બનનારે સ્વીકાર કરેલ છે કે, ફીજીકલ રીલેશનશીપ અને રેપ બંને થાય છે તેવુ તેણી સમજે છે. ભોગ બનનારે એવી હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેમને વિધ્યાનગર પોલીસ સ્ટેશન લઈ ગયા બાદ તેણીને કોઈ ડર ન હતો. ભોગ બનનારને પુછવામાં આવતાં ભોગ બનનારે સ્વીકાર કરેલ છે કે, તેણીને વિધ્યાનગર પોલીસ સ્ટેશન લઈ ગયા બાદ નિલોય તેમને ત્યાં મળવા આવેલો અને વિધ્યાનગર પોલીસ સ્ટેશન લઈ જવામાં આવેલ તે જ રાત્રીએ નિલોય વિધ્યાનગર પોલીસ સ્ટેશન આવેલો. ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં તેઓને વિધ્યાનગર પોલીસ પોલીસ સ્ટેશનમાં અભયમ ટીમ લાવેલ ત્યારથી રાખવામાં આવેલ બાબતે પુછવામાં આવેલ સવાલના જવાબમાં ભોગ બનનારે જણાવેલ છે કે, અભયમ ટીમ વિધ્યાનગર પોલીસ સ્ટેશન લઈ આવેલ ત્યારબાદ નારી ગૃહમાં બે દિવસ રાખવામાં આવેલી ફરી વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવેલી ત્યારથી તેણી વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં રહેતી હતી. ભોગ બનનારને એવો સવાલ પુછવામા આવેલો કે, "આ વખતે તમો ભારત આવ્યા બાદ તેના થોડા દિવસો પછી તમારી માતા બીમાર છેઅને હોસ્પીટલમાં છે તેવી જાણ થયેલી." આ સવાલ આરોપી પક્ષ દ્વારા ભોગ બનનાર આ રીતે અવાર–નવાર બાંગ્લાદેશમાંથી ભારત આવતી હોવાનો બચાવ લેવાના પ્રયત્ન સ્વરૂપનો હોવાનું જણાય છે. આ સવાલનો પણ ભોગ બનનારે મક્કમતા પુર્વક ઈન્કારમાં સ્વરુપનો જવાબ આપી જણાવેલ છે કે, "હુ પહેલી વખત

આવેલ છુ આ પહેલા હુ આવેલ નથી." આમ આરોપી તરફે જે બચાવ લેવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે તેનો ભોગ બનનારે સદંતર ઈન્કાર કરેલો છે.

(૨૦.૨૩) તેઓએ વિશેષ રજુઆતમાં જણાવેલ છે કે, ભોગ બનારના સમગ્ર પુરાવાના આધારે તેમણે હાલના આરોપી નં.–૧ કે જેને ભોગ બનનારે મુનાવર હુસેન અથવા મનોહરહુસેન ના નામથી ઓળખેલ છે તેઓએ ભોગ બનનારને ભારતમાં ગેરકાયદેસર રીતે આવવા માટે લાલચ આપી હોવાનું સ્પષ્ટ થાય છે. આરોપી પક્ષ તરફથી આરોપી નં.–૧ ના નામ બાબતે અને ઓળખ બાબતે ઉલટ તપાસમાં પુછવામાં આવેલ સવાલોના જવાબમાં ભોગ બનનારે જણાવેલ છે કે, મુનાવર અને મનોહર એક જ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનાર હીન્દી ભાષા સમજતી ન હોય તેણી બાંગ્લા ભાષા બોલતી હોય તેથી બાંગ્લામાં આરોપી નં.–૧ નું નામ મનોહર સમજાય છે અને હિન્દીમાં મુનાવર સમજાય છે. આથી, આરોપી નં.–૧ ખોટા નામ વાળી વ્યક્તિ હોવાનો આરોપી પક્ષનો બચાવ ટકવા પાત્ર નથી.

(૨૦.૨૪) વિદ્વાન એ.પી.પી.શ્રીએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેમની સર તપાસમાં કઈ હોટલમાં કયા આરોપીએ તેમની સાથે શું શું કરેલુ તે વિગતવાર જણાવેલી છે અને તેવી જ રીતે તેમની ઉલટ તપાસમાં પણ જણાવેલ છે. પોલીસ તેણીને વડોદરા અમદાવાદની હોટલમાં ઓળખ કરવા માટે લઈ ગયેલ ત્યાં તેણીએ હોટલ ઓળખી બતાવેલ છે અને ક્યા રૂમમાં શું થયેલુ તે પણ જણાવેલુ છે. ભોગ બનનાર દ્વારા જણાવેલી એ હકીકતને સાહેદ નં.–૧૬ તરીકે તપાસવામા આવેલ તપાસ કરનાર અધિકારી શ્રી સોઢાના મૌખીક પુરાવાની પણ સમર્થન મળેલ છે. શ્રી સોઢાએ તેમની જુબાનીમાં તેઓ ભોગ બનનારને લઈને બે પંચો સાથે અમદાવાદ અને વડોદરા જે હોટલમાં ભોગ બનનાર સાથે દુષ્કર્મ કરવામાં આવેલુ તે જગ્યાનું પંચનામુ કરવા ગયેલાનુ જણાવે છે. તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનારને આરોપીઓની ઓળખ અગાઉથી કરાવી દીધેલ હોવા બાબતે સવાલ–જવાબ કરવામાં આવેલા પરંતુ ભોગ બનનારે તેનો ઈન્કાર કરેલો છે. ભોગ બનનારે તેમની જુબાનીમાં દરેક આરોપીઓને તેમણે ગુન્હામાં જે ભાગ ભજવેલ તેની વિગતો જણાવીને ઓળખી બતાવેલા છે. તેઓએ રજુઆત કરેલ છે કે, આ કામે ઓળખ પરેડ બહુ મહત્વનો ભાગ રહેલો નથી કારણ કે ભોગ બનનાર ઘણા લાંબા સમય સુધી આરોપીઓ સાથે રહેલ છે તેથી તેમની

દ્વારા કરવામાં આવેલ આરોપીની ઓળખ સહજ અને સ્વાભાવીક છે. તેમ છતાં ભોગ બનનાર દ્વારા આરોપીઓની કરવામાં આવેલ ઓળખ પરેડથી પણ ભોગ બનનારના મૌખિક પુરાવાને સમર્થન પ્રાપ્ત થાય છે. સામાન્ય રીતે ઓળખ પરેડ કોઈ ચાન્સ વીટનેસ રહેલ હોય ત્યારે મહત્વની બની રહે છે. આ કિસ્સામાં ભોગ બનનાર જાતીય ગુન્હાના ભોગ બનનાર વ્યક્તિ રહેલ છે અને તેમની સાથે કેટલાક આરોપીઓ દ્વારા દુષ્કર્મ કરવામાં આવેલુ છે તેથી કોઈ યુવતી સાથે દુષ્કર્મ આચરાય તે વ્યક્તિને ભોગ બનનાર કુદરતના સામાન્ય ક્રમમાં ઓળખી જ શકે તે રીતે ભોગ બનનારે આરોપીઓને ઓળખી બતાવેલ છે. તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનારના પુરાવાના આધારે તેમને પોલીસ સ્ટેશનમાં લાવ્યા બાદ નિલોય આવેલો હોવાનું ત્યારબાદ નિલોયની હાજરીમાં તેમની પુછપરછ કરવામાં આવતા તેનુ હીન્દીમાં ભાષાંતર કરીને નિલોયએ પોલીસને જણાવેલ હોવાનું જણાય છે. ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેણી પાસે બીજા કોઈ અસલ કાગળો ન હતા તેથી પોલીસને આપેલા નહી. ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમની બહેન સાથે વાતચીત કરીને વ્હોટ્સએપ ઉપર દસ્તાવેજો મંગાવેલા હતા. આ હકીકતને જાણવા જોગના તપાસ કરનાર અધિકારી દ્વારા તેમના પુરાવાને સમર્થન આપેલુ છે. ભોગ બનનારને ઉલટ તપાસમાં એવો સવાલ પુછવામાં આવેલ છે કે, ત્રણેય ઓફીસરને તમોએ સાચે સાચુ લખાવેલુ, તેના જવાબમાં તેઓએ સાચે સાચુ લખાવેલ હોવાનું અને સોનીયાએ લખાવેલ હોવાનું જણાવેલુ છે. ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં ઈન્કાર કરેલ છે કે, જે લોકોને વીડીયો ફુટેજમાં ઓળખી બતાવેલા તેઓએ તેમને એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનમાં પણ ઓળખી બતાવેલ હતા. ભોગ બનનારે તેમની ઉલટ તપાસમા જણાવેલ છે કે, ઓળખ પરેડના રૂમમાં તેઓએ આરોપીઓને ચહેરાથી ઓળખી બતાવેલા. ભોગ બનનારે આરોપીઓને ઓળખ પરેડમાં ઓળખી બતાવેલા અને નામ. કોર્ટમાં પણ તેમની જુબાની સમયે આરોપી નં.–૧ અને આરોપી નં.–૩ ના મનોહર અને સોનીયાને નામથી ઓળખી બતાવેલા છે. અન્ય આરોપીઓને ચહેરાથી ઓળખી બતાવેલા છે.

(૨૦.૨૫) વિદ્વાન એ.પી.પી.શ્રીએ તેમની મૌખીક રજુઆતમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષે સાહેદ નં.–૨ તરીકે આંક–૭૫ થી ભોગ બનનારના કપડાં કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ પરેશભાઈ ધનશ્યામભાઈ મિસ્ત્રીને તપાસેલા છે આ પંચ સાહેદે

તેમના મૌખીક પુરાવા મારફતે આંક–૭૬ વાળુ ભોગ બનારના કપડાં કબજે કર્યાના પંચનામાની હકીકતને સમર્થન આપેલ છે અને તેમની જુબાની દરમ્યાન ભોગ બનનારના કપડા ઓળખી બતાવેલા છે અને તેમની તથા પંચ નં.–૨ ની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેમજ આંક–૭૭ થી આંક–૮૨ સુધી રજુ થયેલ પંચ સ્લીપોમાં પણ તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ આંક–૮૪ વાળા આરોપીઓની શરીર સ્થિતિ તથા કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ સુરેશભાઈ બાબુભાઈ તળપદાને સાહેદ નં.–૩ તરીકે આંક–૮૩ થી અને મથુરભાઈ ભદાભાઈ તળપદાને સાહેદ નં.–૪ તરીકે આંક ૯૪ થી તપાસવામાં આવેલ છે. પરંતુ આ બંને પંચ સાહેદોએ આંક–૮૪ વાળા પંચનામામાં તેમની સહીઓ તથા આંક–૮૫ થી આંક–૯૨ વાળી પંચ સ્લીપોમાં તેમની સહીઓ હોવાનુ સ્વીકાર્યા સિવાય અન્ય કોઈ હકીકતોને સમર્થન આપેલુ નથી.

(૨૦.૨૬) વિદ્વાન એ.પી.પી.શ્રીએ રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષે સાહેદ નં.–૦૫ તરીકે આંક–૯૫ થી હોટલ ઉપર કરવામાં આવેલા પંચનામાના પંચ સાહેદ ધર્મેન્દ્રકુમાર દુર્ગા પ્રસાદ પટેલને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના મૌખીક પુરાવાથી આંક–૯૬ વાળા ગુન્હાવાળી જગ્યાના પંચનામાની તમામ વિગતોને ચુસ્તપણે સમર્થન આપેલુ છે. આમ ફરિયાદ પક્ષે આ પંચ સાહેદ તરફથી તેમજ આંક–૯૬ વાળા પંચનામાના આધારે ભોગ બનનાર સાથે જે જે હોટલમાં જે રૂમમાં દુષ્કર્મ આચરવામાં આવેલુ તે સ્થળની વિગતો પુરવાર કરવામાં સફળ રહેલા છે.

(૨૦.૨૭) વિદ્વાન એ.પી.પી. તરફથી વધુમા રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.–૦૬ તરીકે આંક–૯૯ થી સાહેદ અમરસિહ રમેશભાઈ સોઢાપરમારને તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ આંક–૯૬ થી રજુ થયેલ પેન ડ્રાઈવ કબજે કરવાના પંચનામુ તથા આંક–૧૦૨ થી રજુ થયેલ આરોપીઓની શરીરસ્થિતિના પંચનામાની હકીકતોને તેમના તરફથી સમર્થન આપેલુ છે. આ પંચ સાહેદની જુબાની દરમ્યાન આંક–૧૦૧ થી રજુ થયેલ પેનડ્રાઈવને કોમ્પ્યુટરમાં નાંખીને તેમાંથી મેળવેલ કલર પ્રીન્ટ આઉટ ઓળખી બતાવેલ છે. આ પંચ સાહેદ તેમની જુબાની દરમ્યાન પંચનામાની વિગતો આરોપીઓના મોબાઈલ કબજે કર્યાની વિગતો જણાવેલ છે. આમ આ પંચ સાહેદના મૌખીક પુરાવા આધારે ફરિયાદ પક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય છે.

(૨૦.૨૮) વિદ્વાન એ.પી.પી. શ્રી જાડેજાએ તેમની વિસ્તૃત રજુઆતમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ તરફએ સાહેદ નં.–૦૭ તરીકે આંક–૦૩ થી ગાયનેક તપાસ કરનાર ડોકટર દિપલ શાહને તપાસવામાં આવેલા છે. આ તબીબી સાહેદએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ શ્રી કૃષ્ણ હોસ્પીટલ કરમસદ ખાતે ભોગ બનનારને ગાયનેક વિભાગમાં શારીરિક તપાસણી માટે લાવવામાં આવેલા અને ભોગ બનનારે બનાવની હીસ્ટ્રી બાંગ્લા ભાષામાં આપેલી અને તે વખતે અનુવાદક હાજર રહ્યા હોય તેઓએ બાંગ્લાદેશી ભાષાનું ગુજરાતીમાં ભાષાંતર કરીને લખાવેલુ છે. આ તબીબી સાહેદે ભોગ બનનાર દ્વારા જણાવેલ હીસ્ટ્રીની તમામ હકીકતો તેમની જુબાનીમાં જણાવેલ છે. આ તબીબી સાહેદે જણાવેલ છે કે, ભોગ બનનારના ગુપ્તભાગની તપાસ કરતાં હાઈમન તુટી ગયેલુ હતુ. ભોગ બનનારની તપાસમાં જરૂરી નમુનાઓ લીધેલા, આ તબીબી સાહેદ તેમની જુબાની દરમ્યાન મેડીકો લીગલ એકઝામીનેશન રિપોર્ટ તૈયાર કરેલ હોવાનુ જણાવીને આંક–૧૦૬ થી રજુ કરેલો છે. આ તબીબી સાહેદે તેમની હીસ્ટ્રીમાં મેડીકોલીગલ એકઝામીનેશન રિપોર્ટમાં હીન્દી અને બંગાળી શબ્દ લખેલ હોવાના સવાલના જવાબમાં જણાવેલ છે કે, ભોગ બનનાર હીન્દી ભાષા જાણતા ન હતા તે બાબતે તેઓ ચોક્કસ છે. આમ, આ તબીબી સાહેદના પુરાવાથી ભોગ બનનાર હિન્દી ભાષા જાણતા ન હોવાનું સ્થાપીત થાય છે. આ તબીબી સાહેદે ભોગ બનનારની સાથે જબરજસ્તી થયાના કોઈ ચિન્હો જોવા મળેલા ન હોવાનો સવાલ પુછવામાં આવેલો તેના જવાબમાં તેઓએ જણાવેલ છે કે, "પેનીટ્રેશન થયેલુ હતુ, ફોર્સફુલી થયેલ હતુ કે કેમ? તે કહી શકુ નહી." ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનારની ઉંમર કાગળોના આધારે લખેલી. આ તબીબી સાહેદે જણાવેલ છે કે, ઓસીફીકેશન ટેસ્ટ અને ભોગ બનનારની ઉંમર પુછેલી તેના આધારે ઉંમર લખેલ છે. આમ, આ તબક્કે આ સાહેદના મૌખીક પુરાવા આધારે ભોગ બનનાર સાથે ફરિયાદ પક્ષના કેસ મુજબનો બળાત્કાર અને ઉગ્ર જાતીય પ્રવેશ હુમલાનો બનાવ બનેલો તેમ સાબિત થાય છે.

(૨૦.૨૯) વિદ્વાન એ.પી.પી.શ્રીએ તેમની રજુઆતમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં–૦૮ આંક–૧૧૨ થી ડોકટર મીલનસીંઘ બદ્રીપ્રસાદ યાદવને તપાસવામાં આવેલા છે. આ તબીબી સાહેદ ભોગ બનનારનો ઓસીફીકેશન ટેસ્ટ તથા દાંતની તપાસના આધારે ભોગ બનનારની ઉંમર નક્કી કરીને રિપોર્ટ આપેલો છે. તેમજ

તેઓએ આરોપીની શારીરિક તપાસ કરેલ છે અને તેના આધારે એમ.એલ.સી. આપેલુ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, ડોકટર મીલનસીંગે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગ બનનારના દાંતની તપાસણી કરતાં તેણીના તમામ દાંત કાયમી આવી ગયેલા હતા અને ચાર થર્ડ મોલરો પૈકી એક મોલર આવી ગયેલ હતી અને ત્રણ મોલરો માટે જગ્યા ખાલી હતી. આ તબીબી સાહેદે જણાવેલ છે કે, ભોગ બનનારના રેડીયોલોજીકલ તપાસ માટે રેડીયોલોજી વિભાગમાં રીફર કરવામાં આવેલા અને ત્યાં ભોગ બનનારનો એકસ–રે લેવામાં આવેલા. ડોકટર મીલનસીંગે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આ તમામ એકસ–રે રિપોર્ટ તથા ભોગ બનનારનો શારીરિક બાંધો તેમજ તેણીના દાંતનુ પરિક્ષણ કરી ભોગ બનનારની ઉંમર બાબતે અભિપ્રાય આપેલો, તે મુજબ ભોગ બનનારની ઉંમર તપાસણીના દિવસે ૧૫ વર્ષ થી વધુ અને ૧૭ વર્ષથી ઓછી હતી. તેઓએ તેમની જુબાની દરમ્યાન આંક–૩૬ થી ઉંમર અંગેનુ પ્રમાણપત્ર જોઈને તેમા રહેલ તેમની સહી ઓળખી બતાવેલ છે. તેમની જુબાની દરમ્યાન રેડીયોલોજી વિભાગના ડોકટર ધર્મેન્દ્ર પરમારે તૈયાર કરેલો રિપોર્ટ આંક–૧૧૪ થી રજુ થયેલો છે. આમ, આ તબીબી સાહેદના અભિપ્રાય પ્રમાણે આ કામે ભોગ બનનારની ઉંમર ૧૫ થી ૧૭ વર્ષની રહેલ હોવાનુ પુરવાર થાય છે.

(૨૦.૩૦) વિદ્વાન એ.પી.પી.શ્રીએ રજુઆત કરેલ છે કે, આ તબીબી સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આરોપી સીભાઈભાઈ ઉર્ફે લાલો કરશનભાઈ દેસાઈને તેમની સમક્ષ તપાસ માટે લાવેલા તેઓએ આરોપીને હીસ્ટ્રી પુછેલી અને આરોપીએ જણાવેલુ કે, રૂપીયા તેર હજાર ચુકવીને એક વખત કોન્ડમ સાથે સેકસ કરવાના અમદાવાદ જુના વાડજ હોટલ ખાતે ચુકવેલા અને આ આરોપીની શારીરિક તપાસના આધારે આરોપી શારીરિક સબંધ બાંધવા માટે સક્ષમ જણાયેલો અને આ આરોપીનું શારીરિક તપાસણીન પ્રમાણપત્ર આંક–૧૧૭ થી રજુ કરેલ છે.

(૨૦.૩૧) વિદ્વાન એ.પી.પી.શ્રીએ રજુઆત કરેલ છે કે, આ તબીબી સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આરોપી હની ત્રીભોવનભાઈ પટેલને તેમની સમક્ષ તપાસ માટે લાવેલા તેઓએ આરોપીને હીસ્ટ્રી પુછેલી અને આરોપીએ જણાવેલુ કે, એક વખત કોન્ડમ સાથે સેકસ કરવા માટે થલતેજ આઈલેન્ડ પાર્ક હોટલ ખાતે રુપીયા દસ હજાર ચુકવેલ હતા અને આ આરોપીની શારીરિક તપાસના આધારે આરોપી શારીરિક સબંધ

બાંધવા માટે સક્ષમ જણાયેલો અને આ આરોપીનું શારીરિક તપાસણીન પ્રમાણપત્ર આંક–૧૧૮ થી રજુ કરેલ છે.

(૨૦.૩૨) વિદ્વાન એ.પી.પી.શ્રી એ રજુઆત કરેલ છે કે, આ તબીબી સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આરોપી પ્રદીપ ઉર્ફે લાલો કાંતીભાઈ મકવાણાને તેમની સમક્ષ તપાસ માટે લાવેલા તેઓએ આરોપીને હીસ્ટ્રી પુછેલી અને આરોપીએ જણાવેલુ કે, એક વખત ૨૦ થી ૨૫ મીનીટ સેકસ કરવા માટે રૂપીયા બે હજાર પાંચસો હોટલ લોટ્સ ગોલ્ડ ફતેગંજ વડોદરા ખાતે ચુકવેલા અને આ આરોપીની શારીરિક તપાસના આધારે આરોપી શારીરિક સબંધ બાંધવા માટે સક્ષમ જણાયેલો અને આ આરોપીનું શારીરિક તપાસણીનું પ્રમાણપત્ર આંક–૧૧૯ થી રજુ કરેલ છે.

(૨૦.૩૩) વિદ્વાન એ.પી.પી.શ્રીએ રજુઆત કરેલ છે કે, આ તબીબી સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આરોપી રાહુલ પ્રકાશ નારાયણ મિશ્રાને તેમની સમક્ષ તપાસ માટે લાવેલા તેઓએ આરોપીને હીસ્ટ્રી પુછેલી અને આરોપીએ જણાવેલુ કે, હોટલ લોટ્સ ગોલ્ડ ખાતે ગયેલ અને કોન્ડમ સાથે શારીરિક સબંધ બાંધેલ અને આ આરોપીની શારીરિક તપાસના આધારે આરોપી શારીરિક સબંધ બાંધવા માટે સક્ષમ જણાયેલો અને આ આરોપીનું શારીરિક તપાસણીનું પ્રમાણપત્ર આંક–૧૨૦ થી રજુ કરેલ છે.

(૨૦.૩૪) વિદ્વાન એ.પી.પી.શ્રી એ રજુઆત કરેલ છે કે, આ તબીબી સાહેદના મૌખીક પુરાવાના આધારે આરોપી નં.–૫ થી ૮ નાઓએ ભોગ બનનાર સાથે શારીરિક સબંધ બાંધેલો હોવાનું અને આ તમામ આરોપીઓ શારીરિક સબંધ બાંધવા સક્ષમ હોવાનું સાબિત થાય છે.

(૨૦.૩૫) તેઓએ રજુઆત કરેલ છે કે, સાહેદ ડોકટર મીલનસીંઘે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૨૯/૦૯/૨૦૨૩ ના રોજ ભોગ બનનારનો ડી.એન.એ. સેમ્પલ લેવા માટે ભોગ બનનારને તેમની તરફ મોકલવામાં આવેલા અને ભોગ બનનારની સંમતિ મેળવીને ભોગ બનનારના ડી.એન.એ. નમુનાઓ ફીલ્ટર ઉપર લેવામાં આવેલા અને તેમનુ હસ્તાક્ષર આઈડેન્ટીફીકેશન ફોર્મ ભરીને તે ફોર્મમાં ભોગ

બનનારનો ફોટો લગાડેલો અને તેમની સહી કરેલી. તેઓએ રજુઆત કરેલ છે કે, આ તબીબી સાહેદે આરોપી નં.–૦૫ થી ૦૮ ના ડી.એન.એ. ટેસ્ટ માટે નમુનાઓ લીધેલા અને આઈડેન્ટીફીકેશ ફોર્મ તેમના હસ્તાક્ષરમાં ભરીને તેના ઉપર આરોપીઓના ફોટા લગાવી તેમની સહી કરી આપેલી. આ હકીકતને તેમની જુબાની દરમ્યાન આંક–૧૨૧ થી ૧૨૪ સુધી રજુ થયેલ તબીબી દસ્તાવેજી પુરાવાઓથી સમર્થન મળેલ છે.

(૨૦.૩૬) વિદ્વાન એ.પી.પી.શ્રી એ તેમની મૌખીક રજુઆતમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.–૦૯ તરીકે આંક–૧૩૧ થી કૈલાસબેન શીવુભાઈ નાયકને તપાસવામાં આવેલા છે. આ સાહેદ અભયમ મહીલા હેલ્પ લાઈનમાં તા.૦૬/૦૯/૨૦૨૩ ના રોજ કાઉન્સીલર તરીકે ફરજ બજાવતા હતા તેઓએ ભોગ બનનારને છોડાવેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ ફરજ ઉપર હતા ત્યારે રાત્રીના ૧૨:૩૦ થી ૦૧:૦૦ વાગ્યાની વચ્ચે અમદાવાદ હેડ ઓફીસથી તેમની ઉપર ફોન આવેલો અને જણાવેલુ કે, એક દિકરીને રૂમમાં પુરી રાખેલી છે. જેથી બચાવવા માટે મદદ કરો અને થર્ડ પાર્ટી કોલરે ૧૮૧ ઉપર હેડ ઓફીસમાં ફોન કરેલો હોય તેની સાથે સંપર્કથી જયાં ભોગ બનનારને પુરી રાખેલી તે સ્થળ વિધ્યાનગર આત્મીય અમૃત સોસાયટી આવેલ ફલેટ હતો ત્યાં સ્થળ ઉપર ગયેલા અને દરવાજો ખખડાવતાં ત્યાં કોઈ છોકરી નહી હોવાનું જણાવેલુ જેથી બાજુમાં દરવાજો ખખડાવતાં એક સ્ત્રી બહાર નીકળેલી તેમણે પણ ત્યાં કોઈ બાંગ્લાદેશી આવેલી ન હોવાનું જણાવેલુ જેથી વિધ્યાનગર પોલીસને કેસ સોંપી દીધેલ હતો ત્યારબાદ વિધ્યાનગર પોલીસ આવતાં જે ઘરે દરવાજો ખખડાવેલ ત્યાંથી એક મહીલા બહાર નીકળેલી તે ઘરમાંથી એક ભોગ બનનાર મળી આવેલી તેથી ભોગ બનનારને વિધ્યાનગર પોલીસ સ્ટેશન સોપી દીધેલી. આ મળી આવેલી દિકરી ગભરાયેલી હતી અને તે અંગ્રેજી કે ગુજરાતી ભાષા જાણતી ન હતી તેથી તે છોકરી સાથે કોઈ વાતચીત થયેલી નહી અને આ સમગ્ર કાર્યવાહી બાબતે તેઓએ પી.સી.આર. ફોર્મ ભરેલુ. આ સાહેદની જુબાની દરમ્યાન આંક–૧૩૩ થી પી.સી.આર. ફોર્મ રજુ થયેલુ છે. આંક–૧૩૩ વાળા પી.સી.આર. ફોર્મમાં આ તમામ હકીકતો લખેલી છે. આ સાહેદના પુરાવા આધારે એ હકીકત સ્પષ્ટ થાય છે કે, ભોગ બનનારની સાથે તેણીને જે સ્ત્રી લાવેલી તેને પણ પોલીસ સ્ટેશન લાવેલા તેઓએ તેને જોયેલી અને તેઓ તે સ્ત્રીને ઓળખી શકે. આ સાહેદને તેમની જુબાની દરમ્યાન કોમ્પ્યુટર સ્ક્રીન ઉપર તેઓ

આરોપી નં–૩ સોનીયાને ભોગ બનનાર ની સાથે જેમને લાવેલા તે સ્ત્રી તરીકે ઓળખાવેલ છે. આ સાહેદે તેમની ઉલટ તપાસમાં પણ જણાવેલ છે કે, ભોગ બનનાર હીન્દી તેમજ ગુજરાતી ભાષા સમજતી ન હતી અને ભોગ બનનાર સાથે જે સ્ત્રી હતી તે ગુજરાતી ભાષા સમજતી હતી તેમને પુછીને વિગતો લખેલી. આ સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, છાપેલા ફોર્મમાં હીસ્ટ્રી લખવાની હોય છે, આ સાહેદે સ્વીકાર કરેલ છે કે, આંક–૧૩૩ વાળા ફોર્મમાં નીચેના ભાગમાં પી.એસ.ઓ. તા. ૦૬/૦૯/૨૦૨૩ નો સમય ૦૨:૦૮ અને ફોન નં. ૦૯૬૯૨–૨૩૦૧૦૦ દર્શાવેલો છે જે વિધ્યાનગર પોલીસ સ્ટેશનનો છે. આથી પણ અભયમ ટીમ દ્વારા ભોગ બનનારને વિધ્યાનગર ફલેટમાંથી છોડાવી ભોગ બનનારને લઈને વિધ્યાનગર પોલીસ સ્ટેશન ગયેલા હોવાનું પુરવાર થાય છે. આ સાહેદે તેમની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, વિધ્યાનગર પોલીસના માણસો સ્થળ ઉપર આવી જતાં ઘરના માણસોને બહાર કાઢેલા તેમાં ભોગ બનનારને પણ બહાર કાઢેલી. ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ ઓળખી બતાવેલી સ્ત્રીને સહુ પ્રથમ આ વખતે વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં જોયેલી. આમ આ મહત્વના સાહેદના પુરાવા આધારે ભોગ બનનારને વિધ્યાનગર ખાતે આરોપી નં.–૩ ના મિત્ર ગોપાલભાઈના ફલેટમાં ગોંધી રાખેલ હોવાની અને ત્યાંથી ૧૮૧ અભયમ ટીમે વિધ્યાનગર પોલીસની મદદથી ભોગ બનનારને મુકત કરીને વિધ્યાનગર પોલીસ સ્ટેશનને સોપેલી હોવાની હકીકત પુરવાર થાય છે.

(૨૦.૩૭) વિદ્વાન વકીલશ્રી જાડેજાએ તેમની મૌખીક રજુઆતમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નંબર ૧૦ તરીકે આંક–૧૩૫ થી નિલોય નારાયણ પ્રસાદ ડેયને તપાસવામા આવેલ છે અને આ સાહેદનો ભોગ બનનારે વિધ્યાનગર મુકામે જે ફલેટમાં ગોંધી રાખવામાં આવેલ ત્યાંથી સંપર્ક કરેલો અને તેમણે ૧૮૧ અભયમ ટીમને જાણ કરેલી અને ત્યારબાદ ભોગ બનનારને મુકત કરવામાં આવેલી તે સાહેદ રહેલા છે. આ સાહેદે તેમની જુબાનીમાં સ્પષ્ટ જણાવેલ છે કે, ૪ અથવા ૫ સપ્ટેમ્બરના રોજ રાત્રીના આશરે ૧૦:૩૦ના સુમારે સુમનભાઈ નામના વ્યકિતનો બાંગ્લાદેશથી ફોન આવેલો અને સુમોનભાઈ એમ.એસ. યુનિર્વસીટીમાં સને ૨૦૨૦ થી ૨૦૨૨ ના વર્ષોમાં અભ્યાસ કરતા હતા અને તેઓએ ફોન ઉપર જણાવેલુ કે, એક છોકરી કે જે હાલ આણંદમાં આવેલ છે તેના વિશે નઈમ નામના છોકરાએ તેમને જાણ કરી જણાવેલુ કે,

ભોગ બનનાર ગુજરાતમાં છે અને તેણીને ઘરમાં બંધ કરી રાખવામા આવેલી છે અને તેની પાસે ફોન નંબર છે જેથી તે કોન્ટેકટ કરી શકે છે અને સુમોનભાઈએ તેમને કોન્ટેક નંબર આપેલો અને લાઈવ લોકેશન મેળવા જણાવેલુ. જેથી તેઓએ તે કોન્ટેકટ નંબર ઉપર ભોગ બનનાર સાથે વ્હોટ્સએપ મેસેજથી વાતચીત કરેલી અને ભોગ બનનારને હિન્દી આવડતું ન હતુ તેથી બાંગ્લા ભાષામાં લાઈવ લોકેશન કેવી રીતે મોકલવુ તે સમજાવેલુ. ત્યારબાદ ભોગ બનનારે તેણીનુ લાઈવ લોકેશન મોકલાવેલુ અને ત્યારબાદ ફીમેલ રેસ્કયુ નંબર ઉપર તેઓએ ફોન કરેલો અને છોકરીને જયાં છે ત્યાં બળ જબરી પુર્વક રાખવામા આવેલી છે તે વિશે માહિતી આપેલ,તેથી ફીમેલ રેસ્કયુ સેન્ટર વાળાઓએ ત્યા લોકેશન ઉપર ગયેલા અને ભોગ બનનારનું રેસ્કયુ કરીને વિધ્યાનગર પોલીસ સ્ટેશન લઈ જવામાં આવેલી, તેઓએ રજુઆત કરેલ છે કે, આ સાહેદે તેમની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, ભોગ બનનારને વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવેલી ત્યારબાદ એક થી દોઢ કલાક પછી તેઓ તેમના મિત્ર સાથે આણંદ વિધ્યાનગર પોલીસ સ્ટેશન ગયેલા અને ત્યાં તેઓ ભોગ બનનારને કેવી રીતે ઓળખે છે તેની પુછ પરછ કરેલી. તેઓએ તેમના પાસપોર્ટ અને વિઝા પોલીસ વાળાને બતાવેલા અને ત્યારબાદ તેઓએ સુમોનભાઈ સાથે વાત કરેલી તો તેઓએ બાંગ્લાદેશ એમ્બેસી મુંબઈને સંપર્ક કરવા જણાવેલુ તેઓ ત્રણ ચાર કલાક પોલીસ સ્ટેશનમાં રોકાયેલા અને તેઓએ છ વાગ્યે બાંગ્લાદેશ એમ્બેસી મુંબઈ ખાતે ફોન કરેલો અને તેમણે ફોન નંબર આપેલો તેની સાથે વાત કરેલી અને અધિકાર આવીને તેમનો સંપર્ક કરશે તેમ જણાવેલુ ત્યારબાદ તેઓ વિધ્યાનગર પોલીસ સ્ટેશનથી નીકળી ગયેલા હતા. આ સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં પહોચેલા ત્યારેભોગ બનનાર સાથે તેમની વાત થયેલી ત્યારે તેઓએ ભોગ બનનારને પુછેલુ કે, તેણી કેવી રીતે આવેલી છે તો તેણીએ મોડલીંગ માટે કોઈના સંપર્કમાં આવતાં અહીયા આવેલી. તો તેઓએ તેણીને પુછેલુ કે, તેની સાથે બીજુ કોઈ આવેલુ છે કે કેમ? તો તેણીએ જણાવેલુ કે, બીજી એક છોકરી પણ હતી જે મુંબઈથી તેણીથી અલગ થઈ ગયેલ છે. ત્યારબાદ તેણીને ક્યા ક્યા ગયેલી છે તેવુ પુછતાં, તેણીએ કલકત્તા, મુંબઈ,અમદાવાદના નામો જણાવેલા. સુમોનભાઈ સાથે તેણીની વાત કરાવેલી. તેઓએ વધુમાં રજુઆત કરેલ છે કે, આ સાહેદે તેમની જુબાનીમાં સ્પષ્ટ જણાવેલ છે કે, તેઓએ ભોગ બનનાર સાથે શું શું થયેલુ તેવુ પુછતાં ભોગ બનનારે તેમને જણાવેલુ કે, તેણી અમદાવાદ કોઈ હોટલમા ગયેલ હતી તેની સાથે એક છોકરી

હતી તેણે ભોગ બનનાર પાસે સેકસ વર્ક કરાવેલુ. આ સાહેદે તેમની જુબાનીમાં એવુ પણ જણાવેલુ છે કે, તેઓ જયારે વિધ્યાનગર પોલીસ સ્ટેશન પહોચ્યા ત્યારે ત્યાં ભોગ બનનરને જયાં રાખેલી તે ઘરમાં એક કપલ અને બીજી એક છોકરી હતી તેનું નામ સોનીયા હતુ. આ સાહેદે તેમની જુબાનીમાં આરોપી નં.–૩ સોનીયાને કોમ્પ્યુટર સ્ક્રીન ઉપર વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં જે સોનીયા નામે છોકરી હતી તેજ વ્યકિત હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. વિદ્વાન એ.પી.પી.શ્રી એ વધુમાં જણાવેલ છે કે, આ સાહેદે તેમની ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારનો પ્રથમ વખત સંપર્ક કરેલો ત્યારે ભોગ બનનાર પાસે મોબાઈલ ચાલુ હાલતમાં હતો અને વ્હોટ્સએપ પણ ચાલુ હતુ. આ સાહેદે તેમની ઉલટ તપાસમાં ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનાર પાસે પાસપોર્ટ અને વિઝા ન હોવાથી તેમની પાસે મદદ માંગેલી. આ સાહેદે તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેઓએ ૧૮૧ અભયમ માં કયારે ફોન કરેલો તે ચોક્કસ કહી શકે નહી પરંતુ સોમોનનો ફોન આવ્યાના ૨૦ થી ૨૫ મીનીટ બાદ તેઓએ ૧૮૧ અભયમ નંબર ઉપર ફોન કરેલો. આ સાહેદે ઉલટ તપાસમા સવાલ જવાબમાં જણાવેલ છે કે, ભોગ બનનાર સાથે વાત કરતાં ભોગ બનનારને ભારત આવવા માટે વિઝા જોઈએ છે તેવી જાણકારી ન હતી તેમ જણાવેલુ અને આ સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ ભોગ બનનારને ઉંમર પુછેલી નહી અને ભોગ બનનાર પુખ્ત ઉંમરની છે. આ સાહેદને ઉલટ તપાસમાં પુછવામાં આવતાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારે તેમની સાથો જે કોઈ ચેટીંગ કરેલુ તેની કોઈ સ્ક્રીન શોર્ટ કે ડેટા તેઓએ પોલીસને આપેલ હોય તેવુ બનેલુ નહી પરંતુ તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેઓએ પોલીસને બતાવેલા. આમ, ફરિયાદ પક્ષ તરફથી તપાસવામાં આવેલા આ મહત્વના સાહેદના મૌખીક પુરાવાથી ફરિયાદ પક્ષના કેસની હકીકતોને ચુસ્ત અને વિશ્વસનિય સમર્થન પ્રાપ્ત થાય છે.

(૨૦.૩૮) તેઓએ વધુ રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.–૧૧ તરીકે આંક–૧૪૧ થી હોટલ લોટ્સ ગોલ્ડ ફતેગંજ વડોદરા ખાતે બનાવ સમયે મેનેજર તરીકે ફરજ બજાવતા વિકાસ કુમાર કારુસવ ને તપાસવામાં આવેલા છે. આ સાહેદે તેમના પુરાવામાં જે કોઈ આરોપીઓ તા. ૨૮/૦૮/૨૦૨૩ થી ૦૧/૦૯/૨૦૨૩ સુધી હોટલ લોટ્સ ગોલ્ડ ફતેગંજ વડોદરા ખાતે રોકાયેલા તેના રજીસ્ટરની એન્ટ્રી,

આધાર કાર્ડની, નામની, હોટલમાં આવ્યા તથા હોટલ છોડ્યા સમયની તમામ વિગતો જણાવેલી છે. જેના આધારે પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થન મળેલ છે.

(૨૦.૩૯) વિદ્વાન એ.પી.પી.શ્રી એ વિશેષમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.–૧૩ તરીકે આંક–૧૬૫ થી સાહેદ મહેન્દ્રભાઈ વાલજીભાઈ પાટીદારને તપાસવામાં આવેલા છે. આ સાહેદે ૨૦૨૩ ના અરસામાં હોટલ સાંઈ વીલા જુના વાડજ બસ સ્ટેન્ડ સામે અમદાવાદ ખાતે હોટલ મેનેજર તરીકે નોકરી કરતા હતા. આ સાહેદે પણ તેમની જુબાનીમાં જે જે આરોપીઓ જે તારીખે અને સમયે હોટલમાં રોકાયેલા તેની તમામ વિગતો જણાવેલ છે. આ સાહેદે તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, પોલીસ વાળા તેમની હોટલ ઉપર આવેલા અને હોટલના રૂમ ચેક કરીને ફોટોગ્રાફ લીધેલા તથા સી.સી.ટી.વી. ચેક કરેલા તેમજ હોટલના ડી.વી.આર. કબજે લીધેલા. આ સાહેદે તેમની જુબાની દરમ્યાન આંક –૧૦૧ વાળા ચાર ફોટોગ્રાફ જોઈને તે હોટલ સાંઈવીલાના હોવાનું અને તેમાં તેઓ તથા સીભાઈભાઈ દેસાઈ રૂમ ફાળવતી વખતે એન્ટ્રી પાડી રહેલ હતા ત્યારે દેખાય છે. આમ, આ સાહેદના પુરાવાથી પણ તપાસના કામે સી.સી.ટી.વી. ફુટેજ તથા ડી.વી.આર. કબજે થયેલા હોવાનું સાબિત થાય છે.

(૨૦.૪૦) વિદ્વાન એ.પી.પી.શ્રી જાડેજા એ તેમની દલીલોમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે આ કામે ફરિયાદી પોલીસ ઈન્સ્પેકટર શ્રી ગોપાલભાઈ સાંગાભાઈ ગઢવીને સાહેદ નં.–૧૪ તરીકે આંક–૧૮૨ થી તપાસવામાં આવેલા છે. ફરિયાદીએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ભોગ બનનાર બાળાને ૧૮૧ હેલ્પ લાઈન દ્વારા એક મહીલા સાથે વિધ્યાનગર પોલીસ સ્ટેશન લાવવામાં આવેલી હોવાની ત્યારબાદ તેઓએ સગીર બાળાની પુછપરછ કરેલી હોવાનુ જણાવેલુ છે. ફરીયાદીએ તેમની જુબાનીમાં ભોગ બનનારે તેમની સમક્ષ જે કોઈ હકીકત જણાવેલી તે વિગતવાર જણાવેલ છે. તેના આધારે સાબિત થાય છે કે, ભોગ બનનારને મોડેલીંગનું કામ આપવાની લાલચ આપીને ગેરકાયદેસર રીતે ભારતમાં લાવવામા આવેલી અને કલકત્તાથી ટ્રેનમાં મુંબઈ આવેલા અને મુંબઈ આરોપી નં.–૧ તેઓને આરોપી નં.–૩ના ઘરે લઈ ગયેલા અને ત્યાંથી આરોપી નં.–૩ નાએ ભોગ બનનારને મોડેલીંગકામ આપવાનું કહીને વડોદરા અને અમદાવાદ લઈ ગયેલા અને ત્યાં અન્ય આરોપીઓની મદદથી ભોગ બનનાર પાસે દેહ વ્યાપાર કરાવેલો અને અન્ય આરોપીઓએ ભોગ બનનાર સાથે અલગ અલગ

હોટલોમાં દુષ્કર્મ આચરેલુ ત્યારબાદ ભોગ બનનારે સુમોન નામના તેમના પિત્રાઈ ભાઈનો સંપર્ક કરીને તેમની મારફતે આ કામના સાહેદ નિલોયનો સંપર્ક કરી ત્યારબાદ ભોગ બનનારને ૧૮૧ અભયમ દ્વારા જયાં ગોંધી રાખવામા આવેલી ત્યાંથી છોડાવીને વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં લાવવામા આવેલ હોવાની હકીકત પુરવાર થાય છે. આ ફરિયાદીના પુરાવા આધારે એવી હકીકત પણ રેકોર્ડ ઉપર આવેલ છે કે, તેઓએ ફરિયાદ આપતાં પહેલાં જાણવા જોગની તપાસ હાથ ધરેલીઅને તેમની જુબાની દરમ્યાન તેવી તમામ વિગતો સોગંદ ઉપર જણાવેલ છે. ફરિયાદીએ તેમની જુબાનીમા જણાવેલ છે કે, ભોગ બનનાર પાસેથી મોબાઈલ ફોન મેળવેલો જે પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલો. ફરિયાદીએ તેમની જુબાનીમાં તેઓએ કરેલી કાર્યવાહીની વિગતો તથા ફરિયાદ આપ્યાની હકીકતો સ્પષ્ટપણે જણાવેલી છે. તેમની જુબાની દરમ્યાન આંક–૧૮૭ થી જાણવા જોગ જાહેરાત અને આંક–૧૮૮ થી ભોગ બનનારની અંગ જડતી અને મોબાઈલ કબજે કર્યાનુ પંચનામુ તથા આંક–૧૯૫ થી ફરિયાદ રજુ થયેલ છે. તે ઉપરાંત તેમની જુબાની દરમ્યાન અન્ય દસ્તાવેજી પુરાવાઓ પણ રજુ થયેલા છે. ફરિયાદીએ તેમની જુબાની દરમ્યાન આરોપી નં.–૩ ને કોમ્પ્યુટર સ્ક્રીન ઉપર તેણીને સોનીયા તરીકે ઓળખી બતાવેલ છે. ફરિયાદીએ તેમની ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, ભોગબનનાર સાથે રહેલી આરોપી નં.–૩ સોનીયા હીન્દી અને બાંગ્લા ભાષા સમજતી હોય તેમની મદદથી ભોગ બનનાર પાસેથી બનાવની હકીકતો જાણેલી. ફરિયાદીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનાર તથા ડેઝી મુંબઈ રેલ્વે સ્ટેશન ઉતરેલા ત્યાં મુનાવર હુસેન નામના એજન્ટ તેમને લેવા આવેલો. ફરિયાદીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે, તેમની તપાસ દરમ્યાન એ હકીકત જાણવા મળેલી કે, ભોગ બનનારના મોબાઈલમાં વ્હોટ્સએપ અને નેટ ચાલુ હતુ. ફરિયાદીએ તેમની ઉલટ તપાસમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, મુનાવર હુસેન નામની વ્યક્તિ જ ભોગ બનનારને ભારતમાં લાવેલા છે. ફરિયાદીએ આરોપી પક્ષ તરફના સવાલ જવાબમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, ભોગ બનનારને પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવેલી ત્યારબાદ નિલોય નારાયણ પ્રસાદ નામની વ્યક્તિ પોલીસ સ્ટેશનમાં આવેલા. આ કામે ફરિયાદ પક્ષ તરફથી તપાસવામા આવેલા સાહેદ નિલોય નારાયણ પ્રસાદ ડેય નાઓએ તેમની જુબાનીમાં સ્પષ્ટ જણાવેલ છે કે, ભોગ બનનારને રેસ્કયુ કરીને વિધ્યાનગર પોલીસ સ્ટેશન લાવવામા આવેલી ત્યારબાદ એક થી દોઢ કલાક પછી તેઓ પોલીસ સ્ટેશન ગયેલા. ફરિયાદીએ

તેમની ઉલટ તપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આંક–૧૯૧ વાળા રિપોર્ટમાં ભોગ બનનારની ઉંમર બાબતે કોઈ સ્પષ્ટતા નથી અને તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, જન્મ તારીખ લખેલી છે. વિદ્વાન એ.પી.પી.શ્રી એ જણાવેલ છે કે, આંક–૧૯૧ વાળા રિપોર્ટના કોલમ નં.–૫ માં જન્મના સ્થળમાં ચારકેલખન, જી.બારીસલ બાંગ્લાદેશ દર્શાવેલું છે અને જન્મ તા. ૧૯/૦૬/૨૦૦૭ દર્શાવેલ છે. આમ, ફરિયાદીના મૌખીક પુરાવાથી પણ ભોગ બનનારની જન્મ તા. ૧૯/૦૬/૨૦૦૭ હોવાનું અને તેથી બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હોવાનુ પુરવાર થાય છે. તેઓએ રજુઆત કરેલ છે કે, ફરિયાદીના મૌખીક પુરાવાથી આંક–૧૯૫ ની ફરિયાદની હકીકતો પુરવાર થાય છે.

(૨૦.૪૧) તેઓએ રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.–૧૫ થી આંક–૨૧૪ થી ઓળખ પરેડની કાર્યવાહી કરનાર મામલતદાર શ્રી ચિંતન વીરમભાઈ ચૌધરીને તપાસવામાં આવેલા છે. તેઓ તરફે સોગંદ ઉપરની જુબાનીમાં તેઓએ હાથ ઘરેલી ઓળખ પરેડના પંચનામાની તમામ હકીકતો વિગતવાર જણાવેલી છે અને તેમણે તેમની જુબાની દરમ્યાન આંક–૨૧૭ થી ઓળખ પરેડનું પંચનામુ રજુ કરેલ છે. આ ઓળખ પરેડના પંચનામાની હકીકતોના આધારે પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થન મળે છે.

(૨૦.૪૨) તેઓએ વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.–૧૭ આંક–૨૩૯ થી પી.એસ.ઓ. વિનોદભાઈ મુળજીભાઈને તપાસેલા છે. આ સાહેદે તેમની જુબાનીમા સ્પષ્ટપણે જણાવેલ છે કે, તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ તેઓ વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ચાર્જમાં હતા ત્યારે ફરિયાદી જે.એસ. ગઢવી અને પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વિધ્યાનગર પોલીસ સ્ટેશન નાઓની પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી ડી.આર. ગોહીલ રૂબરૂની ફરિયાદ તેમની તરફ ગુન્હો રજીસ્ટર થવા માટે આવતાં તેઓએ ફરિયાદના આધારે વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોધવામાં આવેલો અને ત્યારબાદ ગુન્હાની તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એલ.બી.ડાભી એસ.ઓ.જી. આણંદનાઓ તરફ મોકલી આપેલી.

(૨૦.૪૩) તેઓએ વધુમા રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.–૧૮ તરીકે આંક–૨૫૨ થી બનાવ સમયે હોટલ આઈલેન્ડ માર્ટ અમદાવાદ ખાતે મેનેજર

તરીકે નોકરી કરતા નકુલ દેવીલાલ જોષીને તપાસવામાં આવેલા છે. આ સાહેદે તેમની જુબાનીમાં તેઓએ રજીસ્ટરમાં એન્ટ્રી કરી હોવા અંગે પુરાવો આપેલો છે અને આંક–૨૫૩ થી રજુ થયેલ હોટલ આઈલેન્ડ પાર્કના રજીસ્ટરમાં એન્ટ્રી નં. ૯૭૪ અને ૯૮૧ ને ઓળખી બતાવેલ છે.

(૨૦.૪૪) વિદ્વાન એ.પી.પી.શ્રી જાડેજાએ તેમની વિસ્તૃત રજુઆતમાં જણાવેલ છે કે, આ ગુન્હાની તપાસ કરનાર પોલીસ અધિકારી શ્રી લવ કુમાર બનેસિહ ડાભીને સાહેદ નં.–૧૯ તરીકે આંક–૨૫૪ થી તપાસવામાં આવેલા છે. આ તપાસ કરનાર અધિકારીએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓએ આ ગુન્હાની તપાસ દરમ્યાન કરેલ કાર્યવાહીની તમામ વિગતો સ્પષ્ટપણે જણાવેલી છે અને તેમની જુબાનીના આધારે પણ ફરિયાદ પક્ષના કેસને સંપુર્ણ સમર્થન મળેલ છે. તપાસ કરનાર અમલદારે તેમની સોગંદ ઉપરની જુબાની દરમ્યાન તમામ આરોપીઓના નામ સહિત ઓળખી બતાવેલ છે. તપાસ કરનાર અમલદારે પોતાની જુબાની દરમ્યાન તમામ મુદામાલ ઓળખી બતાવેલ છે અને આ ગુન્હાના કામે રજુ થયેલ પંચનામાઓમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. તપાસ કરનાર અમલદારની જુબાની દરમ્યાન ફરિયાદ પક્ષ તરફથી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે. આમ તપાસ કરનાર અમલદારના પુરાવાઓ આધારે પણ આરોપીઓ વિરુધ્ધ આક્ષેપીત તહોમતની હકીકતો નિઃશંકપણે પુરવાર થાય છે.

(૨૦.૪૫) વિદ્વાન એ.પી.પી.શ્રી જાડેજાએ તેમની મૌખીક દલીલોમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ દ્વારા મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓના આધારે આ કામના તમામ આરોપીઓ સામે આક્ષેપાયેલા તહોમતનામાની હકીકતો નિઃશંકપણે પુરવાર કરવામાં આવેલી છે. તેથી આરોપીઓને તકસીરવાન ઠરાવીને મહત્તમ સજા કરવી જોઈએ.વધુમાં વિદ્વાન એ.પી.પી.શ્રીએ શ્વેતા ગુલાટી વિરુધ્ધ ગર્વરમેન્ટ ઓફ એન.સી.ટી. ઓફ દીલ્હીનો ચુકાદા ઉપર ધ્યાન દોરીને ભોગ બનનારની ઉંમર અંગે ઓસીફીકેશન ટેસ્ટના રિપોર્ટમાં જે નીચેની ઉંમર દર્શાવેલી હોય તે ધ્યાને લેવી જોઈએ. તેવા ન્યાય નિર્ણય તરફ ધ્યાન દોરી આ કામે ભોગ બનનારની ઉંમર સગીર હોવાનુ સાબિત થતુ હોવાની રજુઆત કરેલ છે.

<u>આરોપી નં.૦૧ તરફે વિદ્વાન ચીફ ડિફેન્સ કાઉન્સીલશ્રી એન.વી.પટેલ ની મૌખીક દલીલોઃ–</u>

(૨૧) આરોપી નં.–૦૧ તરફે વિદ્વાન ચીફ ડીફેન્સ કાઉન્સીલ શ્રી એન.વી. પટેલે તેમની મૌખીક રજુઆતમાં જણાવેલ છે કે, આ કામે સહુ પ્રથમ આંક–૧૯ થી આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૦(એ), ૩૭૬, ૩૭૨, ૧૨૦(બી), પોકસો એકટની કલમ–૩(૧),(૪), ૫(૧)(ડી), ૫(૨) તથા ઈમમોરલ ટ્રાફીકીગ (પ્રીવેન્શન)એકટની કલમ– ૫(૧)(ડી), (૨) મુજબના ગુન્હાનુ તહોમતનામું ફરમાવેલ અને ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે પુરાવો શરૂ કરવામાં આવેલો તે દરમ્યાન સાહેદ નં.–૦૧ તરીકે આંક–૩૦ થી ભોગ બનનારને તપાસવામા આવેલા છે, ત્યારબાદ આંક–૪૪ થી વધારાનું તહોમતનામુ આરોપીઓ વિરુધ્ધ ફરમાવવામાં આવેલુ છે અને તેમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૬એ, ૩૬૬બી, ૩૭૦(૪), ૩૭૦એ(૧), ૩૭૨, ૩૭૩, ૩૭૬, ૧૨૦(બી) તથા જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ– ૪, ૬ અને ૧૬ તેમજ ઈમમોરલ ટ્રાફીક (પ્રીવેન્શન) એકટની કલમ– ૫(૧)(ડી) તથા ૪(૧) મુજબના ગુન્હાનું વધારાનું તહોમનામુ ફરમાવવામાં આવેલુ તેઓએ વધુમાં રજુઆત કરેલ છે કે, ફરીયાદ પક્ષ દ્વારા ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન અલગ અલગ તબક્કે અલગ અલગ ચાર દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

(૨૧.૧) વિદ્વાન ચીફ ડીફેન્સ કાઉન્સીલ શ્રી પટેલે તેમની મૌખીક રજુઆતમાં જણાવેલ છે કે, આરોપીઓ સામે આક્ષેપાયેલા તહોમતનામાં સબંધી ભોગ બનનારની ઉંમર ખુબ જ મહત્વનુ તત્વ રહેલુ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ તરફથી આંક–૧૩૩ થી ૧૮૧ અભયમ ટીમ દ્વારા ભોગ બનનાર મળી આવેલા ત્યારે પી.સી.આર. ફોર્મ ભરેલુ તે રજુ કરેલુ છે. તે ફોર્મમાં ભોગ બનનારની ઉંમર ૨૨ વર્ષ દર્શાવેલી છે તે પી.સી.આર. ફોર્મમાં મોબાઈલ નંબર દર્શાવેલા છે તે બંને નંબર ભારતીય નંબર છે, આંક–૧૩૩ થી રજુ થયેલ આ પી.સી.આર. ફોર્મ જે ચાર્જશીટનો ભાગ નથી તે સાહેદ નં.–૦૯ કૈલાસબેન નાયકના આંક–૧૩૧ ની જુબાની દરમ્યાન રજુ થયેલ છે. આ ૧૮૧ ની અભયમ ટીમના કર્મચારી કૈલાસબહેનને તપાસેલા છે. પરંતુ કૈલાસબેન સાથે ૧૮૧ ની ટીમમાં રહેલા અન્ય બહેનોનું તપાસના કામે કોઈ

નિવેદન લીધેલુ નથી. આ સાહેદે તેમની ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે, આંક–૧૩૩ ના ફોર્મમાં જેન્ડરના કોલમમાં એફ ઉપર ટીક કરેલ છે અને ઉંમર ૨૨ વર્ષ લખેલુ છે. લોકેશન આણંદ લખેલુ છે જે હકીકત ફરિયાદ પક્ષના કેસથી વિસંગત રહેલ છે. ફરિયાદ પક્ષના કેસ મુજબ ભોગ બનનાર વિધ્યાનગર મુકામેથી મળી આવેલ છે. તેઓએ વધુમાં રજુઆત કરેલ છે કે, આંક–૧૩૩ નું પી.સી.આર. ની કાર્યવાહીના કાગળો પાછળથી રજુ થયેલ છે અને તેમાં રૂમમાં પુરી રાખેલ તેવુ ઉમેરવામાં આવેલુ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, આંક–૧૮૭ જાણવા જોગની નોધમાં ભોગ બનનરાને રૂમમાં પુરી રાખવાની કોઈ હકીકત જણાવવામાંઆવેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, આ કામે હકુમતનો પ્રશ્ન આવતો હતો તેથી આંક–૧૩૩ નું પી.સી.આર. ફોર્મ પાછળથી ઉભુ કરવામા આવેલ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, એફ.આઈ.આર.ના કોલમ નં.–૫ માં ગુન્હા વાળુ સ્થળ પોલીસ સ્ટેશનથી ૩૭ કિ.મી. દુર વડોદરા દર્શાવેલુ છે જેથી સાબિત થાય છે કે, એફ.આઈ.આર. મુજબ કોઈ ગુન્હાહિકત કૃત્ય વિધ્યાનગર મુકામે થયેલુ નથી અને જો થયુ હોય તો એફ.આઈ.આર. ના કોલમ નં.–૧૫ માં બનાવ સ્થળમાં ૦.૫ કિ.મી. કે ૧ કિ.મી.નું લખેલુ હોત. એફ.આઈ.આર.માં ખોટું કામ થયેલાનું દર્શાવેલ છે. પરંતુ આવુ ખોટુ કામ વિધ્યાનગરમાં થયેલુ નથી. તેઓએ આંક–૧૯૫ વાળી ફરિયાદ દર્શાવીને રજુઆત કરેલ છે કે, ફરિયાદમાં પણ વિધ્યાનગરમાં કોઈ ખોટુ કામ થયેલુ હોવાનુ જણાવેલું નથી. આમ, જયારે વિધ્યાનગરમાં કોઈ ગુન્હો બનેલો જ ન હોય ત્યારે હકુમતનો બાધ નડતો હોય તેથી સમગ્ર કાર્યવાહી દુષિત રહેલ છે.

(૨૧.૨) વધુમાં તેઓએ રજુઆત કરેલ છે કે, સાહેદ નં.–૦૯ કૈલાસબેન નાયકએ તેમની ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારની ઉંમર ૨૨ વર્ષ પી.સી.આર. ફોર્મમાં દર્શાવેલ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષના કેસ મુજબ જે જે હોટલમા રોકાયેલા ત્યાં ઝાકીયા નામે આધાર કાર્ડ રજુ થયેલ છે અને તેમાં ઉંમર વર્ષ ૨૨ દર્શાવેલ છે.

(૨૧.૩) તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનાર ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશેલ છે જાણવા જોગની કાર્યવાહીમાં આ બાબતે સવાલ પુછવામા આવેલ છે. આંક–૧૯૩ થી રજુ થયેલ સુચિપત્રના કોલમ નં.–૧૭ માં બનાવની ટુંકમાં વિગત

જણાવેલ છે તેમાં બાંગ્લાદેશ થી ભારત આવી રાત્રીના વિધ્યાનગર શહીદ ચોક, આત્મીય એપાર્ટમેન્ટ ફ્લેટ નં–૨૦૩ એટલે કે આણંદ થી મહીલા હેલ્પ લાઈન ૧૮૧ અભયમ નાઓને મળેલી વર્ધીના આધારે પોલીસ સ્ટેશનમાં રજુ કરતાં સદર બાળા બાંગ્લાદેશ થી ગેરકાયદેસર રીતે આવેલી હોવાનું જણાય આવતા તેણીને નારી સંરક્ષણ ગૃહ સમક્ષ રાખેલ હતી. તેમજ સગીર બાળાના રીસ્ટ્રીકશનમાં રાખવા તેમજ સ્થાનીક અને કેન્દ્રીય એજન્સીથી ઈન્ટ્રોગેશન કરાવવાની કાર્યવાહી કરવા નોંધ રાખેલ છે. આ સુચિપત્રમાં ભોગ બનનારને આરોપી નં.–૩ મુંબઈથી લઈ આવેલા હોય અને અમદાવાદ, વડોદરા લઈ ગયેલા હોય કે, આણંદ વિધ્યાનગરમાં કોઈ જગ્યાએ ગોંધી રાખેલી હોય તેવી કોઈ હકીકત જણાવેલી નથી. નિયમ મુજબ કોઈ ગુન્હાની હકીકત મળે તો તેની જાણ જીલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં વી.એચ.એફ. મેસેજથી કરવાની હોય છે. તેવી કોઈ જાણ કરેલ હોય તેવુ રેકોર્ડ ઉપર આવેલ નથી. વધુમાં તેઓએ રજુઆતમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષે સાહેદનં–૧૭ તરીકે આંક–૨૩૯ થી પી.એસ.ઓ. વિનોદભાઈ મુળજીભાઈને તપાસવામાં આવેલ છે અને તેમની જુબાનીમાં આંક–૨૪૦ થી સુચીપત્ર રજુ થયેલ છે.

(૨૧.૪) વિદ્વાન ચીફ ડીફેન્સ કાઉન્સીલ શ્રી પટેલ નાઓએ આંક–૧૮૭ થી રજુ થયેલ જાણવા જોગ ની જાહેરાત અંગે રજુઆત કરેલ છે કે, આ જાહેરાતમાં એવી હકીકત દર્શાવેલ છે કે, ભોગ બનનારે એવી હકીકત જણાવેલ કે, તેણી ભારતમાં ફીલ્મ શુટીંગમાં મોડેલીંગમાં કામ અપાવવાનું કહીને તેમના ફેસબુક ફ્રેન્ડ મોહમદ નઈમ શેખએ એક એજન્ટનો સંપર્ક કરી આપેલો અને તેને ભારતમાં લાવેલા અને તેણીને અને ડેઝીને મુંબઈ રેલ્વે સ્ટેશન ઉતારેલા ત્યાં લાવીને મુનાવર હુસેન મોબાઈલ નં.–૯૩૨૨૨૮૧૧૧૫ નામનો એજન્ટ લેવા આવેલો અને ત્યારબાદ તે સોનીયા બહેન વાઈફ ઓફ દિનેશભાઈ વેંકટ શીંદે (લગ્ન પછીનું નામ) નઝમા રફીક બીશેષ (લગ્ન પહેલાનું નામ) ના ઘરે મુકી ગયેલા અને ત્યારબાદ તા. ૨૨/૦૮/૨૦૨૩ થી તા. ૨૯/૦૮/૨૦૨૩ સુધી સોનીયા સાથે રોકાયેલી. તેઓએ રજુઆત કરેલ છે કે, જાહેરાતમાં એવી કોઈ હકીકત દર્શાવેલ નથી કે, તા. ૨૨/૦૮/૨૦૨૩ થી તા. ૨૯/૦૮/૨૦૨૩ સુધી ભોગ બનનારની સાથે કોઈ શારીરિક છેડછાડ થયેલી હોય કે કોઈ દુષ્કર્મનો બનાવ બનેલો હોય. તેઓએ રજુઆત કરેલ છે કે, આ જાહેરાતમાં એવી હકીકત પણ જણાવેલ છે કે, તેઓ સોનીયા સાથે રહેતા હતા અને સમય પસાર કરતા

હતા અને સોનીયાએ પુછેલુ કે તું અહીયા કેમ આવેલ છે? તો તેણીએ ફીલ્મ શુટીંગમાં મોડેલીંગનું કામ કાજ અપાવવાનું કહીને લાવેલા છે. આથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, આરોપી સોનીયા પણ ભોગ બનનાર વિશે કોઈ હકીકત જાણતી ન હતી. તેઓએ રજુઆત કરેલ છે કે, જાહેરાતમાં એવી હકીકત જણાવેલ છે કે, ત્યારબાદ વડોદરા પહોંચેલા અને સોનીયાએ તેની ઓળખ સુનીલભાઈ મોબાઈલ નં.– ૯૬૨૪૮૯૬૨૪૭ ની સાથે કરાવેલી અને ફોન કરેલો અને રેલ્વે સ્ટેશન બહાર નીકળીને સુનીલને રિક્ષાવાળા સાથે વાત કરાવતાં સુનીલભાઈએ જણાવેલુ તે એડ્રેસ ઉપર ગયેલા ત્યાં એક હોટલ ઉપર રોકાયેલા સદર જાહેરાતમાં કઈ હોટલ ઉપર ગયેલા અને કઈ હોટલમાં રોકાયેલા તે હકીકત જણાવતા નથી. તેઓએ વધુમાં જણાવેલ છે કે, જાણવા જોગની જાહેરાત આપનાર અધિકારીએ જાહેરાતમાં એવી હકીકત લખાવેલ છે કે, એક હોટલમાં રોકાયેલા ત્યાં તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ સુનીલે મોકલેલ એક માણસે ભોગ બનનાર સાથે શારીરિક સબંધ બાંધેલો અને બીજા દિવસે પણ વડોદરા ખાતે ગયેલા ત્યારે બીજા એક માણસે તેણી સાથે શારીરિક સબંધ બાંધેલો. આ જાહેરાતમાં વડોદરામાં કઈ હોટલમાં ભોગ બનનાર સાથે દુષ્કર્મ થયેલુ તે હકીકત જણાવેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, જાહેરાતમાં એવુ પણ જણાવેલ છે કે, વડોદરાથી અમદાવાદ જવા નીકળેલા અને અમદાવાદ ખાતે કાલુપુર ઉતરીને રિક્ષામાં સાંઈ વીલા હોટલમાં પહોચેલા પરંતુ ફરિયાદ પક્ષના કેસ મુજબ અમદાવાદની સાંઈ વીલા હોટલ ખાતે ભોગ બનનાર સાથે કોઈ શારીરિક સબંધ બંધાયેલો નથી. આમ, જાહેરાતની હકીકતો પણ પાછળથી ઉભી કરેલ હોય તેવું જણાય છે.

(૨૧.૫) વિદ્વાન ચીફ ડિફેન્સ કાઉન્સીલશ્રી પટેલે વધુમાં જણાવેલ છે કે, ભોગ બનનાર ના કહેવા મુજબ મુનાવર હુસેન મુંબઈ થી તેમને લઈ ગયેલ અને તેમના મોબાઈલ નંબરના આધારે તેઓ તેમને ઓળખતાં હતાં. તેઓએ રજૂઆત કરેલ છે કે, સામાન્ય રીતે સૌપ્રથમ નિવેદનમાં જે બનેલ હોય તે હકીકત ભોગ બનનાર જણાવતા હોય છે અહીં ભોગ બનનાર કોઇ હોટલનું નામ જણાવતાં નથી. તેઓએ રજૂઆત કરેલ છે કે, આંક–૧૮૭ થી રજુ થયેલ ભોગ બનનારના અંગઝડતીના પંચનામા મુજબ ભોગ બનનારનો મોબાઇલ કબજે કરવામાં આવેલ છે પરંતુ તે મોબાઇલ માંથી તે જ દિવસે કોઇ ડેટા કે વિગત મેળવવામાં આવેલ નથી કે ગુન્હાને સાંકળતી કોઇ વિગત મળી આવેલ હોઇ અને રેકર્ડ ઉપર રાખેલ હોય તેવું બતાવેલ નથી. આંક–૧૮૮ ના

પંચનામા મુજબ ભોગ બનનારના શરીર ઉપર કોઈ જોર–ઝુલમ ના નિશાન જણાતાં નથી અને મહત્વની રીતે ભોગ બનનાર જે દિવસે મળી આવેલ તે જ દિવસે સાંજે ૬ વાગ્યે ભોગ બનનારની શારીરિક તપાસણી કરવામાં આવેલ છે તે શારીરિક તપાસણી નું પ્રમાણપત્ર આંક ૧૯૦ થી રજુ થયેલ છે જે ધ્યાને લેતાં તેમાં ભોગ બનનારે તેણીની સાથે બનેલ કોઈ દુષ્કર્મના બનાવની હિસ્ટ્રી જણાવેલ નથી. ફરીયાદ પક્ષ આ બાબતે કોઈ ખુલાસો કરી શકેલ નથી. ભોગ બનનારને તા.૦૬/૦૯/૨૦૨૩ના રોજ સાંજે ૬ વાગ્યે પોલીસ સ્ટેશનમાંથી જ તેની શારીરિક તપાસ માટે મોકલવામાં આવેલા છે. તેથી સ્પષ્ટ થાય છે કે તે સમયે ભોગ બનનારને કોઈની બીક ના હોય તેમ છતાં ભોગ બનનારને તેણીની સાથે કોઈ દુષ્કર્મનો બનાવ બનેલ હોવાની હકીકત તે સમયે જણાવેલ નથી.

(૨૧.૬) તેઓએ વિશેષમાં જણાવેલ છે કે, ભોગ બનનારને વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં લાવેલ ત્યારબાદ ૨ દિવસ નારી ગૃહમાં રાખેલ અને ત્યારબાદ થી તેઓ સતત વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં જ રહેલ છે તેઓએ રજૂઆત કરી છે કે , ઇમમોરલ ટ્રાફિક રુલ્સ –૪(૪),૫ મુજબ ઇમમોરલ ટ્રાફિકના ગુન્હાનો ભોગ બનનાર સ્ત્રીને ૨૪ કલાકમાં બાળ સુરક્ષા સમિતિમાં મોકલી આપવાના હોય છે તેના બદલે પુછપરછના બહાને નારી ગ્રુહમાં ૨ દિવસમાં પાછા લાવી વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં ભોગ બનનારને રાખેલ છે રેકર્ડ ઉપરના પુરાવા પરથી જણાય છે કે જાણવા જોગના કામે ભોગ બનનારની અંગઝડતી અને શારીરિક તપાસણી સિવાય તા.૦૬/૦૯/૨૦૨૩ થી તા.૧૩/૦૯/૨૦૨૩ સુધી કોઇ કાર્યવાહી થયેલ નથી.

(૨૧.૭) તેઓએ વધુમાં જણાવેલ છે કે, આ કામે આંક–૧૯૧ થી જોઇન્ટ ઇન્ટ્રોગેશન રીપોર્ટમાં રજુ થયેલ છે જેના પેરા નં.૯ માં ભોગ બનનાર ધોરણ ૧૨ પાસ હોવાનું અને બાંગ્લાદેશના રહેવાસી હોવાનું જણાય છે. આમ, ભોગ બનનાર ધોરણ ૧૨ પાસ હોય અને બાંગ્લાદેશમાં શિક્ષણ નિતી મુજબ બાળકને ૬ વર્ષની ઉંમરમાં શાળામાં પ્રવેશ આપવાની જોગવાઇ રહેલી છે તેથી ભોગ બનનારને ૬ વર્ષે સ્કૂલમાં બેસાડેલ હોય અને ભોગ બનનારે ધોરણ ૧૨ કરેલ હોય તો ભોગ બનનારની ઉંમર સ્પષ્ટ રીતે ૧૮ વર્ષથી વધુ હોવાનું પુરવાર થાય છે.

(૨૧.૮) વિદ્વાન વકીલ શ્રી પટેલે વિસ્ત્રુત રજુઆતમાં જણાવેલ છે કે, આંક–૧૯૧ના રીપોર્ટમાં વલસાડ ખાતે કોઇ રેલ્વે પોલીસ સ્ટાફ ક્વાર્ટરમાં ભોગ બનનાર રોકાયેલ હોવાનું જણાઇ આવે છે. જો ભોગ બનનારને ધમકી આપી આરોપી નં.૩ સોનીયાને લઇ ગયેલ હોય તો ત્યાં રેલ્વે પોલીસના માણસને જણાવી શક્યા હોત તથા તેઓ તા.૦૬/૦૯/૨૦૨૩ થી વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં લાવ્યા ત્યાં પણ પોલીસને કોઇ જાણ કરી શક્યા હોત ભોગ બનનારે આવી કોઇ હકીકત તેમની જુબાનીમાં જણાવેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે વિધ્યાનગર ખાતે ભોગ બનનાર સાથે કોઇ દુષ્કર્મ થયેલ નથી.

(૨૧.૯) વિદ્વાન ચીફ ડિફેન્સ કાઉન્સીલશ્રી પટેલે તેમની મૌખિક રજુઆતમાં જણાવેલ છે કે ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૪ તરીકે આંક–૧૮૨ થી આ ગુન્હાની ફરીયાદ આપનાર શ્રી જી.એસ.ગઢવી ને તપાસવામાં આવેલા છે. ભોગ બનનારે ડિપોર્ટેશન કરવા એસ.પી. સાહેબને પત્ર લખેલ ત્યાં સુધી કોઇ કોગ્નીઝેબલ ગુન્હાની હકીકત જાહેર થયેલ નહી. શ્રી ગઢવીએ સ્વીકારેલ છે કે સોનીયાનું નિવેદન લઇ તા.૧૧/૦૯/૨૦૨૩ના રોજ તેણીને જવા દીધેલ અને તા.૧૧/૦૯/૨૦૨૩ થી તા.૧૩/૦૯૬/૨૦૨૩ સુધી કોઇ વિશેષ તપાસ કરેલ નહિ જો તા.૧૧/૦૯/૨૦૨૩ થી તા.૧૩/૦૯/૨૦૨૩ દરમ્યાન જાણવા જોગના કામે કોઇ તપાસ થયેલ નથી તો તા.૧૩/૦૯/૨૦૨૩ના રોજ શ્રી ગઢવીએ ફરીયાદ કયા આધારે આપી? તે બાબતે કોઇ સ્પષ્ટતા થયેલ નથી. તેઓએ ભારપૂર્વક રજુઆત કરેલ છે કે, ભોગ બનનાર તા.૦૬/૦૯/૨૦૨૩ના રોજ વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં આવેલ અને ત્યારબાદ ગુન્હાની ફરીયાદ તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ આપવામાં આવેલ એટલે મોડી ફરીયાદનું કોઇ કારણ ફરીયાદમાં જણાવેલ નથી કે શ્રી ગઢવીએ તેમની જુબાનીમાં જણાવેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, સામાન્ય કે વ્યાજબી વિલંબ હોય તે માની શકાય પરંતુ જયારે આવો ગંભીર ગુન્હો રહેલ હોય ત્યારે કોઇપણ પ્રકારનો વિલંબ ચલાવી શકાય નહિ ફરીયાદ પક્ષના પુરાવા આધારે જણાય છે કે ફરીયાદ દાખલ થઇ ત્યાં સુધી આરોપી નં.૧ મુનાવર હુસેનનું કોઇ પુરુ નામ જાહેર થયેલ નથી. તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનારનું જાહેરાતના કામે લેવાયેલ નિવેદનમાં આંક–૧૮૭ વાળી જાહેરાતમાં કે આંક–૧૯૫ વાળી ફરીયાદમાં મુનાવર હુસેનનો મોબાઇલ નંબર એટલું જ જાહેર થયેલ છે અને પુરૂ નામ જાહેર થયેલ નથી તેમજ મુનાવર હુસેનનો બીજો

કોઇ મોબાઇલ નંબર પણ જાહેર થયેલ નથી તેમ છતાં સૂચીપત્રમાં મુનાવર હુસેનનો બીજો મોબાઇલ નંબર દર્શાવેલ છે. શાના આધારે આ બીજો નંબર દર્શાવેલ છે તેનો કોઇ ખુલાસો ફરીયાદ પક્ષ તરફથી કરાયેલ નથી તેઓએ રજુઆત કરેલ છે કે, આંક–૨૩૯ થી તપાસાયેલ પી.એસ.ઓ. ને આ બાબતે ઉલટતપાસમાં પૂછતાં તેઓએ જણાવેલ છે કે, "કઇ રીતે બીજો નંબર દર્શાવેલ તે તેઓને યાદ નથી" આમ, હાલના આરોપી નં.૧ ને આ ગુન્હાના કામે ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

(૨૧.૧૦) વિદ્વાન ચીફ ડિફેન્સ કાઉન્સીલ શ્રી પટેલે તેમની રજૂઆતોમાં જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં. ૦૧ તરીકે આંક–૩૦ થી ભોગ બનનારને તપાસવામાં આવેલા છે. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારની જુબાનીમાં મુનાવર હુસેન એવુ નામ આવે છે અને ભોગ બનનારે મનોહર હુસેન જોય ની ફ્રેન્ડ રીકવેસ્ટ આવેલ હોવાનું અને તેની સાથે ફેસબુક ઉપર વાત થયાનું અને આ મનોહર હુસેન જોયે કલકત્તામાં મોડેલીંગનું કામ કરવા જણાવેલ હોવાનું કહેલ છે. જ્યારે કે આંક–૧૮૭ ની જાહેરાતમાં અને આંક–૧૯૫ ની ફરીયાદમાં મુંબઇ માં મોડેલીંગનું કામ આપવાની વાત જણાવે છે જે ખુબ જ મહત્વનો વિરોધાભાસ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનાર ની જુબાની વિશ્વસનીય રહેલ નથી અને તેમની જુબાનીમાં તેમના પોલીસ રૂબરૂના નિવેદનથી વિસંગત અને વિરોધાભાસી તેમજ વધારે ચઢાવેલી હકિકતો રહેલી છે. ભોગ બનનારે તેમની જુબાનીમાં જણાવેલ કોઇ હકિકત તેમની નિવેદનમાં રહેલ નથી અને તેમનું નિવેદન માત્ર બે પાનાનું છે જ્યારે કે તેમની સરતપાસ ૧૩ પાનાની છે અને જે સંપુર્ણપણે વિરોધાભાસી અને વિસંગત રહેલ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, મનોહર હુસેન અને મુનાવર હુસેન બે અલગ–અલગ નામો થઇ જાય છે અને જાણાવાજોગમાં મનોહર હુસેન એવુ નામ આવતુ નથી અને ભોગ બનનારના કહેવા મુજબ મનોહુર હુસેન જોયે ભારતમાં કલકત્તામાં મોડેલીંગનું કામ આપવા જણાવેલ છે. આમ, મોડેલીંગનું કામ આપવાની લાલચ ફરીયાદપક્ષના કેસ મુજબ મનોહર હુસેને આપેલી પરંતુ તેવી વાતચીતની કોઇ કોલ ડીટેઇલ રજુ થયેલ નથી.

(૨૦.૧૧) તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે બાંગ્લાદેશથી ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરેલ અને હાવડાથી મુંબઇ ટ્રેનમાં આવેલ તે દરમ્યાન અલગ–અલગ ચાર પાંચ વ્યકિતઓએ ભોગ બનનારને મદદ કરેલ તેવુ રેકર્ડ ઉપર હોવા છતાં

તે બાબતે તપાસનીશ એજન્સીએ કોઇ તપાસ કરેલ નથી અને તેવા મદદગારી કરનાર વ્યકિતઓને આરોપીઓ બનાવેલ નથી. ભોગ બનનારને હાવડાથી મુંબઇ આવવા માટે રેલ્વે સ્ટેશન ઉપર કોઇ કુલીએ મદદ કરેલી તે વ્યકિત ભારતમાં હોવા છતાં તપાસ કરનાર અધિકારીએ તે બાબતે કોઇ તપાસ કરેલી નથી. ભોગ બનનાર તેમની જુબાનીમાં મનોહર હુસેન મુંબઇ સોનીયાના ઘરે મુકી ગયાનું કહે છે પરંતુ મુંબઇ તેની બહેનના ઘરે મુકી ગયાનું જણાવતા નથી. વિશેષમાં આવી કોઇ હકિકત ભોગ બનનારના નિવેદનમાં, જાહેરાતમાં કે ફરીયાદમાં રહેલ નથી. વિધ્વાન વકીલશ્રી પટેલે ભારપુર્વક રજુઆત કરેલ છે કે, હાલના આરોપી નં. ૦૧ નું મનોહર હુસેન, મુનાવર હુસેન કે અનવર હુસેન રહેલ નથી અને તેમનું સાચુ નામ મેસન રઙ્કાક બીસ્સ છે અને આરોપી નં. ૦૧ ને આરોપી નં. ૦૩ ના ભાઇ તરીકે ખોટી રીતે સંડોવી દીધેલ છે. મહત્વની રીતે ભોગ બનનાર તેમની જુબાનીમાં આરોપી નં. ૦૧ આરોપી નં. ૦૩ ના ભાઇ હોવાનું કહેતા નથી. ભોગ બનનારની જુબાનીમાં મનોહર હુસેન નામના વ્યકિતની વાત આવે છે તેમ છતાં તેમને આરોપી બનાવવા કોઇ કાર્યવાહી કરેલ નથી.

(૨૧.૧૨) તેઓએ વધુમાં રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેમની જુબાનીમાં તેઓએ તેમના ભાઇ સુમોનને જાણ કરેલ હોવાનું સુમોને વડોદરામાં અભ્યાસ કરતા તેમના મિત્ર નિલોયને જાણ કરેલ હોવાનું અને નિલોયે ૧૮૧ ટીમને જાણ કરેલ હોવાનું અને ૧૮૧ ટીમ વિધ્યાનગર ગોપાલભાઇના ઘરે આવેલ હોવાનું અને ત્યારબાદ પોલીસ ગોપાલભાઇના ઘરે આવેલ હોવાનું અને તેણીને ગોપાલભાઇના ઘરેથી લઇ ગયેલ હોવાનું જણાવે છે, પરંતુ ભોગ બનનાર આવી કોઇ હકિકત અગાઉ તેમના કોઇ નિવેદનમાં જણાવેલ નથી.

(૨૧.૧૩) તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેમની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, તેઓના પોલીસ વિધ્યાનગર પોલીસ સ્ટેશને લઇ ગયેલ અને ત્યાં તેમની સાથે જે કોઇ ઘટના બનેલી તે તેઓએ બાંગ્લા ભાષામાં જણાવેલી જે હિન્દીમાં ટ્રાન્સલેટ કરીને નિલોય અને તેના મિત્રએ પોલીસને જણાવેલ. તો બીજી તરફ ભોગ બનનાર એવુ જણાવે છે કે, સોનીયાએ બાંગ્લાદેશી ભાષામાં તેણી બોલતી હતી તેનું ટ્રાન્સલેશન કરી પોલીસને જણાવેલ. ફરીયાદપક્ષ તર્ફે તપાસવમાં આવેલા સાહેદ નિલોય તેમની જુબાનીમાં તેમણે ટ્રાન્સલેશન કરેલ હોવાનું જણાવે છે.

(૨૧.૧૪) વિધ્નાન ચીફ ડીફેન્સ કાઉન્સીલ શ્રી પટેલે રજુઆત કરેલ છે કે, ભોગ બનનાર એક તરફ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેમના મોબાઈલ મનોહર હુસેન અને તેની પત્ની એ લઈ લીધેલા તો બીજી વખત તેમની પાસે કઈ રીતે આવ્યા તે બાબત જણાવતા નથી. ભોગ બનનાર તેમની જુબાનીમાં ગુન્હાવાળી જગ્યાની હોટલ બતાવવાનું કહે છે, પરંતુ ભોગ બનનાર તેમના નિવેદનમાં કોઈ હોટલનું નામ જણાવતા નથી અને જાહેરાત તથા ફરીયાદમાં કોઈ હોટલનું નામ જણાવેલ નથી. આ હકિકત હોવા છતાં એ સવાલ થાય કે, પી.એસ.આઈ. શ્રી તા. ૧૪/૦૯/૨૦૨૩ ના રોજ સીધા વડોદરા અને અમદાવાદની હોટલ ઉપર પંચનામું કરવા માટે કઈ રીતે પહોંચી ગયા. તેઓએ રજુઆત કરેલ છે કે, સી.સી.ટી.વી. ફુટેઝના પ્રિન્ટ આઉટમાં ભોગ બનનાર અને આરોપી સાથે જોવા મળેલ હોય કે રૂમમાં જતા કે રૂમમાંથી નિકળતા ભોગ બનનાર દેખાતા હોય તેવુ જણાતુ નથી. તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનાર તેમની જુબાનીમાં આરોપી નં. ૦૧ ને મનોહર હુસેન જોય તરીકે ઓળખી બતાવે છે જ્યારે કે તેમને તેમનું નામ પુછતાં તેઓએ તેમનું નામ મેસન રઙ્કાક બીસ્સ હોવાનું જણાવેલ છે. ભોગ બનનારે આરોપી નં. ૦૧ ને મનોહર હુસેન તરીકે ઓળખી બતાવવા પાછળનું કારણ એ છે કે, ભોગ બનનારે સ્વીકારેલ છે કે, ફરીયાદ નોંધાયા બાદ લગભગ દરરોજ તેમને એસ.ઓ.જી. પોલીસ સ્ટેશને જવાનું થતુ હતુ અને વીડીયો ફુટેઝ બતાવી ઓળખાણ કરાવવાની તપાસ એસ.ઓ.જી. પોલીસ સ્ટેશને કરવામાં આવેલી અને ભોગ બનનારે સવાલના જવાબમાં જણાવેલ છે કે, ફક્ત મનોહરને પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવેલ. આથી પુરવાર થાય છે કે, આરોપીનં. ૦૧ ને પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવેલ ત્યાં તેમની ઓળખ કરાવવામાં આવેલ તેથી ભોગ બનનાર તેમને આરોપી નં. ૦૧ મનોહર હુસેન તરીકે ખોટી રીતે ઓળખી બતાવે છે. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેમની ઉલટતપાસમાં સવાલ–જવાબમાં જણાવેલ છે કે, મહોમદ નઈમ શેખ અને મુનાવર હુસેન બંને અલગ–અલગ વ્યકિતઓ છે અને મેસન નું નામ તેમને અહીં આવવા જાણવા મળેલ અને મેસન બીસ્સ નામના વ્યકિતનું આખું નામ તેમને ખબર નથી અને તેઓ મેસન નામના કોઈ વ્યકિતને કે મેસન રઙ્કાક રહેમાન બીસ્સ નામના વ્યકિતને ઓળખતા નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, રેકર્ડ પરના પુરાવા પરથી આરોપી નં. ૦૧ નું ઓળખવાનું કારણ એવું જણાય છે કે, તપાસના કામે આરોપી નં. ૦૧ મુનાવર હુસેનની કોઈ માહિતી કે ઓળખ મળેલ નહી અને જાણવા જોગ તપાસ દરમ્યાન તા. ૧૧/૦૯/૨૦૨૩ ના રોજ સોનીયાને જવા દીધેલ અને

હાલના આરોપી નં. ૦૧ મેસન રઙ્કાક બીસ્સ આરોપી નં. ૦૩ સોનીયાના ભાઈ થાય છે તેથી આરોપી નં. ૦૧ ને તપાસની ખામી ઢાંકવા માટે ખોટી રીતે આરોપી બનાવવામાં આવેલ છે.

(૨૧.૧૫) તેઓએ રજુઆત કરેલ છે કે, આરોપી નં. ૦૧ તરીકે મેસન રઙ્કાક બીસ્સ ને તા. ૧૫/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૭–૪૫ વાગ્યે અટક કરેલ. તપાસ કરનાર અધિકારી એવું કહે છે કે, પોલીસ ઇન્સ્પેક્ટર અને ટીમ આરોપી નં. ૦૧ ને શોધવા માટે માત્ર એક મોબાઇલ નંબર ના આધારે ગયેલા. તપાસ કરનાર અધિકારીના કહેવા મુજબની આ ટીમ પાસે મોબાઇલ નંબર સિવાય કોઇ ચહેરો, કોઇ ફોટો, કોઇ સરનામું ન હોવા છતાં હાલના આરોપી નં. ૦૧ કે જેઓ ૨૪ પરગણા, પશ્ચિમ બંગાળના રહેવાસી છે તેમને પકડી આણંદ લાવેલ. જે બાબત શંકાસ્પદ રહેલ છે. તેઓએ ભારપુર્વક રજુઆત કરેલ છે કે, આરોપી નં. ૦૧ તરીકે હાલના આરોપીને ક્યા આધારે અને કોણ પકડી લાવેલ તે રેકર્ડ ઉપર આવેલ નથી. તેઓએ વિશેષમાં જણાવેલ છે કે, રેકર્ડ ઉપર સ્પષ્ટ રહેલ છે કે, આરોપી નં. ૦૩ સોનીયાને વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં જ નજરકેદ માં રાખેલ અને જવા દીધેલ નહી તેથી સ્વાભાવિક પણે તેમના ઘરના સભ્યો તેને શોધવા આવે અને તે રીતે તેમના ભાઈ મેસન રઙ્કાક બીસ્સ તેમની બહેન સોનીયાને શોધવા આવેલા તેથી તેમને આરોપી નં. ૦૩ ના ભાઇ તરીકે આ કામે આરોપી નં. ૦૧ તરીકે ખોટી રીતે બતાવી સંડોવી દઇ ખોટી રીતે અટક કરેલ છે. ભોગ બનનારના નિવેદનમાં, જાહેરાતમાં અને ફરીયાદમાં આરોપી નં. ૦૧ નું નામ દર્શાવેલ નથી અને જે મુનાવર હુસેન જોયનું નામ મોબાઇલ નંબર સાથે દર્શાવેલ છે તે બાબતે તપાસનીશ એજન્સી એ કોઇ તપાસ કરેલ નથી કે તે મોબાઇલ નંબર ની કોઇ કોલ ડીટેઇલ્સ મેળવી તપાસના કામે રજુ કરેલ નથી. ભોગ બનનારે તેમના નિવેદન તથા જુબાનીમાં જણાવેલ મોબાઇલ નંબર હાલના આરોપી નં.૦૧ ના હોવા બાબતે રેકર્ડ પર કોઇ પુરાવો આવેલ નથી. ભોગ બનનારે સ્વીકાર્યા મુજબ આરોપી નં. ૦૧ ને એસ.ઓ.જી. પોલીસ સ્ટેશન ખાતે ભોગ બનનારને બતાવવામાં આવેલ તેથી ભોગ બનનારે ઓળખ પરેડમાં તેમજ નામદાર કોર્ટ સમક્ષ હાલના આરોપી નં. ૦૧ ને ખોટી રીતે ઓળખી બતાવેલ છે. તેઓએ ભારપુર્વક જણાવેલ છે કે, સાચો આરોપી નં. ૦૧ મળી આવેલ ન હોવાથી હાલના આરોપી નં. ૦૧ મેસન રઙ્કાક બીસ્સને ખોટી રીતે આરોપી નં. ૦૧ તરીકે સંડોવી દીધેલ છે. ભોગ બનનારનું એવુ કહેવુ નથી કે મનોહર

હુસેન અને મેસન રઙ્ગાક બીસ્સ એક જ વ્યકિત છે અને ભોગ બનનાર તેમના કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પણ મેસન રઙ્ગાક બીસ્સનું નામ જણાવતા નથી.

(૨૧.૧૬) તેઓએ વિશેષમાં રજુઆત કરેલ છે કે, ભોગ બનનારના કહેવા મુજબ તેમને ફેસબુક મારફતે જેમની સાથે વાત થયેલ તેમણે કલકત્તામાં મોડેલીંગનુ કામ આપવા જણાવેલ અને ત્યારબાદ ભોગ બનનાર બાંગ્લાદેશ ખાતેથી તેમના ઘરેથી એકલા નિકળેલા અને ગેરકાયદેસર રીતે સરહદ ઓળંગી ભારતમાં પ્રવેશેલા અને ત્યારબાદ તેમને કલકત્તાથી મુંબઈ જવાનું કહેવામાં આવેલ અને મુંબઈ મોકલવમાં આવેલા તે સમયે પણ ભોગ બનનારે શા માટે મુંબઈ જવાનું તેવો કોઈ સવાલ કરેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કર્યા બાદ કલકત્તા થી મુંબઈ ટ્રેનમાં આવેલી ત્યારે અને ત્યારબાદથી તેઓ વિધ્યાનગર ખાતે થી મળી આવેલ ત્યાં સુધીમાં તેમને બાંગ્લાદેશ પરત જવાની અથવા નાસી જવાની અથવા જે સ્થળે રહેલા તે સ્થળ છોડી જતા રહેવાની તેમજ કોઈની મદદ મેળવવાની પુરતી તક રહેલી હોવા છતાં તેઓએ આવુ કશું કરેલ નથી. આથી પણ આરોપી નં. ૦૧ સામેના આક્ષેપો પુરવાર થતા નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, આરોપી નં. ૦૧ ભારતના રહેવાસી છે, તેઓએ તેમનું આધારકાર્ડ અને પાનકાર્ડ રજુ કરેલ છે અને આરોપી નં. ૦૧ બાંગ્લાદેશના હોવાનું પુરવાર થયેલ નથી. આથી આરોપી નં. ૦૧ ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

(૨૧.૧૭) વિધ્વાન ચીફ ડીફેન્સ કાઉન્સીલ શ્રી પટેલે તેમની વિસ્તૃત રજુઆતોમાં જણાવેલ છે કે, આ કામે આરોપીઓ વિરૂધ્ધ પોક્સો એક્ટના ગુન્હાના આરોપી પણ રહેલા છે અને પોક્સો એક્ટ મુજબનો ગુન્હો સાબિત કરવા માટે સૌપ્રથમ ભોગ બનનાર ૧૮ વર્ષથી ઓછી ઉંમરના હોવાનું પુરવાર કરવું જોઈએ. તેઓએ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ દ્વારા આ કામે ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર રજુ થયેલ નથી અને ભોગ બનનાર ધોરણ–૧૨ પાસ હોવા છતાં તેમની શાળાનું કોઈ પ્રમાણપત્ર રજુ થયેલ નથી. તેઓએ જણાવેલ છે કે, ઓસિફિકેશન ટેસ્ટ એ ઉંમરનો આધાર નથી અને તેને પુરાવો ગણી શકાય નહી. કાયદાની જોગવાઈઓ મુજબ જ્યારે શાળાનું જન્મનું પ્રમાણપત્ર અથવા જન્મનું પ્રમાણપત્ર અસ્તિત્વમાં હોય ત્યારે ઓસિફિકેશન ટેસ્ટ કરાવી શકાય નહી અને તેના આધારે ભોગ બનનારની ઉંમર નક્કી કરી શકાય નહી.

તેઓએ રજુઆત કરેલ છે કે, સાહેદ નં. ૦૮ ડોક્ટર મિલિનસિંઘ યાદવે તેમની આંક–૧૧૨ ની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગ બનનારને ઉંમરના અભિપ્રાય માટે લાવેલ અને ઓસિફિકેશન ટેસ્ટ કરવો ફરજિયાત ન હોય તેઓએ નામદાર કોર્ટનો હુકમ રજુ કરવા જણાવેલ અને ત્યારબાદ ફરીથી ભોગ બનનારને રજુ કરેલ અને ઓસિફિકેશન ટેસ્ટ કરેલ. તપાસ કરનાર અધિકારીને પુછેલ કે, નામદાર કોર્ટનો હુકમ રજુ કરવા ચાદી મળેલી તો તેઓએ ના પાડેલ. તેઓએ નામદાર રાજસ્થાન હાઇકોર્ટના રાજેન્દ્રસિંઘ વિરૂદ્ધ સ્ટેટ ઑફ રાજસ્થાન ના ચુકાદા ઉપર આધાર રાખી રજુઆત કરેલ છે કે, આ કામમાં તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ ભોગ બનનારને વિધ્યાનગર પોલીસ સ્ટેશને લઇ જવામાં આવેલ તેમ છતાં તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ ફરીયાદ વિલંબથી આપવામાં આવેલ તે સંજોગોમાં શંકાનો લાભ આરોપીઓને મળવાપાત્ર છે અને ભોગ બનનારના જન્મના કાયદાની જોગવાઇ મુજબના આધાર પુરાવા અસ્તિત્વમાં હોવા છતાં રજુ થયેલ ન હોય ત્યારે ઓસિફિકેશન ટેસ્ટ ધ્યાને લઇ શકાય નહી.

(૨૧.૧૮) તેઓએ તેમની રજુઆતમાં વિશેષમાં જણાવેલ છે કે, ભોગ બનનારની શારીરિક તપાસના આધારે એ હકિકત રેકર્ડ ઉપર આવેલ છે કે, ભોગ બનનારના શરીર ઉપર કોઇ બાહ્ય ઇજા જોવા મળેલ નથી અને ભોગ બનનારના ગુપ્ત ભાગે પણ કોઇ ઇજા જોવા મળેલ નથી. તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનારની જુબાની તદ્દન વિરોધાભાસી હોય તેને વિશ્વસનીય ગણી શકાય નહી અને તેથી ભોગ બનનારનો પુરાવો માની શકાય નહી. ફરીયાદપક્ષ આરોપી નં. ૦૧ નું અન્ય આરોપી સાથે કોઇ જોડાણ હોય કે કોઇ કાવતરૂ રચેલ હોય તે પુરવાર કરી શકેલ નથી. જે વ્યકિત ભોગ બનનારને આરોપી નં. ૦૩ ના ઘરે મુકી ગયેલ તે વ્યકિતને પકડવામાં આવેલ નથી અને આરોપી નં. ૦૩ ને ખબર નથી કે, ભોગ બનનાર શા માટે આવેલ છે. ભોગ બનનારે જે જે સ્થળોએ આરોપી નં. ૦૩ સાથે જાહેરમાં ફરેલ છે અથવા જ્યાં રહેલ છે ત્યાં તેમને અન્ય કોઇની મદદ માંગવા કે ફરીયાદ કરવા કે સ્થળ છોડી જતા રહેવા તક હોવા છતાં તેઓએ તેવું કશું કરેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનાર પાસે આરોપી નં. ૦૧ નાએ દેહ વ્યાપાર કરાવેલ હોય તેવો કોઇ પુરાવો આવેલ નથી અને કોઇ આરોપીઓએ કોઇ નાણાંકીય લેવડ–દેવડ ભોગ બનનાર બાબતે કરેલ હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી અને કોઇ કોલ ડીટેઇલ રીપોર્ટ આ કામે રજુ થયેલ નથી. આ સંજોગોમાં આરોપી નં. ૦૧ ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ.

(૨૧.૧૯) આરોપી નં. ૦૧ તરફે વિદ્વાન ચીફ ડીફેન્સ કાઉન્સીલ શ્રી એન.વી.પટેલે તેમની મૌખિક દલિલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ રાખેલ છે.

(૧) લાજેન્દ્ર સિંઘ ઉર્ફે લાલો વિરુધ્ધ સ્ટેટ, થ્રુ એ.પી.પી. ડી.બી. ક્રિમીનલ અપીલ નં. ૧૮૭/૨૦૨૦.

<u>આરોપી નં.૦૨ તરફે વિદ્વાન ડેપ્યુટી ચીફ ડિફેન્સ કાઉન્સીલશ્રી એ.યુ.દિવાન</u>
<u>ની મૌખીક દલીલોઃ–</u>

(૨૨) આરોપી નં. ૦૨ તર્ફે વિધ્વાન ડેપ્યુટી ચીફ ડીફેન્સ કાઉન્સીલ શ્રી એ.યુ. દિવાને તેમની મૌખિક રજુઆતોમાં જણાવેલ છે કે, આ કામના આરોપી નં. ૦૨ આ ગુન્હાના કામે કોઇ હકિકત જાણતા ન હોવા છતાં અને સંકળાયેલ ન હોવા છતાં તેમને આ ગુન્હાના ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, આ કામે પ્રથમથી આરોપી નં. ૦૨ તરીકે સુનિલ નામ જાહેર થયેલ છે અને આ કામના આરોપી નં. ૦૨ નું જેઠાનંદ ઘનશ્યામભાઇ સેવકાની રહેલ છે અને તેઓ જ સુનિલ નામના વ્યકિત હોવાનું ફરીયાદપક્ષ દ્વારા પુરવાર કરવામાં આવેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, હાલના કામે જેમને આરોપી નં. ૦૨ તરીકે અટક કરવામાં આવેલ છે તેઓએ કોઇ નાણાંકીય લેવડ–દેવડ કરેલ હોય કે કોઇ ગ્રાહક આરોપી નં. ૦૩ સાથે વાતચીત કરી કોઇ હોટલમાં મોકલેલ હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આરોપી નં. ૦૨ નો કોઇ મોબાઇલ નંબર જાહેર થયેલ નથી. હાલના આરોપી નં. ૦૨ ભોગ બનનાર સાથે કોઇ સંપર્કમાં નથી અને તેઓએ ભોગ બનનાર સાથે ક્યારેય કોઇ વાત કરેલ નથી અને આરોપી નં. ૦૨ નું સાચુ નામ જેઠાનંદ ઘનશ્યામભાઇ સાવકાની હોવા છતાં અને તેમનું ઉર્ફે નામ સુનિલ હોવાનો કોઇ પુરાવો ના હોવા છતાં તેમને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે.

(૨૨.૧) વિધ્વાન વકીલશ્રી દિવાને રજુઆત કરેલ છે કે, આ કામના ભોગ બનનાર ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશેલા અને તેમને વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે લઇ જવામાં આવેલ ત્યારે પણ કહેવાતા બનાવની કોઇ હકિકત જાહેર થયેલ નહી

અને ફરીયાદપક્ષના કહેવા મુજબ તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ જાહેરાત આપવામાં આવેલ હોવા છતાં અને ભોગ બનનાર વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે રહેલ હોવા છતાં કહેવાતા ગુન્હાની ફરીયાદ તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ આપવામાં આવેલ છે અને તે વિલંબ અંગે ફરીયાદમાં કોઇ કારણ જણાવવામાં આવેલ નથી અને તપાસ કરનાર અધિકારીએ પણ તેમની જુબાનીમાં કોઇ ખુલાસો કરેલ નથી.

(૨૨.૨) તેઓએ વધુમાં રજુઆત કરેલ છે કે, ભોગ બનનારને અગાઉથી પોલીસ સ્ટેશનમાં હાલના આરોપી નં. ૦૨ ને સુનિલ તરીકે બતાવેલ અને તે રીતે ભોગ બનનારે હાલના આરોપી નં. ૦૨ ને સુનિલ તરીકે ઓળખી બતાવેલ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનાર તેમના ઘરેથી કોઇને જાણ કર્યા વિના નિકળી ગયેલ અને ગેરકાયદેસર રીતે ભારત આવેલ તેમ છતાં તેમના ઘરના કોઇ સભ્ય એ બાંગ્લાદેશમાં ભોગ બનનાર ગુમ થયાની કોઇ ફરીયાદ કરેલ નથી અને ભોગ બનનારના ઘરના સભ્યો ભોગ બનનારને શોધવા માટે આવેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનાર જે સુમોન નામના વ્યકિતનું જણાવે છે તે સુમોન નામનો માણસ ભોગ બનનારને મળવા ભારત આવેલ અને તે ભોગ બનનારના ભાઇ નથી અને તે સુમોન નામના વ્યકિતએ ભોગ બનનાર સાથે લગ્ન કરી લીધેલ છે અને ભોગ બનનાર ને જ્યારે વિધ્યાનગર પોલીસ સ્ટેશને લઇ જવામાં આવેલા ત્યારે તેઓ ૨૨ વર્ષના પુખ્ત વયના હતા. તેઓએ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ ના પુરાવાઓ વિશ્વસનીય રહેલા નથી અને હાલના આરોપી નં. ૦૨ જેઠાનંદ ઘનશ્યામભાઇ સેવકાની સામેનો કેસ શંકારહિત રીતે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ હોય તેમને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ.

<u>આરોપી નં.૦૩ તરફે વિદ્વાન વકીલશ્રી ઝેડ.એ.ગાંધીની મૌખીક દલીલોઃ–</u>

(૨૩) આરોપી નં.૦૩ તરફે વિદ્વાન વકિલશ્રી ઝેડ.એ.ગાંધીએ તેમની મૌખિક રજુઆતમાં જણાવેલ છે કે, આરોપી નં. ૦૩ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬એ, ૩૬૬બી, ૩૭૦(૪), ૩૭૦એ(૧), ૩૭૨, ૩૭૩, ૩૭૬, ૧૨૦(બી), તેમજ જાતીય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ ૪, ૬ અને ૧૬, તેમજ ધી ઈમ્મોરલ ટ્રાફીક (પ્રિવેન્શન) એક્ટ ૧૯૫૬ ની કલમ ૦૫(૧)(ડી)

અને કલમ ૪(૧) મુજબના ગુન્હાનું તહોમત રહેલ છે. ફરિયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલા પુરાવાઓથી આરોપી નં. ૦૩ સામે આક્ષેપાયેલ ગુન્હાનું તહોમત પુરવાર થતુ નથી.

(૨૩.૧) વિદ્વાન વકિલશ્રી ગાંધીએ રજુઆત કરેલ છે કે, આ કામે આંક–૨૫૪ થી તપાસવામાં આવેલા તપાસ કરનાર અધિકારી શ્રી ડાભીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આરોપી નં. ૦૩ તેમના પતિ સાથે મુંબઈ મુકામે રહે છે અને તેનું પુરૂ સરનામું તપાસના કામે તેમની પાસે હતુ અને તેમની તપાસ દરમ્યાન એવી હકીકત ખુલેલ કે આરોપી નં. ૦૩ ના પતિ મુળ બંગાળ રાજ્યના ૨૪ પરગાણા જીલ્લાના રહેવાસી છે. તપાસ કરનાર અધિકારીએ એ હકીકત સ્વીકારેલ છે કે, આરોપી નં. ૦૩ મુંબઈમાં જ્યાં રહે છે ત્યાં અને તેમના પતિ મુળ ૨૪ પરગાણા જીલ્લામાં બંગાળમાં રહે છે ત્યાં તેઓએ તપાસ કરેલી નહી અને આ બન્ને સ્થળના કોઈ વ્યક્તિઓના નિવેદન તેઓએ મેળવેલ નહી. તેઓએ રજુઆત કરેલ છે કે, આરોપી નં. ૦૩ સામે દેહવ્યાપાર કરાવવાનો આરોપી રહેલો છે તેથી તપાસ કરનાર અધિકારી દ્વારા આ બન્ને સ્થળોએ તપાસ કરવી ખુબ જ જરૂરી છે. આરોપી નં. ૦૩ સામે આક્ષેપિત તહોમત પુરવાર કરવા માટે એ હકીકત તપાસવી ખુબ જ જરૂરી હતી કે, શું આરોપી નં. ૦૩ કોઈ વેશ્યાગૃહ ચલાવે છે? તે માટે આરોપી નં. ૦૩ મુંબઈ મુકામે તેમના પતિ સાથે જ્યાં રહેતા હતા તે તથા તેમના પતિ મુળ બંગાળમાં જ્યાં રહેતા હતા તે બન્ને સ્થળોએ તપાસ કરનાર અધિકારીએ તપાસ કરવાની જરૂરી હતી. તપાસ કરનાર અધિકારી દ્વારા સ્વીકારવામાં આવેલ હકીકત અનુસાર તપાસ કરનાર અધિકારી પાસે તપાસ દરમ્યાન આ બન્ને સ્થળની માહીતી હોવા છતાં તેઓ આ બન્ને સ્થળે તપાસ કરવા માટે ગયેલ નથી કે આરોપી નં. ૦૩ અને તેમના પતિના વ્યવસાયની કોઈ માહિતી મેળવેલ નથી કે આ બન્ને સ્થળોએથી કોઈના નિવેદનો લીધેલ નથી. સમગ્ર તપાસ દરમ્યાન તેમજ ફરિયાદ પક્ષના પુરાવાઓમાં આરોપી નં. ૦૩ કોઈ વેશ્યાગૃહ ચલાવતા હોય અને કોઈ સ્ત્રી પાસે દેહવ્યાપાર કરાવતા હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૨૩.૨) વિદ્વાન વકિલશ્રી ગાંધીએ તેમની રજુઆતોમાં જણાવેલ છે કે, તપાસ કરનાર અધિકારીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેમની તપાસના કામે મુંબઈ, વલસાડ, સુરત અને આણંદ શહેરના નામ ખુલેલા અને તેઓ સુરત અને

વલસાડના કોઈ સ્થળે તપાસ માટે ગયેલ નથી કે ત્યાંના કોઈ વ્યક્તિઓના નિવેદનો તેઓએ લીધેલ નથી અને આ ચાર શહેરોમાંથી કોઈપણ જગ્યાએથી આરોપી નં. ૦૩ નો કોઈ ગુન્હાહીત ઈતિહાસનો રીપોર્ટ તેઓએ મેળવેલ નથી.

(૨૩.૩) તેઓએ રજુઆત કરેલ છે કે, આરોપી નં. ૦૩ સામે ભોગ બનનારને ડરાવી, ધમકાવી, લલચાવી દેહવ્યાપારમાં ધકેલી દેવાનો આક્ષેપ રહેલ છે. ફરિયાદ પક્ષના પુરાવાઓથી આરોપી નં. ૦૩ સામેનો આ આક્ષેપ પુરવાર થતો નથી. તેઓએ જણાવેલ છે કે, આ કામના ભોગ બનનારની જુબાની આંક–૩૦ થી નોંધાયેલ છે અને ખુદ ભોગ બનનારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેણી જાતે જ બાંગ્લાદેશથી નિકળેલ. ભોગ બનનાર તેમની જુબાનીમાં તેમને આરોપી નં. ૦૩ નાએ ભારત બોલાવેલ હોય કે શુટીંગ કરવા કે મોડેલીંગ કરવા કોઈ લાલચ આપી હોય તેવી કોઈ હકીકત જણાવતા નથી. ફરિયાદ પક્ષના કેસ મુજબ ભોગ બનનાર આરોપી નં. ૦૩ ના ઘરે આવેલ અને ત્યાં રોકાયેલ પરંતુ રેકર્ડ ઉપર એવી હકીકત સ્પષ્ટ થાય છે કે, ભોગ બનનાર આરોપી નં. ૦૩ ના ઘરે મુંબઈ આવેલ હોય ત્યાં સુધીમાં આરોપી નં. ૦૩ સાથે કોઈ વાર્તાલાપ ભોગ બનનારને થયેલ જ નથી. આથી આરોપી નં. ૦૩ સામે પાયાવિહોણા આક્ષેપો રહેલા છે. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૨૨/૦૮/૨૦૨૩ થી તા. ૨૯/૦૮/૨૦૨૩ સુધી તેઓ આરોપી નં. ૦૩ ના ઘરે રહેલા અને આ સમય દરમ્યાન ભોગ બનનારને આરોપી નં. ૦૩ નાએ કોઈ લાલચ આપી હોય કે ડરાવી, ધમકાવી હોય તેવી કોઈ હકીકત ભોગ બનનાર તેમની જુબાનીમાં જણાવતા નથી. ભોગ બનનારે તેમની નિવેદનમાં એવી હકીકત જણાવેલ છે કે, આરોપી નં. ૦૩ ના ઘરે રહેતી ત્યારે આ સમય દરમ્યાન હરવા ફરવા જતી અને સમય પસાર કરતી. જો ભોગ બનનારના કથન અનુસાર સાત દિવસો ભોગ બનનાર આરોપી નં. ૦૩ ના ઘરે રહેલા હોય અને તે દરમ્યાન કોઈ એવી હીલચાલ થયેલ હોય કે આવી કોઈ ગુન્હાહીત હકીકત સાથે સંકળાયેલ કોઈ વાત બની હોય તો ચોક્કસપણે ભોગ બનનારે તેમની જુબાનીમાં જણાવેલ હોત. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેમની જુબાનીમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેણીએ તેના નિવેદનમાં તેણી હરવા ફરવા જતી હોવાનું જણાવેલ છે. પરંતુ તપાસ કરનાર અધિકારીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ભોગ બનનારે તેમના રૂબરૂના નિવેદનમાં આ હકીકત જણાવેલ છે. આમ, વિસંગતતા પુરવાર થાય છે. તેઓએ

રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, સોનીયાએ તેમની પુછેલ કે, તમે અહીં કેમ આવ્યા છો? જો આરોપી નં. ૦૩ નાએ દેહવ્યાપાર કરાવવા માટે ભોગ બનનારને બોલાવેલ હોય તો આરોપી નં. ૦૩ ને આવી કોઈ પુછવાની જરૂર જ નથી.

(૨૩.૪) તેઓએ વિશેષમાં રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તા. ૨૯/૦૮/૨૦૨૩ ના રોજ સોનીયાએ વલસાડ રાખડી બાંધવા જવાનું કહેલ. ભોગ બનનારે ફેરવીને એવી કહેલ છે કે, ફરવા જવાનું કહેલુ. તપાસ કરનાર અધિકારીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ભોગ બનનારે તેમની નિવેદનમાં એવુ જણાવેલ કે, સોનીયાએ રાખડી બાંધવા વલસાડ જવાનું જણાવેલુ. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, સોનીયા સાથે વલસાડ જે ભાઈને ત્યાં ગયેલા તે ભાઈ ત્યાં તેમના ફેમીલી સાથે રહેતા હતા અને તેઓ અને સોનીયા ત્યાં રાત રોકાયેલા. તેથી આરોપી નં. ૦૩ ભોગ બનનારને વલસાડ મુકામે કોઈ વેશ્યાગૃહમાં લઈ ગયેલ હોય તે પુરવાર થતુ નથી. ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં ઈન્કાર કરેલ છે કે, વલસાડ ખાતે રોકાણ કરી સોનીયાના ભાઈ ગુરૂભાઈને રાખડી બાંધેલ. જ્યારે કે તપાસ કરનાર અધિકારીએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે તેમના સમક્ષના નિવેદનમાં આ હકીકત જણાવેલી. તપાસ કરનાર અધિકારીએ ભોગ બનનાર અને આરોપી નં. ૦૩ વલસાડ મુકામે જેમના ઘરે ગયેલ તે વ્યક્તિ કે જે ગુરૂભાઈને રાખડી બાંધેલ તે વ્યક્તિને કોઈ નિવેદન લીધેલ નથી. ભોગ બનનાર તેમની જુબાનીમાં એવી કોઈ હકીકત જણાવતા નથી કે, આવી કોઈ જગ્યાએ તેણીને ડરાવી, ધમકાવી, લલચાવી હોય અને તે રીતે તે રાખી હોય.

(૨૩.૫) વિદ્વાન વકિલશ્રી ગાંધીએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેમની જુબાનીમાં વડોદરા અને અમદાવાદ ખાતે હોટલમાં તેમની સાથે બનાવ બનેલ હોવાનું જણાવેલ છે. પરંતુ ફરિયાદ પક્ષના પુરાવાઓના આધારે એવી કોઈ હકીકત સ્પષ્ટ થતી નથી કે, વડોદરા અને અમદાવાદની કોઈ હોટલમાં ભોગ બનનાર આરોપી નં. ૦૩ સાથે હતા. તેઓએ જણાવેલ છે કે, ફરિયાદ પક્ષના સાહેદ નં. ૧૩ મહેન્દ્રભાઈ પાટીદારે તેમની જુબાનીમાં ઝાકીયા અને સોનીયા નામની બે સ્ત્રી મુસાફરો તેમની હોટલમાં આવેલ હોવાનું અને તેમને રૂમ ફાળવેલ હોવાનું જણાવેલ છે. આમ, આ સાહેદના

પુરાવાથી કોઈ ઝાકીયા નામની સ્ત્રીનું નામ ખુલેલ છે. તપાસ કરનાર અધિકારીએ આ ઝાકીયા નામની સ્ત્રી વિશે કોઈ તપાસ કરેલ નથી કે તેમના પુરાવામાં કોઈ ખુલાસો કરેલ નથી. આ સાહેદ નં. ૧૩ મહેન્દ્ર પાટીદારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ક્યારેય હોટલ સાંઈપીલામાં પાર્ટનર ન હતા અને તેઓએ સ્વીકારેલ છે કે, હોટલનું રજીસ્ટર તેઓ જાતે નિભાવતા હતા અને જે કોઈ વ્યક્તિ રૂમ લેવા આવે તેને તેઓ તેમનું નામ, ઉંમર જેવી વિગતો પુછી આઈ કાર્ડ લે છે અને ઓળખ કાર્ડનો ફોટો અને રૂમ લેવા આવેલ વ્યક્તિનો ચહેરો મળતો આવે તો જ તેઓ રૂમ ફાળવે છે. આ સાહેદે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આંક–૧૬૬ વાળા રજીસ્ટરની એન્ટ્રી નં. ૧૩૯ માં ઉંમર ૨૨ વર્ષ અને ૨૬ વર્ષ હોવાનું નોંધેલ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, આંક–૧૬૬ ના રજીસ્ટરના કોલમ નં. ૦૫ માં નેશનાલીટી વિથ પાસપોર્ટ નંબર અને તારીખ નું કોલમ રહેલ છે અને તેમાં કોઈ વિગત લખવામાં આવેલ નથી. આમ, એ હકીકત સ્પષ્ટ થાય છે કે, ભોગ બનનાર આરોપી નં. ૦૩ સાથે વડોદરા અને અમદાવાદની હોટલ ઉપર હાજર જ ન હતા. ભોગ બનનારના પુરાવાના આધારે ભોગ બનનાર ખોટું બોલતા હોવાનું જણાય આવે છે. ભોગ બનનાર તેમની જુબાનીમાં તેમની પાસે કોઈ ફોન ન હોવાનું કહે છે જ્યારે કે તપાસ કરનાર અધિકારી એવુ કહે છે કે, ભોગ બનનાર પાસે બે ફોન હતા અને બન્ને ચાલુ હતા. ખુદ ભોગ બનનારના પુરાવા ઉપરથી સ્પષ્ટ થાય છે કે, આરોપી નં. ૦૩ જ્યાં ગયેલ છે ત્યાં બધા પરિવાર સાથે જ રહેતા હતા અને તેથી આરોપી નં. ૦૩ કોઈ દેહવ્યાપારનો ધંધો કરાવતા હોય તેવુ સાબિત થતુ નથી.

(૨૩.૬) વિદ્વાન વકિલશ્રી ગાંધીએ તેમની મૌખિક રજુઆતોમાં જણાવેલ છે કે, આરોપી નં. ૦૩ વિરુધ્ધ ધી ઈમ્મોરલ ટ્રાફીક (પ્રિવેન્શન) એક્ટ મુજબના ગુન્હાનો આરોપી રહેલ છે. આ કાયદાની જોગવાઈ મુજબ જ્યારે નાણા કે વસ્તુના બદલામાં કોઈ સ્ત્રી પાસે દેહવ્યાપાર કરાવવામાં આવે ત્યારે આ કાયદા મુજબનો ગુન્હો બનવા પામે છે. ફરિયાદ પક્ષના પુરાવાઓમાં એવો કોઈ પુરાવો રહેલ નથી કે, આરોપી નં. ૦૩ નાએ પૈસા લઈ ભોગ બનનારને ગ્રાહકો પાસે મોકલી ભોગ બનનાર પાસે દેહવ્યાપાર કરાવેલ છે અને એવો પણ કોઈ પુરાવો રહેલ નથી કે, કોઈપણ ગ્રાહકોએ ભોગ બનનારને નાણા ચુકવી ખરીદેલ હોય કે મેળવેલ હોય. આ સંજોગોમાં આરોપી નં. ૦૩ સામે ભોગ બનનારને દેહવ્યાપારમાં ધકેલવાનો કે ભોગ બનનાર પાસે દેહવ્યાપાર કરાવવાનો આક્ષેપ સાબિત થતો નથી.

(૨૩.૭) વિદ્વાન વકિલશ્રી ગાંધીએ તેમની મૌખિક દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ રાખી રજુઆત કરેલ છે કે, હાથ ઉપરના કેસમાં આરોપી નં. ૦૩ નાએ ભોગ બનનારને બાંગ્લાદેશથી ભારતમાં શુટીંગ કરવાની કે મોડેલીંગનું કામ આપવાની કોઈ લાલચ આપી બોલાવેલ હોય અને ભોગ બનનારને કોઈ નાણા કે વસ્તુ ના બદલામાં કોઈ ગ્રાહકને વેચી ભોગ બનનાર પાસે દેહવ્યાપાર કરાવેલ હોય કે તેવા ગ્રાહક પાસેથી નાણા મેળવેલ હોય કે કોઈ સ્થળે વેશ્યાગૃહ ચલાવી તેવા કોઈ વેશ્યાગૃહમાં ભોગ બનનાર પાસે દેહવ્યાપાર કરાવી તેના થકી નાણા મેળવી તે નાણા ઉપર પોતાનું જીવન ગુજારેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી. તેઓએ તેમની રજુઆતના સમર્થનમાં રજુ રખાયેલ ચુકાદાઓના સંદર્ભમાં રજુઆત કરેલ છે કે, આરોપી નં. ૦૩ નાએ ભોગ બનનારને કોઈ લાલચ આપી, ડરાવી કે ધમકાવી કોઈપણ સ્થળે ગોંધી રાખેલ હોય કે ભોગ બનનાર પાસે કોઈપણ સ્થળે દેહવ્યાપાર કરાવેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી અને તેથી ઈમ્મોરલ ટ્રાફીક એક્ટની કોઈ જોગવાઈ લાગુ પડતી નથી. તેઓએ નીચે મુજબના ચુકાદાઓ ટાંકી રજુઆત કરેલ છે કે, જો ભોગ બનનારને તેણીની મરજી વિરુધ્ધ કોઈ જગ્યાએ રાખવામાં આવેલ હોય કે લઈ જવામાં આવેલ હોય તો રેકર્ડ ઉપર સ્પષ્ટ થયેલ હકીકતો મુજબ ભોગ બનનાર બે મોબાઈલ ફોન ધરાવતા હતા અને તેઓ ઘણો સમય કોઈ સ્થળે એકલા પણ રહેલા છે તેથી તેમને તે સ્થળે થી નાશી જવાનો કે સ્થળ છોડી જતા રહેવાનો કે કોઈની મદદ મેળવવાનો મોકો રહેલ હતો તેમ છતાં તેઓએ આવુ કશું કરેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, કાયદાના સ્થાપિત સિદ્ધાંતો મુજબ આરોપી નં. ૦૩ કોઈ સ્થળે વેશ્યાગૃહ ચલાવતા હોય અને નાણાના બદલામાં તેવા વેશ્યાગૃહમાં ભોગ બનનાર પાસે દેહવ્યાપાર કરાવેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થતી ન હોય આરોપી નં. ૦૩ સામેના આક્ષેપિત તહોતમની હકીકત પુરવાર થતી નથી. તેઓએ એવી રજુઆત કરેલ છે કે, આરોપી નં. ૦૩ વિરુધ્ધ કોઈ દેહવ્યાપાર કરાવવાનો ગુન્હાહીત ઈતિહાસ કે કોઈ ફરિયાદ રહેલ નથી, દેહવ્યાપાર એ આરોપી નં. ૦૩ ની આજીવિકાનું સાધન નથી, આરોપી નં. ૦૩ નાએ કોઈ નાણાની લેવડ દેવડ અન્ય સહઆરોપીઓ સાથે કરેલી નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનાર બાંગ્લાદેશથી તેમની જાતે એકલા નિકળેલા અને ખુદ ભોગ બનનાર સ્વીકારેલ છે કે, તેમને ઘણી જગ્યાએ પોલીસ મળેલી, તેમ છતાં ભોગ બનનારને સરન્ડર થવાની તેમજ નાસી જવાની અને કોઈની મદદ મેળવવાની તક હોવા છતાં તેઓએ કરેલ નથી. વિદ્વાન વકિલશ્રીએ તેમની રજુઆતના અંતમાં

જણાવેલ છે કે, આરોપી નં. ૦૩ સામે આક્ષેપાયેલા તહોમતની કોઈ હકીકતો નિઃશંકપણે પુરવાર થયેલ નથી તેથી આરોપી નં. ૦૩ ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

(૨૩.૮) આરોપી નં. ૦૩ તરફે વિદ્વાન વકિલશ્રી ઝેડ.એ.ગાંધીએ તેમની મૌખિક દલિલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ રાખેલ છે.

(૧) પદમા વિરુધ્ધ એન.સી.ટી. દિલ્હી ક્રિમીનલ અપીલ. ૧૫૫૬/૨૦૧૩.
(૨) ગોએન્કા સજન કુમાર વિરુધ્ધ સ્ટેટ ઓફ આંધ્ર પ્રદેશ ક્રિમીનલ અપીલ નં. ૪૧૬૧/૨૦૧૪.
(૩) સંત રામ વિરુધ્ધ સ્ટેટ ઓફ દિલ્હી ક્રિમીનલ અપીલ. ૪૭/૨૦૧૫
(૪) રવિ મેનન વિરુધ્ધ સ્ટેટ ઓફ કેરલા ક્રિમીનલ અપીલ નં. ૬૫૩/૨૦૦૯.

<u>આરોપી નં.૦૪ તરફે વિદ્વાન વકીલશ્રી આર.એચ.સોનારા ની મૌખીક દલીલોઃ–</u>

(૨૪) આરોપી નં.૦૪ તરફે વિદ્વાન વકિલશ્રી આર.એચ.સોનારાએ તેમની મૌખિક રજુઆતમાં જણાવેલ છે કે, આરોપી નં. ૦૪ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬એ, ૩૬૬બી, ૩૭૦(૪), ૩૭૦એ(૧), ૩૭૨, ૩૭૩, ૩૭૬, ૧૨૦(બી), તેમજ જાતીય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ ૪, ૬ અને ૧૬, તેમજ ધી ઈમમોરલ ટ્રાફીક (પ્રિવેન્શન) એક્ટ ૧૯૫૬ ની કલમ ૦૫(૧)(ડી) અને કલમ ૪(૧) મુજબના ગુન્હાનું તહોમત રહેલ છે. ફરિયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલા પુરાવાઓથી આરોપી નં. ૦૪ સામે આક્ષેપાયેલ ગુન્હાનું તહોમત પુરવાર થતુ નથી.

(૨૪.૧) તેઓએ રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષના કેસ મુજબ આરોપી નં. ૦૪ સામે માત્ર ભોગ બનનારને રીક્ષામાં હોટલે છોડેલ તેટલો જ આક્ષેપ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, તપાસ કરનાર અધિકારી શ્રી ડાભીએ તેમની ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, આરોપી નં. ૦૪ અમૃતભાઈ ભોગ બનનારને તેણીની ઈચ્છા વિરુધ્ધ એક હોટલથી બીજી હોટલે લઈ ગયેલ હોય તેવો કોઈ પુરાવો રહેલ નથી અને

ભોગ બનનાર કોઈપણ હોટલ ખાતે તેની સાથે આચરવામાં આવેલ દુષ્કર્મનો વિરોધ દર્શાવેલ હોય તે અંગે સ્વતંત્ર સાહેદોના નિવેદનમાં કોઈ હકીકત જણાય આવેલ નથી અને આરોપી નં. ૦૪ નાએ ભોગ બનનારનું કોઈ અપહરણ કરેલ નથી કે ભોગ બનનારને બાંગ્લાદેશથી ભારતમાં લાવેલ નથી કે બોલાવેલ નથી અને આરોપી નં. ૦૪ નાએ ભોગ બનનારને કોઈ અન્ય વ્યક્તિને વેચેલ હોય કે કાયમી માટે ખરીદેલ હોય તેવુ બનેલ નથી તથા તમામ આરોપીઓએ એક સાથે મળી એક જગ્યાએ ભેગા થઈ ગુન્હાહીત કાવતરૂ રચેલ હોય તેવો કોઈ પુરાવો તપાસના કામે મળી આવેલ નહી. તેમજ આરોપી નં. ૦૪ નાએ ભોગ બનનારને તેની ઈચ્છા વિરુધ્ધ ગોંધી રાખેલ હોય તેવુ બનેલ નથી. આમ, સમગ્ર તપાસમાં આરોપી નં. ૦૪ વિરુધ્ધ કોઈ પુરાવો આવેલ નથી. આરોપી નં. ૦૪ નાએ અમદાવાદમાં કોઈ ગ્રાહકને ભોગ બનનાર પાસે મોકલેલ હોય અને ભોગ બનનાર પાસે દેહવ્યાપાર કરાવેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તેઓએ જણાવેલ છે કે, ફરિયાદ પક્ષના કેસ મુજબ આરોપી નં. ૦૪ નાએ રીક્ષામાં ભોગ બનનારને હોટલ ઉપર છોડેલ અને આ હકીકતની સાબિતી માટે ફરિયાદ પક્ષ દ્વારા કોઈ રીક્ષા નંબર પણ રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી.

(૨૪.૨) વિદ્વાન વકિલશ્રી સોનારાએ વધુમાં રજુઆત કરેલ છે કે, આરોપી નં. ૦૪ નાએ નાણા મેળવી કોઈ ગ્રાહકને ભોગ બનનાર પાસે મોકલી ભોગ બનનાર પાસે દેહવ્યાપાર કરાવેલ હોય કે તેવા કોઈ કૃત્યમાં એજન્ટ તરીકે કામગીરી કરેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી. આ સંજોગોમાં આરોપી નં. ૦૪ વિરુધ્ધના તહોતમની હકીકત નિઃશંકપણે પુરવાર થતી ન હોય શંકાનો લાભ આરોપી નં. ૦૪ ને આપી આરોપી નં. ૦૪ ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

<u>આરોપી નં.૦૫ અને ૦૮ તરફે વિદ્વાન વકીલ શ્રી સી.કે.પટેલની મૌખીક દલીલોઃ–</u>

(૨૫) આરોપી નં.૦૫ અને ૦૮ તરફે વિદ્વાન વકિલશ્રી સી.કે.પટેલે તેમની મૌખિક રજુઆતમાં જણાવેલ છે કે, આ કામે આરોપીઓ વિરુધ્ધ ફરમાવવામાં આવેલા તહોતમનામાને લાગે વળગે ત્યાં સુધી સૌપ્રથમ આંક–૧૯ થી તહોમતનામું આરોપીઓ વિરુધ્ધ ફરમાવવામાં આવેલ અને તે તહોમતનામામાં પણ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૦એ, ૩૭૨, ૩૭૬, ૧૨૦(બી) તેમજ જાતીય ગુન્હાઓ સામે બાળકોને

રક્ષણ આપતા અધિનિયમની કલમ ૩(એ) અને ૪ તેમજ ધી ઈમ્મોરલ ટ્રાફીક (પ્રિવેન્શન) એક્ટ ૧૯૫૬ ની કલમ ૦૫(૧)(ડી),(૨) મુજબના ગુન્હાનું તહોમત રહેલ. તેઓએ રજુઆત કરેલ છે કે, ત્યારબાદ ફરિયાદ પક્ષ દ્વારા સાહેદો તપાસવાની કામગીરી હાથ ધરવામાં આવેલી અને ભોગ બનનારની સાહેદની સાહેદ નં. ૦૧ તરીકે આંક–૩૦ થી તપાસવામાં આવેલ અને ત્યારબાદ કોઈપણ કારણોસર ફરિયાદ પક્ષ તરફે આંક–૩૭ ની અરજી આપી તહોમતનામું સુધારવા રજુઆત કરવામાં આવેલ અને તે અરજી મંજુર કરવામાં આવતા આંક–૪૪ આરોપીઓ વિરુધ્ધ સુધારેલુ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

(૨૫.૧) વિદ્વાન વકિલશ્રી પટેલે તેમની રજુઆતોમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ દ્વારા આપવામાં આવેલ તહોમતનામામાં સુધારો કરવાની અરજી સામે આરોપી પક્ષ તરફે વાંધો લેવામાં આવેલો પરંતુ તે વાંધો ગ્રાહ્ય રાખવામાં આવેલ નહી. તેઓએ રજુઆત કરેલ છે કે, તહોમતનામું ફરમાવવાની બાબત સંપુર્ણપણે અદાલતના અધિકારની બાબત રહેલ છે પરંતુ તહોમતનામું ઘડતા સમયે ફરિયાદ પક્ષની શું જવાબદારી છે? તે બાબત નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા અનેક ચુકાદાઓમાં નિર્ણીત કરવામાં આવેલ છે. ફરિયાદ પક્ષ તરફે તહોમતનામુ ફરમાવતા સમયે ગુન્હાની હકીકત સાબિત કરવા માટે આધાર રખાયેલા તમામ પુરાવાઓ રજુ કરી દેવાના રહે છે. આ કામે ફરિયાદ પક્ષ દ્વારા આરોપીઓ વિરુધ્ધના તહોતમનામાની હકીકત સાબિત કરવા માટે કુલ–૧૯ સાહેદોને તપાસવામાં આવેલા છે અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે. કાયદાની જોગવાઈ મુજબ તહોમતનામમું ઘડતા પહેલા ફરિયાદ પક્ષ જે દસ્તાવેજી પુરાવાઓ ઉપર આધાર રાખે છે તેવા પુરાવાઓ નામદાર કોર્ટમાં રજુ કરી દેવાના રહે છે. પરંતુ આ કેસમાં ફરિયાદ પક્ષ દ્વારા કાર્યવાહીના અલગ અલગ તબક્કે ચાર અલગ અલગ દસ્તાવેજી પુરાવા લિસ્ટથી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

(૨૫.૨) વિદ્વાન વકિલશ્રી પટેલે રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષના કેસના આધારે અને ખુદ ભોગ બનનારના પુરાવાના આધારે સમગ્ર ચિત્ર સ્પષ્ટ બનેલ છે કે, એક સ્ત્રી એક મક્કમ ઈરાદા સાથે અને સંપુર્ણ મન બનાવી બાંગ્લાદેશ ખાતેના પોતાના વતનના ઘરેથી એકલા નિકળે છે અને ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરે છે અને

તેમણે તેમના ઘરેથી શરૂ કરેલ મુસાફરીથી ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કર્યો તે સમય દરમ્યાન અલગ અલગ વ્યક્તિઓની મદદથી અલગ અલગ પ્રકારે અલગ અલગ વાહનોમાં મુસાફરી કરી વિવિધ જગ્યાઓએ રોકાયેલ અને દિવસે અને રાત્રે મુસાફરી કરી રાત્રીના સમયે ગેરકાયદેસર રીતે સરહદ ઓળંગી ભારતમાં ગેરકાયદેસર પ્રવેશ કરેલ. આ બધી હકીકતો એ બાબત દર્શાવે છે કે, ભોગ બનનાર સગીર રહેલા નથી અને તેઓ પુખ્ત ઉંમરના અને પીઢ રહેલા છે. ભોગ બનનારની ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરવાની અને તે માટે અલગ અલગ વ્યક્તિઓની મદદ મેળવી અલગ અલગ જગ્યાએ રોકાય અલગ અલગ રીતે મુસાફરી કરવાની વર્તણુક પણ નોંધપાત્ર છે. કોઈ સગીર વ્યક્તિ આ રીતે જોખમ ખેડી આવી વિકટ પરિસ્થિતિમાં ગેરકાયદેસર રીતે સરહદ ઓળંગી શકે નહી. ભોગ બનનારની વર્તણુક દર્શાવે છે કે, તેઓ મક્કમ ઈરાદાથી ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરવા માટે મન બનાવી ઘરના કોઈ સભ્યોને જાણ કર્યા વિના ઘરેથી એકલા નિકળી જે કોઈ વ્યક્તિઓની મદદ મેળવવાની હતી તેમની સાથે સંપર્કો કરી ક્યાં સમયે સરહદ ઓળંગવી યોગ્ય અને સુરક્ષિત છે તેની જાણકારી મેળવી મધ્ય રાત્રીએ ગેરકાયદેસર રીતે સરહદ ઓળંગી ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશેલ છે. ભોગ બનનારની આ માનસિકતા જ દર્શાવે છે કે, તેણીને ભારતમાં આવવા માટે કોઈ લાલચ, પ્રલોભન કે કોઈ ધમકી આપવામાં આવેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, સામાન્ય માનવીની વર્તણુક મુજબ કોઈ સ્ત્રી આ રીતે ઘરના કોઈ સભ્યોને જાણ કર્યા વિના ઘરેથી એકલા ગેરકાયદેસર રીતે સરહદ ઓળંગવાની હકીકત જાણતા હોવા છતાં જોખમ કેળવી આ રીતે મધ્ય રાત્રીએ ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરી શકે નહી. ભોગ બનનારની આ વર્તણુક જોતા કોઈપણ સામાન્ય ડહાપણ ધરાવતા વ્યક્તિ એવુ કહી શકે નહી કે, ભોગ બનનાર સગીર અને અણસમજુ છે.

(૨૫.૩) તેઓએ તેમની મૌખિક રજુઆતોમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૦૧ તરીકે આંક–૩૦ થી ભોગ બનનારને તપાસવામાં આવેલા છે અને ભોગ બનનારે તેમની સરતપાસમાં તેમના નિવેદનથી વિરુધ્ધની ખુબ જ વધારે ચઢાવી હકીકતો જણાવેલ છે. ભોગ બનનારની સરતપાસ ઘણા પાનાઓમાં સમાયેલી છે અને ભોગ બનનારની સરતપાસમાં ઉદ્ભવેલી વિસંગતતાઓ, વિરોધાભાસ અને ઉમેરાયેલી હકીકતો આરોપીઓ તરફે તપાસ કરનાર અધિકારીની ઉલટ તપાસ દરમ્યાન સાબિત કરવામાં આવેલ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, કાયદાના સ્થાપિત સિદ્ધાંતો મુજબ

જો ભોગ બનનારનો પુરાવો સંપુર્ણપણે વિશ્વસનિય, માનવાલાયક અને શ્રેષ્ઠ રહેલ હોય તો તેવા પુરાવાને સમર્થનનો આગ્રહ રાખી શકાય નહી, પરંતુ જ્યારે આ કેસની હકીકતો મુજબ ભોગ બનનારના પુરાવાઓમાં મોટા ભાગે વિરોધાભાસ, વિસંગતતાઓ અને પોલીસ રૂબરૂના નિવેદનથી વિરુદ્ધ ની વધારે પડતી હકીકતો રહેલી હોય ત્યારે તેવા પુરાવાને વિશ્વસનિય અને માનવાલાયક ગણી શકાય નહી. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારના પુરાવામાંથી આ બધી વિરોધાભાસ, વિસંગતતા અને ઉમેરો કરાયેલી હકીકતો દુર કરી દેવામાં આવે તો એ સવાલ ઉભો થાય કે શું ભોગ બનનારના પુરાવાના બાકી રહેતા ભાગ ઉપર અદાલત વિશ્વાસ કરી શકે તેવો પુરાવો રહેલો છે? અને શું આવા પુરાવાના આધારે સત્ય શોધી શકાય તેમ છે?

(૨૫.૪) તેઓએ વધુમાં જણાવેલ છે કે, ભોગ બનનારના પુરાવાનું મુલ્યાંકન કરતા ભોગ બનનારનો પુરાવો વિરોધાભાસી અને વિસંગત હકીકતોથી ભરેલો છે અને ભોગ બનનારે ઈરાદા પુર્વક તેમના નિવેદન કરતા વધારે ચઢાવી હકીકતો તેમની સરતપાસમાં જણાવી છે અને તેથી ભોગ બનનારના આવા એકમાત્ર પુરાવાઓ ઉપર આધાર રાખી આરોપીઓ સામેના તહોમતની સાબિતી થયાનું કહી શકાય નહી. તેઓએ રજુઆત કરેલ છે કે, હાથ ઉપરના કેસમાં એકમાત્ર ભોગ બનનારનો પુરાવો સમગ્ર કેસના નિર્ણય માટે રહેલ છે અને ભોગ બનનારના પુરાવાને કોઈ તબીબી પુરાવાઓ કે એફ.એસ.એલ. ના પુરાવાઓ કે કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. ફરિયાદ પક્ષ દ્વારા આરોપીઓ સામેના તહોમતની સાબિતી માટે એક પણ સ્વતંત્ર સાહેદને તપાસવામાં આવેલા નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, નામદાર સર્વોચ્ચ અદાલત અને વિવિધ નામદાર ઉચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલા સિદ્ધાંતો મુજબ અદાલતની એ પ્રાથમિક ફરજ છે કે, અદાલતે ફરિયાદ પક્ષનો પુરાવો કાળજીપુર્વક મુલ્યાંકિત કરવાનો રહે છે.

(૨૫.૫) વિદ્વાન વકિલશ્રી પટેલે રજુઆત કરેલ છે કે, આ કેસમાં રહેલ ભોગ બનનાર કોઈ ગેરકાયેદસર કાર્ય કરવાના ઈરાદાથી ગેરકાયદેસર હેતુથી ગેરકાયદેસર રીતે પોતાના દેશમાંથી ભારતમાં પ્રવેશેલ છે. આ કેસમાં તમામ તપાસનીશ એજન્સી આ બાબતની તપાસ કરવામાં સંપુર્ણપણે નિષ્ફળ રહેલ છે. ફરિયાદ પક્ષના કેસ મુજબ જ ભોગ બનનાર ગેરકાયેદસર રીતે ભારતમાં પ્રવેશેલ છે તેમ છતાં તપાસનીશ એજન્સી

દ્વારા આ હકીકત બાબતે કોઈ તપાસ હાથ ધરવામાં આવેલ નથી અને ભોગ બનનાર સામે ગેરકાયેદસર રીતે ભારતમાં પ્રવેશ કરવા અંગે કોઈ કાર્યવાહી પણ કરેલ નથી.

(૨૫.૬) વિદ્વાન વકિલશ્રી પટેલે તેમની દલીલોમાં જણાવેલ છે કે, તપાસ કરનાર અધિકારીને ભોગ બનનારના જન્મ બાબતે તપાસ દરમ્યાન કોઈ આધાર પુરાવો મળી આવેલ નથી અને ફરિયાદ પક્ષ પાસે ભોગ બનનારના જન્મ કે ઉંમર બાબતે કોઈ દસ્તાવેજી પુરાવો રહેલ ન હોવાનું સ્વીકૃત રહેલ છે. તેમ છતાં હાલના કેસમાં ફરિયાદ પક્ષ ભોગ બનનારની ચોક્કસ જન્મ તારીખ સાથે આરોપીઓ સામે જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમના ગુન્હાની સાબિતી માટે અને આરોપીઓને કસુરવાર ઠરાવવા માટે આવેલ છે. જ્યારે ફરિયાદ પક્ષ ભોગ બનનારની ચોક્કસ જન્મ તારીખ સાથે આવેલ હોય અને તેના સમર્થનમાં તપાસ દરમ્યાન કોઈ દસ્તાવેજી આધાર પુરાવા મળી આવેલ ન હોય તે તપાસની નિષ્ફળતા દર્શાવે છે અને આવા મુખ્ય અને મહત્વના દસ્તાવેજી આધાર પુરાવા વિના ભોગ બનનારના એકમાત્ર અવિશ્વસનિય મૌખિક પુરાવાના આધારે જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ મુજબના ગુન્હાની સાબિતી થયાનું કહી શકાય નહી.

(૨૫.૭) તેઓએ રજુઆત કરેલ છે કે, કાયદાની જોગવાઈ મુજબ તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા સ્થાપિત કરવામાં આવેલા સિદ્ધાંતો મુજબ પોક્સો એક્ટના કેસમાં ભોગ બનનારની ઉંમર સાબિત કરવા માટે સૌપ્રથમ ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર અને જો તેવુ જન્મનું પ્રમાણપત્ર ન હોય તો ભોગ બનનારનું શાળાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહે છે. હાલના કેસમાં આ બન્ને પૈકી કોઈપણ દસ્તાવેજી પુરાવા ફરિયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ નથી. કાયદાની જોગવાઈ મુજબ આ બન્ને પ્રમાણપત્રોની ગેરહાજરીમાં ભોગ બનનારની ઉંમર નક્કી કરવા માટે ત્રીજો વિકલ્પ તબીબી ટેસ્ટ રહેલ છે. હાલના કેસમાં ભોગ બનનારનો ઉંમર નક્કી કરવા બાબતનો કોઈ માન્ય ટેસ્ટ રજુ થયેલ નથી અને માત્ર એક તબીબી અભિપ્રાય ભોગ બનનારની ઉંમર માટે રહેલો છે. આ અભિપ્રાય આપનાર ડોક્ટર મિલીનસીંધ દ્વારા તેમની ઉલટ તપાસમાં સ્વીકારવામાં આવેલ છે કે, કે.એસ.નારણાય રેડ્ડી મેડીકલ જ્યુરીસપ્રુડન્સ માટે એક ખ્યાતી પ્રાપ્ત લેખક છે અને એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં પણ તેમની લીખીત ફોરેન્સીક મેડીસીન એન્ડ ટેક્ષોકોલોજીની બુક રીફર

કરવામાં આવતી હોય છે અને તેમની લીખીત આ બુકના ૨૮ એડીશન ૨૦૦૯ ના પાના નં. ૬૨ ઉપર કેલ્ફીકેશન એન્ડ ઈરપશન ઓફ ડેસીપ્યસ ટીથ નું ટેબલ છે જે ટેબલમાં થર્ડ મોલર ટીથ ૧૭ થી ૨૫ વર્ષની ઉંમરે જોવા મળે છે તેવો જે અભિપ્રાય આપેલ છે તેની સાથે તેઓ સંપુર્ણપણે સહમત છે. આ ડોક્ટરે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ડોક્ટર દ્વારા નક્કી કરવામાં આવતી ઉંમર એ પુરાવો નથી અને માત્ર અભિપ્રાય છે. આમ, આ કામે ભોગ બનનારની ઉંમર બાબતે રહેલો તબીબી અભિપ્રાય એ પુરાવો રહેલ નથી અને માત્ર અભિપ્રાય છે. ફરિયાદ પક્ષ પાસે આ તબીબી અભિપ્રાય સિવાય ભોગ બનનારની ઉંમર બાબતેનો કોઈ પુરાવો નથી. કાયદાના સ્થાપિત સિદ્ધાંત મુજબ અભિપ્રાય કે અનુમાન પુરાવાનું સ્થાન લઈ શકે નહી. જો ફરિયાદ પક્ષ આ કામે ભોગ બનનારની ઉંમર સાબિત કરવા માટે આ તબીબી અભિપ્રાય ઉપર આધાર રાખતા હોય તો તેના સમર્થનમાં વિશ્વસનિય પુરાવાઓ રજુ કરવા પાડે અને આવા સમર્થનકારી પુરાવાઓના અભાવે આ તબીબી અભિપ્રાયને પુરાવા તરીકે સ્વીકારી શકાય નહી. તેઓએ આપણી નામદાર ઉચ્ચ અદાલતના જયરાજસિંહ જાડેજા વિરુધ્ધ રાજયના કેસના ૨૦૨૫ (૪) જી.એલ.એચ. ૭૧૭ ઉપર પ્રસિદ્ધ થયેલ ચુકાદો ટાંકી રજુઆત કરેલ છે કે, નામદાર ઉચ્ચ અદાલત દ્વારા આ કેસમાં ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર અને શાળા છોડ્યાનું પ્રમાણપત્ર નહી માંની આરોપીને ફરમાવવામાં આવેલ સજાનો ચુકાદો ફેરવી નાખેલ છે. આમ, ફરિયાદ પક્ષ માત્ર અનુમાનના આધારે ભોગ બનનારની ઉંમર પુરવાર થયાનું કહી શકે નહી. ભોગ બનનારની ઉંમર પુરવાર કરવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહેલ છે અને આરોપી પક્ષે માત્ર શંકા કે શક્યતા દર્શાવવાની રહે છે. ફરિયાદ પક્ષ દ્વારા આરોપીઓ સામે મુકવામાં આવેલ તહોમતની દરેક હકીકત અને વિગત નિઃશંકપણે પુરવાર કરવાની રહે છે.

(૨૫.૮) તેઓએ રજુઆત કરેલ છે કે, જયારે ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર અને શાળાનું જન્મ તારીખનું પ્રમાણપત્ર મળે તેમ ન હોય ત્યારે ઓસીફીકેશન ટેસ્ટના આધારે ભોગ બનનારની ઉંમર નક્કી કરી શકાય છે. હાલના કિસ્સામાં હકીકતો અને સંજોગો અલગ રહેલા છે અને આ કેસમાં ભોગ બનનારનું જન્મનુ પ્રમાણપત્ર પ્રયત્ન કરવાથી મળી શકે તેમ હોવા છતાં, તપાસ કરનાર અધિકારી દ્વારા તે મેળવવાનો પ્રયત્ન કરવામાં આવેલો નથી અને રજુ કરવામાં આવેલ નથી તેથી આ કેસના કામે કાયદાના સિધ્ધાંતો મુજબ જયારે તબીબી અભિપ્રાય પુરાવાનુ સ્થાન લઈ શકે નહી

ત્યારે આ કામે આંક–૩૬ થી રજુ થયેલ ઓસીફીકેશન ટેસ્ટનું કોઈ પુરાવાકીય મુલ્ય રહેતું નથી. તેઓએ રજુઆત કરેલ છે કે આ કેસમાં ભોગ બનનારના કથન મુજબ તેમના દેશમાં તેમનુ જન્મનું પ્રમાણપત્ર રહેલ છે અને ભોગ બનનાર શિક્ષીત છે અને ધોરણ–૧૨ સુધી ભણેલા છે તો ભોગ બનનારની શાળાનું જન્મનું પ્રમાણપત્ર પણ મેળવી તપાસ કરનાર અધિકારી આ કામે રજુ કરી શકયા હોત પરંતુ તેઓએ તેમ કરેલ નથી. આ સંજોગોમાં ફરિયાદ પક્ષ ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે.

(૨૫.૯) તેઓએ રજુઆત કરેલ છે કે, રેકર્ડ ઉપર ખુદ ફરિયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલા દસ્તાવેજી પુરાવાઓ ભોગ બનનારની ઉંમર ૨૨ વર્ષ હોવાનું દર્શાવેલ છે. તપાસ કરનાર અધિકારીએ ભોગ બનનારની ઉંમર બાબતે શા માટે યોગ્ય તપાસ કરી દસ્તાવેજી આધાર પુરાવાઓ મેળવેલ નથી તે બાબતે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, આ કામે ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલા સાહેદો કે જેઓ આક્ષેપિત હોટલમાં નોકરી કરતા હતા તેઓએ તેમના પુરાવામાં એવી જણાવેલ છે કે, તેઓએ અસલ ઓળખ કાર્ડ જોઈ તેની ઝેરોક્ષ કરી રાખેલ અને સાથેની સ્ત્રીએ ઓળખ કાર્ડ આપેલ. આ બાબતે તપાસ કરનાર અધિકારીએ કોઈ તપાસ કરેલ નથી.

(૨૫.૧૦) વિદ્વાન વકિલશ્રી પટેલે દલીલોમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષના પુરાવાઓમાં એવો કોઈ પુરાવો નથી કે ભોગ બનનારને આરોપીઓ સાથે કોઈ હોટલના કાઉન્ટરર ઉપર કોઈએ જોયેલ હોય અને ભોગ બનનારે પોતાનું કોઈ ઓળખ કાર્ડ રજુ કરેલ હોય. ફરિયાદ પક્ષ તરફે એવો પણ કોઈ પુરાવો રજુ થયેલ નથી કે આરોપીઓ જાણતા હતા કે ભોગ બનનાર શા માટે આવેલ છે? તેઓએ રજુઆત કરેલ છે કે, જો દલીલ ખાતર પણ માનવામાં આવે કે, આરોપી નં.૦૫ અને ૦૮ ગ્રાહક છે તો પણ શું તેઓ જાણતા હતા કે, ભોગ બનનાર સગીર છે? આ બાબતે કોઈ પુરાવો રજુ થયેલ નથી. ભોગ બનનારે તેમના પુરાવામાં જણાવેલ હકીકત કે તેણીની સાથે હોટલમાં દુષ્કર્મ કરવામાં આવેલ તેના સમર્થનમાં કોઈ સમર્થનકારી પુરાવાઓ રજુ થયેલા નથી. ભોગ બનનારની વર્તણુક ખુબ જ મહત્વની છે. ભોગ બનનારે અગાઉ ક્યારેય કોઈને

જણાવેલ નથી કે, કોઈ દ્વારા તેના ઉપર બળાત્કાર કરવામાં આવેલ છે. ભોગ બનનારના પુરાવાઓમાં મહત્વની વિસંગતતાઓ રહેલી છે. જો ભોગ બનનારે આક્ષેપિત કોઈપણ હોટલ ઉપર પણ કોઈને પણ તેની સાથે બળાત્કાર થયેલ છે કે દુષ્કર્મ આચરવામાં આવેલ છે તેવુ જણાવેલ નથી. તેઓએ ભોગ બનનારના પુરાવાને વાંચી રજુઆત કરેલ છે કે, આક્ષેપિત હોટલ ઉપર ભોગ બનનારને "કામ થઈ ગયુ" એવુ પુછવામાં આવતા ભોગ બનનારે "થઈ ગયુ" એવુ જણાવેલ. ભોગ બનનારની ચોક્કસ ઉંમર બાબતે કોઈ વિશ્વસનિય પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આ સંજોગોમાં ભોગ બનનાર સાથે બળાત્કાર થયાનો કોઈ કેસ બનતો નથી. ભોગ બનનારે કોઈપણ સ્થળે કોઈપણ રીતે કોઈ પ્રતિકાર કરેલ નથી. ભોગ બનનારને આક્ષેપિત સ્થળોએથી જતા રહેવાની કે નિકળી જવાની તક રહેલ હોવા છતાં અને મદદ મેળવવા માટે તક હોવા છતાં તેઓએ કોઈની મદદ મેળવેલ નથી કે તે સ્થળેથી નિકળી ગયેલ નથી. તબીબી પુરાવાઓ પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતા નથી. ભોગ બનનારની શારીરિક તપાસ કરનાર ડોક્ટરે સ્વીકારેલ છે કે, ભોગ બનનારને આંતરિક કે બાહ્ય કોઈ ઈજા તપાસ દરમ્યાન જણાય આવેલ નહી. તેઓએ રજુઆત કરેલ છે કે, જો દલીલ ખાતર માની લેવામાં આવે કે, ભોગ બનનાર ૧૫–૧૬ વર્ષની ઉંમરના રહેલ હતા તો પણ એક પુખ્ત સસ્કત પુરૂષ દ્વારા ભોગ બનનાર સાથે બળજબરી પુર્વક શારીરિક સબંધ બાંધવામાં આવેલ કે બળાત્કાર કરવામાં આવે તો તેવા સંજોગોમાં ચોક્કસપણે ભોગ બનનારના આંતરિક કે બાહ્ય અવયવો ઉપર ઈજા થવાની ખુબ જ શકયતાઓ રહેલી છે. હાલના કેસમાં તબીબી પુરાવાઓના આધારે સ્પષ્ટ થાય છે કે, ભોગ બનનારને કોઈપણ ઈજા રહેલી નથી. આથી, ફરિયાદ પક્ષ આરોપીઓ દ્વારા ભોગ બનનાર સાથે બળાત્કાર કરવામાં આવેલ હોવાની હકીકત સ્થાપિત કરવામાં નિષ્ફળ રહેલ છે. ભોગ બનનાર સાથે બળજબરી પુર્વક શરીર સબંધ બાંધવામાં આવેલ હોવાની હકીકત પુરવાર થતી નથી અને ભોગ બનનારના મૌખિક પુરાવાને કોઈ વિશ્વસનિય સમર્થનકારી પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ નથી.

(૨૫.૧૧) તેઓએ રજુઆત કરેલ છે કે, પોલીસનો એવો સ્પષ્ટ કેસ રહેલ છે કે, ભોગ બનનારની બે વખત પુછપરછ કરેલી જ્યારે કે ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, પોલીસે ૭–૮ વખત તેમની પુછપરછ કરેલી. ભોગ બનનારે સ્વીકારેલ છે કે, પોલીસે જેટલી પણ વાર તેમની પુછપરછ કરેલી તેમાં 'રેપ' શબ્દનો

ઉપયોગ કરેલ નથી. ભોગ બનનારે જણાવેલ છે કે, પોલીસવાળા અત્યાર સુધીમાં છ વાર દવાખાને ડોક્ટર પાસે લઈ ગયેલા અને સ્વીકારેલ છે કે, જેટલી પણ વાર ડોક્ટર પાસે લઈ જવામાં આવેલ તે દરમ્યાન તેઓએ ડોક્ટર સમક્ષ રેપ શબ્દ જણાવેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, આરોપીઓ વિરુધ્ધ કોઈ પુરાવો મળી આવેલ ન હોવાથી પુરાવાઓ એકત્રિત કરવા માટે માટે ભોગ બનનારને છ વખત ડોક્ટર પાસે પોલીસ લઈ ગયેલ.

(૨૫.૧૨) આરોપી નં. ૦૫ અને ૦૮ તરફે વિદ્વાન વકિલશ્રીએ રજુઆત કરેલ છે કે, તા. ૦૬/૦૯/૨૦૨૩ થી તા. ૧૩/૦૯/૨૦૨૩ સુધી ગેરકાયદેસર ઘુસેલ વ્યક્તિને પોલીસે સાચવેલ છે અને તપાસ કરનાર અધિકારીએ આ બાબતે કોઈ ખુલાસો કરેલ નથી. જયારે જોઈન્ટ ઈન્ટ્રોગ્રેશન કમિટી બેઠી અને તે કમિટીએ ભોગ બનનારની પુછપરછ કરી ત્યારે પોલીસને તેમના ઉપર જવાબદારી નક્કી થવાનો ડર લાગતા તાત્કાલીક હાલની ખોટી ફરિયાદ પોલીસ દ્વારા આપવામાં આવેલ છે. આજની તારીખ સુધીમાં પોલીસ દ્વારા ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશેલ ભોગ બનનાર વિરુદ્ધ કોઈ ગુન્હો નોંધવામાં આવેલ નથી.

(૨૫.૧૩) તેઓએ રજુઆત કરેલ છે કે, તા. ૧૧/૦૯/૨૦૨૩ ના રોજ આરોપી નં. ૦૩ ને જવા દેવામાં આવે છે. શા માટે? કારણ કે કોઈ ગુન્હો બનતો જ ન હતો. તપાસ કરનાર અધિકારી દ્વારા આ કામે તેમની તપાસની કોઈ ડાયરી રજુ કરવામાં આવેલ નથી. જો આવી તપાસની ડાયરી રજુ થાય તો સત્ય હકીકતો રેકર્ડ ઉપર આવી શકે.

(૨૫.૧૪) તેઓએ મૌખિક દલીલોમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે આક્ષેપિત હોટલના ત્રણ સાહેદોને તપાસેલા છે અને તેમને જે તે સમયે હોટલના રજીસ્ટરમાં એન્ટ્રી કરતા સમયે તેવો ખ્યાલ ન હતો કે, ભવિષ્યમાં કોઈ ગુન્હો નોંધાય શકે છે. રેકર્ડ ઉપર રહેલા આ સાહેદોના પુરાવાઓ ઉપરથી જણાય છે કે, પોલીસ ભોગ બનનારને લઈને હોટલ ઉપર ગયેલ અને સી.સી.ટી.વી. ફુટેજ જોઈ કેટલાક ફોટોગ્રાફ લીધેલા અને ભોગ બનનારે પણ સ્વીકારેલ છે કે, પોલીસ તેમને હોટલ ઉપર લઈ ગયેલ અને ફોટોગ્રાફ બતાવેલા. પોલીસ સાહેદના પુરાવા ઉપરથી એવુ જણાય છે કે, જ્યારે હોટલ ઉપર

સી.સી.ટી.વી. ની તપાસ કરવામાં આવેલ ત્યારે ડી.વી.આર. લઈ કાલે એસ.ઓ.જી. કચેરીએ આવવાનું હોટલવાળાને જણાવેલ. આવા ગંભીર ગુન્હામાં સી.સી.ટી.વી. ફુટેજ હોય તેમ છતાં કાલે ડી.વી.આર. લઈને આવજો એવુ કહેવાનું કારણ શું? અને શા માટે? તે જ સમયે સી.સી.ટી.વી. ફુટેજીસ મેળવી લેવામાં આવેલ નહી. તેના આધારે ચોક્કસપણે એવુ અનુમાન થાય કે, હોટલના સી.સી.ટી.વી. ફુટેજીસમાં આરોપીઓને સાંકળતા કોઈ પુરાવા જ ન હતા. તેઓએ રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષના સાહેદોના પુરાવાઓમાં વિરોધાભાસ રહેલ છે. પોલીસ સાહેદ એવુ કહે છે કે, તેઓએ હોટલના મેનેજરને કાલે ડી.વી.આર. લઈને આવવા જણાવેલ. જ્યારે કે હોટલના મેનેજર કે જેમને સાહેદો તરીકે તપાસવામાં આવેલા છે તેઓએ એવુ જણાવેલ છે કે, પોલીસ આવેલ તે જ દિવસે હોટલનું ડી.વી.આર. લઈ ગયેલ. એ બાબત પણ શંકાસ્પદ છે કે, જો પોલીસ ડી.વી.આર. લઈ ગયેલ હોય તો હોટલવાળા પેઈનડ્રાઈવ ક્યાંથી બનાવે. પોલીસ હોટલ ઉપર ગયેલ ત્યારે ડી.વી.આર. સાથે લઈ ગયેલ તેમ છતાં હોટલના સાહેદોના નિવેદનમાં એવુ લખવામાં આવેલ છે કે, રજીસ્ટરનો ઉતારો, ઓળખ કાર્ડની નકલ અને પેઈનડ્રાઈવ રજુ કરૂ છું. જે બાબત પણ ફરિયાદ પક્ષના કેસ બાબતે શંકા ઉપજાવે છે.

(૨૫.૧૫) વિદ્વાન વકિલશ્રી પટેલે વિસ્તૃત રજુઆતમાં જણાવેલ છે કે, ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેમને સી.સી.ટી.વી. ફુટેજ બતાવેલા. આ બાબત એ હકીકત દર્શાવે છે કે, આરોપીઓને નક્કી કરી લેવામાં આવેલા. આ હકીકત રહેલી હોય તો મામલદાર પાસે ઓળખ પરેડ કરાવવાનો શું અર્થ અને આવી ઓળખ પરેડનું મુલ્ય કેટલુ? તેઓએ રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૫ તરીકે આંક–૨૧૪ થી સાહેદ તરીકે ચિંતનભાઈ ચૌધરીને તપાસવામાં આવેલા છે. આ સાહેદની જુબાની દરમ્યાન આંક–૨૧૮ થી તપાસ કરનાર અધિકારી શ્રી એલ.બી.ડાભી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજુ થયેલ છે. શ્રી એલ.બી.ડાભી દ્વારા આપવામાં આવેલ આ પ્રમાણપત્રમાં એવુ દર્શાવવામાં આવેલ છે કે, અગાઉ કયારેય આરોપીઓની ઓળખ છતી થયેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ હાલનો ગુન્હો નોંધાયેલ જ્યારે કે ઓળખ પરેડ તા. ૨૨/૦૯/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ છે. રેકર્ડ ઉપરના પુરાવાઓના આધારે ભોગ બનનારને સી.સી.ટી.વી. ફુટેજમાં તથા પોલીસ સ્ટેશનમાં આરોપીઓ

બતાવવામાં આવેલ છે તેવુ સ્પષ્ટ થાય છે. તેમ છતાં તપાસ કરનાર અધિકારીએ આંક–૨૧૮ નું ખોટું પ્રમાણપત્ર આપેલ છે. ઓળખ પરેડ કરનાર મામલદારને ઉલટ તપાસમાં પુછવામાં આવેલ અને તેઓએ સ્વીકારેલ છે કે, જો આંક–૨૧૮ નું પ્રમાણપત્ર રજુ થયેલ ન હોત તો ઓળખ પરેડ ન થાય. આથી, ઓળખ પરેડ કરવા અને ખોટો પુરાવો ઉભો કરવા માટે તપાસ કરનાર અધિકારી દ્વારા ખોટું પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

(૨૫.૧૬) તેઓએ રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષના પુરાવાઓમાં એવો કોઈ પણ પુરાવો રહેલો નથી કે, જે બતાવી શકે કે આરોપી નં.–૦૫ અને ૦૮ કોઈ પણ જગ્યાએ ભોગ બનનાર સાથે હતા. એવો પણ કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રહેલો નથી કે, આરોપી નં.–૦૫ અને ૦૮ ભોગ બનનાર સાથે કોઈ રૂમમાં હોય અને કોઈએ તેઓની સાથે રૂમમાં જોયા હોય. વિદ્વાન વકીલ શ્રી પટેલે તેમની રજુઆતોમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી પોલીસ સબ ઈન્સપેકટર શ્રી જી.એસ.ગઢવીને ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.–૧૪ તરીકે આંક–૧૮૨ થી તપાસવામાં આવેલા છે અને તેમની જુબાની દરમ્યાન આંક–૧૯૧ થી જોઈન્ટ ઈન્ટ્રોગેશન રિપોર્ટ રજુ થયેલો છે. તે રિપોર્ટમાં એવી હકીકત દર્શાવવામાં આવેલી છે કે, તે સમયે તે જગ્યાએ ૫–૬ બીજી છોકરીઓ પણ હતી. આ હકીકત જાણવા જોગની તપાસ કરનાર તથા આ ગુન્હાની તપાસ કરનાર એમ બંને અધિકારીઓ દ્વારા સ્વીકારવામાં આવેલ છે. આ હકીકત પુછપરછ દરમ્યાન ખુલેલ હોવા છતાં બંને માંથી કોઈપણ તપાસ કરનાર અધિકારી દ્વારા આ બાબતે કોઈ તપાસ હાથ ધરેલ નથી. હાલના આરોપી નં.–૦૫ અને ૦૮ હોટલમાં ભોગ બનનાર સાથે રૂમમાં હોય અને તેમને કોઈ કૃત્ય કરેલ હોય તેવો કોઈ પુરાવો રેકોર્ડ ઉપર આવેલો નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે તહોમતનામાની સાબિતી માટે કોઈ પુરાવો રજુ થયેલો નથી અને માત્ર અનુમાન અને ધારણાઓને આધાર બનાવી રજુઆત કરવામાં આવેલ છે. ફરિયાદ પક્ષ તરફે કોઈ વિશ્વસનિય પુરાવાઓ રજુ થયેલા નથી. આથી જ નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર ઉચ્ચ અદાલત દ્વારા આવા અવિશ્વસનિય અને સમર્થન વિનાના પુરાવાઓનું મુલ્યાંકન શબ્દથી શબ્દના રીતે કરવા ભાર મુકવામાં આવેલ છે. આ સંજોગોમાં ફરિયાદ પક્ષના પુરાવાઓના આધારે આરોપીઓ સામેના તહોમતની હકીકત સાબિત થતી નથી.

(૨૫.૧૭) તેઓએ વિશેષમાં રજુઆત કરેલ છે કે, આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩ અને ૩૬૬ ના ગુન્હાના તહોમત પણ રહેલા છે. તપાસ કરનાર અધિકારીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આરોપીઓએ ભોગ બનનારનું અપહરણ કરેલુ હોય તેવો કોઈ પુરાવો રહેલો નથી. તેઓએ જણાવેલ છે કે, જયારે આ કામના ભોગ બનનાર ભારતમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરેલ હોવાનું સ્વીકૃત રહેલ છે ત્યારે તેમની કાયદેસરની કસ્ટડી કોને ગણવી? તે પ્રશ્ન મહત્વનો રહેલો છે. ભોગ બનનારના કાયદેસરના કોઈ વાલી ભારતમાં રહેલા હોય અને તેમના વાલીપણામાંથી ભોગ બનનારને લોભલાલચ કે ધાકધમકી આપી હટાવવામાં આવેલ હોય એવો ફરિયાદ પક્ષનો કોઈ કેસ રહેલો નથી. ભારતમાં ભોગ બનનારની કાયદેસર કસ્ટડી કોની રહેલી તે બાબત ફરિયાદ પક્ષ દ્વારા સ્થાપિત કરવામા આવેલ નથી. તપાસ કરનાર અધિકારીએ પણ સ્વીકારેલ છે કે ભોગ બનનારનું કોઈ અસલ ઓળખ કાર્ડ તપાસના કામે મળી આવેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલા સાહેદો એવુ કહે છે કે, તેઓએ રૂમ ફાળવતી વખતે અસલ ઓળખ કાર્ડ જોઈ તેની ઝેરોક્ષ લીધેલી, તેમ છતાં તપાસ કરનાર અધિકારી દ્વારા આવા કોઈ અસલ ઓળખ કાર્ડ બાબતે તપાસ કરેલી નથી. જો ફરિયાદ પક્ષના કેસ મુજબ ભોગ બનનાર આક્ષેપિત હોટલ ઉપર ગયેલ હોય તો, હોટલના રજીસ્ટરમાં ખોટા નામની સહી કરેલ હોવાનુ સ્પષ્ટ થાય અને તેમ છતાં તે બાબતે તપાસનીશ એજન્સી દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલી નથી કે ગુન્હો નોંધવામાં આવેલો નથી. તપાસ કરનાર અધિકારી દ્વારા વિદેશ મંત્રાલય સાથે આ બાબતે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવેલ નથી અને કોઈ પણ પ્રકારની પ્રાથમીક તપાસ કર્યા વિના જ આરોપીઓને ખોટી રીતે સંડોવી દીધેલ છે.

(૨૫.૧૮) વિદ્વાન વકીલ શ્રી પટેલએ તેમની મૌખીક રજુઆતોમાં જણાવેલ છે કે, એફ.આઈ.આર. ના કોલમ નં.–૫ માં બનાવનું સ્થળ પોલીસ થાણાથી ૩૭ કિ.મી. દુર વડોદરાનું દર્શાવેલુ છે. અને તેથી જ આરોપી પક્ષ તરફે પ્રથમ થી જ એવી તકરાર લેવામાં આવેલ અને મુદ્દો ઉઠાવવામાં આવેલ કે, કોઈ પણ ગુન્હાહિત કૃત્ય આણંદ જીલ્લાની હદમાં બનેલ નથી. ભોગ બનનારે પણ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, વિધ્યાનગરમાં તેમની સાથે કોઈ અજુકતું થયેલ નથી.

(૨૫.૧૯) તેઓએ રજુઆત કરેલ છે કે, આરોપી તરફે રજુ થયેલ જયરાજસિંહના ચુકાદામાં નામદાર ઉચ્ચ અદાલત દ્વારા બે મહત્વના મુદ્દાઓ, એક ભોગ બનનારની સગીરાવસ્થા અને શું આરોપી ભોગ બનનાર સગીર હોવાનું જાણતા હતા ? તે ઘડવામાં આવેલ અને તેના આધારે આરોપીને નિર્દોષ ઠરાવવા હુકમ ફરમાવેલ. આ હકીકતો આ હાથ ઉપરના કેસમાં પણ રહેલ છે. તેઓએ તેમની રજુઆત દરમ્યાન આપણી નામદાર ઉચ્ચ અદાલતના સંગીતાબેન દાદાભાઉ પાટીલ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસના ૨૦૨૪ (૪) જી.એલ.એચ. ૬૪૯ ઉપર પ્રસિધ્ધ થયેલો ચુકાદો રજુ રાખી જણાવેલ છે કે, આ કેસમાં ભોગ બનનાર પોતીની મરજીથી પોતાનું ઘર છોડી ગયેલ અને તેને તેમ કરવા માટે કોઈ દબાણ કે ધમકી આપવામાં આવેલી નહી અને તેથી નામદાર ઉચ્ચ અદાલત દ્વારા આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કાયમ રાખવામાં આવેલો. હાલના કેસમાં પણ ભોગ બનનારે પોતાની મરજી થી મક્કમ ઈરાદા સાથે ઘરે કોઈને જાણ કર્યા વિના પોતાનું ઘર છોડીને ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશેલ છે અને ભોગ બનનારના કોઈ વાલીના કાયદેસરના વાલીપણામાંથી ભોગ બનનારનું અપહરણ કરવામાં આવેલુ નથી અને આરોપીઓને ભોગ બનનારની સગીરાવસ્થા બાબતે કોઈ જાણકારી ન હતી અને રેકર્ડ ઉપર ખુદ ભોગ બનનારે પોતાની ઉંમર ૨૨ વર્ષ હોવાનુ ઓળખ કાર્ડ રજુ કરેલુ અને અન્ય કોઈ ઉંમર બાબતેનો પુરાવો રજુ થયેલો નથી, આથી આ ચુકાદાના સિધ્ધાંતો આ કેસમાં આરોપી પક્ષને મદદરૂપ થાય છે.

(૨૫.૨૦) વિદ્વાન વકીલ શ્રી પટેલે રજુઆત કરેલ છે કે, નામદાર ઉચ્ચ અદાલતના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ લાલજી છગનજી ઠાકોરના કેસના ૨૦૨૩ (૩) ક્રાઈમ (એચ. સી.) ૫૭૧ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના સિધ્ધાંતો પણ આ કેસમાં લાગુ પડે છે. હાલના કેસમાં પણ ફરિયાદમાં વિલંબ થયેલો છે અને તે બાબતે ફરિયાદમાં કોઈ ખુલાસો કરવામાં આવેલો નથી અને ભોગ બનનારને જન્મનું પ્રમાણપત્ર મળી શકે તેમ હોવા છતાં તપાસ કરનાર અધિકારીએ તેવું જન્મનુ પ્રમાણપત્ર મેળવવા કોઈ પ્રયત્ન કરેલો નથી અને તબીબી પુરાવાઓ ભોગ બનનાર સાથે બળજબરીપુર્વક શારીરિક સબંધ બંધાયેલો હોવાની હકીકત દર્શાવતા નથી અને તેથી ભોગ બનનાર સાથે બળાત્કાર થયેલ હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર થયેલ નથી.

(૨૫.૨૧) વિદ્વાન વકીલ શ્રી પટેલે રજુઆત કરેલ છે કે, જયારે ફરિયાદ પક્ષ ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હોવાની હકીકત તમામ શંકાઓથી પર પુરવાર કરી શકેલ ન હોય ત્યારે પોકસો એકટ હેઠળના ગુન્હાનું તહોમત ટકી શકે જ નહી. તેવી જ રીતે આ કામે આરોપીઓ સામે આક્ષેપાયેલા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬ ના તહોમતની સાબિતી માટે કોઈ વિશ્વસનિય પુરાવાઓ અને તબીબી પુરાવાઓ રજુ થયેલા નથી. તેમજ એફ.એસ.એલ. ના પુરાવાથી પણ બળાત્કારના ગુન્હાની હકીકતોને સમર્થન મળતુ નથી તેથી આરોપી નં.–૦૫ અને ૦૮ ને તેમની સામે આક્ષેપાયેલા તમામ તહોમતમાંથી નિર્દોષ ઠરાવીને છોડી મુકવા જોઈએ.

(૨૫.૨૨) આરોપી નં. ૦૫ અને ૦૮ તરફે વિદ્વાન વકિલશ્રી સી.કે.પટેલે તેમની મૌખિક દલિલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ રાખેલ છે.

(૧) મહેરાબન હસન બાબુ ખાન વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ અને બીજાઓ ક્રિમીનલ અપીલ નં. ૦૯/૨૦૨૧.
(૨) પી. યુવાપ્રકાશ વિરુધ્ધ સ્ટેટ ક્રિમીનલ અપીલ નં.(એસ) ૧૮૯૮/૨૦૨૩.
(૩) પિન્કી ચન્દ્ર ધોષ વિરુધ્ધ અનુપ સિંઘ (૨૦૧૩) ૧૪ એસ.સી.સી. ૬૩૭(સુપ્રા).
(૪) સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ લાલજી છગનજી ઠાકોર અને બીજાઓ ૨૦૨૩ ૩ ક્રાઈમ્સ (એસ.સી.) ૫૭૧.
(૫) સંગીતાબેન દાદુભાઈ બાબુલાલ પાટીલ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૨૪(૪) જી.એલ.એચ.૬૪૯.

<u>આરોપી નં.૦૬ અને ૦૭ તરફે વિદ્વાન વકીલ શ્રી ડી.એસ.શાહ ની લેખીત તથા મૌખીક દલીલોઃ–</u>

(૨૬) આરોપી નં.૦૬ અને ૦૭ તરફે વિદ્વાન વકીલ શ્રી ડી.એસ.શાહ દ્વારા આંક–૩૦૫ થી તેમની લેખીત દલીલો રજુ કરવામાં આવેલ છે અને તેઓએ તેમની મૌખીક દલીલો પણ કરેલ છે. વિદ્વાન વકીલ શ્રી શાહે તેમની લેખીત દલીલોમાં ફરિયાદની ટુકમાં હકીકત જણાવી આરોપી નં.–૦૬ અને ૦૭ ને આ ગુન્હાના કામે તા.

૧૯/૦૯/૨૦૨૩ ના રોજ અટક કરેલ હોવાનું અને ત્યારબાદ ચાર્જશીટ રજુ થયા બાદ આંક–૧૯ થી તહોમતનામું ફરમાવેલ હોવાનું અને ભોગ બનનારની જુબાની દરમ્યાન તહોમતનામામાં સુધારો કરવા ફરિયાદ પક્ષ તરફે આંક–૩૭ થી અરજી રજુ કરવામાં આવેલ જે નામદાર કોર્ટ દ્વારા મંજુર કરી આંક–૪૪ થી સુધારેલું તહોમતનામું ફરમાવેલ હોવાનું જણાવેલ છે.

(૨૬.૧) વિદ્વાન વકીલશ્રી શાહે તેમની રજુઆતોમાં જણાવેલ છે કે, આરોપીઓ વિરુધ્ધ પોકસો એકટની સાથે ઈમ્મોરલ ટ્રાફીક એકટના ગુન્હાનું તહોમત રહેલ છે. પોકસો એકટ અન્વયેના ગુન્હાની સાબિતી માટે ફરિયાદ પક્ષે અનિવાર્ય રીતે એ હકીકત સૌ પ્રથમ પુરવાર કરવાની રહે છે કે, ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી રહેલી હતી અને જયારે ફરિયાદ પક્ષ દ્વારા ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષ કરતાં ઓછી હોવાનું પુરવાર કરવામાં આવે ત્યારે જાતીય કૃત્ય માટે તેણીની સંમતીની બાબત અસ્થાને બની જાય છે. તેઓએ રજુઆત કરેલ છે કે, આ કામે ભોગ બનનાર સગીર વયના છે તેવો ઉંમર બાબતેનો એક પણ પુરાવો ફરિયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનાર સગીર વયના હોવાની સાબિતી માટે ભોગ બનનારનો જન્મનો દાખલો અને જો જન્મનો દાખલો ન હોય તો સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ અથવા શાળાનું જન્મનું પ્રમાણપત્ર દસ્તાવેજી પુરાવા તરીકે રજુ કરવા જોઈએ. આ કામે આવા એક પણ દસ્તાવેજી પુરાવા ભોગ બનનારની ઉંમર બાબતે રજુ કરવામાં આવેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેમની જન્મ તારીખને લગતા પુરાવા અને તેમના જન્મનું પ્રમાણપત્ર બાંગ્લાદેશમાં છે. આ હકીકત હોવા છતાં તપાસ કરનાર અધિકારીએ ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર તપાસના કામે મેળવી રજુ કરેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે તેઓએ મીરપુર કોલેજમાં એડમીશન લીધેલું, તેનો અર્થ એ થાય કે, તેણીએ ધોરણ–૧૨ પાસ પછી કોલેજના પ્રથમ વર્ષમાં એડમીશન લીધેલુ અને બાળકને ૬ વર્ષ પુરા થાય પછી શાળામાં પ્રવેશ મળે જેથી ગણતરી કરતા ભોગ બનનારે કોલેજમાં પ્રવેશ કર્યો ત્યારે ભોગ બનનારની ઉંમર ૧૯ વર્ષની હતી અને ભોગ બનનાર એવું કહેતા નથી કે તેણીએ ધોરણ–૧૨ પાસ કર્યુ ત્યારે તુરત જ ભારત આવેલ. ભોગ બનનારે ૨૦૨૩ માં

ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરેલ છે, જેથી સાબિત થાય છે કે, ભોગ બનનારે ભારતમાં ગેરકાયદેસર પ્રવેશ કર્યો ત્યારે ભોગ બનનાર સગીર વયના ન હતા.

(૨૬.૨) વિદ્વાન વકીલ શ્રી શાહે તેમની વિસ્તૃત લેખીત અને મૌખીક રજુઆતોમાં જણાવેલ છે કે, આ કામે ફરિયાદ પક્ષ ભોગ બનનારની ઉંમર બાબતે તબીબી અભિપ્રાય ઉપર આધાર રાખે છે. તેઓએ જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.–૦૮ તરીકે આંક–૧૧૨ થી ડો. મીલીનસિંધને તપાસવામાં આવેલા છે અને આ તબીબી સાહેદે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ભોગ બનનારના કોઈ એકસ–રે તેમની રૂબરૂમાં લેવામાં આવેલ હોય તેવું બનેલુ નથી અને આંક–૧૧૪ વાળો રિપોર્ટ તેમની રૂબરૂમાં તૈયાર કરવામા આવેલ હોય તેવું બનેલું નથી અને ડેન્ટીસ્ટે ભોગ બનનારની ચકાસણી કરી તે સમયે તેઓ ત્યાં હાજર ન હતા. આ તબીબી સાહેદે તેમની ઉલટ તપાસમાં એવી મહત્વની કબુલાતો કરેલ છે કે, ઉંમર નક્કી કરવા માટે ચાર પરિબળો મહત્વના છે તે પૈકીનું પ્રથમ પરિબળ દાંતનુ પરિક્ષણ, બીજુ પરિબળ હાડકાંનુ પરિક્ષણ, ત્રીજું પરિબળ જાતીય અંગ ઉપાંગોનો વિકાસ અને ચોથું પરિબળ બાયોકેમીકલ કેરેકટર એકઝામીનેશન છે અને તેઓએ આંક–૩૬માં તેમનો જે અભિપ્રાય આપેલ છે તે આંક–૧૧૪ થી રજુ રેડીયોલોજીસ્ટના અભિપ્રાયના આધારે આપેલ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, આ તબીબી સાહેદને પુછવામાં આવતાં તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૧૪ નો રેડીયોલોજીસ્ટનો રિપોર્ટ હાડકાના ફયુઝન અને નોન ફયુઝન પોઝીશન ઉપર આપવામાં આવેલ છે અને હાડકાની ફયુઝન અવસ્થામાં પ્રોસેસ ટુ ફયુઝન નામની પણ એક અવસ્થા હોય છે અને આંક–૧૧૪ માં પ્રોસેસ ટુ ફયુઝન નામની અવસ્થાનો ઉલ્લેખ નથી અને આંક–૧૧૪ માં આપેલ અભિપ્રાય બાબતે તેઓ નિષ્ણાંત નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષે આ સાહેદના અભિપ્રાય આધારે આરોપીઓ વિરુધ્ધ પોક્સોનું તહોમત મુકેલ છે અને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૪૫ ની જોગવાઈ મુજબ આ સાહેદ નિષ્ણાંત સાહેદ હોવાનું માની શકાય નહી. આ સંજોગોમાં જયારે આ સાહેદ ખુદ કહેતા હોય કે તેઓ નિષ્ણાંત નથી ત્યારે આ તબીબી સાહેદના ભોગ બનનારની ઉંમર બાબતના અભિપ્રાય ઉપર કઈ રીતે આધાર રાખી શકાય?

(૨૬.૩) તેઓએ તેમની રજુઆતમાં જણાવેલ છે કે, દાંત આધારે ઉંમર નક્કી કરવા બાબતે આરોપી પક્ષ તરફે કે.એસ.નારાયણ રેડ્ડીની ખ્યાતી પ્રાપ્ત બુકનો આધાર લઈ ડો. મીલીનસિંધને ઉલટ તપાસમાં સવાલો પુછવામાં આવેલા અને તેમના દ્વારા તેમની ઉલટ તપાસમાં સ્વીકારવામાં આવેલ છે કે, કે.એસ.નારણાય રેડ્ડી મેડીકલ જ્યુરીસપ્રુડન્સ માટે એક ખ્યાતી પ્રાપ્ત લેખક છે અને એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં પણ તેમની લીખીત ફોરેન્સીક મેડીસીન એન્ડ ટેક્ષોકોલોજીની બુક રીફર કરવામાં આવતી હોય છે અને તેમની લીખીત આ બુકના ૨૮ એડીશન ૨૦૦૯ ના પાના નં. ૬૨ ઉપર કેલ્ફીકેશન એન્ડ ઈરપશન ઓફ ડેસીપ્યસ ટીથ નું ટેબલ છે જે ટેબલમાં થર્ડ મોલર ટીથ ૧૭ થી ૨૫ વર્ષની ઉંમરે જોવા મળે છે તેવો જે અભિપ્રાય આપેલ છે તેની સાથે તેઓ સંપુર્ણપણે સહમત છે. તેઓએ રજુઆત કરેલ છે કે, આ કામે આંક–૩૬ થી રજુ થયેલ તબીબી દસ્તાવેજી પુરાવામાં ભોગ બનનારના દાંતની રચનાની વિગતો જણાવવામાં આવેલી છે તેમાં થર્ડ મોરલ ઈરપ્ટ બતાવેલ છે અને ડો. મિલીનસિંધે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, થર્ડ મોરલ ૧૭ થી ૨૫ વર્ષની ઉમરે ઈરપ્ટ બતાવેલ. આ ડોક્ટરે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ડોક્ટર દ્વારા નક્કી કરવામાં આવતી ઉંમર એ પુરાવો નથી અને માત્ર અભિપ્રાય છે. આમ, આ કામે ભોગ બનનારની ઉંમર બાબતે રહેલો તબીબી અભિપ્રાય એ પુરાવો રહેલ નથી અને માત્ર અભિપ્રાય છે. તેઓએ વધુમાં રજુઆત કરેલ છે કે, ડો. મીલીનસિંધે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, સ્ત્રી કે બાળકીના કિસ્સામાં સેકન્ડરી સેકસ્યુલ કેરેકટર વેલ ડેવલોપ, અન્ડર ડેવલોપ અને અન ડેવલોપ એમ ત્રણ કેટેગરીમાં ડીફાઈન કરી શકાય અને આંક–૩૬ ના સર્ટીફીકેટમાં આવી કોઈ કેટેગરી ડીફાઈન કરેલ નથી અને ભોગ બનનારનું કોઈ બાયો કેમીકલ એકઝામીનેશન કરવામાં આવેલ નથી. તેઓએ વધુમાં રજુઆત કરેલ છે કે, આંક–૧૧૨ થી તપાસાયેલ ડો.મીલીનસિંધે તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેમને ખબર નથી કે કોઈ પણ વ્યક્તિની ઉંમર નક્કી કરવા માટે તે વ્યક્તિની દાંતની સ્થિતિ, તેના સેકન્ડરી સેસ્કયુઅલ કેરેકટરનો વિકાસ, બાયોકેમીકલ એકઝામીનેશન અને ઓસીફીકેશન ઓફ બોર્ન આ ચારેય બાબતો મહત્વની બનતી હોય છે. આમ આ સાહેદના પુરાવાના આધારે ફલિત થાય છે કે, તેઓ ભોગ બનનારની ઉંમર નક્કી કરવા માટે નિષ્ણાંત નથી. આ સંજોગોમાં આ સાહેદના ભોગ બનનારની ઉંમર બાબતે આપવામાં આવેલા તબીબી અભિપ્રાય ઉપર આધાર રાખી શકાય નહી.

(૨૬.૪) વિદ્વાન વકીલ શ્રી શાહે તેમની લંબાણ પુર્વકની લેખીત અને મૌખીક દલીલોમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.–૧૨ તરીકે આંક–૧૫૪ થી ડો.ધર્મેન્દ્રકુમાર બેચરભાઈ પરમારને તપાસવામાં આવેલા છે અને આ સાહેદે ભોગ બનનારના આંક–૧૫૫ થી આંક–૧૬૦ વાળા એકસ–રે ફિલ્મ્સના આધારે આંક–૧૧૪નો અભિપ્રાય આપેલ છે. આ તબીબી સાહેદે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓએ એમ.એલ.સી. નંબર લખેલ નથી અને આ ૬ એકસ–રે ફિલ્મસ કયા ટેકનીશીયને શું પ્રક્રીયા કરીને લીધેલ અને કોના દ્વારા લેવામાં આવેલ તેની તેમને ખબર નથી અને જો એકસ–રે ફિલ્મ્સ સ્પષ્ટના હોય તો અભિપ્રાય સ્પષ્ટ આપી શકાય નહી. આ તબીબી સાહેદે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેમના આંક–૧૧૪ વાળા સર્ટીફીકેટમાં જે ઉંમર દર્શાવેલ છે તે ભોગ બનનારની ચોક્કસ ઉંમર દર્શાવતુ નથી. આ તબીબી સાહેદે સ્વીકારેલ છે કે, ભોગ બનનાર કયા વાતાવરણમાં ઉછરેલ છે, ખોરાકની હેબીટ્સ, વારસાગત લક્ષણોની વિગતોની અસર, તેઓએ દર્શાવેલ ઉંમરના અભિપ્રાયમાં અંદરની મર્યાદા અને ઉપરની મર્યાદામાં તફાવત લાવી શકે અને ભોગ બનનારને મળી તેઓએ જાતે એકસ–રે લીધા હોય કે તેમની નજર હેઠળ લેવડાવ્યા હોય તેવુ બનેલ નહી. વિદ્વાન વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે, ડો. પરમારે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓએ એકસ–રે ફિલ્મ લઈ અભિપ્રાય આપવાનો હોય છે અને તેમને એકસ–રે ફિલ્મ કયારે મળી તે કહી શકે નહી. આ તબીબી સાહેદે સ્વીકારેલ છે કે, તેઓએ આંક–૧૧૪ વાળો અભિપ્રાય તા. ૧૬/૦૯/૨૦૨૩ ના રોજ તેમની નોકરીનો સમય પુરો થતાં પહેલા સાંજે ૫–૬ વાગ્યા પહેલા આપેલો. તેઓએ રજુઆત કરેલ છે કે, તેમનો નોકરીના સમય અને એકસ–રે ફિલ્મ્સના સમયમાં ઘણો મોટો તફાવત જોવા મળે છે. વિદ્વાન વકીલ શ્રી શાહએ રજુઆત કરેલ છે કે, આંક–૧૫૫ થી ૧૬૦ વાળી એકસ–રે ફિલ્મસમાં દર્શાવેલ સમય રાત્રીના ૦૮:૪૭ પી.એમ. થી ૦૮:૫૮ પી.એમ. સુધીનો રહેલો છે. જયારે કે આ તબીબી સાહેદની નોકરીનો સમય ૯ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધીનો હશે અને આ ડોકટરને એકસ–રે ફિલ્મ્સ કયારે મળી તેની ખબર નથી, એકસ–રે ફિલ્મ્સનો સમય આ ડોકટરની નોકરીનો સમય પુરો થયા બાદનો રહેલો છે, આ ડોકટરે સ્વીકારેલ છે કે, તેઓએ તા. ૧૬/૦૯/૨૦૨૩ નારોજ તેમની નોકરીનો સમય પુરો થતાં પહેલા આંક–૧૧૪ વાળો અભિપ્રાય આપેલ અને આ સાહેદને એકસ–રે ફિલ્મ્સ કોણે અને કયારે લીધેલ તેની ખબર નથી. આ સંજોગોમાં સ્પષ્ટ થાય છે કે, આ તબીબી સાહેદે એકસ–રે ફિલ્મ્સ જોઈ આંક–૧૧૪

વાળો અભિપ્રાય આપેલ જ નથી અને આંક–૧૧૪ વાળો અભિપ્રાય પાછળથી ખોટી રીતે ઉભો કરવામાં આવેલ છે. આથી આ તબીબી સાહેદ ડોકટર ધર્મેન્દ્ર પરમારે આંક–૧૧૪ મુજબનો ભોગ બનનારની ઉંમર આશરે ૧૫ થી ૧૭ વર્ષની હોવાનો જે અભિપ્રાય આપેલ છે તે ખોટો હોવાનું સાબિત થાય છે.

(૨૬.૫) વિદ્વાન વકીલ શ્રી શાહે વધુમાં રજુઆત કરેલ છે કે, આંક – ૩૬ થી રજુ થયેલ અભિપ્રાયમાં ઓસફીકીશેન ટેસ્ટ માટેના એક્સ–રે ની પ્લેટ ના નંબર દર્શાવવાના હોય છે જે દર્શાવેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષના સાહેદ ડો. મિલીનસીંધે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ડેન્ટલ તપાસના આધારે ભોગ બનનારની ઉંમર ૧૭ થી ૨૫ વર્ષની હોય શકે. આ ડો.મિલીનસીંધે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓએ એક્સ–રે ફિલ્મસ જોયેલ જ નથી. તેઓએ જણાવેલ છે કે, ડો.મિલીનસીંધે તેમના આંક–૩૬ ના અભિપ્રાયમાં જણાવેલ છે કે, ફિઝીકલ, ડેન્ટલ અને રેડીયોલોજીકલ તારણોના આધારે તેમનો અભિપ્રાય એવો છે કે, ભોગ બનનાર ૧૫ થી ૧૭ વર્ષની ઉંમરના રહેલા છે. તેઓએ રજુઆત કરેલ છે કે, આ કામે ભોગ બનનારની ડેન્ટલ તપાસ કરનારને તપાસવામાં આવેલા નથી અને ડો. મિલીનસિંધે એક્સ–રે ફિલ્મસ જોઈ નથી તથા ડો. પરમારે તેમની જાતે આ એક્સ–રે ફિલ્મસ તૈયાર કરેલ નથી અને તેમના અભિપ્રાય બાદનો સમય આ એક્સ–રે ફિલ્મસમાં દર્શાવેલ છે. આથી, આંક–૩૬ નો અભિપ્રાય માની શકાય નહી. તેઓએ રજુઆત કરેલ છે કે, આરોપી પક્ષ દ્વારા આ બંન્ને તબીબી સાહેદોને તેમની ઉલટ તપાસમાં પુછવામાં આવેલ હકીકતોના આધારે સ્પષ્ટ થાય છે કે, ઉંમર નકકી કરવા માટે એક માત્ર ટેસ્ટ ઓસીફીકેશન ટેસ્ટ રહેલ નથી અને જયારે ઓસીફીકેશન ટેસ્ટ, ડેન્ટલ ટેસ્ટ, સેકસ્યુલ કેરેકટરની તપાસ અને એન્ડોક્રાઈન તપાસ એમ ચાર પ્રકારની તપાસણી કરવામાં આવે ત્યારે જ ચોકકસતાથી નજીકનો અભિપ્રાય ઉંમર બાબતે આપી શકાય છે અને આ કામે આવી ચારે પ્રકારની તપાસણી થયેલ હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર રહેલ નથી. આમ, ફરિયાદ પક્ષ તબીબી પુરાવાઓના અધારે પણ ભોગ બનનાર ૧૮ વર્ષથી ઓછી ઉંમરના સગીર હોવાનું સાબિત કરવામાં નિષ્ફળ રહેલ છે અને તે સંજોગોમાં પોકસો એકટની કલમ – ૨૯ માં રહેલ અનુમાન આ કામે લાગુ નહીં પડે.

(૨૬.૬) તેઓએ રજુઆત કરેલ છે કે, આ કામના ભોગ બનનારનું સક્ષમ સત્તા અધિકારી દ્વારા પરત તેમના વતન બાંગ્લાદેશ ખાતે મોકલી આપવામાં આવેલ છે. આમ, જો કોઈ વ્યક્તિને પરત તેમના વતન બાંગ્લાદેશ ખાતે સક્ષમ સત્તા અધિકારી મોકલી શકતા હોય તો શા માટે ફરિયાદ પક્ષ આવા સક્ષમ સત્તા અધિકારી મારફતે ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર મેળવી રજુ કરી શકેલ નથી. આ સંજોગોમાં પુરાવા અધિનિયમની કલમ ૧૧૪(જી) ની જોગવાઈ મુજબ વિરુધ્ધનું અનુમાન કરવુ જોઈએ. તેઓએ ભારપૂર્વક રજુઆત કરેલ છે કે, કાયદામાં કલમ– ૨૯ માં રહેલ અનુમાન ખંડનીય છે અને આ અનુમાન ખંડન કરવાનો આરોપી પક્ષ ઉપર રહેલ બોજો સંભાવનાઓની પ્રબળતાના આધાર ઉપર રહેલો છે અને આ કામે આરોપી પક્ષ દ્વારા ફરિયાદ પક્ષના સાહેદોની ઉલટ તપાસ દરમિયાન દર્શાવેલ છે અને તેના આધારે કલમ– ૨૯ ના અનુમાનનું ખંડન કરવામાં આવેલ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, આ સંજોગોમાં આરોપીઓ સામે પોકસો એકટની જોગવાઇઓ મુજબના ગુન્હાનું તહોમત ટકવાપાત્ર નથી.

(૨૬.૭) વિદ્વાન વકિલશ્રી શાહે વધુમાં રજુઆત કરેલ છે કે, આરોપી નં. ૬ અને ૭ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬ નો આરોપી પણ મુકવામાં આવેલ છે. પરંતુ ભોગ બનનારનો પુરાવો તથા અન્ય સાહેદના પુરાવાઓ જોતા આરોપી નં. ૬ અને ૭ નાએ ભોગ બનનારની મરજી વિરુધ્ધ ભોગ બનનાર સાથે કોઈ દુષ્કર્મ કરેલ હોય તે સાબિત કરવામાં ફરિયાદ પક્ષ સદંતરપણે નિષ્ફળ ગયેલ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, ફરિયાદ તથા ભોગ બનનારની આંક–૩૦ ની જુબાની ધ્યાને લેતા જણાય છે કે, ભોગ બનનારને ફેસબુકથી એજન્ટ સાથે મિત્રતા થયેલ અને એજન્ટ મારફતે ભારતમાં મોડેલીંગનું કામ કરવા માટે પરિવારને જાણ કર્યા વિના પાસપોર્ટ કે વિઝા વિના ભોગ બનનાર ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશેલ અને ગેરકાયદેસર રીતે સરહદ ઓળંગી હાવડાથી ટ્રેન મારફતે મુંબઈ પહોચી આરોપી નં. ૦૩ ના સંપર્કમાં આવેલ અને આરોપી નં. ૦૩ નાએ મુંબઈ આવવાનું કારણ પુછતા પોતાને મોડેલીંગનું કામ અપાવવાનું કહી અહીંયા લાવેલ છે તેમ જણાવેલ અને ત્યારબાદ વડોદરા આરોપી નં. ૦૩ સાથે ગયેલ અને ત્યાં સુનિલભાઈએ આપેલ સરનામા મુજબ ફતેગંજ હોટલ લોટ્સમાં રોકાયેલ અને ત્યાં સુનિલભાઈએ મોકલેલ માણસે તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ ભોગ બનનાર સાથે શારીરિક સબંધ બાંધેલ અને બીજા દિવસે બીજા માણસે ભોગ બનનાર સાથે

શારીરિક સબંધ બાંધેલ. તેઓએ જણાવેલ છે કે, આમ જો ભોગ બનનાર મોડેલીંગ કામ માટે આવેલ હોય અને વડોદરા હોટલ લોટ્સ ગોલ્ડ ખાતે કોઈ માણસે ભોગ બનનાર સાથે દુષ્કર્મ કરેલ હોય તો ભોગ બનનારે તરત જ તેનો પ્રતિકાર કરેલ હોત, બુમાબુમ કરેલ હોત, હોટલ મેનેજમેન્ટને જાણ કરેલ હોય અથવા આરોપી નં. ૦૩ સમક્ષ વિરોધ કરેલ હોત, પરંતુ આવી કોઈ હકીકત પુરાવામાંથી જણાય આવતી નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, એક વખત માંની લેવામાં આવે કે, ભોગ બનનાર જે માણસે તેની સાથે દુષ્કર્મ કરેલ તેનો પ્રતિકાર કરી શકેલ નહી તો પણ પોતાની સાથે પોતાની મરજી વિરુધ્ધ દુષ્કર્મ થયેલ છે અને પોતાનું શારીરિક જોખમ છે તેવુ જણાય આવ્યું તો પણ તુરંત જ ભોગ બનનાર હોટલ છોડી દેત અથવા મુંબઈ કે બાંગ્લાદેશ પાછા જવા એજન્ટને ફોન કરી જણાવેલ હોત, પરંતુ ભોગ બનનારે આવુ કશું કરેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, કહેવાતો બનાવ બનેલ તે ફતેગંજ વિસ્તાર વડોદરા શહેરનો મહત્વનો વિસ્તાર છે અને ફતેગંજ વિસ્તારમાં આગવું પોલીસ સ્ટેશન છે અને નજીકમાં રેલ્વે સ્ટેશન પણ છે અને સતત ધમધમતો અને સતત માણસોની અવરજવર વાળો વિસ્તાર છે, તો તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ જો તેણીની સાથે દુષ્કર્મ થયેલ હોત તો દુષ્કર્મ કરનાર માણસ જતો રહ્યા બાદ ભોગ બનનારે હોટલ મેનેજમેન્ટને અથવા અન્ય કોઈની મદદ મેળવેલ હોત અથવા મોબાઈલ વ્હોટ્સએપની મદદથી પોતાના પરિવાર કે એજન્ટને જાણ કરી શકી હોત પરંતુ આવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનાર તેમની જુબાનીમાં આરોપી નં. ૦૩ સાથે અમદાવાદ ગઈ અને ત્યાં હોટલમાં તેણી સાથે દુષ્કર્મ થયેલાની હકીકત જણાવે છે પરંતુ અમદાવાદ ખાતેનો હોટલવાળું સ્થળ પણ ધમધમતા અને માણસોની સતત અવરજવરવાળા વિસ્તારમાં છે અને જો ત્યાં ભોગ બનનાર સાથે કોઈ માણસે દુષ્કર્મ આચર્યું હોત તો ભોગ બનનારે ત્યાંના હોટલ મેનેજમેન્ટ કે અન્ય માણસોની મદદથી પોતાના પરિવાર કે એજન્ટને જાણ કરી શક્યા હોત. તેઓએ રજુઆત કરેલ છે કે, અમદાવાદની કહેવાતી હોટલવાળા વિસ્તારમાં પોલીસ સ્ટેશન આવેલ છે તો ભોગ બનનાર સાથે કોઈ દુષ્કર્મ થયેલ હોત તો ભોગ બનનાર કોઈની મદદથી પોલીસ સ્ટેશને પણ જઈ શક્યા હોત પરંતુ ભોગ બનનારે તેવુ પણ કરેલ નથી.

(૨૬.૮) વિદ્વાન વકિલશ્રી શાહે વધુમાં રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તા. ૦૫/૦૯/૨૦૨૩ ની મધ્ય રાત્રીથી તા. ૦૬/૦૯/૨૦૨૩ ની સવાર સુધીમાં જાહેર

કરેલ કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. ફરિયાદ પક્ષે આ હકીકત જાણી જોઈ છુપાવેલ છે. ભોગ બનનારની સમગ્ર ઉલટ તપાસ ધ્યાને લેતા બે બાબત સામે આવે છે કે, કા તો ભોગ બનનાર ખોટું બોલે છે અથવા ફરિયાદ પક્ષે આરોપીઓ સામે ખોટો કેસ કરેલ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે સ્વીકારેલ છે કે, પોલીસે પુછેલુ કે, ક્યાં થી આવેલ છો? અને તેમણે બાંગ્લાદેશ જણાવેલ અને ત્યારબાદ ભોગ બનનારે એવુ જણાવેલ છે કે, તેણી વિધ્યાનગર પોલીસ સ્ટેશન આવી ત્યારબાદ સૌપ્રથમ વખત ગેરકાયેદસર રીતે ભારતમાં આવ્યાની જાણ થયેલી. પોલીસે ભોગ બનનારને તેના દસ્તાવેજ બાબતે પુછેલ નથી. પોલીસને પુછપરછ દરમ્યાન જ જાણ થયેલ કે, ભોગ બનનાર ગેરકાયેદસર રીતે ભારતમાં આવેલ છે તેમ છતાં ભોગ બનનાર સામે કોઈ કાર્યવાહી કરેલ નથી.

(૨૬.૯) તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારનો પુરાવો વિશ્વસનિય અને માનવાલાયક રહેલો નથી. ભોગ બનનારને જ્યારે આરોપીઓ તરફે મહત્વના સવાલો પુછવામાં આવેલ ત્યારે ભોગ બનનાર જાણી જોઈ ખ્યાલ નથી, તેમજ જાણતી નથી, ખબર નથી તેવી હકીકતો જણાવે છે. ભોગ બનનારના પુરાવાના આધારે સ્પષ્ટ થાય છે કે, ભોગ બનનાર કોઇંક હકીકત છુપાવે છે. ભોગ બનનારે સ્વીકારેલ છે કે, પોલીસે તેણીની પાસે ઓળખ, ઉંમર, રાષ્ટ્રીયતા માટેના અસલ દસ્તાવેજો માંગેલા. ભોગ બનનારે સ્વીકારેલ છે કે, દિલ્હીથી આવેલા અધિકારીઓએ તેણીની પુછપરછ કરેલી. તેણીએ જણાવેલ છે કે, ૩ અધિકારીઓએ કોઈ પુછપરછ કરેલ હોય તેવુ યાદ નથી. ભોગ બનનારના કહેવા મુજબના ત્રણ અધિકારીની પુછપરછનો કોઈ રીપોર્ટ રજુ થયેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારને તેમની ઉલટ તપાસમાં પુછવામાં આવેલ કે, તમારી ફરિયાદ નોંધી લેવામાં આવી તે જાણો છો? તેના જવાબમાં તેણીએ "હા" જણાવેલ છે. સ્પષ્ટ રીતે ભોગ બનનાર ફરિયાદી રહેલા નથી. આમ, સ્પષ્ટ થાય છે કે, ભોગ બનનાર વધુ શીખવાડેલા સાહેદ રહેલા છે.

(૨૬.૧૦) તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેમની ફરિયાદ નોંધાય ગયા બાદ તેમને દરરોજ એસ.ઓ.જી.માં જવાનું થતુ હતુ અને વિડીયો ફુટેજ બતાવી તેમને ઓળખાણ કરાવવાની તપાસ એસ.ઓ.જી. માં કરવામાં આવેલી. આમ, સ્પષ્ટ થાય છે કે, ઓળખ પરેડ પહેલા જ

આરોપીઓની ઓળખ કરાવવામાં આવેલી. તેથી ઓળખ પરેડનું કોઈ મુલ્ય રહેતુ નથી. ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ઓળખ પરેડમાં નામ સરનામું પુછેલ અને બીજી કોઈ પુછપરછ કરેલી નહી અને મામલતદાર સાહેબ સાથે કોઈ વાતચીત થયેલી નહી અને ઓળખ પરેડના રૂમમાં કોઈને નામથી ઓળખી બતાવેલ નહી. તેઓએ રજુઆત કરેલ છે કે, જે ચાર આરોપીઓ હોટલમાં હોવાનું કહેવામાં આવે છે તે માટે જે તે હોટલના કર્મચારીઓ મહત્વના સાહેદો હોય શકે. હોટલના સી.સી.ટી.વી. ફુટેજના ચહેરા સાથે આરોપીઓને બતાવી સરખાવવામાં આવેલા નથી અને તે બાબતે કોઈ પ્રમાણપત્ર રેકર્ડ ઉપર રહેલ નથી. ઓળખ પરેડ સમયે ભોગ બનનાર કે હોટલવાળાને સી.સી.ટી.વી. ફુટેજ બતાવવામાં આવેલ નથી. ભોગ બનનારને તેણીની જુબાની દરમ્યાન સી.સી.ટી.વી. ફુટેજ બતાવવામાં આવેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, સી.સી.ટી.વી. ફુટેજ સાથે ચેડા થયાનું નકારી શકાય નહી અને તેથી સી.સી.ટી.વી. ફુટેજની પેનડ્રાઈવ યોગ્ય રીતે પુરવાર થાય વિના આંકે પડેલ છે. જ્યારે ફરિયાદ પક્ષ તરફે સી.સી.ટી.વી. ફુટેજની પેનડ્રાઈવ રજુ થયેલ હોય ત્યારે તેવુ ફુટેજ ચેડા થયા વિનાનું હોવાનું સાબિત કરવુ જોઈએ. તેઓએ રજુઆત કરેલ છે કે, જે ડેસ્ટીનેશનમાં ડેટા સ્ટોર થયેલ હોય અને તે સોર્સથી ડેટા લેવાયેલ હોય તે બન્નેની હેઝ વેલ્યુ સરખી હોવી જોઈએ. આ કામે આવું કોઈ હેઝ વેલ્યુ નક્કી કરતુ પ્રમાણપત્ર રજુ થયેલ નથી. સી.સી.ટી.વી. ફુટેજ કોઈપણ સાહેદના પુરાવા દરમ્યાન તેમને બતાવવામાં આવેલ નથી અને તેની નકલ આરોપી પક્ષને આપવામાં આવેલ નથી.

(૨૬.૧૧) તેઓએ રજુઆત કરેલ છે કે, આંક–૨૧૪ થી તપાસાયેલા ઓળખ પરેડ કરનાર મામલતદાર શ્રી એ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, અમુક આરોપીઓ હિન્દી ભાષી હતા. આમ, મામલતદાર શ્રી એ ભોગ બનનાર અને આરોપીઓ કઈ ભાષા સમજતા હતા તેની કોઈ તપાસ કરેલ નથી. મામલતદાર શ્રીએ સ્વીકારેલ છે કે, દુભાષિયાની કોઈ લાયકાત તેઓએ જાણેલ નથી કે તેવા કોઈ દસ્તાવેજ તેઓએ જોયેલ નથી અને દુભાષિયા તરીકે હાજર મંગલચાંદને બાંગ્લાદેશી ભાષા આવડે છે તેવુ પોલીસના કહેવાથી જાણેલુ. તેઓએ રજુઆત કરેલ છે કે, આ મંગલચાંદ મન્ના પંચનામા સમયે પોલીસ સ્ટેશનમાં પણ હાજર હતા, ભોગ બનનારની પુછપરછ સમયે પણ હાજર હતા અને ઓળખ પરેડમાં પણ તેઓ હાજર હતા તે બાબત જ શંકા પ્રેરીત રહેલ છે. આ મંગલચાંદ મન્નાને ફરિયાદ પક્ષે તપાસેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે

કે, ઓળખ પરેડના પંચનામામાં સૌથી મહત્વની બાબત એ છે કે એક આરોપી દીઠ પાંચ ડમી માણસો રાખવાના અને તે રીતે ક્રમશઃ ઉમેરતા જવાના અને ઓળખ પરેડ સમયે ક્રમ નંબરથી ઓળખ કરાવવાની હોય છે. આવી કોઈ પ્રક્રિયા આ કામે ઓળખ પરેડ સમયે થયેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, તપાસ કરનાર અધિકારી શ્રી એલ.બી.ડાભી દ્વારા આંક–૨૧૮ નું પ્રમાણપત્ર આપવામાં આવેલ છે તે મુજબ ઓળખ પરેડ પહેલા કોઈ આરોપીઓની ઓળખ છતી કરવામાં આવેલ નથી તેવુ જાહેર કરવામાં આવેલ છે. તપાસ કરનાર અધિકારી શ્રી ડાભીએ તેમની આંક–૨૫૪ ની જુબાની દરમ્યાન ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, પોલીસ સ્ટેશનમાં ભોગ બનનારને વોશરૂમમાં જવાનું થાય ત્યારે તે આરોપીઓને જોઈ શકે તેમ હતા. શ્રી ડાભીએ સ્વેચ્છાએ એવુ જણાવેલ છે કે, ક્યારેક જોઈ શકે. એક વાર જોયેલ હોય તો પણ તે પુરતુ છે. આમ, ઓળખ પરેડ થકી ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર થયાનું કહી શકે નહી.

(૨૬.૧૨) વિધ્વાન વકીલશ્રી શાહે તેમની લેખિત દલીલમાં જણાવેલ છે કે, ઓળખ પરેડ કરનાર મામલતદારશ્રીને નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર હાઇકોર્ટની ગાઇડલાઇન મુજબ બે આરોપીઓથી વધુ આરોપીઓની ઓળખ પરેડ એકસાથે યોજી શકાય નહી તેવુ ધ્યાનમાં નથી અને તેઓએ ૧:૬ ના પ્રમાણમાં ડમી આરોપી લેવાના બદલે ૧:૪ ના પ્રમાણમાં લીધેલ છે અને તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર, દુભાષિયા અને આરોપીઓને ઓળખ પરેડ માટે હાજર રહેવા તેઓએ જાતે કોઇ જાણ કરેલ નહી અને ઓળખ પરેડ સમયે કોઇ પર વર્ષની ઉંમરના માણસને હાજર રાખવામાં આવેલ નહી. આ સાહેદે ઓળખ પરેડ માટે સરકારે ઘડેલા નિયમો અને નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર હાઇકોર્ટની ગાઇડલાઇન મુજબ ઓળખ પરેડ કરેલ નથી, આથી આંક–૨૧૭ નું પંચનામું માની શકાય નહી. તેઓએ વધુમાં જણાવેલ છે કે, આ સાહેદે તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, તમામ પક્ષકારોને તેમની ભાષામાં સમજ આપેલી તેવુ પંચનામામાં લખેલ નથી અને પંચ નં. ૦૨ ક્યારે ભોગ બનનારને બોલાવવા ગયા અને ક્યારે પાછા આવ્યા તેના સમયની કોઇ નોંધ પંચનામામાં કરેલ નથી તથા દુભાષિયા મંગલચાંદ ગોવિંદભાઇ મન્ના બાંગ્લાદેશી ભાષાના જાણકાર છે તેવો કોઇ દસ્તાવેજ પંચનામાનો ભાગ રહેલ નથી. આ સાહેદના પુરાવાના આધારે જણાય છે કે, તેઓએ ઓળખ પરેડના પંચનામા માટે ઉંમર, કદ, કાઠીના પ્રમાણમાં

ડમી માણસોને બોલાવેલ નથી. આમ, આંક–૨૧૭ વાળું ઓળખ પરેડનું પંચનામું પુરવાર થતુ ન હોય તેના આધારે તથા ઓળખ પરેડ થકી ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર થયાનું કહી શકે નહી.

(૨૬.૧૩) વિદ્વાન વકિલશ્રી શાહે રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, બાંગ્લાદેશ ઘરેથી નિકળ્યા બાદ વચ્ચે હોટલમાં રોકાવાનો પ્રસંગ બનેલ અને તે સમયે તેમના જન્મનું કાર્ડ આપેલુ. જો ભોગ બનનાર પાસે બાંગ્લાદેશ ઘરેથી નિકળ્યા ત્યારે જન્મનું કાર્ડ હોય તો ભારતમાં ગેરકાયેદસર પ્રવેશ્યા બાદ તેવુ કાર્ડ કઈ રીતે ગુમ થઈ જાય. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનાર બાંગ્લાદેશના છે તેવો એકપણ દસ્તાવેજ રેકર્ડ ઉપર રહેલ નથી. ભારતની કચેરી સાથે કોઈ પત્ર વ્યવહાર થયેલ હોય તે આ કામે રજુ થયેલ નથી.

(૨૬.૧૪) તેઓએ રજુઆત કરેલ છે કે, આંક–૧૯૧ વાળા સાત અલગ અલગ અધિકારીઓના રીપોર્ટ મુજબ ભોગ બનનાર ધોરણ–૧૨ સુધી ભણેલ છે અને બાંગ્લાદેશના નિયમો મુજબ બાળકને ૬ વર્ષ શાળામાં દાખલ કરવામાં આવે છે. આમ, ભોગ બનનારને ૬ વર્ષની ઉંમરે શાળામાં દાખલ કરેલ હોય અને તેણી ધોરણ–૧૨ સુધી ભણેલ હોય તો ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ હોવાનું જણાય છે.

(૨૬.૧૫) વિદ્વાન વકિલશ્રી શાહે તેમની રજુઆતોમાં જણાવેલ છે કે, ભોગ બનનાર તેમની જુબાનીમાં એવુ કહેતા નથી કે, તેમની સાથે આરોપીઓએ શરીર સબંધ બાંધ્યા બાદ તેણીને પૈસા ચુકવેલા હોય કે તેના એજન્ટને કોઈ પૈસા ચુકવેલા હોય. ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, કસ્ટમર કોને કહેવાય તે તેણી સમજે છે અને કોઈ કસ્ટમર પાસેથી તેણીએ કોઈ પૈસા લીધેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, જો માની લઈએ કે ચાર આરોપીઓ ગ્રાહક છે તો પણ તે આરોપીઓને એવી કોઈ જાણ ન હતી કે, ભોગ બનનારને બળજબરી પુર્વક લાવવામાં આવેલ છે. ભોગ બનનારને બાંગ્લાદેશી ભાષા જ આવડતી અને આ ચાર આરોપીઓને બાંગ્લાદેશી ભાષા આવડતી ન હતી અને ભોગ બનનારે આ ચાર આરોપીઓએ કોઈ દુષ્કર્મ આચરેલ હોય ત્યારે ના પાડી હોય કે વિરોધ કે પ્રતિકારી કર્યો હોય તેવો ફરિયાદ પક્ષનો કોઈ કેસ રહેલો નથી.

(૨૬.૧૬) વિદ્વાન વકિલ શ્રી શાહે તેમની રજુઆતમાં જણાવેલ છે કે, નામદાર ઉચ્ચ અદાલત દ્વારા ઈમમોરલ ટ્રાફીક (પ્રિવેન્શન) એક્ટના ગુન્હાની ફરિયાદ આવા જ સરખા આક્ષેપોના ગુન્હા બાબતે રદ કરવામાં આવેલ છે. આ ચુકાદા મુજબ પણ હાલના કિસ્સામાં ભોગ બનનારે કોઈ કૃત્ય અટકાવવા કે તેનો વિરોધ કરવા પ્રયત્ન કરેલ નથી અને બચાવની તક હોવા છતાં બચાવ કરેલ નથી કે ત્યાંથી છુટી જવાની તક હોવા છતાં તેમ કરેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, આ કેસમાં આરોપીઓ સામે રહેલ આક્ષેપ મુજબ તેઓએ સુરક્ષાના સાધન સાથે ભોગ બનનાર સાથે શારીરિક સબંધ બાંધેલ છે અને ભોગ બનનારે આવા કોઈ કૃત્ય સામે કોઈ પ્રતિકાર કરેલ નથી કે આવા કોઈ કૃત્યને અટકાવવા પ્રયત્ન કરેલ નથી. તેઓએ દલીલોમાં જણાવેલ છે કે, ભોગ બનનાર એકલી પોતાના વતન બાંગ્લાદેશથી ઘરના કોઈ સભ્યને જાણ કર્યા વિના નિકળે છે અને અન્ય લોકોની મદદથી મધ્યરાત્રીએ સરહદ ઓળંગી ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરે છે અને હાવડાથી છેક મુંબઈ સુધી પહોચે છે. ભોગ બનનારની આ વર્તણુક તેણી બુદ્ધીશાળી અને બહાદુર હોવાની બાબત દર્શાવે છે. તેથી એવુ કહી શકાય નહી કે તેણીને એવી ખબર પડતી ન હતી કે, હોટલમાં કોઈ સ્ટાફને કે હોટલના કાઉન્ટર ઉપરના મેનેજરને હકીકત જણાવી મદદ માંગી શકાય. ભોગ બનનારે જાણી જોઈ આવુ કશું કરેલ ન હોવાનું અનુમાન કરવા પાત્ર છે. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેમની જુબાનીમાં વડોદરા અને અમદાવાદ ખાતે હોટલમાં આવેલ કોઈ વ્યક્તિઓના વર્ણન જણાવેલ નથી. આ કામના ભોગ બનનાર ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરનાર રહેલ હોય અને ઈરાદાપુર્વક પોતાના દસ્તાવેજોને છુપાવેલા હોય અને આ કૃત્યમાંથી બચવા માટે સોગંદ ઉપરની જુબાનીમાં ખોટી હકીકતો જણાવેલ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનાર ધોરણ–૧૨ સુધી ભણેલા છે અને બુદ્ધીશાળી છે અને તેમ છતાં મોડેલીંગના કામ માટે ભારત જવુ હોય તો વિઝા લેવા પડે તેવી સમજ તેણીને ના હોય તે માની શકાય તેમ નથી. આમ, ભોગ બનનાર મોડેલીંગ માટે નહી પરંતુ દેહવ્યાપાર માટે જ ગેરકાયેદસર રીતે ભારત આવેલ જેથી પોતાની ઓળખ માટે પોતાની બહેનના આઈ.ડી. કાર્ડનો દરેક જગ્યાએ ઉપયોગ કરેલ છે અને પાછળથી ખોટી હકીકત ઉપજાવી કાઢી ખોટી ફરિયાદ કરેલ.

(૨૬.૧૭) વિદ્વાન વકિલશ્રીએ રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૦૭ તરીકે આંક–૧૦૩ થી ડો. દિપલ શાહને તપાસવામાં આવેલા છે. આ તબીબી

સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, સંભોગ વખતે નિરોધનો ઉપયોગ કરેલ છે અને દર્દીના શરીર ઉપર કોઈપણ જાતના ઘા ના નિશાન જોવા મળેલ નહી તથા ગુપ્ત ભાગ પર કોઈ ઈજાના નિશોનો જણાય આવેલ નહી. આ તબીબી સાહેદની જુબાની ધ્યાને લેતા ભોગ બનનાર સાથે તેની મરજી વિરુધ્ધ બળજબરીથી દુષ્કર્મ કરવામાં આવેલ હોય તે સાબિત થતુ નથી. આ તબીબી સાહેદે સ્વીકારેલ છે કે, તેઓએ આંક–૧૦૬ ના પાના નં. ૦૫ ના કોલમ નં. ૨૫ માં તેઓએ કોઈ અભિપ્રાય આપેલ નથી અને તેમની શારીરિક દરમ્યાન ભોગ બનનાર સાથે કોઈ એક જ વ્યક્તિએ શરીર સબંધ બાંધેલાનું ધ્યાનમાં આવેલુ. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે શારીરિક રીતે બનાવનો પ્રતિકાર કરેલ હોય તેવી કોઈ વિગત તેમને જણાવેલ નથી અને હિસ્ટ્રી બાદ કરતા ભોગ બનનાર સાથે શરીર સબંધ થયો છે તેવુ તેઓ કહી શકે નહી. આમ, ફરિયાદ પક્ષ ભોગ બનનારની મરજી વિરુધ્ધ આરોપીઓ દ્વારા તેણી ઉપર બળાત્કાર ગુજારવામાં આવેલ હોવાનું સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

(૨૬.૧૮) તેઓએ રજુઆત કરેલ છે કે, ફરિયાદી શ્રી જી.એસ.ગઢવીને આંક–૧૮૨ થી તપાસવામાં આવેલા છે. તેઓએ સ્વીકારેલ છે કે, તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ ભોગ બનનાર સગીર હોવાનો કોઈ આધાર ન હતો. આથી સવાલ એ ઉભો થાય કે, ભોગ બનનારને કઈ રીતે સગીર બતાવી આરોપીઓ સામે પોક્સો એક્ટના ગુન્હાના તહોમત લગાવેલ છે. તા. ૦૬/૦૯/૨૦૨૩ સુધીમાં ભોગ બનનારની શારીરિક તપાસ કરાવેલ નથી. શ્રી ગઢવીએ સ્વીકારેલ છે કે, હાઈ કમિશન મારફતે પણ ભોગ બનનારના જન્મના આધાર મેળવવા કે ભોગ બનનાર બાબતે માહીતી મેળવવા કોઈ પ્રયત્ન કરેલ નહી. શ્રી ગઢવીની જુબાની આધારે જણાય છે કે, ભોગ બનનારને બાંગ્લાદેશી ભાષા સિવાય અન્ય ભાષા આવડતી ન હતી તેથી દુભાષીયાએ કહેલ હકીકતોને ચકાસણી કર્યા વિના તેઓએ સાચી માની લીધેલી. શ્રી ગઢવીએ સ્વીકારેલ છે કે, આંક–૧૯૧ ના રીપોર્ટમાં ભોગ બનનારની ઉંમર અને જન્મ તારીખ ક્યાં આધારે લખેલી તે સ્પષ્ટતા નથી.

(૨૬.૧૯) વિધ્વાન વકીલશ્રી શાહે તેમની લેખિત દલીલમાં જણાવેલ છે કે, ભોગ બનનાર ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશેલ હોવા છતાં તેઓએ જે બેદરકારી રાખેલ છે અને ખોટી ફરીયાદ આપેલ છે તે બાબતે આરોપીપક્ષ તર્ફે તેમની ઉલટતપાસ કરવામાં

આવેલ અને તેના આધારે જણાય છે કે, જાણવા જોગ જાહેરાતની જાણ દરેક જીલ્લાને કરવાની હોવા છતાં તેઓએ કરેલ નથી, ભોગ બનનાર ગેરકાયદેસર રીતે આવેલ હોવા છતાં તે દિશામાં કોઇ તપાસ કરેલ નથી, ભોગ બનનારને મુંબઇ સુધી આવવામાં મદદ કરનાર કોઇ લોકોના નિવેદન લીધેલ નથી, ભોગ બનનાર સાથે તેમની મિત્ર ડેઝી આવેલ હોવાની હકિકત ખુલેલ હોવા છતાં તેનો કોઇ અત્તોપત્તો શોધવા પ્રયત્ન કરેલ નથી, ભોગ બનનારની જાણવા જોગ તપાસ દરમ્યાન મેડીકલ તપાસ કરાવી આંક–૧૯૦ નું સર્ટિફિકેટ મેળવેલ તેમાં શારીરિક સંભોગ કે દુષ્કર્મ કે હીસ્ટ્રી કે રીપોર્ટ ન હોવા છતાં ખોટી તપાસ કરેલ છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, શ્રી ગઢવીએ જાણવા જોગ તપાસ દરમ્યાન ભોગ બનનારનું વ્હોટ્સએપ અને નેટ ચાલુ હોવા છતાં ભોગ બનનારના વ્હોટ્સએપ અને ફેસબુક ચેટની કોઇ ડીટેલ તપાસના કામે સામેલ રાખેલ નથી, મુનાવર હુસેન નામની વ્યકિતનો મોબાઇલ નંબર જાહેર થવા છતાં તેની કોઇ કોલ ડીટેલ મેળવેલ નથી, મુનાવર હુસેન નામનો વ્યકિત ભોગ બનનારને ભારતમાં લાવેલ તેમ છતાં મુનાવ હુસેન સામે ગુન્હો દાખલ કરેલ નથી, મુનાવર હુસેન અને અનવર હુસેન બંને એક જ નામની વ્યકિત છે કે કેમ ? તેની કોઇ ખરાઇ કરેલ નથી, ભોગ બનનારના નિવેદન મુજબ તેણી પાસે બે ભારતીય મોબાઇલ નંબર હતા તે હકિકત જાહેર થવા છતાં તેના આધારે ભોગ બનનાર ના લોકેશન કે કોલ ડીટેલ મેળવેલ નથી, ભોગ બનનાર મુંબઇ સોનીયાના ઘરે રોકાયેલ તે હકિકત ખુલવા પામેલ હોવા છતાં ત્યાં જઇને સોનીયાના પતિ અને અન્ય કોઇના નિવેદન લીધેલ નથી, તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ જાણવા જોગની જાહેરાતમાં ભોગ બનનારની જન્મ તારીખ જાહેર કરેલ નથી અને બાંગ્લાદેશ ખાતે ઇન્ડીયન હાઇ કમિશન ઑફીસ મારફતે ભોગ બનનારની ઉંમર જાણવા કોઇ ચકાસણી કરેલ નથી. તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનાર ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરેલ તે જાણવા છતાં ભોગ બનનાર તેને મદદ કરનાર સામે કોઇ ગુન્હો નોંધેલ નથી, જાણવા જોગ તપાસના કામે ડાયરીમાં તપાસની કામગીરીની ટુંકનોંધ કરવી પડે તેમ છતાં તા. ૦૬/૦૯/૨૦૨૩ થી તા. ૧૩/૦૯/૨૦૨૩ સુધીની કામગીરીની કોઇ નોંધ કરેલ નથી. આમ, જાણવા જોગની તપાસ કરનાર શ્રી ગઢવીએ ખોટી તપાસ કરેલ હોય આરોપીઓને દોષમુક્ત જાહેર કરવા જોઇએ.

(૨૬.૨૦) તેઓએ રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૦૫ તરીકે આંક–૯૫ થી ધર્મેન્દ્રકુમાર દુર્ગાપ્રસાદ પટેલને તપાસવામાં આવેલા છે. આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતા જણાય છે કે, તેમને પંચનામું એટલે શું તેની માહિતી નથી અને પોલીસે તેમની હાજરીમાં કોઈ પુરાવો કબજે કરેલ નહી અને પોલીસે હોટલના રજીસ્ટ તથા સી.સી.ટી.વી. કેમેરા તેમની હાજરીમાં લખેલ નથી અને તેઓએ તમામ સહીઓ એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનમાં કરેલી છે અને પંચનામાનું લખાણ દુભાષિયાની મદદથી કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી.

(૨૬.૨૧) તેઓએ રજુઆત કરેલ છે કે, આંક–૧૦૦ તથા આંક–૧૦૧ વાળા હોટલના પંચનામાના પંચ સાહેદ અમરસિંહ રમેશભાઈ સોઢાપરમારના આંક–૯૯ ના મૌખિક પુરાવાથી કોઈ વિશ્વસનીય હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. આ પંચ સાહેદે સરતપાસમાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ હોવાનું જણાય છે પરંતુ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ત્રણ પેનડ્રાઈવ જોયેલ તે ક્યા દિવસના, કોઈ હોટલના અને ક્યાં સમયના રેકોર્ડીંગની હતી તેની તેમને ખબર નથી અને પેનડ્રાઈવ પ્લે કરવામાં આવેલ ત્યારે તે ક્યા સમયની અને ક્યા સ્થળની હતી તેની તેમને ખબર ન હતી તથા પેનડ્રાઈવમાંથી જે ફોટા લેવામાં આવેલ તે બાંગ્લાદેશી છોકરીને બતાવવામાં આવેલ અને કહેવામાં આવેલ કે આને તારે ઓળખી બતાવવાના છે. આ પંચ સાહેદે સ્વીકારેલ છે કે, પેનડ્રાઈવનો વિડીયો તેમની રૂબરૂમાં પ્લે કરીને બતાવવામાં આવ્યો હોય અને બાંગ્લાદેશી છોકરી પાસે ઓળખ કરાવેલ હોય તેવુ બનેલ નથી.

(૨૬.૨૨) વિદ્વાન વકિલશ્રી શાહે દલીલોમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૦૯ તરીકે આંક–૧૩૧ થી ૧૮૧ અભયમ ટીમના કૈલાસબેન શીવુભાઈ નાયકને તપાસવામાં આવેલા છે. તેઓએ રજુ કરેલ આંક–૧૩૩ ના ફોર્મમાં સ્થળમાં આણંદ લખવામાં આવેલ છે તથા ભોગ બનનારની ઉંમર ૨૨ લખેલ છે. આ સાહેદ ભોગ બનનાર કેવી રીતે, કોના મારફત, કેમ ભારત આવ્યા અને તેણી ઉપર બળાત્કાર થયેલ છે કે કેમ? તેવી કોઈ જ હકીકત જાણતા નથી.

(૨૬.૨૩) તેઓએ રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે અભયમ ટીમને જાણ કરનાર નિલોય નારાયણપ્રસાદ ડેયને આંક–૧૩૫ થી તપાસવામાં આવેલા છે.

આ સાહેદે ભોગ બનનાર સાથે મેસેજથી વાત કરી હોય અને ભોગ બનનારે લોકેશન મોકલેલ હોય તેવુ કોઈ ચેટીંગ કે તેના સ્ક્રીનશોટ પોલીસને આપેલ નથી. આ સાહેદને બનાવ વિશે કોઈ જાણકારી નથી તેથી ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ નથી.

(૨૬.૨૪) તેઓએ વધુમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૧ તરીકે આંક–૧૪૧ થી હોટલ લોટ્સ ગોલ્ડ ખાતે કાઉન્ટર ઉપર નોકરી કરતા વિકાસકુમાર કારૂસવને તપાસવામાં આવેલા છે. આ સાહેદે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓએ આઈ.ડી. પ્રુફ ચેક કર્યા હોય કે રૂમ ફાળવવાની નોંધ રજીસ્ટરમાં કરેલ હોય તેવુ બનેલ નથી અને રૂમ આપતા સમયે ગ્રાહક જે ઓળખ કાર્ડ રજુ કરેલ તે ઓળખ કાર્ડ અને ગ્રાહકનો ફોટો તેઓ સરખાવતા હતા અને ઓળખ કાર્ડમાં જન્મની તારીખ પણ ચેક કરતા હતા. આ સાહેદે સ્વીકારેલ છે કે, તા. ૩૧/૦૮/૨૦૨૩ ના રોજ જે છોકરી આવેલી તેણે તેનુ નામ ઝાકીયા બતાવેલ અને તે નામનું ઓળખ કાર્ડ રજુ કરેલ અને તેને રૂમ નં. ૧૦૩ આપેલો અને રજીસ્ટરમાં ક્યા રૂમમાં કેટલા વ્યક્તિઓ રહેતા હતા તેની વિગતો દર્શાવેલ નથી અને ઝાકીયા બિસ્તને તેણી પુખ્ત વયની હોવાનું આઈ.ડી. પ્રુફથી જણાતા તેને રૂમ આપવામાં આવેલ. આ સાહેદે મહત્વની હકીકત સ્વીકારેલ છે કે, આંક–૧૪૪ મુજબ હોટલના રૂમ નં. ૨૦૧ અને ૨૦૮ માં એક એક વ્યક્તિ જ રોકાયેલ હતા અને રૂમ નં. ૨૦૧ અને ૨૦૮ માં તેઓએ કોઈને જતા આવતા જોયા હોય તેવુ બનેલ નથી અને હોટલમાં કોઈ ગ્રાહકે તેમની પાસે તા. ૨૮/૦૮/૨૦૨૩ થી તા. ૦૧/૦૯/૨૦૨૩ સુધીમાં મદદ માંગી હોય કે ફરિયાદ કરી હોય તેવુ બનેલ નથી અને તેઓએ સી.સી.ટી.વી. ફુટેજના ફોટા પાડીને તેની કોપી પોલીસને આપેલ હોય તેવુ બનેલ નથી. આમ, આ સાહેદના પુરાવાથી પણ ફરિયાદ પક્ષનો કેસ પુરવાર થયાનું કહી શકાય નહી.

(૨૬.૨૫) તેઓએ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં. ૧૩ તરીકે આંક–૧૬૫ થી મહેન્દ્રભાઇ વાલજીભાઇ પાટીદારને તપાસવામાં આવેલા છે અને આ સાહેદ હોટલ સાંઇવીલા, અમદાવાદ ખાતે જે તે સમયે મેનેજર તરીકે નોકરી કરતા હતા અને તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન નહી કરતા તેમને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ પણ તેઓએ ઇન્કાર કરેલ છે કે, ડી.વી.આર. નો ડેટા તેઓએ જાતે પેનડ્રાઇવ કોપી કરી પોલીસને જાતે આપેલ. આ સાહેદે તેમની ઉલટતપાસમાં

જણાવેલ છે કે, આંક–૧૬૬ ની એન્ટ્રી નં. ૧૩૯ માં વિઝીટરની સહીના કોલમમાં બંને સહીઓ સોનીયા નામની વીઝીટરે કરેલી અને આંક–૧૬૮ વાળા ઓળકકાર્ડમાં ઝાકીયા બીસસની જન્મ તારીખ ૦૧/૦૧/૨૦૦૧ હોવાનું લખાયેલ છે અને તેઓએ સ્વીકારેલ છે કે, ઝાકીયા બીસસના ઓળખકાર્ડની વિગતો જોઇ તે પુખ્ત વયનું હોવાની જણાયેલ અને તેથી તેમને રૂમ ફાળવેલ. આ સાહેદે સ્વીકારેલ છે કે, આંક–૧૭૦ વાળું લખાણ કોણે તૈયાર કર્યું અને તેમાં શું લખવામાં આવેલ તેની તેમને ખબર નથી અને તેઓએ માત્ર સહી કરેલી અને સહી કર્યા સિવાય અન્ય કોઇ કાર્યવાહી તેમની હાજરીમાં થયેલ નથી. આ સાહેદે સ્વીકારેલ છે કે, પોલીસે જે કુટેજ લીધેલા તે તેમની રૂબરૂમાં લેવામાં આવેલ હોય તેવુ બનેલ નહી અને પેનડ્રાઇવમાં લેવામાં આવેલ ડેટા પોલીસે તેમને બતાવેલ હોય કે જોયેલ હોય તેવુ બનેલ નહી અને ઝાકીયા નામની છોકરીએ તેની સાથે હોટલમાં દુષ્કર્મ થયા અંગે તેમને કે તેમની સાથેના હોટલના સ્ટાફને ફરીયાદ કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ઝાકીયા રૂમ નં.૪૦૬ માં ગઇ હોય તેવુ તેઓએ નજરે જોયેલ હોય તેવુ બનેલ નથી અને ઝાકીયા રૂમ નં. ૪૦૬ માં ગઇ તેવુ તેમની હોટલના સ્ટાફે જોઇને તેમને જણાવ્યુ હોય તેવુ બનેલ નથી્ અને ઝાકીયાએ પણ તેવુ જણાવેલ નથી અને ઝાકીયા તેમની હોટલમાં રોકાયેલ તે દરમ્યાન ક્યારેક એકલી તો ક્યારેક બીજી સ્ત્રી સાથે બહાર આવતી જતી હતી. તેઓએ રજુઆત કરેલ છે કે, આ સાહેદને હોટલની બહારની સ્થળ સ્થિતિ બાબતે પુછતાં તેઓએ જણાવેલ છે કે, તેમની હોટલ વસ્તીવાળા વિસ્તારમાં આવેલ છે અને કોઇ સ્ત્રી મદદ માંગે તો મદદ મળી શકે અને હોટલની બહાર નીકળતા ટ્રાફીક પોલીસ છે અને પોલીસ ચોકી પણ છે. આ હકિકત હોવા છતાં આ ઝાકીયાએ કોઇના મદદ માંગી હોય કે ફરીયાદ કરી હોય તેવુ રેકર્ડ ઉપર આવેલ નથી એટલે કે, આંક–૩૦ ના સાહેદની મરજી વિરૂદ્ધ તેણીની સાથે કોઇ દુષ્કર્મ થયેલ હોય તેમ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે.

(૨૬.૨૬) વિધ્વાન વકીલશ્રી શાહે તેમની લેખિત દલીલમાં જણાવેલ છે કે, આંક–૯૬ વાળું પંચનામું કરનાર પી.એસ.આઇ. શ્રી પરિક્ષિતસિંહ કિરતસિંહ સોઢાને સાહેદ નં. ૧૬ તરીકે આંક–૨૩૫ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, કહેવાતી હોટલના કોઇપણ રજીસ્ટરમાં જે રૂમમાં ગેસ્ટ રોકાયેલા તે વ્યકિતઓએ પોતાના શું નામ જાહેર કરેલ અને તે બાબતે શું પુરાવા આપેલ તે બાબતે રજીસ્ટર જોઇને તેની કોઇ નોંધ પંચનામામાં કરેલ નથી અને પંચનામામાં ભોગ બનનારે

તેમની રૂબરૂ તેણીની સાથે તેણીની મરજી વિરૂદ્ધ બળજબરીથી શારીરિક સંબંધ બાંધવામાં આવેલ હોય તેવુ જણાવેલ હોય તેવો કોઇ ઉલ્લેખ નથી. તેઓએ જણાવેલ છે કે, આ પોલીસ સાહેદે તેમની ઉલટતપાસમાં જણાવેલ છે કે, ત્રણેય હોટલ ઉપર પંચનામા સિવાય સ્વતંત્ર સાહેદોના માધ્યમથી ભોગ બનનાર સાથે બળજબરીથી શારીરિક સંબંધ થયાનો કોઇ પુરાવો મળી આવેલ નહી. તેઓએ જણાવેલ છે કે, આ પોલીસ સાહેદે તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, પંચનામાની કાર્યવાહી દરમ્યાન ત્રણેય હોટલ ખાતેના રજીસ્ટર બુક તથા સી.સી.ટી.વી. ફુટેઝીસ ગુન્હાના કામે મહત્વનો પુરાવો હતો અને જે તેઓએ કબજે કરેલ નથી. વિધ્વાન વકીશ્રી શાહે જણાવેલ છે કે, આ પોલીસ સાહેદે તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, ગુન્હો દાખલ થયો તેના પહેલાં એક તપાસ સમિતિ ભોગ બનનારની પુછપરછ માટે ઘડવામાં આવેલ અને તે તપાસ સમિતિના તેઓએ એક સભ્ય હતા. આમ, તેઓ તપાસ સમિતિના સભ્ય તરીકે તમામ હકિકતો જાણતા હોવા છતાં પી.આઇ. શ્રી ડાભી સાહેબે બીજા તટસ્થ અધિકારી પાસે પંચનામું કરાવેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, આંક–૯૬ ના પંચનામામાં દુભાષિયાની કોઇ સહી લીધેલ નથી અને દુભાષિયા બાંગ્લાદેશની માતૃભાષા અને હિન્દી ભાષાનો જાણકાર છે તેવુ કોઇ સર્ટિફિકેટ તેઓએ લીધેલ નથી. તેઓએ જણાવેલ છે કે, આંક–૯૬ ના પંચ સાહેદને આંક–૯૫ થી તપાસેલા છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ પંચનામામાં સ્ટાફના માણસો સિવાય બીજા કોઇના સહી કરતા જોયેલ નથી અને તમામ સહીઓ તેઓએ એસ.ઓ.જી. પોલીસમાં કરેલી. આમ, આંક–૯૬ ના પંચનામાની કાર્યવાહી આ પોલીસ સાહેદ તથા પંચ સાહેદ ના પુરાવાથી સાબિત થતી નથી.

(૨૬.૨૭) તેઓએ વિશેષમાં રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ તર્ફે કહેવાતો ગુન્હો નોંધનાર પી.એસ.ઓ. વિનોદભાઇ મુળજીભાઇને સાહેદ નં. ૧૭ તરીકે આંક–૨૩૯ થી તપાસેલા છે. તેઓએ તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, આંક–૨૪૦ વાળા સુચિપત્ર અને આંક–૧૯૪ વાળા જાહેર રીપોર્ટમાં આરોપી નં. ૦૧ ના બે મોબાઇલ નંબર દર્શાવેલ છે અને બીજો મોબાઇલ નંબર શાના આધારે દર્શાવેલ છે તે તેઓ કહી શકે નહી અને આરોપી નં. ૦૧ નું નામ મુનાવર હુસેન જાહેર થયેલ છે અને આરોપી નં. ૦૧ નું પુરુ નામ કે બીજુ કોઇ નામ જાહેર થયેલ નથી. આ પી.એસ.ઓ. એ સ્વીકારેલ છે કે, ગુન્હો નોંધવા તેમને કોઇ લેખિત હુકમ મળેલ નથી અને ગુન્હો નોંધી આગળની

તપાસ કોઇને સોંપતો લેખિત હુકમ કરેલ નથી. આમ, આ પોલીસ સાહેદે ફરીયાદની કોઇ ખરાઇ કર્યા વિના માત્ર ફરજના ભાગરૂપે ફરીયાદ નોંધેલ અને તેઓએ તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, ગુન્હો તેમના હકુમતવાળા પોલીસ સ્ટેશનમાં બન્યો નથી પરંતુ વિધ્યાનગર પોલીસ સ્ટેશનથી ૩૭ કિ.મિ. દુર વડોદરા સયાજીગંજ વિસ્તારમાં બનેલ છે, આથી તેઓએ ફરીયાદ જીરો નંબરથી નોંધી વડોદરા સયાજીગંજ પોલીસ સ્ટેશને અસલ કાગળો સાથે મોકલી આપવી જોઇતી હતી, પરંતુ સાહેદે પોતાની ફરજમાં ચુક કરેલ છે અને ગુન્હો નોંધ્યા બાદ પણ તેઓએ તેમની ફરજમાં આવતુ હોવા છતાં આગળની તપાસનો કોઇ હુકમ કરેલ નથી. આથી, તપાસ કરનાર અધિકારીએ કોઇ પણ હુકમ વિના તપાસ કરેલ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, તા. ૦૬/૦૯/૨૦૨૩ ના તા. ૧૩/૦૯/૨૦૨૩ સુધી ભોગ બનનાર વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં હતા તેમ છતાં ૮ દિવસ મોડી ફરીયાદ આપવા બાબતે ફરીયાદી અથવા ફરીયાદ રજુ કરનાર પાસે કોઇ ખુલાસો માંગેલ નથી. આમ, ફરીયાદ નોંધવાની તથા તપાસ સોંપવાની પ્રક્રિયા મુળથી જ ખોટી રહેલ છે.

(૨૬.૨૮) વિધ્વાન વકીલશ્રી શાહે તેમની રજુઆતોમાં જણાવેલ છે કે, તપાસ કરનાર અધિકારશ્રી લવકુમાર બનેસિંહ ડાભીને સાહેદ નં. ૧૯ તરીકે આંક–૨૫૪ થી તપાસવામાં આવેલા છે અને આ તપાસ કરનાર અધિકારીએ તપાસમાં ખુબ જ ગંભીર ભુલ કરેલ છે, જે હકિકત તેમની ઉલટતપાસ ઉપરથી સ્પષ્ટ થાય છે. વિધ્વાન વકીલશ્રીએ જણાવેલ છે કે, તપાસ કરનાર અધિકારીએ અભયમ ટીમની તપાસમાં ભોગ બનનારની ઉંમર ૨૨ વર્ષ, જાણવા જોગમાં ભોગ બનનારની ઉંમર ૨૨ વર્ષ અને ડોક્ટર દ્વારા ભોગ બનનારની ઉંમર ૧૭ વર્ષ થી ૨૨ વર્ષ હોવાનું જણાવેલ તે હકિકત હોવા છતાં ભોગ બનનારની સાચી ઉંમરના કે જન્મ તારીખના પુરાવા બાંગ્લાદેશથી કુરીયર મારફતે મંગાવેલ નથી. તેઓએ જણાવેલ છે કે, આંક–૧૫૪ ના સાહેદે આપેલ આંક–૧૧૪ ના અભિપ્રાયનો સમય તથા આંક–૧૫૫ થી આંક–૧૬૦ થી રજુ થયેલ એક્સે–રે ફિલ્મનો દર્શાવેલ સમય તે બાબતે આંક–૧૫૪ ના સાહેદનો કોઇ વધારાનું નિવેદન લીધેલ નથી અને ભોગ બનનાર ગેરકાયદેસર ભારતમાં આવેલ હોવા છતાં તે દિશામાં તપાસ કરેલ નથી, બાંગ્લાદેશથી નિકળી ભોગ બનનાર મુંબઇ આવેલ ત્યાં સુધી તેણીને મદદ કરનાર કોઇના નિવેદન લીધેલ નથી કે ભોગ બનનારના મિત્ર ડેઝીનો કોઇ અત્તોપત્તો શોધવા પ્રયત્ન કરેલ નથી. તપાસ કરનાર અધિકારીએ ભોગ

બનનારને ભારતમાં લાવનાર મુનાવર હુસેન નામના એજન્ટ ના મોબાઇલની કોઇ કોલ ડીટેઇલની તપાસ કરેલ નથી, ભોગ બનનારના વ્હોટ્સએપ અને ફેસબુકના ચેટની ડીટેઇલ સામેલ રાખેલ નથી તેમજ ભોગ બનનારના ભારતીય નંબર ના બે સીમકાર્ડ ક્યાંથી આવ્યા, કોણે આપ્યા અને ક્યાં આઇ.ડી. પ્રુફથી મેળવ્યા તે બાબતે તપાસ કરેલ નથી અને તેના કોઇ કોલ ડીટેઇલ મેળવેલ નથી. તપાસ કરનાર અધિકારીએ સ્પષ્ટ જણાવેલ છે કે, તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ આપેલ ફરીયાદમાં જણાવેલ ગુન્હાના કોઇ આવશ્યક તત્વો જાણવા જોગ તપાસ દરમ્યાન જણાઇ આવેલા નહી. તપાસ કરનાર અધિકારીએ મુનાવર હુસેન અને અનવર હુસેન નામની વ્યકિત એક જ છે કે કેમ ? તેની તપાસ કર્યા વિના બંને નામની વ્યકિત એક જ હોવાનું ભોગ બનનારે આપેલ મોબાઇલ નંબરના આધારે ખોટી રીતે માની લીધેલ છે અને ભોગ બનનારે આપેલ મોબાઇલ નંબરની કોઇ કોલ ડીટેઇલ તેઓએ મેળવેલ નથી. તપાસ કરનાર અધિકારીએ ભોગ બનનાર જેમના ઘરે વિધ્યાનગર રોકાયેલ તે ક્યા કારણથી અને કેવા સંબંધથી રોકાયેલ તે વિશે કોઇ પુછપરછ કરેલ નથી અને ભોગ બનનારે તા. ૦૬/૦૯/૨૦૨૩ ના નિવેદનમાં તેણી ધોરણ–૧૨ પાસ હોવાનું જણાવેલ હોવા છતાં ધોરણ–૧૨ પાસનું સર્ટિફિકેટ મેળવવા તેમજ ભોગ બનનારના જન્મ તારીખ બાબતે આધારે મેળવવા બાંગ્લાદેશ ખાતે ઇન્ડીયન હાઇ કમિશન ઑફીસ મારફતે કોઇ પ્રયત્ન કરેલ નથી. વિધ્વાન વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે, તપાસ દરમ્યાન હકુમત બહારનો ગુન્હો હોવાનું જાહેર થયેલ હોવા છતાં ઝીરો નંબરથી ફરીયાદ નોંધી હકુમતવાળા પોલીસ સ્ટેશને મોકલેલ નથી અને આંક–૧૯૧ વાળા રીપોર્ટમાં બીજી પાંચ–છ છોકરીઓ તે જ દિવસે હોટલ લોટ્સ ગોલ્ડમાં હાજર હોવાનું ખુલેલ છતાં તે બાબતે કોઇ તપાસ કરેલ નથી. આમ, તપાસ કરનાર અધિકારી દ્વારા તપાસમાં ઘણી બધી ગંભીર ક્ષતિઓ રાખવામાં આવેલ હોવાનું પુરવાર થાય છે. જેથી આરોપીઓ વિરૂદ્ધના ચાર્જશીટના આક્ષેપો ખોટા ઠરે છે અને આરોપીઓએ કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી, ગુન્હો કરવામાં ભાગ ભજવેલ નથી કે ષડયંત્ર રચેલ નથી જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ.

(૨૬.૨૯) આરોપી નં. ૦૬ અને ૦૭ તરફે વિદ્વાન વકિલશ્રી ડી.એસ.શાહે તેમની મૌખિક દલિલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ રાખેલ છે.

(૧) શીવા ચુટલ યુદલગુરી વિરુધ્ધ સ્ટેટ ઓફ આસામ, ક્રિમીનલ અપીલ(જે) ૨૪/૨૦૨૧.

(૨) જરનૈલસીંઘ વિરૂદ્ધ સ્ટેટ ઑફ હરીયાણા ના કેસના (૨૦૧૩) ૭ સુપ્રિમ કોર્ટ કેસીસ ૨૬૩.

<u>ફરિયાદ પક્ષના મૌખિક પુરાવાઓનું નિરૂપણઃ–</u>

(૨૭) ફરિયાદ પક્ષનો એવો કેસ છે કે, આ કામના આરોપી નં. ૦૧ મેસન સ/ઓ રઙ્કાક રહમાન બીસ્સ ઉર્ફે અનવર ઉર્ફે મુનાવર હુસેન જોય નાઓએ આ કામના ભોગ બનનાર બાળાને મોડેલીંગ તથા એકટીંગમાં કામ અપાવવાની લાલચ આપી ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશ ભારતની બોર્ડર ક્રોસ કરાવી મુંબઈ ખાતે લાવી આરોપી નં.૦૧ મેસન સ/ઓ રઙ્કાક રહમાન બીસ્સ ઉર્ફે અનવર ઉર્ફે મુનાવર હુસેન જોય તથા આરોપી નં. ૦૩ સોનીયાબેન વા/ઓ દીનેશભાઈ વેંક્ટ શિંદે ઉર્ફે નઝમા રજાકભાઈ બીસેસ નાઓએ ભોગ બનનારને ડરાવી ધમકાવી લલચાવી આરોપી નં.૦૩ સોનીયાબેન વા/ઓ દીનેશભાઈ વેંક્ટ શિંદે ઉર્ફે નઝમા રજાકભાઈ બીસેસ નાઓ દેહ વ્યાપાર કરાવવા માટે ગુજરાત રાજ્યના વડોદરા ખાતે લાવી આરોપી નં. ૦૩ સોનીયાબેન વા/ઓ દીનેશભાઈ વેંક્ટ શિંદે ઉર્ફે નઝમા રજાકભાઈ બીસેસ નાઓએ ભોગ બનનારને આરોપી નં. ૦૨ જેઠાનંદ ઉર્ફે સુનિલ ઘનશ્યામભાઈ સેવકાની મારફતે દેહ વ્યાપાર કરવા માટે મોકલી આપી આરોપી નં. ૦૨ જેઠાનંદ ઉર્ફે સુનિલ ઘનશ્યામભાઈ સેવકાની નાઓએ મોકલેલ આરોપી નં. ૦૫ પ્રદિપકુમાર ઉર્ફે લાલો કાંતીભાઈ મકવાણા નાઓએ ભોગ બનનાર સાથે તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૩:૨૦ થી કલાક ૧૪:૧૦ દરમ્યાન વડોદરા, ફતેગંજ ખાતે આવેલ હોટલ લોટ્સ ગોલ્ડના રૂમ નં. ૨૦૧ માં દુષ્કર્મ આચરી તથા આરોપી નં. ૦૬ રાહુલ પ્રકાશ નારાયણ મિશ્રા નાઓએ ભોગ બનનાર સાથે તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૩:૨૫ થી ૧૪:૧૦ દરમ્યાન વડોદરા ફતેગંજ ખાતે આવેલ હોટલ લોટ્સ ગોલ્ડના રૂમ નં. ૨૦૮ માં દુષ્કર્મ આચરી તેમજ આરોપી નં. ૦૨ જેઠાનંદ ઉર્ફે સુનિલ ઘનશ્યામભાઈ સેવકાની નાઓએ ભોગ બનનાર બાળાને દેહ વ્યાપાર કરવા માટે અમદાવાદ ખાતે લાવી આરોપી નં. ૦૪ અમૃત ઉર્ફે અનીલ ઉર્ફે આર્યન ગોરધનભાઈ ખર્રા નાઓ મારફતે દેહ વ્યાપાર કરવા માટે મોકલી આપી આરોપી નં. ૦૪ અમૃત ઉર્ફે અનીલ ઉર્ફે આર્યન

ગોરધનભાઈ ખરાએ મોકલેલ આરોપી નં. ૦૭ શીભાઈભાઈ ઉર્ફે લાલભાઈ કરમશીભાઈ દેસાઈ નાઓએ ભોગ બનનાર સાથે તા. ૦૩/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૪:૨૦ થી કલાક ૧૩:૫૫ દરમ્યાન અમદાવાદ જુના વાડજ ખાતે આવેલ હોટલ સાંઈ વિલા રૂમ નં. ૪૦૬ માં દુષ્કર્મ આચરી તેમજ આરોપી નં. ૦૮ નાઓએ ભોગ બનનાર સાથે તા. ૦૩/૦૯/૨૦૨૩ ના કલાક ૨૧:૦૦ થી તા. ૦૪/૦૯/૨૦૨૩ ના કલાક ૦૮:૦૦ દરમ્યાન અમદાવાદ થલતેજ ખાતે આવેલ હોટલ આઈ લેન્ડ પાર્કમાં આવેલ રૂમ નં. ૪૦૫ માં દુષ્કર્મ આચરી આ કામના તમામ આરોપીઓએ ભેગા મળી ગુન્હાહીત કાવતરુ રચી ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૬૩, ૩૬૬એ, ૩૬૬બી, ૩૭૦(૪), ૩૭૦એ(૧), ૩૭૨, ૩૭૩, ૩૭૬, ૧૨૦બી તથા જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ – ૪, ૬, ૧૬ અને ઈમ્મોરલ ટ્રાફીક (પ્રિવેન્શન) એક્ટની કલમ – ૪(૧), ૫(૧)(ડી) મુજબના ગુન્હા કરેલ છે.

(૨૮) હાલના કામે રજુ થયેલો સમગ્ર પુરાવો જોતા અને તેનુ મુલ્યાંકન કરતા, આ કામે ફરિયાદ પક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે કુલ ૧૯ સાહેદ તપાસવામાં આવેલા છે. જેઓનો પુરાવો નીચે મુજબ છે.

(૨૯) ફરિયાદ પક્ષ તરફે આંક–૩૦ થી સાહેદ નં. ૦૧ તરીકે ભોગ બનનારને તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેમના ગામનું નામ ચરકાલેખાન, જી. બોરીસર, થાણા મુલાદી, બાંગ્લાદેશ છે અને તેમના પરીવારમાં તેમના માતા, તેમના ૬ બહેનો, એક ભાઇ છે અને તેમના પિતા આશરે ૧૧ વર્ષ પહેલા અવસાન પામેલા છે અને તેઓ ઢાકા સીટીમાં તેમના ત્રીજા નંબરના બહેન સાથે રહેતા હતા અને તેમની ઉંમર હાલમાં ૧૭ વર્ષની થયેલ નથી. ભોગ બનનારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ બાંગ્લાદેશમાં હતા ત્યારે અભ્યાસ કરતા હતા અને સાથે સાથે શોર્ટ ફિલ્મ મ્યુઝીક વિડીયોના રેકોર્ડિંગમાં મોડેલીંગનું કામ કરતા હતા ત્યારબાદ તેઓને એક વ્યક્તિ કે જેનુ નામ મનોહરહુસેન જોય ના નામથી તેઓ ઓળખતા હતા તે એજન્ટે તેઓનો ફેસબુકથી સંપર્ક કરેલો અને તેણે ફ્રેન્ડ રીક્વેસ્ટ મોકલાવેલી જે તેઓએ શરૂઆતમાં સ્વીકારેલી નહી પરંતુ પાછળથી સ્વીકારેલી ત્યારબાદ તેઓને તેની સાથે ફેસબુક ઉપર વાત ચીત થયેલી અને આવી વાતચીત તેને બે ત્રણ મહીના સુધી થયેલી અને આ વાતચીત ૨૦૨૩ ના વર્ષમાં થયેલી અને

મનોહરહુસેન જોયનાએ તેઓને તુ મોડેલીંગ કરશે તેવુ પુછેલુ અને મનોહરહુસેન જોય કોલકતામાં મોડેલીંગનું કામકાજ કરતા હોવાનું તેઓને જણાવેલ ત્યારે તેઓને મનોહરહુસેન ખોટુ બોલતા હોવાનું લાગેલ તેથી તેઓએ તેની વાત સ્વીકારેલ નહી ત્યારબાદ મનોહરહુસેને તેઓને ઘણા ફોન કરેલા ત્યારે તેઓ બીઝી હતા તેથી તેઓએ તે ફોન ઉઠાવેલા નહી ત્યારબાદ સમય મળતા તેઓએ મનોહરહુસેન જોય સાથે વાત કરેલી ત્યારે મનોહરહુસેને ફરીથી કોલકતા આવી મોડેલીંગ કરવાનું જણાવેલ ત્યારે પણ તેઓને મનોહરહુસેન પર વિશ્વાસ થયેલો નહી ત્યારબાદ મનોહરહુસેને તેઓને ફેસબુક મેસેન્જર પર શુટીંગના ફોટા મોકલાવેલા ત્યારબાદ મનોહરહુસેને તેઓની સાથે ફેસબુક વિડીયો કોલથી વાત કરેલી અને આવી વાતચીત બે–ત્રણ દિવસ કરેલી ત્યારબાદ દસ–પંદર દિવસ સુધી તેઓને મનોહરહુસેન સાથે વાતચીત થયેલી નહી ત્યારબાદ તેઓને ફરીથી મનોહરહુસેન સાથે વાતચીત થયેલી તેમાં તેણે તેઓને તુ ક્યા છે? શું કરે છે તે પુછેલુ? તેઓએ વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ મનોહરહુસેને વિડીયોકોલથી બે છોકરીઓ બાંગ્લાદેશી છે તે મારી પાસે કામ કરે છે તેવુ કહી તેઓની સાથે વાતચીત કરેલી અને ત્યારે તેઓને ફરીથી કલકત્તા આવીને મોડેલીંગ કરવા જણાવેલ તેથી તેઓએ વિડીયોકોલમાં જે બે છોકરીઓ બતાવેલી તેની સાથે વાતચીત કરેલી ત્યાર પછી તેઓને એવુ લાગેલુ કે મનોહરહુસેન ખરેખર તેઓને મોડેલિંગ કામ માટે બોલાવે છે તેથી તેઓએ ત્યાં કેવી રીતે આવવુ તેવુ પુછેલુ ત્યારબાદ મનોહરહુસેને તેઓને જેસૌર બોર્ડર પર આવી જવા જણાવેલ તો તેઓએ મનોહરહુસેનને જણાવેલ કે તેઓ એકલા કેવી રીતે જાય તેઓની પાસે પાસપોર્ટ પણ નથી તો મનોહરહુસેને તેઓને જણાવેલ કે પાસપોર્ટની જરૂર પડતી નથી એમ જ આવી જાવ તમારા કોઈ ફ્રેન્ડ હોય તો તેમની સાથે આવી જાવ ત્યારબાદ તેઓએ મનોહરહુસેનને જણાવેલ કે હું વિચારીને જણાવીશ ત્યારબાદ તેઓની એક મિત્ર ડેઝી જે બાંગ્લાદેશમાં શુટીંગ કરે છે તેને વાત કરેલી ત્યારબાદ તેઓએ ડેઝીની વીડીયોકોલ ઉપર મનોહરહુસેન સાથે વાત કરાવેલ ત્યારબાદ તેઓએ મનોહરહુસેનને હમણા તેઓ પાસે પૈસા નથી પૈસા આવશે ત્યારે તેઓ વિચારીને જણાવશે તેવુ જણાવેલ.

(૨૯.૧) ભોગ બનનારે તેમની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, તા.૨૦ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ ફરીથી તેઓની મનોહરહુસેન સાથે વાતચીત થયેલી તો તેઓએ જણાવેલ કે, તમારે તા.૨૧/૦૮/૨૦૨૩ ના રોજ જેસૌર બોર્ડર ઉપર ગાડીમાં

આવવાનું છે ત્યારબાદ તા.૨૧/૦૮/૨૦૨૩ ના રોજ તેઓ અને ડેઝી બસમાં જેસોર રાત્રે આઠ વાગ્યે પહોંચેલા ત્યારબાદ ફરીથી તેઓએ મનોહરહુસેન જોયને ફોન કરેલો ત્યારબાદ તેઓએ કેવી રીતે આવવાનું છે તે પુછેલ તો મનોહરહુસેને જણાવેલ કે તેની આજુબાજુ હોટલ હોય ત્યાં રોકાય જાવ તેથી તેઓએ તેને વિડીયો કોલથી હોટલ બતાવેલી તો મનોહરહુસેને જણાવેલ કે આ હોટલ તેઓના ઓળખીતાની છે ત્યાં રોકાય જાવ તેથી તે હોટલમાં તેઓ અને ડેઝી રોકાયેલા અને તા. ૨૨/૦૮/૨૦૨૩ ના રોજ બપોરે બે વાગે તેઓ અને ડેઝી હોટલેથી નીકળી બેનાફોલ બોર્ડર પાસે જવા માટે નીકળેલા ત્યારબાદ ત્યાં સાંજે પાંચ વાગી જતા બોર્ડર બંધ થઈ ગયેલ તેથી મનોહરહુસેન જોયે તેઓને ત્યાં બોર્ડર ઉપર તેમના મિત્રના ઘરે રોકાવાનું જણાવેલ અને મનોહરહુસેનના મિત્રના ઘરે એક રીક્ષાવાળો તેઓને લઈ ગયેલો ત્યારબાદ તેઓએ મનોહરહુસેનને તેઓને પરત તેમના ઘરે જવુ છે તેમ જણાવેલ ત્યારબાદ મનોહરહુસેને તેઓને જણાવેલ કે આજ રાત્રે આ ઘરે રહો કાલે તમારે અહીં આવી જવાનુ છે ત્યારબાદ તેઓ અને ડેઝી બન્ને જણા મનોહરહુસેનના મિત્રના ઘરે રોકાયેલા અને તા. ૨૩/૦૮/૨૦૨૩ ના રાત્રે ૧૦ વાગે બોર્ડર ક્રોસ કરવા માટે મનોહરહુસેનના મિત્ર તેઓને તથા ડેઝી બોર્ડર ક્રોસ કરાવવા માટે ખેતરના રસ્તે ચાલીને લઈ ગયેલા ત્યારબાદ તેઓની સાથેના મનોહરહુસેનના મિત્રએ નદી ક્રોસ કરાવવાનું કામ એક બીજા વ્યક્તિને સોપેલુ અને તે પોતાના ઘર તરફ પરત જતો રહેલો ત્યારબાદ તેઓની સાથે જે વ્યક્તિ હતો તેણે નદી ક્રોસ કરાવી થોડે આગળ જઈ તેઓને બીજા વ્યક્તિને સોંપી દીધેલા ત્યારબાદ તેઓ ચાલતા ચાલતા બોર્ડર ક્રોસ કરીને ભારતના ખેતરમાં મળશ્કે ત્રણ ચાર વાગે આવી ગયેલા અને એક પ્રાઈવેટ વ્હાઈટ કલરની કાર આવેલ તેમાં તેઓને એક ઘરે લઈ ગયેલ અને ત્યાં બે ત્રણ કલાક તેઓ રોકાયેલા ત્યારબાદ એક મોટર સાયકલ સવારના સાતેક વાગ્યાના અરસામાં આવેલ ત્યારબાદ તેઓને અને ડેઝીને મોટર સાયકલ પર એક કલાક દુર કોઈક સ્થળે લઈ જવામાં આવેલ ત્યારબાદ ત્યાં એક પ્રાઈવેટ કાર આવેલ તેમાં તેઓને કલકત્તાના હાવરા બ્રીજ રેલ્વે સ્ટેશન ખાતે લઈ જવામાં આવેલા ત્યારબાદ ત્યાં તેઓને એક ભારતનું મોબાઈલ ફોનનું સીમ કાર્ડ આપવામાં આવેલ અને આ સીમકાર્ડથી તેઓએ મનોહરહુસેન સાથે વાતચીત કરવાની હતી તેથી તેઓએ ફોનથી મનોહરહુસેન સાથે વાતચીત કરેલી ત્યારબાદ રેલ્વે સ્ટેશન પર એક કુલ્લી જેવો માણસ તેઓને મળેલ તેણે તેઓને ટ્રેનની ટીકીટ કઢાવી આપેલ તે લોકલ ટીકીટ હતી ત્યારબાદ ૦૧:૧૫ મીનીટે મુંબઈ જવા માટેની ટ્રેન મળેલી જેમાં

તેઓ અને ડેઝી ટ્રેનમાં મુંબઈ આવેલા, ટ્રેનમાં બે દિવસ લાગેલા ત્યારબાદ નાલાસોપારા પહેલા ત્યાં એક રેલ્વે સ્ટેશન આવે છે ત્યારે તેઓને ઉતારેલ ત્યાં તેઓને મનોહરહુસેન જોય લેવા માટે આવેલા ત્યારબાદ મનોહરહુસેને તેઓને તેની બેનના ઘરે જવાનું છે તેમ જણાવેલુ.

(૨૯.૨) ભોગ બનનારે તેઓની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, તેઓને રાત્રે એક વાગે એક સ્ત્રીના ઘરે લઈ ગયેલા તેનું નામ સોનીયા હતુ અને મનોહરહુસેન તેઓને સોનીયાના ઘરે મુકીને જતો રહેલો અને આજ રાત તમે અહી જ રહો તેમ જણાવેલ ત્યારબાદ તેઓએ મનોહરહુસેનને પુછેલ કે શુટીંગ ક્યારે કરવાનું છે તેઓએ તેઓને જણાવેલ કે તમો આજે અહીં જ રહો પછી તમોને શુટીંગ માટે લઈ જઈશું તેમ જણાવેલ ત્યારબાદ મનોહરહુસેન સોનીયાના ઘરેથી જતા રહેલા ત્યારબાદ તેઓ અને ડેઝી સોનીયાના ઘરે ખાઈને સુઈ ગયેલ જ્યારે તેઓ ખાતા હતા ત્યારે સોનીયાએ તેઓને પુછેલ કે તમો અહી શા માટે આવેલ છો તો તેઓએ કહેલ કે તેઓ અને ડેઝી બન્ને શુટીંગ કરવા માટે આવેલ છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, બીજા દિવસે સવારે ઉઠીને તેઓએ સોનીયાને જણાવેલ કે મનોહરહુસેનને ફોન કરો તો સોનીયાએ મનોહરહુસેનને કોલ કરેલો તો તેઓએ મનોહરહુસેનને કહેલ કે તેઓ શુટીંગ માટે આવેલ છે આજે શુટીંગ માટે જવાનું હતુ તો મનોહરહુસેને તેઓને જણાવેલ કે તેઓ સાંજે આવશે ત્યારબાદ તે બપોરે સાડા ત્રણ ચાર વાગ્યાના અરસામાં સોનીયાના ઘરે આવેલ તો તેઓએ મનોહરહુસેનને પુછેલ કે શુટીંગ માટે જવાનું હોય તો તેઓ તૈયાર થાય તો મનોહરહુસેને જણાવેલ કે શુટીંગ માટે પછી જવાનુ છે અને ભોગ બનનાર, ડેઝી અને સોનીયા બેઠા હતા ત્યારે મનોહરહુસેન દારૂની બોટલ લઈને આવેલ ત્યારબાદ મનોહરહુસેને તેઓને જણાવેલ કે સાથે બેસીને દારુ પીવાનો છે ત્યારે તેઓએ દારુ પીવાની ના પાડેલ ત્યારબાદ મનોહરહુસેને ખુબ જ જબજસ્તી કરેલી અને તેઓને દારૂ પીવડાવેલ પરંતુ તેઓને ખાસી આવી ગયેલ અને વોમીટ થઈ ગયેલ ત્યારબાદ તેઓ બાથરૂમમાં ગયેલ ત્યારે મનોહરહુસેને ડેઝી સાથે પણ એવી જ જબરજસ્તી કરેલી ત્યારબાદ મનોહરહુસેન બીજી વાર દારૂ પીવડાવવા જબરજસ્તી કરેલી અને મનોહરહુસેને તેઓને અને ડેઝીને જબરજસ્તીથી દારૂમાં કઈંક પીવડાવેલ જેથી તેઓ બેભાન થઈ ગયેલા ત્યારબાદ તેઓ રાત્રે દસ અગિયાર વાગે ભાનમાં આવેલ ત્યારે તેઓએ જોયેલ તો તેઓ જે રૂમમાં તેઓને દારુ પીવડાવેલ તે રૂમમાં ન હતા અને બીજા

રૂમમાં હતા અને તેઓએ તે વખતે ઘરમાં જોયેલ તો મનોહરહુસેન ઘરમાં ન હતા તો તેઓએ સોનીયાને પુછેલ કે, મનોહરહુસેન ક્યાં ગયા તેઓને શુટીંગમાં જવાનુ હતુ, તો સોનીયાએ તેઓને જણાવેલ કે આજે રાત થઈ ગઈ છે શુટીંગ માટે કાલે જઈશું ત્યારબાદ તેઓએ સોનીયાને પુછેલ કે જે રૂમમાં દારૂ પાયેલ તે રૂમમાં નહી તેણી ભાનમાં આવેલ તો બીજા રૂમમાં કેમ હતી તો સોનીયાએ તેમને કોઈ જવાબ આપેલ નહી.

(૨૯.૩) ભોગ બનનારે વધુમાં જણાવેલ છે કે, બીજા દિવસે સોનીયાનો ભાઈ મનોહરહુસેન કે જે એજન્ટ હતો તેવુ તેઓને જાણવા મળેલ તે બીજા દિવસે તેની પત્ની સાથે સોનીયાના ઘરે આવેલો ત્યારબાદ મનોહરહુસેનની પત્ની તેઓને બીજા રૂમમાં લઈ ગયેલી અને તેઓનો અને ડેઝીનો મોબાઈલ ફોન લઈ લીધેલ તો તેઓએ કેમ મોબાઈલ ફોન લઈ લીધેલ તો તેણે જણાવેલ કે તેમાનો ડેટા ડીલીટ કરવાનો છે કોઈ પોલીસ પકડી લેશે તેમ જણાવેલુ અને તેઓના મોબાઈલ ફોનનો ડેટા તથા વ્હોટસએપ ફેસબુક મનોહરહુસેને ડીલીટ કરી દીધેલ તથા ડેઝીના મોબાઈલ ફોનમાંથી વ્હોટસએપ, ફેસબુક સોનીયાએ ડીલીટ કરી દીધેલ તો તેઓ રડવા લાગેલ કારણ કે ફેસબુકમાં તેઓના ફેમીલીના અને સગાના મોબાઈલ કોન્ટેક નંબર હતા તો મનોહરહુસેનની પત્નીએ તેઓને જણાવેલ કે તેઓને મનોહરહુસેન જેમ જણાવે છે તેમ કરો તો તેઓએ જણાવેલ કે તેઓ અહી શુટીંગ માટે આવેલ છે શુટીંગ માટે તેઓને લઈ ગયેલ નથી અને તમે તેઓના મોબાઈલના ડેટા કેમ ડીલીટ કરેલ છે? તો મનોહરહુસેને તેઓને જણાવેલ કે તારી પાસે જે સીમ છે તેમાં તું બીજુ ફેસબુક એકાઉન્ટ શરૂ કર તો તેઓએ જણાવેલ કે તેઓને નંબર તો ખબર નથી અને તેઓનો કોન્ટેક નંબર પણ નથી તો તેઓ બીજુ ફેસબુક એકાઉન્ટ કેમ શરૂ કરશે ત્યારબાદ તેઓએ જણાવેલુ કે તમે શુટીંગ કરવાનુ કહીને અહી લાવેલ છો શુટીંગ નહી કરવુ હોય તો તેઓને પરત બાંગ્લાદેશ મોકલી દો અને મનોહરહુસેને તેઓને એક સીમ આપેલ અને તેમા ફેસબુક શરૂ કરવા જણાવેલ ત્યારબાદ તેઓએ તે સીમ નાખીને ફેસબુક એકાઉન્ટ વ્હોટસએપ એકાઉન્ટ ચાલુ કરેલ તેઓને તેના એકાઉન્ટના પાસવાર્ડ યાદ હતા અને મનોહરહુસેનની પત્નીએ તેઓને જણાવેલ કે તેઓને અહીં શુ કહીને લાવવામાં આવેલ છે તો તેઓએ કહેલ કે શુટીંગ કરવા માટેનું કહીને લાવેલ છે ત્યારબાદ તેઓને મનોહરહુસેનની પત્નીએ જણાવેલ કે અહી શુટીંગ બુટીંગ કઈ થવાનું નથી તો તેઓએ તેને જણાવેલ કે તેઓ તેમને પ્રુફ બતાવે તેથી તેઓએ તેનું ફેસબુક એકાઉન્ટ ખોલેલુ અને તેમાં મનોહરહુસેન સાથે થયેલ

વાતચીત તેઓએ મનોહરહુસેનની પત્નીને બતાવેલી ત્યારબાદ તેઓ શુટીંગ ક્યારે થવાનું છે શુટીંગ ક્યાં થવાનું છે તેવુ પુછેલ તો મનોહરહુસેનની પત્નીએ તેઓને જણાવેલ કે મનોહરહુસેન જણાવે તેમ કરો નહી તો પ્રોબ્લેમ થશે ત્યારબાદ તેઓએ મનોહરહુસેનની પત્નીને જણાવેલ કે શુટીંગ નહી હોય તો તેઓને ફરી બાંગ્લાદેશ મોકલી દો તેઓને અહી નથી રહેવુ અને મનોહરહુસેનની પત્નીએ તેઓને જણાવેલ કે તમે મનોહરહુસેનની વાત સમજો નહી તો તમે જીંદગીભર બાંગ્લાદેશ જઈ શકશો નહી તેથી તેઓ ખુબ જ ડરી ગયેલા અને રડવા લાગેલા ત્યારબાદ મનોહરહુસેન અને તેમના પત્ની ત્યાંથી જતા રહેલા.

(૨૯.૪) ભોગ બનનારે તેઓની જુબાની દરમ્યાન વિશેષમાં જણાવેલ છે કે, તા.૨૯/૦૮/૨૦૨૩ ના રોજ સવારે દસેક વાગે મનોહરહુસેન તેમના પત્ની અને નાના બાળક સાથે સોનીયાના ઘરે આવેલા ત્યારબાદ મનોહરહુસેને તેઓને જણાવેલ કે એક જણે શુટીંગ માટે તેમની સાથે રહેવાનું છે અને એક જણાએ બહાર શુટીંગ માટે જવાનું છે ત્યારબાદ તેઓએ તેઓને જણાવેલ કે જો શુટીંગ કરવુ હોય તો તેઓ અને ડેઝી બન્ને સાથે કરશે જો નહી કરવાનુ હોય તો તેઓને ફરીથી બાંગ્લાદેશ મોકલી દો ત્યારબાદ મનોહરહુસેને તેઓને કહેલુ કે, તમે વધારે મગજમારી નહી કરો હું કહુ તેમ કરો, ત્યારબાદ તેઓને સોનીયા સાથે બહાર મોકલી દીધેલ અને ડેઝીને તેઓની સાથે રાખેલી ત્યારબાદ સોનીયા બપોરે એક વાગે તેઓને લઈને બહાર નીકળી ગયેલ અને મનોહરહુશેન ડેઝીને સાથે લઈને નીકળી ગયેલા ત્યારબાદ બે વાગ્યાની ટ્રેનમાં સોનીયા અને તેઓ નાલાસોપારાથી નીકળેલા ત્યારબાદ તેઓએ સોનીયાને ટ્રેનમાં પુછેલ કે હવે ક્યાં જવાનું છે તો સોનીયાએ જણાવેલ કે હમણા મારે એક ફ્રેન્ડને ત્યાં જવાનું છે પછી શુટીંગ માટે જવાનું છે ત્યારબાદ સોનીયા તેના મિત્રને ત્યાં લઈ ગયેલ તેનુ નામ તેમને ખબર નથી તેઓને સોનીયા તેના મિત્રને ત્યાં ક્યા ગામે લઈ ગયેલ તે તેમને ખબર નથી પરંતુ તેના મિત્રને રાખડી બાંધવા માટે લઈ ગયેલ તેવુ તેઓ જાણતા હતા અને તે રાત્રીના તેઓ સોનીયાના મિત્રને ત્યાં રાત રોકાયેલ ત્યાં સોનીયાના મિત્રનું ફેમીલી હતુ ત્યારબાદ તા.૩૦/૦૮/૨૦૨૩ ના રોજ સવારે દસ વાગે સોનીયાના મિત્રને ત્યાંથી નીકળેલા તો તેઓએ સોનીયાને પુછેલ કે, હવે આપણે ક્યાં જવાનુ છે, તો સોનીયાએ જણાવેલ કે, મારા એક બીજા મિત્રને ત્યાં જવાનું છે તો તેઓએ તેને મિત્રને ત્યાં જવાની ના પાડેલ.

(૨૯.૫) ભોગ બનનારે વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ ટ્રેનમાં બેસીને વડોદરા આવેલા ત્યાં સાંજે લોટ્સ ગોલ્ડ હોટલ ઉપર ગયેલા ત્યાં સોનીયા તેઓને સુનિલ નામના એક એજન્ટ પાસે લઈ ગયેલ ત્યારબાદ તેઓ હોટલમાં ફ્રેશ થઈને ખાવાનું ખાઈને બેઠા હતા ત્યારબાદ સોનીયા આવીને તેઓને કહેલ કે તુ અહી રોકા તને કંઈ જોઈએ તો સુનિલને કહ્યું છે તો તેઓએ સોનીયાને કહેલ કે તેઓ હિન્દી બોલી શકતી નથી અને તુ મને એકલી મુકીને ક્યાં જાય છે તો સોનીયાએ તેઓને કહેલ કે, હું મારા કામથી બીજી હોટલમાં જાવ છું, ત્યારબાદ સોનીયાએ તેઓને જણાવેલ કે તને કંઈ જરૂર પડે તો તેમને ફોન કરજે જેથી તેઓ સુનિલને ફોન કરીને કહી દેશે ત્યારબાદ સોનીયા અને મનોહરહુસેન તેઓની સાથે બાંગ્લાદેશી ભાષામાં વાત કરતા હતા અને તેઓ રાત્રે તે જ હોટલમાં રોકાયેલા અને સોનીયા રાત્રે તેઓના રૂમ ઉપર આવેલી.

(૨૯.૬) ભોગ બનનારે વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ તા.૩૧/૦૮/૨૦૨૩ ના રોજ સવારે કોઈક ગ્રાહક આવેલ અને સોનીયા અને સુનિલે આવીને તેઓને કહેલ કે તુ ઉપર એક રૂમ નંબર કહેલો તેમાં જા તે રૂમ નંબર ચોકક્સ શું હતો તે તેઓને યાદ નથી તો તેઓએ કહેલુ કે, મારે ઉપર કેમ જવાનું ત્યારબાદ તેઓએ વારંવાર કહેલ કે તેઓ અહીં શુટીંગ માટે આવેલ છે શુટીંગ નહી કરવુ હોય તો તેઓને કેમ ઉપરના રૂમમાં જવાનું ત્યારબાદ સોનીયાએ તેઓને ગુસ્સો કરીને કહેલ કે તને ઉપર જવા માટે કહ્યુને તુ ઉપર જા તારો એજન્ટ તને એટલા માટે જ લાવેલ છે તુ ઉપર નહી જા તો પ્રોબ્લેમ થશે ત્યારબાદ તેઓ રડીને કહેલ કે તેઓ આવા ખોટા કામ માટે આવેલ નથી ત્યારબાદ સોનીયાએ તેઓને ગુસ્સો કરીને ઉપરના રૂમમાં મોકલી દીધેલ અને તેઓ ઉપરના રૂમમાં ગયેલ ત્યારે રૂમમાં કોઈ ન હતું ત્યારબાદ એક માણસ વોશરૂમ માંથી આવેલો તેથી તેઓએ સોનીયાને ફોન કરેલો કે અહીયા તો એક માણસ છે તો તેઓને અહીંયા શું કરવાનું તો સોનીયાએ તેઓને કહેલ કે તે જેમ કહે તેમ કર ત્યારબાદ તે માણસે તેઓ પાસે આવી નામ પુછેલ તો તેઓએ તેને તેમનું નામ જણાવેલ તે તેની સમજમાં આવેલ નહી તો તેઓએ તેઓ બાંગ્લાદેશી છે તેઓ અહી શુટીંગ માટે આવેલ છે તેવુ બાંગ્લામાં જણાવેલ જે તેની સમજમાં આવેલ નહી અને તે માણસે તેઓ સાથે રેપ કરેલ ત્યારબાદ તેઓ નીચે તેઓના રૂમમાં જતા રહેલા ત્યારબાદ સોનીયાએ તેઓને પુછેલ કે થઈ ગયુ તો તેઓએ સોનીયાને કહેલુ કે થઈ ગયુ, ચાલો અહીથી નીકળવુ છે ત્યારબાદ તેઓએ સોનીયાને જણાવેલ કે, તેઓ આવુ કરવા આવી નથી તમે કેમ તેઓની પાસે આવુ

કરાવેલ છે, તો સોનીયાએ તેઓને જણાવેલ કે આમાંથી તને પૈસા મળવાના છે તુ બાંગ્લાદેશ પૈસા મોકલી શકીશ તો તેઓએ સોનીયાને કહેલ કે તેઓને પૈસા નથી જોઈતા ત્યારબાદ તેઓ વારંવાર શોખથી શુટીંગ કરવા આવેલ છે શુટીંગ ન કરવુ હોય તો તેઓને ફરીથી બાંગ્લાદેશ મોકલી દો તેમ જણાવેલ ત્યારબાદ સોનીયાએ તેઓને જણાવેલ કે વધારે વાત ન કર બીજો ગ્રાહક આવશે તેની પાસે જા તો તેઓએ સોનીયાને મારે નથી જવુ તેમ જણાવેલ તો સોનીયાએ તેઓને કહેલ કે તુ ત્યાં જા હું કામ અર્થે બીજી હોટલમાં જાવ છું ત્યારબાદ સુનીલ ઓળખે છે તે છોકરી ત્યાં આવેલ તે તેઓને ઉપરના માળે લઈ ગયેલી જે તેઓએ અગાઉ તેની સાથે રેપ થયેલાનું જણાવેલ તે પંદર વીસ મીનીટ બાદ બીજી વખત રૂમમાં લઈ ગયેલ ત્યારે રૂમમાં કોઈ ન હતુ અને બીજો એક માણસ આવેલો તેણે તેઓનું નામ પુછેલ તો તેઓએ તેને તેનું નામ જણાવેલ ત્યારબાદ તેઓએ તેની સાથે અગાઉ રેપ થયેલ હોય તેઓને અહીથી નીકળી જવુ છે તેમ જણાવેલ ત્યારબાદ તેઓ સાથે જોર જબજસ્તી કરવામાં આવેલી ત્યારે તેઓને લોહી નીકળી આવેલુ આ જોર જબજસ્તીમાં તેઓની સાથે ફિઝીકલ રેપ કરવામાં આવેલો ત્યારબાદ તેઓએ તે માણસને તેઓને વધારે કરવુ નથી લોહી નીકળી આવેલ છે તેમ જણાવેલ ત્યારબાદ તે માણસે તેઓને કેમ જવુ છે બે વખત કામ કરવાનું જણાવેલ છે તેમ કહેલુ તો તેઓએ તેમને કહેલ કે નથી કરવુ મારે જવુ છે તો તેઓને તે માણસે નીકળી જવા દીધેલ નહી તો તેઓએ સોનીયાને કોલ કરેલો અને સોનીયાને જણાવેલ કે તેઓને લોહી નીકળી ગયેલ છે તેઓને કરવુ નથી તેથી તેઓના મોબાઈલ ફોનથી સોનીયા સાથે તે માણસે વાત કરેલી તો સોનીયાને તે માણસે ફોન પર કહેલ કે જો આને બે વખત કરવુ નહી હોય તો તુ આવી જા તેવુ તેઓએ ત્યાં સાભળેલુ. પરંતુ સોનીયાએ કહેલ કે તે બીજી હોટલમાં ગયેલ છે ત્યારબાદ તેઓ ત્યાંથી નીકળી ગયેલ ત્યારબાદ તેઓ ત્યાં રૂમ પર ગયેલ અને સોનીયા ત્યાં રૂમ પર આવેલ અને સુનિલ પણ રૂમ પર આવેલ અને સુનિલ સોનીયા ઉપર ગુસ્સે થયેલો આને બે વખત કરવાનું હતુ કેમ કરેલ નથી તો સોનીયાએ જણાવેલ કે તેણીને લોહી નીકળી ગયેલ હતુ તેથી બે વાર કરેલ નથી ત્યારબાદ સુનિલે સોનીયાને કહેલ કે, હું તેમના માટે મલમ લઈ આવુ છું ત્યારબાદ સુનિલ નીચે જઈને મલમ લઈ આવેલ અને તેઓને આપેલ અને કહેલ કે આ લગાવશે એટલે સારુ થઈ જશે ત્યારબાદ તેઓને જણાવેલ કે આ લગાવ સારુ થઈ જાય તો બીજો ગ્રાહક આવશે તો તેઓએ કહેલ કે તેઓએ અહીં નથી રહેવુ ત્યારબાદ સોનીયાએ તેઓને કહેલ કે થોડો સમય બાદ જતી રહેજે અત્યારે આરામ કર ત્યારબાદ

ફરીથી એક ગ્રાહક આવેલ અને સુનિલે તેઓને સોનીયા દ્વારા ગ્રાહક પાસે જવા ઘણુ જણાવેલ તો તેઓએ જણાવેલ કે તેઓને નથી જવું, જવું હોય તો તું જા ત્યારબાદ સોનીયા જાતે ગયેલા ત્યારબાદ અડધો કલાક પછી નીચે આવેલા ત્યારબાદ સુનિલ ફરીથી સોનીયા પર ગુસ્સે થયેલો અને કહેલ કે આની સાથે કરવા માટે લાવેલ છે અને તે કામ આ નહી કરે તો અહીં શુ કામ રહેવાનું ત્યારબાદ સોનીયાએ તેઓને કહેલ કે હવે આપડે નીકળી જવુ છે.

(૨૯.૭) ભોગ બનનારે તેઓની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ હોટલ ઉપરથી ૩૧ તારીખે રાત્રીના સાડા સાત આઠ વાગે નીકળી ગયેલ અને ત્યાંથી રેલ્વે સ્ટેશન ગયેલા અને ત્યાંથી અમદાવાદ ગયેલા ત્યાં રેલ્વે સ્ટેશન પર એક સી.એન.જી. રીક્ષા વાળો સોનીયાને ઓળખતો હતો ત્યાં આવેલ તે તેઓને અમદાવાદ સાંઈ વીલા હોટેલ લઈ ગયેલ ત્યાં હોટલ ઉપર તેઓ અને સોનીયા રોકાયેલ અને સી.એન.જી. રીક્ષા વાળો ત્યાંથી નીકળી ગયેલો ત્યાં હોટલમાં ખાવાનું ખાઈને તેઓએ આરામ કરેલો ત્યારબાદ ૦૧ તારીખે સવારે ઉઠેલા અને એક હોટલમાં ખાવા માટે ગયેલા અને ત્યાંથી ખાઈને ફરી પાછા હોટલમાં ગયેલા ત્યારબાદ સી.એન.જી. રીક્ષા વાળાએ સોનીયાને ફોન કરેલો અને જણાવેલ કે જે હોટલમાં તેઓ રોકાયેલ છે તે હોટલની બાજુમાં એક રૂમ છે તેમાં એક ગ્રાહકને મોકલી દેવાનો છે તેવુ જણાવેલ ત્યારે સોનીયાએ ફોન કાપીને તેઓને જણાવેલ કે એક ગ્રાહક આવેલ છે ત્યાં તુ જા તો તેઓએ કહેલુ કે તેઓને લોહી નીકળી ગયેલ છે તેઓએ જવુ નથી જવુ હોય તો તુ જા તો સોનીયાએ તેઓને કહેલ છે કે હજુ સુધી લોહી બંધ નથી થયું તો તેઓએ સોનીયાને કહેલ કે તેઓને આવુ કામ કરવુ નથી જવુ હોય તો તુ જા ત્યારબાદ સોનીયાએ તેઓને તે ગ્રાહકના રૂમમાં મોકલી આપેલ ત્યાં ગયેલ તો ત્યાં એક માણસ હતો તેણે તેઓનું નામ પુછેલ તો તેઓએ તેને જણાવેલ કે તેઓ બાંગ્લાદેશી છે તેઓને આ કામ કરવુ નથી તેઓ આ કામ કરવા માટે આવેલ નથી તેમ જણાવેલ ત્યારબાદ તે ગ્રાહક તેઓ સાથે એક વખત ફિઝીકલ રેપ કરીને જતો રહેલો તેને તેઓની સાથે બે વખત સબંધ રાખવાનો હતો પરંતુ તે એક વખત સબંધ રાખીને જતો રહેલો. તેઓએ વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ તેઓ તેના રૂમ પર ગયેલ અને તેઓ નાહી ધોઈને ફ્રેશ થઈને સુઈ ગયેલા ત્યારબાદ સોનીયાએ તેઓને કહેલ કે, તુ અહીયા રહે મારે બીજી હોટલમાં કામ છે હું ત્યાં જાઉ છુ, ત્યારબાદ સોનીયા નીકળી ગયેલા અને રાત્રે આવેલા ત્યારબાદ

હોટલના રૂમમાં ખાવાનુ મંગાવેલ જે ખાયને તેઓ સુઈ ગયેલા ત્યારબાદ તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ સોનીયાએ સી.એન.જી. રીક્ષાવાળા એજન્ટને કોલ કરેલો અને સોનીયા ગ્રાહક પાસે ગયેલા.

(૨૯.૮) ભોગ બનનારે વધુમાં જણાવેલ છે કે, આ દરમ્યાન તેઓએ હોટલમાં તેનું ફેસબુક એકાઉન્ટ ખોલેલ તેમાંથી તેઓએ નઈમ નામના છોકરાને ફોન કરેલો અને તેઓએ રડીને તેઓ સાથે થયેલ તે વાત જણાવેલી અને તેઓના કઝીનનો નંબર નઈમ પાસે હતો તે તેઓને આપેલો અને તેથી તેઓએ તેના કઝીન ભાઈ સાથે વાત કરેલી અને તેઓએ તેની સાથે થયેલ તે તમામ હકીકત જણાવેલ તો તેઓના કઝીન ભાઈએ જણાવેલ કે, તુ અત્યારે ક્યાં છો તો તેઓએ તેના કઝીન ભાઈને તેનું લોકેશન મોકલી આપેલ ત્યારબાદ ત્યાં સોનીયા આવી ગયેલી તેથી તેઓના કઝીન સાથે વધુ વાત થયેલી નહી ત્યારબાદ તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ આઈલેન્ડ પાર્ક હોટલ પર જવા માટે તેઓને અને સોનીયાને લેવા માટે સી.એન.જી. રીક્ષાવાળો એજન્ટ આવેલો તે તેઓને સાંઈપીલાથી પહેલા ખાવા માટે લઈ ગયેલો અને ત્યારબાદ તે આઈલેન્ડ પાર્ક હોટલ પર લઈ ગયેલ ત્યારબાદ સોનીયાએ તેઓને કહેલ કે આ હોટલ પર જા તો તેઓએ સોનીયાને કહેલુ કે વારંવાર કેમ તેઓને હોટલમાં જવાનું તો સોનીયાએ કહેલ કે આજે નાઈટ ત્યાં રહેવાનું છે તો તેઓએ સોનીયાને કહેલ કે તેઓને એકલાએ નાઈટમાં રહેવુ નથી તેઓ તેની સાથે જ રહેશે તો સોનીયાએ તેઓને કહેલ કે આજે નાઈટ રહી આવ કઈંક પ્રોબ્લેમ હોય તો તેઓને ફોન કરજે ત્યારબાદ સી.એન.જી. રીક્ષાવાળો સોનીયાને લઈને જતો રહેલો અને તેઓને એક છોકરો હતો તે રૂમમાં મુકીને નીચે આવી ગયેલો ત્યારબાદ તેઓ આ રૂમમાં દસેક મિનીટ બેઠા હતા ત્યારબાદ તેઓને ભુખ લાગી હતી તો તેઓએ સોનીયાને ફોન કરેલ તો સોનીયાએ જે માણસ નાઈટમાં આવવાનો હતો તેની મારફતે ખાવાનું મોકલાવેલ ત્યારબાદ દસ પંદર મિનીટ પછી ગ્રાહક આવેલો ત્યારબાદ હોટલ પર જે માણસ બેઠેલ હતો તે તેઓને ગ્રાહક પાસે લઈ ગયેલ ત્યારબાદ તે ગ્રાહક આવીને ફ્રેશ થયેલો અને તેણે આવીને તેઓ સાથે વાતચીત કરેલી ત્યારે તેઓએ તેને તે બાંગ્લાદેશી છે અને શુટીંગ માટે આવેલ છે તેવી વિગત જણાવેલી ત્યારબાદ તેઓ બાંગ્લાદેશી ભાષા બોલે છે તમને સમજ પડે છે તેમ તેઓએ પુછતા તેણે ભોગ બનનારને કોઈ તકલીફ નથી બાંગ્લાદેશી ઘણા મિત્રો મારે છે તેથી મને થોડુ થોડુ ખબર પડે છે તેવુ જણાવેલ. તેઓએ તેને અહી આવીને ફસાય ગઈ છે તેઓને ફરી

બાંગ્લાદેશ જવુ છે તેમ જણાવેલ અને તેઓને આવા કામમાં કોઈ રસ નથી તેવુ જણાવેલ ત્યારબાદ તેણે તેઓ સાથે ફિઝીકલ રેપ કરેલ ત્યારબાદ રાત્રીના એક વાગે તેને પરત જતા રહેવા જણાવેલ તો તે ભાઈએ તેઓને જણાવેલ કે આખી રાત રોકાવાનું હતુ ત્યારબાદ તેઓ ત્યાં સુઈ ગયેલા અને સવારે પાંચ વાગે ઉઠેલા ત્યારબાદ ગ્રાહક તરીકે જે ભાઈ હતા તે જતા રહેલા અને ત્યારબાદ તેઓ હોટલ ઉપર સી.એન.જી. રીક્ષાવાળા એજન્ટ આવે તેની રાહ જોતા હતા ત્યારબાદ સી.એન.જી. રીક્ષાવાળા આવેલ અને તેઓને લઈને સાઈ વીલા હોટલ લઈ ગયેલા ત્યારબાદ તેઓ હોટલમાં સુઈ ગયેલા અને સોનીયા તેના કામ માટે ગયેલા, સોનીયાના હોટલમાંથી ગયા બાદ તેઓએ તેમના ભાઈ સુમોનને ફોન કરેલો અને જણાવેલુ કે હવે શું કરવુ છે તેઓને પોલીસ પાસે જવુ છે પરંતુ પોલીસ બાંગ્લાદેશી ભાષા સમજી શકશે નહી તેથી તેઓએ તેના ભાઈને તેનો કોઈ મિત્ર અહી હોય તો તે તેઓની સાથે પોલીસ સ્ટેશન આવે અને તેઓની વાત પોલીસને સમજાવે તેવી વાત કરેલી.

(૨૯.૯) વધુમાં આ ભોગ બનનારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ત્યારબાદ તેઓના ભાઈએ તેને તુ જ્યાં જા ત્યાંનું લોકેશન મને મોકલતી રહેજે તેવુ જણાવેલ ત્યારબાદ ૦૫ તારીખે રાત્રે સાડા નવ દસ વાગે સોનીયા તેઓને લઈને હોટલેથી નીકળી ગયેલ અને જણાવેલ કે મારી એક ફ્રેન્ડને ત્યાં જવાનુ છે તો તેઓએ પુછેલ કે ક્યાં જવુ છે તો તેણે તેઓને કહેલ કે મારી એક ફ્રેન્ડ આણંદ રહે છે ત્યાં જવુ છે તો તેઓએ સોનીયાને બાંગ્લાદેશ પરત જવા માટે જણાવેલુ ત્યારબાદ આણંદ જવા માટે નીકળેલા ત્યારે તેઓના ભાઈને મેસેજ કરેલો કે તેઓને બીજી જગ્યાએ લઈ જાય છે તો શું કરવાનું છે તો તેઓના ભાઈએ તેને જણાવેલ કે જ્યાં જાય તે જગ્યાનું લોકેશન મને મોકલજે ત્યારબાદ રાત્રીના બારેક વાગ્યે સોનીયાના મિત્ર ગોપાલને ત્યાં આણંદ પહોચેલા ત્યાં તેઓએ રાત્રે ખાવાનુ ખાધેલુ અને બેઠા હતા ત્યારબાદ તેઓએ તેના ભાઈ સાથે ફોન પર વાતચીત કરેલી ત્યારબાદ તેઓને સુઈ જવા માટે જણાવવામાં આવેલુ પરંતુ તેઓએ જણાવેલ કે તમે લોકો સુઈ જાવ તેઓ થોડી વાર બેસે છે ત્યારબાદ સુમોન ભાઈ સાથે તેઓની વાતચીત થયેલી તેણે તેઓને તેના જુનીયર મિત્રનો નંબર આપેલો અને તેથી તેઓએ વ્હોટસએપથી ભાઈના મિત્ર નિલોય સાથે વાતચીત કરેલી અને તેઓએ તેને તેનું લોકેશન મોકલાવેલુ અને તેણે ૧૮૧ નંબર ઉપર કોલ કરેલો અને તેઓ પોલીસને લઈને લોકેશનના આધારે ગોપાલના ઘરે આવેલા અને ૧૮૧ હેલ્પલાઈન ઉપરથી તેઓ

ઉપર ફોન આવેલા પરંતુ તે વખતે તેઓ સોનીયા સાથે ગોપાલના ઘરે હતા તેથી તેઓ ફોન ઉપર વાત કરી શકેલ નહી ત્યારબાદ તેઓએ નિલોયને મોબાઈલ ફોનમાં એસ.એમ.એસ. કરેલ તેઓ ઉપરના માળે છે પોલીસને કહે ઉપર આવે ત્યારબાદ પોલીસવાળા ગોપાલભાઈના ઘરે ઉપર આવેલા અને દરવાજો નોક કરેલ પરંતુ ગોપાલભાઈએ સી.સી.ટી.વી. કેમેરામાં જોયેલ તો તેના ઘરની આજુબાજુ પોલીસવાળા હતા તેથી દરવાજો ખોલેલ નહી ત્યારબાદ પોલીસવાળાએ બીજી વાર દરવાજો નોક કરેલો તો ગોપાલભાઈએ દરવાજો ખોલેલ અને પોલીસે ગોપાલભાઈને પુછેલ કે કોઈ બાંગ્લાદેશી તમારા ઘરે છે તો ગોપાલભાઈએ ના પાડેલ ત્યારબાદ પોલીસ ઘરની બહાર ગયેલ તો તેઓએ નિલોયને ફરીથી એસ.એમ.એસ. કરેલો કે જે ઘરનો દરવાજો નોક કરેલો તે જ ઘરમાં તેઓ ઉપર છે તુ પોલીસને બતાવ ત્યારબાદ નિલોયે પોલીસને આ વાત કરેલ અને પોલીસે ફરીથી ગોપાલભાઈનો દરવાજો નોક કરેલો ત્યારબાદ ગોપાલભાઈને તેઓ જ માહીતી આપે છે તેવુ લાગેલ તેથી સોનીયા આવીને તેઓની પાસેથી મોબાઈલ ફોન લઈ ગયેલી તો તેઓએ સોનીયાને પુછેલ કે તુ મારો મોબાઈલ ફોન કેમ લઈ લે છે તેઓ બુમો પાડશે તેમ કહેલ ત્યારબાદ તેઓએ કહેલુ કે તેઓને જવા દે તેઓને પોલીસ પાસે જવુ છે ત્યારબાદ દરવાજો ખુલ્લો હતો અને પોલીસવાળા ઘરમાં આવેલા અને તેઓ પોલીસ પાસે ગયેલા ત્યારબાદ પોલીસવાળા તેઓને, ગોપાલભાઈને, ગોપાલભાઈની પત્નીને અને સોનીયાને લઈને પોલીસની ગાડીમાં વિધ્યાનગર પોલીસ સ્ટેશન લાવેલા ત્યારબાદ વિધ્યાનગર પોલીસ સ્ટેશન આવીને તેઓની સાથે જે કઈ ઘટના બનેલી તે તેઓએ બાંગ્લા ભાષામાં જણાવેલી જે તેઓની વાતો હિન્દીમાં ટ્રાન્સલેટ કરીને નિલોય અને તેના મિત્રએ પોલીસને જણાવેલ ત્યારબાદ બીજા દિવસે સવારમાં પોલીસના અધિકારી આવેલા અને તેઓને બનાવની હકીકત જણાવેલી ત્યારબાદ એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનવાળા ડાભી સાહેબ તેઓના પોલીસ સ્ટેશન લઈ ગયેલા અને ત્યાં તેઓની સાથે બનેલ બનાવની બધી હકીકત ફરીથી જણાવેલી ત્યારે તેઓ બાંગ્લાદેશી ભાષામાં બોલતા હતા તેનું ટ્રાન્સલેશન સોનીયાએ કરેલુ કારણ કે ત્યારે ત્યાં બીજા કોઈ ટ્રાન્સલેટર ત્યાં હતા નહી.

(૨૯.૧૦) ભોગ બનનારે વધુમાં જણાવેલ છે કે, પોલીસે તેઓના કપડાનું પંચનામુ કરેલુ અને તેઓ પાસેનો મોબાઈલ તેઓએ જમા રાખેલો અને પોલીસવાળા તેઓને હોસ્પિટલમાં ટ્રીટમેન્ટ માટે લઈ ગયેલા અને બરોડા જે હોટલમાં બનાવ બનેલ ત્યાં લઈ

ગયેલ તે હોટલ તેઓએ પોલીસને ઓળખી બતાવેલ ત્યારબાદ જે રૂમમાં ગયેલા, રહેલા તે રૂમ તેઓએ પોલીસને બતાવેલો ત્યારબાદ ત્યાં સી.સી.ટી.વી. કેમેરાનો રેકોર્ડિંગ બતાવેલ તેમા તેઓએ આરોપીને ઓળખી બતાવેલા અને ત્યારબાદ અમદાવાદ જે હોટલમાં ગયેલ તે હોટલ તેઓએ પોલીસને બતાવેલી ત્યાં પણ સી.સી.ટી.વી.કેમેરાના રેકોર્ડીંગમાં તેઓએ આરોપીને ઓળખી બતાવેલા અને એસ.ઓ.જી. પોલીસવાળા તેઓને ૩૦–૩૫ લોકોની વચ્ચેથી આરોપીને ઓળખી બતાવવા માટે લઈ ગયેલ ત્યાં તેઓએ આરોપીઓને ૩૦–૩૫ માણસોની વચ્ચેથી ઓળખી બતાવેલા અને તેઓને બીજીવાર પણ પોલીસવાળા હોસ્પિટલમાં લઈ ગયેલા ત્યાં અલ્ટ્રાસોનોગ્રાફી કરેલી ત્યારબાદ ત્યાં તેઓની ઉંમર પુછવામાં આવેલી ત્યાં તેઓની કેટલી ઉંમર થયેલી છે તેના કોઈ કાગળ ન હતા ત્યાંથી ડોક્ટરે તેઓના દાંત જોયેલ અને તેઓનું લોહી લીધેલ અને બીજુ શું કરેલુ તે તેઓને યાદ નથી પરંતુ ડોક્ટરે તેઓની ટ્રિટમેન્ટ કરેલી ત્યાં પણ ડોક્ટરે તેઓને બનાવ વિશે જે પુછેલ તે તેઓએ બાંગ્લા ભાષામાં જણાવેલ અને સોનીયાએ તેનું હિન્દી ભાષામાં ટ્રાન્સલેટ કરીને જણાવેલુ ત્યારબાદ તેઓને કોર્ટમાં લાવવામાં આવેલ અને કોર્ટ તેઓને એક લેડીઝ મેડમે બનાવ વિશે પુછેલ તો તેઓએ તમામ હકીકતો લખાવેલી. ભોગ બનનારે તેણીની જુબાની દરમ્યાન આંક–૩૪ થી રજુ ભોગ બનનારના ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૬૪ ના નિવેદન જોઈ તેઓએ તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેમજ ભોગ બનનારે તેણીની જુબાની દરમ્યાન આંક–૩૫ થી રજુ એમ.એલ.સી. સર્ટીફિકેટ જોઈ તેઓએ તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેમજ ભોગ બનનારે તેણીની જુબાની દરમ્યાન આંક–૩૬ થી રજુ ભોગ બનનારની ઉંમર બાબતેના ઓસિફિકેશન ઓફ બોન ટેસ્ટ જોઈ જેમાં સમંતિ બદલ તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. વધુમાં આ ભોગ બનનાર સાહેદે તેમની જુબાની દરમિયાન તેઓએ રજુ કરેલ મુદ્દામાલ કપડા જોઈ મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૧ થી આર્ટીકલ નં. ૦૬ વાળા કપડા ગુલાબી કલરનુ અડધી બાયનું ટી શર્ટ, બ્લ્યુ કલરનું જીન્સનું પેન્ટ, સફેદ કલરનુ ભાતવાળુ ટોપ, બ્લ્યુ કલરનુ જીન્સનું પેન્ટ, કાળા કલરની બ્રા અને કાળા કલરની નીકર જોઈ જે તેઓએ પોલીસ સ્ટેશનમાં રજુ કરેલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે.

(૨૯.૧૧) ભોગ બનનાર સાહેદે તેઓની જુબાની દરમ્યાન એજન્ટ તરીકે મનોહરહુસેન તરીકે ઓળખી બતાવેલ છે અને ત્યારબાદ તેઓને તેમનુ નામ પુછતા

તેઓએ તેમનુ નામ મેસાન રઙ્કાક બિસ્સ હોવાનું જણાવેલ છે.

(૨૯.૧૨) ભોગ બનનારે તેઓની જુબાની દરમ્યાન સોનીયા તરીકે ઓળખી બતાવેલ છે અને ત્યારબાદ તેઓને તેમનુ પુછતા તેઓએ તેમનું નામ સોનીયા વેંક્ટ સીંદે હોવાનું જણાવેલ છે.

(૨૯.૧૩) ભોગ બનનારે તેઓની જુબાની દરમ્યાન જે એજન્ટ સુનિલ વિશે જણાવેલ છે તે સુનિલ તરીકે ઓળખી બતાવેલ છે અને ત્યારબાદ તેઓને તેમનુ નામ પુછતા તેઓએ તેમનુ નામ જેઠાનંદ ઘનશ્યામ સેવકાની હોવાનું જણાવેલ છે.

(૨૯.૧૪) ભોગ બનનારે તેઓની જુબાની દરમ્યાન સી.એન.જી. રીક્ષા વાળા એજન્ટ તરીકે ઓળખી બતાવેલ છે અને ત્યારબાદ તેઓને તેમનુ નામ પુછતા તેઓએ તેમનુ નામ અમૃત ગોરધનભાઈ ખરા હોવાનું જણાવેલ છે.

(૨૯.૧૫) ભોગ બનનારે તેઓની જુબાની દરમ્યાન વડોદરા ખાતેની હોટલમાં જે સૌપ્રથમ ગ્રાહક આવેલ તે વ્યકિત તરીકે ઓળખી બતાવેલ છે અને ત્યારબાદ તેઓને તેમનું નામ પુછતા તેઓએ તેમનુ નામ પ્રદિપ કાંતિભાઈ મકવાણા હોવાનું જણાવેલ છે.

(૨૯.૧૬) ભોગ બનનારે તેઓની જુબાની દરમ્યાન વડોદરા ખાતેની હોટલમાં જે બીજા ગ્રાહક આવેલ તે વ્યકિત તરીકે ઓળખી બતાવેલ છે અને ત્યારબાદ તેઓને તેમનુ નામ પુછતા તેઓએ તેમનુ નામ રાહુલ પ્રકાશનારાયણ મિશ્રા હોવાનું જણાવેલ છે.

(૨૯.૧૭) ભોગ બનનાર સાહેદે તેઓની જુબાની દરમ્યાન અમદાવાદ ખાતેની હોટલમાં જે સૌપ્રથમ ગ્રાહક આવેલ તે વ્યકિત તરીકે ઓળખી બતાવેલ છે અને ત્યારબાદ તેઓને તેમનુ નામ પુછતા તેઓએ તેમનુ નામ દેસાઈ શીભાઈભાઈ કરમશીભાઈ હોવાનું જણાવેલ છે.

(૨૯.૧૮) ભોગ બનનાર સાહેદે તેમની જુબાની દરમ્યાન અમદાવાદ ખાતેની

હોટલમાં જે બીજા ગ્રાહક આવેલ તે વ્યકિત તરીકે ઓળખી બતાવેલ છે અને ત્યારબાદ તેઓને તેમનુ નામ પુછતા તેઓએ તેમનુ નામ હની ત્રીભુવનભાઈ પટેલ હોવાનું જણાવેલ છે.

(૨૯.૧૯) આરોપી નં.૦૧ તરફે વિદ્વાન ચીફ ડિફેન્સ કાઉન્સીલ શ્રી દ્વારા આ ભોગ બનનાર ની ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જેમાં તેણીએ ઈન્કાર કરેલ છે કે, બાંગ્લાદેશ ઢાકાની ભાષા અને પશ્ચિમ બંગાળની ભાષા અલગ અલગ છે. તેણીએ જણાવેલ છે કે, તેણીના પિતા કેટલા વર્ષની ઉમરે મૃત્યુ પામેલ તેની તેમને ચોકકસ ખ્યાલ નથી તેણી તે સમયે ખૂબ નાની હતી અને તેણીના માતા હયાત છે તેણીના માતાની ઉંમર ૬૦ વર્ષની હશે અને તેણીની મોટી બહેન યાશ્મીનબેન ની ઉંમર હાલમા ૩૭–૩૮ વર્ષની છે અને યાશ્મીનબેનને બે બાળકો છે જે પૈકી ૧ દીકરો અને એક દીકરી છે, યાશ્મીનબેનનો દીકરો બે સંતાનોમાં મોટો છે અને યાશ્મીનબેનના દીકરાની ઉંમર હાલમાં ૧૮ વર્ષની હશે અને તે તેણી કરતા ઉંમરમાં મોટો છે. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીનો ભાઇ મો.હનીફ યાશ્મીનબેન કરતા ઉંમરમાં નાનો છે અને મો.હનીફ તેણી કરતા ઉંમરમાં ઘણો મોટો છે. તેણીએ સ્વેચ્છાએ જણાવે છે કે, મો.હનીફ યાશ્મીનબેન કરતા ૧ વર્ષ નાનો છે. તેણીએ સ્વીકારેલ છે કે, મો.હનીફ ના લગ્ન થઇ ગયેલ છે અને તેને ૧ દીકરી ૧૧ વર્ષ ની છે અને મો.હનીફ ના લગન કેટલા વર્ષ પહેલા થયેલા તે તેણી જણાવી શકે નહી અને તે સમયે તેણી ઘણી નાની હતી. તેણીએ સ્વીકારેલ છે કે, મો.હનીફ થી નાની તેમની બહેનનું નામ લકી છે અને તેણીની બહેન લકીના લગ્ન થઇ ગયેલ છે અને તેના છૂટાછેડા પણ થઇ ગયેલ છે અને લકીના લગ્ન આજથી ૨૦ વર્ષ અગાઉ થઇ ગયેલા અને લકીના છૂટાછેડા આશરે ૨૦૦૮ માં થયેલા અને લકીને સંતાનમાં ૧ દીકરો છે જે હાલમાં આશરે ૭ વર્ષનો છે અને લકીથી નાની બહેનનું નામ ઝાહેદા છે અને ઝાહેદાના લગન થઇ ગયેલા છે અને ઝાહેદાના લગ્ન આશરે સને ૨૦૦૪–૦૫ ના વર્ષમાં થયેલા અને ઝાહેદાને કોઇ બાળક નથી. તેણીએ સ્વીકારેલ છે કે, ઝાહેદા પછીની નાની બહેનનું નામ ઝાકીયા છે અને ઝાકીયાની ઉંમર હાલમાં આશરે ૨૮–૨૯ વર્ષની હશે અને ઝાકીયાના લગન આશરે સને ૨૦૧૨ ના વર્ષમા થયેલા અને ઝાકીયાને એક પુત્ર છે જે હાલમા આશરે પાંચ વર્ષનો છે. તેણીએ ઈન્કાર કરેલ છે કે, ઝાકીયા નર્સીંગનું કામ કરે છે. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, ઝાહેદા નર્સીંગનું કામ કરે છે. તેણીએ ઈન્કાર કરેલ છે કે, ઝાકીયા થી નાની બહેનનું

નામ સોનિયા છે અને સોનિયાની ઉંમર હાલમાં આશરે ૨૫–૨૬ વર્ષની છે. તેણીએ સ્વીકારેલ છે કે, સોનિયાના લગ્ન થઇ ગયેલા છે અને તેને બે સંતાન છે જેમા એક દીકરો અને એક દીકરી છે અને સોનિયાનો દીકરો અત્યારે હાલમાં ૯ માસનો છે અને તેણીની દીકરી હાલમાં આશરે ૭ વર્ષની છે.

(૨૯.૨૦) તેણીએ સ્વીકારેલ છે કે, તેણીની બહેનોના લગ્ન તેઓની ઉંમર ૧૮ વર્ષના થયા બાદ થયેલા અને બાંગ્લાદેશમાં છોકરીની લગ્ન કરવા માટેની ઉંમર ઓછામાં ઓછી ૧૮ વર્ષ હોવાની ફરજીયાત છે અને બાંગ્લાદેશમાં મુસ્લિમ પુરૂષના નામની આગળ મહોમ્મદ શબ્દ લાગે છે. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, જયારે મુસ્લીમ સ્ત્રીના નામની આગળ મસમમ્દ શબ્દ લાગે છે. તેણીએ સ્વીકારેલ છે કે, હાલમાં તેણીના માતાની તબિયત સારી રહેતી નથી અને તેણી હોસ્પીટલમાં છે અને તેણી માતાની બીમારીની બાબત તેણીને તેમની બહેન દ્વારા જાણવા મળેલ છે. તેણીએ ઈન્કાર કરેલ છે કે, હાલમાં તેણીને તેમના તમામ ભાઈબહેન સાથે ટેલીફોનીક વાતચીત થતી રહે છે. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણીની ૩ નંબરની બહેન ઝાહેદા સાથે તેમની વાતચીત થાય છે અને તે સિવાયના ભાઇ બહેન સાથે વાતચીત થતી નથી. તેણીએ સ્વીકારેલ છે કે, ઝાહેદા સાથે તેણીને અઠવાડીયે એકાદ વાર ટેલીફોનીક વાતચીત થાય છે. તેણીએ જણાવેલ છે કે, ઝાહેદા સાથે તેમને વિધ્યાનગર પોલીસ સ્ટેશનના સરકારી નંબર પર વાતચીત થાય છે અને તેણીને વિધ્યાનગર પોલીસ સ્ટેશનનો સરકારી નંબર યાદ નથી અને તેણીને ઝાહેદાનો મોબાઈલ ફોન નંબર મોઢે યાદ નથી. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, પોલીસે તેણીનો ફોન જમા લીધો ત્યારે ૧ કાગળમાં તેણીએ ઝાહેદાનો નંબર લખી લીધેલ તે કાગળ તેણીની પાસે છે અને તે જ્યાં રહે છે ત્યાં તેણીની બેગમાં છે અને તેણીની બેગ પોલીસ સ્ટેશનમાં છે. તેઓએ જણાવેલ છે કે, તેણીએ જે વિધ્યાનગર પોલીસ સ્ટેશનના નંબર પર વાતચીત થતી હોવાનું જણાવેલ છે તે વ્હોટ્સએપ કોલીંગ થી વાતચીત થાય છે. તેણીએ સ્વીકારેલ છે કે, વ્હોટ્સએપ કોલીંગ મોબાઇલ ફોન થી થાય છે અને ભારતમાં આવ્યા બાદ તેણીને આશરે ૨૦ વખત વ્હોટ્સએપ કોલીંગ થી બાંગ્લાદેશ માં વાતચીત થઇ હશે અને વિધ્યાનગર પોલીસ સ્ટેશનથી તેણીને બાંગ્લાદેશ જે વ્હોટ્સએપ કોલિંગ થી વાતચીત થાય છે તે હંમેશા એક જ નંબરથી થાય છે અને તેણીએ બાંગ્લાદેશ વ્હોટ્સએપ કોલીંગ થી વાતચીત થાય છે તે આશરે પાંચેક મિનિટ થાય છે અને તેણી તેની સાથે જે કઇ

થયેલ તે તમામ હકીકત તેણીની બહેનને બાંગ્લાદેશમાં શરૂઆતમાં જણાવેલી અને હાલમા તેને તેણીની બહેન સાથે સામાન્ય વાતચીત થાય છે. ભોગ બનનારે જણાવેલ છે કે, તેણીને એ વાત ની ખબર નથી કે, બાંગ્લાદેશમાં શાળામાં પ્રવેશ મેળવવા માટે ૬ વર્ષની ઉંમર ફરજીયાત છે અને વધુમા જણાવેલ છે કે, તેણી પહેલા ધોરણમાં દાખલ થયેલ ત્યારે તેણીની ઉંમર આશરે ૪ વર્ષની હતી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી મીરપુર કોલેજમાં અભ્યાસ કરતા હતા અને મીરપુર કોલેજને યુનિવર્સીટી તરીકે પણ ઓળખવામાં આવે છે અને મીરપુર કોલેજમાં પોસ્ટ ગ્રેજયુએશનનો પણ અભ્યાસ થાય છે. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, ત્યાં નાની કોલેજ પણ છે. તેણીએ ઈન્કાર કરેલ છે કે, મીરપુર કોલેજમાં ફકત પોસ્ટ ગ્રેજયુએશનનો જ અભ્યાસ થાય છે અને મીરપુર કોલેજ ઈન્ટરનેશનલ કોલેજ છે અને ત્યાં વિદેશના વિધ્યાર્થીઓ પણ ભણવા આવે છે. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તે વિદેશના વિધ્યાર્થીઓ આવે છે તે ઢાકા–બાંગ્લાદેશ યુનિવર્સીટીમાં આવે છે. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી તેના ત્રીજા નંબરની બહેન ઝાહેદા સાથે ઢાકા સીટીમાં રહેતા હતા અને છેલ્લે મીરપુર કોલેજમાં એડમીશન લીધેલ હતુ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, મીરપુર કોલેજમાં હીન્દી ભાષામાં અભ્યાસ કરાવવામાં આવે છે. તેણીએ સ્વીકારેલ છે કે, મીરપુર કોલેજમાં અંગ્રેજી અને બાંગ્લા ભાષામાં ભણાવવામાં આવે છે અને શાળામાંથી કોલેજમાં અભ્યાસ માટે દાખલો મેળવવામાં આવે ત્યારે ટ્રાન્સફર સર્ટી મેળવવામાં આવે છે અને આ ટ્રાન્સફર સર્ટીમાં બાળકનું નામ સરનામુ, માતા–પિતાનું નામ, જન્મ તારીખ અને ઉંમર જેવી વિગતો લખેલી હોય છે અને તેણીની જન્મ તારીખને લગતા પુરાવાઓ બાંગ્લાદેશમાં છે અને બાંગ્લાદેશમાં તેણીના જન્મનું પ્રમાણપત્ર પણ છે.

(૨૯.૨૧) ભોગ બનનારે તેણીની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેણી આજરોજ વિધ્યાનગર પોલીસ સ્ટેશનથી આવેલ છે અને તેણી છેલ્લા નવ માસથી વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં રહે છે અને તેણી ૨૦૨૨ ના વર્ષથી મોડેલિંગને લગતુ કામ કરે છે અને મોડેલિંગમાં તેણી એડવર્ટાઈઝ તથા શોર્ટ ફિલ્મમાં કામ કરે છુ અને તેણીએ આજ દિન સુધીમાં પાચેક એડવર્ટાઈઝમેન્ટમાં કામ કરેલ છે અને શોર્ટ તરીકે પાંચ દસ મ્યુઝીક વિડીયોમાં કામ કરેલ છે. તેણીતેણીએ જણાવેલ છે કે, તેણી બાંગ્લા ગીતો ઉપર મ્યુઝીક વિડીયો બનાવે છે અને તેણી કઈ કંપનીની એડવર્ટાઈઝ કરતી હતી તે કંપનીનું નામ જણાવી શકે તેમ નથી પરંતુ તેણી એડવર્ટાઈઝ તેણીના મોબાઈલમાં

સ્ટોર છે અને તેણી એડવર્ટાઈઝ તથા તેણીના મ્યુઝીક વિડીયો યુટ્યુબ અને ફેસબુક પર રાખેલા છે અને તેણીનું ફેસબુક એકાઉન્ટ સુરભી જહાન ના નામથી છે. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીના ફેસબુક એકાઉન્ટમાં તેના મોડેલિગના વિડીયો તથા ફોટોગ્રાફ રાખેલા છે અને તેણીના વિડીયો કઈ યુટ્યુબ ચેનલ પર છે તે નામ તેણી જણાવી શકે તેમ નથી. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણી ડાયરેક્ટર પ્રોડ્યુશર ઘણી યુટ્યુબ ચેનલ ચલાવે છે તેના નામ તેણીને ખબર નથી પરંતુ તેણીને તેના ડાયરેક્ટર અને પ્રોડ્યુશરના નામ ખબર છે તેણીના પ્રોડ્યુશરનું નામ શહેઝાદ ખાન છે અને ડાયરેક્ટરનું નામ રીફત છે. તેણીએ સ્વીકારેલ છે કે, યુટયુબ ચેનલ પર અપલોડ થયેલ વિડીયો ભારતમાં પણ જોઈ શકાય અને તેણીના ડાયરેક્ટર અને પ્રોડ્યુશર સાથે કોઈ લેખિત કરાર થયેલ ન હતા અને તેણીના મેકઅપ આર્ટીસ્ટ કે ડ્રેસ ડીઝાઈનર સાથે કોઈ કરાર થયેલ ન હતા. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીને એડવર્ટાઈઝના કામના તથા મ્યુઝીક વિડીયોના કામના પૈસા તેણીના બેંક એકાઉન્ટમાં જમા કરાવવામાં આવતા હતા. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણીનું બેન્ક એકાઉન્ટ ન હતુ. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી મોડેલિંગમાં કામ કરે છે તેની જાણકારી તેણીના માતા, ભાઈ, બહેન નાઓને હતી અને તેણી મોડેલિંગના કામે બાગ્લાદેશના ઢાકા સીવાયના શહેરોમાં જવુ પડતુ હતુ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, મોડેલિંગના કામ માટે તેણી જ્યારે પણ જતા ત્યારે એકલા જતા હતા. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણીના ઘરના કોઈપણ સભ્ય તેની સાથે આવતા હતા. તેણીએ ઈન્કાર કરેલ છે કે, ફેસબુક પર તેણીના ઘણા ફોલોઅર્સ હતા. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, થોડા ફોલોઅર્સ હતા. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીના ફોલોઅર્સ તેણીના વિડીયો, ફોટો જોતા હતા અને તેણીના ફોલોઅર્સ પાસે તેણીના વિડીયો ફોટો છે કે નહી તેની તેણીને જાણકારી નથી. તેણીએ જણાવેલ છે, તેણી તેના ફોલોઅર્સના ફેસબુક જોતા નથી. તેણીએ સ્વીકારેલ છે કે, ફેસબુક એકાઉન્ટમાં ફ્રેન્ડ હોય તેઓ બન્ને એકબીજાના એકાઉન્ટની વિગત જોઈ શકે અને તેણી તેના ફેસબુકનો પાસવર્ડ આજે પણ યાદ છે. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણીના ફેસબુકનો પાસવર્ડ મુનાવરહુસેન જોયએ બદલી નાખેલ છે. તેણીએ જણાવેલ છે કે, તેણીને જ્યારે સૌપ્રથમ વખત પોલીસ સ્ટેશન લઈ જવામાં આવેલ ત્યારે તેણી ફેસબુક એકાઉન્ટ ખોલીને બતાવેલ નહી. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તે એકાઉન્ટ પાસવર્ડ બદલાયેલ હોય ખુલેલ નહી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીના ફેસબુકનો પાસવાર્ડ અન્ય કોઈ બદલી શકે નહી. તેણીએ

સ્વેચ્છાએ જણાવેલ છે કે, જો કોઈને પાસવર્ડ ખબર હોય તો તે બદલી શકે.

(૨૯.૨૨) આરોપી નં. ૦૧ તરફે વિદ્વાન વકીલ શ્રી દ્વારા ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ કે, તમારા ફેસબુકનો પાસવર્ડ કેટલા લોકોને ખબર છે? જેના જવાબમાં જણાવેલ છે કે, કોઈને ખબર નથી પરંતુ જ્યારે તેણીનું ફેસબુક એકાઉન્ટ મનોહરહુસેન જોયએ ડીલીટ કરી નાખેલુ ત્યારબાદ ફરીથી ચાલુ કરવાનો પ્રયત્ન કરેલો ત્યારે સોનીયા અને મનોહરહુસેન જોયએ તેણીનો પાસવર્ડ જોયેલો. તેણીએ ઈન્કાર કરેલ છે કે, ફેસબુકનો પાસવર્ડ બદલવા માટે ઓ.ટી.પી. અને હિન્ટ ક્વેચન અને તેનો જવાબ ખબર હોવી જરૂરી છે અને તેણીએ મોડેલિંગ તરીકે ક્યારેય કામ કરતા ન હતા અને તેણીએ કોઈ એડવર્ટાઈઝમેન્ટમાં કે કોઈ મ્યુઝીક વિડીયોમાં કામ કરેલ નથી અને તેણીના કોઈ વિડીયો ફેસબુક પર કે યુટ્યુબ ઉપર નથી અને તેણીનું કોઈ ફેસબુક એકાઉન્ટ ન હતુ. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી બાગ્લાદેશ થી મોડેલિંગ માટે આવવા છેલ્લે નીકળી ત્યારે ઘરે થી કોઈને પણ કહ્યા વગર નીકળેલી અને બાગ્લાદેશથી તેણીના ઘરેથી નીકળ્યા બાદ બે દિવસ અને એક રાત તેણી બાગ્લાદેશમાં જ રોકાયેલ હતા. ભોગ બનનાર સવાલ પુછવામાં આવેલ છે કે, તમે ઘરેથી નિકળ્યા બાદ બે દિવસ અને એક રાત બાગ્લાદેશમાં હતા ત્યાં સુધીમાં તમને મોબાઈલ ફોનથી કે વ્યક્તિગત રીતે શોધવાનો પ્રયત્ન કરેલો? જેના જવાબમાં જણાવેલ છે કે, તેણીના મોબાઈલ ઉપર ફોન આવેલ પરંતુ તેણી તે સમયે સુઈ ગયેલ હતા અને બીજા દિવસે તેણી બોર્ડર વિસ્તારમાં હતી તેથી કોલ લાગેલો નહી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી બાંગ્લાદેશની હદ વિસ્તારમાં હતા ત્યાં સુધી તેણીના મોબાઈલનું સીમ ચાલુ હતુ. તેણીએ સ્વેચ્છાએ જણાવે છે કે, નેટવર્કનો પ્રોબ્લેબ હતો. ભોગ બનનાર સવાલ પુછવામાં આવેલ છે કે, તમે બાગ્લાદેશની હદ વિસ્તારમાં હતા ત્યાં સુધી તમારામાં કોઈનો ફોન આવેલ નહી અને તમે કોઈને ફોન કરેલો પણ નહી? જેના જવાબમાં જણાવેલ છે કે, તેણી પાસે બે મોબાઈલ ફોન હતા તેમના એક ફોનમાં નેટવર્ક બિલકુલ આવતુ ન હતુ અને બીજા નાના ફોનમાં નેટવર્ક ક્યારેક આવતુ હતુ તો ક્યારેક આવતુ ન હતુ. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, તમારી પાસે કઈ કપંનીના ફોન હતા? જેના જવાબમાં જણાવેલ છે કે, તેણી પાસે જે બે ફોન હતા તે પૈકીનો એક મોટો ફોન રીયલ મી કંપનીનો હતો અને તેમાં બાંગ્લા લીંક નામની કંપનીનું સીમ હતુ અને બીજા નાના ફોન કોઈ કપંનીનો હતો તેની કંપની તેણીને યાદ નથી ત્યારબાદ તેણીએ જણાવેલ છે કે,

નાનો ફોન સીમ્ફની કંપનીનો હતો અને તેમાં સીમ ગેરામીન કપંનીનું હતુ. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, બન્ને ફોન એન્ડ્રોઈડ હતા? જેના જવાબમાં જણાવેલ છે કે, ફક્ત એક જ ફોન કે જે રીયલમી નો હતો તેમા એન્ડ્રોઈડ હતુ જ્યારે બીજા નાના ફોનમાં ફક્ત કોલીંગ થાય તેવો હતો. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, એન્ડ્રોઈડ ફોનમાં કેટલા સીમ રહી શકતા હતા? જેના જવાબમાં જણાવેલ છે કે, બે સીમ રહી શકતા હતા પરંતુ તેમાં ફક્ત એક જ સીમ હતુ.

(૨૯.૨૩) ભોગ બનનાર તેણીની ઉલટ તપાસમાં ઈન્કાર કરેલ છે કે, તેણીના બન્ને મોબાઈલ ફોન વિધ્યાનગરમાં આવેલ ત્યાં સુધી ચાલુ હતા અને તેણી ભારતમાં આવી ત્યારે પણ તેણીનાબન્ને ફોન ઉપર ઈન્ટરનેટ ચાલુ હતુ. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, તમે ભારતમાં આવ્યા બાદ તમે ભારતના ઈન્ટરનેટથી ફેસબુક અને વ્હોટસએપ બાગ્લાદેશના સીમ પર વાપરતા હતા? જેના જવાબમાં જણાવેલ છે કે, એ વાત ખરી નથી. તેણીએ સ્વેચ્છાએ જણાવેલે, તેણીને જે ભારતનું સીમ આપેલ તે માંથી તેણી ઈન્ટરનેટ વાપરતા હતા. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીના બન્ને મોબાઈલ ફોન અને તેમાંના બન્ને બાગ્લાદેશના સીમકાર્ડ પોલીસને સોપેલા. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણીનો રીયલમી કપંનીનો મોબાઈલ ફોનમાં ભારતનું સીમકાર્ડ નાખીને વાપરતા હતા તે તેણીએ પોલીસને આપેલો તે સિવાય નાનો મોબાઈલ ફોન અને બે સીમકાર્ડ મુંબઈ હતા. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીની પાસે તેણી નાનો ફોન કહે છે તેવો કોઈ ફોન હતો જ નહી અને તેણી ભારતમાં આવ્યા બાદ જે જે સ્થળોએ ગયેલ છે તે તે સ્થળોએ તેણીની સાથે રીયલમી કપંનીનો મોબાઈલ ફોન અને બાગ્લાદેશનું સીમકાર્ડ તેણી સાથે હતા અને તેણી તેના કોઈપણ મોબાઈલ ફોન કે સીમકાર્ડ પોલીસને તપાસ દરમ્યાન આપેલ ન હતા.

(૨૯.૨૪) તેણીએ સ્વીકારેલ છે કે, તેણી વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં કોઈ ડર ભય વિના સારી રીતે રહેતા હતા. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી પોલીસની દેખરેખ નીચે ત્યાં હરી ફરી શકતા હતા. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, પોલીસ સ્ટેશનની અંદર હરી ફરી શકે છે. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં આવ્યા બાદ હીન્દી ભાષા બોલતા તેમજ સમજતા શીખેલ છે. તેણીએ સ્વીકારેલ છે કે, વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં પોલીસના માણસોને બાંગ્લાદેશી ભાષા સમજમાં

આવતી નથી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીને કોર્ટમાં જઈને શું બોલવાનું તે પોલીસે શખવાડેલુ અને તે પ્રમાણે તેણી બોલે છે અને પોલીસવાળાએ તેણીને કઈ વસ્તુને હીન્દીમાં શુ કહેવાય તે શીખવાડેલ છે. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, તમે હિન્દી ભાષા કોની પાસે અને કેવી રીતે શીખ્યા? જેના જવાબમાં જણાવેલ છે કે, તેણી પોલીસ સ્ટેશન હોય છે ત્યારે ત્યાં હીન્દીમાં લોકો બોલતા હોય છે તે સાંભળીને ત્યારબાદ તેણી હીન્દી બોલવાની ટ્રાય કરેલ તેથી હીન્દી શીખેલ છે અને તેણી પહેલા હીન્દી સમજી શકતા હતા પરંતુ બોલી શકતી ન હતા. તેણીએ જણાવેલ છે કે, તેણી હીન્દી ભાષા હીન્દી મુવી જોઈને થોડુ થોડુ સમજતા હતા. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી હીન્દી મુવી જોઈને હીન્દીનો પ્રોપર અર્થે સમજી શકતા ન હતા અને પોલીસના શીખવ્યા મુજબની તેઓ જુબાની આ કામે આપી રહેલ છે અને તેણી વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં ત્રણેક મહીના રહેલ ત્યારબાદ હીન્દી બોલતા શીખી ગયેલ હતા. તેણીએ જણાવેલ છે કે, ગુજરાતી ભાષા સાંભળીને તેણીને થોડું થોડું બોલતા આવડયું છે અને બાંગ્લાદેશી કોઈ પણ શબ્દનું હીન્દી તેણી સમજી શકે છે. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, બાંગ્લા ભાષાના શબ્દોનું હીન્દી અનુવાદ સાચુ જ સમજો છો અને બોલો છો તે બાબતે તમોએ કોઈ વેરીફાય કરેલુ? જેના જવાબમાં જણાવેલ છે કે, તેણા સાચુ સમજે છે એવુ જાતે ખબર પડે. ભોગ બનનારે સ્વીકારેલ છે કે, તેણી હીન્દી ભાષામાં બોલે તેની વાકય રચના ભુલભરેલી પણ હોય છે. તેણીએ ઈન્કાર કરેલ છે કે, હીન્દી ભાષા તેણી બોલે અને સમજે તેનો અર્થ ખોટો પણ હોઈ શકે. તેણીએ જણાવેલ છે કે, તેણીની મોટી બહેન સોનીયા તેમનાથી ઘણી મોટી છે અને તે ચોકકસ કેટલા વર્ષ મોટી છે તે તેણી કહી શકે તેમ નથી પરંતુ તે આશરે ૧૦–૧૨ વર્ષ તેનાથી મોટી હશે. તેણીએ સ્વીકારેલ છે કે, વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં તેણી સૌપ્રથમ આવેલ ત્યારે તેમની પાસે એક મોબાઈલ ફોન હતો તેમા ઈન્ટરનેટ ચાલુ હતુ અને તેણી વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં તેણીનો મોબાઈલ ફોન આપેલ અને તે માંથી જેની સાથે વાત કરેલ તેની ડીટેઈલ તેણીએ પોલીસને આપેલ અને તેણીએ પોલીસને તેણીના ફોનની જે વિગત આપેલ તેની પોલીસે પ્રીન્ટ કાઢેલ. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, તમે તમારા ફોનથી તમારા કઝીન જોડે જે વાત કરેલ તે તેમજ નઈમ જોડે જે વાત કરેલ તેની પ્રીન્ટ આઉટ પોલીસે કાઢેલ? જેના જવાબમાં જણાવેલ છે કે, પોલીસે મનોહરહુસેન જોય સાથેની તેણીની વાતચીતની પ્રીન્ટ આઉટ કાઢેલ. તેણીએ જણાવેલ છે કે, તેણી મનોહરહુસેન જોય

સાથેની તેમના મેસેજની વાતચીતના પોલીસે કાઢેલ પ્રીન્ટ આઉટ જોયેલા. પોલીસ સ્ટેશનમાં મંગલચંદ ગોંવિદમન્ના નામનો વ્યકિત પોલીસ સ્ટેશનમાં હાજર હતા? તેવા પ્રશ્નના જવાબમાં તેણીએ જણાવેલ છે કે, એક ટ્રાન્સલેટર હતા અને આ ટ્રાન્સલેટરને તેણી એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનમાં હતા ત્યારે તેને કોઈ પોલીસવાળો લઈને આવેલ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી આજદીન સુધીમાં એસ.ઓ.જી પોલીસ સ્ટેશનમાં કે વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં કોઈ ફરીયાદ કરેલ જ નથી. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, તમે ફરીયાદ સિવાય કોઈ નિવેદન આપેલ? જેના જવાબમાં જણાવેલ છે કે, ૧૮૧ મોબાઈલ સેવામાં વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં લાવી લખાણ કરેલ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, પોલીસે તેણીનું લખી લીધેલ નિવેદન તેણીને વાંચી સંભળાવેલ. તેણીએ જણાવેલ છે કે, તેણીનું પ્રથમ નિવેદન લેવાયેલ ત્યારે ટ્રાન્સલેટર તરીકે નિલોયનાઓ હતા અને તેણી તેની વિગત નિલોયને કહેલ અને નિલોયે તે પોલીસને લખાવેલી. તેણીએ સ્વીકારેલ છે કે, નિલોયે પોલીસને જે લખાવેલ તે સાચુ લખાવેલ. ભોગ બનનારે જણાવેલ છે કે, એ બાબતે તેણી ચોકકસ કહી શકે નહી કે તા.૦૫/૦૯/૨૦૨૩ થી તા.૧૩/૦૯/૨૦૨૩ સુધી તેણી પોલીસ સ્ટેશનમાં જ હતી. એવુ બનેલ નથી કે, પોલીસ તેણીને મુંબઈ લઈ ગઈ હોય અને ત્યાં તેણીએ કોઈ જગ્યા બતાવેલ હોય અને ત્યાં પોલીસને તેણીએ કોઈ માણસને ઓળખી બતાવેલ હોય. તેણીએ સ્વીકારેલ છે કે, મોબાઈલ ફોનમાં નંબર સેવ કરી શકાય છે અને સીમમા નંબર સેવ કરી શકાય છે તેની ખબર નથી. તેણીએ જણાવેલ છે કે, તેણીની પાસે છેલ્લે વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં જે ફોન રજુ કરેલ તેમા બે ત્રણ નંબરો સેવ હતા અને તેણીને કોઈનો નંબર મોઢે યાદ હતો અને તે નંબર તેણીએ પોલીસને લખાવ્યો હોય તેવુ બનેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી તેમની સરતપાસમાં જે નઈમનુ નામ જણાવેલ છે તે નઈમ એટલે કે મોહંમદ નઈમ શેખ છે અને તે બાંગ્લાદેશમાં રહે છે. તેણીએ સ્વીકારેલ છે કે, નઈમની સાથે તેણીને બે વર્ષથી વાત થતી હતી અને તેની સાથે તેણીને મિત્રતા હતી, તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણીને એક વર્ષથી વાત થતી હતી અને તે પ્રોડ્યુશર હતો. તેણીએ ઈન્કાર કરેલ છે કે, નઈમ શેખ પ્રોડ્યુશર છે તે વાત તેણી જુબાની દરમ્યાન પ્રથમ વખત જણાવેલ છે અને તેણીનો કઝીન સુમોનનો નઈમ ફેસબુક ફ્રેન્ડ થતો હોય તેણી તેને ઓળખે છે અને તેણી બાંગ્લાદેશ થી ભારત આવવા નીકળી ત્યાર થી તેણીની સુમોન અને નઈમ સાથે સતત વાતચીત થતી હતી અને તેણીના લગ્ન મોહંમદ નઈમ શેખ સાથે થયેલ છે અને તેણી મોહંમદ નઈમ

શેખ સાથે પ્રોડ્યુશર સિવાય કોઈ સંબંધ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી બાંગ્લાદેશથી ભારત આવી ત્યારે સૌપ્રથમ તેણીને મોહંમદ નઈમ શેખ સાથે વાતચીત થયેલી. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણી મુંબઈ થી મોહંમદ નઈમ શેખ સાથે વાત કરેલ.

(૨૯.૨૫) તેણીએ જણાવેલ છે કે, બાંગ્લાદેશમાં આકસ્મીક પોલીસની જરૂર પડે તો ૯૯૯ નંબર ડાયલ કરવાનો હોય છે અને દરેક દેશ માટે પોલીસનો સંપર્ક કરવા માટેનો નંબર ઈન્ટરનેટ ઉપર મળે છે કે કેમ તેની તેણીને જાણકારી નથી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, ભારતમાં પોલીસને આકસ્મિક જરૂરીયાત પડે તો ૧૦૦ નંબર ડાયલ કરવો પડે તેવુ તેણી અગાઉ થી જાણતા હતા. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીને સામાન્ય અંગ્રેજી વાંચતા, બોલતા, લખતા આવડે છે. તેણીએ જણાવેલ છે કે, ભારતમાં દરેક જાહેર જગ્યા જેમ કે બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન વિગેરે જગ્યાઓએ આકસ્મિક જરૂર પડતા પોલીસનો સંપર્ક કરવા માટેનો નંબર અંગ્રેજીમાં લખેલા હોય છે કે કેમ તે બાબતે તેણીએ ધ્યાન આપેલ નથી. તેણીએ જણાવેલ છે કે, તેણીના મમ્મી હાલમાં સોનીયા સાથે રહે છે અને તે તેની દેખભાળ કરે છે અને સોનીયા કોઈ નોકરી કે કામધંધો કરતી નથી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીના મમ્મી અને તેણીના ત્રીજા નંબરની બહેન બન્ને અલગ અલગ સ્થળો પર રહે છે. તેણીએ જણાવેલ છે કે, તેણીના મમ્મીના ઘરે થી ત્રીજા નંબરની બહેનના ઘરે જતા સમુદ્રી માર્ગે દસ બાર કલાકનો સમય લાગે અને ગાડીમાં જતા ચાર થી પાંચ કલાક જેટલો સમય લાગે. ભોગ બનનારના સવાલ પુછવામાં આવેલ છે કે, તમારા ત્રીજા નંબરની બહેન જાહેદાનું ઘર અને તમારા બીજા ભાઈ બહેનોના ઘર દુર દુર આવેલ છે? જેના જવાબમાં જણાવેલ છે કે, તેણીના ત્રીજા નંબરની બહેન જાહેદાના ઘરની નજીક તેણીના ભાઈ હનીફ અને તેણીની ચોથા નંબરની બહેન ઝાકીયા રહે છે અને બાકીના બીજા ભાઈ બહેનો દુર રહે છે.

(૨૯.૨૬) ભોગ બનનારે તેણીની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેણીનો ભાઈ હનીફ અને ઝાકીયા જાહેદાના ઘરમાં રહેતા નથી અને અલગ અલગ ઘરમાં રહે છે અને જાહેદાને કોઈ બાળક નથી અને તે મોટા ભાગે હોસ્પીટલમાં પોતાની નોકરી પર રહે છે. તેણીએ જણાવેલ છે કે, તેણી ૨૦૨૦ના સાલથી જાહેદા સાથે રહે છે. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી ભણેલ છે અને મોડેલિંગનુ કામ કરે છે અને તેણી તેમનું સારૂ

નરસુ શું છે તે થોડુ સમજી શકે છે. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, તમારી સાથે કોઈ વ્યકિત જુઠુ બોલે તો તમે સમજી શકો? જેના જવાબમાં જણાવેલ છે કે, સમજી શકું. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી મોહંમદ નઈમ શેખને તેણીને ભારતમાં જઈને મોડેલિંગ કરવુ છે તેવુ જણાવેલ અને મોહંમદ નઈમ શેખે તેણીને એક એજન્ટનો નંબર આપેલ અને મોહંમદ નઈમ શેખે તેણીને જે એજન્ટનો નંબર આપેલ તેની સાથે તેણી ફેસબુક મેસેન્જરથી સંપર્કમાં રહેતા હતા અને વાત કરતા હતા અને ભારતની બોર્ડરમાં આવ્યા બાદ કલકત્તા પહોચતા સુધી પાંચ છ લોકોના સંપર્કમાં આવેલ. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણીએ કોઈની સાથે વાતચીત કરેલી નહી અને એજન્ટે તેમની સાથે વાતચીત કરી હશે. તેણીએ સ્વીકારેલ છે કે, એજન્ટના માણસો તેણીને એક જગ્યાએથી બીજી જગ્યાએ એમ કરીને કલકત્તા સુધી લઈ ગયેલ. તેણી ઈન્કાર કરેલ છે કે, એજન્ટના માણસો સાથે તેણી તેના ફોનથી સંપર્ક કરેલ અને એજન્ટના માણસો તેણીને કલકત્તા સુધી ક્યાં ક્યાં વાહનોમાં લઈ આવેલા તેની વિગતો પોલીસને લખાવેલ નથી. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, વાહનોના નંબર તેણીને ખબર નથી એટલે લખાવેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી વાહનોની કંપનીના નામો લખાવેલ નથી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી બાંગ્લાદેશની બોર્ડરથી કલકત્તા પહોચી ત્યાં સુધી તેણીને ડર લાગેલ નહી અને કલકત્તા પહોંચ્યા બાદ ડરના કારણે ફરીથી બાંગ્લાદેશ ચાલી જવુ જઈએ તેવુ લાગેલ નહી. તેણીએ સ્વીકારેલ છે કે, કલકત્તા થી મુંબઈ આવતા ૩૬ કલાક ટ્રેનમાં વિતાવવા પડેલા અને કલકત્તાથી મંબઈ ટ્રેનમાં તેણી અને ડેઝી એકલા આવેલા અને કલકત્તાથી મુંબઈમાં ટ્રેનમા બેસી ગયા બાદ પરત બાંગ્લાદેશ જવા માટે કોઈ પ્રયત્ન કરેલ નથી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી કલકત્તાથી ટ્રેનમાં બેઠી ત્યારે તેણીને મુંબઈ જવાનુ છે તેવી તેણીને ખબર હતી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી પાસે કલકત્તાથી ટ્રેનમાં બેઠી ત્યારે ટીકીટ હતી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, આ ટીકીટમાં તેણીને મુંબઈ જવાનું છે તેવુ છાપેલ હતુ તે તેણીએ વાંચેલુ અને તેણીની ટીકીટનો ફોટો પાડીને મોકલાવેલ ત્યારે ટીકીટમાં મુંબઈની ટીકીટ છે તેવુ તેણીએ વાંચેલુ. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીને મોડેલિંગનું કામ કલકત્તામા કરવાનું છે તેવી વાત તેણીને એજન્ટ સાથે થયેલી. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, જો તમે કલકત્તાથી મુંબઈ ધાર્યુ હોત તો ન જઈ શકયા હોત? જેના જવાબમાં જણાવેલ છે કે, તેણીને ખબજ જ ન હતી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી ટ્રેનમાં કલકત્તાથી બેઠા ત્યારે ટ્રેન ઉપર બોર્ડમાં ટ્રેન મુંબઈ જાય છે તેવુ તેણીએ વાંચેલ. ભોગ

બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, તમે જયારે ટ્રેનમાં બેઠા ત્યારે તે ટ્રેન બાબતે માઈક ઉપર એનાઉન્સમેન્ટ કરવામાં આવેલુ? જેના જવાબમાં જણાવેલ છે કે, તે વખતે હિન્દીમાં બોલવામાં આવેલુ અને ત્યારે હુ હિન્દી જાણતી ન હતી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, રેલ્વે સ્ટેશન ઉપર બાંગ્લા, હિન્દી, અંગ્રેજી ભાષામાં એનાઉન્સમેન્ટ કરવામાં આવેલ. તેણીએ સ્વીકારેલ છે કે, રેલ્વે સ્ટેશન ઉપર પોલીસના માણસો હોય છે અને કલકત્તામાં માણસો બંગાળી ભાષા બોલે છે.

(૨૯.૨૭) ભોગ બનનારે તેણીની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, કલકતાનું રેલ્વે સ્ટેશન ઘણા પ્લેટ ફોર્મ વાળુ છે અને તે ઘણી સગવડ વાળુ રેલ્વે સ્ટેશન છે. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, કલકત્તાના રેલ્વે સ્ટેશનમાં ઘણા પ્લેટફોર્મ હોય તમારે જ્યાં જવુ હોય ત્યાંની ટ્રેન ક્યાં પ્લેટફોર્મ પર આવશે તે પુછવુ પડે? જેના જવાબમાં જણાવેલ છે કે, કુલ્લીએ ટીકીટ કઢાવી ટ્રેનમાં બેસાડેલા. ક્યાં પ્લેટફોર્મ પરથી ટ્રેનમાં બેઠી હતી તેની તેણીને ખબર નથી અને જે પ્લેટફોર્મ પરથી બેઠેલી તે પ્લેટફોર્મ અને ટીકીટ બારી વચ્ચે જગ્યા હતી અને તેણી જે પ્લેટફોર્મ પર હતી ત્યાં કોઈ ડિસ્પ્લે બોર્ડ જોયેલ નહી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી કલકત્તાથી ટ્રેનમાં બેઠી ત્યારે તેણી બોમ્બે જઈ રહેલ છે તેવી તેણીને ચોક્કસ ખબર હતી તેમ છતા તેણીને ખબર ન હતી તે તેણીએ આજરોજ ખોટુ જણાવેલ છે અને તેણીને જે કુલ્લીએ ટ્રેનમાં બેસાડેલ તેવુ જણાવે છે તે કુલ્લીનું નામ શું હતુ તે તેણીને યાદ નથી પરંતુ તેણે શરીરે યેલો કલરનું ટી–શર્ટ પહેરેલ હતુ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી માણસોના નામ ભુલી જાય છે અને તેણીને ભારત લાવનાર એજન્ટોના નામ તથા તેમાં મદદગારી કરનાર તમામ વ્યક્તિઓના નામ જાણતી હોવા છતા તેઓ તેમના મળતીયા હોવાના કારણે તેઓના નામ આપવા માંગતા નથી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી કોઈને મળે ત્યારબાદ તેને ઓળખી શકે અને તેણીને બાગ્લાદેશથી ભારત લાવનાર કોઈને ઓળખી બતાવવા તેણીને પોલીસને જણાવેલ નથી અને બાગ્લાદેશથી ભારત લાવવામાં વચ્ચે જ્યાં જ્યાં રોકાયેલી તે જગ્યા તેણીએ પોલીસને બતાવવા તેણીની ઈચ્છા દર્શાવેલ ન હતી અને ભારતમાં આવવા માટે વિઝા અને પાસપોર્ટ જોઈએ તેવુ તેઓ જાણતા હતા. તેણીએ સ્વેચ્છાએ જણાવે છે કે પ્લેનમાં આવવા માટે વિઝા અને પાસપોર્ટ જોઈએ તે તેણી જાણતી હતી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી પાસે ભારત આવવા માટેના કોઈ વિઝા કે પાસપોર્ટ ન હતા. તેણીએ ઈન્કાર કરેલ છે કે, ભારતમાં ટ્રેનથી કે દરીયાઈ માર્ગે આવવુ

હોય તો પણ વિઝા અને પાસપોર્ટ હોવા જોઈએ તેવુ તેઓ જાણતા હતા અને કોઈપણ દેશમાં વિઝા અને પાસપોર્ટ વગર જવુ ગુન્હો બને છે તે અગાઉ તેઓ જાણતા હતા. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી બાગ્લાદેશ થી આવી ત્યારે તેમની સાથે તેમનું કોઈ ઓળખ કાર્ડ અસલ સાથે લાવેલ ન હતી. તેણીએ ઈન્કારેલ છે કે, તેણી ભારતમાં તેમની બહેન ઝાકીયાનું ઓળખ કાર્ડ લઈને આવેલ હતા અને તે તેણીનું નામ ભોગ બનનાર છે તેવુ દર્શાવતો કોઈ આધાર પોલીસને આપેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, ભારતમાં આવ્યા બાદ અલગ અલગ સ્થળોએ તેઓ બસ અને ટ્રેન મારફતે ગયેલા. અને તેઓ જે બસ અને ટ્રેનમાં મુસાફરી કરેલ તે બસ અને ટ્રેનમાં ઘણા મુસાફરો હતા અને તેણી જે ટ્રેનમાં ગયેલ તે ટ્રેનના પ્લેટફોર્મ પર પોલીસ વાળા હતા. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, બસ અને ટ્રેનમાં મુસાફરી કરી અને પોલીસો જ્યાં જ્યાં જોવા મળ્યા ત્યાં તેણીએ દોડી જઈને પોલીસની મદદ માંગી હોય તેવુ બનેલ છે? જેના જવાબમાં જણાવેલ છે કે, તેણી સાથે આરોપી નં. ૦૩ સોનીયા હતી. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, તમે બુમાબુમ કરવાનો પ્રયત્ન કરેલો? જેના જવાબમાં જણાવેલ છે કે, તેણી કન્ફ્યુઝ હતા બાગ્લાદેશી ભાષામાં મદદ માંગુ તો કોઈને ખબર પડશે કે કેમ. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, તમે ઈશારો કરીને મદદ માંગેલી? જેના જવાબમાં જણાવેલ છે કે, તેણીની હિમ્મત ન હતી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી ભારતમાં હોય, એકલી હોય અને તેણીની પાસે મોબાઈલ હોય એવુ બનતુ હતુ. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, તેણીએ ભાગી જવાનો કોઈ પ્રયત્ન કરેલો? જેના જવાબમાં જણાવેલ છે કે, સોનીયા સાથે હતી તેણીએ ભાગી જવાનું વિચારેલ પરંતુ ભાગી શકેલ નહી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, વિધ્યાનગર પોલીસ સ્ટેશન સૌપ્રથમ વખત પહોચીને તેણીએ કોઈ કેસ કરવો નથી અને બાગ્લાદેશ જવુ છે તેવુ જણાવેલ અને વિધ્યાનગર પોલીસ સ્ટેશનવાળાએ તેણી ગેરકાયદેસર આવેલ છો તમારે જેલ જવુ પડશે અને જેલ નહી જવુ હોય તો તેઓ જેમ કેસ કરવાનું કહીએ તેમ કેસ કરો તેથી તમોએ કેસ કરેલો.

(૨૯.૨૮) ભોગ બનનારે તેણીની વધુ ઉલટ તપાસમાં ઈન્કાર કરેલ છે કે, તેણી મે–૨૦૨૩ ના અરસામાં પણ ગેરકાયદેસર રીતે બાગ્લાદેશથી ભારત આવેલી અને તેણી મે– ૨૦૨૩ ના અરસામાં ભારત આવેલી ત્યારે મુંબઈ ગ્રાન્ટ રોડ પર દોઢ માસ જેટલુ રોકાયેલ અને ત્યારે તેણીના શેઠનું નામ વિકાસ શેઠ હતુ અને મે–૨૦૨૩ના

અરસામાં તેણી જ્યારે ભારત આવેલી ત્યારે કલકત્તા સોનાગાસી વિસ્તારમાં એક દીદી નામની બહેનને ત્યાં રોકાયેલી અને દેહવ્યાપારના ધંધામાં જોડાયેલી અને ૨૦૨૩ના અરસામાં જ્યારે તેણી ભારત આવેલ ત્યારે મહંમદ નઈમ શેખ નાઓએ તેણીનો ભારતમાં લોકો સાથે સંપર્ક કરાવી આપેલ અને રહેવાની વ્યવસ્થા કરી આપેલી અને વિકાસ શેઠને ત્યાં પણ તેણી દેહવ્યાપારનો ધંધો કરતી હતી અને મહંમદ નઈમ શેખનાઓએ તેણીનો મનોહરહુસેન જોય સાથે સંપર્ક કરાવી આપેલો અને તેણીએ મનોહરહુસેન જોય પાસેથી રૂા.૩૦૦,૦૦૦/– માતાની બીમારીના કારણે ઉછીના લીધેલા છે અને તેણીએ મનોહરહુસેન જોય પાસે બીજા વધારાના રૂપિયા ૨,૫૦,૦૦૦/– ની માંગણી કરેલ પરંતુ મનોહરહુસેન જોય પાસે રૂપિયા ૨,૫૦,૦૦૦/– ની સગવડ ન થતા તેણીએ મનોહરહુસેન જોય વિરુદ્ધ હાલનો ખોટો કેસ કરેલ છે. મનોહરહુસેન જોય અને મેસન રઙ્કાક બીસ્ટ મિત્રો છે કે કેમ તેની તેણીને જાણકારી નથી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, મનોહરહુસેન જોયનો ફોન બંધ આવતો હોય મેસન રઙ્કાક બીસ્ટ વિરુદ્ધ હાલનો ખોટો કેસ કરેલો છે અને વિધ્યાનગર પોલીસવાળાએ મનોહરહુસેન જોયની ખુબ શોધખોળ કરેલી પરંતુ તે મળી આવેલ નહી તેથી મેસન રઙ્કાક બીસ્ટ વિરુદ્ધ હાલનો ખોટો કેસ કરેલો. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી આ કામે કોઈ મેસન નામના વ્યક્તિને ઓળખતી નથી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી મેસનને ઓળખતી ન હોવા છતા ખોટો કેસ કરી તેની વિરુદ્ધ ખોટી જુબાની આપેલ છે.

(૨૯.૨૯) તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીએ તેના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે "સાથે સાથે શોર્ટ ફિલ્મ મ્યુઝીક વિડીયોનુ રેકોર્ડિંગમાં મોડેલીંગનુ કામ કરતી હતી ત્યારબાદ મને એક વ્યક્તિ કે જેનુ નામ મનોહરહુસેન જોય ના નામથી ઓળખતી હતી તે એજન્ટે મારો ફેસબુકથી સંપર્ક કરેલો અને તેણે ફ્રેન્ડ રીક્વેશટ મોકલાવેલી જે મે શરૂઆતમાં સ્વીકારેલી નહી પરંતુ પાછળથી સ્વીકારેલી ત્યારબાદ મારા તેની સાથે ફેસબુક ઉપર વાત ચીત થયેલી આવી વાતચીત મારે બે ત્રણ મહીના સુધી થયેલી. આ વાતચીત ૨૦૨૩ના વર્ષમાં થયેલી. ત્યારબાદ મનોહરહુસેન જોય નાએ મને તુ મોડેલીંગ કરશે તેવુ પુછેલુ અને મનોહરહુસેન જોય કોલકતામાં મોડેલીંગનુ કામકાજ કરતા હોવાનુ મને જણાવેલ ત્યારે મને મનોહરહુસેન ખોટુ બોલતા હોવાનુ લાગેલ તેથી મેં તેની વાત સ્વીકારેલ નહી ત્યારબાદ મનોહરહુસેને મને ઘણા

ફોન કરેલા ત્યારે હું બીઝી હતી તેથી મેં તે ફોન ઉઠાવેલા નહી ત્યારબાદ સમય મળતા મેં મનોહરહુસેન જોય સાથે વાત કરેલી ત્યારે મને મનોહરહુસેને ફરીથી કોલકતા આવી મોડેલીંગ કરવાનુ જણાવેલ ત્યારે પણ મને મનોહરહુસેન પર વિશ્વાસ થયેલો નહી ત્યારબાદ મનોહરહુસેને મને ફેસબુક મેસેન્જર પર શુટીંગના ફોટા મોકલાવેલા ત્યારબાદ મનોહરહુસેને મારી સાથે ફેસબુક વિડીયો કોલથી વાત કરેલી અને આવી વાતચીત બે ત્રણ દિવસ કરેલી ત્યારબાદ દસ પંદર દિવસ સુધી મારે મનોહરહુસેન સાથે વાતચીત થયેલી નહી ત્યારબાદ મારા ફરીથી મનોહરહુસેન સાથે વાતચીત થયેલી તેમા તેણે મને તુ ક્યાં છે? શુ કરે છે તે પુછેલુ? ત્યારબાદ મનોહરહુસેને વિડીયોકોલથી બે છોકરીઓ બાગ્લાદેશી છે તે મારી પાસે કામ કરે છે તેવુ કહી મારી સાથે વાતચીત કરેલી અને ત્યારે મને ફરીથી કલકત્તા આવીને મોડેલીગ કરવા જણાવેલ તેથી મે વિડીયોકોલમાં જે બે છોકરીઓ બતાવેલી તેની સાથે વાતચીત કરેલી ત્યારપછી મને એવુ લાગેલુ કે મનોહરહુસેન ખરેખર મને મોડેલિંગ કામ માટે બોલાવે છે તેથી મે ત્યાં કેવી રીતે આવવુ તેવુ પુછેલુ ત્યારબાદ મનોહરહુસેને મને જેસૌર બોર્ડર પર આવી જવા જણાવેલ તો મે મનોહરહુસેનને જણાવેલ કે હું એકલી કેવી રીતે જાવ મારી પાસે પાસપોર્ટ પણ નથી તો મનોહરહુસેને મને જણાવેલ કે પાસપોર્ટની જરૂર પડતી નથી એમ જ આવી જાવ તમારા કોઈ ફ્રેન્ડ હોય તો તેમની સાથે આવી જાવ ત્યારબાદ મેં મનોહરહુસેનને જણાવેલ કે હું વિચારીને જણાવીશ ત્યારબાદ મારી એક મિત્ર ડેઝી જે બાગ્લાદેશમાં શુટીંગ કરે છે તેને વાત કરેલી ત્યારબાદ મેં ડેઝીની વીડીયોકોલ ઉપર મનોહરહુસેન સાથે વાત કરાવેલ ત્યારબાદ મેં મનોહરહુસેનને હમણા મારી પાસે પૈસા નથી પૈસા આવશે ત્યારે હું વિચારીને જણાવીશ " અને "ત્યારબાદ તા.૨૦ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ ફરીથી મારે મનોહરહુસેન સાથે વાતચીત થયેલી તો તેણે જણાવેલ કે તમારે તા.૨૧/૦૮/૨૦૨૩ ના રોજ જેસૌર બોર્ડર ઉપર ગાડીમાં આવવાનુ છે ત્યારબાદ તા.૨૧/૦૮/૨૦૨૩ ના રોજ હું અને ડેઝી બસમાં જેસૌર રાત્રે આઠ વાગ્યે પહોચેલા ત્યારબાદ ફરીથી મેં મનોહરહુસેન જોયને ફોન કરેલો ત્યારબાદ મારે કેવી રીતે આવવાનુ છે તે પુછેલ તો મનોહરહુસેને જણાવેલ કે તેની આજુબાજુ હોટલ હોય ત્યાં રોકાય જાવ તેથી મે તેને વિડીયોકોલથી હોટલ બતાવેલી તો મનોહરહુસેને જણાવેલ કે આ હોટલ મારા ઓળખીતાની છે ત્યાં રોકાય જાવ તેથી અમે હોટલમાં હું અને ડેઝી રોકાયેલા ત્યારબાદ ૨૨/૦૮/૨૦૨૩ ના રોજ બપોરે બે વાગે હું અને ડેઝી હોટલેથી નીકળી બેનાફોલ બોર્ડર પાસે જવા માટે નીકળેલા ત્યારબાદ ત્યાં સાજે પાંચ વાગી જતા બોર્ડર બંધ થઈ

ગયેલ છે તેથી મનોહરહુસેન જોયે અમોને ત્યાં બોર્ડર ઉપર તેમના મિત્રના ઘરે રોકાવાનુ જણાવેલ. મનોહરહુસેનના મિત્રના ઘરે એક રીક્ષાવાળો મને લઈ ગયેલો ત્યારબાદ મેં મનોહરહુસેનને મારા પરત મારા ઘરે જવુ છે તેમ જણાવેલ ત્યારબાદ મનોહરહુસેને મને જણાવેલ કે આજ રાત્રે આ ઘરે રહો કાલે તમારે અહીં આવી જવાનુ છે ત્યારબાદ હું અને ડેઝી બન્ને જણા મનોહરહુસેનના મિત્રના ઘરે રોકાયેલા ત્યારબાદ ૨૩/૦૮/૨૦૨૩ ના રાત્રે ૧૦ વાગે બોર્ડર ક્રોસ કરવા માટે મનોહરહુસેનનો મિત્ર મને તથા ડેઝી બોર્ડર ક્રોસ કરાવવા માટે ખેતરના રસ્તે ચાલીને લઈ ગયેલા ત્યારબાદ અમારી સાથેના મનોહરહુસેનના મિત્રએ નદી ક્રોસ કરાવવાનુ કામ એક બીજા વ્યક્તિને સોપેલુ અને તે પોતાના ઘર તરફ પરત જતો રહેલો ત્યારબાદ અમારી સાથે જે વ્યક્તિ હતો તેણે નદી ક્રોસ કરાવી થોડે આગળ જઈ અમોને બીજા વ્યક્તિને સોપી દીધેલા ત્યારબાદ અમો ચાલતા ચાલતા બોર્ડર ક્રોસ કરીને ભારતના ખેતરમાં મળશકે ત્રણ ચાર વાગે આવી ગયેલા ત્યારબાદ એક પ્રાઈવટ વ્હાઈટ કલરની કાર આવેલ તેમા અમોને એક ઘરે લઈ ગયેલ અને ત્યાં બે ત્રણ કલાક અમો રોકાયેલા ત્યારબાદ એક મોટર સાયકલ સવારના સાતેક વાગ્યાના અરસામાં આવેલ ત્યારબાદ મને અને ડેઝીને મોટર સાયકલ પર એક કલાક દુર કોઈંક સ્થળે લઈ જવામાં આવેલ ત્યારબાદ ત્યાં એક પ્રાઈવટ કાર આવેલ તેમા અમોને કલકત્તાના હાવરા બ્રીજ રેલ્વે સ્ટેશન ખાતે લઈ જવામાં આવેલા ત્યારબાદ ત્યાં મને એક ભારતનુ મોબાઈલ ફોનનુ સીમ કાર્ડ આપવામાં આવેલ.ત્યારબાદ તા.૨૦ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ ફરીથી મારે મનોહરહુસેન સાથે વાતચીત થયેલી તો તેણે જણાવેલ કે તમારે તા.૨૧/૦૮/૨૦૨૩ ના રોજ જેસૌર બોર્ડર ઉપર ગાડીમાં આવવાનુ છે ત્યારબાદ તા.૨૧/૦૮/૨૦૨૩ ના રોજ હું અને ડેઝી બસમાં જેસૌર રાત્રે આઠ વાગ્યે પહોચેલા ત્યારબાદ ફરીથી મેં મનોહરહુસેન જોયને ફોન કરેલો ત્યારબાદ મારે કેવી રીતે આવવાનુ છે તે પુછેલ તો મનોહરહુસેને જણાવેલ કે તેની આજુબાજુ હોટલ હોય ત્યાં રોકાય જાવ તેથી મે તેને વિડીયોકોલથી હોટલ બતાવેલી તો મનોહરહુસેને જણાવેલ કે આ હોટલ મારા ઓળખીતાની છે ત્યાં રોકાય જાવ તેથી અમે હોટલમાં હું અને ડેઝી રોકાયેલા ત્યારબાદ ૨૨/૦૮/૨૦૨૩ ના રોજ બપોરે બે વાગે હું અને ડેઝી હોટલેથી નીકળી બેનાફોલ બોર્ડર પાસે જવા માટે નીકળેલા ત્યારબાદ ત્યાં સાજે પાંચ વાગી જતા બોર્ડર બંધ થઈ ગયેલ છે તેથી મનોહરહુસેન જોયે અમોને ત્યાં બોર્ડર ઉપર તેમના મિત્રના ઘરે રોકાવાનુ જણાવેલ. મનોહરહુસેનના મિત્રના ઘરે એક રીક્ષાવાળો મને લઈ ગયેલો ત્યારબાદ મેં મનોહરહુસેનને મારા પરત મારા ઘરે જવુ છે તેમ જણાવેલ

ત્યારબાદ મનોહરહુસેને મને જણાવેલ કે આજ રાત્રે આ ઘરે રહો કાલે તમારે અહીં આવી જવાનુ છે ત્યારબાદ હું અને ડેઝી બન્ને જણા મનોહરહુસેનના મિત્રના ઘરે રોકાયેલા ત્યારબાદ ૨૩/૦૮/૨૦૨૩ ના રાત્રે ૧૦ વાગે બોર્ડર ક્રોસ કરવા માટે મનોહરહુસેનનો મિત્ર મને તથા ડેઝી બોર્ડર ક્રોસ કરાવવા માટે ખેતરના રસ્તે ચાલીને લઈ ગયેલા ત્યારબાદ અમારી સાથેના મનોહરહુસેનના મિત્રએ નદી ક્રોસ કરાવવાનુ કામ એક બીજા વ્યક્તિને સોપેલુ અને તે પોતાના ઘર તરફ પરત જતો રહેલો ત્યારબાદ અમારી સાથે જે વ્યક્તિ હતો તેણે નદી ક્રોસ કરાવી થોડે આગળ જઈ અમોને બીજા વ્યક્તિને સોપી દીધેલા ત્યારબાદ અમો ચાલતા ચાલતા બોર્ડર ક્રોસ કરીને ભારતના ખેતરમાં મળશકે ત્રણ ચાર વાગે આવી ગયેલા ત્યારબાદ એક પ્રાઈવેટ વ્હાઈટ કલરની કાર આવેલ તેમા અમોને એક ઘરે લઈ ગયેલ અને ત્યાં બે ત્રણ કલાક અમો રોકાયેલા ત્યારબાદ એક મોટર સાયકલ સવારના સાતેક વાગ્યાના અરસામાં આવેલ ત્યારબાદ મને અને ડેઝીને મોટર સાયકલ પર એક કલાક દુર કોઈક સ્થળે લઈ જવામાં આવેલ ત્યારબાદ ત્યાં એક પ્રાઈવેટ કાર આવેલ તેમા અમોને કલકત્તાના હાવરા બ્રીજ રેલ્વે સ્ટેશન ખાતે લઈ જવામાં આવેલા ત્યારબાદ ત્યાં મને એક ભારતનુ મોબાઈલ ફોનનુ સીમ કાર્ડ આપવામાં આવેલ ."

(૨૯.૩૦) તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીએ તેના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, "આ સીમકાર્ડથી મારે મનોહરહુસેન સાથે વાતચીત કરવાની હતી તેથી મેં ફોનથી મનોહરહુસેન સાથે વાતચીત કરેલી ત્યારબાદ રેલ્વે સ્ટેશન પર એક કુલ્લી જેવો માણસ અમને મળેલ તેણે અમારી ટ્રેનની ટીકીટ કઢાવી આપેલ તે લોકલ ટીકીટ હતી ત્યારબાદ ૦૧/૧૫ મીનીટે મુંબઈ જવા માટેની ટ્રેન મળેલી જેમા હું અને ડેઝી ટ્રેનમાં મુંબઈ આવેલી ટ્રેનમાં બે દિવસ લાગેલા ત્યારબાદ નાલાસોપારા પહેલા ત્યાં એક રેલ્વે સ્ટેશન આવે છે ત્યારે અમોને ઉતારેલ ત્યાં અમોને મનોહરહુસેન જોય લેવા માટે આવેલા ત્યારબાદ મનોહરહુસેન અમોને તેની બેનના ઘરે જવાનુ છે તેમ જણાવેલુ અને તે અમોને રાત્રે એક વાગે એક સ્ત્રીના ઘરે લઈ ગયેલા તેનુ નામ સોનીયા હતુ ત્યારબાદ મનોહરહુસેન અમોને સોનીયાના ઘરે મુકેને જતો રહેલો અને આજ રાત તમે અહી જ રહો તેમ જણાવેલ ત્યારબાદ મે મનોહરહુસેનને પુછેલ કે શુટીંગ ક્યારે કરવાનુ છે તો તેણે અમોને જણાવેલ કે તમો આજે અહી જ રહો પછી તમોને શુટીંગ માટે લઈ જઈશું તેમ જણાવેલ ત્યારબાદ મનોહરહુસેન સોનીયાના ઘરેથી

જતો રહેલો ત્યારબાદ હું અને ડેઝી સોનીયાના ઘરે ખાયને સુઈ ગયેલ જ્યારે અમો ખાતા હતા ત્યારે સોનીયાએ અમોને પુછેલ કે તમો અહી શા માટે આવેલ છો તો મેં કહેલ કે હું અને ડેઝી બન્ને શુટીંગ કરવા માટે આવેલ છે. બીજા દિવસે સવારે ઉઠીને મેં સોનીયાને જણાવેલ કે તમે મનોહરહુસેનને ફોન કરો તો સોનીયાએ મનોહરહુસેનને કોલ કરેલો તો મેં મનોહરહુસેનને કહેલ કે હું શુટીંગ માટે આવેલ છુ આજે શુટીંગ માટે જવાનુ હતુ તો મનોહરહુસેને મને જણાવેલ કે હું સાજે આવીશ ત્યારબાદ તે બપોરે સાડા ત્રણ ચાર વાગ્યાના અરસામાં સોનીયાના ઘરે આવેલ તો મેં મનોહરહુસેનને પુછેલ કે શુટીંગ માટે જવાનુ હોય તો હું તૈયાર થાવ તો મનોહરહુસેને જણાવેલ કે શુટીંગ માટે પછી જવાનુ છે ત્યારબાદ હું ડેઝી અને સોનીયા બેઠા હતા ત્યારે મનોહરહુસેન દારુની બોટલ લઈને આવેલ ત્યારબાદ મનોહરહુસેને અમોને જણાવેલ કે સાથે બેસીને દારુ પીવાનો છે ત્યારે મેં દારુ પીવાની ના પાડેલ ત્યારબાદ મનોહરહુસેને ખુબ જ જબજસ્તી કરેલી અને મને દારુ પીવડેલ પરંતુ મને ખાસી આવી ગયેલ અને વોમીટ થઈ ગયેલ ત્યારબાદ હું બાથરૂમમાં ગઈ ત્યારે મનોહરહુસેને ડેઝી સાથે પણ એવી જ જબરજસ્તી કરેલી ત્યારબાદ મનોહરહુસેન બીજીવાર દારુ પીવડાવવા જબરજસ્તી કરેલી. મનોહરહુસેને મને અને ડેઝીને જબરજસ્તીથી દારુમાં કઈંક પીવડાવેલ જેથી હું બેભાન થઈ ગયેલી ત્યારબાદ મને રાત્રે દસ અગિયાર વાગે ભાનમાં આવેલ ત્યારે મેં જોયેલ તો હું જે રૂમમાં અમને દારુ પીવડાવેલ તે રૂમમાં હું ન હતી અને બીજા રૂમમાં હતી અને મેં તે વખતે ઘરમાં જોયેલ તો મનોહરહુસેન ઘરમાં ન હતો તો મેં સોનીયા પુછેલ કે મનોહરહુસેન ક્યાં ગયા અમોને શુટીંગમાં જવાનુ હતુ તો સોનીયાએ અમોને જણાવેલ કે આજે રાત થઈ ગઈ છે શુટીંગ માટે કાલે જઈશું ત્યારબાદ મેં સોનીયાને પુછેલ કે જે રૂમમાં દારુ પાયેલ તે રૂમમાં નહી હું ભાનમાં આવેલ તો બીજા રૂમમાં કેમ હતી તો સોનીયાએ મને કોઈ જવાબ આપેલ નહી ત્યારબાદ બીજા દિવસે સોનીયાનો ભાઈ મનોહરહુસેન કે જે એજન્ટ હતો તેવુ મને જાણવા મળેલુ તે બીજા દિવસે તેની પત્ની સાથે સોનીયાના ઘરે આવેલો ત્યારબાદ મનોહરહુસેનની પત્ની મને બીજા રૂમમાં લઈ ગયેલી અને મારો અને ડેઝીનો મોબાઈલ ફોન લઈ લીધેલ તો મેં કેમ મોબાઈલ ફોન લઈ લીધેલ તો તેણે જણાવેલ કે તેમાનો ડેટા ડીલીટ કરવાનો છે કોઈ પોલીસ પકડી લેશે તેમ જણાવેલુ ત્યારબાદ મારા મોબાઈલ ફોનનો ડેટા તથા વ્હોટએપ ફેસબુક મનોહરહુસેને ડીલીટ કરી દીધેલ તથા ડેઝીના મોબાઈલ ફોનમાંથી વ્હોટએપ, ફેસબુક સોનીયાએ ડીલીટ કરી દીધેલ તો હું રડવા લાગેલી કારણ કે ફેસબુકમાં મારા ફેમીલીના અને સગાના મોબાઈલ

કોન્ટેક નંબર હતા તો મનોહરહુસેનની પત્નીએ અમોને જણાવેલ કે તમોને મનોહરહુસેન જેમ જણાવે છે તેમ કરો તો મે જણાવેલ કે હું અહી શુટીંગ માટે આવેલ છુ શુટીંગ માટે તમે મને લઈ ગયેલ નથી અને તમે મારા મોબાઈલના ડેટા કેમ ડીલીટ કરેલ છે? તો મનોહરહુસેને અમોને જણાવેલ કે તારી પાસે જે સીમ છે તેમાં તું બીજુ ફેસબુક એકાઉન્ટ શરૂ કર તો મેં જણાવેલ કે મને નંબર તો ખબર નથી અને મારા કોન્ટેક નંબર પણ નથી તો હું બીજુ ફેસબુક એકાઉન્ટ કેમ શરૂ કરીશ ત્યારબાદ મેં જણાવેલુ કે તમે મને શુટીંગ કરવાનુ કહીને અહી લાવેલ છો શુટીંગ નહી કરવુ હોય તો મને પરત બાગ્લાદેશ મોકલી દો ત્યારબાદ મનોહરહુસેને મને એક સીમ આપેલ અને તેમા ફેસબુક શરૂ કરવા જણાવેલ ત્યારબાદ મેં તે સીમ નાખીને મારુ ફેસબુક એકાઉન્ટ વ્હોટએપ એકાઉન્ટ ચાલુ કરેલ મને મારા એકાઉન્ટના પાસવાર્ડ યાદ હતા. ત્યારબાદ મનોહરહુસેન ની પત્નીએ અમોને જણાવેલ કે તમોને અહીં શુ કહીને લાવવામાં આવેલ છે તો મેં કહેલ કે શુટીંગ કરવા માટેનુ કહીને લાવેલ છે." અને "ત્યારબાદ મેં મનોહરહુસેનની પત્નીએ મને જણાવેલ કે અહી શુટીંગ બુટીંગ કઈ થવાનુ નથી તો મેં તેને જણાવેલ કે હું તમને પ્રુફ બતાવુ તેથી મેં મારુ ફેસબુક એકાઉન્ટ ખોલેલુ અને તેમા મનોહરહુસેન સાથે થયેલ વાતચીત મે મનોહરહુસેનની પત્નીને બતાવેલી ત્યારબાદ મેં શુટીંગ ક્યારે થવાનુ છે શુટીંગ ક્યા થવાનુ છે તેવુ પુછેલ તો મનોહરહુસેનની પત્નીએ અમોને જણાવેલ કે તમો મનોહરહુસેન જણાવે તેમ કરો નહી તો પ્રોબ્લેમ થશે ત્યારબાદ મેં મનોહરહુસેનની પત્નીને જણાવેલ કે શુટીંગ નહી હોય તો અમોને ફરી બાગ્લાદેશ મોકલી દો અમારે અહી નથી રહેલુ ત્યારબાદ મનોહરહુસેનની પત્નીએ અમોને જણાવેલ કે તમે મનોહરહુસેનની વાત સમજો નહી તો તમે જીંદગીભર બાગ્લાદેશ જઈ શકશો નહી. ત્યારબાદ હું ખુબ જ ડરી ગયેલી અને રડવા લાગેલી ત્યારબાદ મનોહરહુસેન અને તેમની પત્ની ત્યાંથી જતા રહેલા."

(૨૯.૩૧) તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીએ તેના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, "ત્યારબાદ તા.૨૯/૦૮/૨૦૨૩ ના રોજ સવારે દસેક વાગે મનોહરહુસેન તેમની પત્ની અને તેમનુ નાનુ બાળક સાથે સોનીયાના ઘરે આવેલા ત્યારબાદ મનોહરહુસેને અમોને જણાવેલ કે એક જણે શુટીંગ માટે અમારી સાથે રહેવાનુ છે અને એક જણાએ બહાર શુટીંગ માટે જવાનુ છે ત્યારબાદ મેં તેઓને જણાવેલ કે જો શુટીંગ કરવુ હોય તો હું અને ડેઝી બન્ને સાથે કરીશુ જો નહી કરવાનુ હોય તો અમને

ફરીથી બાગ્લાદેશ મોકલી દો ત્યારબાદ મને કહેલુ કે તમે વધારે મગજમારી નહી કરો હું કહુ તેમ કરો ત્યારબાદ મને સોનીયા સાથે બહાર મોકલી દીધેલ અને ડેઝીને તેઓની સાથે રાખેલી ત્યારબાદ સોનીય બપોરે એક વાગે મને લઇને બહાર નીકળી ગયેલ અને તેઓ ડેઝીને સાથે લઇને નીકળી ગયેલા ત્યારબાદ બે વાગ્યાની ટ્રેનમાં સોનીયા અને હું નાલાસોપારાથી નીકળેલા ત્યારબાદ મેં સોનીયાને ટ્રેનમાં પુછેલ કે હવે ક્યાં જવાનુ છે તો સોનીયાએ જણાવેલ કે હમણા મારે એક ફ્રેન્ડને ત્યાં જવાનુ છે પછી શુટીંગ માટે જવાનુ છે ત્યારબાદ સોનીયા તેના મિત્રને ત્યાં લઈ ગયેલ તેનુ નામ મને ખબર નથી મને સોનીયા તેના મિત્રને ત્યાં ક્યાં ગામે લઈ ગયેલ તે મને ખબર નથી પરંતુ તેના મિત્રને રાખડી બાંધવા માટે લઈ ગયેલ તેવુ હું જાણુ છું." અને "ત્યારબાદ તા.૩૦/૦૮/૨૦૨૩ ના રોજ સવારે દસ વાગે સોનીયાના મિત્રને ત્યાંથી નીકળેલા તો મેં સોનીયાને પુછેલ કે હવે આપણે ક્યાં જવાનુ છું તો સોનીયાએ જણાવેલ કે મારા એક બીજા મિત્રને ત્યાં જવાનુ છે તો મે તેને મિત્રને ત્યાં જવાની ના પાડેલ."

(૨૯.૩૨) તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીના તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજના પોલીસ નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, "આશરે બે વર્ષ પહેલા મારે ફેસબુકમાં મહંમદ નઈમ શેખનાઓ સાથે ફ્રેન્ડશીપ થયેલા અને હું તેની સાથે વાતચીત કરતી હતી અને તેણે મને ભારતમાં ફિલ્મ શુટીંગમાં મોડેલીગમાં કામ અપાવવાની વાત કરેલી જેથી તેણે મને એક એજન્ટનો કોન્ટેક્ટ કરી આપેલ અને કહેલ કે આ વ્યક્તિ મુંબઈમાં મોડેલીંગનુ કામ કરે છે." અને તેણીએ સ્વીકારેલ છે કે તેણીએ તેના તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજના પોલીસ નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, "ગઈ તા.૧૯/૦૮/૨૦૨૩ ના રોજ હું તથા ડેઝી નામની મારી એક ફ્રેન્ડની સાથે અમે બન્ને ઢાકાથી જૈસોર કોઈને કહ્યા વગર નિકળી ગયેલા અને હું અને તેજી એજન્ટના કહેવા પ્રમાણે ઢાકાથી જૈસોર બસમાં આવેલા ત્યારબાદ જૈસોર અમે એક હોટલમાં રોકાયેલા ત્યારબાદ ૨૦/૦૮/૨૦૨૩ ના રોજ સાજે જૈસોરથી બીજી એક બસમાં બેસી પછી રીક્ષામાં બેસી અમે હું અને તેજી બેનાપોલ ગામ બોર્ડર સુધી પહોચેલા અને ત્યાં રાત્રે રોકાણ કરી તા.૨૧/૦૮/૨૦૨૩ ના રોજ આશરે રાત્રે ૦૧ વાગ્યાની આસપાસ તારની નીચેથી બોર્ડર ક્રોસ કરી ત્યારબાદ ચાલતા ચાલતા ભારતમાં આવેલા અને એક ઘરમાં રોકેલા." અને "આ વિધ્યાનગર ખાતે રોકાયેલ તે સમય દરમ્યાન મારી સાથે કોઈએ ખોટું કામ કે શારીરિક હેરાનગતિ કરેલ નથી." તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી

મેજીસ્ટ્રેટ રૂબરૂ કોઈ નિવેદન આપેલ નથી કે અગાઉ કોઈ આરોપીને ઓળખી બતાવેલ નથી.

(૨૯.૩૩) આરોપી નં.૦૨ તરફે વિદ્વાન ડેપ્યુટી ચીફ ડિફેન્સ કાઉન્સીલ શ્રી દ્વારા આ ભોગ બનનાર ની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. તેણીએ જણાવેલ છે કે, તેઓ તા.૨૯ ના રોજ મુંબઈથી નીકળેલ અને તેઓ વડોદરામાં આવીને લોટ્સ ગોલ્ડ હોટલમાં રોકાયેલા અને લોટ્સ ગોલ્ડ હોટલ ક્યાં વિસ્તારમાં આવેલી છે તેની તેણીને જાણકારી નથી. તેણીને સવાલ પુછવામાં આવેલ છે કે, લોટ્સ ગોલ્ડ હોટલ ઉપર રોકાયેલા ત્યાં રજીસ્ટરમાં તમે એન્ટ્રી કરેલી? જેના જવાબમાં જણાવેલ છે કે, સોનીયાએ કરેલી. તેણીએ જણાવેલ છે કે, વડોદરામાં હોટલવાળાએ તેણીની પાસે થી કોઈ દસ્તાવેજ માંગેલ નહી. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણીએ હોટલવાળા સાથે કોઈ વાત કરેલ નહી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીએ વડોદરા હોટલ પર તેમનું નામ ઝાકીયા બીસસ હોવાનું લખાવેલ. તેણીને સવાલ પુછવામાં આવેલ છે કે, વડોદરાની હોટલ પર તમારે જેઠાનંદ નામના વ્યકિતને મળવાનુ થયેલુ? જેના જવાબમાં જણાવેલ છે કે, તેણીને મળેલી તે વ્યકિતનું નામ ખબર નથી. તેણીએ જણાવેલ છે કે, વડોદરાની હોટલમાં પ્રથમ ૨૦૧ નંબરના રૂમમાં રોકાયેલા અને હોટલના બીજા રૂમોમાં કોઈ માણસો રોકાયેલા હતા કે કેમ તેની તેણીને જાણકારી નથી. તેણીને સવાલ પુછવામાં આવેલ કે, જેઠાનંદ નામના વ્યકિતએ તમને લોહી નીકળતુ હોય અને મલમ લાવી આપીને સારુ થઈ જશે તેમ જણાવ્યુ હોય તેમ બનેલ નથી? જેના જવાબમાં જણાવેલ છે કે, મલમ લાવી આપનાર વ્યકિતનું નામ સુનિલ હતુ.

(૨૯.૩૪) તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલી નથી કે, "સુનિલ પણ રૂમ પર આવેલો અને સુનિલ સોનીયા ઉપર ગુસ્સે થયેલો આને બે વખત કરવાનુ હતુ કેમ કરેલ નથી તો સોનીયાએ જણાવેલ કે એને લોહી નીકળી ગયેલ હતુ તેથી બે વાર કરેલ નથી અને ત્યારબાદ સુનિલે સોનીયાને કહેલ કે હું તેમના માટે મલમ લઈ આવુ છું ત્યારબાદ સુનિલ નીચે જઈને મલમ લઈ આવેલ અને મને આપેલ અને કહેલ કે આ લગાવશે એટલે સારુ થઈ જશે ત્યારબાદ મને જણાવેલ કે આ લગાવ સારુ થઈ જાય તો બીજો ગ્રાહક આવશે તો મેં કહેલ કે મારે અહીં નથી રહેવુ ત્યારબાદ સોનીયાએ મને કહેલ કે થોડો સમય બાદ જતી

રહેજે અત્યારે આરામ કર ત્યારબાદ ફરીથી એક ગ્રાહક આવેલ અને સુનિલે મને સોનીયા દ્વારા ગ્રાહક પાસે જવા ઘણુ જણાવેલ તો મેં જણાવેલ કે મારે નથી જવુ જવુ હોય તો તુ જા ત્યારબાદ સોનીયા જાતે ગયેલી ત્યારબાદ અડધો કલાક પછી નીચે આવેલી ત્યારબાદ સુનિલ ફરીથી સોનીયા પર ગુસ્સે થયેલો અને કહેલ કે આની સાથે કરવા માટે લાવેલ છે અને તે કામ આ નહી કરે તો અહીં શુ કામ રહેવાનુ ત્યારબાદ સોનીયાએ મને કહેલ કે હવે આપડે નીકળી જવુ છે."

(૨૯.૩૫) આરોપી નં.૦૩ તરફે વિદ્વાન વકીલશ્રી દ્વારા આ ભોગ બનનાર ની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. તેણીએ જણાવેલ છે કે, બાગ્લાદેશમાં યુનિવર્સિટીમાં અભ્યાસ કર્તા પુર્વે પ્રિયુનિવર્સિટીમાં અભ્યાસ કરવાનો હોય છે કે કેમ તેની તેણીને જાણ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, બાંગ્લાદેશમાં ધોરણ ૧૦ પછી બે વર્ષ ઈન્ટર કોલેજમાં અભ્યાસ કરવાનો હોય છે ત્યારબાદ ઓનર્સ ફર્સ્ટ યર અને ઓનર્સ સેકન્ડ યરનો અભ્યાસ કરવાનો હોય છે અને તેણી છેલ્લે મીરપુર કોલેજમાં એડમિશન લીધેલ હતુ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, મીરપુર કોલેજ ઢાકા યુનિવર્સિટી સાથે એફીલીએટેડ છે અને બાંગ્લાદેશના ધોરણ ૦૧ માં એડમિશન લેતા પહેલા પ્રિસ્કુલીંગ એટલે કે સિનિયર કે.જી અને જુનિયર કે.જી કરવુ ફરજીયાત છે. તેણીને સવાલ પુછવામાં આવેલ છે કે, બાગ્લાદેશમાં ધોરણ ૦૧ માં એડમિશન લેતા સમયે એક ફોર્મ ભરવાનું હોય છે અને તેમા ફેમિલી તથા બાળકોની તમામ વિગતો લેખિતમાં શાળાને પુરી પાડવાની હોય છે? જેના જવાબમાં જણાવેલ છે કે, બાંગ્લાદેશમાં ધોરણ ૦૧ માં એડમિશન લેતા સમયે બાળકનાં જન્મની વિગત અને માતા અને પિતાનું આધારકાર્ડ એટલે કે એન.આઈ.ટી.કાર્ડ કહેવાય છે તે હોવુ જોઈએ. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીએ મસ્જીદમાં કુરાનનું શિક્ષણ લીધેલ છે અને મસ્જીદમાં અરેબિક ભાષા અને ઉર્દુ ભાષા શીખવવામાં આવતી હતી. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે અરેબિક ભાષા અને ઉર્દુ ભાષા બન્ને એક જ ભાષા છે અને કુરાન શરીફ અરેબિક ભાષામાં હોય છે. તેણીએ ઈન્કાર કરેલ છે કે, અરેબિક ભાષાના અક્ષર અને ઉર્દુ ભાષાના અક્ષર અલગ અલગ હોય છે. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીએ કુરાન શરીફ વાચેલ છે અને કુરાન શરીફનું પહેલુ ચેપ્ટર "અલ્હમ દો શરીફ" છે. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે તેને "સુરા ફાતિયા" કહેવામાં આવે છે અને અલ્હમ દો શરીફને ઉર્દુમાં લખી શકાય કે કેમ તેની તેણીને જાણકારી નથી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીને બાળપણથી ઉર્દુ ભાષાનું

જ્ઞાન છે અને તેણી કુરાન શરીફ વાંચતી હતી ત્યારે ઉર્દુ શીખેલ છે અને બાંગ્લાદેશમાં અભ્યાસ કરવા માટે પ્રથમ ભાષા તરીકે બાંગ્લા ભાષા છે ત્યારબાદ બીજી ભાષા તરીકે અંગ્રેજી છે અને ત્રીજી ભાષા તરીકે ઉર્દુ છે. તેણીએ જણાવેલ છે કે, તેણી ઢાકા સીટીના મીરપુર–૦૧ ખાતે તેણીના ત્રીજા નંબરની બહેન સાથે રહેતા હતા. તેણીએ સ્વીકારેલ છે કે, બાંગ્લાદેશમાં મીરપુર નામનું બીજુ શહેર પણ છે તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેને મીરપુર ૧૧/૧૨ તરીકે ઓળખાય છે. તેણીને સવાલ પુછવામાં આવેલ છે કે, તમે ધોરણ ૦૭ માં આવ્યા ત્યારે ક્યાં ક્યાં વિષય હતા? જેના જવાબમાં જણાવેલ છે કે, બાંગ્લા, ઈંગ્લિશ, ગણિત, સમાજ વિજ્ઞાન જેવા વિષય હતા. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી ધોરણ ૦૯ અને ૧૦ માં ભણતા ત્યારે એવી માહિતી પ્રાપ્ત થયેલી કે બાંગ્લાદેશને પુર્વ બંગાળ તરીકે ઓળખાતા હતા. તેણીએ જણાવેલ છે કે, બાંગ્લાદેશ ૧૯૭૧ માં આઝાદ થયેલ તેવુ તેણી જાણે છે. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીને એવી જાણકારી હતી કે બાંગ્લાદેશમાં જે બંગાળી ભાષાનો પ્રયોગ થાય છે તે જ ભાષા ભારતમાં પશ્ચિમ બંગાળમાં બોલાય છે અને બાંગ્લાદેશ અને પશ્ચિમ બંગાળમાં દુકાનોની બહારનો બોર્ડ બાંગ્લા ભાષામાં લખાયેલા હોય છે. તેણીએ ઈન્કાર કરેલ છે કે, હાવરા રેલ્વે સ્ટેશન ઉપર ખુબ જ મોટુ બોર્ડ બાંગ્લા ભાષામાં લગાવેલ છે. તેણીએ જણાવેલ છે કે, તેણી હાવરા સૌપ્રથમ રેલ્વે સ્ટેશનની સામે પ્રાઈવેટ ગાડી રાખવાની જગ્યા હોય છે ત્યાં ઉતરેલી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, જ્યારે હાવરા રેલ્વે સ્ટશન પર ઉતરેલી ત્યારે તેણી અને ડેઝી એમ બે જ વ્યક્તિ હતા. તેણીએ સ્વેચ્છાએ જણાવે છે કે કુલ્હી સાથે હતો. તેણીને એ વાતની ખબર નથી કે, હાવરા રેલ્વે સ્ટેશન રાત દિવસ ખુબ જ વસ્તી વાળુ અને સતત ટ્રેનની અવર જવર વાળુ રેલ્વે સ્ટેશન છે. તેણીએ જણાવેલ છે કે, તેણી જે જગ્યાએ કારમાંથી ઉતરેલી ત્યાંથી ટ્રેન પકડેલી તે પ્લેટફોર્મ ચાલીને જતા આશરે બે–ત્રણ મિનીટ લાગેલી. તેણીએ સ્વીકારેલ છે કે, હાવરા રેલ્વે સ્ટેશને પોલીસવાળા હતા તેવુ જોયેલુ અને તેણીએ હાવરા રેલ્વે સ્ટેશન પોલીસવાળાને કાઈ કહેલ નહી કે બતાવેલ નહી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેને ભારત આવવા માટેનું મન બનાવેલ ત્યારે એવી બાબતની જાણકારી હતી કે ભારતમાં જવા માટે પાસપોર્ટ જોઈશે અને જો પાસપોર્ટ ન હોય તો બોર્ડરના તાર નીચેથી જવુ પડશે. તેણીએ જણાવેલ છે કે, તેણીએ કોઈ એક્ટીંગ માટેની સ્કુલમાં અભ્યાસ કરેલ નથી અને તેણી સારી એક્ટીંગ કરી શકે છે તેવુ સૌપ્રથમ તેણીને શહેઝાદ ખાને જણાવેલ. તેણીએ સ્વીકારેલ છે કે, શહેઝાદ ખાન તેણીના મિત્ર ન હતા કે તેણીના સગા વહાલા ન હતા અને શહેઝાદ ખાન

અને તેણીનું ગામ એક જ હતુ. તેણીએ જણાવેલ છે કે, તેણી શહેઝાદ ખાનને સૌપ્રથમ વખત આમને સામને એક રેસ્ટોરેન્ટમાં ઘણા બધા મિત્રો સાથે હતા ત્યારે મળેલા અને રેસ્ટોરેન્ટમાં મળવાનું શહેઝાદ ખાને કહેલુ. તેણીએ જણાવેલ છે કે, એવુ બનેલ ન હતુ કે શહેઝાદ ખાને તેણીને કામ આપતા પહેલા એક્ટીંગનો અભ્યાસ કરવો પડશે તેવુ જણાવેલ હોય અને શહેઝાદ ખાન ક્યાં પ્રકારના ફિલ્મો બનાવે છે તે તેણીને શુ કામ આપશે તે તેણીને કેવી રીતે અને કેટલા પૈસા આપશે તે વિશે તેણીએ તેને પુછપરછ કરેલી અને તેણે તેણીને જણાવેલ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, શેહઝાદ ખાને તેણીને કામ કરવા માટે એગ્રીમેન્ટ કરવુ પડશે તેવુ જણાવેલ અને ભારતમાં મોડેલીંગ માટે તેણીને કોઈકે જણાવ્યુ હોય અને ત્યારબાદ તેણી ભારત આવી તેની વચ્ચે ત્રણ થી સાડા ત્રણ મહીના તેણીએ વિચારવા માટે લીધેલા. તેણીએ જણાવેલ છે કે, ભારતમાં એક્ટીંગ માટે તેણીને કામ આપશે તેવો મેસેજ મળ્યો અને તેણી ભારત આવી તેની વચ્ચે એકાદ મહીનો વિચારવાનો સમય લીધેલો અને ભારતમાં તેણીને મોડેલીંગ કામ માટે બોલાવી રહ્યા છે તેવી કોઈ જાણકારી બાગ્લાદેશના પ્રોડ્યુસરો કે જેની સાથે તેણી કામ કરતા હતા તેને જણાવેલ નહી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, ભારત આવતા પહેલા તેણીને ખુલના શહેર પાસેની બોર્ડર થી અથવા તો મીરપુર શહેરની બોર્ડરેથી ભારતમાં દાખલ થવુ પડશે તેવી તેને પ્રથમથી જાણમાં હતુ. તેણીએ જણાવેલ છે કે, તેણીને ભારતમાં મોડેલિંગ માટે બોલાવવામાં આવી રહી છે તેવી જાણ તેણીને તેના મિત્રો પૈકી ફક્ત ડેઝીને કરેલી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, ડેઝી મોડેલીંગનું કામ કરતી ન હતી અને ડેઝીને તેણી ભારતમાં ફક્ત એક મિત્ર તરીકે લઈ આવેલી. તેણીએ જણાવેલ છે કે, તેણી ભારતમાં આવતા પહેલા ભારતમાં મોડેલીંગની શું સિસ્ટમ છે તે બાબતે કોઈ ઈન્ટરનેટથી કે કોઈને ફોન કરીને જાણકારી મેળવેલ નથી. તેણીએ જણાવેલ છે કે, ઢાકામાં ભારતની એમ્બેસી આવેલ છે કે કેમ તેની તેણીને જાણકારી નથી.

(૨૯.૩૬) ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, કોઈપણ દેશમાં જવા માટે વિઝા લેવા ફરજીયાત છે તેવુ તમારી જાણકારી હેઠળ હતુ? જેના જવાબમાં જણાવેલ છે કે, વિમાનથી જવુ હોય તો વિઝા જરૂરી છે તેવુ હું જાણતી હતી તે સિવાય બીજા દેશમાં જવા માટે વિઝાની જરૂર છે કે કેમ તે હું જાણતી ન હતી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી અગાઉથી એવી જાણકારી મેળવી લીધેલ હતી કે વિમાનથી જવુ હોય તો વિઝા જોઈશે નહીતર બોર્ડરેથી ગેરકાયદેસર રીતે ઘુસણખોરી કરવી પડશે. તેણીએ

સ્વીકારેલ છે કે, ભારતમાં જવા માટે તેણીએ વિમાનથી જવાનું નથી તેવી તેણીને અગાઉથી ખબર હતી અને તેણીને ભારતમાં જતા પહેલા ત્યાં જવુ જોઈએ નહી તેવુ પણ એકવાર લાગેલુ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, ભારતમાં જતા પહેલા તેણીને ત્યાં નહી જવુ જોઈએ તેવુ લાગેલુ તેમ છતા તેણી ભારતમાં જઈને કોઈપણ ભોગે પૈસા બનાવવા છે તેવુ નક્કી કરેલ હોય તેણી તાર નીચેથી ભારતમાં પ્રવેશવાનો રસ્તો પણ સ્વીકારેલો અને તેણી બોર્ડર ઉપર પહોચ્યા બાદ પરત બાગ્લાદેશ જઈ શકી હોત. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, જે વ્યક્તિ તેણીને બોર્ડર સુધી લાવેલો તે તેણીને બીજાને સોપીને જતો રહેલો હતો. તેણીએ જણાવેલ છે કે, તેણી બસમાં બોર્ડર સુધી પહોચેલ ન હતી બોર્ડર પર જવા માટે બસમાંથી ઉતરીને રીક્ષામાં બેઠેલા હતા અને તે રીક્ષા એક ઘરે લઈ ગયેલ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, બાંગ્લાદેશ તરફ બાંગ્લાદેશ સિક્યુરીટી ગાર્ડની ઓફિસ હતી અને ત્યાં બાંગ્લાદેશના સિક્યુરીટી ગાર્ડસ ત્યાં બંદોબસ્ત હેઠળ હતા અને જે જગ્યાએથી બાંગ્લાદેશ બોર્ડર ક્રોસ કરેલી તે જગ્યાએ પ્રથમ બાગ્લાદેશની બોર્ડરના તાર હતા અને સામે ભારતની બોર્ડરના તાર હતા અને આ બે તાર વચ્ચે નદી હતી. તેણીએ સ્વીકારેલ છે કે, બાંગ્લાદેશની બોર્ડર ક્રોસ કર્યા બાદ ભારતમાં પ્રવેશી હાવરા રેલ્વે સ્ટેશન સુધી પહોચતા દરમ્યાન ખેતરમાં ચાલેલા ત્યારે તેણી અને ડેઝી વચ્ચે ખુબ જ તકલીફ પડે છે અહીં નહી આવ્યા હોત તો સારુ થાત તેવી વાતચીત થયેલી અને તેણી હાવરા રેલ્વે સ્ટેશન પર પોલીસને જોઈને સરેન્ડર કરી લીધેલ નહી. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, ડર લાગેલો. તેણીએ જણાવેલ છે કે, એ બાબતે તેણીને કોઈ ધ્યાને આપેલ નહી કે હાવરા રેલ્વે સ્ટેશન પરની તમામ દુકાનો પરના બોર્ડ બાંગ્લા ભાષામાં હતા કે કેમ? તેણીએ સ્વીકારેલ છે કે, તેણી અને ડેઝીએ હાવરા રેલ્વે સ્ટેશન પર કાઈ પણ છુપાઈ જવાનો કોઈ પ્રયત્ન કરેલ નહી અને હાવરા રેલ્વે સ્ટેશનથી ટ્રેનમાં બેઠા ત્યારે તેણી અને ડેઝી એકલા હતા અને તેણીની સાથે બીજુ કોઈ ન હતુ અને તેઓની ટ્રેન મુંબઈ સુધી પહોચી તે દરમ્યાન ઘણા રેલ્વે સ્ટેશન ઉભી રહેલી અને એકવાર હાવરા રેલ્વે સ્ટેશનથી ટ્રેન ઉપડ્યા બાદ ટ્રેન મુંબઈ પહોચી તે દરમ્યાન ટ્રેન જે જે રેલ્વે સ્ટેશન ઉપર ઉભી રહેલી તે રેલ્વે સ્ટેશન ઉપર તેણીએ જાતે કોઈ મદદ માંગેલ નહી. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણી કન્ફ્યુઝ હતી.

(૨૯.૩૭) ભોગ બનનારે તેણીની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેણી બાંગ્લાદેશથી ભારત આવવા માટે ૨૧ તારીખે નીકળેલી અને જૈસોર ૨૧ તારીખે રાત્રે ૮

વાગ્યે પહોંચેલ અને તેણી હાવરા રેલ્વે સ્ટેશને ૨૪ તારીખે બપોરે ૧૨ વાગ્યા પહોંચેલી અને તેણી મુંબઈ ૨૫ તારીખે રાત્રે ૧૨ વાગ્યે રેલ્વે સ્ટેશને ઉતરેલી અને તેણી વડોદરા ૩૦ તારીખે પહોંચેલી અને તેણી ૧ લી તારીખે અમદાવાદ પહોંચેલી અને તેણી આણંદ–વિધ્યાનગર ૫ તારીખે રાત્રે ૧૧ વાગ્યે આવેલી અને તેણીને અભયમ ટીમ લેવા માટે ૫ તારીખે રાત્રીના ૧૨ થી ૧૨–૩૦ના અરસામાં લેવા આવેલી અને અભયમ ટીમે તેણીને વિધ્યાનગર લાવ્યા બાદ ૨ દિવસ નારી સંરક્ષણ ગૃહમાં મોકલી આપેલ ત્યારબાદ ફરીથી તેણીને વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં લાવીને રાખેલ છે. તેણીએ સ્વીકારેલ છે કે, ત્યારથી તેણી વિધ્યાનગર પોલીસ સ્ટેશને રહે છે. તેણીએ ઈન્કાર કરેલ છે કે, સને ૨૦૨૩ના વર્ષમાં પણ તેણી બાંગ્લાદેશથી ભારત આવીને મુંબઈના ગ્રાન્ટ રોડ વિસ્તારમાં આવીને રહેતા હતા અને સને ૨૦૨૩માં તેણી મુંબઈ આવેલ ત્યારે તેણીની મુલાકાત સોનીયા સાથે થયેલી અને તેમની પાસે અગાઉથી સોનીયાનું સરનામુ હતુ તે લઈને તેણી અને ડેઝી મુંબઈ રેલ્વે સ્ટેશને થી સોનીયાના ઘરે જાતે ગયેલા અને સોનીયાના લગ્ન થઈ ગયેલ છે અને તે તેના પતિ સાથે રહે છે અને તેણી તા.૨૨/૦૮/૨૦૨૩ થી તા.૨૯/૦૮/૨૦૨૩ સુધી સોનીયા સાથે તેના ઘરે રોકાયેલ હતા.

(૨૯.૩૮) તેણીએ તેના પોલીસ રૂબરૂના તા. ૧૩/૦૯/૨૦૨૩ના રોજના એવી હકીકત લખાવેલ છે કે, "તા.૨૨/૦૮/૨૦૨૩ થી તા.૨૯/૦૮/૨૦૨૩ સુધી આ સોનીયા સાથે રહેતા હતા અને સમય પસાર કરતા હતા." તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી સોનીયા સાથે તા.૨૨/૦૮/૨૦૨૩ થી લઈને તા.૨૯/૦૮/૨૦૨૩ સુધી રહી તે દરમ્યાન સોનીયા સાથે મુંબઈ ફરવા માટે પણ જતા હતા અને સોનીયાએ તેણીને તા.૨૯/૦૮/૨૦૨૩ના રોજ તેમને વલસાડ ભાઈના હાથે રાખડી બાંધવા જવુ છે તેવુ જણાવેલ, તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, ફરવા જવુ છે તેમ જણાવેલ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીએ તેના પોલીસ રૂબરૂના તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, "તા.૨૯/૦૮/૨૦૨૩ના રોજ બપોરના આશરે દોઢ વાગ્યે હુ તથા સોનીયા ફરવા અને સોનીયાના ભાઈને રાખડી બાંધવાની હોય તે માટે ગુજરાત આવેલા." તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, ફરવા માટે આવેલાનું લખાવેલ સોનીયાના ભાઈને રાખડી બાંધવા માટે આવેલા તેવુ લખાવેલ નથી. તેણીએ જણાવેલ છે કે, સોનીયા જે ફલેટમાં રહેતી હતી તે એપાર્ટમેન્ટમાં બીજા

માણસો રહેતા હતા કે કેમ તેની તેણીને જાણકારી ન હતી. તેણીએ સ્વીકારેલ છે કે, સોનીયા સાથે વલસાડ જે ભાઈને ત્યાં ગયેલા તે ભાઈ તેના ફેમીલી સાથે રહેતો હતો. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીએ પણ તે ભાઈના ફેમીલી સાથે વાતચીત કરેલી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, વલસાડ જે ભાઈને ત્યાં ગયેલા તે ભાઈને ત્યાં જ તેણી અને સોનીયા રાત રોકાયેલા. તેણીને સવાલ પુછવામાં આવેલ છે કે, વલસાડ થી બીજા દિવસે સોનીયા સાથે તમે સુરત આવેલા? જેના જવાબમાં જણાવેલ છે કે, સોનીયા કયાં લઈ ગયેલ તે જગ્યાનું નામ તેણીને ખબર નથી.

(૨૯.૩૯) તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, "વલસાડ ખાતે રાતે રોકાણ કરી તા.૩૦/૦૮/૨૦૨૩ ના રોજ ટ્રેન મારફતે સોનીયાના ભાઈ ગુરુભાઈ મોબાઈલ નંબર ૭૭૭૮૯૮૩૩૨૨ ને રાખડી બાંધી" તેણીએ ઈન્કાર કરેલ છે કે, ત્યારબાદ તેણી અને સોનીયા વડોદરા આવેલા. તેણીએ સ્વીકારેલ છે કે, મુંબઈ થી વડોદરા સુધીમાં અનેક જગ્યાએ પોલીસ વાળા તેઓને મળેલા અને તેણી તેઓને કોઈ ફરીયાદ કરેલ ન હતી. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણી સાથે કંઈ ખોટુ થવાનું છે તેવી તેણીને ખબર ન હતી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, વડોદરાના રેલ્વે સ્ટેશને ઉતર્યા બાદ સોનીયાએ તેણીને એવુ કહેલ કે, મારે કામ છે તુ રીક્ષા કરીને હોટલે ચાલી જા અને જરુર પડે તો મને ફોન કરી દે જે. તેણીએ ઈન્કાર કરેલ છે કે, જે દિવસે વડોદરા હોટલમાં પહોંચેલા તે રાત્રીએ તેઓ વડોદરા હોટલમાં જ રોકાયેલા અને ત્યારબાદ બીજા દિવસે સવારે તેણીે સોનીયાને ફોન કરેલો અને રેલ્વે સ્ટેશન બોલાવેલ અને ત્યારબાદ તેઓ અમદાવાદ ગયેલ અને અમદાવાદ પહોંચ્યા બાદ સોનીયા તેમણે બુક કરાવેલ હોટલમાં ચાલી ગયેલ અને તેણી એક રીક્ષા વાળા સાથે ગયેલ અને જે રીક્ષામાં તેણી ગઈ તે રીક્ષાવાળાને તેણીએ જ હોટલ બતાવેલી અને તે હોટલ આવતા તેણી રીક્ષામાંથી ઉતરી ગયેલી અને રીક્ષાવાળો તેણીને એકલી ને રીક્ષામાં તેણીએ બતાવેલી હોટલે લઈ ગયેલ તે જ હોટલમાં તેણી એકલી આખી રાત રોકાયેલ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી જે હોટલ ઉપર એકલી રાત્રે રોકાયેલી તે હોટલ ઉપર થી બીજા દિવસે સવારે તેણીએ સોનીયાને ફોન કરેલ તેથી સોનીયા તેણીને હોટલ પર મળવા આવેલી અને તેઓ સાથે એક રીક્ષામા ખાવા માટે ગયેલા અને તેણી તેમની હોટલ પર હતા અને સોનીયાને ફોન કરીને તેણીને હોટલ પર બોલાવેલી અને સોનીયા આવી જતા તા.૦૫/૦૯/૨૦૨૩ના રોજ તેણી અને સોનીયા

રાત્રીના સમયે હોટલમાથી નીકળીને હાઈ–વે પર આવીને ઉભા રહ્યા હતા. તેણીએ જણાવેલ છે કે,તેણી અને સોનીયા અમદાવાદ થી વિધ્યાનગર આવવા માટે તા.૦૫/૦૯/૨૦૨૩ના રોજ રાત્રીના ૯ વાગ્યે નીકળેલા અને અમદાવાદ થી વિધ્યાનગર આવવા માટે સી.એન.જી રીક્ષા પહેલા બસ સ્ટેન્ડ આવેલા અને બસ સ્ટેન્ડ થી બસમાં બેસી સોનીયાના મિત્રના ઘરે આણંદ આવેલા અને બસ સ્ટેન્ડથી આણંદ તેઓ ત્રણ વ્યક્તિઓ આવેલા અને તેણી સોનીયા તથા સોનીયાના મિત્રની પત્ની જે તેઓને બસ સ્ટેન્ડ પરથી મળી હતી. તેણીએ સ્વીકારેલ છે કે, તેઓ તા.૦૫/૦૯/૨૦૨૩ ના રોજની રાતે સોનીયાના મિત્રની પત્ની જે તેઓની સાથે હતી તેના ઘરે રોકાયેલા અને સોનીયાના મિત્રની પત્ની તેના ફેમીલી સાથે એટલે કે તેના પતિ અને બાળકો સાથે રહેતી હતી તેવુ તેઓએ જોયેલ. તેણીએ સ્વીકારેલ છે કે, તેઓ જયારે સોનીયાના મિત્રની પત્ની સાથે તેના ઘરે પહોંચેલા ત્યારે તેણીનો ફોન ચાલુ હતો અને તેઓ વિધ્યાનગર ખાતે જે ફોન ચાલુ હતો તે તેણી હાવરા હતી ત્યારથી ચાલુ હતો. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીની પાસેના ચાલુ ફોનમાં તેણીના ભાઈ સુમોન પરવેઝનો ફોન નંબર સેવ કરેલ હતો. તેણીએ જણાવેલ છે કે, વિધ્યાનગર આવ્યા બાદ તેણીએ સુમોનને કોલ કરેલ ન હતો પરંતુ સુમોનનો ફોન તેણીના પર આવેલો. ત્યારબાદ તેઓએ જણાવેલ છે કે, પહેલા સુમોનનો વ્હોટ્સ એપ કોલ તેમના પર આવેલ અને પછીથી તેણીએ સુમોનને વ્હોટ્સ એપ કોલ કરેલો અને સુમોન પરવેઝનો કોલ તેણીના ફોનના વ્હોટ્સ એપમાં રાત્રીના અગીયાર થી સાડા અગીયારના અરસામાં આવેલો. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી મુંબઈથી નીકળી અમદાવાદ પહોંચેલી તે દરમ્યાન સુમોનને કોઈ કોલ કરેલ નહી. તેણીએ જણાવેલ છે કે, તેણી સુમોન સાથે અમદાવાદમાં વાત કરેલી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, સુમોન પરવેઝનો મિત્ર નિલોય વડોદરામાં રહે છે તેવુ તેણી પહેલાથી જાણતી હતી અને નિલોય વડોદરા થી વિધ્યાનગર આવેલ નહી અને નિલોય વિધ્યાનગર સોનીયાના મિત્રના ઘરે આવેલો. તેણીએ સ્વીકારેલ છે કે, વિધ્યાનગર પોલીસ વાળા સોનીયાના મિત્ર અને તેની પત્નીને પણ પોલીસ સ્ટેશન લઈ આવેલા. તેણીએ ઈન્કાર કરેલ છે કે, વિધ્યાનગર પોલીસ વાળાએ એકાદ કલાક બેસાડી રાખ્યા બાદ સોનીયા તથા તેના મિત્ર અને તેની પત્નીને છોડી મુકેલા અને તેણીને પોલીસ સ્ટેશનમાં બેસાડી રાખેલ અને પોલીસે તેણીને ૫ તારીખે પોલીસ સ્ટેશને લઈ ગયા બાદ ૧૩ તારીખ સુધી તેણીને પોલીસ સ્ટેશન રાખેલી અને તે દરમ્યાન તેણીની કોઈ પુછપરછ કરવામાં આવેલ નહી અને

તેણી તારીખ ૫ થી ૧૩ દરમ્યાન પોલીસને કોઈ ફરીયાદ કરેલ ન હતી. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, ૫ તારીખથી જ તેણી સાથે બનેલ બનાવની પોલીસને વાત કરેલ. તેણીએ જણાવેલ છે કે, પોલીસ તેણીને ડોકટર પાસે મેડીકલ ચેક અપ કરાવવા માટે ચોક્કસ કઈ તારીખે લઈ ગયેલ તે યાદ નથી અને પોલીસ તેણીને ૫ તારીખના ૪–૫ દિવસ પછી દવાખાને લઈ ગયેલ અને પોલીસ તેણીને મેજીસ્ટ્રેટ સમક્ષ નિવેદન માટે કઈ તારીખે લઈ ગયેલ તે તારીખ તેણીને યાદ નથી પરંતુ આશરે એકાદ મહીના બાદ લઈ ગયેલા.

(૨૯.૪૦) તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીએ તેના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, "સોનીયા મને સુનિલ નામના એક એજન્ટ પાસે લઈ ગયેલ ત્યારબાદ હું હોટલમાં ફ્રેશ થઈને ખાવાનુ ખાયને બેઠી હતી ત્યારબાદ સોનીયા આવીને મને કહેલ કે તુ અહી રોકા તને કઈ જોઈએ તો સુનિલને કહ્યું છે તો મેં સોનીયાને કહેલ કે હું હિન્દી બોલી શકતી નથી અને તુ મને એકલી મુકીને ક્યાં જાય છે તો સોનીયા એ મને કહેલ કે હું મારા કામથી બીજી હોટલમાં જાવ છું ત્યારબાદ સોનીયા એ મને જણાવેલ કે તને કઈ જરૂર પડે તો મને ફોન કરજે જેથી હું સુનિલને ફોન કરીને કહી દઈશ. સોનીયા અને મનોહરહુસેન મારી સાથે બાગ્લાદેશી ભાષામાં વાત કરતા હતા ત્યારબાદ હું રાત્રે તે જ હોટલમાં રોકાયેલી સોનીયા રાત્રે મારા રૂમ ઉપર આવેલી." અને "ત્યારબાદ તા.૩૧/૦૮/૨૦૨૩ ના રોજ સવારે કઈંક ગ્રાહક આવેલ અને સોનીયા અને સુનિલે આવીને મને કહેલ કે તું ઉપર એક રૂમ નંબર કહેલો તેમાં જા તે રૂમ નંબર ચોકક્સ શુ હતુ તે મને યાદ નથી તો મે કહેલુ કે મારે ઉપર કેમ જવાનુ ત્યારબાદ મેં વારંવાર કહેલ કે હું અહીં શુટીંગ માટે આવેલ છુ શુટીંગ નહી કરવુ હોય તો મારે કેમ ઉપરના રૂમમાં જવાનુ ત્યારબાદ સોનીયાએ મને ગુસ્સો કરીને કહેલ કે તને ઉપર જવા માટે કહ્યુને તુ ઉપર જા તારો એજન્ટ તને એટલા માટે જ લાવેલ છે તુ ઉપર નહી જા તો પ્રોબ્લેમ થશે ત્યારબાદ મેં રડીને કહેલ કે હું આવા ખોટા કામ માટે આવેલ નથી ત્યારબાદ સોનીયાએ મને ગુસ્સો કરીને ઉપરના રૂમમાં મોકલી દીધેલ ત્યારબાદ હું ઉપરના રૂમમાં ગયેલ ત્યારે રૂમમાં કોઈ ન હતુ ત્યારબાદ એક માણસ વોશરૂમમાંથી આવેલો તેથી મેં સોનીયાને ફોન કરેલો કે અહીયા તો એક માણસ છે તો મારે અહીંયા શું કરવાનુ તો સોનીયા મને કહેલ કે તે જેમ કહે તેમ કર ત્યારબાદ તે માણસે મને મારી પાસે આવી નામ પુછેલ તો મેં તેને મારુ નામ જણાવેલ તે તેની સમજમાં આવેલ નહી

તો મેં હું બાગ્લાદેશી છુ હું અહી શુટીંગ માટે આવેલ છુ તેવુ મેં બાગ્લામાં જણાવેલ જે તેની સમજમાં આવેલ નહી. ત્યારબાદ તે માણસે મારી સાથે રેપ કરેલ ત્યારબાદ હું નીચે મારા રૂમમાં જતી રહેલી ત્યારબાદ સોનીયાએ મને પુછેલ કે થઈ ગયુ તો મેં સોનીયાને કહેલુ કે થઈ ગયુ, ચાલો અહીથી નીકળવુ છે ત્યારબાદ મેં સોનીયાને જણાવેલ કે હું આવુ કરવા આવી નથી તમે કેમ મારી પાસે આવુ કરાવેલ છે. તો સોનીયાએ મને જણાવેલ કે આમાથી તને પૈસા મળવાના છે તુ બાગ્લાદેશ પૈસા મોકલી શકીશ તો મેં સોનીયાને કહેલ કે મારે પૈસા નથી જોઈતા ત્યારબાદ મેં વારંવાર હું શોખથી શુટીંગ કરવા આવેલ છુ શુટીંગ ન કરવુ હોય તો મને ફરીથી બાગ્લાદેશ મોકલી દો તેમ જણાવેલ ત્યારબાદ સોનીયાએ મને જણાવેલ કે વધારે વાત ન કર બીજો ગ્રાહક આવશે તેની પાસે જા તો મેં સોનીયાને મારે નથી જવુ તેમ જણાવેલ તો સોનીયાએ મને કહેલ કે તુ ત્યાં જા હું કામ અર્થે બીજી હોટલમાં જાવ છું ત્યારબાદ સુનીલ ઓળખે છે તે છોકરી ત્યાં આવેલ તે મને ઉપરના માળે લઈ ગયેલી જે મેં અગાઉ મારી સાથે રેપ થયેલાનુ જણાવેલ તે પંદર વીસ મીનીટ બાદ બીજી વખત રૂમમાં લઈ ગયેલ ત્યારે રૂમમાં કોઈ ન હતુ ત્યારબાદ બીજો એક માણસ આવેલો તેણે મારુ નામ પુછેલ તો મેં તેને મારુ નામ જણાવેલ ત્યારબાદ મને મારી સાથે અગાઉ રેપ થયેલ હોય મારે અહીથી નીકળી જવુ છે તેમ જણાવેલ ત્યારબાદ મારી સાથે જોરજબજસ્તી કરવામાં આવેલી ત્યારે મને લોહી નીકળી આવેલુ આ જોરજબજસ્તીમાં મારી સાથે ફિઝીકલ રેપ કરવામાં આવેલો ત્યારબાદ મેં તે માણસને મારે વધારે કરવુ નથી લોહી નીકળી આવેલ છે તેમ જણાવેલ ત્યારબાદ તે માણસે મને કેમ જવુ છે બે વખત કામ કરવાનુ જણાવેલ છે તેમ કહેલુ તો મે તેમને કહેલ કે નથી કરવુ મારે જવુ છે તો મને તે માણસે નીકળી જવા દીધેલ નહી તો મે સોનીયાને કોલ કરેલો અને સોનીયાને જણાવેલ કે મારે લોહી નીકળી ગયેલ છે મારે કરવુ નથી તેથી મારા મોબાઈલ ફોનથી સોનીયા સાથે તે માણસે વાત કરેલી તો સોનીયાને તે માણસે ફોન પર કહેલ કે જો આને બે વખત કરવુ નહી હોય તો તુ આવી જા તેવુ મેં ત્યાં સાભળેલુ. પરંતુ સોનીયાએ કહેલ કે તે બીજી હોટલમાં ગયેલ છે ત્યારબાદ હું ત્યાંથી નીકળી ગયેલ ત્યારબાદ હું ત્યાં રૂમ પર ગયેલા અને સોનીયા ત્યાં રૂમ પર આવેલી અને સુનિલ પણ રૂમ પર આવેલો અને સુનિલ સોનીયા ઉપર ગુસ્સે થયેલો આને બે વખત કરવાનુ હતુ કેમ કરેલ નથી તો સોનીયાએ જણાવેલ કે એને લોહી નીકળી ગયેલ હતુ તેથી બે વાર કરેલ નથી. ત્યારબાદ સુનિલે સોનીયાને કહેલ કે હું તેમના માટે મલમ લઈ આવુ છું ત્યારબાદ સુનિલ નીચે જઈને મલમ લઈ આવેલ

અને મને આપેલ અને કહેલ કે આ લગાવશે એટલે સારુ થઈ જશે ત્યારબાદ મને જણાવેલ કે આ લગાવ સારુ થઈ જાય તો બીજો ગ્રાહક આવશે તો મેં કહેલ કે મારે અહીં નથી રહેવુ ત્યારબાદ સોનીયાએ મને કહેલ કે થોડો સમય બાદ જતી રહેજે અત્યારે આરામ કર ત્યારબાદ ફરીથી એક ગ્રાહક આવેલ અને સુનિલે મને સોનીયા દ્વારા ગ્રાહક પાસે જવા ઘણુ જણાવેલ તો મેં જણાવેલ કે મારે નથી જવુ જવુ હોય તો તુ જા ત્યારબાદ સોનીયા જાતે ગયેલી ત્યારબાદ અડધો કલાક પછી નીચે આવેલી ત્યારબાદ સુનિલ ફરીથી સોનીયા પર ગુસ્સે થયેલો અને કહેલ કે આની સાથે કરવા માટે લાવેલ છે અને તે કામ આ નહી કરે તો અહીં શુ કામ રહેવાનુ ત્યારબાદ સોનીયાએ મને કહેલ કે હવે આપડે નીકળી જવુ છે ત્યારબાદ હોટલ ઉપરથી ૩૧ તારીખે રાત્રીના સાડા સાત આઠ વાગે નીકળી ગયેલ અને ત્યાંથી રેલ્વે સ્ટેશન ગયેલા અને ત્યાંથી અમદાવાદ ગયેલા ત્યાં રેલ્વે સ્ટેશન પર એક સી.એન.જી.વાળો સોનીયાને ઓળખતો હતો ત્યાં આવેલ તે અમને અમદાવાદ સાઈ પીલા હોટેલ લઈ ગયેલ ત્યાં હોટલ ઉપર હું અને સોનીયા રોકાયેલ અને સી.એન.જી.રીક્ષા વાળો ત્યાંથી નીકળી ગયેલો ત્યાં હોટલમાં ખાવાનુ ખાયને અમે આરામ કરેલો."

(૨૯.૪૧) તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, "ત્યારબાદ ૦૧ તારીખે સવારે ઉઠેલા અને એક હોટલમાં ખાવા માટે ગયેલા અને ત્યાંથી ખાયને ફરી પાછા હોટલમાં ગયેલા ત્યારબાદ સી.એન.જી.રીક્ષા વાળાએ સોનીયાને ફોન કરેલો અને જણાવેલ કે જે હોટલમાં અમે રોકાયેલ છે તે હોટલની બાજુમાં એક રૂમ છે તેમા એક ગ્રાહકને મોકલી દેવાનો છે તેવુ જણાવેલ ત્યારે સોનીયાએ ફોન કાપીને મને જણાવેલ કે એક ગ્રાહક આવેલ છે ત્યાં તુ જા તો મેં કહેલુ કે મારુ લોહી નીકળી ગયેલ છે મારે જવુ નથી જવુ હોય તો તુ જા તો સોનીયાએ મને કહેલ છે કે હજુ સુધી લોહી બંધ નથી થયું તો મેં સોનીયાને કહેલ કે મારે આવુ કામ કરવુ નથી જવુ હોય તો તુ જા ત્યારબાદ સોનીયાએ મને તે ગ્રાહકના રૂમમાં મોકલી આપેલ ત્યાં ગયેલ તો ત્યાં એક માણસ હતો તેણે મારુ નામ પુછેલ તો મે તેને જણાવેલ કે હું બાગ્લાદેશી છુ મારે આ કામ કરવુ નથી હું આ કામ કરવા માટે આવેલ નથી તેમ જણાવેલ ત્યારબાદ તે ગ્રાહક મારી સાથે એક વખત ફિઝીકલ રેપ કરીને જતો રહેલો તેને મારી સાથે બે વખત સબંધ રાખવાનો હતો પરંતુ તે એક વખત સબંધ રાખીને જતો રહેલો. ત્યારબાદ હું મારા રૂમ પર ગયેલી હું નાહી ધોઈને ફ્રેશ થઈને સુઈ ગયેલી

ત્યારબાદ સોનીયા મને કહેલ કે તુ અહીયા રહે મારે બીજી હોટલમાં કામ છે હું ત્યાં જાઉ છુ ત્યારબાદ સોનીયા નીકળી ગયેલી અને રાત્રે આવેલી ત્યારબાદ હોટલના રૂમમાં ખાવાનું મંગાવેલ જે ખાયને અમે સુઈ ગયેલા." અને "ત્યારબાદ તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ સોનીયાએ સી.એન.જી.રીક્ષાવાળા એજન્ટને કોલ કરેલો અને સોનીયા ગ્રાહક પાસે ગયેલી. આ દરમ્યાન મે હોટલમાં મેં મારુ ફેસબુક એકાઉન્ટ ખોલેલ તેમાંથી મે નઈમ નામના છોકરાને મેં ફોન કરેલો અને મેં રડીને મારી સાથે થયેલ તે વાત જણાવેલી અને મારા કઝીનનો નંબર નઈમ પાસે હતો તે મને આપેલો અને તેથી મેં મારા કઝીન ભાઈ સાથે વાત કરેલી અને મેં મારી સાથે થયેલ તે તમામ હકીકત જણાવેલ તો મારા કઝીન ભાઈએ જણાવેલ કે તુ અત્યારે ક્યાં છો તો મેં મારા કઝીન ભાઈને મારુ લોકેશન મોકલી આપેલ ત્યારબાદ ત્યાં સોનીયા આવી ગયેલી તેથી મારા કઝીન સાથે વધુ વાત થયેલી નહી ત્યારબાદ તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ આઈલેન્ડ પાર્ક હોટલ પર જવા માટે મને અને સોનીયાને લેવા માટે સી.એન.જી.રીક્ષાવાળો એજન્ટ આવેલો તે અમોને સાઈપીલાથી પહેલા ખાવા માટે લઈ ગયેલો અને ત્યારબાદ તે આઈલેન્ડ પાર્ક હોટલ પર લઈ ગયેલ ત્યારબાદ સોનીયાએ મને કહેલ કે આ હોટલ પર જા તો મેં સોનીયાને કહેલુ કે વારંવાર કેમ મારે હોટલમાં જવાનું તો સોનીયાએ કહેલ કે આજે નાઈટ ત્યાં રહેવાનુ છે તો મેં સોનીયાને કહેલ કે મારે એકલાએ નાઈટમાં રહેવુ નથી હું તારી સાથે જ રહીશ તો સોનીયાએ મને કહેલ કે આજે નાઈટ રહી આવ કઈંક પ્રોબ્લેમ હોય તો મને ફોન કરજે ત્યારબાદ સી.એન.સી.રીક્ષાવાળો સોનીયાને લઈને જતો રહેલો અને મને એક છોકરો હતો તે રૂમમાં મુકીને નીચે આવી ગયેલો ત્યારબાદ હું આ રૂમમાં દસેક મિનીટ બેઠી હતી ત્યારબાદ મને ભુખ લાગી હતી તો મેં સોનીયાને ફોન કરેલ તો સોનીયાએ જે માણસ નાઈટમાં આવવાનો હતો તેની મારફતે ખાવાનુ મોકલાવેલ ત્યારબાદ દસ પંદર મિનીટ પછી ગ્રાહક આવેલો ત્યારબાદ હોટલ પર જે માણસ બેઠેલ હતો તે મને ગ્રાહક પાસે લઈ ગયેલ ત્યારબાદ તે ગ્રાહક આવીને ફ્રેશ થયેલો અને તેણે આવીને મારી સાથે વાતચીત કરેલી ત્યારે મેં તેને હું બાગ્લાદેશી છુ અને શુટીંગ માટે આવેલ છુ તેવી વિગત જણાવેલી ત્યારબાદ હું બાગ્લાદેશી ભાષા બોલુ છુ તમને સમજ પડે છે મેં તેવુ પુછતે તેણે મને કોઈ તકલીફ નથી બાગ્લાદેશી ઘણા મિત્રો મારે છે તેથી મને થોડુ થોડુ ખબર પડે છે. મેં તેને મારા અહી આવીને ફસાય ગઈ છુ મારે ફરી બાગ્લાદેશ જવુ છે તેમ જણાવેલ અને મને આવા કામમાં કોઈ રસ નથી તેવુ જણાવેલ ત્યારબાદ તેણે મારી સાથે ફિઝીકલ રેપ કરેલ ત્યારબાદ રાત્રીના એક વાગે મેં પરત જતા રહેવા જણાવેલ તો

તે ભાઈએ મને જણાવેલ કે આખી રાત રોકાવાનુ હતુ ત્યારબાદ હું ત્યાં સુઈ ગયેલી અને સવારે પાંચ વાગે ઉઠેલી ત્યારબાદ ગ્રાહક તરીકે જે ભાઈ હતા તે જતા રહેલા ત્યારબાદ હું હોટલ ઉપર સી.એન.જી.રીક્ષાવાળા એજન્ટ આવે તેની રાહ જોતી હતી ત્યારબાદ સી.એન.જી.રીક્ષાવાળા આવેલ અને મને લઈને સાઈપીલા હોટલ લઈ ગયેલા ત્યારબાદ હું હોટલમાં સુઈ ગયેલી અને સોનીયા તેના કામ માટે ગયેલી સોનીયાના હોટલમાંથી ગયા બાદ મે મારા ભાઈ સુમોનને ફોન કરેલો અને જણાવેલુ કે હવે શું કરવુ છે મારે પોલીસ પાસે જવુ છે પરંતુ પોલીસ બાગ્લાદેશી ભાષા સમજી શકશે નહી તેથી મેં મારા ભાઈને તેનો કોઈ મિત્ર અહી હોય તો તે મારી સાથે પોલીસ સ્ટેશન આવે અને મારી વાત પોલીસ ને સમજાવે તેવી વાત કરેલી ત્યારબાદ મારા ભાઈએ મને તુ જ્યાં જા ત્યાનુ લોકેશન મને મોકલતી રહેજે તેવુ જણાવેલ."

(૨૯.૪૧) તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, "ત્યારબાદ ૦૫ તારીખે રાત્રે સાડા નવ દસ વાગે સોનીયા મને લઈને હોટલેથી નીકળી ગયેલ અને જણાવેલ કે મારી એક ફ્રેન્ડને ત્યાં જવાનુ છે તો મેં પુછેલ કે ક્યાં જવુ છે તો તેણે મને કહેલ કે મારી એક ફ્રેન્ડ આણંદ રહે છે ત્યાં જવુ છે તો મેં સોનીયાને બાગ્લાદેશ પરત જવા માટે જણાવેલુ ત્યારબાદ આણંદ જવા માટે નીકળેલા ત્યારે મારા ભાઈને મેં મેસેજ કરેલો કે મને બીજી જગ્યાએ લઈ જાય છે તો શુ કરવાનુ છે તો મારા ભાઈએ મને જણાવેલ કે જ્યાં જાય તે જગ્યાનુ લોકેશન મને મોકલજે ત્યારબાદ રાત્રીના બારેક વાગ્યે સોનીયાના મિત્ર ગોપાલને ત્યાં આણંદ પહોચેલા ત્યાં અમે રાત્રે ખાવાનુ ખાધેલુ અને બેઠા હતા ત્યારબાદ મેં મારા ભાઈ સાથે ફોન પર વાતચીત કરેલી ત્યારબાદ મને સુઈ જવા માટે જણાવવામાં આવેલુ પરંતુ મે જણાવેલ કે તમે લોકો સુઈ જાવ હું થોડી વાર બેસુ છું ત્યારબાદ સુમોન ભાઈ સાથે મારી વાતચીત થયેલી તેણે મને તેના જુનીયર મિત્રનો નંબર આપેલો અને તેથી મેં વ્હોટએપથી ભાઈના મિત્ર નિલોય સાથે વાતચીત કરેલી અને મેં તેને મારુ લોકેશન મોકલાવેલુ તેણે ૧૮૧ નંબર ઉપર કોલ કરેલો અને તેઓ પોલીસને લઈને લોકેશનના આધારે ગોપાલના ઘરે આવેલા." અને "૧૮૧ હેલ્પલાઈન ઉપરથી મારી ઉપર ફોન આવેલા પરંતુ તે વખતે હું સોનીયા સાથે ગોપાલના ઘરે હતી તેથી હું ફોન ઉપર વાત કરી શકેલ નહી ત્યારબાદ મેં નિલોય ને મોબાઈલ ફોનમાં એસ.એમ.એસ. કરેલ હું ઉપરના માળે છુ પોલીસને કહો ઉપર આવે ત્યારબાદ પોલીસવાળા ગોપાલભાઈના ઘરે ઉપર

આવેલા અને દરવાજો નોક કરેલ પરંતુ ગોપાલભાઈએ સી.સી.ટી.વી.કેમેરામાં જોયેલ તો તેના ઘરની આજુબાજુ પોલીસવાળા હતા તેથી દરવાજો ખોલેલ નહી ત્યારબાદ પોલીસવાળાએ બીજી વાર દરવાજો નોક કરેલો તો ગોપાલભાઈએ દરવાજો ખોલેલ અને પોલીસે ગોપાલભાઈને પોલીસે પુછેલ કે કોઈ બાગ્લાદેશી તમારા ઘરે છે તો ગોપાલભાઈએ ના પાડેલ ત્યારબાદ પોલીસ ઘરની બહાર ગયેલ તો મેં નિલોયને ફરીથી એસ.એમ.એસ.કરેલો કે જે ઘરનો દરવાજો નોક કરેલો તે જ ઘરમાં હું ઉપર છુ તુ પોલીસને બતાવ ત્યારબાદ નિલોયે પોલીસને આ વાત કરેલ અને પોલીસે ફરીથી ગોપાલભાઈ નો દરવાજો નોક કરેલો ત્યારબાદ ગોપાલભાઈ ને હું જ માહીતી આપુ છુ તેવુ લાગેલુ તેથી સોનીયા આવીને મારી પાસેથી મોબાઈલ ફોન લઈ ગયેલી તો મે સોનીયાને પુછેલ કે તુ મારો મોબાઈલ ફોન કેમ લઈ લે છે હું બુમો પાડીશ તેમ કહેલુ ત્યારબાદ મેં કહેલુ કે મને જવા દે મારે પોલીસ પાસે જવુ છે ત્યારબાદ પોલીસ દરવાજો ખુલ્લો હતો અને પોલીસવાળા ઘરમાં આવેલા અને હું પોલીસ પાસે ગયેલી ત્યારબાદ પોલીસવાળા મને ગોપાલભાઈ, ગોપાલભાઈની પત્નીને અને સોનીયાને લઈને પોલીસની ગાડીમાં વિધ્યાનગર પોલીસ સ્ટેશન લાવેલા ત્યારબાદ વિધ્યાનગર પોલીસ સ્ટેશન આવીને મારી સાથે જે કઈ ઘટના બનેલી તે મેં બાગ્લા ભાષામાં જણાવેલી જે મારી વાતો હિન્દીમાં ટ્રાન્સલેટ કરીને નિલોય અને તેના મિત્રએ પોલીસને જણાવેલ ત્યારબાદ બીજા દિવસે સવારમાં પોલીસના અધિકારી આવેલા અને તેઓને બનાવની હકીકત જણાવેલી." તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી કહે છે તેવો કોઈ બનાવ તેણીની સાથે બનેલ નથી અને સોનીયાએ તેણીની પાસે કોઈ દેહ વ્યાપાર કરાવેલ નથી અને તેણીએ સરતપાસમાં જણાવેલ છે તેવો કોઈ સી.એન.જી રીક્ષાવાળા એજન્ટે તેણીની પાસે દેહ વ્યાપાર કરાવેલ નથી.

(૨૯.૪૨) ઉલટ તપાસ આરોપી નં.૪ તરફે વિ.વ.શ્રી આર.એચ.સોનેરા દ્વારા ઉપર મુજબની ઉલટ તપાસ સ્વીકારવામાં આવેલ છે.

(૨૯.૪૩) આરોપી નં. ૦૫ અને ૦૮ તરફે વિદ્વાન વકિલશ્રી દ્વારા ભોગ બનનારની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેણીએ સ્વીકારેલ છે કે, તેણી સામાન્ય ઇંગ્લીશ ભાષા સમજે છે અને બાંગ્લાદેશ પહેલા ભારતનો જ ભાગ હતો તેવુ તેણી જાણે છે અને બાંગ્લાદેશ પાછળથી પાકિસ્તાન થી છુટૂ થઇ ને બનેલ છે તેવુ તેણી જાણે છે.

એ વાત ની તેણીને જાણકારી નથી કે, ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશ એક હતા ત્યારે રાષ્ટ્રીય ભાષા હીન્દી હતી કે કેમ? તેણીએ ઈન્કાર કરેલ છે કે, બાંગ્લાદેશ અને પાકિસ્તાન અલગ થયા બાદ હીન્દી ભાષા વધુ પ્રમાણમાં બોલાતી હતી અને સેકસમાં શુ સારૂ શુ ખરાબ તેના વિશે તેણીને જાણકારી છે. તેણીએ જણાવેલ છે કે, સેકસ શું કહેવાય તેની તેણીને જાણકારી નથી અને તેણીને અંગ્રેજી ભાષામાં ઈન્ટરકોર્સ શબ્દનો શું અર્થ થાય છે તેની જાણકારી નથી. તેણીએ જણાવેલ છે કે, રેપ કોને કહેવાય તે તેણી સમજે છે અને શરીરસંભોગ શબ્દનો અર્થ તેણી સમજતા નથા અને ફીજીકલ રીલેશન શબ્દ નો અર્થ તેણીને ખબર છે. તેણીએ સ્વીકારેલ છે કે, ફીજીકલ રીલેશન અને રેપ બંને અલગ છે તેવુ તેણી સમજે છે. તેણીએ જણાવેલ છે કે, આ કેસ તેણીને બાંગ્લાદેશ થી લાવવામાં આવી અને તેણી પર રેપ થયેલ તે બાબત નો ચાલે છે તે તેણી જાણે છે અને તેણીને સૌપ્રથમ વખત વિધ્યાનગર પોલીસ સ્ટેશન લઈ જવામાં આવેલ ત્યારથી લઈને તેણી જુબાની શરુ થઈ તે પહેલા ૭–૮ વખત તેણીને પોલીસે પૂછપરછ કરી હશે અને તેણીને અત્યાર સુધીમા પોલીસવાળા ૬ વાર દવાખાને ડોકટર પાસે લઈ ગયેલ છે. તેણીએ સ્વીકારેલ છે કે, પોલીસે તેણીની જેટલી પણ વાર પૂછપરછ કરી તેમાં તેઓએ રેપ શબ્દ નો ઉપયોગ કરેલ નથી અને તેણીને જેટલી પણ વાર ડોકટર પાસે લઈ જવામાં આવે તે દરમ્યાન તેણીએ ડોકટર સમક્ષ રેપ શબ્દ જણાવેલ નથી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીને સૌપ્રથમ વખત ડોકટર સમક્ષ તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ તેણીની તપાસ દરમ્યાન કોઈ હીસ્ટ્રી જાહેર કરેલ ન હતી અને તેણીને પોલીસ સૌપ્રથમ વિધ્યાનગર પોલીસ સ્ટેશના લઈ ગયા બાદ તેણીને કોઇ ડર ન હતો. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીને પોલીસ સ્ટેશનમાં પહોચી ગયા બાદ પણ પોલીસથી ડર લાગતો હતો. તેણીએ ઈન્કાર કરેલ છે કે, પોલીસ સ્ટેશનમાં પહોચી ગયા બાદ તેણીએ તેની સાથે કઇ પણ થઇ શકે છે તેવો ડર હતો. તેણીએ જણાવેલ છે કે, તેણીને વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં પહોચ્યા બાદ કેવો ડર હતો તેવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, તેણીની ભાષા બાંગ્લાદેશી હતી તે જે તે વખતે કોઇ સમજતુ ન હતુ તથા તેણીને પોલીસ અહી રાખશે કે બાંગ્લાદેશ મોકલી આપશે તેવો ડર લાગતો હતો. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીને વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં લઈ ગયા બાદ નિલોય તેણીને ત્યાં મળવા આવેલો અને તેણીને જે દિવસે સૌપ્રથમ વખત વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવેલ તે જ રાત્રીએ નિલોય વિધ્યાનગર પોલીસ સ્ટેશન આવેલ. તેણીને સવાલ પુછવામાં આવેલ છે કે, વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં

તમારી અને નિલોય ની વચ્ચે વાતચીત થયેલી? જેના જવાબમાં જણાવેલ છે કે, બીજી કોઇ વાતચીત થયેલ નહી પણ તેણી જે બાંગ્લાદેશી ભાષામાં બોલતી હતી તે નિલોય ટ્રાન્સલેટ કરી પોલીસને જણાવતો હતો. તેણીએ ઈન્કાર કરેલ છે કે, નિલોયને પોલીસ સ્ટેશનમાં મળ્યા બાદ તેણીને કોઇ ડર રહેલો નહી અને નિલોયને પોલીસ સ્ટેશનમાં મળ્યા બાદ તેને તેણીની ભાષા કોઇ સમજતુ નથી તેવો કોઇ ભય રહેલ નહી. તેણીએ જણાવેલ છે કે, નિલોયને મળી લીધા બાદ નિલોય ત્યાંથી જતો રહેલ જેથી પોલીસ ફરી પાછી પૂછપરછ કરશે તો તેનુ ટ્રાન્સલેટ કોણ કરશે તેવો ડર હતો. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તે તેણીએ તેના દરેક પોલીસ રૂબરૂની પુછપરછમાં કઇક ને કઇક નવી બાબતો જણાવેલી. તેણીને સવાલ પુછવામાં આવેલ છે કે, તમે પોલીસને અને ડોકટરને દરેક પુછપરછમાં તારીખ વિશે વિરોધાભાષ કરેલ છે? જેના જવાબમાં જણાવેલ છે કે, ફકત બાંગ્લાદેશ થી નીકળ્યા તે તારીખ મે ૨૧ ના બદલે એક વાર ૧૯ લખાવેલી. તે સિવાય મેં તારીખમા કોઇ ફેરફાર કરીને વિગતો જણાવેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, વિધ્યાનગરમાં તેણી આવી ત્યારથી લઇને વિધ્યાનગર થી પોલીસ તેણીને લઇ ગઇ તે દરમ્યાન તેણી સાથે કઇ ખોટુ કામ થયેલ નથી. તેણીએ જણાવેલ છે કે, વિધ્યાનગર ખાતે તેણી સાથે કઇક ખોટુ થયેલ નથી તેવુ તેણીએ પોલીસને લખાવેલ નહી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજના તેણીના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી જી.એસ.ગઢવી તથા મનિષાબેન જેઠવા બાળ સુરક્ષા એકમની રૂબરૂના નિવેદનમા એવી હકીકત લખાવેલ છે કે, "આ વિધ્યાનગર ખાતે રોકાયેલ તે સમય દરમ્યાન મારી સાથે કોઇએ કોઇ ખોટુ કામ કરેલ નથી." તેણીએ ઈન્કાર કરેલ છે કે, તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજના તેણીના પી.આઇ એલ.બી.ડાભી એસ.ઓ.જી તથા મનિષાબેન જેઠવા બાળસુરક્ષા એકમની રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, "આ વિધ્યાનગર ખાતે રોકાયેલ તે સમય દરમ્યાન મારી સાથે કોઇએ કોઇ ખોટુ કામ કે શારીરીક હેરાનગતિ કરેલ નથી." તેણીએ સ્વીકારેલ છે કે, વિધ્યાનગર ખાતે તેણી રોકાયેલ તે સમય દરમ્યાન તેણીની સાથે કોઇ શારીરીક હેરાનગતી કે કોઇ ખોટુ કામ થયેલ નથી અને તેણીએ આ કામે કોઇ ફરીયાદ કરેલ નથી. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણી કમ્પલેઇન કરેલી. તેણીએ સ્વીકારેલ છે કે, પોલીસે તેણીની કમ્પલેઇન નીચે તેણીની સહી લીધેલ નહી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, નિલોય રૂબરૂમાં તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ પ્રથમ વખત પોલીસે તેણીની જે પુછપરછ

કરેલી તેમાં તેણીની સહી લીધેલ. તેણીએ જણાવેલ છે કે, તેણીએ પોલીસને તેણીનો મોબાઇલ માંથી કોન્ટેક્ટ નંબર આપેલા અને તેણીને તે કોન્ટેક્ટ નંબરો યાદ નથી.

(૨૯.૪૪) તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીને ભારત દેશમાં ગેરકાયદેસર રીતે આવેલ છેજ તેવી તેણીને પહેલેથી જાણકારી હતી. તેણીએ સ્વીકારેલ છે કે, એક દેશમાંથી બીજા દેશમાં કાયદેસર રીતે કેવી રીતે જવાય તે તેણી જાણે છે અને તેણી ભારતમા ગેરકાનૂની રીતે આવેલ છે તે તેણી જાણે છે. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીએ તેના પોલીસ રૂબરૂની કોઇપણ પૂછપરછ દરમ્યાન તેણી સાથે ખોટુ કામ કરવા વાળાના ચહેરા, મોઢા, કદ–કાઠી કે ઓળખના કોઇ ચોકકસ નિશાન આપેલા નહી. તેણીએ જણાવેલ છે કે, તેણીએ તેની સાથે ખોટુ કામ કરવા વાળાના ચહેરા મોઢાના વર્ણન એસ.ઓ.જી. પોલીસવાળાને લખાવેલા અને એસ.ઓ.જી. પોલીસવાળા તેણીને સૌપ્રથમ વખત વિધ્યાનગર પોલીસ સ્ટેશને આવેલા ત્યાં મળેલા અને ત્યારબાદ તે તેણીને એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનમાં લાવેલા અને એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનમાં તેણીને કયારેય રાત રોકાવાનો પ્રસંગ બનેલ નહી. તેણીને સવાલ પુછવામાં આવેલ છે કે, તમને અભયમ ટીમ વિધ્યાનગર પોલીસ સ્ટેશન લઇને આવી ત્યારથી તમે વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં રહો છો? જેના જવાબમાં જણાવેલ છે કે, અભયમ ટીમ વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં લઇ આવ્યા બાદ તેણીને નારીગૃહમાં રાખવામાં આવેલ ત્યાં બે દિવસ રાખવામાં આવેલ અને ત્યારબાદ તેણીને ફરી વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવેલ અને ત્યારથી તેણી વિધ્યાનગર પોલીસ સ્ટેશને જ છે. તેણીએ ઈન્કાર કરેલ છે કે, વિધ્યાનગર પોલીસ સ્ટેશને તેણીએ તેની ૬–૭ ડીપાર્ટમેન્ટના અધિકારીઓએ આવી તેણીની પુછપરછ કરેલ હોય તેવુ બનેલ નથી. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણીની પુછપરછ દીલ્હીથી આવેલા અધિકારીઓએ કરેલી તેમાંની એક અધિકારી લેડીઝ હતા તેવુ તેણી જાણે છે. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીએ દીલ્હીથી આવેલા અધિકારીઓને તેણીની પુછપરછમાં તેણીએ વડોદરા હોટલમાં ૫–૬ છોકરીઓ હતી તેવુ જણાવેલ અને તેણીએ તેના કોઇપણ પોલીસ રૂબરૂના નિવેદનમાં અમદાવાદ ખાતે એક જ રાત્રીમા ૪ કસ્ટમર તેણીની પાસે આવેલા તેવુ લખાવેલ. ભોગ બનનારે જણાવેલ છે કે, તેણીએ પોલીસને તપાસ દરમ્યાન તેણીએ બાંગ્લાદેશનું જન્મનું કાગળ તેમજ તેણીની બહેનના પાસપોર્ટની કોપી તથા તેણીના પિતાનુ એન.આઇ.ડી કાર્ડ આપેલ અને આ કાગળો વિધ્યાનગર પોલીસ

સ્ટેશનથી તેણીની પાસે માંગવામાં આવેલા જેથી તે તેણીની બહેનને ફોન કરીને વ્હોટ્સએપ થી મંગાવીને આપેલા અને આ કાગળો વિધ્યાનગર પોલીસ સ્ટેશને તેણીને લાવવામાં આવેલ તેના બીજા દિવસે સવારે પોલીસને આપેલ. તેણીએ સ્વીકારેલ છે કે, હોટલમાં રોકાવુ હોય કે રેલ્વેની ટિકીટ બુક કરાવવી હોય તો ઓળખકાર્ડ આપવુ ફરજીયાત છે તેવુ તેણી જાણે છે. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, બાંગ્લાદેશમાં આપવુ પડે છે ભારતની તેણીને ખબર નથી. તેણીએ જણાવેલ છે કે, તેણી ભારતમાં હોટેલમાં રોકાવા માટે કોઇ ઓળખકાર્ડ આપેલ હોય કે રજીસ્ટરમાં તેણીની સહી કરેલ હોય તેવુ બનેલ નથી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી હોટલ ઉપર રોકાવા માટે તેણીનું આધારકાર્ડ રજુ કરેલ અને હોટલમાં રોકાવા માટે તેણીએ તેમની બહેનનુ આધારકાર્ડ જેનો ફોટો તેણીની સાથે મળતો આવતો હતો તે તેણીએ રજુ કરેલ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી તેમના બહેનનું આધારકાર્ડ પોલીસમાં રજુ કરેલ અને તેણી તેની બહેનનું આધારકાર્ડ કલકત્તાથી મુંબઇ આવતા સમયે ટીકીટ કરાવવા માટે ઉપયોગ કરેલો અને તેણે તેણીની બહેનનું આધારકાર્ડ કલકત્તા વાળા મહોમ્મદ નઇમ શેખે આપેલ અને તેણીએ તેમની બહેનનું આધારકાર્ડ કલકત્તા રેલ્વે સ્ટેશને વાપર્યા બાદ પણ ઘણીવાર વાપરેલ છે અને તેણીએ તેમની બહેનના આધારકાર્ડ ના આધારે તેણીએ વડોદરા અને અમદાવાદ ખાતે હોટલના રૂમ પણ બુક કરાવેલા. તેણીએ જણાવેલ છે કે, તેણી મહોમ્મદ નઇમ શેખને ઓળખે છે તે બાંગ્લાદેશમાં પ્રોડ્યુશર છે. તેણીએ ઈન્કાર કરેલ છે કે, મહોમ્મદ નઇમ શેખ કલકત્તામાં રહે છે. તેણીને સવાલ પુછવામાં આવેલ છે કે, મહોમ્મદ નઇમ શેખ સાથે તમારે સબંધ છે? જેના જવાબમાં જણાવેલ છે કે, તે પ્રોડ્યુશર છે તેવી હેસીયત થી તેણી તેની સાથે વાતચીત કરે છે. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી મહોમ્મદ નઇમ શેખ સાથે પૈસાની લેણદેણ રહે છે.

(૨૯.૪૫) ભોગ બનનારે તેણીની ઉલટ તપાસમાં ઈન્કાર કરેલ છે કે, તેણીને ભારતમાં મોકલવાનું કામ મહોમ્મદ નઇમે કરેલુ અને મહોમ્મદ નઇમ સાથે તેણીને ફ્રેન્ડશીપ થયેલ અને મહોમ્મદ નઇમે જ તેણીને ભારતમાં શુટીંગ માટે બોલાવેલ અને મહોમ્મદ નઇમે તેણીને ભારત આવવા માટે એજન્ટ નો કોન્ટેકટ નંબર આપેલો. તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ પોલીસે તેણીનું કોઇ નિવેદન લીધેલ કે કેમ તે તેણીને ચોકકસ યાદ નથી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીએ તેના તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ ના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલી છે કે, "આશરે બે વર્ષ

પહેલા મારે ફેસબુકમા મહોમ્મદ નઈમ શેખનાઓ સાથે ફ્રેન્ડશીપ થયેલ અને હુ તેની સાથે વાતો કરતી હતી અને તેણે મને ભારતમા ફીલ્મ શુટીંગમા મોડલીંગ નુ કામ અપાવવાની વાત કરેલી જેથી તેણે મને એક એજન્ટ નો કોન્ટેકટ કરી આપેલો અને કહેલ કે આ વ્યક્તિ મુંબઈ મોડેલિંગ નુ કામ કરે છે." તેણીએ જણાવેલ છે કે, તેણી મુંબઈ ગ્રાન્ટ રોડ વિસ્તારના કોઈ વિકાસ શેઠ નામના વ્યક્તિને ઓળખતી નથી. તેણીએ ઈન્કારેલ છે કે, તેણી હાલમાં ભારત આવી તે અગાઉ ૩ મહિના પહેલા પણ ભારત આવેલ હતા અને મુંબઈમાં વિકાસ શેઠ નાઓ સાથે રોકાયેલ હતી અને તેણી અગાઉ મુંબઈ વિકાસ શેઠને ત્યાં આવેલ અને ત્યાં તેઓના દેહવ્યાપારના ધંધામા જોડાયેલી હતી અને મુંબઈમાં વિકાસ શેઠના ત્યાં આવી તે અગાઉ પણ તેણી કલકત્તા આવેલ હતી અને ત્યાં એક દીદીના નામથી જાણીતી મહિલા સાથે દેહવ્યાપારના ધંધામાં જોડાયેલ હતી અને વિકાસ શેઠ અને કલકત્તા ની દીદી નામની મહિલા પાસેથી તેણીને જે કોઇ નાણા મળેલા તે મહોમ્મદ નઈમ શેખ નાઓ મારફતે મળેલા. તેણીને સવાલ પુછવામાં આવેલ છે કે, આ વખતે તમે ભારત આવ્યા બાદ તેના થોડાક દિવસ પછી તમારી માતા બીમાર છે અને હોસ્પિટલમાં છે તેવી જાણ થયેલી? જેના જવાબમાં જણાવેલ છે કે, તેણી પહેલી વાર આવેલ છે અને આ પહેલા તેણી આવેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીને અહી આવ્યા પછી તેણીના માતા બીમાર છે અને હોસ્પિટલમાં છે તેવી જાણ થયેલી. તેણીએ જણાવેલ છે કે, તેણીને ભારત આવ્યાના ૧૫–૨૦ દિવસ પછી તેણીના માતા બીમાર છે અને હોસ્પિટલમાં છે તેવી જાણકારી મળેલી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીના માતા બીમાર હોવાની જાણકારી તેણીને તેણી બરોડા હતી તે વખતે થયેલી અને તેને તેણીના માતા બીમારી હોવાની જાણકારી તેણીને ભારતનું સીમ આપવામાં આવેલ તેના પરથી થયેલી. તેણીએ જણાવેલ છે કે, આ સીમ તેણીને મનોહરે આપેલુ અને આ સીમનો નંબર શું હતો તેની તેણીને જાણકારી નથી અને આ સીમનો નંબર શું હતો તે તેણીને ખબર નથી અને પોલીસને તેણીએ ભારતનું સીમ વાપરેલ છે તેવુ જણાવેલ અને પોલીસે તે સીમનો નંબર પણ લખેલો. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી ભારતના બે સીમ વાપરતી હતી અને પોલીસે તેણીના નિવેદનમાં જે ભારતીય સીમ નો નંબર લખેલ તે તેણેી બતાવેલ અને પોલીસે લખી લીધેલ. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીના ભારતના સીમ નંબર હતો તેનાથી જ તેણીના ભાઇ અને બહેન સાથે વાતચીત થતી હતી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, પોલીસે તેણીની હાજરીમાં તેણીના ભાઇ બહેન સાથે ફોન પર વાત કરેલી. તેણીએ જણાવેલ છે

કે, પોલીસે તેણીની બહેન સાથે કયારેય વાત કરેલ નથી પણ વિધ્યાનગરના પોલોસ સબ ઈન્સ્પેક્ટર શ્રી ગઢવીએ તેણીના ભાઇ સુમોન સાથે વાતચીત કરેલી તેવુ તેણીને જણાવેલ અને તેણી જયારે વિધ્યાનગરમાં હતા ત્યારે તેમનો બાંગ્લાદેશનો કોઇ મોબાઈલ નંબર તેમની પાસે ન હતો અને તેણીએ પોલીસને બાંગ્લાદેશ નો નંબર લખાવેલો અને તેણીએ પોલીસને જે નંબર લખાવેલ તે કોઇ એજન્ટ નો નંબર હતો. ત્યારબાદ તેણીએ જણાવેલ છે કે, મનોહરે બાંગ્લાદેશ ના કોઇ એજન્ટ નો નંબર આપેલો તે નંબર તેણીએ લખાવેલો અને તેણીએ તેમના નિવેદનમાં બાંગ્લાદેશનો જે નંબર ૦૧૯૨૯૮૬૩૬૪૯ લખાવેલ છે તે નંબર તેણીની બહેન જાહેદાનો નંબર લખાવેલો. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીના માતાની બિમારીની જાણકારી તેણી ગુજરાતમાં હતા તે વખતે થયેલ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીની માતાની બીમારીના કારણે મનોહર હુસૈને રૂપિયા અઢી લાખ બાંગ્લાદેશ મોકલી આપેલા. તેણીને સવાલ પુછવામાં આવેલ છે કે, મહોમ્મદ નઇમ શેખ તથા મુનાવરહુસેન અને મેસન ત્રણેય અલગ અલગ વ્યક્તિઓ છે? જેના જવાબમાં જણાવેલ છે કે, મહોમ્મદ નઇમ શેખ અને મુનાવરહુસેન બંને અલગ અલગ વ્યક્તિઓ છે અને મેસનનું નામ તેણીને અહી આવી જાણવા મળેલ. ભોગ બનનારે જણાવેલ છે કે, મેસન બિસ્સ નામના વ્યક્તિનું આખુ નામ તેણીને ખબર નથી અને તેણી મેસન નામના કોઇ વ્યક્તિને ઓળખતી નથી અને મેસન રજાક રહેમાન બિસ્સ નામના વ્યક્તિને તેણી ઓળખતી નથી. તેણીએ જણાવેલ છે કે, અનવર નામના કોઇ વ્યક્તિ એજન્ટ હતા તેવા પ્રશ્નના જવાબમા જણાવેલ છે કે, અનવર અને મનોહર એક જ વ્યક્તિ છે અને અનવર અને મનોહર હિન્દુ છે કે મુસ્લિમ તે બાબતે તેણી ચોકકસ કહી શકે તેમ નથી અને અનવર તેમના નામની પાછળ શુ સરનેમ લખાવે છે તેની તેણીને જાણકારી નથી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીની માતાની સારવાર માટે તેણી ગુજરાતમાં હતા ત્યારે તેણીને પૈસાની જરૂર પડેલી અને તેણીને તેના માતાની સારવાર માટે પૈસાની જરૂર પડતા તેણી એજન્ટ ઉપર દબાણ કરેલ અને જણાવેલ કે તમે પૈસા મોકલી આપો તેણી દેહવ્યાપાર માંથી પરત કરીશે. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી બોમ્બેથી નીકળેલ ત્યારે જ તેણીને તે ચોકકસ કયા કામ માટે જાય છે તેની જાણકારી હતી. તેણીએ જણાવેલ છે કે, ડેઝી બાબતે તેણીને કોઇ જાણકારી મળેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી જ્યારે મુંબઇ થી નીકળી ત્યારે ડેઝી મનોહર સાથે ગયેલી. તેણીએ જણાવેલ છે કે, વિધ્યાનગર પોલીસે ડેઝી બાબતે પણ તેણીની પૂછપરછ કરેલ. તેણીએ ઈન્કાર કરેલ

છે કે, મનોહરને પોલીસ મુંબઈથી પકડીને લાવેલ નથી. તેણીએ જણાવેલ છે કે, ડેઝી બાબતે શું થયું તેણીને તેની કોઇ જાણકારી મળેલ નહી અને ડેઝી ૧૭ વર્ષની હતી તેવુ તે જાણે છે. તેણીએ જણાવેલ છે કે, તેણી જ્યારે વિધ્યાનગરમા હતા અને પોલીસ તેણીને વિધ્યાનગર પોલીસ સ્ટેશન લાવેલ ત્યારે તેની પાસે ૧ જ ફોન હતો. તેણીએ સ્વીકારેલ છે કે, આ મોટો ફોન તેણી બાંગ્લાદેશ થી આવી ત્યારથી તેમની પાસે છે અને તેણી બાંગ્લાદેશ થી જે મોટો ફોન લઇને આવેલ તે જ મોટો ફોન તેણીએ વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં જમા કરાવેલ.

(૨૯.૪૬) ભોગ બનનારે તેણીની ઉલટ તપાસમાં એ બાબતનો ઈન્કાર કરેલ છે કે, તેણીને બ્લીડીંગ થયેલ તેવી વાત તેણી સૌપ્રથમ વખત કોર્ટમાં જુબાનીમાં જણાવેલ છે. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, પોલીસને પણ જણાવેલ. તેણીએ જણાવેલ છે કે, તેણીને બ્લીડીંગ થયેલાની જાણ તેણીએ પોલીસને પહેલા નિવેદન થી જ જણાવેલી અને બ્લીડીંગ વખતના કપડા તેણીએ પોલીસને આપેલા અને પોલીસે બ્લીડીંગ વાળા કપડાનું શું કરેલ તેની તેમને જાણકારી નથી અને પોલીસે બ્લીડીંગ વાળા કપડાને સીલ કરેલા અને તેણી જયારે પોલીસને કપડા આપેલા ત્યારે તેના પર લોહીના ડાઘા ન હતા. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, કપડા તેણીએ ધોઇ કાઢેલ હતા. તેણીએ ઈન્કાર કરેલ છે કે, બનાવ ના અરસામાં તેણીને દર મહિનાની ત્રીજી તારીખે માસિક આવતુ હતુ. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણીને વચ્ચે ૨–૩ મહિના દરમ્યાન માસિક આવેલ નહી પરંતુ તેણીને નવેમ્બર મહિનામા માસિક આવેલ. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીને તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ પોલીસ મેડીકલ ચેકઅપ કરાવવા લઇ ગયેલ અને ત્યારે ડોકટરે તેણીને કઇ તારીખે છેલ્લે આવેલ તેવો પ્રશ્ન પૂછેલો. તેણીએ ઈન્કાર કરેલ છે કે, આ પ્રશ્નના જવાબમાં તેણીએ છેલ્લુ માસિક ૦૧/૦૮/૨૦૨૩ ના રોજનું લખાવેલ. તેણીએ જણાવેલ છે કે, તેણીને બ્લીડીંગ થયેલાનું જે જણાવેલ છે તે વડોદરાંમા થયેલ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીને બ્લીડીંગ થયેલાની હકીકત તેણીએ તેમના કોઇપણ પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી ગુજરાતમાં જ્યાં પણ ગયેલ છે ત્યાં તેણી કેટલા વર્ષની છે તેની કોઇને પણ જાણકારી ન હતી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીને કસ્ટમર પાસે મોકલવામાં આવતી ત્યારે તેણીને કયા કારણે મોકલવામાં આવે છે તેની અગાઉથી જાણકારી હતી. તેણીને સવાલ પુછવામાં આવેલ છે કે, તમને અગાઉથી જાણકારી હતી કે તમારી પાસે

બદકામ કરાવવામાં આવશે તેથી જ તમે કસ્મટર પાસે જવાની ના પાડતા હતા? જેના જવાબમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે. તેણીને સવાલ પુછવામાં આવેલ છે કે, કસ્ટમર પાસેથી જયારે તમે જઇને પરત આવેલ ત્યારે તમને પૂછેલ કે કામ થઇ ગયુ તો તમે જણાવેલ કે હા થઇ ગયુ? જેના જવાબમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે. તેણીને સવાલ પુછવામાં આવેલ છે કે, તમે તમારી સાથે જોરજબજસ્તી કરીને શરીર સબંધ કરવામાં આવેલ હતો તેવી જાણ હોટલ પર, રસ્તામાં કે રેલ્વે સ્ટેશન પર બૂમાબૂમ કરીને કોઇને જણાવેલ નથી? જેના જવાબમાં જણાવેલ છે કે, તેણી બોલી શકે તેમ ન હતી. તેણીએ સ્વીકારેલ છે કે, તા. ૦૪/૦૯/૨૦૨૩ તથા ૦૫/૦૯/૨૦૨૩ ના રોજ હોટલમાં ખાવાનું ખાઇને આરામ કરેલ હતો. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તા. ૦૫/૦૯/૨૦૨૩ ના રોજ રાતે અમદાવાદ થી નીકળ્યા ત્યારે ક્યાં જવાનું છે તે અગાઉ થી નકકી ન હતુ. તેણીએ સ્વીકારેલ છે કે, સોનિયાના ફ્રેન્ડની વાઇફ તેણીને અમદાવાદ મળેલ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, સોનિયાના ફ્રેન્ડની વાઇફ અમદાવાદમાં મળી ત્યારબાદ વિધ્યાનગર આવવાનું નકકી થયેલુ. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીની સાથે વડોદરા અને અમદાવાદમાં જે ખોટુ કામ થયુ તેની જાણ તેણીએ સોનિયાના ફ્રેન્ડ ગોપાલભાઈ તથા તેમના પત્નિ હેતલબેનને જણાવેલ નથી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, ગોપાલભાઈના ઘરે તેઓ બધાએ સાથે મળીને ખાવાનું ખાધેલ હતુ. તેણી સ્વેચ્છાએ જણાવેલ છે કે, ખાવાનુ ખાધેલુ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, ૬–૭ અધિકારીઓએ જયારે તેણીની પૂછપરછ કરેલ ત્યારે અમદાવાદની હોટલનું નામ તેણીએ અલગ જ બતાવેલ. તેણીને સવાલ પુછવામાં આવેલ છે કે, તમે અમદાવાદ કાલુપર રેલ્વે સ્ટેશનની આજુબાજુની હોટલમા રોકાયેલા નહી? જેના જવાબમાં જણાવેલ છે કે, તે તેણી જણાવી શકે તેમ નથી. તેણીએ જણાવેલ છે કે, પોલીસ તેણીને વડોદરા અમદાવાદ ની હોટેલ ઓળખવા માટે લઇ ગયેલી અને ત્યાં તેણીએ હોટલ ઓળખી બતાવેલ અને ક્યાં રૂમમાં શું થયેલ તે જણાવેલ તે સિવાય પોલીસ સાથે આરોપીને ઓળખવા માટે બહાર જવાનું થયેલ. તેણીને સવાલ પુછવામાં આવેલ છે કે, તમો વિધ્યાનગર પોલીસ સ્ટેશન તેમજ એસ.ઓ.જી. પોલીસ સ્ટેશને હતા તે દરમ્યાન પોલીસવાળા આરોપીઓને પકડીને પોલીસ સ્ટેશનમાં લાવેલા? જેના જવાબમાં જણાવેલ છે કે મારી રૂબરૂમાં લાવેલા નથી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી પોલીસ સ્ટેશનમાં આરોપીને પકડીને લઇને આવતા ઓળખી બતાવેલા અને તેણીને જે પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવેલ હતી તે જ પોલીસ સ્ટેશનમાં આરોપીઓને પણ રાખવામાં

આવેલ અને બરોડામાં પહેલી વખત અને બીજી વખત તેણી પાસે જે વ્યક્તિઓ આવેલા તેઓને તેણીએ નામદાર કોર્ટમાં ખોટી રીતે ઓળખી બતાવેલ છે અને અમદાવાદમાં પણ તેણીની પાસે આવનારાઓને તેણીે ખોટી રીતે નામદાર કોર્ટમાં ઓળખી બતાવેલ છે. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીએ ૬–૭ અધિકારીઓની ટીમ રૂબરૂ નિવેદન આપીને અમદાવાદ ખાતે એક જ રાત્રીએ ૪ કસ્ટમર આવેલાની હકીકત જણાવેલી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, "ત્યારબાદ તા.૩૧/૦૮/૨૦૨૩ ના રોજ સવારે કઈંક ગ્રાહક આવેલ અને સોનીયા અને સુનિલે આવીને મને કહેલ કે તું ઉપર એક રૂમ નંબર કહેલો તેમાં જા તે રૂમ નંબર ચોકક્સ શુ હતુ તે મને યાદ નથી તો મે કહેલુ કે મારે ઉપર કેમ જવાનુ ત્યારબાદ મેં વારંવાર કહેલ કે હું અહીં શુટીંગ માટે આવેલ છુ શુટીંગ નહી કરવુ હોય તો મારે કેમ ઉપરના રૂમમાં જવાનુ ત્યારબાદ સોનીયાએ મને ગુસ્સો કરીને કહેલ કે તને ઉપર જવા માટે કહ્યુને તુ ઉપર જા તારો એજન્ટ તને એટલા માટે જ લાવેલ છે તુ ઉપર નહી જા તો પ્રોબ્લેમ થશે ત્યારબાદ મેં રડીને કહેલ કે હું આવા ખોટા કામ માટે આવેલ નથી ત્યારબાદ સોનીયાએ મને ગુસ્સો કરીને ઉપરના રૂમમાં મોકલી દીધેલ ત્યારબાદ હું ઉપરના રૂમમાં ગયેલ ત્યારે રૂમમાં કોઈ ન હતુ ત્યારબાદ એક માણસ વોશરૂમમાંથી આવેલો તેથી મેં સોનીયાને ફોન કરેલો કે અહીયા તો એક માણસ છે તો મારે અહીંયા શું કરવાનુ તો સોનીયા મને કહેલ કે તે જેમ કહે તેમ કર ત્યારબાદ તે માણસે મને મારી પાસે આવી નામ પુછેલ તો મેં તેને મારુ નામ જણાવેલ તે તેની સમજમાં આવેલ નહી તો મેં હું બાગ્લાદેશી છુ હું અહી શુટીંગ માટે આવેલ છુ તેવુ મેં બાગ્લામાં જણાવેલ જે તેની સમજમાં આવેલ નહી. ત્યારબાદ તે માણસે મારી સાથે રેપ કરેલ ત્યારબાદ હું નીચે મારા રૂમમાં જતી રહેલી ત્યારબાદ સોનીયાએ મને પુછેલ કે થઈ ગયુ તો મેં સોનીયાને કહેલુ કે થઈ ગયુ, ચાલો અહીથી નીકળવુ છે ત્યારબાદ મેં સોનીયાને જણાવેલ કે હું આવુ કરવા આવી નથી તમે કેમ મારી પાસે આવુ કરાવેલ છે." તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીને અને સોનિયાને સુનિલ સાથે ઝઘડો થયેલ તેથી તેઓ અમદાવાદ ગયેલા તેવુ તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજના નિવેદનમાં લખાવેલ છે અનેસોનિયા અને સુનિલ વચ્ચે ઝઘડો પૈસાને લીધે થયેલ. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણીને કામ ન હતુ કરવુ તેથી થયેલો. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીએ તેના પોલીસ રૂબરૂના નિવેદનમા એવી હકીકત લખાવેલ નથી કે, "ત્યારબાદ

તે ગ્રાહક મારી સાથે એક વખત ફિઝીકલ રેપ કરીને જતો રહેલો તેને મારી સાથે બે વખત સબંધ રાખવાનો હતો પરંતુ તે એક વખત સબંધ રાખીને જતો રહેલો."

(૨૯.૪૭) ભોગ બનનારે તેણીની ઉલટ તપાસમાં ઈન્કાર કરેલ છે કે, તેણીએ તેના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, "ત્યારબાદ હોટલ પર જે માણસ બેઠેલ હતો તે મને ગ્રાહક પાસે લઈ ગયેલ ત્યારબાદ તે ગ્રાહક આવીને ફ્રેશ થયેલો અને તેણે આવીને મારી સાથે વાતચીત કરેલી ત્યારે મેં તેને હું બાગ્લાદેશી છુ અને શુટીંગ માટે આવેલ છુ તેવી વિગત જણાવેલી ત્યારબાદ હું બાગ્લાદેશી ભાષા બોલુ છુ તમને સમજ પડે છે મેં તેવુ પુછતે તેણે મને કોઈ તકલીફ નથી બાગ્લાદેશી ઘણા મિત્રો મારે છે તેથી મને થોડુ થોડુ ખબર પડે છે. મેં તેને મારા અહી આવીને ફસાય ગઈ છુ મારે ફરી બાગ્લાદેશ જવુ છે તેમ જણાવેલ અને મને આવા કામમાં કોઈ રસ નથી તેવુ જણાવેલ ત્યારબાદ તેણે મારી સાથે ફિઝીકલ રેપ કરેલ ત્યારબાદ રાત્રીના એક વાગે મેં પરત જતા રહેવા જણાવેલ તો તે ભાઈએ મને જણાવેલ કે આખી રાત રોકાવાનુ હતુ ત્યારબાદ હું ત્યાં સુઈ ગયેલી અને સવારે પાંચ વાગે ઉઠેલી ત્યારબાદ ગ્રાહક તરીકે જે ભાઈ હતા તે જતા રહેલા ત્યારબાદ હું હોટલ ઉપર સી.એન.જી.રીક્ષાવાળા એજન્ટ આવે તેની રાહ જોતી હતી ત્યારબાદ સી.એન.જી.રીક્ષાવાળા આવેલ અને મને લઈને સાઈપીલા હોટલ લઈ ગયેલા." તેણીએ સ્વીકારેલ છે કે, પોલીસ તેણીને પોલીસ સ્ટેશનથી બહાર લઇ જઇ તેણીનું નિવેદન લીધેલ હોય તેવુ બનેલ નથી અને પોલીસ તેણીને કોઇ એજન્સી પાસે લઇ ગયેલી હોય અને ત્યાં એજન્સીએ તેણીની પુછપરછ કરી તેણીનું નિવેદન લીધેલ હોય તેવુ બનેલ નથી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, એજન્ટે બીજીવાર માતાની બીમારી માટે બાંગ્લાદેશ પૈસા મોકલવાની ના પાડી દેતા તેણીના ભાઇના કહેવાથી આરોપીઓ ઉપર ખોટો કેસ કરેલ અને તેણીએ સરતપાસમાં જણાવેલ છે તેવુ કોઇ કૃત્ય આરોપીઓએ કરેલ નથી અને તેણીએ સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે અને તેણીએ પોલીસ સમક્ષ કયારેય કોઇ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.

(૨૯.૪૮) આરોપી નં.૦૬ અને ૦૭ તરફે વિદ્વાન વકીલશ્રી દ્વારા આ ભોગ બનનાર ની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેણીએ સ્વીકારેલ છે કે, તેણીને તા. ૦૫/૦૯/૨૦૨૩ ની મધ્યરાત્રી અને ત્યાર થી ૦૬/૦૯/૨૦૨૩ ની વહેલી સવારની વચ્ચે વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવેલ. તેણીને સવાલ પુછવામાં આવે

છે કે, તમોને વિધ્યાનગર પોલીસ સ્ટેશનમા લાવવામા આવેલ ત્યારે નિલોય ત્યા હાજર હતો? જેના જવાબમાં જણાવેલ છે કે, તે થોડાક સમય પછી ત્યાં આવેલ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, નિલોય પોલીસ સ્ટેશનમાં આવ્યો તે બાદ પોલીસે તેણીની પુછપરછ શરૂ કરેલ. તેણીએ સ્વીકારેલ છે કે, નિલોય પોલીસ સ્ટેશનમાં આવ્યો તે પહેલાથી તેણીની સાથે બનેલા બનાવ ની વિગતો તેણીએ પોલીસને જણાવવાનું શરૂ કરેલ. તેણીને સવાલ પુછવામાં આવેલ છે કે, તમે જે બોલતા હતા તે પોલીસ લખતી હતી? જેના જવાબમાં જણાવેલ છે કે, નિલોય આવતા પહેલા પોલીસે તેણીને જે પ્રશ્નનો પૂછેલા અને તેણીએ જવાબ આપેલા તે પોલીસે લખી લીધેલ કે કેમ તે તેણીને યાદ નથી. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ કે, પોલીસે તમારી પૂછપરછ કરવાની શરૂ કરેલ ત્યારે તમે ક્યાંના છો, કેવી રીતે આવ્યા છો, પાસપોર્ટ છે કે નહી જેવી પૂછપરછ કરેલી? જેના જવાબમાં જણાવેલ છે કે, એટલી બધી પૂછપરછ કરેલ નહી, સામાન્ય પુછપરછ કરેલી. તેણીએ સ્વીકારેલ છે કે, પોલીસે તેણીને કયાંની છુ અને તે બાબતની ડોકયૂમેન્ટ હોય તો તે બતાવવા જણાવેલુ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, પોલીસે તેણીને ક્યાથી આવી છો, કેવી રીતે આવી, કોઇ ડોકયૂમેન્ટ હોય તો બતાવ તેવુ પૂછતા તેણીએ એમ જ કોઇપણ કાગળો વગર આવી છુ તેવુ જણાવેલુ. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી કેવી રીતે ભારતમાં આવી તેવુ પોલીસે તેણીને પૂછેલ અને તેણી પોલીસને તેનો જવાબ આપેલો. તેણી ભારતમાં આવી છે તે માટેના કોઇ કાગળો છે કે કેમ તેવુ પોલીસે તેણીને પૂછેલ નહી. તેણીએ જણાવેલ છે કે, તેણી વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં આવી ત્યારે તેણી ગેરકાયદેસર રીતે ભારતમાં આવેલ છે તેવુ સૌપ્રથમ વખત તેણીને જાણવા મળેલુ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, ગેરકાયદેસર રીતે ભારતમાં આવવુ ગુન્હો બને છે તેવુ પોલીસે તેણીને જણાવેલ. તેણીએ જણાવેલ છે કે, પોલીસે તેણીને બોર્ડર ક્રોસ કરીને ભારતમાં આવવુ ગુન્હો બનતો નથી તેવુ જણાવેલ નહી. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ કે, નિલોયના આવ્યા પહેલા પણ પોલીસે તમારી પૂછપરછ કરીને નિવેદન લીધેલ અને નિલોયના આવ્યા બાદ પણ પોલીસે તમારી પૂછપરછ કરી નિવેદન લીધેલ? જેના જવાબમાં જણાવેલ છે કે, નિલોયના આવ્યા પહેલા પોલીસે તેણીની પૂછપરછ કરેલી પણ નિવેદન લીધેલ કે કેમ તેની ખબર નથી પરંતુ નિલોયના આવ્યા બાદ પોલીસે તેણીની પૂછપરછ કરી નિવેદન લીધેલ તેવુ તેણી જાણે છે. તેણીએ સ્વીકારેલ છે કે, પોલીસે તેણીની પાસેથી તેની ઓળખ, ઉંમર અને તેણીની રાષ્ટ્રીયતા માટેના અસલ દસ્તાવેજી આધારો માંગેલા,

તેણીની પાસે કોઇ અસલ કાગળો ન હતા તેથી તેણીએ પોલીસને આપેલા નહી. તેણીએ જણાવેલ છે કે, તેણીને તેની માતા અને તેણીની બહેનના એડ્રેસ ખબર છે અને પોલીસે તેણીનો કોન્ટેકટ તેણીને વિધ્યાનગર લાવ્યા બાદ તેણીના ભાઇ–બહેન કે માતા સાથે કરાવ્યો હોય તેવુ બનેલ નહી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીએ તેની બહેન સાથે વાત કરીને વ્હોટ્સએપ પર દસ્તાવેજો મંગાવેલા. તેણીએ ઈન્કાર કરેલ છે કે, આ દસ્તાવેજ જે ફોન પર મંગાવેલા તે ફોન તેણીનો ન હતો અને દસ્તાવેજ મંગાવવા માટેના ફોન પરની વાતચીત પોલીસની હાજરીમાં કરવામાં આવેલી. તેણીએ સ્વીકારેલ છે કે, દસ્તાવેજ મંગાવવાની ફોન પરની વાતચીત વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાંથી કરેલી અને તેણીએ અસલ દસ્તાવેજ બાંગ્લાદેશ થી બાય પોસ્ટ અથવા કુરીયર થી મંગાવવા માટે પ્રયત્ન કરેલ નથી. તેણીએ જણાવેલ છે કે,૭ ઓફીસરોએ તેણીની એક સાથે પૂછપરછ કરેલ હોય તેવુ તેણીને યાદ નથી અને વિધ્યાનગર પોલીસ સ્ટેશન આવ્યાના ૩–૪ દિવસ બાદ કોઇ લેડીઝ ઓફીસરે તેણીની પૂછપરછ કરેલ હોય તેવુ તેણીને યાદ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, દીલ્હી થી ઓફીસરો તેણીની પૂછપરછ માટે આવેલા તે તેણીને યાદ છે અને દીલ્હીથી આવેલા ઓફીસરે તેણી ક્યાંથી આવેલ છે કેટલુ ભણેલ છે તેવી તેણીની પૂછપરછ કરેલ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, દીલ્હીથી આવેલા ઓફીસરોએ તેણીના ઓળખના અને રાષ્ટ્રીયતાના કાગળો માંગેલા. તેણીએ જણાવેલ છે કે, દીલ્હીથી તેણીની પૂછપરછ કરવા આવેલા ઓફીસરોમાં ૧ સ્ત્રી હતા અને બે પુરુષ હતા અને તેણીની પુછપરછ દીલ્હી થી આવેલા ઓફીસરોએ એક સાથે કરેલી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીને દીલ્હી થી આવેલા ત્રણેયે ઓફીસરોએ એક સાથે પૂછપરછ કરેલ તેવુ તેણીને ચોકકસ યાદ છે અને આવેલા ઓફીસરોમાંથી સ્ત્રી ઓફીસરે તેણીની પૂછપરછ કરેલ અને બાકીના બે પુરુષોએ તે લખી લીધેલ. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ કે, ત્રણેય ઓફીસરોને તમે સાચે સાચુ લખાવેલુ? જેના જવાબમાં હા, સાચેસાચુ લખાવેલુ તેમ જણાવી સોનિયાએ લખાવેલ તેવુ જણાવેલ છે.

(૨૯.૪૯) ભોગ બનનારે વધુમાં જણાવેલ છે કે, વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં લઇ ગયાના પાંચ દિવસ બાદ તેણીને એસ.ઓ.જી. પોલીસ સ્ટેશને લઇ જવામાં આવેલ. તેણીએ સ્વીકારેલ છે કે, જે દિવસે તેણીને સૌપ્રથમ વખત એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનમાં લઇ જવામાં આવેલ તે દિવસે તેણીનું નિવેદન નોધવામાં આવેલ.

તેણીએ ઈન્કાર કરેલ છે કે, પોલીસ જેટલી વાર તેણીની પુછપરછ કરતા, તેણીનું નિવેદન લેતી તેટલી વખત તેણીની સહીઓ લેતા. તેણીએ જણાવેલ છે કે, તેણીને એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનમાં કેટલી વાર લઇ જવામાં આવેલ તે સંખ્યા તેણી જણાવી શકે નહી. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ કે, તમારી ફરીયાદ નોધી લેવામાં આવી તેવુ તમે જાણો છો? જેના જવાબમાં જણાવેલ છે કે, હા. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી ફરીયાદ નોંધાયા બાદની તપાસ એસ.ઓ.જી. વાળાઓએ કરેલી અને તેણીની ફરીયાદ નોંધાય ગયા બાદ લગભગ દરરોજ તેણીને એસ.ઓ.જી. પોલીસ સ્ટેશને જવાનું થતુ હતુ. તેણીએ જણાવેલ છે કે, તેણીને વીડીયો ફૂટેજ બતાવી ઓળખાણ કરાવવાની તપાસ એસ.ઓ.જી પોલીસ સ્ટેશને કરવામાં આવેલી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, જે લોકોને વીડીયો ફૂટેજમાં ઓળખી બતાવેલ તેમને મેં એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનમાં પણ ઓળખી બતાવેલા. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, તમે વીડીયો ફૂટેજમા જે લોકોને ઓળખી બતાવેલ તે લોકોને એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનમાં લાવી ઓળખાવવાનો એક જ પ્રસંગ બનેલો? જેના જવાબમાં જણાવેલ છે કે, ફકત મનોહરને જ પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવેલ તે સિવાય અન્ય કોઇને એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનમાં ઓળખી બતાવવાનું થયેલ નહી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, જે ૪ કસ્ટમરો હતા તેમને તેણીને વિધ્યાનગર કે એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનમાં ઓળખી બતાવેલા. તેણીએ સ્વીકારેલ છે કે, પોલીસે તેણીને તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજના લોટ્સ ગોલ્ડ હોટેલ વડોદરાના સી.સી.ટી.વી. ફૂટેજ બતાવેલા. તેણીએ ઈન્કાર કરેલ છે કે, પોલીસે તેણીને સાંઇવિલા હોટલ અમદાવાદના સી.સી.ટી.વી. ફૂટેજ તા. ૦૩/૦૯/૨૦૨૩ ના રોજ ના બતાવેલા અને તેણીને ઓળખપરેડના રૂમ સુધી પોલીસ ઇન્સપેકટર ડાભી લઇ ગયેલા. તેણીએ જણાવેલ છે કે, ઓળખપરેડ રૂમમાં તેણી એકલી ગયેલ, પોલીસવાળા બહાર ઉભેલા. તેણીએ ઈન્કાર કરેલ છે કે, રૂમમાં ૩૦–૩૫ માણસો ઓળખ પરેડ કરાવવા વાળા સાહેબ અને તેણી એટલા જ માણસો હતા.

(૨૯.૫૦) ભોગ બનનારે તેણીની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેણી ભણેલ છે તેમાં અંગ્રેજી વિષય આવતો હતો. તેણીએ સ્વીકારેલ છે કે, મદદ કરે તેને અંગ્રેજીમાં હેલ્પ કહેવાય તે તેણી જાણે છે અને ઓળખપરેડના રૂમમાં તેણીને કોઇ વાતચીત થયેલ નહી, તેણીએ સીધેસીધા માણસો ને ઓળખી બતાવેલા. તેણીએ જણાવેલ છે

કે,ઓળખ પરેડના રૂમમાં એક ઓફીસર હતા તેમણે તેણીની પુછપરછ કરેલી. તેણીએ સ્વીકારેલ છે કે, ઓળખ પરેડના રૂમમાં તેણીનું નામ અને સરનામુ પુછવામાં આવેલ તે સિવાય તેણીની કોઇ પૂછપરછ કરવામાં આવેલ નહી. તેણીએ જણાવેલ છે કે, ઓળખ પરેડના રૂમમાં તેણીએ કોઇને નામ થી ઓળખી બતાવેલ હોય તેવુ બનેલ નહી. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, ચહેરાથી ઓળખી બતાવેલ. તેણીએ જણાવેલ છે કે, ઓળખ પરેડ બાદ પોલીસે કે ઓળખ પરેડ કરાવનાર અધિકારી તેણીને કોઇ પૂછપરછ કરી નિવેદન લીધેલ કે કેમ તે તેણીને યાદ નથી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, ક્યાં કસ્ટમર કઇ તારીખે કઇ જગ્યાએ આવેલ તેવુ પોલીસે તેણીનું કોઇ નિવેદન લીધેલ નહી. તેણીએ સ્વીકારેલ છે કે, ઓળખ પરેડ બાદ તેણીએ ઓળખી બતાવેલા આરોપીઓમાં ક્યાં આરોપી કઇ તારીખે કઇ હોટેલમાં તેણીની પાસે આવેલ તેવુ પોલીસે પુછીને લખેલ હોય તેવુ બનેલ નહી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીએ જે લોકોને ઓળખ પરેડ રૂમમાં ઓળખી બતાવેલા તેમને પોલીસ સ્ટેશનમાં પણ ઓળખી બતાવેલા. તેણીએ સ્વીકારેલ છે કે, બાંગ્લાદેશ ઘરેથી નીકળ્યા બાદ વચ્ચે હોટલમાં રોકાવાનો પ્રસંગ બનેલો. તેણીએ જણાવેલ છે કે, બાંગ્લાદેશની હોટલમાં રોકાતા સમયે તેણીએ તેના જન્મનું કાર્ડ આપેલુ. તેણીએ સ્વીકારેલ છે કે, હોટલમાં રોકાતા સમયે કોઇ ઓળખનું કાર્ડ આપવુ પડે તેવુ તેણી જાણે છે. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી જયારે બાંગ્લાદેશ થી નીકળી ત્યારે ભારત અને બાંગ્લાદેશમાં બધુ એક જેવુ છે તેવી તેણીને જાણકારી હતી. તેણીએ જણાવેલ છે કે, ભારત અલગ દેશ છે અને ત્યાં અલગ પધ્ધતિઓ છે તેવી તેણીને જાણકારી ન હતી. તેણીને એ વાતની ખબર નથી કે, તેણી ભારતમાં જે હોટલમાં રોકાતી ત્યાં તેણીનું ઓળખ કાર્ડ આપવામાં આવતુ હતુ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, પોલીસે તેણીને જે હોટલના સી.સી.ટી.વી. ફૂટેજ બતાવેલા તે હોટલમાં તેણી જાતે તેનુ ઓળખકાર્ડ આપતી હોય તેવુ રેકોર્ડિંગ પોલીસે તેણીને બતાવેલ અને અને અમદાવાદ એકલી રીક્ષામાં બેસીને હોટલે ગયેલી. તેણીએ જણાવેલ છે કે, અંગ્રેજીમાં બળાત્કારને રેપ કહેવાય કે કેમ તેની તેણીને જાણકારી નથી અને તેણી હીન્દી ભાષા સાંભળી સાંભળી ને શીખી છે. તેણીએ સ્વીકારેલ છે કે, ભારતમાં તેણીને માણસો હીન્દી અને ગુજરાતી ભાષામાં જ વાતો કરતા સાંભળવા મળેલ છે અને ભારતમાં લોકોને હીન્દી ભાષા બોલતા સાંભળી તેણી પણ હીન્દી ભાષા શીખેલ છે. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી દીલ્હીથી આવેલા પોલીસ ઓફીસરોને તેણી ધોરણ ૧૨ સુધી ભણેલ છે તેવુ લખાવેલ અને દીલ્હીથી આવેલા પોલીસ અધિકારીઓને

તેણીનેને મુંબઈ ખાતે ધમકાવવામા આવેલી અને તેણી ગેરકાયદેસર રીતે ભારતમાં આવેલ છે તેની પોલીસને જાણ કરી દેવામાં આવશે અને હેરાન પરેશાન કરવામાં આવશે તેવુ લખાવેલ હતુ અને તેણી દીલ્હીથી આવેલા પોલીસ અધિકારીઓને ધમકીના કારણે તેણી મજબૂર કરી તેણીને ખોટુ કામ કરવા માટે તૈયાર કરેલાનું લખાવેલુ હતુ અને તેણી અમદાવાદ ની હોટલના રજીસ્ટરમાં તેણીની સહી કરેલી.

(૨૯.૫૧) તેણીએ ઈન્કાર કરેલ છે કે, વિધ્યાનગર પોલીસ સ્ટેશને લાવ્યાના બીજા દિવસે પોલીસ તેણીને દવાખાને ડોકટર પાસે લઇ ગયેલ. તેણીએ જણાવેલ છે કે, તેણીને ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ ડોકટર પાસે જવાનો પ્રસંગ બનેલ નથી અને પોલીસવાળા કઇ તારીખે તેણીને હોસ્પિટલમાં લઇ ગયેલા તે તારીખ તેણીને ચોકકસ યાદ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, ડોકટરે તેણીને કેવી રીતે થયુ શું થયુ તે પૂછેલ અને તેણીએ તેના જવાબો આપેલા. તેણીએ જણાવેલ છે કે, ડોકટરે તેણીને કઇ ભાષા સમજો છો તેવુ તેણીને પૂછેલ નહી. તેણીએ સ્વીકારેલ છે કે, ડોકટરને તેણી કઇ ભાષા સમજે છે તે તેણીએ જણાવી દીધેલ હતુ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી ડોક્ટરને વડોદરામાં તેણીની સાથે એક જ વ્યક્તિએ શારીરીક સબંધ બાંધેલાનું જણાવેલુ અને તેણીએ ડોકટરને તેમની સાથે બાંધવામા આવેલ શારીરીક સબંધની સંખ્યા બાબતે ખોટી હકીકત લખાવેલ છે. તેણીએ ઈન્કારેલ છે કે, તેણી ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશેલી હોય અને તે પણ એક ગુન્હો બનતો હોય અને તે ગુન્હાથી બચવા તેણી તેની જાતને સગીર તરીકે દર્શાવે છે અને તેથી જ તેણીના જન્મના આધાર પુરાવા હોવા છતાય તે પુરાવાની અસલ મંગાવી પોલીસને આપેલ નથી. જણાવેલ છે કે, તેણી ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશેલી હોય અને તે પણ એક ગુન્હો બનતો હોય અને તે ગુન્હાથી બચવા તેણી તેની જાતને સગીર તરીકે દર્શાવે છે અને તેથી જ તેણીના જન્મના આધાર પુરાવા હોવા છતાય તે પુરાવાની અસલ મંગાવી પોલીસને આપેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, આ કામના તમામ આરોપીઓ ગ્રાહક ન હતા. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, કસ્ટમર કોને કહેવાય તે તમે સમજો છો? જેના જવાબમાં જણાવેલ છે કે, કસ્ટમર ઘણા બધા હોય છે. તેણીએ સ્વીકારેલ છે કે, આ કામના કસ્ટમર કોણ છે તે તેણી જાણે છે અને આ કેસમાં કસ્ટમર કોને કહેવાય તે તેણી સમજે છે. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ કે, પૈસા આપીને સેકસ કરવા આવે તેને આ કેસમાં કસ્મટર કહેવાય તેવુ તમે સમજો છો? જેના જવાબમાં

જણાવેલ છે કે, પૈસા આપીને સેક્સ કરવા આવે તેને કસ્ટમર કહેવાય તેવુ હવે તેણી સમજે છે. તેણીએ સ્વીકારેલ છે કે, વડોદરામાં સેકસ કરવા આવેલ તે વ્યક્તિ ગોરો, ચશ્માવાળો, ગોળ મોઢાવાળો તેવી ઓળખથી તેણી તેને ઓળખી શકે અને દરેક કસ્મટર અલગ અલગ દેખાય છે.

(૨૯.૫૨) ભોગ બનનારે તેણીની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, કોઇ કસ્ટમર તેણીને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ ગયેલ હોય તેવુ બનેલ નથી અને કોઇ કસ્ટમર પાસેથી તેણીએ પૈસા લીધા હોય તેવુ બનેલ નથી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, પોલીસે તેણીને જે સી.સી.ટી.વી. ફૂટેજ બતાવેલા તે માત્ર એક–બે મિનિટના ટુકડાઓમાં હતા. તેણીએ જણાવેલ છે કે, તેણીને જે સી.સી.ટી.વી. ફૂટેજ બતાવવામાં આવેલા તે અડધા કલાકના હતા. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીને બધુ મળીને અડધા કલાકના સી.સી.ટી.વી. ફૂટેજ પોલીસવાળાએ બતાવેલા. તેણીને સી.સી.ટી.વી. ફૂટેજ કઇ તારીખ ના હતા તે તમે જોયેલુ તેવા પ્રશ્નના જવાબમાં તેણીએ પ્રથમ જણાવેલ છે કે, આજે તેણીને યાદ નથી અને ત્યારબાદ સાહેદને કોર્ટ દ્વારા ફરીથી આ પ્રશ્ન પૂછતા તેણીએ સી.સી.ટી.વી. કઇ તારીખના હતા તે તારીખ જોયેલી તેવુ જણાવેલ છે. તેણીએ જણાવેલ છે કે, તેણીએ જે સી.સી.ટી.વી. ફૂટેજ બતાવવામાં આવેલા તેમાં વડોદરાના સી.સી.ટી.વી. ફૂટેજ ૧ લી તારીખ ના હતા અને અમદાવાદની હોટેલ ના સી.સી.ટી.વી. ફૂટેજ બીજી તારીખના હતા અને અમદાવાદની બીજી હોટલ ના સી.સી.ટી.વી. ફૂટેજ ત્રીજી તારીખ ના હતા. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ કે, તમે સી.સી.ટી.વી. ફૂટેજ જોયેલા તે એક જ પેનડ્રાઇવમા હતા કે અલગ અલગ? જેના જવાબમાં જણાવેલ છે કે, તેણી સી.સી.ટી.વી. ફૂટેજ વડોદરા હોટલમાં જઇને જોયેલા. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ કે, તમે સી.સી.ટી.વી. ફૂટેજ પેનડ્રાઇવથી જોયેલા? જેના જવાબમાં જણાવેલ છે કે, વડોદરા હોટલમાં કોમ્પ્યુટરમાં જોયેલા. તેણીએ જણાવેલ છે કે, હોટલ ઉપર પોલીસવાળાએ જે કાર્યવાહી કરેલી તેનું લખાણ કરેલ કે કેમ તેની તેણીને ખબર નથી. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ કે, તમે હોટલે જવા માટે પોલીસ સ્ટેશનથી નીકળેલ ત્યારે તમારી સાથે તમે અને પોલીસવાળા હતા તે સિવાય બીજુ કોઇ સાથે ન હતુ? જેના જવાબમાં જણાવેલ છે કે, પોલીસવાળામાં મહિલા પોલીસવાળા હતા અને તેણી હતી અને એક ટ્રાન્સલેટર ભાઇ હતા, તે સિવાય બીજુ કોઇ સાથે ન હતુ. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ કે,

તમે સી.સી.ટી.વી. ફૂટેજમાં જે માણસો ઓળખી બતાવેલા તે સી.સી.ટી.વી. ફૂટેજમાં માણસોની ઓળખ આરોપીઓને ઓળખી બતાવવાનો આધાર મળેલો? જેના જવાબમાં જણાવેલ છે કે, તે તેણી કહી શકે નહી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી જાણી જોઈને પ્રશ્નના જવાબ આપવાનું ટાળે છે અને સવાલ સમજતી નથી તેવો ડોળ કરે છે. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીએ પોલીસને ક્યાં આરોપીએ ગુન્હામાં શું ભૂમિકા ભજેવલી તે આરોપીને ઓળખી બતાવીને લખાવેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, પોલીસ સ્ટેશનમાં તેણીને કોમ્પયુટરમાં પેનડ્રાઇવ નાખીને કોઇ વીડીયો કે સી.સી.ટી.વી. ફૂટેજ બતાવવામાં આવ્યા હોય તેવુ બનેલ નથી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, વડોદરાની હોટલ પર જઇને કે અમદાવાદની હોટલમાં જઇ સી.સી.ટી.વી. ફૂટેજ જોયેલાનું તેણી ખોટુ જણાવે છે અને તેણી આ કામના આરોપીઓને પોલીસના કહેવાથી ઓળખ પરેડમાં ખોટી રીતે ઓળખી બતાવેલા અને તેણીએ કોર્ટ રૂમમાં આરોપીઓને પોલીસના કહેવાથી ખોટી રીતે ઓળખી બતાવેલ છે અને તેણી બાળક ન હોવાના કારણે તેણી જાણી જોઇને તેણીના જન્મના અસલ કાગળો પોલીસ તપાસથી છૂપાવેલા છે. તેણીએ તેણીના ગુમ થવા બાબતેની ફરીયાદ બાંગ્લાદેશમાં આપવામાં આવેલ છે કે કેમ તેની તેણીને જાણકારી નથી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, પુખ્તવયની અને સમજદાર હોવાના કારણે તેણીના ગુમ થવા બાબતેની ફરીયાદ બાંગ્લાદેશમાં આપવામાં આવેલ નથી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, આરોપી નં.૦૧ તથા ૦૨ ને તેણી આ કામે ખોટી રીતે ઓળખી બતાવેલ છે.

(૩૦) ફરિયાદ પક્ષે આંક–૭૫ થી સાહેદ નં. ૦૨ તરીકે ભોગ બનનારના કપડા કબજે કર્યાના પંચ સાહેદ પરેશકુમાર ઘનશ્યામભાઇ મિસ્ત્રીને તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૧૫/૦૯/૨૦૨૩ ના રોજ બપોરે ૧૨ વાગ્યા થી ૧૨:૪૫ ના સમય દરમ્યાન તેઓને એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનમાં પંચ તરીકે બોલાવેલ ત્યારે તેઓની સાથે બીજા પંચ તરીકે મીતાબેન સુથાર હતા અને તેઓએ ભોગ બનનારની શરીરસ્થિતિ તેમજ કપડાના પંચનામા બાબતે બોલાવેલ અને ત્યાં પોલીસ સ્ટેશનમાં પી.આઇ શ્રી, મહિલા પો.કો., ભોગ બનનાર બાળા જે બાંગ્લાદેશી હોય તેની સાથે દુભાષિયા તરીકે મંગલચાંદ ગોવિંદભાઇ મન્ના નાઓ હાજર હતા. તેઓએ વધુમાં જણાવેલ છે કે, દુભાષિયા મારફતે ભોગ બનનારને તેના નામ જેવી વિગતો પૂછવામાં આવેલી અને તેણીએ બનાવ સમયે પહેરેલ કપડા રજુ

કરવા જણાવતા તેણીએ એક ગુલાબી કલરનું અડધી બાયનું ટી–શર્ટ, બ્લ્યુ જીન્સ તથા સફેદ કલરનું લાંબી બાયનું ટોપ તથા બ્લ્યુ કલરનું જીન્સ અને કાળા કલરની નીકર તથા કાળા કલરની બ્રા મળીને કુલ ૬ કપડાઓ રજુ કરેલા જે તેઓની હાજરીમાં પોલીસ દ્વારા કાગળમાં વીંટાળી કોથળીમાં મુકી સોય દોરા થી સીવી સીલ કરેલા અને આ બાબતે લખાણ કરવામાં આવેલ જે લખાણ મુજબની પ્રકિયા તેઓના રૂબરૂ થયેલ હોય તેઓએ તે પંચનામામાં સહી કરેલી. પંચ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૭૬ થી રજુ ભોગ બનનારની શરીરસ્થિતિનું પંચનામુ જોઈ જેમાં પંચ નં. ૦૨ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. પંચ સાહેદે વધુમાં જણાવેલ છે કે, તેઓને ભોગ બનનારના મુદ્દામાલ અર્થે કબજે લીધેલ કપડા બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. પંચ સાહેદે તેઓની જુબાની દરમ્યાન મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૧ માંથી નિકળેલ કપડા જોઈ જેમાંથી નિકળેલ ગુલાબી કલરનું અડધી બાયની ટી–શર્ટ તેઓએ ઓળખી બતાવેલ છે અને તે મુદ્દામાલ આર્ટીકલમાંથી નિકળેલ આંક–૭૭ થી રજુ થયેલ પંચ સ્લીપમાં પંચ નં.૦૨ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૨ માંથી નિકળેલ કપડા જોઈ જેમાંથી નિકળેલ બ્લ્યુ કલરનું જીન્સ પેન્ટ તેઓએ ઓળખી બતાવેલ છે અને તે મુદ્દામાલ આર્ટીકલમાંથી નિકળેલ આંક–૭૮ થી રજુ થયેલ પંચ સ્લીપમાં પંચ નં.૦૨ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૩ માંથી નિકળેલ કપડા જોઈ જેમાંથી નિકળેલ સફેદ કલરનુ આખી બાયનું ટોપ તેઓએ ઓળખી બતાવેલ છે અને તે મુદ્દામાલ આર્ટીકલમાંથી નિકળેલ આંક–૭૯ થી રજુ થયેલ પંચ સ્લીપમાં પંચ નં.૦૨ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૪ માંથી નિકળેલ કપડા જોઈ જેમાંથી નિકળેલ બ્લ્યુ કલરનું જીન્સનું પેન્ટ તેઓએ ઓળખી બતાવેલ છે અને તે મુદ્દામાલ આર્ટીકલમાંથી નિકળેલ આંક–૮૦ થી રજુ થયેલ પંચ સ્લીપમાં પંચ નં.૦૨ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૫ માંથી નિકળેલ કપડા જોઈ જેમાંથી નિકળેલ કાળા કલરની બ્રા તેઓએ ઓળખી બતાવેલ છે અને તે મુદ્દામાલ આર્ટીકલમાંથી નિકળેલ આંક–૮૧ થી રજુ થયેલ પંચ સ્લીપમાં પંચ નં.૦૨ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૫ માંથી નિકળેલ કપડા જોઈ જેમાંથી નિકળેલ કાળા કલરની નિકર તેઓએ ઓળખી બતાવેલ છે અને તે મુદ્દામાલ આર્ટીકલમાંથી નિકળેલ આંક–૮૨ થી રજુ થયેલ પંચ

સ્લીપમાં પંચ નં.૦૨ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

(૩૦.૧) આરોપી નં. ૦૧, ૦૨, ૦૩ અને ૦૪ તરફે આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૩૦.૨) આરોપી નં. ૦૫ અને ૦૮ તરફે આરોપીના વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ આણંદ નગરપાલિકામા ટેક્ષ વિભાગમા સીનીયર ટેક્ષ કલાર્ક તરીકે નોકરી કરે છે. તેઓએ સ્વીકારેલ છે કે, પંચ નં. ૦૧ મીતાબેન સુથાર પણ નગરપાલિકાના જ કર્મચારી છે. તેઓએ જણાવેલ છે કે, પંચનામાના દિવસે નોકરી ચાલુ હતી. તેઓએ સ્વીકારેલ છે કે, પંચનામાની કાર્યવાહીમાં જવા માટે તેઓને કોઇ લેખિત હુકમ તેઓના ઉપરી અધિકારી તરફથી મળેલ હોય તેવુ બનેલ નહી અને તેઓના ઉપરી અધિકારીએ મૌખિક સૂચના આપેલ કે તમે જાવ અને પંચમાં સહી કરી પરત આવો. તેઓએ સ્વીકારેલ છે કે, જે કપડા તેઓએ ઓળખી બતાવેલ છે તે કપડાઓને તેવા જ બીજા ઘણા કપડાઓની વચ્ચે રાખવામાં આવે તો આજરોજ ઓળખી બતાવેલ કપડાઓને ચોકકસપણે ઓળખી શકે નહી. તેઓએ જણાવેલ છે કે, પોલીસ સ્ટેશનમાં જે બાળા હતી તેનુ તેઓ જુબાની દરમ્યાન કોઇ વર્ણન આપી શકે નહી. તેઓએ સ્વીકારેલ છે કે, એક સરખા જીન્સ પેન્ટ હતા તેમાં ઓળખવા માટે ચોકકસ શું નિશાની હતી તે તેઓ કહી શકે નહી અને તેઓ આજરોજ ઓળખી બતાવેલ કપડાઓને ઓળખવા માટે તેના ઉપર ચોકકસ કોઇ નિશાની ન હતી અને કપડાઓ તેઓને મહિલા કોન્સ્ટેબલ અને દુભાષિયાએ એક એક કરી બતાવેલા અને તેઓએ તેમની જુબાની દરમ્યાન ઓળખી બતાવેલ કપડા પોલીસ સ્ટેશનમાં ક્યાંથી આવ્યા તેની તેઓને જાણકારી નથી અને કોમ્પયુટર રૂમમાં બેઠેલ કલાર્કે પંચનામાનું લખાણ તૈયાર કરેલ અને તેની પ્રિન્ટ પી.આઇ સાહેબ ની ચેમ્બરમાં બેઠો હતો ત્યાં લાવવામા આવેલ. તેઓએ જણાવેલ છે કે, ત્યાં તેઓ અને તેમની સાથેના અન્ય પંચે સહીઓ કરેલી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ આજરોજ પંચનામાનું લખાણ જુબાની આપતા પહેલા વાંચેલુ. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ આજરોજ તેમને શીખવાડયા મુજબની જુબાની આપેલી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેઓ પંચનામાનું લખાણ વાંચીને જુબાની આપેલ. તેઓએ ઈન્કાર કરેલ છે કે, પંચનામાનાં લખાણ મુજબ જુબાની નહી આપવામાં આવે તો તમારી નોકરી જશે તેવુ દબાણ

કરવામાં આવેલ અને સરતપાસ તેઓને શીખવાડયા મુજબની ખોટી જુબાની આપે છે.

(૩૦.૩) આ પંચ સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ – ૧૬૫ મુજબ અદાલત ધ્વારા સવાલ પુછવામાં આવેલ કે, ''તમે આજરોજ સરતપાસમાં જે જુબાની આપી તે કાર્યવાહી તમારી રૂબરૂમાં થયેલ તે આધારે આપી છે કે તમે આજરોજ પંચનામુ વાંચ્યુ તે આધારે આપી છે?'' જેના જવાબમાં જણાવેલ છે કે, તે દિવસે જે પંચનામુ થયુ તે હાલ વાંચીને જુબાની આપી છે.

(૩૦.૪) અદાલત દ્વારા કરવામાં આવેલ આ પ્રશ્નોતરી સંદર્ભે આરોપીઓ તરફે કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૩૦.૫) આરોપી નં. ૦૬ અને ૦૭ તરફે આરોપીના વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, કપડાને અલગ તારવવા માટે તે બનાવનારની કંપની, સાઇઝ થી કપડાને અલગ તારવી શકાય. અને આંક–૭૬ ના પંચનામામા કપડા ઉપરની ડીઝાઇન ઉપરનુ વર્ણન, કપડા બનાવનાર કંપનીનુ નામ અને સાઇઝની વિગતો નોધવામાં આવેલી નથી અને કપડાની ઉપરની ડીઝાઇન, કંપનીનું નામ, સાઇઝ વિગેરે પંચનામામાં લખેલ ન હોવાથી તેઓ આજ રોજ જણાવી શકેલ નથી અને પંચનામાનું લખાણ કોણે લખાવેલ તે કહી શકે નહી.

(૩૧) ફરિયાદ પક્ષે આંક–૮૩ થી સાહેદ નં. ૦૩ તરીકે આરોપી નં. ૪ થી ૮ ની શરીરસ્થિતિ અને આરોપી નં.૪ થી ૮ કપડા કબજે કર્યાના પંચ સાહેદ સુરેશભાઈ બબુભાઈ તળપદાને તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આશરે ૬–૭ મહિના પહેલા વૈભવ સિનેમા વિધ્યાનગર આગળ તેઓ ઉભેલા હતા ત્યારે પોલીસ આવેલી અને તેઓને સહી કરવાનું કહેલ અને તેઓએ સહી કરી આપેલ અને તેઓએ જયારે સહી કરેલ ત્યારે ત્યાં બીજા કોઇ પંચ હાજર ન હતા અને પંચ સાહેદ નં.૦૨ મથુરભાઈ ભદાભાઈ તળપદાને ફરિયાદ પક્ષે આંક–૯૪ થી સાહેદ નં. ૦૪ તરીકે આરોપી નં.૦૪ થી ૦૮ ના કપડા કબજે કર્યાના પંચ સાહેદને તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આશરે ૬–૭ મહિના પહેલા વિનુકાકા માર્ગે વિધ્યાનગર ટેમ્પો લઇને ઉભેલા ત્યારે પોલીસ આવેલ અને

તેઓને એક લખેલા કાગળમા સહી કરવાનું કહેતા તેઓએ તેમની સહી કરી આપેલ. આ બન્ને પંચ સાહેદની જુબાની દરમ્યાન આંક–૮૪ થી રજુ આરોપી નં. ૪ થી ૮ ની શરીરસ્થિતિ અને આરોપી નં.૪ થી ૮ કપડા કબજે કર્યાના પચંનામામાં તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેમજ બન્ને પંચ સાહેદોએ જણાવેલ છે કે, તેઓને મુદ્દામાલ બતાવવામાં આવે તો તે ઓળખી શકે નહી અને એવુ બનેલ નથી કે, તેઓની હાજરીમાં કોઈ વ્યક્તિઓએ પોલીસને કોઈ ચીજ વસ્તુ આપેલ અને તે બાબતનુ લખાણ તેઓની હાજરીમાં કરવામાં આવેલ હોય. વધુમાં બન્ને પંચ સાહેદોએ મુદ્દામાલ આર્ટીકલમાંથી નિકળેલ આંક–૮૫ થી આંક–૯૨ થી રજુ થયેલ પંચ સ્લીપોમાં તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

(૩૧.૧) આ બન્ને પંચ સાહેદોની ઉપરોક્ત હકીકત મુજબની સોગંદ ઉપરની સરતપાસની હકીકતોના આધારે બન્ને પંચ સાહેદોને વિદ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પણ આ બન્ને પંચ સાહેદોને પુછવામાં આવેલા અને તેમા પણ તેઓએ ફરિયાદ પક્ષના કેસની કોઈ હકીકતોને સમર્થન આપેલ નથી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તમામ મુદ્દામાલ તેઓ રૂબરૂમાં કબજે કરેલ હોવા છતાં આરોપીઓને બચાવવા માટે સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

(૩૧.૨) આરોપીઓ તરફે આ પંચ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૩૨) ફરિયાદ પક્ષે આંક–૯૫ થી સાહેદ નં. ૦૫ તરીકે ગુન્હાવાળી જગ્યાના પંચ સાહેદ ધર્મેન્દ્રકુમાર દુર્ગાપ્રસાદ પટેલને તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૧૪/૯/૨૩ ના રોજ એસ.ઓ.જી પોલીસ સ્ટેશનમાં થી સ્ટાફના માણસો એક લટેર લઈને આવેલા અને તેઓના અધિકારી શ્રી ને મળેલા અને તેઓએ બે સ્ટાફના માણસોની જરૂર છે તેમ જણાવેલ તેથી તેઓના અધિકારીએ મૌખિક રીતે તેઓને તથા તેઓની સાથેના બીજા પંચ અમિતભાઈને એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનમાં જવાની સૂચના આપેલ જેથી તેઓ અને અમિતભાઇ એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનના માણસો સાથે એસ.ઓ.જી. પોલીસ સ્ટેશને ગયેલા. તેઓએ જણાવેલ છે કે, બપોરે ૧૧ વાગે તેઓ એસ.ઓ.જી. પોલીસ સ્ટેશને પહોચેલા

ત્યાં જઇને તેઓને કેસ બાબતે સમજ કરી પંચમાં રહેવા માટે સમજ આપવામાં આવેલી અને ત્યાં એસ.ઓ.જી. પોલીસની ગાડીમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર, એક બાંગ્લાદેશી બહેન તથા પોલીસ સ્ટાફ અને તેઓ પંચો આણંદ થી વડોદરા જવા નીકળેલા અને આ બહેનની સાથે એક દુભાષીયાભાઇ પણ તેઓની સાથે ગાડીમાં હતા અને ત્યારબાદ ગાડી વડોદરા લોટસ ગોલ્ડ હોટલ ખાતે લઇ જવામાં આવેલ ત્યાં જઇને રીસેસ્પશન કાઉન્ટર ઉપર જઇ ત્યારબાદ ભોગ બનનારે રૂમ નં. ૨૦૧ બતાવી ઇશારો કરેલ તથા બીજો ૨૦૮ નંબરના રૂમ પાસે જઇ ઇશારો કરેલ તેથી હોટલના સ્ટાફે આ રૂમ ખોલી આપેલા અને આ રૂમમાં બેડ, ટી.વી, પંખો વિગેરે સામાન હતો અને પોલીસે તેની નોંધ કરેલી અને ત્યારબાદ હોટલના સી.સી.ટી.વી. કેમેરા, હોટલના રજીસ્ટરની પણ પોલીસે તપાસ કરેલી અને તેનું લખાણ કરેલ.

(૩૨.૧) તેઓએ વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ તેઓ બધા એ ગાડીમાં ફરીથી બપોરે ૪ વાગે વડોદરા થી અમદાવાદ જવા નીકળેલા અને ત્યાં વાડજ વિસ્તારમાં આવેલ સાંઇ વિલા નામની હોટલે પહોચેલા અને તે હોટલે આશરે ૫:૧૫ વાગે પહોચેલા અને ત્યાં પણ આ ભોગ બનનારે બહેને રૂમ નં. ૪૦૫ બતાવેલ જે બહેનનું નામ તેઓને યાદ નથી અને ભોગ બનનારે બહેને જે રૂમ બતાવેલ તે લોક હોવાથી હોટલના સ્ટાફે તે રૂમ ખોલી આપેલ અને તે રૂમમાં પણ બેડ, ટી.વી., ચાદર, પંખો વિગેરે સાધનો હતા અને ત્યાં પણ પોલીસે સી.સી.ટી.વી. કેમરા તથા હોટલનુ રજીસ્ટરનું બાબતે બીજા દિવસે એસ.ઓ.જી. પોલીસ સ્ટેશને હાજર રહેવા સૂચના આપેલી અને પોલીસે ત્યાં પણ લખાણ કરેલ.

(૩૨.૨) તેઓએ વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ તેઓની ગાડી આશરે ૦૬:૧૫ થલતેજ બીજી હોટલમાં જવા નીકળેલ અને ત્યાં આઇ–લેન્ડ પાર્ક નામની હોટલે ગયા અને ત્યાં બાંગ્લાદેશી બહેને કાઉન્ટર પર જઇને રૂમ નં. ૪૦૬ પર જઇને આ રૂમમાં તેણીની સાથે દુષ્કર્મ થયેલાનું જણાયેલ અને આ રૂમ બંધ હતો તેથી તે રૂમને સ્ટાફ દ્વારા ખોલી આપેલ તે રૂમમાં પણ બેડ, પંખા, ટી.વી વિગેરે સાધનો હતા અને પોલીસે આ રૂમનું લખાણ કરેલ અને સી.સી.ટી.વી. કેમેરા અને હોટલનું રજીસ્ટર લઇને બીજા દિવસે એસ.ઓ.જી. પોલીસ સ્ટેશન હાજર રહેવાની સૂચના આપેલી ત્યારબાદ તેઓ ગાડીમાં પરત આણંદ આવી ગયેલા અને તેઓએ પંચનામામાં સહી કરેલી અને તેઓને

પોલીસે પરત જવા માટે જણાવેલ. પંચ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૯૬ થી રજુ ગુન્હાવાળી જગ્યાનું પંચનામું જોઈ તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

(૩૨.૩) આ પંચ સાહેદની આરોપી નં. ૦૧, ૦૨, ૦૩, ૦૪ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૩૨.૪) આરોપી નં. ૦૫ અને ૦૮ તરફે વિદ્વાન વકિલશ્રી દ્વારા આ પંચ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ છેલ્લા ૧૦ વર્ષ થી ફીશરીઝ ખાતામાં નોકરી કરે છે અને આ અગાઉ તેઓ એકવાર એ.સી.બી. ના પંચનામા માટે ગયેલ પણ ત્યારે કોઇ કેસ બનેલ નહી જેથી પરત મોકલી આપેલ. તેઓએ સ્વીકારેલ છે કે, જે તે સમયે એ.સી.બી. નું છટકું સફળ થયેલ નહી. પંચ સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, ACB નું પંચનામુ નીલ પંચનામુ હતુ તેથી તેમાં સહીઓ કરેલ? જેના જવાબમાં જણાવેલ છે કે, સાહેદ સૌપ્રથમ આ પ્રશ્ન ના જવાબમા હા જણાવે છે અને હવે પૂછતા મને ખબર નથી તેવુ જણાવે છે. પંચ સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, પોલીસ પંચનામામાં શું કાર્યવાહી કરે તેની તમને આ પંચનામુ કર્યુ તે અગાઉ થી માહિતિ હતી? જેના જવાબમાં જણાવેલ છે કે, તેઓને અગાઉથી માહિતી ન હતી. પંચ સાહેદે જણાવેલ છે કે, પંચનામું એટલે શુ તેની પણ તેઓને માહિતિ નથી અને તેઓ ફીશરીઝ ખાતામાં આસીસ્ટંટ સુપ્રીટેન્ડન્ટ તરીકે કામગીરી કરે છે. તેઓએ સ્વીકારેલ છે કે, ફીશરીઝ ખાતામાં કોઇ બાબતે ડીસ્પયૂટ થાય તો પંચ રોજકામ કરવાનું હોય છે અને તેઓને આ કામે પંચમાં જવા માટે લેખિત આદેશ કરેલ હોય તેવુ બનેલ નથી અને અન્ય ખાતાના સરકારી કામ કાજ માટે જવું હોય તો ઉપરી અધિકારીનો લેખિત આદેશ જોઇએ તે તેઓ જાણે છે. તેઓએ જણાવેલ છે કે, હાલનું પંચનામુ સરકારી કામકાજના ચાલુ દિવસે કરવામાં આવેલ. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ પંચનામામાં જવા માટે તેમના ઉપરી અધિકારી પાસે કોઇ લેખિત આદેશ માંગેલ હોય તેવુ બનેલ નથી અને તેમના ઉપરી અધિકારીએ પોલીસના માણસ સાથે શું વાતચીત કરેલ તેની તેમને જાણકારી નથી. તેઓએ જણાવેલ છે કે, તેઓએ પંચનામું સહી કરતા અગાઉ વાંચેલ. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ પંચનામુ જુબાની આપતા પહેલા વાંચેલ છે અને પંચનામાની નકલ તેઓ જુબાની આપવા આવેલ ત્યારે સાથેના

પંચ પાસે હતી. તેઓએ જણાવેલ છે કે, પંચનામાની કોપી એસ.ઓ.જી. પોલીસ પાસેથી મેળવેલી અને આ પંચનામાની કોપી પંચનામુ કર્યુ તેના બીજા દિવસે આપેલી અને પંચનામાની કોપી લેવા પાછળનું કારણ તેઓને ખબર ન હતી અને પોલીસ તરફથી પંચનામાની ભવિષ્યમાં જરૂર પડશે તેવુ કહીને આપેલી અને પંચનામા માટે ગયા ત્યારે કોર્ટમાં જુબાની આપવી પડશે તેવી કોઇ ખબર ન હતી. તેઓએ આ પંચનામામાં કુલ કેટલી સહીઓ કરેલ તેની તેમને ખબર નથી. તેઓએ આશરે પણ કેટલી સહી કરી તે પણ ખબર નથી અને તેઓએ પંચનામાના દરેક પાના પર સહી કરી કે કેમ તે પણ આજે તેઓ કહી શકે નહી અને છેલ્લે સહી કરી છે તેવુ તેમને યાદ છે. તેઓએ જણાવેલ છે કે,પંચનામામાં ક્યાં રસ્તે વડોદરા લોટ્સ ગોલ્ડ હોટેલથી વાડજ ગયા તે રૂટ લખેલ નથી. તેઓ B.Sc. સુધી ભણેલ છે અને તેઓ તેમના વતન જવા માટે હાઇવે પરથી આવવા જવાનું થાય છે. તેઓએ સ્વીકારેલ છે કે, વડોદરા તરફથી અમદાવાદ વાડજ જવુ હોય તો અમદાવાદને પસાર કરીને સામેની બાજુ જતા વાડજ આવે. તેઓએ જણાવેલ છે કે, વડોદરાની લોટ્સ ગોલ્ડ હોટલ થી અમદાવાદ વાડજ ની હોટલ કેટલા કિલોમીટરે આવેલ છે તેનો તેઓને ખ્યાલ નથી અને વડોદરા થી અમદાવાદ એકસપ્રેસ હાઇવે પરથી ૯૦ કિ.મી થાય. તેઓએ ઇન્કાર કરેલ છે કે, વડોદરાની હોટલ થી અમદાવાદ વાડજ હોટલ દિવસના સામાન્ય ટ્રાફીકમાં ૧ કલાક ૧૫ મિનિટમા કોઇપણ સંજોગોમા પહોચી શકાય નહી અને સતત ૧૨૦ કિમી/કલાક ની સ્પીડ થી ગાડી દોડાવવામાં આવે તો પણ ૧ કલાક ૧૫ મિનિટમાં વડોદરાની હોટલ થી અમદાવાદની હોટલ પહોચી શકાય નહી. તેઓએ આ હોટલો શોધી કેવી રીતે તેવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, એસ.ઓ.જી. પોલીસે શોધેલી અને પો.સ.ઇ. સાહેબે ડ્રાઇવરને હોટલનો રૂટ બતાવેલો. તેઓએ જણાવેલ છે કે, આ રૂટ પંચનામાની કાર્યવાહી માટે નીકળ્યા ત્યારે જ બતાવવામાં આવેલ. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, પો.સ.ઇ. સાહેબ રસ્તામાં સૂચના આપી રૂટ બતાવતા હતા. તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે તેઓની હાજરીમાં કોઇ પુરાવો કબજે કરેલ નહી અને પોલીસે હોટલના રજીસ્ટર અને CCTV કેમેરા ચકાસેલાનું પંચનામામા લખેલ નથી. તેઓએ ઇન્કાર કરેલ છે કે, પોલીસે હોટલના રજીસ્ટર અને CCTV કેમેરા ચકાસેલાનું તેઓને શીખવાડવામાં આવેલ હતુ તેના આધારે જણાવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે હોટલના રજીસ્ટર અને CCTV રેકોર્ડીંગ લઇને બીજા દિવસે એસ.ઓ.જી. પોલીસ સ્ટેશને બીજા દિવસે લઇ ને આવવાની સૂચના કાઉન્ટર પર આપેલી અને પંચનામાના બીજા દિવસે

આવા CCTV રેકોર્ડીંગ અને રજીસ્ટર લઈને પોલીસ સ્ટેશને કોઇ આવેલ કે કેમ તેની તેઓને જાણકારી નથી.

(૩૨.૫) પંચ સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, પોલીસ સાથે તમો ગાડીમાં કેટલા માણસો નીકળેલા? જેના જવાબમાં જણાવેલ છે કે, છએક માણસો નીકળેલા. તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસની ગાડીમાં ચોકકસ કેટલા માણસો હતા તે તેઓ કહી શકે નહી. તેઓએ જણાવેલ છે કે, ગાડીમાં પોલીસના ૩ માણસો હતા અને તેઓ જયારે સહી કરી ત્યારે તેઓ સાથેના બીજા સ્ટાફના માણસોએ સહી કરેલી અને તેઓ અને તેમના સ્ટાફના માણસો સિવાય બીજા કોઇને તેઓએ સહી કરતા જોયેલ નથી. તેઓએ જણાવેલ છે કે, તમામ સહીઓ તેઓએ એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનમાં કરેલી. તેઓએ જણાવેલ છે કે, એસ.ઓ.જી પોલીસ સ્ટેશને પરત આવ્યા બાદ ૪૫ મિનિટ જેટલુ રોકાયેલા અને આ ૪૫ મિનિટ પંચનામાનું લખાણ કોમ્પ્યુટરમાં તૈયાર કરવામાં આવતુ હતુ તેથી રોકાયેલા. તેઓએ સ્વીકારેલ છે કે, કોમ્પ્યુટર ઉપર પંચનામાનું લખાણ તૈયાર થયા બાદ સહીઓ લેવામાં આવેલ. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓ પોલીસ સાથે કોઇપણ કાર્યવાહીમાં ગયેલ જ નથી અને સરકારી કર્મચારી હોવાથી તેમના ઉપરી અધિકારીના કહેવાથી પોલીસ સ્ટેશનમાં જઇ ફકત સહી કરેલી અને તેઓ પંચનામામાં ગયેલ ન હોવાથી તેઓ પંચનામાની નકલ કઢાવેલ રાખેલ અને વાંચીને તે મુજબ જુબાની આપેલ છે.

(૩૨.૬) આરોપી નં. ૦૬ અને ૦૭ તરફે વિદ્વાન વકિલશ્રી દ્વારા આ પંચ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ ઈન્કાર કરેલ છે કે, દુભાષીયા તરીકે એક બહેન હતા. તેઓએ સ્વીકારેલ છે કે, એસ.ઓ.જી. પોલીસ સ્ટેશને થી હોટલ નીકળતા પહેલા પોલીસે હોટલ જોયેલ હતી જેથી ત્યાં સરળતાથી પહોચી જવાય અને ગાડીમાંથી ઉતરીને સોઢાસાહેબ સૌપ્રથમ હોટલના રીશેસ્પશન પર વાતચીત કરતા અને હોટલ ઉપર સોઢાસાહેબ રજીસ્ટર જોતા હતા અને હોટલ ના રીશેસ્પશન ઉપર સોઢાસાહેબ જે વાતચીત કરતા જે તેઓ સાંભળી શકે તેટલા નજીક ન હતા અને હોટલના રીશેસ્પશને સોઢાસાહેબ સાથે તમામ આવનારાઓના ઓળખના પુરાવા લીધા બાદ જ રૂમ આપવામાં આવે છે તેમ જણાવી બધા આધાર પુરાવા બતાવેલા કે કેમ તે આજે તેઓને યાદ નથી. આ પંચ સાહેદનને સવાલ પુછવામાં આવેલ છે કે, તમે આજે

યાદ નથી તેવુ જે જણાવેલ છે તે પાછળનું કારણ એવુ છે કે તે બાબતે પંચનામામાં કોઇ લખાણ કરવામાં આવેલ નથી? જેના જવાબમાં જણાવેલ છે કે, તેઓએ નોર્મલી જણાવેલ છે. તેઓએ જણાવેલ છે કે, તેઓ ગુજરાતી લખી વાંચી સમજી શકે છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓને ગુજરાતી ભાષામાં પુછવામાં આવતા પ્રશ્નોના અર્થ તેઓ સમજી શકે છે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓ પ્રશ્નોનો જવાબ આપવાનું ટાળવુ હોય ત્યારે નોર્મલી જણાવેલ છે તેવુ કહીને જવાબ આપવાનું ટાળે છે. તેઓએ સ્વીકારેલ છે કે, પંચનામાનું લખાણ શરૂ કર્યુ અને પુરૂ કર્યુ તેની વચ્ચે તેઓને ભોગ બનનાર સાથે કોઇ વાત કરવાનો પ્રસંગ બનેલ નહી અને પંચનામાની કાર્યવાહીનું અક્ષરસહ લખાણ કરવામાં આવેલ. આ પંચ સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, પંચનામાની કાર્યવાહી દરમ્યાન ભોગ બનનાર અને સોઢાસાહેબ વચ્ચે ડાયરેકટ કે માધ્યમ થી કોઇ વાતચીત થયેલ કે કેમ તેવુ પંચનામામાં લખેલ છે? આ પંચ સાહેદે તેમને પંચનામુ વાંચવા આપેલ તે વાંચી જવાબમાં જણાવેલ છે કે, પંચનામામાં તે બાબતેનું લખાણ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ કોઇ હોટલના CCTV ફુટેજ જોયા હોય, કોઇ રજીસ્ટર જોયા હોય કે કોઇ આધારકાર્ડ જેવા પુરાવા જોયા હોય તેવુ બનેલ નથી. તેઓએ હોટલના કાઉન્ટર પર કોઇ તારીખ બાબતે ચર્ચા થયેલ તેવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, ૩ સપ્ટેમ્બરની તારીખ બાબતે ચર્ચા થયેલી. તેઓએ જણાવેલ છે કે, આ સિવાય બીજા કોઇ તારીખ બાબતે ચર્ચા થયેલ કે કેમ તે તેઓને યાદ નથી અને આ તારીખની ચર્ચા સાંઇ વિલા હોટલ પર થયેલી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, આ હોટલ ઉપર સી.સી.ટી.વી. ના આધારે કોણ કોણ વ્યક્તિ આવેલા તે નકકી કરવામાં આવેલ. તેઓએ સ્વીકારેલ છે કે, તમામ હોટલો ભરચક વસ્તીવાળા વિસ્તારમા આવેલ હતી. તેઓએ જણાવેલ છે કે, હોટલમા રૂમમાથી રોડ દેખાતો હતો કે કેમ તે તેમને યાદ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, હોટલ ના રૂમમા થી રોડ દેખાતો હતો કે કેમ તે પંચનામામા લખવામા આવેલ નથી તેથી તેઓ આજે હોટલના રૂમમાથી રોડ દેખાતો હતો કે કેમ તે આજે ચોકકસ કહી શકે નહી. તેઓએ સ્વીકારેલ છે કે, તેમને અને દુભાષીયાને વાતચીત કરવાનો કોઇ પ્રસંગ બનેલ નહી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, સોઢાસાહેબને અને દુભાષીયાને પંચનામા દરમ્યાન કોઇ વાતચીત કરવાનો પ્રસંગ બનેલ ન હતો. તેઓએ સ્વીકારેલ કરેલ છે કે, પંચનામાનુ લખાણ દુભાષીયા ની મદદથી કરવામા આવેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ સરકારી કર્મચારી તરીકે ફરીયાદ પક્ષના કેસને સમર્થન નહી આપે તો તેમની સામે ખાતાકીય

તપાસ થઇ શકે અને તેથી જ તેઓ આજરોજ પંચનામુ વાંચીને યાદ રાખીને લખ્યા પ્રમાણે જુબાની આપેલ છે.

(૩૩) ફરિયાદ પક્ષે આંક–૯૯ થી સાહેદ નં. ૦૬ તરીકે ગુન્હાવાળી જગ્યાના સી.સી.ટી.વી. ફુટેજની પેનડ્રાઇવ કબજે કર્યાના પંચનામા અને આરોપી નં.૦૧ થી ૦૩ ની શરીરસ્થિતિના પચંનામાના પંચ સાહેદ અમરસિંહ રમેશભાઈ સોઢાપરમારને તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૫/૦૯/૨૦૨૩ ના રોજ બપોરના ૦૧:૦૦ વાગે પોલીસે તેઓને એસ.ઓ.જી. પોલીસ સ્ટેશન ખાતે બોલાવેલ ત્યાં બે હોટલના મેનેજર હતા તે પૈકીની એક હોટલ વડોદરાની હતી અને બીજી હોટલના મેનેજર અમદાવાદના હતા અને આ બે મેનેજરોએ ૩ પેનડ્રાઇવ પોલીસને આપેલી અને તે પેનડ્રાઇવને કોમ્પ્યુટરમાં નાખીને કલરપ્રિન્ટ કાઢેલ અને તે કલરપ્રિન્ટમાં તેઓ પંચોની સહીઓ લીધેલી અને આ કલરપ્રિન્ટમાં છોકરીએ આરોપી હતા તે બતાવેલા અને તેના કલરપ્રિન્ટ લીધેલા અને તે પેનડ્રાઇવ પોલીસે કબજે લીધેલ અને તેમાં તેઓ પંચોની સહીવાળી કાપલી સાથે રાખેલી અને એ બાબતેનું લખાણ કરેલ અને તેમા તેઓ પંચોએ સહીઓ કરેલી. વધુમાં પંચ સાહેદે પોતાની જુબાની દરમ્યાન આંક–૧૦૦ થી રજુ ગુન્હાવાળી જગ્યાના સી.સી.ટી.વી. ફુટેજની પેનડ્રાઇવ કબજે કર્યાનું પંચનામુ જોઈ જેમાં પંચ નં. ૦૧ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. વધુમાં પંચ સાહેદે પોતાની જુબાની દરમ્યાન આંક–૧૦૧ થી રજુ ગુન્હાવાળી જગ્યાના ફોટોગ્રાફની ૦૪ કલર પ્રિન્ટ આઉટને જોઈ જેમાં દરેક પ્રિન્ટ આઉટમાં પંચ નં. ૦૧ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. વધુમાં પંચ સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ત્યારબાદ તે જ દિવસે બપોરે ૦૪:૦૦ કલાકે ફરીથી એસ.ઓ.જી. પોલીસ સ્ટેશને તેઓને પંચ તરીકે બોલાવેલ અને ત્યાં આરોપીના શરીરની અંગજડતી અને કપડાનું પંચનામુ કરવાનું હતુ અને એક આરોપીનું નામ રસિક ઘનશ્યામભાઇ જેવુ નામ હતું તેનું નામ ચોકકસ યાદ નથી તેણે શરીરે કાળા કલરનું અડધી બાયનું શર્ટ અને લીલા કલરનું પેન્ટ પહેરેલ હતુ તથા બીજો આરોપી મેસન રજાક નામનો હતો તેણે શરીરે બ્લ્યુ કલરનું આખી બાયનું શર્ટ હતુ અને બ્લ્યુ કલરનું પેન્ટ પહેરેલ હતુ અને ત્યાં એક સ્ત્રી હતી તેણે લાલ કલરનું ટી–શર્ટ અને બ્લેક કલરનું પેન્ટ પહેરેલ હતુ તે સ્ત્રીનું નામ સોનિયા હતુ. તેઓએ જણાવેલ છે કે, અગાઉ જે રસીક ઘનશ્યામ નામ જણાવેલ તેની પાસેથી વીવો કંપનીનો

મોબાઇલ ફોન મળી આવેલો અને તે ફોન તેઓ પંચોને બતાવીને સીલ મારીને કબજે કરેલ તથા મેસન રજાક પાસેથી સેમસંગ કંપનીનો ફોન મળી આવેલો તે પણ પોલીસે પંચોની સહીવાળી કાપલી મુકીને સીલ કરેલ અને સોનિયા પાસેથી બે મોબાઇલ ફોન મળી આવેલા જે બંને વીવો કંપનીના હતા તેને પણ પોલીસે પંચોની સહીવાળી કાપલી મૂકી સીલ કરી કબજે લીધેલા. પંચ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૦૨ થી રજુ આરોપી નં. ૦૩ જેઠાનંદ ઉર્ફે સુનિલ ઘનશ્યામભાઈ સેવકાની, આરોપી નં. ૦૧ મેસન સ/ઓ રઙ્કાક રહમાન બીસ્સ ઉર્ફે અનવર ઉર્ફે મુનાવર હુસેન જોય, આરોપી નં. ૦૨ સોનીયાબેન દીનેશભાઈ વેંકટ શિદે ઉર્ફે નઝમા રજાકભાઈ બીસેસની શરીર સ્થિતિનુ પચંનામુ જોઈ તેઓએ પંચ નં. ૦૧ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

(૩૩.૧) આ પંચ સાહેદે તેઓની જુબાની દરમ્યાન મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૧ માંથી નિકળેલ પેનડ્રાઇવ જોઈ તેઓએ તેમના રૂબરૂ કબજે કરવામાં આવેલ તે જ પેનડ્રાઇવ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેઓએ તેઓની જુબાની દરમ્યાન મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૨ અને ૧૩ થી રજુ પેનડ્રાઇવ જોઈ આ પેનડ્રાઇવ પોલીસે તેઓના રૂબરૂ કબજે કરેલ તે જ છે કે કેમ? તે તેઓ ચોક્કસ જણાવી શકે નહી તેમ જણાવેલ છે. આ પંચ સાહેદે તેઓની જુબાની દરમ્યાન મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૭ થી રજુ એક વીવો કંપનીનો ટચ સ્ક્રીનવાળો મોબાઈલ ફોન, મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૮ થી રજુ સેમસંગ કંપનીનો ટચ સ્ક્રીનવાળો મોબાઈલ, મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૯ થી રજુ વીવો કંપનીનો ટચ સ્ક્રીનવાળો મોબાઈલ અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૦ થી રજુ વીવો કંપનીનો ટચ સ્ક્રીનવાળો મોબાઈલ હાથમાં પકડી તપાસી આ ફોન તેઓના રૂબરૂ કબજે કરેલ તે જ છે કે કેમ? તે તેઓ ચોક્કસ જણાવી શકે નહી તેમ જણાવેલ છે. તેઓએ જણાવેલ છે કે, પંચનામામાં પેનડ્રાઇવ રજુ કરનારનું નામ અને વિગત લખવામાં આવેલ કે કેમ તેની વિગત તેઓને ખબર નથી અને મોબાઇલ ફોન તેઓએ હાથમાં પકડી જોયેલ હોય તેમાં ૩ ફોન વીવો કંપનીના હતા અને ૧ ફોન સેમસંગ નો હતો તેવુ તેઓને યાદ છે તે સિવાય તેના મોડેલ કે સીમકાર્ડની વિગતો યાદ નથી.

(૩૩.૨) આરોપી નં. ૦૧ અને ૦૨ તરફે વિદ્વાન ચીફ ડીફેન્સ કાઉન્સીલ શ્રી દ્વારા આ પંચ સાહેનની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે,

આજદિન સુધીમાં તેઓએ ૧૦૦ જેટલા પંચનામામાં સહીઓ કરેલ હશે અને તે અનુસંધાને તેઓએ કોર્ટમાં જુબાની આપેલ છે. તેઓએ જણાવેલ છે કે, તેઓને તેમના રૂબરૂમાં થયેલ તમામ પંચનામાની વિગતો યાદ રહેતી નથી અને પંચનામુ થયાના ૨–૩ મહિના સુધી તેની વિગતો તેઓને યાદ રહેતી હોય છે અને પંચનામુ થયા પછી લાંબા સમયગાળા બાદ જુબાની આપવાનુ થાય તો જુબાની પંચનામુ વાંચીને આપે છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ આજે પણ વાંચીને જુબાની આપવા આવ્યા છે અને પંચનામા સમયે પંચનામુ પોલીસ લખતી હોય છે અને તેમા તેઓ સહી કરે છે અને આ વખતે પોલીસે લખેલા તૈયાર પંચનામામા તેઓની સહી કરેલી અને તેઓ આજરોજ વાંચીને જુબાની આપેલ છે અને પોલીસે તૈયાર લખેલા પંચનામામાં સહી કર્યા સિવાય તેઓએ કોઇ કાર્યવાહીમાં ભાગ લીધેલ નથી. ત્યારબાદ તેઓએ જણાવેલ છે કે, પોલીસે તેઓ રૂબરૂમાં કાર્યવાહી કરેલી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, પંચનામાની કાર્યવાહી વખતે ત્યાં ૧૦–૧૫ બીજા માણસો પણ હાજર હતા. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ સરતપાસમાં જે માણસોના નામ લખાવેલ તે પંચનામાને આધારે લખાવેલ છે.

(૩૩.૩) આરોપી નં. ૦૩ અને ૦૪ ના વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉપર મુજબની ઉલટ તપાસ સ્વીકારવામાં આવેલ છે.

(૩૩.૪) આરોપી નં. ૦૫ અને ૦૮ તરફે વિદ્વાન વકિલશ્રી દ્વારા તેઓની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ આપેલ આજદિન સુધીની પંચ તરીકેની જુબાનીમાં તેઓને કાયમ ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ આપેલ આજદિન સુધીની જુબાનીઓમા મોટાભાગે તેમને ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવે છે. તેઓએ જણાવેલ છે કે, તેઓનો ધંધો સ્કુલના છોકરાઓની રીક્ષાવર્ધીનો છે. આ પંચ સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, પોલીસે તમને જ કેમ પંચ તરીકે બોલાવે છે તેનુ કોઇ ચોકકસ કારણ છે? જેના જવાબમાં જણાવેલ છે કે, તેનુ કોઇ કારણ નથી. તેઓએ જણાવેલ છે કે, પોલીસ તેઓને પંચનામા માટે બોલાવે છે તેનો તેઓએ કેટલીક વખત વિરોધ કરેલ છે અને પોલીસ તેઓને પંચ માટે બોલાવે છે તેનો વિરોધ તેઓએ કોર્ટમાં કે પોલીસ સમક્ષ કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓના જેટલા પંચનામા હોય છે તેના મહદઅંશેના પંચનામામાં તેઓના સાથી પંચ તરીકે શબ્બીરભાઇ અબ્દુલભાઇ વહોરા

હોય છે અને શબ્બીરભાઇ પણ રીક્ષા ડ્રાઇવીંગનું કામ કરે છે. તેઓએ ઇન્કાર કરેલ છે કે, પંચનામાઓમા સહી નહી કરવામાં આવે તો રીક્ષાઓ બાબતે મેમા મળશે તેવી પોલીસ તરફથી ધમકીઓ મળતી હોય છે. તેઓએ સ્વીકારેલ છે કે, આ કામે પંચનામા અંગે તેઓને જુબાની આપવાની છે તેની ટુંકમાં વિગત તેઓએ તેમના ખીસ્સામાં લખીને રાખેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓને તેમની જુબાનીમાં શું બોલવાનું છે તે માટે તેઓ કાગળોમાં લખીને વિગતો ખીસ્સામાં રાખેલ છે. તેઓએ જણાવેલ છે કે, તેઓ આજરોજ જે ચીઠ્ઠીઓ બનાવેલ છે તે કોઇ કાગળો વાંચીને બનાવેલ નથી. આ પંચ સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, તમે ક્યા કાગળો જોઇને આ ચીઠીઓ બનાવી? જેના જવાબમાં જણાવેલ છે કે, તેઓ જે સમયે પંચમાં રહે છે તે સમયે કાગળમાં ટુંકમા લખી લે છે તે ચીઠ્ઠીઓ છે. તેઓએ સ્વીકારેલ છે કે, એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનમાં જયારે પંચમાં રહેવા ગયેલ ત્યારથી આ લખાણ તેઓની પાસે છે. તેઓએ ઇન્કાર કરેલ છે કે, અગાઉના પંચનામાના કિસ્સાઓમાં તેઓએ કયારેય પણ આવી ચીઠીઓ બનાવેલ નથી અને તેઓ જુબાની આપવા સવારે વહેલા કોર્ટમાં આવેલ હતા અને અધિકારીને મળતા તેમણે તેઓને પંચનામુ વાંચવા આપેલ તે આધારે તેઓએ તેમની સરતપાસ આપેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, ૩ મહિનાથી વધુ લાંબો સમયગાળો થઇ જાય એટલે કોઇ ચોકકસ નામ યાદ નહી રહે તેવુ બની શકે અને પંચનામાના લાંબા સમયગાળા બાદ કોઇ વસ્તુઓ પણ ચોકકસ યાદ નહી રહે તેવુ બની શકે અને ચોકકસ કઇ વ્યક્તિએ ચોક્કસ કઇ વસ્તુ રજુ કરી તે પણ તેઓ લાંબો સમયગાળો થઇ ગયેલ હોવાથી ચોકકસ કહી શકે નહી અને મુદ્દામાલની વસ્તુઓ ઉપર તે જ છે તેવુ ઓળખવા માટે ના કોઇ ચોક્કસ ચિન્હો કે નિશાનીઓ નથી અને પંચનામુ કર્યુ ત્યારે કોઇ છોકરી ત્યાં હાજર ન હતી અને પંચનામાની કાર્યવાહી દરમ્યાન કોઇ છોકરીએ કોઇ વસ્તુ ઓળખી હોય તેવુ બનેલ નથી. તેઓએ ઇન્કાર કરેલ છે કે, પંચનામાનું લખાણ કયા પોલીસ અધિકારીએ ટાઇપ કરી તૈયાર કરેલ તેની તેઓને ખબર નથી. તેઓએ સ્વીકારેલ છે કે, પંચનામાનું લખાણ ક્યા અધિકારીએ લખાવેલ તે તેઓને ખબર નથી અને રાઇટરે આવીને તેઓની તથા અન્ય પંચ શબ્બીરભાઇની સહીઓ લેવાની હતી ત્યાં સહીઓ લીધેલી અને તેઓ આજે જે તેઓની સહીઓ ઓળખી બતાવી તે સિવાય બીજી કોઇ કાર્યવાહીનો તેઓને ખ્યાલ નથી. તેઓએ જણાવેલ છે કે, પોલીસે કોઇ કપડા તેઓની હાજરીમાં કબજે લીધેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ પંચનામાની કાર્યવાહી માટે ૧૦ મિનિટ જેટલુ રોકાયેલ અને સહીઓ કરી નીકળી

ગયેલ.

(૩૩.૫) આરોપી નં. ૦૬ અને ૦૭ તરફે વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, જે ૩ પેનડ્રાઇવો જોવાનો પ્રસંગ બનેલ તે પેનડ્રાઇવ ક્યા દિવસના, કઇ હોટેલના અને કયા સમયના રેકોર્ડીંગની હતી તેની તેઓને ખબર નથી અને પેનડ્રાઇવ જયારે પ્લે કરવામાં આવેલ ત્યારે તે ક્યા સમયની ક્યા સ્થળની હતી તેની તેઓને ખબર નથી અને પેનડ્રાઇવમાંથી જે જે ફોટા લેવામાં આવેલા તે બાંગ્લાદેશી છોકરીને બતાવવામાં આવેલા અને કહેવામાં આવેલ કે આને તારે ઓળખી બતાવવાના છે અને પેનડ્રાઇવનો વીડીયો તેઓના રૂબરૂમાં પ્લે કરીને બતાવવામાં આવ્યો હોય અને બાંગ્લાદેશી છોકરી પાસેથી ઓળખ કરાવેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ જણાવેલ છે કે,આ કાર્યવાહી કરવાનું એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનમાં દાખલ થતા પ્રથમ રૂમ પછી જે બે રૂમ આવે છે તે પૈકીના બીજા રૂમમાં કરવામાં આવેલી. તેઓએ સ્વીકારેલ છે કે, લોબીમાં આગળ જતા પી.એસ.આઇ. ની ચેમ્બર આવે છે અને છેલ્લે પી.આઇ. સાહેબ ની ચેમ્બર આવે છે. તેઓએ જણાવેલ છે કે, કાર્યવાહીના કાગળો પી.એસ.આઇ. સાહેબની ચેમ્બરમાં લઇ જવાતા હતા કે કેમ તે તેની ખબર નથી. તેઓએ સ્વીકારેલ છે કે, જયારે પંચનામામા સહી કરી ત્યારે પોલીસ સ્ટાફના માણસો અને તેઓ હાજર હતા અને ત્યાં કોઇ પી.એસ.આઇ. કે પી.આઇ. હાજર ન હતા અને જયારે તેઓએ સહી કરી ત્યારે ત્યા પંચનામાઓમાં તેઓની સહીઓ હતી તે સિવાય કોઇ અધિકારીની સહી ન હતી.

(૩૪) ફરિયાદ પક્ષે આંક–૧૦૩ થી સાહેદ નં. ૦૭ તરીકે ભોગ બનનારની શારીરિક તપાસણી કરનાર ડોક્ટર દીપલ શાહને તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ છેલ્લા બે વર્ષથી કરમસદ શ્રી કૃષ્ણ હોસ્પીટલમાં આસી. પ્રોફેસર તરીકે ગાયનેક વિભાગમાં ફરજ બજાવે છે અને તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ તેઓ તેમની ફરજ પર હાજર હતા ત્યારે પી.આઇ. શ્રી એસ.ઓ.જી. આણંદની યાદી સાથે વુમન પો.કો. સુશીલાબેન બ.નં ૩૦૧ નાઓ ભોગ બનનારને શારીરીક ચકાસણી માટે યાદી લઇને આવેલા અને જે યાદી તેઓની હોસ્પીટલના ડો.રશ્મિતાનાઓએ રીસીવ કરેલ અને રીસીવ કર્યા બાદ તે યાદી તેઓ તરફ મોકલી આપેલ. ડોક્ટર સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૦૩A થી રજુ

ભોગ બનનારની શારીરિક તપાસણી કરવા માટેની યાદી જોઈ જે યાદી તેઓએ સ્વીકાર્યા બદલ તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, ભોગ બનનારની શારીરીક તપાસણી કરતા પહેલા તેની સંમતિ લીધેલી અને તે બદલ ભોગ બનનારે તેઓની હોસ્પીટલના કેસ પેપરમાં તેમજ એમ.એલ.સી. સર્ટીમાં સંમતિ વાળા કોલમમાં સહી કરેલ. વધુમાં ડોક્ટર સાહેદે પોતાની જુબાનીમાં આંક–૧૦૪ થી રજુ થયેલ અસલ કેસ પેપરમાં ભોગ બનનારની તથા તેઓના વિભાગના ફીમેલ એટેન્ડન્સ સંગીતાબેન તેઓની હોસ્પિટલના નર્સ હતા તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. વધુમાં ભોગ બનનારની શારીરિક તપાસણી કરનાર ડોક્ટરે જણાવેલ છે કે, ભોગ બનનારની શારીરીક ચકાસણી દરમ્યાન તેણીના ઓળખ ચિન્હો તરીકે જમણા હાથ પર ટેટુ માર્ક હતુ અને કપાળ ઉપર કાળા તલનું નિશાન હતુ તથા ડાબા હાથના અંગુઠાનું નિશાન ઓળખના ચિન્હ તરીકે એમ.એલ.સી. પેપરમાં લેવામાં આવેલ તથા ભોગ બનનારને માસિક હિસ્ટ્રી પુછતા ભોગ બનનારે જણાવેલ છે કે, "તેણીની માસીક શરૂઆત ૧૩ વર્ષની ઉમરે થયેલી અને દર ૨૮ થી ૩૦ દિવસના અંતરે ૦૫ થી ૦૭ દિવસ માસીક આવતુ હતુ તેણીને છેલ્લી માસિક ની તા.૦૧/૦૭/૨૦૨૩ હતી." આ ડોક્ટર સાહેદે વધુમાં જણાવેલ છે કે, ભોગ બનનારને બનાવ સબંધે હિસ્ટ્રી પુછતા ભોગ બનનારે બાંગ્લા ભાષામાં આપેલી અને તે વખતે ત્યાં એક અનુવાદક હાજર હતા જેમણે બાંગ્લાદેશી ભાષાનું ગુજરાતી ભાષામાં અનુવાદ કરીને હિસ્ટ્રી લખાવેલી જે મુજબ, *"ભોગ બનનાર બાગ્લાદેશની સગીરા છે તેની ફેસબુક પર મનોહર સાથે ઓળખાણ થઈ હતી ભોગ બનનારને મોડેલ બનવુ હતુ અને મનોહરે તેને મોડેલ બનાવવા માટે લાલચ આપી હતી મનોહરે ૧૩ ઓગસ્ટે ભોગ બનનાર અને તેની મિત્ર દેજાને બોર્ડર ક્રોસ કરવામાં મદદ કરી હતી ભોગ બનનાર અને દેજાએ રાત્રે ૧૦ વાગે ચાલીને બોર્ડર ક્રોસ કરી ૨૪ ઓગસ્ટ સવારે ૦૩ વાગે બન્ને પશ્ચિમ બંગાળ પહોચ્યા ત્યાં બન્નેએ કોઈ ના ઘરે ૦૨ કલાક આરામ કર્યો સવારે ૦૫ વાગે કોઈક તેમને બાઈક પર લેવા આવ્યુ અને કોઈ બીજી જગ્યાએ લઈ ગયા બપોરે ૧૨ વાગે કોઈ કાર લઈને આવ્યુ અને સ્ટેશન લઈ ગયા બપોરે ૦૧/૧૫ એ મુંબઈ જવા માટે ટ્રેન રવાના થઈ ૨૬ તારીખે રાત્રે ૧૨ વાગે મુંબઈ પહોચ્યા ત્યાં તેઓ મનોહરને મળ્યા મનોહર ભોગ બનનાર અને દેજાને લઈને સોનીયાના ઘરે આવ્યા સોનીયા મનોહરની મિત્ર છે સોનીયાના ઘરે ભોગ બનનાર અને દેજા ૦૩ દિવસ માટે રહ્યા પછી ભોગ બનનાર અને તેણીની મિત્ર દેજાને અલગ કરી દેવામાં આવ્યા.*

સોનીયા અને ભોગ બનનાર ટ્રેનથી વલસાડ ગયા (૨૯ તારીખે) પછી ત્યાંથી વડોદરા આવ્યા ત્યાં એક હોટલમાં એક માણસ સાથે ત્રણ વખત સંભોગ કર્યો પછી બન્ને ટ્રેનથી અમદાવાદ ગયા ત્યાં બે હોટલમાં રહીને બે માણસ સાથે ત્રણ ત્રણ વખત સંભોગ કર્યો છેલ્લી વખત તા.૦૩/૦૯/૨૦૨૩ ના સંભોગ કરેલ છે પછી ત્યાંથી બસમાં આણંદ આવ્યા આણદમાં ભોગ બનનાર અને સોનીયા ગોપાલના ઘરે રહ્યા ગોપાલ સોનીયાનો મિત્ર છે ત્યાં ભોગ બનનારે તેના કઝીન ભાઈને સંપર્ક કર્યો જે બાગ્લાદેશમાં રહે છે તેના ભાઈએ વડોદરામાં રહેતા તેના મિત્રને સમગ્ર ઘટનાની જાણ કરી તેના મિત્રએ ૧૮૧ અભયમની મદદ લીધી અને તેઓ સગીરાને વિધ્યાનગર પોલીસ સ્ટેશને લઈને આવ્યા દર્દીની જુબાની મુજબ સંભોગ તેની મરજી વિરુદ્ધ થયેલો છે ભાષાની જાણ ન હોવાને લીધે દર્દી પોતાની મરજી નથી એ જણાવી શકતી ન હતી. સંભોગ વખતે નિરોધનો ઉપયોગ કરેલ છે આરોપી દ્વારા દર્દી સાથે ઓરલ સેક્સનો પણ પ્રયત્ન થયેલ છે દર્દીના શરીર પર કોઈપણ જાતના ઘાના નિશાન જોવા મળેલ નથી". ડો.શાહે વધુમાં જણાવેલ છે કે, તેણીને તપાસતા નાડીના ધબકારા, બી.પી. વિગેરે સામાન્ય હતા અને બાહ્ય ઈજાના નિશાનો જોવા મળેલા નહી અને તેણીના ગુપ્ત ભાગની તપાસ કરતા હાયમન તૂટી ગયેલુ હતુ અને ગુપ્ત ભાગ પર કોઇ ઈજાના નિશાનો જણાઇ આવેલા નહી અને તેણીએ બનાવ પછી સ્નાન કરી દીધેલ અને કપડા બદલી લીધેલા હતા અને ભોગ બનનારની શારીરિક તપાસણી દરમ્યાન ભોગ બનનારના શરીર ઉપરથી વધુ તપાસ માટે વલ્વલ સ્વાબ, વજાઇનલ સ્વાબ, લોહી લીધેલ અને તેને સીલ પેક કરીને એફ.એસ.એલ અમદાવાદ ખાતે મોકલાવવા ફોરવર્ડીંગ યાદી સાથે પોલીસને આપેલી. ડોક્ટર સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૦૫ થી રજુ એફ.એસ.એલ. ના ફોરવર્ડીંગ પત્રની સ્થળપ્રતમાં તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. ડો. શાહે તેમની જુબાનીમા જણાવેલ છે કે, ભોગ બનનારની શારીરિક તપાસણી કરી તેઓના અભિપ્રાય મુજબ ભોગ બનનારની સાથે ભુતકાળ અથવા વર્તમાનમાં શારીરિક સબંધ થયેલ હોઇ શકે અને જે મતલબનું એમ.એલ.સી. સર્ટી તૈયાર કરીને પોલીસને સુપ્રત કરેલુ. ડોકટર સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૩૫ થી રજુ સર્ટી જોઈ જે તેઓની સુચના મુજબ તેઓના જુનિયર ડોકટર રશ્મિતાના હસ્તાક્ષરમાં તૈયાર કરેલુ જેમાં તેઓએ તેમની સહી અને તેઓના હોદ્દાનો સિક્કો હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેઓએ મેડીકોલિગલ એક્ઝામિનેશન રીપોર્ટ ઓફ સેક્સયુલ વાયલન્સના રીપોર્ટના કુલ આગળ પાછળ છ પાનાઓ જોઈ જે ડો.રશ્મિકાના હસ્તાક્ષરમાં હોવાનું

જણાવી તેમાં તેઓની સહી હોવાનું જણાવેલ છે અને તેથી તે કુલ છ કાગળોને સંયુક્ત આંક–૧૦૬ આપવામાં આવેલ છે.

(૩૪.૧) આરોપી નં. ૦૧ તરફે વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓને ગુજરાતી ભાષા લખતા વાંચતા આવડતુ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારને શારીરિક તપાસણી માટે લાવવામાં આવેલા ત્યારે તેણીને પોલીસ ચાદી સાથે લાવવામાં આવેલા અને તેઓની હોસ્પિટલમાં મેડીકોલિગલ એક્ઝામિનેશન રીપોર્ટ ઓફ સેક્સયુલ વાયલન્સના ફોર્મ છાપેલા તૈયાર રાખવામાં આવે છે અને આ ફોર્મ ૦૫ પાનાનું છાપેલ હોય છે અને ફોર્મના છેલ્લા કાગળ ઉપર તેઓની સહી કરવાની હોય છે. ડોક્ટર સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, સર્ટીફિકેટ સાથે વધારાના કાગળનો ઉપયોગ કરવાનો થાય તો તે વધારાના કાગળ ઉપર સર્ટીફીકેટનો નંબર લખવો પડે? જેના જવાબમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે. તેઓએ સ્વીકારેલ છે કે, જે કોલમની વિગત લખવા માટે વધારાનો કાગળ લીધો હોય તેની નોંધ જે તે કોલમમાં કરવી પડે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનારની તપાસણી પહેલા ભોગ બનનાર હિન્દી અને બાગ્લાદેશી ભાષા જાણતા હોવાનું તેઓના ધ્યાન પર આવેલુ. ડોક્ટર સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, મેડીકોલિગલ એક્ઝામિનેશન રીપોર્ટ ઓફ સેક્સયુલ વાયલન્સના પ્રથમ પાના ઉપર હિન્દી અને બેગોલી તેવો શબ્દ લખેલ છે. જેના જવાબમાં જણાવેલ છે કે, ભોગ બનનાર હિન્દી ભાષા જાણતા ન હતા તે બાબતે તેઓ ચોક્કસ છે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ આ રીપોર્ટમાં ખોટુ લખેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આ મેડીકોલિગલ એક્ઝામિનેશન રીપોર્ટમાં છાપેલા ફોર્મના છેલ્લા પાના ઉપર તેઓની સહી છે તે સિવાયના કોઈ હસ્તાક્ષર તેઓના નથી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, સાથેના ટ્રાન્સલેટર હિન્દી ભાષામાં તેઓને જવાબો જણાવતા હતા તેથી હિન્દી લખેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, હિન્દી લખેલુ તેઓ જુબાની દરમ્યાન પ્રથમ વખત વાંચે છે અને પાના નં.૦૧ ઉપર જે હિન્દી ભાષાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તેવો ઉલ્લેખ તેઓએ તેમની સરતપાસમાં કરેલ નથી અને આંક–૧૦૬ ના ૦૧ થી ૦૫ નંબરના પાનામાં ડો.રશ્મિતાની કોઈ સહી નથી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, આંક–૧૦૬ ના પાના નં.૦૧ થી ૦૫ માં દર્શાવેલ હિસ્ટ્રી ભોગ બનનારના લખાવ્યા મુજબ લખી લેવામાં આવેલ નથી અને પોલીસ ચાદી આધારે લખી લેવામાં આવેલ છે. તેઓએ સ્વીકારેલ છે

કે, ભોગ બનનાર જે ભાષામાં હિસ્ટ્રી લખાવેલ તે ભાષામાં સામાન્ય રીતે લખી લેવી જોઈએ. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ ભોગ બનનારની કોઈ શારીરિક તપાસણી કરેલ નથી.

(૩૪.૨) આરોપી નં. ૦૨, ૦૩ અને ૦૪ ના વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉપર મુજબની ઉલટ તપાસ સ્વીકારવામાં આવેલ છે.

(૩૪.૩) આરોપી નં. ૦૫ અને ૦૮ તરફે વિદ્વાન વકિલશ્રી દ્વારા આ તબીબી સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારને તપાસતા પહેલા તેઓએ પોલીસના રજુ થયેલા કાગળો વંચાણે લીધેલા અને તેઓને પોલીસ તરફથી આંક–૧૦૩ A ની યાદી બે પાનામાં મળેલી અને પ્રથમ પાના ઉપર રીસીવનો શેરો કરેલ છે અને આંક–૧૦૩ A ના પ્રથમ પાના ઉપર તેના કોઈ બીજા પાનાનું સાંધણ છે તેવો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, આંક–૧૦૩ A ના કાગળોમાં નીચે ભાગે પાના નંબર લખેલ છે અને તેઓ યાદીના બે પાનાઓ સ્વીકારેલા તેવો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ યાદી રીસીવ કરતા સમયે કરેલ નથી. ડોક્ટર સાહેદે સ્વીકારેલ છે કે, પોલીસે તેઓને કઈ બાબતનું મેડીકલ કરવાનું છે તે બાબતની લેખિત સુચી આપેલ હતી અને તેઓએ જે મેડીકલ એક્ઝામિનેશન કરેલ છે તેમા તેઓએ સુચી મુજબની તમામ તપાસ કરેલ નથી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ આ કામે સુચી મુજબની મોટાભાગની તપાસનો અભિપ્રાય આપેલો નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આ કામે ભોગ બનનારની શારીરિક તપાસણી તેઓએ જ કરેલી અને આંક–૧૦૬ ના પાના નં.૦૫ ના કોલમ નં.૨૫ માં તેઓએ કોઈ અભિપ્રાય આપેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આ શારીરિક તપાસણીના અંતે તેઓ ચોક્કસ ન હતા તેથી તેઓએ કોલમ નં.૨૫ માં કોઈ અભિપ્રાય આપેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓની શારીરિક તપાસણી દરમ્યાન ભોગ બનનાર સાથે કોઈ એક જ વ્યક્તિએ શરીર સબંધ બાંધેલાનું ધ્યાનમાં આવેલ અને આંક–૧૦૬ ના પાના નં.૦૧ ઉપર કોલમ નં.૧૨ ની વિગત ભોગ બનનાર કોને વિગત આપે છે શું વિગત આપે છે અને કઈ ભાષામાં આપે છે તે બાબતેના સર્ટીફિકેટ સ્વરૂપની છે અને કોલમ નં.૧૨ માં વિગતો કોની હાજરીમાં આપવામાં આવી તેની વિગતો લખવાની હોય છે અને તેમાં તેઓની સહી લેવાની હોય છે અને આંક–૧૦૬ માં પાના નં. ૦૧ ના પાછળના ભાગે જે

અંગુઠો લેવામાં આવેલ છે તે અંગુઠો કોનો છે તે નામ લખવામાં આવેલ નથી અને કોલમ નં.૧૪ (૭) ની હિસ્ટ્રી કઈ ભાષામાં બોલવામાં આવી અને તેનુ કઈ ભાષામાં અનુવાદ કરવામાં આવ્યુ તેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, આંક–૧૦૬ ના હસ્તાક્ષરો કોના છે એ તેઓ કહી શકે તેમ નથી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે ડો.રશ્મિતાના છે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ આ કામે ભોગ બનનારનું કોઈ શારીરિક તપાસણી કરેલ જ નથી અને ફક્ત કોલમ નં.૨૪ માં તેઓની સહી કરેલ છે અને આંક–૧૦૬ ના કોલમ નં.૧૪(૭) ના જે હિસ્ટ્રી નોંધેલ છે તે પોલીસે આપેલ કાગળના આધારે લખી અને જોડી દીધેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, કોલમ નં.૨૪ માં કેટલા નંબરની સીટ સાથે જોડેલ છે તેનો ઉલ્લેખ કરેલ નથી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, આંક–૧૦૬ ના કોલમ નં.૨૪ માં સાથે જોડેલ સીટનો ઉલ્લેખ એવા કારણથી નથી કરેલ કે પોલીસને મદદરૂપ થવા ખોટો રીપોર્ટ પાછળથી કરી આપેલ હતો. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ ડોક્ટર રશ્મિતાને ગુજરાતી ભાષા લખાતા આવડે છે કે કેમ તે અંગે તેઓએ કોઈ લેખિત રીપોર્ટ લીધેલ નથી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ આ કામે ભોગ બનનારની કોઈ શારીરિક તપાસણી કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, કોઈ શારીરિક રીતે સક્ષમ સ્ત્રી ઉપર મરજી વિરુદ્ધ શરીર સબંધ બાંધવામાં આવે તો ભોગ બનનાર તેનો પ્રતિકાર કરે અને ભોગ બનનાર પ્રતિકાર કરે તો બળાત્કાર ગુજારનારના શરીર ઉપર કે ભોગ બનનારના શરીર ઉપર કોઈ ઈજાના નિશાન મળી શકે અને કોઈ સ્ત્રીને તેની વિરુદ્ધ બળાત્કાર કરવામાં આવે તો તેને તે વિશે ખબર પડે અને સ્ત્રી સાથે મરજી વિરુદ્ધ શરીર સબંધ બાંધવામાં આવે તો તે તેનો વિરોધ કરે અને ભોગ બનનારના શરીર ઉપર કોઈ ઈજાના નિશાન મળી આવેલ ન હતા. તેઓએ જણાવેલ છે કે, તેઓએ ભોગ બનનારને તેણીએ બનાવમાં પ્રતિકાર કરેલ છે કે કેમ? તે વિશે પુછેલુ, ભોગ બનનારે પ્રતિકાર કરેલ કે કેમ? તેના જવાબમાં તેને ભાષા આવડતી ન હતી તેથી તેણીએ પ્રતિકાર કરી શકેલ નહી તેમ જણાવેલ. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે શારીરિક રીતે બનાવનો પ્રતિકાર કરેલ હોય તેવી કોઈ વિગત તેઓને જણાવેલ નથી અને જાતિય દુષ્કર્મના કેસમાં વિરોધ કરવા માટે ભાષા આવડતી હોવી જરૂરી નથી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, આંક–૧૦૬ ના મેડીકોલિગલ એક્ઝામિનેશન રીપોર્ટ બાબતે તેઓ ખોટી જુબાની આપેલ છે.

(૩૪.૪) આરોપી નં. ૦૬ અને ૦૭ તરફે વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉલટ તપાસ

કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ માસ્ટર ઓફ સર્જરી (ઓબીજીવાય) ની ડિગ્રી ધરાવે છે. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૦૬ ના કોલમ નં.૧૫(એફ)ની છેલ્લી ત્રણ વિગતો મુજબ ભોગ બનનારને બનાવ પહેલા કે બનાવ બાદ કોઈ રક્તસ્ત્રાવ થયેલ ન હતો અને આંક–૧૦૬ ના આખા સર્ટીફિકેટ મુજબ ભોગ બનનારને બનાવમાં કોઈ રક્તસ્ત્રાવ થયેલ ન હતો અને કોલમ નં.૧૬ ની વિગત મુજબ તેઓએ આ કામે ભોગ બનનારને સૌપ્રથમ વખત તપાસેલ હતા અને કોલમ ૧૮ મુજબ લાબીયા મેજોરો અને લાબીયા માયનોરા નોર્મલ જોવા મળેલ હતા. આ ડોક્ટર સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, આખા પરીક્ષણ દરમ્યાન ભોગ બનનાર સાથે જોર જબરજસ્તી થયેલાના કોઈ ચિન્હો જોવા મળેલ ન હતા? જેના જવાબમાં જણાવેલ છે કે, પેન્ટ્રેશન થયેલ હતુ ફોર્સફુલી થયેલ હતુ કે કેમ તે કહી શકે નહી. તેઓએ સ્વીકારેલ છે કે, આ પેન્ટ્રેશન કેટલા સમય પહેલાનું હતુ તે તેઓ કહી શકે નહી. તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનારને તેઓએ આ અગાઉ કોઈ શરીર સબંધ બાંધેલ હતો કે કેમ તે વિશે પુછેલ હતુ. તેઓએ જણાવેલ છે કે, આ બનાવ અગાઉ ક્યારે શરીર સબંધ બાંધેલ હતો તેની વિગત તેઓએ સર્ટીફિકેટમાં લખેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આ ભોગ બનનારને તપાસ્યા તે અગાઉથી જ આ મેડીકોલિગલ કેસ છે તે તેઓ જાણતા હતા અને મેડીકોલિગલ કેસમાં ભોગ બનનારની તપાસ કેવી રીતે કરવી તે વિશે પુરેપુરૂ જ્ઞાન ધરાવે છે. તેઓએ જણાવેલ છે કે, તેઓ જે જુબાની આપે છે તે તેઓની યાદશક્તિ અને રીપોર્ટની વિગતના આધારે આપે છે. તેઓએ સ્વીકારેલ છે કે, મેડીકોલિગલ કેસમાં તપાસણીની તમામ વિગત નોંધવી ફરજીયાત છે અને જે પણ તપાસણી કરેલી તે તેઓએ આંક–૧૦૬ ના સર્ટીફિકેટમાં નોંધી લીધેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૦૩ A માં પોલીસે પ્રતિકાર અથવા તો ઝપાઝપીની માહિતી હોય તો તે બાબતે પ્રશ્ન પુછેલ હતો અને તેઓએ આ કામે બનાવમાં પ્રતિકાર કે ઝપાઝપી થયેલ હતી કે કેમ? તે અંગે તેઓનો કોઈ અભિપ્રાય આપેલ નથી. આ ડોક્ટર સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, તમને ભોગ બનનારની આંતરીક તપાસ દરમ્યાન તાજુ હાયમન ટોર્ન થયેલાનુ જણાયેલ નહી? જેના જવાબમાં જણાવેલ છે કે, હાયમન ટોર્ન તાજુ હતુ કે કેમ તે કહી શકાય તેમ ન હતુ. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર અગાઉથી શારીરિક સબંધ બાંધવા ટેવાયેલ હતા કે કેમ? તે બાબતે અભિપ્રાય આપી શકે નહી અને હાયમન ટોર્ન થવાના ઘણા કારણો હોય શકે અને હિસ્ટ્રી બાદ કરતા ભોગ બનનાર સાથે શરીર સબંધ થયેલો છે તેવુ તેઓ કહી શકે નહી. તેઓએ સ્વીકારેલ છે કે,

કોઈપણ વ્યક્તિને જોઈને તેની ઉંમર ચોક્કસ પણે કહી શકાય નહી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ આંક–૧૦૬ માં ભોગ બનનારની જે ઉંમર લખેલ છે તે પોલીસ કાગળોના આધારે લખેલી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારની ઉંમર બાબતેનો કોઈ આધાર પોલીસે કે અન્ય કોઈએ તેઓની સમક્ષ રજુ કરેલ ન હતો અને તેઓએ આંક–૧૦૬ વાળો પાના નં.૦૧ થી ૦૫ નો રીપોર્ટ તૈયાર કરેલો અને તેની નીચે તેઓની સહી કરેલી અને તમામ રીપોર્ટના અંતે સહી કરવાની હોય છે તે તેઓ જાણે છે અને તેઓ આ કામે પણ તે જ રીતે રીપોર્ટના અંતે સહી કરેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, ચેકછાક થાય ત્યાં ટુંકી સહી કરવી જોઈએ તેવુ તેઓ જાણે છે અને આંક–૧૦૪ ના કન્શેન્ટ પેપરના ચેકછાક આગળ તેઓએ કે ડો.રશ્મિતાએ ટુંકી સહી કરેલ નથી અને આંક–૧૦૪ ની ચેકછાક છે તેમાં ભોગ બનનારને લાવનાર પો.કો. સુશીલાબેન જેસીંગભાઈ તથા તેમનો બ.નં. લખાયેલ હતો તે છેકવામાં આવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે બનાવ સમયે ક્યા કપડા પહેરેલા તે અંગે તેઓએ તેની કોઈ પુછપરછ કરેલ નથી અને ભોગ બનનાર ઉપર નિર્ણાયક રીતે બળાત્કાર થયેલ છે કે કેમ તે તેઓ કહી શકે તેમ નથી.

(૩૫) ફરિયાદ પક્ષે આંક–૧૧૨ થી સાહેદ નં. ૦૮ તરીકે ભોગ બનનારનો ઓસિફિકેશન ઓફ બોન ટેસ્ટ કરનાર અને આરોપી નં. ૦૫ થી ૦૮ ની શારીરિક તપાસણી કરનાર ડોક્ટર મિલિનસીંધ બદ્રીપ્રસાદ યાદવને તપાસેલા છે. તેઓએ સોગંદ ઉપરની જુબાની આપી જણાવેલ છે કે, તેઓ તા. ૧૬/૦૯/૨૦૨૩ ના રોજ શ્રી કૃષ્ણા હોસ્પીટલ કરમસદ ખાતે ફોરેન્સીક મેડીસીન વિભાગમાં ફરજ પર હાજર હતા ત્યારે ભોગ બનનારને પી.આઈ. શ્રી એસ.ઓ.જી., આણંદની લેખિત યાદી સાથે ભોગ બનનારની ઉંમર અંગે જરુરી ચકાસણી કરવા લઈને આવેલા. આ ડોક્ટર સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૧૩ થી રજુ ભોગ બનનારની ઉંમર બાબતે ઓસિફિકેશન ઓફ બોન ટેસ્ટ કરવા માટેની યાદી તેઓએ સ્વીકાર્યા બદલ તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આ ડોક્ટર સાહેદે વધુમાં જણાવેલ છે કે, આ યાદી અન્વયે ભોગ બનનારની ઉંમર નકકી કરવાની કામગીરી તેઓને કરવાની થતી હતી પરંતુ મીનીસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલફેર ભારત સરકારની મેડીકોલિગલ કેર ફોર સર્વાઇવર/વિકટીમ્સ ઓફ સેક્સયુલ વાયોલન્સની ગાઇડલાઇનના પેરા એનેક્ષર ૩ મુજબ જે કિસ્સામા ભોગ બનનારના જન્મ બાબતનો

દસ્તાવેજી પુરાવો ઉપલબ્ધ હોય તો તેવા દરેક કિસ્સામા ભોગ બનનારને ઓસિફિકેશન ઓફ બોન ટેસ્ટ કરવો ફરજીયાત નથી તેમ જણાવવામાં આવેલ હોય તેઓએ આ ગાઇડલાઇનના એનેક્ષર ૩ મુજબ ભોગ બનનારનો ઓસિફિકેશન ઓફ બોન ટેસ્ટ કરેલ નહી અને જણાવેલ કે મેજીસ્ટ્રેટ પાસેથી તે અંગેનો હુકમ મેળવીને રજુ કરવો. ડોક્ટર યાદવે વધુમાં જણાવેલ છે કે, ભોગ બનનારને તેઓ સમક્ષ તે જ દિવસે ૧૯:૪૨ વાગ્યે ઓસિફિકેશન ઓફ બોન ટેસ્ટ કરવા માટે પો.કો. સંદિપ જયંતિભાઈ બ.નં.૧૦૦૯ નાઓ એલ.બી.ડાભી સાહેબની વિનંતીથી લાવવામાં આવેલ અને તેણીનો ઉંમર અંગેનો અભિપ્રાય આપવા માટે તેઓને જણાવવામાં આવેલ અને ભોગ બનનારનું એકઝામીનેશન કરતા પહેલા તેણીની સમંતિ મેળવેલી અને તે બદલ તેણીએ તેની સહી કરી સમંતિ આપેલી અને ભોગ બનનારના ઓળખના ચિન્હોમાં જમણા હાથના ફોરઆર્મના ભાગે બેટમેનનું ટેટુ હતુ અને તેણીને જમણા કલેવીકલ હાડકાની ઉપર ના ભાગે કાળો તલ હતો. વધુમાં ડોક્ટર સાહેદે ભોગ બનનારને હિસ્ટ્રી પુછતા ભોગ બનનારે જે હહિકતો જણાવેલ તે પાના નં. ૦૩ ઉપર તેઓના હસ્તાક્ષરમાં લખેલી. "તેણીએ વગર પાસપોર્ટ અને વિઝાએ તા. ૨૧ ઓગસ્ટના રોજ બોર્ડર ક્રોસ કરેલી ત્યાંથી તેણી તા. ૨૪ ઓગસ્ટના રોજ હાવડા રેલ્વે સ્ટેશન પહોચેલ અને ૨૬ ઓગસ્ટના રોજ ટ્રેન મારફતે દાદર પહોચેલી અને ત્યાં મનોહર જોય નામના એક છોકરા સાથે ૩ દિવસ રોકાયેલી ત્યારબાદ મનોહર તેણીને પોતાની બહેન સોમ્યાની ઘરે લઇ ગયેલ અને તેણી તારીખ ૨૯ ઓગસ્ટના રોજ વલસાડ કોઇના ઘરે ગયેલ અને તેણીના ઘરે ૩૦ ઓગસ્ટના રોજ સુરત કોઇના ઘરે ગયેલ અને ત્યા રાતે રોકાયેલ અને તા ૩૧ ઓગસ્ટના રોજ સુરત થી વડોદરા ગયેલ અને ૧ સપ્ટેમ્બર ૨૩ ના રોજ વડોદરા થી અમદાવાદ પહોચેલ અને ૮ સપ્ટેમ્બર ૨૩ સુધી અમદાવાદ ખાતે રોકાયેલા તેણી ૦૫ સપ્ટેમ્બર ૨૩ ના રોજ વિધ્યાનગર પહોચેલી અને વિધ્યાનગર પોલીસ સ્ટેશનમા ફરીયાદ આપેલી અને તે ફરીયાદ ૧૩ તારીખે રજીસ્ટર કરેલી. તેણીએ જણાવેલ કે તેણીને મોડેલીંગ ના કામ માટે અને ફિલ્મ એકટીંગ માટે પ્રોમીસ આપેલ હતુ પરંતુ તેણીને દેહ વ્યાપારના ધંધામાં ધકેલવામાં આવેલ હતી અને તેણીની સાથે ઘણી બધી વખત વડોદરા, અમદાવાદ અને બીજી જગ્યાએ બળાત્કાર કરવામાં આવેલ". તે હીસ્ટ્રી તેઓએ તેમના હસ્તાક્ષર મા અંગ્રેજી ભાષામાં લખી લીધેલી અને તે હીસ્ટ્રી નીચે તેઓએ તેમની સહી કરી તેમના હોદ્દાનો સિક્કો લગાવેલ તેમજ ભોગ બનનારે પણ તેણીની સહી તથા અંગુઠાનું નિશાન કરેલ તેમજ વુ.પો.કો મિત્તલબેન નાઓએ પણ તેમની સહી

કરી બકલ નંબર લખેલો.

(૩૫.૧) વધુમાં ડોક્ટર સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તેણીનું જનરલ એકઝામીનેશન કરતા તેણીના શરીરનું બંધારણ મધ્યમ હતુ અને તેણીનું વજન ૪૬ કિલો હતુ અને તેણીની ઉચાઇ ૧૫૬ સે.મી. હતી અને તેણીને ગુપ્તભાગે તેમજ બગલના ભાગે વાળ હતા. ડોક્ટર સાહેદે ભોગ બનનારને માસિક હિસ્ટ્રી પુછતા ભોગ બનનારે જણાવેલ કે, "તેણીને ૧૩ વર્ષની ઉમરે માસિક શરૂ થયેલ અને તા. ૧૪/૯ એટલે કે છેલ્લા બે દિવસથી તેણીને માસિક આવતુ હતુ." ડોક્ટર યાદવે વધુમાં જણાવેલ છે કે, તેણીના દાંતની તપાસ કરતા તેણીના તમામ દાંત કાયમી આવી ગયેલ હતા અને ૪ થર્ડ મોલરો પૈકી એક મોલર આવી ગયેલ હતો અને બાકીના ત્રણ મોલરો માટેની જગ્યા ખાલી હતી અને તેણીનો કોઇ દાંત તૂટેલ ન હતો કે કોઇ દાંત આર્ટીફીશીયલ બેસાડવામા આવેલ ન હતો અને તેણીનું રેડીયોલોજીકલ એકઝામીનેશન કરવા માટે તેણીને તેઓની હોસ્પીટલના રેડીયોલોજીકલ વિભાગમાં મોકલાવામાં આવેલ અને તેણીના બંને હાથના એપી/લેટરલ પાર્ટના એલ્બોના એક્સ–રે લેવામાં આવેલા તથા બંને હાથના કાંડાના ભાગના એપી ઓબલીગ એક્સ–રે લીધેલા અને બંને હીપ પેલ્વીસ સાથેના ફીમરના ઉપરના ભાગ સાથેનો એક્સ–રે લીધેલ અને બંને ઘૂટણના એપી/લેટરલ એક્સ–રે લેવામાં આવેલા અને આ તમામ એક્સ–રેના રીપોર્ટ ભોગ બનનારનો શારીરિક બાંધો તેમજ તેણીના દાંતનું પરીક્ષણ કરી ભોગ બનનારની ઉંમર બાબતે અભિપ્રાય આપેલો તે મુજબ ભોગ બનનારની ઉંમર તેઓની તપાસણીના દિવસે ૧૫ વર્ષથી વધુ અને ૧૭ વર્ષથી ઓછી હતી. ડોક્ટર સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૩૬ થી રજુ એઇજ એસ્ટીમેશન બાબતનું પરીક્ષણ અને સર્ટીફિકેટ જોઈ જેનો એમ.એલ.સી. નંબર ૧૨૯૩/૨૦૨૩ હોવાનું અને સર્ટીફિકેટ તેઓએ તેમના હસ્તાક્ષરમા તૈયાર કરેલ હોવાનું અને તેની નીચે તેઓની સહી અને તેઓના હોદ્દાનો સિક્કો હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને આંક–૩૬ ના સર્ટીફિકેટમાં પાના નં. ૦૩ જોડવામાં આવેલ છે જે તેઓના હસ્તાક્ષરમાં તૈયાર થયેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

(૩૫.૨) આ ડોક્ટર સાહેદે પોતાની જુબાની દરમ્યાન તેઓની પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ અને શ્રી કૃષ્ણ હોસ્પીટલ કરમસદના રેડીયોલોજી વિભાગનો ભોગ

બનનારના કરાવેલ એક્સ–રે અંગેનો રેડીયોગ્રાફસ ફોર એઈઝ એસ્ટીમેશનનો રીપોર્ટ આંક–૧૧૪ થી રજુ કરેલ છે જે તેઓની હોસ્પીટલના રેડીયોલોજી વિભાગના ડો. ધર્મેન્દ્ર પરમાર નાઓએ તૈયાર કરેલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે. ડોક્ટર સાહેદે તેઓની જુબાની દરમ્યાન તેઓની પાસે ભોગ બનનારને તા. ૧૬/૦૯/૨૦૨૩ ના કલાક ૧૨:૪૦ વાગે તેઓની સમક્ષ લાવવામાં આવેલ ત્યારે તેઓએ ભારત સરકારના ફેમીલી વેલ્ફેર વિભાગ દ્વારા આપવામાં આવેલ ગાઈડલાઈન તપાસ કરનાર અમલદાર શ્રીને લખી આપેલો તેની ઓફિસ કોપી રજુ કરેલ છે જેમાં તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે જેની સાથે ફેમીલી વેલ્ફેર વિભાગની ગાઈડલાઈનનું એનેક્ષર ૩ સામેલ છે જે સંયુકત કાગળો આંક–૧૧૫ થી રજુ કરેલ છે.

(૩૫.૩) ડોક્ટર યાદવે તેઓની જુબાની દરમ્યાન વધુમાં જણાવેલ છે કે, તા.૧૯/૦૯/૨૦૨૩ ના રોજ પી.આઈ. શ્રી એસ.ઓ.જી., આણંદ નાઓએ આરોપીઓની શારીરીક ચકાસણી કરવાની હોય યાદી સાથે આરોપીઓને તેઓ તરફ મોકલી આપેલા જે અસલ યાદી ૧૯/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૩:૪૦ વાગે રીસીવ કર્યા બદલ તેઓએ તેમની સહી કરેલ. તેઓની જુબાની દરમ્યાન આંક– ૧૧૬ થી રજુ આરોપીઓની શારીરિક તપાસણી કરવાની યાદી તેઓએ સ્વીકાર્યા બદલ તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, સદર આરોપીઓ પૈકી પ્રથમ આરોપીનું નામ પુછતા તેણે પોતાનું નામ શિભાઇભાઇ ઉર્ફે લાલાભાઇ કરસનભાઇ દેસાઇ હોવાનું જણાવેલ આરોપી શિભાઇભાઇ ઉર્ફે લાલાભાઈ કરમશીભાઈ દેસાઈનાઓની શારીરિક તપાસણી કરતા પહેલા એમ.એલ.સી. સર્ટીફિકેટમાં આરોપીની સમંતિ મેળવેલ અને તે બદલ તેઓએ સહી કરેલ. ડોક્ટર સાહેદે આરોપીની શારીરિક તપાસણી કરતા સમયે આરોપીના ઓળખના ચિન્હોમાં ગળાના ડાબી બાજુએ નીચેના ભાગે કાળો તલ હતો તથા ગળાની ડાબી બાજુએ કાળા કલરનો બર્થમાર્ક (લાખુ) હતુ. વધુમાં તેઓએ જણાવેલ છે કે, આરોપી શિભાઇભાઇ ઉર્ફે લાલાભાઈ કરમશીભાઈ દેસાઈનાઓએ એવી હિસ્ટ્રી જણાવેલ કે, "તેના મિત્રએ તેને આજથી ૨૫ દિવસ અગાઉ ફોન કરેલ અને જણાવેલ કે જૂના વાડજ અમદાવાદ અખબાર નગર ખાતે એક સ્ત્રી સેકસ માટે મળશે હોટલનું નામ ખબર નથી તેણે ૧૩,૦૦૦ રૂપિયા એક વખત કોન્ડમ સાથે સેકસ કરવા માટે ચૂકવેલા." સદર હિસ્ટ્રી તેઓએ અંગ્રેજી ભાષામા લખી લીધેલ અને આરોપીને વાંચી સંભળાવેલી. વધુમાં

તેઓએ જણાવેલ છે કે, આરોપીને તપાસતા તેણે કોઇ નશબંધીનું ઓપરેશન કરેલ નહી અને તેણે ભોગ બનનાર સાથે એક વખત કોન્ડમ સાથે શારીરીક સબંધ બાંધેલો અને ત્યારબાદ એક વખત મૂત્ર પસાર કરેલ અને તેના ગુપ્તાંગ સ્વચ્છ કરી લીધેલ હતા અને કપડા બદલી લીધેલ હતા અને આ સિવાય આરોપીના શરીર ઉપર કોઇ એબ–નોર્માલીટી જોવા મળેલ નહી અને આરોપીની ઉંચાઇ ૧૭૫ સે.મી. અને વજન ૮૯ કિલો હતુ અને તેને ગુપ્તભાગે તેમજ બગલના ભાગે વાળ હતા અને તેને દાઢી મૂંછ આવી ગયેલ હતા અને તેના ગુપ્તભાગનો વિકાસ ઉંમર મુજબ સામાન્ય હતો અને આરોપીના ગુપ્તભાગ ની તપાસ કરતા ક્રિમેસ્ટીક રીફ્લેકસ હાજર હતુ અને સ્ક્રોટમનો વિકાસ થયેલ હતો અને ગુપ્ત ભાગે કોઇ ખોડ ખાંપણ હતી નહી અને ગુપ્ત ભાગની તપાસ કરતા પેનીસ ઉપરની ચામડી આગળ–પાછળ ખસીને જતી હતી અને આરોપી શરીરસબંધ બાંધવા માટે સક્ષમ જણાતો હતો. ડોક્ટર સાહેદે તેઓની જુબાનીમા જણાવેલ છે કે, તેઓએ આરોપીના શરીર પરથી માથાના વાળ, ગુપ્તભાગના વાળ, લોહી, સૂકો તથા ભીનો પિનાઇલ સ્વાબ અને લાળના નમુના લીધેલા તેમજ વધુ તપાસ અર્થે સેમ્પલ લઇને એફ.એસ.એલ. ખાતે સીલબંધ હાલતમાં મોકલી આપેલા અને આરોપીની શારીરીક ચકાસણી અંગેનું એમ.એલ.સી. તેઓના હસ્તાક્ષરમાં તૈયાર કરેલ અને તેઓની સહી અને તેમના હોદ્ધાનો સિક્કો મારેલ છે તેમજ આરોપીએ તેની સહી કરી ડાબા હાથના અંગુઠાનું નિશાન કરેલ તેમજ તેઓની હોસ્પીટલનું રાઉન્ડ સીલ પણ ઉપસાવવામા આવેલ. ડોક્ટર સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૧૭ થી ૨જુ એમ.એલ.સી. સર્ટીફિકેટ જોઈ જે તેઓના હસ્તાક્ષર અને તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

(૩૫.૪) આ ડોક્ટર સાહેદે તેમની જુબાનીમા જણાવેલ છે કે, બીજા આરોપીનું નામ પુછતા તેઓએ તેમનુ નામ હની ત્રિભોવનભાઇ પટેલ હોવાનું જણાવેલ અને તેઓએ તપાસ શરૂ કરતા અગાઉ એમ.એલ.સી. સર્ટીફિકેટમાં આરોપી હની ત્રિભોવનભાઈ પટેલનાઓની સમંતિ મેળવેલી અને સંમતિ બદલ આરોપીએ સહી કરેલી અને ડોક્ટર સાહેદે આરોપીના ઓળખના ચિન્હો જોતા કાળા કલરનો તલ ગળાની વચ્ચેના ભાગે મીડલાઇન ઉપર હતો અને જમણા હાથની પોઇન્ટર આંગળીના બેઇઝના ભાગે કાળા કલરનો તલ હતો. તેઓએ જણાવેલ છે કે, આરોપીને બનાવ સબંધે હિસ્ટ્રી પુછતા આરોપીએ એવી હિસ્ટ્રી જણાવેલ કે, "૧૫ દિવસ પહેલા એજન્ટે

મને ફોન કરીને જણાવેલ કે એક છોકરી સેક્સ માટે થલતેજ આઇલેન્ડ પાર્ક હોટેલમાં ઉપલબ્ધ છે અને તેણે એક વખત કોન્ડમ સાથે સેકસ કરવા માટે ૧૦,૦૦૦/– રુપિયા ચૂકવેલા." આ ડોક્ટર સાહેદે આરોપીએ આપેલ હિસ્ટ્રી અંગ્રેજી ભાષામાં લખી લીધેલ અને વધુમા જણાવેલ છે કે, આરોપીને તપાસતા તેણે કોઇ નશબંધીનુ ઓપરેશન કરેલ નહી અને તેણે ભોગ બનનાર સાથે એક વખત કોન્ડમ સાથે શારીરીક સબંધ બાંધેલો અને ત્યારબાદ એક વખત મૂત્ર પસાર કરેલ અને તેના ગુપ્તાંગ સ્વચ્છ કરી લીધેલ હતા અને કપડા બદલી લીધેલ હતા અને આ સિવાય આરોપીના શરીર ઉપર કોઇ એબ–નોર્માલીટી જોવા મળેલ નહી અને આરોપીની ઉંચાઇ ૧૭૫ સે.મી. અને વજન ૮૦ કિલો હતુ અને તેને ગુપ્તભાગે તેમજ બગલ ના ભાગે વાળ હતા અને તેને દાઢી મૂંછ આવી ગયેલ હતા અને તેના ગુપ્તભાગનો વિકાસ ઉંમર મુજબ સામાન્ય હતો અને આરોપીના ગુપ્તભાગ ની તપાસ કરતા ક્રિમેસ્ટીક રીફલેકસ હાજર હતુ, સ્ક્રોટમનો વિકાસ થયેલ હતો અને ગુપ્તભાગે કોઇ ખોડ ખાંપણ હતી નહી અને ગુપ્તભાગની તપાસ કરતા પેનીસ ઉપરની ચામડી આગળ–પાછળ ખસી ને જતી હતી અને આરોપી શરીર સબંધ બાંધવા માટે સક્ષમ જણાતો હતો. તેઓએ જણાવેલ છે કે, આરોપીના શરીર પરથી માથાના વાળ, લોહી, સૂકો તથા ભીનો પિનાઇલ સ્વાબ અને લાળ ના નમૂના લીધેલા અને વધુ તપાસ અર્થે સેમ્પલ લઇને એફ.એસ.એલ. ખાતે સીલબંધ હાલતમા મોકલી આપેલા અને તે આરોપીની શારીરીક ચકાસણી અંગેનું એમ.એલ.સી. તેઓના હસ્તાક્ષરમાં તૈયાર કરી તેઓની સહી અને તેઓના હોદ્ધાનો સિક્કો મારેલ તેમજ આરોપીએ તેની સહી કરી ડાબા હાથના અંગુઠાનું નિશાન કરેલ તેમજ હોસ્પીટલનું રાઉન્ડ સીલ પણ ઉપસાવવામાં આવેલ. ડોક્ટર સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૧૮ થી રજુ સર્ટીફિકેટ જોઈ જે તેઓના હસ્તાક્ષરમાં તૈયાર થયેલ અને જેમાં તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

(૩૫.૫) આ ડોક્ટર સાહેદે વધુમાં જણાવેલ છે કે, અન્ય આરોપીનું નામ પુછતા તેઓએ તેમનું નામ પ્રદિપ ઉર્ફે લાલો કાંતિભાઇ મકવાણા હોવાનું જણાવેલ અને તેઓએ તપાસ શરૂ કરતા અગાઉ એમ.એલ.સી. સર્ટીફિકેટમાં આરોપીની સમંતિ મેળવેલી અને સંમતિ બદલ આરોપીએ સહી કરેલી અને આરોપીના ઓળખના ચિન્હો જોતા જમણા હાથ ઉપર લીલા કલરનુ દાદા લખેલ ટેટુ માર્ક હતુ અને તેની ઉપર અંગ્રેજી માં P લખેલ ટેટુમાર્ક હતુ. તેઓએ જણાવેલ છે કે, આરોપીને બનાવ સબંધે હિસ્ટ્રી

પુછતા આરોપીએ એવી હિસ્ટ્રી જણાવેલ કે, "આરોપીએ મારી રૂબરૂ મા જણાવેલ કે એક મહિના પહેલા તેના મિત્રએ તેને ફોન કરેલ અને તે લોટ્સ હોટલ ફતેગંજ ગયેલો અને તેણે એવી હકીકત જણાવેલી કે એક વખત ૨૦ થી ૨૫ મિનિટ સુધી સેકસ કરવા રુપિયા ૨૫,૦૦/– ચૂકવેલા." તેઓએ જણાવેલ છે કે, આરોપીએ આપેલ હિસ્ટ્રી અંગ્રેજી ભાષામાં લખી લીધેલ. આ ડોક્ટર સાહેદે વધુમાં જણાવેલ છે કે, આરોપીને તપાસતા તેણે કોઇ નશબંધીનુ ઓપરેશન કરેલ નહી અને તેણે ભોગ બનનાર સાથે એક વખત કોન્ડમ સાથે શારીરીક સબંધ બાંધેલો અને ત્યારબાદ એક વખત મૂત્ર પસાર કરેલ અને તેના ગુપ્તાંગ સ્વચ્છ કરી લીધેલ હતા અને કપડા બદલી લીધેલ હતા અને આ સિવાય આરોપીના શરીર ઉપર કોઇ એબ–નોર્માલીટી જોવા મળેલ નહી અને આરોપીની ઉંચાઇ ૧૬૫ સે.મી. અને વજન ૮૫ કિલો હતુ અને તેને ગુપ્તભાગે તેમજ બગલ ના ભાગે વાળ હતા અને તેને દાઢી મૂંછ આવી ગયેલ હતા અને તેના ગુપ્તભાગનો વિકાસ ઉંમર મુજબ સામાન્ય હતો અને તેના ગુપ્તભાગ ની તપાસ કરતા ક્રિમેસ્ટીક રીફલેકસ હાજર હતુ, સ્કોટમનો વિકાસ થયેલ હતો અને ગુપ્તભાગે કોઇ ખોડ ખાંપણ હતી નહી અને ગુપ્તભાગની તપાસ કરતા પેનીસ ઉપરની ચામડી આગળ–પાછળ ખસી ને જતી હતી અને આરોપી શરીર સબંધ બાંધવા માટે સક્ષમ જણાતો હતો. તેઓએ વધુમા જણાવેલ છે કે, આરોપીના શરીર પરથી માથાના વાળ, લોહી, સૂકો તથા ભીનો પિનાઇલ સ્વાબ અને લાળ ના નમૂના લીધેલા અને વધુ તપાસ અર્થે સેમ્પલ લઇને એફ.એસ.એલ. ખાતે સીલબંધ હાલતમા મોકલી આપેલા અને તે આરોપીની શારીરીક ચકાસણી અંગેનું એમ.એલ.સી. તેઓના હસ્તાક્ષરમાં તૈયાર કરી તેઓની સહી અને તેઓના હોદ્દાનો સિક્કો મારેલ તેમજ આરોપીએ તેની સહી કરી ડાબા હાથના અંગુઠાનું નિશાન કરેલ તેમજ હોસ્પીટલનું રાઉન્ડ સીલ પણ ઉપસાવવામાં આવેલ. આ ડોક્ટર સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૧૯ થી રજુ સર્ટીફિકેટ જોઈ જે તેઓના હસ્તાક્ષરમાં તૈયાર થયેલ અને જેમાં તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

(૩૫.૬) આ ડોક્ટર સાહેદે વધુમાં જણાવેલ છે કે, તેઓએ ચોથા આરોપીનું નામ પુછતા તેઓએ તેમનું નામ રાહુલ પ્રકાશનારાયણ મિશ્રા હોવાનું જણાવેલ અને તેઓએ તપાસ શરૂ કરતા અગાઉ એમ.એલ.સી. સર્ટીફિકેટમાં આરોપીની સમંતિ મેળવેલી અને સંમતિ બદલ આરોપીએ સહી કરેલી અને આરોપીના ઓળખના ચિન્હો જોતા જમણા

હાથની પાછળના ભાગે બર્થમાર્ક (લાખુ) હતુ તથા ડાબા હાથ ઉપર બે બ્રાઉન કલરના બર્થમાર્ક (લાખુ) હતા. તેઓએ જણાવેલ છે કે, આરોપીને બનાવ સબંધે હિસ્ટ્રી પુછતા આરોપીએ એવી હિસ્ટ્રી જણાવેલ કે, "તેઓના એક મિત્રએ તેને જણાવેલ કે એક છોકરી સેક્સ માટે ઉપલબ્ધ છે તો તે લોટ્સ હોટલ ફતેપુરા ગયેલો અને તેણે કોન્ડમ સાથે શરીરસબંધ બાંધેલાની હકીકત જણાવેલી." તેઓએ જણાવેલ છે કે, આરોપીએ આપેલ હિસ્ટ્રી અંગ્રેજી ભાષામાં લખી લીધેલ અને આરોપીને તપાસતા તેણે કોઇ નશબંધીનું ઓપરેશન કરેલ નહી અને તેણે ભોગ બનનાર સાથે એક વખત કોન્ડમ સાથે શારીરીક સબંધ બાંધેલો અને ત્યારબાદ એક વખત મૂત્ર પસાર કરેલ અને તેના ગુપ્તાંગ સ્વચ્છ કરી લીધેલ હતા અને કપડા બદલી લીધેલ હતા અને આ સિવાય આરોપીના શરીર ઉપર કોઇ એબ–નોર્માલીટી જોવા મળેલ નહી અને આરોપીની ઉંચાઇ ૧૬૫ સે.મી. અને વજન ૮૫ કિલો હતુ અને તેને ગુપ્તભાગે તેમજ બગલ ના ભાગે વાળ હતા અને તેને દાઢી મૂંછ આવી ગયેલ હતા અને તેના ગુપ્તભાગનો વિકાસ ઉંમર મુજબ સામાન્ય હતો અને તેના ગુપ્તભાગની તપાસ કરતા ક્રિમેસ્ટીક રીફલેકસ હાજર હતુ, સ્ક્રોટમનો વિકાસ થયેલ હતો અને ગુપ્તભાગે કોઇ ખોડ ખાંપણ હતી નહી અને ગુપ્તભાગની તપાસ કરતા પેનીસ ઉપરની ચામડી આગળ–પાછળ ખસી ને જતી હતી અને આરોપી શરીર સબંધ બાંધવા માટે સક્ષમ જણાતો હતો. આ ડોક્ટર સાહેદે જણાવેલ છે કે, આરોપીના શરીર પરથી માથાના વાળ, લોહી, સૂક્રો તથા ભીનો પિનાઇલ સ્વાબ અને લાળ ના નમૂના લીધેલા અને વધુ તપાસ અર્થે સેમ્પલ લઇને એફ.એસ.એલ. ખાતે સીલબંધ હાલતમા મોકલી આપેલા અને તે આરોપીની શારીરીક ચકાસણી અંગેનું એમ.એલ.સી. તેઓના હસ્તાક્ષરમાં તૈયાર કરી તેઓની સહી અને તેઓના હોદ્ધાનો સિક્કો મારેલ તેમજ આરોપીએ તેની સહી કરી ડાબા હાથના અંગુઠાનું નિશાન કરેલ તેમજ હોસ્પીટલનું રાઉન્ડ સીલ પણ ઉપસાવવામાં આવેલ. ડોક્ટર સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૨૦ થી રજુ સર્ટીફિકેટ જોઈ જે તેઓના હસ્તાક્ષરમાં તૈયાર થયેલ અને જેમાં તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

(૩૫.૭) ડોક્ટર યાદવે વધુમાં જણાવેલ છે કે, તા. ૨૯/૦૯/૨૦૨૩ ના રોજ ભોગ બનનારના ડી.એન.એ. સેમ્પલ લેવા માટે પી.આઇ. શ્રી એસ.ઓ.જી. આણંદનાઓએ યાદી સાથે ભોગ બનનારને તેઓ તરફ મોકલી આપેલ તે યાદી તેઓએ રીસીવ કરેલી જે બદલ તે યાદીમાં તેઓએ તેમની સહી કરી સમય લખેલો. ડોક્ટર

સાહેદ તેઓની જુબાની દરમ્યાન તેઓને આંક–૧૨૧ થી રજુ યાદી જોઈ જે યાદી તેઓએ સ્વીકાર્યા બદલ તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. ડોક્ટર સાહેદે જણાવેલ છે કે, ભોગ બનનારનો ડી.એન.એ. માટે નમૂનો લેતા પહેલા તેણીની સમંતી મેળવેલ અને તે બદલ તેણીએ તેની સહી તથા અંગૂઠાનુ નિશાન કરી આપેલ અને ભોગ બનનારનું ડી.એન.એ. પ્રોફાઈલીંગ માટે આઈડેન્ટીફીકેશન ફોર્મ તેઓએ તેમના હસ્તાક્ષરમાં તૈયાર કરેલ અને તે ફોર્મમાં ભોગ બનનારનો ફોટો લગાવવામાં આવેલો અને ભોગ બનનારનો લોહીનો નમુનો ફીલ્ટર પેપર ઉપર લેવામાં આવેલ અને તે ફીલ્ટર પેપરને સીલ કરીને વધુ તપાસ અર્થે ફોર્મ સાથે પોલીસને સુપરત કરેલ. ડોક્ટર સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૨૨ થી આઈડેન્ટીફીકેશન ફોર્મ અને સમંતિ પત્ર રજુ કરેલ છે.

(૩૫.૮) તેઓએ જણાવેલ છે કે, આ ગુન્હાના ચારેય આરોપીઓને પી.આઇ. શ્રી એસ.ઓ.જી. આણંદની લેખિત યાદી સાથે આરોપીઓના ડી.એન.એ. ટેસ્ટ માટેના નમૂના લેવા માટે તેઓની સમક્ષ કલાક ૧૬:૦૦ વાગે લાવવામાં આવેલા. ડોક્ટર સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૨૩ થી રજુ યાદીમાં તેઓએ સ્વીકાર્યા બદલ તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આ ડોક્ટર સાહેદે વધુમાં જણાવેલ છે કે, ચારેય આરોપીઓને ડી.એન.એ. પ્રોફાઇલીંગ માટેના આઇડેન્ટીફીકેશન ફોર્મ તેઓના હસ્તાક્ષરમાં તૈયાર કરેલા અને તે ફોર્મ ઉપર જે તે આરોપીઓના ફોટા લગાવેલા ત્યારબાદ આરોપીના લોહીના નમૂના લેતા પહેલા તેઓની સમંતિ મેળવવામાં આવેલ અને ત્યારબાદ દરેક આરોપીનો લોહીનો નમુનો ફીલ્ટર પેપર પર લઇને ફીલ્ટર પેપરને સીલબંધ કરી ફોર્મ સાથે વધુ તપાસ અર્થે પોલીસને સુપરત કરેલા. આ ડોક્ટર સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૨૪ થી આરોપીઓના આઇડેન્ટીફીકેશન ફોર્મ રજુ કરેલ છે.

(૩૫.૯) આરોપી નં. ૦૧ તરફે વિદ્વાન ચીફ ડિફેન્સ કાઉન્સીલ શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, શ્રી કૃષ્ણા હોસ્પીટલ કરમસદ ખાતે ગાયેનેકોલોજી વિભાગ, રેડીયોલોજી વિભાગ અને ડેન્ટલ વિભાગ અને જનરલ મેડીસીન વિભાગ બધા અલગ અલગ વિભાગો છે અને તેઓ ફોરેન્સીક મેડીસીન વિભાગમાં બેસે છે. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારને તેઓની સમક્ષ તપાસ

માટે લાવ્યા તે અગાઉ ગાયનેક વિભાગમાં તેણીની તપાસ થઇ ગયેલ હતી અને ભોગ બનનારને ગાયનેક વિભાગ તરફથી તેઓની તરફ રીફર કરવામાં આવેલ ન હતા. તેઓએ સ્વીકારેલ છે કે, એક વખત ભોગ બનનારનું એઇજ ડીટરમીનેશન કરવા માટે મેજીસ્ટ્રટના ઓર્ડરની માંગણી કર્યા બાદ ફરી વખત ભોગ બનનારને તેઓની સમક્ષ રજુ કરવામાં આવેલ ત્યારે કોઇ મેજીસ્ટ્રટ ના ઓર્ડર સાથે તેણીને રજુ કરેલ નહી અને મેજીસ્ટ્રટના ઓર્ડર વિના ભોગ બનનારનું એઇજ ડીટરમીનેશન તેઓએ ક્યા કારણે કરેલ તે કારણ તેઓએ આ કામે તેમના રીપોર્ટમાં દર્શાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર ના કોઇ એક્ષ–રે તેઓના રૂબરૂ લેવામાં આવેલ હોય તેવુ બનેલ નથી અને આંક–૧૧૪ વાળો રીપોર્ટ તેઓના રૂબરૂ તૈયાર કરવામાં આવ્યો હોય તેવુ બનેલ નથી અને ડેન્ટીસ્ટે આ કામે ભોગ બનનારની ચકાસણી કરી તેવા સમયે તેઓ ત્યાં હાજર ન હતા. તેઓએ જણાવેલ છે કે, તેઓએ ભોગ બનનાર ને ડેન્ટીસ્ટ પાસે મોકલેલ ન હતા પણ રેડીયોલોજી વિભાગમાં મોકલાવેલા. તેઓએ સ્વીકારેલ છે કે, શ્રી કૃષ્ણ હોસ્પીટલ કરમસદ ખાતે ડેન્ટલ વિભાગ છે અને ત્યાં ૨૪ કલાક દાંતરોગના નિષ્ણાંત હાજર હોય છે અને શ્રી કૃષ્ણ હોસ્પીટલ કરમસદ ખાતે કોઇપણ દર્દીને સૌપ્રથમ ઇમરજન્સી વિભાગમાં લઇ જવામાં આવે છે અને ત્યાંથી લાગતા વળગતા વિભાગમાં લઇ જવામાં આવે છે અને ઇમરજન્સી વિભાગમાં ૨૪ કલાક મેડીકલ ઓફીસર હાજર રહેતા હોય છે અને ઇમરજન્સી વિભાગમાં હાજર રહેતા ડોકટરે દર્દીને જે વિભાગમાં મોકલાવેલ હોય તે વિભાગના કાગળો ઉપર થી સર્ટીફિકેટ આપવાનું હોય છે અને આ કામે ભોગ બનનારને ઇમરજન્સી વિભાગમાં લઇ જવામાં આવેલ ન હતા અને આ કામે ભોગ બનનારને કે આરોપીઓને ઇમરજન્સી વિભાગમાં લઇ જવામાં આવ્યા હોય અને ઇમરજન્સી વિભાગે તેઓની તરફ મોકલાવામાં આવેલ હોય તેવા કોઇ દસ્તાવેજી કાગળો તેઓએ આ કામે રજુ કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, જો કોઇ મેડીકોલીગલ કેસમાં ભોગ બનનારને કે આરોપીને પોલીસ યાદી સાથે ઇમરજન્સી વિભાગમાં લઇ જવામાં આવેલ હોય તો તેની પોલીસ યાદી ઇમરજન્સી વિભાગ દ્વારા રીસીવ કરવામાં આવતી હોય છે અને આ કામે ભોગ બનનાર તથા તમામ આરોપીઓને જે પોલીસ યાદી સાથે લાવવામાં આવેલા તે પોલીસ યાદી તેઓએ જાતે રીસીવ કરેલ છે. તેઓએ જણાવેલ છે કે, શ્રી કૃષ્ણ હોસ્પીટલ કરમસદ ખાતે ફોરેન્સીક મેડીસીન વિભાગમાં તેમના સિવાય અન્ય બે ડોકટરો પણ છે અને તેઓએ આગ્રા મેડીકલ કોલેજ યુ.પી. ખાતેથી MBBS ની ડીગ્રી લીધેલ છે અને ત્યારબાદ M.D. (ફોરેન્સીક

મેડીસીન) ગર્વમેન્ટ મેડીકલ કોલેજ, ભાવનગર થી ડીગ્રી મેળવેલી છે અને તેઓની સાથેના અન્ય બે ડોકટરો પણ M.D ફોરેન્સીક મેડીસીનની ડીગ્રી ધરાવે છે. તેઓએ જણાવેલ છે કે, ફોરેન્સીક મેડીસીન વિભાગમાં મેડીકોલીગલ કેસો રીફર કરવામાં આવતા હોય છે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, ઉંમર નક્કી કરવા માટેના કિસ્સામાં વ્યક્તિને રેડીયોલોજી વિભાગમાં રીફર કરવામાં આવતા હોય છે અને ફોરેન્સીક મેડીસીન વિભાગને રીફર કરવામાં આવતા નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આ કામે ભોગ બનનારની હીસ્ટ્રી અંગ્રેજી ભાષામાં લખેલી છે અને ભોગ બનનારે તેઓની સમક્ષ હીસ્ટ્રી બાંગ્લા ભાષામા આપેલી અને મેડીકોલીગલ કેસમાં ભોગ બનનાર કે આરોપી જે હીસ્ટ્રી આપે તે શબ્દસહ લખી લેવી જોઈએ. ડોક્ટર સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, મેડીકોલિગલ કેસના ભોગ બનનાર કે આરોપી જે ભાષામાં હીસ્ટ્રી આપે તે જ ભાષામાં તે લખી લેવી જોઈએ? જેના જવાબમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે તે જ ભાષામાં લખી લેવી જોઈએ તેવુ ટ્રેડીશન છે. તેઓએ સ્વીકારેલ છે કે, આ કામે ભોગ બનનાર કે આરોપીઓના જે ડી.એન.એ સેમ્પલ સાથે મોકલવા માટેના આઈડેન્ટીફીકેશન ફોર્મ તૈયાર કરેલા તે તેઓએ તેમના હસ્તાક્ષરમાં તૈયાર કરેલા. તેઓએ ઈન્કાર કરેલ છે કે, આંક–૧૨૨ અને ૧૨૪ ના ફોર્મ પોલીસ સ્ટેશનમાંથી તૈયાર મોકલવામાં આવેલા અને તેઓએ ફકત તેમા સહી કરેલી અને આંક–૧૨૨ અને આંક–૧૨૪ વાળા તમામ આઈડેન્ટીફીકેશન ફોર્મમાં સાક્ષી તરીકેની સહી પોલીસના માણસોની છે અને આંક–૧૨૨ અને આંક–૧૨૪ વાળા આઈડેન્ટીફીકેશન ફોર્મમાં કોઇ નિષ્પક્ષ કે ત્રાહિત વ્યક્તિની સહી લેવામાં આવેલ નથી અને સગીરના કિસ્સામા સાક્ષી તરીકે તેના વાલીને રાખવા જોઈએ અને આંક–૧૨૨ અને આંક–૧૨૪ વાળા આઈડેન્ટીફીકેશન ફોર્મમાં નમૂના કઈ તારીખે કોને સોપ્યા તેનો ઉલ્લેખ નથી.

(૩૫.૧૦) તેઓએ જણાવેલ છે કે, ડી.એન.એ. ના સેમ્પલ લઈને તાત્કાલીક પોલીસને સોપી દેવા જોઈએ તેવુ તેઓ જાણે છે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનાર અને આરોપીના નામથી મોકલાવેલ નમુનાઓ તેઓની બ્લડ બેન્કમાંથી લઈને મોકલી આપવામાં આવેલા હતા. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૨૨ અને આંક–૧૨૪ ના આઈડેન્ટીફીકેશન ફોર્મના પાછળના ભાગે વિગતો કોમ્પ્યુટર પ્રિન્ટ છાપેલી છે અને આ કોમ્પયુટર પ્રિન્ટ તેઓએ કરેલ નથી અને આંક–૧૨૨ અને આંક–૧૨૪ ના તમામ આઈડેન્ટીફીકેશન ફોર્મમાં પાછળના ભાગે કોમ્પયુટર પ્રિન્ટમાં ભરવાની

નમુનાની વિગતો ભરેલી નથી અને ફકત સહી કરેલ છે. તેઓએ જણાવેલ છે કે, આંક–૧૨૨ અને આંક–૧૨૪ ના આઇડેન્ટીફીકેશન ફોર્મમાં પાછળના ભાગનું કોમ્પયુટર પ્રિન્ટ અગાઉ થી જ પ્રિન્ટ થયેલ હતુ. તેઓએ ઈન્કાર કરેલ છે કે, આંક–૩૬ વાળા સર્ટીફિકેટમાં હીસ્ટ્રીમાં બળાત્કાર ગુજારનાર કોઇપણ આરોપીના નામ દર્શાવેલા નથી અને આંક–૩૬ વાળા સર્ટીફિકેટમાં હીસ્ટ્રીમાં ભોગ બનનારને કોણે મોડેલીંગ માટે કામ આપવાનું પ્રોમીસ આપેલ તે વ્યકિતનું નામ દર્શાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૩૬ ના સર્ટીફિકેટની હીસ્ટ્રીમાં ભોગ બનનારને દેહવ્યાપારના ધંધામાં કોણે ધકેલી તે વ્યક્તિનું નામ પણ હીસ્ટ્રીમાં દર્શાવેલ નથી અને આંક–૩૬ ના સર્ટીફિકેટની હીસ્ટ્રીમાં ભોગ બનનાર સાથે કુલ કેટલા આરોપીએ શરીર સબંધ બાંધેલ તે આરોપીની સંખ્યા દર્શાવેલી નથી અને આંક–૩૬ ના સર્ટીફિકેટની હીસ્ટ્રીમાં ભોગ બનનારની સાથે કુલ કેટલી વખત શરીર સબંધ બાંધવામાં આવેલ તે પણ દર્શાવેલ નથી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, મલ્ટીપલ ટાઇમ્સ એવુ દર્શાવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આરોપીઓને જયારે શારીરીક ચકાસણી માટે તેઓની સમક્ષ લાવવામાં આવ્યા ત્યારે તેઓ પોલીસ કસ્ટડીમાં હતા. તેઓએ ઈન્કાર કરેલ છે કે, આરોપીઓ કે ભોગ બનનારે તેઓની સમક્ષ ગુન્હાની કોઇ હીસ્ટ્રી આપેલી જ ન હતી અને ભોગ બનનાર અને આરોપીઓની હીસ્ટ્રી પોલીસ યાદીના આધારે લખી લીધેલી અને ભોગ બનનારને શારીરીક ચકાસણી અને નમૂનાઓ લેતા અગાઉ તેણીને તેની ભાષામાં સમજ આપી સંમતિ મેળવેલ ન હતી અને તેઓએ લીધેલ ડી.એન.એ. ના નમુનાઓ કાયદેસરની પ્રક્રિયા કર્યા વિના લીધેલ છે અને ડી.એન.એ. ના નમુનાઓ તેઓએ ૭૨ કલાકમાં એફ.એસ.એલ. ને મોકલવા માટે સોપેલા ન હતા અને તેઓએ લીધેલ નમુનાઓ તેમના ડીપાર્ટમેન્ટમાં લેબોરેટરી વિભાગમાં મોકલી આપેલા અને તેઓની હોસ્પીટલમાં દિવસ દરમ્યાન ઘણા બધા નમૂનાઓ લેવામાં આવે છે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ લીધેલ નમૂના આ કામના આરોપીઓના ન હતા અને તેઓએ લીધેલ ભોગ બનનાર અને આરોપીઓની સમંતિ લખી લીધેલ પરંતુ ભોગ બનનાર કે આરોપીઓને તે અંગે કોઇ સમજ આપેલ નહી અને માત્ર તેઓની સહી લીધેલી અને તેઓએ પોલીસને મદદ કરવા ભોગ બનનારને યોગ્ય વિભાગમાં રીફર કર્યા વિના અને યોગ્ય વિભાગે તેઓને રીફર કર્યા વિના પોલીસના સીધા રેફરન્સ થી તેઓની જાતે રીપોર્ટ તૈયાર કરેલા અને તે અંગેના સર્ટીફિકેટ આપેલ.

(૩૫.૧૧) આરોપી નં. ૦૨, ૦૩ અને ૦૪ ના વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉપર મુજબની ઉલટ તપાસ સ્વીકારવામાં આવેલ છે.

(૩૫.૧૨) આ તબીબી સાહેદની આરોપી નં. ૦૫ અને ૦૮ તરફે વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૩૫.૧૩) આરોપી નં. ૦૬ અને ૦૭ તરફે વિદ્વાન વકિલશ્રી દ્વારા આ તબીબી સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, કોઇપણ વ્યક્તિની ઉંમર નકકી કરવા માટે ૪ પરીબળો મહત્વના બની રહેતા હોય છે તે પૈકીનું પ્રથમ પરીબળ દાંતનું પરીક્ષણ, બીજુ પરીબળ હાડકાનું પરીક્ષણ, ત્રીજુ જાતીય અંગ ઉપાંગોનો વિકાસ અને ચોથુ પરીબળ બાયોકેમીકલ કેરેકટર એકઝામીનેશન છે. તેઓએ સ્વીકારેલ છે કે, દાંતની ચકાસણી માટે ડેન્ટીસ્ટ નિષ્ણાત વ્યકિત છે અને દાંતની ચકાસણી માટે ડેન્ટીસ્ટ પાસે મોકલવાના હોય છે અને કોઇપણ વ્યકિતનું સેકસયૂલ કેરેકટર નક્કી કરવાનું હોય અને તે ભોગ બનનાર દર્દી સ્ત્રી હોય તો તેને ગાયનેકોલોજીસ્ટ અને જનરલ ફીઝીશીયન તરફ મોકલવાના હોય છે અને બાયોકેમીકલ કેરેકટર એકઝામિનેશન માટે દર્દીને એન્ડોક્રાયનોલોજીસ્ટ પાસે અને પેથોલોજીસ્ટ પાસે મોકલવાના હોય છે અને ઓસિફિકેશન ટેસ્ટ માટે વ્યકિતને રેડીયોલોજીસ્ટ પાસે મોકલાવવાના હોય છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ આ કામે ભોગ બનનારને ફકત રેડીયોલોજીસ્ટ પાસે રીફર કરેલા અને તેઓએ આંક–૩૬ માં જે તેઓનો ઓપીનીયન આપેલ છે તેનો આધાર આંક–૧૧૪ થી રજુ રેડીયોલોજીસ્ટના અભિપ્રાયને આધારે આપેલ છે અને તેઓએ આ કામે ભોગ બનનાર ની કોઇ એક્સ–રે ફીલ્મ જોઇ હોય તપાસી હોય તેવુ બનેલ નથી અને આંક–૧૧૪ નો રેડીયોલોજીસ્ટ નો રીપોર્ટ હાડકાના ફયુઝન અને નોન–ફયુઝન પોજીશન ઉપર આપવામાં આવેલ છે અને હાડકાની ફયુઝન અવસ્થામાં પ્રોસેસ ટુ ફયુઝન નામની પણ એક અવસ્થા હોય છે અને આંક–૧૧૪ મા પ્રોસેસ ટુ ફયુઝન નામની કોઇ અવસ્થાનો ઉલ્લેખ નથી. તેઓને આંક–૧૧૪ માં ઇલીયાક્રેસ્ટ એપીયર્સ બટ નોટ ફયુઝ બાબતે પૂછતા તેઓએ આ ટેકનીકલ ટર્મ છે અને તેઓ તેનો નિષ્ણાત નથી તેવુ જણાવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૧૪ માં આપેલા કોઇ પણ ઓપીનીયન બાબતે તેઓ નિષ્ણાંત નથી અને આંક–૧૧૪ ના રીપોર્ટ માં "However , there are variations due to climatic ,

dietetic, hereditary, and other factors , which can affect the process of ossification. Therefore correction with other parameters is essential for final age estimation of person" તેવો ઉલ્લેખ કરવામાં આવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, કે.એસ.નારાયણ રેડ્ડી મેડીકલ જયુરીસપ્રુડન્સ માટે એક ખ્યાતિ પ્રાપ્ત લેખક છે અને MBBS અભ્યાસક્રમમાં પણ કે.એસ.નારાયણ રેડ્ડી લેખિત ફોરેન્સીક મેડીસીન એન્ડ ટોક્ષીકોલોજી ની બુક રીફર કરવામાં આવતી હોય છે. તેઓએ જણાવેલ છે કે, તેઓને કે.એસ.નારાયણ રેડ્ડી લિખિત ફોરેન્સીક મેડીસીન એન્ડ ટોક્ષીકોલોજી ની બુકના 28 એડીશન ૨૦૦૯ ના પાના નંબર ૬૨ ઉપર કેલ્ફીકેશન એન્ડ ઈરપશન ઓફ ડેસીપ્યસ ટીથ નું ટેબલ બતાવવામાં આવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આ ટેબલમાં થર્ડ મોલર ટીથ ૧૭ થી ૨૫ વર્ષની ઉંમરે જોવા મળે છે તેવો જે અભિપ્રાય આપેલ છે તેની સાથે તેઓ સંપૂર્ણપણે સહમત છે અને તેઓ આજ બુકના પાના નં. ૭૨ ઉપર ESTIMATION OF AGE AS A WHOLE ના હેડીંગ નીચે " for the approximate estimation of age, the following paragraphs should be correlated with what has already been described. DOCTORS ESTIMATE ABOUT AGE IS NOT PROOF BUT MERELY AN OPINION" તેવુ જે તારણ આપેલ છે તેની સાથે તેઓ સંપૂર્ણપણે સહમત છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ આ કામે ભોગ બનનારના દાંતના પરીક્ષણ દરમ્યાન ૩ થર્ડ મોલર ની જગ્યા ખાલી હોવાનું જોયેલ હતુ અને ભોગ બનનારના શારીરીક ચકાસણી બાદ તેઓ એવુ કહી શકે તેમ છે કે તેણીનો થર્ડ મોલર ઈરપ્ટ થયેલ હતો. તેઓએ જણાવેલ છે કે, તેઓ ઓરલ પેથોલોજીના નિષ્ણાત નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ આ કામે ભોગ બનનારના જડબાના કોઇ એક્સ–રે લેવડાવેલ નથી અને એક્સ–રેથી વધુ ચોકસાઇ પૂર્વક જાણી શકાય કે થર્ડ મોલરની શું સ્થિતિ હતી અને કેટલાક કિસ્સાઓમાં થર્ડ મોલરના બાકી દાંત ઘણા મોડા પણ આવતા પણ હોય છે અને તેઓએ આ કામે ભોગ બનનારના દાંત નરી આંખે જોયેલા અને વ્યક્તિની ઉંમર જાણવા માટે દાંતની ચોક્કસ સ્થિતિ માટે જડબાનું એક્સ–રે મહત્વનો બની રહે છે. તેઓએ સ્વીકારેલ છે કે, સ્ત્રી કે બાળકી ના કિસ્સાઓમા સેકેન્ડરી સેકસયૂલ કેરેકટર વેલડેવલોપ, અન્ડર ડેવલોપ, અન–ડેવલોપ એમ ત્રણ કેટેગરીમા ડીફાઇન કરી શકાય અને આંક–૩૬ ના સર્ટીફિકેટમાં ભોગ બનનારના સેકેન્ડરી સેક્સયૂલ કેરેકટરને વેલડેવલોપ, અન્ડર

ડેવલોપ, અન–ડેવલોપ જેવી કોઇ કેટેગરી ડીફાઇન કરેલ નથી અને આ કામે ભોગ બનનારનું કોઇ બાયોકેમીકલ એકઝામિનેશન કરવામાં આવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ત્રીજા મોલરની સ્થિતિને જોતા ભોગ બનનાર ની ઉંમર ૧૭ થી ૨૫ વર્ષની હોઇ શકે. તેઓએ જણાવેલ છે કે, એ વાતની તેઓને ખબર નથી કે કોઇપણ વ્યક્તિની ઉંમર નક્કી કરવા માટે તે વ્યક્તિની દાંતની સ્થિતિ, તેના સેકેન્ડરી સેક્સચૂલ કેરેકટરનો વિકાસ, બાયોકેમીકલ એકઝામિનેશન અને ઓસિફિકેશન ઓફ બોન આ ચારે ચાર બાબતો મહત્વની બનતી હોય છે કે કેમ? તેઓએ સ્વીકારેલ છે કે, કોઇ વ્યક્તિની ઉંમર નક્કી કરવા માટે ફકત ઓસિફિકેશન ઓફ બોન જ તત્વ અગત્યનુ નથી. તેઓએ જણાવેલ છે કે, ઓસિફિકેશન ઓફ બોન બાબતનો અભિપ્રાય બે વર્ષ વધુ અથવા ઓછો હોઇ શકે કે કેમ તે બાબતે તેઓ કહી શકે નહી.

(૩૬) ફરિયાદ પક્ષે આંક–૧૩૧ થી સાહેદ નં. ૦૯ તરીકે અભ્યમ મહિલા હેલ્પલાઈનના કાઉન્સીલર નાયક કૈલાસબેન શિવુભાઈને તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ અભ્યમ મહિલા હેલ્પલાઇનમાં કાઉન્સીલર તરીકે ફરજ બજાવે છે અને તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ તેઓ તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે રાતના સમયે ૧૨:૩૦ થી ૦૧:૦૦ વાગ્યાની વચ્ચે અમદાવાદ હેડ ઓફીસ થી ફોન આવેલ અને જણાવેલ કે એક દીકરીને રૂમમાં પુરી રાખેલ છે અને જેમને ત્યાંથી બીજા જીલ્લામાં લઇ જવા માંગે છે જેથી તેમને બચાવવા માટે મદદ કરો જેથી આ કામે થર્ડપાર્ટી કોલર કે જેણે ૧૮૧ ઉપર તેઓની હેડ ઓફીસ પર કોલ કરેલો તેઓ તેમના સંપર્કમાં હતા તે થર્ડપાર્ટી કોલરનું નામ હાલ તેમને યાદ નથી અને આ થર્ડપાર્ટી કોલર વડોદરાથી હતા અને તેઓ તેમની સાથેના સંપર્કથી એડ્રેસ ઉપર જ્યાં ભોગ બનનારને પુરી રાખેલી તે સ્થળ વિધ્યાનગર આત્મીય અમૃત સોસાયટીમાં આવેલ ફલેટમાં આવેલ હતુ અને ત્યાં સ્થળ ઉપર જતા તે ઘર બંધ હતુ તેનો દરવાજો ખખડાવતા કોઇએ ખોલેલ નહી જેથી બાજુનો દરવાજો ખખડાવતા તે ઘરમાંથી એક ફેમીલી બહાર આવેલ અને તેમણે આવી કોઇ છોકરી અમારા ઘરે આવેલ નથી તેવુ જણાવેલ જેથી તેમની બાજુનો દરવાજો ખખડાવતા એક લેડી બહાર નીકળેલ તેમણે પણ અહી કોઇ બાંગ્લાદેશી આવેલ નથી તેમ જણાવેલ જેથી વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં વર્ધી લખાવેલ અને પોલીસ બોલાવેલ અને ત્યારબાદ તેઓએ વિધ્યાનગર પોલીસને આ કેસ સોપી દીધેલ. તેઓએ વધુમાં જણાવેલ છે કે,

વિધ્યાનગર પોલીસને વર્ધી લખાવતા જે ઘરે દરવાજો ખખડાવતા ફકત એક મહિલા નીકળેલી તે ઘરમાંથી એક ભોગ બનનાર મળી આવેલ અને તેથી તેઓએ તે ભોગ બનનારને વિધ્યાનગર પોલીસવાળા કે જ્યાં તેઓ આવી ગયેલા હતા તેમની સાથે વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં જઇ ત્યાં સોંપી દીધેલ અને ત્યારબાદ આગળની કાર્યવાહી વિધ્યાનગર પોલીસ સ્ટેશન વાળાએ કરેલી અને મળી આવેલ દીકરી ગભરાયેલી હતી તેથી તે દીકરીને લઇને પોલીસ જોડે વિધ્યાનગર પોલીસ સ્ટેશને ગયેલા અને આ ભોગ બનનાર દીકરી અંગ્રેજી કે ગુજરાતી ભાષા જાણતી ન હતી તેથી તેઓને તેણી સાથે કોઇ વાતચીત થયેલી નહી અને આ ભોગ બનનારનું નામ તેઓને જાણવા મળેલ અને આ ભોગ બનનાર દીકરી કેવી રીતે આવેલી તેની તેઓને ખબર નથી પરંતુ તે મોડેલીંગ કરવા અહીં આવેલી તે તેઓએ જાણેલ અને જે ઘરમાંથી આ ભોગ બનનાર મળી આવેલ તે ઘર કોનું હતુ તેની તેઓએ પૂછપરછ કરેલી પણ તેનું નામ તેઓને જણાવેલ નહી. તેઓએ વધુમાં જણાવેલ છે કે, આ સમગ્ર કાર્યવાહી બાબતે PCR ફોર્મ ભરેલ તે તેઓની હેડ ઓફીસે મોકલાવેલ. આ સાહેદે તેમની જુબાની દરમ્યાન આંક–૧૩૩ થી રજુ અસલ PCR ફોર્મ નં. ૫૩૭૮૭ રજુ કરેલ છે અને તેની પાછળના ભાગે તેમના હસ્તાક્ષર હોવાનું અને તેમાં કાઉન્સીલરની સહી તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, ઘરમાંથી ભોગ બનનાર મળી આવેલ તે ઘરમાં કેટલા વ્યકિતઓ પરિવારમાં હતા તેનો કોઈ ચોક્કસ આંકડો તેઓ કહી શકે નહી પરંતુ કુલ ૫–૬ માણસો હતા અને વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં ભોગ બનનારને સોંપી ત્યારે તેણીની સાથે આજુબાજમાં રહેતા માણસો હતા તેમજ તેઓની ટીમના માણસો હતા અને ભોગ બનનારની ભાષા તેઓ સમજી શકતા ન હતા અને ભોગ બનનારની સાથે તેણીને લાવેલ સ્ત્રી પણ હતી. આ સાહેદે તેમની જુબાની દરમ્યાન કોમ્પ્યુટરના સ્ક્રીન ઉપર આરોપી નં. ૩ નાઓને જોઇ આરોપી નં. ૩ ભોગ બનનાર સાથે હાજર હતા તે જ સ્ત્રી હોવાનું જણાવી આરોપી નં. ૩ ને ઓળખી બતાવેલ છે.

(૩૬.૧) આરોપી નં. ૦૧ તરફે વિદ્વાન ચીફ ડિફેન્સ કાઉન્સીલ શ્રી દ્વારા આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ રજુ કરેલ PCR ફોર્મમા W.I.D. ની ડીટેઇલમાં ભોગ બનનારની ડીટેઇલ આવે અને તેઓએ ભોગ બનનારને જે વિગતો પૂછેલી અને તેણીએ જે જવાબ આપેલા તે વિગતો

ભરેલી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, ભાષાની તકલીફ હતી તેથી કેટલીક વિગતો રસ્તામાં પૂછેલ અને કેટલીક વિગતો પોલીસ સ્ટેશનમાં જઇ પૂછેલી. તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનારે જે કોઇ વિગતો જણાવેલી તે ભાષા તેઓને સમજાયેલી નહી અને W.I.D. ની ડીટેઇલમાં જે કોન્ટેકટ નંબર આપેલ છે તે કોન્ટેકટ નંબર જે નંબર ઉપરથી તેઓને ફોન આવેલ તે નંબર અને ભોગ બનનારે આપેલ તે નંબર લખેલો છે. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે જે નંબર આપેલો તે નંબર ચાલુ હતો અને તેઓને ભોગ બનનારે આપેલ તે નંબર ઉપરથી તેણીનું લોકેશન ટ્રેક કરેલ. આ સાહેદને તેઓની જુબાની દરમ્યાન સવાલ પુછવામાં આવેલ છે કે, આંક–૧૩૩ માં જે વિગતો ભરેલી છે તે સાચી અને ખરી ભરેલી છે. જેના જવાબમાં જણાવેલ છે કે, જે વિગતો તેઓને જણાવેલ તે વિગત ભરેલી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર તેઓની ભાષા સમજતા ન હતા તેમજ તેઓ પણ ભોગ બનનારની ભાષા સમજતા ન હતા. આ સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, ભોગ બનનારને તમે જે જગ્યા ઉપરથી લીધા અને વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં સોપ્યા તે દરમ્યાન તેણીની ભાષા તમને સમજ પડેલ નહી. જેના જવાબમાં જણાવેલ છે કે, તેણીની સાથે એક બહેન હતા જે ગુજરાતી ભાષા સમજતા હતા તેમણે પૂછીને જે વિગતો જણાવેલી તે લખેલી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારની ભાષા સમજમાં આવતી ન હોય ટ્રાન્સલેટરને પૂછીને જવાબો લીધા છે તેવી કોઇ વિગતો આંક–૧૩૩ માં નોધેલ નથી અને આંક–૧૩૩ માં છાપેલો ભાગ ફ્રન્ટ પેજ ઉપર છે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓના ફ્રન્ટ પેજમાં છાપેલી છે તેટલી જ વિગતો લખવાની હોય છે. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૩૩ ના ફોર્મમાં પાછળ તેઓની કોઇ સહી નથી અને આંક–૧૩૩ માં પાછળ લખેલી વિગતો આગળ લખેલી કઇ વિગતોના સાંધણમાં છે તેનો ઉલ્લેખ કરેલ નથી. તેઓને ચોક્કસ યાદ નથી કે, તેઓના પોલીસ રૂબરૂના નિવેદનમાં, "એક દીકરીને રૂમમાં પુરી રાખેલ છે" તેવી હકીકત લખાવેલી કે કેમ? તેઓએ જણાવેલ છે કે, પોલીસે તેઓને પોલીસ સ્ટેશનમાં બોલાવેલ અને કઇ રીતે બનાવ બનેલો તેની વિગતો માંગેલી અને આ વિગતો તેઓએ પોલીસને લેખિતમાં આપી હોય તેવુ બનેલ નથી અને તેઓએ પોલીસને જે વિગતો આપેલી તે વિગતો પોલીસે લખી લીધેલ હોય તેવુ બનેલ નહી. તેઓએ જણાવેલ છે કે, SHE ટીમ એટલે કે પોલીસ સ્ટેશનમાં બહેનોની બનેલી એક ટીમ હોય છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ આ કામે SHE ટીમને જાણ કરેલી પણ કોઇ સ્થળ પર આવેલ નહી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, અભ્યમ ટીમની વાનમાં PCR ફોર્મ સિવાયની એક

ડાયરી હોય છે અને તેઓને તે ડાયરી નીભાવવાની હોય છે અને આ ડાયરીમાં તેઓને કેસનો જે નંબર પડે તે નંબર લખવાનો હોય છે અને કેસની ડીટેઇલ લખવાની હોય છે અને આ વિગતોનું રજીસ્ટર આઇ.ડી. તરીકે ઓળખાય છે અને આંક–૧૩૩ માં જે રજીસ્ટર આઇ.ડી નંબર લખવામાં આવે છે તે તેઓની હેડ ઓફીસ તરફથી જે નંબર આપવામાં આવે છે તે લખવાનો હોય છે. તેઓએ સ્વીકારેલ છે કે, હેડ ઓફીસ તરફથી જે આઇ.ડી. નંબર આપવામાં આવે છે તે નંબર કેસના કામે ઘણો જ મહત્વનો હોય છે અને સૌપ્રથમ વિગતો કોલ કરીને હેડ ઓફીસમાં નોંધાવવામાં આવે તે વિગતો મહત્વની હોય છે અને હેડ ઓફીસમાં કોલ કરીને આપવામાં આવતી માહિતીનું રજીસ્ટર નિભાવવામાં આવતુ હોય છે અને તેઓએ આ કામે હેડ ઓફીસમાં નિભાવવામા આવતુ રજીસ્ટર રજુ કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૩૩ વાળુ PCR ફોર્મ હેડ ઓફીસ મા મોકલ્યાની તારીખ કે સમય તેમા દર્શાવેલ નથી. તેઓને સવાલ પુછવામાં આવેલ છે કે, આ ફોર્મ તમે કઇ તારીખે અને કેટલા વાગે ભરેલ તે વિગતો તમે દર્શાવેલ નથી? જેના જવાબમાં જણાવેલ છે કે, જે ટાઇમે કેસ આવે છે તે ટાઇમે PCR ફોર્મ ફીલ અપ કરી સ્થળને આધીન ભરેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આ ફોર્મ ભરવાની શરૂઆત કેટલા વાગે કરેલ અને કેટલા વાગે પૂર્ણ કરેલ તેની કોઇ વિગતો ચોક્કસ રીતે દર્શાવેલ નથી અને આંક–૧૩૩ ના PCR ફોર્મમાં નીચે દર્શાવેલ બે અલગ અલગ ભાગ છે તે જે તે પોલીસ સ્ટેશનમાં આપવાનો હોય છે. તેઓએ ઇન્કાર કરેલ છે કે, તેઓ આ કામે PCR ફોર્મનો નીચેનો ભાગ પોલીસ સ્ટેશનમાં આપેલ નથી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, PCR ફોર્મ કાર્બન કોપી મૂકીને તૈયાર કરેલ અને તેની એક નકલ પોલીસ સ્ટેશનમાં આપેલી. તેઓએ ઇન્કાર કરેલ છે કે, PCR ફોર્મ ની નકલ પોલીસ સ્ટેશનમાં આપેલી જ ન હતી અને તેઓએ આરોપી નં ૩ ને ખોટી રીતે ઓળખી બતાવેલ છે.

(૩૬.૨) આરોપી નં. ૦૨, ૦૩ અને ૦૪ ના વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉપર મુજબની ઉલટ તપાસ સ્વીકારવમાં આવેલ છે.

(૩૬.૩) આરોપી નં. ૦૫ અને ૦૮ તરફે વિદ્વાન વકિલશ્રી દ્વારા આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, બનાવના સમયે તેઓની ટીમમાં તેમની સાથે મહિલા પો.કો. પુજાબેન, ડ્રાયવર તરીકે સુરેશભાઇનાઓ

હતા. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ ૩ મકાનના દરવાજાઓ ખખડાવેલા અને ડ્રાઇવર સુરેશભાઇએ આ કાર્યવાહીમાં કોઇ ભાગ લીધેલ નહી અને ડ્રાઇવર સુરેશભાઇએ ફકત ગાડીનું ડ્રાઇવીંગ કરવાનું કામ કરેલ. તેઓએ જણાવેલ છે કે, તેઓ અર્પાબેન નામના કોઇ પોલીસ કોન્સ્ટેબલને ઓળખતા નથી. તેઓએ સ્વીકારેલ છે કે, અર્પાબેન બનાવના દિવસે તેઓની ટીમમાં ન હતા. તેઓએ ઈન્કાર કરેલ છે કે, આંક–૧૩૩ માં તમામ અક્ષરો તેઓના છે. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, આ ફોર્મમાં W.I.D ની સહી ભોગ બનનારની છે અને ફોર્મ પોલીસને સોપ્યુ તે બદલની સહી પોલીસવાળા ની છે. તેઓએ સ્વીકારેલ છે કે, આ સહીઓ સિવાયના અક્ષરો તેઓના છે અને આંક–૧૩૩ માં નીચેના ભાગે PSO તા ૦૬/૦૯/૨૦૨૩ સમય ૦૨:૦૮ અને ફોન નંબર ૦૨૬૯૨ ૨૩૦૧૦૦ દર્શાવેલ છે જે વિધ્યાનગર પોલીસ સ્ટેશનનો છે અને આ વિગતોની નીચે જે તે સમયના PSO એ હોદ્દો લખી સહી કરેલ છે. તેઓએ જણાવેલ છે કે, આંક–૧૩૩ વાળુ ફોર્મ વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં સોપેલ. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૩૩ વાળા ફોર્મમાં જમણી બાજુ નીચેના ભાગે સહી નીચે PSO અને આણંદ લખેલુ છે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, આ ફોર્મ વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં નહી પણ આણંદ પોલીસ સ્ટેશને આપેલ. તેઓએ સ્વીકારેલ છે કે, PSO એ સ્વીકાર્યા બદલ પોલીસ સ્ટેશનનું કોઇ સીલ કે સિક્કો મારેલ નથી અને PSO ની જે વિગતો લખવાની છે ત્યાં Stamp/Sign લખેલ છે અને આ ફોર્મમાં પોલીસ સ્ટેશન અંગેની ઘણી વિગતો ખાલી રાખવામાં આવેલી છે અને આંક–૧૩૩ વાળા ફોર્મમાં કોઇપણ વિગત તેઓએ ખોટી કે જૂઠ્ઠી દર્શાવેલ નથી. તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનારનું નામ જણાવેલુ તેવુ આંક–૧૩૩માં નોધેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેના જેન્ડરમાં F ઉપર ટીક કરેલ છે અને ઉંમર ૨૨ લખેલ છે અને આંક–૧૩૩ ના ફોર્મમાં લોકેશનમાં આણંદ લખેલુ છે અને આંક–૧૩૩ વાળા ફોર્મમાં ગાડીનો કોઇ રજીસ્ટ્રેશન નંબર લખેલો નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ સ્થળ ઉપર ગયા અને ત્યાંના રહેવાસીઓના બારણા ખખડાવેલા પણ કોઇ મળી આવેલ નહી જેથી વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં ફોન કરેલો અને ફોન કરતા વિધ્યાનગર પોલીસના માણસો સરકારી ગાડી લઇને આવેલા. તેઓએ જણાવેલ છે કે, વિધ્યાનગર પોલીસ સ્ટેશનથી સ્થળ ઉપર આશરે ૩ માણસો આવેલા અને આ ૩ માણસોમાં કોઇ મહિલા પોલીસ ન હતા અને વિધ્યાનગર પોલીસ સ્ટેશનના માણસો આવી ગયા બાદ જેટલા જેટલા દરવાજા ખખડાવતા જે માણસો બહાર આવેલા તે તમામની પૂછપરછ કરેલ હોય તેવુ બનેલ નહી

તથા વિધ્યાનગર પોલીસ સ્ટેશનના માણસો સ્થળ ઉપર આવી ગયા બાદ અને ભોગ બનનાર મળી આવી તે પહેલા બે ઘરના મળીને ૭–૮ માણસો ની પૂછપરછ કરેલી અને ભોગ બનનારની પુછપરછ તેઓએ જાતે કરેલ. તેઓએ સ્વીકારેલ છે કે, આ પૂછપરછમાં જે વિગતો સાચી લાગેલી તે તેઓ સમજેલ અને વિધ્યાનગર પોલીસના માણસો સ્થળ ઉપર આવી જતા ઘરના માણસોને બહાર કાઢેલા તેમાં ભોગ બનનારને પણ બહાર કાઢેલી અને તે સમયે તેઓ ભોગ બનનારને સૌપ્રથમવાર જોયેલ અને ભોગ બનનારની જે કઇ પણ પુછપરછ થઇ તે તેઓની હાજરીમાં અને વિધ્યાનગર પોલીસના માણસોની હાજરીમાં થયેલી. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૩૩ વાળા ફોર્મમાં વિધ્યાનગરના PSO એ સહી તેઓના રૂબરૂમાં કરેલી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, આંક–૧૩૩ વાળા PCR ફોર્મની નકલ વિધ્યાનગર પોલીસ સ્ટેશન આપેલ જ ન હતી. તેઓ ભોગ બનનારને ઓળખી શકે. તેઓએ જણાવેલ છે કે, તેઓએ તેમની જુબાની દરમ્યાન વીડીયો કોન્ફરન્સથી હાજર જે આરોપી નં. ૦૩ ને ઓળખી બતાવેલ તેનુ નામ તેઓ જાણતા નથી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ ઓળખી બતાવેલ આરોપીને અગાઉ કયારેય જોયેલ જ ન હતા. તેઓએ જણાવેલ છે કે, પોલીસે તેઓનું નિવેદન ચોક્કસ કઇ તારીખે લીધેલ તે તેઓને હાલ યાદ નથી અને આંક–૧૩૩ વાળુ PCR ફોર્મ ભર્યાના આશરે દોઢેક મહીના બાદ પોલીસ તેઓને નિવેદન આપવા બોલાવેલ. તેઓએ સ્વીકારેલ છે કે, આ નિવેદનમાં તેઓ જે વિગતો જાણતા હતા તે તમામ વિગતો જણાવેલી અને પોલીસે તેઓના નિવેદન સમયે આંક–૧૩૩ વાળુ PCR ફોર્મ પોલીસે તેઓની પાસે માંગ્યુ હોય કે તેઓએ સામેથી પોલીસ સ્ટેશનમાં રજુ કરેલ હોય તેવુ બનેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓનુ નિવેદન લીધુ તે સમયે પોલીસે તેઓની પાસેથી કોઇની ઓળખ કરાવેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ જણાવેલ છે કે, તેઓએ તેમનુ નિવેદન પોલીસમા લખાવ્યુ ત્યારે જે આરોપીને વીડીયો કોન્ફરન્સથી જોઇ ઓળખી બતાવેલ છે તે આરોપીને ત્યારે પોલીસ સ્ટેશનમાં પણ જોયેલા અને તેમણે ઓળખી બતાવેલ આરોપી તેઓ જે કામે નિવેદન લખાવવા ગયેલા તે કામે આરોપી તરીકે છે કે કેમ તે તેઓ જાણતા નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ આરોપી તરીકે જે બહેનને વીડીયો કોન્ફરન્સથી ઓળખી બતાવેલ છે તેના વિશે પોલીસે તેઓની કોઇ પૂછપરછ કરેલ નહી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓ આરોપી નં. ૦૩ ને પોલીસને મદદ કરવા માટે ખોટી રીતે ઓળખી બતાવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત શબ્દસહ લખાવેલ નથી કે, *"ત્યાં સ્થળ*

ઉપર જતા તે ઘર બંધ હતુ તેનો દરવાજો ખખડાવતા કોઈએ ખોલેલ નહી જેથી બાજુનો દરવાજો ખખડાવતા તે ઘરમાથી એક ફેમીલી બહાર આવેલ અને તેમણે આવી કોઇ છોકરી અમારા ઘરે આવેલ નથી તેમજ જણાવેલ જેથી તેમની બાજુનો દરવાજો ખખડાવતા એક લેડી બહાર નીકળેલ તેમણે પણ અહી કોઇ બાંગ્લાદેશી આવેલ નથી તેમ જણાવેલ જેથી વિધ્યાનગર પોલીસ સ્ટેશનમા વર્ધી લખાવેલ અને પોલીસ બોલાવેલ અને ત્યારબાદ અમે વિધ્યાનગર પોલીસને આ કેસ સોપી દીધેલ." અને *"અમદાવાદ હેડ ઓફીસ થી ફોન આવેલ અને જણાવેલ કે"* અને *"આ થર્ડપાર્ટી કોલર વડોદરાથી હતા. અમે તેમની સાથેના સંપર્કથી એડ્રેસ ઉપરથી જયા ભોગ બનનાર ને પૂરી રાખેલી".* તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારને સ્થળ ઉપરથી વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં લઇ ગયેલા ત્યારે વિધ્યાનગરના પોલીસના માણસો પણ તેઓની સાથે હતા. તેઓએ જણાવેલ છે કે, વિધ્યાનગરના પોલીસવાળાએ કેસની કોઇ વિગતો તેઓને પુરી પાડેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૩૩ વાળા ફોર્મમા વિગતો આપવામાં વિધ્યાનગરના પોલીસવાળાએ તેઓને કોઇ મદદ કરેલ નહી અને આંક–૧૩૩ વાળા ફોર્મમા જે વિગતો ભરેલ તે તેઓએ પોતે જ મેળવેલી અને સાચી જણાતા તેઓએ જાતે જ ભરેલી. તેઓએ જણાવેલ છે કે, આંક–૧૩૩ વાળા ફોર્મમાં અર્પાબેન એવુ નામ તેઓએ તેમના હસ્તાક્ષરમાં લખેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૩૩ વાળુ ફોર્મ અમદાવાદ હેડ ઓફીસે રીસીવ કર્યુ હોય તેવો કોઇ પુરાવો તેઓએ આ કામે રજુ કરેલ નહી અને આંક–૧૩૩ વાળુ ફોર્મ કેવી રીતે મેળવીને તેઓએ આ કામે રજુ કર્યુ તે અંગેનો કોઇ પત્રવ્યવહાર તેઓએ આ કામે રજુ કરેલ નહી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તારીખે સરકારી વકિલ દ્વારા PCR ફોર્મ ભરવાનું કહેતા તેઓ પાછળ થી આ આંક–૧૩૩ વાળો દસ્તાવેજ રજુ કરેલ છે અને આંક–૧૩૩ વાળો દસ્તાવેજી આધાર તેઓની આણંદ ખાતેની ઓફીસમાં જ હતો. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર ગભરાયેલી છે તેવુ તેઓનું અનુમાન હતુ અને ભોગ બનનાર ગભરાયેલી છે તે માટે તાત્કાલીક મેડીકલ માટે લઇ જવી જોઇએ તેવુ જણાયેલુ નહી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, પોલીસના કેસને સમર્થન આપવા ખોટી જુબાની આપે છે.

(૩૬.૪) આરોપી નં. ૦૬ અને ૦૭ તરફે વિદ્વાન વકિલશ્રી દ્વારા આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારને વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં લઇ જતા હતા ત્યારે તે જે ઘરમાંથી મળી આવેલ તે

ઘરની એક થી વધુ સ્ત્રી તેઓની સાથે પોલીસ સ્ટેશનમાં આવેલા. તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનાર જે ઘરમાંથી મળી આવેલ તે ઘરના માલિકોના નામ તેઓને યાદ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ગાડીમાં સાથે આવેલ બે સ્ત્રીઓ પૈકી એક ઘરની માલિક હતી અને તે ગુજરાતી બોલતી હતી. તેઓએ ગોપાલભાઈ નામના કોઈ ભાઈ પોલીસ સ્ટેશનમાં હાજર હતા કે કેમ? તે તેઓને ચોકકસ યાદ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, વિધ્યાનગર પોલીસના માણસો આવ્યા બાદ ભોગ બનનાર ઘરની બહાર નીકળેલ અને તેઓ ભોગ બનનાર ઘરની બહાર આવી ગયા બાદ ઘરમાં જઈને કોઇ તપાસ કરેલ હોય તેવુ બનેલ નહી અને તેઓની હાજરીમાં કોઇ વિધ્યાનગર પોલીસવાળા ઘરમાં ગયા હોય અને તપાસ કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનાર જે ઘરમાંથી નીકળેલ તે માંથી કુલ ૪ વ્યક્તિઓ બહાર નીકળેલા અને આ ૪ વ્યક્તિઓ પૈકી એક પુરુષ હતો. તેઓએ સ્વીકારેલ છે કે, આ ઘરમાં કોઇ બાળકો છે કે કેમ? તેની તેઓએ ઘરમાં જઈને તપાસ કરેલ હોય તેવુ બનેલ નથી. ભોગ બનનારે જણાવેલ છે કે, ભોગ બનનાર જે ઘરમાંથી નીકળેલી તે ઘરમાં હેતલબેન અને ગોપાલભાઈના કોઇ બાળકો હતા કે કેમ? તેની તેઓને કોઇ પૂછપરછ કરેલ ન હતી. તેઓએ સ્વીકારેલ છે કે, તે દિવસે ભોગ બનનાર જે ઘરમાંથી બહાર નીકળેલ તે ઘરમાંથી નીકળેલ માણસો સાથે તેઓએ ગુજરાતી સમજતા વ્યક્તિઓ સાથે તેઓએ વાત કરેલી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, ગુજરાતી ભાષા જાણતા હતા તે સોનલબેન ઘરના માલિક હતા અને આ ઘરના માલિક ગુજરાતી ભાષા જાણતા હતા તે જ હતા કે કેમ? તે તેઓ ચોક્કસ પણે કહી શકે નહી. તેઓએ સ્વીકારેલ છે કે, ગુજરાતી ભાષા બોલતો પરીવાર તે ઘરમાંથી નીકળેલુ અને તેઓ તે ઘરમાં રહેતા હતા અને ભોગ બનનાર જેટલો સમય તેઓની સાથે રહ્યા તે સમયગાળા દરમ્યાન ભોગ બનનાર સાથે બળાત્કાર થયેલ છે તેવી કોઇ વિગત ભોગ બનનારે તેઓને જણાવેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ જણાવેલ છે કે, તેઓની હેલ્પલાઇનમાં કોલ કરનાર વ્યક્તિ વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં હાજર હતો કે કેમ તેની તેઓને જાણકારી નથી. તેઓએ જણાવેલ છે કે, તેઓ વિધ્યાનગર પોલીસ સ્ટેશન સૌપ્રથમ વખત આ કામે ગયેલ ત્યારે ત્યાં કોઇ પોલીસ અધિકારીને મળવાનો પ્રસંગ બનેલ નહી. તેઓએ જણાવેલ છે કે, તેઓને જયારે કોમ્પ્યુટર સ્ક્રીન ઉપર જે એક સ્ત્રીને ઓળખવા માટે બતાવવામાં આવેલ હતી ત્યારે સ્ક્રીન ઉપર એક જ સ્ત્રી દેખાતી હતી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ આરોપીને કોમ્પ્યુટર સ્ક્રીન ઉપર ઓળખી બતાવેલ તે સ્ત્રીનું વર્ણન પહેલા તેઓને પુછવામાં

આવેલ હોય તેવુ બનેલ નથી અને જે સ્ત્રીને કોમ્પ્યુટર સ્ક્રીન પર ઓળખી બતાવેલ છે તેને તેઓ તેમની જુબાની દરમ્યાન સૌપ્રથમ વખત ઓળખી બતાવેલ છે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, જે સ્ત્રીને તેઓની જુબાની દરમ્યાન કોમ્પ્યૂટર સ્ક્રીન ઉપર ઓળખી બતાવેલ છે તે સ્ત્રીને તેઓએ સૌપ્રથમ વખત વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં જોયેલ.

(૩૭) ફરિયાદ પક્ષે આંક–૧૩૫ થી સાહેદ નં. ૧૦ તરીકે નિલોય નારાયણપ્રસાદ ડેયને તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ બરોડા મુકામે સને ૨૦૨૧ થી ૨૦૨૩ સુધી એમ.એસ.યુનિવર્સીટી પર્ફોમીંગ આર્ટસ ફેકલ્ટીમાં અભ્યાસ કરતા અને તેઓ સ્ટુડન્ટ વિઝા ઉપર ભારતમાં આવેલ છે અને તેઓ વડોદરા મુકામે એમ.એસ. યુનિવર્સીટીની હોસ્ટેલમાં રહેતા હતા અને તેઓના માતા–પિતા બાંગ્લાદેશ ખાતે રહે છે અને તેઓના પિતા પ્રાઈવેટ જોબ કરે છે અને તેઓના માતા હેલ્થ કલીનીકમાં નોકરી કરે છે અને તા.૪ અથવા ૫ સપ્ટેમ્બરના રોજ રાતે આશરે ૧૦:૩૦ કલાકે તેઓના ઉપર સુમનભાઇ(Sumon) નામના વ્યક્તિનો ફોન આવેલો અને આ ફોન બાંગ્લાદેશ થી આવેલો અને આ સુમનભાઇ (Sumon) એમ.એસ.યુનિવર્સીટીમાં સને ૨૦૨૦ થી ૨૦૨૨ ના વર્ષમાં પોલીટીકલ સાયન્સ વિષયમાં માસ્ટર્સનો અભ્યાસ કરતા હતા અને તેઓએ તેમને ફોન પર જણાવેલ કે એક છોકરી હાલ આણંદમાં છે તેના વિશે નાઇમ નામના છોકરાએ આ સુમોન ને ફોન કરેલ હતો અને જણાવેલ હતુ કે ભોગ બનનાર (નોંધ–સાહેદ ભોગ બનનારનું નામ જણાવે છે) ગુજરાતમાં છે અને તે જે ઘરમાં છે તે ઘરમાં તેણીને બંધ કરીને રાખવામાં આવી છે તેણીની પાસે એક ફોન છે જેનાથી તે કોન્ટેકટ કરી શકે છે જે તે વખતે તે કોન્ટેકટ નંબર તેઓની પાસે હતો. તેઓએ વધુમાં જણાવેલ છે કે, સુમોનભાઈએ પહેલા ભોગ બનનાર સાથે વાત કરેલી અને ત્યારબાદ સુમોનભાઈએ તેઓને જણાવેલ કે, ભોગ બનનાર ક્યાં છે તેનું લોકેશન ભોગ બનનારે સુમોનને આપેલ છે અને સુમોનભાઈએ તેઓને તે કોન્ટેકટ નંબર આપેલો અને તેઓને વાત કરવા માટે જણાવેલ અને તે ક્યાં છે તે જાણી તેનું લાઈવ લોકેશન મેળવવા જણાવેલ તેથી તેઓએ તે કોન્ટેકટ નંબર ઉપર ભોગ બનનાર સાથે વ્હોટ્સએપ મેસેજ થી વાત કરેલ અને ભોગ બનનારને હીન્દી આવડતુ ન હતુ તેથી તેઓએ ભોગ બનનારને બાંગ્લા ભાષામાં લાઇવ લોકેશન કેવી રીતે મોકલવુ તે સમજાવેલ ત્યારબાદ ભોગ બનનારે તેઓને તેણીનું લાઇવ લોકેશન મોકલાવેલ ત્યારે તેઓની સાથે બીજા બે મિત્રો

પણ હતા તેથી તેઓએ નકકી કરેલ કે ફીમેલ રેસક્યૂ નંબર છે તે નંબર આજે તેઓને યાદ નથી તે નંબર ઉપર તેઓએ કોલ કરેલો અને છોકરી જ્યાં છે ત્યાં તેને બળજબરીથી રાખવામાં આવેલ છે તે વિશેની માહિતિ આપેલી તેથી ફીમેલ રેસક્યૂ સેન્ટર વાળા ત્યાં લોકેશન ઉપર ગયેલા અને ૫–૧૦ મિનિટના સમયમાં ભોગ બનનારને રેસક્યૂ કરેલી અને તેઓને તેની જાણ કરેલી અને તેઓને ભોગ બનનારનું શું કરીએ તેવુ પુછતા તેઓએ તેણીને વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં લઇ જવા જણાવેલ ત્યારબાદ એક થી દોઢ કલાક પછી તેઓ અને તેમના મિત્રો આણંદ વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં ગયા અને ત્યાં પોલીસવાળાએ તેઓ ભોગ બનનારને કેવી રીતે ઓળખે છે તેવી પૂછપરછ કરેલી તો તેઓએ તેમનો પાસપોર્ટ અને વિઝા પોલીસવાળાને બતાવેલા અને પોલીસવાળાએ તેઓને ભોગ બનનારનું શું કરીએ રેસક્યૂ કરેલી છે તમે લઇ શકો છો તેવુ કહેતા ભોગ બનનાર પાસે કોઇ પાસપોર્ટ કે વિઝા ન હતા તેથી તેઓ તેણીને તેમની સાથે લઇ જઇ શકે તેમ નથી તેમ જણાવેલ. તેઓએ વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ તેઓએ સુમોનભાઇ સાથે વાત કરેલી કે શું કરુ? તો તેઓએ જણાવેલ કે બાંગ્લાદેશ એમ્બેસી મુંબઇમાં છે તેનો સંપર્ક કરવા તેઓને જણાવેલ ત્યારબાદ તેઓ ૩–૪ કલાક પોલીસ સ્ટેશને રોકાયેલ અને સવારે ૬ વાગે તેઓએ બાંગ્લાદેશ એમ્બેસી મુંબઇ ખાતે ફોન કરેલો અને તેઓએ તેમને એક ફીમેલ રેસક્યૂ એન્ડ શેલ્ટર નો ફોન નંબર આપેલો અને તેઓએ તે ફોન નંબર ઉપર વાત કરેલી અને તે નંબર ઉપરથી કોઇ લેડીએ વાત કરેલી અને તેણીએ તેના અધિકારી આવેથી તેઓ તેમનો સંપર્ક કરશે તેમ જણાવેલુ ત્યારબાદ ૦૮:૦૦ થી ૦૯:૦૦ વાગ્યે તેઓ વિધ્યાનગર પોલીસ સ્ટેશન થી વડોદરા જવા માટે નીકળી ગયેલા ત્યારબાદ ૧૦:૦૦ વાગ્યાની આસપાસ વિધ્યાનગર પોલીસ સ્ટેશનથી તેઓ ઉપર ફોન આવેલો અને તેઓએ તેમની સામાન્ય પુછપરછ કરેલી અને વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં તેઓ પહોંચેલ ત્યારે તેઓની ભોગ બનનાર સાથે વાતચીત થયેલી ત્યારે તેઓએ ભોગ બનનારને પૂછેલ કે તેણી કેવી રીતે આવેલ છે તો તેણીએ તેઓને જણાવેલ કે તેને મોડેલીંગ માટે અને ફરવા માટે કોઇ ના સંપર્કમા આવતા તે તેણીને અહીં લઇ આવેલ છે તો તેઓએ તેણીને પૂછેલ કે તેની સાથે બીજુ કોઇ હતુ તો તેણીએ તેઓને જણાવેલ કે તેની સાથે બીજી પણ એક છોકરી હતી જે મુંબઇ થી તેનાથી અલગ થઇ ગયેલ છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, તેઓએ ભોગ બનનારને કયાં ક્યાં ગયેલ છે? તેવુ પૂછેલ તો તેણીને કોઇ નામ યાદ ન હતા અને તેણીએ કલકત્તા, મુંબઇ, અમદાવાદના નામો જણાવેલા અને તેઓએ ભોગ બનનારને

ટેલીફોનીક વાત સુમોનભાઇ સાથે કરાવેલ અને તેઓએ ભોગ બનનારને તેણીની સાથે શું થયેલ છે તેવુ પૂછેલ તો ભોગ બનનારે તેઓને જણાવેલ કે તેણી અમદાવાદમાં કોઇ હોટલમાં રોકાયેલ હતી અને તેણીની સાથે એક છોકરી હતી અને તેણે ભોગ બનનાર પાસે સેક્સવર્ક કરાવેલ. તેઓએ વધુમાં જણાવેલ છે કે, તેઓ જયારે વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં પહોચેલ ત્યારે તેણી જ્યાં રોકાયેલ તે ઘરનું એક કપલ હતું અને બીજી એક છોકરી હતી અને તેનું નામ સોનિયા જેવુ હતુ અને પોલીસવાળા જયારે વડોદરા તેઓની ફેકલ્ટી પર આવી મળેલા ત્યારે ભોગ બનનારની સાથે જે સોનિયા હતી તેનુ આધારકાર્ડ કલકત્તાના એડ્રેસનું હતુ પરંતુ તે ખોટું હતુ તેવુ પોલીસે તેઓને જણાવેલ. તેઓએ તેમની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, તેઓ વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં સોનીયા નામની છોકરી હાજર હતી તેવું જણાવે છે તેને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન કોમ્પ્યુટર સ્ક્રીન જોઇ તેમાં દેખાતી સ્ત્રી તરીકે જે.ઈ.સી. ભુજ ખાતેથી ઓનલાઈન હાજર રખાયેલ સોનિયા છે તેમ કહી ઓળખી બતાવેલ છે.

(૩૭.૧) આરોપી નં. ૦૧ તરફે વિદ્વાન વકિલ શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ ગુજરાતી ભાષા સમજે છે. તેઓએ જણાવેલ છે કે, સુમોનનું નામ સુમોન પરવેઝ છે તે તેઓ જાણે છે અને તેની અટકનો તેઓને ખ્યાલ નથી અને તેઓ નઈમનું આખુ નામ જાણતા નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ વડોદરા એમ.એસ. યુનિવર્સીટીમાં સને ૨૦૨૧ થી ૨૦૨૩ દરમ્યાન ભણતા હતા અને સુમોન સને ૨૦૨૦ થી ૨૦૨૨ દરમ્યાન આજ યુનિવર્સીટીમાં ભણતા હતા અને તેઓ અને સુમોન બંને બાંગ્લાદેશના હતા તેથી બંને એકબીજાને ઓળખતા હતા અને સુમોનને ભોગ બનનાર વિશેની માહિતી નઈમે આપેલી. તેઓએ જણાવેલ છે કે, નઈમ બાંગ્લાદેશનો છે. તેઓએ સ્વીકારેલ છે કે, નઈમના કારણે ભોગ બનનારને સુમોન ઓળખતો હતો. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારને રેસક્યૂ કરવામાં આવેલ તે જ દિવસે તેઓ આણંદ આવેલા તે બાદ તેઓ આણંદ આવેલ નથી અને તેઓ જયારે પ્રથમ વખત આણંદ આવેલ ત્યારે પોલીસને તેઓના પાસપોર્ટની વિગતો આપેલી અને ત્યારબાદ તેઓએ જણાવેલ છે કે, ઝેરોક્ષ આપેલી. તેઓએ સ્વીકારેલ છે કે, જયારે તેઓ ભોગ બનનારનો પ્રથમ વખત સંપર્ક કરેલ ત્યારે તેની પાસે મોબાઇલ ફોન હતો અને ચાલુ હાલતમાં હતો અને તેમાં વ્હોટ્સએપ પણ ચાલુ હતુ અને ભોગ

બનનાર વ્હોટ્સએપથી તેઓને, સુમોનને અને નઈમને મેસેજ કરતા હતા. તેઓએ જણાવેલ છે કે, નઈમ ભોગ બનનારને શું સગામાં થાય તેની તેઓને ખબર નથી. તેઓએ જણાવેલ છે કે, નઈમ બાંગ્લાદેશમાં શું કામ કરે છે તેની તેઓને જાણકારી નથી અને ભોગ બનનાર નઈમની ગર્લ ફ્રેન્ડ હતી કે કેમ? તેની તેઓને જાણકારી નથી અને નઈમે ભોગ બનનારને ભારતમાં મોકલાવેલ હતી કે કેમ? તેની તેઓને જાણકારી નથી. તેઓ સ્વીકારેલ છે કે, સુમોન ભોગ બનનારનો કોઇ સગો ન હતો. તેઓએ જણાવેલ છે કે, તેઓની સાથે વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં જે મિત્રો હતા તે બાંગ્લાદેશી હતા અને તેઓ તેમની સાથે ભણતા હતા અને તેઓ અને તેમના મિત્રો જે તે સમયે ગુજરાતી થોડું થોડું સમજતા હતા અને હીન્દી અને અંગ્રેજી ભાષા સમજતા હતા. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓ જ્યારે વિધ્યાનગર પોલીસ સ્ટેશન પહોંચેલ ત્યાં ભોગ બનનાર સાથે બીજી ૫–૬ સ્ત્રીઓ અને પુરૂષો પણ હતા. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ જયારે વિધ્યાનગર પોલીસ સ્ટેશન સૌપ્રથમ વખત પહોચેલ ત્યારે ત્યાં જે વ્યક્તિઓને જોયેલા તેઓને તેઓએ સૌપ્રથમ વખત જોયેલા અને તેઓએ ભોગ બનનાર સાથે જે લોકો ને વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં જોયેલા તેઓને ફરીથી જોવા કે ઓળખવા માટે તેઓને ફરી વિધ્યાનગર આવવાનું થયેલ નથી અને ભોગ બનનાર સાથે જે લોકો હતા તે લોકોની ઓળખ કરવા માટે પોલીસે તેઓને કયારેય બોલાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ સરતપાસમાં જે વિગતો જણાવેલ છે તે આ અગાઉ કોઇને જણાવેલ નથી. તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનારને તેઓએ ફીમેલ રેસક્યૂ અને ચીલ્ડ્રન કેર જેવા કોઇ નામવાળી સંસ્થા ઉપર વડોદરા મળવા ગયેલો અને તેઓ તે વિસ્તારનું નામ તેઓની જુબાની દરમ્યાન જણાવી શકે તેમ નથી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનારને ઘરમા બંધ કરીને રાખેલ છે તેવી હકીકત તેઓએ જુબાની દરમ્યાન જણાવેલ છે તે અગાઉ કયારેય કોઇને જણાવેલ નથી અને તેઓની જુબાની દરમ્યાન આ કામના આરોપી નં. ૦૩ ને ઓળખી બતાવેલ છે તે ખોટી રીતે ઓળખી બતાવેલ છે.

(૩૭.૨) આરોપી નં. ૦૨, ૦૩ અને ૦૪ ના વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉપર મુજબની ઉલટ તપાસ સ્વીકારવામાં આવેલ છે.

(૩૭.૩) આરોપી નં. ૦૫ અને ૦૮ તરફે આરોપીના વિદ્વાન વકિલશ્રી દ્વારા સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ

પોલીસને ભોગ બનનાર જ્યાં પણ છે ત્યાં તેને સારૂ નથી લાગી રહ્યુ તેવી હકીકત જણાવેલી. તેઓએ જણાવેલ છે કે, પોલીસે વડોદરા તેઓની ફેકલ્ટી પર તપાસ માટે આવેલી તેવુ તેઓ જે જણાવે છે તે તેઓ વિધ્યાનગર પોલીસ સ્ટેશન ગયેલા તેના બે માસ બાદ આવેલા. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓને વડોદરા ફેકલ્ટી પર આવીને મળી તે અગાઉ કોઇ ગુન્હો બન્યો છે કે કેમ? અને બન્યો છે તો ક્યો ગુન્હો અને શું હકીકત છે તેની તેઓને જાણકારી નથી અને પોલીસે તેઓને બેસાડી તેઓની પૂછપરછ કરી તેઓ જે બોલે તે લખી લીધુ હોય તેવુ બનેલ નથી અને તેઓએ તેમની સરતપાસમાં જે કોઇ હકીકત લખાવેલ તે અગાઉ તેઓએ આ હકીકત કયારેય પણ કોઇ ઓથોરીટીને જણાવેલ હોય કે લખાવેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે તેઓનું કોઇ નિવેદન લખી લીધેલ નથી તેમ છતા જો તેઓના નામે કોઇ નિવેદન લખવામાં આવ્યુ હોય તો તે ખોટુ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ જયારે સૌપ્રથમ ભોગ બનનારને મળ્યા ત્યારે ગેરકાયદેસર રીતે પાસપોર્ટ અને વિઝા વિના ભારતમાં આવેલ છે તેવુ જાણવા મળેલુ. તેઓએ ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનારે તેણી પાસપોર્ટ અને વિઝા વગર ભારતમાં આવી છે તેમ કહી તેઓની પાસે મદદ માંગેલી. તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનારને વિધ્યાનગર પોલીસ સ્ટેશન લાવ્યા અને તેઓ વિધ્યાનગર પોલીસ સ્ટેશન આવ્યા અને બરોડા ગયા ત્યારબાદ ભોગ બનનાર સાથે શું થયેલ છે તેની તેઓને કોઇ જાણકારી નથી પરંતુ તેણી બરોડા છે તેટલુ જાણે છે. તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનાર વડોદરા કોઇ કેર સેન્ટરમાં છે તેટલુ તે જાણે છે તે સિવાયની કોઇ માહિતી નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ વડોદરા કેર સેન્ટર ઉપર એક વાર ભોગ બનનારને મળવા ગયા ત્યારબાદ તેને મળવા ગયા નથી. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, ભોગ બનનાર હાલમા વડોદરા છે તેવુ તમને કેવી રીતે જાણવા મળેલ? જેના જવાબમાં જણાવેલ છે કે, તેઓ છેલ્લે મળેલ ત્યારે ભોગ બનનાર વડોદરા હતી તેથી તેણી વડોદરા છે તેવુ જણાવેલ છે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓ ભોગ બનનારને વડોદરા મળ્યા ત્યારબાદ વિધ્યાનગર પોલીસવાળા તેઓને આ કામ માટે મળેલ છે. તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનારનો નંબર પોલીસે તેઓના ફોનના ડેટામાંથી લીધેલો. તેઓએ ઈન્કાર કરેલ છે કે, ૧૮૧ વાળા ને તેઓએ જે ફોન નંબર આપેલો તે કોલ બાબતેની વિગતો તેઓએ પોલીસને આપેલી. તેઓએ જણાવેલ છે કે, પોલીસે તેઓની પાસેથી ક્યા નંબર પરથી ક્યા સમયે કોલ આવેલો તેવી કોઇ વિગતો તેમની પાસેથી મેળવી હોય તેવુ બનેલ નથી. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે,

થોડીક મિનિટ માટે કે થોડાક સમય માટે તમે કોઇ વ્યક્તિને જુઓ તો તમે તે વ્યકતિને ઓળખી શકો? જેના જવાબમાં જણાવેલ છે કે, જો તેઓ વાત કરે તો તે વ્યક્તિને ઓળખી શકે. તેઓએ ઇન્કાર કરેલ છે કે, તેઓ ભોગ બનનારને મદદ કરવાના ઇરાદે વિધ્યાનગર પોલીસ સ્ટેશન ગયેલા. તેઓએ જણાવેલ છે કે, તેઓ ભોગ બનનાર પાસે શું શું કાગળો છે તેવુ પૂછેલુ અને તેઓ ભોગ બનનાર પાસેથી કોઇ કાગળો લઇને જોયા હોય તેવુ બનેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર પાસે કોઇ કાગળો ન હતા અને ભોગ બનનારે તેઓને કોઇ કાગળો સામે થી બતાવેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ જણાવેલ છે કે, તેઓએ ૧૮૧ ને કેટલા વાગે ફોન કરેલ તે ચોક્કસ કહી શકે નહી પરંતુ સુમોનનો ફોન આવ્યાના ૨૦–૨૫ મિનિટ બાદ તેઓએ ૧૮૧ નંબર ઉપર ફોન કરેલો અને નઇમ અને ભોગ બનનાર પતિ–પત્ની છે કે કેમ તેની તેઓને જાણકારી નથી. તેઓએ ઇન્કાર કરેલ છે કે, સોગંદ ઉપર ખોટી જુબાની આપેલ છે.

(૩૭.૪) આરોપી નં. ૦૬ અને ૦૭ તરફે આરોપીના વિદ્વાન વકિલશ્રી દ્વારા સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ વિધ્યાનગર પોલીસ સ્ટેશન સૌપ્રથમ વખત પહોચેલ ત્યારે મધ્યરાત્રીના બે વાગ્યા હશે. તેઓએ જણાવેલ છે કે, તેઓ વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં ભોગ બનનારને મળેલા અને તેઓએ ભોગ બનનાર સાથે અડધો કલાક થી થોડીક વધારે વાતચીત કરેલી. તેઓએ સ્વીકારેલ છે કે, આ વાતચીતમાં ભોગ બનનાર ગેરકાયદેસર રીતે ભારતમાં આવેલ છે તેવી તેઓને ખબર પડી ગયેલી અને તેણી ગેરકાયદેસર રીતે ભારતમાં આવેલ છે તેવી વાત ભોગ બનનારે જ તેઓને કરેલ. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, ભોગ બનનાર તમારી સાથે વાતચીત કરતા હતા ત્યારે તેણી ગેરકાયદેસર રીતે આવેલ છે તેથી તેણી સંકોચ અનુભવતી હતી? જેના જવાબમાં જણાવેલ છે કે, તેઓની સાથેની વાતચીતમાં ભોગ બનનારને ભારત આવવા માટે વિઝા જોઇએ છીએ તેવી જાણકારી જ ન હતી તેમ જણાવેલ. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ ભોગ બનનાર સાથે જે વાતચીત થયેલ તેનું અનુવાદ તેઓએ પોલીસને જણાવેલ અને તેઓએ પોલીસને ફરીયાદ આપવા કોઇ તૈયારી બતાવી હોય તેવુ બનેલ નથી. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, ભોગ બનનાર પોતે કોઇ ફરીયાદ કરવા માંગતા ન હતા? જેના જવાબમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર સાથેની વાતચીતમાં તેઓને જે કઇ જાણવા મળેલ તે તેઓએ પોલીસને

જણાવેલ. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓની ભોગ બનનાર સાથેની વાતચીતમાં ભોગ બનનાર સાથે કંઈ બનેલ છે તેવુ તેઓને જાણવા ન મળેલ અને ભોગ બનનાર સાથે જે ગુન્હો બનેલો તેની વિગતો તેઓએ પોલીસને જણાવેલ. તેઓએ જણાવેલ છે કે, તેઓ ભોગ બનનારને રેસક્યૂ કરીને લઈ આવેલ તે ટીમને મળેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ વિધ્યાનગર પોલીસ સ્ટેશન પહોચેલ ત્યારે ભોગ બનનાર જે કુટુંબ સાથે રહેતી તે કુટુંબના માણસો ત્યાં હાજર હતા. તેઓએ જણાવેલ છે કે, તેઓએ તે કુટુંબના માણસો સાથે કોઈ વાતચીત કરવાનો પ્રસંગ બનેલ ન હતો. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર જે કુટુંબના માણસો સાથે વિધ્યાનગર રહેતી તેની વિગતો ભોગ બનનારે જ તેઓને જણાવેલી. તેઓએ સ્વીકારેલ છે કે, જો કોઈ બાંગ્લાદેશી વ્યક્તિને ભારતમાં કોઈ કાગળો મંગાવવા હોય તો તે ઈન્ટરનેશનલ કુરીયરથી ભારતમાં મંગાવી શકે છે અને ભોગ બનનારને સૌપ્રથમ વખત મળેલ ત્યારે તેણી ભણવા માટે ભારત આવી હશે તેવુ તેઓને લાગેલ નહી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ ભોગ બનનારને તેની ઉંમર બાબતે પૂછેલ નહી અને ભોગ બનનાર પુખ્તવયના હતા. તેઓએ જણાવેલ છે કે, બાંગ્લાદેશમાં બાળકોના જન્મના સર્ટીફીકેટ હોય છે અને બાંગ્લાદેશમાં બાળકના જન્મની વિગત માટે શાળાનું પ્રમાણપત્ર પણ હોય છે. તેઓએ સ્વીકારેલ છે કે, એક ઈન્ટરપ્રિટર (અનુવાદક) તરીકે પોલીસે મારી સેવા કયારેય પણ લીધી હોય તેવુ બનેલ નથી. તેઓએ જણાવેલ છે કે, તેઓએ ભોગ બનનાર સલામત છે તેવી જાણ સુમોનભાઈ ને કરેલ અને નઈમભાઈને કરેલ હોય તેવુ બનેલ નથી અને ભોગ બનનારની જાણકારી મેળવવા ભોગ બનનારની બહેનનો એકવાર મેસેજ આવેલ અને ભોગ બનનારની બહેન તેઓને મેસેજ કરે છે તેવી કોઈ વાત તેઓએ પોલીસને કરી હોય તેવુ બનેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારની બહેનનો મેસેજ માત્ર એક જ વખત તેઓ ઉપર આવેલો અને ભોગ બનનારની બહેનનો મેસેજ રેસક્યૂ કર્યાના બે–ત્રણ મહિના પછી આવેલો. તેઓએ જણાવેલ છે કે, વિધ્યાનગર પોલીસ સ્ટેશને તેઓની પોલીસ સાથે ૩૦ થી ૪૫ મિનિટ જેટલી વાતચીત થયેલી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, વિધ્યાનગર પોલીસ સ્ટેશને તેઓની સાથેની વાતચીતનું કોઈ લખાણ કરવામાં આવેલ નહી. તેઓએ જણાવેલ છે કે, વિધ્યાનગર પોલીસે તેઓની સાથેની વાતચીતમાં એક– બે પાનાનું લખાણ લખેલુ અને આ લખાણ નિવેદન સ્વરૂપનું ન હતુ અને આ લખાણ તેઓએ જે માહિતી પોલીસને આપેલ તેનુ નોટીંગ હતુ. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓની પાસે બાંગ્લાદેશ

એમ્બેસીનો નંબર તેઓ વિધ્યાનગર આવ્યા તેના પહેલાથી હતો. તેઓએ જણાવેલ છે કે, તેઓ બાંગ્લાદેશ એમ્બેસીને બીજા દિવસે સવારે ૬ વાગે ફોન કરીને બાંગ્લાદેશી છોકરી સાથે જે કઇ થયેલ તે જણાવેલુ. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ બાંગ્લાદેશ એમ્બેસીને કોઇ ગુન્હો બનેલાની વિગતો જણાવેલી નહી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ ભોગ બનનાર સાથે બળાત્કાર થયેલ છે તેવી કોઇ ફરીયાદ પોલીસને આપેલ નહી અને તેઓએ વિધ્યાનગર પોલીસ સ્ટેશન ભાષાની કોઇ તકલીફ ઉભી ન થાય તેમજ અને જરૂર પડે તો ફરીયાદ કરવી તેવા ઇરાદે ગયેલો. તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનારને પોલીસ ફરીયાદ કરવી છે કે કેમ તેવુ કઇ પૂછેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે પોતે પોલીસમાં ફરીયાદ કરવી છે તેવુ તેઓને જણાવેલ હોય તેવુ બનેલ નથી અને વિધ્યાનગર પોલીસવાળા વડોદરા તેઓની ફેકલ્ટી ઉપર તેઓનું લોકેશન એ જ છે કે કેમ? તે ચેક કરવા માટે આવેલા. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓને સુમોન સાથે ચેટીંગના કોઇ સ્ક્રીનશોટ કે વાતચીતની સ્ક્રીપ્ટ પોલીસે તેઓની પાસે માંગી હોય અને તેઓએ પોલીસને રજુ કરી હોય તેવુ બનેલ નથી અને ભોગ બનનારે તેઓની સાથે લોકેશન શેર કરવા બાબતે જે કોઇ ચેટીંગ કરેલુ તેનો કોઇ સ્ક્રીનશોટ કે ડેટા તેઓએ પોલીસને આપેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેઓએ પોલીસને બતાવેલ. તેઓએ જણાવેલ છે કે, તેઓએ ક્યા પોલીસ ઓફીસરને તેઓના મોબાઇલ ફોનમાં રહેલો ભોગ બનનાર સાથેનો ચેટીંગનો ડેટા બતાવેલ તે ઓફીસરનું નામ અને હોદ્દો ખબર નથી અને તે પોલીસ ઓફીસર પોલીસના યુનિફોર્મમાં હતા. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તે દિવસે વિધ્યાનગર છોડ્યું ત્યાં સુધી તેઓને ફરીયાદ કરવી જોઇએ તેવુ લાગેલ નહી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનાર બાંગ્લાદેશની હોય અને તેણી ગેરકાયદેસર રીતે ભારતમાં આવેલ હોય તેને બચાવવા ખોટી હકીકતો ઉપજાવી કાઢી જુબાની આપેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, વિધ્યાનગર પોલીસે તેઓને સારો સહકાર આપેલો અને કોઇ હકીકત દબાવવી કે છૂપાવવી તેવો વિધ્યાનગર પોલીસનો અભિગમ ન હતો.

(૩૮) ફરિયાદ પક્ષે આંક–૧૪૧ થી સાહેદ નં. ૧૧ તરીકે વડોદરા ખાતે આવેલ હોટલ લોટ્સ ગોલ્ડના મેનેજર વિકાસકુમાર કારુસવને તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ જુલાઇ–૨૦૨૩ થી જાન્યુઆરી–ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી હોટેલ લોટ્સ ગોલ્ડ ફતેહગંજ વડોદરાના કાઉન્ટર ઉપર નોકરી

કરતા હતા અને તેઓ હોટેલ લોટ્સ ગોલ્ડ ફતેહગંજ ના કાઉન્ટર ઉપર ફરજ બજાવતા હતા ત્યારે ૧૨ મી અથવા ૧૩ મી સપ્ટેમ્બરે આણંદ થી પોલીસવાળા હોટેલ ઉપર આવેલા ત્યારે પોલીસવાળા સાથે એક છોકરી હતી અને તે છોકરીનું નામ તેઓને યાદ નથી અને પોલીસે આવી તેઓની હોટેલનું રજીસ્ટર તથા આઇ.ડી. ચેક કરેલા અને સી.સી.ટી.વી. કેમેરા ચેક કરી તેમાંથી ફોટોગ્રાફ લીધેલા ત્યારબાદ તેઓને રૂબરૂમાં પોલીસ સ્ટેશન બોલાવવામાં આવેલ અને રજીસ્ટર, આઇ.ડી. અને ડી.વી.આર. સાથે બોલાવેલ અને તેઓએ પોલીસ હોટલે આવેલી તેના બીજા દિવસે હોટલનું રજીસ્ટર, આઇ.ડી અને ડી.વી.આર. લઇને પોલીસ સ્ટેશન આવેલો અને પોલીસે તા.૩૧/૦૮/૨૦૨૩ નો હોટલના રજીસ્ટરનો ઉતારો તથા તા. ૦૧/૦૯/૨૦૨૩ ના હોટલના રજીસ્ટરનો ઉતારો તથા તા. ૨૮/૦૮/૨૦૨૩ ના રોજનો રજીસ્ટરનો ઉતારો લીધેલો. તેઓએ વધુમાં જણાવેલ છે કે, પોલીસે તા. ૨૮/૦૮/૨૦૨૩, ૩૧/૦૮/૨૦૨૩ અને તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ હોટલમાં જે માણસો આવેલા અને તેમના પર કેસ થયેલ તે બાબતે તેઓની પુછપરછ કરેલી અને તેઓએ જે હોટલના ડી.વી.આર. લઇને આવેલ તે પોલીસે પોતાની પાસે રાખેલ અને આ ઉપરાંત તેઓએ પોલીસે જે જે વ્યક્તિના આઇ.ડી. માંગેલા તે તે વ્યક્તિના આઇ.ડી. પોલીસને આપેલ તેમજ પોલીસે જે જે દિવસનો રજીસ્ટરનો ઉતારો માંગેલ તે આપેલ આ ઉપરાંત પોલીસે તા. ૩૧/૦૮/૨૦૨૩ ના રોજ થયેલ એન્ટ્રીમાં આવેલ માણસો બાબતે તેઓની પૂછપરછ કરેલી. તેઓએ જણાવેલ છે કે, તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ બે કસ્ટમરો આવેલા અને તેઓ રૂમ નં. ૨૦૧ અને ૨૦૮ માં રોકાયેલા અને તેઓએ પોલીસને હોટલના રજીસ્ટરના જે તે દિવસના ઉતારા તેને લગતા આઇ.ડી. પ્રૂફની નકલ તથા ડી.વી.આર આપેલા તે સિવાય બીજુ કઇ પોલીસને આપેલ નહી અને તેઓએ તેમની સાથે હોટલનું અસલ રજીસ્ટર લાવેલ અને તેમાં રજીસ્ટરમાં એન્ટ્રી તેઓ તેમના હાથે કરતા હતા અને તા. ૩૧/૦૮/૨૦૨૩ ના રોજ જયારે કસ્ટમર આવેલ ત્યારે તેઓ તેમનું ખાવાનું ખાતા હતા અને માલિકનો દીકરો અભિષેક કાઉન્ટર ઉપર હતો તેણે આઇ.ડી લઇને એન્ટ્રી આપેલી અને આ રજીસ્ટરમાં તા.૨૮/૦૮/૨૦૨૩ અને તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજની એન્ટ્રી તેઓએ તેમના હસ્તાક્ષરમાં કરેલ છે અને તેઓ તા. ૨૮/૦૮/૨૦૨૩ ના રોજની અસલ રજીસ્ટરમાં એન્ટ્રી જોઇને જણાવેલ છે કે, તા. ૨૮/૦૮/૨૦૨૩ ના બપોરે ૦૧:૫૦ વાગે સેવકાની જેઠાનંદ ઘનશ્યામભાઇ રહેવાસી અમદાવાદનાઓ હોટલ કાઉન્ટર ઉપર આવેલા અને તેઓએ પોતાનું આધારકાર્ડ પ્રૂફ

તરીકે આપેલુ અને તા. ૨૮/૦૮/૨૦૨૩ ના રોજ ની નોંધ નંબર ૬૬૬૩ માં સેવકાની જેઠાનંદ ઘનશ્યામભાઇ રહે. અમદાવાદ, ડોકયૂમેન્ટ નંબર ૨૨૭૦૯૫૨૪૬૨૯૧, રૂમ નં. ૧૦૨, સમય ૦૧:૫૦ PM, તેવી નોંધ કરવામાં આવેલ છે અને રજીસ્ટરમાં ડોકયૂમેન્ટ નંબર તરીકે જે નંબર લખેલ છે તે આધારકાર્ડનો નંબર લખેલ છે અને આ એન્ટ્રીમાં જે ૦૧:૫૦ PM લખેલ છે તે તેનો ચેકઇન ટાઇમ લખેલ છે અને આ એન્ટ્રીનો ચેકઆઉટ ટાઇમ ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ રાતે ૦૯:૩૦ PM નો લખેલ છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, તેઓએ અસલ રજીસ્ટરમાં તા. ૩૧/૦૮/૨૦૨૩ ની નોંધ નંબર ૬૭૩૨ ઉપર સોનિયા દિનેશ શીંદે રહે પાલઘર, તા. ૩૧/૦૮/૨૦૨૩ ના રોજ ૪:૪૦ PM ના ચેકઇન સમયે રૂમ નંબર ૧૦૩ ની એન્ટ્રી છે અને તેનો ચેકઆઉટ ટાઇમ તા ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ ૭:૧૦ PM છે અને તેઓ અસલ રજીસ્ટર માં તા. ૩૧/૦૮/૨૦૨૩ ના રોજ નોંધ નંબર ૬૭૩૩ થી ઝાકીયા બિસાસ રહે પાલઘર તારીખ ૩૧/૦૮/૨૦૨૩ ના રોજ ૦૪:૪૦ PM ના ચેકઇન સમયે રૂમ નંબર ૧૦૩ ની એન્ટ્રી છે અને તેનો ચેકઆઉટ ટાઇમ તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ ૦૭:૧૦ PM છે અને તેઓના અસલ રજીસ્ટર માં તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ નોધ નંબર ૬૭૫૨ થી મકવાણા પ્રદિપ રહે વડોદરા, તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ ૦૧:૨૦ PM ના ચેકઇન સમયે રૂમ નંબર ૨૦૧ ની એન્ટ્રી છે અને તેનો ચેકઆઉટ ટાઇમ તારીખ ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ ૦૨:૧૦ PM છે અને તેઓના અસલ રજીસ્ટરમાં તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ નોંધ નંબર ૬૭૫૩ થી રાહુલ મિત્રા રહે U.P. તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ ૦૧:૨૫ PM ના ચેકઇન સમયે રૂમ નંબર ૨૦૮ ની એન્ટ્રી છે અને તેનો ચેકઆઉટ ટાઇમ તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ ૦૨:૧૦ PM છે. તેઓની જુબાની દરમ્યાન તેઓને હોટલ રજીસ્ટરના સબંધિત પાનાની નકલો જોઈ જે પૈકીનું પ્રથમ પાનું તા. ૨૭/૦૮/૨૦૨૩ થી ૨૮/૦૮/૨૦૨૩ સુધીનું છે અને જે તેઓની હોટલના અસલ રજીસ્ટર મુજબ સાચુ અને ખરૂ છે અને અસલ ની નકલ છે જે તેઓએ રજીસ્ટર જોઇને જણાવેલ છે. સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૪૨ થી રજુ નોંધ નંબર ૬૬૬૩ વાળા પાનાની ખરી નકલમાં તેઓની હોટલના અસલ રજીસ્ટરમાંથી નકલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે અને સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૪૩ થી રજુ નોંધ નંબર ૬૬૩૨ અને ૬૬૩૩ વાળા પાનાની ખરી નકલમાં તેઓની હોટલના અસલ રજીસ્ટરમાંથી નકલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે તથા સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૪૪ થી રજુ નોંધ નંબર ૬૭૫૨ અને

૬૭૫૩ વાળા પાનાની ખરી નકલમાં તેઓની હોટલના અસલ રજીસ્ટરમાંથી નકલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, તેઓને પોલીસે તેમની હોટલના સી.સી.ટી.વી. કેમેરાના રેકર્ડ માંથી જે ફોટોગ્રાફ કબજે લીધેલા તે ફોટોગ્રાફ તેઓને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. સાહેદને તેઓની જુબાની દરમ્યાન આંક–૧૦૧ થી રજુ થયેલ પાના નં. ૦૧ અને ૦૨ જોઈ પોલીસે તેઓની હોટલેથી કબજે લીધેલ ફોટોગ્રાફ આ જ છે કે કેમ? તે તેઓ ચોક્કસપણે જણાવી શકે નહી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, પોલીસે કબજે લીધેલ ફોટોગ્રાફ તેઓને બતાવેલ ન હતા.

(૩૮.૧) સાહેદ તેઓની જુબાની દરમ્યાન આંક–૧૦૧ થી રજુ ફોટોગ્રાફ બાબતે ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસમાં પુંછી શકાય તેવા સવાલ પુછવાની પરવાનગી માંગતા સાહેદને ફરી ગયેલ સાહેદ જાહેર કરી વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા સવાલ પુછવા આવેલ છે અને સાહેદની જુબાની દરમ્યાન આંક–૧૪૫ થી રજુ પ્રમાણપત્ર જોઈ જેમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે અને આ પ્રમાણપત્ર તેઓને એસ.ઓ.જી. આણંદ પોલીસ દ્વારા માંગતા સ્વખુશીથી હોટલના સી.સી.ટી.વી.ના ડી.વી.આર. ડીવાીજમાંથી હોટલના સી.સી.ટી.વી. ફુટેજ ના જરૂરી વીડીયો રેકોર્ડીંગનો ડેટા મુળ સ્થિતિની હકિકતે સેન્ડીસ્ક કંપનની ૬૪ જી.બી. પેનડ્રાઇવમાં આવેલ તે ડેટા અંગેનું આ પ્રમાણપત્ર છે જેમાં તેઓની સહી તથા હોટલનો સિક્કો ઓળખી બતાવેલ છે.

(૩૮.૨) આરોપી નં. ૦૧ અને ૦૨ તરફે વિદ્વાન ચીફ ડિફેન્સ કાઉન્સીલ શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ હોટલ લોટ્સગોલ્ડ ઉપર કાઉન્ટર ઉપર કામ કરતા હતા અને તેઓના કામના ૨૪ કલાક ની સતત ડયુટી હતી અને કાઉન્ટર ઉપર તેઓના સિવાય માલિકનો દીકરો પણ કામ કરતો હતો. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ ત્યાં કોઇપણ ગ્રાહક આવે તેના ડોકયૂમેન્ટસની નોંધ કરીને રૂમ આપતા હતા અને તા. ૩૧/૦૮/૨૦૨૩ ના રોજ આવેલા બે કસ્ટમરોના આઇ.ડી પ્રૂફ તેઓ ચેક કર્યા હોય કે તેઓને રૂમ ફાળવવાની નોંધ રજીસ્ટરમાં તેઓએ કરેલ હોય તેવુ બનેલ નથી.

(૩૮.૨) આરોપી નં. ૦૩ તરફે વિદ્વાન વકીલ શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ ધોરણ ૧૨ સુધી બિહારમાં હિન્દી મીડીયમમાં ભણેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓને ગુજરાતી ભાષા લખતા, વાંચતા, આવડતી નથી અને તેઓએ ગુજરાતી ભાષામાં હોટલના રજીસ્ટરમાં કોઇ એન્ટ્રી કરેલ નથી અને રૂમ આપતા સમયે ગ્રાહક જે ઓળખકાર્ડ રજુ કરે તે ઓળખકાર્ડ અને ગ્રાહકનો ફોટો તેઓ સરખાવતા હતા અને તેઓ ઓળખકાર્ડમાં જન્મની તારીખ પણ ચેક કરતો હતો અને તા.૩૧/૦૮/૨૦૨૩ ના રોજ જે છોકરી આવેલી તેણે તેનુ નામ ઝાકીયા બતાવેલ અને તે જ નામનું ઓળખકાર્ડ રજુ કરેલ અને તેને રૂમ નં. ૧૦૩ આપેલો અને રજીસ્ટરમાં ક્યાં રૂમમાં કેટલા વ્યક્તિઓ રહેતા હતા તેની કોઇ વિગત રજીસ્ટરના કોઇપણ કોલમમાં દર્શાવેલ નથી.

(૩૮.૩) આરોપી નં. ૦૪ ના વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉપર મુજબની ઉલટ તપાસ સ્વીકારવામાં આવેલ છે.

(૩૮.૪) આરોપી નં. ૦૫ અને ૦૮ તરફે વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ ગુજરાતી ભાષા લખી, વાંચી સમજી શકતો નથી અને પોલીસે તેમના નિવેદનમાં શુ લખેલ તેની તેઓને કોઇ જાણકારી નથી અને તેઓએ તેમનું ઓળખકાર્ડ પોલીસને આપેલ અને પોલીસે તેઓને જ્યાં જ્યાં સહીઓ કરવાનું કહેલુ ત્યાં તેઓએ સહી કરેલી અને પોલીસ તેઓની પાસે ક્યાં કાગળોમાં ક્યા કારણોસર સહી લીધેલ છે તેની તેઓને જાણકારી નથી. તેઓએ જણાવેલ છે કે, સૌપ્રથમ વાર પોલીસ હોટલ પર આવેલ ત્યારે તે માલિકના દીકરાને મળેલ અને તેની સાથે વાતચીત કરેલી અને આ વાતચીત શું હતી તેની તેઓને જાણકારી નથી. તેઓએ સ્વીકારેલ છે કે, શેઠના છોકરા પાસે પોલીસે જે જે વસ્તુઓ માંગેલી તે વસ્તુઓ શેઠના છોકરાએ આપેલી અને પોલીસ સૌપ્રથમ વખત હોટલ પર આવેલ ત્યારે તેઓની પાસે કોઇ ચીજ વસ્તુઓ માંગેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, હોટલ ઉપર જે બે છોકરીઓ આવેલી તે બે છોકરીઓના નામ મુજબના તેઓના આઇ.ડી પ્રૂફ પણ રૂમ આપતા પહેલા મેળવેલા અને આ બે છોકરીઓના આઇ.ડી. પ્રૂફ તેઓએ પોલીસને આપેલા અને સગીર છોકરીઓને હોટલમાં રૂમ આપવામાં આવતો નથી અને છોકરી રૂમ માંગવા માટે આવે તો તેના આઇ.ડી પ્રૂફ માં

જન્મ તારીખની વિગતો ચેક કરી પુખ્તવયની હોય તો જ રૂમ આપવામાં આવે છે અને ઝાકીયા બિસ્ત (BISPS) ને તેણી પુખ્તવયની હોવાનું આઇ.ડી પ્રૂફ થી જણાતા તેને રૂમ આપવામાં આવેલ અને ઝાકીયા બિસ્તનું જે આઇ.ડી પ્રૂફ તેઓએ પોલીસને આપેલ તે આઇ.ડી પ્રૂફ ત્યારબાદ તેઓને બતાવેલ હોય તેવુ બનેલ નહી. તેઓએ જણાવેલ છે કે, તેઓએ પોલીસને ઝાકીયા બિસ્ત ની આઇ.ડી ની જે કોપી આપેલી તેની એક નકલ હોટલના રેકર્ડમાં પણ રાખવામાં આવેલી અને જો કોર્ટને જરૂર પડે તો તેઓ તેની કોપી હોટલના રેકર્ડમાંથી લાવી રજુ કરી શકે. તેઓએ સ્વીકારેલ છે કે, હોટલના રજીસ્ટરના ઓળખપત્રનો પ્રકાર તથા નંબરના કોલમમાં જે નંબરો લખેલા છે તે નંબરો ક્યાં ઓળખકાર્ડના છે તેની વિગત રજીસ્ટરમાં લખેલ નથી અને તેઓ પોલીસને રજીસ્ટર આપ્યુ, ડી.વી.આર આપ્યુ અને આઇ.ડી પ્રૂફ ના કાગળો આપેલા તેનું પોલીસે પાછળથી શું કર્યુ તેની તેઓને જાણકારી નથી અને પોલીસ પેનડ્રાઇવ ક્યાંથી લાવી તેમા ક્યો ડેટા લીધો આ ડેટા કયા લીધો તેની તેઓને જાણકારી નથી અને આંક–૧૦૧ ના પાના નં.૧ અને ૨ ના ફોટોગ્રાફ પોલીસે હોટલે આવીને પોતાના મોબાઇલ ફોનથી બિલ્ડીંગના ફોટોગ્રાફ લીધેલા. તેઓ જણાવેલ છે કે, તેઓએ તેમની સરતપાસમાં જે કસ્ટમર શબ્દ વાપરેલ છે તે કસ્ટમર એટલે કે તેઓની હોટલમાં રૂમ લેવા માટે આવે તે ગ્રાહક બાબતે આ શબ્દ વાપરેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ હોટલ ઉપર હોય અને હોટલમાં કોઇ ખોટુ કામ થયુ હોય તો તેવુ તેઓના ધ્યાન ઉપર આવેલ ન હતુ.

(૩૮.૫) આરોપી નં. ૦૬ અને ૦૭ તરફે આરોપીના વિદ્વાન વકિલશ્રી દ્વારા સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, હોટલમાં ગ્રાહક જેટલા વ્યક્તિઓને રૂમમાં રહેવા માટે પરવાનગી માંગે તેટલા જ માણસોને તેઓ તે રૂમમાં રહેવા દે છે અને આંક–૧૪૪ મુજબ હોટલના રૂમ નં. ૨૦૧ અને ૨૦૮ માં એક–એક વ્યક્તિ જ રોકાયેલા હતા અને હોટલના રૂમ નં. ૨૦૧ અને ૨૦૮ માં તેઓ કોઇને જતા આવતા જોયા હોય તેવુ બનેલ નથી અને હોટલમાં કોઇ ગ્રાહકે તેઓની પાસે તા. ૨૮/૦૮/૨૦૨૩ થી તા ૦૧/૦૯/૨૦૨૩ સુધીમાં મદદ માંગી હોય કે કોઇ ફરીયાદ કરી હોય તેવુ બનેલ નથી અને તેઓએ કોઇ સી.સી.ટી.વી. ફૂટેજ ના ફોટા પાડીને કે ફોટાની કોપી કાઢીને પોલીસને આપેલ હોય તેવુ બનેલ નહી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, સોગંદ ઉપર ખોટી હકીકત જણાવેલ છે.

(૩૯) ફરિયાદ પક્ષે આંક–૧૫૪ થી સાહેદ નં. ૧૨ તરીકે ભોગ બનનારનો ઓસિફિકેશન ઓફ બોન ટેસ્ટ કરનાર ડોક્ટર સાહેદ ડો. ધર્મેન્દ્રકુમાર બેચરભાઈ પરમારને તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ MD રેડીયોલોજીસ્ટની ડીગ્રી રાજસ્થાન યુનિવર્સીટી ઓફ હેલ્થ સાયન્સથી ધરાવે છે અને તેઓ એક્સ–રે, સોનોગ્રાફી, સીટી સ્કેન જેવી બાબતના નિષ્ણાત છે અને તેઓ છેલ્લા ૧ વર્ષ અને ૧ માસથી પેટલાદ ખાતે પ્રમુખ ઈમેજીંગ સેન્ટરમાં એમ.ડી. રેડીયોલોજીસ્ટ કનસલ્ટન્ટ તરીકે સેવા આપે છે. આ અગાઉ તેઓ કરમસદ ખાતે પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ અને શ્રી કૃષ્ણ હોસ્પીટલ ખાતે રેડીયોડાયગ્નોસીસ એન્ડ ઇમેજીંગ વિભાગમા ૧ વર્ષ અને ૨ મહિના દરમ્યાન તેઓની સેવા આપતા હતા અને તા.૧૬/૦૯/૨૦૨૩ ના રોજ તેઓ શ્રી કૃષ્ણ હોસ્પીટલના રેડીયોલોજી વિભાગમાં ફરજ બજાવતા હતા ત્યારે ટ્રોમા કેર સેન્ટર તરફ થી ભોગ બનનારના એક્સ–રે એઇજ એસ્ટીમેશન માટે મોકલાવામાં આવેલ અને તેઓએ તેણીના એઇજ એસ્ટીમેશન માટે એક્સ–રે પેલ્વીસ વીથ બોથ હીપ્સ જોઇન્ટસ એપીવ્યુ, એક્સ–રે બોથ Knee જોઇન્ટસ એપી અને લેટરલ વ્યુ , એક્સ–રે બોથ એલ્બો જોઇન્ટસ એપી અને લેટરલ વ્યુ, એક્સ–રે બોથ રીસ્ટ જોઇન્ટસ એપી અને ઓબલીગ વ્યુ ના એક્સ–રે ટેકનીશીયન દ્વારા તેઓને ટ્રોમા સેન્ટર તરફથી મોકલાવામાં આવેલા. આ ડોક્ટર સાહેદે વધુમાં જણાવેલ છે કે, (A) એક્સ–રે પેલ્વીસ વીથ બોથ હીપ્સ જોઇન્ટસ એપીવ્યુ જોતા (૧) ઓસિફિકેશન સેન્ટર ઓફ ઇલ્યાક ક્રેસ્ટ એપીયર્સ બટ નોટ ફયૂઝડ (૨) ઓસિફિકેશન સેન્ટર ફોર ઇશ્ચૂયલ ટયૂબેરોસીટી એપીયર બટ નોટ ફયૂઝડ (૩) ઓસિફિકેશન સેન્ટર ફોર હેડ ઓફ બોથ ફીમર એપીયર એન્ડ ફયૂઝડ વીથ ધેર રીસ્પેકટીવ નેક (B) એક્સ–રે બોથ Knee જોઇન્ટસ એપી અને લેટરલ વ્યુ જોતા ઓસિફિકેશન સેન્ટર ઓફ લોઅર એન્ડ ઓફ બોથ ફીમર એન્ડ અપર એન્ડ ઓફ બોથ ટીબીઆ એન્ડ ફયૂબૂલા આર ફયૂઝડ વીથ ધેર સાફટ (C) એક્સ–રે બોથ એલ્બો જોઇન્ટસ એપી અને લેટરલ વ્યુ જોતા (૧) ઓસિફિકેશન સેન્ટર ઓફ અપર હેન્ડ ઓફ બોથ રેડીયસ એન્ડ અલ્ના આર ફયૂઝડ વીથ સાફટ (૨) ઓસિફિકેશન સેન્ટર ઓફ લોઅર એન્ડ ઓફ બોથ હયુમેરસ (ટ્રોકલીઆ) અપીયર્સ એન્ડ ફયૂઝડ વીથ રીસ્પેકટીવ સાફટ (D) એક્સ–રે બોથ રીસ્ટ જોઇન્ટસ એપી અને ઓબલીગ વ્યુ જોતા (૧) ઓલ એઇટ કાર્પલ બોર્નસ હેવ અપીયર્ડ (૨) ધ ઓસિફિકેશન સેન્ટર ઓફ ડીસ્ટલ એન્ડ ઓફ અલના એન્ડ રેડીયસ અપીર્યડ બટ નોટ ફયૂઝડ વીથ ધેર

રીસ્પેકટીવ સાફટ (૩) ધ ઓસિફિકેશન સેન્ટર ઓફ હેડ ઓફ ઓલ મેટાકાર્પલ બોર્નસ ઓફ બોથ હેન્ડસ અપીર્યડ એન્ડ ફયૂઝડ વીથ ધેર રીસ્પેકટીવ સાફટ જોવા મળેલુ. ઉપરોકત એક્સ–રે ના પરીણામોને એઈજ ઓસિફિકેશન ચાર્ટ ના આધારે જોઈ તેઓએ ભોગ બનનારની ઉંમર બાબતે નો અભિપ્રાય આપેલો. ઉપરોકત એક્સ–રે ફીલ્મના પરીણામ અને એઈજ ઓસિફિકેશન ચાર્ટના આધારે તેઓએ ભોગ બનનારની ઉંમર બાબતે અભિપ્રાય આપેલ. આ ડોક્ટર સાહેદે ભોગ બનનારની ઉંમર બાબતે અભિપ્રાય આપેલ છે કે, ઉપરોકત એક્સ–રે ફીલ્મના પરીણામને જોઈ તપાસી ભોગ બનનાર ની આશરે ઉંમર ૧૫ થી ૧૭ વર્ષની હતી તેવો અભિપ્રાય તેઓએ આપેલ. આ ડોક્ટર સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૫૫ થી રજુ કરેલ એક્સ–રે ફીલ્મસ જોઈને તેઓએ જણાવેલ છે કે આ એક્સ–રે ફીલ્મ એક્સ–રે પેલ્વીસ વીથ બોથ હીપ્સ જોઈન્ટસ એપીવ્યુ નો છે. આ ડોક્ટર સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૫૬ થી એક્સ–રે ફીલ્મસ જોઈને તેઓએ જણાવેલ છે કે આ એક્સ–રે ફીલ્મ એક્સ–રે બોથ Knee જોઈન્ટસ એપી અને લેટરલ વ્યુ નો છે. આ ડોક્ટર સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૫૭ થી રજુ કરેલ થી એક્સ–રે ફીલ્મસ જોઈને તેઓએ જણાવેલ છે કે આ એક્સ–રે ફીલ્મ એક્સ–રે જમણા હાથના એલ્બો જોઈન્ટસ એપી અને લેટરલ વ્યુ નો છે. આ ડોક્ટર સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૫૫ થી રજુ કરેલ એક્સ–રે ફીલ્મસ જોઈને તેઓએ જણાવેલ છે કે આ એક્સ–રે ફીલ્મ એક્સ–રે ડાબા હાથના એલ્બો જોઈન્ટસ એપી અને લેટરલ વ્યુ નો છે. આ ડોક્ટર સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૫૯ થી રજુ કરેલ એક્સ–રે ફીલ્મસ જોઈને તેઓએ જણાવેલ છે કે આ એક્સ–રે ફીલ્મ એક્સ–રે જમણા હાથની રીસ્ટ જોઈન્ટસ એપી અને ઓબલીગ વ્યુ નો છે. અ ડોક્ટર સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૬૦ થી રજુ કરેલ એક્સ–રે ફીલ્મસ જોઈને તેઓએ જણાવેલ છે કે આ એક્સ–રે ફીલ્મ એક્સ–રે ડાબા હાથની રીસ્ટ જોઈન્ટસ એપી અને ઓબલીગ વ્યુ નો છે. આ ડોક્ટર સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૧૪ થી રજુ રીપોર્ટ જોઈ જે રીપોર્ટ ઉપરોક્ત ફીલ્મસના આધારે તેઓએ તૈયાર કરેલ અને તે તેઓના એઈજ એસ્ટીમેશન રીપોર્ટ તેઓની શ્રી કૃષ્ણ હોસ્પિટલના ફોરેન્સીક મેડીસીન વિભાગમાં મોકલી આપેલ તે જ હોવાનું જણાવી તેઓની સહી ઓળખી બતાવેલ છે.

(૩૯.૧) આરોપી નં. ૦૧ અને ૦૨ તરફે આરોપીના વિદ્વાન વકિલશ્રી દ્વારા

સાહેદની ઉલટ તપાસ નથી તેમ જણાવેલ છે.

(૩૯.૨) આરોપી નં. ૦૫ અને ૦૮ તરફે વિદ્વાન વકિલશ્રી દ્વારા સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ છેલ્લા પાંચ વર્ષથી રેડીયોલોજી શાખામાં પ્રેકટીસ કરે છે. તેઓએ સ્વીકારેલ છે કે, આ ૬ એક્સ–રે ફીલ્મસ કયા એક્સ–રે ટેકનીશીયને શું પ્રક્રિયા કરીને ક્યા સંજોગોમાં લીધેલ તે વિશે તેઓને અંગત જ્ઞાન નથી અને તેઓએ તેમના આંક–૧૧૪ વાળા સર્ટીફિકેટમાં જે ઉંમર દર્શાવેલ છે તે ભોગ બનનારની ચોકકસ ઉંમર દર્શાવેલ નથી અને આંક–૧૧૪ વાળા સર્ટીફિકેટમાં તેઓએ એવી હકીકત દર્શાવેલ છે કે, "However, there are variations due to climatic, dietetic, hereditary, and other factors, which can affect the process of ossification. Therefore correction with other parameters is essential for final age estimation of person". તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ આ કામે ભોગ બનનાર ક્યા કલાયમેટમાં ઉછરેલ છે, તેઓની ખોરાક ની હેબીટસ, વારસાગત લક્ષણો જેવા બીજા પરિબળો બાબતે તેઓએ ભોગ બનનારને મળી વાતચીત કરી વિગત મેળવી હોય તેવુ બનેલ નથી અને ભોગ બનનારના ક્યા કલાયમેટમાં ઉછરેલ છે, તેઓની ખોરાકની હેબીટસ, વારસાગત લક્ષણોની વિગતો તેઓને અન્ય કોઇ માધ્યમ તરફ થી પુરી પાડવામાં આવેલ હોય તેવુ બનેલ નથી અને જો તેઓની પાસે ભોગ બનનાર ક્યા કલાયમેટમાં ઉછરેલ છે, તેઓની ખોરાકની હેબીટસ, વારસાગત લક્ષણો જેવી વિગતો તેઓને પ્રાપ્ત થઇ હોત તો તેની અસર તેઓના અભિપ્રાય ઉપર પણ આવી શકી હોત. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર ક્યા કલાયમેટંમા ઉછરેલ છે, તેઓની ખોરાકની હેબીટસ, વારસાગત લક્ષણોની વિગતોની અસર તેઓને દર્શાવેલ ઉંમરના અભિપ્રાયમાં અંદરની મર્યાદા અને ઉપરની મર્યાદામાં તફાવત લાવી શકે અને પોલીસે તેઓની પાસેથી ઉંમરનો અભિપ્રાય આપવા બાબતનો ચાર્ટ મેળવેલ હોય કે તેઓએ પોલીસને રજુ કરેલ હોય તેવુ બનેલ નથી.

(૩૯.૩) આરોપી નં. ૦૬ અને ૦૭ અને આરોપી નં. ૦૪ તરફે ટ્રાન્સફર થી વિદ્વાન વકિલશ્રી દ્વારા સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ રજુ કરેલ એક્સ–રે ફીલ્મસમાં એમ.એલ.સી. કેસ નંબર

નોંધવામાં આવેલ નથી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, હોસ્પીટલ નંબર લખેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આ હોસ્પીટલ નંબર કોણે ફાળવ્યો તેની તેઓને જાણકારી નથી અને એક્સ–રે ફીલ્મમાં એમ.એલ.સી. કેસ નંબર અને હોસ્પીટલ નંબરની સામ્યતા શું છે તે વિશે કોઇ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે,આ ૬ એક્સ–રે ફીલ્મસ કોના દ્વારા લેવામાં આવી તે તેઓ કહી શકે તેમ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ફીલ્મ સ્પષ્ટ ન હોય તો તેના આધારે આપવામાં આવતો અભિપ્રાય પણ સ્પષ્ટ હોતો નથી અને તેઓએ ભોગ બનનારને મળી તેના જાતે એક્સ–રે લીધા હોય કે તેઓની નજર હેઠળ લેવડાવ્યા હોય તેવુ બનેલ નથી અને રેડીયોલોજીસ્ટ તરીકે તેઓનું કામ એક્સ–રે લેવડાવવાનું અને અભિપ્રાય આપવાનું છે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ જયારે ઉંમર અંગેનો અભિપ્રાય આપવાનો હોય ત્યારે તે વ્યક્તિના એક્સ–રે તેઓએ જાતે જ લેવા જોઇએ. તેઓએ સ્વીકારેલ છે કે, આ કામે એક્સ–રે ભોગ બનનારના છે તેવુ દર્શાવવા એક્સ–રે ફીલ્મસમાં નામ અને નંબર લખેલ છે તે સિવાય તેઓની પાસે કોઇ આધાર નથી. તેઓએ જણાવેલ છે કે, આ કામે એક્સ–રે ફીલ્મસ તેઓને તા. ૧૬/૦૯/૨૦૨૩ ના રોજ કેટલા વાગે મળેલા તે સમય તેઓ જણાવી શકે તેમ નથી. તેઓ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તે સવારે ૯ થી ૫ વાગ્યા દરમ્યાન મળેલ હશે. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૧૪ ના રીપોર્ટમાં તેઓએ રીપોર્ટ આપ્યાનો સમય દર્શાવેલ નથી. તેઓએ જણાવેલ છે કે, રીપોર્ટ આપ્યાનો સમય રીપોર્ટમાં નહી દર્શાવવા પાછળ કોઇ ચોકકસ કારણ નથી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, આંક–૧૧૪ વાળો રીપોર્ટ તેઓએ ખોટો આપેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, બોન્સના ફયૂઝનના સ્ટેજોમાં પ્રથમ સ્ટેજ અનફયૂઝડ, બીજુ સ્ટેજ પ્રોસેસ ટૂ ફયૂઝ, ત્રીજુ સ્ટેજ ફયૂઝડનું હોય છે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ આ કામે આંક–૧૧૪ વાળા રીપોર્ટમાં પ્રોસેસ ટૂ ફયૂઝડનું સ્ટેજ જોવા મળેલ નહી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, એપીયર બટનોટ ફયૂઝડનું જે સ્ટેજ નોધેલ છે તે પ્રોસેસ ટૂ ફયૂઝડનું જ સ્ટેજ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ આ કામે આંક–૧૧૪ વાળો અભિપ્રાય ૧૬/૦૯/૨૦૨૩ ના રોજ તેઓની નોકરીનો સમય પૂરો થતા પહેલા સાંજે ૫–૬ વાગ્યા પહેલા આપેલો. તેઓએ જણાવેલ છે કે, તેઓ એવા સૂચન સાથે સહમત થાય છે કે કોઇપણ વ્યક્તિની ઉંમર આપવા અંગેનો વધુ સારો અભિપ્રાય આપવા માટે તે વ્યક્તિના ઓસિફિકેશન ઓફ બોનનુ પરીણામ તેમજ તે વ્યક્તિની દાંતની રચનાનું પરીક્ષણનો રીપોર્ટ તેમજ સેકેન્ડરી સેકસયૂલ કેરેકટરનું ડેવલોપમેન્ટ અને

એન્ડોક્રાયનનો રીપોર્ટને તમામ ને જોઇને વધુ ઉંમર બાબતે વધુ સારો અભિપ્રાય આપી શકાય. તેઓએ સ્વીકારેલ છે કે, ઓસિફિકેશન ઓફ બોનના આધારે આપેલ ઉંમરનો અભિપ્રાયએ કન્કલુઝીવ પરીણામ નથી અને તેઓએ તેમના રીપોર્ટમાં અંતે તેઓએ આપેલ અભિપ્રાય ઉપર કઇ કઇ બાબતોનો આધાર રહી શકે તેની સ્પષ્ટતા કરેલી છે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, ભળતા એક્સ–રે ને જોઇ ખોટો અભિપ્રાય આપેલ છે અને એક રેડીયોલોજીસ્ટ અને એક ડોકટર તરીકે મેડીકોલિગલ કેસમાં રાખવી જોઇતી કાળજી રાખ્યા વિના ખોટો રીપોર્ટ આપેલ છે.

(૩૯.૪) આરોપી નં. ૦૪ ના વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉપર મુજબની ઉલટ તપાસ સ્વીકારવામાં આવેલ છે.

(૪૦) ફરિયાદ પક્ષે આંક–૧૬૫ થી સાહેદ નં. ૧૩ તરીકે અમદાવાદ જુના વાડજ ખાતે આવેલ હોટલ સાંઈપીલાના મેનેજર મહેન્દ્રભાઈ વાલજીભાઈ પાટીદારને તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૨૩ ના અંતભાગમાં હોટલ માંથી નોકરી છોડી તે પહેલા ૫–૬ મહિના અગાઉ તેઓ હોટલ સાંઇપીલા, જૂના વાડજ બસ સ્ટેન્ડની સામે, અમદાવાદ ખાતે હોટલના મેનેજર તરીકે નોકરી કરતા હતા અને મેનેજર તરીકે તેઓએ હોટલમાં આવતા મુસાફરોની એન્ટ્રી રજીસ્ટરમાં કરવાની તથા ઓનલાઇન પથિક સોફટવેર ઉપર કરવાની હતી. તેઓએ વધુમાં જણાવેલ છે કે, હોટલમાં રહેવા માટે આવતા મુસાફરો પાસેથી તેમનુ આઇ.ડી. તેઓએ મેળવવાનું અને તેની ઝેરોક્ષ કોપી તેઓના રેકર્ડમાં રાખવાનું થતુ હતુ અને તારીખ ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ રાત્રીના ૮:૦૦ વાગ્યાના સમયે ઝાકીયા અને ૦૩ સોનીયા નામની બે સ્ત્રી મુસાફરો તેઓની હોટલમાં આવેલ અને તેઓએ તેમની નોંધ રજીસ્ટરમાં કરીને તેઓને રૂમ નં ૪૦૫ ફાળવેલ અને તેઓ હોટલમાંથી તા. ૦૫/૦૯/૨૦૨૩ ના રોજ રાત્રીના ૦૮:૨૦ વાગે ચેકઆઉટ કરી ચાલી ગયેલા. તેઓએ વધુમાં જણાવેલ છે કે, તેઓની હોટલમાં તા. ૦૩/૦૯/૨૦૨૩ ના રોજ શીભાભાઇ દેસાઇભાઇ નાઓ બપોરે ૦૨:૨૦ કલાકે આવેલા અને તેઓને રૂમ જોઇતો હોય તેઓએ ૪૦૬ નંબર નો રૂમ ફાળવેલો ત્યારબાદ શીભાભાઇ દેસાઇભાઇને ઝાકીયા કે જે હોટલના રૂમ નંબર ૪૦૫ માં રોકાયેલા હતા તેમને મળવુ હતુ તેથી ઝાકીયાને તેઓએ ૪૦૬ નંબરના રૂમમાં મોકલાવેલ ત્યારબાદ શીભાભાઇ દેસાઇભાઇએ ૦૩:૫૫

કલાકે તેઓની હોટલમાંથી ચેકઆઉટ કરેલ અને આશરે ૪–૫ દિવસ પછી પોલીસવાળા રાત્રીના તેઓની હોટલ પર આવેલ ત્યારે તેઓ ત્યાં હોટલ ઉપર હાજર હતા નહી અને પોલીસવાળાએ આવીને તેઓની હોટલના રૂમ ચેક કરેલા અને રૂમની અંદરના ફોટોગ્રાફ લીધેલા તથા કાઉન્ટર ઉપર જે છોકરો હાજર હતા તેની પાસેથી હોટલનું ડી.વી.આર. કબજે લીધેલ ત્યારબાદ ફરજ ઉપર હાજર છોકરાને પોલીસવાળાએ સૂચના આપેલ કે મહેન્દ્રભાઇને આણંદ મોકલી આપજો અને તેઓ બે દિવસ પછી આણંદ પોલીસ સ્ટેશન આવેલા ત્યારે પોલીસે તેઓની પાસેથી હોટલના રજીસ્ટરની ફોટો કોપી લીધેલ અને તેઓનું નિવેદન લીધેલ. સાહેદે તેઓની જુબાની આંક–૧૬૬ થી હોટલ સાંઈપીલાનું અસલ રજીસ્ટરમાંથી તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજની એન્ટ્રી નં. ૧૩૯ ની નકલ રજુ કરેલ છે. સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૬૭ થી હોટલ સાંઈપીલાનું અસલ રજીસ્ટરમાંથી તા. ૦૩/૦૯/૨૦૨૩ ના રોજની એન્ટ્રી નં. ૧૪૫ ની નકલ રજુ કરેલ છે. તેઓએ તેમની જુબાની દરમ્યાન એન્ટ્રી નં.–૧૩૯ અને એન્ટ્રી નં.–૧૪૫ ના ગ્રાહકોના જે તે દિવસે જે ઓળખકાર્ડ તેઓની સમક્ષ રજુ થયેલા તેની નકલ તેઓની હોટલના રેકર્ડમાંથી રજુ કરેલ છે. જેને અનુક્રમે હંગામી રજુ દાખલ આંક–૧૬૮ અને ૧૬૯ આપવામાં આવેલ છે. તેઓ જયારે આણંદ પોલીસ સ્ટેશનમાં આવેલ ત્યારે પોલીસે તેઓનું નિવેદન લીધેલ અને ડી.વી.આર. નો ડેટા કોઇ માણસ મારફતે કોપી કરાવી ડી.વી.આર તેઓને પરત સોપેલ અને તેઓને ડી.વી.આર. નો ડેટા જે પોલીસે લીધેલ તે બાબતે તેઓએ કોઇ લખાણ પોલીસને આપેલ હોય તેવુ બનેલ નથી.

(૪૦.૧) આ સાહેદ ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલ પુછવાની પરવાનગી માંગતા સાહેદને ફરી ગયેલ સાહેદ જાહેર કરી વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા સવાલ પુછવા આવેલ છે જેમાં તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ ડી.વી.આર. માં રહેલ ડેટા તેઓની જાતે પેનડ્રાઇવમાં કોપી કરીને પોલીસને આપેલ. તેઓએ સ્વીકારેલ છે કે, ડી.વી.આર.માં રહેલ ડેટા જેના તે સ્વરુપે કોપી કરવામાં આવેલ છે તે બાબતે પોલીસે તેઓની પાસે લખાણ લીધેલ. સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૭૦ થી રજુ ભારતીય પુરાવા અધિનિયમ ૬૫ બી મુજબનું સર્ટીફીકેટ જોઈ જેમાં તેઓની સહી અને તેઓની હોટલનું રાઉન્ડ સીલ હોવાનું જણાવી ઓળખી

બતાવેલ છે. સાહેદે તેઓની જુબાની દરમ્યાન જણાવેલ છે કે, તેઓને હોટલ સાંઇવીલાના કોઇ સી.સી.ટી.વી. ફૂટેજ ના ફોટોગ્રાફ બતાવાવમાં આવે તો તેઓ ઓળખી શકે. સાહેદને તેઓની જુબાની દરમ્યાન આંક–૧૦૧ થી રજુ પાના નં. ૦૪ ફોટોગ્રાફ જોઈને જણાવેલ છે કે, આ ફોટોગ્રાફ હોટલ સાંઇવીલાના છે તથા આ ફોટોગ્રાફમાં તેઓ શીભાભાઇ દેસાઇને રૂમ ફાળવતી વખતે જે એન્ટ્રી પાડી રહેલ હતો તેનો છે જે ફોટોગ્રાફમાં તેઓ અને શીભાભાઇ દેખાય છે અને અન્ય ફોટોગ્રાફમાં તેઓની સાથેના અન્ય કર્મચારી દેખાય છે અને આ તમામ ફોટોગ્રાફ હોટલ સાંઇવીલાના કાઉન્ટરના છે. સાહેદે તેમની જુબાની દરમ્યાન મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૨ માં રહેલ પેનડ્રાઇવ જોઈ જણાવેલ છે કે, આ પેનડ્રાઇવ ડી.વી.આર. નો ડેટા કોપી કરી આપેલ તે જ પેનડ્રાઇવ છે કે કેમ? તે તેઓ કહી શકે નહી.

(૪૦.૨) આરોપી નં. ૦૧ તરફે વિદ્વાન ચીફ ડિફેન્સ કાઉન્સીલ શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસ તેઓની સાંઇવીલા હોટલ ઉપર જયારે પ્રથમ વખત આવેલ ત્યારે તેઓ હોટલ ઉપર હાજર હતા નહી અને પોલીસ તેઓની ગેરહાજરીમાં ડી.વી.આર. હોટલ પરથી લઇ ગયેલ પોલીસ ડી.વી.આર કબજે લઇ ગયેલ ત્યારબાદ ડી.વી.આર. સાથે શું કરવામાં આવ્યુ તેની તેઓને જાણકારી નથી.

(૪૦.૩) આરોપી નં. ૦૨ ના વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉપર મુજબની ઉલટ તપાસ સ્વીકારવામાં આવેલ છે.

(૪૦.૪) આરોપી નં. ૦૩ તરફે વિદ્વાન વકિલશ્રી દ્વારા સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ હોટલ સાંઇવીલામાં કયારેય પણ પાર્ટનર ન હતા. તેઓએ સ્વીકારેલ છે કે, હોટલનું રજીસ્ટર તેઓ જાતે મેઇનટેઇન કરતા હતા અને તેઓ ગુજરાતી ભાષાની સામાન્ય વાતચીત સમજે છે અને હોટલ ઉપર જે કોઇ વ્યક્તિ રૂમ લેવા આવે તેને તેઓ તેનુ નામ, આઇ.ડી. કાર્ડ, ઉંમર જેવી વિગતો લેતા હોય છે અને તેઓ રૂમ આપતા પહેલા ઓળખકાર્ડ રજુ થાય છે તેનો ફોટાગ્રાફ અને સામે ઉભેલ વ્યક્તિનો ચહેરો ચેક કરતા હોય છે. તેઓએ સ્વીકારેલ છે કે, ઓળખકાર્ડનો ફોટો અને રૂમ લેવા આવેલ વ્યક્તિનો ચહેરો મળતો આવે તો જ તેઓ

રૂમ ફાળવે છે અને આંક–૧૬૬ ના એન્ટ્રી નંબર ૧૩૯ માં ઉંમર ૨૨ વર્ષ અને ૨૬ વર્ષ હોવાનું નોધેલ છે અને એન્ટ્રી નં. ૧૩૯ માં હોટલ ઉપર આવ્યાનો સમય રાત્રીના ૧૧:૩૦ P.M દર્શાવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૬૬ ના કોલમ નંબર ૫ માં નેશનાલીટી વીથ પાસપોર્ટ નંબર અને તારીખ લખવા માટેનું કોલમ છે.

(૪૦.૫) આરોપી નં. ૦૪ ના વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉપર મુજબની ઉલટ તપાસ સ્વીકારવામાં આવેલ છે.

(૪૦.૬) આરોપી નં. ૦૫ અને ૦૮ તરફે વિદ્વાન વકિલશ્રી દ્વારા સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓને સવાલ પુછવામાં આવેલ છે કે, આંક–૧૬૬ ની એન્ટ્રી નં. ૧૩૯ ના અંતે જે વીઝીટરની સહીનું કોલમ છે જેમાં અલગ અલગ બે સહીઓ કે જે ઉપર નીચે કરવામા આવેલ છે તે બંને વીઝીટરોની સહીઓ છે? જેના જવાબમાં જણાવેલ છે કે, એ વાત ખરી નથી, તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે બંને સહીઓ સોનિયા નામની વીઝીટરે કરેલી. તેઓએ જણાવેલ છે કે, હોટલમાં આવેલ બંને વીઝીટર હોટલના રૂમ નં. ૪૦૫ માં રોકાઈને કંઈક ખોટુ કામ કરે છે તેવુ તેઓના ધ્યાને આવેલ નહી અને તેઓની હોટલમાં રોકાયેલ વીઝીટરોએ હોટલમાં રોકાયને કોઈ ખરાબ કામ કરેલ હોય તેવુ તેઓના ધ્યાને આવેલ નહી અને આંક–૧૬૭ ના રજીસ્ટરના અનુક્રમ નં.૧૪૫ ની નોંધવાળા પાના ઉપર મુસાફરોની નોંધ જોતા તે મુસાફરો માત્ર થોડાક કલાકો માટે આવીને રોકાયેલા હોય તેવી નોંધ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, "શીભાભાઇ દેસાઇભાઇને ઝાકીયા કે જે હોટલના રૂમ નંબર ૪૦૫ માં રોકાયેલા હતા તેમને મળવુ હતુ તેથી ઝાકીયાને તેઓએ ૪૦૬ નંબરના રૂમમાં મોકલાવેલ." તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ ગુજરાતી ભાષા લખતા જાણતા નથી અને ગુજરાતી ભાષાના લખાણમાં જો કોઇ કાયદાની કલમનો ઉલ્લેખ કરેલ હોય તો તે તેઓ સમજી શકે નહી અને આંક–૧૭૦ વાળા લખાણ કોણે તૈયાર કર્યુ તેમજ તેમાં શું લખવામાં આવેલ છે તેની તેઓને ખબર નથી અને આંક–૧૭૦ વાળા લખાણમાં તેઓએ માત્ર સહી કરેલી અને પોલીસે તેઓની પાસેથી આંક–૧૭૦ વાળા કાગળમાં સહી લીધેલી તે સિવાય કેસની અન્ય કોઇ કાર્યવાહી તેઓની હાજરીમાં થયેલ નથી.

(૪૦.૭) આરોપી નં. ૦૬ અને ૦૭ તરફે આરોપીના વિદ્વાન વકિલશ્રી દ્વારા સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ અમરસિંહ રમેશભાઇ સોઢા અને શબ્બીરભાઇ અબ્દુલભાઇ વહોરાને ઓળખતા નથી કે કયારેય મળેલ પણ નથી અને પોલીસે તેઓને ડી.વી.આર પરત સોપ્યુ ત્યારબાદ તેઓ તે ડી.વી.આર. માંનો ડેટા ચેક કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તે ડી.વી.આર. ચાલુ હાલતમાં ન હતુ. તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે જે ફૂટેજ લીધેલા તે તેઓના રૂબરૂમાં લેવામાં આવેલ હોય તેવુ બનેલ નહી અને પેનડ્રાઇવમાં લેવામાં આવેલ ડેટા પોલીસે તેઓને બતાવેલ હોય કે તેઓએ જોયેલ હોય તેવુ બનેલ નહી અને પોલીસ દ્વારા તેઓની હોટલ ઉપર જયારે પ્રથમ વખત આવેલા ત્યારે તેઓ હોટલ ઉપર હતા નહી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ હોટલમાં રોકાયેલ કોઇપણ મુસાફરની તેઓની પાસે ઓળખ કરાવેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ જણાવેલ છે કે, તેઓએ સાંઇવીલા હોટલમાં જે ઝાકીયા નામની વ્યક્તિ એન્ટ્રી નં. ૧૩૯ થી રોકાયેલ તેવુ જણાવેલ છે તે ઝાકીયા આંક–૧૬૮ વાળા ઓળખકાર્ડમાં જે ફોટો દેખાય છે તે ફોટાવાળી સ્ત્રી હતી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓની હોટલ સાંઇવીલામાં વેશ્યાવૃતિ પ્રતિબંધિત છે અને સાંઇવીલા હોટલમાં વેશ્યાવૃતિ થયેલ હોય તેવુ બનેલ નથી અને ઝાકીયા નામની છોકરીએ તેની સાથે હોટલમાં દુષ્કર્મ થયા અંગે તેઓને કે તેમની સાથેના કોઇ હોટલના સ્ટાફને ફરીયાદ કરેલ હોય તેવુ બનેલ નથી અને જે બે સ્ત્રી મુસાફરો એન્ટ્રી નં. ૧૩૯ અન્વયે તેઓની હોટલમાં રોકાયેલા તે બંને પાસે મોબાઇલ હતા કે કેમ? તે તેઓ જણાવી શકે નહી. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૬૬ ની એન્ટ્રી નં. ૧૩૯ ના કોલમ નં. ૫ માં દર્શાવેલ મોબાઇલ ક્યા મુસાફર પાસે હતો તે તેઓ જણાવી શકે નહી અને તેઓની હોટલના રજીસ્ટરમાં મુસાફર પુરૂષ છે કે સ્ત્રી દર્શાવતુ કોઇ કોલમ નથી. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, આંક–૧૬૬ વાળા રજીસ્ટરના ઉતારામાં જે મુસાફરોની વિગતો છે તે પૈકી ક્યા મુસાફર પુરૂષ હતા અને ક્યા સ્ત્રી હતા તે તેઓ કહી શકે નહી? જેના જવાબમાં જણાવેલ છે કે, તેઓ નામ વાંચીને કહી શકે. તેઓએ સ્વીકારેલ છે કે, તાજેતરમાં ઘણા નામ સ્ત્રી અને પુરૂષ બંને માટે વપરાતા હોય છે અને તેઓની હોટલના નિયમ મુજબ જે મુસાફર ને જે રૂમ ફાળવવામાં આવે તે મુસાફર તે સિવાયના રૂમમાં જઇ શકે નહી. તેઓએ સ્વીકારેલ છે કે, મુસાફર ઝાકીયા અન્ય કોઇ રૂમ નંબરમાં ગઇ હોય તેવુ તેઓના ધ્યાને આવેલ નહી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, રૂમ નં. ૪૦૬ માં ગયેલી. તેઓએ સ્વીકારેલ છે કે,

ઝાકીયા રૂમ નં. ૪૦૬ માં ગયેલી તેવુ તેઓને પોલીસ દ્વારા વિગતો જાણવા મળેલ તેના આધારે જણાવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, ઝાકીયા રૂમ નં. ૪૦૬ માં ગઇ હોય તેવુ તેઓએ તેમની નજરે જોયેલ હોય તેવુ બનેલ નથી અને ઝાકીયા રૂમ નં. ૪૦૬ માં ગઇ તેવુ તેઓની હોટલના સ્ટાફે જોઇને જણાવ્યુ હોય તેવુ બનેલ નથી અને ઝાકીયાએ પોતે તેણી રૂમ નં. ૪૦૬ માં ગઇ હોય તેવુ જણાવેલ હોય તેવુ બનેલ નથી અને તેઓએ ઝાકીયા નામની મુસાફરને તેઓની હોટલમાં રોકાયેલ તે દરમ્યાન કયારેય ડરેલ, ગભરાયેલ કે રડતી કે મદદ માંગતી જોઇ હોય તેવુ બનેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, ઝાકીયા તેઓની હોટલમાં રોકાયેલ ત્યાં સુધી તદ્દન સામાન્ય વર્તન કરતા હતા અને ઝાકીયા તેઓની હોટલમાં રોકાયેલ તે દરમ્યાન કયારેક એકલી તો કયારેક બીજી સ્ત્રી સાથે બહાર આવતી જતી હતી અને તેઓની હોટલ ખુબ જ વસ્તીવાળા વિસ્તારમાં આવેલ છે અને કોઇ સ્ત્રી તેઓની હોટલની બહાર નીકળી ત્યાં મદદ માંગે તો ઘણા માણસો મદદ માટે આવી શકે અને તેઓની હોટલની બહાર નીકળતા સામે જ ટ્રાફીકનું નિયમન કરનાર પોલીસ હોય છે તથા સામે પોલીસચોકી પણ આવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, ઝાકીયાએ તેઓની હોટલમાંથી નીકળી પોલીસની મદદ માંગેલ હોય તેવુ બનેલ નથી અને તેઓએ તેમની જુબાની દરમ્યાન આંક–૧૦૧ ના પાના નં. ૪ વાળા જે ફોટોગ્રાફ જોયા છે તેની તારીખ અને સમય તેઓ જોઇને પણ જણાવી શકે તેમ નથી અને પોલીસે કયારેય પણ તેઓની પાસે કોઇ મુસાફરની ઓળખ કરાવી હોય અને તે કઇ તારીખે ક્યાં રૂમમાં રોકાયેલા તે બાબતે પૂછપરછ કરેલ નહી અને તેઓની હોટલમાં રોકાવા માટે આવતા મુસાફર જે ઓળખ કાર્ડ મેળવેલ છે તે ક્યા મુસાફરનું છે તે યાદમાં રહે તે માટે તે ઓળખકાર્ડની ઉપર એન્ટ્રી નંબર લખતા હોય છે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ સરતપાસમાં જણાવેલ હકીકતો ખોટી જણાવેલ છે.

(૪૧) ફરિયાદ પક્ષે આંક–૧૮૨ થી સાહેદ નં. ૧૪ તરીકે ફરિયાદી ગોપાલભાઈ સાંગાભાઈ ગઢવીને તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે પો.સ.ઇ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પી.એસ.ઓ. વિનોદભાઇ પરમારે જાણ કરેલ કે હેલ્પલાઇન નંબર ૧૮૧ ના સ્ટાફ એક સગીર વયની બાળા તથા એક મહિલાને પોલીસ સ્ટેશન કલાકે ૦૨:૦૮ વાગે લઇને આવેલા છે જેથી તેઓ પોલીસ સ્ટેશન ગયેલા અને C.W.C મનિષાબેન જેઠવાનાઓની હાજરીમાં સગીરબાળા M ની

પુછપરછ કરેલ હતી. તેઓએ વધુમાં જણાવેલ છે કે, તેઓ સમક્ષ ભોગ બનનાર બાળાએ જણાવેલ છે કે, તેણી બાંગ્લાદેશી નાગરીક છે અને તેણીને મોડેલીંગ ક્ષેત્રમાં જવુ હોય તેમના ફેસબુક ફ્રેન્ડ મહમંદનઈમ શેખે એક એજન્ટનો કોન્ટેકટ કરી આપેલ હતો અને તેણીને તે ભારત લઈ આવેલો અને તેઓ મુંબઈ રેલ્વે સ્ટેશન પર ઉતરેલા ત્યાં તેણીને લેવા માટે મુનાવર હસન નામનો માણસ આવેલ હતા અને મુંબઈ રેલ્વે સ્ટેશન ખાતે મુનાવરહુસેન આવી તેણીને લઈ ગયેલ અને તેમની ઓળખીતા સોનિયા વા/ઓફ દિનેશ વેંકટ શીંદે (નઝમા રજાક બિસેસ) રહે મૂળ પશ્ચિમ બંગાળ, હાલ વસઈ ઈસ્ટ, નાલાસોપારા, કેમ એપાર્ટમેન્ટ , A વીંગ રૂમ નં ૧૦૪ ખાતે તેઓ લઈ આવેલ હતા અને ત્યાં તેણી તા. ૨૨/૦૮/૨૦૨૩ થી ૨૯/૦૮/૨૦૨૩ સુધી રોકાયેલ હતી. વધુમાં ફરિયાદી પી.એસ.આઈ. ગઢવીએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સમક્ષ સગીર બાળાએ જણાવેલ કે, તેણી આ સમય દરમ્યાન સોનીયાએ તેણીને પુછેલ કે, તેણી અહી કેમ આવેલ છે જેથી તેણીએ જણાવેલ કે, તેણીને મોડેલીંગમાં કામ કરવુ હોય જેથી તેણી અહી આવેલ છે અને ત્યારબાદ સોનીયાના ઘરેથી વલસાડ ગયેલા ત્યાં રોકાયેલા હતા અને તેઓ વલસાડ થી નીકળી રાત્રે ૧૦:૩૦ વાગે વડોદરા રેલ્વે સ્ટેશન આવેલા અને ત્યાં આ સોનીયાના ઓળખીતા સુનિલભાઈએ જણાવેલ તે સરનામાવાળી હોટલ ઉપર તેઓ ગયેલા હતા અને ત્યાં તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ સુનિલભાઈનાઓએ મોકલેલ ગ્રાહકે તેણી સાથે દુષ્કર્મ કરેલ અને બીજા દિવસે પણ તેણી સાથે સુનિલભાઈએ મોકલેલ ગ્રાહકે દુષ્કર્મ કરેલ હતુ અને સુનિલભાઈ સાથે બોલાચાલી થતા તેણી તથા સોનિયા રાત્રે અમદાવાદ જવા નીકળેલ હતા અને તેઓ વડોદરા થી અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશન આવેલા અને ત્યાંથી તેઓ ઓટો રીક્ષા મારફતે શાહીવીલા નામની હોટલમાં રોકાયેલા હતા અને તેઓ બીજા દિવસે એટલે કે તા. ૦૩/૦૯/૨૦૨૩ ના રોજ હોટલ અમદાવાદ શાહીવીલા હોટલ થી બહાર નીકળી સોનિયાએ મુનાવરને ફોન કરી આગળ શું કરવાનું છે તે પુછેલ તેથી મુનાવર મારફતેનો એક વ્યક્તિ ઓટો રીક્ષા લઈ આવેલ અને તેણીને કયાંક લઈ ગયેલ અને ત્યાં એક વ્યક્તિએ તેણી સાથે ૩ વખત દુષ્કર્મ કરેલ હતુ અને ત્યારબાદ પરત શાહીવીલા હોટલમાં ઓટો રીક્ષા મારફતે મૂકી ગયેલ હતા અને તારીખ ૦૪/૦૯/૨૦૨૩ તથા તા.૦૫/૦૯/૨૦૨૩ તેઓ શાહી વીલા હોટલમાં આરામ કરેલ ત્યારબાદ રાત્રે તેઓ અને સોનીયાની મિત્ર હેતલબેન પટેલ કે જે વિધ્યાનગર રહે છે ત્યાં જવા નીકળેલ અને રાત્રે ૧૧:૩૦ વાગે તેઓ હેતલબેનના ઘરે પહોચેલા અને ત્યાં તેણીને શારીરીક ચાતના

થતી હોય તેમજ ત્યાં તેણીનું મન લાગતુ ન હોય જેથી તેણીએ તેના ભાઈ સુમન પરવેઝ કે જે બાંગ્લાદેશમાં રહે છે તેને વ્હોટ્સએપ કોલ કરી તેણીને લઈ જવા જણાવેલ હતુ અને તેણીના ભાઈ સુમન પરવેઝે તેણીને જણાવેલ કે, તેનો મિત્ર નિલોય કે જે વડોદરામાં રહે છે અને મૂળ બાંગ્લાદેશનો છે તેની જોડે વાત કર જેથી ઉપરોકત બાબત ભોગ બનનાર તેણીએ આ નિલોયને બનાવ હકીકત જણાવતા નિલોયે હેલ્પલાઈન ૧૮૧ ને જાણ કરેલ હતી.

(૪૧.૧) ફરિયાદી પી.એસ.આઈ. ગઢવીએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસ તરફથી આ બંને મહિલાઓને વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે લઈ આવેલ હતા અને આ વખતે ભોગ બનનારની ઉંમરની પાકી ખાતરી ન હોય જેથી તેમના જન્મના આધાર બાબતે આ નિલોયને ટેલીફોનીક પુછતા તેમણે કહેલ કે તેઓ સવારે ભોગ બનનારનો જન્મનો દાખલો બાંગ્લાદેશથી મંગાવીને મોકલશે અને પોલીસે બે રાહદારી પંચો જેમાં એક સ્ત્રી અને એક પુરુષની હાજરીમાં આ ભોગ બનનારની અંગજડતી કરતા તેમની પાસેથી એક કાળા કલરનો રેડમી કંપનીનો મોબાઈલ હતો જે પંચનામાની વિગતે કબજે કરેલ. જેનું પંચનામુ ૦૩:૦૦ થી ૦૪:૩૦ દરમ્યાન કરવામાં આવેલ અને ભોગ બનનાર તથા સાથે આવેલ મહીલાના નામ સરનામા અંગેના કોઇ પુરાવા ન હોય જેથી ઉપરોકત કામે તેઓએ જાણવા જોગ લીધેલ ત્યારબાદ ભોગ બનનાર તથા સાથે મળી આવેલ મહિલા પ્રાથમિક દ્રષ્ટીએ બાંગ્લાદેશી નાગરીક હોવાનું જણાતા તેઓનું રાજયની તથા કેન્દ્રની અલગ અલગ એજન્સીઓ મારફતે જોઇન્ટ ઇન્ટ્રોગેશન કરવુ જરૂરી હોય તેમજ સદરહું બંનેને રીસ્ટ્રીકશનમાં રાખવા જરૂરી હોય જેથી આ બાબતે પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓને રીપોર્ટ કરવામાં આવેલ હતો. તેઓએ વધુમાં જણાવેલ છે કે, આ કામે ભોગ બનનારના જોઇન્ટ ઇન્ટ્રોગેશન અંગેનો હુકમ તા.૦૯/૦૯/૨૩૨૩ ના રોજ થયેલ હોય વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે (૧) સ્થાનિક પોલીસ (૨) સ્થાનિક જીલ્લા SOG (૩) ઇન્કમટેક્ષ વિભાગ (૪) સ્ટેટ આઇ.બી. (૫) સેન્ટ્રલ આઇ.બી. (૬) કસ્ટમ વિભાગ (૭) રેલ્વે વિભાગના અધિકારીઓ મારફતે જોઇન્ટ ઇન્ટ્રોગેશનની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ. તેઓએ વધુમાં જણાવેલ છે કે, તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ ભોગ બનનારના જન્મ અંગેનો પુરાવો તેણીના ભાઇ મારફતે મોકલાવવામાં આવેલ જે જોતા આ ભોગ બનનારની જન્મ તારીખ ૧૯/૦૬/૨૦૦૭ હોય તેમજ આ ભોગ બનનાર સગીર વયની હોય

તેમના વાલી વારસ બાંગ્લાદેશમાં રહેતા હોય જેથી તેઓએ મુનાવરહુસેન જેની ફેસબુક આઇ.ડીના અનવરહુસેન જોય કે જેણે આ ભોગ બનનારને મોડલીંગમાં કામ આપવાનું કહી ગેરકાયદેસર રીતે ભારત બાંગ્લાદેશની બોર્ડર ક્રોસ કરાવી તેમની પરીચિત સોનિયા દિનેશ વેંકટ શીંદે ઉર્ફે નઝમા રજાક બિસેસ ને સોંપેલ અને સોનીયા આ ભોગ બનનારને સાથે લઇ આવી તા.૦૧/૦૯/૨૦૨૩ ના રોજ તેમના પરિચિત સુનિલભાઇ મારફતે મોકલેલ વ્યક્તિ દ્વારા વડોદરા ફતેગંજ ગોલ્ડ લોટ્સ નામની હોટલમાં તેમજ અમદાવાદમાં અલગ અલગ જગ્યાએ મુનાવર હુસેન મારફતે મોકલેલ વ્યક્તિ દ્વારા વારંવાર દુષ્કર્મ થયેલ હોય ઉપરોકત તમામ તથા તપાસમાં ખૂલેલ તમામ વિરૂધ્ધ શ્રી સરકાર તરફે ફરીયાદ આપેલ હતી. ફરિયાદીએ તેઓની જુબાની દરમ્યાન આંક– ૧૮૭ થી રજુ જાહેરાત જોઈ જેમાં રૂબરૂ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. ફરિયાદીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૧૮૮ થી રજુ ભોગ બનનાર અને સોનીયાનાઓની અંગજડતીનુ પંચનામું રજુ થયેલ છે જેમાં પંચ નં. ૦૧ તરીકે સુરેશભાઈ બબુભાઈ તળપદા અને પંચ નં. ૦૨ તરીકે ગૌરીબહેન રાવજીભાઈ પરમારનાઓની સહી હોવાનું અને રૂબરૂ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. ફરિયાદીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૧૮૯ થી રજુ ભોગ બનનારની પ્રાથમિક સારવાર માટે મેડીકલ ઓફીસરશ્રી જનરલ હોસ્પિટલ આણંદનાઓને કરેલ યાદી જોઈ જેમાં તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. ફરિયાદીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૧૯૦ થી રજુ ભોગ બનનારનું મેડીકલ ઓફીસરશ્રી જનરલ હોસ્પિટલ આણંદ દ્વારા આપવામાં આવેલ પ્રાથમિક સારવારનું સર્ટીફિકેટ જોઈ તેઓએ તપાસના કામે સામેલ રાખેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. ફરિયાદીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૧૯૧ થી રજુ ઈન્ટ્રોગેશન રીપોર્ટ જોઈ જેમાં ભોગ બનનારનું જુદી જુદી એજન્સીઓ તેમજ તેઓએ ભેગા મળીને ઈન્ટ્રોગેશન કરેલ તે અંગેનો વિગતવારનો રીપોર્ટ હોવાનું અને જેમાં પો.સ.ઈ. વિધ્યાનગર તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને ફરિયાદીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૧૯૨ થી રજુ પોલીસ અધિક્ષકશ્રી આણંદનાઓએ ભોગ બનનારનું વિધ્યાનગર પોલીસ સ્ટેશન રીસ્ટ્રીકશનમાં રાખવા માટે જે હુકમ કરેલ જેમાં પોલીસ અધિક્ષકશ્રી આણંદનાઓની સહી અને જે તે સમયે તેઓના ઉપરી અધિકારી હોય તેઓની સહી ઓળખી બતાવેલ છે. ફરિયાદીની જુબાની દરમ્યાન આંક–૧૯૩ થી રજુ સુચિપત્ર વિધ્યાનગર જાણવા જોગ ૭૦/૨૦૨૩ ના કામે

રાખવામાં આવેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને આંક–૧૯૪ થી ૨જુ જાહેર રીપોર્ટ જોઈ તે વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં તેઓએ જે ફરિયાદ આપેલ તે અંગેનો હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. ફરિયાદીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૧૯૫ થી ૨જુ અસલ ફરીયાદ જોઈ જે તેઓએ પોલીસ ઈન્સ્પેક્ટર વિધ્યાનગરનાઓ સમક્ષ જાહેર કરેલી તે જ ફરિયાદી હોવાનું જણાવી તેઓની સહી અને રૂબરૂ તરીકે પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.આર.ગોહીલનાઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. ફરિયાદીએ તેઓની જુબાની દરમ્યાન સોનીયાબેન વા/ઓ દિનેશભાઈ વેંકટ શિંદે જે.સી.એ. ભુજ ખાતેથી ઓનલાઈન હાજર રાખવામાં આવેલ હોય તેઓએ તેમની જુબાની દરમ્યાન કમ્પ્યુટરની સ્ક્રીન પર ઓળખી બતાવેલ છે. ફરિયાદીએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓએ તપાસના કામે ભોગ બનનારનો મોબાઇલ એક કાળા કલરનો રેડમી કંપનીનો સ્માર્ટફોન જે મોડલ નં 220333QAG કબજે લીધેલ તે મોબાઈલ તેઓએ તેમની જુબાની દરમ્યાન ઓળખી બતાવેલ છે. તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનાર માત્ર બાંગ્લા ભાષા જાણતા હતા તેથી ભોગ બનનાર પાસેથી બનાવની હકીકતો ભોગ બનનાર સાથે રહેલ સોનિયાબેન કે જેઓ હીન્દી અને બાંગ્લા બંને ભાષા જાણતા અને સમજતા હોય તેમની મદદથી મેળવેલ.

(૪૧.૨) આરોપી નં. ૦૧ તરફે વિદ્વાન ચીફ ડિફેન્સ કાઉન્સીલ શ્રી દ્વારા ફરિયાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. ફરિયાદીને ભોગ બનનારનું તપાસના કામે લીધેલ જાણવા જોગ સ્ટેટમેન્ટ વાંચવા આપવામાં આવેલ જે વાંચીને તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારના નિવેદનમાં એવી હકીકત જણાવેલ છે કે તેઓએ તેમના મિત્ર સોનિયા કે જે ગુજરાતી ભાષા સમજી શકે છે અને બંગાળી તેમજ હીન્દી ભાષા પણ વાંચી સમજી બોલી શકતી હોય. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, સોનિયાબેન ગુજરાતી સમજી શકતા હતા. ફરિયાદીને સવાલ પુછવામાં આવેલ છે કે, સોનિયાબેન બાંગ્લા ભાષા જાણે છે તેવુ ચોકકસ કોઇ જગ્યાએ લખેલ નથી? જેના જવાબમાં જણાવેલ છે કે, બાંગ્લા અને બંગાળી એક જ થાય. તેઓએ ઈન્કાર કરેલ છે કે, બાંગ્લાદેશ આખો અલગ દેશ હોય ત્યાં બાંગ્લા ભાષા ઉપયોગમાં લેવાય છે બંગાળી નહી. ફરિયાદીએ જણાવેલ છે કે, તેઓ છેલ્લા ૯ વર્ષથી પોલીસ ડીપાર્ટમેન્ટમાં ફરજ બજાવે છે. તેઓએ સ્વીકારેલ છે કે, જાણવા જોગમાં જે જાહેરાત થયેલ હોય તે હકીકત સમગ્ર જીલ્લાના દરેક પોલીસ સ્ટેશનમાં મોકલવાની હોય છે. ફરિયાદીને આંક–૧૯૩

વાળા જાહેરાતનું સૂચિપત્ર બતાવવામાં આવે છે જે વાંચીને તેઓએ સ્વીકારેલ છે કે, તેમા ભોગ બનનાર ગેરકાયદેસર રીતે આવેલ હોવા પુરતી જ હકીકત જણાવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર ધોરણ–૧૨ પાસ હોવાનું આંક–૧૯૧ વાળા ઇન્ટ્રોગેશન રીપોર્ટમાં જાહેર થયેલ અને આંક–૧૯૧ વાળા રીપોર્ટ મુજબ ભોગ બનનારના ફેસબુક ફ્રેન્ડ તરીકે નઇમ શેખ બાંગ્લાદેશના નાગરીકનુ નામ જાહેર થયેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તે બાંગ્લાદેશના નાગરીક નઇમ શેખે ભોગ બનનારને મોડેલીંગનું કામ બોમ્બેમાં સોંપવાનું અને બોમ્બે આવવાનું જણાવેલ હોવાનું જાહેર થયેલ. તેઓએ ઇન્કાર કરેલ છે કે, તેઓની તપાસમાં એવી હકીકત ખુલેલ કે ભોગ બનનાર બાંગ્લાદેશથી નીકળી બોમ્બે આવેલ ત્યાં સુધીમાં તેણીને રહેવા અને આવવા માટેની વ્યવસ્થા ઘણા લોકોએ કરી આપેલ. તેઓએ સ્વીકારેલ છે કે, એસ.પી.સાહેબે એવો આદેશ કરેલ કે ભોગ બનનારને ડીપોર્ટેશન કરવા અંગેનો હુકમ ન આવે ત્યાં સુધી વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે રીસ્ટ્રીકશનમાં રાખવા અને તેવા આંક–૧૯૨ વાળા આદેશમાં પણ એવો ઉલ્લેખ છે કે ભોગ બનનારે ગેરકાયદેસર રીતે આપણા દેશમાં પ્રવેશ કરેલ છે અને આપણા જીલ્લામાં પકડાયેલ છે અને તે સિવાય બીજી કોઇ હકીકત જણાવેલ નથી. તેઓએ ઇન્કાર કરેલ છે કે, જાહેરાત માત્ર ભોગ બનનાર ગેરકાયદેસર રીતે ભારતમાં આવેલ હોવાનું અને પકડાયેલ હોવા બાબતે જ રહેલી અને પાછળથી હાલની આ જાહેરાત ખોટી રીતે ઉભી કરેલ છે અને હાલની આ જાહેરાત પાછળથી ખોટી રીતે ઉભી કરેલ હોય તે કારણે જ સૂચિપત્ર અને રીસ્ટ્રીકશનના આદેશમાં આ જાહેરાતની હકીકતનો ઉલ્લેખ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, જાણવા જોગની તપાસ દરમ્યાન ભોગ બનનારની મેડીકલ તપાસ કરાવેલી અને આંક–૧૯૦ વાળુ સર્ટીફીકેટ મેળવેલ અને આંક–૧૯૦ વાળા સર્ટીફીકેટમાં ભોગ બનનાર સાથે કોઇ શારીરિક સંભોગ કે દુષ્કર્મ થયા અંગેની કોઇ હીસ્ટ્રી કે ડોકટરનો કોઇ રીપોર્ટ રહેલ નથી. ફરિયાદીને સવાલ પુછવામાં આવેલ છે કે, આંક–૧૮૯ વાળી યાદીમાં પણ ભોગ બનનાર સાથે કોઇ દુષ્કર્મ થયા અંગેની હકીકત જણાવવામાં આવેલ નથી? જેના જવાબમાં જણાવેલ છે કે, આ યાદી ભોગ બનનારની મેડીકલ તપાસ કરી તેનું સર્ટીફીકેટ આપવા માટે જ કરેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, જાણવા જોગની જાહેરાતમાં એવી હકીકત દર્શાવેલ છે કે ફેસબુક ફ્રેન્ડ મોહમંદ નઇમ શેખ નાઓએ એજન્ટનો કોન્ટેકટ કરી આપેલો અને ભોગ બનનારને ભારતમાં લાવેલ અને ભોગ બનનાર તથા ડેઝી મુંબઇ રેલ્વે સ્ટેશને ઉતરેલ ત્યાં મુનાવર હસન નામનો એજન્ટ લેવા આવેલો. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે,

મુનાવર હસનનો મોબાઇલ નંબર પણ દર્શાવેલ. તેઓએ સ્વીકારેલ છે કે, તા.૦૬/૦૯/૨૦૨૩ થી તા.૧૩/૦૯/૨૦૨૩ સુધી ભોગ બનનાર તેઓના પોલીસ સ્ટેશનમાં રીસ્ટ્રીકશનમાં હતા અને ફરીયાદ દાખલ થતા સુધીમાં ભોગ બનનારે આરોપી સોનિયા ઉપર કોઇપણ પ્રકારના આક્ષેપ કરેલા નહી અને તેઓની તપાસ દરમ્યાન આરોપી સોનિયા મૂળ રહેવાસી પશ્ચિમ બંગાળ ગામ– પાનીતળ, જી. ઉત્તર ૨૪ પરગણા ની રહેવાસી હોવાનુ તથા હાલ નાલાસોપારા, બોમ્બે રહેતા હોવાનુ જાહેર થયેલ અને તેઓની તપાસ દરમ્યાન સોનિયાનું આધારકાર્ડ મંગાવી તેના રહેઠાણ બાબતેની તપાસ પણ કરેલી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓની જાણવા જોગની તપાસ દરમ્યાન સોનિયા વિરુધ્ધ કોઇ આક્ષેપો ન હોવાથી તેઓએ સોનીયાને જવા દીધેલ.

(૪૧.૩) ફરિયાદી શ્રી ગઢવીએ તેઓની ઉલટ તપાસ દરમ્યાન સ્વીકારેલ છે કે, આંક–૧૮૮ ના અંગજડતીના પંચનામા દરમ્યાન પણ ભોગ બનનાર સાથે શારીરિક સંભોગ થયેલ હોય તેવુ જાહેર થયેલ નહી કે પંચનામામાં કોઇ ઉલ્લેખ નથી અને ભોગ બનનારની અંગજડતી સમયે તેણીની પાસેથી માત્ર એક મોબાઇલ મળી આવેલ અને સદર મોબાઇલમાં ક્યાં નંબરનું સીમકાર્ડ હતુ તેનો ઉલ્લેખ કરેલ નથી અને તેઓની તપાસ દરમ્યાન એ હકીકત જાણવા મળેલ કે ભોગ બનનારનો મોબાઇલમાં વ્હોટ્સએપ અને નેટ ચાલુ હતુ અને તેઓ સમક્ષ ભોગ બનનાર આ સિવાય બીજો કોઇ મોબાઇલ વાપરતા હોય તેવી હકીકત જાહેર થયેલ નહી અને તેઓની જાણવા જોગની તપાસ દરમ્યાન ભોગ બનનારના ફેસબુક કે વ્હોટ્સએપની માહિતી ડીલીટ કરવામાં આવેલ હોય તેવી હકીકત જાહેર થયેલ નહી અને ભોગ બનનારના વ્હોટ્સએપ અને ફેસબુકની ચેટની ડીટેઇલ ડાઉનલોડ કરી તપાસના કામે સામેલ રાખેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારના અંગજડતીના પંચનામા દરમ્યાન ભોગ બનનારના શરીર ઉપર કોઇ માર મારવાના કે અન્ય ઇજાના નિશાનો જણાયેલા નહી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓની જાણવા જોગની તપાસ દરમ્યાન એવી હકીકત પણ ખૂલેલ નહી કે ભોગ બનનારને લાવવામાં આવેલ ત્યારથી કોઇ રૂમમાં ગોંધી રાખવામાં આવેલ. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ રૂબરૂના ભોગ બનનારના નિવેદનમાં ભોગ બનનારને ગોંધી રાખેલ હોય તેવી હકીકત જાહેર થયેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારનુ ઇન્ટ્રોગેશન કરેલ તેમાં કુલ–૮ સભ્યો પૈકી તેઓ પણ હતા અને તેના ઇન્ટ્રોગેશન

દરમ્યાન તા. ૨૯/૦૮/૨૦૨૩ ના રોજ સોનિયા સાથે ભોગ બનનાર એ જ વ્યક્તિ જેનુ નામ નથી મોબાઇલ નંબર છે તે વ્યક્તિ રેલ્વે પોલીસમાં હતી અને તેના કવાર્ટસમાં રોકાયેલા હતા અને તેઓ જે વ્યક્તિના રેલ્વે પોલીસના કવાર્ટર્સમાં રોકાયેલ હતા તે વ્યક્તિનું નિવેદન તેઓએ લીધેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, પુછપરછ દરમ્યાન મુનાવર હુસેન નામના વ્યક્તિનો મોબાઇલ નંબર પણ જાહેર થયેલ અને તે નામવાળા વ્યક્તિના મોબાઇલ નંબરની કોઇ કોલ–ડીટેઇલ મેળવી તેઓએ કામમાં સામેલ રાખેલ નથી અને તેઓની જાણવા જોગની તપાસ દરમ્યાન એવી હકીકત ખૂલેલ કે ભોગ બનનારે આ મુનાવર હુસેન નામની વ્યક્તિ સાથે તેના મોબાઇલ નંબર ઉપર ઘણી બધી વખત વાતચીત કરેલી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, વ્હોટ્સએપ કોલથી કરેલ. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓની જાણવા જોગની તપાસ દરમ્યાન એવી હકીકત આવેલ નહી કે ભોગ બનનાર વ્હોટ્સએપ કોલથી આ મુનાવર હુસેન નામના વ્યક્તિ સાથે વાતચીત કરતા હતા. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર મોડેલીંગનું કામ કરતા હોય કે શોર્ટ વીડીયો બનાવતા હોય તેવી કોઇ હકીકત પણ તેઓની જાણવા જોગની તપાસ દરમ્યાન ખુલેલ નહી. ફરિયાદીને સવાલ પુછવામાં આવેલ છે કે, આપની તપાસ દરમ્યાન એવી હકીકત પણ ખુલેલ નહી કે મુનાવર હુસેન નામના વ્યક્તિ ભોગ બનનારને ભારત દેશમાં પ્રવેશ માટે મદદ કરી હોય? જેના જવાબમાં જણાવેલ છે કે, મુનાવર હુસેન નામના વ્યક્તિ જ ભોગ બનનારને ભારતમાં લાવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તેમની જાણવા જોગની તપાસના કામે આ મુનાવર હુસેન નામના વ્યક્તિને શોધવા માટે કોઇ પ્રયત્ન કરેલા નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તા.૧૦/૦૯/૨૦૨૩ ના રોજ ભોગ બનનારના ડીપોર્ટેશન કરવા અને આગળની કાર્યવાહી કરવા માટે તેઓએ પોલીસ અધિક્ષકશ્રીને પત્ર લખેલો અને તા.૧૦/૦૯/૨૦૨૩ ના રોજ તેઓએ પોલીસ અધિક્ષકશ્રીને આ પત્ર લખેલ ત્યાં સુધીમાં કોઇ કોગ્નીઝેબલ ગુન્હાની હકીકત જાહેર થયેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, તા.૧૧/૦૯/૨૦૨૩ ના રોજ તેઓએ સોનિયાનું નિવેદન લઇ તેણીને જવા દીધેલી. તેઓએ સ્વીકારેલ છે કે, તા.૧૧/૦૯/૨૦૨૩ ના રોજ આરોપી સોનિયાના નિવેદન સમયે તેમના દ્વારા રજુ કરવામાં આવેલ પાસપોર્ટ અને આધારકાર્ડની ચકાસણી કરતા તેણી મૂળ પશ્ચિમ બંગાળના રહેવાસી હોવાનું અને હાલ બોમ્બે રહેતા હોવાનું જાહેર થતા તેણીને જવા દીધેલી અને તા.૧૧/૦૯/૨૦૨૩ સુધી આરોપી સોનિયા વિરુધ્ધ કોઇ કોગ્નીઝેબલ ગુન્હાની હકીકત જાહેર થયેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે,

તા.૧૧/૦૯/૨૦૨૩ થી તા.૧૩/૦૯/૨૦૨૩ દરમ્યાન તેઓએ કોઇ વિશેષ તપાસ કરેલ નહી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તા.૧૩/૯/૨૦૨૩ ના રોજ તેઓએ જે ફરીયાદ આપેલ તેમા જણાવેલ ગુન્હાના કોઇ આવશ્યક તત્વો તેઓની જાણવા જોગ તપાસ દરમ્યાન જણાય આવેલા નહી.

(૪૧.૪) ફરિયાદીએ તેઓની ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓની જાણવા જોગની તપાસ દરમ્યાન એવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નહી કે મુનાવર હુસેન નામની વ્યક્તિનું ફેસબુક આઇ.ડી. અનવરહુસેન જોયના નામથી હતુ અને અનવરહુસેન જોય નામની વ્યક્તિના ફેસબુક આઇ.ડી. ડીટેઇલ ડાઉનલોડ કરી તેઓની જાણવા જોગ તપાસના કામે કબજે લીધેલ નહી અને ફરીયાદ આપતા અગાઉ મુનાવર હુસેન તથા અનવરહુસેન જોય નામના વ્યક્તિ એક જ છે કે કેમ? તે બાબતે તેઓએ તેમની જાણવા જોગ તપાસના કામે કોઇ તપાસ કરેલ નહી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓની જાણવા જોગની તપાસ દરમ્યાન ભોગ બનનારે એવુ કોઇ નિવેદન આપેલ નહી કે આ મુનાવર હુસેન તથા અનવરહુસેન જોય નામના વ્યક્તિઓ એક જ વ્યક્તિ છે. ફરિયાદીને સવાલ પુછવામાં આવેલ છે કે, મુનાવર હુસેન અને અનવરહુસેન જોય નામની વ્યક્તિઓ એક જ હોવાની બાબતે જાણવા જોગમાં કરેલ તપાસના ક્યા ડોકયૂમેન્ટ અને પુરાવાને આધારે ફરીયાદમાં જાહેર કરેલ છે? જેના જવાબમાં જણાવેલ છે કે, ભોગ બનનારે આપેલ મોબાઇલ નંબરને આધારે. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે આપેલ મોબાઇલ નંબરની કોઇ કોલ ડીટેઇલ કે સીમકાર્ડના ધારકની કોઇ વિગત મેળવી તેઓએ તેમની જાણવા જોગ તપાસના કામે ફરીયાદ આપેલ ત્યાં સુધીમાં સામેલ રાખેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે આપેલ મોબાઇલ નંબરના આધારે મુનાવર હુસેન તથા અનવરહુસેન જોય નામના એક જ વ્યક્તિ હોવાનુ તેઓ તેમની જુબાની દરમ્યાન પ્રથમ વખત જણાવે છે અને તેઓએ આ દિશામાં આજદિન સુધી તેઓની જાણવા જોગ તપાસના કામે કોઇ તપાસ કરેલ નથી. ફરિયાદીએ સ્વીકારેલ છે કે, ફરીયાદમાં પણ આરોપી સોનિયાનું સરનામુ પશ્ચિમ બંગાળ અને બોમ્બેનું દર્શાવેલ છે અને તેઓએ ફરીયાદ આપી ત્યાં સુધીમાં આરોપી સોનિયા બાંગ્લાદેશના નાગરીક હોવાની કોઇ હકીકત તેઓની જાણવા જોગ તપાસમાં ખૂલેલ નહી. ફરિયાદીને સવાલ પુછવામાં આવેલ છે કે, ભોગ બનનારને સૌપ્રથમ વખત પોલીસ સ્ટેશન લાવવામાં આવેલ ત્યારે તેમની સાથે નિલોય નારાયણ પ્રસાદ નામના

મૂળ બાંગ્લાદેશના અને જે તે સમયે વડોદરામાં રહી અભ્યાસ કરતા વ્યક્તિ પણ સાથે આવેલા? જેના જવાબમાં જણાવેલ છે કે, ભોગ બનનારને પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવેલ ત્યારબાદ નિલોય નારાયણ પ્રસાદ નામના વ્યક્તિ પોલીસ સ્ટેશને આવેલા. ફરિયાદીને સવાલ પુછવામાં આવેલ છે કે, કેટલા સમય બાદ આવેલા? જેના જવાબમાં જણાવેલ છે કે, ચોકકસ સમય હાલ તેઓને યાદ નથી.

(૪૧.૫) ફરિયાદીએ તેઓની ઉલટ તપાસમાં એ હકીકત ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનારે જે કોઇ હકીકત બાંગ્લાદેશી ભાષામાં જણાવેલ તેનુ હીન્દીમાં ભાષાંતર કરીને આ નિલોય નારાયણ પ્રસાદ નામના વ્યક્તિએ જણાવેલ. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓની જાણવા જોગની તપાસ દરમ્યાન આરોપી સોનિયાની અંગઝડતી દરમ્યાન કોઇ મોબાઇલ કબજે થયેલો નહી અને ભોગ બનનાર તેઓના પોલીસ સ્ટેશનમાં તેઓની બદલી થઇ ત્યાં સુધી હાજર હતા. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, વિધ્યાનગર પોલીસ સ્ટેશનથી તેઓની બદલી મહેળાવ પોલીસ સ્ટેશન ખાતે તા.૨૯/૧૦/૨૦૨૩ ના રોજ થયેલી ત્યાં સુધી ભોગ બનનાર પોલીસ સ્ટેશનમાં હાજર હતા. તેઓને એ બાબતનો ખ્યાલ નથી કે, ભોગ બનનાર તેઓના પોલીસ સ્ટેશનમાં હાજર હતા તે દરમ્યાન તેની પાસે બે મોબાઇલ નંબર હતા. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ રૂબરૂના ભોગ બનનારના નિવેદનમાં એવી હકીકત જાહેર થયેલ કે ભોગ બનનાર બે મોબાઇલ નંબર ધરાવતા હતા અને તે બંને મોબાઇલ નંબર ભારતીય નંબરો હતા અને ભોગ બનનાર આ બંને મોબાઇલ નંબરના આધારે ભોગ બનનારનું કોઇ લોકેશન કે તે મોબાઇલ નંબરના કોલ ડીટેઇલ મેળવવા તેઓએ પ્રયત્ન કરેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, કોઇપણ ડીજીટલ રેકર્ડ ડાઉનલોડ કરવામાં આવે તો તેની સાથે કલમ ૬૫ બી મુજબનું સર્ટીફીકેટ રજુ કરવુ પડે.

(૪૧.૬) ફરિયાદીને તેઓની જુબાની દરમ્યાન આંક–૩૦ થી રજુ ભોગ બનનારની જુબાની વાંચવા આપવામાં આવેલ જે વાંચીને તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે તેઓની જાણવા જોગ તપાસ દરમ્યાન તેમના રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, "સાથે સાથે શોર્ટ ફિલ્મ મ્યુઝીક વિડીયોનુ રેકોર્ડિંગમાં મોડેલીંગનુ કામ કરતી હતી ત્યારબાદ મને એક વ્યક્તિ કે જેનુ નામ મનોહરહુસેન જોય ના નામથી ઓળખતી હતી તે એજન્ટે મારો ફેસબુકથી સંપર્ક કરેલો અને તેણે ફ્રેન્ડ

રીક્વેશટ મોકલાવેલી જે મે શરૂઆતમાં સ્વીકારેલી નહી પરંતુ પાછળથી સ્વીકારેલી ત્યારબાદ તેની સાથે ફેસબુક ઉપર વાત ચીત થયેલી આવી વાતચીત મારે બે ત્રણ મહીના સુધી થયેલી. આ વાતચીત ૨૦૨૩ના વર્ષમાં થયેલી. ત્યારબાદ મનોહરહુસેન જોય નાએ મને તુ મોડેલીંગ કરશે તેવુ પુછેલુ અને મનોહરહુસેન જોય કોલકતામાં મોડેલીંગનુ કામકાજ કરતા હોવાનુ મને જણાવેલ ત્યારે મને મનોહરહુસેન ખોટુ બોલતા હોવાનુ લાગેલ તેથી મેં તેની વાત સ્વીકારેલ નહી ત્યારબાદ મનોહરહુસેને મને ઘણા ફોન કરેલા ત્યારે હું બીઝી હતી તેથી મેં તે ફોન ઉઠાવેલા નહી ત્યારબાદ સમય મળતા મેં મનોહરહુસેન જોય સાથે વાત કરેલી ત્યારે મને મનોહરહુસેને ફરીથી કોલકતા આવી મોડેલીંગ કરવાનુ જણાવેલ ત્યારે પણ મને મનોહરહુસેન પર વિશ્વાસ થયેલો નહી ત્યારબાદ મનોહરહુસેને મને ફેસબુક મેસેન્જર પર શુટીંગના ફોટા મોકલાવેલા ત્યારબાદ મનોહરહુસેને મારી સાથે ફેસબુક વિડીયો કોલથી વાત કરેલી અને આવી વાતચીત બે ત્રણ દિવસ કરેલી ત્યારબાદ દસ પંદર દિવસ સુધી મારે મનોહરહુસેન સાથે વાતચીત થયેલી નહી ત્યારબાદ મારા ફરીથી મનોહરહુસેન સાથે વાતચીત થયેલી તેમા તેણે મને તુ ક્યાં છે? શુ કરે છે તે પુછેલુ? ત્યારબાદ મનોહરહુસેને વિડીયોકોલથી બે છોકરીઓ બાગ્લાદેશી છે તે મારી પાસે કામ કરે છે તેવુ કહી મારી સાથે વાતચીત કરેલી અને ત્યારે મને ફરીથી કલકત્તા આવીને મોડેલીગ કરવા જણાવેલ તેથી મે વિડીયોકોલમાં જે બે છોકરીઓ બતાવેલી તેની સાથે વાતચીત કરેલી ત્યારપછી મને એવુ લાગેલુ કે મનોહરહુસેન ખરેખર મને મોડેલિંગ કામ માટે બોલાવે છે તેથી મે ત્યાં કેવી રીતે આવવુ તેવુ પુછેલુ ત્યારબાદ મનોહરહુસેને મને જેસૌર બોર્ડર પર આવી જવા જણાવેલ તો મે મનોહરહુસેનને જણાવેલ કે હું એકલી કેવી રીતે જાવ મારી પાસે પાસપોર્ટ પણ નથી તો મનોહરહુસેને મને જણાવેલ કે પાસપોર્ટની જરૂર પડતી નથી એમ જ આવી જાવ તમારા કોઈ ફ્રેન્ડ હોય તો તેમની સાથે આવી જાવ ત્યારબાદ મેં મનોહરહુસેનને જણાવેલ કે હું વિચારીને જણાવીશ ત્યારબાદ મારી એક મિત્ર ડેઝી જે બાગ્લાદેશમાં શુટીંગ કરે છે તેને વાત કરેલી ત્યારબાદ મેં ડેઝીની વીડીયોકોલ ઉપર મનોહરહુસેન સાથે વાત કરાવેલ ત્યારબાદ મેં મનોહરહુસેનને હમણા મારી પાસે પૈસા નથી પૈસા આવશે ત્યારે હું વિચારીને જણાવીશ ". તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, ભોગ બનનારે તેઓના રૂબરૂના નિવેદનમાં જણાવેલ હકીકતોમાં મોડેલિંગના કામ અંગે તથા મનોહર હુસેન તથા મુનાવર હુસેન જોય નામના વ્યક્તિએ ફેસબુકથી સંપર્ક કરેલ એવી હકીકત જણાવેલ છે તે સિવાયની ઉપરોકત હકીકતો જણાવેલ નથી.

(૪૧.૭) ફરિયાદીને તેઓની જુબાની દરમ્યાન આંક–૩૦ થી રજુ ભોગ બનનારની જુબાની વાંચવા આપવામાં આવેલ જેમાં ભોગ બનનારે સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, "ત્યારબાદ તા.૨૦ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ ફરીથી મારે મનોહરહુસેન સાથે વાતચીત થયેલી તો તેણે જણાવેલ કે તમારે તા.૨૧/૦૮/૨૦૨૩ ના રોજ જેસૌર બોર્ડર ઉપર ગાડીમાં આવવાનુ છે ત્યારબાદ તા.૨૧/૦૮/૨૦૨૩ ના રોજ હું અને ડેઝી બસમાં જેસૌર રાત્રે આઠ વાગ્યે પહોચેલા ત્યારબાદ ફરીથી મેં મનોહરહુસેન જોયને ફોન કરેલો ત્યારબાદ મારે કેવી રીતે આવવાનુ છે તે પુછેલ તો મનોહરહુસેને જણાવેલ કે તેની આજુબાજુ હોટલ હોય ત્યાં રોકાય જાવ તેથી મે તેને વિડીયોકોલથી હોટલ બતાવેલી તો મનોહરહુસેને જણાવેલ કે આ હોટલ મારા ઓળખીતાની છે ત્યાં રોકાય જાવ તેથી અમે હોટલમાં હું અને ડેઝી રોકાયેલા ત્યારબાદ ૨૨/૦૮/૨૦૨૩ ના રોજ બપોરે બે વાગે હું અને ડેઝી હોટલેથી નીકળી બેનાફોલ બોર્ડર પાસે જવા માટે નીકળેલા ત્યારબાદ ત્યાં સાજે પાંચ વાગી જતા બોર્ડર બંધ થઈ ગયેલ છે તેથી મનોહરહુસેન જોયે અમોને ત્યાં બોર્ડર ઉપર તેમના મિત્રના ઘરે રોકાવાનુ જણાવેલ. મનોહરહુસેનના મિત્રના ઘરે એક રીક્ષાવાળો મને લઈ ગયેલો ત્યારબાદ મેં મનોહરહુસેનને મારા પરત મારા ઘરે જવુ છે તેમ જણાવેલ ત્યારબાદ મનોહરહુસેને મને જણાવેલ કે આજ રાત્રે આ ઘરે રહો કાલે તમારે અહીં આવી જવાનુ છે ત્યારબાદ હું અને ડેઝી બન્ને જણા મનોહરહુસેનના મિત્રના ઘરે રોકાયેલા ત્યારબાદ ૨૩/૦૮/૨૦૨૩ ના રાત્રે ૧૦ વાગે બોર્ડર ક્રોસ કરવા માટે મનોહરહુસેનનો મિત્ર મને તથા ડેઝી બોર્ડર ક્રોસ કરાવવા માટે ખેતરના રસ્તે ચાલીને લઈ ગયેલા ત્યારબાદ અમારી સાથેના મનોહરહુસેનના મિત્રએ નદી ક્રોસ કરાવવાનુ કામ એક બીજા વ્યક્તિને સોપેલુ અને તે પોતાના ઘર તરફ પરત જતો રહેલો ત્યારબાદ અમારી સાથે જે વ્યક્તિ હતો તેણે નદી ક્રોસ કરાવી થોડે આગળ જઈ અમોને બીજા વ્યક્તિને સોપી દીધેલા ત્યારબાદ અમો ચાલતા ચાલતા બોર્ડર ક્રોસ કરીને ભારતના ખેતરમાં મળશકે ત્રણ ચાર વાગે આવી ગયેલા ત્યારબાદ એક પ્રાઈવટ વ્હાઈટ કલરની કાર આવેલ તેમા અમોને એક ઘરે લઈ ગયેલ અને ત્યાં બે ત્રણ કલાક અમો રોકાયેલા ત્યારબાદ એક મોટર સાયકલ સવારના સાતેક વાગ્યાના અરસામાં આવેલ ત્યારબાદ મને અને ડેઝીને મોટર સાયકલ પર એક કલાક દુર કોઈક સ્થળે લઈ જવામાં આવેલ ત્યારબાદ ત્યાં એક પ્રાઈવટ કાર આવેલ તેમા અમોને કલકત્તાના હાવરા બ્રીજ રેલ્વે સ્ટેશન ખાતે લઈ જવામાં આવેલા ત્યારબાદ ત્યાં મને એક ભારતનુ મોબાઈલ ફોનનુ સીમ કાર્ડ આપવામાં આવેલ.ત્યારબાદ તા.૨૦

ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ ફરીથી મારે મનોહરહુસેન સાથે વાતચીત થયેલી તો તેણે જણાવેલ કે તમારે તા.૨૧/૦૮/૨૦૨૩ ના રોજ જેસોર બોર્ડર ઉપર ગાડીમાં આવવાનુ છે ત્યારબાદ તા.૨૧/૦૮/૨૦૨૩ ના રોજ હું અને ડેઝી બસમાં જેસોર રાત્રે આઠ વાગ્યે પહોચેલા ત્યારબાદ ફરીથી મેં મનોહરહુસેન જોયને ફોન કરેલો ત્યારબાદ મારે કેવી રીતે આવવાનુ છે તે પુછેલ તો મનોહરહુસેને જણાવેલ કે તેની આજુબાજુ હોટલ હોય ત્યાં રોકાય જાવ તેથી મે તેને વિડીયોકોલથી હોટલ બતાવેલી તો મનોહરહુસેને જણાવેલ કે આ હોટલ મારા ઓળખીતાની છે ત્યાં રોકાય જાવ તેથી અમે હોટલમાં હું અને ડેઝી રોકાયેલા ત્યારબાદ ૨૨/૦૮/૨૦૨૩ ના રોજ બપોરે બે વાગે હું અને ડેઝી હોટલેથી નીકળી બેનાફોલ બોર્ડર પાસે જવા માટે નીકળેલા ત્યારબાદ ત્યાં સાજે પાંચ વાગી જતા બોર્ડર બંધ થઈ ગયેલ છે તેથી મનોહરહુસેન જોયે અમોને ત્યાં બોર્ડર ઉપર તેમના મિત્રના ઘરે રોકાવાનુ જણાવેલ. મનોહરહુસેનના મિત્રના ઘરે એક રીક્ષાવાળો મને લઈ ગયેલો ત્યારબાદ મેં મનોહરહુસેનને મારા પરત મારા ઘરે જવુ છે તેમ જણાવેલ ત્યારબાદ મનોહરહુસેને મને જણાવેલ કે આજ રાત્રે આ ઘરે રહો કાલે તમારે અહીં આવી જવાનુ છે ત્યારબાદ હું અને ડેઝી બન્ને જણા મનોહરહુસેનના મિત્રના ઘરે રોકાયેલા ત્યારબાદ ૨૩/૦૮/૨૦૨૩ ના રાત્રે ૧૦ વાગે બોર્ડર ક્રોસ કરવા માટે મનોહરહુસેનનો મિત્ર મને તથા ડેઝી બોર્ડર ક્રોસ કરાવવા માટે ખેતરના રસ્તે ચાલીને લઈ ગયેલા ત્યારબાદ અમારી સાથેના મનોહરહુસેનના મિત્રએ નદી ક્રોસ કરાવવાનુ કામ એક બીજા વ્યક્તિને સોપેલુ અને તે પોતાના ઘર તરફ પરત જતો રહેલો ત્યારબાદ અમારી સાથે જે વ્યક્તિ હતો તેણે નદી ક્રોસ કરાવી થોડે આગળ જઈ અમોને બીજા વ્યક્તિને સોપી દીધેલા ત્યારબાદ અમો ચાલતા ચાલતા બોર્ડર ક્રોસ કરીને ભારતના ખેતરમાં મળશકે ત્રણ ચાર વાગે આવી ગયેલા ત્યારબાદ એક પ્રાઈવટ વ્હાઈટ કલરની કાર આવેલ તેમા અમોને એક ઘરે લઈ ગયેલ અને ત્યાં બે ત્રણ કલાક અમો રોકાયેલા ત્યારબાદ એક મોટર સાયકલ સવારના સાતેક વાગ્યાના અરસામાં આવેલ ત્યારબાદ મને અને ડેઝીને મોટર સાયકલ પર એક કલાક દુર કોઈક સ્થળે લઈ જવામાં આવેલ ત્યારબાદ ત્યાં એક પ્રાઈવટ કાર આવેલ તેમા અમોને કલકત્તાના હાવરા બ્રીજ રેલ્વે સ્ટેશન ખાતે લઈ જવામાં આવેલા ત્યારબાદ ત્યાં મને એક ભારતનુ મોબાઈલ ફોનનુ સીમ કાર્ડ આપવામાં આવેલ .” તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે ઉપરોકત હકીકતો પૈકીની માત્ર બોર્ડર ક્રોસ કર્યા બાબતની અને હોટલમાં રોકાયા બાબત સિવાયની કોઇ હકીકતો તેઓ રૂબરૂના નિવેદનમાં જણાવેલ નથી.

(૪૧.૮) ફરિયાદીને તેઓની જુબાની દરમ્યાન આંક–૩૦ થી રજુ ભોગ બનનારની જુબાની વાંચવા આપવામાં આવેલ જેમાં ભોગ બનનારે સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, "આ સીમકાર્ડથી મારે મનોહરહુસેન સાથે વાતચીત કરવાની હતી તેથી મેં ફોનથી મનોહરહુસેન સાથે વાતચીત કરેલી ત્યારબાદ રેલ્વે સ્ટેશન પર એક કુલ્લી જેવો માણસ અમને મળેલ તેણે અમારી ટ્રેનની ટીકીટ કઢાવી આપેલ તે લોકલ ટીકીટ હતી ત્યારબાદ ૦૧/૧૫ મીનીટે મુંબઈ જવા માટેની ટ્રેન મળેલી જેમા હું અને ડેઝી ટ્રેનમાં મુંબઈ આવેલી ટ્રેનમાં બે દિવસ લાગેલા ત્યારબાદ નાલાસોપારા પહેલા ત્યાં એક રેલ્વે સ્ટેશન આવે છે ત્યારે અમોને ઉતારેલ ત્યાં અમોને મનોહરહુસેન જોય લેવા માટે આવેલા ત્યારબાદ મનોહરહુસેન અમોને તેની બેનના ઘરે જવાનુ છે તેમ જણાવેલુ અને તે અમોને રાત્રે એક વાગે એક સ્ત્રીના ઘરે લઈ ગયેલા તેનુ નામ સોનીયા હતુ ત્યારબાદ મનોહરહુસેન અમોને સોનીયાના ઘરે મુકેને જતો રહેલો અને આજ રાત તમે અહી જ રહો તેમ જણાવેલ ત્યારબાદ મે મનોહરહુસેનને પુછેલ કે શુટીંગ ક્યારે કરવાનુ છે તો તેણે અમોને જણાવેલ કે તમો આજે અહી જ રહો પછી તમોને શુટીંગ માટે લઈ જઈશું તેમ જણાવેલ ત્યારબાદ મનોહરહુસેન સોનીયાના ઘરેથી જતો રહેલો ત્યારબાદ હું અને ડેઝી સોનીયાના ઘરે ખાયને સુઈ ગયેલ જ્યારે અમો ખાતા હતા ત્યારે સોનીયાએ અમોને પુછેલ કે તમો અહી શા માટે આવેલ છો તો મેં કહેલ કે હું અને ડેઝી બન્ને શુટીંગ કરવા માટે આવેલ છે. બીજા દિવસે સવારે ઉઠીને મેં સોનીયાને જણાવેલ કે તમે મનોહરહુસેનને ફોન કરો તો સોનીયાએ મનોહરહુસેનને કોલ કરેલો તો મેં મનોહરહુસેનને કહેલ કે હું શુટીંગ માટે આવેલ છુ આજે શુટીંગ માટે જવાનુ હતુ તો મનોહરહુસેને મને જણાવેલ કે હું સાજે આવીશ ત્યારબાદ તે બપોરે સાડા ત્રણ ચાર વાગ્યાના અરસામાં સોનીયાના ઘરે આવેલ તો મેં મનોહરહુસેનને પુછેલ કે શુટીંગ માટે જવાનુ હોય તો હું તૈયાર થાવ તો મનોહરહુસેને જણાવેલ કે શુટીંગ માટે પછી જવાનુ છે ત્યારબાદ હું ડેઝી અને સોનીયા બેઠા હતા ત્યારે મનોહરહુસેન દારુની બોટલ લઈને આવેલ ત્યારબાદ મનોહરહુસેને અમોને જણાવેલ કે સાથે બેસીને દારુ પીવાનો છે ત્યારે મેં દારુ પીવાની ના પાડેલ ત્યારબાદ મનોહરહુસેને ખુબ જ જબજસ્તી કરેલી અને મને દારુ પીવડેલ પરંતુ મને ખાસી આવી ગયેલ અને વોમીટ થઈ ગયેલ ત્યારબાદ હું બાથરૂમમાં ગઈ ત્યારે મનોહરહુસેને ડેઝી સાથે પણ એવી જ જબરજસ્તી કરેલી ત્યારબાદ મનોહરહુસેન બીજીવાર દારુ પીવડાવવા જબરજસ્તી કરેલી. મનોહરહુસેને મને અને ડેઝીને જબરજસ્તીથી દારુમાં કઈંક પીવડાવેલ જેથી હું બેભાન થઈ ગયેલી

ત્યારબાદ મને રાત્રે દસ અગિયાર વાગે ભાનમાં આવેલ ત્યારે મેં જોયેલ તો હું જે રૂમમાં અમને દારુ પીવડાવેલ તે રૂમમાં હું ન હતી અને બીજા રૂમમાં હતી અને મેં તે વખતે ઘરમાં જોયેલ તો મનોહરહુસેન ઘરમાં ન હતો તો મેં સોનીયા પુછેલ કે મનોહરહુસેન ક્યાં ગયા અમોને શુટીંગમાં જવાનુ હતુ તો સોનીયાએ અમોને જણાવેલ કે આજે રાત થઈ ગઈ છે શુટીંગ માટે કાલે જઈશું ત્યારબાદ મેં સોનીયાને પુછેલ કે જે રૂમમાં દારુ પાયેલ તે રૂમમાં નહી હું ભાનમાં આવેલ તો બીજા રૂમમાં કેમ હતી તો સોનીયાએ મને કોઈ જવાબ આપેલ નહી ત્યારબાદ બીજા દિવસે સોનીયાનો ભાઈ મનોહરહુસેન કે જે એજન્ટ હતો તેવુ મને જાણવા મળેલુ તે બીજા દિવસે તેની પત્ની સાથે સોનીયાના ઘરે આવેલો ત્યારબાદ મનોહરહુસેનની પત્ની મને બીજા રૂમમાં લઈ ગયેલી અને મારો અને ડેઝીનો મોબાઈલ ફોન લઈ લીધેલ તો મેં કેમ મોબાઈલ ફોન લઈ લીધેલ તો તેણે જણાવેલ કે તેમાનો ડેટા ડીલીટ કરવાનો છે કોઈ પોલીસ પકડી લેશે તેમ જણાવેલુ ત્યારબાદ મારા મોબાઈલ ફોનનો ડેટા તથા વ્હોટએપ ફેસબુક મનોહરહુસેને ડીલીટ કરી દીધેલ તથા ડેઝીના મોબાઈલ ફોનમાંથી વ્હોટએપ, ફેસબુક સોનીયાએ ડીલીટ કરી દીધેલ તો હું રડવા લાગેલી કારણ કે ફેસબુકમાં મારા ફેમીલીના અને સગાના મોબાઈલ કોન્ટેક નંબર હતા તો મનોહરહુસેનની પત્નીએ અમોને જણાવેલ કે તમોને મનોહરહુસેન જેમ જણાવે છે તેમ કરો તો મે જણાવેલ કે હું અહી શુટીંગ માટે આવેલ છુ શુટીંગ માટે તમે મને લઈ ગયેલ નથી અને તમે મારા મોબાઈલના ડેટા કેમ ડીલીટ કરેલ છે? તો મનોહરહુસેને અમોને જણાવેલ કે તારી પાસે જે સીમ છે તેમાં તું બીજુ ફેસબુક એકાઉન્ટ શરૂ કર તો મેં જણાવેલ કે મને નંબર તો ખબર નથી અને મારા કોન્ટેક નંબર પણ નથી તો હું બીજુ ફેસબુક એકાઉન્ટ કેમ શરૂ કરીશ ત્યારબાદ મેં જણાવેલુ કે તમે મને શુટીંગ કરવાનુ કહીને અહી લાવેલ છો શુટીંગ નહી કરવુ હોય તો મને પરત બાગ્લાદેશ મોકલી દો ત્યારબાદ મનોહરહુસેને મને એક સીમ આપેલ અને તેમા ફેસબુક શરૂ કરવા જણાવેલ ત્યારબાદ મેં તે સીમ નાખીને મારુ ફેસબુક એકાઉન્ટ વ્હોટએપ એકાઉન્ટ ચાલુ કરેલ મને મારા એકાઉન્ટના પાસવાર્ડ યાદ હતા. ત્યારબાદ મનોહરહુસેન ની પત્નીએ અમોને જણાવેલ કે તમોને અહીં શુ કહીને લાવવામાં આવેલ છે તો મેં કહેલ કે શુટીંગ કરવા માટેનુ કહીને લાવેલ છે." તથા "ત્યારબાદ મેં મનોહરહુસેનની પત્નીએ મને જણાવેલ કે અહી શુટીંગ બુટીંગ કઈ થવાનુ નથી તો મેં તેને જણાવેલ કે હું તમને પ્રુફ બતાવુ તેથી મેં મારુ ફેસબુક એકાઉન્ટ ખોલેલુ અને તેમા મનોહરહુસેન સાથે થયેલ વાતચીત મે મનોહરહુસેનની પત્નીને બતાવેલી ત્યારબાદ મેં

શુટીંગ ક્યારે થવાનુ છે શુટીંગ ક્યા થવાનુ છે તેવુ પુછેલ તો મનોહરહુસેનની પત્નીએ અમોને જણાવેલ કે તમો મનોહરહુસેન જણાવે તેમ કરો નહી તો પ્રોબ્લેમ થશે ત્યારબાદ મેં મનોહરહુસેનની પત્નીને જણાવેલ કે શુટીંગ નહી હોય તો અમોને ફરી બાગ્લાદેશ મોકલી દો અમારે અહી નથી રહેલુ ત્યારબાદ મનોહરહુસેનની પત્નીએ અમોને જણાવેલ કે તમે મનોહરહુસેનની વાત સમજો નહી તો તમે જીંદગીભર બાગ્લાદેશ જઈ શકશો નહી. ત્યારબાદ હું ખુબ જ ડરી ગયેલી અને રડવા લાગેલી ત્યારબાદ મનોહરહુસેન અને તેમની પત્ની ત્યાંથી જતા રહેલા."

(૪૧.૯) ફરિયાદીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારે તેમની જુબાનીમાં જણાવેલ ઉપરોકત હકીકતો પૈકી ટ્રેનમાં મુંબઈ નાલાસોપારા આવેલ હોવાની, ત્યાંથી મનોહર હુસેન સોનિયાના ઘરે મુકી ગયેલ હોવાની અને ત્યાં રોકાવાનું કહેલ હોવાની અને ત્યાં આરામ કરેલ હોવાની હકીકત સિવાયની અન્ય કોઇ હકીકતો ભોગ બનનારે તેઓ રૂબરૂના નિવેદનમાં જણાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે તેઓ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, "ત્યારબાદ તા.૨૯/૦૮/૨૦૨૩ ના રોજ સવારે દસેક વાગે મનોહરહુસેન તેમની પત્ની અને તેમનુ નાનુ બાળક સાથે સોનીયાના ઘરે આવેલા ત્યારબાદ મનોહરહુસેને અમોને જણાવેલ કે એક જણે શુટીંગ માટે અમારી સાથે રહેવાનુ છે અને એક જણાએ બહાર શુટીંગ માટે જવાનુ છે ત્યારબાદ મેં તેઓને જણાવેલ કે જો શુટીંગ કરવુ હોય તો હું અને ડેઝી બન્ને સાથે કરીશુ જો નહી કરવાનુ હોય તો અમને ફરીથી બાગ્લાદેશ મોકલી દો ત્યારબાદ મને કહેલુ કે તમે વધારે મગજમારી નહી કરો હું કહુ તેમ કરો ત્યારબાદ મને સોનીયા સાથે બહાર મોકલી દીધેલ અને ડેઝીને તેઓની સાથે રાખેલી ત્યારબાદ સોનીય બપોરે એક વાગે મને લઈને બહાર નીકળી ગયેલ અને તેઓ ડેઝીને સાથે લઈને નીકળી ગયેલા ત્યારબાદ બે વાગ્યાની ટ્રેનમાં સોનીયા અને હું નાલાસોપારાથી નીકળેલા ત્યારબાદ મેં સોનીયાને ટ્રેનમાં પુછેલ કે હવે ક્યાં જવાનુ છે તો સોનીયાએ જણાવેલ કે હમણા મારે એક ફ્રેન્ડને ત્યાં જવાનુ છે પછી શુટીંગ માટે જવાનુ છે ત્યારબાદ સોનીયા તેના મિત્રને ત્યાં લઈ ગયેલ તેનુ નામ મને ખબર નથી મને સોનીયા તેના મિત્રને ત્યાં ક્યાં ગામે લઈ ગયેલ તે મને ખબર નથી પરંતુ તેના મિત્રને રાખડી બાંધવા માટે લઈ ગયેલ તેવુ હું જાણુ છું". તથા "ત્યારબાદ તા.૩૦/૦૮/૨૦૨૩ ના રોજ સવારે દસ વાગે સોનીયાના મિત્રને ત્યાંથી નીકળેલા તો મેં સોનીયાને પુછેલ કે હવે

આપણે ક્યાં જવાનુ છું તો સોનીયાએ જણાવેલ કે મારા એક બીજા મિત્રને ત્યાં જવાનુ છે તો મે તેને મિત્રને ત્યાં જવાની ના પાડેલ."

(૪૧.૧૦) ફરિયાદીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓની જાણવા જોગ તપાસ દરમ્યાન એવી હકીકત ખૂલેલ કે ભોગ બનનાર મુંબઈ સોનિયાના ઘરે રોકાયેલ તે દરમ્યાન તેની સાથે કોઇ શારીરક છેડછાડ થયેલ નહી અને તેઓની જાણવા જોગ તપાસ દરમ્યાન એવી હકીકત ખૂલેલ કે ભોગ બનનાર મુંબઈ સોનિયાના ઘરે રોકાયેલ તે દરમ્યાન તેણે માત્ર આરામ કરેલ અને તેઓની જાણવા જોગની તપાસ દરમ્યાન ભોગ બનનાર વિધ્યાનગર મુકામે રોકાયેલ ત્યાં પણ તેની સાથે કોઇ શારીરક છેડછાડ નહી થયેલાનું તેઓની તપાસમાં ખૂલેલ. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર વિધ્યાનગર જેમના ઘરે રોકાયેલ તેમને તેઓની ફરીયાદમાં તેઓએ આરોપી તરીકે દર્શાવેલ નથી અને તેઓએ તેઓને એટલા માટે આરોપી તરીકે જોડેલ નહી કેમ કે ભોગ બનનારે તેમના વિરુદ્ધ કોઇ આક્ષેપ કરેલા નહી.

(૪૧.૧૧) આરોપી નં. ૦૨ અને ૦૩ ના વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉપર મુજબની ઉલટ તપાસ સ્વીકારવામાં આવેલ છે.

(૪૧.૧૨) આરોપી નં. ૦૪ તરફે ટ્રાન્સફર પુરસીસથી અને આરોપી નં. ૦૬ અને ૦૭ તરફે વિદ્વાન વકિલશ્રી દ્વારા ફરિયાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, તા.૦૬/૦૯/૨૦૨૩ ના રોજ તેઓએ આપેલ જાહેરાતનો મુખ્ય આધાર ભોગ બનનારનું તેઓ રૂબરૂનું નિવેદન છે અને ભોગ બનનારે તેઓ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત જણાવેલ કે, તેણીએ ધોરણ–૧૨ સુધીનો અભ્યાસ કરેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે ધોરણ–૧૨ સુધીનો અભ્યાસ પુર્ણ કર્યા બાદ બાંગ્લાદેશમાં તેઓ કેટલો સમય રોકાયેલા તે અંગેની કોઇ હકીકત તેઓના રૂબરૂના નિવેદનમાં રહેલ નથી અને એવુ પણ બનેલ નહી કે તેઓએ ભોગ બનનારને આ હકીકત પૂછેલ હોય અને ભોગ બનનારે જાણ જોઇને તે હકીકત જણાવેલ ન હોય કે ટાળવાનો પ્રયત્ન કરેલ હોય. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારની ઉંમર નક્કી કરતો કોઇ સવાલ ભોગ બનનારને તેમના નિવેદનમાં પૂછેલ નહી અને ભોગ બનનારની જન્મ તારીખની કોઇ હકીકત પણ તેમના નિવેદનમાં રહેલ નથી અને

તા.૦૬/૦૯/૨૦૨૩ ના રોજની તેઓની જાણવા જોગની જાહેરાતમાં ભોગ બનનારની જન્મ તારીખ જણાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર સગીર છે તેવા નિર્ણય ઉપર આવવા માટે તા.૦૬/૦૯/૨૦૨૩ ના રોજ તેઓની પાસે કોઇ આધાર ન હતો અને તેઓએ તા.૦૬/૦૯/૨૦૨૩ ના રોજની તેઓની જાણવા જોગની જાહેરાતમાં ભોગ બનનારને સગીર દર્શાવેલ છે.

(૪૧.૧૩) તેઓએ સ્વીકારેલ છે કે, તા.૦૬/૦૯/૨૦૨૩ થી તા.૧૩/૦૯/૨૦૨૩ સુધીમાં તેઓએ ભોગ બનનારની સાચી ઉંમર જાણવા માટે ભોગ બનનારની કોઇ મેડીકલ તપાસ કે મેડીકલ ટેસ્ટ કરવાનો પ્રયત્ન કરેલ નહી અને આ સમય દરમ્યાન તેઓએ ભોગ બનનાર દ્વારા જાહેર કરવામાં આવેલ હકીકત ના આધારે બાંગ્લાદેશ ખાતેની ઇન્ડીયન હાઇકમિશન ઓફીસ મારફતે ભોગ બનનારની ઉંમર અંગે કોઇ ચકાસણી કરાવવા પ્રયત્ન કરેલ નહી અને ભોગ બનનાર તેમના ઘરેથી કોઇને જાણ કર્યા વિના ભારત આવી ગયેલ તેથી બાંગ્લાદેશ ખાતે ભોગ બનનાર ગુમ થયા અંગે કે અન્ય કોઇ બાબતે કોઇ અરજી કે ફરીયાદ ભોગ બનનારના વાલી દ્વારા થયેલ છે કે કેમ? તે બાબતે તેઓએ કોઇ તપાસ બાંગ્લાદેશ ખાતેની ઇન્ડીયન હાઇકમિશન ઓફીસ મારફતે કરાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, કોઇ વિદેશી વ્યક્તિના દસ્તાવેજોની ચકાસણી તેમજ તેમના દ્વારા જાહેર કરવામાં આવેલ કોઇ માહિતિ જે તે દેશમાં આવેલ ઇન્ડીયન એમ્બેસી મારફતે કરાવી શકાય છે તે તેઓ જાણે છે અને ભોગ બનનારે તેઓ સમક્ષ જાહેર કરેલ હકીકતની ચકાસણી બાંગ્લાદેશ ખાતેની હાઇકમિશન ઓફીસ મારફતે તેઓએ કરાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, કોઇપણ કોગ્નીઝેબલ ગુન્હાની જાહેરાત કરવામાં આવે અથવા થાય તો તેના આધારે ગુન્હો નોંધવો જ પડે અને બાંગ્લાદેશ માંથી કોઇ વ્યક્તિ ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરે તો તે કોગ્નીઝેબલ ગુન્હો બને અને તેવો ગુન્હો નોંધવો પડે અને તેઓએ ભોગ બનનાર ગેરકાયદેસર રીતે ભારતમાં આવેલ હોવા બાબતે તેમની સામે કે તેમને મદદ કરનાર અન્ય કોઇ સામે કોઇ ગુન્હો નોંધવા પ્રયત્ન કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારના તા.૦૬/૦૯/૨૦૨૩ ના નિવેદન માં “બળાત્કાર” અને " મરજી વિરુદ્ધ શરીર સબંધ" એવા કોઇ શબ્દો રહેલા નથી અને તેઓની જાણવા જોગની જાહેરાતમાં પણ “બળાત્કાર” અને " મરજી વિરુદ્ધ શરીરસબંધ" એવા કોઇ શબ્દો નો ઉલ્લેખ નથી. ફરિયાદીએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર બાબતે જુદી જુદી એજન્સીઓની એક

ઇન્ટ્રોગેશન ટીમ બનાવવામાં આવેલ અને તે ટીમમાં ભાગરૂપે તેઓ પણ તેમા સામેલ હતો. તેઓએ ઈન્કાર કરેલ છે કે, આ એજન્સીઓના આંક–૧૯૧ વાળા રીપોર્ટમાં ભોગ બનનારની ઉંમર બાબતે કોઇ સ્પષ્ટતા નથી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, જન્મ તારીખ લખેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૯૧ વાળા રીપોર્ટમાં ભોગ બનનારની ઉંમર બાબતે ક્યા દસ્તાવેજો ચકાસવામાં આવેલા, કઇ બાબતો ધ્યાને લેવામાં આવેલ તે બાબતે કોઇ સ્પષ્ટતા રહેલ નથી અને આંક–૧૯૧ વાળા રીપોર્ટમાં ભોગ બનનારની જે જન્મ તારીખ દર્શાવેલ છે તે ક્યા દસ્તાવેજ આધારે લખેલ છે તેની પણ કોઇ સ્પષ્ટતા આ રીપોર્ટમાં રહેલ નથી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, સુરક્ષા એજન્સીઓ તરીકેની તેઓની નાકામી છૂપાવવા માટે અને બાંગ્લાદેશી નાગરીકો દ્વારા ભારતમાં ગેરકાયદેસર પ્રવેશ જેવી અતિ ગંભીર બાબતોથી ધ્યાન ભટકાવવા માટે ભારતના નિર્દોષ નાગરીકો ઉપર ખોટી રીતે ખોટી ફરીયાદ હાલના ગુન્હાની આપેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, બાંગ્લાદેશ થી હાવડા રેલ્વે સ્ટેશન સુધી ભોગ બનનારને ગેરકાયદેસર રીતે લાવનાર કોઇ વ્યક્તિઓને તેઓની ફરીયાદના કામે આરોપી તરીકે દર્શાવેલ નથી.

(૪૧.૧૪) આરોપી નં. ૦૫ અને ૦૮ તરફે વિદ્વાન વકિલશ્રી દ્વારા સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ ઈન્કાર કરેલ છે કે, કોઇ હકીકતની ઇન્કવાયરીના કામે જે કોઇ કામગીરી કરવામાં આવે તેની દરેક નોંધ કરવાની રહે છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ પોલીસ ટ્રેનીંગ દરમ્યાન પોલીસ ઇન્વેસ્ટીગેશન અને ઇન્વેસ્ટીગેશન ડાયરી બાબતે શીખેલ છે અને ઇન્વેસ્ટીગેશન ડાયરીમાં શું શું કામગીરી છે તેની ટૂંકી નોંધ કરવામાં આવે છે અને આ ડાયરી ઉપરી અધિકારી અઠવાડીક, પખવાડીક કે મહિને તપાસતા હોય છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ જાણવા જોગના કામે તા.૦૬/૦૯/૨૦૨૩ ના રોજથી તા.૧૩/૦૯/૨૦૨૩ સુધીની તેઓની કામગીરી અંગેની કોઇ નોંધ આવી કોઇ ડાયરીમાં કરેલ નથી. ફરિયાદીને સવાલ પુછવામાં આવેલ છે કે, તમે આવી કોઇ નોંધ કરેલ નથી તે બાબતે એસ.પી. સાહેબે કે આ ગુન્હાની તપાસ કરનાર અધિકારીએ તમારી પાસેથી કોઇ ચેક લીધેલ નથી? જેના જવાબમાં જણાવેલ છે કે, જાણવા જોગની તપાસના કામે આવી કોઇ નોંધ કરવાની હોતી નથી અને પોલીસ સબ ઇન્સ્પેકટરથી ઉપરના દરેક અધિકારીએ વીકલી ડાયરી નીભાવવાની હોય છે અને તેમા સમગ્ર વીક દરમ્યાન કરેલ તમામ કામગીરીની ટૂંકી નોંધ

તેમા કરવાની હોય છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓના કહેવા મુજબ તેઓએ આ જાણવા જોગ તપાસની કામગીરીની નોંધ વીકલી ડાયરીમાં કરેલ છે અને તેઓએ આ ગુન્હાની તપાસ કરનાર અધિકારીને જાણવા જોગ તપાસના કાગળો સોપેલા તેની સાથે આવી કોઇ વીકલી ડાયરીની નકલ આપેલ નહી અને આ જાણવા જોગ તપાસનો ગાળો ૨૦૨૩ નો છે તેથી તેઓના ઉપરી અધિકારી દ્વારા આવી વીકલી ડાયરીનું ઇન્સપેકશન થઇ ગયેલ છે.

(૪૧.૧૫) ફરિયાદીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તા.૧૧/૦૯/૨૦૨૩ ના રોજ સોનિયાનું નિવેદન લીધેલ ત્યારબાદ તા.૧૩/૦૯/૨૦૨૩ સુધી તેઓએ કોઇ વિશેષ તપાસ કરેલ નહી કે વિશેષ પુરાવો મેળવેલ નહી અને તેઓએ કરેલ જાણવા જોગની સમગ્ર તપાસ દરમ્યાન ભોગ બનનારનું નિવેદન તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ ફકત એક જ વખત તેઓએ તેમના રૂબરૂ લીધેલ છે અને તા.૦૬/૦૯/૨૦૨૩ સિવાય અન્ય કોઇ નિવેદન ભોગ બનનારનું લેવામાં આવેલ હોય તો તેની વિગત ફકત અને ફકત વીકલી ડાયરીના આધારે જાણી શકાય. તેઓએ ઇન્કાર કરેલ છે કે, ભોગ બનનારની જાણવા જોગની તપાસના કામે પૂછપરછ દરમ્યાન દરેક તબકકે અલગ અલગ હકીકતો રેકર્ડ ઉપર આવતી હતી. ફરિયાદીને સવાલ પુછવામાં આવેલ છે કે, આ કામે આપે ફરીયાદ આપી ત્યારબાદ આપના પોલીસ સ્ટેશનના ઉપરી અધિકારીને ગુન્હાની તપાસના કામે આપે કોઇ મદદ કરેલી? જેના જવાબમાં જણાવેલ છે કે, હા. તેઓએ સ્વીકારેલ છે કે, ઉપરી અધિકારીઓની સૂચનાથી આ ગુન્હાની તપાસના કામે તેઓ તપાસ માટે અલગ અલગ જગ્યાએ ગયેલા. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ આપેલ ફરીયાદમાં ભોગ બનનાર સાથે વડોદરા ખાતે એક વ્યક્તિએ શરીર સબંધ બાંધેલ હોવાની હકીકત જણાવેલ છે અને તેઓની ફરીયાદમાં અમદાવાદ ખાતે ભોગ બનનાર સાથે એક જ વ્યક્તિએ શરીર સબંધ બાંધેલ હોવાની હકીકત જણાવેલ છે અને તેઓને જે હકીકત મળેલી તે સચોટ અને સાચી હોવાથી તે હકીકત તેઓએ ફરીયાદમાં જણાવેલી અને તેઓએ આ ગુન્હાની ફરીયાદ સરકાર તરફે આપેલ છે તેથી ફરીયાદની ટૂંકી નોંધ પણ વીકલી ડાયરીમાં કરેલ છે. ફરિયાદીએ જણાવેલ છે કે, તેઓના ધ્યાનમાં આવેલ નથી કે, ભોગ બનનાર સાથે બરોડામાં જે હોટલમાં કોઇ એક વ્યક્તિએ શરીર સબંધ બાંધેલ હોવાની હકીકત આવેલ તે સમયે તે હોટલમાં બીજી પાંચ થી છ છોકરીઓ હાજર હતી. તેઓએ જણાવેલ છે કે,

તેઓએ આંક–૧૯૧ વાળા રીપોર્ટમાં વાંચીને તથા સમજીને સહી કરેલ અને તેઓને હાલમાં યાદ નથી કે આ આંક–૧૯૧ વાળો રીપોર્ટ કોણે તૈયાર કરેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૯૧ વાળા રીપોર્ટમાં પેરા નંબર ૨૧ ની વિશેષ નોંધમાં એવી હકીકત લખેલ છે કે, "HOTEL LOTUS GOLD FATEHGUNJ. THE SUBJECT REVEALED THAT THE FEW OTHER GIRLS (5-6) WERE ALSO THERE. ON THE SAME DAY,"

(૪૧.૧૬) ફરિયાદીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આંક–૧૯૧ વાળો રીપોર્ટ તેઓએ ફરીયાદ આપી તેના પહેલાનો છે. તેઓએ જણાવેલ છે કે, તેઓના ધ્યાન ઉપર આવેલ નથી કે બરોડા ફતેગંજ ખાતેની હોટેલ લોટ્સ ગોલ્ડ ખાતે સ્થાનિક પોલીસ દ્વારા અનેક વખત રેઇડ કરવામાં આવેલ છે અને તે દરમ્યાન ત્યાંથી અનેક વખત સ્થાનિક તેમજ વિદેશી છોકરીઓ મળી આવેલ છે અને તે બાબતે દેહ વ્યાપાર અંગેના કેસ પણ સ્થાનિક પોલીસે કરેલા છે. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૯૧ વાળા રીપોર્ટમાં તે હોટેલ ખાતે અન્ય પાંચ થી છ છોકરીઓ હાજર હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ હોવા છતા તેઓએ તે બાબતે કોઇ તપાસ કરેલ નથી.

(૪૧.૧૭) તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ આપેલ ફરીયાદ વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૧:૧૫ વાગ્યે નોંધાયેલ અને ફરીયાદ મુજબ ગુન્હો બન્યાનો સમય તા.૦૧/૦૯/૨૦૨૩ થી તા.૦૩/૦૯/૨૦૨૩ સુધીનો હતો. ફરિયાદીને સવાલ પુછવામાં આવેલ છે કે, આપે તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ આપી ત્યાં સુધીમાં ફરીયાદમાં જણાવ્યા મુજબનું કોઇ ગુન્હાહિત કૃત્ય વિધ્યાનગર પોલીસ સ્ટેશનની હદમાં થયેલ ન હોવાનું તેઓની જાણમાં હતુ? જેના જવાબમાં જણાવેલ છે કે, હ્યુમન ટ્રાફીકીંગ સિવાયના દુષ્કર્મનુ કોઇ કૃત્ય વિધ્યાનગર પોલીસ સ્ટેશનની હદમાં થયેલ નહી. ફરિયાદીને સવાલ પુછવામાં આવેલ છે કે, હ્યુમન ટ્રાફીકીંગ અંગેનો ગુન્હો કઇ કલમ મુજબ? જેના જવાબમાં જણાવેલ છે કે, આઇ.પી.સી. કલમ ૩૭૦એ. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ આપેલ લેખિત ફરીયાદને આધારે જે ગુન્હો દાખલ થયેલ અને તે અંગેની પ્રિન્ટેડ એફ.આઇ.આર. તૈયાર થયેલી તેમા કોલમ નં. ૫ ઘટનાનું સ્થળના કોલમના પેટા કોલમ (ક) પોલીસ સ્ટેશનથી દિશા અંતરના પેટા કોલમમાં "દક્ષિણ

૩૭.૦૦ (કિ.મી.)" લખેલ છે અને પેટા કોલમ (ખ) સરનામુ ના પેટા કોલમમાં વડોદરાનું સરનામુ લખેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, એફ.આઇ.આર. ના કોલમ નં. ૫ ના પેટા કોલમ (ગ) માં કોઇ પોલીસ સ્ટેશનનુ નામ લખેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, હાલની ફરીયાદમાં કોઇ ઝીરો નંબર થી ગુન્હો દાખલ કરેલ નથી પરંતુ નંબર લખી દાખલ કરેલ છે જેથી અન્ય કોઇ પોલીસ સ્ટેશનનું નામ એફ.આઇ.આર. માં લખેલ નથી.

(૪૧.૧૮) ફરિયાદીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, પ્રિન્ટેડ FIR ના કોલમ નં.૦૫ ઘટના સ્થળના પેટા કોલમ (ક) મુજબ ઘટના સ્થળ પોલીસ સ્ટેશનથી ૩૭ કિમી દુર દર્શાવેલ છે જે એ હકીકત સૂચવે છે કે વિધ્યાનગર પોલીસ સ્ટેશનની હકૂમતમાં કોઇ ગુન્હો બનેલ નથી અને તેમ છતાં આ ગુન્હાની તપાસ વિધ્યાનગર પોલીસ દ્વારા કરવામાં આવેલ છે. ફરિયાદીને સવાલ પુછવામાં આવેલ છે કે, તમે તમારી અગાઉની સર તપાસ અને ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તા.૧૧/૯/૨૦૨૩ સુધીમાં કોઇ કોગ્નીઝેબલ ગુન્હાની હકીકત જાહેર થયેલ નહી અને ત્યારબાદ તમે ગુન્હાની વિશેષ તપાસ કરેલ નથી અને ત્યારબાદ તા.૧૩/૯/૨૦૨૩ ના રોજ કોગ્નીઝેબલ ગુન્હો બનતો હોવાની ફરીયાદ આપેલ છે, આ બાબતે તમે કોઇ ખુલાસો કરવા માંગો છો? જેના જવાબમાં જણાવેલ છે કે, તેઓએ જાણવા જોગની તપાસના આધારે ફરીયાદ આપેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, જાણવા જોગ તપાસના કામે તેઓએ તા.૧૧/૦૯/૨૦૨૩ ના રોજ આ ગુન્હાના આરોપી સોનિયાનું નિવેદન લીધેલ અને ત્યારબાદ તેમના સબંધી અજયકુમાર નેગીના નામ સરનામા, મોબાઇલ નંબર તથા પાસપોર્ટ અને આધારકાર્ડની વિગતો મેળવી સોનિયાને જવા દીધેલ અને એ નિવેદનમાં તેઓએ આરોપી સોનિયા તથા તેમના સબંધીની સહીઓ તેઓના રૂબરૂ મેળવેલી. તેઓએ જણાવેલ છે કે, આરોપી સોનિયાનું નિવેદન તેઓએ તા.૧૧/૦૯/૨૦૨૩ ના રોજ ચોક્કસ કેટલા વાગે લીધેલ તે તેઓ કહી શકે નહી. ફરિયાદીને સવાલ પુછવામાં આવેલ છે કે, આપની વીકલી ડાયરીમાં સોનિયાનું નિવેદન કઇ તારીખે ચોકકસ કેટલા વાગે લીધેલ તેનો ઉલ્લેખ કદાચ હોઇ શકે? જેના જવાબમાં જણાવેલ છે કે, એવી ચોકકસ નોંધ કરેલ નહી હોય. તેઓએ ઇન્કાર કરેલ છે કે, તેઓની જાણવા જોગ તપાસના કાગળોના આધારે કોગ્નીઝેબલ ગુન્હો બનતો હોય એવી કોઇ હકીકત ખુલેલ નહી. ફરિયાદીને સવાલ પુછવામાં આવેલ છે કે, આપના

જાણવા જોગ તપાસના સમગ્ર પેપર્સ જોઇ જણાવો કે ક્યા આધારે કોગ્નીઝેબલ ગુન્હો બનતો હોવાનું જાહેર થયેલ? જેના જવાબમાં જણાવેલ છે કે, તેઓના રૂબરૂના પ્રોબેશન ઓફીસરની હાજરીમાં લેવાયેલ ભોગ બનનારના નિવેદન તથા આંક-૧૯૧ વાળા ૭ સભ્યોના ઇન્ટ્રોગેશન રીપોર્ટના આધારે. ફરિયાદીને સવાલ પુછવામાં આવેલ છે કે, ભોગ બનનારનું આપના રૂબરૂનું નિવેદન તા.૦૬/૦૯/૨૦૨૩ ના રોજનું છે અને આંક-૧૯૧ વાળો રીપોર્ટ તા.૦૯/૦૯/૨૦૨૩ ના રોજનો છે તેમ છતાં આપના દ્વારા તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ ફરીયાદ આપવામાં આવેલી તે વિલંબ અંગે કોઇ ખુલાસો કરવા માંગો છો? જેના જવાબમાં જણાવેલ છે કે, તે વિલંબ ક્યા કારણે થયેલ તે હાલમાં ચોક્કસ ખ્યાલ નથી. તેઓએ ઇન્કાર કરેલ છે કે, તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ ઉચ્ચ અધિકારીઓના દબાણના કારણે તેઓએ હાલની તેઓની ખોટી ફરીયાદ આપેલી. તેઓએ ઇન્કાર કરેલ છે કે, ગેરકાયદેસર રીતે ભારત આવેલ કોઇ વિદેશી છોકરી તા.૦૬/૦૯/૨૦૨૩ થી તા.૧૩/૦૯/૨૦૨૩ સુધી તેઓના પોલીસ સ્ટેશનમાં રહેલ તે બાબતે ભવિષ્યમાં કોઇ જવાબદારી ન આવે તે માટે તેઓએ હાલની ખોટી ફરીયાદ આપેલ છે. તેઓએ ઇન્કાર કરેલ છે કે, આઇ.પી.સી કલમ ૩૭૦(એ) મુજબ હ્યુમન ટ્રાફીકીંગ મુજબનો ગુન્હો બનતો હોય તેવા કોઇ નાણાકીય લેવડદેવડની કોઇ હકીકત કે કોઇ તત્વો જાણવા જોગના તપાસના કામે ખૂલેલ નહી. તેઓએ ઇન્કાર કરેલ છે કે, તેઓએ આ ગુન્હાની તપાસ દરમ્યાન ગુન્હાની હકીકતો મુજબની અલગ અલગ હોટલોએ જઇ તપાસ કરેલી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ આ ગુન્હાની તપાસના કામે આરોપી નં. ૦૧ ની શોધ અને તપાસની કામગીરી અને સદર આરોપીને લઇ આવી તપાસ કરનાર અધિકારીને સોપી આપેલ તે સિવાય અન્ય કોઇ તપાસ કે કામગીરી કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓની જાણવા જોગ તપાસના કામે એવી હકીકત ખૂલેલ કે ભોગ બનનાર બાંગ્લાદેશથી એક ડેઝી નામની છોકરી સાથે નીકળેલી અને તે છોકરી સાથે છેક મુંબઇ સુધી આવેલા અને આ ડેઝી નામની છોકરી કોણ છે? કયાં છે? તે બાબતે તેઓએ જાણવા જોગ તપાસના કામે કોઇ તપાસ કરેલ નહી. તેઓએ ઇન્કાર કરેલ છે કે, તેઓએ આ ગુન્હાની ફરીયાદ કોઇપણ ગુન્હાની હકીકત તેઓની સમક્ષ જાહેર થયેલ ન હોવા છતાં ખોટી રીતે આપી ખોટો ગુન્હો દાખલ કરાવેલ છે. તેઓએ ઇન્કાર કરેલ છે કે, તેઓએ ભોગ બનનાર ગેરકાયદેસર રીતે ભારત દેશમાં આવેલ હોવા છતાં તેને બચાવી હાલના આરોપીઓ સામે ખોટો ગુન્હો દાખલ કરાવેલ છે અને ભોગ બનનાર ગેરકાયદેસર રીતે ભારતમાં ઘૂસણખોરી કરેલ હોવા છતાં

અને આવી હકીકત તેઓની સમક્ષ જાહેર થયેલ હોવા છતા તેઓએ આ અંગે કોઇ ગુન્હો દાખલ કરેલ નથી અને આ સમગ્ર હકીકતથી બચવા તેઓએ હાલની ફરીયાદ ખોટી દાખલ કરાવેલ છે.

(૪૨) ફરિયાદ પક્ષે આંક–૨૧૪ થી સાહેદ નં. ૧૫ તરીકે ઓળખ પરેડ કરનાર મેજીસ્ટ્રેટશ્રી ચિંતન વિરમભાઈ ચૌધરીને તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, એસ.ઓ.જી. પોલીસ ઇન્સ્પેકટર આણંદ નાઓએ તા.૨૦/૦૯/૨૦૨૩ ના રોજ તેઓને ઉદ્દેશીને આરોપીની ઓળખ પરેડ યોજવા માટે તારીખ અને સમય ફાળવવા માટે યાદી કરેલ હતી. આરોપીઓની ઓળખ પરેડ કરનાર સાહેદ ચૌધરીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૨૧૫ રજુ કરેલ છે તેઓએ તે યાદી સ્વીકાર્યા બદલ તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને આંક–૨૧૬ થી રજુ આરોપીઓની ઓળખ પરેડ કરવા માટે સમય તારીખ ફાળવતી યાદી જોઈ જેમાં તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને આંક–૨૧૭ થી રજુ આરોપીઓની ઓળખ અંગે પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ તે અંગેનો રીપોર્ટ જેમાં બે પંચોની સહી અને રૂબરૂ તરીકે તેઓની સહી અને તેઓના હોદ્દાનો સિક્કો હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૨૧૮ થી રજુ એસ.ઓ.જી. પી.આઈ. એલ.બી.ડાભી નાઓએ આરોપીઓને અગાઉ કયારેય ઓળખ છતી થયેલ નથી તે બાબતનું પ્રમાણપત્રમાં તેઓએ સ્વીકાર્યા બદલ તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને આંક–૨૧૯ થી રજુ ઓળખ પરેડની કાર્યવાહી સમયે જે ડમી માણસો હાજર રાખેલા તેઓના નામ, સરનામા સાથેના પત્રક રજુ કરેલ છે જેમાં તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. સાહેદે તેઓની જુબાની દરમ્યાન Mark A અને Mark B બન્ને પંચોના આધાર કાર્ડની સ્વપ્રમાણિત નકલ રજુ કરેલ છે.

(૪૨.૧) આરોપી નં. ૦૧ તરફે વિદ્વાન ડેપ્યુટી ચીફ ડિફેન્સ કાઉન્સીલ શ્રી દ્વારા સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓએ અત્યાર સુધીમાં ઓળખપરેડના ૬ થી ૭ પંચનામા કરેલ છે. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, ઓળખપરેડના પંચનામા અંગે સરકારશ્રી તરફથી ઘડવામાં આવતા નિયમો તેમજ નામદાર સુપ્રીમકોર્ટ અને નામદાર હાઇકોર્ટની ગાઇડલાઇન્સની નકલો

તમને મોકલવામાં આવે છે? જેના જવાબમાં જણાવેલ છે કે, આવી કોઇ નકલ મળેલ નથી તેઓને તાલીમ સમયે ઓળખપરેડના પંચનામાની કાર્યવાહી કઇ રીતે કરવી તેની તાલીમ આપવામાં આવે છે. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, નામદાર સુપ્રીમકોર્ટ અને નામદાર હાઇકોર્ટની ગાઇડલાઇન્સ મુજબ બે આરોપી ઓથી વધુ આરોપીઓની ઓળખપરેડ એકી સાથે યોજી શકાય નહી? જેના જવાબમાં જણાવેલ છે કે, એવુ તેઓના ધ્યાનમાં નથી. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, આ કામે તમે ૧:૬ ના પ્રમાણમાં ડમી આરોપી લીધેલ નથી? જેના જવાબમાં જણાવેલ છે કે, તેઓએ ૧:૪ ના પ્રમાણમાં લીધેલ. તેઓએ સ્વીકારેલ છે કે, આણંદ મામલતદાર કચેરી કલેકટર કચેરીના બીલ્ડીંગમાં જ આવેલી છે અને કલેકટર કચેરી બીલ્ડીંગમાં મુખ્ય દ્વાર અને બીજા બે દરવાજા ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલ છે અને કોર્નરના બંને દરવાજાની વચ્ચે લાંબી સળંગ પેસેજ આવેલ છે અને મામલતદાર કચેરી ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલ છે અને મામલતદાર કચેરીમાં અવર જવર માટે આ પેસેજનો ઉપયોગ કરી શકાય. તેઓએ સ્વીકારેલ છે કે, મામલતદાર કચેરીના સ્ટાફ રૂમ તથા ચેમ્બરમાં અવર જવર માટે આ પેસેજનો ઉપયોગ કરી શકાય. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, આ પેસેજ સિવાય તેઓની કચેરીમાં તેમની ચેમ્બરમાંથી વહીવટી બ્રાન્ચમાં જવા માટે એક દરવાજો રહેલ છે અને ઓળખ પરેડ સમયે તે દરવાજો બંધ રાખેલ.

(૪૨.૨) આરોપીઓની ઓળખ પરેડ કરનાર સાહેદે તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ઓળખ પરેડ પંચનામા સમયે તેઓની કચેરીમાં કે સ્ટાફ રૂમમાં આ ઓળખ પરેડની કાર્યવાહી સાથે સંકળાયેલા સિવાયના જો કોઇ અન્ય માણસો હાજર હોય તો તેમને બહાર મોકલવામાં આવેલા કે ત્યાંથી ખસેડવામાં આવેલા તેવી કોઇ નોંધ ઓળખ પરેડના પંચનામામાં રહેલ નથી. તેઓએ ઇન્કાર કરેલ છે કે, તેઓની ચેમ્બરમાંથી વહીવટી બ્રાન્ચમાં જવા માટેનો દરવાજો ઓળખ પરેડ સમયે બંધ રાખેલ હોવાની નોંધ ઓળખ પરેડ પંચનામામાં કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૨૧૫ વાળી પોલીસ ઇન્સપેકટરની યાદીમાં ભોગ બનનાર બાંગ્લાદેશી ભાષા સિવાય અન્ય કોઇ ભાષા જાણતા નથી તેવો કોઇ ઉલ્લેખ રહેલ નથી અને ભોગ બનનાર, દુભાષીયા અને આરોપીઓને ઓળખ પરેડ માટે હાજર રહેવા અંગે તેઓએ કોઇ તેમની જાતે જાણ કરેલ નહી. તેઓએ ઇન્કાર કરેલ છે કે, જે ડમી આરોપીઓને બોલાવેલા તે આરોપીઓની કદ, કાઠી, ઉંમર પ્રમાણે બોલાવેલા નહી. સાહેદને સવાલ પુછવામાં

આવેલ છે કે, ભોગ બનનારને ઓળખ પરેડ સમયે કોણ અને કેવી રીતે લાવેલ। તેની નોંધ પંચનામામાં રહેલ નથી? જેના જવાબમાં જણાવેલ છે કે, પંચનામાના પાના નં. ૮ ઉપર તેની નોંધ છે અને તે મુજબ ભોગ બનનારને પૂછવામાં આવેલ કે, "તમોને આ કામના આરોપીની સાથે જ તેઓની કોર્ટમાં એક સાથે લાવવામાં આવેલ છે કે કેમ?" અને તેથી ભોગ બનનારે એવુ જણાવેલ કે, "તેઓ એકલા જ અલાયદી રીતે આ કોર્ટમાં આવેલ છે અને તેમને આરોપીની સાથે આ કચેરીમાં લાવવામાં આવેલ નથી." તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ નિયમો અનુસાર કાર્યવાહી હાથ ધર્યા વિના અને આરોપીઓના ચોકકસ કદ, કાઠી, ઉંમર જેવા દેખાવવાળા ડમી માણસોને હાજર રાખ્યા વિના ઓળખ પરેડ યોજેલ.

(૪૨.૩) આરોપી નં. ૦૨ તરફે વિદ્વાન ડેપ્યુટી ચીફ ડિફેન્સ કાઉન્સીલ શ્રી દ્વારા સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, ઓળખપરેડ સમયે કોઇ પર વર્ષની ઉંમરના કોઇ ડમી માણસને હાજર રાખવામાં આવેલ નહી.

(૪૨.૩) આરોપી નં. ૦૩ તરફે આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૪૨.૪) આરોપી નં. ૦૪ ના વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉપર મુજબની ઉલટ તપાસ સ્વીકારવામાં આવેલ છે.

(૪૨.૫) આરોપી નં. ૦૫ અને ૦૮ તરફે વિદ્વાન વકિલશ્રી દ્વારા સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓને સવાલ પુછવામાં આવેલ છે કે, આપના દ્વારા પોલીસ ઇન્પેકટરશ્રી એલ.બી.ડાભીને આંક–૨૧૬ વાળી યાદી પાઠવવામાં આવેલ તેમા આપશ્રીએ એવુ લખેલ છે કે, "આપશ્રી દ્વારા સદરહું આરોપીઓની ઓળખ છતી થયેલ નથી, તે મતલબનુ પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલ નથી. જે પ્રમાણપત્ર ઓળખપરેડ માટે અપાયેલ નીચે મુજબના સમય અને તારીખે રજુ કરવાનુ રહેશે." આવુ લખવાનુ કારણ શુ? જેના જવાબમાં જણાવેલ છે કે, ઓળખ પરેડ માટે આરોપીઓની ઓળખ અગાઉ છતી થયેલ હોવી જોઇએ નહી તેથી તે બાબતનું પ્રમાણપત્ર પોલીસ પાસેથી મેળવવામાં આવે છે અને આ કાર્યવાહીના કામે આવુ પ્રમાણપત્ર સબંધિત પોલીસ તરફથી યાદી સાથે રજુ થયેલ ન હોવાથી યાદીમાં લખવામાં આવેલ. તેઓએ

સ્વીકારેલ છે કે, તેની પુર્તતાના ભાગરૂપે એસ.ઓ.જી. શાખા આણંદના પી.આઈ. શ્રી એલ.બી.ડાભીએ આંક–૨૧૮ વાળુ પ્રમાણપત્ર રજુ કરેલ અને તે પ્રમાણપત્રની છેલ્લી લાઈનમાં એવુ લખેલ છે કે "....નાઓની અગાઉ કયારેય ઓળખ છતી થયેલ નથી જે બદલ આ પ્રમાણપત્ર આપવાામં આવે છે." તેઓએ સ્વીકારેલ છે કે, જો આંક–૨૧૮ વાળુ પ્રમાણપત્ર તેઓને મળેલ ન હોત તો તેઓ આંક–૨૧૭ વાળા ઓળખપરેડના પંચનામાની કાર્યવાહી ના કરત અને આંક–૨૧૭ વાળા ઓળખ પરેડના પંચનામામાં ઓળખ પરેડ શરૂ કર્યાની તારીખ અને સમય લખેલ છે પરંતુ ઓળખ પરેડ પુર્ણ કર્યાનો સમય લખેલ નથી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, ઓળખ પરેડ કર્યાની તારીખ ટાઈપોગ્રાફીકલ એરરના કારણે ૨૦/૦૯/૨૦૨૩ લખેલ છે. તેઓ સ્વીકારેલ છે કે, ઓળખ પરેડની કાર્યવાહી જે ગુન્હાના કામે કરેલ તેના તપાસ કરનાર અધિકારી પોલીસ ઈન્સપેકટર શ્રી એલ.બી.ડાભી હતા અને ઓળખપરેડ પંચનામામાં કાર્યવાહી શરૂ કર્યાની તારીખમાં ટાઈપોગ્રાફીકલ એરરના કારણે તા.૨૦/૦૯/૨૦૨૩ લખાયેલ છે તે બાબતે પુર્તતા કરવા માટે પોલીસ ઈન્સ્પેકટરશ્રી ડાભી દ્વારા તેઓને કોઈ પત્ર લખવામાં આવેલ નથી કે તે બાબતે તેઓના કોઈ સ્ટાફનું નિવેદન શ્રી ડાભી દ્વારા લેવા પ્રયત્ન કરવામાં આવેલ નથી અને પંચનામાની નકલ તે જ સમયે તેઓએ પોલીસને સોપેલી. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, આપના ઓળખ પરેડના પંચનામામાં ભોગ બનનારે આરોપીઓની ઓળખ ક્યા કારણે કે ક્યા કૃત્ય માટે કરેલ તેની કોઈ વિગત દર્શાવામાં આવેલ નથી? જેના જવાબમાં જણાવેલ છે કે, ઓળખ પરેડની કાર્યવાહી સમયે ભોગ બનનારે હાથ પકડીને આરોપીઓને અલગ અલગ હરોળમાંથી બહાર કાઢી ઓળખી બતાવેલ. તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનારને ગુન્હા અંગેની તેઓએ સમજ આપેલ. તેઓએ સ્વીકારેલ છે કે, ઓળખ પરેડની કાર્યવાહી સમયે પોલીસ યાદી અને પ્રમાણપત્ર સિવાય અન્ય કોઈ કાગળો તેઓની સમક્ષ રજુ થયેલા નહી. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, ભોગ બનનાર બાંગ્લાદેશથી ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશેલ છે તે બાબતે એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકે તમને કોઈ લેખિતમાં જાણ કરવામાં આવેલી કે તે બાબતે તમે કોઈ કાર્યવાહી કરેલી? જેના જવાબમાં જણાવેલ છે કે, હાલમાં એવુ કશું તેઓના ધ્યાનમાં નથી. તેઓએ સ્વીકારેલ છે કે, પંચનામા પહેલા કોઈ બાંગ્લાદેશના વ્યક્તિ બાબતે ઓળખ પરેડની કાર્યવાહી કરવાની છે તેવી તેઓને માહિતિ હતી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, પોલીસ યાદીમાં ભોગ બનનારનું સરનામુ બાંગ્લાદેશનું જણાવેલ હતુ. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ આ ગુન્હાના

કામે પોલીસને તેઓએ કરેલી ખોટી કામગીરીને બચાવવા માટે હાલનું ઓળખ પરેડનું પંચનામુ ખોટુ તૈયાર કરી પોલીસને સુપરત કરેલુ અને પોલીસ અધિકારીની સૂચના અને સલાહ મુજબ આ પંચનામુ તેઓએ તૈયાર કરેલ.

(૪૨.૬) આરોપી નં. ૦૬ અને ૦૭ તરફે વિદ્વાન વકિલશ્રી દ્વારા સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓને સવાલ પુછવામાં આવેલ છે કે, આ ઓળખપરેડની કાર્યવાહી દરમ્યાન જે કોઇ વ્યકિત જે હકીકત જાહેર કરે તે તેના દ્વારા જ કરેલી છે તેની પુષ્ટી માટે તેની સહી લેવી આવશ્યક છે? જેના જવાબમાં જણાવેલ છે કે, ઓળખ પરેડના પંચનામામાં ફકત પંચોની સહીઓ લેવામાં આવે છે બીજા કોઇની સહી લેવામાં આવતી નથી તેમજ રૂબરૂ તરીકે તેઓની સહી હોય છે. તેઓએ જણાવેલ છે કે, તેઓ એમ.ફાર્મ. થયેલ છે અને તેઓના અભ્યાસ દરમ્યાન ગુજરાતી ભાષા શીખેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૨૧૭ વાળા પંચનામામાં તેઓએ આરોપીઓની સહી લીધેલ નથી અને આરોપીઓએ પંચનામા દરમ્યાન જે કોઇ હકીકત જાહેર કરેલ છે તે બદલ તેમની કોઇ સહી લેવામાં આવેલ નથી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, પંચનામા દરમ્યાન પંચો રૂબરૂ તેમને હકીકત પૂછવામાં આવેલી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, પંચો રૂબરૂ હકીકત પુછ્યાની વાત ખોટી જણાવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આ પંચનામાના તમામ પક્ષકારો ગુજરાતી ભાષા સમજતા ન હતા. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, આંક–૨૧૭ વાળા પંચનામામાં જે આરોપીઓ ગુજરાતી ભાષા સમજતા ન હોય તેમને પંચનામુ હીન્દી ભાષામાં વાંચી સંભળાવી સમજાવવામાં આવેલ હોય તેવી કોઇ નોંધ રહેલ નથી. જેના જવાબમાં જણાવેલ છે કે, આરોપીઓને તેમની ભાષામાં સમજાવવામાં આવેલ છે એવુ લખેલ નથી પણ ઓળખ પરેડની કાર્યવાહીની સમજણ કરવામાં આવેલ તેવુ લખેલ છે. તેઓએ જણાવેલ છે કે, એવુ બનેલ નથી કે પંચનામામાં જાણી જોઇને કોઇ મહત્વની હકીકત લખવામાં આવેલ ન હોય. તેઓએ સ્વીકારેલ છે કે, જે તે વ્યકિતને તેમની ભાષામાં સમજ આપવી તે મહત્વનો ભાગ કહેવાય અને તમામ પક્ષકારોને તેમની ભાષામાં સમજ આપવામાં આવેલી તેવુ સ્પષ્ટ પંચનામામાં લખેલ નથી અને ઓળખ પરેડના રૂમમાં આરોપીઓ તથા તમામ ડમી માણસો ગોઠવાઈ ગયા ત્યારે બંને પંચો હાજર હતા અને બંને પંચો આરોપીઓ જે ક્રમમાં ઉભા હતા તે ક્રમથી વાકેફ હતા અને ઓળખ પરેડના પંચનામાની કાર્યવાહીમાં સમય બહુ મહત્વનો હોય છે તેથી સમય

નોંધવામાં આવે છે.

(૪૨.૭) આરોપીઓની ઓળખ પરેડ કરનાર સાહેદે તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ઓળખ પરેડની કાર્યવાહી સમયે પંચ નં. ૦૨ કુકડભાઇ તળપદા મારફતે ભોગ બનનારને બોલાવવામાં આવેલ અને પંચ નં. ૦૨ કુકડભાઇએ બહાર જઇ ભોગ બનનાર સાથે શું વાત કરી તે તેઓ જાણતા નથી અને પંચ નં. ૦૧ રાજેશભાઇ તળપદા અને પંચ નં. ૦૨ કુકડભાઇ તળપદા હીન્દી ભાષાના જાણકાર હતા તેવી કોઇ નોંધ પંચનામામાં કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, જે ભોગ બનનારે ઓળખ પરેડ કરવાની હતી તે થોડી હીન્દી અને થોડી બાંગ્લાદેશી ભાષા જાણતા હતા તેવુ જાહેર થયેલુ અને પંચ નં. ૦૨ કુકડભાઇ ક્યારે ભોગ બનનારને બોલાવવા ગયા અને કયારે પાછા ઓળખ પરેડના રૂમમાં આવ્યા તેના સમયની કોઇ નોંધ આંક–૨૧૭ વાળા પંચનામામાં કરેલ નથી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, ઓળખ પરેડની પુર્વ તૈયારીના ભાગરૂપે તેઓએ ડમી માણસો તથા પંચોને બોલાવેલા. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, પુર્વ તૈયારીના ભાગરૂપે નહી પરંતુ આરોપીઓને લાવવામાં આવેલ ત્યારે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, આંક–૨૧૭ વાળા પંચનામામાં ડમી માણસોને કોણ બોલાવવા ગયુ અને ક્યારે આવ્યા તેનો કોઇ ઉલ્લેખ નથી. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, કોણ બોલાવવા ગયેલુ? જેના જવાબમાં જણાવેલ છે કે, તેઓનો સ્ટાફ અને પંચો. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓના સ્ટાફ અને પંચો ડમી માણસોને બોલાવવા ગયા તેનો કોઇ ઉલ્લેખ પંચનામામાં નથી અને દુભાષીયા મંગલચાંદ ગોવિંદભાઇ મન્ના બાંગ્લાદેશી ભાષાના જાણકાર છે તેવો કોઇ દસ્તાવેજ આ પંચનામાનો ભાગ રહેલ નથી અને આ મંગલચાંદ ગોવિંદભાઇ મન્ના મૂળ રહે. ખાનાકોલ, સાવલસીંગપુર, હુગલી, પશ્ચિમ બંગાળના રહેવાસી હોવા અંગે કોઇ દસ્તાવેજી આધાર આ પંચનામાનો ભાગ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આ મંગલચાંદ બાંગ્લાદેશી ભાષાના જાણકાર છે તેવુ તેઓએ પોલીસના કહેવાથી જાણેલ. તેઓએ સ્વીકારેલ છે કે, ઓળખ પરેડની કાર્યવાહીની મહત્વની તમામ ઘટનાની નોંધ ઓળખ પરેડના પંચનામામાં કરવામાં આવેલ છે. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, ભોગ બનનારે આરોપીઓને હીન્દી ભાષામાં કે બાંગ્લા ભાષામાં ઓળખી બતાવેલા તેનો કોઇ ઉલ્લેખ પંચનામામાં રહેલ નથી? જેના જવાબમાં જણાવેલ છે કે, ભોગ બનનારે હાથ પકડી આરોપીઓને બહાર કાઢેલા. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, આંક–૨૧૭ ના પંચનામામાં ભોગ બનનાર

પ્રત્યેક ઓળખાયેલ આરોપીઓને ક્યા નંબરથી કે ક્રમથી હાથ પકડી બહાર કાઢેલ છે તેનો કોઇ ઉલ્લેખ આ પંચનામામાં નથી? જેના જવાબમાં જણાવેલ છે કે, તેવા કોઇ નંબર કે ક્રમનો પંચનામામાં ઉલ્લેખ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે કઇ ભાષામાં પંચો રૂબરૂ હકીકત જાહેર કરેલી તેનો ઉલ્લેખ પંચનામામાં રહેલ નથી. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, પંચો તરીકે કોઇ વ્યક્તિને પસંદ કરવામાં આવે ત્યારે તેનો સમાજમાં દરજ્જો, શૈક્ષણિક લાયકાત, ગુન્હાહિત ઇતિહાસ, તટસ્થતા વિગેરે બાબતે ધ્યાને લેવાની રહે છે? જેના જવાબમાં જણાવેલ છે કે, એવુ જરૂરી નથી, સામાન્ય રીતે એવુ હોવુ જોઇએ. આ સાહેદે સ્વીકારેલ છે કે, આ ઓળખ પરેડની કાર્યવાહી કરવાની જાણ થતા તેઓને જાણમાં આવેલ કે આ કાર્યવાહી એક થી વધુ ભાષા જાણનારા પક્ષકારો વચ્ચે કરવાની છે અને આ કાર્યવાહીના રહેલ બંને પંચોની શૈક્ષણિક લાયકાત કે સામાજીક દરજ્જા અંગે કોઇ ચકાસણી તેઓએ કરેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, ઓળખ પરેડની કાર્યવાહી દરમ્યાન ભોગ બનનારે ઓળખી બતાવેલ ૧ થી ૭ આરોપીઓનો ગુન્હાના કામે શું રોલ રહેલો તેવો કોઇ ઉલ્લેખ પંચનામામાં રહેલ નથી. તેઓએ ઇન્કાર કરેલ છે કે, ઓળખ પરેડના સરકારી ગાઇડ લાઇન્સ અને વડી અદાલતોના માર્ગદર્શન વિરુધ્ધ ખોટી રીતે ઓળખ પરેડ યોજેલ.

(૪૩) ફરિયાદ પક્ષે આંક–૨૩૫ થી સાહેદ નં. ૧૬ તરીકે તપાસ કરનાર અધિકારી શ્રી પરીક્ષિતસિંહ કિરતસિંહ સોઢાને તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૨૩ની સાલમાં એસ.ઓ.જી. શાખા, આણંદ ખાતે પો.સ.ઇ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે વિધ્યાનગર પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૨૧૫૦૩૭૨૩૦૫૫૫/૨૦૨૩ ની તપાસ એસ.ઓ.જી. પી.આઇ. શ્રી એલ.બી.ડાભી નાઓ કરતા હતા તે દરમ્યાન તા.૧૪/૦૯/૨૦૨૩ ના રોજ ભોગ બનનાર તેની સાથે જે જગ્યાએ દુષ્કર્મ થયેલ તે જગ્યા બતાવવા માંગતા હોય જેથી તે બાબતે આગળ તપાસ કરવા તેઓને ડાભી સાહેબે જણાવતા તેઓએ બે પંચોના માણસો બોલાવેલા અને પંચોના માણસોને પંચનામા બાબતે સમજ કરતા તેઓએ પંચમાં રહેવા સ્વખુશી દર્શાવેલી અને તેઓએ બે પંચોની હાજરીમાં ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કરેલ. વધુમાં તપાસ કરનાર અધિકારીએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સમક્ષ ભોગ બનનાર બાળા જે મુળ બાંગ્લાદેશી હોય અને જે હિન્દી ભાષા અથવા ગુજરાતી ભાષા જાણતી ન હોય જેથી દુભાષીયા ભાષા કનવર્ટ

કરવા સાથે રાખેલ અને બાળ સુરક્ષા અધિકારી મનિષાબેન જેઠવા તેમજ મહિલા પોલીસ કોન્સ્ટેબલ મિતલબેનને સાથે રાખી ભોગ બનનારના જણાવ્યા મુજબ જે જગ્યાએ દુષ્કર્મ થયેલ તે બાબતે દુભાષીયા મારફતે પુછતા પોતાની સાથે વડોદરા ફતેહગંજ હોટલ લોટ્સ ગોલ્ડ તેમજ અમદાવાદની હોટલ સાંઇવિલા તેમજ અમદાવાદની હોટલ આઇલેન્ડ ખાતે દુષ્કર્મ થયેલ તેવુ જણાવેલ જેથી આ ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરવાનું હોય પંચો તેમજ બાળ સુરક્ષા અધિકારી તેમજ મહિલા કોન્સ્ટેબલ સાથે રાખી વડોદરા ફતેહગંજ હોટલ લોટ્સ ગોલ્ડ જવા માટે કલાક ૧૩:૦૦ વાગે SOG શાખા આણંદ ખાતેથી રવાના થયા અને ૧૩:૫૦ કલાકે હોટલના કંપાઉન્ડમાં પહોચ્યા અને તે સમય દરમ્યાન ભોગ બનનારે પોતે હોટલ જોઇને ઓળખી બતાવેલ તેથી હોટલ ઉપરના રીસેપ્શન કાઉન્ટર ઉપર જઇ ભોગ બનનારને આગળ રાખી પોતે પોતાની સાથે થયેલ દુષ્કર્મ વાળો રૂમ ઓળખી બતાવેલ જેનો રૂમ નંબર જોતા ૨૦૧ હતો જેથી ભોગ બનનારના કહેવા મુજબ જે તે રૂમનું જે તે સ્થિતિનું પંચનામુ કરવામાં આવેલ તેમજ ભોગ બનનારે જણાવેલ કે તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ તેની સાથે એક જ વખત દુષ્કર્મ થયેલ હતું ત્યારબાદ ભોગ બનનારે આગળ ચાલી આ હોટલના ત્રીજા માળે લઇ જઇ રૂમ બતાવેલ જે રૂમ જોતા રૂમ નંબર ૨૦૮ હતો અને આ રૂમમાં પણ તેણી સાથે તા.૦૧/૦૯/૨૦૨૩ ના રોજ દુષ્કર્મ થયેલાનુ જણાવેલ હતુ અને હોટલના રીસેપ્શનના માણસને જે તે સમયના CCTV ફૂટેજ સાથે SOG ખાતે હાજર રહેવા માટે સમજ કરવામાં આવેલ તેમજ હોટલના બંને રૂમ ૨૦૧ અને ૨૦૮ નુ ચર્તુદિશા જે તે સ્થિતિનુ પંચનામુ કરવામાં આવેલ.

(૪૩.૧) તેઓએ વધુમાં જણાવેલ છે કે, ભોગ બનનારને વધુ પુછતા તેઓએ જણાવેલ કે ભોગ બનનાર સાથે અમદાવાદ ખાતે હોટલ સાંઇવિલા ખાતે દુષ્કર્મ થયેલ જેથી ગુગલમાં હોટલ સાંઇવિલા વાડજ સર્ચ કરતા દેખાઇ આવેલ અને જે આધારે સરકારી વાહનમાં પંચો તેમજ સાથેના માણસો અમદાવાદ કલાક ૧૬:૧૦ વાગે જવા રવાના થયેલ અને કલાક ૧૭:૨૦ વાગે સાંઇવિલા હોટલના નીચેના પાર્કિંગમાં પ્રવેશતા ભોગ બનનારે હોટલ સાંઇવિલા ઓળખી બતાવેલ અને આગળ ચાલી પોતે રીસેપ્શન સુધી સાથે લઇ ગયેલ તેમજ પોતાની સાથે જે જગ્યાએ દુષ્કર્મ થયેલ હતુ તે જગ્યા રૂમ આગળ ચાલી બતાવેલ જે જોતા રૂમ નંબર ૪૦૬ જણાઇ આવેલ અને ભોગ બનનારે તા. ૦૩/૦૯/૨૦૨૩ ના રોજ તેની સાથે સદર રૂમમાં દુષ્કર્મ થયેલાનુ જણાવેલ અને

જે તે સમયના CCTV ફૂટેજ માટે રીસેપ્શનના માણસને પેનડ્રાઇવમાં લઇ SOG આણંદ ખાતે હાજર રહેવા સમજ કરવામાં આવેલ તેમજ સદર રૂમનું ચર્તુદિશાનું જે તે સ્થિતિનુ પંચનામુ લખવામાં આવેલ.

(૪૩.૨) તપાસ કરનાર અધિકારી સોઢાએ વધુમાં જણાવેલ છે કે, ભોગ બનનારે તેણીની સાથે હોટલ આઇલેન્ડ પાર્ક અમદાવાદ ખાતે દુષ્કર્મ થયાનું જણાવેલ જેથી ગુગલમાં સર્ચ કરતા સદર હોટલ થલતેજ વિસ્તારમાં જણાય આવેલ જેથી કલાક ૧૮:૧૫ વાગે સદર હોટલ ખાતે જવા રવાના થયા ત્યારબાદ કલાક ૧૯:૧૫ વાગે સદર હોટલના કંપાઉન્ડમાં ઉભા રહ્યા ત્યારબાદ ભોગ બનનારે આગળ ચાલી ચોથા માળે હોટલ આઇલેન્ડ પાર્કના રીસેપ્શન ઉપર લઇ ગયેલ અને ભોગ બનનારે તેણીની સાથે થયેલ દુષ્કર્મ થયેલ રૂમ આગળ ચાલી બતાવેલ જે રૂમ જોતા રૂમ નંબર ૪૦૫ હતો અને આ રૂમનું ચર્તુદિશા દર્શાવતુ વિગતવારનું પંચનામું કરવામાં આવેલ અને રીસેપ્શનના માણસને CCTV ફૂટેજ તેમજ હોટલ રજીસ્ટરના ઉતારા સાથે SOG આણંદ ખાતે હાજર રહેવા સમજ કરવામાં આવેલ. તપાસ કરનાર અધિકારી સોઢાએ વધુમાં જણાવેલ છે કે, ત્રણેય હોટલની જગ્યાનું પંચનામુ મહિલા બાળ સુરક્ષા એકમના અધિકારી તથા મહિલા પોલીસ કોન્સ્ટેબલ તથા પંચો તેમજ બાંગ્લાદેશી ભાષા જાણતા દુભાષીયાને સાથે રાખી ભોગ બનનારના લખાવ્યા મુજબ કરવામાં આવેલ અને પંચનામું કલાક ૨૧:૦૫ વાગે પુર્ણ કરવામાં આવેલ. તપાસ કરનાર અધિકારીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૯૬ થી રજુ થયેલ પંચનામુ જોઈ રૂબરૂ તરીકે તેઓની સહી અને મહિલા બાળ સુરક્ષા એકમના અધિકારીની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને આંક–૨૩૬ થી રજુ ગુન્હાવાળી જગ્યાનું પંચનામું તેમજ બજવણી કરેલ નોટીસો રખાવી લેવા પી.આઈ.શ્રી એસ.ઓ.જી. આણંદનાઓને કરેલ યાદીમાં તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

(૪૩.૩) આરોપી નં. ૦૧ તરફે વિદ્વાન ચીફ ડિફેન્સ કાઉન્સીલ શ્રી દ્વારા તપાસ કરનાર અધિકારીની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને યાદ નથી કે આ કામે તપાસમાં જવાનો કોઇ લેખિત હુકમ તેઓને મળેલો કે કેમ? તેઓ કેસ ડાયરી જોઇ જણાવી શકે કે કેમ? તેમ પુછવામાં આવતા તેઓએ કેસ ડાયરી જોઇ જણાવેલ છે કે, તેઓને તપાસમાં જવાની મૌખિક સૂચના આપવામાં

આવેલી. તપાસ કરનાર અધિકારીને સવાલ પુછવામાં આવેલ છે કે, તા.૧૪/૦૯/૨૦૨૩ ના રોજ બાળ સુરક્ષા એકમના લીગલ પ્રોબેશન ઓફીસરને પંચનામાની કાર્યવાહી માટે લઇ જવા કોઇ પરવાનગી મેળવેલી કે કોઇ નોટીસ મોકલાવેલી? જેના જવાબમાં જણાવેલ છે કે, SOG પી.આઇ શ્રી એલ.બી.ડાભી સાહેબનાઓએ ગુન્હાવાળી જગ્યાના પંચનામાની કાર્યવાહી માટે બાળ સુરક્ષા એકમના લીગલ પ્રોબેશન ઓફીસરને લેખિત યાદી કરેલી. તેઓએ જણાવેલ છે કે, તેવી યાદી ઉપર કોઇ હુકમ થયેલો કે કેમ? તેનો તેઓને ખ્યાલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આવી કોઇ યાદી કે હુકમ કાગળોમાં આ કામે રજુ થયેલ નથી અને આંક–૯૬ વાળા પંચનામા દરમ્યાન મહિલા કોન્સ્ટેબલ તથા દુભાષીયા હાજર હોય તો તેમની કોઇ સહી પંચનામામાં રહેલ નથી અને આ પંચનામા માટે પી.આઈ. શ્રી એલ.બી.ડાભી તેઓની સાથે આવેલા નહી અને તેમના દ્વારા તૈયાર કરેલી અને તેમની સહીવાળી લેખિત યાદીઓ CCTV ફૂટેજ તથા રજીસ્ટરના ઉતારા માટેની તેઓ તેમની સાથે લઇને ગયેલ. તેઓએ સ્વીકારેલ છે કે, SOG ઓફીસથી વડોદરા પહોચતા ૫૦ મિનિટ લાગેલી અને ક્યા રસ્તેથી વડોદરા પહોચેલા તેની કોઇ નોંધ પંચનામામાં કરેલ નથી અને વડોદરા હોટલ પરથી નીકળી અમદાવાદ વાડજ બસ સ્ટેશને પહોચતા ૧ કલાક અને ૧૦ મિનિટ થયેલ અને તે ક્યા રૂટ ઉપરથી ગયેલા તેની કોઇ નોંધ પંચનામામાં કરેલ નથી. તેઓએ જણાવેલ છે કે, અમદાવાદમાં પ્રવેશ્યા બાદ વાડજ બસ સ્ટેશન પહોચતા કેટલો સમય લાગેલો તે હાલમાં કહી શકે નહી અને વડોદરાથી અમદાવાદ એકસપ્રેસ–વે થી ગયેલા પરંતુ એકસપ્રેસ બાદ અમદાવાદમાં ક્યા રસ્તેથી વાડજ બસ સ્ટેશન પહોચેલા તે કહી શકે નહી અને એવુ કહી શકાય નહી કે એકસપ્રેસ–વે પૂરો થયા બાદથી વાડજ બસ સ્ટેશન પહોચતા આશરે ૪૫ થી ૫૦ મિનિટ લાગે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓ કોઇ હોટલમાં પંચો અને ભોગ બનનાર સાથે ગયેલ નહી પરંતુ પોલીસ સ્ટેશનમાં પંચનામા તૈયાર કરી તેમા પંચો તથા બાળ સુરક્ષા એકમના અધિકારીની સહીઓ મેળવેલ.

(૪૩.૪) આરોપી નં. ૦૨ અને ૦૩ ના વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉપર મુજબની ઉલટ તપાસ સ્વીકારવામાં આવેલ છે.

(૪૩.૫) આરોપી નં. ૦૪ તરફે ટ્રાન્સફરથી અને આરોપી નં. ૦૬ અને ૦૭ તરફે

વિદ્વાન વકિલશ્રી દ્વારા આ તપાસ કરનાર અધિકારી ની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, પંચનામા દરમ્યાન હોટલના રજીસ્ટર તેઓ જોયેલ હોય કે તેઓએ મેળવેલ હોય એવુ બનેલ નહી અને હોટલના રજીસ્ટરના આધારે હોટેલના ક્યા રૂમમાં કોણ કેટલા સમય માટે રોકાયેલ તે જાણી શકાય. તેઓએ સ્વીકારેલ છે કે, કહેવાતી હોટલના કોઈપણ રજીસ્ટરમાં જે રૂમોમાં ગેસ્ટ રોકાયેલા તે વ્યક્તિઓએ પોતાના શું નામ જાહેર કરેલ છે અને તે બાબતે શું પુરાવા આપેલ છે તે બાબતે રજીસ્ટર જોઈ તે અંગેની કોઈ નોંધ પંચનામામાં કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, જે તે દિવસે હોટલના રીસેપ્શન ઉપર જે કોઈ કર્મચારી હાજર હતા તે અંગેની કોઈ પુછપરછ કરી હોય અને જે તે કહેવાતા રૂમ કોણે એલોટ કરેલા તે અંગે કોઈ પુછપરછ કરી હોય તેવી કોઈ નોંધ પંચનામામાં રહેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ પંચનામામાં જેમની ઉપર વિશેષ આધાર રાખેલ તે વ્યક્તિ દુભાષિયા હતા અને દુભાષિયા તરીકે હાજર વ્યક્તિની દુભાષિયા માટેની લાયકાત શું હતી તે આ પંચનામાનો ભાગ નથી અને પંચનામામાં ભોગ બનનારે તેઓના રૂબરૂ તેણીની સાથે તેણીની મરજી વિરુધ્ધ બળજબરીથી શારીરિક સબંધ બાંધવામાં આવેલ હોય તેવુ જણાવેલ હોય તેવો કોઈ ઉલ્લેખ નથી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, આ ત્રણેય હોટેલ ઉપર પંચનામાની કાર્યવાહી કરેલ તે દરમ્યાન પણ ભોગ બનનાર સાથે બળજબરીથી શારીરિક સબંધ બંધાયેલ હોય તેવી કોઈ હકીકત જણાય આવેલ નહી. તપાસ કરનાર અધિકારીને સવાલ પુછવામાં આવેલ છે કે, આ પંચનામા સિવાય ત્રણેય હોટલ ઉપર તપાસ કરનાર અધિકારી તરીકે ગયા ત્યારે હોટલના કોઈ સ્ટાફ કે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના માધ્યમથી ભોગ બનનાર બાળા સાથે બળજબરીથી શારીરિક સબંધ થયેલ છે તેવો કોઈ પુરાવો મળી આવેલ નહી? જેના જવાબમાં જણાવેલ છે કે, પંચનામા સિવાય બીજો કોઈ પુરાવો મળી આવેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૯૬ વાળા પંચનામા દરમ્યાન ભોગ બનનાર અને દુભાષિયા દ્વારા જણાવેલ હકીકતો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર પુરાવો ભોગ બનનાર સાથે જે તે દિવસે દુષ્કર્મ થયા અંગે કે બળજબરીથી શારીરિક સબંધ થયા અંગે મળી આવેલ નહી. તપાસ કરનાર અધિકારીને સવાલ પુછવામાં આવેલ છે કે, પંચનામાના દિવસે અને સમયે જે તે હોટલ ઉપર ભોગ બનનાર સાથેના કહેવાતા દુષ્કર્મના બનાવની તારીખ વાળા દિવસોના રજીસ્ટર રીસેપ્શન ઉપર હાજર હતા? જેના જવાબમાં જણાવેલ છે કે, તે બાબતે તેઓએ કોઈ ખરાઈ કરેલ નહી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, કઈ હોટલ ઉપર કેટલા વ્યક્તિ દ્વારા ભોગ

બનનાર સાથે દુષ્કર્મ કરવામાં આવેલ તેનો કોઈ ઉલ્લેખ પંચનામામાં રહેલ નથી અને તેઓ અગાઉથી પકડેલા વ્યક્તિને આરોપી તરીકે સંમલિત કરી શકાય તે હેતુથી જાણી જોઈને જે તે હોટલના કોઈ રજીસ્ટર કે તેની સાથેના કોઈ પુરાવા લીધેલા નહી અને આવો કોઈ બનાવ બનેલ ન હોવાથી જે તે હોટલ પર ક્યા કર્મચારી ગણ હાજર હતા તે અંગેનો ઉલ્લેખ જાણી જોઈને પંચનામામાં કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, હોટલમાં ભોગ બનનારના જણાવ્યા મુજબની તારીખે દરેક રૂમમાં કુલ કેટલા વ્યક્તિઓએ ચેકીંગ કરેલ તે અંગેનો કોઈ ઉલ્લેખ પંચનામામાં નથી.

(૪૩.૬) આરોપી નં. ૦૫ અને ૦૮ તરફે આરોપીના વિદ્વાન વકિલશ્રી દ્વારા તપાસ કરનાર અધિકારીની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૯૬ વાળું પંચનામું કરેલ તે તારીખે પંચનામાના સમય દરમ્યાન તેઓ ગુન્હાની તપાસ કરનાર અધિકારી હતા અને તપાસના કામે તેઓએ કરેલ ગુન્હાવાળી જગ્યાનું પચંનામુ ખુબ જ મહત્વનું પંચનામું હતુ અને પંચનામું કરવા માટે તપાસના તમામ કાગળો તેઓને મળેલા અને તેનો અભ્યાસ કરેલો અને ત્યારબાદ પંચનામું કરવા માટે રવાના થયેલ અને ગુન્હાની સમગ્ર હકીકતથી જે તે સમયે તેઓ વાકેફ હતા. તેઓએ સ્વીકારેલ છે કે, આ ગુન્હો દાખલ થયો તેના પહેલા એક તપાસ સમિતી ભોગ બનનારની પુછપરછ માટે ઘડવામાં આવેલી અને તે તપાસ સમિતીના તેઓ એક સભ્ય હતા. તેઓએ આંક–૧૯૧ જોઈ તેમા એક સભ્ય તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, પંચનામાની કાર્યવાહી દરમ્યાન ગુન્હાને લગતો કોઈ પુરાવો મળી આવે તો તે કબજે લઈ પંચનામાની કાર્યવાહીમાં સામેલ કરવો જરૂરી અને તેઓએ જે ત્રણેય હોટલ ઉપર પંચનામા કરેલ તે હોટલ ખાતે ના રજીસ્ટર બુક તથા સી.સી.ટી.વી. ફુટેજીસ ગુન્હાના કામે ખુબ જ મહત્વનો પુરાવો હતો અને તેઓએ પંચનામાની કાર્યવાહી દરમ્યાન ત્રણેય હોટલ ખાતેના રજીસ્ટર બુક તથા સી.સી.ટી.વી. ફુટેજીસ કબજે કરેલ નથી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તે રજુ કરવા ત્રણેય હોટલના કર્મચારીને નોટીસ આપેલી. તેઓએ સ્વીકારેલ છે કે, આવા ગુન્હાના કામે રજીસ્ટર બુક સાથે કે સી.સી.ટી.વી. ફુટેજીસ સાથે ચેડા થઈ શકે તેવી તક આપવી ન જોઈએ તે હકીકત સાથે તેઓ સમંત છે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ ત્રણેય હોટલ ખાતે સી.સી.ટી.વી. ફુટેજીસ ઓપન કરી જોયેલ અને તેઓએ ત્રણેય હોટલ ખાતે સી.સી.ટી.વી. ફુટેજીસ ઓપન કરી જોયેલા અને તેના આધારે વ્યક્તિની ઓળખ કરી

ચોક્કસ વ્યક્તિને આરોપી તરીકે બુક કરેલા અને તેઓએ આરોપીઓને આ પંચનામુ કરતા પહેલા પોલીસ સ્ટેશન બોલાવી લીધેલા અને તેના આધારે પાછળથી આરોપીઓની ઓળખ પરેડ ખોટી રીતે કરાવેલ. આ તપાસ કરનાર અધિકારીને સવાલ પુછવામાં આવેલ છે કે, આ રજીસ્ટર અને સી.સી.ટી.વી. ફુટેજીસ મહત્વનો પુરાવો હોવા છતાં જે તે સમયે કબજે નહી લેવાનો કોઈ ખુલાસો ખરો? જેના જવાબમાં જણાવેલ છે કે, જે તે પંચનામા દરમ્યાન રજીસ્ટર મળી આવેલ નહી તેમજ સી.સી.ટી.વી. ફુટેજીસ ટેક્નિકલ પુરાવો હોય એક્સપર્ટ દ્વારા જ તે લેવો જરૂરી હોય તેથી જે તે સમયે લીધેલ નહી. તેઓએ જણાવેલ છે કે, એ વાતનો તેઓને ખ્યાલ નથી કે જે તે હોટલના કર્મચારી આ ગુન્હાના કામે આંક–૯૬ વાળુ પંચનામુ થયા પછી સી.સી.ટી.વી. ફુટેજીસની પેઈન ડ્રાઈવ રજુ કરી ગયેલા અને આંક–૯૬ વાળું ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ અમદાવાદ ખાતે હોટલ આઈલેન્ડ ખાતે પુરુ કરેલુ. તેઓએ ઈન્કાર કરેલ છે કે, એસ.ઓ.જી. ઓફીસ આણંદ ખાતે આવી પંચનામું ટાઈપ કરી તેની પ્રિન્ટ કાઢી ત્યારબાદ તેમાં બે પંચની સહીઓ લેવામાં આવેલી. તપાસ કરનાર અધિકારીને સવાલ પુછવામાં આવેલ છે કે, હોટલ લોટ્સ, વડોદરાથી અમદાવાદ નવા વાડજ સાંઈ વિલા હોટલ વચ્ચેનું અંતર આશરે ૧૨૨ થી ૧૨૫ કિ.મી. જેટલુ છે? જેના જવાબમાં જણાવેલ છે કે, તે ચોક્કસ કહી શકે નહી પણ આશરે ૧૦૦ કિ.મી. જેટલુ છે. તપાસ કરનાર અધિકારીને સવાલ પુછવામાં આવેલ છે કે, હોટલ લોટ્સ વડોદરાથી અમદાવાદ નવા વાડજ સાંઈ વિલા હોટલ ખાતે ૦૧ કલાક અને ૧૦ મિનિટમાં પહોચવુ અશક્ય છે? જેના જવાબમાં જણાવેલ છે કે, એ વાત ખરી નથી.

(૪૩.૭) તપાસ કરનાર અધિકારીએ તેઓની ઉલટ તપાસમાં ઈન્કાર કરેલ છે કે, તેઓ પંચનામુ કરવા ગયા તે સમયે તેઓને જાણમાં હતુ કે વડોદરા હોટલ લોટ્સ ખાતે અગાઉ દેહ વ્યાપાર માટે અન્ય પાંચ–છ છોકરીઓ આવેલી. તેઓએ જણાવેલ છે કે, તેઓને ખ્યાલ નથી કે તે બાબતની નોંધ જોઈન્ટ ઈન્ટ્રોગેશન રીપોર્ટમાં નોંધવામાં આવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, જે તે વખતના તેઓના ઉપરી અધિકારી એટલે કે એસ.ઓ.જી. પી.આઈ. એલ.બી.ડાભી આ ગુન્હાના મુખ્ય તપાસ કરનાર અધિકારી રહેલા છે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, શ્રી ડાભી સાહેબની સુચના અને માર્ગદર્શન મુજબ તેઓએ આ ખોટુ પંચનામું તૈયાર કરેલ છે અને આ ઉપરી અધિકારીની સુચનાથી તૈયાર કરેલ પંચનામાના સમર્થનમાં ખોટી હકીકત જણાવેલ છે.

(૪૪) ફરિયાદ પક્ષે આંક–૨૩૯ થી સાહેદ નં. ૧૭ તરીકે પી.એસ.ઓ. વિનોદભાઈ મુળજીભાઈને તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ તેઓ વિધ્યાનગર પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ ના ચાર્જમાં હતા ત્યારે ફરીયાદી શ્રી જી.એસ.ગઢવી પો.સ.ઇ. શ્રી વિધ્યાનગરનાઓની પી.આઈ. શ્રી ડી.આર.ગોહીલ રૂબરૂની ફરીયાદ તેઓ તરફ ગુન્હો રજીસ્ટર થવા સારૂ આવતા તે ફરીયાદના આધારે વિધ્યાનગર પોલીસ સ્ટેશનના ગુન્હા રજીસ્ટર નં. ૧૧૨૧૫૦૩૭૨૩૦૫૫૫/૨૦૨૩ થી ઇ.પી.કો. કલમ–૩૭૦(એ), ૩૭૬, ૩૭૨, ૧૨૦ (બી) તથા પોકસોની કલમ ૩(એ), ૪, ૫(એલ), ૬ તથા ઇમમોરલ ટ્રાફીકીંગ એકટની કલમ ૫(૧)(ડી)(૨) મુજબનો ગુન્હો દાખલ કરેલ અને તે ગુન્હા અંગે પોલીસ સ્ટેશનની સ્ટેશન ડાયરીમાં ટુંકી નોંધ કરેલ તેમજ એફ.આઇ.આર. મુદ્દત સમયમાં નામદાર કોર્ટમાં મોકલી આપેલ તેમજ આ ગુન્હા બાબતે સૂચિપત્ર તૈયાર કરેલ અને આગળની તપાસ પી.આઇ શ્રી એલ.બી.ડાભી, એસ.ઓ.જી, આણંદનાઓ તરફ મોકલી આપેલ હતી. સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૨૪૦ થી રજુ સુચિપત્રમાં પી.એસ.ઓ. તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. પી.એસ.ઓ. સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૨૪૧ થી સ્ટેશન ડાયરીની ઓનલાઈન નકલ રજુ કરેલ છે જેના પાના નં. ૦૨ ઉપર અનુક્રમ નં. ૦૯ ઉપર સદર ગુન્હાની ટુંકી હકીકત લખેલ છે. પી.એસ.ઓ. સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૯૪ થી રજુ જાહેર રીપોર્ટમાં તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

(૪૪.૧) આરોપી નં. ૦૧ તરફે વિદ્વાન વકિલશ્રી દ્વારા આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, પી.એસ.ઓ. ની ડ્યૂટી બદલાય તો સ્ટેશન ડાયરીમાં તેની નોંધ થાય અને તેઓએ આંક–૨૪૧ થી રજુ કરેલ સ્ટેશન ડાયરીના પાના નં. ૦૨ અને ૦૩ માં પી.એસ.ઓ. તરીકે તેઓની ડ્યૂટી શરૂ થયા અંગેની કોઇ નોંધ રહેલ નથી અને તે દિવસે સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી પી.એસ.ઓ. તરીકે મહેન્દ્રસિંહ ખુમાનસિંહ ડાભી ડયુટી ઉપર હતા અને ફરીયાદમાં જે કોઇ હકીકત હોય તેની નોંધ સ્ટેશન ડાયરીમાં તથા એફ.આઇ.આર. માં કરવાની હોય છે અને તેના આધારે સુચિપત્ર અને જાહેર રીપોર્ટ તૈયાર થાય છે. પી.એસ.ઓ. સાહેદે આંક–૧૯૫ વાળી ફરીયાદ જોઈને જણાવેલ છે કે, તેમાં આરોપી નં ૧ નો માત્ર એક જ મોબાઇલ

નંબર ૯૩૨૨૨૮૧૧૧૫ દર્શાવેલ છે અને તે સિવાય બીજો કોઇ નંબર દર્શાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૨૪૦ વાળા સૂચિપત્ર અને આંક–૧૯૪ વાળા જાહેર રીપોર્ટમાં આરોપી નં.૦૧ ના કુલ બે મોબાઇલ નંબર દર્શાવેલ છે અને આ સૂચિપત્ર અને જાહેર રીપોર્ટમાં આરોપી નં. ૦૧ નો બીજો મોબાઇલ નંબર ૭૮૨૦૯૨૯૯૮૭ દર્શાવેલ છે જે શાના આધારે દર્શાવેલ તે તેઓ કહી શકે નહી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, આરોપી નં. ૦૧ નો આ જે બીજો મોબાઇલ નંબર દર્શાવેલ છે તે ખોટો અને ભૂલથી બીજા કોઇનો દર્શાવેલ છે. ત્યારબાદ તેઓએ જણાવેલ છે કે, આ જે બીજો મોબાઇલ નંબર દર્શાવેલ છે તે શરતચૂકથી દર્શાવેલ છે. ત્યારબાદ તેઓ કહે છે કે તે બીજો મોબાઇલ નંબર કઇ રીતે સૂચિપત્ર અને જાહેર રીપોર્ટમાં લખાયેલ છે તે હાલમાં યાદ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ફરીયાદ હકીકતની બહારની કોઇ હકીકત સૂચિપત્ર અને જાહેર રીપોર્ટમાં લખી શકાય નહી અને ફરીયાદમાં આરોપી નં. ૦૧ નું નામ "મુનાવર હુસેન" જાહેર થયેલ છે અને આરોપી નં. ૦૧ નું પુરૂ નામ કે તેનું કોઇ બીજુ નામ જાહેર થયેલ નથી.

(૪૪.૨) આરોપી નં. ૦૨, ૦૩, ૦૪, ૦૬, અને ૦૭ ના વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉપર મુજબની ઉલટ તપાસ સ્વીકારવામાં આવેલ છે.

(૪૪.૩) આરોપી નં. ૦૫ અને ૦૮ તરફે આરોપીના વિદ્વાન વકિલશ્રી દ્વારા આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ તા.૧૩/૦૯/૨૦૨૩ ના અગાઉ એકાદ વર્ષથી વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.ઓ. ના ચાર્જમાં રહેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, પી.એસ.ઓ. તરીકે લાંબા સમયથી ફરજ બજાવેલ હોય તેથી પી.એસ.ઓ તરીકે શું કામગીરી કરવાની અને શું ફરજ બજાવવાની તે અંગે સચોટ જાણકારી છે. તેઓએ સ્વીકારેલ છે કે, આ ગુન્હા સબંધીત તા.૧૩/૦૯/૨૦૨૩ પહેલા તા. ૦૬/૦૯/૨૦૨૩ થી સ્ટેશન ડાયરીમાં અવાર નવાર નોંધ થયેલ છે અને તે અગાઉની નોંધથી તેઓએ આ નોંધ કરી ત્યારે વાકેફ હતા અને આ ગુન્હાની નોંધ કરતા સમયે આ ગુન્હા સબંધિત અગાઉની અન્ય નોંધ ન્યાયિક રીતે ખુબ જરૂરી હતી. તેઓએ સ્વીકારેલ છે કે, તા.૧૩/૦૯/૨૦૨૩ ના હાલનો ગુન્હો નોંધવા માટે તેઓને કોઇ લેખિત હુકમ મળેલ નહી અને તેઓએ હાલનો ૧૧૨૧૫૦૩૭૨૩૦૫૫૫/૨૦૨૩ નો નોંધી આગળની તપાસ કોઇને સોંપતો લેખિત

હુકમ કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, એટલા માટે સ્ટેશન ડાયરીમાં આ અંગે કોઇ નોંધ કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, કોઇપણ કોગ્નીઝેબલ ગુન્હો સ્ટેશન ડાયરીમાં નોંધી તે ગુન્હાની આગળની તપાસ પી.એસ.ઓ. એ જ જે તે અધિકારીને હુકમથી સોંપવાની હોય છે. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, આ ગુન્હાના કામે આવો કોઇ તપાસ સોંપવાનો હુકમ નહી કરવા અંગે કોઇ ખુલાસો ખરો? જવાબમાં જણાવેલ છે કે, ના.

(૪૪.૪) પી.એસ.ઓ. સાહેદે તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓએ આ ગુન્હાની નોંધ કરી તે સમયે ફરીયાદી પી.એસ.આઇ. શ્રી ગઢવી તેમજ રૂબરૂ તરીકે ફરીયાદ લેનાર પી.આઇ. શ્રી ડી.આર.ગોહીલ તેઓના ઉપરી અધિકારી હતા અને આ ગુન્હાની નોંધ માટે ફરીયાદ સાથે બીજા કોઇ દસ્તાવેજો તેઓને આપેલા નહી અને ફરીયાદમાં જે તે સમયે ભોગ બનનારની ઉંમર ૧૬ વર્ષ દર્શાવેલ તે બાબતે ઉંમર અંગેનો કોઇ દસ્તાવેજી આધાર ફરીયાદ સાથે ન હતો અને તેઓના બંને ઉપરી અધિકારીની મૌખિક સૂચના મુજબ તેઓએ ફરીયાદ સ્ટેશન ડાયરીમાં નોંધેલ. તેઓએ સ્વીકારેલ છે કે, તા. ૦૬/૦૯/૨૦૨૩ થી આ ગુન્હાની નોંધ તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ કરેલ તે સમય દરમ્યાન ભોગ બનનાર બાંગ્લાદેશની છોકરી વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે જ હતી અને આ ભોગ બનનારની રહેવાની, જમવાની બધી વ્યવસ્થા પોલીસ સ્ટેશનમાં જ કરવામાં આવેલી. તેઓએ સ્વીકારેલ છે કે, આ સમય દરમ્યાન જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓ ભોગ બનનારની પૂછપરછ કરવા માટે પોલીસ સ્ટેશને આવેલા અને આ ભોગ બનનારની પુછપરછ કરવા માટે સ્ટેટ ઇન્ટેલીજન્સ, સી.આઇ.ડી, આઇ.બી, કસ્ટમના અધિકારીઓ પણ પોલીસ સ્ટેશને આવેલા. તેઓએ સ્વીકારેલ છે કે, લેખિત ફરીયાદના આધારે એફ.આઇ.આર.ના પ્રિન્ટેડ ફોર્મમાં દર્શાવેલા કોલમમાં અલગ અલગ નોંધ પી.એસ.ઓ. એ કરવાની હોય છે અને એફ.આઇ.આર. ના અંતમાં પી.એસ.ઓ. એ સહી કરવાની હોય છે અને ફરીયાદીની પણ સહી હોય છે અને એફ.આઇ.આર. કુલ–૦૪ નકલમાં તૈયાર કરવામાં આવે છે. જેમાં એક પોલીસ સ્ટેશનની, એક નામદાર કોર્ટની, એક વીઝીંટીંગ અધિકારી અને એક ફરીયાદીની હોય છે અને જે તે સમયે ડી.વાય.એસ.પી. શ્રી પંચાલ સાહેબ વીઝીંટીંગ ઓફીસર હતા.

(૪૪.૫) પી.એસ.ઓ. સાહેદે તેઓની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, ફરીયાદ વાંચી એવુ જણાયેલ કે વિધ્યાનગર પોલીસ સ્ટેશનની હદમાં આ ગુન્હો બનેલ નથી અને તેઓએ તૈયાર કરેલ એફ.આઇ.આર.ના કોલમ નં. ૦૫ ઘટનાનું સ્થળના પેટા કોલમ (ક) પોલીસ સ્ટેશનથી દિશા અંતરમાં ૩૭ કિલોમીટર દર્શાવેલ છે અને ફરીયાદના અભ્યાસના આધારે તેઓએ આ ૩૭ કિલોમીટરનું અંતર વિધ્યાનગર પોલીસ સ્ટેશનથી વડોદરાનું દર્શાવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તૈયાર કરેલ એફ.આઇ.આર. ના કોલમ નં. ૧૩ માં એવી નોંધ છપાયેલ છે કે, "પ્રથમ માહિતિ અહેવાલ ફરીયાદી/બાતમીદારને વાંચી સંભળાવેલ છે અને ફરીયાદીએ લખાવ્યા પ્રમાણે જ નોંધવામાં આવેલ છે તેવુ ફરીયાદી/બાતમીદારે સ્વીકારેલ છે અને ફરીયાદી/બાતમીદારને તેની નકલ વિના મૂલ્યે આપવામાં આવી છે." તેમજ " વાંચી સંભળાવવામાં આવ્યુ અને તે બરાબર છે." તેઓએ સ્વીકારેલ છે કે, કોલમ નં. ૧૩ ની આ નોંધ નીચે કોલમ નં. ૧૪ માં ફરીયાદી પી.એસ.આઇ. શ્રી ગઢવીની સહી રહેલ છે અને પી.એસ.આઇ. શ્રી ગઢવીએ કરેલી સહી અને આ એફ.આઇ.આર. માં તેઓએ તેમના હોદ્દાની રીતે કરેલ તેઓની સહી આ દસ્તાવેજ સાચો હોવા બાબતે કરેલી. પી.એસ.ઓ. સાહેદની ઉલટ તપાસ દરમ્યાન આંક–૨૪૨ થી રજુ એફ.આઈ.આર. જોઈ તેમાં તેઓની સહી અને ફરિયાદી તરીકે પો.સ.ઈ. ગઢવીનાઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, એફ.આઇ.આર. ના કોલમ નં. ૦૫ માં ઘટનાનું સ્થળ ૩૭ કિલોમીટર દૂર બતાવેલ હોય એફ.આઇ.આર. ઝીરો નંબરથી નોંધવી પડે અને ઝીરો નંબરથી નોંધી જે પોલીસ સ્ટેશનની હદમાં ગુન્હો બનેલ હોય તે પોલીસ સ્ટેશન તરફ અસલ કાગળો સાથે મોકલી આપવાની રહે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, આ રીતે પી.એસ.ઓ તરીકે કાર્યવાહી નહી કરી ખોટી રીતે વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, ઉપલા અધિકારીની સૂચના મુજબ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી ચાલુ રાખેલ. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારની ઉંમર ૧૬ વર્ષ દર્શાવેલ છે તે અંગે ભોગ બનનારનો કોઇ જન્મનો દાખલો, શાળાનો દાખલો, લીવીંગ સર્ટીફીકેટ કે અન્ય કોઇ દસ્તાવેજી આધાર પુરાવો તેઓને મળેલ નથી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ પી.એસ.ઓ. ની ફરજના ભાગરૂપે ખોટી કાર્યવાહી કરેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ કરેલી કાર્યવાહી તેઓના ઉપરી અધિકારીની સૂચના મુજબ કરેલી.

(૪૫) ફરિયાદ પક્ષે આંક–૨૫૨ થી સાહેદ નં. ૧૮ તરીકે હોટલ આઈલેન્ડ પાર્કના મેનેજર નકુલ દેવીલાલ જોશીને તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ત્રણ ચાર વર્ષ પહેલાં એસ.જી. હાઇ વે ગુરૂ દ્વારા પાસે અમદાવાદમાં આઈસ લેન્ડ હોટલ ઉપર મેનેજર તરીકે ફરજ બજાવતા હતા અને હોટલના માલિક મથુરભાઈ નામના વ્યક્તિ હતા અને તેઓ ગ્રાહક આવે રૂમ ફાળવણીનું કામ કાજ કરતા હતા અને આજથી ૩–૪ વર્ષ પહેલા આણંદથી એસ.ઓ.જી. વિભાગના પોલીસ અધિકારી હોટલ આઇલેન્ડ પાર્ક ઉપર તપાસ માટે આવેલા તે વખતે તેમની સાથે એક છોકરી હતી તેમજ લેડીઝ સ્ટાફ હતો અને તેઓની હોટલ ઉપરથી હોટલનું રજીસ્ટર તેમજ ડી.વી.આર. તપાસ માટે લઇને ગયેલા અને તપાસ માટે તેઓને બીજા દિવસે પોલીસ સ્ટેશન ખાતે હાજર રહેવા જણાવેલ હતુ અને આણંદથી એસ.ઓ.જી વિભાગના પોલીસ અધિકારી તપાસમાં આવેલ ના પંદરેક દિવસ પહેલાં એક કપલ આવેલું તે કપલને મથુર અંકલે રૂમ આપેલ અને આ કપલ રાત્રે ૮– ૯ વાગે આવેલ અને સવારે હોટલ માંથી ચેકઆઉટ કરેલ. હોટલ આઈલેન્ડ પાર્કના મેનેજર નકુલ દેવીલાલ જોશીએ તેઓની જુબાની દરમ્યાન હોટલ આઇલેન્ડ પાર્કનું વીઝીટર રજીસ્ટર જોઈ જેના અનુક્રમ નં ૯૭૪ ઉપર ની એન્ટ્રી જોઇને જણાવેલ છે કે, ૪૦૫ નંબરનો રૂમ હની પટેલ તથા ઝાકીયા બિસસ નાઓને તા.૦૩/૦૯/૨૦૨૩ ના રાત્રીના ૦૯:૦૦ કલાકે એલોટ કરવામાં આવેલ અને તા.૦૪/૦૯/૨૦૨૩ ના સવારે ૦૮:૦૦ વાગે રૂમ છોડવામાં આવેલો.વધુમાં હોટલ આઈલેન્ડ પાર્કના મેનેજર નકુલ દેવીલાલ જોશીએ તેઓની જુબાની દરમ્યાન હોટલનુ વીઝીટર રજીસ્ટરની એન્ટ્રી નં. ૯૮૧ જોઇને જણાવેલ છે કે રૂમ નં. ૪૦૫ નંબરનો રૂમ હની પટેલ તથા આયુષી પટેલ નાઓને તા.૦૪/૦૯/૨૦૨૩ ના રાત્રીના ૦૮:૦૦ કલાકે એલોટ કરવામાં આવેલ અને તા.૦૫/૦૯/૨૦૨૩ ના સવારે ૦૬:૦૦ વાગે રૂમ છોડવામાં આવેલો અને એન્ટ્રી નં. ૯૭૪ અને ૯૮૧ માં છેલ્લેથી બીજા કોલમમાં સહી તથા કેટલાક આંકડા લખેલા છે, તે આંકડા મોબાઇલ નંબરના આંકડા છે. હોટલ આઈલેન્ડ પાર્કના મેનેજર નકુલ દેવીલાલ જોશીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૨૫૩ થી હોટલમાં નિભાવવામાં આવતા રજીસ્ટરની એન્ટ્રી નં. ૯૭૪ અને ૯૮૧ વાળા પાનાની ખરી નકલ રજુ કરેલ છે.

(૪૫.૧) આરોપી નં. ૦૧ તરફે આરોપીના વિદ્વાન ચીફ ડિફેન્સ કાઉન્સીલ શ્રી દ્વારા સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓને

બતાવવામાં આવેલ રજીસ્ટરમાં રહેલ હસ્તાક્ષરો તેઓના નથી અને એન્ટ્રી નં. ૯૭૪ અને ૯૮૧ વાળા ગેસ્ટ આવ્યા ત્યારે તેઓ હાજર ન હતા અને તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં સાચી હકીકતો હતી તે જણાવેલ અને પોલીસ તેઓની હોટલ થી ડી.વી.આર. લઇ ગયેલ તેના પછી ડી.વી.આર. નું શું કરેલ તે બાબતે તેઓ કહી શકે નહી. તેઓએ સ્વીકારેલ છે કે, હોટલના નિયમો મુજબ જે કોઇ ગેસ્ટ હોટલમાં આવે ત્યારે આધારકાર્ડ રજુ કરે તેની સાથે તે વ્યક્તિનો ચહેરો પણ જોઇ ખરાઇ કરવામાં આવે છે. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, એન્ટ્રી નં. ૯૭૪ અને ૯૮૧ ના ગેસ્ટ દ્વારા રજુ કરવામાં આવેલ આધારકાર્ડ સાથે તેમના ચહેરાની ખરાઇ આપે કરેલ નહી? જેના જવાબમાં જણાવેલ છે કે, એન્ટ્રી નં. ૯૭૪ સમયે તેઓ હાજર ન હતા તેથી તેઓએ કરેલ નથી. તેઓએ જણાવેલ છે કે, એન્ટ્રી નં. ૯૮૧ બાબતે લાંબો સમય થઇ ગયેલ હોય તેઓને હાલમાં યાદ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, એસ.ઓ.જી. વાળા સાહેબને રજીસ્ટર સાથે આધારકાર્ડની નકલ પણ આપેલ અને પોલીસે જે દિવસે તેઓની પૂછપરછ કરેલ તે દિવસે જ તેઓની પાસેથી બધા પુરાવા લઇ લીધેલા. તેઓએ ઈન્કાર કરેલ છે કે, પોલીસને મદદ કરવા ખોટી જુબાની આપે છે અને ઉપરોકત એન્ટ્રી સમયે તેઓ હાજર ન હોવા છતા ખોટી હકીકતો જણાવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તેમની જુબાનીમાં રજીસ્ટરની એન્ટ્રીના આધારે તે જોઇને આપેલ છે.

(૪૫.૨) આરોપી નં. ૦૨ અને ૦૩ ના વિદ્વાન વકિલશ્રીઓ દ્વારા ઉપર મુજબની ઉલટ તપાસ સ્વીકારવામાં આવેલ છે.

(૪૫.૩) આરોપી નં. ૦૪ દ્વારા ટ્રાન્સફરથી અને આરોપી નં.૦૬ અને ૦૭ તરફે આરોપીના વિદ્વાન વકિલશ્રી દ્વારા સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, એસ.ઓ.જી. વાળા સાહેબ આવેલા તેના બીજા દિવસે તેઓ અને માથુર અંકલ બંને સાથે પોલીસ સ્ટેશન ગયેલા. તેઓએ ઈન્કાર કરેલ છે કે, પોલીસે તમામ પૂછપરછ માથુર અંકલની કરેલી અને આ બંને એન્ટ્રી બાબતે પોલીસે ફકત માથુર અંકલની પૂછપરછ કરેલી. તેઓએ સ્વીકારેલ છે કે, એન્ટ્રી નંબર ૯૭૪ વાળી એન્ટ્રી માથુર અંકલે કરી હોવાનું તેઓએ પોલીસને જણાવેલ અને તેઓએ પણ તે એન્ટ્રી માથુર અંકલે કરી હોવાનું પોલીસને જણાવેલ.

(૪૫.૪) આરોપી નં. ૦૫, ૦૮ ના વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉપર મુજબની ઉલટ તપાસ સ્વીકારવામાં આવેલ છે.

(૪૬) ફરિયાદ પક્ષે આંક–૨૫૪ થી સાહેદ નં. ૧૯ તરીકે તપાસ કરનાર અધિકારી શ્રી લવકુમાર બનેસિંહ ડાભીને તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ૨૦૨૩ની સાલમાં એસ.ઓ.જી. શાખા, આણંદ ખાતે પી.આઇ. તરીકે ફરજ દરમ્યાન વિધ્યાનગર પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૨૧૫૦૩૭૨૩૦૫૫૫/૨૦૨૩ ની તપાસ તેઓને સોપવામાં આવતાં ગુન્હા બનાવની એફ.આઇ.આર. વંચાણે લેતા સદર કામે ફરીયાદી તરીકે જી.એસ.ગઢવી પોલીસ સબ ઇન્સ્પેક્ટર વિધ્યાનગરનાઓએ ફરીયાદ ડી.આર.ગોહીલ પી.આઈ. શ્રી વિધ્યાનગર નાઓ રૂબરૂ આપેલ હતી તેની તપાસ સંભાળેલ હતી અને ગુન્હાની ટુંકી વિગત જોતા આ કામના ભોગ બનનાર બાંગ્લાદેશના હોય તેઓને ભારતમાં આવી મોડેલીંગનું કામ કરવુ હોય એજન્ટ મારફતે તેઓ બાંગ્લાદેશ બોર્ડર પાર કરી ભારતમાં આવેલ અને ભારત આવ્યા બાદ મુનાવર હુસેન જોય ઉર્ફે અનવરહુસેન જોય ને ફેસબુક મેસેન્જરથી કોન્ટેકટ થતા ભોગ બનનાર મુંબઈ આવેલ જયાં રેલ્વે સ્ટેશન ઉપર મુનાવર હુસેન તેને લઇને સોનિયા શીંદે ઉર્ફે નઝમા રઝાક બિસસ ના ઘરે મુકી ગયેલ અને તા. ૨૨/૦૮/૨૦૨૩ થી ૨૯/૦૮/૨૦૨૩ સુધી સોનિયાના જ ઘરે રોકાયેલ હતી અને તા. ૩૧/૦૮/૨૦૨૩ ના રોજ ભોગ બનનાર નાઓ સોનિયા સાથે વડોદરા મુકામે આવેલ જ્યાં જેઠાનંદ ઉર્ફે સુનિલ સાથે વાતચીત કરી હોટલ લોટ્સ ગોલ્ડ વડોદરા ખાતે રોકાયેલ જયાં જેઠાનંદ ઉર્ફે સુનિલ દ્વારા બે ગ્રાહકો મોકલવામાં આવેલ અને બે ઇસમોએ ભોગ બનનાર સાથે શારીરિક સબંધ બાંધેલ ત્યારબાદ સોનિયા સાથે ભોગ બનનાર અમદાવાદ મુકામે આવેલ અને ત્યાં બે અન્ય ઇસમોએ ભોગ બનનાર સાથે શારીરીક સબંધ બાંધેલ અને તા.૦૫/૦૯/૨૦૨૩ ના રોજ વિધ્યાનગર મુકામે આવેલ જ્યાં ભોગ બનનારને હવે અહીં રહેવુ ન હોય અને પોતાના વતન પરત જવુ હોય ભોગ બનનારે પોતાના સબંધીને કોન્ટેકટ કરેલ અને તે સબંધીએ વડોદરા ખાતે રહેતા નિલોયનો નંબર આપેલ અને નિલોયે ભોગ બનનારનું લોકેશન મેળવી હેલ્પલાઇન નં. ૧૮૧ અભયમ ઉપર કોન્ટેકટ કરી ભોગ બનનારને તેમજ સોનિયાને વિધ્યાનગર પોલીસ સ્ટેશન મુકી ગયેલા હતા. તેઓએ વધુમાં જણાવેલ છે કે, ભોગ બનનાર સગીરવયના હોય લીગલ કમ પ્રોબેશન ઓફીસર બાળ સુરક્ષા એકમના મનિષાબેન

જેઠવાનાઓને બોલાવવામાં આવેલ અને તેમના રૂબરૂ તેની પુછપરછ કરતા ભોગ બનનાર તેમની જન્મ ૧૯/૦૬/૨૦૦૭ બતાવેલ હતી અને આમ ભોગ બનનારની ઇચ્છા વિરૂધ્ધ તેની સાથે શારીરીક સબંધ બાંધનાર તેમજ તે કાર્યમાં મદદ કરનાર વિરુધ્ધ ગુન્હો દાખલ કરવામાં આવેલ અને જે મુજબની એફ.આઇ.આર વાંચી તેઓએ આ કામમાં સામેલ રાખેલ અને આ કામે વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ જાણવા જોગ નંબર ૭૦/૨૦૨૩ ના કાગળો પણ કામમાં સામેલ રાખેલ અને જેમાં ભોગ બનનારનો જન્મનો દાખલો વ્હોટ્સએપ દ્વારા મેળવવામાં આવેલ ત્યારબાદ આ કામે તેઓ રૂબરૂ ભોગ બનનારનું નિવેદન લેવા લીગલ કમ પ્રોબેશન ઓફીસર બાળ સુરક્ષા એકમના મનિષાબેન જેઠવા તથા ભોગ બનનાર હીન્દી ભાષા સમજતા ન હોય જેથી દુભાષિયા તરીકે મંગલચંદ મન્નાને પણ હાજર રાખી નિવેદન લેવામાં આવેલું અને ભોગ બનનારે તેણીના નિવેદનમાં ફરીયાદને સમર્થન આપતુ નિવેદન લખાવેલ હતુ અને અમદાવાદ ખાતે સાંઇવિલા હોટલમાં એક ઇસમે તેની સાથે શારીરીક સબંધ બાંધેલ અને હોટલ આઇલેન્ડ પાર્કમાં પણ એક ઇસમે તેની સાથે શારીરીક સબંધ બાંધેલ હતો અને ભોગ બનનારની મેડીકલ તપાસણી કરાવવા મહીલા પોલીસ કર્મચારી સાથે હોસ્પીટલ મોકલવાની તજવીજ કરેલ હતી ત્યારબાદ આ કામે મુનાવર હુસેન જોય જેની ફેસબુક આઇ.ડી. અનવરહુસેન જોય વાળાની તપાસમાં એક પોલીસ સબ ઈન્સ્પેક્ટર સાથે ૩ પોલીસ કર્મચારીને તપાસ અર્થે મોકલેલ ત્યારબાદ આ કામે ભોગ બનનાર વિધ્યાનગર ખાતે જે જગ્યાએ રહેલ તે હેતલ પટેલ અને ગોપાલ પટેલના નિવેદનો લેવામાં આવેલ હતા. તેઓએ વધુમાં જણાવેલ છે કે, ભોગ બનનાર સાથે જે જે હોટલમાં દુષ્કર્મ થયેલ તે બનાવના સ્થળનુ પંચનામુ કરવા સબબ ભોગ બનનાર સાથે પોલીસ સબ ઈન્સ્પેક્ટર પી.કે.સોઢા, દુભાષિયા, મનિષાબેન જેઠવા, મહિલા પોલીસ કર્મચારી તથા અન્ય સ્ટાફને વડોદરા તેમજ અમદાવાદની હોટલો ખાતે મોકલવામાં આવેલ અને જેમની સાથે મેનેજરોને પાઠવવાની થતી યાદી પણ મોકલવામાં આવેલ ત્યારબાદ ભોગ બનનારની હાજરીમાં ભોગ બનનારે બતાવેલા રૂમના વિગતવારના પંચનામા પો.સ.ઇ શ્રી સોઢા નાઓએ કરેલા અને તે પંચનામુ તથા મેનેજર શ્રી ને પાઠવેલ યાદી બજાવ્યા અંગેની નોંધ તેઓને સુપરત કરેલ હતી અને તા.૧૪/૦૯/૨૦૨૩ ના રોજ ઉપરોકત જણાવેલ ત્રણેય હોટલના મેનેજરો એસ.ઓ.જી. ઓફીસે આવેલા અને તેઓની સાથે હોટલના સી.સી.ટી.વી. ફુટેજ પેનડ્રાઇવમાં લઇને આવેલા તે સીસીટીવી ફૂટેજ વાળી પેનડ્રાઇવનું વિગતવારનું પંચોની

હાજરીમાં પંચનામુ કરવામાં આવેલ અને તે સી.સી.ટી.વી. ફુટેજ વાળી પેનડ્રાઇવ તપાસ અર્થે કબજે કરવામાં આવેલ હતી અને મુંબઇ ખાતે મોકલેલ ટીમ આ કામના આરોપી મુનાવર હુસેન જોય ને લઇને આવેલ તેમજ અન્ય એક ટીમ આ કામના અન્ય એક આરોપી જેઠાનંદ ઉર્ફે સુનિલ સેવકાનીને લઇ ને આવેલ ત્યારબાદ આ કામના ત્રણેય આરોપીને કોવિડ-૧૯ નો ટેસ્ટ કરાવી એરેસ્ટ કરવામાં આવેલ હતો અને ભોગ બનનારની ઉંમર જાણવા સારુ મેડીકલ ઓફીસરશ્રી શ્રી કૃષ્ણ હોસ્પીટલ કરમસદ નાઓને યાદી કરેલી અને યાદી સાથે ભોગ બનનારને મોકલી આપવામાં આવેલા ત્યારબાદ આરોપીઓને સમયમર્યાદામાં કોર્ટમાં રજુ કરી તા.૨૩/૦૯/૨૦૨૩ સુધીના રીમાન્ડ મેળવેલ અને તા.૧૮/૦૯/૨૦૨૩ ના રોજ આરોપીઓની તપાસમાં આ કામના બે આરોપી બાંગ્લાદેશના હોવાનું જણાઇ આવતા તે અંગે પોલીસ અધિક્ષકશ્રી આણંદનાઓને રીપોર્ટ કરેલ હતો.

(૪૬.૧) તપાસ કરનાર અધિકારીએ વધુમાં જણાવેલ છે કે, ભોગ બનનાર સાથે શારીરિક સબંધ બાંધનાર વડોદરા તેમજ અમદાવાદના અન્ય આરોપીઓને લાવવા જુદી જુદી ટીમો મોકલી તેઓને એસ.ઓ.જી. ઓફીસ ખાતે લાવવામાં આવેલા હતા જયાં તેઓની પુછપરછ કરીને અમૃત ઉર્ફે અનિલ ઉર્ફે આર્યન ગોરધનભાઇ ખરા, પ્રદિપકુમાર ઉર્ફે લાલો કાંતીભાઇ મકવાણા, રાહુલ પ્રકાશ નારાયણ મિશ્રા, શીભઇભાઇ ઉર્ફે લાલાભાઇ કરમશી દેસાઇ અને હની ત્રીભુવનભાઇ પટેલના તેઓ રૂબરૂ નિવેદન લીધેલા અને આરોપીઓના નિવેદન નોંધ્યા બાદ અટક કરવામાં આવેલા અને તેઓની શરીરસ્થિતિનું પંચનામુ પણ કરવામાં આવેલ અને પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હતો. તેઓએ જણાવેલ છે કે, સદર ગુન્હાની તપાસ દરમ્યાન ભોગ બનનારનું સી.આર.પી.સી. કલમ ૧૬૪ મુજબનું નિવેદન લેવડાવવા માટે નામદાર કોર્ટને રીપોર્ટ કરેલ અને નામદાર કોર્ટ દ્વારા તારીખ અને સમય ફાળવતા ભોગ બનનારને મહિલા પોલીસ કર્મચારી સાથે નામદાર કોર્ટમાં મોકલી આપવામાં આવેલા તથા આ ગુન્હાની તપાસ દરમ્યાન ભોગ બનનાર આરોપીઓને ઓળખી શકે તેવી હકીકત જણાવતા હોય જેથી તા. ૨૦/૦૯/૨૦૨૩ ના રોજ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શ્રી આણંદ ગ્રામ્યનાઓને આરોપીઓની ઓળખ પરેડ બાબતે યાદી કરવામાં આવેલી જે યાદીના આધારે એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શ્રી આણંદ ગ્રામ્ય નાઓને ઓળખ પરેડ યોજવા માટે તારીખ અને સમય ફાળવતો પત્ર તેઓ તરફ મોકલી આપેલ અને આ

કામે આરોપીઓની ઓળખપરેડ પુર્ણ થતા આરોપીઓનો કબજો તેઓને પરત આપવામાં આવેલો અને ઓળખપરેડ દરમ્યાન તેઓએ એક પ્રમાણપત્ર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શ્રી નાઓને આપેલ અને જે પ્રમાણપત્ર આરોપીઓની ઓળખ છતી થયેલ નથી તે બાબતનું હતુ અને ઓળખ પરેડનું પંચનામુ તપાસના કામે મળતા તે કામમાં સામેલ રાખેલ અને આ ગુન્હાની તપાસ દરમ્યાન આરોપીઓની શારીરિક તપાસ તેમજ તેમના શરીર પરથી નમૂના મેળવવા યાદી સાથે મેડીકલ ઓફીસર શ્રી કૃષ્ણ હોસ્પીટલ કરમસદ ખાતે આરોપીઓને મોકલી આપવામાં આવેલા અને આરોપીઓના શારીરીક તપાસણીના સર્ટીફીકેટ તપાસના કામે સામેલ રાખેલા. તેઓએ જણાવેલ છે કે, આરોપીઓ તેમજ ભોગ બનનારના ડી.એન.એ. ટેસ્ટ માટે સેમ્પલ મેળવવા મેડીકલ ઓફીસરશ્રી નાઓને યાદી કરવામાં આવેલી અને આ ગુન્હાની તપાસ દરમ્યાન આ નમુનાઓ મળી આવતા તમામ મુદ્દામાલ અમદાવાદ તથા ગાંધીનગર ખાતે રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ખાતે મોકલી આપેલ અને આરોપીઓ સામે તપાસ દરમ્યાન જે કઇ પુરાવા મળેલા તે ચાર્જશીટ કરવા જેટલા પુરતા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ હતુ.

(૪૬.૨) તપાસ કરનાર અધિકારી ડાભીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૯૬ થી રજુ થયેલ ભોગ બનનારની શરીરસ્થિતિ તેમજ કપડા કબજે કર્યાનું પંચનામુમાં રૂબરૂ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને તેઓની જુબાની દરમ્યાન આંક–૧૦૨ થી રજુ થયેલ આરોપી નં. ૦૪ થી ૦૮ ની શરીર સ્થિતિનું અને કપડા અને મોબાઈલ કબજે કર્યાના પંચનામામાં તેઓએ રૂબરૂ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેઓની જુબાની દરમ્યાન આંક–૮૪ થી રજુ થયેલ આરોપી નં.૦૧ થી ૦૩ ની શરીરસ્થિતિ અને મુદ્દામાલ કબજે લીધાનું પંચનામામાં તેઓએ રૂબરૂ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને તપાસ કરનાર અધિકારી ડાભીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૧૦૦ થી રજુ થયેલ સી.સી.ટી.વી. ફુટેજ વાળી પેનડ્રાઇવ કબજે કર્યાનું પંચનામામાં તેઓએ રૂબરૂ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને તપાસ કરનાર અધિકારી ડાભીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૧૦૧ થી રજુ થયેલ સી.સી.ટી.વી. ફુટેજની કલર પ્રિન્ટઆઉટમાં તેઓએ રૂબરૂ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને તપાસ કરનાર અધિકારી ડાભીએ તેઓની જુબાની દરમ્યાન આંક–

૨૧૫ થી રજુ ઓળખ પરેડ યોજવા માટે એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીનાઓને કરેલ યાદીમાં તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને તપાસ કરનાર અધિકારી ડાભીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૨૧૮ થી રજુ થયેલ આરોપીઓની ઓળખ છતી થયેલ ન હોવા અંગેનું પ્રમાણપત્રમાં તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તપાસ કરનાર અધિકારી ડાભીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૧૦૩A થી રજુ થયેલ ભોગ બનનારની મેડીકલ તપાસણી માટેની યાદીમાં તેઓએ તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને આંક–૧૧૩ થી રજુ થયેલ ભોગ બનનારની ઉંમર અંગે શારીરિક તપાસણી કરવા માટેની યાદીમાં તેઓએ તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને આંક–૧૨૧ થી રજુ થયેલ ભોગ બનનારના ડી.એન.એ. ટેસ્ટ માટે સેમ્પલ લેવાની યાદીમાં તેઓએ તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે તથા આંક–૧૧૬ થી રજુ થયેલ આરોપીઓની શારીરિક તપાસણી કરવા માટેની યાદીમાં તેઓએ તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. વધુમાં તપાસ કરનાર અધિકારી ડાભીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૧૨૩ થી રજુ થયેલ આરોપીઓના ડી.એન.એ. ટેસ્ટ માટે સેમ્પલ લેવાની યાદીમાં તેઓએ તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે તથા આંક–૧૨૩ થી રજુ થયેલ મેનેજરશ્રી એસ.બી.આઈ. બેન્કના એકાઉન્ટની માહિતા આપવા માટે કરેલ યાદીમાં તેઓએ તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તપાસ કરનાર અધિકારીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૨૫૬ અને આંક–૨૫૭ થી રજુ થયેલ આરોપી નજમા રઝાક બિસેસના એકાઉન્ટના બેન્ક સ્ટેટમેન્ટ જોઈ તેઓએ તપાસના કામે સામેલ રાખેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને આંક–૨૫૮ થી રજુ થયેલ સાહેદ મંગલચંદ ગોવિંદ મન્ના નાઓ બંગાળી ભાષા જાણતા હોય અને તેણે ભોગ બનનારે બંગાળી ભાષામાં જે હકીકતો જણાવેલ તે હકીકત હીન્દી ભાષા તથા ગુજરાતી ભાષામાં ભાષાંતર કરેલ તેનુ પ્રમાણપત્ર તેઓએ તપાસના કામે સામેલ રાખેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તપાસ કરનાર અધિકારીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૨૫૯ થી રજુ થયેલ ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૫(બી)૪(સી) મુજબનું હોટલ આઈલેન્ડ પાર્કના મેનેજર નાઓએ પેનડ્રાઈવ રજુ કરેલ તે અંગેના પ્રમાણપત્ર જોઈ તે પ્રમાણપત્ર તેઓએ તપાસના કામે સામેલ રાખેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તપાસ કરનાર અધિકારી ડાભીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૨૬૦ અને ૨૬૧ થી રજુ થયેલ સરકારી પંચો ફાળવવા માટેની

યાદીમાં તેઓએ તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને આંક–૨૬૨ થી રજુ થયેલ સંયુક્ત કાગળો ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરવાની યાદી તેમજ મેનેજરોને બજાવવાની નોટીસોમાં તેઓએ તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને આંક–૨૬૩ થી રજુ થયેલ આરોપીઓની ઓળખ પરેડ માટે નામદાર કોર્ટને કસ્ટડી સોંપવા બાબતે કરેલ રીપોર્ટ તથા જેલરશ્રીને કરેલ યાદી તેમજ નામદાર કોર્ટે કરેલ હુકમ તેમજ જેલરશ્રીએ આરોપીઓનો કબજો સોપવા બાબતે કરેલ યાદીમાં તેઓએ તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તપાસ કરનાર અધિકારીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૨૬૪ થી રજુ થયેલ આરોપીઓના ડી.એન.એ. ટેસ્ટ માટે નામદાર કોર્ટને કસ્ટડી સોંપવા બાબતે કરેલ રીપોર્ટ તથા જેલરશ્રીને કરેલ યાદી તેમજ નામદાર કોર્ટે કરેલ હુકમ તેમજ જેલરશ્રીએ કબજો સોપવા બાબતે કરેલ યાદી જોઈ તેઓએ તપાસના કામે સામેલ રાખેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તપાસ કરનાર અધિકારી ડાભીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૨૬૫ થી રજુ થયેલ સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાની યાદી કે જે એસ.ઓ.જી.ના હેડ કોન્સ્ટેબલ જે.એચ.ભરવાડ નાઓએ પી.આઇ શ્રી ફતેગંજ પોલીસ સ્ટેશન નાઓને કરેલી અને તેમાં તેઓએ હેડ કોન્સ્ટેબલ ભરવાડનાઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તપાસ કરનાર અધિકારી ડાભીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૨૬૬ થી રજુ થયેલ નામદાર કોર્ટે ભોગ બનનારને સી.આર.પી.સી.ની કલમ ૧૬૪ મુજબનું નિવેદન લેવા માટે હાજર રખાવવાની યાદી જોઈ તેઓએ તપાસના કામે સામેલ રાખેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તપાસ કરનાર અધિકારી ડાભીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૨૬૭, ૨૬૮ અને ૨૬૯ થી રજુ થયેલ મુદ્દામાલ રવાનગી પત્ર જોઈ જેમાં તેઓએ તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તપાસ કરનાર અધિકારીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૨૭૦, ૨૭૧ અને ૨૭૨ થી રજુ થયેલ મુદ્દામાલ એફ.એસ.એલ.માં મળ્યા અંગેની પહોચ જોઈ તેઓએ તપાસના કામે સામેલ રાખેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને આંક–૨૭૩ અને ૨૭૪ થી રજુ થયેલ એફ.એસ.એલ. રીપોર્ટ જોઈ તેઓએ તપાસના કામે સામેલ રાખેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તપાસ કરનાર અધિકારી ડાભીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૨૭૫ થી રજુ એફ.એસ.એલ. નાઓને સ્થળ પરીક્ષણ કરવા માટેની યાદી જોઈ તેઓએ તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તપાસ કરનાર અધિકારીએ આંક–૨૭૬ થી રજુ ડી.એફ.એસ. ફોરવર્ડીંગ પત્ર, આંક–૨૭૭ થી રજુ

ડી.એન.એ. રીપોર્ટ, આંક–૨૭૮ થી રજુ ડી.એફ.એસ. ફોરવર્ડીંગ પત્ર અને આંક–૨૭૯ થી રજુ ડી.એન.એ. રીપોર્ટ જોઈ તેઓએ તપાસના કામે સામેલ રાખેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

(૪૬.૩) તપાસ કરનાર અધિકારી ડાભી એ તેઓની જુબાની દરમ્યાન મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૧ થી ૦૬ માં ભોગ બનનારના કપડા જોઈ તેઓએ પંચનામાની વિગતે કબજે કરેલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૭ વિવો કપંનીનો મોબાઈલ જોઈ જે તેઓએ જેઠાનંદ પાસેથી પંચનામાની વિગતે કબજે લીધેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૮ સેમસંગ કપંનીનો મોબાઈલ જોઈ જે તેઓએ મેસન રઙ્કાક પાસેથી પંચનામાની વિગતે કબજે લીધેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે તથા મુદ્દામાલ મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૯ અને ૧૦ વીવો કંપનીના બે મોબાઈલ જોઈ જે તેઓએ સોનિયા પાસેથી પંચનામાની વિગતે કબજે લીધેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૧ વાળી પેનડ્રાઈવ જોઈ તેઓએ હોટલ લોટ્સ ગોલ્ડના મેનેજર વિકાસ કરુનાઓ પાસેથી પંચનામાની વિગતે કબજે લીધેલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૨ વાળી પેનડ્રાઈવ જોઈ તેઓએ હોટલ સાંઈવીલાના મેનેજર મહેન્દ્ર પાટીદારનાઓ પાસેથી પંચનામાની વિગતે કબજે લીધેલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે તથા મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૩ વાળી પેનડ્રાઈવ જોઈ તેઓએ હોટલ આઈ લેન્ડ પાર્કના મેનેજર નકુલ જોશીનાઓ પાસેથી પંચનામાની વિગતે કબજે લીધેલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૪ અને ૧૫ વાળો ઓપો અને વિવો કપંનીનો મોબાઈલ જોઈ જે તેઓએ અમૃત પાસેથી પંચનામાની વિગતે કબજે લીધેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તપાસ કરનાર અધિકારી ડાભીએ તેઓની જુબાની દરમ્યાન મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૬ વાળો વિવો કપંનીનો મોબાઈલ જોઈ જે તેઓએ પ્રદિપકુમાર પાસેથી પંચનામાની વિગતે કબજે લીધેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૭ વાળુ એક ફાલસા કલરની પટ્ટીવાળુ ટી–શર્ટ અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૮ વાળું બ્લ્યુ કલરનું જીન્સનું પેન્ટ જોઈ તેઓએ પ્રદિપકુમાર પાસેથી પંચનામાની વિગતે કબજે લીધેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૯ વાળો સેમસંગ કપંનીનો મોબાઈલ જે તેઓએ રાહુલ પાસેથી

પંચનામાની વિગતે કબજે લીધેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૦ એક રાખોડી કલરનું ટી–શર્ટ અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૧ વાળુ એક સ્કાય બ્લ્યુ કલરનું જીન્સ પેન્ટ જોઈ તેઓએ રાહુલ પાસેથી પંચનામાની વિગતે કબજે લીધેલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે તથા મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૨ વાળો વીવો કપંનીનો મોબાઈલ જે તેઓએ શીભઈભાઈ પાસેથી પંચનામાની વિગતે કબજે લીધેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૦ એક રાખોડી કલરનું ટી–શર્ટ અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૩ એક આખી બાયનું ચેક્ષવાળુ શર્ટ અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૪ વાળુ એક સ્કાય બ્લ્યુ કલરનું જીન્સનું પેન્ટ જોઈ તેઓએ શીભઇભાઇ પાસેથી પંચનામાની વિગતે કબજે લીધેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તપાસ કરનાર અધિકારીએ તેઓની જુબાની દરમ્યાન મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૫ વાળો વીવો કપંનીનો મોબાઈલ જોઈ જે તેઓએ હની પટેલ પાસેથી પંચનામાની વિગતે કબજે લીધેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૦ એક રાખોડી કલરનું ટી–શર્ટ અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૭ એક અડધી બાયનું પીળા કલરનુ ટી–શર્ટ અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૮ વાળુ એક સ્કાય બ્લ્યુ કલરનું જીન્સનું પેન્ટ જોઈ તેઓએ હની પટેલ પાસેથી પંચનામાની વિગતે કબજે લીધેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

(૪૬.૪) તપાસ કરનાર અધિકારીએ તેઓની જુબાની દરમ્યાન જણાવેલ છે કે તેઓને આરોપીઓ બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. તપાસ કરનાર અધિકારીએ તેઓની જુબાની દરમ્યાન આરોપી નં. ૦૧ થી ૦૭ ને ઓળખી બતાવેલ છે અને આરોપી નં. ૦૮ તરફે આરોપીની ઓળખની તકરાર રહેલ નથી. તપાસ કરનાર અધિકારી શ્રી ડાભીએ તેમની જુબાની દરમ્યાન આંક–૭૭ થી આંક–૮૨ થી રજુ પંચ સ્લીપો જોઈ જે ભોગ બનનારના કપડા કબજે કરેલા તે પંચનામા દરમ્યાન મુદ્દામાલમાં મુકવામાં આવેલ તે જ હોવાનું જણાવી આંક–૭૭ થી ૮૨ થી રજુ થયેલ પંચ સ્લીપોમાં બે પંચોની સહી અને રૂબરૂ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને આંક–૮૫ થી આંક–૯૨ થી રજુ પંચ સ્લીપોઓ જોઈ જે આરોપીઓની શરીરસ્થિતિના પંચનામા દરમ્યાન મુદ્દામાલમાં મુકવામાં આવેલ તે જ હોવાનું જણાવેલ છે. આ બાબતે તથા આંક–૮૫ થી આંક–૯૨ થી રજુ થયેલ પંચ સ્લીપમાં બે પંચોની

સહી અને રૂબરૂ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તપાસ કરનાર અધિકારી ડાભીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૧૦૧ થી ૨જુ કલર પ્રિન્ટઆઉટ જોઈ જે હોટલના સી.સી.ટી.વી. ની પ્રિન્ટ આઉટ પંચનામા દરમ્યાન કાઢવામાં આવેલ હોવાનું જણાવી જેમાં પંચોની તથા તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

(૪૬.૫) આરોપી નં. ૦૧ તરફે વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, મુદ્દામાલ આર્ટીકલ નં. ૭, ૮, ૯ તથા ૧૪, ૧૫, ૧૬, ૧૯, ૨૨, ૨૫, ૨૬, વાળા મોબાઈલ તથા જાણવા જોગના કામે કબજે લીધેલ મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૧ વાળો મોબાઈલ ફોન જેવા મોબાઈલ ફોન બજારમાં સહેલાઈથી મળી રહે છે તેથી આ મુદ્દામાલ મોબાઈલ ફોન જો અન્ય આવા જ મોબાઈલ ફોન સાથે રાખવામાં આવે તો તેઓ આ મુદ્દામાલ મોબાઈલને ચોક્કસ રીતે ઓળખી શકે નહી. તેઓએ સ્વીકારેલ છે કે, મુદ્દામાલ આર્ટીકલ નં ૧૧,૧૨,૧૩ વાળી પેનડ્રાઇવ જેવી પેનડ્રાઇવ બજારમાં સહેલાઇ થી મળી રહે છે તેથી આ મુદ્દામાલ પેનડ્રાઇવ જો અન્ય આવી જ પેનડ્રાઇવ સાથે રાખવામાં આવે તો તેઓ આ મુદ્દામાલ પેનડ્રાઇવને ચોકકસ રીતે ઓળખી શકે નહી. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, એસ.ઓ.જી. અધિકારી તરીકે કામગીરી શુ? જેના જવાબમાં જણાવેલ છે કે, એસ.ઓ.જી. શાખાના અધિકારી તરીકે વિવિધ પ્રકારની કામગીરી કરવાની હોય છે. જેમા દેશ વિરોધી પ્રવૃતિઓ અટકાવવી, હથિયારની તસ્કરી રોકવી, NDPS ના કેસો કરવા વિગેરે કહી શકાય અને તે સિવાય લો એન્ડ ઓર્ડરને લગતા તમામ કાર્યો કરવાના હોય. તેઓએ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, આ ગુન્હાની સૌપ્રથમ જાણ તેઓને આ ગુન્હાની તપાસ તેઓને સોપેલ ત્યારે થયેલી અને તેઓને ગુન્હાની તપાસ તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૧:૧૫ વાગે એફ.આઇ.આર. દાખલ થયા બાદ સોપાયેલ અને તેઓએ તપાસ સંભાળ્યાનો ચોક્કસ સમય કહી શકે નહી અને તેઓ કેસ ડાયરીને જોઇને પણ તપાસ સંભાળ્યાનો ચોક્કસ સમય કહી શકે નહી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓને આ ગુન્હાની સૌપ્રથમ જાણ તા. ૦૭/૦૯/૨૦૨૩ ના રોજ થયેલી અને ભોગ બનનારનું પ્રથમ નિવેદન પણ તેઓએ લીધેલ અને તેઓને તપાસ મળેલી તેની સાથે જાણવા જોગના કાગળો પણ મળેલા. તેઓએ સ્વીકારેલ છે કે, આરોપી નં. ૧ નું નામ મુનાવર હુસેન ઉર્ફે અનવર ઉર્ફે મેસન રજાક રહેમાન બિસસ

હોય તેવી કોઇ હકીકત જાણવા જોગ દાખલ થઇ ત્યારથી ફરીયાદ દાખલ થઇ ત્યાં સુધી ઉર્ફે વાળા નામ જાહેર થયેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, આરોપી નં. ૦૧ ના બે મોબાઇલ નંબર હોય તેવી કોઇ હકીકત ફરીયાદ દાખલ થઇ ત્યાં સુધી જાહેર થયેલ નહી અને તેઓએ જાણવા જોગ તપાસના કાગળો જોયેલા. તેઓએ સ્વીકારેલ છે કે, જાણવા જોગના કામે ભોગ બનનારનું તથા આરોપી સોનિયાનું પણ નિવેદન લેવામાં આવેલ અને જાણવા જોગના કામે તા.૧૧/૦૯/૨૦૨૩ ના રોજ આરોપી સોનિયાનું નિવેદન લેવામાં આવેલ અને ત્યારબાદ તેના આધાર પુરાવા અને પાસપોર્ટની કોપી લઇ તેને ઘરે જવા દીધેલ અને તા.૧૧/૦૯/૨૦૨૩ થી તા.૧૩/૦૯/૨૦૨૩ સુધી જાણવા જોગની કોઇ વધુ તપાસ થયેલ નહી. તેઓએ જણાવેલ છે કે, તેઓએ આરોપીની શોધખોળ માટે ટીમ તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ મુંબઇ મોકલેલી અને ટીમને કેટલા વાગે મોકલેલ તેનો સમયનો તેઓને ખ્યાલ નથી અને તે ટીમમાં પો.સ.ઇ જી.એસ.ગઢવી તથા એસ.ઓ.જી.ના અન્ય ૩ કોન્સ્ટેબલ હતા અને આ ટીમ લગભગ ૧૫ મી તારીખે વહેલી સવારે પરત આવી ગયેલ.

(૪૬.૬) તપાસ કરનાર અધિકારી ડાભીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓની ટીમ આરોપીની શોધખોળ માટે મુંબઇ જવા રવાના થયેલ ત્યાં સુધી આરોપી નં. ૦૧ નું નામ અને ૯૩ થી શરૂ થતા તેના મોબાઇલ નંબર સિવાય અન્ય કોઇ માહિતિ કે આરોપી નં. ૦૧ નું સરનામુ તપાસના કામે મળેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, ટીમ મુંબઇ જવા રવાના થયેલ ત્યાં સુધી આરોપી નં. ૦૧ નામ મેસન રજાક બિસસ હોવાનું જાહેર થયેલ નહી અને ટીમ મુંબઇ ગઇ ત્યાં સુધી ભોગ બનનારે લખાવેલ મોબાઇલ નં. ૯૩૨૨૨૮૧૧૧૫ નું કોઇ લોકેશન કે કોલ ડીટેઇલ મેળવેલ ન હતી અને તેઓની ટીમ આરોપી નં. ૦૧ મેસન રજાક બિસસને ક્યાં આધારે પકડી લાવેલ તેનો કોઇ આધાર પુરાવા રેકર્ડ ઉપર નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આરોપી નં. ૦૩ સોનિયાને કોણ? કયારે? અને કેવી રીતે? તેઓની સમક્ષ લાવેલ તેનો કોઇ પુરાવો તપાસના કામે સામેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, જે કોઇ ગુન્હાની જાણ થાય તેની તારીખની નોંધ કેસ ડાયરીમાં કરવામાં આવે છે. તેઓએ ઇન્કાર કરેલ છે કે, કેસ ડાયરીમાં ગુન્હાની જાણ થયાનો સમય પણ લખવામાં આવે છે. તેઓએ ઇન્કાર કરેલ છે કે, પોલીસ મેન્યૂઅલ પ્રમાણે કોઇપણ ગુન્હાની તપાસ કરતા હોઇએ ત્યારે તારીખ અને સમય સાથે તપાસની વિગતની નોંધ કરવાની હોય છે. તેઓએ સ્વીકારેલ છે કે,

તેઓએ તપાસના કામે ભોગ બનનારના તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ અને ૧૪/૦૯/૨૦૨૩ ના રોજ એમ બે નિવેદન લેવામાં આવેલા અને તેઓની તપાસ દરમ્યાન ભોગ બનનારે તેણીની જન્મ તારીખનો કોઇ ઉલ્લેખ કરેલ નથી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, જાણવા જોગના કાગળમાં પણ ભોગ બનનારની જન્મ તારીખનો કોઇ ઉલ્લેખ રહેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ફરીયાદ દાખલ થઇ ત્યારે તે પહેલા ભોગ બનનારની પુછપરછ સ્પે. ઇન્ટ્રોગેશન ટીમ દ્વારા કરવામાં આવેલ અને જાણવા જોગના કામે આ સ્પે. ઇન્ટ્રોગેશન ટીમનો રીપોર્ટ રજુ થયેલો અને તે રીપોર્ટમાં ભોગ બનનાર ધોરણ-૧૨ પાસ હોવાનું જાહેર થયેલુ અને તે આંક-૧૯૧ વાળા રીપોર્ટમાં એવુ જાહેર થયેલ કે, "THAT ONE FACEBOOK FRIEND NAEEM SHEIKH (BD NATIONAL) LURED HER ON PRETEXT OF PROVIDING MODELING WORK IN MUMBAI AND ASKED HER TO COME TO MUMBAI." તેઓએ સ્વીકારેલ છે કે, આ રીપોર્ટ મુજબ નઇમ શેખ નામના વ્યક્તિએ ભોગ બનનારને મોડેલીંગનું કામ અપાવવાનું જણાવી મુંબઇ બોલાવેલ અને તેમની તપાસના કામે તેઓએ આ નઇમ શેખ બાબતે કોઇ તપાસ કરેલ નહી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, આ નઇમ શેખ નામનો વ્યક્તિ બાંગ્લાદેશના હોય તેથી. તેઓએ સ્વીકારેલ છે કે, આંક-૧૯૧ ના રીપોર્ટ મુજબ ભોગ બનનારે તેના ફોટા આ ફેસબુક ફ્રેન્ડ નઇમ શેખને મોકલેલા અને ત્યારબાદ તેની સાથે વાત થયા મુજબ મુંબઇ આવવાનું નકકી કરેલુ અને આ રીપોર્ટ મુજબ ભોગ બનનારને બંને તરફની બોર્ડર ક્રોસ કરાવવા માટે જુદા જુદા વ્યક્તિઓએ મદદ કરેલ છે અને તપાસના કામે ભારતમાં બોર્ડર ક્રોસ કરવવા માટે મદદ કરનાર કોઇ વ્યક્તિના નિવેદન તેઓએ લીધેલ નથી. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, આરોપી નં. ૦૩ સોનિયા ભોગ બનનારની મિત્ર હોવાનું રીપોર્ટમાં જાહેર થયેલુ? જેના જવાબમાં જણાવેલ છે કે, ભોગ બનનાર આરોપી નં. ૦૩ સાથે તેના ઘરે ૭ દિવસ રોકાયેલ હોય જેથી ઓળખાણ થયેલ અને ભોગ બનનાર પહેલા થી જ આરોપી નં. ૦૩ ને ઓળખતા ન હતા. તેઓએ સ્વીકારેલ છે કે, આંક-૧૯૧ ના રીપોર્ટ મુજબ ભોગ બનનાર અને આરોપી નં. ૦૩ સોનિયા વલસાડ ખાતે રેલ્વે પોલીસના કવાર્ટસમાં એક વ્યક્તિને ત્યાં રોકાયેલા હોવાનું અને તે વ્યક્તિના મોબાઇલ નંબર પણ જાહેર થયેલ અને આ વ્યક્તિની તપાસ કરી તપાસના કામે તેનુ કોઇ નિવેદન લીધેલ નથી.

(૪૬.૭) તપાસ કરનાર અધિકારીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તપાસ દરમ્યાન ભોગ બનનાર પાસે બે મોબાઇલ નંબર હોવાનું અને તે બંને નંબર ઇન્ડીયન નંબર હોવાનું જાહેર થયેલુ અને ભોગ બનનારના બંને મોબાઇલ નંબરની કોઇ કોલ ડીટેઇલ્સ કે મોબાઇલ લોકેશન મેળવી તપાસના કામે સામેલ રાખેલ નથી અને ભોગ બનનારના મોબાઇલ નંબર કે વ્હોટ્સએપથી કોઇ વ્યક્તિઓ કે આરોપીઓ સાથે વાતચીત થયેલ હોય કે ચેટીંગ થયેલ હોય તેવા કોઇ પુરાવા આ કામે કબજે કરેલ નથી અને ભોગ બનનારના બંને મોબાઇલ નંબર ચાલુ હતા અને તેના મારફતે તે બાંગ્લાદેશમાં તેના પરીવાર સાથે વાતચીત કરતી હતી. તેઓએ જણાવેલ છે કે, તેઓ ભોગ બનનારના વ્હોટ્સએપ ચેટ અને મોબાઇલની કોલ હીસ્ટ્રી જાતે તપાસેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારને વિધ્યાનગર ખાતે કોઇ જગ્યાએ કોઇએ ગોંધી રાખેલ હોય તેવી હકીકત જાણવા જોગમાં તેમજ ભોગ બનનારના તેઓના રૂબરૂના નિવેદનમાં જાહેર થયેલ નહી અને ચાર્જશીટ થતા સુધી ભોગ બનનારને વિધ્યાનગરમાં ગોંધી રાખેલ હોય તેવુ જાહેર થયેલ નહી. તેઓએ ઇન્કાર કરેલ છે કે, તેઓની તપાસ દરમ્યાન આરોપી નં. ૦૧ અને ૦૩ નું મુળ વતન પનીતર, થાણા બોસીરહાત, રાજય પશ્ચિમ બંગાળ ના હોવાનું જાહેર થયેલ. તેઓએ સ્વીકારેલ છે કે, ચાર્જશીટમાં આરોપી નં. ૦૧ અને ૦૩ ના સરનામાની વિગતમાં હાલ રહે. પનીતર, થાણા બોસીરહાત, રાજય પશ્ચિમ બંગાળ દર્શાવેલ છે અને તેઓની તપાસ દરમ્યાન આરોપી નં. ૦૧ અને ૦૩ નાઓ મુળ બાંગ્લાદેશના રહેવાસી હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેઓ રૂબરૂના નિવેદનમાં આરોપી નં.૦૧ અને ૦૩ નાએ તેઓ બાંગ્લાદેશના હોવાનું જણાવેલ અને તેથી તેઓએ એસ.પી.સાહેબને આ અંગે રીપોર્ટ કરેલ અને ત્યારબાદ એસ.પી.સાહેબ દ્વારા જોઇન્ટ ઇન્ટ્રોગેશન કરાવવામાં આવેલ. તેઓએ સ્વીકારેલ છે કે, તા. ૨૩/૦૯/૨૦૨૩ સુધી આરોપી નં. ૦૧ , ૦૨ અને ૦૩ પોલીસ રીમાન્ડના કામે તેઓની કસ્ટડીમાં હતા અને તેઓના રૂબરૂના નિવેદન અને જોઇન્ટ ઇન્ટ્રોગેશન રીપોર્ટ સિવાય આરોપી નં. ૦૧ અને ૦૩ બાંગ્લાદેશના રહેવાસી હોય તેવો કોઇ પુરાવો તેમની પાસેથી મળી આવેલ નહી.

(૪૬.૮) તપાસ કરનાર અધિકારીએ તેઓની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, જાણવા જોગના કામે ભોગ બનનારનું મેડીકલ કરાવવામાં આવેલ. તેઓએ સ્વીકારેલ છે કે, તે મેડીકલ સર્ટીફીકેટ તેઓની તપાસ દરમ્યાન જોયેલ. તેઓએ તે મેડીકલ

સર્ટીફીકેટ જોઇ સ્વીકારેલ છે કે, તે મેડીકલ સર્ટીફીકેટમાં ભોગ બનનારે બનાવ સબંધે કોઇ હીસ્ટ્રી આપેલ હોય કે તેની સાથે કોઇ બળાત્કાર સંભોગ થયેલ હોય તે અંગે કોઇ તપાસ થયેલ હોય તેવુ જણાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ફરીયાદમાં એવી હકીકત જાહેર થયેલ કે ભોગ બનનારને આશરે બે વર્ષ પહેલાથી ફેસબુકમાં મોહમંદ નઇમ શેખ સાથે ફ્રેન્ડશીપ થયેલ અને તેણે ભોગ બનનારને ભારતમાં મોડેલીંગનું કામ આપવાની વાત કરેલી અને ફરીયાદમાં એવુ પણ જાહેર થયેલ કે મોહમંદ નઇમ શેખનાઓએ એક એજન્ટનો કોન્ટેકટ કરી આપેલો અને ફરીયાદમાં તે એજન્ટનું નામ કે કોન્ટેકટ નંબર જાહેર થયેલ નથી. તેઓએ ઇન્કાર કરેલ છે કે, ભોગ બનનારને સૌપ્રથમ વખત પોલીસ સ્ટેશને લાવેલા ત્યારે એક નિલોય નામના બાંગ્લાદેશના વ્યક્તિ પોલીસ સ્ટેશનમાં હાજર હતા. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, પાછળથી આવેલા. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે જે નિવેદન સૌપ્રથમ જાણવા જોગના કામે આપેલ તેનું ભાષાંતર આ નિલોય નામના વ્યક્તિએ કરેલ અને ભોગ બનનારનું સૌપ્રથમ વખત પોલીસ સ્ટેશને લાવેલ ત્યારે ભોગ બનનાર આ નિલોય નામના વ્યક્તિના સંપર્કમાં હતા અને આ કામે ભોગ બનનારે જાહેરાત આપેલ હોય કે ફરીયાદ આપેલ હોય તેવુ બનેલ નથી અને ભોગ બનનારના કહેવા મુજબ ભોગ બનનારને પરત બાંગ્લાદેશ જવુ હતુ. તપાસ કરનાર અધિકારીએ સ્વીકારેલ છે કે, તપાસના કામે તેઓએ ૧૮૧ હેલ્પલાઇન વાળાનું પી.સી.આર. ફોર્મ મેળવેલ હોય તેવુ બનેલ નથી. તપાસ કરનાર અધિકારીને તેઓની જુબાની દરમ્યાન આંક–૧૩૩ વાળુ પી.સી.આર ફોર્મ જોઇને સ્વીકારેલ છે કે, તેમાં ભોગ બનનારની ઉંમર ૨૨ વર્ષ દર્શાવેલ છે.

(૪૬.૯) તપાસ કરનાર અધિકારી ડાભીએ તેઓની જુબાનીમાં સ્વીકારેલ છે કે,ભોગ બનનારે તેઓના રૂબરૂના નિવેદનમાં એવી હકીકત જણાવેલ નથી કે, "ત્યારબાદ મને એક વ્યક્તિ કે જેનુ નામ મનોહરહુસેન જોય ના નામથી ઓળખતી હતી તે એજન્ટે મારો ફેસબુકથી સંપર્ક કરેલો અને તેણે ફ્રેન્ડ રીક્વેશટ મોકલાવેલી જે મે શરૂઆતમાં સ્વીકારેલી નહી પરંતુ પાછળથી સ્વીકારેલી ત્યારબાદ મારા તેની સાથે ફેસબુક ઉપર વાત ચીત થયેલી આવી વાતચીત મારે બે ત્રણ મહીના સુધી થયેલી. આ વાતચીત ૨૦૨૩ના વર્ષમાં થયેલી. ત્યારબાદ મનોહરહુસેન જોય નાએ મને તુ મોડેલીંગ કરશે તેવુ પુછેલુ અને મનોહરહુસેન જોય કોલકતામાં મોડેલીંગનુ કામકાજ કરતા હોવાનુ મને જણાવેલ ત્યારે મને મનોહરહુસેન ખોટુ બોલતા હોવાનુ લાગેલ તેથી

મેં તેની વાત સ્વીકારેલ નહી ત્યારબાદ મનોહરહુસેને મને ઘણા ફોન કરેલા ત્યારે હું બીઝી હતી તેથી મેં તે ફોન ઉઠાવેલા નહી ત્યારબાદ સમય મળતા મેં મનોહરહુસેન જોય સાથે વાત કરેલી ત્યારે મને મનોહરહુસેને ફરીથી કોલકતા આવી મોડેલીંગ કરવાનુ જણાવેલ ત્યારે પણ મને મનોહરહુસેન પર વિશ્વાસ થયેલો નહી ત્યારબાદ મનોહરહુસેને મને ફેસબુક મેસેન્જર પર શુટીંગના ફોટા મોકલાવેલા ત્યારબાદ મનોહરહુસેને મારી સાથે ફેસબુક વિડીયો કોલથી વાત કરેલી અને આવી વાતચીત બે ત્રણ દિવસ કરેલી ત્યારબાદ દસ પંદર દિવસ સુધી મારે મનોહરહુસેન સાથે વાતચીત થયેલી નહી ત્યારબાદ મારા ફરીથી મનોહરહુસેન સાથે વાતચીત થયેલી તેમા તેણે મને તુ ક્યાં છે? શુ કરે છે તે પુછેલુ? ત્યારબાદ મનોહરહુસેને વિડીયોકોલથી બે છોકરીઓ બાગ્લાદેશી છે તે મારી પાસે કામ કરે છે તેવુ કહી મારી સાથે વાતચીત કરેલી અને ત્યારે મને ફરીથી કલકત્તા આવીને મોડેલીગ કરવા જણાવેલ તેથી મે વિડીયોકોલમાં જે બે છોકરીઓ બતાવેલી તેની સાથે વાતચીત કરેલી ત્યારપછી મને એવુ લાગેલુ કે મનોહરહુસેન ખરેખર મને મોડેલિંગ કામ માટે બોલાવે છે તેથી મે ત્યાં કેવી રીતે આવવુ તેવુ પુછેલુ ત્યારબાદ મનોહરહુસેને મને જેસૌર બોર્ડર પર આવી જવા જણાવેલ તો મે મનોહરહુસેનને જણાવેલ કે હું એકલી કેવી રીતે જાવ મારી પાસે પાસપોર્ટ પણ નથી તો મનોહરહુસેને મને જણાવેલ કે પાસપોર્ટની જરૂર પડતી નથી એમ જ આવી જાવ તમારા કોઈ ફ્રેન્ડ હોય તો તેમની સાથે આવી જાવ ત્યારબાદ મેં મનોહરહુસેનને જણાવેલ કે હું વિચારીને જણાવીશ ત્યારબાદ મારી એક મિત્ર ડેઝી જે બાગ્લાદેશમાં શુટીંગ કરે છે તેને વાત કરેલી ત્યારબાદ મેં ડેઝીની વીડીયોકોલ ઉપર મનોહરહુસેન સાથે વાત કરાવેલ ત્યારબાદ મેં મનોહરહુસેનને હમણા મારી પાસે પૈસા નથી પૈસા આવશે ત્યારે હું વિચારીને જણાવીશ." અને "ત્યારબાદ તા.૨૦ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ ફરીથી મારે મનોહરહુસેન સાથે વાતચીત થયેલી તો તેણે જણાવેલ કે તમારે તા.૨૧/૦૮/૨૦૨૩ ના રોજ જેસૌર બોર્ડર ઉપર ગાડીમાં આવવાનુ છે ત્યારબાદ તા.૨૧/૦૮/૨૦૨૩ ના રોજ હું અને ડેઝી બસમાં જેસૌર રાત્રે આઠ વાગ્યે પહોચેલા ત્યારબાદ ફરીથી મેં મનોહરહુસેન જોયને ફોન કરેલો ત્યારબાદ મારે કેવી રીતે આવવાનુ છે તે પુછેલ તો મનોહરહુસેને જણાવેલ કે તેની આજુબાજુ હોટલ હોય ત્યાં રોકાય જાવ તેથી મે તેને વિડીયોકોલથી હોટલ બતાવેલી તો મનોહરહુસેને જણાવેલ કે આ હોટલ મારા ઓળખીતાની છે ત્યાં રોકાય જાવ તેથી અમે હોટલમાં હું અને ડેઝી રોકાયેલા ત્યારબાદ ૨૨/૦૮/૨૦૨૩ ના રોજ બપોરે બે વાગે હું અને ડેઝી હોટલેથી નીકળી બેનાફોલ

બોર્ડર પાસે જવા માટે નીકળેલા ત્યારબાદ ત્યાં સાજે પાંચ વાગી જતા બોર્ડર બંધ થઈ ગયેલ છે તેથી મનોહરહુસેન જોયે અમોને ત્યાં બોર્ડર ઉપર તેમના મિત્રના ઘરે રોકાવાનુ જણાવેલ. મનોહરહુસેનના મિત્રના ઘરે એક રીક્ષાવાળો મને લઈ ગયેલો ત્યારબાદ મેં મનોહરહુસેનને મારા પરત મારા ઘરે જવુ છે તેમ જણાવેલ ત્યારબાદ મનોહરહુસેને મને જણાવેલ કે આજ રાત્રે આ ઘરે રહો કાલે તમારે અહીં આવી જવાનુ છે ત્યારબાદ હું અને ડેઝી બન્ને જણા મનોહરહુસેનના મિત્રના ઘરે રોકાયેલા ત્યારબાદ ૨૩/૦૮/૨૦૨૩ ના રાત્રે ૧૦ વાગે બોર્ડર ક્રોસ કરવા માટે મનોહરહુસેનનો મિત્ર મને તથા ડેઝી બોર્ડર ક્રોસ કરાવવા માટે ખેતરના રસ્તે ચાલીને લઈ ગયેલા ત્યારબાદ અમારી સાથેના મનોહરહુસેનના મિત્રએ નદી ક્રોસ કરાવવાનુ કામ એક બીજા વ્યક્તિને સોપેલુ અને તે પોતાના ઘર તરફ પરત જતો રહેલો ત્યારબાદ અમારી સાથે જે વ્યક્તિ હતો તેણે નદી ક્રોસ કરાવી થોડે આગળ જઈ અમોને બીજા વ્યક્તિને સોપી દીધેલા ત્યારબાદ અમો ચાલતા ચાલતા બોર્ડર ક્રોસ કરીને ભારતના ખેતરમાં મળશકે ત્રણ ચાર વાગે આવી ગયેલા ત્યારબાદ એક પ્રાઈવેટ વ્હાઈટ કલરની કાર આવેલ તેમા અમોને એક ઘરે લઈ ગયેલ અને ત્યાં બે ત્રણ કલાક અમો રોકાયેલા ત્યારબાદ એક મોટર સાયકલ સવારના સાતેક વાગ્યાના અરસામાં આવેલ ત્યારબાદ મને અને ડેઝીને મોટર સાયકલ પર એક કલાક દુર કોઈક સ્થળે લઈ જવામાં આવેલ ત્યારબાદ ત્યાં એક પ્રાઈવેટ કાર આવેલ તેમા અમોને કલકત્તાના હાવરા બ્રીજ રેલ્વે સ્ટેશન ખાતે લઈ જવામાં આવેલા ત્યારબાદ ત્યાં મને એક ભારતનુ મોબાઈલ ફોનનુ સીમ કાર્ડ આપવામાં આવેલ. આ સીમકાર્ડથી મારે મનોહરહુસેન સાથે વાતચીત કરવાની હતી તેથી મેં ફોનથી મનોહરહુસેન સાથે વાતચીત કરેલી ત્યારબાદ રેલ્વે સ્ટેશન પર એક કુલ્લી જેવો માણસ અમને મળેલ તેણે અમારી ટ્રેનની ટીકીટ કઢાવી આપેલ તે લોકલ ટીકીટ હતી ત્યારબાદ ૦૧/૧૫ મીનીટે મુંબઈ જવા માટેની ટ્રેન મળેલી જેમા હું અને ડેઝી ટ્રેનમાં મુંબઈ આવેલી ટ્રેનમાં બે દિવસ લાગેલા ત્યારબાદ નાલાસોપારા પહેલા ત્યાં એક રેલ્વે સ્ટેશન આવે છે ત્યારે અમોને ઉતારેલ ત્યાં અમોને મનોહરહુસેન જોય લેવા માટે આવેલા ત્યારબાદ મનોહરહુસેન અમોને તેની બેનના ઘરે જવાનુ છે તેમ જણાવેલુ અને તે અમોને રાત્રે એક વાગે એક સ્ત્રીના ઘરે લઈ ગયેલા તેનુ નામ સોનીયા હતુ ત્યારબાદ મનોહરહુસેન અમોને સોનીયાના ઘરે મુકેને જતો રહેલો અને આજ રાત તમે અહી જ રહો તેમ જણાવેલ ત્યારબાદ મે મનોહરહુસેનને પુછેલ કે શુટીંગ ક્યારે કરવાનુ છે તો તેણે અમોને જણાવેલ કે તમો આજે અહી જ રહો પછી તમોને શુટીંગ માટે લઈ જઈશું તેમ જણાવેલ

ત્યારબાદ મનોહરહુસેન સોનીયાના ઘરેથી જતો રહેલો ત્યારબાદ હું અને ડેઝી સોનીયાના ઘરે ખાયને સુઈ ગયેલ જ્યારે અમો ખાતા હતા ત્યારે સોનીયાએ અમોને પુછેલ કે તમો અહી શા માટે આવેલ છો તો મેં કહેલ કે હું અને ડેઝી બન્ને શુટીંગ કરવા માટે આવેલ છે. બીજા દિવસે સવારે ઉઠીને મેં સોનીયાને જણાવેલ કે તમે મનોહરહુસેનને ફોન કરો તો સોનીયાએ મનોહરહુસેનને કોલ કરેલો તો મેં મનોહરહુસેનને કહેલ કે હું શુટીંગ માટે આવેલ છુ આજે શુટીંગ માટે જવાનુ હતુ તો મનોહરહુસેને મને જણાવેલ કે હું સાજે આવીશ ત્યારબાદ તે બપોરે સાડા ત્રણ ચાર વાગ્યાના અરસામાં સોનીયાના ઘરે આવેલ તો મેં મનોહરહુસેનને પુછેલ કે શુટીંગ માટે જવાનુ હોય તો હું તૈયાર થાવ તો મનોહરહુસેને જણાવેલ કે શુટીંગ માટે પછી જવાનુ છે ત્યારબાદ હું ડેઝી અને સોનીયા બેઠા હતા ત્યારે મનોહરહુસેન દારુની બોટલ લઈને આવેલ ત્યારબાદ મનોહરહુસેને અમોને જણાવેલ કે સાથે બેસીને દારુ પીવાનો છે ત્યારે મેં દારુ પીવાની ના પાડેલ ત્યારબાદ મનોહરહુસેને ખુબ જ જબજસ્તી કરેલી અને મને દારુ પીવડેલ પરંતુ મને ખાસી આવી ગયેલ અને વોમીટ થઈ ગયેલ ત્યારબાદ હું બાથરૂમમાં ગઈ ત્યારે મનોહરહુસેને ડેઝી સાથે પણ એવી જ જબરજસ્તી કરેલી ત્યારબાદ મનોહરહુસેન બીજીવાર દારુ પીવડાવવા જબરજસ્તી કરેલી. મનોહરહુસેને મને અને ડેઝીને જબરજસ્તીથી દારુમાં કઈંક પીવડાવેલ જેથી હું બેભાન થઈ ગયેલી ત્યારબાદ મને રાત્રે દસ અગિયાર વાગે ભાનમાં આવેલ ત્યારે મેં જોયેલ તો હું જે રૂમમાં અમને દારુ પીવડાવેલ તે રૂમમાં હું ન હતી અને બીજા રૂમમાં હતી અને મેં તે વખતે ઘરમાં જોયેલ તો મનોહરહુસેન ઘરમાં ન હતો તો મેં સોનીયા પુછેલ કે મનોહરહુસેન ક્યાં ગયા અમોને શુટીંગમાં જવાનુ હતુ તો સોનીયાએ અમોને જણાવેલ કે આજે રાત થઈ ગઈ છે શુટીંગ માટે કાલે જઈશું ત્યારબાદ મેં સોનીયાને પુછેલ કે જે રૂમમાં દારુ પાયેલ તે રૂમમાં નહી હું ભાનમાં આવેલ તો બીજા રૂમમાં કેમ હતી તો સોનીયાએ મને કોઈ જવાબ આપેલ નહી ત્યારબાદ બીજા દિવસે સોનીયાનો ભાઈ મનોહરહુસેન કે જે એજન્ટ હતો તેવુ મને જાણવા મળેલુ તે બીજા દિવસે તેની પત્ની સાથે સોનીયાના ઘરે આવેલો ત્યારબાદ મનોહરહુસેનની પત્ની મને બીજા રૂમમાં લઈ ગયેલી અને મારો અને ડેઝીનો મોબાઈલ ફોન લઈ લીધેલ તો મેં કેમ મોબાઈલ ફોન લઈ લીધેલ તો તેણે જણાવેલ કે તેમાનો ડેટા ડીલીટ કરવાનો છે કોઈ પોલીસ પકડી લેશે તેમ જણાવેલુ ત્યારબાદ મારા મોબાઈલ ફોનનો ડેટા તથા વ્હોટએપ ફેસબુક મનોહરહુસેને ડીલીટ કરી દીધેલ તથા ડેઝીના મોબાઈલ ફોનમાંથી વ્હોટએપ, ફેસબુક સોનીયાએ ડીલીટ કરી

દીધેલ તો હું રડવા લાગેલી કારણ કે ફેસબુકમાં મારા ફેમીલીના અને સગાના મોબાઈલ કોન્ટેક નંબર હતા તો મનોહરહુસેનની પત્નીએ અમોને જણાવેલ કે તમોને મનોહરહુસેન જેમ જણાવે છે તેમ કરો તો મે જણાવેલ કે હું અહી શુટીંગ માટે આવેલ છુ શુટીંગ માટે તમે મને લઈ ગયેલ નથી અને તમે મારા મોબાઈલના ડેટા કેમ ડીલીટ કરેલ છે? તો મનોહરહુસેને અમોને જણાવેલ કે તારી પાસે જે સીમ છે તેમાં તું બીજુ ફેસબુક એકાઉન્ટ શરૂ કર તો મેં જણાવેલ કે મને નંબર તો ખબર નથી અને મારા કોન્ટેક નંબર પણ નથી તો હું બીજુ ફેસબુક એકાઉન્ટ કેમ શરૂ કરીશ ત્યારબાદ મેં જણાવેલુ કે તમે મને શુટીંગ કરવાનુ કહીને અહી લાવેલ છો શુટીંગ નહી કરવુ હોય તો મને પરત બાગ્લાદેશ મોકલી દો ત્યારબાદ મનોહરહુસેને મને એક સીમ આપેલ અને તેમા ફેસબુક શરૂ કરવા જણાવેલ ત્યારબાદ મેં તે સીમ નાખીને મારુ ફેસબુક એકાઉન્ટ વ્હોટએપ એકાઉન્ટ ચાલુ કરેલ મને મારા એકાઉન્ટના પાસવાર્ડ યાદ હતા. ત્યારબાદ મનોહરહુસેન ની પત્નીએ અમોને જણાવેલ કે તમોને અહીં શુ કહીને લાવવામાં આવેલ છે તો મેં કહેલ કે શુટીંગ કરવા માટેનુ કહીને લાવેલ છે ત્યારબાદ મેં મનોહરહુસેનની પત્નીએ મને જણાવેલ કે અહી શુટીંગ બુટીંગ કઈ થવાનુ નથી તો મેં તેને જણાવેલ કે હું તમને પ્રુફ બતાવુ તેથી મેં મારુ ફેસબુક એકાઉન્ટ ખોલેલુ અને તેમા મનોહરહુસેન સાથે થયેલ વાતચીત મે મનોહરહુસેનની પત્નીને બતાવેલી ત્યારબાદ મેં શુટીંગ ક્યારે થવાનુ છે શુટીંગ ક્યા થવાનુ છે તેવુ પુછેલ તો મનોહરહુસેનની પત્નીએ અમોને જણાવેલ કે તમો મનોહરહુસેન જણાવે તેમ કરો નહી તો પ્રોબ્લેમ થશે ત્યારબાદ મેં મનોહરહુસેનની પત્નીને જણાવેલ કે શુટીંગ નહી હોય તો અમોને ફરી બાગ્લાદેશ મોકલી દો અમારે અહી નથી રહેલુ ત્યારબાદ મનોહરહુસેનની પત્નીએ અમોને જણાવેલ કે તમે મનોહરહુસેનની વાત સમજો નહી તો તમે જીંદગીભર બાગ્લાદેશ જઈ શકશો નહી. ત્યારબાદ હું ખુબ જ ડરી ગયેલી અને રડવા લાગેલી ત્યારબાદ મનોહરહુસેન અને તેમની પત્ની ત્યાંથી જતા રહેલા. ત્યારબાદ તા.૨૯/૦૮/૨૦૨૩ ના રોજ સવારે દસેક વાગે મનોહરહુસેન તેમની પત્ની અને તેમનુ નાનુ બાળક સાથે સોનીયાના ઘરે આવેલા ત્યારબાદ મનોહરહુસેને અમોને જણાવેલ કે એક જણે શુટીંગ માટે અમારી સાથે રહેવાનુ છે અને એક જણાએ બહાર શુટીંગ માટે જવાનુ છે ત્યારબાદ મેં તેઓને જણાવેલ કે જો શુટીંગ કરવુ હોય તો હું અને ડેઝી બન્ને સાથે કરીશુ જો નહી કરવાનુ હોય તો અમને ફરીથી બાગ્લાદેશ મોકલી દો ત્યારબાદ મને કહેલુ કે તમે વધારે મગજમારી નહી કરો હું કહુ તેમ કરો ત્યારબાદ મને સોનીયા સાથે બહાર મોકલી દીધેલ અને ડેઝીને

તેઓની સાથે રાખેલી ત્યારબાદ સોનીય બપોરે એક વાગે મને લઈને બહાર નીકળી ગયેલ અને તેઓ ડેઝીને સાથે લઈને નીકળી ગયેલા ત્યારબાદ બે વાગ્યાની ટ્રેનમાં સોનીયા અને હું નાલાસોપારાથી નીકળેલા ત્યારબાદ મેં સોનીયાને ટ્રેનમાં પુછેલ કે હવે ક્યાં જવાનુ છે તો સોનીયાએ જણાવેલ કે હમણા મારે એક ફ્રેન્ડને ત્યાં જવાનુ છે પછી શુટીંગ માટે જવાનુ છે ત્યારબાદ સોનીયા તેના મિત્રને ત્યાં લઈ ગયેલ તેનુ નામ મને ખબર નથી મને સોનીયા તેના મિત્રને ત્યાં ક્યાં ગામે લઈ ગયેલ તે મને ખબર નથી પરંતુ તેના મિત્રને રાખડી બાંધવા માટે લઈ ગયેલ તેવુ હું જાણુ છું. ત્યારબાદ તે રાત્રીના અમો સોનીયાના મિત્રને ત્યાં રાત રોકાયેલ ત્યાં સોનીયાના મિત્રનુ ફેમીલી હતુ ત્યારબાદ તા.૩૦/૦૮/૨૦૨૩ ના રોજ સવારે દસ વાગે સોનીયાના મિત્રને ત્યાંથી નીકળેલા તો મેં સોનીયાને પુછેલ કે હવે આપણે ક્યાં જવાનુ છું તો સોનીયાએ જણાવેલ કે મારા એક બીજા મિત્રને ત્યાં જવાનુ છે તો મે તેને મિત્રને ત્યાં જવાની ના પાડેલ અને ત્યારબાદ ટ્રેનમાં બેસીને વડોદરા આવેલા ત્યાં સાજે લેટસ ગોલ્ડ હોટલ ઉપર ગયેલા ત્યાં સોનીયા મને સુનિલ નામના એક એજન્ટ પાસે લઈ ગયેલ ત્યારબાદ હું હોટલમાં ફ્રેશ થઈને ખાવાનુ ખાયને બેઠી હતી ત્યારબાદ સોનીયા આવીને મને કહેલ કે તુ અહી રોકા તને કઈ જોઈએ તો સુનિલને કહ્યું છે તો મેં સોનીયાને કહેલ કે હું હિન્દી બોલી શકતી નથી અને તુ મને એકલી મુકીને ક્યાં જાય છે તો સોનીયાએ મને કહેલ કે હું મારા કામથી બીજી હોટલમાં જાવ છું ત્યારબાદ સોનીયાએ મને જણાવેલ કે તને કઈ જરૂર પડે તો મને ફોન કરજે જેથી હું સુનિલને ફોન કરીને કહી દઈશ. સોનીયા અને મનોહરહુસેન મારી સાથે બાગ્લાદેશી ભાષામાં વાત કરતા હતા. ત્યારબાદ હું રાત્રે તે જ હોટલમાં રોકાયેલી સોનીયા રાત્રે મારા રૂમ ઉપર આવેલી ત્યારબાદ તા.૩૧/૦૮/૨૦૨૩ ના રોજ સવારે કઈક ગ્રાહક આવેલ અને સોનીયા અને સુનિલે આવીને મને કહેલ કે તું ઉપર એક રૂમ નંબર કહેલો તેમાં જા તે રૂમ નંબર ચોકક્સ શુ હતુ તે મને યાદ નથી તો મે કહેલુ કે મારે ઉપર કેમ જવાનુ ત્યારબાદ મેં વારંવાર કહેલ કે હું અહીં શુટીંગ માટે આવેલ છુ શુટીંગ નહી કરવુ હોય તો મારે કેમ ઉપરના રૂમમાં જવાનુ ત્યારબાદ સોનીયાએ મને ગુસ્સો કરીને કહેલ કે તને ઉપર જવા માટે કહ્યુને તુ ઉપર જા તારો એજન્ટ તને એટલા માટે જ લાવેલ છે તુ ઉપર નહી જા તો પ્રોબ્લેમ થશે ત્યારબાદ મેં રડીને કહેલ કે હું આવા ખોટા કામ માટે આવેલ નથી ત્યારબાદ સોનીયાએ મને ગુસ્સો કરીને ઉપરના રૂમમાં મોકલી દીધેલ ત્યારબાદ હું ઉપરના રૂમમાં ગયેલ ત્યારે રૂમમાં કોઈ ન હતુ ત્યારબાદ એક માણસ વોશરૂમમાંથી આવેલો તેથી મેં સોનીયાને

ફોન કરેલો કે અહીયા તો એક માણસ છે તો મારે અહીંયા શું કરવાનુ તો સોનીયા મને કહેલ કે તે જેમ કહે તેમ કર ત્યારબાદ તે માણસે મને મારી પાસે આવી નામ પુછેલ તો મેં તેને મારુ નામ જણાવેલ તે તેની સમજમાં આવેલ નહી તો મેં હું બાગ્લાદેશી છુ હું અહી શુટીંગ માટે આવેલ છુ તેવુ મેં બાગ્લામાં જણાવેલ જે તેની સમજમાં આવેલ નહી. ત્યારબાદ તે માણસે મારી સાથે રેપ કરેલ ત્યારબાદ હું નીચે મારા રૂમમાં જતી રહેલી ત્યારબાદ સોનીયાએ મને પુછેલ કે થઈ ગયુ તો મેં સોનીયાને કહેલુ કે થઈ ગયુ, ચાલો અહીથી નીકળવુ છે ત્યારબાદ મેં સોનીયાને જણાવેલ કે હું આવુ કરવા આવી નથી તમે કેમ મારી પાસે આવુ કરાવેલ છે. તો સોનીયાએ મને જણાવેલ કે આમાથી તને પૈસા મળવાના છે તુ બાગ્લાદેશ પૈસા મોકલી શકીશ તો મેં સોનીયાને કહેલ કે મારે પૈસા નથી જોઈતા ત્યારબાદ મેં વારંવાર હું શોખથી શુટીંગ કરવા આવેલ છુ શુટીંગ ન કરવુ હોય તો મને ફરીથી બાગ્લાદેશ મોકલી દો તેમ જણાવેલ ત્યારબાદ સોનીયાએ મને જણાવેલ કે વધારે વાત ન કર બીજો ગ્રાહક આવશે તેની પાસે જા તો મેં સોનીયાને મારે નથી જવુ તેમ જણાવેલ તો સોનીયાએ મને કહેલ કે તુ ત્યાં જા હું કામ અર્થે બીજી હોટલમાં જાવ છું ત્યારબાદ સુનીલ ઓળખે છે તે છોકરી ત્યાં આવેલ તે મને ઉપરના માળે લઈ ગયેલી જે મેં અગાઉ મારી સાથે રેપ થયેલાનુ જણાવેલ તે પંદર વીસ મીનીટ બાદ બીજી વખત રૂમમાં લઈ ગયેલ ત્યારે રૂમમાં કોઈ ન હતુ ત્યારબાદ બીજો એક માણસ આવેલો તેણે મારુ નામ પુછેલ તો મેં તેને મારુ નામ જણાવેલ ત્યારબાદ મને મારી સાથે અગાઉ રેપ થયેલ હોય મારે અહીથી નીકળી જવુ છે તેમ જણાવેલ ત્યારબાદ મારી સાથે જોરજબજસ્તી કરવામાં આવેલી ત્યારે મને લોહી નીકળી આવેલુ આ જોરજબજસ્તીમાં મારી સાથે ફિઝીકલ રેપ કરવામાં આવેલો ત્યારબાદ મેં તે માણસને મારે વધારે કરવુ નથી લોહી નીકળી આવેલ છે તેમ જણાવેલ ત્યારબાદ તે માણસે મને કેમ જવુ છે બે વખત કામ કરવાનુ જણાવેલ છે તેમ કહેલુ તો મે તેમને કહેલ કે નથી કરવુ મારે જવુ છે તો મને તે માણસે નીકળી જવા દીધેલ નહી તો મે સોનીયાને કોલ કરેલો અને સોનીયાને જણાવેલ કે મારે લોહી નીકળી ગયેલ છે મારે કરવુ નથી તેથી મારા મોબાઈલ ફોનથી સોનીયા સાથે તે માણસે વાત કરેલી તો સોનીયાને તે માણસે ફોન પર કહેલ કે જો આને બે વખત કરવુ નહી હોય તો તુ આવી જા તેવુ મેં ત્યાં સાભળેલુ. પરંતુ સોનીયાએ કહેલ કે તે બીજી હોટલમાં ગયેલ છે ત્યારબાદ હું ત્યાંથી નીકળી ગયેલ ત્યારબાદ હું ત્યાં રૂમ પર ગયેલા અને સોનીયા ત્યાં રૂમ પર આવેલી અને સુનિલ પણ રૂમ પર આવેલો અને સુનિલ સોનીયા ઉપર ગુસ્સે થયેલો આને બે વખત

કરવાનુ હતુ કેમ કરેલ નથી તો સોનીયાએ જણાવેલ કે એને લોહી નીકળી ગયેલ હતુ તેથી બે વાર કરેલ નથી. ત્યારબાદ સુનિલે સોનીયાને કહેલ કે હું તેમના માટે મલમ લઈ આવુ છું ત્યારબાદ સુનિલ નીચે જઈને મલમ લઈ આવેલ અને મને આપેલ અને કહેલ કે આ લગાવશે એટલે સારુ થઈ જશે ત્યારબાદ મને જણાવેલ કે આ લગાવ સારુ થઈ જાય તો બીજો ગ્રાહક આવશે તો મેં કહેલ કે મારે અહીં નથી રહેવુ ત્યારબાદ સોનીયાએ મને કહેલ કે થોડો સમય બાદ જતી રહેજે અત્યારે આરામ કર ત્યારબાદ ફરીથી એક ગ્રાહક આવેલ અને સુનિલે મને સોનીયા દ્વારા ગ્રાહક પાસે જવા ઘણુ જણાવેલ તો મેં જણાવેલ કે મારે નથી જવુ જવુ હોય તો તુ જા ત્યારબાદ સોનીયા જાતે ગયેલી ત્યારબાદ અડધો કલાક પછી નીચે આવેલી ત્યારબાદ સુનિલ ફરીથી સોનીયા પર ગુસ્સે થયેલો અને કહેલ કે આની સાથે કરવા માટે લાવેલ છે અને તે કામ આ નહી કરે તો અહીં શુ કામ રહેવાનુ ત્યારબાદ સોનીયાએ મને કહેલ કે હવે આપડે નીકળી જવુ છે ત્યારબાદ હોટલ ઉપરથી ૩૧ તારીખે રાત્રીના સાડા સાત આઠ વાગે નીકળી ગયેલ અને ત્યાંથી રેલ્વે સ્ટેશન ગયેલા અને ત્યાંથી અમદાવાદ ગયેલા ત્યાં રેલ્વે સ્ટેશન પર એક સી.એન.જી.વાળો સોનીયાને ઓળખતો હતો ત્યાં આવેલ તે અમને અમદાવાદ સાઈ વીલા હોટેલ લઈ ગયેલ ત્યાં હોટલ ઉપર હું અને સોનીયા રોકાયેલ અને સી.એન.જી.રીક્ષા વાળો ત્યાંથી નીકળી ગયેલો ત્યાં હોટલમાં ખાવાનુ ખાયને અમે આરામ કરેલો ત્યારબાદ ૦૧ તારીખે સવારે ઉઠેલા અને એક હોટલમાં ખાવા માટે ગયેલા અને ત્યાંથી ખાયને ફરી પાછા હોટલમાં ગયેલા ત્યારબાદ સી.એન.જી.રીક્ષા વાળાએ સોનીયાને ફોન કરેલો અને જણાવેલ કે જે હોટલમાં અમે રોકાયેલ છે તે હોટલની બાજુમાં એક રૂમ છે તેમા એક ગ્રાહકને મોકલી દેવાનો છે તેવુ જણાવેલ ત્યારે સોનીયાએ ફોન કાપીને મને જણાવેલ કે એક ગ્રાહક આવેલ છે ત્યાં તુ જા તો મેં કહેલુ કે મારુ લોહી નીકળી ગયેલ છે મારે જવુ નથી જવુ હોય તો તુ જા તો સોનીયાએ મને કહેલ છે કે હજુ સુધી લોહી બંધ નથી થયું તો મેં સોનીયાને કહેલ કે મારે આવુ કામ કરવુ નથી જવુ હોય તો તુ જા ત્યારબાદ સોનીયાએ મને તે ગ્રાહકના રૂમમાં મોકલી આપેલ ત્યાં ગયેલ તો ત્યાં એક માણસ હતો તેણે મારુ નામ પુછેલ તો મે તેને જણાવેલ કે હું બાગ્લાદેશી છુ મારે આ કામ કરવુ નથી હું આ કામ કરવા માટે આવેલ નથી તેમ જણાવેલ ત્યારબાદ તે ગ્રાહક મારી સાથે એક વખત ફિઝીકલ રેપ કરીને જતો રહેલો તેને મારી સાથે બે વખત સબંધ રાખવાનો હતો પરંતુ તે એક વખત સબંધ રાખીને જતો રહેલો. ત્યારબાદ હું મારા રૂમ પર ગયેલી હું નાહી ધોઈને ફ્રેશ થઈને સુઈ ગયેલી

ત્યારબાદ સોનીયા મને કહેલ કે તુ અહીયા રહે મારે બીજી હોટલમાં કામ છે હું ત્યાં જાઉ છુ ત્યારબાદ સોનીયા નીકળી ગયેલી અને રાત્રે આવેલી ત્યારબાદ હોટલના રૂમમાં ખાવાનુ મંગાવેલ જે ખાયને અમે સુઈ ગયેલા ત્યારબાદ તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ સોનીયાએ સી.એન.જી.રીક્ષાવાળા એજન્ટને કોલ કરેલો અને સોનીયા ગ્રાહક પાસે ગયેલી. આ દરમ્યાન મે હોટલમાં મેં મારુ ફેસબુક એકાઉન્ટ ખોલેલ તેમાંથી મે નઈમ નામના છોકરાને મેં ફોન કરેલો અને મેં રડીને મારી સાથે થયેલ તે વાત જણાવેલી અને મારા કઝીનનો નંબર નઈમ પાસે હતો તે મને આપેલો અને તેથી મેં મારા કઝીન ભાઈ સાથે વાત કરેલી અને મેં મારી સાથે થયેલ તે તમામ હકીકત જણાવેલ તો મારા કઝીન ભાઈએ જણાવેલ કે તુ અત્યારે ક્યાં છો તો મેં મારા કઝીન ભાઈને મારુ લોકેશન મોકલી આપેલ ત્યારબાદ ત્યાં સોનીયા આવી ગયેલી તેથી મારા કઝીન સાથે વધુ વાત થયેલી નહી ત્યારબાદ તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ આઈલેન્ડ પાર્ક હોટલ પર જવા માટે મને અને સોનીયાને લેવા માટે સી.એન.જી.રીક્ષાવાળો એજન્ટ આવેલો તે અમોને સાઈપીલાથી પહેલા ખાવા માટે લઈ ગયેલો અને ત્યારબાદ તે આઈલેન્ડ પાર્ક હોટલ પર લઈ ગયેલ ત્યારબાદ સોનીયાએ મને કહેલ કે આ હોટલ પર જા તો મેં સોનીયાને કહેલુ કે વારંવાર કેમ મારે હોટલમાં જવાનું તો સોનીયાએ કહેલ કે આજે નાઈટ ત્યાં રહેવાનુ છે તો મેં સોનીયાને કહેલ કે મારે એકલાએ નાઈટમાં રહેવુ નથી હું તારી સાથે જ રહીશ તો સોનીયાએ મને કહેલ કે આજે નાઈટ રહી આવ કઈંક પ્રોબ્લેમ હોય તો મને ફોન કરજે ત્યારબાદ સી.એન.સી.રીક્ષાવાળો સોનીયાને લઈને જતો રહેલો અને મને એક છોકરો હતો તે રૂમમાં મુકીને નીચે આવી ગયેલો ત્યારબાદ હું આ રૂમમાં દસેક મિનીટ બેઠી હતી ત્યારબાદ મને ભુખ લાગી હતી તો મેં સોનીયાને ફોન કરેલ તો સોનીયાએ જે માણસ નાઈટમાં આવવાનો હતો તેની મારફતે ખાવાનુ મોકલાવેલ ત્યારબાદ દસ પંદર મિનીટ પછી ગ્રાહક આવેલો ત્યારબાદ હોટલ પર જે માણસ બેઠેલ હતો તે મને ગ્રાહક પાસે લઈ ગયેલ ત્યારબાદ તે ગ્રાહક આવીને ફ્રેશ થયેલો અને તેણે આવીને મારી સાથે વાતચીત કરેલી ત્યારે મેં તેને હું બાગ્લાદેશી છુ અને શુટીંગ માટે આવેલ છુ તેવી વિગત જણાવેલી ત્યારબાદ હું બાગ્લાદેશી ભાષા બોલુ છુ તમને સમજ પડે છે મેં તેવુ પુછતે તેણે મને કોઈ તકલીફ નથી બાગ્લાદેશી ઘણા મિત્રો મારે છે તેથી મને થોડુ થોડુ ખબર પડે છે. મેં તેને મારા અહી આવીને ફસાય ગઈ છુ મારે ફરી બાગ્લાદેશ જવુ છે તેમ જણાવેલ અને મને આવા કામમાં કોઈ રસ નથી તેવુ જણાવેલ ત્યારબાદ તેણે મારી સાથે ફિઝીકલ રેપ કરેલ ત્યારબાદ રાત્રીના એક વાગે મેં પરત જતા રહેવા જણાવેલ તો

તે ભાઈએ મને જણાવેલ કે આખી રાત રોકાવાનુ હતુ ત્યારબાદ હું ત્યાં સુઈ ગયેલી અને સવારે પાંચ વાગે ઉઠેલી ત્યારબાદ ગ્રાહક તરીકે જે ભાઈ હતા તે જતા રહેલા ત્યારબાદ હું હોટલ ઉપર સી.એન.જી.રીક્ષાવાળા એજન્ટ આવે તેની રાહ જોતી હતી ત્યારબાદ સી.એન.જી.રીક્ષાવાળા આવેલ અને મને લઈને સાઈપીલા હોટલ લઈ ગયેલા ત્યારબાદ હું હોટલમાં સુઈ ગયેલી અને સોનીયા તેના કામ માટે ગયેલી સોનીયાના હોટલમાંથી ગયા બાદ મે મારા ભાઈ સુમોનને ફોન કરેલો અને જણાવેલુ કે હવે શું કરવુ છે મારે પોલીસ પાસે જવુ છે પરંતુ પોલીસ બાગ્લાદેશી ભાષા સમજી શકશે નહી તેથી મેં મારા ભાઈને તેનો કોઈ મિત્ર અહી હોય તો તે મારી સાથે પોલીસ સ્ટેશન આવે અને મારી વાત પોલીસ ને સમજાવે તેવી વાત કરેલી ત્યારબાદ મારા ભાઈએ મને તુ જ્યાં જા ત્યાનુ લોકેશન મને મોકલતી રહેજે તેવુ જણાવેલ ત્યારબાદ ૦૫ તારીખે રાત્રે સાડા નવ દસ વાગે સોનીયા મને લઈને હોટલેથી નીકળી ગયેલ અને જણાવેલ કે મારી એક ફ્રેન્ડને ત્યાં જવાનુ છે તો મેં પુછેલ કે ક્યાં જવુ છે તો તેણે મને કહેલ કે મારી એક ફ્રેન્ડ આણંદ રહે છે ત્યાં જવુ છે તો મેં સોનીયાને બાગ્લાદેશ પરત જવા માટે જણાવેલુ ત્યારબાદ આણંદ જવા માટે નીકળેલા ત્યારે મારા ભાઈને મેં મેસેજ કરેલો કે મને બીજી જગ્યાએ લઈ જાય છે તો શુ કરવાનુ છે તો મારા ભાઈએ મને જણાવેલ કે જ્યાં જાય તે જગ્યાનુ લોકેશન મને મોકલજે ત્યારબાદ રાત્રીના બારેક વાગ્યે સોનીયાના મિત્ર ગોપાલને ત્યાં આણંદ પહોચેલા ત્યાં અમે રાત્રે ખાવાનુ ખાધેલુ અને બેઠા હતા ત્યારબાદ મેં મારા ભાઈ સાથે ફોન પર વાતચીત કરેલી ત્યારબાદ મને સુઈ જવા માટે જણાવવામાં આવેલુ પરંતુ મે જણાવેલ કે તમે લોકો સુઈ જાવ હું થોડી વાર બેસુ છું ત્યારબાદ સુમોન ભાઈ સાથે મારી વાતચીત થયેલી તેણે મને તેના જુનીયર મિત્રનો નંબર આપેલો અને તેથી મેં વ્હોટએપથી ભાઈના મિત્ર નિલોય સાથે વાતચીત કરેલી અને મેં તેને મારુ લોકેશન મોકલાવેલુ તેણે ૧૮૧ નંબર ઉપર કોલ કરેલો અને તેઓ પોલીસને લઈને લોકેશનના આધારે ગોપાલના ઘરે આવેલા." તપાસ કરનાર અધિકારી સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેઓ સમક્ષ ભોગ બનનારે લખાવેલ નિવેદનમાં આ તમામ હકીકતો વિસ્તૃત રીતે શબ્દસહ લખાવેલ નથી પરંતુ આ તમામ હકીકતોનો સારાંશ ભોગ બનનારે તેઓના રૂબરૂના નિવેદનમાં જણાવેલ છે.

(૪૬.૧૦) તપાસ કરનાર અધિકારીએ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ભોગ બનનારે તેઓના રૂબરૂના નિવેદનમાં એવી હકીકત જણાવેલ નથી કે, "૧૮૧

હેલ્પલાઈન ઉપરથી મારી ઉપર ફોન આવેલા પરંતુ તે વખતે હું સોનીયા સાથે ગોપાલના ઘરે હતી તેથી હું ફોન ઉપર વાત કરી શકેલ નહી ત્યારબાદ મેં નિલોય ને મોબાઈલ ફોનમાં એસ.એમ.એસ. કરેલ હું ઉપરના માળે છુ પોલીસને કહો ઉપર આવે ત્યારબાદ પોલીસવાળા ગોપાલભાઈના ઘરે ઉપર આવેલા અને દરવાજો નોક કરેલ પરંતુ ગોપાલભાઈએ સી.સી.ટી.વી.કેમેરામાં જોયેલ તો તેના ઘરની આજુબાજુ પોલીસવાળા હતા તેથી દરવાજો ખોલેલ નહી ત્યારબાદ પોલીસવાળાએ બીજી વાર દરવાજો નોક કરેલો તો ગોપાલભાઈએ દરવાજો ખોલેલ અને પોલીસે ગોપાલભાઈને પોલીસે પુછેલ કે કોઈ બાગ્લાદેશી તમારા ઘરે છે તો ગોપાલભાઈએ ના પાડેલ ત્યારબાદ પોલીસ ઘરની બહાર ગયેલ તો મેં નિલોયને ફરીથી એસ.એમ.એસ.કરેલો કે જે ઘરનો દરવાજો નોક કરેલો તે જ ઘરમાં હું ઉપર છુ તુ પોલીસને બતાવ ત્યારબાદ નિલોયે પોલીસને આ વાત કરેલ અને પોલીસે ફરીથી ગોપાલભાઈ નો દરવાજો નોક કરેલો ત્યારબાદ ગોપાલભાઈ ને હું જ માહીતી આપુ છુ તેવુ લાગેલુ તેથી સોનીયા આવીને મારી પાસેથી મોબાઈલ ફોન લઈ ગયેલી તો મે સોનીયાને પુછેલ કે તુ મારો મોબાઈલ ફોન કેમ લઈ લે છે હું બુમો પાડીશ તેમ કહેલુ ત્યારબાદ મેં કહેલુ કે મને જવા દે મારે પોલીસ પાસે જવુ છે ત્યારબાદ પોલીસ દરવાજો ખુલ્લો હતો અને પોલીસવાળા ઘરમાં આવેલા અને હું પોલીસ પાસે ગયેલી ત્યારબાદ પોલીસવાળા મને ગોપાલભાઈ, ગોપાલભાઈની પત્નીને અને સોનીયાને લઈને પોલીસની ગાડીમાં વિધ્યાનગર પોલીસ સ્ટેશન લાવેલા ત્યારબાદ વિધ્યાનગર પોલીસ સ્ટેશન આવીને મારી સાથે જે કઈ ઘટના બનેલી તે મેં બાગ્લા ભાષામાં જણાવેલી જે મારી વાતો હિન્દીમાં ટ્રાન્સલેટ કરીને નિલોય અને તેના મિત્રએ પોલીસને જણાવેલ ત્યારબાદ બીજા દિવસે સવારમાં પોલીસના અધિકારી આવેલા અને તેઓને બનાવની હકીકત જણાવેલી ત્યારબાદ એસ.ઓ.જી.પોલીસ સ્ટેશનવાળા ડાભી સાહેબ તેઓના પોલીસ સ્ટેશન લઈ ગયેલા ત્યાં મારી સાથે બનેલ બનાવની બધી હકીકત ફરીથી જણાવેલી ત્યારે હું બાગ્લાદેશી ભાષામાં બોલતી હતી તેનુ ટ્રાન્સલેશન સોનીયાએ કરેલુ કારણ કે ત્યારે ત્યાં બીજા કોઈ ટ્રાન્સલેટર ત્યાં હતા નહી ત્યારબાદ પોલીસ મારા કપડાનુ પંચનામુ કરેલુ અને મારી પાસેનો મોબાઈલ તેઓએ જમા રાખેલો ત્યારપછી પોલીસવાળા મને હોસ્પિટલમાં ટ્રીટમેન્ટ માટે લઈ ગયેલા તેમજ બરોડા જે હોટલમાં બનાવ બનેલ ત્યાં લઈ ગયેલ તે હોટલ મેં પોલીસને ઓળખી બતાવેલ ત્યારબાદ જે રૂમમાં ગયેલી, રહેલી તે રૂમ મે પોલીસને બતાવેલો ત્યારબાદ ત્યાં સી.સી.ટી.વી. કેમેરાનો રેકોર્ડિંગ બતાવેલ તેમા મેં આરોપીને ઓળખી બતાવેલા

ત્યારબાદ અમદાવાદ જે હોટલમાં ગયેલ તે હોટલ મે પોલીસને બતાવેલી ત્યાં પણ સી.સી.ટી.વી.કેમેરાના રેકોર્ડીંગમાં મે આરોપીને ઓળખી બતાવેલા". તપાસ કરનાર અધિકારી સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેઓ સમક્ષ ભોગ બનનારે લખાવેલ નિવેદનમાં આ તમામ હકીકતો વિસ્તૃત રીતે શબ્દસહ લખાવેલ નથી પરંતુ આ તમામ હકીકતોનો સારાંશ ભોગ બનનારે તેઓ રૂબરૂમાં નિવેદનમાં જણાવેલ છે.

(૪૬.૧૧) તપાસ કરનાર અધિકારીએ સ્વીકારેલ છે કે, તપાસના કામે તેઓએ ભોગ બનનારને ઓસિફિકેશન ટેસ્ટ માટે ડો.સમક્ષ મોકલેલા અને પ્રથમ વખત મોકલેલ ત્યારે ડોકટરે કોર્ટનો હુકમ મેળવી રજુ કરવા જણાવેલ અને ત્યારબાદ તે જ દિવસે ફરીથી ભોગ બનનારને ઓસિફિકેશન ટેસ્ટ માટે મોકલેલા. તપાસ કરનાર અધિકારીએ જણાવેલ છે કે, હાલ તેઓને યાદ નથી કે, નામદાર કોર્ટનો કોઈ હુકમ મેળવી તે હુકમ સાથે ફરીથી ભોગ બનનારને ઓસિફિકેશન ટેસ્ટ માટે મોકલેલ કે કેમ? તપાસ કરનાર અધિકારીએ જણાવેલ છે કે, તેઓને ખ્યાલ નથી કે શ્રી કૃષ્ણ હોસ્પિટલમાં કોઇપણ દર્દી જાય તો સૌપ્રથમ ઇમરજન્સી વિભાગમાં મોકલવામાં આવે અને ત્યાંથી જે તે વિભાગમાં દર્દીને મોકલવામાં આવે છે. તેઓએ સ્વીકારેલ છે કે, બાંગ્લાદેશથી કોઇપણ દસ્તાવેજ મંગાવવા હોય તો કુરીયર અથવા ટપાલ દ્વારા મંગાવી શકાય છે. તપાસ કરનાર અધિકારીએ તેમની ઉલટ તપાસ દરમ્યાન આંક–૧૦૧ થી રજુ થયેલ સી.સી.ટી.વી. ફુટેજના સ્ક્રીન શોટ જોઈ જણાવેલ છે કે, તેમાં ભોગ બનનાર અને આરોપી સાથે જોવા મળતા હોય તેવા કોઈ પણ ફુટેજીસ રહેલા નથી. તપાસ કરનાર અધિકારીએ સ્વીકારેલ છે કે, સુનિલ ઉર્ફે જેઠાનંદ નામનો વ્યક્તિ એક જ હોય તેવા કોઈ પુરાવા તેઓએ મેળવેલ નથી અને તેઓએ સુનિલ ઉર્ફે જેઠાનંદના મોબાઈલની કોલ ડીટેઈલ તથા ભોગ બનનાર અને આરોપી નં. ૦૩ નાઓની કોલ ડીટેઈલ મેળવી એકબીજા સાથે સરખામણી કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તપાસના કામે મેળવેલ હોટલના રજીસ્ટરના ઉતારા તેમજ તેની સાથેના દસ્તાવેજ મુજબ ઝાકીયા બિસસ નામના વ્યક્તિનું આધાર કાર્ડ હોટલમાં રજુ થયેલુ અને ઝાકીય બિસસ નામના વ્યક્તિનું ખોટું આધાર કાર્ડ રજુ થયેલ હોય તે બાબતે તેઓએ કોઈ તપાસ કરેલ નહી અને ઝાકીયા બિસસ નામની વ્યક્તિના આધાર કાર્ડ મુજબ તે ઝાકીયા બિસસ નામની વ્યક્તિ ૨૨ વર્ષની ઉંમરના હતા. તેઓએ ઈન્કાર કરેલ છે કે, આરોપી નં. ૦૧ અને આરોપી નં. ૦૨ વિરુધ્ધ પુરતા પુરવા ન

હોવા છતાં ભળતા નામે અને ખોટા નામે આરોપીઓની ખોટી રીતે અટક કરી ખોટી રીતે સંડોવણી કરી ખોટી રીતે તેમની સામે ચાર્જશીટ કરેલ છે અને આરોપી નં. ૦૧ નું ભોગ બનનાર સાથે કોઈ સીધું કે આડકતરૂ કનેક્શન ન હોવા છતાં ભોગ બનનારે લખાવેલ મોબાઈલ નંબર આધારે આરોપી મળી આવતો ન હોવાથી ખોટી વ્યક્તિને ઉર્ફે તરીકે દર્શાવી આ ગુન્હામાં સંડોવણી કરેલ છે અને આરોપી મનોહરહુસેન જોય નામની કોઈ વ્યક્તિ ન હોય પરંતુ મનહર ઉર્ફે મનોહર શંભુ યાદવ નામની વ્યક્તિ આ ગુન્હાના કામે સંડોવાયેલ હોવા છતાં હાલના આરોપી નં.૦૧ ની ઉર્ફે ખોટુ નામ દર્શાવી ખોટી રીતે અટક કરવામાં આવેલ છે અને આરોપી નં. ૦૧ નાઓ આરોપી નં. ૦૩ સોનીયાને છોડાવવા માટે આવેલા હોવા છતાં આરોપી નં. ૦૧ ને ખોટી રીતે આરોપી તરીકે અટક કરવામાં આવેલા.

(૪૬.૧૨) આરોપી નં. ૦૨ ના વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉપર મુજબની ઉલટ તપાસ સ્વીકારવામાં આવેલ છે.

(૪૬.૧૩) આરોપી નં. ૦૩ તરફે આરોપીના વિદ્વાન વકિલશ્રી દ્વારા સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, તપાસ દરમ્યાન એવી હકીકત ખુલેલી કે આરોપી નં. ૦૩ તેના પતિ સાથે મુંબઈ મુકામે રહેતા હતા અને તપાસ દરમ્યાન એવી હકીકત પણ ખુલેલ કે આરોપી નં. ૦૩ ના પતિ મુળ બંગાળ રાજ્યના ૨૪ પરગણા જીલ્લાના રહેવાસી છે અને આરોપી નં. ૦૩ મુંબઈ મુકામે રહે છે તેનું પુરૂ સરનામું તપાસના કામે તેઓ પાસે હતુ અને આરોપી નં. ૦૩ મુંબઈમાં જ્યાં રહે છે ત્યાં અને તેમના પતિ મુળ ૨૪ પરગણા જીલ્લામાં બંગાળમાં રહે છે ત્યાં તેઓએ કોઈ તપાસ કરેલી નહી અને આ બન્ને સ્થળના કોઈ વ્યક્તિઓના નિવેદન તેઓએ મેળવેલ નહી. તપાસ કરનાર અધિકારીએ સ્વીકારેલ છે કે, તેઓની તપાસના કામે મુંબઈ, વલસાડ, સુરત અને આણંદ શહેરના નામ ખુલેલા અને આ સુરત અને વલસાડના કોઈ સ્થળે તેઓ તપાસ માટે ગયેલ નથી કે ત્યાંના કોઈ વ્યક્તિઓના નિવેદનો તેઓએ લીધેલ નથી અને આ ચાર શહેરોમાંથી કોઈપણ જગ્યામાંથી આરોપી નં. ૦૩ નો કોઈ ગુન્હાહીત ઈતિહાસનો રીપોર્ટ તેઓને મળેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓની તપાસમાં એવી હકીકત ખુલેલ કે આરોપી નં. ૦૩ વલસાડ મુકામે તેમના ગુરૂભાઈ પાસે રાખડી બંધાવવા માટે ગયેલ અને તપાસના કામે આરોપી નં. ૦૩ ના ગુરૂભાઈનો ફોન

નંબર પણ તેઓને મળેલ અને તેઓએ રૂબરૂમાં કે ફોન ઉપર આરોપી નં. ૦૩ ના ગુરૂભાઈનું કોઈ નિવેદન મેળવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આણંદ ખાતે પટેલ કુટુંબ રહેતુ હતુ ત્યાં આરોપી નં. ૦૩ ગયેલા તેમના નિવેદન તેઓએ નોંધેલ અને આ પટેલ કુટુંબના લોકોએ તેઓના રૂબરૂના નિવેદનમાં એવી કોઈ હકીકત જણાવેલ નહી કે ભોગ બનનાર અસહજ એટલે અનકમ્ફર્ટેબલ હતા. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ ભોગ બનનારનું નિવેદન તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ નોંધેલુ અને તે નિવેદનમાં ભોગ બનનારે એવુ જણાવેલ કે, તેણી તા. ૨૨/૦૮/૨૦૨૩ થી તા. ૨૯/૦૮/૨૦૨૩ સુધી મુંબઈ મુકામે આરોપી નં. ૦૩ સાથે હતા. તપાસ કરનાર અધિકારીએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર તેમના નિવેદનમાં એવુ પણ જણાવેલ કે આ સમય દરમ્યાન તેઓ આરોપી નં. ૦૩ સોનિયા સાથે રહેતા હતા અને સમય પસાર કરતા હતા.

(૪૬.૧૪) તપાસ કરનાર અધિકારીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ભોગ બનનાર તેઓના રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ કે આરોપી નં. ૦૩ સોનિયાએ તેણીને એવુ કહેલ કે, "મારે વલસાડ ભાઈના હાથે રાખડી બાંધવા જવુ છું." તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે તેઓ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ કે, "તા. ૨૯/૦૮/૨૦૨૩ ના રોજ બપોરના આશરે દોઢ વાગ્યે હું તથા સોનિયા ફરવા અને સોનિયાના ભાઈને રાખડી બાંધવાની હોય તે માટે ગુજરાત આવેલા."

(૪૬.૧૫) તપાસ કરનાર અધિકારીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ભોગ બનનારે તેઓના રૂબરૂના નિવેદનમાં એવી હકીકતો લખાવેલી નથી કે, " સોનીયા મને સુનિલ નામના એક એજન્ટ પાસે લઈ ગયેલ ત્યારબાદ હું હોટલમાં ફ્રેશ થઈને ખાવાનુ ખાયને બેઠી હતી ત્યારબાદ સોનીયા આવીને મને કહેલ કે તુ અહી રોકા તને કઈ જોઈએ તો સુનિલને કહ્યું છે તો મેં સોનીયાને કહેલ કે હું હિન્દી બોલી શકતી નથી અને તુ મને એકલી મુકીને ક્યાં જાય છે તો સોનીયા એ મને કહેલ કે હું મારા કામથી બીજી હોટલમાં જાવ છું ત્યારબાદ સોનીયા એ મને જણાવેલ કે તને કઈ જરૂર પડે તો મને ફોન કરજે જેથી હું સુનિલને ફોન કરીને કહી દઈશ. સોનીયા અને મનોહરહુસેન મારી સાથે બાગ્લાદેશી ભાષા માં વાત કરતા હતા. ત્યારબાદ હું રાત્રે તે જ હોટલ માં રોકાયેલી સોનીયા રાત્રે મારા રૂમ ઉપર આવેલી." અને "ત્યારબાદ

તા.૩૧/૦૮/૨૦૨૩ ના રોજ સવારે કઈંક ગ્રાહક આવેલ અને સોનીયા અને સુનિલે આવીને મને કહેલ કે તું ઉપર એક રૂમ નંબર કહેલો તેમાં જા તે રૂમ નંબર ચોકક્સ શુ હતુ તે મને યાદ નથી તો મે કહેલુ કે મારે ઉપર કેમ જવાનુ ત્યારબાદ મેં વારંવાર કહેલ કે હું અહીં શુટીંગ માટે આવેલ છુ શુટીંગ નહી કરવુ હોય તો મારે કેમ ઉપરના રૂમમાં જવાનુ ત્યારબાદ સોનીયાએ મને ગુસ્સો કરીને કહેલ કે તને ઉપર જવા માટે કહ્યુને તુ ઉપર જા તારો એજન્ટ તને એટલા માટે જ લાવેલ છે તુ ઉપર નહી જા તો પ્રોબ્લેમ થશે ત્યારબાદ મેં રડીને કહેલ કે હું આવા ખોટા કામ માટે આવેલ નથી ત્યારબાદ સોનીયાએ મને ગુસ્સો કરીને ઉપરના રૂમમાં મોકલી દીધેલ ત્યારબાદ હું ઉપરના રૂમમાં ગયેલ ત્યારે રૂમમાં કોઈ ન હતુ ત્યારબાદ એક માણસ વોશરૂમમાંથી આવેલો તેથી મેં સોનીયાને ફોન કરેલો કે અહીયા તો એક માણસ છે તો મારે અહીંયા શું કરવાનુ તો સોનીયા મને કહેલ કે તે જેમ કહે તેમ કર ત્યારબાદ તે માણસે મને મારી પાસે આવી નામ પુછેલ તો મેં તેને મારુ નામ જણાવેલ તે તેની સમજમાં આવેલ નહી તો મેં હું બાગ્લાદેશી છુ હું અહી શુટીંગ માટે આવેલ છુ તેવુ મેં બાગ્લામાં જણાવેલ જે તેની સમજમાં આવેલ નહી. ત્યારબાદ તે માણસે મારી સાથે રેપ કરેલ ત્યારબાદ હું નીચે મારા રૂમમાં જતી રહેલી ત્યારબાદ સોનીયાએ મને પુછેલ કે થઈ ગયુ તો મેં સોનીયાને કહેલુ કે થઈ ગયુ, ચાલો અહીથી નીકળવુ છે ત્યારબાદ મેં સોનીયાને જણાવેલ કે હું આવુ કરવા આવી નથી તમે કેમ મારી પાસે આવુ કરાવેલ છે. તો સોનીયાએ મને જણાવેલ કે આમાથી તને પૈસા મળવાના છે તુ બાગ્લાદેશ પૈસા મોકલી શકીશ તો મેં સોનીયાને કહેલ કે મારે પૈસા નથી જોઈતા ત્યારબાદ મેં વારંવાર હું શોખથી શુટીંગ કરવા આવેલ છુ શુટીંગ ન કરવુ હોય તો મને ફરીથી બાગ્લાદેશ મોકલી દો તેમ જણાવેલ ત્યારબાદ સોનીયાએ મને જણાવેલ કે વધારે વાત ન કર બીજો ગ્રાહક આવશે તેની પાસે જા તો મેં સોનીયાને મારે નથી જવુ તેમ જણાવેલ તો સોનીયાએ મને કહેલ કે તુ ત્યાં જા હું કામ અર્થે બીજી હોટલમાં જાવ છું ત્યારબાદ સુનીલ ઓળખે છે તે છોકરી ત્યાં આવેલ તે મને ઉપરના માળે લઈ ગયેલી જે મેં અગાઉ મારી સાથે રેપ થયેલાનુ જણાવેલ તે પંદર વીસ મીનીટ બાદ બીજી વખત રૂમમાં લઈ ગયેલ ત્યારે રૂમમાં કોઈ ન હતુ ત્યારબાદ બીજો એક માણસ આવેલો તેણે મારુ નામ પુછેલ તો મેં તેને મારુ નામ જણાવેલ ત્યારબાદ મને મારી સાથે અગાઉ રેપ થયેલ હોય મારે અહીથી નીકળી જવુ છે તેમ જણાવેલ ત્યારબાદ મારી સાથે જોરજબજસ્તી કરવામાં આવેલી ત્યારે મને લોહી નીકળી આવેલુ આ જોરજબજસ્તીમાં મારી સાથે ફિઝીકલ રેપ કરવામાં આવેલો ત્યારબાદ મેં તે માણસને

મારે વધારે કરવુ નથી લોહી નીકળી આવેલ છે તેમ જણાવેલ ત્યારબાદ તે માણસે મને કેમ જવુ છે બે વખત કામ કરવાનુ જણાવેલ છે તેમ કહેલુ તો મે તેમને કહેલ કે નથી કરવુ મારે જવુ છે તો મને તે માણસે નીકળી જવા દીધેલ નહી તો મે સોનીયાને કોલ કરેલો અને સોનીયાને જણાવેલ કે મારે લોહી નીકળી ગયેલ છે મારે કરવુ નથી તેથી મારા મોબાઈલ ફોનથી સોનીયા સાથે તે માણસે વાત કરેલી તો સોનીયાને તે માણસે ફોન પર કહેલ કે જો આને બે વખત કરવુ નહી હોય તો તુ આવી જા તેવુ મેં ત્યાં સાભળેલુ. પરંતુ સોનીયાએ કહેલ કે તે બીજી હોટલમાં ગયેલ છે ત્યારબાદ હું ત્યાંથી નીકળી ગયેલ ત્યારબાદ હું ત્યાં રૂમ પર ગયેલા અને સોનીયા ત્યાં રૂમ પર આવેલી અને સુનિલ પણ રૂમ પર આવેલો અને સુનિલ સોનીયા ઉપર ગુસ્સે થયેલો આને બે વખત કરવાનુ હતુ કેમ કરેલ નથી તો સોનીયાએ જણાવેલ કે એને લોહી નીકળી ગયેલ હતુ તેથી બે વાર કરેલ નથી. ત્યારબાદ સુનિલે સોનીયાને કહેલ કે હું તેમના માટે મલમ લઈ આવુ છું ત્યારબાદ સુનિલ નીચે જઈને મલમ લઈ આવેલ અને મને આપેલ અને કહેલ કે આ લગાવશે એટલે સારુ થઈ જશે ત્યારબાદ મને જણાવેલ કે આ લગાવ સારુ થઈ જાય તો બીજો ગ્રાહક આવશે તો મેં કહેલ કે મારે અહીં નથી રહેવુ ત્યારબાદ સોનીયાએ મને કહેલ કે થોડો સમય બાદ જતી રહેજે અત્યારે આરામ કર ત્યારબાદ ફરીથી એક ગ્રાહક આવેલ અને સુનિલે મને સોનીયા દ્વારા ગ્રાહક પાસે જવા ઘણુ જણાવેલ તો મેં જણાવેલ કે મારે નથી જવુ જવુ હોય તો તુ જા ત્યારબાદ સોનીયા જાતે ગયેલી ત્યારબાદ અડધો કલાક પછી નીચે આવેલી ત્યારબાદ સુનિલ ફરીથી સોનીયા પર ગુસ્સે થયેલો અને કહેલ કે આની સાથે કરવા માટે લાવેલ છે અને તે કામ આ નહી કરે તો અહીં શુ કામ રહેવાનુ ત્યારબાદ સોનીયાએ મને કહેલ કે હવે આપડે નીકળી જવુ છે ત્યારબાદ હોટલ ઉપરથી ૩૧ તારીખે રાત્રીના સાડા સાત આઠ વાગે નીકળી ગયેલ અને ત્યાંથી રેલ્વે સ્ટેશન ગયેલા અને ત્યાંથી અમદાવાદ ગયેલા ત્યાં રેલ્વે સ્ટેશન પર એક સી.એન.જી.વાળો સોનીયાને ઓળખતો હતો ત્યાં આવેલ તે અમને અમદાવાદ સાઈ વીલા હોટેલ લઈ ગયેલ ત્યાં હોટલ ઉપર હું અને સોનીયા રોકાયેલ અને સી.એન.જી.રીક્ષા વાળો ત્યાંથી નીકળી ગયેલો ત્યાં હોટલમાં ખાવાનુ ખાયને અમે આરામ કરેલો " તથા "ત્યારબાદ ૦૧ તારીખે સવારે ઉઠેલા અને એક હોટલમાં ખાવા માટે ગયેલા અને ત્યાંથી ખાયને ફરી પાછા હોટલમાં ગયેલા ત્યારબાદ સી.એન.જી.રીક્ષા વાળાએ સોનીયાને ફોન કરેલો અને જણાવેલ કે જે હોટલમાં અમે રોકાયેલ છે તે હોટલની બાજુમાં એક રૂમ છે તેમા એક ગ્રાહકને મોકલી દેવાનો છે તેવુ જણાવેલ ત્યારે

સોનીયાએ ફોન કાપીને મને જણાવેલ કે એક ગ્રાહક આવેલ છે ત્યાં તુ જા તો મેં કહેલુ કે મારુ લોહી નીકળી ગયેલ છે મારે જવુ નથી જવુ હોય તો તુ જા તો સોનીયાએ મને કહેલ છે કે હજુ સુધી લોહી બંધ નથી થયું તો મેં સોનીયાને કહેલ કે મારે આવુ કામ કરવુ નથી જવુ હોય તો તુ જા ત્યારબાદ સોનીયાએ મને તે ગ્રાહકના રૂમમાં મોકલી આપેલ ત્યાં ગયેલ તો ત્યાં એક માણસ હતો તેણે મારુ નામ પુછેલ તો મે તેને જણાવેલ કે હું બાગ્લાદેશી છુ મારે આ કામ કરવુ નથી હું આ કામ કરવા માટે આવેલ નથી તેમ જણાવેલ ત્યારબાદ તે ગ્રાહક મારી સાથે એક વખત ફિઝીકલ રેપ કરીને જતો રહેલો તેને મારી સાથે બે વખત સબંધ રાખવાનો હતો પરંતુ તે એક વખત સબંધ રાખીને જતો રહેલો. ત્યારબાદ હું મારા રૂમ પર ગયેલી હું નાહી ધોઈને ફ્રેશ થઈને સુઈ ગયેલી ત્યારબાદ સોનીયા મને કહેલ કે તુ અહીયા રહે મારે બીજી હોટલમાં કામ છે હું ત્યાં જાઉ છુ ત્યારબાદ સોનીયા નીકળી ગયેલી અને રાત્રે આવેલી ત્યારબાદ હોટલના રૂમમાં ખાવાનુ મંગાવેલ જે ખાયને અમે સુઈ ગયેલા" અને "ત્યારબાદ તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ સોનીયાએ સી.એન.જી.રીક્ષાવાળા એજન્ટને કોલ કરેલો અને સોનીયા ગ્રાહક પાસે ગયેલી. આ દરમ્યાન મે હોટલમાં મેં મારુ ફેસબુક એકાઉન્ટ ખોલેલ તેમાંથી મે નઈમ નામના છોકરાને મેં ફોન કરેલો અને મેં રડીને મારી સાથે થયેલ તે વાત જણાવેલી અને મારા કઝીનનો નંબર નઈમ પાસે હતો તે મને આપેલો અને તેથી મેં મારા કઝીન ભાઈ સાથે વાત કરેલી અને મેં મારી સાથે થયેલ તે તમામ હકીકત જણાવેલ તો મારા કઝીન ભાઈએ જણાવેલ કે તુ અત્યારે ક્યાં છો તો મેં મારા કઝીન ભાઈને મારુ લોકેશન મોકલી આપેલ ત્યારબાદ ત્યાં સોનીયા આવી ગયેલી તેથી મારા કઝીન સાથે વધુ વાત થયેલી નહી ત્યારબાદ તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ આઈલેન્ડ પાર્ક હોટલ પર જવા માટે મને અને સોનીયાને લેવા માટે સી.એન.જી.રીક્ષાવાળો એજન્ટ આવેલો તે અમોને સાઈપીલાથી પહેલા ખાવા માટે લઈ ગયેલો અને ત્યારબાદ તે આઈલેન્ડ પાર્ક હોટલ પર લઈ ગયેલ ત્યારબાદ સોનીયાએ મને કહેલ કે આ હોટલ પર જા તો મેં સોનીયાને કહેલુ કે વારંવાર કેમ મારે હોટલમાં જવાનું તો સોનીયાએ કહેલ કે આજે નાઈટ ત્યાં રહેવાનુ છે તો મેં સોનીયાને કહેલ કે મારે એકલાએ નાઈટમાં રહેવુ નથી હું તારી સાથે જ રહીશ તો સોનીયાએ મને કહેલ કે આજે નાઈટ રહી આવ કઈંક પ્રોબ્લેમ હોય તો મને ફોન કરજે ત્યારબાદ સી.એન.સી.રીક્ષાવાળો સોનીયાને લઈને જતો રહેલો અને મને એક છોકરો હતો તે રૂમમાં મુકીને નીચે આવી ગયેલો ત્યારબાદ હું આ રૂમમાં દસેક મિનીટ બેઠી હતી ત્યારબાદ મને ભુખ લાગી હતી તો મેં સોનીયાને ફોન કરેલ તો સોનીયાએ જે

માણસ નાઈટમાં આવવાનો હતો તેની મારફતે ખાવાનુ મોકલાવેલ ત્યારબાદ દસ પંદર મિનીટ પછી ગ્રાહક આવેલો ત્યારબાદ હોટલ પર જે માણસ બેઠેલ હતો તે મને ગ્રાહક પાસે લઈ ગયેલ ત્યારબાદ તે ગ્રાહક આવીને ફ્રેશ થયેલો અને તેણે આવીને મારી સાથે વાતચીત કરેલી ત્યારે મેં તેને હું બાગ્લાદેશી છુ અને શુટીંગ માટે આવેલ છુ તેવી વિગત જણાવેલી ત્યારબાદ હું બાગ્લાદેશી ભાષા બોલુ છુ તમને સમજ પડે છે મેં તેવુ પુછતે તેણે મને કોઈ તકલીફ નથી બાગ્લાદેશી ઘણા મિત્રો મારે છે તેથી મને થોડુ થોડુ ખબર પડે છે. મેં તેને મારા અહી આવીને ફસાય ગઈ છુ મારે ફરી બાગ્લાદેશ જવુ છે તેમ જણાવેલ અને મને આવા કામમાં કોઈ રસ નથી તેવુ જણાવેલ ત્યારબાદ તેણે મારી સાથે ફિઝીકલ રેપ કરેલ ત્યારબાદ રાત્રીના એક વાગે મેં પરત જતા રહેવા જણાવેલ તો તે ભાઈએ મને જણાવેલ કે આખી રાત રોકાવાનુ હતુ ત્યારબાદ હું ત્યાં સુઈ ગયેલી અને સવારે પાંચ વાગે ઉઠેલી ત્યારબાદ ગ્રાહક તરીકે જે ભાઈ હતા તે જતા રહેલા ત્યારબાદ હું હોટલ ઉપર સી.એન.જી.રીક્ષાવાળા એજન્ટ આવે તેની રાહ જોતી હતી ત્યારબાદ સી.એન.જી.રીક્ષાવાળા આવેલ અને મને લઈને સાઈપીલા હોટલ લઈ ગયેલા ત્યારબાદ હું હોટલમાં સુઈ ગયેલી અને સોનીયા તેના કામ માટે ગયેલી સોનીયાના હોટલમાંથી ગયા બાદ મે મારા ભાઈ સુમોનને ફોન કરેલો અને જણાવેલુ કે હવે શું કરવુ છે મારે પોલીસ પાસે જવુ છે પરંતુ પોલીસ બાગ્લાદેશી ભાષા સમજી શકશે નહી તેથી મેં મારા ભાઈને તેનો કોઈ મિત્ર અહી હોય તો તે મારી સાથે પોલીસ સ્ટેશન આવે અને મારી વાત પોલીસ ને સમજાવે તેવી વાત કરેલી ત્યારબાદ મારા ભાઈએ મને તુ જ્યાં જા ત્યાનુ લોકેશન મને મોકલતી રહેજે તેવુ જણાવેલ." અને "ત્યારબાદ ૦૫ તારીખે રાત્રે સાડા નવ દસ વાગે સોનીયા મને લઈને હોટલેથી નીકળી ગયેલ અને જણાવેલ કે મારી એક ફ્રેન્ડને ત્યાં જવાનુ છે તો મેં પુછેલ કે ક્યાં જવુ છે તો તેણે મને કહેલ કે મારી એક ફ્રેન્ડ આણંદ રહે છે ત્યાં જવુ છે તો મેં સોનીયાને બાગ્લાદેશ પરત જવા માટે જણાવેલુ ત્યારબાદ આણંદ જવા માટે નીકળેલા ત્યારે મારા ભાઈને મેં મેસેજ કરેલો કે મને બીજી જગ્યાએ લઈ જાય છે તો શુ કરવાનુ છે તો મારા ભાઈએ મને જણાવેલ કે જ્યાં જાય તે જગ્યાનુ લોકેશન મને મોકલજે ત્યારબાદ રાત્રીના બારેક વાગ્યે સોનીયાના મિત્ર ગોપાલને ત્યાં આણંદ પહોચેલા ત્યાં અમે રાત્રે ખાવાનુ ખાધેલુ અને બેઠા હતા ત્યારબાદ મેં મારા ભાઈ સાથે ફોન પર વાતચીત કરેલી ત્યારબાદ મને સુઈ જવા માટે જણાવવામાં આવેલુ પરંતુ મે જણાવેલ કે તમે લોકો સુઈ જાવ હું થોડી વાર બેસુ છું ત્યારબાદ સુમોન ભાઈ સાથે મારી વાતચીત થયેલી તેણે મને તેના જુનીયર મિત્રનો

નંબર આપેલો અને તેથી મેં વ્હોટએપથી ભાઈના મિત્ર નિલોય સાથે વાતચીત કરેલી અને મેં તેને મારુ લોકેશન મોકલાવેલુ તેણે ૧૮૧ નંબર ઉપર કોલ કરેલો અને તેઓ પોલીસને લઈને લોકેશનના આધારે ગોપાલના ઘરે આવેલા." અને "૧૮૧ હેલ્પલાઈન ઉપરથી મારી ઉપર ફોન આવેલા પરંતુ તે વખતે હું સોનીયા સાથે ગોપાલના ઘરે હતી તેથી હું ફોન ઉપર વાત કરી શકેલ નહી ત્યારબાદ મેં નિલોય ને મોબાઈલ ફોનમાં એસ.એમ.એસ. કરેલ હું ઉપરના માળે છુ પોલીસને કહો ઉપર આવે ત્યારબાદ પોલીસવાળા ગોપાલભાઈના ઘરે ઉપર આવેલા અને દરવાજો નોક કરેલ પરંતુ ગોપાલભાઈએ સી.સી.ટી.વી.કેમેરામાં જોયેલ તો તેના ઘરની આજુબાજુ પોલીસવાળા હતા તેથી દરવાજો ખોલેલ નહી ત્યારબાદ પોલીસવાળાએ બીજી વાર દરવાજો નોક કરેલો તો ગોપાલભાઈએ દરવાજો ખોલેલ અને પોલીસે ગોપાલભાઈને પોલીસે પુછેલ કે કોઈ બાગ્લાદેશી તમારા ઘરે છે તો ગોપાલભાઈએ ના પાડેલ ત્યારબાદ પોલીસ ઘરની બહાર ગયેલ તો મેં નિલોયને ફરીથી એસ.એમ.એસ.કરેલો કે જે ઘરનો દરવાજો નોક કરેલો તે જ ઘરમાં હું ઉપર છુ તુ પોલીસને બતાવ ત્યારબાદ નિલોયે પોલીસને આ વાત કરેલ અને પોલીસે ફરીથી ગોપાલભાઈ નો દરવાજો નોક કરેલો ત્યારબાદ ગોપાલભાઈ ને હું જ માહીતી આપુ છુ તેવુ લાગેલુ તેથી સોનીયા આવીને મારી પાસેથી મોબાઈલ ફોન લઈ ગયેલી તો મે સોનીયાને પુછેલ કે તુ મારો મોબાઈલ ફોન કેમ લઈ લે છે હું બુમો પાડીશ તેમ કહેલુ ત્યારબાદ મેં કહેલુ કે મને જવા દે મારે પોલીસ પાસે જવુ છે ત્યારબાદ પોલીસ દરવાજો ખુલ્લો હતો અને પોલીસવાળા ઘરમાં આવેલા અને હું પોલીસ પાસે ગયેલી ત્યારબાદ પોલીસવાળા મને ગોપાલભાઈ, ગોપાલભાઈની પત્નીને અને સોનીયાને લઈને પોલીસની ગાડીમાં વિધ્યાનગર પોલીસ સ્ટેશન લાવેલા ત્યારબાદ વિધ્યાનગર પોલીસ સ્ટેશન આવીને મારી સાથે જે કઈ ઘટના બનેલી તે મેં બાગ્લા ભાષામાં જણાવેલી જે મારી વાતો હિન્દીમાં ટ્રાન્સલેટ કરીને નિલોય અને તેના મિત્રએ પોલીસને જણાવેલ ત્યારબાદ બીજા દિવસે સવારમાં પોલીસના અધિકારી આવેલા અને તેઓને બનાવની હકીકત જણાવેલી." તપાસ કરનાર અધિકારી સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેઓ સમક્ષ ભોગ બનનારે લખાવેલ નિવેદનમાં આ તમામ હકીકતો વિસ્તૃત રીતે શબ્દસહ લખાવેલ નથી પરંતુ આ તમામ હકીકતોનો સારાંશ ભોગ બનનારે તેઓના રૂબરૂના નિવેદનમાં જણાવેલ છે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, આરોપી નં. ૦૩ સામે ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપો અંગે કોઈપણ જાતનો પુરાવો ન

હોવા છતાં આરોપી નં. ૦૩ ને ખોટી રીતે અટક કરી તેના વિરુધ્ધ ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૪૬.૧૬) આરોપી નં. ૦૪ તરફે ટ્રાન્સફરથી અને આરોપી નં. ૦૬ અને ૦૭ ના વિદ્વાન વકિલશ્રી દ્વારા સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, તપાસ એટલે સત્ય શોધવું અને ફરિયાદ દાખલ થયા બાદ ત્રણ પરિસ્થિતિ ઉદ્ભભવે, (૧) ચાર્જશીટ કરવામાં આવે, (૨) પુરતો પુરાવો ન મળે તો સમરી ભરવામાં આવેલ અને (૩) ફરિયાદી ખોટી ઠરે તો વિથ પ્રોસિક્યુશન બી સમરી ભરવામાં આવે અને ફરિયાદમાં કરેલ આક્ષેપના સમર્થનમાં સ્વતંત્ર પુરાવો મળે તો તેને ચાર્જશીટનો ભાગ બનાવવો જ જોઈએ.

(૪૬.૧૭) તપાસ કરનાર અધિકારીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ફરીયાદ જોતા કહેવાતી ભોગ બનનાર સગીરબાળા હોવાના આક્ષેપ હતા અને ભોગ બનનાર બાળક હોય તો પોકસો જેવા કેસમાં જન્મનો દાખલો અથવા જો બાળક ભણેલ હોય તો શાળાનું જન્મનું પ્રમાણપત્ર મહત્વનો પુરાવો કહેવાય અને ભોગ બનનારના આવા જન્મનો દાખલો કે શાળાનું જન્મનું પ્રમાણપત્ર જેવા પુરાવાઓ મેળવવા તેઓએ કોઇ પ્રયત્ન કરેલ નથી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, જાણવા જોગના કામે ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર મેળવી લેવાયેલ હતુ અને જાણવા જોગના કામે તેઓએ જે જન્મનું પ્રમાણપત્ર મેળવી લેવાયેલ હોવાનું કહે છે તેવો પુરાવો કોના મારફતે ક્યાં માધ્યમથી કઇ રીતે મેળવાયેલ તેનો કોઇ આધાર ચાર્જશીટનો ભાગ નથી અને ભોગ બનનારના જન્મનો અસલ આધાર મેળવવા માટે તેઓએ કોઇ પ્રયત્ન કરેલ હોય તેવો કોઇ આધાર ચાર્જશીટનો ભાગ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ચાર્જશીટ થતા સુધી ભોગ બનનાર બાંગ્લાદેશના નાગરીક છે તેવુ પ્રસ્થાપિત કરતો કોઇ પુરાવો રજુ થયેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ ભોગ બનનારના જાણવા જોગના કામના બંને નિવેદન વાંચેલા અને તે બંને નિવેદનમાં ભોગ બનનાર ધોરણ–૧૨ સુધી ભણેલ હોવાનું જણાવેલ અને ધોરણ–૧૨ પછી ભોગ બનનાર બાંગ્લાદેશમાં કેટલુ રોકાયેલા તે બાબતે તેઓએ કોઇ તપાસ કરેલ નહી અને ભોગ બનનાર તેમના ઘરના સભ્યોને જાણ કર્યા વિના ઘરેથી નીકળી ગયેલ તે બાબતે તેમના ઘરના સભ્યોએ કોઇ ફરીયાદ કરી હોય કે બાંગ્લાદેશની સરકાર ભોગ બનનારની શોધખોળ કરતી હોય તેવો કોઇ પુરાવો

તપાસના કામે મળી આવેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, ચાર્જશીટ થતા સુધી ભોગ બનનારની ઉંમર અંગેનો, તે બાંગ્લાદેશના નાગરીક હોવા અંગેનો અને તે ઘરેથી કોઇને જાણ કર્યા વિના ભારત આવી ગયેલ છે તે બાબતનો કોઇ આધાર પુરાવો તેઓએ બાંગ્લાદેશથી મેળવેલ નહી અને ચાર્જશીટ થતા સુધી તેઓએ એક્ષર્ટનલ અફેર્યસ મીનીસ્ટ્રી મારફતે કે ઇન્ડીયન એમ્બેસી આવો કોઇ આધાર પુરાવો મેળવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, કોઇ વ્યક્તિ ગુન્હો કર્યા પછી તેઓને ખબર નથી તેવો બચાવ લે તો તે ટકી ન શકે તે તેઓ જાણે છે અને કોઇ બાંગ્લાદેશી વ્યક્તિ ભારતમાં વગર પરવાનગીએ આવે તો તે ગુન્હો બને અને તેઓને આવી કોઇ બાંગ્લાદેશી વ્યક્તિ વગર પરવાનગીએ ભારતમાં પ્રવેશે તો તેઓ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી કરે અને કોઇ ગુન્હાના કામે નહી પકડાયેલ આરોપીને ચાર્જશીટમાં કોલમ નં. ૨ માં પકડાયેલ નહી તેવા આરોપીઓના કોલમમાં દર્શાવવાના હોય છે અને કોઇ વિદેશી વ્યક્તિ કોઇ ગુન્હાના કામે સંકળાયેલ હોય તો તેમને ભારતમાં આરોપી તરીકે બતાવી શકાય તેવી જોગવાઇ છે અને ભોગ બનનારને બોર્ડર ક્રોસ કરાવી ભારતમાં પ્રવેશ અપાવનાર અને તેમા મદદ કરનાર કોઇ વ્યક્તિને તેઓએ આ ગુન્હાના કામે આરોપી તરીકે બતાવેલ નથી કે તેમના વિરુદ્ધ અલગથી કોઇ ફરીયાદ કરેલ નથી. તેઓએ ઇન્કાર કરેલ છે કે, કહેવાતી ભોગ બનનાર સગીર ન હતા અને ફરીયાદમાં જણાવ્યા મુજબના આક્ષેપો મુજબની કોઇ હકીકત ભોગ બનનાર સાથે બનેલ ન હોય જેથી ભોગ બનનાર બાંગ્લાદેશથી ભારત આવેલ તેવી હકીકત સબંધે કોઇ કાર્યવાહી કરેલ નથી.

(૪૬.૧૮) તપાસ કરનાર અધિકારીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, પોકસોના આક્ષેપ હોવાથી ભોગ બનનારની મેડીકલ તપાસણી દ્વારા તેની ઉંમર જાણવી તે મહત્વનું હતુ અને તેઓએ તપાસના કામે ભોગ બનનારની ઉંમર અંગે મેડીકલ અભિપ્રાય મેળવ્યા બાદ કોઇ ડોકટરનું નિવેદન લીધેલ હોય તેવુ બનેલ નથી અને આંક–૧૦૩ A દ્વારા તેઓએ ભોગ બનનારની મેડીકલ તપાસણી દ્વારા તેની ઉપર જાતીય હુમલો થયો છે કે કેમ? તથા તેણીએ હુમલા સમયે કોઇ પ્રતિકાર કરેલ છે કે કેમ? તે જાણવા મેડીકલ ઓફીસરને ચાદી કરેલી. તેઓએ સ્વીકારેલ છે કે, મેડીકલ ઓફીસરે આંક–૧૦૬ થી સર્ટીફીકેટ આપેલ છે અને આંક–૧૦૬ વાળા સર્ટીફીકેટના કોલમ નં. ૨૫ કે જે ફાઇનલ ઓપીનીયન માટે છે તેમાં મેડીકલ ઓફીસરે પોતાનો કોઇ અભિપ્રાય આપેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, દરેક સંભોગ બળાત્કાર હોય તે જરૂરી

નથી અને ભોગ બનનારે જાણવા જોગના તેમના નિવેદનમાં તેણીની સાથે મરજી વિરુદ્ધ શારીરીક સબંધ બાંધવામાં આવેલ છે તેવી કોઇ હકીકત જણાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ઓળખ પરેડ બાદ ભોગ બનનારનું કોઇ વિશેષ નિવેદન લેવાયેલ હોય તેવુ બનેલ નથી અને આક્ષેપ મુજબ આરોપીઓએ ભોગ બનનાર સાથે જે હોટલમાં કહેવાતુ દુષ્કર્મ કરેલ છે તે બાબતે તેવી કોઇ હોટલના સ્ટાફ કે મેનેજર મારફતે આરોપીઓને ઓળખ કરાવવા માટે કોઇ ઓળખ પરેડ તપાસના કામે કરાવેલ નહી અને હોટલવાળા પાસેથી જે ગ્રાહકોના આધારકાર્ડ મળેલ તેવા આધારકાર્ડ કોઇ અન્ય વ્યક્તિઓ પાસેથી પંચનામાની વિગતે મેળવેલ હોય અને તેની ખરાઇ કરાવેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ ઇન્કાર કરેલ છે કે, ક્યાં આરોપી કઇ હોટલમાં ભોગ બનનાર સાથે ગયેલા તે બાબતેનો કોઇ સ્વતંત્ર પુરાવો તપાસના કામે મળી આવેલ નથી. તપાસ કરનાર અધિકારીને સવાલ પુછવામાં આવેલ છે કે, ભોગ બનનારે તેમના નિવેદનમાં ક્યો ચોક્કસ આરોપી તેણીને કઇ હોટલના કયા રૂમમાં કઇ તારીખે અને કયા સમયે લઇ ગયેલ તે હકીકત સ્પષ્ટ રીતે જણાવેલ નથી? જેના જવાબમાં જણાવેલ છે કે, નિવેદનમાં આવી સ્પષ્ટ અને ચોક્કસ હકીકત જણાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર સૌપ્રથમ વખત પોલીસને મળેલ ત્યારે તેની પાસે મોબાઇલ હતો અને તે મોબાઇલ તેઓએ કબજે લીધેલ નથી અને ફરીયાદમાં ફેસબુકના માધ્યમથી સંપર્ક થયેલા તેવા આક્ષેપ રહેલ અને તે બાબતે તેઓએ કોઇ ટેકનીકલ તપાસ કરેલ નથી. તપાસ કરનાર અધિકારીએ ઇન્કાર કરેલ છે કે, મંગલચંદ મન્ના બાંગ્લાદેશી ભાષાના જાણકાર હોવા અંગેનો કોઇ પુરાવો ચાર્જશીટમાં સામેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, મંગલચંદ મન્નાની શૈક્ષણિક લાયકાત કે તેમના રહેઠાણ અંગેનો કોઇ પુરાવો ચાર્જશીટ સાથે સામેલ રાખેલ નથી અને મંગલચંદ મન્ના બાંગ્લાદેશી ભાષા જાણતા હોવાનું કહે છે તેનો એકમાત્ર આધાર તેમના દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર છે. તેઓએ ઇન્કાર કરેલ છે કે, મંગલચંદ મન્ના બાંગ્લાદેશી ભાષાના જાણકાર નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે કોઇપણ હોટલ ખાતે તેની સાથે આચરવામાં આવેલ દુષ્કર્મનો વિરોધ દર્શાવેલ હોય તે અંગે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનમાં કોઇ હકીકત જણાય આવેલ નહી.

(૪૬.૧૯) તપાસ કરનાર અધિકારીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આરોપી અમૃતભાઇ ભોગ બનનારને તેણીની ઇચ્છા વિરુદ્ધ એક હોટલ થી બીજી હોટલે

લઇ ગયેલ હોય તેવો કોઇ પુરાવો રહેલ નથી. તેઓએ ઇન્કાર કરેલ છે કે, કોઇપણ આરોપીએ ભોગ બનનાર સાથે કોઇ ગુન્હાહિત કૃત્ય આચરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આરોપી નં. ૪, ૬, ૭ નાએ ભોગ બનનારનુ કોઇ અપહરણ કરેલ નથી કે ભોગ બનનારને બાંગ્લાદેશથી ભારતમાં લાવેલ નથી કે બોલાવેલ નથી અને આરોપી નં. ૪, ૬, ૭ નાઓએ ભોગ બનનારને કોઇ અન્ય વ્યક્તિને વેચેલ હોય કે કાયમી માટે ખરીદેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ જણાવેલ છે કે, એ તેઓ કહી શકે નહી કે, આરોપી નં. ૪, ૬, ૭ નાએ કોઇ જાણ સાથે સગીર બાળાને મેળવેલ હોય એવુ બનેલ નથી. તેઓ સ્વીકારેલ છે કે, તમામ આરોપીઓએ એક સાથે મળી એક જગ્યાએ ભેગા થઇ ગુન્હાહિત કાવતરુ રચેલ હોય તેવો કોઇ પુરાવો તપાસના કામે મળી આવેલ નહી અને આરોપી નં. ૪, ૬, ૭ નાઓએ ભોગ બનનારને તેની ઇચ્છા વિરુદ્ધ ગોંધી રાખેલ હોય તેવુ બનેલ નથી અને તેઓએ ભોગ બનનારની મનોવૈજ્ઞાનિક ઢબે કોઇ તપાસણી કરાવેલ નહી. તપાસ કરનાર અધિકારી ડાભીએ જણાવેલ છે કે, તેઓને એસ.ઓ.જી.માં લોકઅપ રજીસ્ટર હોતુ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તપાસ દરમ્યાન ભોગ બનનાર એસ.ઓ.જી. કચેરી ખાતે સવાર થી સાંજ સુધી રોકાતા અને સાંજે તેમને વિધ્યાનગર પોલીસને સોપી આપવામાં આવતા. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, એસ.ઓ.જી. કચેરી ખાતે લોકઅપમાં આરોપીઓ રહેલા હોય અને ભોગ બનનાર ને વોશરૂમ જવાનું થાય ત્યારે ભોગ બનનાર સીધી રીતે આરોપીઓને જોઇ શકે? જેના જવાબમાં જણાવેલ છે કે, હા. દરેક વખતે નહી. તપાસ કરનાર અધિકારીએ તેઓની ઉલટ તપાસમાં ઇન્કાર કરેલ છે કે, આરોપી નં. ૦૬ અને ૦૭ નાઓએ કોઇ હોટલમાં ભોગ બનનાર સાથે સંભોગ કરેલ હોય તેવુ બનેલ નથી અને આરોપી નં. ૦૪ એ કયારેય કોઇ ગુન્હાહિત કૃત્ય ભોગ બનનાર પર આચરેલ નથી અને કહેવાતી ભોગ બનનાર તેમજ તેના જેવા બીજા અન્ય ઘણા ઇસમો ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરતા હોવાની હકીકત જાહેર થયેલી અને તેમ છતાં સરકાર અને પોલીસ તેમજ સુરક્ષા દળોની નાકામી જાહેર થતી હોય જેથી ગુન્હાહિત રીતે પ્રવેશ કરનાર મહિલાને બાળકમાં ખપાવી અને ભારતના નિર્દોષ નાગરીકોને બળાત્કાર તેમજ પોકસો જેવા ગંભીર ગુન્હામાં ફસાવી દીધેલ છે.

(૪૬.૨૦) આરોપી નં. ૦૫ અને ૦૮ તરફે આરોપીના વિદ્વાન વકિલશ્રી દ્વારા સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓને સવાલ પુછવામાં આવેલ છે કે,

આપને તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ આપના કહેવા મુજબ તપાસ મળેલી ત્યારે ફરીયાદ સાથે કોઇ દસ્તાવેજો મળેલા? જો હા તો કયા ? જેના જવાબમાં જણાવેલ છે કે, હા. તેઓને ફરીયાદની સાથે જાણવા જોગના કામે થયેલ કાગળો મળેલ હતા. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, આપે આપને મળેલ ફરીયાદ અને જાણવા જોગના કાગળોનો અભ્યાસ કરી આગળની તપાસની કાર્યવાહી કરેલી? જેના જવાબમાં જણાવેલ છે કે, તેઓને મળેલ ફરીયાદનો અભ્યાસ કરેલો અને જાણવા જોગના તમામ કાગળોનો અભ્યાસ કરેલ નહી. તપાસ કરનાર અધિકારીએ જણાવેલ છે કે, ફરીયાદનો અભ્યાસ કરતા તેઓને ફરીયાદ ગંભીર ગુન્હાની હોવાની લાગેલ પણ અતિ ગંભીર ગુન્હાની જણાયેલ નહી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, જાણવા જોગની તપાસના કાગળો આ ગુન્હાની તેઓની તપાસના કામે વાંચવા યોગ્ય ન લાગેલા તેથી વાંચેલ નહી. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, આપને જાણવા જોગના તમામ કાગળો વાંચવા કેમ યોગ્ય ન લાગ્યા તેનો ખુલાસો કરી શકો? જેના જવાબમાં જણાવેલ છે કે, ફરીયાદ મળેલ ત્યારબાદ જાણવા જોગના કામે ભોગ બનનારના નિવેદન અને આરોપી નં. ૦૩ નું નિવેદન તેમજ આ કામે થયેલ જોઇન્ટ ઇન્ટ્રોગેશનના રીપોર્ટનો અભ્યાસ કરી આ કામના અન્ય આરોપીઓ મુંબઇ, અમદાવાદ, વડોદરા મુકામે રહેતા હોય અને તેઓને પકડવાના બાકી હોય અને તેઓને પકડવા જરૂરી હોય જેથી તમામ કાગળોનો અભ્યાસ થઇ શકેલો નહી. તપાસ કરનાર અધિકારીએ ઈન્કાર કરેલ છે કે, તેઓને તપાસના કામે ફરીયાદ તથા જાણવા જોગના કાગળો મળેલા તેમા ભોગ બનનારના નિવેદન સિવાય આરોપીઓ વિરુધ્ધ અન્ય કોઇ પુરાવો રહેલ ન હતો. તેઓએ સ્વીકારેલ છે કે, કોઇપણ કોગ્નીઝેબલ ગુન્હાના કામે આરોપીઓ વિરુદ્ધના પુરાવાઓ એકત્રિત ન થાય ત્યાં સુધી આરોપીઓને અટક કરી શકાય નહી. તેઓએ સ્વીકારેલ છે કે, કોઇપણ ગુન્હાની તપાસના કામે તપાસના વિવિધ તબકકાઓ પ્રમાણે તપાસની ડાયરી બનાવવી ફરજીયાત છે અને તપાસ કરનાર અધિકારીએ ગુન્હાની તપાસના કામે કઇ તારીખે? કયા સમયે? કઇ જગ્યાએ? કઇ કાર્યવાહી કરી? તેની ટુંકી નોંધ આ તપાસની ડાયરીમાં કરવાની રહે છે. તેઓને ખ્યાલ નથી કે, આ રીતે ગુન્હાની તપાસના કામે તપાસની નોંધવાળી તૈયાર કરવામાં આવેલ કેસ ડાયરી સંપુર્ણ તપાસના અંતે ચાર્જશીટ સાથે સેશન્સ ટ્રાયબલ ગુન્હાના કામે સેશન્સ કોર્ટમાં સીલબંધ કવરમાં રજુ કરવાની રહે છે. તપાસ કરનાર અધિકારીને સવાલ પુછવામાં આવેલ છે કે, પોલીસ અધિકારી તરીકે ટ્રેનીંગના ભાગરૂપે સી.આર.પી.સી કલમ ૧૭૨ અને પોલીસ રૂલ્સ ચેપ્ટર ૨૫ ના રૂલ

૫૩ ની જોગવાઈઓ અંગેનુ જ્ઞાન ધરાવો છો? જેના જવાબમાં જણાવેલ છે કે, આ રૂલની જોગવાઈઓ હાલમાં મોઢે યાદ નથી અને ખ્યાલ નથી, વાંચવા પડે.

(૪૬.૨૧) તપાસ કરનાર અધિકારીએ સ્વીકારેલ છે કે, આ ગુન્હાના કામે ચાર્જશીટ તેઓએ કરેલ છે. તેઓને ખ્યાલ નથી કે તેઓએ તેમની તપાસની કેસ ડાયરી ચાર્જશીટ સાથે નામદાર કોર્ટમાં રજુ કરેલ છે કે કેમ? જુબાનીના સમયે તેઓની પાસે કેસ ડાયરી ન હોય તેથી તે જોઈને પણ કહી શકે નહી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, કોઈ સેશન્સ ટ્રાયબલ ગુન્હાના કામે તપાસ કરનાર અધિકારી તરીકે જુબાની આપવા માટે તપાસની કેસ ડાયરી સાથે લઈ આવવુ જરૂરી છે. તેઓએ સ્વીકારેલ છે કે, કેસ ડાયરી કોઈ ગુન્હાની ઈન્સાફી કાર્યવાહીના કામે નામદાર કોર્ટના અવલોકન માટે જરૂરી આધાર છે અને તપાસના પ્રથમ તબક્કે જયારે ફરીયાદ અને કાગળો મળે તે કેસ ડાયરી નં. ૦૧ માં સમાવેશ હોય. તેઓએ સ્વીકારેલ છે કે, ફરીયાદનો અભ્યાસ કરતા ભોગ બનનાર બાંગ્લાદેશ માંથી ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશેલ હોવાની જાણકારી મળેલી અને ફરીયાદના આધારે તેઓને એ જાણકારી પણ મળેલ કે ભોગ બનનાર સાથે એક ડેઈઝી નામની અન્ય છોકરી પણ આ રીતે ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશેલ છે અને ભોગ બનનાર જયારે મુંબઈ થી વલસાડ આવવા નીકળેલા ત્યારે આ ડેઈઝી નામની છોકરી ભોગ બનનારથી છૂટી પડેલી અને આ ડેઈઝી નામની છોકરીની કોઈપણ તપાસ તેઓએ કરેલ નહી. તેઓએ જણાવેલ છે કે, આ ડેઈઝી નામની છોકરી ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશેલ છે તે બાબતે તેઓએ કોઈપણ રીપોર્ટ કોઈપણ સક્ષમ ઓથોરીટીને કે મુંબઈ પોલીસને કરેલ નથી. તપાસ કરનાર અધિકારીએ જણાવેલ છે કે, તેઓ સમક્ષ ભોગ બનનાર પ્રથમ વખત તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ આવેલા. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશેલ છે તે બાબત એક ગુન્હો બનતો હોવાનુ તેઓની જાણમાં હતુ અને આ બાબતે સક્ષમ પોલીસ અધિકારી તરીકે તેઓએ કોઈ પગલા લીધેલ નથી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ એ માટે કોઈ પગલા લીધેલ નહી કે તેઓને યોગ્ય લાગેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ આ બાબતે તેઓના કોઈ ઉપરી અધિકારીને જાણ કરેલ નથી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેઓની પાસે ફકત આ ગુન્હાની તપાસ હતી તેથી આ બાબતે કોઈ કાર્યવાહી કરેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, કોઈપણ પોલીસ અધિકારી સમક્ષ કોઈ કોગ્નીઝેબલ ગુન્હાની હકીકત જાહેર થાય ત્યારે તાત્કાલીક તે બાબતે યોગ્ય પગલા

લેવાના રહે છે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનાર અને ડેઈઝી નામની છોકરી ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશેલ હોય તે ગુન્હાની હકીકત તેઓની જાણમાં આવેલ હોવા છતા તેઓએ જાણી જોઈ તે બાબતે કોઈ યોગ્ય પગલા લીધેલ નથી. તપાસ કરનાર અધિકારીએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે જે કોઈ હોટલ ઉપર જયારે પણ એન્ટ્રી લીધેલ ત્યારે ઝાકીયા બિસસ નામની વ્યક્તિના આધારકાર્ડનો ઉપયોગ કરેલ તેવુ તેઓના ધ્યાન ઉપર તપાસમાં આવેલ અને તે આધારકાર્ડની ઝેરોક્ષ નકલ તેઓને તપાસના કામે હોટલ ઉપરથી મળેલ અને આ ઝાકીયા બિસસ નામની વ્યક્તિનું અસલ આધારકાર્ડ ભોગ બનનાર પાસેથી તેઓએ કબજે લીધેલ નથી અને આ દિશામાં તેઓએ કોઈ તપાસ કરેલ નથી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, આ બાબત તપાસનો ખુબ મહત્વનો ભાગ હતો. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે જે તે હોટલ ઉપર આ આધારકાર્ડ બીજાનું હોવા છતાં પોતે રજુ કરી ખોટી ઓળખ આપ્યાની હકીકત તેઓની તપાસમાં આવેલ અને આ હકીકતથી ભોગ બનનાર સામે આઈ.પી.સી કલમ ૪૧૯ મુજબનો ગુન્હો બને તે તેઓ જાણે છે અને જો તેવુ આધારકાર્ડ ખોટુ અને બનાવટી હોય તો આઈ.પી.સી કલમ ૪૬૫ મુજબનો પણ ગુન્હો બને અને તેઓએ આ બાબતે પણ કોઈ પગલા લીધેલ નથી અને આ પણ કોગ્નીઝેબલ ગુન્હાની હકીકત હતી. તપાસ કરનાર અધિકારીને સવાલ પુછવામાં આવેલ છે કે, આ બાબતે કોઈ ખુલાસો કરવા માંગો છો? જેના જવાબમાં જણાવેલ છે કે, વડોદરા અને અમદાવાદ ખાતેની હોટલ ઉપર આધારકાર્ડ માંગવામાં આવેલ ત્યારે આરોપી નં. ૦૩ સોનિયાએ આરોપી નં. ૦૧ પાસે ભોગ બનનારનું આધારકાર્ડ મંગાવેલ ત્યારે આરોપી નં. ૦૧ નાએ ઝાકીયા બિસસ નામની વ્યક્તિનુ આધારકાર્ડ વ્હોટ્સએપ ઉપર આરોપી નં. ૦૩ ને મોકલાવેલ. તપાસ કરનાર અધિકારીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, કોઈ હોટલના મેનેજર કે સ્ટાફે આ હકીકત તેઓની સમક્ષ જણાવેલ નથી. તપાસ કરનાર અધિકારીને સવાલ પુછવામાં આવેલ છે કે, જે તે હોટલના સ્ટાફે આપ રૂબરૂ નિવેદન આપેલ ત્યારે તે નિવેદનમાં એવુ જણાવેલ કે હોટલમાં રહેવા આવનાર વ્યક્તિએ રજુ કરેલ આધારકાર્ડ રજુ કરીએ છીએ તેમ જણાવી આધારકાર્ડની ઝેરોક્ષ નકલ રજુ કરેલ? જેના જવાબમાં જણાવેલ છે કે, સાહેદોએ તેમના નિવેદનમાં જે તે કસ્ટમરની આધારકાર્ડની નકલ રજુ કરીએ છીએ એવુ જણાવેલ છે અને કોણે રજુ કરી તેવુ જણાવેલ નથી.

(૪૬.૨૨) તપાસ કરનાર અધિકારીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે,

તેઓએ તા. ૧૫/૯/૨૦૨૩ ના રોજ હોટલ લોટ્સ ના મેનેજર વિકાસકુમાર કારુસવ નાઓનું નિવેદન તેઓના રૂબરૂનું લીધેલુ અને તેઓએ તેમના રૂબરૂના નિવેદનમાં એવુ જણાવેલ કે, "મેં આ બાંગ્લાદેશી બાળા જેણે પોતાનુ નામ ઝાકીયા બિસાસ તેમજ તેની સાથે આવેલ મહિલાએ પોતાનુ નામ સોનિયા સીંદે ઉંમર ૨૬ વર્ષ બંને રહે પાલઘર ના હોવાનુ જણાવી પોતાના આધારકાર્ડ આપતા મે તેઓને રૂમ નં ... ". તેઓએ સ્વીકારેલ છે કે, આ નિવેદનની હકીકતના આધારે ભોગ બનનારે પોતાનું નામ ઝાકીયા બિસાસ ખોટું લખાવેલ હોવાનું તેઓના ધ્યાન ઉપર આવેલ. તેઓએ જણાવેલ છે કે, તેઓએ આ ઝાકીયા બિસસ નામના વ્યક્તિ કોણ છે તે બાબતે તપાસ કરેલી. તેઓએ સ્વીકારેલ છે કે, ખોટા નામની ખોટી ઓળખ આપ્યા અંગે તેઓએ કોઇ ગુન્હો દાખલ કરાવેલ નહી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, પુખ્ત ઉંમરનો પુરાવો રજુ ન થયો હોત તો ભોગ બનનારને હોટલમાં એન્ટ્રી મળી ન હોત. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ ચાર્જશીટમાં આરોપી નં. ૦૫ અને ૦૮ ને ગ્રાહક તરીકે જોડેલા છે અને આરોપી નં. ૦૫ અને ૦૮ અન્ય કોઇ આરોપીઓ સાથે કાવતરુ રચવામાં સંકળાયેલા હોય તેવો લેશમાત્ર પુરાવો રહેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તપાસ દરમ્યાન ચાર્જશીટ કરતા પહેલા જાણવા જોગના તમામ કાગળોનો અભ્યાસ કરેલો અને તેઓએ જાણવા જોગના કાગળોમાં સામેલ આંક–૧૯૧ વાળા જોઇન્ટ ઇન્ટ્રોગેશન રીપોર્ટનો અભ્યાસ કરેલો. તપાસ કરનાર અધિકારીને તેઓની જુબાની દરમ્યાન આંક–૧૯૧ વાળો રીપોર્ટ જોઈ તેઓએ સ્વીકારેલ છે કે, આ રીપોર્ટમાં એવો ઉલ્લેખ કરવામાં આવેલ છે કે હોટલ લોટ્સ ગોલ્ડમાં વિષય વસ્તુ સમયમાં અન્ય પાંચ– છ છોકરીઓ પણ એ જ દિવસે હાજર હતી અને બે કસ્ટમરોને ત્યાં મોકલવામાં આવેલા. તેઓએ સ્વીકારેલ છે કે, આ અંગે તેઓએ કોઇ તપાસ કરેલ નહી. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, જો આ પાંચ–છ છોકરીઓ અને બે કસ્ટમરો બાબતે તપાસ કરવામાં આવી હોત તો કઇ છોકરી પાસે ક્યાં કસ્ટરમર ગયેલા તેની સાચી હકીકત બહાર આવી શકી હોત? જેના જવાબમાં જણાવેલ છે કે, તેઓની પાસે ફકત ભોગ બનનાર સાથે બનેલ ગુન્હા સબંધી તપાસ હોય અને અન્ય આરોપી પકડવાના બાકી હોય તેથી આ બાબતે તપાસ કરેલ નહી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ જાણી જોઇને આ હકીકત છૂપાવી અન્ય નિર્દોષ હાલના આરોપીઓને આ ગુન્હામાં સંડોવી દીધેલ છે.

(૪૬.૨૩) તપાસ કરનાર અધિકારીએ તેઓની ઉલટ તપાસમાં ઈન્કાર કરેલ છે કે,

જો ભોગ બનનારના મોબાઇલ નંબરની કોલ ડીટેઇલ મેળવી તેનો અભ્યાસ કરવામાં આવ્યો હોત તો ભોગ બનનાર બાંગ્લાદેશથી ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ્યા બાદ મુંબઇ સુધી પહોચેલ ત્યાં સુધીમાં કોના કોના સંપર્કમાં હતી અને કોને કેવા મેસેજ કરેલ છે તે હકીકત જાણી શકયા હોત. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ આ કાર્યવાહી એટલા માટે કરેલી નહી કે તેઓને તપાસના કામે યોગ્ય લાગેલ નહી અને તેઓએ તપાસના કામે કોઇપણ આરોપી કે કોઇપણ સાહેદના મોબાઇલ નંબરની કોલ ડીટેઇલ મેળવેલ નથી અને તે મેળવવી તેઓને જરૂરી એટલા માટે ન લાગી કે તેઓને યોગ્ય જણાયેલ નહી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, જો આ રીતે કોલ ડીટેઇલ મેળવેલ હોત તો બાંગ્લાદેશમાંથી ભારતમાં ગેરકાયદેસર ઘૂસણખોરી કરાવવાના ષડયંત્રમાં કોણ કોણ સંડોવાયેલ છે તે હકીકત જાણી શકાય હોત. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ સમક્ષ જયારે પેનડ્રાઇવ આવેલી ત્યારે તે માંથી તેઓએ ફોટોગ્રાફસ લીધેલા અને ફોટોગ્રાફસ ભોગ બનનારને બતાવેલ અને તે પેનડ્રાઇવ તેઓએ પંચનામાની વિગતે સીલ કરેલ અને ત્યારબાદ ઘણા દિવસ પછી આરોપી ઓની મામલતદાર સાહેબ રૂબરૂ ઓળખ પરેડ કરાવેલ અને તે સમયે તેઓએ મામલતદાર સાહેબને એવુ પ્રમાણપત્ર આપેલ કે આ આરોપીઓની કોઇ ઓળખ તેઓએ સાહેદ પાસે કરાવેલ નથી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, આ પ્રમાણપત્ર ખોટું અને બનાવટી જાણી જોઇને ઉભુ કરેલ છે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, આ પ્રમાણપત્ર આપવામાં ન આવે તો મામલતદાર સાહેબ ઓળખ પરેડ કરાવે નહી અને તેઓએ પેનડ્રાઇવ સીલ કરી તે અગાઉ જ હોટલના ડી.વી.આર. તેઓના સ્ટાફના માણસો લઇ આવેલા. તેઓએ સ્વીકારેલ છે કે, તા.૦૬/૦૯/૨૦૨૩ થી તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ ગુન્હો નોંધાયેલ ત્યાં સુધી ભોગ બનનાર વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે રહેલ હતા તે તેઓ જાણે છે અને ફરીયાદ દાખલ થઇ તેના પહેલા તેઓની એસ.ઓ.જી. કચેરીના પો.સ.ઇ શ્રી સોઢા જોઇન્ટ ઇન્ટ્રોગેશન ટીમના સભ્ય તરીકે ગયેલા. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેથી ફરીયાદ દાખલ થતા પહેલા જ ભોગ બનનારની તમામ હકીકતો થી એસ.ઓ.જી. વાકેફ હતી. તેઓએ સ્વીકારેલ છે કે, એફ.આઇ.આર. માં કોલમ નં.૦૫ ઘટનાનું સ્થળના કોલમના પેટા કોલમ (ક) પોલીસ સ્ટેશનથી દિશા અંતરના પેટા કોલમમાં "દક્ષિણ ૩૭.૦૦ (કિ.મી.)" લખેલ છે અને પેટા કોલમ (ખ) સરનામુ ના પેટા કોલમમાં વડોદરાનું સરનામુ લખેલ છે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, એફ.આઇ.આર. માં કોલમ નં. ૫ ની આ હકીકત સૂચવે છે કે આણંદ જીલ્લાની હકૂમતમાં કોઇ ગુન્હો બનેલ નથી અને હકુમત ન

હોવા છતા તેઓએ ખોટી રીતે તપાસ કરેલ છે અને આરોપી નં. ૦૫ અને ૦૮ નાઓએ ચાર્જશીટમાં દર્શાવ્યા મુજબનો કોઇ ગુન્હો કરેલ નથી.

(૪૬.૨૪) તપાસ કરનાર અધિકારીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ભોગ બનનારે તેઓના રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, "ત્યારબાદ તા.૩૧/૦૮/૨૦૨૩ ના રોજ સવારે કઇંક ગ્રાહક આવેલ અને સોનીયા અને સુનિલે આવીને મને કહેલ કે તું ઉપર એક રૂમ નંબર કહેલો તેમાં જા તે રૂમ નંબર ચોકક્સ શુ હતુ તે મને યાદ નથી તો મે કહેલુ કે મારે ઉપર કેમ જવાનુ ત્યારબાદ મેં વારંવાર કહેલ કે હું અહીં શુટીંગ માટે આવેલ છુ શુટીંગ નહી કરવુ હોય તો મારે કેમ ઉપરના રૂમમાં જવાનુ ત્યારબાદ સોનીયાએ મને ગુસ્સો કરીને કહેલ કે તને ઉપર જવા માટે કહ્યુને તુ ઉપર જા તારો એજન્ટ તને એટલા માટે જ લાવેલ છે તુ ઉપર નહી જા તો પ્રોબ્લેમ થશે ત્યારબાદ મેં રડીને કહેલ કે હું આવા ખોટા કામ માટે આવેલ નથી ત્યારબાદ સોનીયાએ મને ગુસ્સો કરીને ઉપરના રૂમમાં મોકલી દીધેલ ત્યારબાદ હું ઉપરના રૂમમાં ગયેલ ત્યારે રૂમમાં કોઈ ન હતુ ત્યારબાદ એક માણસ વોશરૂમમાંથી આવેલો તેથી મેં સોનીયાને ફોન કરેલો કે અહીયા તો એક માણસ છે તો મારે અહીંયા શું કરવાનુ તો સોનીયા મને કહેલ કે તે જેમ કહે તેમ કર ત્યારબાદ તે માણસે મને મારી પાસે આવી નામ પુછેલ તો મેં તેને મારુ નામ જણાવેલ તે તેની સમજમાં આવેલ નહી તો મેં હું બાગ્લાદેશી છુ હું અહી શુટીંગ માટે આવેલ છુ તેવુ મેં બાગ્લામાં જણાવેલ જે તેની સમજમાં આવેલ નહી. ત્યારબાદ તે માણસે મારી સાથે રેપ કરેલ ત્યારબાદ હું નીચે મારા રૂમમાં જતી રહેલી ત્યારબાદ સોનીયાએ મને પુછેલ કે થઈ ગયુ તો મેં સોનીયાને કહેલુ કે થઈ ગયુ, ચાલો અહીથી નીકળવુ છે ત્યારબાદ મેં સોનીયાને જણાવેલ કે હું આવુ કરવા આવી નથી તમે કેમ મારી પાસે આવુ કરાવેલ છે" અને "ત્યારબાદ તે ગ્રાહક મારી સાથે એક વખત ફિઝીકલ રેપ કરીને જતો રહેલો તેને મારી સાથે બે વખત સબંધ રાખવાનો હતો પરંતુ તે એક વખત સબંધ રાખીને જતો રહેલો." તથા " ત્યારબાદ હોટલ પર જે માણસ બેઠેલ હતો તે મને ગ્રાહક પાસે લઈ ગયેલ ત્યારબાદ તે ગ્રાહક આવીને ફ્રેશ થયેલો અને તેણે આવીને મારી સાથે વાતચીત કરેલી ત્યારે મેં તેને હું બાગ્લાદેશી છુ અને શુટીંગ માટે આવેલ છુ તેવી વિગત જણાવેલી ત્યારબાદ હું બાગ્લાદેશી ભાષા બોલુ છુ તમને સમજ પડે છે મેં તેવુ પુછતે તેણે મને કોઈ તકલીફ નથી બાગ્લાદેશી ઘણા મિત્રો મારે છે તેથી મને થોડુ થોડુ ખબર પડે છે. મેં તેને મારા અહી આવીને ફસાય ગઈ છુ મારે ફરી બાગ્લાદેશ જવુ છે તેમ જણાવેલ અને મને આવા કામમાં કોઈ રસ નથી તેવુ જણાવેલ

ત્યારબાદ તેણે મારી સાથે ફિઝીકલ રેપ કરેલ ત્યારબાદ રાત્રીના એક વાગે મેં પરત જતા રહેવા જણાવેલ તો તે ભાઈએ મને જણાવેલ કે આખી રાત રોકાવાનુ હતુ ત્યારબાદ હું ત્યાં સુઈ ગયેલી અને સવારે પાંચ વાગે ઉઠેલી ત્યારબાદ ગ્રાહક તરીકે જે ભાઈ હતા તે જતા રહેલા ત્યારબાદ હું હોટલ ઉપર સી.એન.જી.રીક્ષાવાળા એજન્ટ આવે તેની રાહ જોતી હતી ત્યારબાદ સી.એન.જી.રીક્ષાવાળા આવેલ અને મને લઈને સાઈપીલા હોટલ લઈ ગયેલા." તપાસ કરનાર અધિકારી સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેઓ સમક્ષ ભોગ બનનારે લખાવેલ નિવેદનમાં આ તમામ હકીકતો વિસ્તૃત રીતે શબ્દસહ લખાવેલ નથી પરંતુ આ તમામ હકીકતોનો સારાંશ ભોગ બનનારે તેઓના રૂબરૂમાં નિવેદનમાં જણાવેલ છે. તપાસ કરનાર અધિકારીએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે તેઓના રૂબરૂના તેમનુ તા.૧૩/૦૯/૨૦૨૩ ના નિવેદનમાં એવુ લખાવેલ કે, "મારે અને સોનિયાને સુનિલ સાથે ઝઘડો થયેલ તેથી અમે અમદાવાદ ગયેલા." તેઓએ ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનારને પોલીસ સ્ટેશનની બહાર ક્યારેય કોઈ અન્ય ઓથોરીટી સમક્ષ નિવેદન લેવા લઈ ગયેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આરોપી નં. ૦૫ અને ૦૮ નાએ ભોગ બનનારને કોઈ જગ્યાએ ગોંધી રાખેલ હોય અને તેની સાથે બળાત્કાર કરેલ હોય તેવો ભોગ બનનારના નિવેદન સિવાય કોઈ સ્વતંત્ર પુરાવો મળી આવેલ નથી અને આરોપી નં. ૦૫ અને ૦૮ નાએ ભોગ બનનારને સીધી રીતે નાણા ચૂકવી ખરીદેલ હોય તેવો કોઈ સ્વતંત્ર પુરાવો તપાસના કામે મળી આવેલ નહી. તપાસ કરનાર અધિકારીએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ આરોપી નં. ૦૫ અને ૦૮ ને ખોટી રીતે પુરાવો ન હોવા છતા અટક કરી ખોટી ઓળખ કરી કરાવી તેઓ સામે ખોટો પુરાવો ઉભો કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે અને સમગ્ર ગુન્હાની એક તરફી તપાસ કરી સત્ય હકીકતો છૂપાવી ચાર્જશીટ કરેલ છે અને ગેરકાયદેસર પરદેશમાંથી ભારતમાં ઘૂસણખોરી કરનાર વ્યક્તિને તા. ૦૬/૦૯/૨૦૨૩ થી ૧૩/૦૯/૨૦૨૩ સુધી ગેરકાયદેસર રાખેલ હોય તે અંગે ખુલાસા ન કરવા પડે જેથી ઉપલા અધિકારીઓ સાથે વાતચીત કરી હાલનો ખોટો ગુન્હો પાછળથી દાખલ કરી ખોટી રીતે અટક કરેલ. તેઓએ ઈન્કાર કરેલ છે કે, સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

<u>મુદ્દા નં. ૧ – ભોગ બનનાર સગીર હોવા બાબતેઃ–</u>

(૪૭) હાલના આરોપીઓ સામે જાતીય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ–૪, ૬ અને ૧૬ મુજબના ગુન્હાનો આરોપ રહેલો છે. આ

અધિનિયમ અન્વયેના ગુન્હાના આક્ષેપિત કથનો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ દ્વારા સૌપ્રથમ ભોગ બનનાર બનાવના સમયે સગીર વયના હોવાની હકીકત સાબિત કરવાની રહે છે. ફોજદારી ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિદ્ધાંતો અનુસાર ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના હોવાની હકીકત સાબિત કરવાનો પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહેલો છે. આ અધિનિયમનો હેતુ અને હાર્દ બાળકોને જાતીય ગુન્હાઓ સામે રક્ષણ આપવાનો રહેલો છે. "બાળક" શબ્દની વ્યાખ્યા આ અધિનિયમમાં આપવામાં આવેલી છે. આ મુદ્દાની ચર્ચા કરતા સમયે અને આ મુદ્દાના ન્યાયિક નિર્ણયાર્થે આ અધિનિયમમાં કલમ–૨(૧)(ડી) માં કરવામાં આવેલ "બાળક" શબ્દની વ્યાખ્યા ધ્યાને લેવી અનિવાર્ય જણાય છે. જે નીચે મુજબ છે.

કલમ–૨(૧)(ડી)–

બાળક એટલે ૧૮ વર્ષની ઉંમર પુરી કરી ન હોય તેવી કોઇ વ્યક્તિ.

(૪૮) આમ, આ અધિનિયમની ઉપરોક્ત મુજબની બાળકની વ્યાખ્યાના આધારે બાળક એટલે આ અધિનિયમમાં જોગવાઇ કર્યા મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા સમયે જેણે ૧૮ વર્ષની ઉંમર પુરી કરી ન હોય તેવી કોઇ વ્યક્તિ. આ સંજોગોમાં ફરિયાદ પક્ષ દ્વારા એ હકીકત પુરવાર કરવાની રહે કે આક્ષેપિત બનાવ સમયે આ કામના ભોગ બનનારે ૧૮ વર્ષની ઉંમર પુરી કરી ન હતી અને તેઓ ૧૮ વર્ષથી ઓછી વયના હતા.

<u>અધિનિયમની કલમ– ૩૪ ની જોગવાઇઃ–</u>

(૪૯) આ તબક્કે આ અધિનિયમની કલમ–૩૪ ધ્યાને લેવી આવશ્યક જણાય છે. જે સરળતાના હેતુસર નીચે દર્શાવવામાં આવેલ છે.

<u>Section - 34</u> :– Procedure in case of commission of offence by child and determination of age by Special Court:-

(1) Where any offence under this act is committed by a child, such child shall be dealt with under the provisions of Juvenile Justice (Care & Protection) Act , 2002

(2) If any question arises in any proceedings before the Special Court whether a person is a child or not, such

question shall be determined by the Special Court after satisfying itself about the age of such person and it shall record in writing its reasons for such determination.

(3) No order made by the Special Court shall be deemed to be invalid merely by any subsequent proof that the age of a person as determined by it under sub-section(2) was not the correct age of that person.

(૫૦) આ અધિનિયમની કલમ–૩૪ માં કરવામાં આવેલી જોગવાઇ અનુસાર જ્યારે કોઇ વ્યક્તિ બાળક છે કે કેમ? તે પ્રશ્ન ઉદ્‌ભવે ત્યારે અદાલત દ્વારા બાળકની ઉંમર અંગે સંતોષ થયા પછી તે પ્રશ્ન નિર્ણિત કરવાનો રહે છે. હાલના કામે પણ ઉપરોક્ત મુજબની આરોપી પક્ષ તરફેની રજુઆતો અનુસાર આરોપી પક્ષ તરફે આ કામના ભોગ બનનાર આ અધિનિયમની જોગવાઈ અનુસાર "બાળક" એટલે કે, સગીર વયના રહેલા નથી તેવો પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવેલ છે. આ અધિનિયમની કલમ–૩૪(૨) માં જ્યારે કોઇ વ્યક્તિ બાળક છે કે કેમ? તે સવાલ ઉપસ્થિત થાય ત્યારે બાળકની ઉંમર અંગે અદાલતને સંતોષ થાય તે પછી આ સવાલનો નિર્ણય કરવાનો રહે છે એવી જોગવાઇ કરવામાં આવેલ છે. પરંતુ આ કલમની આ જોગવાઇમાં આ સવાલનો નિર્ણય કઇ પ્રક્રિયા કે કઇ કાર્યવાહી અનુસરી કરવાનો રહે છે તે બાબત દર્શાવવામાં આવેલ નથી.

<u>નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવેલ ભોગ બનનારની વય નિર્ધારણ કરવાની પ્રક્રિયાઃ–</u>

(૫૧) આ સંજોગોમાં આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા જરનૈલસીંઘ વિરૂદ્ધ સ્ટેટ ઑફ હરીયાણા ના કેસના (૨૦૧૩) ૭ સુપ્રિમ કોર્ટ કેસીસ ૨૬૩ ઉપર પ્રસિદ્ધ થયેલ ચુકાદામાં ઠરાવવામાં આવેલ સિદ્ધાંતો ધ્યાને લેવા અનિવાર્ય જણાય છે. આરોપી પક્ષ તરફે પણ વિદ્વાન વકિલશ્રીઓ દ્વારા નામદાર સર્વોચ્ચ અદાલતના આ ચુકાદાને રજુ રાખી તેના ઉપર આધાર રાખવામાં આવેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષના આ ચુકાદાવાળા કેસમાં ભોગ બનનારની બળાત્કારના બનાવ સમયેની ઉંમર નિર્ધારિત કરવાનો પ્રશ્ન રહેલો હતો અને નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા આ ચુકાદામાં

જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઑફ ચીલ્ડ્રન) રૂલ્સ, ૨૦૦૦ નાં નિયમ ૧૨ ની જોગવાઇ વિચારણામાં લઇ નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

"20. On the issue of determination of age of a minor, one only needs to make a reference to Rule 12 of the Juvenile Justice (Care and Protection of Children) Rules, 2007 (hereinafter referred to as the 2007 Rules). The aforestated 2007 Rules have been framed under Section 68(1) of the Juvenile Justice (Care and Protection of Children) Act, 2000. Rule 12 referred to hereinabove reads as under:

"12. Procedure to be followed in determination of Age.?
(1) In every case concerning a child or a juvenile in conflict with law, the court or the Board or as the case may be the Committee referred to in rule 19 of these rules shall determine the age of such juvenile or child or a juvenile in conflict with law within a period of thirty days from the date of making of the application for that purpose.

(2) The court or the Board or as the case may be the Committee shall decide the juvenility or otherwise of the juvenile or the child or as the case may be the juvenile in conflict with law, prima facie on the basis of physical appearance or documents, if available, and send him to the observation home or in jail.

(3) In every case concerning a child or juvenile in conflict with law, the age determination inquiry shall be conducted by the court or the Board or, as the case may be, the Committee by seeking evidence by obtaining –

(a) (i) the matriculation or equivalent certificates, if available; and in the absence whereof;

(ii) the date of birth certificate from the school (other than a play school) first attended; and in the absence whereof;

(iii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(b) and only in the absence of either (i), (ii) or (iii) of clause (a) above, the medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare the age of the juvenile or child. In case exact assessment of the age cannot be done, the Court or the Board or, as the case may be, the Committee, for the reasons to be recorded by them, may, if considered necessary, give benefit to the child or juvenile by considering his/her age on lower side within the margin of one year. and, while passing orders in such case shall, after taking into consideration such evidence as may be available, or the medical opinion, as the case may be, record a finding in respect of his age and either of the evidence specified in any of the clauses (a)(i), (ii), (iii) or in the absence whereof, clause (b) shall be the conclusive proof of the age as regards such child or the juvenile in conflict with law.

(4) If the age of a juvenile or child or the juvenile in conflict with law is found to be below 18 years on the date of offence, on the basis of any of the conclusive proof specified in sub-rule (3), the court or the Board or as the case may be the Committee shall in writing pass an order stating the age and declaring the status of juvenility or otherwise, for the purpose of the Act and these rules and a copy of the order shall be given to such juvenile or the person concerned.

(5) Save and except where, further inquiry or otherwise is required, inter alia, in terms of section 7A, section 64 of the Act and these rules, no further inquiry shall be conducted by the court or the Board after examining and obtaining the certificate or any other documentary proof referred to in sub-rule (3) of this rule.

(6) The provisions contained in this rule shall also apply to those disposed off cases, where the status of juvenility has not been determined in accordance with the provisions contained in sub-rule(3) and the Act, requiring dispensation of the sentence under the Act for passing appropriate order in the interest of the juvenile in conflict with law."

Even though Rule 12 is strictly applicable only to determine the age of a child in conflict with law, we are

of the view that the aforesaid statutory provision should be the basis for determining age, even for a child who is a victim of crime. For, in our view, there is hardly any difference in so far as the issue of minority is concerned, between a child in conflict with law, and a child who is a victim of crime. Therefore, in our considered opinion, it would be just and appropriate to apply Rule 12 of the 2007 Rules, to determine the age of the prosecutrix VW-PW6. The manner of determining age conclusively, has been expressed in sub-rule (3) of Rule 12 extracted above. Under the aforesaid provision, the age of a child is ascertained, by adopting the first available basis, out of a number of options postulated in Rule 12(3). If, in the scheme of options under Rule 12(3), an option is expressed in a preceding clause, it has overriding effect over an option expressed in a subsequent clause. The highest rated option available, would conclusively determine the age of a minor. In the scheme of Rule 12(3), matriculation (or equivalent) certificate of the concerned child, is the highest rated option. In case, the said certificate is available, no other evidence can be relied upon. Only in the absence of the said certificate, Rule 12(3), envisages consideration of the date of birth entered, in the school first attended by the child. In case such an entry of date of birth is available, the date of birth depicted therein is liable to be treated as final and conclusive, and no other material is to be relied upon. Only in the absence of such entry, Rule 12(3) postulates reliance on a birth certificate issued by a corporation or a municipal authority or a panchayat. Yet again, if such a certificate is available, then no other material whatsoever is to be taken into consideration, for determining the age of the child concerned, as the said certificate would conclusively determine the age of the child. It is only in the absence of any of the aforesaid, that Rule 12(3) postulates the determination of age of the concerned child, on the basis of medical opinion.

21. Following the scheme of Rule 12 of the 2007 Rules, it is apparent that the age of the prosecutrix VW - PW6 could not be determined on the basis of the matriculation (or equivalent) certificate as she had herself deposed, that she had studied upto class 3 only, and thereafter, had left her school and had started to do household work. The prosecution in the facts and circumstances of this case, had endeavoured to establish the

age of the prosecutrix VW-PW6, on the next available basis, in the sequence of options expressed in Rule 12(3) of the 2007 Rules. The prosecution produced Satpal (PW4), to prove the age of the prosecutrix VW – PW6. Satpal (PW4) was the Head Master of the Government High School, Jathlana, where the prosecutrix VW - PW6 had studied upto class 3. Satpal (PW4) had proved the certificate Exhibit-PG, as having been made on the basis of the school records indicating, that the prosecutrix VW - PW6, was born on 15.5.1977. In the scheme contemplated under Rule 12(3) of the 2007 Rules, it is not permissible to determine age in any other manner, and certainly not on the basis of an option mentioned in a subsequent clause. We are therefore of the view, that the High Court was fully justified in relying on the aforesaid basis for establishing the age of the prosecutrix VW – PW6. It would also be relevant to mention, that under the scheme of Rule 12 of the 2007 Rules, it would have been improper for the High Court to rely on any other material including the ossification test, for determining the age of the prosecutrix VW-PW6. The deposition of Satpal-PW4 has not been contested. Therefore, the date of birth of the prosecutrix VW - PW6 (indicated in Exhibit P.G., as 15.7.1977) assumes finality. Accordingly it is clear, that the prosecutrix VW-PW6, was less than 15 years old on the date of occurrence, i.e., on 25.3.1993. In the said view of the matter, there is no room for any doubt that the prosecutrix VW - PW6 was a minor on the date of occurrence. Accordingly, we hereby endorse the conclusions recorded by the High Court, that even if the prosecutrix VW-PW6 had accompanied the accused-appellant Jarnail Singh of her own free will, and had had consensual sex with him, the same would have been clearly inconsequential, as she was a minor."

(૫૨) જાતીય ગુન્હાઓમાં ભોગ બનનારની વય નિર્ધારણ કરવાની પ્રક્રિયા અને પરિમાણનો મુદ્દો નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા સૌપ્રથમ વખત ઉપરોક્ત ચુકાદામાં નિર્ણિત કરવામાં આવેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા આ ચુકાદામાં અવલોકન કરવામાં આવેલ છે કે, સગીર વયના મુદ્દા માટે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક અને ગુન્હાનો ભોગ બનનાર બાળક વચ્ચે કોઇ જ તફાવત રહેલ નથી અને તેથી જુવેનાઇલ જસ્ટીસ (બાળકોની સંભાળ અને રક્ષણ) નિયમો–૨૦૦૭ ના નિયમ ૧૨ ની જોગવાઇ ગુન્હાનો ભોગ બનનાર બાળકની વય નિર્ધારણ માટે ન્યાયિક અને યોગ્ય રીતે લાગુ પડે. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઉપરોક્ત ચુકાદામાં સ્પષ્ટપણે ઠરાવેલ

છે કે, જુવેનાઇલ જસ્ટીસ (બાળકોની સંભાળ અને રક્ષણ) નિયમો–૨૦૦૭ ના નિયમ ૧૨ ની જોગવાઇ મુજબ આ નિયમ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકની ઉંમર નિર્ધારણ કરવા માટે પ્રક્રિયા દર્શાવે છે પરંતુ જાતીય ગુન્હાઓના કિસ્સામાં ભોગ બનનારની વય નક્કી કરવા માટે પણ આ નિયમની જોગવાઇ ધ્યાને લેવી જોઇએ. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા આ ચુકાદામાં ઉપરોક્ત રીતે ઠરાવેલ છે કે, સગીર વયના નિર્ધારણના મુદ્દા માટે માત્ર જુવેનાઇલ જસ્ટીસ (બાળકોની સંભાળ અને રક્ષણ) નિયમો – ૨૦૦૭ ના નિયમ ૧૨ નો સંદર્ભ લેવાની જરૂર છે. ૨૦૦૭ ના આ નિયમોના નિયમ ૧૨(૩) હેઠળ કરવામાં આવેલી જોગવાઇમાં અન્ય કોઇ પણ રીતે ઉંમર નિર્ધારિત કરવાની મંજુરી નથી. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, નિયમ ૧૨(૩) હેઠળ આપવામાં આવેલ વિકલ્પો તે જ ક્રમમાં વય નિર્ધારણ કરવા માટે ધ્યાને લેવાના રહે છે અને ચોક્કસપણે આ નિયમમાં જે ક્રમમાં વિકલ્પ આપેલ છે તે પછીના ક્રમમાં ઉલ્લેખિત વિકલ્પના આધારે નહી.

<u>જુવેનાઇલ જસ્ટીસ (બાળકોની સંભાળ અને રક્ષણ) એક્ટ–૨૦૧૫ ની કલમ–૯૪:–</u>

(૫૩) જુવેનાઇલ જસ્ટીસ (બાળકોની સંભાળ અને રક્ષણ) નિયમો–૨૦૦૭ ના નિયમ ૧૨ માં સગીર વય નિર્ધારણ કરવા માટે જે જોગવાઇ કે પ્રક્રિયા નિર્દિષ્ઠ કરવામાં આવેલ છે તેવી જ જોગવાઇ જુવેનાઇલ જસ્ટીસ (બાળકોની સંભાળ અને રક્ષણ) એક્ટ–૨૦૧૫ ની કલમ–૯૪ માં કરવામાં આવેલ છે. જુવેનાઇલ જસ્ટીસ નિયમો – ૨૦૧૬ માં વય નિર્ધારણ કરવા બાબતે કોઇ અનુરૂપ નિયમ નથી કે જેના આધારે વય નિર્ધારણ કરી શકાય, આથી જુવેનાઇલ જસ્ટીસ એક્ટ – ૨૦૧૫ ની કલમ – ૯૪ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકો અને પોક્સો એક્ટ અન્વયેના કોઇ ગુન્હાનો ભોગ બનેલા બાળકોની વય નિર્ધારણ કરવા માટેનો આધાર બને છે. આરોપી પક્ષ તરફે રજુ થયેલા ચુકાદાઓમાં પણ નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા તેમજ વિવિધ નામદાર ઉચ્ચ અદાલત દ્વારા જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમના ગુન્હાના કામે ભોગ બનનારની વય નિર્ધારણ કરવાના પ્રશ્નના નિર્ણય માટે જુવેનાઇલ જસ્ટીસ એક્ટ – ૨૦૧૫ ની કલમ – ૯૪ ની જોગવાઈ જ ધ્યાને લેવા ઠરાવવામાં આવેલ છે.

(૫૪) ઉપરોક્ત હકિકતે જાતીય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ–૩૪ માં વ્યક્તિ બાળક છે કે નહીં તે પ્રશ્નના નિર્ધારણ માટે જોગવાઇ કરવામાં આવેલ છે. કલમ–૩૪(૨) માં વિધાન મંડળ દ્વારા વ્યક્તિ શબ્દ પ્રયોજવામાં આવેલ છે અને તેથી તે વ્યક્તિમાં કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક અથવા આ અધિનિયમ હેઠળના કોઇ ગુન્હાનો ભોગ બનનાર બાળકનો સમાવેશ થાય છે. કલમ–૩૪(૧) અને ૩૪(૨) ની જોગવાઇઓ વંચાણે લેતા કોઇ વ્યક્તિ બાળક છે કે નહી તે પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે તેનું નિર્ધારણ જુવેનાઇલ જસ્ટીસ (બાળકોની સંભાળ અને રક્ષણ) એક્ટ–૨૦૧૫ અનવ્યે કરવામાં આવેલી જોગવાઇ અનુસાર કરવાનું રહે છે. આ સંજોગોમાં જુવેનાઇલ જસ્ટીસ (બાળકોની સંભાળ અને રક્ષણ) એક્ટ – ૨૦૧૫ ની કલમ–૯૪ ની જોગવાઇ ધ્યાને લેવી અનિવાર્ય છે. જે સરળતાના હેતુસર નીચે મુજબ દર્શાવેલ છે.

SECTION: 94
PRESUMPTION AND DETERMINATION OF AGE

(1) Where, it is obvious to the Committee or the Board, based on the appearance of the person brought before it under any of the provisions of this Act (other than for the purpose of giving evidence) that the said person is a child, the Committee or the Board shall record such observation stating the age of the child as nearly as may be and proceed with the inquiry under section 14 or section 36, as the case may be, without waiting for further confirmation of the age.

(2) In case, the Committee or the Board has reasonable grounds for doubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the case may be, shall undertake the process of age determination, by seeking evidence by obtaining -

(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examination Board, if available; and in the absence thereof;

(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board:

Provided such age determination test conducted on the order of the Committee or the Board shall be completed within fifteen days from the date of such order.

(3) The age recorded by the Committee or the Board to be the age of person so brought before it shall, for the purpose of this Act, be deemed to be the true age of that person.

(૫૫) જુવેનાઈલ જસ્ટીસ (બાળકોની સંભાળ અને રક્ષણ) એક્ટ–૨૦૧૫ ની ઉપરોક્ત મુજબની જોગવાઈમાં સગીર વય નિર્ધારણ કરવા માટે જે પ્રક્રિયા દર્શાવેલ છે તે મુજબ શાળાનો જન્મનો દાખલો અથવા મેટ્રીક્યુલેશન અથવા તેની સમકક્ષ પ્રમાણપત્ર વય નિર્ધારણ માટે ધ્યાને લેવાનો રહે છે અને જો આવો જન્મનો દાખલો કે પ્રમાણપત્ર પ્રાપ્ય ન હોય ફક્ત તેવા જ સંજોગોમાં ઉપરોક્ત કલમ–૯૪ ની પેટા કલમ–૨ ના ખંડ–૨ માં દર્શાવ્યા મુજબ વય નિર્ધારણ માટે મહાનગરપાલિકા, નગરપાલિકા અથવા પંચાયત દ્વારા આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર ધ્યાને લેવાનું રહે છે. આમ, કલમ–૯૪ (૨) ના ખંડ–૧ માં દર્શાવ્યા મુજબનું શાળાનું જન્મનું પ્રમાણપત્ર વય નિર્ધારણ કરવા માટે સર્વોપરિતા ધરાવે છે અને આ પ્રમાણપત્ર આખરી અને નિર્ણાયક છે. આવું શાળાનું જન્મનું પ્રમાણપત્ર પ્રાપ્ય ન હોય ફક્ત તેવા સંજોગોમાં જ ખંડ–૨ માં દર્શાવ્યા મુજબના સ્થાનિક સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર વય નિર્ધારણ માટે ધ્યાને લેવાનું રહે છે. આ કલમ–૯૪(૨) ના ખંડ–૩ મુજબ જ્યારે સર્વોપરિતાના ઉતરોત્તર ક્રમાંક પ્રમાણે ખંડ–૧ અને ત્યારબાદ ખંડ–૨ નું જન્મનું પ્રમાણપત્ર પ્રાપ્ય ન હોય તેવા જ સંજોગોમાં ઓસિફિકેશન ટેસ્ટ અથવા અન્ય વય નિર્ણિત કરવા માટેના આધુનિક તબીબી ટેસ્ટના આધારે વય નિર્ધારિત કરવાની રહે છે.

(૫૬) જુવેનાઈલ જસ્ટીસ (બાળકોની સંભાળ અને રક્ષણ) એક્ટ–૨૦૧૫ ની કલમ–૯૪(૨) મુજબની જોગવાઈમાં સગીરની વય નિર્ધારણ કરવા માટે જે પ્રક્રિયા દર્શાવેલ છે તે મુજબ શાળાનો જન્મ તારીખનો દાખલો અથવા મેટ્રીક્યુલેશન અથવા તેની સમકક્ષ પ્રમાણપત્ર વય નિર્ધારણ માટે ધ્યાને લેવાનો રહે છે અને જો આવો જન્મ

તારીખનો દાખલો કે પ્રમાણપત્ર પ્રાપ્ય ન હોય ફક્ત તેવા જ સંજોગોમાં ઉપરોક્ત કલમ–૯૪ ની પેટા કલમ–૨ ના ખંડ–૨ માં દર્શાવ્યા મુજબ વય નિર્ધારણ માટે મહાનગરપાલિકા, નગરપાલિકા અથવા પંચાયત દ્વારા આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર ધ્યાને લેવાનું રહે છે અને ઉપરોક્ત કલમ–૯૪ ના ખંડ–૧ અને ૨ નું જન્મનું પ્રમાણપત્ર પ્રાપ્ય ન હોય તેવા જ સંજોગોમાં ઓસિફિકેશન ટેસ્ટ અથવા અન્ય વય નિર્ણિત કરવા માટેના આધુનિક તબીબી ટેસ્ટના આધારે વય નિર્ધારિત કરવાની રહે છે.

(૫૭) હાલના કામે ઉપરોક્ત હકીકતે ફરિયાદ પક્ષના કેસ મુજબ આ કામના ભોગ બનનાર સાહેદ ભારતીય નાગરિક રહેલા નથી અને ભોગ બનનારે ભારતની કોઈ પણ શાળામાં અભ્યાસ કરેલ નથી કે ભારતના કોઈપણ મેટ્રીક્યુલેશન બોર્ડની પરિક્ષા આપેલ નથી કે પાસ કરેલ નથી અને ભોગ બનનારનો જન્મ ભારતના કોઈપણ વિસ્તારમાં થયેલ નથી અને ફરિયાદ પક્ષનો એવો ચોક્કસ કેસ રહેલ છે કે, આ કામના ભોગ બનનાર બાંગ્લાદેશના નાગરિક અને રહેવાસી રહેલા છે. આ સંજોગોમાં ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલા પુરાવાઓ ભોગ બનનાર આક્ષેપિત બનાવ સમયે સગીર વયના એટલે કે ૧૮ વર્ષથી ઓછી ઉંમરના રહેલા કે કેમ? તે બાબતના આ મુદ્દા નં. ૧ ના નિર્ણય માટે મુલ્યાંકીત કરતા પ્રથમ દર્શનિય રીતે એ હકીકત ફલિત થાય છે કે, આ કામે જુવેનાઈલ જસ્ટીસ એક્ટની કલમ – ૯૪(૨) ના ખંડ– ૧ માં દર્શાવ્યા મુજબનું ભોગ બનનારના દેશ બાંગ્લાદેશની શાળાનું જન્મનું પ્રમાણપત્ર કે મેટ્રીક્યુલેશનની સમકક્ષ બાંગ્લાદેશના શિક્ષણ બોર્ડ કે સત્તા મંડળ નું જન્મ તારીખનું પ્રમાણપત્ર પ્રાપ્ય રહેલ નથી અને ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ નથી અને તેવી જ રીતે જુવેનાઈલ જસ્ટીસ એક્ટની કલમ– ૯૪(૨) ના ખંડ–૨ માં દર્શાવ્યા મુજબના બાંગ્લાદેશના સ્થાનિક જન્મ નોંધણી સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર ભોગ બનનારની વય નિર્ધારણ માટે પ્રાપ્ય ન રહેલ નથી અને ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ નથી.

(૫૮) આ તબક્કે એ હકીકત નોંધવી ખુબ જ અનિર્વાય છે કે, કોઈપણ ફોજદારી ગુન્હાના કામે તપાસ કરનાર પોલીસ અધિકારી દ્વારા ખુબ જ ખંત અને નિષ્ઠાથી ગુન્હાના કામે સંકળાયેલા તેમજ ગુન્હાને લગતી આનુષંગીક બાબતો સ્થાપિત

કરતા તમામ પુરાવાઓ મેળવવાના રહે છે અને તે એકત્રિત કરવા માટે તમામ પ્રયત્નો કરવાના રહે છે. તપાસ કરનાર પોલીસ અધિકારીને પ્રવર્તમાન કાયદાના પ્રબંધોથી કાયદાને આધીન તપાસ માટેની વિશાળ સત્તાઓ રહેલી છે અને આ સત્તાઓ સત્ય શોધનની પ્રક્રિયાના કામે ન્યાયીક રીતે નિષ્ઠાપુર્વક ઉપયોગ કરવાની રહે છે. તપાસ કરનાર પોલીસ અધિકારી એ ફરિયાદ અને ચાર્જશીટ વચ્ચે પુલ સમાન મહત્વની કડી રહેલી છે. ફરિયાદ હકીકતો આધારે ગુન્હાને લગતી તમામ તપાસ કરવાની ફરજ અને શક્યતઃ તમામ પાસાઓ ચકાસવાની જવાબદારી તપાસ કરનાર અધિકારીની રહેલી છે. કાયદો તપાસ કરનાર અધિકારીને તપાસ કરવાની સત્તા અર્પે છે અને તપાસની આનુષંગીક બાબતો અંગે જોગવાઈઓ દર્શાવે છે. પરંતુ કોઈ ગુન્હાની તપાસના કામે ક્યો પુરાવો મેળવવો તે બાબતે કોઈ લીખીત નિયમો સામાન્ય રીતે હોય શકે નહી. પરંતુ એક સંનિષ્ઠ પોલીસ અધિકારીને જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ અન્વયેના ગુન્હાની તપાસના કામે સૌથી મહત્વના અને પ્રાથમિક પુરાવાઓ ક્યા મેળવવાના રહે તેનુ જ્ઞાન હોવાની અપેક્ષા કાયદો ચોક્કસપણે રાખે છે. જ્યારે હાથ ઉપરના કેસ જેવા ખુબ જ ગંભીર અને સંવેદનાત્મક જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ હેઠળના ગુન્હાના આક્ષેપો ફરિયાદમાં રહેલા હોય અને જ્યારે આવા ખુબ જ ગંભીર ગુન્હાની તપાસ હાથ ધરવામાં આવે ત્યારે તપાસ કરનાર અધિકારીએ જેમની સાથે આ કાયદા હેઠળનો ગુન્હો આચરવામાં આવેલ હોવાનો આક્ષેપ છે તેવા ભોગ બનનાર વ્યક્તિની ઉંમર અંગેનો મુળભુત અને મહત્વનો પુરાવો સૌપ્રથમ એકત્રિત કરવાનો રહે છે.

(૫૯) હાથ ઉપરના કિસ્સામાં રેકર્ડ ઉપરના પુરાવાઓના આધારે એ હકીકત પ્રથમ દર્શનિય રીતે જ સચોટ રીતે ઉપસી આવે છે કે, આ કામના ભોગ બનનાર બાંગ્લાદેશના નાગરિક રહેલા છે અને ભોગ બનનારની જન્મ તારીખની નોંધ બાંગ્લાદેશ ખાતે થયેલી છે અને આ કામના ભોગ બનનારે માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક શાળા સુધીનો અભ્યાસ પણ કરેલ છે અને તેવા સંજોગોમાં આ ગુન્હાની તપાસ કરનાર અધિકારી યોગ્ય ખંત અને મહેનતથી ભોગ બનનારની બાંગ્લાદેશ ખાતેની શાળાનું જન્મ તારીખનું પ્રમાણપત્ર અથવા ભોગ બનનારનું બાંગ્લાદેશ ખાતેના સક્ષમ સત્તાધિકારીનું જન્મનું પ્રમાણપત્ર મેળવી શક્યા હોત. પરંતુ આ કામે ઉપરોક્ત મુજબની નોંધ અનુસાર જુવેનાઈલ જસ્ટીસ એક્ટની કલમ–૯૪(૨) ના ખંડ–૧ અને

૨ ની સુચિમાં સમાવિષ્ટ કરી શકાય તેવા કોઈ મુળભુત અને મહત્વના દસ્તાવેજી પુરાવાઓ ભોગ બનનારની વય નિર્ધારીત કરવા માટે તપાસ કરનાર અધિકારી દ્વારા મેળવવામાં આવેલ નથી અને ફરિયાદ પક્ષ તરફે આ કામે રજુ થયેલ નથી. આ કામના તપાસ કરનાર અધિકારી શ્રી ડાભીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ચાર્જશીટ થતા સુધી ભોગ બનનારની ઉંમર અંગેનો, તે બાંગ્લાદેશના નાગરીક હોવા અંગેનો અને તે ઘરેથી કોઇને જાણ કર્યા વિના ભારત આવી ગયેલ છે તે બાબતનો કોઈ આધાર પુરાવો તેઓએ બાંગ્લાદેશથી મેળવેલ નહી અને ચાર્જશીટ થતા સુધી તેઓએ એક્ષર્ટનલ અફેર્યસ મીનીસ્ટ્રી મારફતે કે ઇન્ડીયન એમ્બેસી મારફતે આવો કોઇ આધાર પુરાવો મેળવેલ નથી. તપાસ કરનાર અધિકારીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, બાંગ્લાદેશથી કોઈપણ દસ્તાવેજ મંગાવવા હોય તો કુરીયર અથવા ટપાલ દ્વારા મંગાવી શકાય છે.

(૬૦) તપાસ કરનાર અધિકારીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ફરીયાદ જોતા કહેવાતી ભોગ બનનાર સગીરબાળા હોવાના આક્ષેપ હતા અને ભોગ બનનાર બાળક હોય તો પોકસો જેવા કેસમાં જન્મનો દાખલો અથવા જો બાળક ભણેલ હોય તો શાળાનું જન્મનું પ્રમાણપત્ર મહત્વનો પુરાવો કહેવાય અને ભોગ બનનારના આવા જન્મનો દાખલો કે શાળાનું જન્મનું પ્રમાણપત્ર જેવા પુરાવાઓ મેળવવા તેઓએ કોઇ પ્રયત્ન કરેલ નથી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, જાણવા જોગના કામે ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર મેળવી લેવાયેલ હતુ. તેઓએ સ્વીકારેલ છે કે, જાણવા જોગના કામે તેઓ જે જન્મનું પ્રમાણપત્ર મેળવી લેવાયેલ હોવાનું કહે છે તેવો પુરાવો કોના મારફતે ક્યા માધ્યમથી કઇ રીતે મેળવાયેલ તેનો કોઇ આધાર ચાર્જશીટનો ભાગ નથી અને ભોગ બનનારના જન્મનો અસલ આધાર મેળવવા માટે તેઓએ કોઇ પ્રયત્ન કરેલ હોય તેવો કોઇ આધાર ચાર્જશીટનો ભાગ નથી.

(૬૧) આ તબક્કે ભોગ બનનારના પુરાવાને વર્ગીકૃત કરતા જણાય છે કે, ભોગ બનનારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેણીની જન્મ તારીખને લગતા પુરાવાઓ બાંગ્લાદેશમાં છે અને બાંગ્લાદેશમાં તેણીના જન્મનું પ્રમાણપત્ર પણ છે. આમ, ભોગ બનનારના પુરાવાના આધારે જણાય છે કે, બાંગ્લાદેશ ખાતે ભોગ બનનારની જન્મ તારીખને લગતા પુરાવાઓ તથા ભોગ બનનારના જન્મનું પ્રમાણપત્ર

રહેલ હોવા છતાં તપાસનીશ એજન્સી દ્વારા તે મેળવવામાં આવેલ નથી કે મેળવવાનો પ્રયત્ન કરવામાં આવેલ નથી. રેકર્ડ પરના પુરાવાઓ પરથી એવી પણ કોઈ હકીકત ફલિત થતી નથી કે, તપાસ દરમ્યાન તપાસનીશ એજન્સીને ભોગ બનનારના જન્મ તારીખના પુરાવા કે ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર બાંગ્લાદેશમાં રહેલ હોવા બાબતે કોઈ માહિતી મળેલ ન હોય. ભોગ બનનારના પુરાવાને ધ્યાને લેતા જણાય છે કે, ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, પોલીસે તેણીની પાસેથી તેની ઓળખ, ઉંમર અને તેણીની રાષ્ટ્રીયતા માટેના અસલ દસ્તાવેજી આધાર માંગેલા અને તેણીની પાસે કોઇ અસલ કાગળો ન હતા તેથી તેણીએ પોલીસને આપેલા નહી. ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં એ હકીકત પણ સ્વીકારેલ છે કે, તેણીએ તેની બહેન સાથે વાત કરીને વ્હોટ્સએપ પર દસ્તાવેજો મંગાવેલા. તેણીએ સ્વીકારેલ છે કે, દસ્તાવેજ મંગાવવાની ફોન પરની વાતચીત વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાંથી કરેલી અને તેણીએ અસલ દસ્તાવેજ બાંગ્લાદેશ થી બાય પોસ્ટ અથવા કુરીયર થી મંગાવવા માટે પ્રયત્ન કરેલ નથી. આમ, ભોગ બનનાર પાસે તપાસ કરનાર અધિકારી દ્વારા તેણીની ઓળખ અને ઉંમર અંગેના આધાર પુરાવા માંગવામાં આવેલ ત્યારે ભોગ બનનાર પાસે તેવા આધાર પુરાવા ન હોવાથી તેઓએ રજુ કરેલ નહી અને ત્યારબાદ વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાંથી જ તેમની ઉંમર અને ઓળખ અંગેના દસ્તાવેજો વ્હોટ્સએપ મારફતે મંગાવવા ફોન ઉપર વાતચીત કરેલ હોવાનું સ્પષ્ટ થાય છે. વધુમાં ભોગ બનનાર એ હકીકત સ્વીકારેલ છે કે, બાંગ્લાદેશ ઘરેથી નીકળ્યા બાદ વચ્ચે હોટલમાં રોકાવાનો પ્રસંગ બનેલો અને તેણીએ જણાવેલ છે કે, બાંગ્લાદેશની હોટલમાં રોકાતા સમયે તેણીએ તેના જન્મનું કાર્ડ આપેલુ. આમ, જો ભોગ બનનાર પાસે તેઓ બાંગ્લાદેશ ખાતેથી તેમના ઘરેથી નિકળ્યા ત્યારે તેમના જન્મનું કાર્ડ તેમની પાસે રહેલુ હતુ તો ત્યારબાદ તેવુ કોઈ કાર્ડ કે ઓળખનો આધાર ખોવાઈ ગયા, નાશ થઈ ગયા કે કોઈ દ્વારા ઝુંટવી કે ચોરી લેવામાં આવેલા તે બાબતે ભોગ બનનારે કોઈ ખુલાસો કરેલ નથી કે તપાસ કરનાર અધિકારી દ્વારા પણ તે બાબતે તપાસ થયેલ નથી. ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેણીએ પોલીસને તપાસ દરમ્યાન તેણીએ બાંગ્લાદેશનું જન્મનું કાગળ તેમજ તેણીની બહેનના પાસપોર્ટની કોપી તથા તેણીના પિતાનું એન.આઇ.ડી. કાર્ડ આપેલ અને આ કાગળો વિધ્યાનગર પોલીસ સ્ટેશનથી તેણીની પાસે માંગવામાં આવેલા જેથી તે તેણીની બહેનને ફોન કરીને વ્હોટ્સએપ થી મંગાવીને આપેલા અને આ કાગળો વિધ્યાનગર પોલીસ સ્ટેશને તેણીને

લાવવામાં આવેલ તેના બીજા દિવસે સવારે પોલીસને આપેલ. આમ, ભોગ બનનારના પુરાવાના આધારે જણાય છે કે, ભોગ બનનારે તેની ઓળખ અને ઉંમર અંગેના આધાર પુરાવા તેમના બહેન પાસેથી વ્હોટ્સએપ મારફતે મંગાવી પોલીસને આપેલ હોવા છતાં તેના આધારે તપાસનીશ એજન્સી દ્વારા યોગ્ય સત્તાધિકારી મારફતે બાંગ્લાદેશ ખાતેના સક્ષમ સત્તાધિકારી પાસેથી તેવા કોઈ ભોગ બનનારના જન્મના અસલ આધારો મેળવવામાં આવેલ નથી અને આ કામે રજુ કરવામાં આવેલ નથી.

(૬૨) ભોગ બનનારના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરતા જણાય છે કે, ભોગ બનનારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેમની ઉંમર હાલમાં ૧૭ વર્ષની થયેલ નથી અને તેઓ બાંગ્લાદેશમાં હતા ત્યારે અભ્યાસ કરતા હતા. ભોગ બનનાર દ્વારા જણાવેલ આ હકીકત આ હકીકત તેઓ ક્યા આધારે જણાવે છે તે બાબત તેમની જુબાની ઉપરથી ફલિત થતી નથી. ભોગ બનનારે આરોપી પક્ષ તરફે તેમની ઉલટ તપાસમાં તેમની ઉંમરની બાબતે અનુસંગીક તેમના અભ્યાસ અંગેના સવાલો પુછવામાં આવેલા. જે દરમ્યાન ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેણીને એ વાત ની ખબર નથી કે, બાંગ્લાદેશમાં શાળામાં પ્રવેશ મેળવવા માટે ૬ વર્ષની ઉંમર ફરજીયાત છે અને વધુમા જણાવેલ છે કે, તેણી પહેલા ધોરણમાં દાખલ થયેલ ત્યારે તેણીની ઉંમર આશરે ૪ વર્ષની હતી. ભોગ બનનારે તેણીની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓ મીરપુર કોલેજમાં અભ્યાસ કરતા હતા અને મીરપુર કોલેજને યુનિવર્સીટી તરીકે પણ ઓળખવામાં આવે છે અને મીરપુર કોલેજમાં પોસ્ટ ગ્રેજ્યુએશનનો પણ અભ્યાસ થાય છે. તેણીએ સ્વીકારેલ છે કે, બાંગ્લાદેશમાં ધોરણ ૧૦ પછી બે વર્ષ ઈન્ટર કોલેજમાં અભ્યાસ કરવાનો હોય છે ત્યારબાદ ઓનર્સ ફર્સ્ટ યર અને ઓનર્સ સેકન્ડ યરનો અભ્યાસ કરવાનો હોય છે અને તેણી છેલ્લે મીરપુર કોલેજમાં એડમિશન લીધેલ હતુ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, મીરપુર કોલેજમાં ફકત પોસ્ટ ગ્રેજયુએશનનો જ અભ્યાસ થાય છે અને મીરપુર કોલેજ ઈન્ટરનેશનલ કોલેજ છે અને ત્યાં વિદેશના વિધ્યાર્થીઓ પણ ભણવા આવે છે. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તે વિદેશના વિધ્યાર્થીઓ આવે છે તે ઢાકા–બાંગ્લાદેશ યુનિવર્સીટીમાં આવે છે. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી તેના ત્રીજા નંબરની બહેન ઝાહેદા સાથે ઢાકા સીટીમાં રહેતા હતા અને છેલ્લે મીરપુર કોલેજમાં એડમીશન લીધેલ હતુ. તેણીએ સ્વીકારેલ છે કે, શાળામાંથી કોલેજમાં અભ્યાસ માટે દાખલો મેળવવામાં આવે ત્યારે ટ્રાન્સફર સર્ટી મેળવવામાં આવે છે અને

આ ટ્રાન્સફર સર્ટીમાં બાળકનું નામ સરનામુ, માતા–પિતાનું નામ, જન્મ તારીખ અને ઉંમર જેવી વિગતો લખેલી હોય છે અને તેણીની જન્મ તારીખને લગતા પુરાવાઓ બાંગ્લાદેશમાં છે અને બાંગ્લાદેશમાં તેણીના જન્મનું પ્રમાણપત્ર પણ છે. ભોગ બનનારને તેમની ઉલટ તપાસમાં સવાલ પુછવામાં આવેલ છે કે, બાંગ્લાદેશમાં ધોરણ ૦૧ માં એડમિશન લેતા સમયે એક ફોર્મ ભરવાનું હોય છે અને તેમાં ફેમિલી તથા બાળકોની તમામ વિગતો લેખિતમાં શાળાને પુરી પાડવાની હોય છે? જેના જવાબમાં જણાવેલ છે કે, બાંગ્લાદેશમાં ધોરણ ૦૧ માં એડમિશન લેતા સમયે બાળકના જન્મની વિગત અને માતા અને પિતાનું આધારકાર્ડ એટલે કે એન.આઈ.ટી. કાર્ડ કહેવાય છે તે હોવુ જોઈએ. આમ, ભોગ બનનારના પુરાવાના આધારે ભોગ બનનારની જન્મ તારીખના આધાર પુરાવા તેમજ જન્મ તારીખનું પ્રમાણપત્ર અને ભોગ બનનાર દ્વારા જે શાળામાં અભ્યાસ કરવામાં આવેલ તે શાળાનું જન્મનું પ્રમાણપત્ર કે અન્ય જન્મના આધાર પુરાવા અસ્તિત્વમાં હોવા છતાં અને યોગ્ય ખંત અને મહેનતથી મેળવી શકાય તેમ હોવા છતાં તપાસનીશ એજન્સી દ્વારા મેળવી રજુ કરવામાં આવેલ ન હોવાનું જણાય છે.

(૬૩) આ કામના ફરિયાદી શ્રી જી.એસ.ગઢવી ના મૌખિક પુરાવાને પણ આ તબક્કે ધ્યાને લેવો આવશ્યક જણાય છે. રેકર્ડ ઉપરથી એ હકીકત ઉદભવે છે કે, ફરિયાદીશ્રી જી.એસ.ગઢવી દ્વારા આ ગુન્હાની આંક–૧૯૫ વાળી ફરિયાદ આપવામાં આવેલ તેના પહેલા વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ નોંધાયેલ જાણવા જોગની તપાસ પણ તેમના દ્વારા હાથ ધરવામાં આવેલી. ફરિયાદી અને જાણવા જોગની તપાસ કરનાર આ પોલીસ અધિકારીએ તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, પોલીસ તરફથી આ ભોગ બનનાર અને તેની સાથેની મહિલાને વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે લઇ આવેલ અને તે વખતે ભોગ બનનારની ઉંમરની પાકી ખાતરી ન હોય જેથી તેમના જન્મના આધાર બાબતે નિલોચને ટેલીફોનીક પુછતા તેમણે કહેલ કે તેઓ સવારે ભોગ બનનારનો જન્મનો દાખલો બાંગ્લાદેશથી મંગાવીને મોકલશે. આ હકીકત એ બાબત દર્શાવે છે કે, ભોગ બનનારના જન્મની નોંધ અને જન્મ તારીખની નોંધ બાંગ્લાદેશ ખાતે સક્ષમ સત્તાઅધિકારી સમક્ષ થયેલી છે. ફરિયાદીએ વધુમાં જણાવેલ છે કે, તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ ભોગ બનનારના જન્મ અંગેનો પુરાવો તેણીના ભાઇ મારફતે મોકલાવવામાં આવેલ જે જોતા આ ભોગ

બનનારની જન્મ તારીખ ૧૯/૦૬/૨૦૦૭ હોય તેમજ આ ભોગ બનનાર સગીર વયના હતા. આ અત્યંત મહત્વના મુદ્દાના નિર્ણય સમયે એ હકીકતની ન્યાયીક નોંધ લેવી અનિવાર્ય છે કે, શ્રી ગઢવી દ્વારા હાથ ધરવામાં આવેલ જાણવા જોગ તપાસના કાગળો ફરિયાદ પક્ષ દ્વારા આંક–૬૨ ના દસ્તાવેજી પુરાવા લિસ્ટથી રજુ થયેલા અને તે કાગળોમાં ક્રમ નં. ૦૫ ઉપર ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રની કલર નકલ રજુ થયેલ છે. જે નિશાની ૬૨/૫ વાળી ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રની કલર નકલ પોલીસ સાહેદોના જણાવ્યા અનુસાર વ્હોટ્સએપના માધ્યમથી મેળવી તેની પ્રિન્ટ મેળવવામાં આવેલ તે રહેલ છે. ચોક્કસપણે પુરાવાના કાયદાના પ્રબંધો અને નિયમો અનુસાર સદર નિશાની ૬૨/૫ થી રજુ થયેલ ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રની કલર સાદી નકલ ફરિયાદ પક્ષ દ્વારા પુરવાર કરવામાં આવેલ ન હોય તેથી પુરાવાના કામે તેને આંક પડેલ નથી. જે હકીકત પણ એ બાબત સ્થાપિત કરે છે કે, ભોગ બનનારની જન્મ તારીખ બાંગ્લાદેશ ખાતે સક્ષમ સત્તાઅધિકારી સમક્ષ નોંધાયેલ છે અને તેમ છતાં તપાસ કરનાર અધિકારી દ્વારા તે મેળવવામાં અને ચાર્જશીટ સાથે રજુ કરવામાં આવેલ નથી.

(૬૪) ફરિયાદી શ્રી ગઢવીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ભોગ બનનારની ઉંમર નક્કી કરતો કોઇ સવાલ ભોગ બનનારને તેમના નિવેદનમાં પૂછેલ નહી અને ભોગ બનનારની જન્મ તારીખની કોઇ હકીકત પણ તેમના નિવેદનમાં રહેલ નથી અને તા.૦૬/૦૯/૨૦૨૩ ના રોજની તેઓની જાણવા જોગની જાહેરાતમાં ભોગ બનનારની જન્મ તારીખ જણાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર સગીર છે તેવા નિર્ણય ઉપર આવવા માટે તા.૦૬/૦૯/૨૦૨૩ ના રોજ તેઓની પાસે કોઇ આધાર ન હતો અને તેઓએ તા.૦૬/૦૯/૨૦૨૩ ના રોજની તેઓની જાણવા જોગની જાહેરાતમાં ભોગ બનનારને સગીર દર્શાવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તા.૦૬/૦૯/૨૦૨૩ થી તા.૧૩/૦૯/૨૦૨૩ સુધીમાં તેઓએ ભોગ બનનારની સાચી ઉંમર જાણવા માટે ભોગ બનનારની કોઇ મેડીકલ તપાસ કે મેડીકલ ટેસ્ટ કરવાનો પ્રયત્ન કરેલ નહી અને આ સમય દરમ્યાન તેઓએ ભોગ બનનાર દ્વારા જાહેર કરવામાં આવેલ હકીકત ના આધારે બાંગ્લાદેશ ખાતેની ઇન્ડીયન હાઇકમિશન ઓફીસ મારફતે ભોગ બનનારની ઉંમર અંગે કોઇ ચકાસણી કરાવવા પ્રયત્ન કરેલ નહી.

(૬૫) આ તબક્કે રેકર્ડ ઉપરના પુરાવાઓથી એ હકીકત પણ ફલિત થાય છે કે, આ ગુન્હાની ફરિયાદ દાખલ થઈ તેના પહેલા આ કામે આંક–૧૯૧ થી રજુ થયેલ જોઈન્ટ ઈન્ટ્રોગેશન રીપોર્ટ મુજબ સરકારના વિવિધ ખાતાના અધિકારીઓ દ્વારા ભોગ બનનારની સંયુક્ત પુછપરછ કરવામાં આવેલ અને તેમાં ભોગ બનનારની જન્મ તારીખ દર્શાવેલ છે. ફરિયાદી શ્રી ગઢવી પણ સદર સંયુક્ત પુછપરછ કરનાર અધિકારીઓ પૈકી એક અધિકારી રહેલા હતા અને તેઓએ તેમની જુબાનીમાં આંક–૧૯૧ વાળા રીપોર્ટમાં ભોગ બનનારની ઉંમર બાબતે કોઇ સ્પષ્ટતા ન હોવાની હકીકતોનો ઈન્કાર કરી સ્વેચ્છાએ એવી હકીકત જણાવેલ છે કે, તેમાં જન્મ તારીખ લખેલ છે. શ્રી ગઢવીએ સ્વીકારેલ છે કે, આંક–૧૯૧ વાળા રીપોર્ટમાં ભોગ બનનારની ઉંમર બાબતે ક્યા દસ્તાવેજો ચકાસવામાં આવેલા, કઇ બાબતો ધ્યાને લેવામાં આવેલ તે બાબતે કોઇ સ્પષ્ટતા રહેલ નથી અને આંક–૧૯૧ વાળા રીપોર્ટમાં ભોગ બનનારની જે જન્મ તારીખ દર્શાવેલ છે તે ક્યા દસ્તાવેજ આધારે લખેલ છે તેની પણ કોઇ સ્પષ્ટતા આ રીપોર્ટમાં રહેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર ધોરણ–૧૨ પાસ હોવાનું આંક–૧૯૧ વાળા ઇન્ટ્રોગેશન રીપોર્ટમાં જાહેર થયેલ. આમ, ભોગ બનનારની જન્મ તારીખ આ કામના ફરિયાદી શ્રી ગઢવીના ધ્યાન ઉપર ફરિયાદ આપતા પહેલા આવેલ હોવાનું અને ભોગ બનનારની જન્મ તારીખ બાંગ્લાદેશ ખાતે નોંધાયેલ હોવાની જાણ પણ શ્રી ગઢવીને હોવા છતાં તેઓએ તેમની જાણવા જોગ તપાસના કામે કે ફરિયાદ આપતા પહેલા ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર મેળવેલ નથી કે મેળવવા કોઈ પ્રયત્ન કરેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ નથી. તેવી જ રીતે ભોગ બનનાર ધોરણ–૧૨ પાસ હોવાની હોવાની જાણ પણ શ્રી ગઢવીને હોવા છતાં તેઓએ તેમની જાણવા જોગ તપાસના કામે કે ફરિયાદ આપતા પહેલા ભોગ બનનારનું શાળાનું જન્મનું પ્રમાણપત્ર મેળવેલ નથી કે મેળવવા કોઈ પ્રયત્ન કરેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ નથી.

(૬૬) ઉપરોક્ત મુજબ ફરિયાદી અને તપાસ કરનાર અધિકારી દ્વારા સ્વીકૃત કરાયેલ હકીકતો મુજબ ફરિયાદ આપતા સમયે તેમજ ચાર્જશીટ કરતા સુધીમાં ફરિયાદી તેમજ તપાસ કરનાર અધિકારી દ્વારા ભોગ બનનારના જન્મનું પ્રમાણપત્ર એક્ષ્ટર્નલ અફેર્યસ મીનીસ્ટ્રી મારફતે કે ઇન્ડીયન એમ્બેસી મારફતે કે ભોગ બનનારના ઘરના સભ્યો પાસેથી કુરીયર કે ટપાલ મારફતે મેળવવામાં આવેલ નથી.

(૬૭) ફરિયાદી શ્રી ગઢવી દ્વારા આપવામાં આવેલ ફરિયાદ આધારે હાલનો ગુન્હો નોંધનાર પી.એસ.ઓ. વિનોદભાઈ મુળજીભાઈએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આ ગુન્હાની નોંધ માટે ફરીયાદ સાથે બીજા કોઇ દસ્તાવેજો તેઓને આપેલા નહી અને ફરીયાદમાં જે તે સમયે ભોગ બનનારની ઉંમર ૧૬ વર્ષ દર્શાવેલ તે બાબતે ઉંમર અંગેનો કોઇ દસ્તાવેજી આધાર ફરીયાદ સાથે ન હતો અને તેઓના બંને ઉપરી અધિકારીની મૌખિક સૂચના મુજબ તેઓએ ફરીયાદ સ્ટેશન ડાયરીમાં નોંધેલ. તેઓએ તેમની ઉલટ તપાસમાં એ હકીકત પણ સ્વીકારેલ છે કે, ભોગ બનનારની ઉંમર ૧૬ વર્ષ દર્શાવેલ છે તે અંગે ભોગ બનનારનો કોઇ જન્મનો દાખલો, શાળાનો દાખલો, લીવીંગ સર્ટીફીકેટ કે અન્ય કોઇ દસ્તાવેજી આધાર પુરાવો તેઓને મળેલ નથી.

(૬૮) ઉપરોક્ત મુજબના ફરિયાદી, ફરિયાદના આધારે ગુન્હો નોંધનાર અને તપાસ કરનાર અધિકારીના મૌખિક પુરાવાઓના આધારે સ્પષ્ટ થાય છે કે, આ કામે જુવેનાઈલ જસ્ટીસ એક્ટની કલમ–૯૪(૨) ના ખંડ–૧ માં દર્શાવ્યા મુજબનું ભોગ બનનારનું બાંગ્લાદેશ ખાતેની તેમની શાળાનું જન્મનું પ્રમાણપત્ર કે કલમ–૯૪(૨) ના ખંડ–૨ માં દર્શાવ્યા મુજબનુ ભોગ બનનારનું બાંગ્લાદેશ ખાતેના સક્ષમ સ્થાનિક સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર ભોગ બનનારની વય નિર્ધારણ કરવા માટે ફરિયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ નથી.

(૬૯) આરોપી પક્ષ તરફે વિદ્વાન વકિલશ્રી દ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામના ભોગ બનનાર ધોરણ–૧૨ સુધી ભણેલ હોવા છતાં તેમની શાળાનું જન્મનું પ્રમાણપત્ર રજુ થયેલ નથી અને ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર બાંગ્લાદેશ ખાતે હોવા છતાં અને બાંગ્લાદેશ ખાતેથી મેળવી શકાય તેમ હોવા છતાં તે મેળવી રજુ થયેલ નથી તે સંજોગોમાં આવા કોઈ ભોગ બનનારના જન્મના આધાર પુરાવા અસ્તિત્વ ધરાવતા જ ન હોવાનું કહી શકાય નહી અને આવા દસ્તાવેજી આધાર પુરાવા પ્રાપ્ય હોવા છતાં રજુ કરવામાં ન આવે તે સંજોગોમાં ઉંમર બાબતેના તબીબી અભિપ્રાય કે ઓસિફિકેશન ટેસ્ટને ધ્યાને લઈ શકાય નહી. આરોપી પક્ષ તરફેની આ રજુઆતને રેકર્ડ ઉપરના પુરાવાઓથી આંશીક સમર્થન પ્રાપ્ત થતુ હોવાનું જણાય છે. ઉપરોક્ત મુજબની ચર્ચા અનુસાર આ કામના ભોગ બનનારે બાંગ્લાદેશ ખાતે માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક સુધીનો અભ્યાસ કરેલ છે અને તે સંજોગોમાં તેમની શાળાના

જન્મનું પ્રમાણપત્ર મેળવી શકાય તેમ હોવાનું કહી શકાય અને તેવી જ રીતે ભોગ બનનારનું જન્મની નોંધ પણ સક્ષમ સ્થાનિક સત્તાધિકારી સમક્ષ થયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર હોય તેથી ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર પણ મેળવી શકાય તેમ હોવાનું કહી શકાય અને તેમ છતાં આવા કોઈ જુવેનાઈલ જસ્ટીસ એક્ટની કલમ–૯૪(૨) ના ખંડ–૧ અને ૨ માં સર્વોપરિતા ધરાવતા દસ્તાવેજી આધાર પુરાવાઓ ફરિયાદ પક્ષ તરફે આ કામે રજુ થયેલા નથી.

(૭૦) આ સંજોગોમાં જુવેનાઈલ જસ્ટીસ એક્ટની કલમ–૯૪(૨) ના ખંડ–૩ મુજબ ઓસિફિકેશન ટેસ્ટ અથવા અન્ય વય નિર્ણિત કરવા માટેના આધુનિક તબીબી ટેસ્ટના આધારે ભોગ બનનારની વય નિર્ધારીત કરવા પાત્ર થાય છે. આથી, ઉપરોક્ત મુજબની આરોપી પક્ષ તરફેની રજુઆતને ધ્યાને લઈ આ કામે ફરિયાદ પક્ષ આ કલમ–૯૪(૨) ના ખંડ–૩ માં દર્શાવ્યા મુજબ ઓસિફિકેશન ટેસ્ટ અથવા અન્ય વય નિર્ણિત કરવા માટેના આધુનિક તબીબી ટેસ્ટના આધારે ભોગ બનનારની ઉંમર પુરવાર કરી શકેલ છે કે કેમ? તે બાબત નિર્ણિત કરવાની રહે છે.

(૭૧) રેકર્ડ ઉપરના પુરાવાઓના આધારે એ હકીકત ફલિત થાય છે કે, આ ગુન્હાના તપાસ કરનાર અધિકારી દ્વારા ભોગ બનનારની ઉંમર જાણવા સારૂ ભોગ બનનારને મેડીકલ ઓફીસરશ્રી, શ્રી કૃષ્ણા હોસ્પીટલ, કરમસદ સમક્ષ આંક–૧૧૩ વાળી ચાદી સાથે મોકલવામાં આવેલા. આ હકીકતને ભોગ બનનારે પણ સમર્થિત કરેલ છે. ભોગ બનનારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓને બીજીવાર પણ પોલીસવાળા હોસ્પિટલમાં લઈ ગયેલા ત્યાં તેઓની ઉંમર પુછવામાં આવેલી ત્યાં તેઓની કેટલી ઉંમર થયેલી છે તેના કોઈ કાગળ ન હતા ત્યાંથી ડોક્ટરે તેઓના દાંત જોયેલ અને તેઓનું લોહી લીધેલ અને બીજુ શું કરેલુ તે તેઓને યાદ નથી. ભોગ બનનારની ઉંમર જાણવા માટે શ્રી કૃષ્ણા હોસ્પિટલ, કરમસદ ખાતે ભોગ બનનારની આધુનિક તબીબી તપાસ કરવામાં આવેલ હોવાનું ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલા સાહેદો ડો. મિલિનસીંધ યાદવ અને ડો. ધર્મેન્દ્ર પરમારના મૌખિક પુરાવાઓથી પણ સ્પષ્ટ થાય છે.

(૭૨) આ કામે તપાસ કરનાર અધિકારી દ્વારા ભોગ બનનારની ઉંમર જાણવા માટે તબીબી તપાસ માટે ભોગ બનનારને જે નિષ્ણાંત સમક્ષ મોકલવામાં આવેલા તે શ્રી કૃષ્ણ હોસ્પિટલ, કરમસદ ખાતે ફોરેન્સીક મેડીસીન વિભાગમાં ફરજ બજાવતા ડો.મિલીનસીંધ બદ્રીપ્રસાદ યાદવને ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૦૮ તરીકે આંક–૧૧૨ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૧૬/૦૯/૨૦૨૩ ના રોજ ભોગ બનનારને પી.આઈ. શ્રી એસ.ઓ.જી., આણંદની લેખિત યાદી સાથે ભોગ બનનારની ઉંમર અંગે જરૂરી ચકાસણી કરવા તેમની સમક્ષ લઈને આવેલા. આ તબીબી સાહેદના પુરાવાના આધારે જણાય છે કે, પ્રથમ વખત ભોગ બનનારને તેમની સમક્ષ ઉંમર અંગે ચકાસણી માટે લઈ જવામાં આવેલ ત્યારે તેઓએ મીનીસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલફેર, ભારત સરકારની મેડીકોલિગલ કેર ફોર સર્વાઈવર/વિકટીમ્સ ઓફ સેક્સયુલ વાયોલન્સની ગાઈડલાઈન્સ મુજબ જે કિસ્સામાં ભોગ બનનારના જન્મ બાબતનો દસ્તાવેજી પુરાવો ઉપલબ્ધ હોય તો તેવા દરેક કિસ્સામાં ભોગ બનનારનો ઓસિફિકેશન ઓફ બોન ટેસ્ટ કરવો ફરજીયાત ન હોય ભોગ બનનારનો ઓસિફિકેશન ઓફ બોન ટેસ્ટ કરેલ નહી. પરંતુ આ તબીબી સાહેદના પુરાવાના આધારે જણાય છે કે, ત્યારબાદ બીજી વખત ભોગ બનનારને તેઓ સમક્ષ તે જ દિવસે કલાક ૧૯:૪૨ વાગ્યે ઓસિફિકેશન ઓફ બોન ટેસ્ટ કરવા માટે પો.કો. સંદિપ જયંતિભાઈ બ.નં.૧૦૦૯ નાઓ પી.આઈ. શ્રી એલ.બી.ડાભી ની વિનંતીથી લઈને આવેલ અને ભોગ બનનારનો ઉંમર અંગેનો અભિપ્રાય આપવા માટે તેઓને જણાવવામાં આવતા તેઓએ ભોગ બનનારની સમંતિ મેળવી ભોગ બનનારની તપાસ કરેલી. આમ, આ તબીબી સાહેદના પુરાવાના આધારે સ્પષ્ટ થાય છે કે, તેઓએ ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ જે કિસ્સામાં ભોગ બનનારના ઉંમર અંગેના દસ્તાવેજી આધાર પુરાવા પ્રાપ્ય હોય તે કિસ્સામાં ભોગ બનનારની ઉંમર અંગેની તબીબી ચકાસણી કે ઓસિફિકેશન ટેસ્ટ કરવો જરૂરી ન હોય તેથી તેઓએ પ્રથમ વખત ભોગ બનનારને તેમના સમક્ષ લઈ જવામાં આવેલ ત્યારે ભોગ બનનારની ઉંમર અંગે કોઈ તપાસ કરેલ નહી અને ત્યારબાદ ફરીથી તપાસ કરનાર અધિકારીની વિનંતીથી ભોગ બનનારની ઉંમર બાબતે તબીબી ચકાસણી કરેલી. જે બાબત એ સુચવે છે કે, તપાસ કરનાર અધિકારી દ્વારા ભોગ બનનારના જન્મ તારીખ અંગેના માન્ય દસ્તાવેજી આધારે પુરાવાઓ પ્રાપ્ય થઈ શકે તેમ હોવા છતાં તે મેળવેલ નહી અને તેના કારણે તબીબી સાહેદે પ્રથમ વખત ભોગ બનનારને

લઈ જવામાં આવેલ ત્યારે ભોગ બનનારની ઉંમર બાબતે કોઈ ટેસ્ટ કે તબીબી ચકાસણી કરેલ નહી. આ હકીકતની સાથે એ હકીકત સ્વીકૃત રહેલ છે કે, આ તબીબી સાહેદ દ્વારા ભોગ બનનારની ઉંમર નિર્ધારીત કરવા માટે ભોગ બનનારની શારીરિક તપાસણી કરવામાં આવેલ.

(૭૩) આ તબીબી સાહેદ ડો. મિલીનસીંધે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગ બનનારનું જનરલ એકઝામીનેશન કરતા તેણીના શરીરનું બંધારણ મધ્યમ હતુ અને તેણીનું વજન ૪૬ કિલો હતુ અને તેણીની ઉચાઇ ૧૫૬ સે.મી. હતી અને તેણીને ગુપ્તભાગે તેમજ બગલના ભાગે વાળ હતા અને તેણીને ૧૩ વર્ષની ઉમરે માસિક શરૂ થયેલ. આ તબીબી સાહેદ ડો. મિલીનસીંધ યાદવે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગ બનનારના દાંતની તપાસ કરતા તેણીના તમામ દાંત કાયમી આવી ગયેલ હતા અને ૪ થર્ડ મોલરો પૈકી એક મોલર આવી ગયેલ હતો અને બાકીના ત્રણ મોલરો માટેની જગ્યા ખાલી હતી અને તેણીનો કોઇ દાંત તૂટેલ ન હતો કે કોઇ દાંત આર્ટીફીશીયલ બેસાડવામા આવેલ ન હતો અને તેણીનું રેડીયોલોજીકલ એકઝામીનેશન કરવા માટે તેણીને તેઓની હોસ્પીટલના રેડીયોલોજીકલ વિભાગમાં મોકલવામાં આવેલ અને તેણીના બંને હાથના એપી/લેટરલ પાર્ટના એલ્બોના એક્સ–રે લેવામાં આવેલા તથા બંને હાથના કાંડાના ભાગના એપી ઓબલીગ એક્સ–રે લીધેલા અને બંને હીપ પેલ્વીસ સાથેના ફીમરના ઉપરના ભાગ સાથેનો એક્સ–રે લીધેલ અને બંને ઘૂટણના એપી/લેટરલ એક્સ–રે લેવામાં આવેલા અને આ તમામ એક્સ–રેના રીપોર્ટ ભોગ બનનારનો શારીરિક બાંધો તેમજ તેણીના દાંતનું પરીક્ષણ કરી ભોગ બનનારની ઉંમર બાબતે અભિપ્રાય આપેલો તે મુજબ ભોગ બનનારની ઉંમર તેઓની તપાસણીના દિવસે ૧૫ વર્ષથી વધુ અને ૧૭ વર્ષથી ઓછી હતી. ડોક્ટર સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૩૬ થી રજુ એઇજ એસ્ટીમેશન બાબતનું પરીક્ષણ અને સર્ટીફિકેટ જોઈ જેનો એમ.એલ.સી. નંબર ૧૨૯૩/૨૦૨૩ હોવાનું અને સર્ટીફિકેટ તેઓએ તેમના હસ્તાક્ષરમા તૈયાર કરેલ હોવાનું અને તેની નીચે તેઓની સહી અને તેઓના હોદ્દાનો સિક્કો હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આ ડોક્ટર સાહેદે તેમની જુબાની દરમ્યાન તેઓની પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ અને શ્રી કૃષ્ણ હોસ્પીટલ કરમસદના રેડીયોલોજી વિભાગનો ભોગ બનનારના કરાવેલ એક્સ–રે અંગેનો રેડીયોગ્રાફસ ફોર એઇઝ એસ્ટીમેશનનો ડો. ધર્મેન્દ્ર પરમારે તૈયાર કરેલ રીપોર્ટ

આંક–૧૧૪ થી રજુ કરેલ છે.

(૭૪) આમ, ઉપરોક્ત મુજબના ભોગ બનનારની ઉંમર અંગેની ચકાસણી કરનાર તબીબી સાહેદ ડો. મિલીનસિંધ યાદવના અભિપ્રાય મુજબ ભોગ બનનારના એક્સ–રે ના રીપોર્ટ, ભોગ બનનારનો શારીરિક બાંધો તેમજ તેણીના દાંતના પરીક્ષણ આધારે ભોગ બનનારની ઉંમર તેઓની તપાસણીના દિવસે ૧૫ વર્ષથી વધુ અને ૧૭ વર્ષથી ઓછી હતી. ડો.મિલીનસીંધ યાદવે આ અંગે આપેલ ભોગ બનનારની ઉંમર અંગેના અભિપ્રાયનું પ્રમાણપત્ર આંક–૩૬ થી રજુ થયેલ છે. આ કામે ભોગ બનનારની વય નિર્ધારીત કરવાના આ મહત્વના મુદ્દાના યોગ્ય નિર્ણય અર્થે આ તબીબી સાહેદ દ્વારા તેમના આંક–૩૬ ના એઈજ એસ્ટીમેશનના પ્રમાણપત્રમાં આપવામાં આવેલ અભિપ્રાય આ તબક્કે અક્ષર સહ નોંધવો ઉચિત જણાય છે. જે નીચે મુજબ છે.

> "**<u>Opinion:</u>**
> ***Certificate:***
> From the above physical, dental and radiological findings, I am of the opinion that the age of Ms. **.....(Name of Victim) .....** brought by Sandip Jayantibhai BN1009 is **above 15 years and below 17 years** as on 16/09/23 (date of examination)"

(૭૫) ભોગ બનનારની ઉંમર જાણવા બાબતે શારીરિક અને દાંતની તપાસણી ડો. મિલીનસીંધ દ્વારા કરવામાં આવેલ હોવાનું જણાય છે અને ભોગ બનનારની રેડીયોલોજીકલ તપાસ એટલે કે, ઓસિફિકેશન ટેસ્ટ ડો. ધર્મેન્દ્ર પરમારે કરેલ હોવાનું જણાય છે. આ હકીકત હોવા છતાં ડો. મિલીનસીંધ યાદવ દ્વારા ઉપરોક્ત મુજબના તેમના આંક–૩૬ ના પ્રમાણપત્રના અભિપ્રાયમાં ફિઝીકલ, ડેન્ટલ અને રેડીયોલોજીકલ તારણોના આધારે ભોગ બનનારની ઉંમર ૧૫ થી વધુ અને ૧૭ થી ઓછી હોવાનું જણાવેલ છે. સ્વીકૃત રીતે ડો.મિલીનસીંધ યાદવ દ્વારા ભોગ બનનારનો કોઈ ઓસિફિકેશન ટેસ્ટ કરવામાં આવેલો નથી.

(૭૬) આ તબક્કે ડો.મિલીનસીંધ યાદવના મૌખિક પુરાવા દરમ્યાન તેમના આંક–૩૬ ના ભોગ બનનારની ઉંમર બાબતેના અભિપ્રાયને અવિશ્વસનિય બનાવતી

હકીકતો પણ રેકર્ડ ઉપર આવેલ છે. જે આ તબક્કે ધ્યાને લેવી આવશ્યક જણાય છે. ડો. મિલીનસીંધ યાદવે આરોપી પક્ષ તરફેની તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, શ્રી કૃષ્ણ હોસ્પીટલ કરમસદ ખાતે ગાયેનેકોલોજી વિભાગ, રેડીયોલોજી વિભાગ, ડેન્ટલ વિભાગ અને જનરલ મેડીસીન વિભાગ બધા અલગ અલગ વિભાગો છે અને તેઓ ફોરેન્સીક મેડીસીન વિભાગમાં બેસે છે. તેઓએ સ્વીકારેલ છે કે, એક વખત ભોગ બનનારનું એઇજ ડીટરમીનેશન કરવા માટે મેજીસ્ટ્રટના ઓર્ડરની માંગણી કર્યા બાદ ફરી વખત ભોગ બનનારને તેઓની સમક્ષ રજુ કરવામાં આવેલ ત્યારે કોઇ મેજીસ્ટ્રટ ના ઓર્ડર સાથે તેણીને રજુ કરેલ નહી અને મેજીસ્ટ્રટના ઓર્ડર વિના ભોગ બનનારનું એઇજ ડીટરમીનેશન તેઓએ ક્યા કારણે કરેલ તે કારણ તેઓએ આ કામે તેમના રીપોર્ટમાં દર્શાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર ના કોઇ એક્સ–રે તેઓના રૂબરૂ લેવામાં આવેલ હોય તેવુ બનેલ નથી અને આંક–૧૧૪ વાળો રીપોર્ટ તેઓના રૂબરૂ તૈયાર કરવામાં આવ્યો હોય તેવુ બનેલ નથી અને ડેન્ટીસ્ટે આ કામે ભોગ બનનારની ચકાસણી કરી તેવા સમયે તેઓ ત્યાં હાજર ન હતા. તેઓએ સ્વીકારેલ છે કે, શ્રી કૃષ્ણ હોસ્પીટલ, કરમસદ ખાતે ડેન્ટલ વિભાગ છે અને ત્યાં ૨૪ કલાક દાંત રોગના નિષ્ણાંત હાજર હોય છે અને શ્રી કૃષ્ણ હોસ્પીટલ કરમસદ ખાતે કોઇપણ દર્દીને સૌપ્રથમ ઇમરજન્સી વિભાગમાં લઇ જવામાં આવે છે અને ત્યાંથી લાગતા વળગતા વિભાગમાં લઇ જવામાં આવે છે અને ઇમરજન્સી વિભાગમાં ૨૪ કલાક મેડીકલ ઓફીસર હાજર રહેતા હોય છે અને ઇમરજન્સી વિભાગમાં હાજર રહેતા ડોકટરે દર્દીને જે વિભાગમાં મોકલાવેલ હોય તે વિભાગના કાગળો ઉપર થી સર્ટીફિકેટ આપવાનું હોય છે અને આ કામે ભોગ બનનારને ઇમરજન્સી વિભાગમાં લઇ જવામાં આવેલ ન હતા અને આ કામે ભોગ બનનારને કે આરોપીઓને ઇમરજન્સી વિભાગમાં લઇ જવામાં આવ્યા હોય અને ઇમરજન્સી વિભાગે તેઓની તરફ મોકલાવામાં આવેલ હોય તેવા કોઇ દસ્તાવેજી કાગળો તેઓએ આ કામે રજુ કરેલ નથી. તેઓએ જણાવેલ છે કે, ફોરેન્સીક મેડીસીન વિભાગમાં મેડીકોલીગલ કેસો રીફર કરવામાં આવતા હોય છે. તેઓએ સ્વીકારેલ છે કે, કોઇપણ વ્યકિતની ઉંમર નક્કી કરવા માટે ૪ પરીબળો મહત્વના બની રહેતા હોય છે તે પૈકીનું પ્રથમ પરીબળ દાંતનું પરીક્ષણ, બીજુ પરીબળ હાડકાનું પરીક્ષણ, ત્રીજુ જાતીય અંગ ઉપાંગોનો વિકાસ અને ચોથુ પરીબળ બાયોકેમીકલ કેરેકટર એક્ઝામીનેશન છે. તેઓએ સ્વીકારેલ છે કે, દાંતની ચકાસણી માટે ડેન્ટીસ્ટ નિષ્ણાત વ્યકિત છે અને દાંતની ચકાસણી માટે ડેન્ટીસ્ટ પાસે મોકલવાના હોય છે

અને કોઇપણ વ્યક્તિનું સેકસયૂલ કેરેકટર નક્કી કરવાનું હોય અને તે ભોગ બનનાર દર્દી સ્ત્રી હોય તો તેને ગાયનેકોલોજીસ્ટ અને જનરલ ફીઝીશીયન તરફ મોકલવાના હોય છે અને બાયોકેમીકલ કેરેકટર એકઝામિનેશન માટે દર્દીને એન્ડોક્રાયનોલોજીસ્ટ પાસે અને પેથોલોજીસ્ટ પાસે મોકલવાના હોય છે અને ઓસિફિકેશન ટેસ્ટ માટે વ્યક્તિને રેડીયોલોજીસ્ટ પાસે મોકલાવવાના હોય છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ આ કામે ભોગ બનનારને ફકત રેડીયોલોજીસ્ટ પાસે રીફર કરેલા અને તેઓએ આંક–૩૬ માં જે તેઓનો ઓપીનીયન આપેલ છે તેનો આધાર આંક–૧૧૪ થી રજુ રેડીયોલોજીસ્ટના અભિપ્રાયને આધારે આપેલ છે અને તેઓએ આ કામે ભોગ બનનાર ની કોઇ એક્સ–રે ફીલ્મ જોઇ હોય તપાસી હોય તેવુ બનેલ નથી.

(૭૭) આ તબીબી સાહેદ ડો. મિલીનસીંધ યાદવના મૌખિક પુરાવાના આધારે તેમના આંક–૩૬ ના રીપોર્ટના અભિપ્રાય મુજબ ભોગ બનનારની ઉંમર ૧૫ થી વધુ અને ૧૭ થી ઓછી હોવાનું હકીકત માનવા લાયક રહેતી નથી. આ તબીબી સાહેદને તેમની ઉલટ તપાસ દરમ્યાન આરોપી પક્ષ તરફે કે.એસ.નારાયણ રેડ્ડી લીખીત ફોરેન્સીક મેડીસીન એન્ડ ટોક્ષીકોલોજી ની બુકના ૨૮ એડીશન ૨૦૦૯ ના પાના નંબર ૬૨ ઉપર કેલ્ફીકેશન એન્ડ ઇરપશન ઓફ ડેસીપ્યસ ટીથ નું ટેબલ બતાવવામાં આવેલ છે અને તે જોઈ તેઓએ સ્વીકારેલ છે કે, કે.એસ.નારાયણ રેડ્ડી મેડીકલ જયુરીસપ્રુડન્સ માટે એક ખ્યાતિ પ્રાપ્ત લેખક છે અને MBBS અભ્યાસક્રમમાં પણ કે.એસ.નારાયણ રેડ્ડી લેખિત ફોરેન્સીક મેડીસીન એન્ડ ટોક્ષીકોલોજી ની બુક રીફર કરવામાં આવતી હોય છે અને આ બુકના પાના નંબર ૬૨ ઉપર કેલ્ફીકેશન એન્ડ ઇરપશન ઓફ ડેસીપ્યસ ટીથ ના ટેબલમાં થર્ડ મોલર ટીથ ૧૭ થી ૨૫ વર્ષની ઉંમરે જોવા મળે છે તેવો જે અભિપ્રાય આપેલ છે તેની સાથે તેઓ સંપૂર્ણપણે સહમત છે. આ તબીબી સાહેદે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓએ આ કામે ભોગ બનનારના દાંતના પરીક્ષણ દરમ્યાન ૩ થર્ડ મોલર ની જગ્યા ખાલી હોવાનું જોયેલ હતુ અને ભોગ બનનારના શારીરીક ચકાસણી બાદ તેઓ એવુ કહી શકે તેમ છે કે તેણીનો થર્ડ મોલર ઇરુપ્ટ થયેલ હતો. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ આ કામે ભોગ બનનારના જડબાના કોઇ એક્સ–રે લેવડાવેલ નથી અને એક્સ–રે થી વધુ ચોકસાઇ પૂર્વક જાણી શકાય કે થર્ડ મોલરની શું સ્થિતિ હતી. મહત્વની રીતે આ તબીબી સાહેદે સ્વીકારેલ છે કે, ત્રીજા મોલરની સ્થિતિને જોતા ભોગ બનનાર ની ઉંમર ૧૭ થી ૨૫

વર્ષની હોઇ શકે. આમ, આ તબીબી સાહેદ ડો.મિલીનસીંધ યાદવના મૌખિક પુરાવાના આધારે જ તેમના આંક–૩૬ ના અભિપ્રાય મુજબ ભોગ બનનારની ઉંમર ૧૫ વર્ષથી વધુ અને ૧૭ વર્ષથી ઓછી હોવાની હકીકત વિશ્વસનિય જણાતી નથી અને તેમના દ્વારા સ્વીકારાયેલ હકીકત મુજબ ભોગ બનનારની ઉંમર ૧૭ થી ૨૫ વર્ષની હોય શકે.

(૭૮) ડો.મિલીનસીંધ યાદવ દ્વારા તેમના આંક–૩૬ ના પ્રમાણપત્રમાં ભોગ બનનારની શારીરિક તપાસ પણ ઉંમર જાણવા માટે કરવામાં આવેલ હોવાની અને ભોગ બનનારની ઉંમર અંગે અભિપ્રાય આપવા માટે એક પાસા તરીકે શારીરિક તપાસનો પણ આધાર લેવામાં આવેલ હોવાનું જણાય છે. પરંતુ ઉપરોક્ત હકીકતે તેમના દ્વારા સ્વીકારવામાં આવેલ હકીકત મુજબ કોઇપણ વ્યક્તિનું સેકસયૂલ કેરેકટર નક્કી કરવાનું હોય અને તે ભોગ બનનાર દર્દી સ્ત્રી હોય તો તેને ગાયનેકોલોજીસ્ટ અને જનરલ ફીઝીશીયન તરફ મોકલવાના હોય છે અને બાયોકેમીકલ કેરેકટર એકઝામિનેશન માટે દર્દીને એન્ડોક્રાયનોલોજીસ્ટ પાસે મોકલવાના હોય છે. તેમના મૌખિક પુરાવા તેમજ તેમના દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રમાં ભોગ બનનારની શારીરિક તપાસ ગાયનેકોલોજીસ્ટ પાસે કરાવવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત જણાય આવતી નથી. મહત્વની રીતે તેઓએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, સ્ત્રી કે બાળકી ના કિસ્સાઓમાં સેકેન્ડરી સેકસયૂલ કેરેકટર વેલડેવલોપ, અન્ડર ડેવલોપ, અન–ડેવલોપ એમ ત્રણ કેટેગરીમા ડીફાઇન કરી શકાય અને આંક–૩૬ ના સર્ટીફિકેટમાં ભોગ બનનારના સેકેન્ડરી સેક્સયૂલ કેરેકટરને વેલડેવલોપ, અન્ડર ડેવલોપ, અન–ડેવલોપ જેવી કોઇ કેટેગરી ડીફાઇન કરેલ નથી અને આ કામે ભોગ બનનારનું કોઇ બાયોકેમીકલ એકઝામિનેશન કરવામાં આવેલ નથી. આ હકીકત પણ ડો.મિલીનસીંધ યાદવ દ્વારા આપવામાં આવેલ આંક–૩૬ વાળા પ્રમાણપત્રને પુરાવાકીય મુલ્યની રીતે ખુબ જ નબળુ બનાવે છે.

(૭૯) ડો.મિલીનસીંધ યાદવે તેમની ઉલટ તપાસમાં એ હકીકત પણ સ્વીકારેલ છે કે, આંક–૧૧૪ નો રેડીયોલોજીસ્ટ નો રીપોર્ટ હાડકાના ફયુઝન અને નોન–ફયુઝન પોજીશન ઉપર આપવામાં આવેલ છે અને હાડકાની ફયુઝન અવસ્થામાં પ્રોસેસ ટુ ફયુઝન નામની પણ એક અવસ્થા હોય છે અને આંક–૧૧૪ મા પ્રોસેસ ટુ ફયુઝન નામની કોઇ અવસ્થાનો ઉલ્લેખ નથી. આ તબીબી સાહેદને આરોપી પક્ષ તરફેની ઉલટ

તપાસ દરમ્યાન આંક–૧૧૪ માં ઈલીયાક્રેસ્ટ એપીયર્સ બટ નોટ ફ્યુઝ જેવુ નોંધવામાં આવેલ છે તે બાબતે પૂછવામાં આવતા તેઓએ આ ટેકનીકલ ટર્મ છે અને તેઓ તેના નિષ્ણાંત નથી તેવુ જણાવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૧૪ માં આપેલા કોઈ પણ ઓપીનીયન બાબતે તેઓ નિષ્ણાંત નથી અને આંક–૧૧૪ ના રીપોર્ટ માં "However , there are variations due to climatic , dietetic, hereditary, and other factors , which can affect the process of ossification. Therefore correction with other parameters is essential for final age estimation of person" તેવો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

(૮૦) આમ, ખુદ ડો.મિલીનસીંધ યાદવ દ્વારા સ્વીકારવામાં આવેલ હકીકત મુજબ તેઓ રેડીયોલોજીકલ એક્સ–રે ફીલ્મસને ચકાસી ઓસિફિકેશનના ટેસ્ટના આધારે ઉંમર અંગેનો અભિપ્રાય આપવા નિષ્ણાંત નથી તેવી જ રીતે તેઓ દાંતની તપાસના આધારે ઉંમર અંગેનો અભિપ્રાય આપવા માટે પણ નિષ્ણાંત નથી. તેમના દ્વારા સ્વીકારવામાં આવેલ હકીકત મુજબ તેઓએ ભોગ બનનારના એક્સ–રે ફિલ્મસ જોયેલ હોય કે તેવી કોઈ એક્સ–રે ફિલ્મસ તેમની રૂબરૂમાં લેવામાં આવેલ હોય કે આંક–૧૧૪ મુજબનો રેડીયોલોજીકલ રીપોર્ટ તેમની રૂબરૂમાં તૈયાર કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી. જે હકીકત તેમના દ્વારા આંક–૩૬ થી આપવામાં આવેલ ભોગ બનનારની ઉંમર અંગેના અભિપ્રાયને સંદેહાત્મક બનાવે છે.

(૮૧) ફરિયાદ પક્ષે આંક–૧૫૪ થી સાહેદ નં. ૧૨ તરીકે ભોગ બનનારનો ઓસિફિકેશન ઓફ બોન ટેસ્ટ કરનાર ડોક્ટર સાહેદ ડો. ધર્મેન્દ્રકુમાર બેચરભાઈ પરમારને તપાસેલા છે. શું ફરિયાદ પક્ષ આ તબીબી સાહેદના મૌખિક પુરાવા તેમજ તેમના દ્વારા ભોગ બનનારના કરવામાં આવેલ ઓસિફિકેશન ઓફ બોન ટેસ્ટના આધારે ભોગ બનનાર સગીર વયના એટલે કે ૧૮ વર્ષથી ઓછી ઉંમરના રહેલ હોવાની હકીકત પુરવાર કરી શકે છે કે કેમ? તે બાબત ચકાસવી અગત્યની રહેલ છે.

(૮૨) આ તબીબી સાહેદ ડો.ધર્મેન્દ્ર પરમારે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ MD રેડીયોલોજીસ્ટની ડીગ્રી ધરાવે છે અને તેઓ એક્સ–રે,

સોનોગ્રાફી, સીટી સ્કેન જેવી બાબતના નિષ્ણાંત છે અને તેઓ અગાઉ કરમસદ ખાતે પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ અને શ્રી કૃષ્ણ હોસ્પીટલ ખાતે રેડીયોડાયગ્નોસીસ એન્ડ ઇમેજીંગ વિભાગમાં ૧ વર્ષ અને ૨ મહિના દરમ્યાન તેઓની સેવા આપતા હતા ત્યારે તા. ૧૬/૦૯/૨૦૨૩ ના રોજ તેઓ શ્રી કૃષ્ણ હોસ્પીટલના રેડીયોલોજી વિભાગમાં ફરજ બજાવતા હતા ત્યારે ટ્રોમા કેર સેન્ટર તરફ થી ભોગ બનનારના એક્સ–રે એઇજ એસ્ટીમેશન માટે મોકલાવામાં આવેલ અને તેઓએ તેણીના એઇજ એસ્ટીમેશન માટે એક્સ–રે પેલ્વીસ વીથ બોથ હીપ્સ જોઇન્ટસ એપીવ્યુ, એક્સ–રે બોથ Knee જોઇન્ટસ એપી અને લેટરલ વ્યુ, એક્સ–રે બોથ એલ્બો જોઇન્ટસ એપી અને લેટરલ વ્યુ, એક્સ–રે બોથ રીસ્ટ જોઇન્ટસ એપી અને ઓબલીગ વ્યુ ના એક્સ–રે ટેકનીશીયન દ્વારા તેઓને ટ્રોમા સેન્ટર તરફથી મોકલાવવામાં આવેલા. આ ડોક્ટર સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, (A) એક્સ–રે પેલ્વીસ વીથ બોથ હીપ્સ જોઇન્ટસ એપીવ્યુ જોતા (૧) ઓસિફિકેશન સેન્ટર ઓફ ઇલ્ચાક ક્રેસ્ટ એપીયર્સ બટ નોટ ફયૂઝડ (૨) ઓસિફિકેશન સેન્ટર ફોર ઇશ્ચૂયલ ટયૂબેરોસીટી એપીયર બટ નોટ ફયૂઝડ (૩) ઓસિફિકેશન સેન્ટર ફોર હેડ ઓફ બોથ ફીમર એપીયર એન્ડ ફયૂઝડ વીથ ધેર રીસ્પેકટીવ નેક (B) એક્સ–રે બોથ Knee જોઇન્ટસ એપી અને લેટરલ વ્યુ જોતા ઓસિફિકેશન સેન્ટર ઓફ લોઅર એન્ડ ઓફ બોથ ફીમર એન્ડ અપર એન્ડ ઓફ બોથ ટીબીઆ એન્ડ ફયૂબૂલા આર ફયૂઝડ વીથ ધેર સાફટ (C) એક્સ–રે બોથ એલ્બો જોઇન્ટસ એપી અને લેટરલ વ્યુ જોતા (૧) ઓસિફિકેશન સેન્ટર ઓફ અપર હેન્ડ ઓફ બોથ રેડીયસ એન્ડ અલ્ના આર ફયૂઝડ વીથ સાફટ (૨) ઓસિફિકેશન સેન્ટર ઓફ લોઅર એન્ડ ઓફ બોથ હયુમેરસ (ટ્રોકલીઆ) અપીયર્સ એન્ડ ફયૂઝડ વીથ રીસ્પેકટીવ સાફટ (D) એક્સ–રે બોથ રીસ્ટ જોઇન્ટસ એપી અને ઓબલીગ વ્યુ જોતા (૧) ઓલ એઇટ કાર્પલ બોર્નસ હેવ અપીયર્ડ (૨) ધ ઓસિફિકેશન સેન્ટર ઓફ ડીસ્ટલ એન્ડ ઓફ અલના એન્ડ રેડીયસ અપીર્યડ બટ નોટ ફયૂઝડ વીથ ધેર રીસ્પેકટીવ સાફટ (૩) ધ ઓસિફિકેશન સેન્ટર ઓફ હેડ ઓફ ઓલ મેટાકાર્પલ બોર્નસ ઓફ બોથ હેન્ડસ અપીર્યડ એન્ડ ફયૂઝડ વીથ ધેર રીસ્પેકટીવ સાફટ જોવા મળેલુ. ઉપરોકત એક્સ–રે ના પરીણામોને એઇજ ઓસિફિકેશન ચાર્ટ ના આધારે જોઇ તેઓએ ભોગ બનનારની ઉંમર બાબતે નો અભિપ્રાય આપેલો. ઉપરોકત એક્સ–રે ફીલ્મના પરીણામ અને એઈજ ઓસિફિકેશન ચાર્ટના આધારે તેઓએ ભોગ બનનારની ઉંમર બાબતે અભિપ્રાય આપેલ. આ ડોક્ટર સાહેદે ભોગ બનનારની ઉંમર બાબતે અભિપ્રાય

આપેલ છે કે, ઉપરોકત એક્સ–રે ફીલ્મના પરીણામને જોઈ તપાસી ભોગ બનનાર ની આશરે ઉંમર ૧૫ થી ૧૭ વર્ષની હતી તેવો અભિપ્રાય તેઓએ આપેલ. આમ, આ નિષ્ણાંત તબીબી સાહેદ એટલે કે, રેડીયોલોજીસ્ટ દ્વારા ભોગ બનનારના શરીરના વિવિધ ભાગના એક્સ–રે ની ફિલ્મસ જોઈને ભોગ બનનારની આશરે ઉંમર ૧૫ થી ૧૭ વર્ષની હોવાનો અભિપ્રાય આપવામાં આવેલ છે.

(૮૩) આ તબક્કે એ બાબત પણ નજરે તરી આવે છે કે, આ તબીબી સાહેદ એટલે કે, નિષ્ણાંત રેડીયોલોજીસ્ટ દ્વારા ભોગ બનનારના એક્સ–રે ના આધારે ઓસિફિકેશન ટેસ્ટ મુજબ ભોગ બનનારની આશરે ઉંમર ૧૫ થી ૧૭ વર્ષની હોવાનો અભિપ્રાય આપેલ છે. તો ઉપરોક્ત રીતે તબીબી સાહેદ ડો.મિલીનસીંધ દ્વારા ક્યા આધારે ભોગ બનનારની ઉંમર ૧૫ થી વધુ અને ૧૭ થી ઓછી હોવાનો અભિપ્રાય આપેલ છે તે બાબતે કોઈ સ્પષ્ટતા કારક હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. ડો. મિલીનસીંધ યાદવે સ્વીકારેલ હકીકત અનુસાર તેઓ દાંતના નિષ્ણાંત નથી, રેડીયોલોજીના નિષ્ણાંત નથી, ગાયનેક તપાસના નિષ્ણાંત નથી તેથી તે વિષયની કોઈ તપાસ કર્યા વિના તેઓએ આંક–૩૬ નો અભિપ્રાય ભોગ બનનારની ઉંમર બાબતે આપેલ હોવાનું જણાય છે. એવુ પણ માનવાને કારણ રહે છે કે, ઓસિફિકેશન ટેસ્ટ કરનાર ડો. ધર્મેન્દ્ર પરમારના આંક–૧૧૪ વાળા રીપોર્ટના આધારે માત્ર તેના ઉપરથી જ ડો.મિલીનસીંધ યાદવે ભોગ બનનારની ઉંમર ૧૫ થી ૧૭ વર્ષ હોવાનો અભિપ્રાય આપેલ.

(૮૪) ભોગ બનનારનો ઓસિફિકેશન ટેસ્ટ કરનાર આ તબીબી સાહેદ ડો. ધર્મેન્દ્ર પરમાર દ્વારા તેમની ઉલટ તપાસમાં સ્વીકારવામાં આવેલ હકીકતોના આધારે તેમના દ્વારા આપવામાં આવેલ આંક–૧૧૪ વાળા રીપોર્ટને તમામ શંકાઓથી પર નિર્ણાયક પુરાવા તરીકે સ્વીકારી શકાય તેમ નથી. આ તબીબી સાહેદે તેમની સરતપાસમાં પણ સ્પષ્ટ જણાવેલ છે કે, ટ્રોમા કેર સેન્ટર તરફ થી ભોગ બનનારના એક્સ–રે એઈજ એસ્ટીમેશન માટે મોકલાવવામાં આવેલા જે જોઈ તેઓએ ભોગ બનનારની ઉંમરનો અભિપ્રાય આપેલો. આ ડોક્ટર સાહેદે તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, આંક–૧૧૪ થી રજુ રીપોર્ટ તેઓએ એક્સ–રે ફીલ્મસના આધારે તેઓએ તૈયાર કરેલ. આમ, આ તબીબી સાહેદ દ્વારા તેમની જાતે ભોગ બનનારના કોઈ એક્સ–રે

લેવામાં આવેલ હોય કે ભોગ બનનારને પ્રત્યક્ષ રીતે જોઈ તપાસી ઓસિફિકેશન ટેસ્ટ કરેલ હોય તેવી હકીકત સ્થાપિત થતી નથી._

(૮૫) આ તબીબી સાહેદ ડો. ધર્મેન્દ્ર પરમારના મૌખિક પુરાવાના મુલ્યાંકનના આધારે જણાય છે કે, તેઓએ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આ ૬ એક્સ–રે ફીલ્મસ કયા એક્સ–રે ટેકનીશીયને શું પ્રક્રિયા કરીને ક્યા સંજોગોમાં લીધેલ તે વિશે તેઓને અંગત જ્ઞાન નથી અને તેઓએ તેમના આંક–૧૧૪ વાળા સર્ટીફિકેટમાં જે ઉંમર દર્શાવેલ છે તે ભોગ બનનારની ચોકકસ ઉંમર દર્શાવેલ નથી અને આંક–૧૧૪ વાળા સર્ટીફિકેટમાં તેઓએ એવી હકીકત દર્શાવેલ છે કે, "However, there are variations due to climatic, dietetic, hereditary, and other factors, which can affect the process of ossification. Therefore correction with other parameters is essential for final age estimation of person". તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ આ કામે ભોગ બનનાર ક્યા કલાયમેટમાં ઉછરેલ છે, તેઓની ખોરાક ની હેબીટસ, વારસાગત લક્ષણો જેવા બીજા પરિબળો બાબતે તેઓએ ભોગ બનનારને મળી વાતચીત કરી વિગત મેળવી હોય તેવુ બનેલ નથી અને ભોગ બનનારના ક્યા કલાયમેટમાં ઉછરેલ છે, તેઓની ખોરાકની હેબીટસ, વારસાગત લક્ષણોની વિગતો તેઓને અન્ય કોઈ માધ્યમ તરફથી પુરી પાડવામાં આવેલ હોય તેવુ બનેલ નથી અને જો તેઓની પાસે ભોગ બનનાર ક્યા કલાયમેટમાં ઉછરેલ છે, તેઓની ખોરાકની હેબીટસ, વારસાગત લક્ષણો જેવી વિગતો તેઓને પ્રાપ્ત થઇ હોત તો તેની અસર તેઓના અભિપ્રાય ઉપર પણ આવી શકી હોત. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર ક્યા કલાયમેટંમા ઉછરેલ છે, તેઓની ખોરાકની હેબીટસ, વારસાગત લક્ષણોની વિગતોની અસર તેઓને દર્શાવેલ ઉંમરના અભિપ્રાયમાં અંદરની મર્યાદા અને ઉપરની મર્યાદામાં તફાવત લાવી શકે.

(૮૬) ડો. ધર્મેન્દ્ર પરમારે તેમની ઉલટ તપાસમાં એ હકીકતો પણ સ્વીકારેલ છે કે, તેઓએ રજુ કરેલ એક્સ–રે ફીલ્મસમાં એમ.એલ.સી. કેસ નંબર નોંધવામાં આવેલ નથી અને આ ૬ એક્સ–રે ફીલ્મસ કોના દ્વારા લેવામાં આવી તે તેઓ કહી શકે તેમ નથી તથા આ ફીલ્મ સ્પષ્ટ ન હોય તો તેના આધારે આપવામાં આવતો અભિપ્રાય પણ સ્પષ્ટ હોતો નથી અને તેઓએ ભોગ બનનારને મળી તેના જાતે એક્સ–રે લીધા

હોય કે તેઓની નજર હેઠળ લેવડાવ્યા હોય તેવુ બનેલ નથી અને રેડીયોલોજીસ્ટ તરીકે તેઓનું કામ એક્સ–રે લેવડાવવાનું અને અભિપ્રાય આપવાનું છે. તેઓએ સ્વીકારેલ છે કે, આ કામે એક્સ–રે ભોગ બનનારના છે તેવુ દર્શાવવા એક્સ–રે ફીલ્મસમાં નામ અને નંબર લખેલ છે તે સિવાય તેઓની પાસે કોઇ આધાર નથી. આમ, આ તબીબી સાહેદના મૌખિક પુરાવાના આધારે તેમના દ્વારા આંક–૧૧૪ નો ઓસિફિકેશન ટેસ્ટનો રીપોર્ટ જે એક્સ–રે ફિલ્મસના આધાર ઉપર આપવામાં આવેલ છે તે એક્સ–રે ફિલ્મસ કોના દ્વારા લેવામાં આવેલ? ક્યા ટેકનીશિયન દ્વારા તૈયાર કરવામાં આવેલ તે બાબતે તેમને કોઈ જ્ઞાન કે જાણકારી રહેલ નથી. મહત્વની રીતે તેમના ઓસિફિકેશન ટેસ્ટનો આધાર બનેલ ૬ એક્સ–રે ફિલ્મસ આ કામના ભોગ બનનારની જ રહેલ હોવા બાબતે પણ તેઓ સ્પષ્ટ અને ચોક્કસ જાણતા નથી. જે ૬ એક્સ–રે ફિલ્મસના આધારે તેઓએ આંક–૧૧૪ નો રીપોર્ટ તૈયાર કરેલ તે ૬ એક્સ–રે ફિલ્મસ ઉપર ભોગ બનનારનું નામ અને નંબર લખેલ માત્ર તેના આધારે જ તે એક્સ–રે ફિલ્મસ ભોગ બનનારની હોવાનું માની એક્સ–રે ફિલ્મસ તેના દ્વારા કે તેમની દેખરેખ હેઠળ લેવામાં આવેલ ન હોવા છતાં યાંત્રિકતા પુર્વક આંક–૧૧૪ નો રીપોર્ટ તૈયાર કરેલ હોવાનું જણાય છે.

(૮૭) આ તબીબી સાહેદ ડો. ધર્મેન્દ્ર પરમારના મૌખિક પુરાવાના આધારે સ્પષ્ટ દેખીતી ભુલ જણાય આવે છે કે, તેઓને ટ્રોમા કેર તરફથી ક્યારે એક્સ–રે ફિલ્મસ મળેલ અને તેઓએ ક્યારે તેનો અભ્યાસ કરી તેના આધારે ક્યારે રીપોર્ટ તૈયાર કરી ફોરેન્સીક મેડીસીન વિભાગને મોકલેલો તે બાબત શંકા જન્માવનારી રહેલ છે. ડો. ધર્મેન્દ્ર પરમારે તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, આ કામે એક્સ–રે ફીલ્મસ તેઓને તા. ૧૬/૦૯/૨૦૨૩ ના રોજ કેટલા વાગે મળેલા તે સમય તેઓ જણાવી શકે તેમ નથી. તેઓએ સ્વેચ્છાએ એવુ જણાવેલ છે કે, તે સવારે ૯ થી ૫ વાગ્યા દરમ્યાન મળેલ હશે. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૧૪ ના રીપોર્ટમાં તેઓએ રીપોર્ટ આપ્યાનો સમય દર્શાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ આ કામે આંક–૧૧૪ વાળો અભિપ્રાય ૧૬/૦૯/૨૦૨૩ ના રોજ તેઓની નોકરીનો સમય પૂરો થતા પહેલા સાંજે ૫–૬ વાગ્યા પહેલા આપેલો.

(૮૮) આ હકીકતોના પરીપેક્ષ્યમાં આરોપી નં. ૦૬ અને ૦૭ તરફે વિદ્વાન

વકિલશ્રી દ્વારા તેમની રજુઆતોમાં જણાવવામાં આવેલ છે કે, આંક–૧૫૫ થી ૧૬૦ વાળી એકસ–રે ફિલ્મસમાં દર્શાવેલ સમય રાત્રીના ૦૮:૪૭ પી.એમ. થી ૦૮:૫૮ પી.એમ. સુધીનો રહેલો છે એટલે કે એકસ–રે ફિલ્મ્સનો સમય આ ડોકટરની નોકરીનો સમય પુરો થયા બાદનો રહેલો છે અને આ ડોકટરે સ્વીકારેલ છે કે, તેઓએ તા. ૧૬/૦૯/૨૦૨૩ ના રોજ તેમની નોકરીનો સમય પુરો થતાં પહેલા આંક–૧૧૪ વાળો અભિપ્રાય આપેલ, આ સંજોગોમાં આ તબીબી સાહેદ ડો. ધર્મેન્દ્ર પરમારે આંક–૧૧૪ મુજબનો ભોગ બનનારની ઉંમર આશરે ૧૫ થી ૧૭ વર્ષની હોવાનો જે અભિપ્રાય આપેલ છે તે ખોટો હોવાનું સાબિત થાય છે.

(૮૯) આરોપી પક્ષ તરફે ની ઉપરોક્ત રજુઆત અન્વયે ઉપરોક્ત મુજબના ફરિયાદ પક્ષના સાહેદ ડો. ધર્મેન્દ્ર પરમારના આંક–૧૫૪ ના મૌખિક પુરાવાના મુલ્યાંકન તેમજ આંક–૧૫૫ થી ૧૬૦ વાળી એક્સ–રે ફિલ્મસના નિરીક્ષણ અને આંક–૧૧૪ વાળા રીપોર્ટના વિશ્લેષણ આધારે એ હકીકત સ્પષ્ટ થાય છે કે, આ તબીબી સાહેદ ડો.ધર્મેન્દ્ર પરમારે આંક–૧૫૫ થી ૧૬૦ વાળી એક્સ–રે ફિલ્મસ તેમની જાતે કે તેમની દેખરેખ હેઠળ લેવડાવેલ નથી તેમજ આ એક્સ–રે ફિલ્મસ તેમને ક્યારે મળી તેની ખબર નથી અને તેમના કથન અનુસાર તેમનો નોકરીનો સમય સવારે ૦૯ વાગ્યાથી સાંજે ૦૫ વાગ્યા સુધીનો રહેલો અને તેમની નોકરીનો સમય પુરો થતા પહેલા જ તેઓએ આંક–૧૫૫ થી ૧૬૦ વાળી એક્સ–રે ફિલ્મસના આધારે આંક–૧૧૪ વાળો ઓસિફિકેશન ટેસ્ટનો તેમનો અભિપ્રાય આપેલો. જ્યારે કે આંક–૧૫૫ થી ૧૬૦ વાળી એકસ–રે ફિલ્મસમાં દર્શાવેલ સમય રાત્રીના ૦૮:૪૭ પી.એમ. થી ૦૮:૫૮ પી.એમ. સુધીનો રહેલો છે, જે સ્પષ્ટ રીતે આ તબીબી સાહેદના કથન મુજબના તેમની નોકરીના સમય બાદનો રહેલો છે. આ સંજોગોમાં આરોપી પક્ષ આંક–૧૧૪ મુજબનો ભોગ બનનારની ઉંમર આશરે ૧૫ થી ૧૭ વર્ષની હોવાનો જે અભિપ્રાય આ તબીબી સાહેદ ડો. ધર્મેન્દ્ર પરમાર દ્વારા આપવામાં આવેલ છે તે પરત્વે ફરિયાદ પક્ષના કેસને પાયામાં મહત્વની રીતે વિપરીત અસર કરનારી શંકા દર્શાવવામાં સફળ રહેલ છે.

(૯૦) ડો.ધર્મેન્દ્ર પરમારના મૌખિક પુરાવાના વિશ્લેષણ સમયે જણાય છે કે, તેઓએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, બોન્સના ફયૂઝનના સ્ટેજમાં પ્રથમ

સ્ટેજ અનફયૂઝડ, બીજુ સ્ટેજ પ્રોસેસ ટૂ ફયૂઝ, ત્રીજુ સ્ટેજ ફયૂઝડનું હોય છે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, આ કામે આંક–૧૧૪ વાળા રીપોર્ટમાં પ્રોસેસ ટૂ ફયૂઝડનું સ્ટેજ જોવા મળેલ નહી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, એપીયર બટનોટ ફયૂઝડનું જે સ્ટેજ નોધેલ છે તે પ્રોસેસ ટૂ ફયૂઝડનું જ સ્ટેજ છે. તેઓએ જણાવેલ છે કે, તેઓ એવા સૂચન સાથે સહમત થાય છે કે, કોઈપણ વ્યક્તિની ઉંમર આપવા અંગેનો વધુ સારો અભિપ્રાય આપવા માટે તે વ્યક્તિના ઓસિફિકેશન ઓફ બોનનું પરીણામ તેમજ તે વ્યક્તિની દાંતની રચનાનું પરીક્ષણનો રીપોર્ટ તેમજ સેકેન્ડરી સેકસયૂલ કેરેકટરનું ડેવલોપમેન્ટ અને એન્ડોક્રાયનનો રીપોર્ટ તમામ ને જોઈને ઉંમર બાબતે વધુ સારો અભિપ્રાય આપી શકાય. જ્યારે કે અન્ય તબીબી સાહેદ ડો.મિલીનસીંધ યાદવે જણાવેલ છે કે, એ વાતની તેઓને ખબર નથી કે કોઈપણ વ્યક્તિની ઉંમર નક્કી કરવા માટે તે વ્યક્તિની દાંતની સ્થિતિ, તેના સેકેન્ડરી સેક્સયૂલ કેરેકટરનો વિકાસ, બાયોકેમીકલ એકઝામિનેશન અને ઓસિફિકેશન ઓફ બોન આ ચારે ચાર બાબતો મહત્વની બનતી હોય છે કે કેમ? આમ, ફરિયાદ પક્ષના કેસ મુજબના ભોગ બનનારની ઉંમર અંગે તબીબી તપાસ અને તબીબી ટેસ્ટ કરનાર તબીબી સાહેદોના પુરાવાઓ ભોગ બનનારની ઉંમર બાબતેના તેમના અભિપ્રાયને અસ્વીકાર્ય બનાવે છે.

(૯૧) ડો.ધર્મેન્દ્ર પરમારે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ઓસિફિકેશન ઓફ બોનના આધારે આપેલ ઉંમરનો અભિપ્રાય એ કન્કલુઝીવ પરીણામ નથી અને તેઓએ તેમના રીપોર્ટમાં અંતે તેઓએ આપેલ અભિપ્રાય ઉપર કઇ કઇ બાબતોનો આધાર રહી શકે તેની સ્પષ્ટતા કરેલી છે. ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલા ભોગ બનનારની ઉંમરની તપાસ કરનાર અન્ય તબીબી સાહેદ ડો.મિલીનસીંધ યાદવે તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓ કે.એસ.નારાયણ રેડ્ડી લિખિત ફોરેન્સીક મેડીસીન એન્ડ ટોક્ષીકોલોજી ની બુકના પાના નં. ૭૨ ઉપર ESTIMATION OF AGE AS A WHOLE ના હેડીંગ નીચે "for the approximate estimation of age, the following paragraphs should be correlated with what has already been described. DOCTORS ESTIMATE ABOUT AGE IS NOT PROOF BUT MERELY AN OPINION" તેવુ જે તારણ આપેલ છે તેની સાથે તેઓ સંપૂર્ણપણે સહમત છે. ડો. યાદવે સ્વીકારેલ છે કે, કોઇ વ્યક્તિની ઉંમર નક્કી કરવા માટે ફકત ઓસિફિકેશન ઓફ બોન જ તત્વ અગત્યનું નથી.

(૯૨) આમ, ઉપરોક્ત મુજબના તબીબી સાહેદોના મૌખિક પુરાવાઓ તથા આંક–૩૬ અને આંક–૧૧૪ થી રજુ થયેલ ભોગ બનનારની ઉંમર બાબતના તબીબી તપાસ અને ઓસિફિકેશન ટેસ્ટના અભિપ્રાયને આધીન ઉપરોક્ત મુજબની ચર્ચા અનુસાર ખુદ તબીબી સાહેદોના મૌખિક પુરાવાઓના આધારે તેમના દ્વારા ભોગ બનનારની વય નિર્ધારણ કરવાની પધ્ધતિ અને કરવામાં આવેલ તપાસ અને ટેસ્ટ પરત્વે શંકાનું નિર્માણ થયેલ છે અને તેથી આંક–૩૬ અને આંક–૧૧૪ ના ભોગ બનનારની ઉંમર બાબતના પ્રમાણપત્ર અને અભિપ્રાય અનુસાર ભોગ બનનારની ઉંમર ૧૫ વર્ષથી વધુ અને ૧૭ વર્ષથી ઓછી હોવાની હકીકત સંદેહાત્મક રહેલી છે.

(૯૩) ઉપરોક્ત હકીકતે આ બન્ને તબીબી સાહેદો દ્વારા એ બાબતને પૃષ્ટી આપવામાં આવેલ છે કે, ઓસિફિકેશન ઓફ બોન ટેસ્ટના આધારે આપેલ ઉંમરનો અભિપ્રાય એ નિર્ણાયક પરીણામ કે પુરાવો નથી અને તે માત્ર એક અભિપ્રાય રહેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલત અને વિવિધ નામદાર ઉચ્ચ અદાલત દ્વારા પ્રતિપાદીત કરવામાં આવેલા સિધ્ધાંતો અનુસાર ઓસિફિકેશન પરીક્ષણ માત્ર ઉંમરની અંદાજીત આકારણી દર્શાવે છે અને કોઈ ચોક્કસ ઉંમર દર્શાવતો નથી. ઓસિફિકેશન પરીક્ષણ એ કોઈ ચોકસાઈ દર્શક પુરાવો નથી પણ વયની શ્રેણી પુરી પાડતો તબીબી અભિપ્રાય માત્ર રહેલ છે. ઓસિફિકેશન પરીક્ષણના અહેવાલને નિર્ણાયક પુરાવા તરીકે લઈ શકાય નહી અને તેને અન્ય વિશ્વસનિય પુરાવાઓની સાથે પુરાવાના મુલ્યાંકન સમયે વંચાણે લઈ શકાય.

(૯૪) નામદાર દિલ્હી હાઈકોર્ટની નામદાર ખંડપીઠ દ્વારા **COURT ON ITS OWN MOTION Vs. STATE OF NCT OF DELHI - 2024 SCC OnLine Del 4484** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં ઓસિફેક્શન પરીક્ષણનું ભોગ બનનારની વય નિર્ધારણ કરવા માટે કેટલુ પુરાવાકીય મુલ્ય રહેલ છે તે બાબતે સિદ્ધાંત પ્રસ્થાપિત કરી ઠરાવવામાં આવેલ છે કેઃ

> "43. In Karan v. State of Madhya Pradesh11, it has been observed by Full Bench of Supreme Court that ossification test gives only a broad assessment of the age and it cannot give an exact age. It also observed that there is also an element of margin of plus or minus one to two years.

44. The ossification test determines age based on the "degree of fusion of bone" by taking the x-ray of a few bones. It evaluates the process of the bone formation based on fusion of joints between birth and generally upto the age of 25-30 years. Bone age is an indicator of the skeletal and biological maturity of an individual which assists in the determination of age. The most common method used for calculation of the bone age is radiography of the hand and wrist until the age of 18 years as the elongation of the bone is complete after adolescence. Beyond that, the medial age of clavicle is used for bone age calculation till the age of 22 years. Of course, age determination using ossification test does not yield accurate and precise conclusions, particularly after the examinee crosses the age of 30 years. In Mukarrab (supra), Hon‟ble Supreme Court has observed as under:-

> "26. Having regard to the circumstances of this case, a blind and mechanical view regarding the age of a person cannot be adopted solely on the basis of the medical opinion by the radiological examination. At p. 31 of Modi's Textbook of Medical Jurisprudence and Toxicology, 20th Edn., it has been stated as follows:
>
> "In ascertaining the age of young persons radiograms of any of the main joints of the upper or the lower extremity of both sides of the body should be taken, an opinion should be given according to the following Table, but it must be remembered that too much reliance should not be placed on this Table as it merely indicates an average and is likely to vary in individual cases even of the same province owing to the eccentricities of development."

Courts have taken judicial notice of this fact and have always held that the evidence afforded by radiological examination is no doubt a useful guiding factor for determining the age of a person but the evidence is not of

a conclusive and incontrovertible nature and it is subject to a margin of error. Medical evidence as to the age of a person though a very useful guiding factor is not conclusive and has to be considered along with other circumstances."

(૯૫) ઉપરોક્ત મુજબના પ્રસ્થાપિત સિદ્ધાંત અનુસાર ઓસિફિકેશન પરીક્ષણ અથવા રેડિયોલોજીકલ પરીક્ષણના આધારે આપવામાં આવતા તબીબી અભિપ્રાય સ્વરૂપના પુરાવા નિઃશંકપણે વ્યક્તિની ઉંમર નક્કી કરવા માટે ઉપયોગી માર્ગદર્શક પરિબળ છે પરંતુ આવા અભિપ્રાય સ્વરૂપના તબીબી પુરાવા નિર્ણાયક અને નિર્વિવાદ પ્રકૃતિના રહેલા નથી અને તેમાં ભુલનો અવકાશ હોઈ શકે અને ભુલના માર્જીનના સિદ્ધાંત અનુસાર વ્યક્તિની ઉંમર અંગેના તબીબી પુરાવા ખૂબ જ ઉપયોગી માર્ગદર્શક પરિબળ હોવા છતાં નિર્ણાયક નથી અને અન્ય સંજોગો સાથે તેનો વિચાર કરવો જોઈએ.

(૯૬) ઉપરોક્ત મુજબની ચર્ચા અનુસાર જ્યારે કાયદામાં જોગવાઈ કર્યા મુજબના ભોગ બનનારની ઉંમર અંગેના કે જન્મ તારીખ અંગેના ચોક્કસ દસ્તાવેજી પુરાવાઓ પ્રાપ્ય ન હોય ત્યારે તેની ગેરહાજરીમાં સગીર બાળક સાથે સંકળાયેલા જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ હેઠળના કેસના કામે ભોગ બનનારની વય નિર્ધારીત કરવી ખુબ જ આવશ્યક હોય ત્યારે રેડીયોલોજીકલ તપાસ કે ઓસિફિકેશન પરીક્ષણ અથવા અન્ય આધુનિક તબીબી તપાસના આધારે ભોગ બનનારની વયનું નિર્ધારણ કરવાનું રહે છે. ચોક્કસપણે કાયદાના સ્થાપિત સિદ્ધાંતો અનુસાર રેડીયોલોજીકલ ઓસિફિકેશન પરીક્ષણ કે અન્ય તબીબી પરીક્ષણો સંપુર્ણરીતે સુરક્ષિત અને આધારભુત માની શકાય નહી અને આ પરીક્ષણોના અભિપ્રાય વ્યક્તિની ઉંમરની અંદાજીત આકારણી દર્શાવે છે અને માત્ર વયની શ્રેણી દર્શાવે છે. આ સંજોગોમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવ્યા અનુસાર ઓસિફિકેશન પરીક્ષણના અભિપ્રાયના આધારે વય નિર્ધારીત કરતા સમયે માર્જીન ઓફ એરરનો સિદ્ધાંત લાગુ પડે છે. તબીબી પરીક્ષણ કે અભિપ્રાયના આધારે વય નિર્ધારણ કરવાની બાબતમાં આ માર્જીક ઓફ એરરનો સિદ્ધાંત સ્વીકૃત રીતે લાગુ પાડવામાં આવે છે. આ સ્વીકૃત માર્જીન ઓફ એરરનો સિદ્ધાંત વ્યક્તિના હાડકાના એક્સ–રે ના આધારે કરવામાં આવેલ

ઓસિફિકેશન પરીક્ષણના અહેવાલના આધારે વય નિર્ધારણ કરવાની પધ્ધતિમાં રહેલી અનિશ્ચિતતા દર્શાવે છે. કાયદાના સ્થાપિત સિદ્ધાંતો અનુસાર આ ઓસિફિકેશન પરીક્ષણ કે અન્ય તબીબી પરીક્ષણો વ્યક્તિની ઉંમર નક્કી કરવા માટે નિર્ણાયક નથી અને તે માત્ર ઉંમરની અંદાજીત શ્રેણી દર્શાવે છે અને કોઈ ચોકસાઈ દર્શાવતા નથી અને તેથી નામદાર સર્વોચ્ચ અદાલત અને વિવિધ નામદાર ઉચ્ચ અદાલત દ્વારા આ માર્જીન ઓફ એરરનો સિદ્ધાંત લાગુ પાડવામાં આવેલ છે.

(૯૭) નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **RAJAK MOHAMMAD Vs. THE STATE OF HIMACHAL PRADESH - 2018 SCC OnLine SC 1222** ના ચુકાદામાં રેડીયોલોજીકલ તપાસના આધારે ઉંમર નક્કી કરવાની બાબતમાં માર્જીન ઓફ એરરનો સિદ્ધાંત ધ્યાને લઈ બન્ને બાજુ ભુલનો ગાળો છોડવા બાબતે ઠરાવવામાં આવેલ છે અને આ દરમ્યાન જે કોઈ શંકા ઉપજે તેનો લાભ આરોપીને મળવા પાત્ર થાય છે તેવુ ઠરાવવામાં આવેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવેલ છે કેઃ

> "4. In view of the above, the focal point for decision would be the age of the prosecutrix in order to determine as to whether she was a major so as to give her consent."
>
> "7. Nothing hinges on the document exhibited by the prosecution as Ext. PW 5/B as that is the consequential certificate issued on the basis of the entries in Ext. PW 5/A. The mother of the prosecutrix who had allegedly signed Ext. PW 5/A has not been examined by the prosecution.
>
> 8. On the other hand, we have on record the evidence of Dr Neelam Gupta (PW 8), a Radiologist working in the Civil Hospital, Nalagarh who had given an opinion that the age of the prosecutrix was between 17 to 18 years.
>
> **9. While it is correct that the age determined on the basis of a radiological examination may not be an accurate determination and sufficient margin either way has to be allowed, yet the totality of the facts stated above read with the report of the radiological examination leaves room for ample doubt with regard to the correct age of the prosecutrix. The benefit of the aforesaid doubt, naturally, must go in favour of the accused.**
>
> 10. We will, therefore, have to hold that in the present case the prosecution has not succeeded in proving that the prosecutrix

> was a minor on the date of the alleged occurrence. If that is so, based on the evidence on record, already referred to, we will further have to hold that the possibility of the prosecutrix being a consenting party cannot be altogether ruled out."

(૯૮) નામદાર દિલ્હી હાઈકોર્ટ દ્વારા **Sweta Gulati Vs. State of NCT of Delhi AIR OnLine 2018 DEL 1385** ના ચુકાદામાં જાતિય ગુન્હાના ભોગ બનનાર બાળાની ઉંમર અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર ન હોય ત્યારે ઓસિફિકેશન પરીક્ષણના અહેવાલના આધારે ભોગ બનનારની વય નિર્ધારીત કરવાની હોય ત્યારે બન્ને બાજુ ભુલનો ગાળો રાખી જે કોઈ શંકા રહે તો તેનો લાભ આરોપીને મળવા પાત્ર થાય તેવુ નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવેલ છે કેઃ

> 12. In the facts of the present case none of the documents mentioned in Rule 12(3)(a) are available so there is no question of preferring an ossification test report over the said documents. It may be noticed that Section 94 of the J.J.Act, 2015 is in similar terms to Rule 12 of the 2007 Rules.
>
> 13. The question that arises for consideration is as to whether, while determining the age of the victim, the benefit of doubt in age estimated by the bone ossification test is to go to the accused or the victim.
>
> 14. The settled principle is that the ossification test is not conclusive of age determination. It is settled that it is difficult to determine the exact age of the person concerned on the basis of ossification test or other tests. The Supreme Court, in several decisions, has taken judicial notice of the fact that the margin of error in age ascertained by radiological examination is two years on either side."
>
> "16. It is also settled position of law that benefit of doubt, other things being equal, at all stages goes in favour of the accused."

(૯૯) નામદાર દિલ્હી હાઈકોર્ટની નામદાર ખંડપીઠ સમક્ષ જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ હેઠળના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરનાર ખાસ અદાલત દ્વારા જાતિય ગુન્હાઓ સામે રક્ષણ આપતા અધિનિયમની કાર્યવાહીના કામે જ્યારે ભોગ બનનારની ઉંમર તબીબી પરીક્ષણના અભિપ્રાયના

આધારે નિર્ધારીત કરવાની થાય ત્યારે તબીબી પરીક્ષણના અહેવાલમાં જણાવેલ ઉપરની બાજુ કે નીચેની બાજુ ધ્યાને લેવા પાત્ર છે અને માર્જીન ઓફ એરરની સિદ્ધાંત જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિમયના ગુન્હાના કામે લાગુ પડે કે નહી તે બાબતે રેફરન્સ કરવામાં આવેલ અને નામદાર દિલ્હી હાઈકોર્ટની નામદાર ખંડપીઠ દ્વારા નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલા સિદ્ધાંતો તથા આ બાબતે રહેલી કાયદાની પરિસ્થિતિઓના આધારે આ રેફરન્સ **COURT ON ITS OWN MOTION Vs. STATE OF NCT OF DELHI - 2024 SCC OnLine Del 4484** ના ચુકાદાથી નિર્ણીત કરી આ વિષયે કાયદાની સ્થિતિ સ્પષ્ટ કરી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છેઃ

> "1.. A Reference under Section 395(2) of the Code of Criminal Procedure, 1973 (in short "Cr.P.C.") has been received from the court of learned Additional Sessions Judge (SC-POCSO), South District, Saket Courts, New Delhi seeking decision on the following questions of law:-
>
> > **"(i) Whether in POCSO cases, the Court is required to consider the lower side of the age estimation report, or the upper side of the age estimation report of a victim in cases where the age of the victim is proved through bone age ossification test?**
> >
> > **(ii) Whether the principle of "margin of error" is to be applicable or not in cases under the POCSO Act where the age of a victim is to be proved through bone age ossification test."**
>
> "21. In absence of said documents, when the Court orders for ossification test, such test though gives us the estimation of age but it does not provide us with precise and definite age. It rather gives us a reference range, which, generally, is found to be of two years.
>
> 22. In the case in hand also, such estimation age is given as 16-18 years by the concerned Medical Board. The issue is whether age of the victim should be taken on the lower side or on the upper side of such range. What ought to be the approach of the Court - whether to consider the age of the child victim as 16 years or as 18 years? And secondly and more importantly, whether any further "margin of

error" is also to be applied on either side, thereby making the age range, in context of present situation, from "16 to 18 years" to "14 to 20 years."

> "38. In the case of State v. Basir Ahmad6, a Coordinate Bench of this Court presided over by one of us, (Suresh Kumar Kait, J.) was faced with the similar issue. The accused, who was facing trial for committing sexual assault, was acquitted by learned Trial Court observing that the age of the prosecutrix was shown to be between 17 to 19 years and, therefore, there was no conclusive evidence of her being a minor at the time of alleged offence. Consequently, the benefit was extended to the accused who was acquitted. Such order was assailed before this Court and the appeal was dismissed. This Court not only upheld the factum of consideration of the age on the upper side of ossification report while assessing the age of the prosecutrix but also approved the principle of giving further margin of two years to such upper estimated age. The pertinent excerpt from the aforementioned judgement is as under:
>
> > "12. The question which thus arises is whether the lower or the upper age recommended in the ossification test should be adopted to be the age of the prosecutrix. If benefit of doubt has to be given to the accused under all circumstances, then, it is the higher limit which has to be taken and benefit extended as has been held in the cases of Triveniben Vs. State of Gujarat (1989) 1 SCC 678 and Maru Ram Vs. Union of India (1981) 1 SCC 107. So being the case, we may consider the range of age of the prosecutrix as given in the ossification test to be 17 to 19 years. Applying the margin of error principle of two years on either side, the age of the prosecutrix could be anything between 15 to 21 years. Even if the margin of error is not on the higher side, the upper limit of the age has been estimated by the ossification test as 19

> years. Giving the benefit, the age of the prosecutrix has to be held as 19 years. Similar conclusion was taken by the Court in the case of Shweta Gulati Vs. State of NCT of Delhi 2018 SCC OnLine Del 10448. We thus find that learned ASJ has rightly held the prosecutrix to be major at the time of incident. We find no infirmity in the findings in respect of the age of the prosecutrix."

"40. Thus, the Hon‟ble Supreme Court in Rajak Mohammad (supra), held that the age established by a radiological examination might not be precise and, therefore, sufficient margin of error must be allowed. It also considered the upper estimated age observing that the accused must get the benefit of doubt."

"46. As an upshot of our foregoing discussion, the Reference is answered as under: -

> **(i) Whether in POCSO cases, the Court is required to consider the lower side of the age estimation report, or the upper side of the age estimation report of a victim in cases where the age of the victim is proved through bone age ossification test?**
>
> **Ans: In such cases of sexual assault, wherever, the court is called upon to determine the age of victim based on "bone age ossification report", the upper age given in "reference range" be considered as age of the victim.**
>
> **(ii) Whether the principle of "margin of error‟ is to be applicable or not in cases under the POCSO Act where the age of a victim is to be proved through bone age ossification test.**
>
> **Ans: Yes. The margin of error of two years is further required to be applied."**

(૧૦૦) ઉપરોક્ત રીતે નામદાર દિલ્હી હાઈકોર્ટની નામદાર ખંડપીઠ દ્વારા સિદ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, જ્યારે જાતીય ગુન્હાના કેસમાં ભોગ બનનારની ઉંમર ઓસિફિકેશન પરીક્ષણ અહેવાલના આધારે નક્કી કરવાની બાબત રહેલી હોય ત્યારે

પરીક્ષણ અહેવાલમાં ભોગ બનનારની ઉંમરની અંદાજીત આકારણીની શ્રેણીમાં જે ઉપરની સપાટીની ઉંમર દર્શાવેલ હોય તેને ભોગ બનનારની ઉંમર તરીકે ગણવામાં આવે છે અને આવા જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ હેઠળના ગુન્હાના કામે પણ ભોગ બનનારની ઉંમર ઓસિફિકેશન પરીક્ષણના અહેવાલના આધારે નિર્ણીત કરવાની થાય ત્યારે માર્જીન ઓફ એરરનો સિદ્ધાંત લાગુ પડે છે અને આવી બે વર્ષની ભુલની મર્યાદા લાગુ પડે છે.

(૧૦૧) આરોપી નં. ૦૫ અને ૦૮ ના વિદ્વાન વકિલશ્રી સી.કે.પટેલ દ્વારા નામદાર દિલ્હી હાઈકોર્ટના **Raju Vs. State (GNCT of Delhi) ક્રિમીનલ અપીલ નં. ૧૦૨/૨૦૨૧** ના કેસના તા. ૦૮/૧૦/૨૦૨૫ ના રોજના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલ છે. નામદાર દિલ્હી હાઈકોર્ટની નામદાર ખંડપીઠ દ્વારા આ રજુ થયેલ ચુકાદામાં પણ ઉપરોક્ત મુજબના નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ નામદાર દિલ્હી ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ હેઠળના ગુન્હાના કામે ઓસિફિકેશન પરીક્ષણના અહેવાલના આધારે ભોગ બનનારની વય નિર્ધારીત કરવાની હોય ત્યારે બન્ને બાજુ ભુલની મર્યાદાના સિદ્ધાંત અનુસાર બે વર્ષનો બન્ને બાજુનો ગાળો રાખી અહેવાલમાં ભોગ બનનારની ઉંમરની શ્રેણીમાં જે ઉપલી ઉંમર દર્શાવવામાં આવેલ હોય તે ધ્યાને લઈ વય નિર્ધારીત કરવાની રહે તેવુ ઠરાવી અને શંકાનો લાભ આરોપીને મળવા પાત્ર થાય તેવુ નીચે મુજબ ઠરાવવામાં આવેલ છેઃ

> "45. Needless to emphasis, parents are in the best position to apprise about the correct age of their child. Here, they do not seem to be sure and the school record does not match with their deposition. No Birth Certificate, despite being available, was produced, either."
>
> "54. The legal position in this regard is settled in terms of the answer given to a Reference in Court on its Own Motion Versus State of NCT of Delhi: 2024 SCC OnLine Del 4484. Such Reference was answered by the Division Bench of this Court, of which, one of

us (Manoj Jain, J.) was a member, in the following terms:-

> "46. As an upshot of our foregoing discussion, the Reference is answered as under: -
>
> (i) Whether in POCSO cases, the Court is required to consider the lower side of the age estimation report, or the upper side of the age estimation report of a victim in cases where the age of the victim is proved through bone age ossification test?
>
> Ans: In such cases of sexual assault, wherever, the court is called upon to determine the age of victim based on "bone age ossification report, the upper age given in "reference range be considered as age of the victim.
>
> (ii) Whether the principle of "margin of error" is to be applicable or not in cases under the POCSO Act where the age of a victim is to be proved through bone age ossification test.
>
> Ans: Yes. The margin of error of two years is further required to be applied."

55. This Court, while answering the Reference, had taken note of various precedents on the issue involved and also referred to one judgment of Supreme Court in Rajak Mohammad v. State of Himachal Pradesh: 2018 SCC OnLine SC 1222, wherein Supreme Court had observed that though the age determined on the basis of a radiological examination may not be an accurate determination and sufficient margin either way has to be allowed, the doubt, if any with respect to the correct age of the prosecutrix, naturally, must go in favour of the accused. This Court, while answering said Reference, observed as under: -

> "23. We cannot be oblivious of the fact that we are following adversarial system of law where the presumption of innocence is indispensible philosophy. Though in any criminal trial, the endeavour is to reach the truth, in adversarial system, the judge generally acts like an umpire who watches whether the prosecution has been able to prove the case beyond reasonable doubt or not. Since the adversarial system in India is based on the "innocence of the accused", the burden of proof, generally, falls on prosecution. Our criminal system prescribes that a case against any accused has to be proved beyond doubt. Meaning thereby, if there is an element of doubt, such benefit has to go to the accused."

(૧૦૨) ઉપરોકત મુજબના ચુકાદાવાળા કેસમાં પણ ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર પ્રાપ્ય હોવા છતાં રજુ થયેલ નહી અને તે સંજોગોમાં ભોગ બનનારના ઓસિફિકેશન પરીક્ષણના અહેવાલ ઉપર આધાર રાખી ભોગ બનનારના ઓસિફિકેશન પરીક્ષણ અહેવાલમાં ભોગ બનનારની ઉપલી ઉંમર ધ્યાને લઈ ભુલની મર્યાદાના સિદ્ધાંતને લાગુ પાડી ભોગ બનનાર ૧૮ વર્ષથી ઓછી ઉંમરના રહેલ ન હોવાનું ઠરાવવામાં આવેલ. આ હાથ ઉપરના કેસમાં પણ ઉપરોકત મુજબની ચર્ચા અનુસાર ભોગ બનનારની જન્મ તારીખના આધાર પુરાવા અને ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર બાંગ્લાદેશ ખાતે અસ્તિત્વમાં હોવા છતા તપાસ કરનાર અધિકારી દ્વારા તે મેળવવામાં આવેલ નથી અને આ કામે રજુ થયેલ નથી, તેથી ભોગ બનનારના ઓસિફિકેશન પરીક્ષણ અહેવાલ અને ભોગ બનનારના શારીરિક અને દાંતના પરીક્ષણ અહેવાલમાં જણાવાયેલ ભોગ બનનારની અંદાજીત ઉંમરની આકારણીની શ્રેણી ૧૫ થી ૧૭ વર્ષની ઉપલી ઉંમર એટલે કે ૧૭ વર્ષ ધ્યાને લઈ માર્જીન ઓફ એરર એટલે કે ભુલની મર્યાદાના સિદ્ધાંત અનુસાર તે ઉપલી ઉંમરમાં બે વર્ષનો ભુલનો ગાળો છોડી કે ઉમેરી ભોગ બનનારની ઉંમર ૧૯ વર્ષ ગણવા પાત્ર થાય છે અને ઉપરોકત મુજબના સ્થાપિત સિદ્ધાંતો અનુસાર ભોગ બનનારની ઉંમર બાબતે નિર્માણ

થયેલ શંકાનો લાભ માર્જીન ઓફ એરરના સિદ્ધાંત અનુસાર આરોપીઓને મળવા પાત્ર થાય છે. આથી, આરોપી પક્ષ તરફે રજુ થયેલ આ ચુકાદાના સિદ્ધાંતો આરોપી પક્ષને મદદરૂપ થાય છે.

(૧૦૩) આરોપી નં.૦૬ અને ૦૭ તરફે વિદ્વાન વકિલ શ્રી શાહ દ્વારા તેમની રજુઆતોના સમર્થનમાં નામદાર ગૌહાટી હાઈકોર્ટના **Shiva chautal Udalguri, Assam Vs. The State of Assam Rep. By PP, Assam** ના કેસના **ક્રિમીનલ અપીલ નં. ૨૪/૨૦૨૧** ના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલ છે. નામદાર ગૌહાટી ઉચ્ચ અદાલત દ્વારા આ ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કેઃ

> "33. It is well ettled that ossification test or other medical test though is a guiding factor for determining the age but it is not conclusive or incontrovertible and leaves a margin of error of two years on either side. It is also a settled position that the benefit of doubt with regard to the age of the victim always goes in favour of the accused. In the instant case, the radiologist ha sassessed the age of the victim 16 to 17 years. Considering the margin of error in age even as one year, the victim would be 18 years of age and would not be a child within the meaning of Section 2(d) of the POCSO Act.
>
> 34. The prosecution has also not adduced any evidence regarding the victim's physiccal growth and development and secondary sexual character. This discrepancy also leaves room for ample doubt with regard to the correct age of the victim, the benefit of which must necessarily go in favour of the appellant. ....."
>
> "35. under the facts and circumstances of the case, this Court is of the opinion that the prosecution has failed to prove age of the victim below 18 years as on the date of incident for which the accused/appellant cannot be held guilty of offencce under Section 6 of POCSO Act."

(૧૦૪) ઉપરોકત મુજબના આરોપી પક્ષ તરફે રજુ થયેલા ચુકાદાના સિધ્ધાંતો હાલના કેસની હકીકતો આ રજુ થયેલા ચુકાદાવાળા કેસની હકીકતો સાથે સમરૂપતા ધરાવતી રહેલી હોય તેથી આ કેસમાં લાગુ પડે છે અને આરોપી પક્ષને મદદરૂપ થાય છે.

(૧૦૫) આરોપી નં.૦૫ અને ૦૮ તરફે વિદ્વાન વકિલશ્રી સી.કે.પટેલ દ્વારા તેમની રજુઆતોના સમર્થનમાં નામદાર બોમ્બે હાઈકોર્ટના **Maherban Hasan Babu Khan Vs. The State of Maharashtra and Anr.** ના કેસના ક્રિમીનલ અપીલ નં. ૯/૨૦૨૧ ના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલ છે. આ રજુ થયેલ ચુકાદાવાળા કેસની હકીકત હાથ ઉપરના કેસની હકીકતો સાથે સામ્યતા ધરાવનાર રહેલ છે. આ ચુકાદાવાળા કેસમાં પણ ભોગ બનનારની દાંતની ચકાસણીના આધારે ભોગ બનનારનો થર્ડ મોલર કે જે ડહાપણની ડાઢ કહેવાય તે નરી આખે જોવા મળેલ નહી અને તેથી ભોગ બનનારની ઉંમર ૧૫ થી ૧૭ વર્ષની હોવાનો અભિપ્રાય આપવામાં આવેલ અને નામદાર બોમ્બે હાઈકોર્ટ દ્વારા મેડીકલ જયુરીશપ્રુડન્સના ખ્યાતનામ લેખક મોદી ની આધારભુત બુક ઉપર આધાર રાખી તે બુકમાં દર્શાવ્યા મુજબ થર્ડ મોલર ૧૭ થી ૨૫ વર્ષની ઉંમર દરમ્યાન આવતુ હોવાનું ઠરાવી અને માર્જીન ઓફ એરરના સિદ્ધાંત મુજબ જો માત્ર એક વર્ષનો ભુલનો ગાળો પણ ભોગ બનનારની ઉપરની દર્શાવેલ ઉંમરમાં ધ્યાને લેવામાં આવે તો પણ ભોગ બનનાર ૧૮ વર્ષની વયના રહેલા હોય તેથી ભોગ બનનાર બાળક હોવાનું સાબિત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ રહેલ હોવાનું ઠરાવવામાં આવેલ છે. આ રજુ થયેલ ચુકાદામાં ભોગ બનનારના શારીરિક વિકાસ અને ગૌણ જાતિય અવયવોના વિકાસ બાબતે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નહી. આ હાથ ઉપરના કેસમાં પણ આંક-૩૬ ના ભોગ બનનારની ઉંમર બાબતેના અભિપ્રાયમાં ભોગ બનનારની ઉંમર ૧૫ થી ૧૭ વર્ષની દર્શાવવામાં આવેલ છે અને તેથી ઉપરોકત મુજબના સ્થાપિત સિદ્ધાંતો અનુસાર માર્જીન ઓફ એરરનો સિદ્ધાંત લાગુ પાડતા અને બે વર્ષનો ભુલનો ગાળો ભોગ બનનારની તબીબી અભિપ્રાયમાં દર્શાવાયેલ ઉંમરની ઉપરની સપાટીમાં ઉમેરતા ભોગ બનનાર ૧૮ વર્ષથી વધુ ઉંમરના હોવાનું સ્પષ્ટ થાય છે અને કાયદાના સ્થાપિત સિદ્ધાંતો મુજબ ભોગ બનનારની ઉંમર બાબતે રહેલી

શંકાનો લાભ આરોપીઓને મળવા પાત્ર થાય છે. નામદાર બોમ્બે હાઈકોર્ટ દ્વારા આ રજુ થયેલ ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કેઃ

> "19. The prosecution has also sought to prove the age of the victim on the basis of dental examination. PW4Dr. Hemant Suresh Kakade, the dentist attached to the Sub-District Hospital, Mangaon had examined the victim clinically as well as radiographically for age assessment. He has produced the dental examination report at Exhibit-29. The testimony of PW4 vis-a-vis the dental examination report at Exhibit-29 reveals that the first and second molar on right and left side of the mandibular as well as maxilla region had erupted. The dental examination report reveals that third molar/wisdom tooth was not clinically seen. The radiographic report indicated that crown and root of second molar were well formed whereas the crown of third molar was formed but roots were not well formed. PW4 has deposed that he did not notice the wisdom tooth i.e., the third molar and on this basis he opined that the age of the victim was approximately 15 to 17 years. In his cross-examination he has admitted that wisdom tooth can erupt at any time after 18 years of age.
>
> 20. The evidence of this witness clearly indicates that he has assessed the age of the victim as 15 to 17 years in view of absence of third molar, which is normally referred to as wisdom tooth. As per Modi's Medical Jurisprudence, the second molars erupt between 12 to 14 years whereas the third molar erupts between 17 to 25 years. It is thus evident that all the permanent teeth except the wisdom tooth, erupt by the time the average boy or girl reaches the age of puberty whereas, wisdom tooth erupt between the ages of 17 to 25 years. Eruption of wisdom tooth may at the most suggest that the age of the person is 17 years or above but non-eruption or absence of wisdom tooth does not conclusively prove that the person is below 18 years of age. Therefore, the mere fact that wisdom tooth have not erupted is not of great importance in assessing the age."

> "23. It is also well settled that Ossification test or other medical test though is a guiding factor for determining the age, it is not conclusive or incontrovertible and leaves a margin of error of two years on either side. It is also a settled position that the benefit of doubt with regard to the age of the victim always goes in favour of the accused. In the instant case, PW4 has assessed the age of the victim approximately as 15 to 17 years. Considering the margin of error in age even as one year, the victim would be 18 years of age and would not be a child within the meaning of Section 2(d) of the POCSO Act.
>
> 24. The prosecution has also not adduced any evidence regarding the victim's physical growth and development and secondary sexual character. This discrepancy also leaves room for ample doubt with regard to the correct age of the victim, the benefit of which must necessarily go in favour of the Appellant."

(૧૦૬) આરોપી નં.૦૫ અને ૦૮ તરફે વિદ્વાન વકિલશ્રી સી.કે.પટેલ દ્વારા તેમની રજુઆતોના સમર્થનમાં નામદાર સર્વોચ્ચ અદાલતના **P. Yuivaprakash Vs. State Rep. By Inspector of Police - 2023 INSC 676** ના કેસના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલ છે. આ રજુ થયેલ ચુકાદાવાળા કેસમાં સ્કુલ ટ્રાન્સફર સર્ટીફિકેટ રજુ થયેલ અને તે દસ્તાવેજમાં ભોગ બનનારની જે જન્મ તારીખ દર્શાવવામાં આવેલ તે કયા આધારે નોંધાયેલ તેનો કોઈ પુરાવો રજુ થયેલ નહી અને ભોગ બનનારની રેડીયોલોજીકલ તપાસનું પ્રમાણપત્ર રજુ થયેલ અને તે મુજબ ભોગ બનનારની ઉંમર ૧૮ થી ૨૦ વર્ષની હોવાનું જણાય આવેલ અને તે કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઓસિફિકેશન પરીક્ષણને વધુ પ્રમાણભુત પુરાવા તરીકે સ્વીકારવામાં આવેલ. નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષના કેસની હકીકતોથી હાથ ઉપરના કેસની હકીકતો ભોગ બનનારની ઉંમર, માન્યતા પ્રાપ્ત જન્મના દસ્તાવેજો અને ઓસિફિકેશન પરીક્ષણના પરીણામની બાબતમાં મહદ અંશે ભિન્ન અને અલગ

રહેલી છે. આથી આ ચુકાદામાં સિદ્ધાંતો સંપુર્ણપણે આ કેસમાં આરોપીને મદદરૂપ થતા ન હોવાનું આ અદાલતનું નમ્ર મંતવ્ય રહેલ છે.

(૧૦૭) આરોપી નં.૦૩ તરફે વિદ્વાન વકિલશ્રી ગાંધી દ્વારા તેમની રજુઆતોના સમર્થનમાં નામદાર દિલ્હી હાઈકોર્ટના **Padma Vs. State of NCT of Delhi** ના કેસના ક્રિમીનલ અપીલ નં. ૧૫૩૬/૨૦૧૩ ના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલ છે. આ રજુ થયેલ ચુકાદામાં નામદાર દિલ્હી ઉચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવેલ છે કેઃ

> "I have heard the learned counsel for the parties and have examined the file. At the outset, it may be mentioned that the prosecution was unable to establish the exact age of the victim on the day of incident. The Trial Court in the impugned judgment was of the view that the prosecution was unable to prove if 'X' was minor. The prosecution had only produced Transfer Certificate (Ex. PW-9/H) to establish the victim's age. However, it could not produced or examine any witness to prove its authenticity. No ossification test to ascertain her approximate age was conducted. The plea that the victim was of 16 years of age was not accepted by the Trial Court."

(૧૦૮) આરોપી નં.૦૩ તરફે રજુ થયેલ ઉપરોકત ચુકાદાના સિદ્ધાંતો અનુસાર પણ આ કામે ફરિયાદ પક્ષ આ કામના ભોગ બનનાર આક્ષેપિત બનાવ સમયે ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળક રહેલ હોવાની હકીકત જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ – ૯૪(૨) ના ખંડ–૧ અને ખંડ–૨ માં જોગવાઈ કર્યા મુજબના સર્વોપરિતા ધરાવતા જન્મ અંગેના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં નિષ્ફળ રહેલ હોય અને ઉપરોકત ચર્ચા અનુસાર આંક–૩૬ વાળા ભોગ બનનારની તબીબી તપાસ તથા દાંતની તપાસના આધારે અપાયેલ ઉંમરના અભિપ્રાય અને આંક–૧૧૪ વાળા ભોગ બનનારના શરીરના વિવિધ ભાગના હાડકાના એકસ–રે આધારે કરવામાં આવેલ ઓસિફિકેશન ટેસ્ટના ભોગ બનનારના ઉંમરના અભિપ્રાય સંપુર્ણપણે વિશ્વસનિય રહેલ નથી અને તેવા

અભિપ્રાય આપનાર તબીબી સાહેદોના પુરાવાઓથી સંદેહાત્મક રહેલ છે તેથી આ ચુકાદાના સિદ્ધાંત પણ આરોપી પક્ષને મદદરૂપ રહેલ છે.

(૧૦૯) આમ, ઉપરોક્ત મુજબની ચર્ચા અનુસાર ફરિયાદ પક્ષ દ્વારા જુવેનાઈલ જસ્ટીસ એક્ટની કલમ – ૯૪(૨) ના ખંડ–૧ અને ખંડ–૨ માં જોગવાઈ કર્યા મુજબના સર્વોપરિતા ધરાવતા ભોગ બનનારની જન્મ તારીખ અંગેના વિશ્વસનિય અને આધારભુત દસ્તાવેજી પુરાવાઓ તેમજ ભોગ બનનારની બાંગ્લાદેશ ખાતેની શાળાનું જન્મનું પ્રમાણપત્ર કે ભોગ બનનારનું બાંગ્લાદેશ ખાતેના સક્ષમ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર રજુ કરવામાં નિષ્ફળ રહેલ હોય અને ઉપરોક્ત ચર્ચા અનુસાર આંક–૩૬ વાળા ભોગ બનનારની તબીબી તપાસ તથા દાંતની તપાસના આધારે અપાયેલ ઉંમરના અભિપ્રાય અને આંક–૧૧૪ વાળા ભોગ બનનારના શરીરના વિવિધ ભાગના હાડકાના એકસ–રે આધારે કરવામાં આવેલ ઓસિફિકેશન ટેસ્ટના ભોગ બનનારના ઉંમરના અભિપ્રાય સંપુર્ણપણે વિશ્વસનિય રહેલ નથી અને તેવા અભિપ્રાય આપનાર તબીબી સાહેદોના પુરાવાઓથી ભોગ બનનારની ઉંમર ૧૫ થી ૧૭ વર્ષની રહેલ હોવાના તબીબી અભિપ્રાય સંદેહાત્મક રહેલ છે અને જો આંક–૩૬ અને આંક–૧૧૪ વાળા ભોગ બનનારના ઉંમર અંગેના તબીબી અભિપ્રાય મુજબ ભોગ બનનારની ઉંમર ૧૫ થી ૧૭ વર્ષની રહેલ હોય તો ઉપરોક્ત મુજબના નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર ઉચ્ચ અદાલતના ચુકાદાઓના સ્થાપિત સિદ્ધાંત અનુસાર તબીબી અભિપ્રાયની શ્રેણીની ઉપરની ઉંમર ૧૭ વર્ષમાં ભુલનો ગાળો માર્જીન ઓફ એરરના સિદ્ધાંત મુજબ ગણતા ભોગ બનનારની ઉંમર ૧૯ વર્ષ જણાય આવે છે અને સ્થાપિત સિદ્ધાંતો અનુસાર ભોગ બનનારની ઉંમર બાબતે રહેલ શંકાનો લાભ આરોપી પક્ષને મળવા પાત્ર થાય છે. આ સંજોગોમાં ફરિયાદ પક્ષ આ કામના ભોગ બનનાર આ કામે રહેલ આક્ષેપિત બનાવ સમયે ૧૮ વર્ષથી ઓછી ઉંમરના સગીર હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય તેથી **મુદ્દા નં.૦૧ નો નિર્ણય તે મુજબ નકારમાં આપવામાં આવે છે.**

<u>મુદ્દા નં. ૨ થી ૮:–</u>

(૧૧૦) આ કામે ફરિયાદ પક્ષના આરોપી વિરૂદ્ધ એવો કેસ એવો રહેલ છે કે, આ કામના આરોપી નં. ૦૧ મેસન સ/ઓ રઙ્કાક રહમાન બીસ્સ ઉર્ફે અનવર ઉર્ફે મુનાવર હુસેન જોય નાઓએ આ કામના ભોગ બનનાર બાળાને મોડેલીંગ તથા એક્ટીંગમાં કામ અપાવવાની લાલચ આપી ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશ ભારતની બોર્ડર ક્રોસ કરાવી મુંબઈ ખાતે લાવી આરોપી નં.૦૧ મેસન સ/ઓ રઙ્કાક રહમાન બીસ્સ ઉર્ફે અનવર ઉર્ફે મુનાવર હુસેન જોય તથા આરોપી નં. ૦૩ સોનીયાબેન વા/ઓ દીનેશભાઈ વેંક્ટ શિંદે ઉર્ફે નઝમા રજાકભાઈ બીસેસ નાઓએ ભોગ બનનારને ડરાવી ધમકાવી લલચાવી આરોપી નં.૦૩ સોનીયાબેન વા/ઓ દીનેશભાઈ વેંક્ટ શિંદે ઉર્ફે નઝમા રજાકભાઈ બીસેસ નાઓ દેહ વ્યાપાર કરાવવા માટે ગુજરાત રાજ્યના વડોદરા ખાતે લાવી આરોપી નં. ૦૩ સોનીયાબેન વા/ઓ દીનેશભાઈ વેંક્ટ શિંદે ઉર્ફે નઝમા રજાકભાઈ બીસેસ નાઓએ ભોગ બનનારને આરોપી નં. ૦૨ જેઠાનંદ ઉર્ફે સુનિલ ઘનશ્યામભાઈ સેવકાની મારફતે દેહ વ્યાપાર કરવા માટે મોકલી આપી આરોપી નં. ૦૨ જેઠાનંદ ઉર્ફે સુનિલ ઘનશ્યામભાઈ સેવકાની નાઓએ મોકલેલ આરોપી નં. ૦૫ પ્રદિપકુમાર ઉર્ફે લાલો કાંતીભાઈ મકવાણા નાઓએ ભોગ બનનાર સાથે તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૩:૨૦ થી કલાક ૧૪:૧૦ દરમ્યાન વડોદરા, ફતેગંજ ખાતે આવેલ હોટલ લોટ્સ ગોલ્ડના રૂમ નં. ૨૦૧ માં દુષ્કર્મ આચરી તથા આરોપી નં. ૦૬ રાહુલ પ્રકાશ નારાયણ મિશ્રા નાઓએ ભોગ બનનાર સાથે તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૩:૨૫ થી ૧૪:૧૦ દરમ્યાન વડોદરા ફતેગંજ ખાતે આવેલ હોટલ લોટ્સ ગોલ્ડના રૂમ નં. ૨૦૮ માં દુષ્કર્મ આચરી તેમજ આરોપી નં. ૦૨ જેઠાનંદ ઉર્ફે સુનિલ ઘનશ્યામભાઈ સેવકાની નાઓએ ભોગ બનનાર બાળાને દેહ વ્યાપાર કરવા માટે અમદાવાદ ખાતે લાવી આરોપી નં. ૦૪ અમૃત ઉર્ફે અનીલ ઉર્ફે આર્યન ગોરધનભાઈ ખર્રા નાઓ મારફતે દેહ વ્યાપાર કરવા માટે મોકલી આપી આરોપી નં. ૦૪ અમૃત ઉર્ફે અનીલ ઉર્ફે આર્યન ગોરધનભાઈ ખર્રા નાઓએ મોકલેલ આરોપી નં. ૦૭ શીભાઈભાઈ ઉર્ફે લાલભાઈ કરમશીભાઈ દેસાઈ નાઓએ ભોગ બનનાર સાથે તા. ૦૩/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૪:૨૦ થી કલાક ૧૩:૫૫ દરમ્યાન અમદાવાદ જુના વાડજ ખાતે આવેલ હોટલ સાંઈ વિલા રૂમ નં. ૪૦૬ માં દુષ્કર્મ આચરી તેમજ આરોપી નં. ૦૮ નાઓએ ભોગ બનનાર સાથે તા. ૦૩/૦૯/૨૦૨૩ ના કલાક

૨૧:૦૦ થી તા. ૦૪/૦૯/૨૦૨૩ ના કલાક ૦૮:૦૦ દરમ્યાન અમદાવાદ થલતેજ ખાતે આવેલ હોટલ આઈ લેન્ડ પાર્કમાં આવેલ રૂમ નં. ૪૦૫ માં દુષ્કર્મ આચરી આ કામના તમામ આરોપીઓએ ભેગા મળી ગુન્હાહીત કાવતરુ રચી ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૬૩, ૩૬૬એ, ૩૬૬બી, ૩૭૦(૪), ૩૭૦એ(૧), ૩૭૨, ૩૭૩, ૩૭૬, ૧૨૦બી, તથા જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ ૪, ૬, ૧૬ અને ઈમોરલ ટ્રાફીક (પ્રિવેન્શન) એક્ટની કલમ ૪(૧), ૫(૧)(ડી) મુજબનો ગુન્હો કરેલાના આક્ષેપ રહેલ છે. આ સંજોગોમાં આ કામે ઉપસ્થિત થયેલ મુદ્દા નં. ૦૨ થી ૦૮ એક બીજા સાથે અભિન્ન રીતે સંકળાયેલા હોય તેથી હકીકતોના પુનરાવર્તનને ટાળવા માટે આ તમામ મુદ્દાઓની ચર્ચા એકી સાથે કરવી આવશ્યક જણાય છે.

<u>મૌખિક પુરાવાના મુલ્યાંકન માટે સ્થાપિત માર્ગદર્શક સિધ્ધાંતોઃ–</u>

(૧૧૧) કાયદાના ઉપરોક્ત મુજબના પ્રબંધોની સાથે ફરિયાદ પક્ષના પુરાવાઓનું મુલ્યાંકન કરતા સમયે સૌપ્રથમ ફોજદારી ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંતો લક્ષમાં લેવા આવશ્યક રહેલા છે. ફોજદારી ન્યાયશાસ્ત્રનો એ પ્રાથમિક પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફોજદારી કેસમાં આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો સ્પષ્ટપણે અને નિઃશંકપણે પુરાવાઓથી સાબીત ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ હોવાનું અનુમાન કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીના કામે આરોપી સામે આક્ષેપિત તહોમતનામાની હકીકતની સાબીતીનો ભાર ફરિયાદ પક્ષ ઉપર રહેલો છે. ફરિયાદ પક્ષ દ્વારા આરોપી સામે આક્ષેપિત તહોમતની હકીકતો સંપુર્ણ વિશ્વસનીય અને સચોટ પુરાવાઓથી નિઃશંકપણે પુરવાર કરવાની રહે છે. ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી જો ઈચ્છે તો ફોજદારી કાર્યરીતિ સંહિતા અને પુરાવા અધિનિયમની જોગવાઇઓને આધીન પોતાના બચાવનો પુરાવો રજુ કરી શકે છે, પરંતુ જો આરોપી મૌન રહેવા માંગતા હોય તો તેમને ફરજ પાડી શકાય નહીં. કાયદાનો એ સ્થાપિત સિધ્ધાંત છે કે આરોપીના બચાવની નબળાઇનો લાભ ફરિયાદ પક્ષ મેળવી શકે નહી. ફોજદારી કાર્યવાહીના કામે ફરિયાદ પક્ષના પુરાવાઓનું મુલ્યાંકન અદાલત દ્વારા એક માનસિક પ્રક્રિયાને આધીન કાયદાના સ્થાપિત સિધ્ધાંતો મુજબ કરવાનું રહે છે. આવું મુલ્યાંકન કરવા માટે કોઇ નિશ્ચિત પ્રક્રિયા હોય શકે નહી. પુરાવાઓનું મુલ્યાંકન દરેક

કેસની હકીકતો, સંજોગો, રજુ થયેલા પુરાવાઓ અને કેસના ગુણદોષને આધીન કરવાનું રહે છે. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા અનેકવિધ ચુકાદાઓમાં ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો ધ્યાને લઈ એવો સિધ્ધાંત પણ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, સો ગુનેગારો ભલે નિર્દોષ છુટી જાય, પંરતુ એક નિર્દોષને ખોટી રીતે સજા ન થવી જોઈએ તેવો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે, પરંતુ અદાલતની એ પણ ફરજ છે કે, ગુન્હો કરનાર વ્યક્તિ સજામાંથી છટકી પણ જવો જોઈએ નહી અને પહેલો સિધ્ધાંત જેટલો અગત્યનો છે તેટલો જ બીજો સિધ્ધાંત પણ અગત્યનો છે. ફોજદારી ન્યાયશાસ્ત્રમાં પુરાવાઓની સંખ્યા કે જથ્થાને મહત્વ આપવામાં આવેલ નથી, પરંતુ પુરાવાની ગુણવત્તાને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. ફોજદારી કાર્યવાહીના કામે પુરાવાઓના મુલ્યાંકન સમયે પુરાવાની ગુણવત્તા અને સાહેદોની વિશ્વસનીયતા અગત્યની બાબત રહેલા છે. પુરાવા અધિનિયમના સ્તુત્ય પ્રબંધો અનુસાર તેમજ નામદાર સર્વોચ્ચ અદાલત અને આપણી નામદાર ઉચ્ચ અદાલત દ્વારા પ્રતિપાદિત કરવામાં આવેલા સિધ્ધાંતો મુજબ વિશ્વસનીય, માનવાલાયક અને સત્ય સ્થાપિત કરનારા એક માત્ર સાહેદના પુરાવાના આધારે પણ જે તે કેસમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે અને તેના માટે પુરાવાઓનો જથ્થો રજુ કરવો જરૂરી નથી. તેવી જ રીતે નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ આપણી નામદાર ઉચ્ચ અદાલત અને અન્ય નામદાર ઉચ્ચ અદાલતો દ્વારા એ સિધ્ધાંત પણ પ્રસ્થાપિત કરાવમાં આવેલ છે કે, જાતીય ગુન્હાઓના કીસ્સામાં એક માત્ર ભોગ બનનારનો પુરાવો જો વિશ્વાસ સંપાદિક કરનારો અને માનવાલાયક તેમજ સત્ય સ્થાપિત કરનારો હોય તો ભોગ બનનારના પુરાવાના આધારે પણ આરોપીને કસુરવાર ઠરાવી શકાય છે અને તેના માટે ભોગ બનનારના પુરાવાને સમર્થનકારી પુરાવાની અપેક્ષા રાખવાની નથી. જાતીય ગુન્હાઓના કામે રહેલ ભોગ બનનારના પુરાવામાં નાની, ક્ષુલ્લક કે તુચ્છ વિસંગતતાઓ અને વિરોધાભાસ હોય તો તે અપ્રસ્તુત છે.

(૧૧૨) આ તબક્કે આપણી નામદાર ઉચ્ચ અદાલત દ્વારા **કાભાઈભાઇ ઉર્ફે કાળીયો પુનમભાઇ પરમાર વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત** ના કેસના **૨૦૧૪ (૧) જી.એલ.એચ. ૫૭૪** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલા સાહેદના મૌખિક પુરાવાના મુલ્યાંકન અંગેના સિધ્ધાંતો અને તે સંબંધેના માર્ગદર્શક

દિશાસુચનો ધ્યાને લેવા અનિવાર્ય રહેલા છે. આપણી નામદાર ઉચ્ચ અદાલત દ્વારા નીચે મુજબના દિશાસુચનો ઠરાવવામાં આવેલા છે.

> "i. While appreciating the evidence of a witness, the approach must be whether the evidence of the witness read as a whole appears to have a ring of truth. Once that impression is formed, it is undoubtedly necessary for the Court to scrutinize the evidence more particularly keeping in view the deficiencies, drawbacks and infirmities pointed out in the evidence as a whole and evaluate them to find out whether it is against the general tenor of the evidence given by the witness and whether the earlier evaluation of the evidence is shaken as to render it unworthy of belief.
>
> ii. If the Court before whom the witness gives evidence had the opportunity to form the opinion about the general tenor of evidence given by the witness, the appellate court which had not this benefit will have to attach due weight to the appreciation of evidence by the trial Court and unless there are reasons weighty and formidable it would not be proper to reject the evidence on the ground of minor variations or infirmities in the matter of trivial details.
>
> iii. When eye-witness is examined at length it is quite possible for him to make some discrepancies. But courts should bear in mind that it is only when discrepancies in the evidence of a witness are so incompatible with the credibility of his version that the Court is justified in jettisoning his evidence.
>
> iv. Minor discrepancies on trivial matters not touching the core of the case, hyper technical approach by taking sentences torn out of context here or there from the evidence, attaching importance to some technical error committed by the investigating officer not going to the root of the matter would not ordinarily permit rejection of the evidence as a whole.
>
> v. Too serious a view to be adopted on mere variations falling in the narration of an incident (either as between the evidence of two witnesses or as between two statements of the same witness) is an unrealistic approach for judicial scrutiny.
>
> vi. By and large a witness cannot be expected to possess a photographic memory and to recall the details of an incident. It is not as if a video tape is replayed on the mental screen.

vii. Ordinarily it so happens that a witness is overtaken by events. The witness could not have anticipated the occurrence which so often has an element of surprise. The mental faculties therefore cannot be expected to be attuned to absorb the details.

viii. The powers of observation differ from person to person. What one may notice, another may not. An object or movement might emboss its image on one person's mind whereas it might go unnoticed on the part of another.

ix. By and large people cannot accurately recall a conversation and reproduce the very words used by them or heard by them. They can only recall the main purport of the conversation. It is unrealistic to expect a witness to be a human tape recorder.

x. In regard to exact time of an incident, or the time duration of an occurrence, usually, people make their estimates by guess work on the spur of the moment at the time of interrogation. And one cannot expect people to make very precise or reliable estimates in such matters. Again, it depends on the time-sense of individuals which varies from person to person.

xi. Ordinarily a witness cannot be expected to recall accurately the sequence of events which take place in rapid succession or in a short time span. A witness is liable to get confused, or mixed up when interrogated later on.

xii. A witness, though wholly truthful, is liable to be over awed by the court atmosphere and the piercing cross examination by counsel and out of nervousness mix up facts, get confused regarding sequence of events, or fill up details from imagination on the spur of the moment. The sub-conscious mind of the witness sometimes so operates on account of the fear of looking foolish or being disbelieved though the witness is giving a truthful and honest account of the occurrence witnessed by him.

xiii. A former statement though seemingly inconsistent with the evidence need not necessarily be sufficient to amount to contradiction. Unless the former statement has the potency to discredit the later statement, even if the later statement is at variance with the former to some extent it would not be helpful to contradict that witness."

(૧૧૩) આપણી નામદાર ઉચ્ચ અદાલત દ્વારા ઉપરોક્ત રીતે પ્રસ્થાપિત કરાયેલ સાહેદના મૌખિક પુરાવાના મુલ્યાંકનના માર્ગદર્શક સિધ્ધાંતો લક્ષમાં રાખી ધ્યાને લઇ આ કામે રહેલા ફરિયાદ પક્ષના મૌખિક પુરાવાઓનું મુલ્યાંકન કરવાનું રહે છે.

(૧૧૪) ફરિયાદ પક્ષ દ્વારા આ કામે આરોપી સામે આક્ષેપિત તહોમતની હકીકત પુરવાર કરવા માટે જે સાહેદોને તપાસવામાં આવેલ છે. તેમાં સૌથી મહત્વના સાહેદ ખુદ ભોગ બનનાર રહેલા છે. ભોગ બનનારના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરતા સમયે ઉપરોક્ત સિદ્ધાંતો ધ્યાને લેવા પાત્ર છે તેમજ કાયદાના એ સ્થાપિત સિદ્ધાંતો પણ ધ્યાને લેવા આવશ્યક છે કે, જાતિય ગુન્હાના કામે ભોગ બનનાર સાહેદના મૌખિક પુરાવાને સમર્થન મળવુ જરૂરી કે આવશ્યક નથી. આ બાબતે કાયદાના સ્થાપિત સિદ્ધાંતો નોંધવા આવશ્યક જણાય છે.

<u>ભોગ બનનારના મૌખિક પુરાવાને સમર્થન જરૂરી કે આવશ્યક નથીઃ–</u>

(૧૧૫) ભોગ બનનારના પુરાવાનું મુલ્ય કેટલું રહેલ છે અને ભોગ બનનારના પુરાવાનું મુલ્યાંકન કરતા સમયે કઇ કઇ બાબતો અને પરિબળો વિચારણામાં લેવાના રહે છે તે બાબત નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **ગણેશન વિરૂદ્ધ સ્ટેટ, ક્રિમિનલ અપીલ નંબર ૬૮૦/૨૦૨૦** ના કેસના ચુકાદામાં નિર્ણિત કરવામાં આવેલ છે અને આ ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવેલ છે કે ભોગ બનનારનો પુરાવો જો વિશ્વસનીય અને માનવાલાયક રહેલ હોય તો તેના એક માત્ર આધારે આરોપીને કસુરવાર ઠરાવી શકાય છે. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા આ ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે:

> "9.1 Whether, in the case involving sexual harassment, molestation etc., can there be conviction on the sole evidence of the prosecutrix, in the case of Vijay alias Chinee (supra), it is observed in paragraphs 9 to 14 as under:
>
> > “9. In State of Maharashtra v. Chandraprakash Kewalchand Jain, (1990) 1 SCC 550 this Court held that a woman, who is the victim of sexual assault, is

not an accomplice to the crime but is a victim of another person's lust and, therefore, her evidence need not be tested with the same amount of suspicion as that of an accomplice. The Court observed as under: (SCC p. 559, para 16) "16. A prosecutrix of a sex offence cannot be put on par with an accomplice. She is in fact a victim of the crime. The Evidence Act nowhere says that her evidence cannot be accepted unless it is corroborated in material particulars. She is undoubtedly a competent witness under Section 118 and her evidence must receive the same weight as is attached to an injured in cases of physical violence. The same degree of care and caution must attach in the evaluation of her evidence as in the case of an injured complainant or witness and no more. What is necessary is that the court must be alive to and conscious of the fact that it is dealing with the evidence of a person who is interested in the outcome of the charge levelled by her. If the court keeps this in mind and feels satisfied that it can act on the evidence of the prosecutrix, there is no rule of law or practice incorporated in the Evidence Act similar to Illustration (b) to Section 114 which requires it to look for corroboration. If for some reason the court is hesitant to place implicit reliance on the testimony of the prosecutrix it may look for evidence which may lend assurance to her testimony short of corroboration required in the case of an accomplice. The nature of evidence required to lend assurance to the testimony of the prosecutrix must necessarily depend on the facts and circumstances of each case. But if a prosecutrix is an adult and of full understanding the court is entitled to base a conviction on her evidence unless the same is shown to be infirm and not trustworthy. If the totality of the circumstances appearing on the record of the case disclose that the prosecutrix does not have a strong motive to falsely involve the person charged, the court should ordinarily have no hesitation in accepting her evidence."

10. In State of U.P. v. Pappu, (2005) 3 SCC 594 this Court held that even in a case where it is shown that the girl is a girl of easy virtue or a girl habituated to sexual intercourse, it may not be a ground to absolve the accused from the charge of rape. It has to be

established that there was consent by her for that particular occasion. Absence of injury on the prosecutrix may not be a factor that leads the court to absolve the accused. This Court further held that there can be conviction on the sole testimony of the prosecutrix and in case, the court is not satisfied with the version of the prosecutrix, it can seek other evidence, direct or circumstantial, by which it may get assurance of her testimony. The Court held as under: (SCC p. 597, para 12) "12. It is well settled that a prosecutrix complaining of having been a victim of the offence of rape is not an accomplice after the crime. There is no rule of law that her testimony cannot be acted upon without corroboration in material particulars. She stands at a higher pedestal than an injured witness. In the latter case, there is injury on the physical form, while in the former it is both physical as well as psychological and emotional. However, if the court of facts finds it difficult to accept the version of the prosecutrix on its face value, it may search for evidence, direct or circumstantial, which would lend assurance to her testimony. Assurance, short of corroboration as understood in the context of an accomplice, would do."

11. In State of Punjab v. Gurmit Singh, (1996) 2 SCC 384, this Court held that in cases involving sexual harassment, molestation, etc. the court is duty bound to deal with such cases with utmost sensitivity. Minor contradictions or insignificant discrepancies in the statement of a prosecutrix should not be a ground for throwing out an otherwise reliable prosecution case. Evidence of the victim of sexual assault is enough for conviction and it does not require any corroboration unless there are compelling reasons for seeking corroboration. The court may look for some assurances of her statement to satisfy judicial conscience. The statement of the prosecutrix is more reliable than that of an injured witness as she is not an accomplice. The Court further held that the delay in filing FIR for sexual offence may not be even properly explained, but if found natural, the accused cannot be given any benefit thereof. The Court observed as under: (SCC pp. 394–96 & 403, paras 8 & 21)

"8. ... The court overlooked the situation in which a poor helpless minor girl had found herself in the company of three desperate young men who were threatening her and preventing her from raising any alarm. Again, if the investigating officer did not conduct the investigation properly or was negligent in not being able to trace out the driver or the car, how can that become a ground to discredit the testimony of the prosecutrix? The prosecutrix had no control over the investigating agency and the negligence of an investigating officer could not affect the credibility of the statement of the prosecutrix. ... The courts must, while evaluating evidence, remain alive to the fact that in a case of rape, no self respecting woman would come forward in a court just to make a humiliating statement against her honour such as is involved in the commission of rape on her. In cases involving sexual molestation, supposed considerations which have no material effect on the veracity of the prosecution case or even discrepancies in the statement of the prosecutrix should not, unless the discrepancies are such which are of fatal nature, be allowed to throw out an otherwise reliable prosecution case. ... Seeking corroboration of her statement before relying upon the same, as a rule, in such cases amounts to adding insult to injury. ... Corroboration as a condition for judicial reliance on the testimony of the prosecutrix is not a requirement of law but a guidance of prudence under given circumstances. ...

xxx xxx xxx

21. ... The courts should examine the broader probabilities of a case and not get swayed by minor contradictions or insignificant discrepancies in the statement of the prosecutrix, which are not of a fatal nature, to throw out an otherwise reliable prosecution case. If evidence of the prosecutrix inspires confidence, it must be relied upon without seeking corroboration of her statement in material particulars. If for some reason the court finds it difficult to place implicit reliance on her testimony, it may look for evidence which may lend assurance to her testimony, short of corroboration required in the case of an accomplice. The testimony of the prosecutrix must be appreciated in the background of the entire case and

> the trial court must be alive to its responsibility and be sensitive while dealing with cases involving sexual molestations."
>
> (emphasis in original)
>
> 12. In State of Orissa v. Thakara Besra, (2002) 9 SCC 86, this Court held that rape is not mere physical assault, rather it often distracts (sic destroys) the whole personality of the victim. The rapist degrades the very soul of the helpless female and, therefore, the testimony of the prosecutrix must be appreciated in the background of the entire case and in such cases, non–examination even of other witnesses may not be a serious infirmity in the prosecution case, particularly where the witnesses had not seen the commission of the offence.
>
> 13. In State of H.P. v. Raghubir Singh, (1993) 2 SCC 622 this Court held that there is no legal compulsion to look for any other evidence to corroborate the evidence of the prosecutrix before recording an order of conviction. Evidence has to be weighed and not counted. Conviction can be recorded on the sole testimony of the prosecutrix, if her evidence inspires confidence and there is absence of circumstances which militate against her veracity. A similar view has been reiterated by this Court in Wahid Khan v. State of M.P. (2010) 2 SCC 9 placing reliance on an earlier judgment in Rameshwar v. State of Rajasthan, AIR 1952 SC 54.
>
> 14. Thus, the law that emerges on the issue is to the effect that the statement of the prosecutrix, if found to be worthy of credence and reliable, requires no corroboration. The court may convict the accused on the sole testimony of the prosecutrix."
> (Emphasis supplied)

9.2 In the case of Krishan Kumar Malik v. State of Haryana (2011) 7 SCC 130, it is observed and held by this Court that to hold an accused guilty for commission of an offence of rape, the solitary evidence of the prosecutrix is sufficient, provided the same inspires confidence and appears to be absolutely trustworthy, unblemished and should be of sterling quality.

9.3 Who can be said to be a "sterling witness", has been dealt with and considered by this Court in the case of Rai Sandeep alias Deepu v. State (NCT of Delhi), (2012) 8 SCC 21. In paragraph 22, it is observed and held as under:

> "22. In our considered opinion, the "sterling witness" should be of a very high quality and calibre whose version should, therefore, be unassailable. The court considering the version of such witness should be in a position to accept it for its face value without any hesitation. To test the quality of such a witness, the status of the witness would be immaterial and what would be relevant is the truthfulness of the statement made by such a witness. What would be more relevant would be the consistency of the statement right from the starting point till the end, namely, at the time when the witness makes the initial statement and ultimately before the court. It should be natural and consistent with the case of the prosecution qua the accused. There should not be any prevarication in the version of such a witness. The witness should be in a position to withstand the cross−examination of any length and howsoever strenuous it may be and under no circumstance should give room for any doubt as to the factum of the occurrence, the persons involved, as well as the sequence of it. Such a version should have co-relation with each and every one of other supporting material such as the recoveries made, the weapons used, the manner of offence committed, the scientific evidence and the expert opinion. The said version should consistently match with the version of every other witness. It can even be stated that it should be akin to the test applied in the case of circumstantial evidence where there should not be any missing link in the chain of circumstances to hold the accused guilty of the offence alleged against him. Only if the version of such a witness qualifies the above test as well as all 12 other such similar tests to be applied, can it be held that such a witness can be called as a "sterling witness" whose version can be accepted by the court without any corroboration and based on which the guilty can be punished. To be more precise, the version of the said witness on the core spectrum of the crime should remain intact while all other attendant materials, namely, oral, documentary and

material objects should match the said version in material particulars in order to enable the court trying the offence to rely on the core version to sieve the other supporting materials for holding the offender guilty of the charge alleged." On evaluating the deposition of PW3 – victim on the touchstone of the law laid down by this Court in the aforesaid decisions, we are of the opinion that the sole testimony of the PW3 – victim is absolutely trustworthy and unblemished and her evidence is of sterling quality.

Therefore, in the facts and circumstances of the case, the learned trial Court has not committed any error in convicting the accused, relying upon the deposition of PW3 – victim. The learned trial Court has imposed the minimum sentence provided under Section 8 of the POCSO Act. Therefore, the learned trial Court has already shown the leniency. At this stage, it is required to be noted that allegations against the accused which are proved from the deposition of PW3 are very serious, which cannot be permitted in the civilized society. Therefore, considering the object and purpose of POCSO Act and considering the evidence on record, the High Court has rightly convicted the accused for the offence under Section 7 of the POCSO Act and has rightly sentenced the accused to undergo three years R.I. which is the minimum sentence provided under Section 8 of the POCSO Act."

(૧૧૬) નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ગણેશન વિરૂદ્ધ સ્ટેટ ના ઉપરોક્ત ચુકાદાને ધ્યાને લઇ કુલસીંગ વિરૂદ્ધ સ્ટેટ ઑફ મધ્યપ્રદેશ, ક્રિમિનલ અપીલ નંબર ૧૫૨૦/૨૦૨૧ ના કેસના ચુકાદામાં ઉપરોક્ત મુજબના સિધ્ધાંતોની પુનરુક્તિ કરવામાં આવેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવેલ છે કેઃ

"5.1 At the outset, it is required to be noted that in the present case, the prosecutrix has fully supported the case of the prosecution. She has been consistent right from the very beginning. Nothing has been specifically pointed out why the sole testimony of the prosecutrix should not be believed. Even after thorough cross-examination, she has stood by what she has stated and has fully supported the case of the prosecution.

> We see no reason to doubt the credibility and/or trustworthiness of the prosecutrix. The submission on behalf of the accused that no other independent witnesses have been examined and/or supported the case of the prosecution and the conviction on the basis of the sole testimony of the prosecutrix cannot be sustained is concerned, the aforesaid has no substance.
>
> 5.2 In the case of Ganesan (supra) this Court has observed and held that there can be a conviction on the sole testimony of the victim/prosecutrix when the deposition of the prosecutrix is found to be trustworthy, unblemished. credible and her evidence is of sterling quality."

(૧૧૭) આપણી નામદાર ઉચ્ચ અદાલત દ્વારા રંજનબેન મહેશભાઈ વસાવા વિરૂદ્ધ સ્ટેટ ઑફ ગુજરાત ના કેસના ક્રિમિનલ અપીલ નંબર ૯૩૪/૨૦૧૫ ના ચુકાદામાં પણ આવા જ સિંધ્ધાંતો પ્રસ્થાપિત કરવામાં આવેલા છે. નામદાર ઉચ્ચ અદાલત દ્વારા આ ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કેઃ

> "45. Normally, no girl or her parents would come forward to make humiliating statement against the honour of the girl, therefore, the evidence of the prosecutrix and her parents should not be discarded lightly. The testimony of the victim in case of sexual offence is vital and unless there are compelling reasons which necessitated looking for corroboration of her statement, the Court should find no difficulty to act on the testimony of the victim of sexual assault."

(૧૧૮) નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા તેમજ આપણી નામદાર ઉચ્ચ અદાલત દ્વારા ઉપરોક્ત ચુકાદાઓમાં સ્પષ્ટ રીતે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, જો જાતીય ગુન્હાનો ભોગ બનનાર સ્ત્રી કે બાળકીનો મૌખિક પુરાવો વિશ્વાસ સંપાદિત કરનારો, નિષ્કલંક અને માનવાલાયક રહેલો હોય તો તે શ્રેષ્ઠતાવાળો અને ઉત્કૃષ્ઠ પુરાવો છે અને તેના એક માત્ર આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય, નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવ્યા મુજબ જાતીય હુમલાનો ભોગ બનેલી સ્ત્રી કે બાળકી, આવા ગુન્હાની સહયોગી નથી પરંતુ અન્ય વ્યક્તિની વાસનાનો શિકાર થયેલ છે અને તેથી આવા ગુન્હાના ભોગ બનનારના પુરાવાનું ગુન્હામાં સાથીદારની જેમ શંકાની સમાન માત્રા સાથે પરીક્ષણ કરવાની જરૂર નથી. ભોગ બનનારના

પુરાવાને તેના સમર્થનકારી પુરાવા વિના પણ આરોપીને કસુરવાર ઠરાવવા ધ્યાને લઈ શકાય છે. જાતીય ગુન્હાનો ભોગ બનનારનો મૌખિક પુરાવો અન્ય કેસમાં ઈજા પામનાર સાહેદના પુરાવાથી પણ વધુ ઉંચી માત્રાનો રહેલો છે. માત્ર દુર્લભ પ્રકારના કેસ સિવાય જાતીય ગુન્હાનો કામે ભોગ બનનારના પુરાવાને સમર્થનનો આગ્રહ રાખવો જોઈએ નહી. પુરાવા અધિનિયમમાં એવી કોઇ જોગવાઇ રહેલી નથી કે જે જાતીય ગુન્હાનો ભોગ બનનારના મૌખિક પુરાવાને સમર્થનકારી પુરાવાનો આગ્રહ રાખે. આમ, નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા જાતીય ગુન્હાઓના ભોગ બનનારના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવા અંગે અને ભોગ બનનારના મૌખિક પુરાવાનું પુરાવાકીય મુલ્ય કેટલું છે તે અંગે પ્રસ્થાપિત કરવામાં આવેલા સિદ્ધાંતો મુજબ ભોગ બનનારના મૌખિક પુરાવાના એક માત્ર આધારે આરોપીને કસુરવાર ઠરાવી શકાય છે અને ભોગ બનનારના મૌખિક પુરાવાને સમર્થનકારી કોઇ પુરાવાની આવશ્યકતા નથી.

(૧૧૯) આરોપી પક્ષ તરફે વિદ્વાન વકિલશ્રી ગાંધી દ્વારા તેમની રજુઆતના સમર્થનમાં નામદાર દિલ્હી હાઈકોર્ટના **Sant Ram Vs. The State (Govt. Of NCT) Delhi** ના કેસના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલ છે. નામદાર દિલ્હી હાઈકોર્ટ દ્વારા કાયદાના એ સ્થાપિત સિદ્ધાંતો કે ભોગ બનનારનો મૌખિક પુરાવો જો વિશ્વાસ સંપાદિત કરનારો રહેલો હોય તો કોઈ સમર્થનકારી પુરાવાની જરૂરીયાત નથી તેને ધ્યાને લઈ ઠરાવવામાં આવેલ છે કે, કાયદામાં એવુ કોઈ અનુમાન રહેલ નથી કે ભોગ બનનાર હમેશા સાચુ જ બોલાતા હોય અને ભોગ બનનારના મૌખિક પુરાવાનું મુલ્યાંકન ખુબ જ સાવચેતીપુર્વક અને કાળજીપુર્વક કરવુ જોઈએ. નામદાર દિલ્હી ઉચ્ચ અદાલત દ્વારા આ ચુકાદામાં અવલોકન કરવામાં આવેલ છે કે:

> "11. In 'Sadashiv Ramrao Hadbe vs. State of Maharashtra & Anr. 2006 (10) SCC 92, the Apex Court while reiterating that in a rape case. the accused could be convicted on the sole testimony of the prosecutrix if it is capable of inspiring the confidence in the mind of the Court, put a word of caution that the Court should be extremely careful while accepting the testimony when the entire case is improbable and unlikely to have happened. This is what has been stated:

> "It is true that in a rape case the accused could be convicted on the sole testimony of the prosecutrix, if it is capable of inspiring confidence in the mind of the court. If the version given by the prosecutrix is unsupported by any medical evidence or the whole surrounding circumstances are highly improbable and belie the case set; up by the prosecutrix, the court shall not act on the solitary evidence of the prosecutrix. The courts shall be extremely careful in accepting the sole testimony of the prosecutrix when the entire case improbable and unlikely to happen."

12. In Abbas Ahmed Choudhury v. State of Assam, (2010) 12 SCC 115, observing that a case of sexual assault has to be proved beyond reasonable doubt as any other case and that there is no presumption that a prosecutrix would always tell the entire story truthfully, the Hon'ble Supreme Court held:

> "Though the statement of prosecutrix must be given prime consideration, at the same time, broad principle that the prosecution has to prove its case beyond reasonable doubt applies equally to a case of rape and there could be no presumption that a prosecutrix would always tell the entire story truthfully. In the instant case, not only the testimony of the victim woman is highly disputed and unreliable, her testimony has been thoroughly demolished by the deposition of DW-1."

13. Hon'ble Supreme Court in the decision reported as (2012) 7 SCC 171 Narender Kumar V's, State (NGT of Delhi) held:

> "23. The courts while trying an accused on the charge of rape, must deal with the case with utmost sensitivity, examining the broader probabilities of a case and not get swayed by minor contradictions nsignificant

discrepancies in the evidence of the witnesses which are not of a substantial character.

However, even in a case of rape, the onus is always on the prosecution to prove. affirmatively each ingredient of the offence it seeks to establish and such onus never shifts. It is no part of the duty of the defence to explain as to how and why in a rape case the victim and other witnesses have falsely implicated the accused. The prosecution case has to stand on its own legs and cannot take support from the weakness of the case of defence. However great the suspicion against the accused and however strong the moral belief and conviction of the court, unless the offence of the accused is established beyond reasonable doubt on the basis of legal evidence and material on the record, he cannot be convicted for an offence. There is an initial presumption of innocence of the accused and the prosecution has to bring home the offence against the accused by reliable evidence. The accused is entitled to the benefit of every reasonable doubt. (Vide Tukaram Vs. State of Maharashtra (1979) 2 SCC 143 and Uday Vs.. State of Karnataka 2003 II AD (S.C.) 358)

24. The prosecution has to prove its case beyond reasonable doubt and cannot take support from the weakness of the case of defence. There must be proper legal evidence and material on record to record the conviction of the accused. The conviction can be based on sole testimony of the prosecutrix provided it lends assurance of her testimony. However, in case the court has reason not to accept the version of the prosecutrix on its face value, it may look for corroboration. In case the evidence is read in its totality and the story projected by the prosecutrix is found to be improbable, the prosecutrix's case becomes liable to be rejected."

<u>ભોગ બનનારના મૌખિક પુરાવાનું મુલ્યાંકનઃ–</u>

(૧૨૦) ફરિયાદ પક્ષનો કેસ એ હકીકત ઉપર રહેલ છે કે, આ કામના ભોગ બનનાર મુળ બાંગ્લાદેશના રહેવાશી છે અને તેમને આરોપી નં. ૧ ધ્વારા ભારતમાં ફીલ્મ શુટીંગ અને મોડેલીંગનું કામ આપવાની લાલચ આપી ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરાવેલ અને ત્યારબાદ ભોગ બનનારને આરોપી નં. ૨ થી ૪ ની મદદથી દેહવ્યાપારમાં ધકેલી દીધેલ અને ભોગ બનનાર પાસે નાણાંના બદલામાં આરોપી નં. ૫ થી ૮ પાસે દેહવ્યાપાર કરાવી ભોગ બનનાર સાથે આરોપી નં. ૫ થી ૮ નાઓએ દુષ્કર્મ આચરી બળાત્કાર કરેલ છે અને એ રીતે તમામ આરોપીઓએ ગુન્હાહીત કૃત્ય કરેલ છે.

(૧૨૧) ફરિયાદ પક્ષ તરફે આંક–૩૦ થી સાહેદ નં. ૦૧ તરીકે આ કામના સૌથી મહત્વના સાહેદ ભોગ બનનારને તપાસવામાં આવેલા છે. ભોગ બનનારના મૌખિક પુરાવાને પ્રાથમિક રીતે ધ્યાને લેતા એ હકીકત સ્પષ્ટ થાય છે કે આ કામના ભોગ બનનાર બાંગ્લાદેશના રહેવાશી છે. ભોગ બનનારે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેમના ગામનું નામ ચરકાલેખાન, જી. બોરીસર, થાણા મુલાદી, બાંગ્લાદેશ છે અને તેમના પરીવારમાં તેમના માતા, તેમના ૬ બહેનો, એક ભાઇ છે અને તેમના પિતા આશરે ૧૧ વર્ષ પહેલા અવસાન પામેલા છે અને તેઓ ઢાકા સીટીમાં તેમના ત્રીજા નંબરના બહેન સાથે રહેતા હતા. ભોગ બનનારની આ હકીકત પરત્વે આરોપી પક્ષ ધ્વારા મહદ અંશે ઉલટ તપાસ પણ કરવામાં આવેલ છે, પરંતુ આરોપી પક્ષ તરફેની ઉલટ તપાસના આધારે પણ એ હકીકત સ્પષ્ટ થાય છે કે આ કામના ભોગ બનનાર બાંગ્લાદેશ ખાતે રહેતા હતા.

(૧૨૨) ભોગ બનનારના મૌખિક પુરાવાનું વિશ્લેષણ અને મુલ્યાંકન કરતા જણાય છે કે, ભોગ બનનારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ બાંગ્લાદેશમાં રહેતા હતા ત્યારે અભ્યાસ કરતા હતા અને સાથે સાથે મોડેલીંગનું કામ કરતા હતા અને ત્યારબાદ એક વ્યક્તિ કે જેનું નામ મનોહરહુસેન જોયના નામથી તેઓ ઓળખતા હતા તે એજન્ટે તેઓનો ફેસબુકથી સંપર્ક કરેલો અને તેણે ફ્રેન્ડ રીક્વેસ્ટ મોકલાવેલી જે તેઓએ શરૂઆતમાં સ્વીકારેલી નહી પરંતુ પાછળથી સ્વીકારેલી ત્યારબાદ તેઓને તેની સાથે ફેસબુક ઉપર વાત ચીત થયેલી અને આવી વાતચીત તેને ૨૦૨૩ માં બે ત્રણ

મહીના સુધી થયેલી અને મનોહરહુસેન જોયે તેમને મોડેલીંગ કરવા બાબતે પુછેલુ અને મનોહરહુસેન જોય કોલકતામાં મોડેલીંગનુ કામકાજ કરતા હોવાનું તેઓને જણાવેલ ત્યારે તેઓને મનોહરહુસેન ખોટુ બોલતા હોવાનું લાગેલ તેથી તેઓએ તેની વાત સ્વીકારેલ નહી ત્યારબાદ મનોહરહુસેને તેઓને ઘણા ફોન કરેલા તેઓએ તે ફોન ઉઠાવેલા નહી ત્યારબાદ સમય મળતા તેઓએ મનોહરહુસેન જોય સાથે વાત કરેલી ત્યારે મનોહરહુસેને ફરીથી કોલકતા આવી મોડેલીંગ કરવાનું જણાવેલ અને ત્યારબાદ મનોહરહુસેને તેઓને ફેસબુક મેસેન્જર પર શુટીંગના ફોટા મોકલાવેલા ત્યારબાદ મનોહરહુસેને તેઓની સાથે ફેસબુક વિડીયો કોલથી બે ત્રણ દિવસ વાત કરેલી અને ત્યારબાદ મનોહરહુસેને વિડીયોકોલથી બે છોકરીઓ બાંગ્લાદેશી છે તે મારી પાસે કામ કરે છે તેવુ કહી તેઓની સાથે વાતચીત કરેલી અને ત્યારે તેઓને ફરીથી કલકત્તા આવીને મોડેલીંગ કરવા જણાવેલ તેથી તેઓએ વિડીયોકોલમાં જે બે છોકરીઓ બતાવેલી તેની સાથે વાતચીત કરેલી ત્યારપછી તેઓને એવુ લાગેલુ કે મનોહરહુસેન ખરેખર તેઓને મોડેલિંગ કામ માટે બોલાવે છે તેથી તેઓએ ત્યાં કેવી રીતે આવવુ તેવુ પુછેલુ ત્યારબાદ મનોહરહુસેને તેઓને જેસોર બોર્ડર પર આવી જવા જણાવેલ તો તેઓએ મનોહરહુસેનને જણાવેલ કે તેઓ એકલા કેવી રીતે જાય તેઓની પાસે પાસપોર્ટ પણ નથી તો મનોહરહુસેને તેઓને જણાવેલ કે પાસપોર્ટની જરૂર પડતી નથી એમ જ આવી જાવ તમારા કોઈ ફ્રેન્ડ હોય તો તેમની સાથે આવી જાવ અને ત્યારબાદ તેઓની એક મિત્ર ડેઝી જે બાંગ્લાદેશમાં શુટીંગ કરે છે તેને વાત કરેલી ત્યારબાદ તેઓએ ડેઝીની વીડીયોકોલ ઉપર મનોહરહુસેન સાથે વાત કરાવેલ.

(૧૨૩) ઉપરોક્ત હકિકતે ભોગ બનનાર તેમની જુબાનીમાં મનોહર હુસેન નામના વ્યકિતએ તેમની સાથે ફેસબુક પર વાત કરી મોડેલીંગના કામ માટે કોલકત્તા આવવાનું જણાવેલ હોવાનું કહેલ છે. જ્યારે કે ભોગ બનનારને વિધાનગર ખાતેના ફ્લેટમાંથી ૧૮૧ અભયમ ટીમ દ્વારા વિધાનગર પોલીસ સ્ટેશન ખાતે લઇ જવામાં આવેલ ત્યારે ભોગ બનનારની સૌપ્રથમ પુછપરછ કરનાર વિધાનગર પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેક્ટર શ્રી જી.એસ. ગઢવીએ તેમના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તેઓ સમક્ષ ભોગ બનનાર બાળાએ એવી હકીકત જણાવેલી કે, તેણી બાંગ્લાદેશી નાગરીક છે અને તેણીને મોડેલીંગ ક્ષેત્રમાં જવુ હોય તેમના ફેસબુક ફ્રેન્ડ મહમંદ નઇમ શેખે એક એજન્ટનો કોન્ટેકટ કરી આપેલ હતો અને તેણીને તે ભારત લઇ આવેલો અને

તેઓ મુંબઇ રેલ્વે સ્ટેશન પર ઉતરેલા ત્યાં તેણીને લેવા માટે મુનાવર હસન નામનો માણસ આવેલ અને મુનાવરહુસેન તેણીને તેમના ઓળખીતા સોનિયાના ઘરે લઇ આવેલ. જાણવા જોગ દાખલ કરનાર અને જાણવા જોગની તપાસ કરનાર શ્રી જી.એસ. ગઢવી દ્વારા આંક–૧૮૭ થી રજુ થયેલ જાણવા જોગ ફરીયાદ જાહેર કરવામાં આવેલ. આ જાણવા જોગની જાહેરાત ધ્યાને લેતાં તેમાં પણ એવી હકિકત જણાવવામાં આવેલ છે કે, ભોગ બનનારની પુછપરછ કરતા તેણીએ જણાવેલ કે, પોતાને ભારતમાં ફિલ્મ શુટીંગમાં મોડેલીંગનું કામ અપાવવાનું કહી તેમની ફેસબુક ફ્રેન્ડ નઇમ શેખનાએ એક એજન્ટનો કોન્ટેક્ટ કરી આપેલો અને તેઓને ભારતમાં લાવેલા. તેવી જ રીતે આ ગુનાની આંક–૧૯૫ વાળી તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ ની ફરીયાદમાં પણ એવી હકિકત રહેલ છે કે, ભોગ બનનારનું નિવેદન લેતાં ભોગ બનનારે પોતાને ભારતમાં ફિલ્મ શુટીંગમાં મોડેલીંગનું કામ કરવુ હોય જેથી તેણીએ તેમના ફેસબુક ફ્રેન્ડ મોહમદ નઇમ શેખ કે જે બાંગ્લાદેશમાં રહે છે તેનો કોન્ટેક્ટ કરેલ અને આ મોહંમદ નઇમ શેખે એક એજન્ટને મેળવેલ જેનું નામ પોતાને ખબર નથી.

(૧૨૪) આમ, ફરીયાદી અને જાણવા જોગની તપાસ કરનાર અધિકારીના મૌખિક પુરાવા તથા આંક–૧૮૭ થી રજુ થયેલ જાણવા જોગની જાહેરાત તેમજ આંક–૧૯૫ વાળી ફરીયાદ ની હકિકત મુજબ ભોગ બનનારને ભારતમાં ફિલ્મ શુટીંગમાં મોડેલીંગનું કામ કરવુ હોય તેથી ભોગ બનનારના ફેસબુક ફ્રેન્ડ મોહંમદ નઇમ શેખ નાએ ભોગ બનનારને કોઇ એજન્ટનો સંપર્ક કરી આપેલો અને ત્યારબાદ તે એજન્ટ ભોગ બનનારને ભારતમાં લાવેલ હોવાનું જણાય છે. આંક–૧૮૭ ની જાહેરાત મુજબ ભોગ બનનારને તેણીના ફેસબુક ફ્રેન્ડ મોહંમદ નઇમે ભારતમાં ફિલ્મ શુટીંગમાં મોડેલીંગનું કામ અપાવવાનું કહેલ હોવાની હકિકત રહેલ છે. જ્યારે કે આંક–૧૯૫ વાળી ફરીયાદ હકિકત મુજબ ભોગ બનનારે પોતાને ભારતમાં ફિલ્મ શુટીંગમાં મોડેલીંગનું કામ કરવુ હોય જેથી તેણીએ તેણીના ફેસબુક ફ્રેન્ડ મોહંમદ નઇમ શેખ કે જે બાંગ્લાદેશમાં રહે છે તેનો સંપર્ક કરેલ અને આ મોહંમદ નઇમ શેખે એક એજન્ટ ને મેળવેલ અને જે એજન્ટનું નામ ભોગ બનનારને ખબર ન હોવાની હકિકત રહેલ છે. આમ, આંક–૧૮૭ વાળી જાહેરાત અને આંક–૧૯૫ ની ફરીયાદ થી તદ્દન વિરૂદ્ધની અને વિસંગત હકિકત ભોગ બનનાર પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવી મનોહર હુસેન જોયના નામથી તેણી ઓળખતી હતી તે એજન્ટે તેણીનો ફેસબુકથી સંપર્ક કરેલો

અને તે મનોહર હુસેન જોયે તેણીને કોલકત્તામાં મોડેલીંગનું કામ કરવા પુછી કોલકત્તા આવી મોડેલીંગનું કામ કરવા આવવા જણાવેલ હોવાનું જણાવેલ છે. આ હકિકત ભોગ બનનારના સોગંદ ઉપરના મૌખિક પુરાવાને પ્રથમથી જ પાયામાં વિપરીત અસર કરનારી અને ભોગ બનનારના સોગંદ ઉપરના મૌખિક પુરાવા પરત્વે સંદેહનું નિર્માણ કરનારી રહેલી છે.

(૧૨૫) ઉપરોક્ત મુજબની હકિકત અનુસાર આંક–૧૮૭ ની જાહેરાત તેમજ આંક–૧૯૫ ની ફરીયાદ ભોગ બનનારના નિવેદનના આધારે અને ભોગ બનનારે તેમના નિવેદનમાં જણાવેલ હકિકતના આધારે આપવામાં આવેલ હોવાનું સ્થાપિત થાય છે. જે બાબત એ દર્શાવે છે કે, ભોગ બનનારે પોતાના પ્રથમ નિવેદનથી વિસંગત અને વિરૂદ્ધની વધુ પડતી હકિકત તેમના મૌખિક પુરાવામાં જણાવેલ છે. જે સ્પષ્ટપણે ભોગ બનનારના મૌખિક પુરાવાને વિશ્વસનીયતાની એરણની કસોટીમાંથી પસાર થવા દઇ શકે નહી. આંક–૧૮૭ ની જાહેરાત અને આંક–૧૯૫ ની ફરીયાદ મુજબ પણ આ કામના કોઇ પણ આરોપીઓએ ભોગ બનનારને ભારતમાં ફિલ્મ શુટીંગના કામ માટે કે મોડેલીંગના કામ માટે કે આક્ષેપિત ગુન્હા જેવા કોઇ કૃત્ય કે કામ માટે ભારતમાં બોલાવેલ હોય કે ભારતમાં આવવા માટે કોઇ લોભ, લાલચ, પ્રલોભન આપેલ હોય અથવા ભારતમાં આવવા કોઇ ધાક–ધમકી કે દબાણ કરેલ હોય તેવી હકિકત ફલિત થતી નથી.

(૧૨૬) ભોગ બનનારે તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓને રાત્રે એક વાગે મનોહર હુસેન એક સ્ત્રીના ઘરે લઈ ગયેલા તેનું નામ સોનીયા હતુ અને મનોહરહુસેન તેઓને સોનીયાના ઘરે મુકીને જતો રહેલો અને તેઓએ મનોહરહુસેનને શુટીંગ ક્યારે કરવાનું છે તેવુ પુછતા તેમને શુટીંગ માટે પછી લઈ જઈશું તેમ જણાવેલ. ભોગ બનનારના પુરાવાઓના આધારે એ હકીકત પણ ફલીત થાય છે કે, ભોગ બનનાર મુંબઇ આવ્યા ત્યાં સુધીમાં એક મનોહર હુસેન નામના વ્યીકત સીવાય આ કામના કોઇ આરોપીઓ તેમના સંપર્કમાં ન હતા હે તેઓ ભોગ બનનારને ઓળખતા ન હતા કે તેઓ સાથે કોઇ વાતચીત થયેલી નહીં. ભોગ બનનારે તેમના પુરાવામાં જણાવેલ છે કે, જ્યારે તેઓ સોનીયાના ઘરે ખાતા હતા ત્યારે સોનીયાએ તેઓને પુછેલ કે તમો અહી શા માટે આવેલ છો તો તેઓએ કહેલ કે તેઓ અને ડેઝી બન્ને શુટીંગ કરવા માટે આવેલ છે. આ

બાબત એ હકીકત દર્શાવે છે કે, આ કામના આરોપી સોનીયા ધ્વારા પણ ભોગ બનનારને કોઇ લાલચ આપી ભારતમાં બોલાવવામાં આવેલ ન હતા.

(૧૨૭) ઉપરોકત હકીકત મુજબ આ કામના ભોગ બનનારે ફરિયાદી શ્રી જી.એસ.ગઢવી સમક્ષ જાહેર કરેલ હકીકત મુજબ નઇમ શેખ ભોગ બનનારના ફેસબુક ફ્રેન્ડ હોવાની હકીકત ફલીત થાય છે અને તેઓએ ભોગ બનનારને કોઇ એજન્ટનો સંપર્ક કરી આપેલ અને તેના મારફતે ભોગ બનનાર ભારતમાં આવેલ હોવાનું જણાય છે. જયારે કે ભોગ બનનારના ઉપરોકત મુજબના મૌખિક પુરાવા અનુસાર ભોગ બનનાર મનોહરહુશેન જોય નામના વ્યકિત સાથે ફેસબુકથી સંપર્કમાં આવેલા અને મનોહરહુશેને તેમને મોડેલીંગના કામ માટે કોલકતા બોલાવેલ. ફરિયાદ પક્ષના પુરાવાઓના આધારે એ હકીકત ફલીત થાય છે કે, ભોગ બનનાર જે મનોહરહુસેન નામના વ્યકિત સાથે ફેસબુકથી સંપર્કમાં આવેલા તે બાબતે કોઇ ફેસબુક એકાઉન્ટની માહિતી કે વિગત રજુ થયેલ નથી. ભોગ બનનાર અને આ મનોહરહુસેન નામના વ્યકિત વચ્ચેના ફેસબુક ચેટીંગની કોઇ વિગત કે તે બાબતનો કોઇ પુરાવો પણ આ કામે રજુ થયેલ નથી. ભોગ બનનારના પુરાવાના આધારે જણાય છે કે, તેઓ અભ્યાસ કરતા અને મોડેલીંગનું કામ કરતા હતા તેથી જાહેર જીવન સાથે નજીકથી સંકળાયેલા હતા અને તેઓ એટલી સામાન્ય સમજ ધરાવતા હતા કે, જો બાંગ્લાદેશમાંથી ભારતમાં આવવુ હોય તો પાસપોર્ટની જરુર પડે છે અને તેમની પાસપોર્ટ નથી. ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં ઈન્કાર કરેલ છે કે, ભારતમાં આવવા માટે વિઝા અને પાસપોર્ટ જોઇએ તેવુ તેઓ જાણતા હતા. પરંતુ તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે પ્લેનમાં આવવા માટે વિઝા અને પાસપોર્ટ જોઇએ તે તેઓ જાણતા હતા. તેણીએ સ્વીકારેલ છે કે, ભારતમાં જવા માટે તેણીએ વિમાનથી જવાનું નથી તેવી તેણીને અગાઉથી ખબર હતી અને તેણીને ભારતમાં જતા પહેલા ત્યાં જવુ જોઇએ નહી તેવુ પણ એકવાર લાગેલુ. ભોગ બનનારે સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, તેઓ પાસે ભારત આવવા માટેના કોઇ વિઝા કે પાસપોર્ટ ન હતા.

(૧૨૮) ભોગ બનનારતે તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, મનોહરહુસેનની પત્નીએ તેઓને જણાવેલ કે તેઓને અહીં શુ કહીને લાવવામાં આવેલ છે તો તેઓએ કહેલ કે શુટીંગ કરવા માટેનું કહીને લાવેલ છે ત્યારબાદ તેઓને

મનોહરહુસેનની પત્નીએ જણાવેલ કે અહી શુટીંગ બુટીંગ કઈ થવાનું નથી. ભોગ બનનારે એવી હકીકત પણ જણાવેલ છે કે, મનોહરહુસેનની પત્નીએ તેઓને જણાવેલ કે મનોહરહુસેન જણાવે તેમ કરો નહી તો પ્રોબ્લેમ થશે ત્યારબાદ તેઓએ મનોહરહુસેનની પત્નીને જણાવેલ કે શુટીંગ નહી હોય તો તેઓને ફરી બાંગ્લાદેશ મોકલી દો તેઓને અહી નથી રહેવુ અને મનોહરહુસેનની પત્નીએ તેઓને જણાવેલ કે તમે મનોહરહુસેનની વાત સમજો નહી તો તમે જીંદગીભર બાંગ્લાદેશ જઈ શકશો નહી તેથી તેઓ ખુબ જ ડરી ગયેલા અને રડવા લાગેલા.

(૧૨૯) ભોગ બનનારે તેઓની જુબાની દરમ્યાન વિશેષમાં જણાવેલ છે કે, તા.૨૯/૦૮/૨૦૨૩ ના રોજ સવારે દસેક વાગે મનોહરહુસેન તેમના પત્ની અને નાના બાળક સાથે સોનીયાના ઘરે આવેલા ત્યારબાદ મનોહરહુસેને તેઓને જણાવેલ કે એક જણે શુટીંગ માટે તેમની સાથે રહેવાનું છે અને એક જણાએ બહાર શુટીંગ માટે જવાનું છે ત્યારબાદ તેઓએ તેઓને જણાવેલ કે જો શુટીંગ કરવુ હોય તો તેઓ અને ડેઝી બન્ને સાથે કરશે જો નહી કરવાનુ હોય તો તેઓને ફરીથી બાંગ્લાદેશ મોકલી દો ત્યારબાદ મનોહરહુસેને તેઓને કહેલુ કે, તમે વધારે મગજમારી નહી કરો હું કહુ તેમ કરો, ત્યારબાદ તેઓને સોનીયા સાથે બહાર મોકલી દીધેલ અને ડેઝીને તેઓની સાથે રાખેલી ત્યારબાદ સોનીયા બપોરે એક વાગે તેઓને લઈને બહાર નીકળી ગયેલ અને મનોહરહુશેન ડેઝીને સાથે લઈને નીકળી ગયેલા.

(૧૩૦) ઉપરોકત મુજબની ભોગ બનનારે મનોહરહુસેન નામના વ્યકિતની પત્ની અંગેની જણાવેલ હકીકતો ભોગ બનનારે તેમના પોલીસ રૂબરૂના ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૧૬૧ ના નિવેદનમાં કે તેમના ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૧૬૪ ના નિવેદનમાં જણાવેલ ન હોવાનું સ્પષ્ટ રહેલ છે. આ બાબતને બીજી રીતે ચકાસતા જણાય છે કે, ભોગ બનનાર ધ્વારા જણાવવામાં આવેલ આ હકીકતો એક નવુ પાસુ ઉભેરે છે કે મનોહરહુસેન નામના વ્યકિતના પત્ની પણ કાં તો ભોગ બનનારને ભારતમાં લાવવામાં સામેલ હતા કાં તો તેઓ આ હકીકત જાણતા હતા. તપાસ કરનાર અધિકારીના પુરાવાને ધ્યાને લેતા મનોહરહુસેનની પત્ની બાબતે તપાસ કરનાર અધિકારીએ કોઇ તપાસ કરી હોવાનું રેકર્ડ જણાય આવતું નથી. તેનું કારણ એ રહેલ છે કે, ભોગ બનનારે આવી હકીકતો સૌપ્રથમ વખત જણાવેલ છે.

આમ, આ બાબત પણ ભોગ બનનાર ધ્વારા તેમના મૌખિક પુરાવામાં વધારે ચઢાવી હકીકતો જણાવેલ હોવાનું દર્શાવે છે.

(૧૩૧) ભોગ બનનારના મૌખિક પુરાવાના આધારે એવી હકીકત જણાય છે કે, ભોગ બનનાર અને તેમના બહેનપણી ડેઝી આ મનોહરહુસેન નામના વ્યકિતના કહેવા મુજબ તા.૨૧/૦૮/૨૦૨૩ ના રોજ બસમાં જેસૌર રાત્રે આઠ વાગ્યે પહોંચેલા અને ત્યારબાદ મનોહરહુસેન જોયે તેમને જણાવ્યા મુજબ અલગ અલગ જગ્યાએ રોકાયા બાદ તેઓએ કેટલાક લોકોની મદદથી તા. ૨૩/૦૮/૨૦૨૩ ના રાત્રે ૧૦ વાગે સરહદ ઓળંગવા નીકળી ચાલતા ચાલતા સરહદ ઓળંગી ભારતના ખેતરમાં મળશ્કે ત્રણ ચાર વાગ્યે આવેલા અને ત્યારબાદ એક પ્રાઈવેટ વ્હાઈટ કલરની કારમાં કોઇ એક ઘરે તેઓને લઈ ગયેલ અને ત્યાં બે ત્રણ કલાક રોકાયા બાદ એક મોટર સાયકલ ઉપર સવારના સાતેક વાગ્યાના અરસામાં તેઓને અને ડેઝીને એક કલાક દુર કોઈક સ્થળે લઈ જવામાં આવેલ ત્યારબાદ ત્યાં એક પ્રાઈવેટ કાર આવેલ તેમાં તેઓને કલકત્તાના હાવરા બ્રીજ રેલ્વે સ્ટેશન ખાતે લઈ જવામાં આવેલા અને ત્યારબાદ ત્યાં તેઓને એક ભારતનું મોબાઈલ ફોનનું સીમ કાર્ડ આપવામાં આવેલ અને આ સીમકાર્ડથી તેઓએ મનોહરહુસેન સાથે વાતચીત કરેલી ત્યારબાદ રેલ્વે સ્ટેશન પર એક કુલ્લી જેવો માણસ તેઓને મળેલ તેણે તેઓને ટ્રેનની ટીકીટ કઢાવી આપેલ તે લોકલ ટીકીટ હતી ત્યારબાદ ૦૧:૧૫ મીનીટે મુંબઈ જવા માટેની ટ્રેન મળેલી જેમાં તેઓ અને ડેઝી ટ્રેનમાં બે દિવસ મુસાફરી કરી મુંબઈ આવેલા અને નાલાસોપારા પહેલા ત્યાં એક રેલ્વે સ્ટેશન આવે છે ત્યારે તેઓને ઉતારેલ ત્યાં તેઓને મનોહરહુસેન જોય લેવા માટે આવેલા ત્યારબાદ મનોહરહુસેને તેઓને તેની બેનના ઘરે જવાનું છે તેમ જણાવેલુ.

(૧૩૨) ભોગ બનનારના મૌખિક પુરાવાના અધારે એ હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, ભોગ બનનાર સાથે તેમના ડેઝી નામના બહેનપણી પણ ગેરકાયદેસર રીતે ભારતમાં આવેલા હતા અને મુંબઈ સુધી તેઓ ભોગ બનનાર સાથે હતા. તપાસ કરનાર અધિકારીએ તેમની તપાસ દરમિયાન ભોગ બનનાર સાથે રહેલ તેમના બહેનપણી ડેઝી બાબતે કોઇ તપાસ કરેલ ન હોવાનું રેકર્ડ ઉપરથી જણાય છે. ફરિયાદ પક્ષ તેમના પુરાવાઓ દરમિયાન પણ ભોગ બનનારના આ બહેનપણી ડેઝી હાલ કયાં છે અને કોની સાથે ગયેલ કે તેમના વિશે કોઇ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૧૩૩) ભોગ બનનારના પુરાવાના આધારે જણાય આવેલ ઉપરોકત હકીકત એ દર્શાવે છે કે, ભોગ બનનારને બાંગ્લાદેશમાંથી ગેરકાયદેસર રીતે પ્રવેશ કરાવવા માટે બાંગ્લાદેશના કેટલાક લોકો અને ભારતમાં ગેરકાયદેસર પ્રવેશ કરાવ્યા પછી ભારતમાં કેટલાક લોકોએ મુંબઈ સુધી આવવા માટે મદદ કરેલ છે. રેકર્ડ ઉપરના પુરાવાઓ ધ્યાને લેતા જણાય છે કે, તપાસ કરનાર અધિકારી ધ્વારા આ બાબતે કોઈ તપાસ કરવામાં આવેલ નથી અને આવી કોઇ વ્યકિતઓની તપાસ કે શોધખોળ પણ કરવામાં આવેલ નથી.

(૧૩૪) ભોગ બનનારના પુરાવાના આધારે જણાય છે કે, ભોગ બનનાર અને તેમના બહેનપણી ડેઝી બંન્ને તેમના ઘરે કોઈને જાણ કર્યા વિના બાંગ્લાદેશ ખાતે કેટલાક અલગ અલગ લોકોની મદદ લઈ ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશેલ અને તે બાબત ભોગ બનનાર હિંમતવાન, નિડર, હોશીયાર, સમજદાર અને ભણેલા હોવાની તેમજ ભોગ બનનાર પોતાની મરજીથી અને રાજીખુશીથી આવેલ હોવાની બાબત દર્શાવે છે. ભોગ બનનારના પુરાવા પ્રત્યે એ બાબતથી પણ આશંકા જન્મે છે કે, ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, મોડેલિંગના કામ માટે તેણી જ્યારે પણ જતા ત્યારે એકલા જતા હતા અને ત્યારબાદ તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણીના ઘરના કોઈપણ સભ્ય તેની સાથે આવતા હતા. જો ભોગ બનનારના આ કથન અનુસાર બાંગ્લાદેશમાં જ કોઇ સ્થળે ભોગ બનનાર મોડેલીંગના કામ માટે એકલા જતા ન હોય અને તેમના ઘરના કોઇ સભ્ય તેમની સાથે હોય તો ઘરના કોઇ સભ્યોને જાણ કર્યા વિના કઇ રીતે ગેરકાયદેસર રીતે સરહદ ઓળંગી ભારતમાં આવી શકયા. રેકર્ડ ઉપર એ સવાલનો કોઇ પુરાવારૂપી જવાબ રહેલ નથી કે ભોગ બનનારના ઘરના સભ્યો કે ભોગ બનનાર સાથે આવેલ તેમના બહેનપણી ડેઝીના ઘરના સભ્યોએ પોલીસમાં કોઇ જાણ કરી કે ગુમ થયા અંગેની ફરિયાદ કરેલી. આ બાબત પણ ખુબ જ સુચક રહેલી છે.

(૧૩૫) ભોગ બનનારના પુરાવાના આધારે જણાય છે કે, ભોગ બનનાર પ્રથમથી જ જાણતા હતા કે તેઓની પાસે પાસપોર્ટ કે વિઝા રહેલ નથી અને તેઓએ ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરવાનો છે. ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં

સ્વીકારેલ છે કે, બાંગ્લાદેશની બોર્ડર ક્રોસ કર્યા બાદ ભારતમાં પ્રવેશી હાવરા રેલ્વે સ્ટેશન સુધી પહોચતા દરમ્યાન ખેતરમાં ચાલેલા ત્યારે તેણી અને ડેઝી વચ્ચે ખુબ જ તકલીફ પડે છે અહીં નહી આવ્યા હોત તો સારુ થાત તેવી વાતચીત થયેલી અને તેણી હાવરા રેલ્વે સ્ટેશન પર પોલીસને જોઈને સરેન્ડર કરી લીધેલ નહી. ભોગ બનનારે સ્વેચ્છાએ જણાવેલ છે કે, ડર લાગેલો. ભોગ બનનાર ધ્વારા કરવામાં આવેલ કથન એ બાબત દર્શાવે છે કે, ભોગ બનનાર તેઓ અને ડેઝી ગેરકાયદેસર રીતે સરહદ ઓળંગી ભારતમાં પ્રવેશેલ છે અને તે ગેરકાયદેસર બાબત છે તેવું જાણતા હતા. તેથી તેમને હાવરા રેલ્વે સ્ટેશને પોલીસને જોઇ ડર લાગેલ અને પોલીસની કોઇ મદદ માંગેલ નહીં કે પોલીસ સમક્ષ સરન્ડર કરેલ નહીં.

(૧૩૬) ઉપરોકત હકીકતો આરોપી પક્ષની એ રજુઆત કે, ભોગ બનનારને મનોહરહુસેન નામના વ્યકિતએ કોલકતા મોડેલીંગના કામ માટે બોલાવેલ તેમ છતા જયારે ભોગ બનનારને કોલકતાના હાવરા રેલ્વે સ્ટેશનથી મુંબઇની ટ્રેનમાં મોકલવામાં આવેલ ત્યારે પણ તેઓએ આ બાબતે કોઇ સવાલ તેમને ભારતમાં બોલાવનાર મનોહરહુસેન નામના વ્યકિતને તેઓ તેમની સાથે સંપર્કમાં હોવા છતા કરેલ નથી કે તે બાબતે કોઇ વિરોધ દર્શાવેલ નથી. ભોગ બનનારનો પુરાવો ધ્યાને લેતા પણ તેઓએ આ બાબતે આ મનોહરહુસેન નામના વ્યકિત સાથે કોઇ વાત કરેલ હોય કે કશું પુછેલ હોય તે કોઇ વિરોધ કરેલ હોય તેવી કોઇ હકીકતો જણાય આવતી નથી અને આ બાબત અસ્પષ્ટ બની રહે છે. ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, હાવરા રેલ્વે સ્ટેશનથી ટ્રેનમાં બેઠા ત્યારે તેણી અને ડેઝી એકલા હતા અને તેણીની સાથે બીજુ કોઈ ન હતુ અને તેઓની ટ્રેન મુંબઈ સુધી પહોચી તે દરમ્યાન ઘણા રેલ્વે સ્ટેશન ઉભી રહેલી અને એકવાર હાવરા રેલ્વે સ્ટેશનથી ટ્રેન ઉપડ્યા બાદ ટ્રેન મુંબઈ પહોચી તે દરમ્યાન ટ્રેન જે જે રેલ્વે સ્ટેશન ઉપર ઉભી રહેલી તે રેલ્વે સ્ટેશન ઉપર તેણીએ જાતે કોઈ મદદ માંગેલ નહી. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણી કન્ફ્યુઝ હતી. ભોગ બનનારના પુરાવાના આ ભાગનું વિશ્લેષણ કરતા જણાય છે કે, ભોગ બનનારને મનોહરહુસેન નામના વ્યકિત કોલકતામાં મોડેલીંગના કામ માટે ભારતમાં બોલાવતા હતા તો કોલકતાથી ટ્રેનમાં બેસાડી મુંબઇ જવાનું કહેવામાં આવે અને તે પણે કોઇ કુલી જેવા માણસ મારફતે ટીકીટની વ્યવસ્થા કરી મુંબઇની ટ્રેનમાં બેસાડવામાં આવે તો પણ ભોગ બનનાર કોઇ આશંકા વ્યકત ના કરે તે બાબત વ્યાજબી રીતે માની શકાય

તેમ જણાતી નથી.

(૧૩૭) આરોપી પક્ષ તરફે એવી રજુઆત પણ કરવામાં આવેલ છે કે, ભોગ બનનારને આ સમગ્ર સમય દરમિયાન કોઈની મદદ મેળવવાની, સ્થળ છોડી દેવાની, નાશી જવાની, મોબાઈલ મારફતે કોઇને જાણ કરવાની, બુમાબુમ કરવાની, વિરોધ કરવાની પુરતી અને ઘણી બધી તક હોવા છતા ભોગ બનનારે આવું કશું કરેલ નથી.

(૧૩૮) આ રજુઆત સંદર્ભે ભોગ બનનારના પુરાવાનું મુલ્યાંકન કાળજીપુર્વક અને ઝીણવટભરી રીતે કરવુ યોગ્ય જણાય છે. ભોગ બનનારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ત્યારબાદ બે વાગ્યાની ટ્રેનમાં સોનીયા અને તેઓ નાલાસોપારાથી નીકળેલા ત્યારબાદ તેઓએ સોનીયાને ટ્રેનમાં પુછેલ કે હવે ક્યાં જવાનું છે તો સોનીયાએ જણાવેલ કે હમણા મારે એક ફ્રેન્ડને ત્યાં જવાનું છે પછી શુટીંગ માટે જવાનું છે ત્યારબાદ સોનીયા તેના મિત્રને ત્યાં લઈ ગયેલ તેનુ નામ તેમને ખબર નથી તેઓને સોનીયા તેના મિત્રને ત્યાં ક્યા ગામે લઈ ગયેલ તે તેમને ખબર નથી પરંતુ તેના મિત્રને રાખડી બાંધવા માટે લઈ ગયેલ તેવુ તેઓ જાણતા હતા અને તે રાત્રીના તેઓ સોનીયાના મિત્રને ત્યાં રાત રોકાયેલ ત્યાં સોનીયાના મિત્રનું ફેમીલી હતુ ત્યારબાદ તા.૩૦/૦૮/૨૦૨૩ ના રોજ સવારે દસ વાગે સોનીયાના મિત્રને ત્યાંથી નીકળેલા તો તેઓએ સોનીયાને પુછેલ કે, હવે આપણે ક્યાં જવાનુ છે, તો સોનીયાએ જણાવેલ કે, મારા એક બીજા મિત્રને ત્યાં જવાનું છે તો તેઓએ તેને મિત્રને ત્યાં જવાની ના પાડેલ. ભોગ બનનારના પુરાવાના આધારે જણાય છે કે, ભોગ બનનારને આરોપી સોનીયા જયારે નાલાસોપારાથી તેમના મીત્રને રાખડી બાંધવા લઇ ગયેલ ત્યારે ભોગ બનનારને સોનીયાએ કોઇ ધમકી આપેલ હોય તેવી કોઇ હકીકત રહેલ ન હતી.

(૧૩૯) ભોગ બનનારના પુરાવાને ધ્યાને લેતા જણાય છે કે, ભોગ બનનારે વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ ટ્રેનમાં બેસીને વડોદરા આવેલા ત્યાં સાંજે લોટ્સ ગોલ્ડ હોટલ ઉપર ગયેલા ત્યાં સોનીયા તેઓને સુનિલ નામના એક એજન્ટ પાસે લઈ ગયેલ ત્યારબાદ તેઓ હોટલમાં ફ્રેશ થઈને ખાવાનું ખાઈને બેઠા હતા ત્યારબાદ સોનીયાએ આ આવીને તેઓને કહેલ કે તુ અહી રોકા તને કંઈ જોઈએ તો સુનિલને કહ્યું છે તો તેઓએ સોનીયાને કહેલ કે તેઓ હિન્દી બોલી શકતી નથી અને તુ મને એકલી મુકીને ક્યાં જાય છે તો સોનીયાએ તેઓને કહેલ કે, હું મારા કામથી બીજી હોટલમાં જાવ

છું, ત્યારબાદ સોનીયાએ તેઓને જણાવેલ કે તને કંઈ જરૂર પડે તો તેમને ફોન કરજે જેથી તેઓ સુનિલને ફોન કરીને કહી દેશે ત્યારબાદ સોનીયા અને મનોહરહુસેન તેઓની સાથે બાંગ્લાદેશી ભાષામાં વાત કરતા હતા અને તેઓ રાત્રે તે જ હોટલમાં રોકાયેલા અને સોનીયા રાત્રે તેઓના રૂમ ઉપર આવેલી. આમ, ખુદ ભોગ બનનાર તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ અને સોનીયા વડોદરા ગયા બાદ હોટલ હોટલ લોટસ ગોલ્ડ ખાતે ગયેલા ત્યારે સોનીયા તેના કામથી બીજી હોટલમાં ગયેલ અને રાત્રે રૂમ પર આવેલ અને તે સમય દરમિયાન ભોગ બનનાર એકલા જ રહેલા હતા. ક્ષણભર માટે દલીલ સ્વરૂપે પણ માનવામાં આવે કે ભોગ બનનારને કોઈ માણસ પાસે દેહવ્યાપાર કરાવવામાં આવશે તેવી ભોગ બનનારની કોઈ ભીતી કે આશંકા હોય શકે નહીં તેથી તે સમયે તેઓએ કોઈનો સંપર્ક કરેલ નહીં કે તે સ્થળ છોડી દીધેલ નહીં. પરંતુ આ હકીકતનો ઉપરોકત મુજબની રેકર્ડ ઉપર સ્થાપિત થયેલ હકીકતો કે, ભોગ બનનાર તેમના ઘરના કોઈ સભ્યોને જાણ કર્યા વિના ગેરકાયદેસર રીતે ભારતમાં અનેક લોકોનો સંપર્ક કરી પ્રવેશેલા અને તેમના કથન અનુસાર તેમને કોલકતા ખાતે મોડેલીંગ માટે બોલાવવામાં આવેલ તેમ છતા મુંબઈની ટ્રેનમાં બેસાડી મુંબઈ મોકલવામાં આવેલા અને મનોહરહુસેને તેમના મોબાઈલના ડેટા અને ફેસબુક તથા વ્હોટસએપ એપ્લીકેશન્સ ડીલીટ કરાવી દીધેલ તે ભોગ બનનારની જાણમાં હોવા છતા ભોગ બનનાર ધ્વારા તેમની પાસે મોબાઈલ હોવા છતા કોઈનો સંપર્ક કરેલ નથી કે કોઈ બાબત જણાવેલ નથી.

(૧૪૦) ભોગ બનનારે તેમના પુરાવામાં વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ તા.૩૧/૦૮/૨૦૨૩ ના રોજ સવારે કોઈક ગ્રાહક આવેલ અને સોનીયા અને સુનિલે આવીને તેઓને કહેલ કે તુ ઉપર એક રૂમ નંબર કહેલો તેમાં જા તે રૂમ નંબર ચોકક્સ શું હતો તે તેઓને યાદ નથી તો તેઓએ કહેલુ કે, મારે ઉપર કેમ જવાનું ત્યારબાદ તેઓએ વારંવાર કહેલ કે તેઓ અહીં શુટીંગ માટે આવેલ છે શુટીંગ નહી કરવુ હોય તો તેઓને કેમ ઉપરના રૂમમાં જવાનું ત્યારબાદ સોનીયાએ તેઓને ગુસ્સો કરીને કહેલ કે તને ઉપર જવા માટે કહ્યુને તુ ઉપર જા તારો એજન્ટ તને એટલા માટે જ લાવેલ છે તુ ઉપર નહી જા તો પ્રોબ્લેમ થશે ત્યારબાદ તેઓ રડીને કહેલ કે તેઓ આવા ખોટા કામ માટે આવેલ નથી ત્યારબાદ સોનીયાએ તેઓને ગુસ્સો કરીને ઉપરના રૂમમાં મોકલી દીધેલ અને તેઓ ઉપરના રૂમમાં ગયેલ ત્યારે રૂમમાં કોઈ ન હતું ત્યારબાદ એક માણસ વોશરૂમ

માંથી આવેલો તેથી તેઓએ સોનીયાને ફોન કરેલો કે અહીયા તો એક માણસ છે તો તેઓને અહીંયા શું કરવાનું તો સોનીયાએ તેઓને કહેલ કે તે જેમ કહે તેમ કર ત્યારબાદ તે માણસે તેઓ પાસે આવી નામ પુછેલ તો તેઓએ તેને તેમનું નામ જણાવેલ તે તેની સમજમાં આવેલ નહી તો તેઓએ તેઓ બાંગ્લાદેશી છે તેઓ અહી શુટીંગ માટે આવેલ છે તેવુ બાંગ્લામાં જણાવેલ જે તેની સમજમાં આવેલ નહી અને તે માણસે તેઓ સાથે રેપ કરેલ ત્યારબાદ તેઓ નીચે તેઓના રૂમમાં જતા રહેલા ત્યારબાદ સોનીયાએ તેઓને પુછેલ કે થઈ ગયુ તો તેઓએ સોનીયાને કહેલુ કે થઈ ગયુ, ચાલો અહીથી નીકળવુ છે ત્યારબાદ તેઓએ સોનીયાને જણાવેલ કે, તેઓ આવુ કરવા આવી નથી તમે કેમ તેઓની પાસે આવુ કરાવેલ છે, તો સોનીયાએ તેઓને જણાવેલ કે આમાંથી તને પૈસા મળવાના છે તુ બાંગ્લાદેશ પૈસા મોકલી શકીશ તો તેઓએ સોનીયાને કહેલ કે તેઓને પૈસા નથી જોઈતા ત્યારબાદ તેઓ વારંવાર શોખથી શુટીંગ કરવા આવેલ છે શુટીંગ ન કરવુ હોય તો તેઓને ફરીથી બાંગ્લાદેશ મોકલી દો તેમ જણાવેલ ત્યારબાદ સોનીયાએ તેઓને જણાવેલ કે વધારે વાત ન કર બીજો ગ્રાહક આવશે તેની પાસે જા તો તેઓએ સોનીયાને મારે નથી જવુ તેમ જણાવેલ તો સોનીયાએ તેઓને કહેલ કે તુ ત્યાં જા હું કામ અર્થે બીજી હોટલમાં જાવ છું ત્યારબાદ સુનીલ ઓળખે છે તે છોકરી ત્યાં આવેલ તે તેઓને ઉપરના માળે લઈ ગયેલી જે તેઓએ અગાઉ તેની સાથે રેપ થયેલાનું જણાવેલ તે પંદર વીસ મીનીટ બાદ બીજી વખત રૂમમાં લઈ ગયેલ ત્યારે રૂમમાં કોઈ ન હતુ અને બીજો એક માણસ આવેલો તેણે તેઓનું નામ પુછેલ તો તેઓએ તેને તેનું નામ જણાવેલ ત્યારબાદ તેઓએ તેની સાથે અગાઉ રેપ થયેલ હોય તેઓને અહીથી નીકળી જવુ છે તેમ જણાવેલ ત્યારબાદ તેઓ સાથે જોર જબજસ્તી કરવામાં આવેલી ત્યારે તેઓને લોહી નીકળી આવેલુ આ જોર જબજસ્તીમાં તેઓની સાથે ફિઝીકલ રેપ કરવામાં આવેલો ત્યારબાદ તેઓએ તે માણસને તેઓને વધારે કરવુ નથી લોહી નીકળી આવેલ છે તેમ જણાવેલ ત્યારબાદ તે માણસે તેઓને કેમ જવુ છે બે વખત કામ કરવાનું જણાવેલ છે તેમ કહેલુ તો તેઓએ તેમને કહેલ કે નથી કરવુ મારે જવુ છે તો તેઓને તે માણસે નીકળી જવા દીધેલ નહી તો તેઓએ સોનીયાને કોલ કરેલો અને સોનીયાને જણાવેલ કે તેઓને લોહી નીકળી ગયેલ છે તેઓને કરવુ નથી તેથી તેઓના મોબાઈલ ફોનથી સોનીયા સાથે તે માણસે વાત કરેલી તો સોનીયાને તે માણસે ફોન પર કહેલ કે જો આને બે વખત કરવુ નહી હોય તો તુ આવી જા તેવુ તેઓએ ત્યાં સાભળેલુ. પરંતુ સોનીયાએ કહેલ કે તે બીજી હોટલમાં ગયેલ છે ત્યારબાદ તેઓ ત્યાંથી નીકળી ગયેલ

ત્યારબાદ તેઓ ત્યાં રૂમ પર ગયેલ અને સોનીયા ત્યાં રૂમ પર આવેલ અને સુનિલ પણ રૂમ પર આવેલ અને સુનિલ સોનીયા ઉપર ગુસ્સે થયેલો આને બે વખત કરવાનું હતુ કેમ કરેલ નથી તો સોનીયાએ જણાવેલ કે તેણીને લોહી નીકળી ગયેલ હતુ તેથી બે વાર કરેલ નથી ત્યારબાદ સુનિલે સોનીયાને કહેલ કે, હું તેમના માટે મલમ લઈ આવુ છું ત્યારબાદ સુનિલ નીચે જઈને મલમ લઈ આવેલ અને તેઓને આપેલ અને કહેલ કે આ લગાવશે એટલે સારુ થઈ જશે ત્યારબાદ તેઓને જણાવેલ કે આ લગાવ સારુ થઈ જાય તો બીજો ગ્રાહક આવશે તો તેઓએ કહેલ કે તેઓએ અહીં નથી રહેવુ ત્યારબાદ સોનીયાએ તેઓને કહેલ કે થોડો સમય બાદ જતી રહેજે અત્યારે આરામ કર ત્યારબાદ ફરીથી એક ગ્રાહક આવેલ અને સુનિલે તેઓને સોનીયા દ્વારા ગ્રાહક પાસે જવા ઘણુ જણાવેલ તો તેઓએ જણાવેલ કે તેઓને નથી જવું, જવું હોય તો તું જા ત્યારબાદ સોનીયા જાતે ગયેલા ત્યારબાદ અડધો કલાક પછી નીચે આવેલા ત્યારબાદ સુનિલ ફરીથી સોનીયા પર ગુસ્સે થયેલો અને કહેલ કે આની સાથે કરવા માટે લાવેલ છે અને તે કામ આ નહી કરે તો અહીં શુ કામ રહેવાનું ત્યારબાદ સોનીયાએ તેઓને કહેલ કે હવે આપડે નીકળી જવુ છે.

(૧૪૧) ઉપરોક્ત હકિકતે ભોગ બનનારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, વડોદરા ખાતે હોટલમાં એક વખત તેમની સાથે કોઇ માણસે દુષ્કર્મ આચરેલ ત્યારબાદ ફરીથી સોનીયા અને સુનિલે તેણીને બીજા ગ્રાહક પાસે જવા જણાવેલ અને ત્યારબાદ સુનિલની ઓળખીતી છોકરી તેણીને રૂમમાં મુકી ગયેલ ત્યારે રૂમમાં આવેલ બીજા માણસે તેણીની સાથે જોર જબરજસ્તીથી રેપ કરેલ તે સમયે તેણીને લોહી નીકળી આવેલ હોવાની અને ત્યારબાદ તેણીને લોહી નિકળેલ હોવાની હકિકત સોનીયાને જણાવેલ. ભોગ બનનાર દ્વારા જણાવાયેલ આ હકિકત ભોગ બનનારને આક્ષેપિત દુષ્કર્મના બનાવ સમયે તેણીના ગુપ્ત ભાગે ઈજા થતા લોહી નિકળેલ હોવાની હકિકત દર્શાવે છે. પરંતુ ભોગ બનનારની તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ તેમજ તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ શારીરિક તપાસ સમયે આવી કોઇ હકિકત ભોગ બનનારે બનાવની હિસ્ટ્રીમાં જણાવેલ ન હોવાની અને જ્યારે તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ તબીબી સાહેદ ડો. દીપલ શાહ દ્વારા ભોગ બનનારની શારીરિક તપાસ કરવામાં આવેલી તે સમયે પણ ભોગ બનનારના ગુપ્ત ભાગે ઈજા કે ઈજા ના નિશાન જણાય આવેલ ન હોવાની હકિકત રેકર્ડ ઉપર સ્થાપિત થાય છે.

(૧૪૧) ભોગ બનનારની સરતપાસની આ હકિકત બાબતે તેમની ઉલટ તપાસ ધ્યાને લેતાં જણાય છે કે, ભોગ બનનારે તેણીની ઉલટ તપાસમાં એ બાબતનો ઈન્કાર કરેલ છે કે, તેણીને બ્લીડીંગ થયેલ તેવી વાત તેણીએ સૌપ્રથમ વખત કોર્ટમાં જુબાનીમાં જણાવેલ છે. ભોગ બનનારે સ્વેચ્છાએ જણાવેલ છે કે, પોલીસને પણ જણાવેલ અને ત્યારબાદ તેઓએ એવી હકિકત પણ જણાવેલ છે કે, તેણીને બ્લીડીંગ થયેલાની જાણ તેણીએ પોલીસને પહેલા નિવેદન થી જ જણાવેલી અને બ્લીડીંગ વખતના કપડા તેણીએ પોલીસને આપેલા. ભોગ બનનારે સ્વીકારેલ છે કે, પોલીસે બ્લીડીંગ વાળા કપડાનું શું કરેલ તેની તેમને જાણકારી નથી અને પોલીસે બ્લીડીંગ વાળા કપડાને સીલ કરેલા અને તેણી જયારે પોલીસને કપડા આપેલા ત્યારે તેના પર લોહીના ડાઘા ન હતા. આ બાબતે તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, કપડા તેણીએ ધોઇ કાઢેલ હતા. તેણીએ જણાવેલ છે કે, તેણીને બ્લીડીંગ થયેલાનું જે જણાવેલ છે તે વડોદરાંમા થયેલ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીને બ્લીડીંગ થયેલાની હકીકત તેણીએ તેમના કોઇપણ પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. આ હકિકત પરત્વે આરોપી પક્ષ તર્ફે જાણવા જોગ ની તપાસ કરનાર અધિકારી શ્રી ગઢવીને અને આ ગુનાની તપાસ કરનાર અધિકારી શ્રી ડાભીને ભોગ બનનારે તેમના નિવેદનમાં આવી હકિકત જણાવેલ ન હોવાનું પુછવામાં આવેલ અને તે સવાલોના આ બંને અધિકારીઓએ હકારાત્મક જવાબ આપી ભોગ બનનારે આક્ષેપિત વડોદરા ખાતેના દુષ્કર્મના બનાવ સમયે તેણીને ગુપ્ત ભાગે કોઇ ઈજા થયેલ હોવાની કે લોહી નિકળી આવેલ હોવાની હકિકત તેમના સમક્ષના નિવેદનમાં જણાવેલ ન હોવાનું સ્વીકારેલ છે.

(૧૪૨) આ તબક્કે ભોગ બનનારની શારીરિક તપાસ કરનાર તબીબી સાહેદ ડૉ. દીપલ શાહ ના પુરાવાને ધ્યાને લેતાં સ્પષ્ટ થાય છે કે, તેઓએ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આંક–૧૦૬ ના કોલમ નં.૧૫(એફ)ની છેલ્લી ત્રણ વિગતો મુજબ ભોગ બનનારને બનાવ પહેલા કે બનાવ બાદ કોઈ રક્તસ્ત્રાવ થયેલ ન હતો અને આંક–૧૦૬ ના આખા સર્ટીફિકેટ મુજબ ભોગ બનનારને બનાવમાં કોઈ રક્તસ્ત્રાવ થયેલ ન હતો અને કોલમ નં.૧૬ ની વિગત મુજબ તેઓએ આ કામે ભોગ બનનારને સૌપ્રથમ વખત તપાસેલ હતા અને કોલમ ૧૮ મુજબ લાબીયા મેજોરો અને લાબીયા માયનોરા નોર્મલ જોવા મળેલ હતા. આમ, ભોગ બનનાર દ્વારા તેમની જુબાનીમાં

જણાવાયેલ હકિકત કે વડોદરા ખાતેના બીજી વખતના આક્ષેપિત દુષ્કર્મના બનાવ સમયે તેણીના ગુપ્ત ભાગેથી લોહી નિકળેલ હોવાની હકિકતને ભોગ બનનારની શારીરિક તપાસ કરનાર તબીબી સાહેદના મૌખિક પુરાવાથી તેમજ ભોગ બનનાર સાહેદની શારીરિક તપાસના પ્રમાણપત્ર થી કોઇ સમર્થન પ્રાપ્ત થતુ નથી.

(૧૪૩) આ તબક્કે આ હકિકત પણ નોંધનીય છે કે, ભોગ બનનારના બનાવ સમયે પહેરેલ કપડા તપાસના કામે કબજે લેવામાં આવેલા અને એફ.એસ.એલ. પરીક્ષણ અર્થે મોકલવામાં આવેલા અને તે એફ.એસ.એલ. પરીક્ષણ નો અહેવાલ આ કામે આંક–૨૭૪ થી રજુ થયેલ છે. જે ધ્યાને લેતાં પણ ભોગ બનનારના આ કબજે લેવાયેલ કોઇ પણ કપડામાં લોહીની હાજરી મળી આવેલ નથી.

(૧૪૪) ભોગ બનનારના પુરાવાનું વિશ્લેષણ કરતા જણાય છે કે, તેઓએ તેમની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ હોટલ ઉપરથી ૩૧ તારીખે રાત્રીના સાડા સાત આઠ વાગે નીકળી ગયેલ અને ત્યાંથી રેલ્વે સ્ટેશન ગયેલા અને ત્યાંથી અમદાવાદ ગયેલા ત્યાં રેલ્વે સ્ટેશન પર એક સી.એન.જી. રીક્ષા વાળો સોનીયાને ઓળખતો હતો ત્યાં આવેલ તે તેઓને અમદાવાદ સાંઈ વીલા હોટેલ લઈ ગયેલ ત્યાં હોટલ ઉપર તેઓ અને સોનીયા રોકાયેલ અને સી.એન.જી. રીક્ષા વાળો ત્યાંથી નીકળી ગયેલો ત્યાં હોટલમાં ખાવાનું ખાઇને તેઓએ આરામ કરેલો ત્યારબાદ ૦૧ તારીખે સવારે ઉઠેલા અને એક હોટલમાં ખાવા માટે ગયેલા અને ત્યાંથી ખાઇને ફરી પાછા હોટલમાં ગયેલા ત્યારબાદ સી.એન.જી. રીક્ષા વાળાએ સોનીયાને ફોન કરેલો અને જણાવેલ કે જે હોટલમાં તેઓ રોકાયેલ છે તે હોટલની બાજુમાં એક રૂમ છે તેમાં એક ગ્રાહકને મોકલી દેવાનો છે તેવુ જણાવેલ ત્યારે સોનીયાએ ફોન કાપીને તેઓને જણાવેલ કે એક ગ્રાહક આવેલ છે ત્યાં તુ જા તો તેઓએ કહેલુ કે તેઓને લોહી નીકળી ગયેલ છે તેઓને જવુ નથી જવુ હોય તો તુ જા તો સોનીયાએ તેઓને કહેલ છે કે હજુ સુધી લોહી બંધ નથી થયું તો તેઓએ સોનીયાને કહેલ કે તેઓને આવુ કામ કરવુ નથી જવુ હોય તો તુ જા ત્યારબાદ સોનીયાએ તેઓને તે ગ્રાહકના રૂમમાં મોકલી આપેલ ત્યાં ગયેલ તો ત્યાં એક માણસ હતો તેણે તેઓનું નામ પુછેલ તો તેઓએ તેને જણાવેલ કે તેઓ બાંગ્લાદેશી છે તેઓને આ કામ કરવુ નથી તેઓ આ કામ કરવા માટે આવેલ નથી તેમ જણાવેલ ત્યારબાદ તે ગ્રાહક તેઓ સાથે એક વખત ફિઝીકલ રેપ કરીને જતો રહેલો

તેને તેઓની સાથે બે વખત સબંધ રાખવાનો હતો પરંતુ તે એક વખત સબંધ રાખીને જતો રહેલો. તેઓએ વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ તેઓ તેના રૂમ પર ગયેલ અને તેઓ નાહી ધોઈને ફ્રેશ થઈને સુઈ ગયેલા ત્યારબાદ સોનીયાએ તેઓને કહેલ કે, તુ અહીયા રહે મારે બીજી હોટલમાં કામ છે હું ત્યાં જાઉ છુ, ત્યારબાદ સોનીયા નીકળી ગયેલા અને રાત્રે આવેલા ત્યારબાદ હોટલના રૂમમાં ખાવાનુ મંગાવેલ જે ખાયને તેઓ સુઈ ગયેલા ત્યારબાદ તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ સોનીયાએ સી.એન.જી. રીક્ષાવાળા એજન્ટને કોલ કરેલો અને સોનીયા ગ્રાહક પાસે ગયેલા.

(૧૪૫) ફરિયાદ પક્ષનો એવો કેસ રહેલ છે કે, ભોગ બનનારને બાંગ્લાદેશી ભાષા સીવાય કોઇ ભાષા આવડતી નથી અને ખુદ ભોગ બનનારે પણ તેમને બાંગ્લાદેશી ભાષા સીવાય અન્ય કોઇ ભાષા આવડતી ન હોવાનું જણાવેલ છે. જયારે કે, ભોગ બનનાર તેમની જુબાનીમાં એવું જણાવે છે કે, તેમને હોટલના રુમમાં મોકલવામાં આવેલ ત્યારબાદ એક માણસ પોશરૂમ માંથી આવેલો તેથી તેઓએ સોનીયાને ફોન કરેલો કે અહીંયા તો એક માણસ છે તો તેઓને અહીંયા શું કરવાનું તો સોનીયાએ તેઓને કહેલ કે તે જેમ કહે તેમ કર ત્યારબાદ તે માણસે તેઓ પાસે આવી નામ પુછેલ તો તેઓએ તેને તેમનું નામ જણાવેલ તે તેની સમજમાં આવેલ નહી અને તેવી જ રીતે ભોગ બનનારે તેમની જુબાનીમાં એવી હકીકત પણ જણાવેલ છે કે, પંદર વીસ મીનીટ બાદ બીજી વખત રૂમમાં લઈ ગયેલ ત્યારે રૂમમાં કોઈ ન હતુ અને બીજો એક માણસ આવેલો તેણે તેઓનું નામ પુછેલ તો તેઓએ તેને તેનું નામ જણાવેલ. ભોગ બનનારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, અમદાવાદ ખાતે સોનીયાએ તેઓને તે ગ્રાહકના રૂમમાં મોકલી આપેલ ત્યાં ગયેલ તો ત્યાં એક માણસ હતો તેણે તેઓનું નામ પુછેલ તો તેઓએ તેને જણાવેલ કે તેઓ બાંગ્લાદેશી છે તેઓને આ કામ કરવુ નથી તેઓ આ કામ કરવા માટે આવેલ નથી તેમ જણાવેલ. જો ભોગ બનનારને હિન્દી ભાષા આવડતી ન હોય અને માત્ર બાંગ્લાદેશી ભાષા જ આવડતી હોય તો ભોગ બનનારને કઇ ભાષામાં વડોદરા હોટલમાં રુમમાં આવેલ બંન્ને માણસોએ તેમનું નામ પુછેલ અને તેઓએ આ બંન્ને માણસોને કઇ ભાષામાં તેમનું નામ જણાવેલ તે બાબતે ભોગ બનનારે કોઇ ખુલાસો કરેલ નથી કે તે બાબતે કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તેવી જ રીતે અમદાવાદ ખાતેની હોટલના રુમમાં આવેલ માણસ સાથે તેઓએ કઇ ભાષામાં વાત કરેલ તે બાબતે પણ ભોગ બનનાર કોઇ હકીકત જણાવતા નથી.

(૧૪૬) ભોગ બનનારના પુરાવાના આધારે એવી હકીકત પણ જણાય છે કે, ભોગ બનનારના કથન અનુસાર જે માણસ આવેલ અને તેણીની સાથે ફીઝીકલ રેપ કરીને જતો રહેલ અને તે માણસના જતા રહયા બાદ ભોગ બનનાર તેમના રૂમ પર ગયેલ અને તેઓ નાહી ધોઈને ફ્રેશ થઈને સુઈ ગયેલા અને ત્યારબાદ સોનીયાએ તેઓને કહેલ કે, તુ અહીયા રહે મારે બીજી હોટલમાં કામ છે હું ત્યાં જાઉ છુ, ત્યારબાદ સોનીયા નીકળી ગયેલા અને રાત્રે આવેલા ત્યારબાદ હોટલના રૂમમાં ખાવાનુ મંગાવેલ જે ખાયને તેઓ સુઈ ગયેલા ત્યારબાદ તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ સોનીયાએ સી.એન.જી. રીક્ષાવાળા એજન્ટને કોલ કરેલો અને સોનીયા ગ્રાહક પાસે ગયેલા. ભોગ બનનાર ધ્વારા જણાવવામાં આવેલી આ હકીકત પણ એ બાબત દર્શાવે છે કે, ભોગ બનનાર સાથે કોઇ માણસે દુષ્કર્મ આચરેલ અને ત્યારબાદ તે જતો રહેલ ત્યારબાદ ભોગ બનનાર તેમના રૂમમાં પરત જાય છે અને જો ભોગ બનનાર સાથે વડોદરામાં આ રીતે દુષ્કર્મ આચરવામાં આવેલ હોય અને સોનીયાએ અને તેના ઓળખીતા સુનીલે ગ્રાહકો મોકલેલ હોય અને ત્યારબાદ અમદાવાદમાં આવ્યા બાદ સોનીયાના ઓળખીતા રીક્ષાવાળાએ કોઇ ગ્રાહક મોકલેલ હોય અને સોનીયાએ તેણીને જબરજસ્તી તે ગ્રાહક પાસે રૂમમાં મોકલેલ હોય તો સહજ અને કુદરતી ક્રમમાં ભોગ બનનાર જે રૂમમાં તેણીની સાથે કોઇ માણસે દુષ્કર્મ આચરેલ તે રૂમમાંથી બહાર નીકળી તે હોટલ છોડી દે અથવા તાત્કાલીક કોઇની મદદ માંગે અને તેમની પાસે રહેલ મોબાઇલ ધ્વારા કોઇને જાણ કરી શકે. ખુદ ભોગ બનનારે જણાવેલ છે કે, ત્યારબાદ સોનીયા નીકળી ગયેલા અને રાત્રે આવેલ. આમ, આ સમય દરમિયાન પણ ભોગ બનનારને મદદ મેળવવા માટે તક રહેલી હતી.

(૧૪૭) ભોગ બનનારના પુરાવાનું મુલ્યાંકન કરતા જણાય છે કે, ભોગ બનનારે તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, આ દરમ્યાન તેઓએ હોટલમાં તેનું ફેસબુક એકાઉન્ટ ખોલેલ તેમાંથી તેઓએ નઈમ નામના છોકરાને ફોન કરેલો અને તેઓએ રડીને તેઓ સાથે થયેલ તે વાત જણાવેલી અને તેઓના કઝીનનો નંબર નઈમ પાસે હતો તે તેઓને આપેલો અને તેથી તેઓએ તેના કઝીન ભાઈ સાથે વાત કરેલી અને તેઓએ તેની સાથે થયેલ તે તમામ હકીકત જણાવેલ તો તેઓના કઝીન ભાઇએ જણાવેલ કે, તુ અત્યારે ક્યાં છો તો તેઓએ તેના કઝીન ભાઈને તેનું લોકેશન મોકલી

આપેલ ત્યારબાદ ત્યાં સોનીયા આવી ગયેલી તેથી તેઓના કઝીન સાથે વધુ વાત થયેલી નહી ત્યારબાદ તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ આઈલેન્ડ પાર્ક હોટલ પર જવા માટે તેઓને અને સોનીયાને લેવા માટે સી.એન.જી. રીક્ષાવાળો એજન્ટ આવેલો તે તેઓને સાંઈપીલાથી પહેલા ખાવા માટે લઈ ગયેલો અને ત્યારબાદ તે આઈલેન્ડ પાર્ક હોટલ પર લઈ ગયેલ ત્યારબાદ સોનીયાએ તેઓને કહેલ કે આ હોટલ પર જા તો તેઓએ સોનીયાને કહેલુ કે વારંવાર કેમ તેઓને હોટલમાં જવાનું તો સોનીયાએ કહેલ કે આજે નાઈટ ત્યાં રહેવાનું છે તો તેઓએ સોનીયાને કહેલ કે તેઓને એકલાએ નાઈટમાં રહેવુ નથી તેઓ તેની સાથે જ રહેશે તો સોનીયાએ તેઓને કહેલ કે આજે નાઈટ રહી આવ કઇંક પ્રોબ્લેમ હોય તો તેઓને ફોન કરજે ત્યારબાદ સી.એન.જી. રીક્ષાવાળો સોનીયાને લઈને જતો રહેલો અને તેઓને એક છોકરો હતો તે રૂમમાં મુકીને નીચે આવી ગયેલો ત્યારબાદ તેઓ આ રૂમમાં દસેક મિનીટ બેઠા હતા ત્યારબાદ તેઓને ભુખ લાગી હતી તો તેઓએ સોનીયાને ફોન કરેલ તો સોનીયાએ જે માણસ નાઈટમાં આવવાનો હતો તેની મારફતે ખાવાનું મોકલાવેલ ત્યારબાદ દસ પંદર મિનીટ પછી ગ્રાહક આવેલો ત્યારબાદ હોટલ પર જે માણસ બેઠેલ હતો તે તેઓને ગ્રાહક પાસે લઈ ગયેલ ત્યારબાદ તે ગ્રાહક આવીને ફ્રેશ થયેલો અને તેણે આવીને તેઓ સાથે વાતચીત કરેલી ત્યારે તેઓએ તેને તે બાંગ્લાદેશી છે અને શુટીંગ માટે આવેલ છે તેવી વિગત જણાવેલી ત્યારબાદ તેઓ બાંગ્લાદેશી ભાષા બોલે છે તમને સમજ પડે છે તેમ તેઓએ પુછતા તેણે ભોગ બનનારને કોઈ તકલીફ નથી બાંગ્લાદેશી ઘણા મિત્રો મારે છે તેથી મને થોડુ થોડુ ખબર પડે છે તેવુ જણાવેલ. તેઓએ જણાવેલ છે કે, ત્યારબાદ તેણે તેઓ સાથે ફિઝીકલ રેપ કરેલ ત્યારબાદ રાત્રીના એક વાગે તેને પરત જતા રહેવા જણાવેલ તો તે ભાઈએ તેઓને જણાવેલ કે આખી રાત રોકાવાનું હતુ ત્યારબાદ તેઓ ત્યાં સુઈ ગયેલા અને સવારે પાંચ વાગે ઉઠેલા ત્યારબાદ ગ્રાહક તરીકે જે ભાઈ હતા તે જતા રહેલા અને ત્યારબાદ તેઓ હોટલ ઉપર સી.એન.જી. રીક્ષાવાળા એજન્ટ આવે તેની રાહ જોતા હતા ત્યારબાદ સી.એન.જી. રીક્ષાવાળા આવેલ અને તેઓને લઈને સાંઈ વીલા હોટલ લઈ ગયેલા ત્યારબાદ તેઓ હોટલમાં સુઈ ગયેલા અને સોનીયા તેના કામ માટે ગયેલા, સોનીયાના હોટલમાંથી ગયા બાદ તેઓએ તેમના ભાઈ સુમોનને ફોન કરેલો અને જણાવેલુ કે હવે શું કરવુ છે તેઓને પોલીસ પાસે જવુ છે પરંતુ પોલીસ બાંગ્લાદેશી ભાષા સમજી શકશે નહી તેથી તેઓએ તેના ભાઈને તેનો કોઈ મિત્ર અહી હોય તો તે તેઓની સાથે પોલીસ સ્ટેશન આવે અને તેઓની વાત પોલીસને સમજાવે તેવી વાત

કરેલી. ભોગ બનનારના આ કથન મુજબ પણ તેઓને તે હોટલ ખાતેથી પણ નીકળી જવાનો મોકો હતો અને તેઓ તે સમયે આરોપી સોનીયા કે અન્ય કોઇ આરોપીઓના કોઇ ધમકી કે પ્રત્યક્ષ દબાણ કે કબજામાં રહેલા ન હતા.

(૧૪૮) ભોગ બનનારને આરોપી પક્ષ તરફે ઉલટ તપાસમાં એવો સવાલ પુછવામાં આવેલ છે કે, તમે તમારી સાથે જોરજબજસ્તી કરીને શરીર સબંધ કરવામાં આવેલ હતો તેવી જાણ હોટલ પર, રસ્તામાં કે રેલ્વે સ્ટેશન પર બૂમાબૂમ કરીને કોઇને જણાવેલ નથી? જેના જવાબમાં જણાવેલ છે કે, તેણી બોલી શકે તેમ ન હતી. ભોગ બનનાર ત્યારબાદ એવો કોઇ ખુલાસો કરતા નથી કે તેઓ શા કારણે બોલી શકે તેમ ન હતા.

(૧૪૯) ભોગ બનનારે તેમના પુરાવામાં જણાવેલ છે કે, બીજા દિવસે સોનીયાનો ભાઈ મનોહરહુસેન કે જે એજન્ટ હતો તેવુ તેઓને જાણવા મળેલ તે બીજા દિવસે તેની પત્ની સાથે સોનીયાના ઘરે આવેલો. ભોગ બનનાર તેમની જુબાનીમાં એવી કોઇ હકીકત જણાવતા નથી કે આ મનોહરહુસેન એજન્ટ છે તેવું તેમને કઇ રીતે કે કોના મારફતે જાણવા મળ્યું. ભોગ બનનારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ત્યારબાદ મનોહરહુસેનની પત્ની તેઓને બીજા રૂમમાં લઈ ગયેલી અને તેઓનો અને ડેઝીનો મોબાઈલ ફોન લઈ લીધેલ અને તેઓના મોબાઈલ ફોનનો ડેટા તથા વ્હોટસએપ, ફેસબુક મનોહરહુસેને ડીલીટ કરી દીધેલ તથા ડેઝીના મોબાઈલ ફોનમાંથી વ્હોટસએપ, ફેસબુક સોનીયાએ ડીલીટ કરી દીધેલ. ભોગ બનનારે વધુમાં જણાવેલ છે કે, મનોહરહુસેનની પત્નીએ તેઓને જણાવેલ કે તેઓને મનોહરહુસેન જેમ જણાવે છે તેમ કરો અને ત્યારબાદ મનોહરહુસેને તેઓને એક સીમ આપેલ અને તેમા ફેસબુક શરૂ કરવા જણાવેલ ત્યારબાદ તેઓએ તે સીમ નાખીને ફેસબુક એકાઉન્ટ વ્હોટસએપ એકાઉન્ટ ચાલુ કરેલ તેઓને તેના એકાઉન્ટના પાસવાર્ડ યાદ હતા. આમ, ભોગ બનનારના કથનના આધારે જણાય છે કે, મનોહરહુસેને ભોગ બનનારના મોબાઈલનો ડેટા તથા વ્હોટસએપ અને ફેસબુક ડીલીટ કરી નાંખેલ અને ત્યાર બાદ નવુ સીમ આપી ફેસબુક ચાલુ કરવા જણાવેલ. સામાન્ય સમજ અનુસાર ફેસબુક એકાઉન્ટ કોઇ સીમ સાથે કે મોબાઇલ નંબર સાથે સીધી રીતે સંકળાયેલ કે તેના ઉપર નિર્ભર હોતું નથી. ભોગ બનનારનુ એવુ કોઇ કથન રહેલ નથી કે આ મનોહરહુસેન નામના વ્યકિતએ કોઇ

નવા નામે કે ખોટા નામે નવુ ફેસબુક એકાઉન્ટ શરૂ કરવા જણાવેલ. આ હકીકતોના આધારે એવુ જણાય છે કે, ભોગ બનનારના કથન અનુસાર ભોગ બનનારના મોબાઇલમાં રહેલ ફેસબુક એપ્લીકેશન ડીલીટ કરાવેલ નહીં કે ફેસબુક એકાઉન્ટ મુળમાંથી કાયમ માટે. ભોગ બનનારના કથન અનુસાર ભોગ બનનારે તેમના જુના પાસવર્ડથી જ ફેસબુક ફરી ચાલુ કરેલ. આમ, ત્યારબાદ પણ ભોગ બનનાર પાસે તેમનું ફેસબુક એકઉન્ટ ચાલુ હાલતમાં હોવાની પ્રતિત થાય છે.

(૧૫૦) ભોગ બનનારની ઉલટ તપાસના આધારે એ હકીકત ઉદભવે છે કે, ભોગ બનનાર આધુનીક મોબાઇલ ટેકનોલોજી અને સોશીયલ મીડીયાના વપરાશથી માહીતગાર અને બહોળા પ્રમાણમાં ઉપયોગ કરનાર રહેલા છે. ભોગ બનનારે તેણીની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેણી ૨૦૨૨ ના વર્ષથી મોડેલિંગને લગતુ કામ કરે છે અને મોડેલિંગમાં તેણી એડવર્ટાઈઝ તથા શોર્ટ ફિલ્મમાં કામ કરે છુ અને તેણીએ આજ દિન સુધીમાં પાચેક એડવર્ટાઈઝમેન્ટમાં કામ કરેલ છે અને શોર્ટ તરીકે પાંચ દસ મ્યુઝીક વિડીયોમાં કામ કરેલ છે. તેણીએ જણાવેલ છે કે, તેણી બાંગ્લા ગીતો ઉપર મ્યુઝીક વિડીયો બનાવે છે અને તેણી કઈ કંપનીની એડવર્ટાઈઝ કરતી હતી તે કંપનીનું નામ જણાવી શકે તેમ નથી પરંતુ તેણી એડવર્ટાઈઝ તેણીના મોબાઈલમાં સ્ટોર છે અને તેણી એડવર્ટાઈઝ તથા તેણીના મ્યુઝીક વિડીયો યુટ્યુબ અને ફેસબુક પર રાખેલા છે અને તેણીનું ફેસબુક એકાઉન્ટ સુરભી જહાનના નામથી છે. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીના ફેસબુક એકાઉન્ટમાં તેના મોડેલિગના વિડીયો તથા ફોટોગ્રાફ રાખેલા છે અને તેણીના વિડીયો કઈ યુટ્યુબ ચેનલ પર છે તે નામ તેણી જણાવી શકે તેમ નથી. ભોગ બનનારે સ્વીકારેલ છે કે, યુટયુબ ચેનલ પર અપલોડ થયેલ વિડીયો ભારતમાં પણ જોઈ શકાય. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી મોડેલિંગમાં કામ કરે છે તેની જાણકારી તેણીના માતા, ભાઈ, બહેન નાઓને હતી અને તેણી મોડેલિંગના કામે બાંગ્લાદેશના ઢાકા સીવાયના શહેરોમાં જવુ પડતુ હતુ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, મોડેલિંગના કામ માટે તેણી જ્યારે પણ જતા ત્યારે એકલા જતા હતા. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણીના ઘરના કોઈપણ સભ્ય તેની સાથે આવતા હતા. તેણીએ ઈન્કાર કરેલ છે કે, ફેસબુક પર તેણીના ઘણા ફોલોઅર્સ હતા. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, થોડા ફોલોઅર્સ હતા. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીના ફોલોઅર્સ તેણીના વિડીયો, ફોટો જોતા હતા. તેણીએ જણાવેલ છે, તેણી તેના ફોલોઅર્સના ફેસબુક જોતા નથી. તેણીએ

સ્વીકારેલ છે કે, ફેસબુક એકાઉન્ટમાં ફ્રેન્ડ હોય તેઓ બન્ને એકબીજાના એકાઉન્ટની વિગત જોઈ શકે અને તેણીને તેના ફેસબુકનો પાસવર્ડ આજે પણ યાદ છે. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણીના ફેસબુકનો પાસવર્ડ મુનાવરહુસેન જોયએ બદલી નાખેલ છે. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીના ફેસબુકનો પાસવાર્ડ અન્ય કોઈ બદલી શકે નહી. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, જો કોઈને પાસવર્ડ ખબર હોય તો તે બદલી શકે.

(૧૫૧) આમ, ભોગ બનનારના મૌખિક પુરાવાના આધારે એ હકીકત ફલીત થાય છે કે, ભોગ બનનાર યુ ટયુબ ચેનલ ઉપર પોતાના વીડીયો અપલોડ કરતા હતા અને ફેસબુકનો ઉપયોગ કરતા હતા અને ફેસબુક માં તેમના ફોલોઅર્સ પણ હતા. રેકર્ડ ઉપર સ્થાપિત થયેલ હકીકત અનુસાર આ કામના ભોગ બનનાર બાંગ્લાદેશ તેમના ઘરેથી નીકળ્યા ત્યારથી વિધાનગર ફલેટમાંથી વિધાનગર પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યા ત્યાં સુધી તેઓ મોબાઈલ ધરાવતા હતા અને તેમાં ઈન્ટરનેટ પણ ચાલુ હતુ. સામાન્ય સમજ અનુસાર પણ જો ભોગ બનનાર સાથે તેમના કથન અનુસારના આક્ષેપિત દુષ્કર્મના કે તેમની અનિચ્છાએ દેહવ્યાપાર કરાવવાના કોઈ બનાવ બનેલ હોય તો તેઓ પોતાનો કોઇ મદદ માંગતો કે તેણીની સાથે થયેલ આવા કૃત્યોની હકીકત જાહેર કરતો વીડીયો બનાવી યુ ટયુબ ચેનલ ઉપર અપલોડ કરી શકયા હોત. રેકર્ડ ઉપર એવી કોઇ હકીકત ફલીત થતી નથી કે ભોગ બનનારતે યુ ટયુબ ચેનલ ઉપર વીડીયો અપલોડ કરતા આવડતુ ન હતુ. ભોગ બનનારે જણાવ્યા મુજબ તેમના ફેસબુક ફોલોઅર્સ પણ હતા અને ફેસબુક એકાઉન્ટમાં ફ્રેન્ડ હોય તેઓ બન્ને એકબીજાના એકાઉન્ટની વિગત જોઈ શકે અને તેમ છતા ભોગ બનનારે આવા કોઇ આક્ષેપિત બનાવ અંગે પોતાના ફેસબુક એકાઉન્ટમાં કોઇ મેસેજ છોડેલ નથી કે કોઇ પોતાના કોઇ ફેસબુક ફ્રેન્ડને વ્યકિતગત મેસેજથી કોઇ જાણ કરેલ નથી કે ફેસબુકના માધ્યમથી પણ કોઇની કોઇ મદદ માંગેલ નથી.

(૧૫૨) ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેણી બાગ્લાદેશ થી મોડેલિંગ માટે આવવા છેલ્લે નીકળી ત્યારે ઘરે થી કોઈને પણ કહ્યા વગર નીકળેલી અને બાંગ્લાદેશથી તેણીના ઘરેથી નીકળ્યા બાદ બે દિવસ અને એક રાત તેણી બાંગ્લાદેશમાં જ રોકાયેલ હતા. ભોગ બનનાર સવાલ પુછવામાં આવેલ છે કે, તમે

ઘરેથી નિકળ્યા બાદ બે દિવસ અને એક રાત બાંગ્લાદેશમાં હતા ત્યાં સુધીમાં તમને મોબાઈલ ફોનથી કે વ્યક્તિગત રીતે શોધવાનો પ્રયત્ન કરેલો? જેના જવાબમાં જણાવેલ છે કે, તેણીના મોબાઈલ ઉપર ફોન આવેલ પરંતુ તેણી તે સમયે સુઈ ગયેલ હતા અને બીજા દિવસે તેણી બોર્ડર વિસ્તારમાં હતી તેથી કોલ લાગેલો નહી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી બાંગ્લાદેશની હદ વિસ્તારમાં હતા ત્યાં સુધી તેણીના મોબાઈલનું સીમ ચાલુ હતુ. ભોગ બનનારે સવાલના જવાબમાં જણાવેલ છે કે, તેણી પાસે બે મોબાઈલ ફોન હતા તેમના એક ફોનમાં નેટવર્ક બિલકુલ આવતુ ન હતુ અને બીજા નાના ફોનમાં નેટવર્ક ક્યારેક આવતુ હતુ તો ક્યારેક આવતુ ન હતુ. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, બન્ને ફોન એન્ડ્રોઈડ હતા? જેના જવાબમાં જણાવેલ છે કે, ફક્ત એક જ ફોન કે જે રીયલમી નો હતો તેમા એન્ડ્રોઈડ હતો જયારે બીજા નાના ફોનમાં ફક્ત કોલીંગ થાય તેવો હતો. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, એન્ડ્રોઈડ ફોનમાં કેટલા સીમ રહી શકતા હતા? જેના જવાબમાં જણાવેલ છે કે, બે સીમ રહી શકતા હતા પરંતુ તેમાં ફક્ત એક જ સીમ હતુ. ભોગ બનનારે તેમની જુબાનીમાં સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણીને જે ભારતનું સીમ આપેલ તેમાંથી તેણી ઈન્ટરનેટ વાપરતા હતા.

(૧૫૩) ભોગ બનનારના પુરાવાના આધારે રેકર્ડ ઉપર એ હકીકત આવેલ છે કે, ભોગ બનનાર મુંબઈથી સોનીયા સાથે નિકળ્યા ત્યારથી તેઓને વિધ્યાનગર ખાતેથી ફ્લેટમાંથી વિધ્યાનગર પોલીસ સ્ટેશને લઈ જવામાં આવેલ તે સમગ્ર સમય દરમ્યાન ભોગ બનનાર પાસે મોબાઈલ ફોન રહેલો હતો અને તેમાં ઈન્ટરનેટ ચાલુ હતુ તેમજ તે મોબાઈલમાં ફેસબુક અને વ્હોટ્સએપ જેવી એપ્લીકેશન્સ પણ ચાલુ હતી. ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં તેણી સૌપ્રથમ આવેલ ત્યારે તેમની પાસે એક મોબાઈલ ફોન હતો તેમા ઈન્ટરનેટ ચાલુ હતુ અને તેણી વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં તેણીનો મોબાઈલ ફોન આપેલ અને તે માંથી જેની સાથે વાત કરેલ તેની ડીટેઈલ તેણીએ પોલીસને આપેલ અને તેણીએ પોલીસને તેણીના ફોનની જે વિગત આપેલ તેની પોલીસે પ્રીન્ટ કાઢેલ. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, તમે તમારા ફોનથી તમારા કઝીન જોડે જે વાત કરેલ તે તેમજ નઈમ જોડે જે વાત કરેલ તેની પ્રીન્ટ આઉટ પોલીસે કાઢેલ? જેના જવાબમાં જણાવેલ છે કે, પોલીસે મનોહરહુસેન જોય સાથેની તેણીની વાતચીતની પ્રીન્ટ આઉટ કાઢેલ.

ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લેતા જણાય છે કે, આવા કોઇ પ્રીન્ટ આઉટ આ કામે રજુ થયેલા નથી.

(૧૫૪) ફરિયાદી પી.એસ.આઈ. શ્રી ગઢવીએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગ બનનારને ૧૮૧ અભ્યમ ટીમ વિધાનગર પોલીસ સ્ટેશને લાવેલ ત્યારબાદ તેઓએ તેણીની પુછપરછ કરેલી અને ત્યારબાદ બે રાહદારી પંચો જેમાં એક સ્ત્રી અને એક પુરુષની હાજરીમાં આ ભોગ બનનારની અંગજડતી કરતા ભોગ બનનાર પાસેથી એક કાળા કલરનો રેડમી કંપનીનો મોબાઇલ હતો જે પંચનામાની વિગતે કબજે કરેલ.

(૧૫૫) ફરિયાદી અને જાણવા જોગની તપાસ કરનાર શ્રી ગઢવીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ભોગ બનનારની અંગજડતી સમયે તેણીની પાસેથી માત્ર એક મોબાઇલ મળી આવેલ અને સદર મોબાઇલમાં ક્યા નંબરનું સીમકાર્ડ હતુ તેનો ઉલ્લેખ કરેલ નથી અને તેઓની તપાસ દરમ્યાન એ હકીકત જાણવા મળેલ કે ભોગ બનનારનો મોબાઇલમાં વ્હોટ્સએપ અને નેટ ચાલુ હતુ અને તેઓ સમક્ષ ભોગ બનનાર આ સિવાય બીજો કોઇ મોબાઇલ વાપરતા હોય તેવી હકીકત જાહેર થયેલ નહી અને તેઓની જાણવા જોગની તપાસ દરમ્યાન ભોગ બનનારના ફેસબુક કે વ્હોટ્સએપની માહિતી ડીલીટ કરવામાં આવેલ હોય તેવી હકીકત જાહેર થયેલ નહી અને ભોગ બનનારના વ્હોટ્સએપ અને ફેસબુકની ચેટની ડીટેઇલ ડાઉનલોડ કરી તપાસના કામે સામેલ રાખેલ નહી.

(૧૫૬) ફરિયાદીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ભોગ બનનાર તેઓના પોલીસ સ્ટેશનમાં તેઓની બદલી થઇ ત્યાં સુધી હાજર હતા. તેઓને એ બાબતનો ખ્યાલ નથી કે, ભોગ બનનાર તેઓના પોલીસ સ્ટેશનમાં હાજર હતા તે દરમ્યાન તેની પાસે બે મોબાઇલ નંબર હતા. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ રૂબરૂના ભોગ બનનારના નિવેદનમાં એવી હકીકત જાહેર થયેલ કે ભોગ બનનાર બે મોબાઇલ નંબર ધરાવતા હતા અને તે બંને મોબાઇલ નંબર ભારતીય નંબરો હતા અને ભોગ બનનાર આ બંને મોબાઇલ નંબરના આધારે ભોગ બનનારનું કોઇ લોકેશન કે તે મોબાઇલ નંબરના કોલ ડીટેઇલ મેળવવા તેઓએ પ્રયત્ન કરેલ નહી.

(૧૫૭) આ કામના ફરિયાદી અને જાણવા જોગની તપાસ કરનાર અધિકારી શ્રી ગઢવીના પુરાવાના આધારે જણાય છે કે, તેઓ સમક્ષ એવી હકીકત ખુલેલ કે, ભોગ બનનારે ફેસબુકના માધ્યમથી કોઇ એજન્ટનો સંપર્ક કરી ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરેલ છે અને તેઓ બાંગ્લાદેશથી નીકળ્યા ત્યારથી વિધાનગર પોલીસ સ્ટેશનમાં આવ્યા ત્યાં સુધી તેમની પાસે મોબાઇલ ચાલુ હાલતમાં હતો અને તેઓએ ફેસબુકથી નઇમ શેખનો સંપર્ક કરેલ અને ત્યારબાદ નીલોય અને સુમોન સાથે વ્હોટસએપના માધ્યમથી સંપર્ક કરેલ તેમ છતા તેમના ધ્વારા આ બાબતે કોઇ તપાસ કરવામાં આવેલ નથી કે કોઇ કોલ ડીટેઇલ્સ કે મોબાઇલ લોકેશન મેળવવામાં આવેલ નથી. આ પોલીસ અધિકારીએ જાણવા જોગ તપાસના કામે પણ ભોગ બનનાર અને અન્ય આરોપીઓ સાથેના વાતચીત કે સંપર્ક અંગે કોઇ કોલ ડીટેઇલ્સ મેળવેલ નથી.

(૧૫૮) તપાસ કરનાર અધિકારી શ્રી ડાભીના પુરાવાના આધારે પણ આવી જ હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. તપાસ કરનાર અધિકારીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તપાસ દરમ્યાન ભોગ બનનાર પાસે બે મોબાઇલ નંબર હોવાનું અને તે બંને નંબર ઇન્ડીયન નંબર હોવાનું જાહેર થયેલુ અને ભોગ બનનારના બંને મોબાઇલ નંબરની કોઇ કોલ ડીટેઇલ્સ કે મોબાઇલ લોકેશન મેળવી તપાસના કામે સામેલ રાખેલ નથી અને ભોગ બનનારના મોબાઇલ નંબર કે વોટસએપથી કોઇ વ્યક્તિઓ કે આરોપીઓ સાથે વાતચીત થયેલ હોય કે ચેટીંગ થયેલ હોય તેવા કોઇ પુરાવા આ કામે કબજે કરેલ નથી અને ભોગ બનનારના બંને મોબાઇલ નંબર ચાલુ હતા અને તેના મારફતે તે બાંગ્લાદેશમાં તેના પરીવાર સાથે વાતચીત કરતી હતી. તેઓએ જણાવેલ છે કે, તેઓ ભોગ બનનારના વોટસએપ ચેટ અને મોબાઇલની કોલ હીસ્ટ્રી જાતે તપાસેલ નહી. તપાસ કરનાર અધિકારીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ભોગ બનનાર સૌપ્રથમ વખત પોલીસને મળેલ ત્યારે તેની પાસે મોબાઇલ હતો અને તે મોબાઇલ તેઓએ કબજે લીધેલ નથી અને ફરીયાદમાં ફેસબુકના માધ્યમથી સંપર્ક થયેલા તેવા આક્ષેપ રહેલ અને તે બાબતે તેઓએ કોઇ ટેકનીકલ તપાસ કરેલ નથી.

(૧૫૯) તપાસ કરનાર અધિકારીએ તેઓની ઉલટ તપાસમાં ઇન્કાર કરેલ છે કે, જો ભોગ બનનારના મોબાઇલ નંબરની કોલ ડીટેઇલ મેળવી તેનો અભ્યાસ કરવામાં આવ્યો હોત તો ભોગ બનનાર બાંગ્લાદેશથી ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ્યા બાદ

મુંબઇ સુધી પહોચેલ ત્યાં સુધીમાં કોના કોના સંપર્કમાં હતી અને કોને કેવા મેસેજ કરેલ છે તે હકીકત જાણી શકયા હોત. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ આ કાર્યવાહી એટલા માટે કરેલી નહી કે તેઓને તપાસના કામે યોગ્ય લાગેલ નહી અને તેઓએ તપાસના કામે કોઇપણ આરોપી કે કોઇપણ સાહેદના મોબાઇલ નંબરની કોલ ડીટેઇલ મેળવેલ નથી અને તે મેળવવી તેઓને જરૂરી એટલા માટે ન લાગી કે તેઓને યોગ્ય જણાયેલ નહી. તેઓએ ઇન્કાર કરેલ છે કે, જો આ રીતે કોલ ડીટેઇલ મેળવેલ હોત તો બાંગ્લાદેશમાંથી ભારતમાં ગેરકાયદેસર ઘૂસણખોરી કરાવવાના ષડયંત્રમાં કોણ કોણ સંડોવાયેલ છે તે હકીકત જાણી શકાય હોત.

(૧૬૦) આ કામના તપાસ કરનાર અધિકારી શ્રી ડાભી ધ્વારા સ્વીકારવામાં આવેલ આ હકીકતો તેમની તપાસના કામે દાખવવામાં આવેલી બેદરકારી દર્શાવે છે. સાથે સાથે એ બાબત પણ દર્શાવે છે કે, જયારે તેમને આ ગુન્હાની તપાસ મળી ત્યારે તેમને ફરિયાદ અને જાણવા જોગ તપાસના કાગળો પણ મળેલા અને તેના આધારે પણ એક વરીષ્ઠ અને અનુભવી પોલીસ અધિકારી તરીકે તેમના ધ્યાને આવેલુ હોય શકે કે આ એક અત્યંત સંવેદનશીલ ગુન્હો રહેલ છે અને તેની તપાસ ખુબ જ ખંત, કાળજી અને ઉંડાણપુર્વક કરવાની છે. સાથે તેમના ધ્યાન ઉપર એ બાબત પણ રહેલ હતી કે આ કામે ભોગ બનનાર અને નઇમ શેખ તેમજ મનોહરહુસેન નામના વ્યકિત વચ્ચે ફેસબુક અને વ્હોટસએપ તથા મોબાઇલ ફોનથી સંપર્ક થયેલ છે અને તેથી આરોપીઓની ઓળખ અને તપાસના કામે કોલ ડીટેઇલ્સ અને મોબાઇલ લોકેશન્સ ખુબ જ મહત્વનો પુરાવો રહેલા છે.

(૧૬૧) આ હકીકતોના પરીપ્રેક્ષ્યમાં આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ રજુઆત કે ભોગ બનનારને સ્થળ છોડી દેવાની, નાશી જવાની, મદદ મેળવવાની તક રહેલ હોવા છતા તેઓએ તેમ કરેલ નથી, તેના સમર્થનમાં આરોપી નં. ૩ તરફે વિધ્વાન વકીલ શ્રી ઝેડ.એ.ગાંધી ધ્વારા નામદાર દીલ્હી હાઇકોર્ટના **Sant Ram Vs. The State (Govt. Of NCT) Delhi** ના કેસનો ચુકાદો રજુ રાખવામાં આવેલ છે. નામદાર દીલ્હી ઉચ્ચ અદાલતના ચુકાદાવાળા કેસમાં પણ તપાસ કરનાર અધિકારી ધ્વારા કોલ ડીટેઇલ્સ મેળવામાં આવેલ નહી અને ભોગ બનનાર એ ખુલાસો કરી શકેલ નહીં કે શા કારણે તેણી તેના પરીવારના સભ્યોને જાણ કરી શકી નહીં અને ભોગ

બનનારને તક હોવા છતા તેણીએ મદદ માટે કોઇ બુમાબુમ કરેલ નહીં કે સ્થળ છોડી જતા રહેવા પ્રયત્ન કરેલ નહીં અને ભોગ બનનારને ગોંધી રાખવામાં આવેલ હોય તેવો કોઇ પુરાવો રજુ થયેલ નહીં. હકીકતોના આધારે નામદાર દીલ્હી ઉચ્ચ અદાલત ધ્વારા આ ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે:

> "9. The investigation carried out is not up to the mark. The statements of the neighbours where allegedly the 'brothel' was being run were no recorded. Nothing has come on record if any neighbour residing nearby had suspected objectionable or illegal activities going on in the tenanted premises. No such complaint was ever lodged by any neighbour with the police. Call Details were not collected.....Nothing was revealed as to how much money was received by the appellant forcing 'X' to indule in prostitution."

(૧૬૨) આ હાથ ઉપરના કેસમાં રેકર્ડ ઉપર ઉદભવેલ હકીકતો અને રહેલા સંજોગો આરોપી પક્ષ તરફે રજુ થયેલ આ ચુકાદો આરોપી પક્ષને મદદરૂપ થતો હોવાનું દર્શાવે છે.

(૧૬૩) જો ભોગ બનનારના કથન મુજબ તેઓની સાથે વડોદરા ખાતે હોટલ લોટ્સ ગોલ્ડમાં બે અલગ અલગ માણસોએ દુષ્કર્મ આચરેલ હોય અને તેમની મરજી વિરુધ્ધ જોરજબરજસ્તી કરી બળાત્કાર આચરેલ હોય અને ત્યારબાદ તેમને સોનીયા વડોદરાથી અમદાવાદ ખાતે લઈ ગયેલ હોય અને ત્યાં અમદાવાદમાં પણ હોટલ સાંઈ વીલામાં તેમની સાથે કોઈ માણસે જોરજબરજસ્તીથી બળાત્કાર આચરેલ હોય તો આ સમયગાળા દરમ્યાન ભોગ બનનાર પાસે મોબાઈલ રહેલ હોવા છતાં અને તે મોબાઈલમાં ફેસબુક અને વ્હોટ્સએપ એપ્લીકેશન્સ હોવા છતાં અને તેમાં ઈન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ હોવા છતાં અને તેમની પાસે નઈમ નામના છોકરાનો કોન્ટેક્ટ નંબર અથવા નઈમની ફેસબુક આઈ.ડી. રહેલ હોવા છતાં તેઓએ શા માટે તે નઈમ નામના છોકરાનો સંપર્ક કરેલ નહી તે બાબતે ભોગ બનનાર તેમના પુરાવામાં કોઈ ખુલાસાત્મક હકીકત જણાવતા નથી. ઉપરોક્ત હકીકતે એ બાબત પણ સ્પષ્ટ રહેલ છે કે, ભોગ બનનારને તેમના મોબાઈલ કે ફેસબુક તથા વ્હોટ્સએપ એપ્લીકેશન્સના માધ્યમથી

નઈમ સાથે કે નઈમ મારફતે તેમના કઝીનભાઈ સાથે સંપર્ક કરી શકાય તેટલો એકાંતનો સમય મળેલ હતો અને તે સમયે ભોગ બનનાર આરોપી સોનીયા કે અન્ય કોઈ આરોપીઓના પ્રત્યક્ષ કબજામાં કે દેખરેખ હેઠળ રહેલ ન હતા. જે બાબત ભોગ બનનારના કથનને સંદેહાત્મક બનાવે છે.

(૧૬૪) ભોગ બનનારના પુરાવાના આધારે જણાય છે કે, તેઓએ તેમની જુબાનીમાં એવી હકીકતો જણાવેલ છે કે, તેઓએ તેમના ભાઈ સુમોન સાથે વાત કર્યા પછી તેના ભાઈએ તેણીને તુ જ્યાં જા ત્યાંનું લોકેશન મોકલતી રહેજે તેવુ જણાવેલ અને ત્યારબાદ તે અને સોનીયા ૦૫ મી તારીખે અમદાવાદ હોટલથી નિકળી રાત્રે આણંદ આવેલા ત્યારે તેઓએ તેમના ભાઈને મેસેજ કરેલ અને તેમના ભાઈએ તેમને લોકેશન મોકલવાનું કહેલ અને ત્યારબાદ તેમના ભાઈ સુમોને તેમના જુનીયર મિત્ર નિલોયનો નંબર આપેલો અને તેથી તેઓએ વ્હોટ્સએપથી તેમના ભાઈના મિત્ર નિલોય સાથે વાતચીત કરેલી અને તેઓએ તેને તેનું લોકેશન મોકલાવેલુ અને ત્યારબાદ નિલોયે ૧૮૧ નંબર ઉપર કોલ કરેલો અને લોકેશનના આધારે ૧૮૧ ની ટીમ તથા પોલીસ સોનીયાના મિત્ર ગોપાલભાઈના ઘરે આવેલ અને તેમને તથા સોનીયાને અને ગોપાલભાઈને તેમજ ગોપાલભાઈની પત્નીને વિધ્યાનગર પોલીસ સ્ટેશને લઈ ગયેલ અને ત્યાં તેઓએ તેમની સાથે બનેલ બનાવની વાત બાંગ્લા ભાષામાં જણાવેલી જે હિન્દીમાં ટ્રાન્સલેટ કરીને નિલોય અને તેના મિત્રએ પોલીસને જણાવેલ અને ત્યારબાદ બીજા દિવસે સવારમાં પોલીસના અધિકારી આવેલા અને તેઓએ તેમને બનાવની હકીકત જણાવેલી અને ત્યારબાદ એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનવાળા ડાભી સાહેબ તેઓના પોલીસ સ્ટેશન લઈ ગયેલા અને ત્યાં તેઓની સાથે બનેલ બનાવની બધી હકીકત ફરીથી જણાવેલી ત્યારે તેઓ બાંગ્લાદેશી ભાષામાં બોલતા હતા તેનું ટ્રાન્સલેશન સોનીયાએ કરેલુ.

(૧૬૫) ભોગ બનનાર દ્વારા જણાવેલ આ હકીકત એ બાબત દર્શાવે છે કે, ભોગ બનનાર મુંબઈ, વડોદરા અને અમદાવાદ ખાતે રહેલ તે સમય દરમ્યાન તેમની પાસે તેમના ભાઈ સુમોનનો સંપર્ક કરવા અનેક તક રહેલી હતી તેમ છતાં તેઓએ સુમોન કે નઈમ શેખનો સંપર્ક કરેલ નથી. ભોગ બનનારના કથન મુજબ ભોગ બનનારે સુમોન સાથે મેસેજથી અને કોલથી વાત કરેલ તેમ છતાં આ અંગેના કોઈ કોલ ડીટેઈલ્સ તપાસ

કરનાર અધિકારીઓએ મેળવી આ કામે રજુ કરેલ નથી. ભોગ બનનારના કહેવા મુજબ ભોગ બનનારે નિલોય સાથે ફોન ઉપર કે વ્હોટ્સએપ કોલથી વાત કરેલ તેમજ વ્હોટ્સએપ ઉપર મેસેજથી પણ વાત કરેલ. પરંતુ આ કામે આ સાહેદ નિલોયના કોઈ કોલ ડીટેઈલ્સ રીપોર્ટ કે ભોગ બનનારની સાથેની ચેટીંગની કોઈ સ્ક્રીન શોટ કે વ્હોટ્સએપ કોલની કોઈ હિસ્ટ્રી રજુ થયેલ નથી. ભોગ બનનારના કથન અનુસાર તેમને ૧૮૧ અભયમ ટીમ દ્વારા વિધ્યાનગર પોલીસ સ્ટેશન લઈ જવામાં આવેલ ત્યારે જેમના ઘરેથી લઈ ગયેલ તે ગોપાલભાઈ અને તેમના પત્નિને પણ પોલીસ સ્ટેશને લઈ જવામાં આવેલ. તેમ છતાં તપાસ કરનાર અધિકારી દ્વારા આ ગોપાલભાઈ કે તેમના પત્નિનું કોઈ નિવેદન લેવાયેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી અને તેમને આ કામે તપાસવામાં આવેલા નથી. આ સંજોગોમાં આ હકીકત પણ ફરિયાદ પક્ષના કેસને વધુ શંકાસ્પદ બનાવે છે.

(૧૬૬) ભોગ બનનારના મૌખિક પુરાવાના આધારે એ હકીકત જણાય છે કે, ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ભારતમાં આવ્યા બાદ અલગ અલગ સ્થળોએ તેઓ બસ અને ટ્રેન મારફતે ગયેલા અને તેઓએ જે બસ અને ટ્રેનમાં મુસાફરી કરેલ તે બસ અને ટ્રેનમાં ઘણા મુસાફરો હતા અને તેણી જે ટ્રેનમાં ગયેલ તે ટ્રેનના પ્લેટફોર્મ પર પોલીસ વાળા હતા. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, બસ અને ટ્રેનમાં મુસાફરી કરી અને પોલીસો જ્યાં જ્યાં જોવા મળ્યા ત્યાં તેણીએ દોડી જઈને પોલીસની મદદ માંગી હોય તેવુ બનેલ છે? જેના જવાબમાં જણાવેલ છે કે, તેણી સાથે આરોપી નં. ૦૩ સોનીયા હતી. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, તમે બુમાબુમ કરવાનો પ્રયત્ન કરેલો? જેના જવાબમાં જણાવેલ છે કે, તેણી કન્ફ્યુઝ હતા બાગ્લાદેશી ભાષામાં મદદ માંગુ તો કોઈને ખબર પડશે કે કેમ. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, તમે ઈશારો કરીને મદદ માંગેલી? જેના જવાબમાં જણાવેલ છે કે, તેણીની હિમ્મત ન હતી. પરંતુ ભોગ બનનારે ત્યારબાદ તેમની વિશેષ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, હાવરા રેલ્વે સ્ટેશને પોલીસવાળા હતા તેવુ જોયેલુ અને તેણીએ હાવરા રેલ્વે સ્ટેશન પોલીસવાળાને કાઈ કહેલ નહી કે બતાવેલ નહી.

(૧૬૭) ભોગ બનનારે તેમની ઉલટ તપાસાં ઈન્કાર કરેલ છે કે, તેણીને

બાળપણથી ઉર્દુ ભાષાનું જ્ઞાન છે અને તેણી ઉર્દુ શીખેલ છે અને બાંગ્લાદેશમાં અભ્યાસ કરવા માટે પ્રથમ ભાષા તરીકે બાંગ્લા ભાષા છે ત્યારબાદ બીજી ભાષા તરીકે અંગ્રેજી છે અને ત્રીજી ભાષા તરીકે ઉર્દુ છે. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીને એવી જાણકારી હતી કે બાંગ્લાદેશમાં જે બંગાળી ભાષાનો પ્રયોગ થાય છે તે જ ભાષા ભારતમાં પશ્ચિમ બંગાળમાં બોલાય છે અને બાગ્લાદેશ અને પશ્ચિમ બંગાળમાં દુકાનોની બહારના બોર્ડ બાંગ્લા ભાષામાં લખાયેલા હોય છે. જો કે તેણીએ ઈન્કાર કરેલ છે કે, હાવરા રેલ્વે સ્ટેશન ઉપર ખુબ જ મોટુ બોર્ડ બાંગ્લા ભાષામાં લગાવેલ છે અને સાથે એવી હકીકત પણ જણાવેલ છે કે, તેણીને એ વાતની ખબર નથી કે, હાવરા રેલ્વે સ્ટેશન રાત દિવસ ખુબ જ વસ્તી વાળુ અને સતત ટ્રેનની અવર જવર વાળુ રેલ્વે સ્ટેશન છે. ભોગ બનનારતે તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ બાબતે તેણીને કોઈ ધ્યાને આપેલ નહી કે હાવરા રેલ્વે સ્ટેશન પરની તમામ દુકાનો પરના બોર્ડ બાંગ્લા ભાષામાં હતા કે કેમ? ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં સીફતપુર્વક તેઓ બાંગ્લા ભાષા જાણતા હોવા છતા અને સામાન્ય રીતે અનાયાસે પણ આવી દુકાનોના બોર્ડ ઉપર નજર જાય તેમ હોવા છતા તેઓએ આ સવાલનો જવાબ અસ્પષ્ટ રીતે આપેલ છે.

(૧૬૮) ભોગ બનનારના પુરાવાના આધારે એવી હકીકત પણ ફલીત થાય છે કે, ભોગ બનનાર ધોરણ – ૧૨ સુધી ભણેલા છે તથા તેઓ બાંગ્લાદેશથી ભારત ગેરકાયદેસર રીતે આવ્યા ત્યારે કોલેજમા ભણતા હતા અને તેણીને સામાન્ય અંગ્રેજી વાંચતા, બોલતા, લખતા આવડતુ હતુ. ભોગ બનનારના પુરાવાના આધારે એ પણ જણાય છે કે, ભોગ બનનાર તેમનું સારૂ નરસુ સમજી શકે છે. ભોગ બનનારે તેમની જુબાનીમા જણાવેલ છે કે, બાંગ્લાદેશમાં આકસ્મીક પોલીસની જરૂર પડે તો ૯૯૯ નંબર ડાયલ કરવાનો હોય છે અને દરેક દેશ માટે પોલીસનો સંપર્ક કરવા માટેનો નંબર ઈન્ટરનેટ ઉપર મળે છે કે કેમ તેની તેણીને જાણકારી નથી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીને સામાન્ય અંગ્રેજી વાંચતા, બોલતા, લખતા આવડે છે. તેણીએ જણાવેલ છે કે, ભારતમાં દરેક જાહેર જગ્યા જેમ કે બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન વિગેરે જગ્યાઓએ આકસ્મિક જરૂર પડતા પોલીસનો સંપર્ક કરવા માટેનો નંબર અંગ્રેજીમાં લખેલા હોય છે કે કેમ તે બાબતે તેણીએ ધ્યાન આપેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી ભણેલ છે અને મોડેલિંગનું કામ કરે છે અને તેણી તેમનું સારૂ નરસુ શું છે તે થોડુ સમજી શકે છે. ભોગ બનનારે સ્વીકારેલ છે કે, એક દેશમાંથી બીજા દેશમાં કાયદેસર રીતે કેવી રીતે

જવાય તે તેણી જાણે છે અને તેણી ભારતમા ગેરકાનૂની રીતે આવેલ છે તે તેણી જાણે છે. આ બાબત પણ ભોગ બનનાર અંગ્રેજી ભાષાના જાણકાર, સમજદાર અને પોતાનું સારુ નરસુ સમજી શકે તેવી સ્થિતિના રહેલ હોવાનું દર્શિત કરે છે અને આ બાબત પણ ભોગ બનનારના પુરાવાને આક્ષેપિત ગુન્હાની સાબિતી માટે અસ્વીકાર્ય અને અવિશ્વસનિય બનાવે છે.

(૧૬૯) ભોગ બનનારના પુરાવાનું વર્ગીકરણ કરતા જણાય છે કે, ભોગ બનનારે ઈન્કાર કરેલ છે કે, તેણી બાંગ્લાદેશની બોર્ડરથી કલકત્તા પહોચી ત્યાં સુધી તેણીને ડર લાગેલ નહી અને કલકત્તા પહોંચ્યા બાદ ડરના કારણે ફરીથી બાંગ્લાદેશ ચાલી જવુ જઈએ તેવુ લાગેલ નહી. તેણીએ સ્વીકારેલ છે કે, કલકત્તા થી મુંબઈ આવતા ૩૬ કલાક ટ્રેનમાં વિતાવવા પડેલા અને કલકત્તાથી મુંબઈ ટ્રેનમાં તેણી અને ડેઝી એકલા આવેલા અને કલકત્તાથી મુંબઈમાં ટ્રેનમા બેસી ગયા બાદ પરત બાંગ્લાદેશ જવા માટે કોઈ પ્રયત્ન કરેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી પાસે કલકત્તાથી ટ્રેનમાં બેઠી ત્યારે ટીકીટ હતી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીને મોડેલિંગનું કામ કલકત્તામા કરવાનું છે તેવી વાત તેણીને એજન્ટ સાથે થયેલી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી ટ્રેનમાં કલકત્તાથી બેઠા ત્યારે ટ્રેન ઉપર બોર્ડમાં ટ્રેન મુંબઈ જાય છે તેવુ તેણીએ વાંચેલ. ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ છે કે, તમે જયારે ટ્રેનમાં બેઠા ત્યારે તે ટ્રેન બાબતે માઈક ઉપર એનાઉન્સમેન્ટ કરવામાં આવેલુ? જેના જવાબમાં જણાવેલ છે કે, તે વખતે હિન્દીમાં બોલવામાં આવેલુ અને ત્યારે હુ હિન્દી જાણતી ન હતી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, રેલ્વે સ્ટેશન ઉપર બાંગ્લા, હિન્દી, અંગ્રેજી ભાષામાં એનાઉન્સમેન્ટ કરવામાં આવેલ. તેણીએ સ્વીકારેલ છે કે, રેલ્વે સ્ટેશન ઉપર પોલીસના માણસો હોય છે અને કલકત્તામાં માણસો બંગાળી ભાષા બોલે છે. ભોગ બનનારના પુરાવાની આ હકીકતોના આધારે જણાય છે કે, તેઓ સંપુર્ણ સમજદારી ધરાવે છે અને સામાન્ય સમજ અનુસાર પણ ભારતના કોઈપણ રેલ્વે સ્ટેશને અંગ્રેજી, હિન્દી અને જે તે પ્રદેશ કે રાજ્યની માતૃ ભાષામાં એનાઉન્સમેન્ટ કરવામાં આવે છે અને રેલ્વે સ્ટેશન ઉપર શહેર કે રેલ્વે સ્ટેશનનું નામ તેવી જ રીતે અંગ્રેજી, હિન્દી અને સ્થાનિક ભાષામાં લખાયેલુ હોય જ છે અને ભોગ બનનાર બંગાળી ભાષાના તથા અંગ્રેજી ભાષાના જાણકાર હોવાનું ખુદ તેઓએ સ્વીકારેલ છે અને તેમ છતાં તેમના દ્વારા જણાવવામાં આવેલ ઉપરોક્ત હકીકતો એ દર્શાવે છે કે, ભોગ બનનાર તેમની જુબાનીમા કેટલીક બાબતો જાણી જોઇ

ઈન્કારે છે.

(૧૭૦) આ હકીકતોના પરીપ્રેક્ષ્યમાં આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ રજુઆત કે ભોગ બનનારને સ્થળ છોડી દેવાની, નાશી જવાની, મદદ મેળવવાની તક રહેલ હોવા છતા તેઓએ તેમ કરેલ નથી, તેના સમર્થનમાં આરોપી નં. ૧ તરફે વિધ્વાન ચીફ ડિફેન્સ કાઉન્સીલ શ્રી એન.વી.પટેલ ધ્વારા નામદાર કર્ણાટકા હાઈકોર્ટના **Criminal Appeal No. 800 of 2025, State of Karnataka Vs. Manikanta @ Manu** ના કેસનો ચુકાદો રજુ રાખવામાં આવેલ છે. નામદાર કર્ણાટકા ઉચ્ચ અદાલત ધ્વારા આ ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે:

> "5. The fact remains that the victim never raised hue and cry about her alleged kidnapping or abduction. She travelled in a crowded train for about two days covering a long distance to reach Delhi. She staved at the said 'kotha' for about two months. At no stage, she attempted to contact her parents. The story presented by her to have gone to a 'mela' along with her friends Suchitra and Sovik and then roaming with the two boys on motorcycle creates serious doubt."
>
> "10. Considering the above referred discrepancies, inconsistencies and omissions, appellant's conviction on the uncorroborated testimoney of the prosecutrix was considered deficient by the Trial Court to base conviction under Sections 363/366, 376 IPC, Section 109 IPC read with Section 376 IPC and Sections 3 and 4 of ITP Act. The appellant deserves benefit of doubt."

(૧૭૧) આ હાથ ઉપરના કેસમાં પણ ભોગ બનનારનો પુરાવો સંપૂર્ણપણે વિશ્વસનીય અને માનવાલાયક રહેલ નથી અને તેના સમર્થનમાં કોઇ વિશ્વસનીય સમર્થનકારી પુરાવાઓ પણ રહેલ ન હોય આરોપી પક્ષ તરફે રજુ થયેલ આ ચુકાદો આરોપી પક્ષને મદદરૂપ થતો હોવાનું આ અદાલતનું નમ્ર મંતવ્ય રહેલ છે.

(૧૭૨) આરોપી નં. ૦૫ અને ૦૮ તરફે વિદ્ધાન વકિલશ્રી સી.કે.પટેલ

દ્વારા આપણી નામદાર ઉચ્ચ અદાલતના **State of Gujarat Vs. Lalji Chhaganaji Thakor and others** ના કેસના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલ છે. આપણી નામદાર ઉચ્ચ અદાલત દ્વારા આ રજુ થયેલા ચુકાદામાં ભોગ બનનારના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરી ભોગ બનનારનો મૌખિક પુરાવો સંપુર્ણપણે વિશ્વસનિય ન હોવાનું નીચેના તારણો આપી ઠરાવવામાં આવેલ છે:

> "25. The entire evidence of the victim if closely read, the same will not inspire confidence in her story. She has also admitted that the police had asked her to depose and state about the rape having committed on her by the accused and also suggested to mention the place from where she was found i.e at Neelgiri. On the date of deposition, she has asserted that her aged is 12 to 13 years, which was recorded on 26.09.1995. The age does not reconcile with the date of incident. The version of the prosecution relating to the manner and the place from she was found with the accused appears to be dubious. The evidence of the victim does not reconcile with the evidence of I.O in this regard. Thus, her deposition appears to be tutored by the police authority and hence, her version does not establish the guilt of the accused beyond reasonable doubt, and cannot be used for convicting the accused no,1 for a serious offence like rape which invites a harsh punishment."

(૧૭૩) ઉપરોક્ત મુજબના ભોગ બનનારના મૌખિક પુરાવાના મુલ્યાંકનના આધારે એ હકીકત સ્થાપિત થાય છે કે, ભોગ બનનારનો મૌખિક પુરાવો સંપુર્ણપણે વિશ્વસનિય, માનવાલાયક અને વિશ્વાસ સંપાદિત કરનારો રહેલો નથી અને તેથી ભોગ બનનારના એક માત્ર પુરાવાના આધારે ફરિયાદ પક્ષનો કેસ પુરવાર થયાનું કહી શકાય નહી. આ કેસની હકીકતો અને સંજોગોના પરીપ્રેક્ષ્યમાં આરોપી પક્ષ તરફે રજુ થયેલ આ ચુકાદાના સિદ્ધાંતો આરોપી પક્ષને મદદરૂપ થતા હોવાનું આ અદાલતનું નમ્ર મંત્વય રહેલ છે.

(૧૭૪) ભોગ બનનારના પુરાવાના આધારે જણાય છે કે, તેઓ તેમની જુબાની

દરમ્યાન તેઓએ રજુ કરેલ મુદ્દામાલ કપડા જોઈ મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૧ થી આર્ટીકલ નં. ૦૬ વાળા કપડા ગુલાબી કલરનુ અડધી બાયનું ટી શર્ટ, બ્લ્યુ કલરનું જીન્સનું પેન્ટ, સફેદ કલરનુ ભાતવાળુ ટોપ, બ્લ્યુ કલરનુ જીન્સનું પેન્ટ, કાળા કલરની બ્રા અને કાળા કલરની નીકર જોઈ જે તેઓએ પોલીસ સ્ટેશનમાં રજુ કરેલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે. આ કામના તપાસ કરનાર અધિકારી દ્વારા પણ તેઓએ ભોગ બનનારના મુદ્દામાલ કપડા કબજે કરેલ હોવાનું જણાવેલ છે. પરંતુ ઉપરોક્ત મુજબની ચર્ચા અનુસાર ફરિયાદીનો મૌખિક પુરાવો સંપુર્ણપણે વિશ્વસનિય રહેલ નથી અને આ કામે ભોગ બનનારનો મુદ્દામાલના એફ.એસ.એલ. પુથ્થકરણ અહેવાલના આધારે પણ ભોગ બનનારના કપડા ઉપર કોઈ લોહી, લાળ કે વિર્યની હાજરી મળી આવેલ નથી અને તે સંજોગોમાં ભોગ બનનાર દ્વારા આ કામે મુદ્દામાલ તરીકે રહેલ તેમના કપડા ઓળખી બતાવવા માત્રથી ફરિયાદ પક્ષના કેસને વિશ્વસનિય સમર્થન મળતુ હોવાનું કહી શકાય નહી.

(૧૭૫) ભોગ બનનારે તેમની જુબાનીમાં તેઓને તેમના નિવેદન માટે કોર્ટમાં લઈ ગયેલ અને ત્યાં મેડમે તેમની પુછપરછ કરી નિવેદન લીધેલ હોવાનું જણાવેલ છે. ભોગ બનનારનો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન આ કામે આંક–૩૪ થી રજુ થયેલ છે. ભોગ બનનારના કલમ– ૧૬૪ ના નિવેદનને ધ્યાને લેતા તેઓએ તેમના આ નિવેદનમાં ફરિયાદ હકીકત તથા તેમના પોલીસ રૂબરૂના નિવેદનથી તદ્દન અલગ હકીકત જણાવેલ છે અને તેમના ૧૬૪ ના નિવેદનમાં જે હકીકતો તા. ૦૩/૧૦/૨૦૨૩ ના રોજ જણાવેલ તે મુજબની હકીકત તેમની સરતપાસમાં જણાવેલ છે. આ તબક્કે એ હકીકત નોંધનિય છે કે, કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો અનુસાર ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૧૬૪ મુજબનું નિવેદન મુખ્ય અને મુળભુત પુરાવો ગણી શકાય નહી અને તે માત્ર સમર્થનકારી પુરાવા તરીકે ધ્યાને લઈ શકાય. આ કામે ઉપરોક્ત હકીકતે જ્યારે ખુદ ભોગ બનનારનો સોગંદ ઉપરનો મૌખિક પુરાવો સંપુર્ણપણે વિશ્વસનીય રહેલ ન હોય ત્યારે ભોગ બનનારનું આ કલમ ૧૬૪ મુજબનું નિવેદન ફરિયાદ પક્ષના કેસની સાબિતી માટે કોઈ વિશેષ મદદરૂપ બનતુ નથી.

(૧૭૬) ભોગ બનનાર દ્વારા તેમના સોગંદ ઉપરના પુરાવામાં તેમની સાથે

આરોપી નં. ૦૫ અને ૦૬ દ્વારા વડોદરા ખાતેની હોટલમાં બળાત્કાર આચરેલ હોવાનું અને આરોપી નં. ૦૭ અને ૦૮ દ્વારા અમદાવાદ ખાતેની હોટલમાં બળાત્કાર આચરેલ હોવાનું જણાવવામાં આવેલ છે. ભોગ બનનાર દ્વારા જણાવવામાં આવેલ આ હકીકત પણ ભોગ બનનારના નિવેદન અને આંક–૧૯૫ ની ફરિયાદથી વિસંગત અને વિરૂધ્ધની જણાય છે. ફરિયાદીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓએ આપેલ ફરીયાદમાં ભોગ બનનાર સાથે વડોદરા ખાતે એક વ્યક્તિએ શરીર સબંધ બાંધેલ હોવાની હકીકત જણાવેલ છે અને તેઓની ફરીયાદમાં અમદાવાદ ખાતે ભોગ બનનાર સાથે એક જ વ્યક્તિએ શરીર સબંધ બાંધેલ હોવાની હકીકત જણાવેલ છે અને તેઓને જે હકીકત મળેલી તે સચોટ અને સાચી હોવાથી તે હકીકત તેઓએ ફરીયાદમાં જણાવેલી.

(૧૭૭) ભોગ બનનારના સમગ્ર પુરાવાનું ખુબ જ ચોક્સાઈપુર્વક, કાળજીથી અને ઝીણવટભરી રીતે મુલ્યાંકન કરતા જણાય છે કે, ભોગ બનનારનો સોગંદ ઉપરનો મૌખિક પુરાવો સંપુર્ણપણે વિશ્વસનીય, માનવા લાયક અને નિષ્કલંક રહેલ નથી અને તેમના પુરાવાના આધારે આ કામના કોઈ આરોપીઓએ તેણીને બાંગ્લાદેશમાંથી ભારતમાં આવવા માટે કોઈ લાલચ આપેલ હોય કે ધમકી આપેલ હોય કે અપહરણ કરેલ હોય તેવુ ફલિત થતું નથી. ભોગ બનનારના પુરાવાના આધારે એ હકીકત પણ પ્રસ્થાપિત થાય છે કે, ભોગ બનનારને બાંગ્લાદેશમાંથી ભારતમાં આવવા માટે કોઇ નાણાંકીય લાલચ આપવામાં આવેલ નહી કે કોઇ ધાક–ધમકી કે દબાણ કરવામાં આવેલ નહી. ભોગ બનનારના પુરાવાના આધારે કોઈ આરોપીઓએ તેમને ગોંધી રાખેલ હોય કે તેઓએ ફરિયાદ પક્ષના કથન અનુસાર કોઈ આરોપીઓ પાસેથી શારીરિક સબંધ બાંધવાના બદલામાં કોઈ નાણા મેળવેલ હોય કે તેણીની સાથે શારીરિક સબંધ બાંધવા બદલ કોઈ આરોપીઓએ અન્ય આરોપી નં. ૦૧ થી ૦૪ ને કોઈ નાણા ચુકવેલ હોય તેવી કોઈ હકીકત પણ સ્પષ્ટ થતી નથી.

(૧૭૮) આરોપી નં. ૧ તરફે એવો બચાવ લેવા પ્રયત્ન કરવામાં આવેલ છે કે, આ કામના ભોગ બનનાર અગાઉ મે–૨૦૨૩ માં પણ ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશથી ભારત આવેલા અને મુંબઈ ગ્રાન્ટ રોડ પર દોઢ માસ જેટલુ રોકાયેલ અને ત્યારે કલકત્તા સોનાગાસી વિસ્તારમાં એક દીદી નામની બહેનને ત્યાં રોકાયેલા અને દેહવ્યાપારના

ધંધામાં જોડાયેલા અને ૨૦૨૩ના અરસામાં જ્યારે તેણી ભારત આવેલ ત્યારે મહંમદ નઈમ શેખ નાઓએ તેણીનો ભારતમાં લોકો સાથે સંપર્ક કરાવી આપેલ અને વિકાસ શેઠને ત્યાં પણ તેણી દેહવ્યાપારનો ધંધો કરતી હતી અને મહંમદ નઈમ શેખનાઓએ તેણીનો મનોહરહુસેન જોય સાથે સંપર્ક કરાવી આપેલો અને તેણીએ મનોહરહુસેન જોય પાસેથી રૂા.૩,૦૦,૦૦૦/– માતાની બીમારીના કારણે ઉછીના લીધેલા છે અને તેણીએ મનોહરહુસેન જોય પાસે બીજા વધારાના રૂપિયા ૨,૫૦,૦૦૦/– ની માંગણી કરેલ પરંતુ મનોહરહુસેન જોય પાસે રૂપિયા ૨,૫૦,૦૦૦/– ની સગવડ ન થતા તેણીએ મનોહરહુસેન જોય વિરુદ્ધ હાલનો ખોટો કેસ કરેલ છે. પરંતુ ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં આરોપી નં. ૧ તરફે તેમના આ બચાવ સંદર્ભે પુછવામાં આવેલ તમામ હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરવામાં આવેલ છે. આમ, આરોપી પક્ષ આ કામના ભોગ બનનાર પહેલેથી દેહવ્યાપારમાં જોડાયેલ હોવા કે દેહવ્યાપાર સાથે સંકળાયેલ હોવાની હકીકત સ્થાપિત કરવામાં નિષ્ફળ રહેલ છે.

(૧૭૯) આરોપી નં. ૩ તરફે એવો બચાવ લેવા પ્રયત્ન કરવામાં આવેલ છે કે, ભોગ બનનાર સને ૨૦૨૩ માં પણ બાંગ્લાદેશથી ભારત આવીને મુંબઈના ગ્રાન્ટ રોડ વિસ્તારમાં આવીને રહેતા હતા અને સને ૨૦૨૩માં તેણી મુંબઈ આવેલ ત્યારે તેણીની મુલાકાત સોનીયા સાથે થયેલી અને તેમની પાસે અગાઉથી સોનીયાનું સરનામુ હતુ તે લઈને તેણી અને ડેઝી મુંબઈ રેલ્વે સ્ટેશને થી સોનીયાના ઘરે જાતે ગયેલા. ભોગ બનનારે તેમની ઉલટ તપાસ દરમિયાન આરોપી નં. ૩ તરફે તેમના બચાવમાં પુછવામાં આવેલા આ બાબતેના સવાલોનો ઈન્કાર કરેલ છે. આથી, આરોપી પક્ષ તેમના બચાવની આ હકીકત સ્થાપિત કરવામાં નિષ્ફળ રહેલ છે.

(૧૮૦) ઉપરોકત મુજબના બચાવની હકીકત બાબતે આરોપી નં. ૫ અને ૮ તરફે પણ ભોગ બનનારને તેમની ઉલટ તપાસમાં પુછવામાં આવેલ હોવાનું જણાય છે. જેમાં ભોગ બનનારે જણાવેલ છે કે, તેણી મુંબઈ ગ્રાન્ટ રોડ વિસ્તારના કોઇ વિકાસ શેઠ નામના વ્યકિતને ઓળખતી નથી. તેણીએ ઈન્કારેલ છે કે, તેણી હાલમાં ભારત આવી તે અગાઉ ૩ મહિના પહેલા પણ ભારત આવેલ હતા અને મુંબઈમાં વિકાસ શેઠ નાઓ સાથે રોકાયેલ હતી અને તેણી અગાઉ મુંબઈ વિકાસ શેઠને ત્યાં આવેલ અને ત્યાં તેઓના દેહવ્યાપારના ધંધામા જોડાયેલી હતી અને મુંબઈમાં વિકાસ શેઠના ત્યાં આવી

તે અગાઉ પણ તેણી કલકત્તા આવેલ હતી અને ત્યાં એક દીદીના નામથી જાણીતી મહિલા સાથે દેહવ્યાપારના ધંધામાં જોડાયેલ હતી અને વિકાસ શેઠ અને કલકત્તા ની દીદી નામની મહિલા પાસેથી તેણીને જે કોઇ નાણા મળેલા તે મહોમ્મદ નઇમ શેખ નાઓ મારફતે મળેલા.

(૧૮૧) આરોપી પક્ષ તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ભોગ બનનારના મૌખિક પુરાવામાં ખુબ જ વિસંગતતાઓ, વિરોધાભાસ અને વધારે ચઢાવી જણાવાયેલી હકીકતો રહેલી છે. આ બાબતે ભોગ બનનારના પુરાવાને વિચારણામાં લેતા જણાય છે કે, ભોગ બનનારને આરોપી પક્ષ તરફે તેમની ઉલટ તપાસમાં તેમના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતોને આધીન વિસંગતતા અને વિરોધાભાસી હકીકતો પુરવાર કરવા માટે ઘણા બધા સવાલો પુછવામાં આવેલ છે અને ભોગ બનનારે આ તમામ સવાલોનો ઇન્કાર કરેલ છે. આરોપી પક્ષ તરફે એવી રજુઆત પણ છે કે, ભોગ બનનારના પુરાવામાં રહેલી વિસંગતતા અને વિરોધાભાસી હકીકતો તપાસ કરનાર અધિકારીના પુરાવાથી સાબીત કરવામાં આવેલ છે. ભોગ બનનાર સાહેદના મૌખિક પુરાવાને ઝીણવટભરી રીતે મુલ્યાંકીત કરતા જણાય છે કે, ભોગ બનનારે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં તેમના પોલીસ રૂબરૂના ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૧૬૧ ના નિવેદનથી ઘણી બધી વિશેષ અને વધુ હકીકતો તેમની જુબાનીમાં જણાવેલ છે જે સ્પષ્ટપણે વિસંગતતા દર્શાવે છે. ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં પુછવામાં આવેલ સવાલ દરમ્યાન તેમની સરતપાસમાં જણાવેલ હકીકતો તેમના નિવેદનમાં જણાવેલ ન હોવાની હકીકતો ઇન્કારેલ છે. પરંતુ આ તબક્કે જાણવા જોગ તપાસ કરનાર પોલીસ અધિકારી અને આ ગુન્હાની તપાસ કરનાર અધિકારીના પુરાવાઓ ધ્યાને લેતા જણાય છે કે, આરોપી પક્ષ દ્વારા ભોગ બનનારના પુરાવામાં રહેલી વિસંગતતા, વિરોધાભાસ અને વધુ પડતી જણાવાયેલ હકીકતો આ પોલીસ અધિકારીઓના પુરાવા મારફતે સ્થાપિત કરેલ છે. આથી પણ ભોગ બનનારના વિસંગતતા વાળા એકમાત્ર મૌખિક પુરાવાના આધારે ફરિયાદ પક્ષનો કેસ પુરવાર થયાનું કહી શકાય નહી.

<u>તબીબી પુરાવાઓનું મુલ્યાંકનઃ–</u>

<u>ભોગ બનનારની શારીરિક તપાસના તબીબી પુરાવા</u>

(૧૮૨) ઉપરોક્ત મુજબની ચર્ચા અનુસાર ભોગ બનનાર સાહેદનો મૌખિક પુરાવો સંપુર્ણપણે વિશ્વસનિય, માનવા લાયક, ખાતરી કરાવનારો, નિષ્કલંક અને ઉત્કૃષ્ટ શ્રેષ્ઠતા વાળો જણાય આવેલ નથી અને તેથી ભોગ બનનારના એક માત્ર પુરાવાના આધારે ફરિયાદ પક્ષનો કેસ પુરવાર થયાનું કહી શકાય નહી અને તેથી ફરિયાદ પક્ષને અન્ય કોઈ સમર્થનકારી પુરાવાથી સમર્થન પ્રાપ્ત થાય છે કે કેમ? તેની ચકાસણીના ભાગેરૂપે આ કામે રહેલ તબીબી પુરાવાઓ પણ ઝીણવટભરી રીતે વિચારણામાં લઈ મુલ્યાંકિત કરવા ખુબ જ જરૂરી જણાય છે.

(૧૮૩) આ કામે રહેલ મુદ્દાની હકીકત કે ભોગ બનનાર સાથે દુષ્કર્મ આચરવામાં આવેલ છે તે બાબતે આ કામના ભોગ બનનારની શારીરિક તપાસ શ્રી કૃષ્ણ હોસ્પિટલ, કરમસદ ખાતે આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક–૧૦૩ થી સાહેદ નં. ૦૭ તરીકે તપાસવામાં આવેલા તબીબી સાહેદ ડોક્ટર દીપલ શાહ દ્વારા કરવામાં આવેલ છે. તેથી ડો.દીપલ શાહના મૌખિક પુરાવાને ધ્યાને લેવો જરૂરી બને છે. આ તબીબી સાહેદ ડો. દીપલ શાહે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ છેલ્લા બે વર્ષથી કરમસદ શ્રી કૃષ્ણ હોસ્પીટલમાં આસી. પ્રોફેસર તરીકે ગાયનેક વિભાગમાં ફરજ બજાવે છે અને તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ તેઓ તેમની ફરજ પર હાજર હતા ત્યારે પી.આઇ. શ્રી એસ.ઓ.જી. આણંદની યાદી સાથે વુમન પો.કો. સુશીલાબેન બ.નં ૩૦૧ નાઓ ભોગ બનનારને શારીરીક ચકાસણી માટે યાદી લઇને આવેલા. તેઓએ વધુમાં જણાવેલ છે કે, ભોગ બનનારની શારીરીક તપાસણી કરતા પહેલા તેની સંમતિ લીધેલી અને તે બદલ ભોગ બનનારે તેઓની હોસ્પીટલના કેસ પેપરમાં તેમજ એમ.એલ.સી. સર્ટીમાં સંમતિ વાળા કોલમમાં સહી કરેલ.

(૧૮૪) આ તબીબી સાહેદ ડો.દીપલ શાહે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગ બનનારને બનાવ સબંધે હિસ્ટ્રી પુછતા ભોગ બનનારે બાંગ્લા ભાષામાં હિસ્ટ્રી આપેલી અને તે વખતે ત્યાં એક અનુવાદક હાજર હતા જેમણે બાંગ્લાદેશી ભાષાનું ગુજરાતી ભાષામાં અનુવાદ કરીને હિસ્ટ્રી લખાવેલી. આ તબીબી સાહેદે તેમની જુબાની દરમ્યાન ભોગ બનનાર દ્વારા જણાવાયેલ હિસ્ટ્રી નીચે મુજબ જણાવેલ છે.

"ભોગ બનનાર બાગ્લાદેશની સગીરા છે તેની ફેસબુક પર મનોહર

સાથે ઓળખાણ થઈ હતી ભોગ બનનારને મોડેલ બનવુ હતુ અને મનોહરે તેને મોડેલ બનાવવા માટે લાલચ આપી હતી મનોહરે ૧૩ ઓગસ્ટે ભોગ બનનાર અને તેની મિત્ર દેજાને બોર્ડર ક્રોસ કરવામાં મદદ કરી હતી ભોગ બનનાર અને દેજાએ રાત્રે ૧૦ વાગે ચાલીને બોર્ડર ક્રોસ કરી ૨૪ ઓગસ્ટ સવારે ૦૩ વાગે બન્ને પશ્ચિમ બંગાળ પહોચ્યા ત્યાં બન્નેએ કોઈ ના ઘરે ૦૨ કલાક આરામ કર્યો સવારે ૦૫ વાગે કોઈક તેમને બાઈક પર લેવા આવ્યુ અને કોઈ બીજી જગ્યાએ લઈ ગયા બપોરે ૧૨ વાગે કોઈ કાર લઈને આવ્યુ અને સ્ટેશન લઈ ગયા બપોરે ૦૧/૧૫ એ મુંબઈ જવા માટે ટ્રેન રવાના થઈ ૨૬ તારીખે રાત્રે ૧૨ વાગે મુંબઈ પહોચ્યા ત્યાં તેઓ મનોહરને મળ્યા મનોહર ભોગ બનનાર અને દેજાને લઈને સોનીયાના ઘરે આવ્યા સોનીયા મનોહરની મિત્ર છે સોનીયાના ઘરે ભોગ બનનાર અને દેજા ૦૩ દિવસ માટે રહ્યા પછી ભોગ બનનાર અને તેણીની મિત્ર દેજાને અલગ કરી દેવામાં આવ્યા. સોનીયા અને ભોગ બનનાર ટ્રેનથી વલસાડ ગયા (૨૯ તારીખે) પછી ત્યાંથી વડોદરા આવ્યા ત્યાં એક હોટલમાં એક માણસ સાથે ત્રણ વખત સંભોગ કર્યો પછી બન્ને ટ્રેનથી અમદાવાદ ગયા ત્યાં બે હોટલમાં રહીને બે માણસ સાથે ત્રણ ત્રણ વખત સંભોગ કર્યો છેલ્લી વખત તા.૦૩/૦૯/૨૦૨૩ ના સંભોગ કરેલ છે પછી ત્યાંથી બસમાં આણંદ આવ્યા આણંદમાં ભોગ બનનાર અને સોનીયા ગોપાલના ઘરે રહ્યા ગોપાલ સોનીયાનો મિત્ર છે ત્યાં ભોગ બનનારે તેના કઝીન ભાઈને સંપર્ક કર્યો જે બાગ્લાદેશમાં રહે છે તેના ભાઈએ વડોદરામાં રહેતા તેના મિત્રને સમગ્ર ઘટનાની જાણ કરી તેના મિત્રએ ૧૮૧ અભયમની મદદ લીધી અને તેઓ સગીરાને વિધ્યાનગર પોલીસ સ્ટેશને લઈને આવ્યા દર્દીની જુબાની મુજબ સંભોગ તેની મરજી વિરુદ્ધ થયેલો છે ભાષાની જાણ ન હોવાને લીધે દર્દી પોતાની મરજી નથી એ જણાવી શકતી ન હતી. સંભોગ વખતે નિરોધનો ઉપયોગ કરેલ છે આરોપી દ્વારા દર્દી સાથે ઓરલ સેક્સનો પણ પ્રયત્ન થયેલ છે દર્દીના શરીર પર કોઈપણ જાતના ઘાના નિશાન જોવા મળેલ નથી".

(૧૮૫) આ તબીબી સાહેદ ડો.શાહે તેમની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ભોગ બનનારને તપાસતા નાડીના ધબકારા, બી.પી. વિગેરે સામાન્ય હતા અને બાહ્ય ઈજાના નિશાનો જોવા મળેલા નહી અને તેણીના ગુપ્ત ભાગની તપાસ કરતા હાયમન તૂટી ગયેલુ હતુ અને ગુપ્ત ભાગ પર કોઇ ઈજાના નિશાનો જણાઇ આવેલા નહી અને તેણીએ બનાવ પછી સ્નાન કરી દીધેલ અને કપડા બદલી લીધેલા હતા અને ભોગ બનનારની શારીરિક તપાસણી દરમ્યાન ભોગ બનનારના શરીર ઉપરથી વધુ તપાસ માટે વલ્વલ સ્વાબ, વજાઇનલ સ્વાબ, લોહી લીધેલ અને તેને સીલ પેક કરીને એફ.એસ.એલ. અમદાવાદ ખાતે મોકલાવવા ફોરવર્ડીંગ ચાદી સાથે પોલીસને આપેલી. ડો. શાહે તેમની જુબાનીમા જણાવેલ છે કે, ભોગ બનનારની શારીરિક તપાસણી કરી તેઓના અભિપ્રાય મુજબ ભોગ બનનારની સાથે ભુતકાળ અથવા વર્તમાનમાં શારીરિક સબંધ થયેલ હોઇ શકે. આ તબીબી સાહેદ ભોગ બનનારની શારીરિક તપાસ કરી તે અંગે આપેલ પ્રમાણપત્ર આ કામે આંક–૩૫ અને ૧૦૬ થી રજુ થયેલ છે.

(૧૮૬) ભોગ બનનારની શારીરિક તપાસ કરનાર તબીબી સાહેદના મૌખિક પુરાવાના આધારે એવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, ભોગ બનનારે આ તબીબ સાહેદ સમક્ષ તેણીને મોડેલ બનવાની લાલચ આપી ભારતમાં લાવવામાં આવેલ અને ત્યારબાદ તેણીની સાથે અલગ અલગ સ્થળે અલગ અલગ વ્યક્તિઓ દ્વારા દુષ્કર્મ આચરવામાં આવેલ તેવી હિસ્ટ્રી જણાવેલ અને ભોગ બનનારની બાહ્ય અને ગુપ્ત ભાગની આંતરિક તપાસ દરમ્યાન ભોગ બનનારના બાહ્ય કે આંતરિક ગુપ્ત ભાગે કોઈ ઈજા કે ઈજાના નિશાન જણાય આવેલ નહી અને ભોગ બનનારના ગુપ્ત ભાગે હાયમન તુટી ગયેલ જણાયેલ અને તેના આધારે આ તબીબી સાહેદ દ્વારા ભોગ બનનાર સાથે ભુતકાળ અથવા વર્તમાનમાં શારીરિક સબંધ થયેલ હોય શકે તેવો અભિપ્રાય તેમના મૌખિક પુરાવામાં આપવામાં આવેલ છે.

(૧૮૭) આ હકીકતોની સાથે આ તબીબી સાહેદના મૌખિક પુરાવાના મુલ્યાંકન સમયે આરોપી પક્ષ તરફે આ તબીબ સાહેદની કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવી અનિવાર્ય જણાય છે. આ તબીબી સાહેદની આરોપી પક્ષ તરફે સવાલ પુછવામાં આવેલ છે કે, સર્ટીફિકેટ સાથે વધારાના કાગળનો ઉપયોગ કરવાનો થાય તો તે

વધારાના કાગળ ઉપર સર્ટીફીકેટનો નંબર લખવો પડે? જેના જવાબમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે. આ ડોક્ટર સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, મેડીકોલિગલ એક્ઝામિનેશન રીપોર્ટ ઓફ સેક્સયુલ વાયલન્સના પ્રથમ પાના ઉપર હિન્દી અને બેગોલી તેવો શબ્દ લખેલ છે. જેના જવાબમાં જણાવેલ છે કે, ભોગ બનનાર હિન્દી ભાષા જાણતા ન હતા તે બાબતે તેઓ ચોક્કસ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આ મેડીકોલિગલ એક્ઝામિનેશન રીપોર્ટમાં છાપેલા ફોર્મના છેલ્લા પાના ઉપર તેઓની સહી છે તે સિવાયના કોઈ હસ્તાક્ષર તેઓના નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૦૬ ના ૦૧ થી ૦૫ નંબરના પાનામાં ડો.રશ્મિતાની કોઈ સહી નથી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓની હોસ્પિટલમાં મેડીકોલિગલ એક્ઝામિનેશન રીપોર્ટ ઓફ સેક્સયુલ વાયલન્સના ફોર્મ છાપેલા તૈયાર રાખવામાં આવે છે અને આ ફોર્મ ૦૫ પાનાનું છાપેલ હોય છે અને ફોર્મના છેલ્લા કાગળ ઉપર તેઓની સહી કરવાની હોય છે. આરોપી પક્ષ તરફે આ તબીબી સાહેદને પુછવામાં આ સવાલો તેમના દ્વારા ભોગ બનનારની કરવામાં આવેલ શારીરિક તપાસની ચોકસાઈ અને વિશ્વસનિયતા તથા યથાર્થતા સબંધેના રહેલા છે અને આ તબીબી સાહેદ દ્વારા જણાવવામાં આવેલ હકીકતો તેમના દ્વારા ભોગ બનનારની કરવામાં આવેલ તપાસની ચોકસાઈ અને યથાર્થતા દર્શાવનારી રહેલ છે.

(૧૮૮) આ તબીબી સાહેદ દ્વારા આરોપી પક્ષ તરફેની તેમની ઉલટ તપાસમાં સ્વીકારવામાં આવેલ છે કે, પોલીસે તેઓને કઈ બાબતનું મેડીકલ કરવાનું છે તે બાબતની લેખિત સુચી આપેલ હતી અને તેઓએ જે મેડીકલ એક્ઝામિનેશન કરેલ છે તેમાં તેઓએ સુચી મુજબની તમામ તપાસ કરેલ નથી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ આ કામે સુચી મુજબની મોટાભાગની તપાસનો અભિપ્રાય આપેલો નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આ કામે ભોગ બનનારની શારીરિક તપાસણી તેઓએ જ કરેલી અને આંક–૧૦૬ ના પાના નં.૦૫ ના કોલમ નં.૨૫ માં તેઓએ કોઈ અભિપ્રાય આપેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આ શારીરિક તપાસણીના અંતે તેઓ ચોક્કસ ન હતા તેથી તેઓએ કોલમ નં.૨૫ માં કોઈ અભિપ્રાય આપેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓની શારીરિક તપાસણી દરમ્યાન ભોગ બનનાર સાથે કોઈ એક જ વ્યક્તિએ શરીર સબંધ બાંધેલાનું ધ્યાનમાં આવેલ.

(૧૮૯) આ તબીબી સાહેદના પુરાવાના આધારે જણાય છે કે, તેમની સમક્ષ

ભોગ બનનારને શારીરિક તપાસ માટે આંક–૧૦૩A મુજબની લેખિત પોલીસ યાદી સાથે લાવવામાં આવેલા અને તેના આધારે તેઓએ ભોગ બનનારની શારીરિક તપાસ કરી આંક–૩૫ અને ૧૦૯ મુજબનું પ્રમાણપત્ર કે જેને મેડીકોલીગલ એક્ઝામિનેશન રીપોર્ટ ઓફ સેક્સયુલ વાયોલન્સ તરીકે ઓળખવામાં આવે છે તે આપેલ. આ તબીબી સાહેદે સ્વીકારેલ છે કે, તેઓને આંક– આંક–૧૦૩A મુજબની જે લેખિત સુચી આપવામાં આવેલ તે મુજબની તમામ તપાસ તેઓએ કરેલ નથી અને તેમના આંક–૧૦૯ ના પ્રમાણપત્રના કોલમ નં. ૨૫ માં તેઓએ કોઈ આખરી અભિપ્રાય આપેલ નથી. આ તબીબી સાહેદ દ્વારા સ્વીકારવામાં આવેલ મહત્વની હકીકત એ રહેલ છે કે, તેઓએ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, આ શારીરિક તપાસણીના અંતે તેઓ ચોક્કસ ન હતા તેથી તેઓએ કોલમ નં.૨૫ માં કોઈ અભિપ્રાય આપેલ નથી. જે બાબત આ તબીબી સાહેદના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને મહદ્ અંશે અવિશ્વસનિય બનાવે છે. આ તબીબી સાહેદ દ્વારા આપવામાં આવેલ આંક–૩૫ કે જેને ત્યારબાદ આંક–૧૦૯ પણ આપવામાં આવેલ છે તે મેડીકોલીગલ એક્ઝામિનેશન રીપોર્ટ ઓફ સેક્સયુલ વાયોલન્સને ધ્યાને લેતા જણાય છે કે, આ તબીબી સાહેદે તેમના આ અહેવાલ/પ્રમાણપત્રમાં કોલમ નં. ૨૫ માં ભોગ બનનારની શારીરિક તપાસ અંગે કોઈ આખરી અભિપ્રાય આપેલ નથી. વિશેષમાં આ તબીબી સાહેદે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓની શારીરિક તપાસણી દરમ્યાન ભોગ બનનાર સાથે કોઈ એક જ વ્યક્તિએ શરીર સબંધ બાંધેલાનું ધ્યાનમાં આવેલ. જ્યારે કે ભોગ બનનાર તેમના મૌખિક પુરાવામાં વડોદરા ખાતે બે અલગ અલગ હોટલમાં બે અલગ અલગ વ્યક્તિએ શરીર સબંધ બાંધેલ હોવાનું અને અમદાવાદ ખાતે પણ બે અલગ અલગ હોટલમાં બે અલગ અલગ વ્યક્તિએ શરીર સબંધ બાંધેલ હોવાનું જણાવે છે. આ બાબત પ્રથમ દર્શનિય રીતે ક્ષુલ્લકમતા દર્શાવનારી જણાય છે, પરંતુ જ્યારે ફોજદારી ન્યાય શાસ્ત્રના સિદ્ધાંતો અનુસાર પુરાવાનું મુલ્યાંકન કરવાની બાબત રહેલ હોય ત્યારે ચોક્કસપણે તબીબી સાહેદ અને ભોગ બનનારના પુરાવામાં રહેલી વિસંગતતા અને વિરોધાભાસી હકીકતો રેકર્ડ ઉપર દર્શાવનારી ગણવી જોઈએ. જે એ બાબત પણ દર્શાવે છે કે, ભોગ બનનાર દ્વારા અલગ અલગ સમયે અલગ અલગ કથનો કરવામાં આવેલા છે. ઉપરોક્ત હકીકતો ફરિયાદ પક્ષના પુરાવાઓને અસ્વીકાર્ય અને અવિશ્વસનિય બનાવે છે.

(૧૯૦) આ તબીબી સાહેદ ડો.દીપલ શાહના મૌખિક પુરાવાના આધારે

એવી હકીકત પણ રેકર્ડ ઉપર સ્થાપિત થાય છે કે, ભોગ બનનારની શારીરિક તપાસ દરમ્યાન ભોગ બનનારના શરીર ઉપર કોઈ બાહ્ય ઈજાના નિશાનો જોવા મળેલા નહી અને ગુપ્ત ભાગે પણ કોઈ ઈજાના નિશાન જણાય આવેલા નહી. ભોગ બનનારની શારીરિક તપાસ કરનાર તબીબી સાહેદે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, કોઈ શારીરિક રીતે સક્ષમ સ્ત્રી ઉપર મરજી વિરુદ્ધ શરીર સબંધ બાંધવામાં આવે તો ભોગ બનનાર તેનો પ્રતિકાર કરે અને ભોગ બનનાર પ્રતિકાર કરે તો બળાત્કાર ગુજારનારના શરીર ઉપર કે ભોગ બનનારના શરીર ઉપર કોઈ ઈજાના નિશાન મળી શકે અને કોઈ સ્ત્રીને તેની મરજી વિરુદ્ધ બળાત્કાર કરવામાં આવે તો તેને તે વિશે ખબર પડે અને સ્ત્રી સાથે મરજી વિરુદ્ધ શરીર સબંધ બાંધવામાં આવે તો તે તેનો વિરોધ કરે અને ભોગ બનનારના શરીર ઉપર કોઈ ઈજાના નિશાન મળી આવેલ ન હતા. આ તબીબી સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓએ ભોગ બનનારને તેણીએ બનાવમાં પ્રતિકાર કરેલ છે કે કેમ? તે વિશે પુછેલુ, ભોગ બનનારે પ્રતિકાર કરેલ કે કેમ? તેના જવાબમાં તેને ભાષા આવડતી ન હતી તેથી તેણીએ પ્રતિકાર કરી શકેલ નહી તેમ જણાવેલ. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે શારીરિક રીતે બનાવનો પ્રતિકાર કરેલ હોય તેવી કોઈ વિગત તેઓને જણાવેલ નથી અને જાતિય દુષ્કર્મના કેસમાં વિરોધ કરવા માટે ભાષા આવડતી હોવી જરૂરી નથી.

(૧૯૧) ભોગ બનનારની શારીરિક તપાસ કરનાર તબીબી સાહેદ દ્વારા સ્વીકારવામાં આવેલ ઉપરોક્ત હકીકતો એ બાબત દર્શાવે છે કે, ભોગ બનનાર દ્વારા તેમની સાથે આક્ષેપિત દુષ્કર્મ આચરવામાં આવેલ તે સમયે કોઈ પ્રતિકાર કરેલ નથી અને ભોગ બનનારે આ તબીબી સાહેદ સમક્ષ પ્રતિકાર નહી કરવા સબંધે તેણીને ભાષા આવડતી ન હોવાથી તેણીએ પ્રતિકાર ન હોવાનો જે ખુલાસો કરેલ છે તે બાબતે આ તબીબી સાહેદની ઉલટ તપાસ મારફતે એવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, ભોગ બનનારે આક્ષેપિત દુષ્કર્મના બનાવનો શારીરિક રીતે કોઈ પ્રતિકાર કરેલ હોય તેવી કોઈ વિગત શારીરિક તપાસ સમયે તબીબી સાહેદને જણાવેલ નથી. આ બાબત પરત્વે આ તબીબી સાહેદ ડો.દીપલ શાહ દ્વારા આપવામાં આવેલ આંક–૩૫ અને ૧૦૬ વાળા પ્રમાણપત્રને ધ્યાને લેતા પણ ભોગ બનનાર દ્વારા આક્ષેપિત દુષ્કર્મ સમયે કોઈ પ્રતિકાર કરવામાં આવેલ હોય તે બાબતે કોઈ હકીકત જણાય આવતી નથી. ઉપરોક્ત રીતે આ તબીબી સાહેદ દ્વારા એ સુચનને અનુમોદન આપવામાં આવેલ છે કે, દુષ્કર્મના

બનાવમાં પ્રતિકાર કરવા માટે ભાષા આવડવી જરૂરી નથી. ચોક્કસપણે આવા આક્ષેપિત દુષ્કર્મના બનાવ સમયે જ્યારે કોઈ બાળકી કે સ્ત્રી સાથે જબરજસ્તીથી બળપુર્વક કોઈ કૃત્ય આચરવામાં આવે ત્યારે ભાષાની કોઈ મર્યાદા પ્રતિકાર માટે હોય શકે નહી અને શારીરિક બળનો શારીરિક શક્તિ અને બળથી પ્રતિકાર કરવામાં આવે તેવુ ડહાપણના નિયમ મુજબ સમજી શકાય તેવી બાબત રહેલી છે. આ તબક્કે ભોગ બનનાર દ્વારા તબીબી સાહેદ સમક્ષ તેમને ભાષા આવડતી ન હોવાથી તેઓએ આક્ષેપિત દુષ્કર્મના બનાવનો કોઇ પ્રતિકાર કરેલ ન હોવાની હકિકત જણાવેલ છે તે સંદર્ભે ભોગ બનનારના પુરાવાની હકિકત ધ્યાને લેતાં જણાય છે કે, ભોગ બનનારે તેમની જુબાનીમાં એવી સ્પષ્ટ હકિકત જણાવેલ છે કે, વડોદરા ખાતે જે માણસો તેમની સાથે દુષ્કર્મ આચરવા આવેલા એ માણસોએ તેઓ પાસે આવી તેઓનું નામ પુછેલ તો તેઓએ તે માણસોને તેમનું નામ જણાવેલ અને તેવી જ રીતે અમદાવાદ ખાતે જે માણસો તેમની પાસે દુષ્કર્મ આચરવા આવેલા એ માણસોએ તેઓ પાસે આવી તેઓનું નામ પુછેલ તો તેઓએ તેને તેમનું નામ જણાવેલ. આમ, ભોગ બનનાર દ્વારા તબીબી સાહેદ સમક્ષ તેઓએ આક્ષેપિત દુષ્કર્મ સમયે પ્રતિકાર નહી કરવા બાબતે જણાવેલ હકિકતો ખુદ ભોગ બનનારના પુરાવાની હકિકતોથી જ ખોટી ઠરે છે.

(૧૯૨) આ ચુકાદાના અગાઉના ભાગે ભોગ બનનારના મૌખિક પુરાવાના મુલ્યાંકન સમયે ભોગ બનનાર દ્વારા તેમને આક્ષેપિત દુષ્કર્મના બીજા બનાવ સમયે ગુપ્ત ભાગે ઈજા થતા લોહી નિકળેલ હોવાની હકિકત બાબતે આ તબીબી સાહેદ ડૉ. દીપલ શાહ ના મૌખિક પુરાવાના આંશિક ભાગનું મુલ્યાંકન કરવામાં આવેલ અને નોંધવામાં આવેલ છે કે, તબીબી સાહેદના મૌખિક પુરાવાથી ભોગ બનનારને શરીરના બાહ્ય ભાગે કે ગુપ્ત ભાગે કોઇ ઈજા કે ઈજાના નિશાન જણાય આવેલ નહી અને તબીબી સાહેદના મૌખિક પુરાવાથી ભોગ બનનાર દ્વારા જણાવાયેલ ઈજાની હકિકતને સમર્થન મળતુ નથી.

(૧૯૩) આથી આ તબક્કે પુનરાવર્તનના ભોગે પણ આ તબીબી સાહેદના ઉલટ તપાસના આ ચોક્કસ ભાગને ધ્યાને લેવો આવશ્યક જણાય છે. આ તબીબી સાહેદ ડૉ. દીપલ શાહે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આંક–૧૦૬ ના કોલમ નં.૧૫(એફ)ની છેલ્લી ત્રણ વિગતો મુજબ ભોગ બનનારને બનાવ પહેલા કે બનાવ

બાદ કોઈ રક્તસ્ત્રાવ થયેલ ન હતો અને આંક–૧૦૬ ના આખા સર્ટીફિકેટ મુજબ ભોગ બનનારને બનાવમાં કોઈ રક્તસ્ત્રાવ થયેલ ન હતો અને કોલમ નં.૧૬ ની વિગત મુજબ તેઓએ આ કામે ભોગ બનનારને સૌપ્રથમ વખત તપાસેલ હતા અને કોલમ ૧૮ મુજબ લાબીયા મેજોરો અને લાબીયા માયનોરા નોર્મલ જોવા મળેલ હતા. આ ડોક્ટર સાહેદને ઉલટ તપાસમાં સવાલ પુછવામાં આવેલ છે કે, આખા પરીક્ષણ દરમ્યાન ભોગ બનનાર સાથે જોર જબરજસ્તી થયેલાના કોઈ ચિન્હો જોવા મળેલ ન હતા? જેના જવાબમાં જણાવેલ છે કે, પેનીટ્રેશન થયેલ હતુ ફોર્સફુલી થયેલ હતુ કે કેમ તે કહી શકે નહી. તેઓએ સ્વીકારેલ છે કે, આ પેનીટ્રેશન કેટલા સમય પહેલાનું હતુ તે તેઓ કહી શકે નહી. તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનારને તેઓએ આ અગાઉ કોઈ શરીર સબંધ બાંધેલ હતો કે કેમ તે વિશે પુછેલ હતુ. તેઓએ જણાવેલ છે કે, આ બનાવ અગાઉ ક્યારે શરીર સબંધ બાંધેલ હતો તેની વિગત તેઓએ સર્ટીફિકેટમાં લખેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, મેડીકોલિગલ કેસમાં તપાસણીની તમામ વિગત નોંધવી ફરજીયાત છે અને જે પણ તપાસણી કરેલી તે તેઓએ આંક–૧૦૬ ના સર્ટીફિકેટમાં નોંધી લીધેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૦૩ A માં પોલીસે પ્રતિકાર અથવા તો ઝપાઝપીની માહિતી હોય તો તે બાબતે પ્રશ્ન પુછેલ હતો અને તેઓએ આ કામે બનાવમાં પ્રતિકાર કે ઝપાઝપી થયેલ હતી કે કેમ? તે અંગે તેઓનો કોઈ અભિપ્રાય આપેલ નથી. આ ડોક્ટર સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, તમને ભોગ બનનારની આંતરીક તપાસ દરમ્યાન તાજુ હાયમન ટોર્ન થયેલાનુ જણાયેલ નહી? જેના જવાબમાં જણાવેલ છે કે, હાયમન ટોર્ન તાજુ હતુ કે કેમ તે કહી શકાય તેમ ન હતુ. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર અગાઉથી શારીરિક સબંધ બાંધવા ટેવાયેલ હતા કે કેમ? તે બાબતે અભિપ્રાય આપી શકે નહી અને હાયમન ટોર્ન થવાના ઘણા કારણો હોય શકે. ભોગ બનનારની શારીરિક તપાસ કરનાર તબીબી સાહેદે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, હિસ્ટ્રી બાદ કરતા ભોગ બનનાર સાથે શરીર સબંધ થયેલો છે તેવુ તેઓ કહી શકે નહી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે બનાવ સમયે ક્યા કપડા પહેરેલા તે અંગે તેઓએ તેની કોઈ પુછપરછ કરેલ નથી અને ભોગ બનનાર ઉપર નિર્ણાયક રીતે બળાત્કાર થયેલ છે કે કેમ તે તેઓ કહી શકે તેમ નથી.

(૧૯૪) ઉપરોક્ત મુજબના ભોગ બનનારની શારીરિક તપાસ કરનાર તબીબી સાહેદના પુરાવાના મુલ્યાંકનના આધારે એ હકિકત સ્પષ્ટ થાય છે કે, ભોગ બનનારની

શારીરિક તપાસ દરમ્યાન ભોગ બનનારના શરીરના બાહ્ય ભાગે તેમજ આંતરિક ગુપ્ત ભાગે કોઇ ઇજા કે ઇજાના નિશાન જણાય આવેલા નહી અને ભોગ બનનાર શરીરના કોઇ પણ આંતરિક કે બાહ્ય ભાગે કોઇ પ્રતિકાર કે ઝપાઝપીના નિશાન જણાય આવેલા નહી. ડૉ. દીપલ શાહ દ્વારા સ્વીકારવામાં આવેલ છે કે, હિસ્ટ્રી બાદ કરતા ભોગ બનનાર સાથે શરીર સબંધ થયેલો છે તેવુ તેઓ કહી શકે નહી અને ભોગ બનનાર ઉપર નિર્ણાયક રીતે બળાત્કાર થયેલ છે કે કેમ તે તેઓ કહી શકે તેમ નથી. આ તબીબી સાહેદ દ્વારા આપવામાં આવેલ આંક–૩૫ અને આંક–૧૦૬ ના પ્રમાણપત્રમાં પણ આ તબીબી સાહેદે કોલમ નં. ૨૫ માં ભોગ બનનારની શારીરિક તપાસ અંગેનો કોઇ અભિપ્રાય આપવામાં આવેલ નથી અને તેઓએ તેમની ઉલટ તપાસમાં આ બાબતે સ્વીકારેલ છે કે, તેઓ ચોક્કસ ન હોવાથી કોલમ નં. ૨૫ માં કોઇ અભિપ્રાય આપેલ નથી.

(૧૯૫) આ બાબતે તપાસ કરનાર અધિકારી શ્રી ડાભીના મૌખિક પુરાવાને ધ્યાને લેવો આવશ્યક જણાય છે. તપાસ કરનાર અધિકારીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આંક–૧૦૩A દ્વારા તેઓએ ભોગ બનનારની મેડીકલ તપાસણી દ્વારા તેની ઉપર જાતીય હુમલો થયો છે કે કેમ? તથા તેણીએ હુમલા સમયે કોઇ પ્રતિકાર કરેલ છે કે કેમ? તે જાણવા મેડીકલ ઓફીસરને યાદી કરેલી. તેઓએ સ્વીકારેલ છે કે, મેડીકલ ઓફીસરે આંક–૧૦૬ થી સર્ટીફીકેટ આપેલ છે અને આંક–૧૦૬ વાળા સર્ટીફીકેટના કોલમ નં. ૨૫ કે જે ફાઇનલ ઓપીનીયન માટે છે તેમાં મેડીકલ ઓફીસરે પોતાનો કોઇ અભિપ્રાય આપેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, દરેક સંભોગ બળાત્કાર હોય તે જરૂરી નથી અને ભોગ બનનારે જાણવા જોગના તેમના નિવેદનમાં તેણીની સાથે મરજી વિરુદ્ધ શારીરીક સબંધ બાંધવામાં આવેલ છે તેવી કોઇ હકીકત જણાવેલ નથી. તપાસ કરનાર અધિકારીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ભોગ બનનારે કોઇપણ હોટલ ખાતે તેની સાથે આચરવામાં આવેલ દુષ્કર્મનો વિરોધ દર્શાવેલ હોય તે અંગે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનમાં કોઇ હકીકત જણાય આવેલ નહી.

(૧૯૬) ઉપરોક્ત હકિકતના આધારે એ હકિકત સ્પષ્ટ થાય છે કે, ભોગ બનનાર દ્વારા આક્ષેપિત દુષ્કર્મના બનાવ સમયે મોઢેથી કે શારીરિક શક્તિ કે બળથી કોઇ

પ્રતિકાર કરવામાં આવેલ નથી. ઉપરોક્ત મુજબના ભોગ બનનારના મૌખિક પુરાવા તેમજ તબીબી પુરાવાઓ અને તપાસ કરનાર અધિકારીઓના પુરાવાઓના આધારે ભોગ બનનાર સાથે વડોદરા ખાતેની હોટલમાં તથા અમદાવાદ ખાતેની હોટલમાં કોઇ માણસ દ્વારા આક્ષેપિત દુષ્કર્મ આચરવામાં આવેલ તે સમયે ભોગ બનનાર કોઇ ધમકી ની અસર હેઠળ રહેલ ન હોવાની પ્રતિત થાય છે. ઉપરોક્ત મુજબની વિસ્તૃત ચર્ચા અનુસાર એ હકિકત પણ ફલિત થાય છે કે, ભોગ બનનારને આક્ષેપિત દુષ્કર્મના બનાવ પહેલાં, બનાવ સમયે અને બે દુષ્કર્મના બનાવો વચ્ચે કોઇની મદદ મેળવવાની, સ્થળ ઉપરથી જતા રહી સ્થળ છોડી દેવાની, તેમની પાસે મોબાઇલ હોવાથી મોબાઇલ મારફતે સંપર્ક કરી મદદ મેળવવાની, બુમાબુમ કરવાની તક રહેલ હોવા છતાં તેઓએ તેવુ કશુ કરેલ નથી. આ સંજોગોમાં ઉપરોક્ત હકિકતે ભોગ બનનારની શારીરિક તપાસ કરનાર તબીબી સાહેદ ડૉ. દીપલ શાહના મૌખિક પુરાવાના આધારે પણ ભોગ બનનારના મૌખિક પુરાવાને સમર્થન મળતું નથી.

(૧૯૭) આરોપી પક્ષ તર્ફે પણ ભારપુર્વક એવી રજુઆતો કરવામાં આવેલ છે કે, ભોગ બનનારની શારીરિક તપાસ સમયે હિસ્ટ્રીમાં અલગ–અલગ હકિકતો જણાવવામાં આવેલ છે અને તબીબી પુરાવાના આધારે ભોગ બનનારને કોઇ બાહ્ય કે આંતરિક ઈજાઓ થયેલ નથી અને તેથી ભોગ બનનારના પુરાવાને સ્વીકારી શકાય નહી. આ રજુઆત અનુસંધાને આરોપી નં.૦૫ અને ૦૮ તરફે વિદ્વાન વકિલશ્રી સી.કે.પટેલ દ્વારા તેમની રજુઆતોના સમર્થનમાં નામદાર સર્વોચ્ચ અદાલતના P**. Yuivaprakash Vs. State Rep. By Inspector of Police - 2023 INSC 676** ના કેસના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલ છે. આ રજુ થયેલ ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવેલ છે કેઃ

> "21. In her statement under Section 164 of the Cr. PC, the victim M had deposed that she was in love with the appellant, had consumed poison, and had even been hospitalized because she was adamant to live with the appellant. No doubt, she resiled from her statement. Yet, the medical evidence (deposition of PW-11, Dr. Kavitha) indicated that the victim had

> a ruptured hymen; there was no external injury at her private parts, and that according to her "48 hours before medical examination there was no evidence to show that she had sexual assault is the opinion given by me." This witness also produced her Notes of examination (Ex. P-11). In view of these facts, this court is of the opinion that the prosecution was not able to establish that there was any penetrative sexual assault as a result of coercion or compulsion on the part of the appellant. Even the High Court recognized this, albeit while reducing the sentence (since, in its opinion, M was a minor at the time), observing that "P.W.3 had gone to the extent of taking poison to commit suicide out of love failure, under enormous pressure, he had accompanied P.W.3, married her and had sexual intercourse with her, both before the marriage as well was after the marriage." From these facts, and the definitions under POCSO Act, especially the definitions of "sexual assault", Sections 5 and 6, read with Sections 350 and 351 IPC, it can be seen that it is only when there is penetrative sexual assault, which implies sexual contact with or without consent of the minor victim, that the offences under the POCSO Act are committed."

(૧૯૮) આરોપી નં. ૦૧ તર્ફે વિધ્વાન ચીફ ડીફેન્સ કાઉન્સીલ શ્રી એન.વી. પટેલ દ્વારા તેમની રજુઆતના સમર્થનમાં નામદાર રાજસ્થાન હાઇકોર્ટના **Lajendra Singh @ Lali Vs. State, Through PP,** ના કેસના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલ છે. નામદાર રાજસ્થાન ઉચ્ચ અદાલત દ્વારા આ ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કેઃ

> "49. The medical evidence also fails to lend support to the prosecution story. The rape report records absence of internal or external injuries ordinarily expected in a case of forcible or repeated sexual assault. It further notes that the prosecutrix disclosed prior sexual intercourse four weeks earlier, a fact conspicuously absent from the FIR and her testimony. While absence of injuries is not

conclusive, in the present factual matrix it assumes significance and weakens the allegation of repeated forcible intercourse.

50. When the evidence is appreciated cumulatively, it becomes evident that the prosecution case is riddled with inconsistencies, omissions, and investigative deficiencies. Proof beyond reasonable doubt is not a mere slogan; it is a constitutional safeguard protecting liberty. The minority of the prosecutrix is not conclusively established; the foundational story is improbable; the delay in FIR is unexplained; the earliest version is withheld; independent corroborative evidence is absent; and the medical evidence does not support the prosecution narrative. Criminal conviction cannot rest on suspicion or conjecture. The prosecution must prove its case beyond reasonable doubt, and the benefit of every reasonable doubt must ensure to the accused."

"52. ..... Seventhly, it is highly improbable that a girl, having been ravished by a person, would thereafter voluntarily accompany the same person to another city in a sleeper bus. Equally improbable is the prosecution version that, after allegedly being raped in a sleeper bus during the night, the victim would continue to accompany the accused to a hotel after alighting at the bus stand, which is admittedly a public place....."

(૧૯૯) આરોપી પક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત ચુકાદાવાળા કેસના સંજોગો અને હકીકતો હાલના હાથ ઉપરના કેસથી અલગ રહેલા છે, પરંતુ હાલના કેસમાં પણ ભોગ બનનારનો મૌખિક પુરાવો સંપૂર્ણપણે વિશ્વાસ સંપાદીત કરનારો અને માનવાલાયક રહેલ નથી અને ભોગ બનનારના મૌખિક પુરાવાને અન્ય કોઇ વિશ્વસનીય પુરાવાથી સમર્થન મળતુ નથી અને તબીબી પુરાવો પણ ભોગ બનનારના પુરાવાને સહાયક બનતો નથી તેમજ તપાસ કરનાર અધિકારી ધ્વારા આ કામે આરોપીઓને આ ગુન્હાના કામે જોડતી કડીઓ સાબીત કરવા માટે તપાસ દરમિયાન ખંત અને મહેનતથી વિશ્વસનીય પુરાવાઓ

મેળવી આ કામે રજુ કરેલા નથી અને ભોગ બનનાર દ્વારા રેકર્ડ ઉપર સ્થાપિત થયેલ હકીકત અનુસાર આક્ષેપિત ગુન્હાનો પ્રતિકાર કરવાની, કોઈની મદદ મેળવવાની તેમજ સ્થળ છોડી જતા રહેવાની તક હોવા છતા તેમ કરવામાં આવેલ નથી, આથી ઉપરોકત મુજબના ચુકાદાઓ આ કામે આરોપી પક્ષને મદદરૂપ થતા હોવાનું આ અદાલતનું નમ્ર મંતવ્ય રહેલ છે.

(૨૦૦) આરોપી નં. ૫ અને ૮ તરફે વિદ્વાન વકીલ શ્રી સી. કે. પટેલ દ્વારા તેમની રજુઆતના સમર્થનમાં આપણી નામદાર ઉચ્ચ અદાલતના **State of Gujarat Vs. Lalji Chhaganaji Thakor and others** ના કેસના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલ છે. આપણી નામદાર ઉચ્ચ અદાલત દ્વારા પણ આ ચુકાદામાં ભોગ બનનારની શારીરિક તપાસ દરમિયાન ભોગ બનનારને કોઇ ઈજા જણાય આવેલ નહી અને તેથી ભોગ બનનારના મૌખિક પુરાવાને બળાત્કારના ગુન્હાની સાબીતી માટે ઉચીત માનેલ નહીં. આપણી નામદાર ઉચ્ચ અદાલત દ્વારા આ ચુકાદમાં ઠરાવવામાં આવેલ છે કે:

> "27. We have also perused the injury certificate at Exh.33, wherein it is does not reveal any injuries on the bocy of the deceased or on her vagina and no bloodstain was found on it. The injury certificate reveals teeth of the victim both in the upper jaw and lower jaw as "7/7+7/7 i.e. 28 in total". Thus, if the evidence of the prosecutrix is read in juxtaposition with the medical evidence, the offence of rape is not established beyond reasonable doubt. The medical evidence also does not suggest about any forceful intercourse and there was no injuries found on organs of the victim and the medical evidence is doubtful in nature about any forceful sexual intercourse committed by the accused No.1 on the victim. If the version of the prosecutrix is believed that she was subjected to 15 days of forcible sexual intercourse, and the pain and swelling has remained for further 15 to 20 days, then indubatbly the medical examination would have shown some sign of forceful sexual intercourse, hence the deposition

of the prosecutrix does not satisfy that she was subjected to rape for so many days."

(૨૦૧) આપણી નામદાર ઉચ્ચ અદાલત સમક્ષના કેસમાં રહેલ તબીબી પુરાવાઓને સમકક્ષ તબીબી પુરાવાઓ આ કામે રેકર્ડ ઉપર રહેલ હોવાનું ફલીત થાય છે અને આ કામે પણ ઉપરોકત મુજબની ચર્ચા અનુસાર ભોગ બનનારની તબીબી શારીરિક તપાસ સમયે ભોગ બનનારના બાહય કે આંતરીક ગુપ્ત ભાગે કોઇ ઈજા કે ઈજાના નિશાનો તેમજ શરીરના કોઇ ભાગે કોઇ પ્રતિકારના નિશાનો જણાય આવેલ નથી. આ સંજોગોમાં તબીબી પુરાવાઓને અનુલક્ષી આરોપી પક્ષ તરફે રજુ થયેલ આ ચુકાદો આરોપી પક્ષને મદદરૂપ થતો હોવાનું આ અદાલતનું નમ્ર મંતવ્ય રહેલ છે.

(૨૦૨) ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલા પુરાવાઓના આધારે એ હકીકત સ્વીકૃત જણાય છે કે, આ કામના આરોપીને તેમની ઉંમર નકકી કરવા કે તેમની ઉંમર જાણવા માટે શ્રી કૃષ્ણ હોસ્પીટલ, કરમસદ ખાતે મોકલવામાં આવેલા અને ત્યાં આ કામે આંક – ૧૧૨ થી તપાસવામાં આવેલા તબીબી સાહેદ ડો. મિલીનસીંઘ યાદવ દ્વારા ભોગ બનનારની શારીરિક અને દાંતની તપાસના આધારે આંક – ૩૬ નું ભોગ બનનારની ઉંમર બાબતે અભિપ્રાય સ્વરૂપનું પ્રમાણપત્ર આપવામાં આવેલ. આ તબીબી સાહેદ ડો. મિલીનસીંધ યાદવના મૌખિક પુરાવાના આધારે જણાય છે કે, તેઓએ તેમની જુબાનીમાં ભોગ બનનારને તેમના સમક્ષ ઉંમરનો અભિપ્રાય જાણવા માટે લાવવામાં આવેલ ત્યારે તેઓએ ભોગ બનનારને હીસ્ટ્રી પણ પુછેલ હોવાનું અને ભોગ બનનારે તેમના સમક્ષ બનાવની હીસ્ટ્રી જણાવેલ તે પણ જણાવેલ હોવાનું સ્પષ્ટ થાય છે. આ સંજોગોમાં આરોપી પક્ષ તરફે આ તબીબી સાહેદ ડો. યાદવને તેમની ઉલટ તપાસમાં આ બાબતે પણ સવાલો પુછવામાં આવેલા છે. તે દરમિયાન ડો. યાદવે સ્વીકારેલ છે કે, આંક–૩૬ વાળા સર્ટીફિકેટમાં હીસ્ટ્રીમાં બળાત્કાર ગુજારનાર કોઇપણ આરોપીના નામ દર્શાવેલા નથી અને આંક–૩૬ વાળા સર્ટીફિકેટમાં હીસ્ટ્રીમાં ભોગ બનનારને કોણે મોડેલીંગ માટે કામ આપવાનું પ્રોમીસ આપેલ તે વ્યકિતનું નામ દર્શાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૩૬ ના સર્ટીફિકેટની હીસ્ટ્રીમાં ભોગ બનનારને દેહવ્યાપારના ધંધામાં કોણે ધકેલી તે વ્યકિતનું નામ પણ હીસ્ટ્રીમાં દર્શાવેલ નથી અને આંક–૩૬ ના સર્ટીફિકેટની હીસ્ટ્રીમાં ભોગ બનનાર સાથે કુલ કેટલા આરોપીએ શરીર સબંધ બાંધેલ

તે આરોપીની સંખ્યા દર્શાવેલી નથી અને આંક–૩૬ ના સર્ટીફિકેટની હીસ્ટ્રીમાં ભોગ બનનારની સાથે કુલ કેટલી વખત શરીર સબંધ બાંધવામાં આવેલ તે પણ દર્શાવેલ નથી. જો કે તેઓએ સ્વેચ્છાએ એવી હકીકત જણાવેલ છે કે, મલ્ટીપલ ટાઇમ્સ એવુ દર્શાવેલ છે.

(૨૦૩) ફરિયાદ પક્ષના પુરાવાઓના આધારે રેકર્ડ ઉપર એ હકીકત આવેલ છે કે, આ કામના ભોગ બનનારને એક થી વધુ વખત તબીબી શારીરિક તપાસ માટે લઇ જવામાં આવેલ છે. ભોગ બનનારને સૌપ્રથમ વખત તેમને વિધાનગર પોલીસ સ્ટેશને લાવવામાં આવેલા તે જ દીવસે તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ શારીરિક તપાસ માટે લઇ જવામાં આવેલા અને તે દીવસે ડોકટર દ્વારા ભોગ બનનારની શારીરિક તપાસ હાથ ધરી આંક – ૧૯૦ મુજબનું શારીરિક તપાસનું પ્રમાણપત્ર આપવામાં આવેલ. ત્યારબાદ ભોગ બનનારને બીજી વખત તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ આ ગુન્હાની ફરિયાદ નોંધાયા બાદ શ્રી કૃષ્ણ હોસ્પીટલ, કરમસદ ખાતે ભોગ બનનારને શારીરિક તપાસ માટે લઇ જવામાં આવેલ અને ત્યાં આંક – ૧૦૩ થી તપાસવામાં આવેલા તબીબી સાહેદ ડો. દિપલ શાહ દ્વારા ભોગ બનનારની આ ગુન્હા સંબંધી શારીરિક તપાસ કરવામાં આવેલ અને આંક – ૩૫ અને ૧૦૬ થી રજુ થયેલ શારીરિક તપાસના પ્રમાણપત્ર આપવામાં આવેલ. ત્યારબાદ ફરી ભોગ બનનારને તા. ૧૬/૦૯/૨૦૨૩ ના રોજ શ્રી કૃષ્ણ હોસ્પીટલ ખાતે તેમની ઉંમર બાબતે તબીબી પરીક્ષણ કરવા અને ઉંમરના અભિપ્રાય માટે લઇ જવામાં આવેલ અને તે સમયે આંક – ૧૧૨ થી તપાસવામાં આવેલા તબીબી સાહેદ ડો. મિલીનસીંઘ યાદવ દ્વારા ભોગ બનનારની તપાસ કરી આંક – ૩૬ વાળું અને આંક – ૧૫૪ થી તપાસવામાં આવેલ તબીબી સાહેદ ડો. ધર્મેન્દ્ર પરમાર દ્વારા ભોગ બનનારનું ઓસીફીકેશન પરીક્ષણ કરી આંક – ૧૧૪ વાળું ઉંમરની આકારણીના પ્રમાણપત્રો આપવામાં આવેલા છે.

(૨૦૪) રેકર્ડ ઉપરના પુરાવાઓ એ હકીકત દર્શાવે છે કે, ભોગ બનનારને જેટલી વખત શારીરિક તપાસ માટે લઇ જવામાં આવેલ તે સમયે ભોગ બનનાર ધ્વારા જણાવવામાં આવેલ બનાવ અંગેની હીસ્ટ્રીમાં ભીન્નતા જોવા મળે છે. આ હકીકત પરત્વે આરોપી પક્ષ તરફે વિધ્વાન વકીલ શ્રી સી.કે.પટેલ ધ્વારા આપણી નામદાર ઉચ્ચ અદાલતનો **Jayrajsinh Ramsung Jadeja Vs. State of Gujarat**

ના કેસનો ચુકાદો રજુ કરવામાં આવેલ છે. આપણી નામદાર ઉચ્ચ અદાલત ધ્વારા આ ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે:

> "36. Upon careful evaluation of the aforementioned evidence, it becomes clear that the victim and the accused had established friendship through social. media. They used to communicate with each other through mobile phone and had mutually decided to get married. It is also evident that the victim herself had called the accused on phone two days prior to the incident, i.e. on 26.12.2022. In accordance with their mutual on prior arrangement, 28.12.2022 (i.e. on the day of the incident), the victim left home under a pretense of going to school, carrying documents related to her age in her school bag. She then voluntarily accompanied the accused on his motorcycle to his farm. This sequence of events clearly indicates that the relationship between the two was consensual. Moreover, from the evidence of both the Medical Officers (PW-3) Dr.Samat Ambaliya and (PW-4) Dr.Sanjay Rathod, it is evident that the history given by the victim to both these Medical Officers in relation to the incident is inconsistent and contradictory. Even, during her medical examination, no external or internal injury, abrasion, redness or struggle mark was noticed on the person of the victim. Consequently, both the Medical Officers independently reached at the same conclusion that from the medical examination of the victim, it cannot be said with confirmation that any forceful sexual intercourse has happened. Upon evaluating the conduct of the victim and the credibility of the evidence produced by the prosecution, it is noteworthy that the victim has stated before Dr.Samat that on the day of the incident (i.e. on 28.12.2022), the accused took the victim to his farmhouse against her will and had developed physical sexual relationship with her without her consent. However, at no point of time, she had stated that she remained at the farmhouse of the accused for a period of 3 days (i.e. from 28.12.2022 to 31.12.2022). This is significant because the prosecution's case is premised on the fact that the

victim stayed at the farm of the accused continuously from 28.12.2022 to 31.12.2022. It is also noteworthy that before the expert Gynecologist (PW-4) Dr.Sanjay Rathod, the victim had stated completely a different story. She had stated that she had, in fact, gone with the accused to his farm at village Sonardi on 28.12,2022 and remained there only for about five and a half hours (i.e. between 12:30 pm to 6:00 pm), and during this period, they had once developed physical relationship. It is clear that the facts she had stated to both these witnesses are completely contradictory and are inconsistent, which raises questions about the veracity of her statement."

"41. In the instant case, the evidence of the victim, if read as a whole along with the medical and the forensic evidence, as well as considering the conduct of the victim, the same does not inspire confidence. Further, the sequence of events put forward by the prosecution and the evidence produced in that regard also raises significant doubt about the story narrated by the prosecution."

(૨૦૫) ઉપરોકત હકીકતના પરીપ્રેક્ષ્યમાં આપણી નામદાર ઉચ્ચ અદાલત દ્વારા સ્થાપિત કરવામાં આવેલા આ ચુકાદાના સિધ્ધાંતો આરોપી પક્ષને મદદરૂપ થતા હોવાનું આ અદાલતનું નમ્ર મંતવ્ય રહેલ છે.

<u>આરોપીઓની શારીરિક તપાસ અંગેના તબીબી પુરાવા :–</u>

(૨૦૬) ફરિયાદ પક્ષ તરફે આરોપી નં. ૦૫ થી ૦૮ ની શારીરિક તપાસણી કરનાર ડો. મિલિનસીંધ બદ્રીપ્રસાદ યાદવને આંક–૧૧૨ થી સાહેદ નં. ૦૮ તરીકે તપાસવામાં આવેલા છે. આ તબીબી સાહેદ ડો. યાદવે તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૯/૦૯/૨૦૨૩ ના રોજ પી.આઇ. શ્રી એસ.ઓ.જી., આણંદ નાઓએ આરોપીઓની શારીરીક ચકાસણી કરવાની હોય યાદી સાથે આરોપીઓને તેઓ તરફ મોકલી આપેલા જે અસલ યાદી ૧૯/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૩:૪૦ વાગે

રીસીવ કર્યા બદલ તેઓએ તેમની સહી કરેલ અને આ આરોપીઓને પોલીસ કોન્સ્ટેબલ મહાવીરસીંહ પ્રતાપસીંહ બ.નં. ૮૮ લઈને આવેલા. તેઓએ વધુમાં જણાવેલ છે કે, સદર આરોપીઓ પૈકી પ્રથમ આરોપીનું નામ પુછતા તેણે પોતાનું નામ શિભાઇભાઇ ઉર્ફે લાલાભાઇ કરસનભાઇ દેસાઇ હોવાનું જણાવેલ આરોપી શિભાઇભાઇ ઉર્ફે લાલાભાઇ કરમશીભાઈ દેસાઈનાઓની શારીરિક તપાસણી કરતા પહેલા એમ.એલ.સી. સર્ટીફિકેટમાં આરોપીની સમંતિ મેળવેલ અને તે બદલ તેઓએ સહી કરેલ. આ તબીબી સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં આ આરોપી શિભાઇભાઇ ઉર્ફે લાલાભાઇ કરમશીભાઈ દેસાઈનાઓએ તેમના સમક્ષ જણાવેલ હિસ્ટ્રીની વિગત જણાવી વધુમાં જણાવેલ છે કે, આરોપીને તપાસતા તેણે કોઇ નશબંધીનું ઓપરેશન કરાવેલ નહી અને તેણે ભોગ બનનાર સાથે એક વખત કોન્ડમ સાથે શારીરીક સબંધ બાંધેલો અને ત્યારબાદ એક વખત મૂત્ર પસાર કરેલ અને તેના ગુપ્તાંગ સ્વચ્છ કરી લીધેલ હતા અને કપડા બદલી લીધેલ હતા અને આ સિવાય આરોપીના શરીર ઉપર કોઇ એબ–નોર્માલીટી જોવા મળેલ નહી અને આરોપીની ઉંચાઇ ૧૭૫ સે.મી. અને વજન ૮૯ કિલો હતુ અને તેને ગુપ્તભાગે તેમજ બગલના ભાગે વાળ હતા અને તેને દાઢી મૂંછ આવી ગયેલ હતા અને તેના ગુપ્તભાગનો વિકાસ ઉંમર મુજબ સામાન્ય હતો અને આરોપીના ગુપ્તભાગ ની તપાસ કરતા સ્મિમેસ્ટીક રીફ્લેકસ હાજર હતુ અને સ્ક્રોટમનો વિકાસ થયેલ હતો અને ગુપ્ત ભાગે કોઇ ખોડ ખાંપણ હતી નહી અને ગુપ્ત ભાગની તપાસ કરતા પેનીસ ઉપરની ચામડી આગળ–પાછળ ખસીને જતી હતી અને આરોપી શરીરસબંધ બાંધવા માટે સક્ષમ જણાતો હતો.

(૨૦૭) આ તબીબી સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બીજા આરોપીનું નામ પુછતા આરોપીએ તેમનુ નામ હની ત્રિભોવનભાઇ પટેલ હોવાનું જણાવેલ અને તેઓએ તપાસ શરૂ કરતા અગાઉ એમ.એલ.સી. સર્ટીફિકેટમાં આરોપી હની ત્રિભોવનભાઈ પટેલનાઓની સમંતિ મેળવેલી અને સંમતિ બદલ આરોપીએ સહી કરેલી. આ તબીબી સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં આ આરોપી હની ત્રિભોવનભાઈ પટેલે તેમના સમક્ષ જણાવેલ હિસ્ટ્રીની વિગત જણાવી વધુમાં જણાવેલ છે કે, આરોપીને તપાસતા તેણે કોઇ નશબંધીનું ઓપરેશન કરાવેલ નહી અને તેણે ભોગ બનનાર સાથે એક વખત કોન્ડમ સાથે શારીરીક સબંધ બાંધેલો અને ત્યારબાદ એક વખત મૂત્ર પસાર કરેલ અને તેના ગુપ્તાંગ સ્વચ્છ કરી લીધેલ હતા અને કપડા

બદલી લીધેલ હતા અને આ સિવાય આરોપીના શરીર ઉપર કોઇ એબ–નોર્માલીટી જોવા મળેલ નહી અને આરોપીની ઉંચાઇ ૧૭૫ સે.મી. અને વજન ૮૦ કિલો હતુ અને તેને ગુપ્તભાગે તેમજ બગલ ના ભાગે વાળ હતા અને તેને દાઢી મૂંછ આવી ગયેલ હતા અને તેના ગુપ્તભાગનો વિકાસ ઉંમર મુજબ સામાન્ય હતો અને આરોપીના ગુપ્તભાગ ની તપાસ કરતા ક્રિમેસ્ટીક રીફલેકસ હાજર હતુ, સ્ક્રોટમનો વિકાસ થયેલ હતો અને ગુપ્તભાગે કોઇ ખોડ ખાંપણ હતી નહી અને ગુપ્તભાગની તપાસ કરતા પેનીસ ઉપરની ચામડી આગળ–પાછળ ખસી ને જતી હતી અને આરોપી શરીર સબંધ બાંધવા માટે સક્ષમ જણાતો હતો.

(૨૦૮) આ ડોક્ટર સાહેદે તેમના પુરામાં વધુમાં જણાવેલ છે કે, અન્ય આરોપીનું નામ પુછતા તેઓએ તેમનું નામ પ્રદિપ ઉર્ફે લાલો કાંતિભાઇ મકવાણા હોવાનું જણાવેલ અને તેઓએ તપાસ શરૂ કરતા અગાઉ એમ.એલ.સી. સર્ટીફિકેટમાં આરોપીની સમંતિ મેળવેલી અને સંમતિ બદલ આરોપીએ સહી કરેલી. આ તબીબી સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં આ આરોપી પ્રદિપ ઉર્ફે લાલો કાંતિભાઇ મકવાણાએ તેમના સમક્ષ જણાવેલ હિસ્ટ્રીની વિગત જણાવી વધુમાં જણાવેલ છે કે, આરોપીને તપાસતા તેણે કોઇ નશબંધીનું ઓપરેશન કરાવેલ નહી અને તેણે ભોગ બનનાર સાથે એક વખત કોન્ડમ સાથે શારીરીક સબંધ બાંધેલો અને ત્યારબાદ એક વખત મૂત્ર પસાર કરેલ અને તેના ગુપ્તાંગ સ્વચ્છ કરી લીધેલ હતા અને કપડા બદલી લીધેલ હતા અને આ સિવાય આરોપીના શરીર ઉપર કોઇ એબ–નોર્માલીટી જોવા મળેલ નહી અને આરોપીની ઉંચાઇ ૧૬૫ સે.મી. અને વજન ૮૫ કિલો હતુ અને તેને ગુપ્તભાગે તેમજ બગલ ના ભાગે વાળ હતા અને તેને દાઢી મૂંછ આવી ગયેલ હતા અને તેના ગુપ્તભાગનો વિકાસ ઉંમર મુજબ સામાન્ય હતો અને તેના ગુપ્તભાગ ની તપાસ કરતા ક્રિમેસ્ટીક રીફલેકસ હાજર હતુ, સ્ક્રોટમનો વિકાસ થયેલ હતો અને ગુપ્તભાગે કોઇ ખોડ ખાંપણ હતી નહી અને ગુપ્તભાગની તપાસ કરતા પેનીસ ઉપરની ચામડી આગળ–પાછળ ખસી ને જતી હતી અને આરોપી શરીર સબંધ બાંધવા માટે સક્ષમ જણાતો હતો.

(૨૦૯) ડો. મિલીનસીંઘ યાદવે તેમની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, તેઓએ ચોથા આરોપીનું નામ પુછતા આરોપીએ તેમનું નામ રાહુલ પ્રકાશનારાયણ

મિશ્રા હોવાનું જણાવેલ અને તેઓએ તપાસ શરૂ કરતા અગાઉ એમ.એલ.સી. સર્ટીફિકેટમાં આરોપીની સમંતિ મેળવેલી અને સંમતિ બદલ આરોપીએ સહી કરેલી. તેઓએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં આરોપીએ તેમના સમક્ષ જણાવેલ બનાવની હિસ્ટ્રીની વિગત જણાવી વધુમાં જણાવેલ છે કે, આરોપીને તપાસતા તેણે કોઇ નશબંધીનું ઓપરેશન કરાવેલ નહી અને તેણે ભોગ બનનાર સાથે એક વખત કોન્ડમ સાથે શારીરીક સબંધ બાંધેલો અને ત્યારબાદ એક વખત મૂત્ર પસાર કરેલ અને તેના ગુપ્તાંગ સ્વચ્છ કરી લીધેલ હતા અને કપડા બદલી લીધેલ હતા અને આ સિવાય આરોપીના શરીર ઉપર કોઇ એબ–નોર્માલીટી જોવા મળેલ નહી અને આરોપીની ઉંચાઇ ૧૬૫ સે.મી. અને વજન ૮૫ કિલો હતુ અને તેને ગુપ્તભાગે તેમજ બગલ ના ભાગે વાળ હતા અને તેને દાઢી મૂંછ આવી ગયેલ હતા અને તેના ગુપ્તભાગનો વિકાસ ઉંમર મુજબ સામાન્ય હતો અને તેના ગુપ્તભાગની તપાસ કરતા ક્રિમેસ્ટીક રીફલેકસ હાજર હતુ, સ્ક્રોટમનો વિકાસ થયેલ હતો અને ગુપ્તભાગે કોઇ ખોડ ખાંપણ હતી નહી અને ગુપ્તભાગની તપાસ કરતા પેનીસ ઉપરની ચામડી આગળ–પાછળ ખસી ને જતી હતી અને આરોપી શરીર સબંધ બાંધવા માટે સક્ષમ જણાતો હતો.

(૨૧૦) આમ, ઉપરોકત મુજબના આરોપી નં. ૫ થી ૮ ની શારીરિક તપાસ કરનાર તબીબી સાહેદના મૌખિક પુરાવાના આધારે આ ચારે આરોપીઓ શરીર સંબંધ બાંધવા માટે સક્ષમ હોવાનો તબીબી અભિપ્રાય રહેલ હોવાનું સ્પષ્ટ થાય છે. ઉપરોકત હકીકતે આ આરોપીઓની શારીરિક તપાસ કરનાર તબીબી સાહેદ ધ્વારા તેમના પુરાવામાં આ ચારે આરોપીઓએ ભોગ બનનાર સાથે એક વખત કોન્ડમ સાથે શરીર સંબંધ બાંધેલ હોવાની હકીકત જણાવવામાં આવેલ છે તે આરોપીઓ ધ્વારા તપાસ સમયે તેમના સમક્ષ જાહેર કરવામાં આવેલ હીસ્ટ્રીના આધારે જણાવવામાં આવેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે ફલીત થાય છે. આ તબીબી સાહેદના મૌખિક પુરાવાના આધારે એ હકીકત પણ સ્પષ્ટ રહેલ છે કે, આ ચારે આરોપીઓને તેમની સમક્ષ શારીરિક તપાસ માટે પોલીસ ઇન્સ્પેકટર, એસ.ઓ.જી., આણંદનાઓની યાદી સાથે આ તબીબી સાહેદ સમક્ષ લાવવામાં આવેલા અને રેકર્ડ ઉપર રહેલ હકીકતો એ દર્શાવે છે કે, આ ચારે આરોપીઓને પોલીસ યાદી સાથે ડોકટર સમક્ષ શારીરિક તપાસ માટે લઇ જવામાં આવેલા ત્યારે તેઓને અટક કરી લેવામાં આવેલ હતા અને તેઓ પોલીસ કસ્ટડીમાં રહેલા હતા અને ખુદ આરોપીઓની શારીરિક તપાસ કરનાર તબીબી સાહેદ

ધ્વારા જણાવવામાં આવેલ છે કે, આરોપીઓને પોલીસ ચાદી સાથે પોલીસ કોન્સ્ટેબલ મહારવીરસીંહ પ્રતાપસીંહ લઈને આવેલા અને આરોપીઓને તેમની સમક્ષ શારીરિક ચકાસણી માટે લાવવામાં આવ્યા ત્યારે તેઓ પોલીસ કસ્ટડીમાં હતા અને તેથી તેઓ ધ્વારા ડોકટર સમક્ષ આપવામાં આવેલ કબુલાત સ્વરૂપની હીસ્ટ્રીની વિગતોના આધાર માત્રથી આરોપીઓ સામેના આક્ષેપિત તહોમતની હકીકતો પુરવાર થયાનું કહી શકાય નહીં.

(૨૧૧) આરોપીઓની શારીરિક તપાસ કરનાર તબીબી સાહેદ ડો. યાદવના કથન અનુસાર તેઓને આરોપી નં. ૫ થી ૮ ની શારીરિક તપાસ કરવા માટે આંક – ૧૧૬ વાળી ચાદી મળેલી અને તેના આધારે તેઓએ આ ચારે આરોપીઓની શારીરિક તપાસ કરેલી. આ આંક – ૧૧૬ થી રજુ થયેલ પોલીસ ચાદી ધ્યાને લેતા તેના બીજા પાના ઉપર ચોકકસ બાબતો માટે જાતિય તપાસની વિનંતી કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટ થાય છે અને તે પૈકી પ્રતિકાર અથવા ઝપાઝપી થયાની માહિતી બાબતે તપાસ માટે તેમજ તે અંગે નમુનાઓ લેવા પણ વિનંતી કરવામાં આવેલ. આંક – ૧૧૨ થી આરોપીપોની શારીરિક તપાસ કરનાર તબીબી સાહેદના મૌખિક પુરાવાઓના આધારે જણાય છે કે, તેઓએ આ ચારે આરોપીઓ પૈકી કોઇ આરોપીના શરીરના બાહય કે આંતરીક અવયયોના ભાગે કોઇ પ્રતિકાર કે ઝપાઝપીના કોઇ અવશેષ જોવા મળેલ કે કેમ તે અંગે કોઇ હકીકત જણાવેલ નથી. રેકર્ડ પરના પુરાવાઓ ધ્યાને લેતા આ ચારે આરોપીઓની શારીરિક તપાસના પ્રમાણપત્રો આ કામે આંક – ૧૧૭ થી ૧૨૦ થી રજુ થયેલ છે અને તેને વંચાણે લેતા પણ આ ચારે આરોપીઓની શારીરિક તપાસ દરમિયાન તેમના શરીરના બાહય ભાગે કે ગુપ્ત ભાગે કોઇ ઈજા કે પ્રતિકારના નિશાનો જોવા મળેલ હોવાની હકીકત સ્પષ્ટ થતી નથી.

<u>ભોગ બનનાર અને આરોપી નં. ૫ થી ૮ ના ડી.એન.એ. સેમ્પલ</u>

(૨૧૨) ફરિયાદ પક્ષ તરફે આંક – ૧૧૨ થી તપાસવામાં આવેલા તબીબી સાહેદ ડો. મિલીનસીંધ યાદવના મૌખિક પુરાવાના આધારે એ હકીકત પણ ફલીત થાય છે કે, તા. ૨૯/૦૯/૨૦૨૩ ના રોજ ભોગ બનનારના ડી.એન.એ. સેમ્પલ લેવા માટે પી.આઇ. શ્રી એસ.ઓ.જી., આણંદનાઓની લેખિત ચાદી સાથે ભોગ બનનારને

તેમના તરફ મોકલવામાં આવેલા. ડો. યાદવે તેમના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, ભોગ બનનારના ડી.એન.એ. માટે નમૂના લેતા પહેલા તેણીની સમંતી મેળવેલ અને તે બદલ તેણીએ તેની સહી તથા અંગૂઠાનું નિશાન કરી આપેલ અને ભોગ બનનારનું ડી.એન.એ. પ્રોફાઈલીંગ માટે આઈડેન્ટીફીકેશન ફોર્મ તેઓએ તેમના હસ્તાક્ષરમાં તૈયાર કરેલ અને તે ફોર્મમાં ભોગ બનનારનો ફોટો લગાવવામાં આવેલો અને ભોગ બનનારનો લોહીનો નમુનો ફીલ્ટર પેપર ઉપર લેવામાં આવેલ અને તે ફીલ્ટર પેપરને સીલ કરીને વધુ તપાસ અર્થે ફોર્મ સાથે પોલીસને સુપરત કરેલ.

(૨૧૩) આ તબીબી સાહેદ ડો. મિલીનસીંધ યાદવના પુરાવાના આધારે એ હકીકત પણ ફલીત થાય છે કે, આ ગુન્હાના કામે આરોપી નં. ૫૫ થી ૮ ના ડી.એન.એ. સેમ્પલ લેવા માટે આ ચારેય આરોપીઓને પી.આઈ. શ્રી એસ.ઓ.જી., આણંદની લેખિત યાદી સાથે આ તબીબી સાહેદ સમક્ષ તે જ દીવસે એટલે કે તા. ૨૯/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૬:૦૦ વાગ્યે લાવવામાં આવેલા. આ તબીબી સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ચારેય આરોપીઓના ડી.એન.એ. પ્રોફાઇલીંગ માટેના આઇડેન્ટીફીકેશન ફોર્મ તેઓના હસ્તાક્ષરમાં તૈયાર કરેલા અને તે ફોર્મ ઉપર જે તે આરોપીઓના ફોટા લગાવેલા ત્યારબાદ આરોપીના લોહીના નમૂના લેતા પહેલા તેઓની સમંતિ મેળવવામાં આવેલ અને ત્યારબાદ દરેક આરોપીનો લોહીનો નમુનો ફીલ્ટર પેપર પર લઇને ફીલ્ટર પેપરને સીલબંધ કરી ફોર્મ સાથે વધુ તપાસ અર્થે પોલીસને સુપ્રત કરેલા.

(૨૧૪) આ કામે રજુ થયેલ ડી.એન.એ. પરીક્ષણ તથા એફ.એસ.એલ. પરીક્ષણના આંક–૨૭૪, ૨૭૭, ૨૭૯ ના રીપોર્ટના આધારે ભોગ બનનાર કે આરોપીના કપડા ઉપરથી કોઈ લોહી, વીર્ય કે લાળના અવશેષો મળી આવેલ ન હોવાનું અને ડી.એન.એ. રીપોર્ટ મુજબ પણ ભોગ બનનારના ગુપ્ત ભાગેથી લેવાયેલા નમુનાઓ સાથે આરોપીઓના લેવાયેલ નમુનાના ડી.એન.એ. મળતા આવતા ન હોવાનો સ્પષ્ટ અભિપ્રાય ડી.એન.એ. પરીક્ષણ કરનાર નિષ્ણાંતનો રહેલ હોવાનું પુરવાર થાય છે. આ સંજોગોમાં ફરિયાદ પક્ષના કેસને આ વૈજ્ઞાનિક પરીક્ષણ સ્વરૂપના ડી.એન.એ. અને એફ.એસ.એલ. રીપોર્ટથી કોઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી.

<u>ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પંચનામાઓ બાબતે:–</u>

<u>ભોગ બનનારની શરીરસ્થિતિ તેમજ કપડા કબજે કર્યાના પંચનામા</u>

(૨૧૫) ફરિયાદ પક્ષ તરફે આંક–૭૫ થી સાહેદ નં. ૦૨ તરીકે ભોગ બનનારના કપડા કબજે કર્યાના આંક–૭૬ વાળા પંચનામાના પંચ સાહેદ પરેશકુમાર ઘનશ્યામભાઇ મિસ્ત્રીને તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૧૫/૦૯/૨૦૨૩ ના રોજ બપોરે ૧૨ વાગ્યા થી ૧૨:૪૫ ના સમય દરમ્યાન તેઓને એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનમાં પંચ તરીકે બોલાવેલ ત્યારે તેઓની સાથે બીજા પંચ તરીકે મીતાબેન સુથાર હતા અને તેઓએ ભોગ બનનારની શરીરસ્થિતિ તેમજ કપડાના પંચનામા બાબતે બોલાવેલ અને ત્યાં પોલીસ સ્ટેશનમાં પી.આઇ. શ્રી, મહિલા પો.કો., ભોગ બનનાર બાળા જે બાંગ્લાદેશી હોય તેની સાથે દુભાષિયા તરીકે મંગલચાંદ ગોવિંદભાઇ મન્ના નાઓ હાજર હતા. તેઓએ વધુમાં જણાવેલ છે કે, દુભાષિયા મારફતે ભોગ બનનારને તેના નામ જેવી વિગતો પૂછવામાં આવેલી અને તેણીએ બનાવ સમયે પહેરેલ કપડા રજુ કરવા જણાવતા તેણીએ એક ગુલાબી કલરનું અડધી બાયનું ટી–શર્ટ, બ્લ્યુ કલરનું જીન્સ તથા સફેદ કલરનું લાંબી બાયનું ટોપ તથા બ્લ્યુ કલરનું જીન્સ અને કાળા કલરની નીકર તથા કાળા કલરની બ્રા મળીને કુલ ૬ કપડાઓ રજુ કરેલા જે તેઓની હાજરીમાં પોલીસ દ્વારા કાગળમાં વીંટાળી કોથળીમાં મુકી સોય દોરા થી સીવી સીલ કરેલા અને આ બાબતે લખાણ કરવામાં આવેલ જે લખાણ મુજબની પ્રકિયા તેઓના રૂબરૂ થયેલ હોય તેઓએ તે પંચનામામાં સહી કરેલી. પંચ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૭૬ થી રજુ ભોગ બનનારની શરીરસ્થિતિનું પંચનામુ જોઈ જેમાં પંચ નં. ૦૨ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. પંચ સાહેદે વધુમાં જણાવેલ છે કે, તેઓને ભોગ બનનારના મુદ્દામાલ અર્થે કબજે લીધેલ કપડા બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. આ પંચ સાહેદે તેઓની જુબાની દરમ્યાન મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૧ માંથી નિકળેલ ગુલાબી કલરનું અડધી બાયની ટી–શર્ટ, મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૨ માંથી નિકળેલ બ્લ્યુ કલરનું જીન્સનું પેન્ટ, મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૩ માંથી નિકળેલ સફેદ કલરનું આખી બાયનું ટોપ, મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૪ માંથી નિકળેલ બ્લ્યુ કલરનું જીન્સનું પેન્ટ, મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૫ માંથી નિકળેલ કાળા કલરની બ્રા અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૬ માંથી નિકળેલ કાળા કલરની નીકર જોઈ જે કપડા ભોગ બનનારે રજુ કરેલ અને

પંચનામાની વિગતે કબજે કરેલ હોવાનું જણાવેલ છે. આ પંચ સાહેદે આ મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૧ થી ૦૬ માંથી નિકળેલ આંક–૭૭ થી ૮૨ વાળી પંચ સ્લીપ જોઈ તેમાં પંચ નં. ૦૨ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

(૨૧૬) આ પંચ સાહેદના પુરાવાના મુલ્યાંકન સમયે આરોપી પક્ષ તરફેની તેમની ઉલટ તપાસની હકીકત ધ્યાને લેવી જરૂરી જણાય છે. આરોપી પક્ષ તરફેની ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, જે કપડા તેઓએ ઓળખી બતાવેલ છે તે કપડાઓને તેવા જ બીજા ઘણા કપડાઓની વચ્ચે રાખવામાં આવે તો આજરોજ ઓળખી બતાવેલ કપડાઓને ચોકકસપણે ઓળખી શકે નહી અને એક સરખા જીન્સ પેન્ટ હતા તેમાં ઓળખવા માટે ચોકકસ શું નિશાની હતી તે તેઓ કહી શકે નહી અને તેઓએ જુબાની દરમ્યાન ઓળખી બતાવેલ કપડાઓને ઓળખવા માટે તેના ઉપર ચોકકસ કોઇ નિશાની ન હતી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તેમની જુબાની દરમ્યાન ઓળખી બતાવેલ કપડા પોલીસ સ્ટેશનમાં ક્યાંથી આવ્યા તેની તેઓને જાણકારી નથી. તેઓએ સ્વીકારેલ છે કે, કપડાને અલગ તારવવા માટે તે બનાવનારની કંપની, સાઇઝ થી કપડાને અલગ તારવી શકાય.

(૨૧૭) આ પંચ સાહેદના ઉપરોક્ત પુરાવાના આધારે તપાસના કામે તપાસ કરનાર અધિકારી દ્વારા આંક–૭૬ ના પંચનામાની વિગતે આ કામના ભોગ બનનારે તેમના મુદ્દામાલ કપડા રજુ કરતા તે પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ હોવાની અને આ પંચ સાહેદે તે મુદ્દામાલ કપડા ઓળખી બતાવેલ હોવાની હકીકત સ્પષ્ટ થાય છે. આ કામના તપાસ કરનાર અધિકારીએ તેમની આંક–૨૫૪ ની સોગંદ ઉપરની જુબાની દરમ્યાન આ મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૧ થી ૦૬ વાળા મુદ્દામાલ કપડા જોઈ જે ભોગ બનનારના શરીરસ્થિતિના પંચનામા દરમ્યાન ભોગ બનનારે રજુ કરેલા તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આ કામના ભોગ બનનાર સાહેદે પણ તેમની સોગંદ ઉપરની જુબાની દરમ્યાન મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૧ માંથી નિકળેલ ગુલાબી કલરનું અડધી બાયની ટી–શર્ટ, મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૨ માંથી નિકળેલ બ્લ્યુ કલરનું જીન્સનું પેન્ટ, મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૩ માંથી નિકળેલ સફેદ કલરનું આખી બાયનું ટોપ, મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૪ માંથી નિકળેલ બ્લ્યુ કલરનું જીન્સનું પેન્ટ, મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૫ માંથી નિકળેલ કાળા કલરની બ્રા અને મુદ્દામાલ આર્ટીકલ

નં. ૦૬ માંથી નિકળેલ કાળા કલરની નીકર જોઈ તે પોતાના હોવાનું અને પોલીસે ફરિયાદ કરેલ ત્યારે કબજે લીધેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

<u>આરોપી નં. ૪ થી ૮ ની શરીરસ્થિતિ અને કપડા કબજે કર્યાના પંચનામા</u>

(૨૧૮) ફરિયાદ પક્ષે આંક–૮૩ થી સાહેદ નં. ૦૩ તરીકે આરોપી નં. ૪ થી ૮ ની શરીરસ્થિતિ અને આરોપી નં.૪ થી ૮ કપડા કબજે કર્યાના તથા આરોપીઓના મોબાઈલ કબજે કર્યાના આંક–૮૪ ના પંચનામાના પંચ સાહેદ–૦૧ સુરેશભાઈ બબુભાઈ તળપદાને તથા આંક–૯૪ થી સાહેદ નં. ૦૪ તરીકે આ પંચનામાના બીજા પંચ સાહેદ મથુરભાઈ ભદાભાઈ તળપદાને તપાસવામાં આવેલા છે. આ બન્ને પંચ સાહેદોના મૌખિક પુરાવાઓનું મુલ્યાંકન કરતા જણાય છે કે, આ બન્ને પંચ સાહેદોએ તેમના પુરાવાઓથી આંક–૮૪ થી રજુ આરોપી નં. ૪ થી ૮ ની શરીરસ્થિતિ અને આરોપી નં.૪ થી ૮ કપડા કબજે કર્યાના તથા આરોપીઓના મોબાઈલ કબજે કર્યાના પચંનામામાં તેમજ મુદ્દામાલ આર્ટીકલમાંથી નિકળેલ આંક–૮૫ થી આંક–૯૨ વાળી પંચ સ્લીપમાં તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને તે સિવાય પંચનામાની કોઈ હકીકતોને સમર્થન આપેલ નથી. આ બન્ને પંચ સાહેદોને વિદ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા પરવાનગીથી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પણ આ બન્ને પંચ સાહેદોને પુછવામાં આવેલા અને તેમા પણ તેઓએ ફરિયાદ પક્ષના કેસની અને આ પંચનામાની કોઈ હકીકતોને સમર્થન આપેલ નથી.

(૨૧૯) ઉપરોક્ત હકીકતે આરોપી નં. ૦૪ થી ૦૮ ને તપાસ કરનાર અધિકારી દ્વારા અટક કરવામાં આવેલ ત્યારે આ આરોપીઓની શરીરસ્થિતિ તથા આ આરોપીઓના કપડા અને મોબાઈલ કબજે કરવાનું આંક–૮૪ મુજબનું પંચનામું આ ગુન્હાની તપાસ કરનાર પોલીસ અધિકારી શ્રી એલ.બી.ડાભી દ્વારા કરવામાં આવેલ હોવાનું ફલિત થાય છે. ઉપરોક્ત હકીકતે આંક–૮૪ ના પંચનામાના બન્ને પંચ સાહેદો દ્વારા આ પંચનામાની હકીકતને તેમના મૌખિક પુરાવાઓથી સમર્થન આપવામાં આવેલ નથી અને તેથી આંક–૮૪ નું પંચનામું પંચ સાહેદોના પુરાવાથી પુરવાર થયેલ નથી. આપણી નામદાર ઉચ્ચ અદાલત દ્વારા તાજેતરમાં ઠરાવવામાં આવેલ છે અને

કાયદાનો સ્થાપિત સિદ્ધાંત રહેલ છે કે, જ્યારે પંચનામાના પંચ સાહેદો દ્વારા પંચનામાની હકીકતોને તેમના પુરાવાઓથી સમર્થન આપવામાં ન આવે ત્યારે તે પંચનામાના કથનો અને તત્વો પુરવાર કરવાની જવાબદારી તપાસ કરનાર અધિકારી ઉપર આવી જાય છે અને તપાસ કરનાર અધિકારીએ પોતાની સોગંદ ઉપરની જુબાની દરમ્યાન આ પંચનામાના તમામ કથનો અને ઘટકો સ્વતંત્ર રીતે જણાવી પુરવાર કરવાના રહે છે. તપાસ કરનાર અધિકારી આંશીક રીતે માત્ર એવી હકીકત જણાવે કે, આ કામે પંચનામુ કરવામાં આવેલ કે બે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ અને તેમાં પંચોની સહીઓ લેવામાં આવેલ અને રૂબરૂમાં તેઓએ સહી કરેલી તે કાયદાની અપેક્ષા પ્રમાણે પર્યાપ્ત નથી. કાયદાની જોગવાઈ પ્રમાણે તપાસ કરનાર અધિકારીએ આવા પંચનામાની હકીકતો અને તથ્યો વિગતવાર રીતે પોતાની જુબાનીમાં જણાવવા જોઈએ. હાલના કામે તપાસ કરનાર અધિકારી શ્રી એલ.બી.ડાભી જ્યારે અદાલત સમક્ષ જુબાની આપવા હાજર થયેલ ત્યારે તેમના ધ્યાન ઉપર એ બાબત રહેલ હતી કે, આંક–૮૪ વાળા પંચનામાના પંચ સાહેદો ફરી ગયેલા જાહેર થયેલા છે અને તેઓએ તે પંચનામાની હકીકતોને કોઈ સમર્થન આપેલ નથી તેમ છતાં તેઓએ તેમની જુબાનીમાં માત્ર એટલી જ હકીકત જણાવેલ છે કે, અમૃત ઉર્ફે અનિલ ઉર્ફે આર્યન ગોરધનભાઇ ખરા, પ્રદિપકુમાર ઉર્ફે લાલો કાંતીભાઇ મકવાણા, રાહુલ પ્રકાશ નારાયણ મિશ્રા, શીભઇભાઇ ઉર્ફે લાલાભાઇ કરમશી દેસાઇ અને હની ત્રીભુવનભાઇ પટેલના તેઓ રૂબરૂ નિવેદન લીધેલા અને આરોપીઓના નિવેદન નોંધ્યા બાદ અટક કરવામાં આવેલા અને તેઓની શરીરસ્થિતિનું પંચનામુ પણ કરવામાં આવેલ અને પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હતો. તપાસ કરનાર અધિકારી દ્વારા જણાવાયેલ આટલી હકીકત આંક–૮૪ ના પંચનામાની હકીકતો સાબિત કરવા માટે પુરતી રહેલી નથી. જો કે તપાસ કરનાર અધિકારીએ તેમની જુબાની દરમ્યાન મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૪, ૧૫, ૧૬, ૧૯, ૨૨, ૨૫ અને ૨૬ વાળા મુદ્દામાલ મોબાઈલ જોઈને તે આરોપી નં. ૦૪ થી ૦૮ પાસેથી શરીરસ્થિતિના પંચનામા દરમ્યાન મળી આવેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેવી જ રીતે તપાસ કરનાર અધિકારીએ મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૩, ૨૭ અને ૨૮ વાળા આરોપી નં. ૦૫ થી ૦૮ પાસેથી પંચનામા દરમ્યાન કબજે કરેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. પરંતુ આ તપાસ કરનાર અધિકારીના પુરાવાને ધ્યાને લેતા જણાય છે કે, તપાસ કરનાર અધિકારીએ આરોપી પક્ષ તરફેની ઉલટ

તપાસમાં સ્વીકારેલ છે કે, મુદ્દામાલ આર્ટીકલ નં. ૭, ૮, ૯ તથા ૧૪, ૧૫, ૧૬, ૧૯, ૨૨, ૨૫, ૨૬, વાળા મોબાઇલ તથા જાણવા જોગના કામે કબજે લીધેલ મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૧ વાળો મોબાઇલ ફોન જેવા મોબાઇલ ફોન બજારમાં સહેલાઇથી મળી રહે છે તેથી આ મુદ્દામાલ મોબાઇલ ફોન જો અન્ય આવા જ મોબાઇલ ફોન સાથે રાખવામાં આવે તો તેઓ આ મુદ્દામાલ મોબાઇલને ચોક્કસ રીતે ઓળખી શકે નહી. ઉપરોક્ત હકીકતે તપાસ કરનાર અધિકારીનો આ પંચનામાની હકીકતો પુરવાર કરવા માટેનો પુરાવો પર્યાપ્ત રહેલ નથી અને પંચ સાહેદો દ્વારા આ પંચનામાની હકીકતોને સમર્થન આપવામાં આવેલ નથી ત્યારે ફરિયાદ પક્ષના કેસ પરત્વે શંકા જન્મે છે.

<u>ગુન્હાવાળી જગ્યાનું પંચનામું:–</u>

(૨૨૦) ફરિયાદ પક્ષે આંક–૯૫ થી સાહેદ નં. ૦૫ તરીકે ગુન્હાવાળી જગ્યાના પંચ સાહેદ ધર્મેન્દ્રકુમાર દુર્ગાપ્રસાદ પટેલને તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા ૧૪/૯/૨૦૨૩ ના રોજ એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનમાં થી સ્ટાફના માણસો એક લેટર લઇને આવેલા અને તેઓના અધિકારી શ્રી ને મળેલા અને તેઓએ બે સ્ટાફના માણસોની જરૂર છે તેમ જણાવેલ તેથી તેઓના અધિકારીએ મૌખિક રીતે તેઓને તથા તેઓની સાથેના બીજા પંચ અમિતભાઇને એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનમાં જવાની સૂચના આપેલ જેથી તેઓ અને અમિતભાઇ એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનના માણસો સાથે એસ.ઓ.જી. પોલીસ સ્ટેશને ગયેલા. તેઓએ જણાવેલ છે કે, બપોરે ૧૧ વાગે તેઓ એસ.ઓ.જી. પોલીસ સ્ટેશને પહોચેલા ત્યાં જઇને તેઓને કેસ બાબતે સમજ કરી પંચમાં રહેવા માટે સમજ આપવામાં આવેલી અને ત્યાં એસ.ઓ.જી. પોલીસની ગાડીમાં પોલીસ સબ ઇન્સ્પેક્ટર, એક બાંગ્લાદેશી બહેન તથા પોલીસ સ્ટાફ અને તેઓ પંચો આણંદ થી વડોદરા જવા નીકળેલા અને આ બહેનની સાથે એક દુભાષીયાભાઇ પણ તેઓની સાથે ગાડીમાં હતા અને ત્યારબાદ ગાડી વડોદરા લોટસ ગોલ્ડ હોટલ ખાતે લઇ જવામાં આવેલ ત્યાં જઇને રીસેસ્પશન કાઉન્ટર ઉપર જઇ ત્યારબાદ ભોગ બનનારે રૂમ નં. ૨૦૧ બતાવી ઇશારો કરેલ તથા બીજો ૨૦૮ નંબરના રૂમ પાસે જઇ ઇશારો કરેલ તેથી હોટલના સ્ટાફે આ રૂમ ખોલી આપેલા અને આ રૂમમાં બેડ, ટી.વી, પંખો વિગેરે સામાન હતો અને પોલીસે તેની નોંધ કરેલી અને ત્યારબાદ હોટલના સી.સી.ટી.વી. કેમેરા, હોટલના રજીસ્ટરની પણ પોલીસે

તપાસ કરેલી અને તેનું લખાણ કરેલ.

(૨૨૧) તેઓએ વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ તેઓ બધા એ ગાડીમાં ફરીથી બપોરે ૪ વાગે વડોદરા થી અમદાવાદ જવા નીકળેલા અને ત્યાં વાડજ વિસ્તારમાં આવેલ સાંઇ વિલા નામની હોટલે પહોચેલા અને તે હોટલે આશરે ૫:૧૫ વાગે પહોચેલા અને ત્યાં પણ આ ભોગ બનનાર બહેને રૂમ નં. ૪૦૫ બતાવેલ જે બહેનનું નામ તેઓને યાદ નથી અને ભોગ બનનાર બહેને જે રૂમ બતાવેલ તે લોક હોવાથી હોટલના સ્ટાફે તે રૂમ ખોલી આપેલ અને તે રૂમમાં પણ બેડ, ટી.વી., ચાદર, પંખો વિગેરે સાધનો હતા અને ત્યાં પણ પોલીસે સી.સી.ટી.વી. કેમેરા તથા હોટલનુ રજીસ્ટરની બાબતે બીજા દિવસે એસ.ઓ.જી. પોલીસ સ્ટેશને હાજર રહેવા સૂચના આપેલી અને પોલીસે ત્યાં પણ લખાણ કરેલ.

(૨૨૨) તેઓએ વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ તેઓની ગાડી આશરે ૦૬:૧૫ થલતેજ બીજી હોટલમાં જવા નીકળેલ અને ત્યાં આઇ–લેન્ડ પાર્ક નામની હોટલે ગયા અને ત્યાં બાંગ્લાદેશી બહેને કાઉન્ટર પર જઇને રૂમ નં. ૪૦૬ પર જઇને આ રૂમમાં તેણીની સાથે દુષ્કર્મ થયેલાનું જણાવેલ અને આ રૂમ બંધ હતો તેથી તે રૂમને સ્ટાફ દ્વારા ખોલી આપેલ તે રૂમમાં પણ બેડ, પંખા, ટી.વી વિગેરે સાધનો હતા અને પોલીસે આ રૂમનું લખાણ કરેલ અને સી.સી.ટી.વી. કેમેરા અને હોટલનું રજીસ્ટર લઇને બીજા દિવસે એસ.ઓ.જી. પોલીસ સ્ટેશન હાજર રહેવાની સૂચના આપેલી ત્યારબાદ તેઓ ગાડીમાં પરત આણંદ આવી ગયેલા અને તેઓએ પંચનામામાં સહી કરેલી. પંચ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૯૬ થી રજુ ગુન્હાવાળી જગ્યાનું પંચનામું જોઈ તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આમ, આ પંચ સાહેદની સરતપાસની હકીકતો ધ્યાને લેતા તેઓએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ હોવાનું જણાય છે.

(૨૨૩) આ પચં સાહેદના મૌખિક પુરાવાના મુલ્યાંકન સમયે તેમની ઉલટ તપાસની હકીકતો ધ્યાને લેવી પણ ખુબ જરૂરી જણાય છે. આ પંચ સાહેદે તેમની આરોપી પક્ષ તરફેની ઉલટ તપાસમાં સવાલના જવાબમાં જણાવેલ છે કે, પોલીસ પંચનામામાં શું કાર્યવાહી કરે તેની તેમને આ પંચનામુ કર્યુ તે અગાઉ થી માહિતિ ન

હતી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ પંચનામુ જુબાની આપતા પહેલા વાંચેલ છે અને પંચનામાની નકલ તેઓ જુબાની આપવા આવેલ ત્યારે સાથેના પંચ પાસે હતી. તેઓએ જણાવેલ છે કે, પંચનામાની કોપી એસ.ઓ.જી. પોલીસ પાસેથી મેળવેલી અને આ પંચનામાની કોપી પંચનામુ કર્યુ તેના બીજા દિવસે આપેલી અને પંચનામાની કોપી લેવા પાછળનું કારણ તેઓને ખબર ન હતી અને પોલીસ તરફથી પંચનામાની ભવિષ્યમાં જરૂર પડશે તેવુ કહીને આપેલી અને પંચનામા માટે ગયા ત્યારે કોર્ટમાં જુબાની આપવી પડશે તેવી કોઇ ખબર ન હતી. તેઓએ જણાવેલ છે કે, તેઓએ આ પંચનામામાં કુલ કેટલી સહીઓ કરેલ તેની તેમને ખબર નથી અને તેઓએ આશરે પણ કેટલી સહી કરી તે પણ ખબર નથી અને તેઓએ પંચનામાના દરેક પાના પર સહી કરી કે કેમ તે પણ તેઓ કહી શકે નહી અને છેલ્લે સહી કરી છે તેવુ તેમને યાદ છે. આમ, આ પંચ સાહેદની જુબાની પ્રથમ દર્શનિય રીતે વિશ્વાસપ્રેરક જણાય છે. પરંતુ ઉપરોક્ત હકીકતોના અનુસંધાને પંચ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતા તેઓનો પુરાવો શીખવાડેલા સાહેદ તરીકે ગણી શકાય તે સ્વરૂપનો હોવાનું જણાય છે.

(૨૨૪) આ પંચ સાહેદે તેઓની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, પંચનામામાં ક્યા રસ્તે વડોદરા લોટ્સ ગોલ્ડ હોટેલથી વાડજ ગયા તે રૂટ લખેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, વડોદરા તરફથી અમદાવાદ વાડજ જવુ હોય તો અમદાવાદને પસાર કરીને સામેની બાજુ જતા વાડજ આવે. તેઓએ જણાવેલ છે કે, વડોદરાની લોટ્સ ગોલ્ડ હોટલ થી અમદાવાદ વાડજ ની હોટલ કેટલા કિલોમીટરે આવેલ છે તેનો તેઓને ખ્યાલ નથી અને વડોદરા થી અમદાવાદ એકસપ્રેસ હાઇવે પરથી ૯૦ કિ.મી થાય. તેઓએ ઈન્કાર કરેલ છે કે, વડોદરાની હોટલ થી અમદાવાદ વાડજ હોટલ દિવસના સામાન્ય ટ્રાફીકમાં ૧ કલાક ૧૫ મિનિટમા કોઇપણ સંજોગોમા પહોચી શકાય નહી અને સતત ૧૨૦ કિમી/કલાક ની સ્પીડ થી ગાડી દોડાવવામાં આવે તો પણ ૧ કલાક ૧૫ મિનિટમાં વડોદરાની હોટલ થી અમદાવાદની હોટલ પહોચી શકાય નહી. તેઓએ આ હોટલો શોધી કેવી રીતે તેવા ઉલટ તપાસના પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, એસ.ઓ.જી. પોલીસે શોધેલી અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર સાહેબે ડ્રાઇવરને હોટલનો રૂટ બતાવેલો. તેઓએ જણાવેલ છે કે, આ રૂટ પંચનામાની કાર્યવાહી માટે નીકળ્યા ત્યારે જ બતાવવામાં આવેલ. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, પોલીસ સબ ઈન્સ્પેક્ટર સાહેબ રસ્તામાં સૂચના આપી રૂટ બતાવતા હતા. આરોપી પક્ષ તરફે આ

પંચ સાહેદને પુછવામાં આવેલ ઉપરોક્ત મુજબના ઉલટ તપાસના સવાલો આ પંચ સાહેદની વિશ્વસનિયતાના પ્રમાણ બાબતે પુછવામાં આવેલ હોવાનું જણાય છે. પરંતુ આ પંચ સાહેદે તેમની ઉલટ તપાસ દરમ્યાન પણ પંચનામામાં દર્શાવેલ સ્થળ અંગેની હકીકતોને સમર્થન આપેલ હોવાનું જણાય છે. ચોક્કસપણે વડોદરા ખાતે આવેલ ફતેગંજ વિસ્તારની હોટલ લોટસ ગોલ્ડથી અમદાવાદ વાડજ ખાતે આવેલ સાંઈ વિલા હોટલ ભૌગોલિક દ્રષ્ટીએ થોડા દુરના અંતરે આવેલ હોવાનું અને વડોદરા તથા અમદાવાદ જેવા મહાનગરમાં આવેલ હોવાનું નિર્વિવાદીત છે. આરોપી પક્ષ એ બાબતે પ્રશ્નાર્થ દર્શાવે છે કે, વડોદરા ખાતેની હોટલ લોટસ ગોલ્ડ ખાતેથી અમદાવાદ ખાતેની સાંઈ વિલા હોટલ ખાતે બન્ને મહાનગરોના ટ્રાફિકની પરિસ્થિતિને ધ્યાને લેતા ૦૧ કલાક અને ૧૫ મિનિટમાં પહોચી શકાય નહી. સામાન્ય સમજ અને ભૌગોલિક સ્થળના અંતર અનુસાર આટલા સમયમાં સામાન્ય સંજોગોમાં પંચનામાના આ બે સ્થળોએ પહોચી શકાય નહી તેવુ માની શકાય. પરંતુ માત્ર આટલી હકીકત હોવા માત્રથી સમગ્ર પંચનામાની હકીકતો બાબતે પ્રશ્નાર્થ મુકી શકાય નહી. પરંતુ ઉપરોકત હકીકતે આ પંચ સાહેદ ધ્વારા સ્વીકારવામાં આવેલી હકીકતો અનુસાર તેઓએ તેમની જુબાની અગાઉ પંચનામુ વાંચીને તેમની જુબાની આપેલ છે. જે બાબત ચોકકસપણે તેમના પુરાવા પ્રત્યે સંદેહાત્મક રહેલ છે.

(૨૨૫) ગુન્હાવાળી જગ્યાના પંચ સાહેદ ધર્મેન્દ્રકુમાર દુર્ગાપ્રસાદ પટેલે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, પોલીસે તેઓની હાજરીમાં કોઇ પુરાવો કબજે કરેલ નહી અને પોલીસે હોટલના રજીસ્ટર અને CCTV કેમેરા ચકાસેલાનું પંચનામામા લખેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે હોટલના રજીસ્ટર અને CCTV રેકોર્ડીંગ લઇને બીજા દિવસે એસ.ઓ.જી. પોલીસ સ્ટેશને બીજા દિવસે લઇ ને આવવાની સૂચના કાઉન્ટર પર આપેલી અને પંચનામાના બીજા દિવસે આવા CCTV રેકોર્ડીંગ અને રજીસ્ટર લઇને પોલીસ સ્ટેશને કોઇ આવેલ કે કેમ તેની તેઓને જાણકારી નથી. તેઓએ જણાવેલ છે કે, પોલીસ સાથે તમો ગાડીમાં કેટલા માણસો નીકળેલા? જેના જવાબમાં જણાવેલ છે કે, છ–એક માણસો નીકળેલા. તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસની ગાડીમાં ચોકકસ કેટલા માણસો હતા તે તેઓ કહી શકે નહી. આ પંચ સાહેદે તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તમામ સહીઓ તેઓએ એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનમાં કરેલી. તેઓએ જણાવેલ છે કે, એસ.ઓ.જી પોલીસ સ્ટેશને પરત આવ્યા

બાદ ૪૫ મિનિટ જેટલુ રોકાયેલા અને આ ૪૫ મિનિટ પંચનામાનું લખાણ કોમ્પ્યુટરમાં તૈયાર કરવામાં આવતુ હતુ તેથી રોકાયેલા. તેઓએ સ્વીકારેલ છે કે, કોમ્પ્યુટર ઉપર પંચનામાનું લખાણ તૈયાર થયા બાદ સહીઓ લેવામાં આવેલ. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓ પોલીસ સાથે કોઈપણ કાર્યવાહીમાં ગયેલ જ નથી અને સરકારી કર્મચારી હોવાથી તેમના ઉપરી અધિકારીના કહેવાથી પોલીસ સ્ટેશનમાં જઈ ફકત સહી કરેલી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, દુભાષીયા તરીકે એક બહેન હતા. તેઓએ સ્વીકારેલ છે કે, એસ.ઓ.જી. પોલીસ સ્ટેશને થી હોટલ નીકળતા પહેલા પોલીસે હોટલ જોયેલ હતી જેથી ત્યાં સરળતાથી પહોચી જવાય અને ગાડીમાંથી ઉતરીને સોઢા સાહેબ સૌપ્રથમ હોટલના રીશેસ્પશન પર વાતચીત કરતા અને હોટલ ઉપર સોઢા સાહેબ રજીસ્ટર જોતા હતા અને હોટલ ના રીશેસ્પશન ઉપર સોઢા સાહેબ જે વાતચીત કરતા જે તેઓ સાંભળી શકે તેટલા નજીક ન હતા અને હોટલના રીશેસ્પશને સોઢા સાહેબ સાથે તમામ આવનારાઓના ઓળખના પુરાવા લીધા બાદ જ રૂમ આપવામાં આવે છે તેમ જણાવી બધા આધાર પુરાવા બતાવેલા કે કેમ તે આજે તેઓને યાદ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, પંચનામાનું લખાણ શરૂ કર્યુ અને પુરૂ કર્યુ તેની વચ્ચે તેઓને ભોગ બનનાર સાથે કોઇ વાત કરવાનો પ્રસંગ બનેલ નહી આ પંચ સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, પંચનામાની કાર્યવાહી દરમ્યાન ભોગ બનનાર અને સોઢાસાહેબ વચ્ચે ડાયરેકટ કે માધ્યમ થી કોઇ વાતચીત થયેલ કે કેમ તેવુ પંચનામામાં લખેલ છે? આ પંચ સાહેદે તેમને પંચનામુ વાંચવા આપેલ તે વાંચી જવાબમાં જણાવેલ છે કે, પંચનામામાં તે બાબતેનું લખાણ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ કોઇ હોટલના CCTV ફુટેજ જોયા હોય, કોઇ રજીસ્ટર જોયા હોય કે કોઇ આધારકાર્ડ જેવા પુરાવા જોયા હોય તેવુ બનેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તમામ હોટલો ભરચક વસ્તીવાળા વિસ્તારમા આવેલ હતી. તેઓએ જણાવેલ છે કે, હોટલમા રૂમમાંથી રોડ દેખાતો હતો કે કેમ તે તેમને યાદ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, હોટલ ના રૂમમાં થી રોડ દેખાતો હતો કે કેમ તે પંચનામામાં લખવામાં આવેલ નથી તેથી તેઓ આજે હોટલના રૂમમાથી રોડ દેખાતો હતો કે કેમ તે આજે ચોકકસ કહી શકે નહી. તેઓએ સ્વીકારેલ છે કે, તેમને અને દુભાષીયાને વાતચીત કરવાનો કોઇ પ્રસંગ બનેલ નહી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, સોઢાસાહેબને અને દુભાષીયાને પંચનામા દરમ્યાન કોઇ વાતચીત કરવાનો પ્રસંગ બનેલ ન હતો. તેઓએ સ્વીકારેલ કરેલ છે કે, પંચનામાનુ લખાણ દુભાષીયા ની મદદથી કરવામા આવેલ હોય તેવુ બનેલ નથી.

(૨૨૬) આ પંચ સાહેદના મૌખિક પુરાવાથી એવી હકીકત જણાય છે કે, પંચ સાહેદે પંચનામું જુબાની પહેલા વાંચી જુબાની આપેલ અને તેથી જેટલી હકીકતો પંચનામામાં જણાવવામાં આવેલ તેટલી જ હકીકતો તેઓ જાણે છે.

(૨૨૭) ફરિયાદ પક્ષે આંક–૨૩૫ થી સાહેદ નં. ૧૬ તરીકે આ કામે રહેલ ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરનાર તપાસ કરનાર અધિકારી શ્રી પરીક્ષિતસિંહ કિરતસિંહ સોઢાને તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૨૩ની સાલમાં એસ.ઓ.જી. શાખા, આણંદ ખાતે પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે વિધ્યાનગર પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૨૧૫૦૩૭૨૩૦૫૫૫/૨૦૨૩ ની તપાસ એસ.ઓ.જી. પી.આઈ. શ્રી એલ.બી.ડાભી નાઓ કરતા હતા તે દરમ્યાન તા.૧૪/૦૯/૨૦૨૩ ના રોજ ભોગ બનનાર તેની સાથે જે જગ્યાએ દુષ્કર્મ થયેલ તે જગ્યા બતાવવા માંગતા હોય જેથી તે બાબતે આગળ તપાસ કરવા તેઓને ડાભી સાહેબે જણાવતા તેઓએ બે પંચોના માણસો બોલાવેલા અને પંચોના માણસોને પંચનામા બાબતે સમજ કરતા તેઓએ પંચમાં રહેવા સ્વખુશી દર્શાવેલી અને તેઓએ બે પંચોની હાજરીમાં ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કરેલ. વધુમાં તપાસ કરનાર અધિકારીએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સમક્ષ ભોગ બનનાર બાળા જે મુળ બાંગ્લાદેશી હોય અને જે હિન્દી ભાષા અથવા ગુજરાતી ભાષા જાણતી ન હોય જેથી દુભાષીયા ભાષા કનવર્ટ કરવા સાથે રાખેલ અને બાળ સુરક્ષા અધિકારી મનિષાબેન જેઠવા તેમજ મહિલા પોલીસ કોન્સ્ટેબલ મિતલબેનને સાથે રાખી ભોગ બનનારના જણાવ્યા મુજબ જે જગ્યાએ દુષ્કર્મ થયેલ તે બાબતે દુભાષીયા મારફતે પુછતા પોતાની સાથે વડોદરા ફતેહગંજ હોટલ લોટ્સ ગોલ્ડ તેમજ અમદાવાદની હોટલ સાંઇવિલા તેમજ અમદાવાદની હોટલ આઇલેન્ડ ખાતે દુષ્કર્મ થયેલ તેવુ જણાવેલ જેથી આ ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરવાનું હોય પંચો તેમજ બાળ સુરક્ષા અધિકારી તેમજ મહિલા કોન્સ્ટેબલ સાથે રાખી વડોદરા ફતેહગંજ હોટલ લોટ્સ ગોલ્ડ જવા માટે કલાક ૧૩:૦૦ વાગે SOG શાખા આણંદ ખાતેથી રવાના થયા અને ૧૩:૫૦ કલાકે હોટલના કંપાઉન્ડમાં પહોચ્યા અને તે સમય દરમ્યાન ભોગ બનનારે પોતે હોટલ જોઇને ઓળખી બતાવેલ તેથી હોટલ ઉપરના રીસેપ્શન કાઉન્ટર ઉપર જઇ ભોગ બનનારને આગળ રાખી પોતે પોતાની સાથે થયેલ દુષ્કર્મ વાળો રૂમ ઓળખી બતાવેલ જેનો રૂમ નંબર જોતા ૨૦૧ હતો જેથી ભોગ બનનારના

કહેવા મુજબ જે તે રૂમનું જે તે સ્થિતિનું પંચનામુ કરવામાં આવેલ તેમજ ભોગ બનનારે જણાવેલ કે તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ તેની સાથે એક જ વખત દુષ્કર્મ થયેલ હતું ત્યારબાદ ભોગ બનનારે આગળ ચાલી આ હોટલના ત્રીજા માળે લઈ જઈ રૂમ બતાવેલ જે રૂમ જોતા રૂમ નંબર ૨૦૮ હતો અને આ રૂમમાં પણ તેણી સાથે તા.૦૧/૦૯/૨૦૨૩ ના રોજ દુષ્કર્મ થયેલાનુ જણાવેલ હતુ અને હોટલના રીસેપ્શનના માણસને જે તે સમયના CCTV ફૂટેજ સાથે SOG ખાતે હાજર રહેવા માટે સમજ કરવામાં આવેલ તેમજ હોટલના બંને રૂમ ૨૦૧ અને ૨૦૮ નુ ચર્તુદિશા જે તે સ્થિતિનુ પંચનામુ કરવામાં આવેલ.

(૨૨૮) તેઓએ વધુમાં જણાવેલ છે કે, ભોગ બનનારને વધુ પુછતા તેઓએ જણાવેલ કે ભોગ બનનાર સાથે અમદાવાદ ખાતે હોટલ સાંઇવિલા ખાતે દુષ્કર્મ થયેલ જેથી ગુગલમાં હોટલ સાંઇવિલા વાડજ સર્ચ કરતા દેખાઇ આવેલ અને જે આધારે સરકારી વાહનમાં પંચો તેમજ સાથેના માણસો અમદાવાદ કલાક ૧૬:૧૦ વાગે જવા રવાના થયેલ અને કલાક ૧૭:૨૦ વાગે સાંઇવિલા હોટલના નીચેના પાર્કિંગમાં પ્રવેશતા ભોગ બનનારે હોટલ સાંઇવિલા ઓળખી બતાવેલ અને આગળ ચાલી પોતે રીસેપ્શન સુધી સાથે લઇ ગયેલ તેમજ પોતાની સાથે જે જગ્યાએ દુષ્કર્મ થયેલ હતુ તે જગ્યા રૂમ આગળ ચાલી બતાવેલ જે જોતા રૂમ નંબર ૪૦૬ જણાઇ આવેલ અને ભોગ બનનારે તા. ૦૩/૦૯/૨૦૨૩ ના રોજ તેની સાથે સદર રૂમમાં દુષ્કર્મ થયેલાનુ જણાવેલ અને જે તે સમયના સી.સી.ટી.વી. ફૂટેજ માટે રીસેપ્શનના માણસને પેનડ્રાઇવમાં લઇ એસ.ઓ.જી., આણંદ ખાતે હાજર રહેવા સમજ કરવામાં આવેલ તેમજ સદર રૂમનું ચર્તુદિશાનું જે તે સ્થિતિનુ પંચનામુ લખવામાં આવેલ.

(૨૨૯) તપાસ કરનાર અધિકારી સોઢાએ વધુમાં જણાવેલ છે કે, ભોગ બનનારે તેણીની સાથે હોટલ આઇલેન્ડ પાર્ક અમદાવાદ ખાતે દુષ્કર્મ થયાનું જણાવેલ જેથી ગુગલમાં સર્ચ કરતા સદર હોટલ થલતેજ વિસ્તારમાં જણાય આવેલ જેથી કલાક ૧૮:૧૫ વાગે સદર હોટલ ખાતે જવા રવાના થયા ત્યારબાદ કલાક ૧૯:૧૫ વાગે સદર હોટલના કંપાઉન્ડમાં ઉભા રહ્યા ત્યારબાદ ભોગ બનનારે આગળ ચાલી ચોથા માળે હોટલ આઇલેન્ડ પાર્કના રીસેપ્શન ઉપર લઇ ગયેલ અને ભોગ બનનારે તેણીની સાથે થયેલ દુષ્કર્મ થયેલ રૂમ આગળ ચાલી બતાવેલ જે રૂમ જોતા રૂમ નંબર ૪૦૫ હતો અને

આ રૂમનું ચર્તુદિશા દર્શાવતુ વિગતવારનું પંચનામું કરવામાં આવેલ અને રીસેપ્શનના માણસને સી.સી.ટી.વી. ફૂટેજ તેમજ હોટલ રજીસ્ટરના ઉતારા સાથે એસ.ઓ.જી., આણંદ ખાતે હાજર રહેવા સમજ કરવામાં આવેલ. તપાસ કરનાર અધિકારી સોઢાએ વધુમાં જણાવેલ છે કે, ત્રણેય હોટલની જગ્યાનું પંચનામુ મહિલા બાળ સુરક્ષા એકમના અધિકારી તથા મહિલા પોલીસ કોન્સ્ટેબલ તથા પંચો તેમજ બાંગ્લાદેશી ભાષા જાણતા દુભાષીયાને સાથે રાખી ભોગ બનનારના લખાવ્યા મુજબ કરવામાં આવેલ અને પંચનામું કલાક ૨૧:૦૫ વાગે પુર્ણ કરવામાં આવેલ.

(૨૩૦) આંક – ૯૬ વાળી ગુન્હાવાળી જગ્યાના પંચનામાની હકીકત આ તપાસ કરનાર અધિકારી શ્રી સોઢાના પુરાવાથી સમર્થન મળે છે અને તેઓએ બે પંચોની હાજરીમાં ફરિયાદ પક્ષના કેસ મુજબના આક્ષેપિત દુષ્કર્મના બનાવવાળી વડોદરા અને અમદાવાદની અલગ અલગ હોટલ ખાતે આંક – ૯૬ વાળુ પંચનામુ કરેલ હોવાનું પુરવાર થાય છે. જો કે આ તપાસ કરનાર અધિકારી અને પંચ સાહેદના પુરાવાના આધારે દુભાષીયાની હાજરીમાં પંચનામુ થયા અંગે દુભાષીયાએ પંચનામાની કોઇ હકીકત લખાવ્યા અંગે અને અમદાવાદ ખાતેની હોટલના રૂમ નંબર બાબતે વિસંગતતા રેકર્ડ ઉપર આવેલ છે. પંચ સાહેદ તેમની જુબાનીમાં તેઓએ અમદાવાદથી પરત આવી એસ.ઓ.જી. ખાતે પંચનામુ તૈયાર થયા બાદ તેમાં સહીયો કરેલ હોવાનું જણાવે છે. જયારે કે, તપાસ કરનાર અધિકારી શ્રી સોઢાએ ઈન્કાર કરેલ છે કે, એસ.ઓ.જી. ઓફીસ આણંદ ખાતે આવી પંચનામું ટાઈપ કરી તેની પ્રિન્ટ કાઢી ત્યારબાદ તેમાં બે પંચની સહીઓ લેવામાં આવેલી. આ બાબત પણ પંચનામાની વિશ્વસનીયતા તરફ શંકાની સોય તાકે છે.

(૨૩૧) ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરનાર તપાસ કરનાર અધિકારી શ્રી સોઢાની આરોપી પક્ષ તરફેની ઉલટ તપાસ ધ્યાને લેતા જણાય છે કે, તેઓએ તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેઓને યાદ નથી કે આ કામે તપાસમાં જવાનો કોઇ લેખિત હુકમ તેઓને મળેલો કે કેમ? તેઓ કેસ ડાયરી જોઇ જણાવી શકે કે કેમ? તેમ પુછવામાં આવતા તેઓએ કેસ ડાયરી જોઇ જણાવેલ છે કે, તેઓને તપાસમાં જવાની મૌખિક સૂચના આપવામાં આવેલી. આમ, ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરનાર પોલીસ અધિકારીના પુરાવાના આધારે તેમને આ ગુન્હાની તપાસ કરવાનો કોઇ લેખિત

હુકમ થયેલ જ ન હોવાનું અને તેઓએ માત્ર મૌખિક સુચનાના આધારે આ પંચનામુ કરેલ હોવાનું જણાય છે.

(૨૩૨) તપાસ કરનાર અધિકારીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓએ પંચનામામાં જેમની ઉપર વિશેષ આધાર રાખેલ તે વ્યક્તિ દુભાષિયા હતા અને દુભાષિયા તરીકે હાજર વ્યક્તિની દુભાષિયા માટેની લાયકાત શું હતી તે આ પંચનામાનો ભાગ નથી. તપાસ કરનાર અધિકારીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આંક–૯૬ વાળા પંચનામા દરમ્યાન મહિલા કોન્સ્ટેબલ તથા દુભાષીયા હાજર હોય તો તેમની કોઇ સહી પંચનામામાં રહેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, SOG ઓફીસથી વડોદરા પહોચતા ૫૦ મિનિટ લાગેલી અને ક્યા રસ્તેથી વડોદરા પહોંચેલા તેની કોઇ નોંધ પંચનામામાં કરેલ નથી અને વડોદરા હોટલ પરથી નીકળી અમદાવાદ વાડજ બસ સ્ટેશને પહોચતા ૧ કલાક અને ૧૦ મિનિટ થયેલ અને તે ક્યા રૂટ ઉપરથી ગયેલા તેની કોઇ નોંધ પંચનામામાં કરેલ નથી. તેઓએ જણાવેલ છે કે, અમદાવાદમાં પ્રવેશ્યા બાદ વાડજ બસ સ્ટેશન પહોંચતા કેટલો સમય લાગેલો તે હાલમાં કહી શકે નહી અને વડોદરાથી અમદાવાદ એકસપ્રેસ–વે થી ગયેલા પરંતુ એકસપ્રેસ બાદ અમદાવાદમાં ક્યા રસ્તેથી વાડજ બસ સ્ટેશન પહોચેલા તે કહી શકે નહી અને એવુ કહી શકાય નહી કે એકસપ્રેસ–વે પૂરો થયા બાદથી વાડજ બસ સ્ટેશન પહોચતા આશરે ૪૫ થી ૫૦ મિનિટ લાગે. આરોપી પક્ષ ધ્વારા પુછવામાં આવેલ ઉલટ તપાસના આ સવાલો આંક –૯૬ વાળા ગુન્હાવાળી જગ્યાના પંચનામાને ખોટુ ઠરાવવા માટે પુછવામાં આવેલ હોવાનું જણાય છે. અગાઉ ઉપરોકત મુજબની પંચ સાહેદના પુરાવાના મુલ્યાંકન સમયે કરવામાં આવેલ નોંધ મુજબ વડોદરા અને અમદાવાદ ખાતે અલગ અલગ હોટલમાં ગુન્હાવાળી જગ્યા રહેલ હતી અને તેથી બંન્ને મહાનગરોની વાહન વ્યહારની સ્થિતી અને ભૌગોલિક સ્થળના અંતર અનુસાર આટલા સમયમાં સામાન્ય સંજોગોમાં પંચનામાના આ બે સ્થળોએ પહોચી શકાય નહી તેવુ માની શકાય. પરંતુ માત્ર આટલી હકીકત હોવા માત્રથી સમગ્ર પંચનામાની હકીકતો બાબતે પ્રશ્નાર્થ મુકી શકાય નહી.

(૨૩૩) આંક – ૯૬ વાળું ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરનાર તપાસ કરનાર અધિકારી શ્રી સોઢાના મૌખિક પુરાવાના આધારે એ હકીકત પણ જણાય આવે છે કે,

તેઓ આંક – ૯૬ વાળું ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરવા માટે તપાસ કરનાર અધિકારી તરીકે ગયેલા અને તેઓએ આંક – ૯૬ વાળું ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરેલ તે સમયે તેઓએ આ હોટલમાંથી કોઇ રજીસ્ટર કે સી.સી.ટી.વી. ફુટેજ કબજે કરેલા નથી. આરોપી પક્ષ તરફેની વિશેષ ઉલટ તપાસમાં આ તપાસ કરનાર અધિકારીએ સ્વીકારેલ છે કે, પંચનામા દરમ્યાન હોટલના રજીસ્ટર તેઓએ જોયેલ હોય કે તેઓએ મેળવેલ હોય એવુ બનેલ નહી અને હોટલના રજીસ્ટરના આધારે હોટેલના ક્યા રૂમમાં કોણ કેટલા સમય માટે રોકાયેલ તે જાણી શકાય. તેઓએ સ્વીકારેલ છે કે, કહેવાતી હોટલના કોઈપણ રજીસ્ટરમાં જે રૂમોમાં ગેસ્ટ રોકાયેલા તે વ્યક્તિઓએ પોતાના શું નામ જાહેર કરેલ છે અને તે બાબતે શું પુરાવા આપેલ છે તે બાબતે રજીસ્ટર જોઈ તે અંગેની કોઈ નોંધ પંચનામામાં કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, જે તે દિવસે હોટલના રીસેપ્શન ઉપર જે કોઈ કર્મચારી હાજર હતા તે અંગેની કોઈ પુછપરછ કરી હોય અને જે તે કહેવાતા રૂમ કોણે એલોટ કરેલા તે અંગે કોઈ પુછપરછ કરી હોય તેવી કોઈ નોંધ પંચનામામાં રહેલ નથી. આમ, ફરિયાદ પક્ષના આ મહત્વના સાહેદના મૌખિક પુરાવાથી પણ આ કામના આરોપીઓ પૈકી કોઇ પણ આરોપીઓ આ કામે રહેલ આક્ષેપિત બનાવવાળી હોટલમાં રોકાયેલ હોય તેવો કોઇ પુરાવો મળી આવેલ ન હોવાનું જણાય છે.

(૨૩૪) તપાસ કરનાર અધિકારી શ્રી સોઢા ધ્વારા તેમની ઉલટ તપાસમાં સ્વીકારવામાં આવેલ છે કે, પંચનામામાં ભોગ બનનારે તેઓના રૂબરૂ તેણીની સાથે તેણીની મરજી વિરુધ્ધ બળજબરીથી શારીરિક સબંધ બાંધવામાં આવેલ હોય તેવુ જણાવેલ હોય તેવો કોઈ ઉલ્લેખ નથી. આ તપાસ કરનાર અધિકારીને સવાલ પુછવામાં આવેલ છે કે, આ પંચનામા સિવાય ત્રણેય હોટલ ઉપર તપાસ કરનાર અધિકારી તરીકે ગયા ત્યારે હોટલના કોઈ સ્ટાફ કે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના માધ્યમથી ભોગ બનનાર બાળા સાથે બળજબરીથી શારીરિક સબંધ થયેલ છે તેવો કોઈ પુરાવો મળી આવેલ નહી? જેના જવાબમાં જણાવેલ છે કે, પંચનામા સિવાય બીજો કોઈ પુરાવો મળી આવેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૯૬ વાળા પંચનામા દરમ્યાન ભોગ બનનાર અને દુભાષિયા દ્વારા જણાવેલ હકીકતો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર પુરાવો ભોગ બનનાર સાથે જે તે દિવસે દુષ્કર્મ થયા અંગે કે બળજબરીથી શારીરિક સબંધ થયા અંગે મળી આવેલ નહી. આમ, આ તપાસ કરનાર અધિકારી શ્રી સોઢાના મૌખિક

પુરાવાના આધારે તેમના ધ્વારા કરવામાં આવેલ પંચનામા સમયે આ કામના ભોગ બનનાર સાથે આ વડોદરા અને અમદાવાદ ખાતેની અલગ અલગ હોટલ ખાતે આરોપી નં. ૫ થી ૮ ધ્વારા કોઇ શારીરિક સંબંધ બાંધેલ હોવાની કે કોઇ આરોપીઓ તે હોટલમાં ભોગ બનનાર સાથે રોકાયેલ હોવાની હકીકત સ્પષ્ટ થતી નથી. આ તપાસ કરનાર અધિકારી ધ્વારા સ્વીકારવામાં આવેલ હકીકત અનુસાર તેમને પંચનામા સમયે ભોગ બનનાર સાથે બળજબરીથી શરીર સંબંધ થયેલ હોવાનો કોઇ સ્વતંત્ર પુરાવો મળી આવેલ નહીં.

(૨૩૫) આ તપાસ કરનાર અધિકારીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આંક–૯૬ વાળું પંચનામું કરેલ તે તારીખે પંચનામાના સમય દરમ્યાન તેઓ ગુન્હાની તપાસ કરનાર અધિકારી હતા અને તપાસના કામે તેઓએ કરેલ ગુન્હાવાળી જગ્યાનું પચંનામુ ખુબ જ મહત્વનું પંચનામું હતુ અને પંચનામું કરવા માટે તપાસના તમામ કાગળો તેઓને મળેલા અને તેનો અભ્યાસ કરેલો અને ત્યારબાદ પંચનામું કરવા માટે રવાના થયેલ અને ગુન્હાની સમગ્ર હકીકતથી જે તે સમયે તેઓ વાકેફ હતા. તેઓએ સ્વીકારેલ છે કે, આ ગુન્હો દાખલ થયો તેના પહેલા એક તપાસ સમિતી ભોગ બનનારની પુછપરછ માટે ઘડવામાં આવેલી અને તે તપાસ સમિતીના તેઓ એક સભ્ય હતા. તેઓએ આંક–૧૯૧ જોઈ તેમા એક સભ્ય તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, પંચનામાની કાર્યવાહી દરમ્યાન ગુન્હાને લગતો કોઈ પુરાવો મળી આવે તો તે કબજે લઈ પંચનામાની કાર્યવાહીમાં સામેલ કરવો જરૂરી અને તેઓએ જે ત્રણેય હોટલ ઉપર પંચનામા કરેલ તે હોટલ ખાતે ના રજીસ્ટર બુક તથા સી.સી.ટી.વી. ફુટેજીસ ગુન્હાના કામે ખુબ જ મહત્વનો પુરાવો હતો અને તેઓએ પંચનામાની કાર્યવાહી દરમ્યાન ત્રણેય હોટલ ખાતેના રજીસ્ટર બુક તથા સી.સી.ટી.વી. ફુટેજીસ કબજે કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આવા ગુન્હાના કામે રજીસ્ટર બુક સાથે કે સી.સી.ટી.વી. ફુટેજીસ સાથે ચેડા થઈ શકે તેવી તક આપવી ન જોઈએ તે હકીકત સાથે તેઓ સમંત છે. આમ, આ તપાસ કરનાર અધિકારી શ્રી સોઢાએ સ્વીકાર્યા મુજબ આ ગુન્હાના કામે સી.સી.ટી.વી. ફુટેજીસ અને રજીસ્ટર બહુ અગત્યના પુરાવા રહેલ હોવા છતા તેઓએ પંચનામા સમયે કબજે કરેલા નહી અને હોટલ ખાત જ રહેવા દીધેલ હોવાનું જણાય છે. તપાસ કરનાર અધિકારી શ્રી સોઢાએ તેમની ઉલટ તપાસમાં પુછવામાં આવતા એવો ખુલાસો કરેલ છે કે, જે તે પંચનામા દરમ્યાન રજીસ્ટર મળી

આવેલ નહી તેમજ સી.સી.ટી.વી. ફુટેજીસ ટેક્નિકલ પુરાવો હોય એક્સપર્ટ દ્વારા જ તે લેવો જરૂરી હોય તેથી જે તે સમયે લીધેલ નહી. રેકર્ડ પરના પુરાવાઓ દર્શાવે છે કે, આ હોટલના જવાબદાર મેનેજર ધ્વારા આ પંચનામુ થયા બાદ પોલીસ સ્ટેશનમાં તેમની હોટલના સી.સી.ટી.વી. કેમેરાના ફુટેજીસની પેન ડ્રાઇવ રજુ કરેલ. જે બાબત એ દર્શાવે છે કે, જે તે હોટલના મેનેજર ધ્વારા રજુ કરવામાં આવેલ અને તેઓ ટેકનીકલ એકસપર્ટ રહેલા હોય તેવી કોઇ હકીકત સ્પષ્ટ થતી નથી. કાયદામાં એવી કોઇ જોગવાઇ રહેલ નથી કે તપાસના કામે પોલીસ અધિકારી સી.સી.ટી.વી. ફુટેઝીસ તેઓ ટેકનીકલ એકસપર્ટ ન હોવાના કારણે કબજે કરી શકે નહીં.

(૨૩૬) તપાસ કરનાર અધિકારી શ્રી સોઢા તેમની ઉલટ તપાસમાં ઈન્કાર કરે છે કે, તેઓએ ત્રણેય હોટલ ખાતે સી.સી.ટી.વી. ફુટેજીસ ઓપન કરી જોયેલ અને તેઓએ ત્રણેય હોટલ ખાતે સી.સી.ટી.વી. ફુટેજીસ ઓપન કરી જોયેલા અને તેના આધારે વ્યક્તિની ઓળખ કરી ચોક્કસ વ્યક્તિને આરોપી તરીકે બુક કરેલા. જયારે કે ભોગ બનનારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસ તેમને બરોડા જે હોટલમાં બનાવ બનેલ ત્યાં લઈ ગયેલ તે હોટલ તેઓએ પોલીસને ઓળખી બતાવેલ ત્યારબાદ જે રૂમમાં ગયેલા, રહેલા તે રૂમ તેઓએ પોલીસને બતાવેલો ત્યારબાદ ત્યાં સી.સી.ટી.વી. કેમેરાનો રેકોર્ડિંગ બતાવેલ તેમાં તેઓએ આરોપીને ઓળખી બતાવેલા અને ત્યારબાદ અમદાવાદ જે હોટલમાં ગયેલ તે હોટલ તેઓએ પોલીસને બતાવેલી ત્યાં પણ સી.સી.ટી.વી.કેમેરાના રેકોર્ડીંગમાં તેઓએ આરોપીને ઓળખી બતાવેલા. ભોગ બનનાર અને ગુન્હાવાળી જગયાનું પંચનામુ કરનાર પોલીસ અધિકારીના મૌખિક પુરાવામાં રહેલી આ વિસંગતતાઓ ફરિયાદ પક્ષના કેસની મહત્વની આરોપીની ઓળખની બાબતે શંકા નિપજાવે છે.

<u>આરોપી નં. ૦૧ થી ૦૩ ની શરીરસ્થિતિનું અને કપડા અને મોબાઈલ કબજે કર્યાના પંચનામા</u>

(૨૩૭) ફરિયાદી પક્ષે આરોપી નં. ૦૧ થી ૦૩ ની શરીરસ્થિતિનું અને કપડા અને મોબાઈલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ અમરસિંહ રમેશભાઈ સોઢાને આંક–૯૯ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાની જણાવેલ છે કે,

તા. ૧૫/૦૯/૨૦૨૩ ના રોજ બપોરે ૦૪:૦૦ કલાકે એસ.ઓ.જી. પોલીસ સ્ટેશને તેઓને પંચ તરીકે બોલાવેલ અને ત્યાં આરોપીના શરીરની અંગજડતી અને કપડાનું પંચનામુ કરવાનું હતુ અને એક આરોપીનું નામ રસિક ઘનશ્યામભાઇ જેવુ નામ હતું તેનું નામ ચોકકસ યાદ નથી તેણે શરીરે કાળા કલરનું અડધી બાયનું શર્ટ અને લીલા કલરનું પેન્ટ પહેરેલ હતુ તથા બીજો આરોપી મેસન રજાક નામનો હતો તેણે શરીરે બ્લ્યુ કલરનું આખી બાયનું શર્ટ હતુ અને બ્લ્યુ કલરનું પેન્ટ પહેરેલ હતુ અને ત્યાં એક સ્ત્રી હતી તેણે લાલ કલરનું ટી–શર્ટ અને બ્લેક કલરનું પેન્ટ પહેરેલ હતુ તે સ્ત્રીનું નામ સોનિયા હતુ. તેઓએ જણાવેલ છે કે, અગાઉ જે રસીક ઘનશ્યામ નામ જણાવેલ તેની પાસેથી વીવો કંપનીનો મોબાઇલ ફોન મળી આવેલો અને તે ફોન તેઓ પંચોને બતાવીને સીલ મારીને કબજે કરેલ તથા મેસન રજાક પાસેથી સેમસંગ કંપનીનો ફોન મળી આવેલો તે પણ પોલીસે પંચોની સહીવાળી કાપલી મુકીને સીલ કરેલ અને સોનિયા પાસેથી બે મોબાઇલ ફોન મળી આવેલા જે બંને વીવો કંપનીના હતા તેને પણ પોલીસે પંચોની સહીવાળી કાપલી મુકી સીલ કરી કબજે લીધેલા. આ પંચ સાહેદે તેઓની જુબાની દરમ્યાન મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૭ થી રજુ એક વીવો કંપનીનો ટચ સ્ક્રીનવાળો મોબાઈલ ફોન, મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૮ થી રજુ સેમસંગ કંપનીનો ટચ સ્ક્રીનવાળો મોબાઈલ, મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૯ થી રજુ વીવો કંપનીનો ટચ સ્ક્રીનવાળો મોબાઈલ અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૦ થી રજુ વીવો કંપનીનો ટચ સ્ક્રીનવાળો મોબાઈલ આ તમામ મોબાઈલ ફોન હાથમાં પકડી તપાસી આ ફોન તેઓના રૂબરૂ કબજે કરેલ તે જ છે કે કેમ? તે તેઓ ચોક્કસ જણાવી શકે નહી તેમ જણાવેલ છે. આમ, આરોપી નં. ૦૧ થી ૦૩ ની અંગઝડતીનું અને કપડા અને મોબાઈલ કબજે કર્યાના પંચ સાહેદના પુરાવાના આધારે આરોપી નં. ૦૧ થી ૦૩ ને અટક કરવામાં આવેલ હોવાનું જણાય છે. પરંતુ આ કામે રહેલ મુદ્દામાલ મોબાઈલ આ પંચ સાહેદની હાજરીમાં કબજે થયેલ હોવાની બાબત તેઓ દ્વારા આ મુદ્દામાલ મોબાઈલની ઓળખ નહી કરી શકવાના કારણે શંકાસ્પદ જણાય છે. આ હકીકત પણ નોંધનિય છે કે, આ ગુન્હાની તપાસ કરનાર અધિકારી અને જેઓએ આરોપી નં. ૦૧ થી ૦૩ ના મુદ્દામાલ કબજે કરેલા તેઓએ પણ તેમની ઉલટ તપાસમાં તેમને બતાવવામાં આવેલ મુદ્દામાલ મોબાઈલ તેઓએ કબજે કરેલ તે જ હોવાનું કહી શકે નહી તેવુ સ્વીકારેલ છે. આ કામે હાલના આરોપી નં. ૦૧ થી ૦૩ ને અટક કરવામાં આવેલ હોવાની નિર્વિવાદીત છે. પરંતુ આરોપી પાસેથી મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાની

હકીકત વિશ્વસનિય રીતે પુરવાર થતી નથી.

(૨૩૮) ફરિયાદ પક્ષે આંક–૯૯ થી સાહેદ નં. ૦૬ તરીકે ગુન્હાવાળી જગ્યાના સી.સી.ટી.વી. ફુટેજની પેનડ્રાઇવ કબજે કર્યાના પંચનામા અને આરોપી નં.૦૧ થી ૦૩ ની શરીરસ્થિતિના પચંનામાના પંચ સાહેદ અમરસિંહ રમેશભાઈ સોઢાપરમારને તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૫/૦૯/૨૦૨૩ ના રોજ બપોરના ૦૧:૦૦ વાગે પોલીસે તેઓને એસ.ઓ.જી. પોલીસ સ્ટેશન ખાતે બોલાવેલ ત્યાં બે હોટલના મેનેજર હતા તે પૈકીની એક હોટલ વડોદરાની હતી અને બીજી હોટલના મેનેજર અમદાવાદના હતા અને આ બે મેનેજરોએ ૩ પેનડ્રાઇવ પોલીસને આપેલી અને તે પેનડ્રાઇવને કોમ્પ્યુટરમાં નાખીને કલર પ્રિન્ટ કાઢેલ અને તે કલર પ્રિન્ટમાં તેઓ પંચોની સહીઓ લીધેલી અને આ કલરપ્રિન્ટમાં છોકરીએ આરોપી હતા તે બતાવેલા અને તેના કલરપ્રિન્ટ લીધેલા અને તે પેનડ્રાઇવ પોલીસે કબજે લીધેલ અને તેમાં તેઓ પંચોની સહીવાળી કાપલી સાથે રાખેલી અને એ બાબતેનું લખાણ કરેલ અને તેમા તેઓ પંચોએ સહીઓ કરેલી. આ પંચ સાહેદે તેમની જુબાની દરમ્યાન આંક–૧૦૦ થી રજુ ગુન્હાવાળી જગ્યાના સી.સી.ટી.વી. ફુટેજની પેનડ્રાઇવ કબજે કર્યાના પંચનામામાં તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આ પંચ સાહેદે આંક–૧૦૧ થી રજુ થયેલ ગુન્હાવાળી જગ્યાના ફોટોગ્રાફની ૦૪ કલર પ્રિન્ટ આઉટમાં પંચ નં. ૦૧ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આ પંચ સાહેદે તેઓની જુબાની દરમ્યાન મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૧ માંથી નિકળેલ પેનડ્રાઇવ જોઈ તેઓએ તેમના રૂબરૂ કબજે કરવામાં આવેલ તે જ પેનડ્રાઇવ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેઓએ તેઓની જુબાનીદરમ્યાન મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૨ અને ૧૩ થી રજુ પેનડ્રાઇવ જોઈ આ પેનડ્રાઇવ પોલીસે તેઓના રૂબરૂ કબજે કરેલ તે જ છે કે કેમ? તે તેઓ ચોક્કસ જણાવી શકે નહી તેમ જણાવેલ છે.

(૨૩૯) આ પંચ સાહેદની જુબાનીથી તેમને બતાવવામાં આવેલ મુદ્દામાલ આર્ટીકલ ૧૧ વાળી પેનડ્રાઈવ તેમના રૂબરૂ રજુ થયેલ અને કબજે કરવામાં આવેલ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે પરંતુ મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૨ અને ૧૩ વાળી પેનડ્રાઈવ તેઓએ ઓળખી બતાવેલ નથી. આ ત્રણ પેનડ્રાઈવ જેઓએ કબજે કરેલ તે તપાસ કરનાર અધિકારી શ્રી ડાભી તેમની ઉલટ તપાસમાં એવી હકીકત સ્વીકારે છે કે,

મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૧, ૧૨ અને ૧૩ વાળી ત્રણ પેનડ્રાઈવ તેઓએ કબજે કરેલ તે જ હોવાનું તેઓ કહી શકે નહી.

(૨૪૦) આ પંચ સાહેદ અમરસિંહ રમેશભાઈ સોઢા પરમારની ઉલટ તપાસ ધ્યાને લેતા જણાય છે કે, તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે લખેલા તૈયાર પંચનામામાં તેઓની સહી કરેલી અને તેઓ આજરોજ વાંચીને જુબાની આપેલ છે અને પોલીસે તૈયાર લખેલા પંચનામામાં સહી કર્યા સિવાય તેઓએ કોઇ કાર્યવાહીમાં ભાગ લીધેલ નથી. ત્યારબાદ તેઓએ જણાવેલ છે કે, પોલીસે તેઓ રૂબરૂમાં કાર્યવાહી કરેલી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ આપેલ આજદિન સુધીની જુબાનીઓમા મોટાભાગે તેમને ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવે છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓના જેટલા પંચનામા હોય છે તેના મહદઅંશેના પંચનામામાં તેઓના સાથી પંચ તરીકે શબ્બીરભાઇ અબ્દુલભાઇ વહોરા હોય છે અને શબ્બીરભાઇ પણ રીક્ષા ડ્રાઇવીંગનું કામ કરે છે. તેઓએ સ્વીકારેલ છે કે, આ કામે પંચનામા અંગે તેઓને જુબાની આપવાની છે તેની ટુંકમાં વિગત તેઓએ તેમના ખીસ્સામાં લખીને રાખેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓને તેમની જુબાનીમાં શું બોલવાનું છે તે માટે તેઓ કાગળોમાં લખીને વિગતો ખીસ્સામાં રાખેલ છે. આ પંચ સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, તમે ક્યા કાગળો જોઇને આ ચીઠીઓ બનાવી? જેના જવાબમાં જણાવેલ છે કે, તેઓ જે સમયે પંચમાં રહે છે તે સમયે કાગળમાં ટુંકમા લખી લે છે તે ચીઠ્ઠીઓ છે. તેઓએ સ્વીકારેલ છે કે, એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનમાં જયારે પંચમાં રહેવા ગયેલ ત્યારથી આ લખાણ તેઓની પાસે છે. તેઓએ સ્વીકારેલ છે કે, ૩ મહિનાથી વધુ લાંબો સમયગાળો થઇ જાય એટલે કોઇ ચોકકસ નામ યાદ નહી રહે તેવુ બની શકે અને પંચનામાના લાંબા સમયગાળા બાદ કોઇ વસ્તુઓ પણ ચોકકસ યાદ નહી રહે તેવુ બની શકે અને ચોકકસ કઇ વ્યક્તિએ ચોક્કસ કઇ વસ્તુ રજુ કરી તે પણ તેઓ લાંબો સમયગાળો થઇ ગયેલ હોવાથી ચોકકસ કહી શકે નહી અને મુદ્દામાલની વસ્તુઓ ઉપર તે જ છે તેવુ ઓળખવા માટે ના કોઇ ચોક્કસ ચિન્હો કે નિશાનીઓ નથી અને પંચનામુ કર્યુ ત્યારે કોઇ છોકરી ત્યાં હાજર ન હતી અને પંચનામાની કાર્યવાહી દરમ્યાન કોઇ છોકરીએ કોઇ વસ્તુ ઓળખી હોય તેવુ બનેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, પંચનામાનું લખાણ ક્યા અધિકારીએ લખાવેલ તે તેઓને ખબર નથી અને રાઇટરે આવીને તેઓની તથા અન્ય પંચ શબ્બીરભાઇની સહીઓ લેવાની હતી ત્યાં સહીઓ

લીધેલી અને તેઓ આજે જે તેઓની સહીઓ ઓળખી બતાવી તે સિવાય બીજી કોઇ કાર્યવાહીનો તેઓને ખ્યાલ નથી. તેઓએ જણાવેલ છે કે, પોલીસે કોઇ કપડા તેઓની હાજરીમાં કબજે લીધેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ પંચનામાની કાર્યવાહી માટે ૧૦ મિનિટ જેટલુ રોકાયેલ અને સહીઓ કરી નીકળી ગયેલ. તેઓએ સ્વીકારેલ છે કે, જે ૩ પેનડ્રાઇવો જોવાનો પ્રસંગ બનેલ તે પેનડ્રાઇવ ક્યા દિવસના, કઇ હોટેલના અને કયા સમયના રેકોર્ડીંગની હતી તેની તેઓને ખબર નથી અને પેનડ્રાઇવ જયારે પ્લે કરવામાં આવેલ ત્યારે તે ક્યા સમયની ક્યા સ્થળની હતી તેની તેઓને ખબર નથી અને પેનડ્રાઇવમાંથી જે જે ફોટા લેવામાં આવેલા તે બાંગ્લાદેશી છોકરીને બતાવવામાં આવેલા અને કહેવામાં આવેલ કે આને તારે ઓળખી બતાવવાના છે અને પેનડ્રાઇવનો વીડીયો તેઓના રૂબરૂમાં પ્લે કરીને બતાવવામાં આવ્યો હોય અને બાંગ્લાદેશી છોકરી પાસેથી ઓળખ કરાવેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, જયારે પંચનામામા સહી કરી ત્યારે પોલીસ સ્ટાફના માણસો અને તેઓ હાજર હતા અને ત્યાં કોઇ પી.એસ.આઇ. કે પી.આઇ. હાજર ન હતા અને જયારે તેઓએ સહી કરી ત્યારે ત્યા પંચનામાઓમાં તેઓની સહીઓ હતી તે સિવાય કોઇ અધિકારીની સહી ન હતી.

(૨૪૧) આમ, ઉપરોક્ત મુજબના પંચ સાહેદના પુરાવાની મુલવણી કરતા આ પંચ સાહેદનો મૌખિક પુરાવો વિશ્વસનિય રહેલ નથી અને ફરિયાદ પક્ષના કેસ પરત્વે નિર્માણ થયેલ શંકાને વધુ દ્રઢ બનાવતો રહેલો છે. આ પંચ સાહેદના પુરાવાના આધારે આંક–૧૦૦ વાળા પંચનામાની હકીકતો વિશ્વસનિય રીતે સાબિત થતી નથી. આ પંચ સાહેદે સ્પષ્ટપણે એવી હકીકતો સ્વીકારેલ છે કે, આ પેનડ્રાઇવમાં રહેલ કોઈ વિડીયો તેમને પ્લે કરી બતાવવામાં આવેલ નથી અને આંક–૧૦૧ વાળા ચાર કલર પ્રિન્ટ આઉટ તેમની હાજરીમાં ભોગ બનનારને બતાવવામાં આવેલ નથી. પંચનામાની કોઈ કાર્યવાહી સમયે ભોગ બનનાર હાજર હોય અને કાર્યવાહી તેમની હાજરીમાં થયેલ હોય તેવુ બનેલ ન હોવાનું જણાવે છે. આ પંચ સાહેદના પુરાવાના આધારે એવુ પણ જણાય છે કે, તેઓ અને આ પંચનામાના બીજા પંચ સાહેદ શબ્બીરભાઈ વ્હોરા બન્ને સાથે અનેક પંચનામાઓમાં રહેલા છે અને આ પંચ સાહેદે તેમની જુબાની પંચનામાની હકીકતોને વાંચીને આપેલ છે તથા તેમની જુબાની સમયે પણ પંચનામાની ટુંકી હકીકતની નોંધવાળી ચિઠ્ઠી તેમની પાસે રાખેલી. આમ, આ પંચ સાહેદ પણ

શીખવાડાયેલા સાહેદ હોવાનું પ્રતિત થાય છે.

<u>હોટેલના મેનેજરના પુરાવાઓનું મુલ્યાંકન :–</u>

(૨૪૨) ફરિયાદ પક્ષે આંક–૧૪૧ થી સાહેદ નં. ૧૧ તરીકે વડોદરા ખાતે આવેલ હોટલ લોટ્સ ગોલ્ડના મેનેજર વિકાસકુમાર કારુસવને તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ હોટલ લોટ્સ ગોલ્ડ, ફતેગંજના કાઉન્ટર ઉપર ફરજ બજાવતા હતા ત્યારે ૧૨ મી અથવા ૧૩ મી સપ્ટેમ્બરે આણંદથી પોલીસવાળા એક છોકરી સાથે હોટલ ઉપર આવેલા અને તે છોકરીનું નામ તેમને યાદ નથી અને પોલીસે તેમની હોટલનું રજીસ્ટર તથા આઈ.ડી. ચેક કરેલા અને સી.સી.ટી.વી. કેમેરા ચેક કરી ફોટોગ્રાફ લીધેલા અને ત્યારબાદ તેમને પોલીસ સ્ટેશને બોલાવવામાં આવેલ અને તેઓ રજીસ્ટર, આઈ.ડી. અને ડી.વી.આર. લઈને બીજા દિવસે ગયેલા. આ સાહેદ તેમની જુબાનીમાં પોલીસવાળા એક છોકરીને સાથે લઈ તેમની હોટલ ઉપર આવેલા ત્યારે રજીસ્ટર, આઈ.ડી. અને સી.સી.ટી.વી. કેમેરા ચેક કરેલ હોવાનું અને સી.સી.ટી.વી. કેમેરામાંથી ફોટોગ્રાફ લીધેલ હોવાનું જણાવે છે. જ્યારે કે ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કરનાર પોલીસ અધિકારી શ્રી સોઢા તેમની જુબાનીમાં તેઓએ રજીસ્ટર કે સી.સી.ટી.વી. કેમેરા તપાસેલ ન હોવાનું જણાવે છે. આ બન્ને હકીકત ફરિયાદ પક્ષના સાહેદોના પુરાવાઓમાં રહેલી વિસંગતતા દર્શાવે છે.

(૨૪૩) આ સાહેદ વિકાસકુમાર કારુસવની જુબાની દરમ્યાન તેમની હોટલના રજીસ્ટરની વિવિધ એન્ટ્રીઓની વિગત પણ તેમના દ્વારા જણાવવામાં આવેલ છે. આ સાહેદે તેમની જુબાનીમાં એવી જણાવેલ છે કે, તેઓ હોટલના ડી.વી.આર. લઈને ગયેલ તે પોલીસે પોતાની પાસે રાખેલ અને આ ઉપરાંત તેઓએ પોલીસે જે જે વ્યક્તિના આઈ.ડી. માંગેલા તે તે વ્યક્તિના આઈ.ડી. પોલીસને આપેલ તેમજ પોલીસે જે જે દિવસનો રજીસ્ટરનો ઉતારો માંગેલ તે આપેલ. તેઓએ એવી હકીકત જણાવેલ કે, તેઓને પોલીસે તેમની હોટલના સી.સી.ટી.વી. કેમેરાના રેકર્ડ માંથી જે ફોટોગ્રાફ કબજે લીધેલા તે ફોટોગ્રાફ તેઓને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. ત્યારબાદ તેઓને આંક–૧૦૧ થી રજુ થયેલ પાના નં. ૦૧ અને ૦૨ ઉપરના ફોટોગ્રાફ બતાવવામાં આવેલ અને જે જોઈ પોલીસે તેઓની હોટલેથી કબજે લીધેલ ફોટોગ્રાફ આ

જ છે કે કેમ? તે તેઓ ચોક્કસપણે જણાવી શકે નહી તેવુ જણાવેલ છે. આ સાહેદે તેમની જુબાનીમાં સ્વેચ્છાએ જણાવેલ છે કે, પોલીસે કબજે લીધેલ ફોટોગ્રાફ તેઓને બતાવેલ ન હતા.

(૨૪૪) ફરિયાદ પક્ષના કેસ મુજબ જે હોટલ લોટસ ગોલ્ડ ફતેગંજ વડોદરા ખાતે ભોગ બનનાર સાથે આરોપી નં. ૦૫ અને ૦૬ દ્વારા દુષ્કર્મ આચરવામાં આવેલ તે હોટલના સી.સી.ટી.વી. કેમેરાના ફુટેજીસની પેનડ્રાઈવ આ સાહેદ વિકાસકુમાર કારુસવ દ્વારા રજુ કરવામાં આવેલ ન હોવાની હકીકત આ સાહેદના પુરાવાના ઝીણવટભર્યા મુલ્યાંકન આધારે જણાય છે. વિશેષમાં આ સાહેદે આંક–૧૦૧ ફોટોગ્રાફ તેઓની હોટલેથી કબજે કરેલ તે જ હોવાનું ચોક્કસપણે જણાવી શકે નહી તેવુ જણાવેલ છે. આ ફોટોગ્રાફના માધ્યમથી ફરિયાદ પક્ષ દ્વારા કોઈ આરોપીની ઓળખ પણ પ્રસ્થાપિત કરવામાં આવેલ નથી. આ સાહેદના પુરાવા મારફતે કોઈ સી.સી.ટી.વી. ફુટેજમાં આ કામના આરોપી નં. ૦૫ અને ૦૬ હોટલ લોટસ ગોલ્ડ, ફતેગંજ ખાતે ભોગ બનનાર સાથે દેખાતા હોય તેવી પણ કોઈ હકીકત સ્પષ્ટ થતી નથી. આમ, આ સાહેદનો મૌખિક પુરાવો વિશ્વાસપ્રેરક અને સમર્થનકારી રહેલ નથી.

(૨૪૫) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૩ તરીકે આંક–૧૬૫ થી મહેન્દ્રભાઈ વાલજીભાઈ પાટીદારને તપાસવામાં આવેલા છે આ સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ૨૦૨૩ માં હોટલ સાંઈ વીલા, જુના વાડજ, બસ સ્ટેન્ડની સામે, મેનેજર તરીકે નોકરી કરતા હતા અને તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ ઝાકીયા અને સોનીયા નામની બે સ્ત્રી મુસાફરો તેમની હોટલે આવેલ અને તેમને રૂમ નં. ૪૦૫ ફાળવેલ અને તા. ૦૫/૦૯/૨૦૨૩ ના રોજ ચેક આઉટ કરેલ અને તા. ૦૩/૦૯/૨૦૨૩ ના રોજ શીભાભાઈ દેસાઈભાઈ નાઓ બપોરે ૦૨:૨૦ કલાકે આવેલા અને રૂમ નં. ૪૦૬ ફાળવેલો અને શીભાભાઈ દેસાઈભાઈને રૂમ નં. ૪૦૫ માં રોકાયેલ ઝાકીયાને મળવુ હોય તેથી ઝાકીયાને તેઓએ ૪૦૬ નંબરના રૂમમાં મોકલાવેલ ત્યારબાદ શીભાભાઈ દેસાઈભાઈ એ ૦૩:૫૫ કલાકે હોટલમાંથી ચેકઆઉટ કરેલ. આમ, આ સાહેદના પુરાવાના આધારે એવી હકીકત આવે છે કે, તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ સોનીયા અને ઝાકીયા નામની બે સ્ત્રી તેમની હોટલમાં રૂમ નં. ૪૦૫ માં રોકાયેલ અને શીભાભાઈ દેસાઈભાઈ નામના માણસ તા. ૦૩/૦૯/૨૦૨૩ ના રોજ બપોરે રૂમ નં.

૪૦૬ માં રોકાયેલ અને રૂમ નં. ૪૦૫ માં રોકાયેલ ઝાકીયાને રૂમ નં. ૪૦૬ માં આ સાહેદે મોકલાવેલ. આ સાહેદના પુરાવાના આધારે રેકર્ડ ઉપર આવેલ આ હકીકત આ કામના ભોગ બનનાર સોનીયા સાથે હાજર હોવાની હકીકત વિશ્વસનિય રીતે સ્થાપિત કરતી નથી. તેમજ આ સાહેદ તેમની જુબાનીમાં શીભાભાઈ દેસાઈભાઈ નામના વ્યકિત તા. ૦૩/૦૯/૨૦૨૫ ના રોજ તેમની હોટલમાં રોકાયેલ હોવાનું કહે છે. શીભાભાઈ દેસાઈ નામના કોઈ આરોપી આ કામે રહેલ નથી. ક્ષણભર માટે માની લેવામાં આવે કે, આ સાહેદ દ્વારા પ્રથમ નામ શીભાભાઈ સાચુ જણાવવામાં આવેલ છે અને પાછળનું નામ દેસાઈભાઈ શરતચુકથી ખોટુ જણાવેલ છે તો પણ ફરિયાદ પક્ષ દ્વારા આ સાહેદના પુરાવા દરમ્યાન સાચુ નામ રેકર્ડ ઉપર લાવવા કોઈ પ્રયત્ન થયેલ નથી. આ સાહેદના પુરાવા દરમ્યાન એવી હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ નથી કે, તા. ૦૧/૦૯/૨૦૨૩ થી તા. ૦૫/૦૯/૨૦૨૩ સુધી ઝાકીયા નામથી સોનીયા નામની સ્ત્રી સાથે હોટલ સાંઈ વિલા ખાતે રૂમ નં. ૪૦૫ માં રોકાયેલ સ્ત્રી હાલના ભોગ બનનાર હતા. તપાસ કરનાર અધિકારી દ્વારા તેમની તપાસના કામે હોટલ સાંઈ વિલા ખાતે રૂમ નં. ૪૦૫ માં ઝાકીયા નામની સ્ત્રીના નામની એન્ટ્રી થયેલ હોવાનું અને રોકાયેલ હોવાનું આવેલ હોવા છતાં તેવી ઝાકીયા નામની સ્ત્રીની કોઈ ઓળખ પ્રત્યક્ષ રીતે કે સી.સી.ટી.વી. કેમેરા મારફતે આ સાહેદ દ્વારા કરાવવામાં આવેલ નથી.

(૨૪૬) આ સાહેદ મહેન્દ્રભાઈ વાલજીભાઈ પાટીદારે તેમની જુબાનીમાં એવી હકીકત પણ જણાવેલ છે કે, પોલીસવાળાએ આવીને તેઓની હોટલના રૂમ ચેક કરેલા અને રૂમની અંદરના ફોટોગ્રાફ લીધેલા તથા કાઉન્ટર ઉપર જે છોકરો હાજર હતા તેની પાસેથી હોટલનું ડી.વી.આર. કબજે લીધેલ ડી.વી.આર. નો ડેટા કોઇ માણસ મારફતે કોપી કરાવી ડી.વી.આર તેઓને પરત સોપેલ અને તેઓને ડી.વી.આર. નો ડેટા જે પોલીસે લીધેલ તે બાબતે તેઓએ કોઇ લખાણ પોલીસને આપેલ હોય તેવુ બનેલ નથી. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૦૧ થી રજુ પાના નં. ૦૪ ફોટોગ્રાફ જોઈને જણાવેલ છે કે, આ ફોટોગ્રાફ હોટલ સાંઇવીલાના છે તથા આ ફોટોગ્રાફમાં તેઓ શીભાભાઇ દેસાઇને રૂમ ફાળવતી વખતે જે એન્ટ્રી પાડી રહેલ હતા તેનો છે જે ફોટોગ્રાફમાં તેઓ અને શીભાભાઇ દેખાય છે અને અન્ય ફોટોગ્રાફમાં તેઓની સાથેના અન્ય કર્મચારી દેખાય છે અને આ તમામ ફોટોગ્રાફ હોટલ સાંઇ વીલાના કાઉન્ટરના છે. સાહેદે તેમની જુબાની દરમ્યાન મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૨ માં રહેલ પેનડ્રાઇવ જોઈ

જણાવેલ છે કે, આ પેનડ્રાઈવ ડી.વી.આર. નો ડેટા કોપી કરી આપેલ તે જ પેનડ્રાઈવ છે કે કેમ? તે તેઓ કહી શકે નહી.

(૨૪૭) આ સાહેદ પણ એવી હકીકત જણાવે છે કે, પોલીસવાળા તેમની હોટલે આવેલા ત્યારે સી.સી.ટી.વી. કેમેરાના ડી.વી.આર. ચેક કરેલા અને ડી.વી.આર. કબજે લીધેલા. જ્યારે ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કરનાર પોલીસ અધિકારી શ્રી સોઢા તેમની જુબાનીમાં તેઓએ સી.સી.ટી.વી. કેમેરાની તપાસ કરેલ ન હોવાનું જણાવે છે. આ સાહેદના પુરાવાથી મુદ્દામાલ આર્ટીકલ ૧૨ વાળી સી.સી.ટી.વી. ફુટેજીસની પેનડ્રાઈવ તેઓએ રજુ કરેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. આ સાહેદે આંક–૧૦૧ વાળા ફોટોગ્રાફના પાના નં. ૦૪ ના ફોટોગ્રાફ જોઈ તે તેમની હોટલ સાંઈ વિલાના હોવાનું અને તેમાં તેઓ અને શીભાભાઈ દેખાતા હોવાનું જણાવેલ છે. પરંતુ આ આંક–૧૦૧ વાળા કોઈ ફોટાગ્રાફમાં હોટલ સાંઈ વિલા ખાતે ભોગ બનનાર આરોપી સાથે દેખાતા હોય તેવી હકીકત સ્થાપિત થતી નથી. આ સાહેદના પુરાવાના માધ્યમથી ફરિયાદ પક્ષ દ્વારા આરોપી નં. ૦૭ શીભાભાઈની ઓળખ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. પરંતુ આ સાહેદના પુરાવા મારફતે કોઈ સી.સી.ટી.વી. ફુટેજમાં આ કામના આરોપી નં. ૦૭ હોટલ સાંઈ વિલા, જુના વાડજ, અમદાવાદ ખાતે ભોગ બનનાર સાથે દેખાતા હોય તેવી કોઈ હકીકત સ્પષ્ટ થતી નથી. આમ, આ સાહેદનો મૌખિક પુરાવો વિશ્વાસપ્રેરક અને સમર્થનકારી રહેલ નથી.

(૨૪૮) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૮ તરીકે આંક–૨૫૨ થી નકુલ દેવીલાલ જોશીને તપાસવામાં આવેલા છે. તેઓએ જણાવેલ છે કે, ત્રણ ચાર વર્ષ પહેલા તેઓ અમદાવાદ હોટલ આઈલેન્ડ પાર્ક ખાતે મેનેજર અને રૂમ સર્વિસ તરીકે કામ કરતા અને તેઓને રૂમ ફાળવી આપતા અને ત્રણ ચાર વર્ષ પહેલા આણંદથી એસ.ઓ.જી. વિભાગના પોલીસ અધિકારી તેમની હોટલ પર તપાસ માટે આવેલા અને તે વખતે તેમની સાથે એક છોકરી અને લેડીઝ સ્ટાફ હતો અને પોલીસવાળા તેમને ત્યાંથી હોટલનું રજીસ્ટર તેમજ ડી.વી.આર. તપાસ માટે લઈ ગયેલા અને તેમને તપાસ માટે બીજા દિવસે પોલીસ સ્ટેશને હાજર થવા જણાવેલુ. આ સાહેદે તેમની જુબાની દરમ્યાન હોટલ આઈલેન્ડ પાર્કના રજીસ્ટરની અનુક્રમ નં. ૯૭૪ ઉપરની નોંધ જોઈ રૂમ નં. ૪૦૫ હની પટેલ તથા ઝાકીયા બિસસ નાઓને તા. ૦૩/૦૯/૨૦૨૩ ના રાત્રીના ૦૯:૦૦

કલાકે આપવામાં આવેલ અને તા. ૦૪/૦૯/૨૦૨૩ ના સવારે ૦૮:૦૦ વાગે રૂમ છોડવામાં આવેલ હોવાનું જણાવેલ છે. આમ, આ સાહેદના પુરાવા આધારે એવી હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, આ કામના આરોપી નં. ૦૮ હની પટેલ તા. ૦૩/૦૯/૨૦૨૩ ના રોજ હોટલ આઈલેન્ડ પાર્ક ખાતે કોઈ ઝાકીયા બિસસ નામની સ્ત્રી સાથે રૂમ નં. ૪૦૫ માં રાત્રીના ૦૯:૦૦ કલાક થી તા. ૦૪/૦૯/૨૦૨૩ ના રોજ સવારે ૦૮:૦૦ વાગ્યા સુધી રોકાયેલા. આ સાહેદના પુરાવાના માધ્યમથી ફરિયાદ પક્ષ દ્વારા આરોપી નં. ૦૮ હની પટેલ હોટલ આઈલેન્ડ પાર્ક ખાતે રોકાયેલ હોવાની હકીકત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. પરંતુ આ સાહેદના પુરાવા મારફતે કોઈ સી.સી.ટી.વી. ફુટેજમાં આ કામના આરોપી નં. ૦૮ હોટલ આઈલેન્ડ પાર્ક, થલતેજ, અમદાવાદ ખાતે ભોગ બનનાર સાથે દેખાતા હોય તેવી કોઈ હકીકત સ્પષ્ટ થતી નથી. આમ, આ સાહેદનો મૌખિક પુરાવો વિશ્વાસપ્રેરક અને સમર્થનકારી રહેલ નથી. તપાસ કરનાર અધિકારી દ્વારા તેમની તપાસના કામે હોટલ આઈલેન્ડ પાર્ક ખાતે રૂમ નં. ૪૦૫ માં હની પટેલ અને ઝાકીયા બિસસ નામની સ્ત્રીના નામની એન્ટ્રી થયેલ હોવાનું અને રોકાયેલ હોવાનું આવેલ હોવા છતાં તેવી ઝાકીયા બિસસ નામની સ્ત્રીની કોઈ ઓળખ પ્રત્યક્ષ રીતે કે સી.સી.ટી.વી. કેમેરા મારફતે આ સાહેદ નકુલ જોશી દ્વારા કરાવવામાં આવેલ નથી.

(૨૪૯) આરોપી નં. ૧ તરફે વિધ્વાન ચીફ ડીફેન્સ કાઉન્સીલ શ્રી એન.વી. પટેલે તેમની રજુઆતના સમર્થનમાં **Lajendra Singh @ Lali Vs. State, Through PP,** ના કેસનો નામદાર રાજસ્થાન હાઈકોર્ટનો ચુકાદો રજુ રાખેલ છે. નામદાર રાજસ્થાન ઉચ્ચ અદાલત સમક્ષના કેસમાં પણ હોટલના રજીસ્ટરમાં ભોગ બનનારના નામની નોંધ રહેલી ન હતી અને તે સંદર્ભે નામદાર ઉચ્ચ અદાલત ધ્વારા ઠરાવવામાં આવેલ છે કે:

> "46. The evidence regarding the alleged stay at the hotel is equally unsatisfactory. PW-7, Satveer Singh, Manager of Hotel Shiv Palace, was declared hostile and the hotel register (Ex.P-13) does not contain the name of the appellant. The record suggests that another boy accompanied the prosecutrix. Despite this crucial circumstance, no meaningful investigation was conducted to ascertain the identity of that person. The

passenger lists of the relevant travel records also do not contain the appellant's name. These omissions are not trivial; they go to the root of the prosecution case and probabilize the defence version."

(૨૫૦) ઉપરોકત હકીકતના પરીપ્રેક્ષ્યમાં નામદાર રાજસ્થાન ઉચ્ચ અદાલત ધ્વારા આપવામાં આવેલ આ રજુ થયેલો ચુકાદો આરોપી પક્ષને મદદરૂપ થતો હોવાનું આ અદાલતનું નમ્ર મંતવ્ય રહેલ છે.

(૨૫૧) આ ગુન્હાના તપાસ કરનાર અધિકારી શ્રી ડાભીએ તેમની આંક–૨૫૪ ની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તા.૧૪/૦૯/૨૦૨૩ ના રોજ ત્રણેય હોટલના મેનેજરો એસ.ઓ.જી. ઓફીસે આવેલા અને તેઓની સાથે હોટલના સી.સી.ટી.વી. ફુટેજ પેનડ્રાઇવમાં લઇને આવેલા તે સીસીટીવી ફૂટેજ વાળી પેનડ્રાઇવનું વિગતવારનું પંચોની હાજરીમાં પંચનામુ કરવામાં આવેલ અને તે સી.સી.ટી.વી. ફુટેજ વાળી પેનડ્રાઇવ તપાસ અર્થે કબજે કરવામાં આવેલ હતી. તપાસ કરનાર અધિકારી ડાભીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૧૦૦ થી રજુ થયેલ સી.સી.ટી.વી. ફુટેજ વાળી પેનડ્રાઇવ કબજે કર્યાના પંચનામામાં તેઓએ રૂબરૂ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને તપાસ કરનાર અધિકારી ડાભીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૧૦૧ થી રજુ થયેલ સી.સી.ટી.વી. ફુટેજની કલર પ્રિન્ટઆઉટમાં તેઓએ રૂબરૂ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તપાસ કરનાર અધિકારી દ્વારા જણાવાયેલ આ હકીકત ઉપરોક્ત મુજબના ત્રણેય હોટલના સાહેદો અનુક્રમે વિકાસ કારુસવ, મહેન્દ્ર વાલજીભાઈ પાટીદાર અને નકુલ દેવીલાલ જોશીના પુરાવાઓથી રદ્ધ ઠરે છે. આ ત્રણેય હોટલના મેનેજર કે જેઓ ફરિયાદ પક્ષના સાહેદો રહેલા છે તેઓએ તેમની જુબાનીમાં કોઈ પેનડ્રાઈવ રજુ કરેલ હોવાનું સ્પષ્ટપણે જણાવેલ નથી. તેનાથી વિરુધ્ધની એવી હકીકત તેમના પુરાવાઓમાં આવેલા છે કે, જ્યારે ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરવા પોલીસ આવેલ ત્યારે જ પોલીસે સી.સી.ટી.વી. કેમેરા તથા ડી.વી.આર. ચકાસેલ અને તેમાંથી ફોટા લીધેલ અને ડી.વી.આર. કબજે લીધેલ. ખુદ તપાસ કરનાર અધિકારીએ તેમની ુલટ તપાસમાં સ્વીકારેલ છે કે, મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૧, ૧૨ અને ૧૩ વાળી સી.સી.ટી.વી. ફુટેજીસની પેનડ્રાઈવ તેઓએ કબજે કરેલ હોવાનું તેઓ ચોક્કસપણે કહી શકે નહી. આ

બાબત ફરિયાદ પક્ષના કેસ પરત્વેની શંકાને વધુ મજબુત બનાવે છે અને આરોપીઓની સી.સી.ટી.વી. ફુટેજીસ મારફતેની ઓળખની સાબિતી થતી ન હોવાનું દર્શાવે છે.

<u>આરોપીઓની ઓળખઃ–</u>

(૨૫૨) ફરિયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી ધ્વારા ભારપુવર્વક રજુઆત કરવામાં આવેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.–૧૫ થી આંક–૨૧૪ થી ઓળખ પરેડની કાર્યવાહી કરનાર મામલતદાર શ્રી ચિંતન વીરમભાઈ ચૌધરીને તપાસવામાં આવેલા છે અને તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓએ હાથ ધરેલી ઓળખ પરેડના પંચનામાની તમામ હકીકતો વિગતવાર જણાવેલી છે અને તેમણે તેમની જુબાની દરમ્યાન આંક–૨૧૭ થી ઓળખ પરેડનું પંચનામુ રજુ કરેલ છે અને આ ઓળખ પરેડના પંચનામાની હકીકતોના આધારે પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થન મળે છે અને આ કામના ભોગ બનનારે પણ આરોપીઓને ઓળખી બતાવેલ છે.

(૨૫૩) ઉપરોક્ત રજુઆત અનુસંધાને ફરિયાદ પક્ષ તરફે રજુ પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામે ફરિયાદ પક્ષે આંક–૨૧૪ થી ઓળખ પરેડ કરનાર મેજીસ્ટ્રેટશ્રી ચિંતન વિરમભાઈ ચૌધરીને તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાની દરમ્યાન આંક–૨૧૭ થી રજુ આરોપીઓની ઓળખ અંગે પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ તે અંગેનો રીપોર્ટમાં બે પંચોની સહી અને રૂબરૂ તરીકે તેઓની સહી અને હોદ્ધાનો સિક્કો હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૨૧૮ થી રજુ એસ.ઓ.જી. પી.આઈ. એલ.બી.ડાભી નાઓએ આરોપીઓને અગાઉ કયારેય ઓળખ છતી થયેલ નથી તે બાબતનું પ્રમાણપત્રમાં તેઓએ સ્વીકાર્યા બદલ તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

(૨૫૪) આરોપીઓની ઓળખ અંગેનું પંચનામુ કરનાર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શ્રી ચૌધરીને આરોપી પક્ષ તરફેની ઉલટ તપાસમાં સવાલ પુછવામાં આવેલ છે કે, નામદાર સુપ્રીમકોર્ટ અને નામદાર હાઇકોર્ટની ગાઇડલાઇન્સ મુજબ બે થી વધુ આરોપીઓની ઓળખપરેડ એકી સાથે યોજી શકાય નહી? જેના જવાબમાં જણાવેલ છે કે, એવુ તેઓના ધ્યાનમાં નથી. તેઓને સવાલ પુછવામાં આવેલ છે કે, આ કામે તમે

૧:૬ ના પ્રમાણમાં ડમી આરોપી લીધેલ નથી? જેના જવાબમાં જણાવેલ છે કે, તેઓએ ૧:૪ ના પ્રમાણમાં લીધેલ. શ્રી ચૌધરી દ્વારા સ્વીકારવામાં આવેલ અને જણાવવામાં આવેલ હકીકતો પંચનામાની યથાર્થતા સંદર્ભે મહત્વની રહેલ છે.

(૨૫૫) આરોપીઓની ઓળખ અંગેનું પંચનામું કરનાર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શ્રી ચૌધરીએ સ્વીકારેલ છે કે, ઓળખપરેડ સમયે કોઇ પર વર્ષની ઉંમરના કોઇ ડમી માણસને હાજર રાખવામાં આવેલ નહી. આ સાહેદને આરોપી નં. ૦૨ પક્ષ તરફે આ સવાલ પુછવામાં આવેલ છે અને તેના પાછળનો હાર્દ એ રહેલ છે કે, આરોપી નં. ૦૨ ની સમકક્ષ ઉંમરવાળા અને તેટલી ઉંમરના દેખાતા કોઈ ડમી માણસને ઓળખ પરેડની કાર્યવાહી સમયે હાજર રાખવામાં આવેલ નહી. આ બાબત પણ ચોક્કસપણે આરોપી નં. ૦૨ ની ઓળખ પરત્વે સંદેહ દર્શાવનાર રહેલ છે.

(૨૫૬) આરોપીઓની ઓળખ પરેડ અંગેનું પંચનામુ કરનાર શ્રી ચૌધરીને ઉલટ તપાસમાં સવાલ પુછવામાં આવેલ છે કે, આપના દ્વારા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એલ.બી.ડાભીને આંક–૨૧૬ વાળી યાદી પાઠવવામાં આવેલ તેમા આપશ્રીએ એવુ લખેલ છે કે, "આપશ્રી દ્વારા સદરહું આરોપીઓની ઓળખ છતી થયેલ નથી, તે મતલબનું પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલ નથી. જે પ્રમાણપત્ર ઓળખ પરેડ માટે અપાયેલ નીચે મુજબના સમય અને તારીખે રજુ કરવાનું રહેશે." આવુ લખવાનું કારણ શું? જેના જવાબમાં જણાવેલ છે કે, ઓળખ પરેડ માટે આરોપીઓની ઓળખ અગાઉ છતી થયેલ હોવી જોઇએ નહી તેથી તે બાબતનું પ્રમાણપત્ર પોલીસ પાસેથી મેળવવામાં આવે છે અને આ કાર્યવાહીના કામે આવુ પ્રમાણપત્ર સબંધિત પોલીસ તરફથી યાદી સાથે રજુ થયેલ ન હોવાથી યાદીમાં લખવામાં આવેલ. તેઓએ સ્વીકારેલ છે કે, તેની પુર્તતાના ભાગરૂપે એસ.ઓ.જી. શાખા આણંદના પી.આઈ. શ્રી એલ.બી.ડાભીએ આંક–૨૧૮ વાળુ પ્રમાણપત્ર રજુ કરેલ અને તે પ્રમાણપત્રની છેલ્લી લાઇનમાં એવુ લખેલ છે કે "....નાઓની અગાઉ કયારેય ઓળખ છતી થયેલ નથી જે બદલ આ પ્રમાણપત્ર આપવાામાં આવે છે." તેઓએ સ્વીકારેલ છે કે, જો આંક–૨૧૮ વાળુ પ્રમાણપત્ર તેઓને મળેલ ન હોત તો તેઓ આંક–૨૧૭ વાળા ઓળખપરેડના પંચનામાની કાર્યવાહી ના કરત અને આંક–૨૧૭ વાળા ઓળખ પરેડના પંચનામામાં ઓળખ પરેડ શરૂ કર્યાની તારીખ અને સમય લખેલ છે પરંતુ ઓળખ પરેડ પુર્ણ કર્યાનો

સમય લખેલ નથી.

(૨૫૭) આ સંદર્ભે આ તબક્કે તપાસ કરનાર અધિકારી શ્રી ડાભીનો પુરાવો ધ્યાને લેવો આવશ્યક જણાય છે. શ્રી ડાભીએ આંક–૨૧૮ વાળું આરોપીઓની ઓળખ છતી થયેલ ન હોવાનું પ્રમાણપત્ર આપેલ અને ત્યારબાદ મામલતદાર શ્રી ચૌધરી દ્વારા આંક–૨૧૭ વાળું આરોપીઓની ઓળખ પરેડનું પંચનામુ કરવામાં આવેલ હોવાનું જણાય છે. આંક–૨૧૮ વાળું પ્રમાણપત્ર ધ્યાને લેતા તથા મામલતદાર શ્રી અને તપાસ કરનાર અધિકારી શ્રીના પુરાવાઓ ધ્યાને લેતા આ પ્રમાણપત્ર ઓળખ પરેડ પહેલા કોઈ આરોપીઓની ઓળખ છતી થયેલ ન હોવા બાબતે તપાસ કરનાર અધિંકારી શ્રી ડાભી દ્વારા આપવામાં આવેલ હોવાનું જણાય છે.

(૨૫૮) તપાસ કરનાર અધિકારી શ્રી ડાભીના પુરાવાને ધ્યાને લેતા જણાય છે કે, તેઓએ તેમની જુબાનીમાં એસ.ઓ.જી. માં લોકઅપ રજીસ્ટર હોતુ નથી તેવુ જણાવેલ છે. તપાસ કરનાર અધિકારીએ સ્વીકારેલ છે કે, તપાસ દરમ્યાન ભોગ બનનાર એસ.ઓ.જી. કચેરી ખાતે સવાર થી સાંજ સુધી રોકાતા અને સાંજે તેમને વિધ્યાનગર પોલીસને સોપી આપવામાં આવતા. તપાસ કરનાર અધિકારીને તેમની ઉલટ તપાસમાં સવાલ પુછવામાં આવેલ છે કે, એસ.ઓ.જી. કચેરી ખાતે લોકઅપમાં આરોપીઓ રહેલા હોય અને ભોગ બનનાર ને વોશરૂમ જવાનું થાય ત્યારે ભોગ બનનાર સીધી રીતે આરોપીઓને જોઇ શકે? જેના જવાબમાં જણાવેલ છે કે, હા. દરેક વખતે નહી. આ બાબત દર્શાવે છે કે, આરોપીઓની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શ્રી સમક્ષની ઓળખ પરેડની કાર્યવાહી પહેલા જ જ્યારે આરોપીઓ એસ.ઓ.જી. કચેરી ખાતે હાજર હતા ત્યારે જ ભોગ બનનાર સમક્ષ આરોપીઓની ઓળખ છતી થઈ ગયેલી.

(૨૫૯) તપાસ કરનાર અધિકારીએ વિશેષમાં એવુ સ્વીકારેલ છે કે, તેઓ સમક્ષ જયારે પેનડ્રાઇવ આવેલી ત્યારે તેમાંથી તેઓએ ફોટોગ્રાફસ લીધેલા અને ફોટોગ્રાફસ ભોગ બનનારને બતાવેલ અને તે પેનડ્રાઇવ તેઓએ પંચનામાની વિગતે સીલ કરેલ અને ત્યારબાદ ઘણા દિવસ પછી આરોપી ઓની મામલતદાર સાહેબ રૂબરૂ ઓળખ પરેડ કરાવેલ અને તે સમયે તેઓએ મામલતદાર સાહેબને એવુ પ્રમાણપત્ર આપેલ કે આ આરોપીઓની કોઇ ઓળખ તેઓએ સાહેદ પાસે કરાવેલ નથી. જો કે તેઓએ આ

પ્રમાણપત્ર ખોટું અને બનાવટી જાણી જોઇને ઉભુ કરેલ હોવાનુ ઈન્કારેલ છે. પરંતુ તપાસ કરનાર અધિકારીના પુરાવાના આધારે એ હકીકત સ્પષ્ટ થાય છે કે, આંક–૨૧૭ વાળા ઓળખ પરેડના પંચનામાની કાર્યવાહી પહેલા જ આ કામના આરોપીઓની ઓળખ ભોગ બનનાર સમક્ષ જાહેર થઈ ગયેલ અને તેમ છતાં તપાસ કરનાર અધિકારી દ્વારા આંક–૨૧૮ વાળું પ્રમાણપત્ર આપવામાં આવેલ. આ હકીકત ઓળખ પરેડના પંચનામાની કાર્યવાહી બાબતે વિશ્વસનીયતા ઘટાડનારી રહેલી છે.

(૨૬૦) ઓળખ પરેડની કાર્યવાહી કરનાર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શ્રી ચૌધરી ના પુરાવાનું વિશેષ મુલ્યાંકન કરતા જણાય છે કે, તેઓને તેમની ઉલટ તપાસમાં સવાલ પુછવામાં આવેલ કે, આપના ઓળખ પરેડના પંચનામામાં ભોગ બનનારે આરોપીઓની ઓળખ ક્યા કારણે કે ક્યા કૃત્ય માટે કરેલ તેની કોઇ વિગત દર્શાવવામાં આવેલ નથી? જેના જવાબમાં જણાવેલ છે કે, ઓળખ પરેડની કાર્યવાહી સમયે ભોગ બનનારે હાથ પકડીને આરોપીઓને અલગ અલગ હરોળમાંથી બહાર કાઢી ઓળખી બતાવેલ. એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શ્રી દ્વારા આપવામાં આવેલ આ જવાબ ફરિયાદ પક્ષના કેસની એ હકીકત કે ચોક્કસ કોઈ આરોપીએ ભોગ બનનાર સાથે ચોક્કસ કોઈ સ્થળે, ચોક્કસ સમયે દુષ્કર્મ આચરેલ છે તેની સાબિતી માટે પર્યાપ્ત રહેલ નથી.

(૨૬૧) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શ્રી એ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, પંચનામા પહેલા કોઇ બાંગ્લાદેશના વ્યક્તિ બાબતે ઓળખ પરેડની કાર્યવાહી કરવાની છે તેવી તેઓને માહિતિ હતી. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૨૧૭ વાળા પંચનામામાં તેઓએ આરોપીઓની સહી લીધેલ નથી અને આરોપીઓએ પંચનામા દરમ્યાન જે કોઇ હકીકત જાહેર કરેલ છે તે બદલ તેમની કોઇ સહી લેવામાં આવેલ નથી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, પંચનામા દરમ્યાન પંચો રૂબરૂ તેમને હકીકત પૂછવામાં આવેલી. તેઓએ સ્વીકારેલ છે કે, આ પંચનામાના તમામ પક્ષકારો ગુજરાતી ભાષા સમજતા ન હતા. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, આંક–૨૧૭ વાળા પંચનામામાં જે આરોપીઓ ગુજરાતી ભાષા સમજતા ન હોય તેમને પંચનામુ હીન્દી ભાષામાં વાંચી સંભળાવી સમજાવવામાં આવેલ હોય તેવી કોઇ નોંધ રહેલ નથી. જેના જવાબમાં જણાવેલ છે કે, આરોપીઓને તેમની ભાષામાં સમજાવવામાં આવેલ છે એવુ લખેલ નથી પણ ઓળખ પરેડની કાર્યવાહીની સમજણ કરવામાં આવેલ તેવુ લખેલ છે.

તેઓએ સ્વીકારેલ છે કે, જે તે વ્યક્તિને તેમની ભાષામાં સમજ આપવી તે મહત્વનો ભાગ કહેવાય અને તમામ પક્ષકારોને તેમની ભાષામાં સમજ આપવામાં આવેલી તેવુ સ્પષ્ટ પંચનામામાં લખેલ નથી અને ઓળખ પરેડના રૂમમાં આરોપીઓ તથા તમામ ડમી માણસો ગોઠવાઈ ગયા ત્યારે બંને પંચો હાજર હતા અને બંને પંચો આરોપીઓ જે ક્રમમાં ઉભા હતા તે ક્રમથી વાકેફ હતા અને ઓળખ પરેડના પંચનામાની કાર્યવાહીમાં સમય બહુ મહત્વનો હોય છે તેથી સમય નોંધવામાં આવે છે. ફરિયાદ પક્ષના આ સાહેદ દ્વારા સ્વીકારવામાં આવેલ હકીકત પણ ઓળખ પરેડની કામગીરીને ઉચિત ઠેરવતી નથી અને વ્યાજબીપણું દર્શાવતી નથી.

(૨૬૨) આરોપીઓની ઓળખ પરેડ કરનાર સાહેદે તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ઓળખ પરેડની કાર્યવાહી સમયે પંચ નં. ૦૨ કુકડભાઇ તળપદા મારફતે ભોગ બનનારને બોલાવવામાં આવેલ અને પંચ નં. ૦૨ કુકડભાઇએ બહાર જઇ ભોગ બનનાર સાથે શું વાત કરી તે તેઓ જાણતા નથી અને પંચ નં. ૦૧ રાજેશભાઇ તળપદા અને પંચ નં. ૦૨ કુકડભાઇ તળપદા હીન્દી ભાષાના જાણકાર હતા તેવી કોઇ નોંધ પંચનામામાં કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, જે ભોગ બનનારે ઓળખ પરેડ કરવાની હતી તે થોડી હીન્દી અને થોડી બાંગ્લાદેશી ભાષા જાણતા હતા તેવુ જાહેર થયેલુ અને પંચ નં. ૦૨ કુકડભાઇ ક્યારે ભોગ બનનારને બોલાવવા ગયા અને કયારે પાછા ઓળખ પરેડના રૂમમાં આવ્યા તેના સમયની કોઇ નોંધ આંક–૨૧૭ વાળા પંચનામામાં કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓના સ્ટાફ અને પંચો ડમી માણસોને બોલાવવા ગયા તેનો કોઇ ઉલ્લેખ પંચનામામાં નથી અને દુભાષીયા મંગલચાંદ ગોવિંદભાઇ મન્ના બાંગ્લાદેશી ભાષાના જાણકાર છે તેવો કોઇ દસ્તાવેજ આ પંચનામાનો ભાગ રહેલ નથી અને આ મંગલચાંદ ગોવિંદભાઇ મન્ના મૂળ રહે. ખાનાકોલ, સાવલસીંગપુર, હુગલી, પશ્ચિમ બંગાળના રહેવાસી હોવા અંગે કોઇ દસ્તાવેજી આધાર આ પંચનામાનો ભાગ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આ મંગલચાંદ બાંગ્લાદેશી ભાષાના જાણકાર છે તેવુ તેઓએ પોલીસના કહેવાથી જાણેલસાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, ભોગ બનનારે આરોપીઓને હીન્દી ભાષામાં કે બાંગ્લા ભાષામાં ઓળખી બતાવેલા તેનો કોઇ ઉલ્લેખ પંચનામામાં રહેલ નથી? જેના જવાબમાં જણાવેલ છે કે, ભોગ બનનારે હાથ પકડી આરોપીઓને બહાર કાઢેલા. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, આંક–૨૧૭ ના પંચનામામાં ભોગ બનનાર પ્રત્યેક

ઓળખાયેલ આરોપીઓને ક્યા નંબરથી કે ક્રમથી હાથ પકડી બહાર કાઢેલ છે તેનો કોઇ ઉલ્લેખ આ પંચનામામાં નથી? જેના જવાબમાં જણાવેલ છે કે, તેવા કોઇ નંબર કે ક્રમનો પંચનામામાં ઉલ્લેખ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે કઇ ભાષામાં પંચો રૂબરૂ હકીકત જાહેર કરેલી તેનો ઉલ્લેખ પંચનામામાં રહેલ નથી. આ સાહેદે સ્વીકારેલ છે કે, આ ઓળખ પરેડની કાર્યવાહી કરવાની જાણ થતા તેઓને જાણમાં આવેલ કે આ કાર્યવાહી એક થી વધુ ભાષા જાણનારા પક્ષકારો વચ્ચે કરવાની છે અને આ કાર્યવાહીના રહેલ બંને પંચોની શૈક્ષણિક લાયકાત કે સામાજીક દરજજા અંગે કોઇ ચકાસણી તેઓએ કરેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, ઓળખ પરેડની કાર્યવાહી દરમ્યાન ભોગ બનનારે ઓળખી બતાવેલ ૧ થી ૭ આરોપીઓનો ગુન્હાના કામે શું રોલ રહેલો તેવો કોઇ ઉલ્લેખ પંચનામામાં રહેલ નથી.

(૨૬૩) ઓળખ પરેડના પંચનામાની કાર્યવાહી કરનાર આ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શ્રી દ્વારા ઉપરોક્ત હકીકતે સ્વીકારવામાં આવેલ હકીકતો આ ઓળખ પરેડના પંચનામાની કાર્યવાહીની પ્રધ્ધતિ અને તેની યોગ્યતા બાબતે શંકાપ્રેરે છે. આ ઓળખ પરેડના પંચનામામાં ભોગ બનનારે ક્યા ક્રમ ઉપર ઉભેલ ક્યા માણસને ક્યા ગુન્હાહીત કૃત્ય માટે આરોપી તરીકે ઓળખી બતાવી હાથ પકડી બહાર કાઢેલ છે તેવી કોઈ હકીકત જણાય આવતી નથી. આ સાહેદના પુરાવાના આધારે તેમજ આંક–૨૧૭ ના ઓળખ પરેડના પંચનામાના આધારે ભોગ બનનારે કઈ ભાષાના માધ્યમથી ઓળખ પરેડની કાર્યવાહી સમયે આરોપીઓની ઓળખ સ્થાપિત કરેલ તે હકીકત સ્પષ્ટ થતી નથી. આ સંજોગોમાં જ્યારે ફરિયાદ પક્ષના સમગ્ર પુરાવાઓનો સુર અને હાર્દ એક રહેલ ન હોય અને ફરિયાદ પક્ષના પુરાવાઓ વિસંગતતા અને ત્રુટીઓ વાળા રહેલા હોય અને વિશ્વાસપ્રેરનારા રહેલ ન હોય ત્યારે આ ઓળખ પરેડના પંચનામાની કાર્યવાહીની ક્ષતિ કે પ્રક્રિયાત્મક અનિયમિતતા ચોક્કસપણે ફરિયાદ પક્ષના કેસને વિપરીત અસર કરનારી બની રહે છે.

(૨૬૪) આ ઓળખ પરેડનું પંચનામું ભોગ બનનાર દ્વારા આરોપીઓની ઓળખ માટે કરવામાં આવેલ તે ભોગ બનનાર સાહેદ દ્વારા તેમની ઉલટ તપાસમાં સ્વીકારવામાં આવેલ છે કે, ઓળખપરેડના રૂમમાં તેણીને કોઇ વાતચીત થયેલ નહી, તેણીએ સીધે સીધા માણસોને ઓળખી બતાવેલા. તેણીએ જણાવેલ છે કે, ઓળખ પરેડના રૂમમાં

એક ઓફીસર હતા તેમણે તેણીની પુછપરછ કરેલી. તેણીએ સ્વીકારેલ છે કે, ઓળખ પરેડના રૂમમાં તેણીનું નામ અને સરનામુ પુછવામાં આવેલ તે સિવાય તેણીની કોઇ પૂછપરછ કરવામાં આવેલ નહી. તેણીએ જણાવેલ છે કે, ઓળખ પરેડના રૂમમાં તેણીએ કોઇને નામ થી ઓળખી બતાવેલ હોય તેવુ બનેલ નહી. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, ચહેરાથી ઓળખી બતાવેલ. તેણીએ જણાવેલ છે કે, ઓળખ પરેડ બાદ પોલીસે કે ઓળખ પરેડ કરાવનાર અધિકારી તેણીને કોઇ પૂછપરછ કરી નિવેદન લીધેલ કે કેમ તે તેણીને યાદ નથી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, ક્યા કસ્ટમર કઇ તારીખે કઇ જગ્યાએ આવેલ તેવુ પોલીસે તેણીનું કોઇ નિવેદન લીધેલ નહી. તેણીએ સ્વીકારેલ છે કે, ઓળખ પરેડ બાદ તેણીએ ઓળખી બતાવેલા આરોપીઓમાં ક્યા આરોપી કઇ તારીખે કઇ હોટેલમાં તેણીની પાસે આવેલ તેવુ પોલીસે પુછીને લખેલ હોય તેવુ બનેલ નહી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીએ જે લોકોને ઓળખ પરેડ રૂમમાં ઓળખી બતાવેલા તેમને પોલીસ સ્ટેશનમાં પણ ઓળખી બતાવેલા. ભોગ બનનારના પુરાવાને ધ્યાને લેતા જણાય છે કે, ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ કે, તમે સી.સી.ટી.વી. ફૂટેજમાં જે માણસો ઓળખી બતાવેલા તે સી.સી.ટી.વી. ફૂટેજમાં માણસોની ઓળખ આરોપીઓને ઓળખી બતાવવાનો આધાર મળેલો? જેના જવાબમાં જણાવેલ છે કે, તે તેણી કહી શકે નહી.

(૨૬૫) આમ, ભોગ બનનાર સાહેદના આ ઓળખ પરેડની કાર્યવાહી અંગેના પુરાવાને ધ્યાને લેતા પણ ઓળખ પરેડની કાર્યવાહીની યોગ્યતા અને યથાર્થતા પરત્વે શંકા ઉદ્ભવે છે. ભોગ બનનારે સ્પષ્ટપણે જણાવેલ છે કે, ઓળખ પરેડના રૂમમાં તેમને કોઈ સાથે કોઈ વાતચીત થયેલ નહી કે કોઈ હકીકત પુછવામાં આવેલી નહી અને તેઓએ જઈને સીધા આરોપીઓને ચહેરાથી ઓળખી બતાવેલા. ભોગ બનનારે ચોક્કસ ક્યા ક્રમના, ક્યા આરોપીને ક્યા ગુન્હાહીત કૃત્ય માટે ઓળખી બતાવેલ તે બાબત પંચનામા, મામલતદાર શ્રીના મૌખિક પુરાવા તેમજ ભોગ બનનારના મૌખિક પુરાવાના આધારે સાબિત થતી નથી.

(૨૬૬) ભોગ બનનારના પુરાવાનું મુલ્યાંકન કરતા જણાય છે કે, તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બરોડા જે હોટલમાં બનાવ બનેલ ત્યાં લઈ ગયેલ તે હોટલ તેઓએ પોલીસને ઓળખી બતાવેલ ત્યારબાદ જે રૂમમાં ગયેલા, રહેલા તે રૂમ તેઓએ

પોલીસને બતાવેલો ત્યારબાદ ત્યાં સી.સી.ટી.વી. કેમેરાનો રેકોર્ડિંગ બતાવેલ તેમા તેઓએ આરોપીને ઓળખી બતાવેલા અને ત્યારબાદ અમદાવાદ જે હોટલમાં ગયેલ તે હોટલ તેઓએ પોલીસને બતાવેલી ત્યાં પણ સી.સી.ટી.વી.કેમેરાના રેકોર્ડીંગમાં તેઓએ આરોપીને ઓળખી બતાવેલા. આમ, ભોગ બનનાર પણ એ હકીકતને પૃષ્ઠી આપે છે કે, આ ઓળખ પરેડની કાર્યવાહી પહેલા સી.સી.ટી.વી. કેમેરાના રેકોર્ડીંગમાં આરોપીઓ તેમને બતાવવામાં આવેલા.

(૨૬૭) તપાસ કરનાર અધિકારીના પુરાવાને ધ્યાને લેતા જણાય છે કે, તેઓએ સ્વીકારેલ છે કે, ઓળખ પરેડ બાદ ભોગ બનનારનું કોઇ વિશેષ નિવેદન લેવાયેલ હોય તેવુ બનેલ નથી અને આક્ષેપ મુજબ આરોપીઓએ ભોગ બનનાર સાથે જે હોટલમાં કહેવાતુ દુષ્કર્મ કરેલ છે તે બાબતે તેવી કોઇ હોટલના સ્ટાફ કે મેનેજર મારફતે આરોપીઓને ઓળખ કરાવવા માટે કોઇ ઓળખ પરેડ તપાસના કામે કરાવેલ નહી અને હોટલવાળા પાસેથી જે ગ્રાહકોના આધારકાર્ડ મળેલ તેવા આધારકાર્ડ કોઇ અન્ય વ્યક્તિઓ પાસેથી પંચનામાની વિગતે મેળવેલ હોય અને તેની ખરાઇ કરાવેલ હોય તેવુ બનેલ નથી. આ સંજોગોમાં પણ એવી હકીકત સ્પષ્ટ થાય છે કે, આ ઓળખ પરેડના પંચનામાની કાર્યવાહી પહેલા જ તપાસ કરનાર અધિકારી દ્વારા ભોગ બનનારને સી.સી.ટી.વી. ફુટેજના માધ્યમથી આરોપીઓની ઓળખ કરાવવામાં આવેલ અને આરોપીઓ એસ.ઓ.જી. કચેરી ખાતે રહેલા ત્યારે પણ આરોપીઓની ઓળખ ભોગ બનનાર સમક્ષ જાહેર થઈ ગયેલ. આ સંજોગોમાં આ ઓળખ પરેડના પંચનામા અને આ પંચનામુ કરનાર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શ્રીનો મૌખિક પુરાવો ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ કે સમર્થનકારી જણાતો નથી.

(૨૬૮) ભોગ બનનારના મૌખિક પુરાવાના મુલ્યાંકન આધારે એ હકીકત પણ ફલિત થાય છે કે, ભોગ બનનારે આ કામના તમામ આરોપીઓને તેમની સોગંદ ઉપરની જુબાની દરમ્યાન ઓળખી બતાવેલ છે. ભોગ બનનાર સાહેદે તેઓની જુબાની દરમ્યાન એજન્ટ તરીકે આરોપી નં. ૦૧ ને મનોહરહુસેન તરીકે ઓળખી બતાવેલ છે અને ત્યારબાદ આરોપી નં. ૦૧ ને તેમનુ નામ પુછતા તેઓએ તેમનુ નામ મેસાન રઙ્કાક બિસ્સ હોવાનું જણાવેલ છે.

(૨૬૯) ભોગ બનનારે તેઓની જુબાની દરમ્યાન જે એજન્ટ સુનિલ વિશે જણાવેલ છે તે આરોપી નં. ૦૨ ને સુનિલ તરીકે ઓળખી બતાવેલ છે અને ત્યારબાદ આરોપી નં. ૦૨ ને તેમનુ નામ પુછતા તેઓએ તેમનુ નામ જેઠાનંદ ઘનશ્યામ સેવકાની હોવાનું જણાવેલ છે.

(૨૭૦) ભોગ બનનારે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં. ૦૩ ને સોનીયા તરીકે ઓળખી બતાવેલ છે અને ત્યારબાદ આરોપી નં. ૦૩ ને તેમનુ નામ પુછતા તેઓએ તેમનુ નામ સોનીયા વેંકટ સીંદે હોવાનું જણાવેલ છે.

(૨૭૧) ભોગ બનનારે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં. ૦૪ ને સી.એન.જી. રીક્ષા વાળા એજન્ટ તરીકે ઓળખી બતાવેલ છે અને ત્યારબાદ આરોપી નં. ૦૪ ને તેમનુ નામ પુછતા તેઓએ તેમનુ નામ અમૃત ગોરધનભાઈ ખરા હોવાનું જણાવેલ છે.

(૨૭૨) ભોગ બનનાર સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં. ૦૫ ને વડોદરા ખાતેની હોટલમાં જે સૌપ્રથમ ગ્રાહક આવેલ તે વ્યકિત તરીકે ઓળખી બતાવેલ છે અને ત્યારબાદ આરોપી નં. ૦૫ ને તેમનુ નામ પુછતા તેઓએ તેમનુ નામ પ્રદિપ કાંતિભાઈ મકવાણા હોવાનું જણાવેલ છે.

(૨૭૩) ભોગ બનનારે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં. ૦૬ ને વડોદરા ખાતેની હોટલમાં જે બીજા ગ્રાહક આવેલ તે વ્યકિત તરીકે ઓળખી બતાવેલ છે અને ત્યારબાદ આરોપી નં. ૦૬ ને તેમનુ નામ પુછતા તેઓએ તેમનુ નામ રાહુલ પ્રકાશનારાયણ મિશ્રા હોવાનું જણાવેલ છે.

(૨૭૪) ભોગ બનનાર સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં. ૦૭ ને અમદાવાદ ખાતેની હોટલમાં જે સૌપ્રથમ ગ્રાહક આવેલ તે વ્યકિત તરીકે ઓળખી બતાવેલ છે અને ત્યારબાદ આરોપી નં. ૦૭ ને તેમનુ નામ પુછતા તેઓએ તેમનુ નામ દેસાઈ શીભાઈભાઈ કરમશીભાઈ નાઓ હોવાનું જણાવેલ છે.

(૨૭૫) ઉપરોક્ત હકીકતે ભોગ બનનારે તેમની જુબાની દરમ્યાન તમામ આરોપીઓની ઓળખ સ્થાપિત કરેલ છે. પરંતુ ઉપરોક્ત મુજબની ચર્ચા અનુસાર ભોગ બનનારે સી.સી.ટી.વી. કેમેરામાં તેમજ પોલીસ સ્ટેશનમાં આરોપીઓની ઓળખ કરાવવામાં આવેલી અને ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેણીને વીડીયો ફૂટેજ બતાવી ઓળખાણ કરાવવાની તપાસ એસ.ઓ.જી પોલીસ સ્ટેશને કરવામાં આવેલી અને પોલીસે તેણીને તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજના લોટ્સ ગોલ્ડ હોટેલ વડોદરાના સી.સી.ટી.વી. ફૂટેજ બતાવેલા અને સી.સી.ટી.વી. રેકોર્ડીંગ આધારે આરોપીઓની ઓળખ કરાવેલી. આ તબક્કે જો દલીલ ખાતર માનવામાં આવે કે, ભોગ બનનાર સાથે આરોપી નં. ૦૫ થી ૦૮ નાએ દુષ્કર્મ આચરેલ હોય તેથી તેઓ તે આરોપીઓને તથા તેમની સાથે હોટલમાં રહેલ આરોપીઓને ઓળખી શકે. પરંતુ ઉપરોક્ત મુજબની ચર્ચાઓ અનુસાર ખુદ ભોગ બનનારનો સોગંદ ઉપરનો મૌખિક પુરાવો સંપુર્ણપણે વિશ્વસનીય અને ખાતરી કરાવનારો રહેલ નથી અને ભોગ બનનારના મૌખિક પુરાવાને તબીબી પુરાવાઓથી કે અન્ય સમર્થનકારી પુરાવાઓથી કોઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી તેમજ આરોપીઓની ઓળખ અને ઓળખ પરેડની કાર્યવાહી બાબતે શંકાનું નિર્માણ થયેલ છે ત્યારે ભોગ બનનાર દ્વારા આરોપીની ઓળખ જુબાનીમાં કરવા માત્રથી આરોપીઓ સામે આક્ષેપિત ગુન્હાની સાબિતી થયાનું માની શકાય નહી.

<u>ફરિયાદી, તપાસ કરનાર અધિકારી અને અન્ય સાહેદોના મૌખિક પુરાવાઓનું મુલ્યાંકનઃ–</u>

(૨૭૬) ફરિયાદ પક્ષ તરફે આ કામના ફરિયાદી ગોપાલભાઈ સાંગાભાઈ ગઢવી, પોલીસ સબ ઇન્સ્પેકટરને આંક–૧૮૨ થી સાહેદ નં. ૧૪ તરીકે તપાસવામાં આવેલા છે. ફરિયાદીએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે પોલીસ સબ ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પી.એસ.ઓ. વિનોદભાઇ પરમારે જાણ કરેલ કે હેલ્પલાઇન નંબર ૧૮૧ ના સ્ટાફ એક સગીર વયની બાળા તથા એક મહિલાને પોલીસ સ્ટેશન કલાકે ૦૨:૦૮ વાગે લઇને આવેલા છે જેથી તેઓ પોલીસ સ્ટેશન ગયેલા અને C.W.C. મનિષાબેન જેઠવાની હાજરીમાં સગીરબાળાની પુછપરછ કરેલ હતી.

(૨૭૭) ફરિયાદીએ તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓ સમક્ષ ભોગ બનનાર બાળાએ એવી હકીકત જણાવેલી કે, તેણી બાંગ્લાદેશી નાગરીક છે અને તેણીને મોડેલીંગ ક્ષેત્રમાં જવુ હોય તેમના ફેસબુક ફ્રેન્ડ મહમંદ નઈમ શેખે એક એજન્ટનો કોન્ટેકટ કરી આપેલ હતો અને તેણીને તે ભારત લઈ આવેલો અને તેઓ મુંબઈ રેલ્વે સ્ટેશન પર ઉતરેલા ત્યાં તેણીને લેવા માટે મુનાવર હસન નામનો માણસ આવેલ અને મુનાવરહુસેન તેણીને તેમના ઓળખીતા સોનિયાના ઘરે લઈ આવેલ અને ત્યાં તેણી તા. ૨૨/૦૮/૨૦૨૩ થી ૨૯/૦૮/૨૦૨૩ સુધી રોકાયેલ હતી અને આ સમય દરમ્યાન સોનીયાએ તેણીને પુછેલ કે, તેણી અહી કેમ આવેલ છે જેથી તેણીએ જણાવેલ કે, તેણીને મોડેલીંગમાં કામ કરવુ હોય જેથી તેણી અહી આવેલ છે અને ત્યારબાદ સોનીયાના ઘરેથી વલસાડ ગયેલા ત્યાં રોકાયેલા અને તેઓ વલસાડ થી નીકળી રાત્રે ૧૦:૩૦ વાગે વડોદરા રેલ્વે સ્ટેશન આવેલા અને ત્યાં આ સોનીયાના ઓળખીતા સુનિલભાઈએ જણાવેલ તે સરનામાવાળી હોટલ ઉપર તેઓ ગયેલા હતા અને ત્યાં તા. ૦૧/૦૯/૨૦૨૩ ના રોજ સુનિલભાઈનાઓએ મોકલેલ ગ્રાહકે તેણી સાથે દુષ્કર્મ કરેલ અને બીજા દિવસે પણ તેણીની સાથે સુનિલભાઈએ મોકલેલ ગ્રાહકે દુષ્કર્મ કરેલ હતુ અને સુનિલભાઈ સાથે બોલાચાલી થતા તેણી તથા સોનિયા રાત્રે અમદાવાદ જવા નીકળેલ હતા અને તેઓ વડોદરા થી અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશન આવેલા અને ત્યાંથી તેઓ ઓટો રીક્ષા મારફતે શાહીવીલા નામની હોટલમાં રોકાયેલા હતા અને તેઓ બીજા દિવસે એટલે કે તા. ૦૩/૦૯/૨૦૨૩ ના રોજ હોટલ અમદાવાદ શાહીવીલા હોટલ થી બહાર નીકળી સોનિયાએ મુનાવરને ફોન કરી આગળ શું કરવાનું છે તે પુછેલ તેથી મુનાવર મારફતેનો એક વ્યક્તિ ઓટો રીક્ષા લઈ આવેલ અને તેણીને કયાંક લઈ ગયેલ અને ત્યાં એક વ્યક્તિએ તેણી સાથે ૩ વખત દુષ્કર્મ કરેલ હતુ અને ત્યારબાદ પરત શાહીવીલા હોટલમાં ઓટો રીક્ષા મારફતે મૂકી ગયેલ હતા અને તારીખ ૦૪/૦૯/૨૦૨૩ તથા તા.૦૫/૦૯/૨૦૨૩ તેઓ શાહી વીલા હોટલમાં આરામ કરેલ ત્યારબાદ રાત્રે તેઓ અને સોનીયાની મિત્ર હેતલબેન પટેલ કે જે વિધ્યાનગર રહે છે ત્યાં જવા નીકળેલ અને રાત્રે ૧૧:૩૦ વાગે તેઓ હેતલબેનના ઘરે પહોચેલા અને ત્યાં તેણીને શારીરીક ચાતના થતી હોય તેમજ ત્યાં તેણીનું મન લાગતુ ન હોય જેથી તેણીએ તેના ભાઇ સુમન પરવેઝ કે જે બાંગ્લાદેશમાં રહે છે તેને વ્હોટ્સએપ કોલ કરી તેણીને લઇ જવા જણાવેલ હતુ અને તેણીના ભાઇ સુમન પરવેઝે તેણીને જણાવેલ કે, તેનો મિત્ર નિલોય કે જે વડોદરામાં રહે છે અને મૂળ બાંગ્લાદેશનો

છે તેની જોડે વાત કર જેથી ઉપરોકત બાબત ભોગ બનનાર તેણીએ આ નિલોયને બનાવ હકીકત જણાવતા નિલોયે હેલ્પલાઈન ૧૮૧ ને જાણ કરેલ હતી.

(૨૭૮) ફરિયાદ પક્ષે આંક–૧૩૧ થી સાહેદ નં. ૦૯ તરીકે અભ્યમ મહિલા હેલ્પલાઈનના કાઉન્સીલર નાયક કૈલાસબેન શિવુભાઈને તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ અભ્યમ મહિલા હેલ્પલાઈનમાં કાઉન્સીલર તરીકે ફરજ બજાવે છે અને તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ તેઓ તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે રાતના સમયે ૧૨:૩૦ થી ૦૧:૦૦ વાગ્યાની વચ્ચે અમદાવાદ હેડ ઓફીસ થી ફોન આવેલ અને જણાવેલ કે એક દીકરીને રૂમમાં પુરી રાખેલ છે અને જેમને ત્યાંથી બીજા જીલ્લામાં લઇ જવા માંગે છે જેથી તેમને બચાવવા માટે મદદ કરો જેથી આ કામે થર્ડપાર્ટી કોલર કે જેણે ૧૮૧ ઉપર તેઓની હેડ ઓફીસ પર કોલ કરેલો તેઓ તેમના સંપર્કમાં હતા તે થર્ડપાર્ટી કોલરનું નામ હાલ તેમને યાદ નથી અને આ થર્ડપાર્ટી કોલર વડોદરાથી હતા અને તેઓ તેમની સાથેના સંપર્કથી એડ્રેસ ઉપર જ્યાં ભોગ બનનારને પુરી રાખેલી તે સ્થળ વિધ્યાનગર આત્મીય અમૃત સોસાયટીમાં આવેલ ફલેટમાં આવેલ હતુ અને ત્યાં સ્થળ ઉપર જતા તે ઘર બંધ હતુ તેનો દરવાજો ખખડાવતા કોઈએ ખોલેલ નહી જેથી બાજુનો દરવાજો ખખડાવતા તે ઘરમાંથી એક ફેમીલી બહાર આવેલ અને તેમણે આવી કોઇ છોકરી અમારા ઘરે આવેલ નથી તેવુ જણાવેલ જેથી તેમની બાજુનો દરવાજો ખખડાવતા એક લેડી બહાર નીકળેલ તેમણે પણ અહી કોઇ બાંગ્લાદેશી આવેલ નથી તેમ જણાવેલ જેથી વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં વર્ધી લખાવેલ અને પોલીસ બોલાવેલ અને ત્યારબાદ તેઓએ વિધ્યાનગર પોલીસને આ કેસ સોપી દીધેલ. તેઓએ વધુમાં જણાવેલ છે કે, વિધ્યાનગર પોલીસને વર્ધી લખાવતા જે ઘરે દરવાજો ખખડાવતા ફકત એક મહિલા નીકળેલી તે ઘરમાંથી એક ભોગ બનનાર મળી આવેલ અને તેથી તેઓએ તે ભોગ બનનારને વિધ્યાનગર પોલીસવાળા કે જ્યાં તેઓ આવી ગયેલા હતા તેમની સાથે વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં જઇ ત્યાં સોંપી દીધેલ અને ત્યારબાદ આગળની કાર્યવાહી વિધ્યાનગર પોલીસ સ્ટેશન વાળાએ કરેલી અને મળી આવેલ દીકરી ગભરાયેલી હતી તેથી તે દીકરીને લઇને પોલીસ જોડે વિધ્યાનગર પોલીસ સ્ટેશને ગયેલા અને આ ભોગ બનનાર દીકરી અંગ્રેજી કે ગુજરાતી ભાષા જાણતી ન હતી તેથી તેઓને તેણી સાથે કોઇ વાતચીત થયેલી નહી અને આ ભોગ બનનારનું નામ તેઓને

જાણવા મળેલ અને આ ભોગ બનનાર દીકરી કેવી રીતે આવેલી તેની તેઓને ખબર નથી પરંતુ તે મોડેલીંગ કરવા અહીં આવેલી તે તેઓએ જાણેલ અને જે ઘરમાંથી આ ભોગ બનનાર મળી આવેલ તે ઘર કોનું હતુ તેની તેઓએ પૂછપરછ કરેલી પણ તેનું નામ તેઓને જણાવેલ નહી. તેઓએ વધુમાં જણાવેલ છે કે, આ સમગ્ર કાર્યવાહી બાબતે PCR ફોર્મ ભરેલ તે તેઓની હેડ ઓફીસે મોકલાવેલ. આ સાહેદે તેમની જુબાની દરમ્યાન આંક–૧૩૩ થી રજુ અસલ PCR ફોર્મ નં. ૫૩૭૮૭ રજુ કરેલ છે અને તેની પાછળના ભાગે તેમના હસ્તાક્ષર હોવાનું અને તેમાં કાઉન્સીલરની સહી તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.ભોગ બનનારની ભાષા તેઓ સમજી શકતા ન હતા અને ભોગ બનનારની સાથે તેણીને લાવેલ સ્ત્રી પણ હતી.

(૨૭૯) આમ, ફરિયાદીના ઉપરોક્ત મુજબના મૌખિક પુરાવા તેમજ ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈન, આણંદ ટીમના કૈલાસબેન શીવભાઈ નાયકના ઉપરોક્ત મુજબના મૌખિક પુરાવાના આધારે એ હકીકત સ્થાપિત થાય છે કે, આ કામના ભોગ બનનાર વિધ્યાનગર ખાતે રહેતા અને તેમને ત્યાં પુરી રાખેલ હોવાની જાણ અભયમ ૧૮૧ હેડ ઓફીસમાં ભોગ બનનારના ભાઈ સુમોનના મિત્ર નિલોયે કરેલી અને તેના આધારે ૧૮૧ અભયમ ટીમ દ્વારા વિધ્યાનગર પોલીસની મદદથી ભોગ બનનારને વિધ્યાનગર આત્મીય અમૃત સોસાયટીના ફ્લેટમાંથી બહાર કાઢી વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવેલ.

(૨૮૦) ફરિયાદ પક્ષના આ સાહેદ કૈલાસબેન શીવુભાઈ નાયકની આરોપી પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ રજુ કરેલ PCR ફોર્મમા W.I.D. ની ડીટેઈલમાં ભોગ બનનારની ડીટેઈલ આવે અને તેઓએ ભોગ બનનારને જે વિગતો પૂછેલી અને તેણીએ જે જવાબ આપેલા તે વિગતો ભરેલી. તેઓએ જણાવેલ છે કે, ભોગ બનનારે જે કોઇ વિગતો જણાવેલી તે ભાષા તેઓને સમજાયેલી નહી અને W.I.D. ની ડીટેઈલમાં જે કોન્ટેકટ નંબર આપેલ છે તે કોન્ટેકટ નંબર જે નંબર ઉપરથી તેઓને ફોન આવેલ તે નંબર અને ભોગ બનનારે આપેલ તે નંબર લખેલો છે. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે જે નંબર આપેલો તે નંબર ચાલુ હતો અને તેઓને ભોગ બનનારે આપેલ તે નંબર ઉપરથી તેણીનું લોકેશન ટ્રેક કરેલ. આ સાહેદને તેઓની જુબાની દરમ્યાન સવાલ પુછવામાં આવેલ છે કે, આંક–

૧૩૩ માં જે વિગતો ભરેલી છે તે સાચી અને ખરી ભરેલી છે. જેના જવાબમાં જણાવેલ છે કે, જે વિગતો તેઓને જણાવેલ તે વિગત ભરેલી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર તેઓની ભાષા સમજતા ન હતા તેમજ તેઓ પણ ભોગ બનનારની ભાષા સમજતા ન હતા. આ સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, ભોગ બનનારને તમે જે જગ્યા ઉપરથી લીધા અને વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં સોપ્યા તે દરમ્યાન તેણીની ભાષા તમને સમજ પડેલ નહી. જેના જવાબમાં જણાવેલ છે કે, તેણીની સાથે એક બહેન હતા જે ગુજરાતી ભાષા સમજતા હતા તેમણે પૂછીને જે વિગતો જણાવેલી તે લખેલી.

(૨૮૧) આ ૧૮૧ અભયમ ટીમના ફરિયાદ પક્ષ તરફે તપાસવામા આવેલ સાહેદના મૌખિક પુરાવાથી ભોગ બનનારને કોઈએ ગોંધી રાખેલ હોય કે હાલના આરોપીઓ પૈકી કોઈ તેમા સંકળાયેલા હોય અને ભોગ બનનાર સાથે કોઈ ગુન્હાહીત કૃત્ય થયેલ હોય તેવી હકીકત સ્પષ્ટ થતી નથી. આ સાહેદના પુરાવાના આધારે ફરિયાદ પક્ષના પાયાની હકીકત કે ભોગ બનનારે વિધ્યાનગર ખાતેથી વિધ્યાનગર પોલીસ સ્ટેશનની હદમાંથી ૧૮૧ અભયમ ટીમ દ્વારા શોધી વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવેલ હોવાની હકીકત સ્થાપિત થાય છે.

(૨૮૨) આ તબક્કે એ હકીકત નોંધવી અનિવાર્ય જણાય છે કે, આરોપી પક્ષ તરફે વિદ્વાન વકિલશ્રીઓ દ્વારા તેમની મૌખિક અને લેખિત રજુઆતોમાં વિધ્યાનગર પોલીસ સ્ટેશનની હકુમતમાં કોઈ ગુન્હો બનેલ ન હોય તેવી રજુઆત કરવામાં આવેલ છે અને આ રજુઆત અંતર્ગત ફરિયાદ પક્ષના સાહેદોને ઉલટ તપાસમાં સવાલ પણ પુછવામાં આવેલા છે. આરોપી પક્ષ તરફે પોલીસ સાહેદોને એફ.આઈ.આર. ના કોલમ નં. ૦૫ ની વિગત દર્શાવી તેના પેટા કોલમ (ક) માં બનાવનું સ્થળ ૩૭ કિ.મી. દુર વડોદરા ખાતે દર્શાવેલ હોવા બાબતે ઉલટ તપાસમાં સવાલ પુછવામાં આવેલા છે અને તે સવાલોનો પોલીસ સાહેદોએ હકારાત્મક જવાબ આપી મોધમ અને અસ્પષ્ટ હકીકત જણાવેલ છે કે, વિધ્યાનગર પોલીસ સ્ટેશનની હદમાં દુષ્કર્મનો કોઈ બનાવ બનેલ નથી. આમ, આરોપી પક્ષ તરફે હકુમત બાબતે વિવાદ ઉપસ્થિત કરાયેલ હોવાનું જણાય છે. આ રજુઆત અનુસંધાને હાથ ઉપરના કેસનું રેકર્ડ ધ્યાને લેતા જણાય છે કે, તમામ આરોપીઓ તરફે આંક–૩૧ થી અરજી રજુ કરી અત્રેની અદાલતને આ કેસ

ચલાવવા હકુમત ન હોય આરોપીઓને બિન તહોમત મુક્ત કરવા દાદ માંગવામાં આવેલી. જે અરજી મારા વિદ્વાન પુરોગામી ન્યાયાધીશ શ્રી દ્વારા ઉભય પક્ષકારોને સુનવણીની યોગ્ય અને પુરતી તક આપી હકીકતો અને કાયદાની જોગવાઈઓ ધ્યાને લઈ નામંજુર કરવામાં આવેલ અને સદર આંક–૩૧ ના હુકમને આરોપીઓ તરફે નામદાર ઉચ્ચ અદાલત સમક્ષ પડકારવામાં આવેલ અને નામદાર ઉચ્ચ અદાલત દ્વારા અત્રેની અદાલતનો આંક–૩૧ ની અરજીનો હુકમ યોગ્ય ઠરાવી બહાલ કરવામાં આવેલ છે અને નામદાર ઉચ્ચ અદાલતના આંક–૩૧ ના હુકમને બહાલી આપતો હુકમ આરોપીઓ દ્વારા નામદાર સર્વોચ્ચ અદાલતમાં પકડારવામાં આવેલ નથી અને તે રીતે અત્રેની અદાલતનો મારા વિદ્વાન પુરોગામી ન્યાયાધીશ શ્રી નો અત્રેની અદાલતને આ કેસ ચલાવવા હકુમત હોવાનું ઠરાવતો આંક–૩૧ ની અરજી લગતનો હુકમ અસ્તિત્વમાં રહેલ હોય તેથી આ તબક્કે આ અદાલતના નમ્ર મંત્વય અનુસાર આરોપી પક્ષ હકુમતના મુદ્દા બાબતે કોઈ રજુઆત કે બચાવ કરવા હકદાર રહેલા નથી.

(૨૮૩) ફરિયાદ પક્ષના પુરાવાના આધારે એવી હકીકત જણાય છે કે, ૧૮૧ અભયમ ટીમને ફરિયાદ પક્ષ તરફે આંક–૧૩૫ થી સાહેદ નં. ૧૦ તરીકે તપાસાયેલ નિલોય નારાયણપ્રસાદ ડેયએ જાણ કરેલી. આ સાહેદ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૪ અથવા ૫ સપ્ટેમ્બરના રોજ રાત્રે આશરે ૧૦:૩૦ કલાકે તેઓના ઉપર સુમનભાઇ(Sumon) નામના વ્યક્તિનો ફોન આવેલો અને આ ફોન બાંગ્લાદેશ થી આવેલો અને આ સુમનભાઇ (Sumon) એમ.એસ.યુનિવર્સીટીમાં સને ૨૦૨૦ થી ૨૦૨૨ ના વર્ષમાં પોલીટીકલ સાયન્સ વિષયમાં માસ્ટર્સનો અભ્યાસ કરતા હતા અને તેઓએ તેમને ફોન પર જણાવેલ કે એક છોકરી હાલ આણંદમાં છે તેના વિશે નઈમ નામના છોકરાએ આ સુમોનને ફોન કરેલ હતો અને જણાવેલ હતુ કે ભોગ બનનાર ગુજરાતમાં છે અને તે જે ઘરમાં છે તે ઘરમાં તેણીને બંધ કરીને રાખવામાં આવી છે તેણીની પાસે એક ફોન છે જેનાથી તે કોન્ટેકટ કરી શકે છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, સુમોનભાઈએ પહેલા ભોગ બનનાર સાથે વાત કરેલી અને ત્યારબાદ સુમોનભાઈએ તેઓને જણાવેલ કે, ભોગ બનનાર ક્યાં છે તેનું લોકેશન ભોગ બનનારે સુમોનને આપેલ છે અને સુમોનભાઈએ તેઓને તે કોન્ટેકટ નંબર આપેલો અને તેઓને વાત કરવા માટે જણાવેલ અને તે ક્યા છે તે જાણી તેનું લાઇવ લોકેશન મેળવવા જણાવેલ તેથી તેઓએ તે કોન્ટેકટ નંબર ઉપર ભોગ બનનાર સાથે વ્હોટ્સએપ મેસેજ થી વાત

કરેલ અને ભોગ બનનારને હીન્દી આવડતુ ન હતુ તેથી તેઓએ ભોગ બનનારને બાંગ્લા ભાષામાં લાઇવ લોકેશન કેવી રીતે મોકલવુ તે સમજાવેલ ત્યારબાદ ભોગ બનનારે તેઓને તેણીનું લાઇવ લોકેશન મોકલાવેલ ત્યારે તેઓની સાથે બીજા બે મિત્રો પણ હતા તેથી તેઓએ નકકી કરેલ કે ફીમેલ રેસક્યૂ નંબર છે તે નંબર આજે તેઓને યાદ નથી તે નંબર ઉપર તેઓએ કોલ કરેલો અને છોકરી જ્યાં છે ત્યાં તેને બળજબરીથી રાખવામાં આવેલ છે તે વિશેની માહિતિ આપેલી તેથી ફીમેલ રેસક્યૂ સેન્ટર વાળા ત્યાં લોકેશન ઉપર ગયેલા અને ૫–૧૦ મિનિટના સમયમાં ભોગ બનનારને રેસક્યૂ કરેલી અને તેઓને તેની જાણ કરેલી અને તેઓને ભોગ બનનારનું શું કરીએ તેવુ પુછતા તેઓએ તેણીને વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં લઇ જવા જણાવેલ ત્યારબાદ એક થી દોઢ કલાક પછી તેઓ અને તેમના મિત્રો આણંદ વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં ગયા અને ત્યાં પોલીસવાળાએ તેઓ ભોગ બનનારને કેવી રીતે ઓળખે છે તેવી પૂછપરછ કરેલી તો તેઓએ તેમનો પાસપોર્ટ અને વિઝા પોલીસવાળાને બતાવેલા અને પોલીસવાળાએ તેઓને ભોગ બનનારનું શું કરીએ રેસક્યૂ કરેલી છે તમે લઇ શકો છો તેવુ કહેતા ભોગ બનનાર પાસે કોઇ પાસપોર્ટ કે વિઝા ન હતા તેથી તેઓ તેણીને તેમની સાથે લઇ જઇ શકે તેમ નથી તેમ જણાવેલ. ત્યારબાદ ૧૦:૦૦ વાગ્યાની આસપાસ વિધ્યાનગર પોલીસ સ્ટેશનથી તેઓ ઉપર ફોન આવેલો અને તેઓએ તેમની સામાન્ય પુછપરછ કરેલી અને વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં તેઓ પહોંચેલ ત્યારે તેઓની ભોગ બનનાર સાથે વાતચીત થયેલી ત્યારે તેઓએ ભોગ બનનારને પૂછેલ કે તેણી કેવી રીતે આવેલ છે તો તેણીએ તેઓને જણાવેલ કે તેને મોડેલીંગ માટે અને ફરવા માટે કોઇ ના સંપર્કમા આવતા તે તેણીને અહીં લઇ આવેલ છે તો તેઓએ તેણીને પૂછેલ કે તેની સાથે બીજુ કોઇ હતુ તો તેણીએ તેઓને જણાવેલ કે તેની સાથે બીજી પણ એક છોકરી હતી જે મુંબઇ થી તેનાથી અલગ થઇ ગયેલ છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, તેઓએ ભોગ બનનારને કયાં ક્યાં ગયેલ છે? તેવુ પૂછેલ તો તેણીને કોઇ નામ યાદ ન હતા અને તેણીએ કલકત્તા, મુંબઇ, અમદાવાદના નામો જણાવેલા અને તેઓએ ભોગ બનનારને ટેલીફોનીક વાત સુમોનભાઇ સાથે કરાવેલ અને તેઓએ ભોગ બનનારને તેણીની સાથે શું થયેલ છે તેવુ પૂછેલ તો ભોગ બનનારે તેઓને જણાવેલ કે તેણી અમદાવાદમાં કોઇ હોટલમાં રોકાયેલ હતી અને તેણીની સાથે એક છોકરી હતી અને તેણે ભોગ બનનાર પાસે સેક્સવર્ક કરાવેલ. આ સાહેદ નિલોયના પુરાવાના મુલ્યાંકન આધારે એવુ જણાય છે કે, તેને સુમોન નામના વ્યક્તિએ માત્ર ભોગ બનનાર ગુજરાતમાં આણંદના એક

ઘરમાં રહેલ છે તેવુ જણાવેલ અને સુમોને ભોગ બનનાર સાથે બનેલ કોઈ બનાવની હકીકત જણાવેલ નહી તેવી જ રીતે જ્યારે ભોગ બનનારે નિલોયને મદદ માટે કહેલ ત્યારે પણ ભોગ બનનારે આ કામે રહેલ આક્ષેપિત બનાવ અંગે કોઈ હકીકત જણાવેલ નહી.

(૨૮૪) આ સાહેદ નિલોયનો પુરાવો ફરિયાદ પક્ષને ફક્ત ભોગ બનનારને તેમના કોલના આધારે વિધ્યાનગર ખાતેથી એક ફ્લેટમાંથી બહાર કાઢી વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવેલ હોવા પુરતો જ મદદરૂપ થાય છે તેના સિવાય અન્ય આક્ષેપિત ગુન્હાના તહોમતની સાબિતી માટે નહી. આ સાહેદના પુરાવાના આધારે ભોગ બનનારે તેમને કોઈ લાલચ કે ધમકી આપી બાંગ્લાદેશ ખાતેથી અપહરણ કરી લાવેલ હોય અને કોઈ ચોક્કસ આરોપીએ કોઈ ચોક્કસ જગ્યાએ ગોંધી રાખેલ હોય કે કોઈ ચોક્કસ આરોપીએ નાણાના બદલામાં તેની પાસે દેહ વ્યાપાર કરાવેલ હોય કે કોઈ ચોક્કસ આરોપીઓએ કોઈ ચોક્કસ જગ્યાએ ભોગ બનનાર સાથે દુષ્કર્મ આચરેલ હોય તેવી હકીકત જણાવેલ ન હોવાનું સ્પષ્ટ થાય છે. ઉપરાંતમાં આ સાહેદનો મૌખિક પુરાવો કથોપકથિત સ્વરૂપનો રહેલો છે અને જ્યારે ખુદ ભોગ બનનારનો મૌખિક પુરાવો વિશ્વસનીયતાની કસોટીમાંથી પસાર થઈ શકેલ નથી ત્યારે આ સાહેદના કથોપકથિત પુરાવાના આધારે ફરિયાદ પક્ષના કેસને કોઈ વિશ્વસનીય સમર્થન મળતુ હોવાનું જણાતુ નથી.

(૨૮૫) ઉપરોક્ત હકીકતે ભોગ બનનાર સાહેદની ૧૮૧ અભયમ મહીલા હેલ્પ લાઈન ટીમ દ્વારા વિધ્યાનગર આત્મીમ અમૃત સોસાયટીના ફ્લેટમાંથી વિધ્યાનગર પોલીસ સ્ટેશને લઈ જવામાં આવેલ અને ત્યારબાદ વિધ્યાનગર પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી જી.એસ.ગઢવી દ્વારા તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ ભોગ બનનારની પુછપરછ કરી નિવેદન લેવામાં આવેલ અને ત્યારબાદ તેમના દ્વારા જાણવા જોગ જાહેરાત આપવામાં આવેલ અને તેઓએ જાતે તેની તપાસ હાથ ધરી તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ આ ગુન્હાની ફરિયાદ આપેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

(૨૮૬) ફરિયાદી દ્વારા આપવામાં આવેલ ફરિયાદ વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.ઓ. ના ચાર્જમાં રહેલ વિનોદભાઈ મુળજીભાઈ દ્વારા વિધ્યાનગર પોલીસ

સ્ટેશન ખાતે નોંધી હાલનો ગુન્હો દાખલ કરવામાં આવેલ. આ ફરિયાદ નોંધનાર પી.એસ.ઓ. વિનોદભાઈ મુળજીભાઈને ફરિયાદ પક્ષે આંક–૨૩૯ થી સાહેદ નં. ૧૭ તરીકે તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ તેઓ વિધ્યાનગર પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ ના ચાર્જમાં હતા ત્યારે ફરીયાદી શ્રી જી.એસ.ગઢવી પો.સ.ઇ. શ્રી વિધ્યાનગરનાઓની પી.આઈ. શ્રી ડી.આર.ગોહીલ રૂબરૂની ફરીયાદ તેઓ તરફ ગુન્હો રજીસ્ટર થવા સારૂ આવતા તે ફરીયાદના આધારે વિધ્યાનગર પોલીસ સ્ટેશનના ગુન્હા રજીસ્ટર નં. ૧૧૨૧૫૦૩૭૨૩૦૫૫૫/૨૦૨૩ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૦એ, ૩૭૬, ૩૭૨, ૧૨૦બી તથા પોકસોની કલમ ૩(એ), ૪, ૫(એલ), ૬ તથા ઇમમોરલ ટ્રાફીકી (પ્રિવેન્શન) એકટની કલમ ૫(૧)(ડી)(૨) મુજબનો ગુન્હો દાખલ કરેલ અને તે ગુન્હા અંગે પોલીસ સ્ટેશનની સ્ટેશન ડાયરીમાં ટુંકી નોંધ કરેલ તેમજ એફ.આઇ.આર. મુદ્દત સમયમાં નામદાર કોર્ટમાં મોકલી આપેલ તેમજ આ ગુન્હા બાબતે સૂચિપત્ર તૈયાર કરેલ અને આગળની તપાસ પી.આઇ શ્રી એલ.બી.ડાભી, એસ.ઓ.જી, આણંદનાઓ તરફ મોકલી આપેલ હતી.

(૨૮૭) આ પોલીસ સાહેદે તેમની ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, આંક–૨૪૧ થી રજુ કરેલ સ્ટેશન ડાયરીના પાના નં. ૦૨ અને ૦૩ માં પી.એસ.ઓ. તરીકે તેઓની ડ્યૂટી શરૂ થયા અંગેની કોઇ નોંધ રહેલ નથી. તેઓએ એ હકીકત પણ સ્વીકારેલ છે કે, તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ હાલનો ગુન્હો નોંધવા માટે તેઓને કોઇ લેખિત હુકમ મળેલ નહી અને તેઓએ હાલનો ૧૧૨૧૫૦૩૭૨૩૦૫૫૫/૨૦૨૩ નો નોંધી આગળની તપાસ કોઇને સોંપતો લેખિત હુકમ કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, કોઇપણ કોગ્નીઝેબલ ગુન્હો સ્ટેશન ડાયરીમાં નોંધી તે ગુન્હાની આગળની તપાસ પી.એસ.ઓ. એ જ જે તે અધિકારીને હુકમથી સોંપવાની હોય છે. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, આ ગુન્હાના કામે આવો કોઇ તપાસ સોંપવાનો હુકમ નહી કરવા અંગે કોઇ ખુલાસો ખરો? જવાબમાં જણાવેલ છે કે, ના. આ પી.એસ.ઓ. તરીકે ફરિયાદ નોંધનાર પોલીસ સાહદેના પુરાવાના આધારે એ હકીકત સ્પષ્ટ થાય છે કે, ફરિયાદી કે થાણા અમલદાર દ્વારા પી.એસ.ઓ. ને આ ગુન્હાની ફરિયાદ નોંધવા કોઈ લેખિત આદેશ કરવામાં આવેલ નહી અને આવા લેખિત આદેશ વિના પી.એસ.ઓ. એ આંક–૧૯૫ વાળી ફરિયાદ નોંધી લીધેલ અને ફરિયાદ નોંધ્યા બાદ પી.એસ.ઓ. એ

કોઈ લેખિત હુકમ કે તપાસ સોંપ્યાના લેખિત આદેશ કર્યા વિના એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એલ.બી.ડાભી તરફ ફરિયાદ તપાસ માટે મોકલી આપેલ. આ પી.એસ.ઓ. સાહેદ તેમની જુબાની દરમ્યાન તેઓએ લેખિત હુકમ વિના ફરિયાદ નોંધ્યા અંગે તેમજ લેખિત હુકમ કર્યા વિના તપાસ સોંપવા અંગે કોઈ ખુલાસો કરવામાં સમર્થ રહેલ નથી._

(૨૮૮) આરોપી પક્ષ તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ભોગ બનનારને તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવેલા અને તે જ દિવસે તેમની પુછપરછ કરવામાં આવેલ અને તે જ દિવસે પી.એસ.આઈ. શ્રી ગઢવીએ જાણવા જોગની જાહેરાત આપેલ અને ત્યારબાદ તેઓએ જાણવા જોગની તપાસ કરેલ અને તા. ૦૬/૦૯/૨૦૨૩ થી તા. ૧૩/૦૯/૨૦૨૩ સુધી ભોગ બનનાર વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે રહેલ હોવા છતાં આ ગુન્હાની ફરિયાદ વિલંબથી તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ આપવામાં આવેલ છે.

(૨૮૯) ફરિયાદી શ્રી ગઢવીના પુરાવાના આધારે એ હકીકત સ્પષ્ટ થાય છે કે, ભોગ બનનાર તા. ૦૬/૦૯/૨૦૨૩ થી તા. ૧૩/૦૯/૨૦૨૩ સુધી વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે જ રહેલા અને તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ ફરિયાદ શ્રી ગઢવી દ્વારા લેવામાં આવેલ નિવેદન દરમ્યાન જ આ ગુન્હાના કામે રહેલ હકીકત ફરિયાદીના ધ્યાન ઉપર આવેલી. આ ફરિયાદ નોંધનાર પી.એસ.ઓ. વિનોદભાઈ મુળજીભાઈએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તા. ૦૬/૦૯/૨૦૨૩ થી આ ગુન્હાની નોંધ તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ કરેલ તે સમય દરમ્યાન ભોગ બનનાર બાંગ્લાદેશની છોકરી વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે જ હતી અને આ ભોગ બનનારની રહેવાની, જમવાની બધી વ્યવસ્થા પોલીસ સ્ટેશનમાં જ કરવામાં આવેલી. તેઓએ સ્વીકારેલ છે કે, આ સમય દરમ્યાન જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓ ભોગ બનનારની પૂછપરછ કરવા માટે પોલીસ સ્ટેશને આવેલા અને આ ભોગ બનનારની પુછપરછ કરવા માટે સ્ટેટ ઈન્ટેલીજન્સ, સી.આઇ.ડી,આઇ.બી, કસ્ટમના અધિકારીઓ પણ પોલીસ સ્ટેશને આવેલા. આમ, ભોગ બનનારની અવારનવાર પુછપરછ થયેલી અને તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ ભોગ બનનારનું નિવેદન લેવામાં આવેલ અને ફરિયાદી સમક્ષ જાહેર થયેલ હકીકત મુજબ કોઈ પોલીસ અધિકારનો ગુન્હો બનતો હોવાનું જાહેર

થયેલ હોવા છતાં આ ગુન્હાની ફરિયાદ તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ આપવામાં આવેલ હોવાનું પ્રથમ દર્શનિય રીતે જણાય છે.

(૨૯૦) આરોપી પક્ષ તરફેની આ રજુઆત અન્વયે રેકર્ડ પરના પુરાવાઓ કાળજીપુર્વક ધ્યાને લેવા જરૂરી જણાય છે. આ કામના ફરિયાદી શ્રી જી.એસ.ગઢવી ધ્વારા આ કામની ફરિયાદ આપતા પહેલા તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ જાણવા જોગ દાખલ કરવામાં આવેલ હોવાની હકીકત પણ સ્પષ્ટ થાય છે. ફરિયાદી ધ્વારા ઉપરોકત રીતે જણાવાયેલ હકીકતો સ્પષ્ટપણે ભોગ બનનાર સાથે કોઇ પોલીસ અધિકારનો ગુન્હો બનતો હોવાની હકીકતો દર્શાવતી રહેલ હોવા છતા પી.એસ.આઇ. શ્રી ગઢવીએ તેવા કોઇ ગુન્હાની ફરિયાદ તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ જાતે આપેલ નથી કે તે બાબતે ભોગ બનનારની કોઇ ફરિયાદ લીધેલ નથી. ફરિયાદીના પુરાવાના આધારે તેઓએ ફરિયાદના બદલે જાણવા જોગ દાખલ કરવા બાબતે કોઇ વ્યાજબી ખુલાસો રેકર્ડ ઉપર આવેલ નથી. ફરિયાદી તેમની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, ભોગ બનનાર તથા સાથે આવેલ મહીલાના નામ સરનામા અંગેના કોઇ પુરાવા ન હોય જેથી આ કામે તેઓએ જાણવા જોગ લીધેલ. ફરિયાદી ધ્વારા જણાવાયેલ આ હકીકતને કોઇ કાયદાકીય પીઠબળ મળી શકે નહીં.

(૨૯૧) આરોપી પક્ષ તરફેની ઉલટ તપાસમાં ફરિયાદી શ્રી ગઢવીએ સ્વીકારેલ છે કે, જાણવા જોગમાં જે જાહેરાત થયેલ હોય તે હકીકત સમગ્ર જીલ્લાના દરેક પોલીસ સ્ટેશનમાં મોકલવાની હોય છે. ફરિયાદીને તેમની જુબાની દરમ્યાન આંક–૧૯૩ થી રજુ થયેલ જાહેરાતનું સૂચિપત્ર બતાવવામાં આવેલ, જે વાંચીને તેઓએ સ્વીકારેલ છે કે, તેમા ભોગ બનનાર ગેરકાયદેસર રીતે આવેલ હોવા પુરતી જ હકીકત જણાવેલ છે. ફરિયાદીએ તેમની ઉલટ તપાસમાં એ હકીકત પણ સ્વીકારેલ છે કે, તા.૧૦/૦૯/૨૦૨૩ ના રોજ ભોગ બનનારના ડીપોર્ટેશન કરવા અને આગળની કાર્યવાહી કરવા માટે તેઓએ પોલીસ અધિક્ષક શ્રીને પત્ર લખેલો અને તા.૧૦/૦૯/૨૦૨૩ ના રોજ તેઓએ પોલીસ અધિક્ષક શ્રીને આ પત્ર લખેલ ત્યાં સુધીમાં કોઇ કોગ્નીઝેબલ ગુન્હાની હકીકત જાહેર થયેલ નહી.

(૨૯૨) ફરિયાદીના પુરાવાનું સુક્ષ્મતાપુર્વક મુલ્યાંકન કરતા જણાય છે કે,

આરોપી પક્ષ તરફે ફરિયાદીને સવાલ પુછવામાં આવેલ છે કે, તમે તમારી અગાઉની સર તપાસ અને ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તા.૧૧/૯/૨૦૨૩ સુધીમાં કોઇ કોગ્નીઝેબલ ગુન્હાની હકીકત જાહેર થયેલ નહી અને ત્યારબાદ તમે ગુન્હાની વિશેષ તપાસ કરેલ નથી અને ત્યારબાદ તા.૧૩/૯/૨૦૨૩ ના રોજ કોગ્નીઝેબલ ગુન્હો બનતો હોવાની ફરીયાદ આપેલ છે, આ બાબતે તમે કોઇ ખુલાસો કરવા માંગો છો? જેના જવાબમાં જણાવેલ છે કે, તેઓએ જાણવા જોગની તપાસના આધારે ફરીયાદ આપેલ છે. ફરિયાદી દ્વારા જણાવાયેલ આ હકીકત ફરિયાદી દ્વારા પ્રથમથી જ જાણાવા જોગની તપાસમાં ઉણપ દાખવેલ હોવાનું દર્શાવે છે. ફરિયાદીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, જાણવા જોગ તપાસના કામે તેઓએ તા.૧૧/૦૯/૨૦૨૩ ના રોજ આ ગુન્હાના આરોપી સોનિયાનું નિવેદન લીધેલ અને ત્યારબાદ તેમના સબંધી અજયકુમાર નેગીના નામ સરનામા, મોબાઇલ નંબર તથા પાસપોર્ટ અને આધારકાર્ડની વિગતો મેળવી સોનિયાને જવા દીધેલ અને એ નિવેદનમાં તેઓએ આરોપી સોનિયા તથા તેમના સબંધીની સહીઓ તેઓના રૂબરૂ મેળવેલી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓની જાણવા જોગ તપાસના કાગળોના આધારે કોગ્નીઝેબલ ગુન્હો બનતો હોય એવી કોઇ હકીકત ખુલેલ નહી. ફરિયાદીને સવાલ પુછવામાં આવેલ છે કે, આપના જાણવા જોગ તપાસના સમગ્ર પેપર્સ જોઇ જણાવો કે ક્યા આધારે કોગ્નીઝેબલ ગુન્હો બનતો હોવાનું જાહેર થયેલ? જેના જવાબમાં જણાવેલ છે કે, તેઓના રૂબરૂના પ્રોબેશન ઓફીસરની હાજરીમાં લેવાયેલ ભોગ બનનારના નિવેદન તથા આંક–૧૯૧ વાળા ૭ સભ્યોના ઇન્ટ્રોગેશન રીપોર્ટના આધારે. ફરિયાદીને સવાલ પુછવામાં આવેલ છે કે, ભોગ બનનારનું આપના રૂબરૂનું નિવેદન તા.૦૬/૦૯/૨૦૨૩ ના રોજનું છે અને આંક–૧૯૧ વાળો રીપોર્ટ તા.૦૯/૦૯/૨૦૨૩ ના રોજનો છે તેમ છતાં આપના દ્વારા તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ ફરીયાદ આપવામાં આવેલી તે વિલંબ અંગે કોઇ ખુલાસો કરવા માંગો છો? જેના જવાબમાં જણાવેલ છે કે, તે વિલંબ ક્યા કારણે થયેલ તે હાલમાં ચોક્કસ ખ્યાલ નથી.

(૨૯૩) આમ, ફરિયાદી શ્રી ગઢવીના ઉપરોક્ત મુજબના મૌખિક પુરાવાના આધારે એ હકીકત સ્પષ્ટ થાય છે કે, ભોગ બનનારને ૧૮૧ અભયમ ટીમ દ્વારા વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ લાવવામાં આવેલ તે દિવસે ભોગ બનનારની સૌપ્રથમ પુછપરછ તેઓએ કરેલી અને ભોગ બનનારનું

નિવેદન લીધેલ અને ત્યારબાદ જાણવા જોગની જાહેરાત આપી જાણવા જોગની તપાસ હાથ ધરેલ. પરંતુ ફરિયાદી જેના આધારે ફરિયાદ આપેલ હોવાનું જણાવે છે તે ભોગ બનનારનું સૌપ્રથમ નિવેદન તેમના દ્વારા તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજનું રહેલ છે અને તે મુજબ તેઓએ આંક–૧૮૭ વાળી જાહેરાત આપેલી અને ત્યારબાદ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગના અધિકારીઓ દ્વારા ભોગ બનનારની સંયુક્ત પુછપરછ હાથ ધરવામાં આવેલ અને તેમાં ફરિયાદી પણ એક સભ્ય રહેલ અને તેવી પુછપરછ તા. ૦૯/૦૯/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ અને તે જ દિવસે તેવી પુછપરછનો આંક–૧૯૧ વાળો જોઈન્ટ ઈન્ટ્રોગેશન રીપોર્ટ તૈયાર થયેલો. તેમ છતાં ફરિયાદી દ્વારા તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ કે તા. ૦૯/૦૯/૨૦૨૩ ના રોજ આ ગુન્હા સબંધે કોઈ ફરિયાદ આપવામાં આવેલ નથી. મહત્વની રીતે ફરિયાદીએ તેમની ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, તા. ૧૧/૦૯/૨૦૨૩ ના રોજ તેઓએ સોનીયાનું નિવેદન લઈ તેણીને જવા દીધેલ અને તા. ૧૧/૦૯/૨૦૨૩ સુધી આરોપી સોનીયા વિરુધ્ધ કોઈ કોગ્નીઝેબલ ગુન્હાની હકીકત જાહેર થયેલ નહી તેમજ તા. ૧૧/૦૯/૨૦૨૩ થી તા. ૧૩/૦૯/૨૦૨૩ દરમ્યાન તેઓએ કોઈ વિશેષ તપાસ કરેલ નહી. આમ, ફરિયાદી કે જેઓ ખુદ જાણવા જોગના તપાસ કરનાર અધિકારી રહેલ હોવા છતાં તેઓએ તા. ૧૧/૦૯/૨૦૨૩ ના રોજ પણ આ ગુન્હા સબંધે કોઈ ફરિયાદ આપેલ નથી. ફરિયાદી ફરિયાદ આપવામાં થયેલ વિલંબ અંગે કોઈ યોગ્ય ખુલાસો તેમની સોગંદ ઉપરની જુબાની દરમ્યાન પણ કરી શકવા સમર્થ જણાયેલ નથી. ખુબ જ મહત્વની રીતે ફરિયાદીને ઉપરોક્ત મુજબની હકીકતો અનુસંધાને ફરિયાદમાં વિલંબ ક્યા કારણે થયેલ તે જણાવી શકો કે નહી તે બાબતે સ્પષ્ટ સવાલ ઉલટ તપાસ દરમ્યાન પુછવામાં આવેલ અને ફરિયાદીએ તે વિલંબ ક્યા કારણે થયેલ તે હાલમાં તેમને ચોક્કસ ખ્યાલ નથી તેવો બેજવાબદાર જવાબ આપી આરોપી પક્ષની રજુઆત કે ફરિયાદ આપવામાં વિલંબ થયેલ છે તેને અનુમોદન આપેલ છે.

(૨૯૪) આરોપી નં. ૦૧ તરફે વિદ્વાન ચીફ ડિફેન્સ કાઉન્સીલ શ્રી એન.વી.પટેલે તેમની રજુઆત કે, ફરિયાદ ફરિયાદી દ્વારા કોઈપણ યોગ્ય કારણ વિના વિલંબથી ફરિયાદ આપવામાં આવેલ છે અને ફરિયાદ મોડી કરવા માટે તેમની જુબાનીમાં કોઈ ખુલાસો પણ કરેલ નથી, તેના સમર્થનમાં નામદાર રાજસ્થાન હાઈકોર્ટના **Lajendra Singh @ Lali S/o Sh. Boga Singh Vs. State Through PP**

ના કેસનો ચુકાદો રજુ રાખેલ છે.

> "44. The delay in lodging the FIR also assumes importance. The prosecutrix admittedly returned home on the morning of 11.05.2016 and remained with her parents throughout the day, yet the FIR came to be registered only on 12.05.2016 at 10:45 AM. The explanation that she was under intoxication is inconsistent and unsupported by medical evidence, and is contradicted by the testimony of the material witnesses themselves. While delay in reporting a sexual offence is not per se fatal, an unexplained delay coupled with contradictions and surrounding suspicious circumstances affects the credibility of the prosecution case."

(૨૯૫) હાથ ઉપરના કેસના રેકર્ડ ઉપર અસ્તિત્વ ધરાવતા હકીકતો અને સંજોગો એ બાબત દર્શાવે છે કે, ફરિયાદ દ્વારા ફરિયાદ વિલંબથી કરવામાં આવેલ છે તે બાબતે કોઈ ખુલાસો પણ કરવામાં આવેલ નથી અને ફરિયાદ પક્ષના પુરાવાઓમાં ફરિયાદ પક્ષના કેસને મહત્વની રીતે વિપરીત અસર કરનારી વિસંગતતાઓ જણાય આવેલ છે અને તેના આધારે ફરિયાદ પક્ષના પુરાવાઓની વિશ્વસનીયતા પ્રત્યે એક વ્યાજબી શંકાનું નિર્માણ થયેલ છે. આ સંજોગોમાં આરોપી પક્ષ તરફે રજુ થયેલ ઉપરોક્ત ચુકાદો આ કેસના કામે આરોપી પક્ષને મદદરૂપ થતો હોવાનું આ અદાલતનું નમ્ર મંત્વય રહેલ છે.

(૨૯૬) ફરિયાદીના મૌખિક પુરાવાના આધારે એવી હકીકત પણ ફલીત થાય છે કે, જાણવા જોગ દાખલ થયા બાદ તેઓએ પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓને ભોગ બનનાર તથા સાથે મળી આવેલ મહિલા પ્રાથમિક દ્રષ્ટીએ બાંગ્લાદેશી નાગરીક હોવાનું જણાતા જોઈન્ટ ઈન્ટ્રોગેશન કરવુ જરૂરી હોવાનો રીપોર્ટ કરેલો અને તેના આધારે તા.૦૯/૦૯/૨૩૨૩ ના રોજ વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે (૧) સ્થાનિક પોલીસ (૨) સ્થાનિક જીલ્લા એસ.ઓ.જી. (૩) ઈન્કમટેક્ષ વિભાગ (૪) સ્ટેટ આઈ.બી. (૫) સેન્ટ્રલ આઈ.બી. (૬) કસ્ટમ વિભાગ (૭) રેલ્વે વિભાગના અધિકારીઓ મારફતે જોઈન્ટ ઈન્ટ્રોગેશનની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ અને ફરિયાદી શ્રી ગઢવી પણ પોલીસ સબ ઈન્સ્પેકટર, વિધ્યાનગર તરીકે આ જોઈન્ટ ઈન્ટ્રોગેશન

ટીમના સભ્ય રહેલા હતા અને તે રીપોર્ટમાં તેમની સહી રહેલી છે. રાજય અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગના અધિકારીઓ ધ્વારા ભોગ બનનારનું કરવામાં આવેલ જોઇન્ટ ઇન્ટ્રોગેશનનો રીપોર્ટ આ કામે ફરિયાદીની જુબાની દરમિયાન આંક – ૧૯૧ થી રજુ થયેલ છે. આ સંયુક્ત પુછપરછ હાથ ધરવામાં આવેલ હોવા છતાં આ ગુન્હા સબંધેની ફરિયાદ વિલંબથી થયેલ હોવાનું જણાય છે.

(૨૯૭) ફરિયાદી શ્રી ગઢવીએ તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ ભોગ બનનારના જન્મ અંગેનો પુરાવો તેણીના ભાઇ મારફતે મોકલાવવામાં આવેલ જે જોતા આ ભોગ બનનારની જન્મ તારીખ ૧૯/૦૬/૨૦૦૭ હોય તેમજ આ ભોગ બનનાર સગીર વયની હોય તેમના વાલી વારસ બાંગ્લાદેશમાં રહેતા હોય જેથી તેઓએ મુનાવરહુસેન જેની ફેસબુક આઇ.ડીના અનવરહુસેન જોય કે જેણે આ ભોગ બનનારને મોડલીંગમાં કામ આપવાનું કહી ગેરકાયદેસર રીતે ભારત બાંગ્લાદેશની બોર્ડર ક્રોસ કરાવી તેમની પરીચિત સોનિયા દિનેશ વેંકટ શીંદે ઉર્ફે નઝમા રજાક બિસેસ ને સોંપેલ અને સોનીયા આ ભોગ બનનારને સાથે લઇ આવી તા.૦૧/૦૯/૨૦૨૩ ના રોજ તેમના પરિચિત સુનિલભાઇ મારફતે મોકલેલ વ્યક્તિ દ્વારા વડોદરા ફતેગંજ ગોલ્ડ લોટ્સ નામની હોટલમાં તેમજ અમદાવાદમાં અલગ અલગ જગ્યાએ મુનાવર હુસેન મારફતે મોકલેલ વ્યક્તિ દ્વારા વારંવાર દુષ્કર્મ થયેલ હોય ઉપરોકત તમામ તથા તપાસમાં ખૂલેલ તમામ વિરૂધ્ધ શ્રી સરકાર તરફે ફરીયાદ આપેલ હતી. ફરિયાદીએ તેઓની જુબાની દરમિયાન આંક–૧૯૫ થી અસલ ફરીયાદ રજુ કરી જે તેઓએ પોલીસ ઇન્સ્પેક્ટર વિધ્યાનગરનાઓ સમક્ષ જાહેર કરેલી તે જ હોવાનું જણાવી તેઓની સહી અને રૂબરૂ તરીકે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી ડી.આર.ગોહીલનાઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. ફરિયાદીના પુરાવાના આધારે જણાય છે કે, તેમને ભોગ બનનારના ભાઇ ધ્વારા ભોગ બનનારના જન્મનો પુરાવો તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ મોકલવામાં આવતા તે દિવસે ફરિયાદ આપેલ હોવાનું જણાય છે. ફરિયાદી દ્વારા આપવામાં આવેલ આંક–૧૯૫ વાળી ફરિયાદ ધ્યાને લેતા તેમાં આવી કોઈ હકીકત જોવા મળતી નથી અને એવી કોઈ હકીકત પણ ફરિયાદીએ આ ફરિયાદમાં જણાવેલ નથી કે, જોઇન્ટ ઇન્ટ્રોગેશન રીપોર્ટ અને જાણવા જોગની તપાસમાં જણાય આવેલ તથ્યોના આધારે તેમના દ્વારા ફરિયાદ આપવામાં આવે છે. આંક–૧૯૫ વાળી ફરિયાદ ધ્યાને લેતા તે ભોગ બનનારના

ફરિયાદી શ્રી ગઢવી દ્વારા તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ લેવામાં આવેલ નિવેદન સમયે ભોગ બનનારે જણાવેલ હકીકતોના આધારે ફરિયાદ આપવામાં આવેલ હોવાનું સ્પષ્ટ થાય છે. ઉપરોક્ત હકીકત પણ ફરિયાદી દ્વારા વિલંબથી ફરિયાદ આપવામાં આવેલ હોવાનું અને તે અંગે કોઈ યોગ્ય અને વ્યાજબી કારણ આપેલ ન હોવાનું દર્શાવે છે.

(૨૯૮) ફરિયાદીના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરતા સમયે ફરિયાદીની આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસની હકીકતો વર્ગીકૃત કરતા જણાય છે કે, ફરિયાદીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓ પોલીસ ટ્રેનીંગ દરમ્યાન પોલીસ ઇન્વેસ્ટીગેશન અને ઇન્વેસ્ટીગેશન ડાયરી બાબતે શીખેલ છે અને ઇન્વેસ્ટીગેશન ડાયરીમાં શું શું કામગીરી છે તેની ટૂંકી નોંધ કરવામાં આવે છે અને આ ડાયરી ઉપરી અધિકારી અઠવાડીક, પખવાડીક કે મહિને તપાસતા હોય છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ જાણવા જોગના કામે તા.૦૬/૦૯/૨૦૨૩ ના રોજથી તા.૧૩/૦૯/૨૦૨૩ સુધીની તેઓની કામગીરી અંગેની કોઇ નોંધ આવી કોઇ ડાયરીમાં કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓના કહેવા મુજબ તેઓએ આ જાણવા જોગ તપાસની કામગીરીની નોંધ વીકલી ડાયરીમાં કરેલ છે અને તેઓએ આ ગુન્હાની તપાસ કરનાર અધિકારીને જાણવા જોગ તપાસના કાગળો સોંપેલા તેની સાથે આવી કોઇ વીકલી ડાયરીની નકલ આપેલ નહી.

(૨૯૯) ફરિયાદીએ તેઓની ઉલટ તપાસમાં એ હકીકત પણ સ્વીકારેલ છે કે, તા.૧૧/૦૯/૨૦૨૩ ના રોજ સોનિયાનું નિવેદન લીધેલ ત્યારબાદ તા.૧૩/૦૯/૨૦૨૩ સુધી તેઓએ કોઇ વિશેષ તપાસ કરેલ નહી કે વિશેષ પુરાવો મેળવેલ નહી અને તેઓએ કરેલ જાણવા જોગની સમગ્ર તપાસ દરમ્યાન ભોગ બનનારનું નિવેદન તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ ફકત એક જ વખત તેઓએ તેમના રૂબરૂ લીધેલ છે અને તા.૦૬/૦૯/૨૦૨૩ સિવાય અન્ય કોઇ નિવેદન ભોગ બનનારનું લેવામાં આવેલ હોય તો તેની વિગત ફકત અને ફકત વીકલી ડાયરીના આધારે જાણી શકાય.

(૩૦૦) ફરિયાદી દ્વારા સ્વીકારવામાં આવેલ ઉપરોક્ત હકીકતો

ફરિયાદીએ જાણવા જોગની તપાસના કામે શું કાર્યવાહી કરી? અને જાણવા જોગની તપાસના કામે શું હકીકત નિકળી આવેલ તે બાબતે કોઈ સ્પષ્ટતા કરતી નથી. ફરિયાદીએ સ્વીકારેલ હકીકત દર્શાવે છે કે, તેઓએ જાણવા જોગના કામે ફક્ત એક જ વખત તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ ભોગ બનનારનું નિવેદન લીધેલ અને તા. ૦૬/૦૯/૨૦૨૩ થી તા. ૧૩/૦૯/૨૦૨૩ સુધી જાણવા જોગ તપાસના કામે શું કાર્યવાહી કરેલ તેની કોઈ નોંધ ડાયરીમાં કરેલ નથી. આમ, ફરિયાદી દ્વારા જાણવા જોગની તપાસના કોઈ સચોટ પુરાવાના આધારે કોઈ ફરિયાદ આપેલ હોય તેવી હકીકત પણ ફલિત થતી નથી અને તેમના પુરાવા દ્વારા જાણવા જોગની તપાસના કોઈ તથ્યો પણ રેકર્ડ ઉપર આવેલ નથી.

(૩૦૧) ફરિયાદ પક્ષના કેસ મુજબ ભોગ બનનારને બાંગ્લાદેશથી ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરાવવા માટે અને ત્યારબાદ પણ ઘણા લોકોએ મદદ કરેલી. આ બાબતેના આરોપી પક્ષના સવાલોનો ફરિયાદીએ ઈન્કાર કરેલ છે કે, તેઓની તપાસમાં એવી હકીકત ખુલેલ કે ભોગ બનનાર બાંગ્લાદેશથી નીકળી મુંબઈ આવેલ ત્યાં સુધીમાં તેણીને રહેવા અને આવવા માટેની વ્યવસ્થા ઘણા લોકોએ કરી આપેલ. ફરિયાદી તેમની જુબાનીમાં ભોગ બનનારને રહેવા અને આવવા માટેની વ્યવસ્થા ઘણા લોકોએ કરી આપેલ હોવાનો ઇન્કાર કરે છે, જયારે કે તપાસ કરનાર અધિકારી તેમની જુબાનીમાં તેઓએ ભોગ બનનારને ભારતમાં પ્રવેશ કરાવવામાં મદદ કરનાર કોઈના નિવેદન લીધેલ ન હોવાનું જણાવે છે. તો બીજી તરફ ખુદ ફરિયાદી તેમની ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, કોઇપણ કોગ્નીઝેબલ ગુન્હાની જાહેરાત કરવામાં આવે અથવા થાય તો તેના આધારે ગુન્હો નોંધવો જ પડે અને બાંગ્લાદેશ માંથી કોઇ વ્યક્તિ ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરે તો તે કોગ્નીઝેબલ ગુન્હો બને અને તેવો ગુન્હો નોંધવો પડે અને તેઓએ ભોગ બનનાર ગેરકાયદેસર રીતે ભારતમાં આવેલ હોવા બાબતે તેમની સામે કે તેમને મદદ કરનાર અન્ય કોઇ સામે કોઇ ગુન્હો નોંધવા પ્રયત્ન કરેલ નથી. ફરિયાદીએ સ્વીકારેલ છે કે, બાંગ્લાદેશ થી હાવડા રેલ્વે સ્ટેશન સુધી ભોગ બનનારને ગેરકાયદેસર રીતે લાવનાર કોઇ વ્યક્તિઓને તેઓની ફરીયાદના કામે આરોપી તરીકે દર્શાવેલ નથી. ફરિયાદીના આ કથન અનુસાર ભોગ બનનારને ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશમાંથી સરહદ ઓળંગવામાં અને ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરાવવામાં મદદ કરનાર કે તેવા ગુન્હાહીત કૃત્યમાં સંકળાયેલ કોઈ વ્યક્તિઓ

સામે તેઓએ ફરિયાદ આપેલ નથી કે તે બાબતે કોઈ તપાસ પણ કરેલ નથી.

(૩૦૨) ફરિયાદીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓની જાણવા જોગ તપાસ દરમ્યાન એવી હકીકત ખૂલેલ કે ભોગ બનનાર મુંબઈ સોનિયાના ઘરે રોકાયેલ તે દરમ્યાન તેની સાથે કોઇ શારીરક છેડછાડ થયેલ નહી અને તેઓની જાણવા જોગ તપાસ દરમ્યાન એવી હકીકત ખૂલેલ કે ભોગ બનનાર મુંબઈ સોનિયાના ઘરે રોકાયેલ તે દરમ્યાન તેણે માત્ર આરામ કરેલ અને તેઓની જાણવા જોગની તપાસ દરમ્યાન ભોગ બનનાર વિધ્યાનગર મુકામે રોકાયેલ ત્યાં પણ તેની સાથે કોઇ શારીરક છેડછાડ નહી થયેલાનું તેઓની તપાસમાં ખૂલેલ.

(૩૦૩) ફરિયાદીના પુરાવાના વિશ્લેષણ આધારે જણાય છે કે, ફરિયાદીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ભોગ બનનારના તા.૦૬/૦૯/૨૦૨૩ ના નિવેદન માં “બળાત્કાર” અને " મરજી વિરુદ્ધ શરીર સબંધ" એવા કોઇ શબ્દો રહેલા નથી અને તેઓની જાણવા જોગની જાહેરાતમાં પણ “બળાત્કાર” અને " મરજી વિરુદ્ધ શરીરસબંધ" એવા કોઇ શબ્દો નો ઉલ્લેખ નથી. તેઓએ એવી હકીકત પણ સ્વીકારેલ છે કે, તેઓએ આપેલ ફરીયાદમાં ભોગ બનનાર સાથે વડોદરા ખાતે એક વ્યક્તિએ શરીર સબંધ બાંધેલ હોવાની હકીકત જણાવેલ છે અને તેઓની ફરીયાદમાં અમદાવાદ ખાતે ભોગ બનનાર સાથે એક જ વ્યક્તિએ શરીર સબંધ બાંધેલ હોવાની હકીકત જણાવેલ છે અને તેઓને જે હકીકત મળેલી તે સચોટ અને સાચી હોવાથી તે હકીકત તેઓએ ફરીયાદમાં જણાવેલી અને તેઓએ આ ગુન્હાની ફરીયાદ સરકાર તરફે આપેલ છે તેથી ફરીયાદની ટૂંકી નોંધ પણ વીકલી ડાયરીમાં કરેલ છે. આમ, ફરિયાદી દ્વારા સ્વીકારાયેલ હકીકત એ બાબત દર્શાવે છે કે, તેમની જાણવા જોગ તપાસના કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬ ના ગુન્હાને આકર્ષતા કોઈ તત્વો જણાય આવેલ નહી.

(૩૦૪) ફરિયાદી તેમની ઉલટ તપાસમાં એ હકીકતનો ઈન્કાર કરે છે કે, ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૦એ મુજબ હ્યુમન ટ્રાફીકીંગ મુજબનો ગુન્હો બનતો હોય તેવા કોઇ નાણાકીય લેવડદેવડની કોઇ હકીકત કે કોઇ તત્વો જાણવા જોગના તપાસના કામે ખૂલેલ નહી. પરંતુ ફરિયાદી તેમના પુરાવામાં તેમની જાણવા જોગની

તપાસના કામે કયા પુરાવા મળી આવેલા તે બાબતે કોઇ ફળદાયી હકીકત જણાવતા નથી. આ ગુન્હાને આકર્ષતા તત્વો કયા સાહેદના નિવેદનના આધારે જણાયેલ તે બાબતે કોઇ હકીકત જણાવતા નથી. ફરિયાદીની આંક – ૧૯૫ ની ફરિયાદ ધ્યાને લેતા પણ આ બાબતે કોઇ હકીકત જણાતી નથી. ફરિયાદીએ સ્વીકારેલ છે કે, તેઓએ આ ગુન્હાની તપાસના કામે આરોપી નં. ૦૧ ની શોધ અને તપાસની કામગીરી અને સદર આરોપીને લઇ આવી તપાસ કરનાર અધિકારીને સોપી આપેલ તે સિવાય અન્ય કોઇ તપાસ કે કામગીરી કરેલ નથી. ફરિયાદીના મૌખિક પુરાવાનું ચિવટપુર્વક મુલ્યાંકન કરતા જણાય છે કે, તેઓ આરોપી નં. ૦૧ ની શોધ કરવા ગયેલ ટીમના મુખ્ય અધિકારી હતા અને તેઓએ હાલના આરોપી નં. ૦૧ ને મુંબઈ ખાતેથી લાવી આ ગુન્હાની તપાસ કરનાર અધિકારીને સોંપેલ અને તેઓએ કયા પુરાવાઓના આધારે હાલના આરોપી નં. ૦૧ ને ભોગ બનનારનો ફેસબુક મારફતે સંપર્ક કરનાર અને ભોગ બનનારના ફેસબુક ફ્રેન્ડ નઈમ શેખનાઓએ કોન્ટેક કરાવી આપેલ તે જ એજન્ટ તરીકે આ ગુન્હાના કામે જોડેલ તે બાબતે કોઈ વિશ્વસનિય હકીકતો રેકર્ડ ઉપર આવેલ નથી. ફરિયાદીના પુરાવાના આધારે માત્ર મુનાવર હુસેન નામના વ્યક્તિના મોબાઈલ નંબર જાહેર થયેલ અને અન્ય કોઈ વિગતો જાહેર થયેલ ન હોવાનું જણાય છે અને ફરિયાદીએ સ્વીકારેલ હકીકત મુજબ તેઓએ આ મુનાવર હુસેન નામના વ્યક્તિના મોબાઈલ નંબરની કોઈ કોલ ડીટેઈલ મેળવી તપાસના કામે સામેલ રાખેલ નથી. ફરિયાદી તેમની જુબાનીમાં કે તેમની ફરિયાદમાં હાલના આરોપી નં. ૦૧ નું નામ મુનાવર હુસેન કે મનોહર હુસેન કે અનવર હુસેન હોવાની કોઈ હકીકત જણાવતા નથી.

(૩૦૫) આ તબક્કે આંક–૧૯૫ વાળી ફરિયાદ નોંધનાર પી.એસ.ઓ. વિનોદભાઈ મુળજીભાઈના પુરાવાને વંચાણે લેતા જણાય છે કે, આ પી.એસ.ઓ. સાહેદે તેમની જુબાની દરમ્યાન આંક–૧૯૫ વાળી ફરીયાદ જોઈને જણાવેલ છે કે, તેમાં આરોપી નં. ૧ નો માત્ર એક જ મોબાઇલ નંબર ૯૩૨૨૨૮૧૧૧૫ દર્શાવેલ છે અને તે સિવાય બીજો કોઇ નંબર દર્શાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૨૪૦ વાળા સૂચિપત્ર અને આંક–૧૯૪ વાળા જાહેર રીપોર્ટમાં આરોપી નં.૦૧ ના કુલ બે મોબાઇલ નંબર દર્શાવેલ છે અને આ સૂચિપત્ર અને જાહેર રીપોર્ટમાં આરોપી નં. ૦૧ નો બીજો મોબાઇલ નંબર ૭૮૨૦૯૨૯૯૮૭ દર્શાવેલ છે જે શાના આધારે દર્શાવેલ તે તેઓ કહી શકે નહી. ત્યારબાદ તેઓએ જણાવેલ છે કે, આ જે બીજો મોબાઇલ નંબર દર્શાવેલ છે

તે શરતચૂકથી દર્શાવેલ છે. આ પી.એસ.ઓ. સાહેદે તેમની જુબાની દરમ્યાન ફરિયાદી દ્વારા ફરિયાદમાં વિલંબના કારણ ખ્યાલ ન હોવાની જેવી હકીકત જણાવે છે તેવી જ ફરજ વિમુખતા દર્શાવતી હકીકત એવી જણાવેલ છે કે, સુચિપત્રમાં દર્શાવેલ બીજો મોબાઇલ નંબર કઇ રીતે સૂચિપત્ર અને જાહેર રીપોર્ટમાં લખાયેલ છે તે હાલમાં તેમને યાદ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ફરીયાદ હકીકતની બહારની કોઇ હકીકત સૂચિપત્ર અને જાહેર રીપોર્ટમાં લખી શકાય નહી અને ફરીયાદમાં આરોપી નં. ૦૧ નું નામ "મુનાવર હુસેન" જાહેર થયેલ છે અને આરોપી નં. ૦૧ નું પુરૂ નામ કે તેનું કોઇ બીજુ નામ જાહેર થયેલ નથી. આમ, ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલા ફરિયાદી અને ફરિયાદ નોંધનાર પી.એસ.ઓ. દ્વારા ફરિયાદમાં ક્યા આધારે આરોપી નં. ૦૧ તરીકે મુનાવર હુસેન નામ જણાવેલ છે તે બાબતે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. રેકર્ડ ઉપર વિચિત્રતા એ જણાય આવે છે કે, ફરિયાદી શ્રી ગઢવી પોતાની ફરિયાદમાં આરોપી નં. ૦૧ નું નામ મુનાવર હુસેન જણાવે છે અને તેમા આરોપી નં. ૦૧ ના મોબાઈલ નંબર દર્શાવે છે અને તેઓ આરોપી નં. ૦૧ ની શોધ માટે ગયેલ ટીમના મુખ્ય અધિકારી રહેલા અને તેઓ જ આરોપી નં. ૦૧ ને મુંબઈથી લાવી તપાસ કરનાર અધિકારી શ્રી ડાભી સમક્ષ રજુ કરેલા તેમ છતાં તેમની જાણવા જોગ તપાસના કામે હાલના આરોપી નં. ૦૧ મેસન રજાક બિસસ જ મુનાવર હુસેન કે અનવર હુસેન હોવાની બાબત કયા પુરાવાના આધારે ખુલવા પામેલ અને તેઓએ ફરિયાદમાં દર્શાવેલ આરોપી નં. ૦૧ ના મોબાઈલ નંબરની કોઈ કોલ ડીટેઈલ પણ મેળવેલ નથી અને તેમ છતાં હાલના આરોપી નં. ૦૧ મેસન રજાક બિસસને ફરિયાદમાં દર્શાવેલ આરોપી નં. ૦૧ અને ભોગ બનનાર દ્વારા જણાવવામાં આવેલ વ્યક્તિ મુનાવર હુસેન કે અનવર હુસેન કે મનોહર હુસેન તરીકે કયા પુરાવાના આધારે મુંબઈથી લાવી આ ગુન્હાના કામે તપાસ કરનાર અધિકારીને સોંપેલ તે બાબતે તેમના સમગ્ર પુરાવામાં કોઈ ફળદાયી હકીકત કે ખુલાસાત્મક વિગત જણાવતા નથી.

(૩૦૬) ફરિયાદી શ્રી ગઢવી દ્વારા જાણવા જોગની તપાસ કરવામાં આવેલ હોવા છતાં તેઓએ તે તપાસના કામે ભોગ બનનાર સાથે બાંગ્લાદેશથી આવેલ અન્ય ડેઝી નામની ભોગ બનનારની બહેનપણી બાબતે કોઈ તપાસ કરેલ નથી કે તેવી તપાસ કરવાનો કોઈ પ્રયત્ન પણ કરેલ નથી. ફરિયાદીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓની જાણવા જોગ તપાસના કામે એવી હકીકત ખૂલેલ કે ભોગ બનનાર

બાંગ્લાદેશથી એક ડેઝી નામની છોકરી સાથે નીકળેલી અને તે છોકરી સાથે છેક મુંબઇ સુધી આવેલા અને આ ડેઝી નામની છોકરી કોણ છે? કયાં છે? તે બાબતે તેઓએ જાણવા જોગ તપાસના કામે કોઇ તપાસ કરેલ નહી.

(૩૦૭) આ કેસના કામે ભોગ બનનાર બાદ જો કોઈ સૌથી મહત્વના સાહેદ રહેલા હોય તો તે ગુન્હાની તપાસ કરનાર અધિકારી રહેલા છે. આ ગુન્હાની સમગ્ર તપાસ તત્કાલીન એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટર, આણંદના શ્રી એલ.બી.ડાભી દ્વારા કરવામાં આવેલ. ફરિયાદ પક્ષે આંક–૨૫૪ થી સાહેદ નં. ૧૯ તરીકે આ તપાસ કરનાર અધિકારી શ્રી લવકુમાર બનેસિંહ ડાભીને તપાસેલા છે. તપાસ કરનાર અધિકારીના પુરાવાની મુલવણી કરતા જણાય છે કે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ૨૦૨૩ની સાલમાં એસ.ઓ.જી. શાખા, આણંદ ખાતે પી.આઇ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે વિધ્યાનગર પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૨૧૫૦૩૭૨૩૦૫૫૫/૨૦૨૩ ની તપાસ તેઓને સોપવામાં આવેલ અને ફરીયાદી તરીકે જી.એસ.ગઢવી પોલીસ સબ ઈન્સ્પેક્ટર વિધ્યાનગરનાઓએ ફરીયાદ ડી.આર.ગોહીલ પી.આઈ. શ્રી વિધ્યાનગર નાઓ રૂબરૂ આપેલ હતી તેની તપાસ સંભાળેલ હતી. તપાસ કરનાર અધિકારીએ તેમની જુબાનીમાં ગુન્હાની ટુંકી હકીકત જણાવી તા.૦૫/૦૯/૨૦૨૩ ના રોજ ભોગ બનનારને વિધ્યાનગર ખાતેથી હેલ્પલાઇન નં. ૧૮૧ અભયમ ઉપર નિલોય નામના વ્યક્તિ દ્વારા જાણ કરી ૧૮૧ અભયમ ટીમ દ્વારા છોડાવી ભોગ બનનારને તેમજ સોનિયાને વિધ્યાનગર પોલીસ સ્ટેશન મુકી ગયેલા હતા તેવુ જણાવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં ભોગ બનનારનું નિવેદન નોંધાયેલ હોવાનું અને તેના આધારે ભોગ બનનારની ઇચ્છા વિરૂધ્ધ તેની સાથે શારીરિક સબંધ બાંધનાર તેમજ તે કાર્યમાં મદદ કરનાર વિરુધ્ધ ગુન્હો દાખલ કરવામાં આવેલ અને જે મુજબની એફ.આઇ.આર. વાંચી તેઓએ આ કામમાં સામેલ રાખેલ અને આ કામે વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ જાણવા જોગ નંબર ૭૦/૨૦૨૩ ના કાગળો પણ કામમાં સામેલ રાખેલા. તપાસ કરનાર અધિકારીએ જણાવેલ છે કે, ભોગ બનનારનું નિવેદન લેવા લીગલ કમ પ્રોબેશન ઓફીસર બાળ સુરક્ષા એકમના મનિષાબેન જેઠવા તથા ભોગ બનનાર હીન્દી ભાષા સમજતા ન હોય જેથી દુભાષિયા તરીકે મંગલચંદ મન્નાને પણ હાજર રાખી નિવેદન લેવામાં આવેલું અને ભોગ બનનારે તેણીના નિવેદનમાં ફરીયાદને સમર્થન આપતુ નિવેદન લખાવેલ હતુ

અને અમદાવાદ ખાતે સાંઇવિલા હોટલમાં એક ઇસમે તેની સાથે શારીરીક સબંધ બાંધેલ અને હોટલ આઇલેન્ડ પાર્કમાં પણ એક ઇસમે તેની સાથે શારીરીક સબંધ બાંધેલ હતો અને ભોગ બનનારની મેડીકલ તપાસણી કરાવવા મહીલા પોલીસ કર્મચારી સાથે હોસ્પીટલ મોકલવાની તજવીજ કરેલ હતી ત્યારબાદ આ કામે આરોપી નં ૧ મુનાવર હુસેન જોય જેની ફેસબુક આઇ.ડી. અનવરહુસેન જોય વાળાની તપાસમાં એક પોલીસ સબ ઇન્સ્પેક્ટર સાથે ૩ પોલીસ કર્મચારીને તપાસ અર્થે મોકલેલ ત્યારબાદ આ કામે ભોગ બનનાર વિધ્યાનગર ખાતે જે જગ્યાએ રહેલ તે હેતલ પટેલ અને ગોપાલ પટેલના નિવેદનો લેવામાં આવેલ હતા. તેઓએ વધુમાં જણાવેલ છે કે, ભોગ બનનાર સાથે જે જે હોટલમાં દુષ્કર્મ થયેલ તે બનાવના સ્થળનુ પંચનામુ કરવા સબબ ભોગ બનનાર સાથે પોલીસ સબ ઇન્સ્પેક્ટર પી.કે.સોઢા, દુભાષિયા, મનિષાબેન જેઠવા, મહિલા પોલીસ કર્મચારી તથા અન્ય સ્ટાફને વડોદરા તેમજ અમદાવાદની હોટલો ખાતે મોકલવામાં આવેલ. તેઓએ જણાવેલ છે કે, તા.૧૪/૦૯/૨૦૨૩ ના રોજ ત્રણેય હોટલના મેનેજરો એસ.ઓ.જી. ઓફીસે આવેલા અને તેઓની સાથે હોટલના સી.સી.ટી.વી. ફુટેજ પેનડ્રાઇવમાં લઇને આવેલા તે સીસીટીવી ફૂટેજ વાળી પેનડ્રાઇવનું વિગતવારનું પંચોની હાજરીમાં પંચનામુ કરવામાં આવેલ અને તે સી.સી.ટી.વી. ફુટેજ વાળી પેનડ્રાઇવ તપાસ અર્થે કબજે કરવામાં આવેલ હતી અને મુંબઇ ખાતે મોકલેલ ટીમ આ કામના આરોપી નં. ૦૧ મુનાવર હુસેન જોય ને લઇને આવેલ તેમજ અન્ય એક ટીમ આ કામના અન્ય એક આરોપી નં. ૦૩ જેઠાનંદ ઉર્ફે સુનિલ સેવકાનીને લઇ ને આવેલ ત્યારબાદ આ કામના ત્રણેય આરોપીને એરેસ્ટ કરવામાં આવેલ હતા અને ભોગ બનનારની ઉંમર જાણવા સારુ મેડીકલ ઓફીસરશ્રી શ્રી કૃષ્ણા હોસ્પીટલ કરમસદ નાઓને યાદી કરેલી અને યાદી સાથે ભોગ બનનારને મોકલી આપવામાં આવેલા અને ત્યારબાદ આ કામના બે આરોપી બાંગ્લાદેશના હોવાનું જણાય આવતા તે અંગે પોલીસ અધિક્ષકશ્રી આણંદનાઓને રીપોર્ટ કરેલ હતો. તપાસ કરનાર અધિકારીએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગ બનનાર સાથે શારીરિક સબંધ બાંધનાર વડોદરા તેમજ અમદાવાદના અન્ય આરોપીઓને લાવવા જુદી જુદી ટીમો મોકલી તેઓને એસ.ઓ.જી. ઓફીસ ખાતે લાવવામાં આવેલા હતા જયાં તેઓની પુછપરછ કરીને આરોપીઓના નિવેદન નોંધ્યા બાદ અટક કરવામાં આવેલા અને તેઓની શરીરસ્થિતિનું પંચનામુ પણ કરવામાં આવેલ અને પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હતો. તેઓએ

જણાવેલ છે કે, સદર ગુન્હાની તપાસ દરમ્યાન ભોગ બનનારનું સી.આર.પી.સી. કલમ ૧૬૪ મુજબનું નિવેદન લેવડાવેલ. તેઓએ જણાવેલ છે કે, આરોપીઓ સામે તપાસ દરમ્યાન જે કઈ પુરાવા મળેલા તે ચાર્જશીટ કરવા જેટલા પુરતા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ હતુ.

(૩૦૮) તપાસ કરનાર અધિકારીએ તેઓની જુબાની દરમ્યાન મુદ્દામાલ કપડા તથા મોબાઈલ પણ તેઓએ તપાસના કામે કબજે કરેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આ તપાસ કરનાર અધિકારીએ આરોપી પક્ષ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, મુદ્દામાલ આર્ટીકલ નં. ૭, ૮, ૯ તથા ૧૪, ૧૫, ૧૬, ૧૯, ૨૨, ૨૫, ૨૬, વાળા મોબાઈલ તથા જાણવા જોગના કામે કબજે લીધેલ મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૧ વાળો મોબાઈલ ફોન જેવા મોબાઈલ ફોન બજારમાં સહેલાઈથી મળી રહે છે તેથી આ મુદ્દામાલ મોબાઈલ ફોન જો અન્ય આવા જ મોબાઈલ ફોન સાથે રાખવામાં આવે તો તેઓ આ મુદ્દામાલ મોબાઈલને ચોક્કસ રીતે ઓળખી શકે નહી. તેઓએ સ્વીકારેલ છે કે, મુદ્દામાલ આર્ટીકલ નં ૧૧,૧૨,૧૩ વાળી પેનડ્રાઈવ જેવી પેનડ્રાઈવ બજારમાં સહેલાઈ થી મળી રહે છે તેથી આ મુદ્દામાલ પેનડ્રાઈવ જો અન્ય આવી જ પેનડ્રાઈવ સાથે રાખવામાં આવે તો તેઓ આ મુદ્દામાલ પેનડ્રાઈવને ચોકકસ રીતે ઓળખી શકે નહી. આમ, તપાસ કરનાર અધિકારી દ્વારા તેમની સરતપાસમાં કરવામાં આવેલ મુદ્દામાલની ઓળખને કોઈ વિશ્વસનિયતા પ્રદાન થતી નથી.

(૩૦૯) ઉપરોક્ત મુજબની ચર્ચા અનુસાર આંક–૧૮૭ ની જાહેરાત અને આંક–૧૯૫ ની ફરિયાદમાં ભોગ બનનારના તા. ૦૬/૦૯/૨૦૨૩ ના નિવેદનના આધારે એવી હકીકત જણાવવામાં આવેલ કે, ભોગ બનનાર તેમના નઈમ શેખ નામના ફેસબુક ફ્રેન્ડના સંપર્કમાં હતા અને નઈમ શેખ દ્વારા ભોગ બનનારને ભારતમાં મોકલવામાં આવેલ અથવા નઈમ શેખ દ્વારા ભોગ બનનારનો સંપર્ક કોઈ એજન્ટ સાથે કરાવવામાં આવેલ. તેમજ ભોગ બનનારે તેમની જુબાનીમાં પણ જણાવેલ છે કે તેઓએ અમદાવાદ ખાતેથી ફેસબુક મારફતે નઈમ શેખનો સંપર્ક કરી તેમના કઝીન સુમોન પરવેઝનો નંબર મેળવેલ. આમ, આ નઈમ શેખ નામના વ્યક્તિ સમગ્ર ગુન્હાની તપાસના કામે કડી રૂપ રહેલ હોવા છતાં જાણવા જોગની તપાસના કામે તેમજ આ ગુન્હાની તપાસના કામે એ બાબતે કોઈ તપાસ કરવામાં આવેલ ન હોવાનું જણાય છે.

(૩૧૦) ભોગ બનનાર તેણીની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેણી તેમની સરતપાસમાં જે નઈમનુ નામ જણાવેલ છે તે નઈમ એટલે કે મોહંમદ નઈમ શેખ છે અને તે બાંગ્લાદેશમાં રહે છે. તેણીએ સ્વીકારેલ છે કે, નઈમની સાથે તેણીને બે વર્ષથી વાત થતી હતી અને તેની સાથે તેણીને મિત્રતા હતી, તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણીને એક વર્ષથી વાત થતી હતી અને તે પ્રોડ્યુશર હતો. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી બાંગ્લાદેશથી ભારત આવી ત્યારે સૌપ્રથમ તેણીને મોહંમદ નઈમ શેખ સાથે વાતચીત થયેલી. તેણીએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણી મુંબઈ થી મોહંમદ નઈમ શેખ સાથે વાત કરેલ.

(૩૧૧) આ બાબતે ફરિયાદીના પુરાવાને વિચારણામાં લેતા જણાય છે કે, તેઓએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આંક–૧૯૧ વાળા રીપોર્ટ મુજબ ભોગ બનનારના ફેસબુક ફ્રેન્ડ તરીકે નઈમ શેખ બાંગ્લાદેશના નાગરીકનુ નામ જાહેર થયેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તે બાંગ્લાદેશના નાગરીક નઈમ શેખે ભોગ બનનારને મોડેલીંગનું કામ બોમ્બેમાં સોંપવાનું અને બોમ્બે આવવાનું જણાવેલ હોવાનું જાહેર થયેલ. તેઓએ સ્વીકારેલ છે કે, જાણવા જોગની જાહેરાતમાં એવી હકીકત દર્શાવેલ છે કે ફેસબુક ફ્રેન્ડ મોહંમદ નઈમ શેખ નાઓએ એજન્ટનો કોન્ટેકટ કરી આપેલો અને ભોગ બનનારને ભારતમાં લાવેલ અને ભોગ બનનાર તથા ડેઝી મુંબઈ રેલ્વે સ્ટેશને ઉતરેલ ત્યાં મુનાવર હસન નામનો એજન્ટ લેવા આવેલો.

(૩૧૨) તપાસ કરનાર અધિકારીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ફરીયાદ દાખલ થઈ ત્યારે તે પહેલા ભોગ બનનારની પુછપરછ સ્પેશ્યલ ઈન્ટ્રોગેશન ટીમ દ્વારા કરવામાં આવેલ અને જાણવા જોગના કામે આ સ્પેશ્યલ ઈન્ટ્રોગેશન ટીમનો રીપોર્ટ રજુ થયેલો અને તે રીપોર્ટમાં ભોગ બનનાર ધોરણ–૧૨ પાસ હોવાનું જાહેર થયેલુ અને તે આંક–૧૯૧ વાળા રીપોર્ટમાં એવુ જાહેર થયેલ કે "THAT ONE FACEBOOK FRIEND NAEEM SHEIKH (BD NATIONAL) LURED HER ON PRETEXT OF PROVIDING MODELING WORK IN MUMBAI AND ASKED HER TO COME TO MUMBAI." તેઓએ સ્વીકારેલ છે કે, આ રીપોર્ટ મુજબ નઈમ શેખ નામના વ્યક્તિએ ભોગ બનનારને મોડેલીંગનું કામ અપાવવાનું જણાવી મુંબઈ બોલાવેલ અને તેમની તપાસના કામે તેઓએ આ નઈમ શેખ બાબતે

કોઇ તપાસ કરેલ નહી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, આ નઇમ શેખ નામનો વ્યક્તિ બાંગ્લાદેશના હોય તેથી. તપાસ કરનાર અધિકારી ધ્વારા કરવામાં આવેલ ખુલાસો ખુદ તેમના ધ્વારા તેમની ઉલટ તપાસમાં સ્વીકારવામાં આવેલ હકીકત કે, કોઇ વિદેશી વ્યક્તિ કોઇ ગુન્હાના કામે સંકળાયેલ હોય તો તેમને ભારતમાં આરોપી તરીકે બતાવી શકાય તેવી જોગવાઇ છે અને ભોગ બનનારને બોર્ડર ક્રોસ કરાવી ભારતમાં પ્રવેશ અપાવનાર અને તેમાં મદદ કરનાર કોઇ વ્યક્તિને તેઓએ આ ગુન્હાના કામે આરોપી તરીકે બતાવેલ નથી કે તેમના વિરુદ્ધ અલગથી કોઇ ફરીયાદ કરેલ નથી, તેનાથી રદ ઠરે છે.

(૩૧૩) તપાસ કરનાર અધિકારી ધ્વારા જણાવાયેલ આ હકીકત તપાસ કરનાર અધિકારીની તપાસના કામે રહેલી બેદરકારી દર્શાવે છે. તપાસ કરનાર અધિકારીને જયારે આ ગુન્હાની તપાસ સોંપવામાં આવેલ ત્યારે જ તેઓ જાણતા હતા કે આ કામના ભોગ બનનાર મુળ બાંગ્લાદેશના રહેવાશી છે અને તેઓ ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશમાંથી ભારતમાં પ્રવેશેલ છે અને તેમને ભારતમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરાવવામાં બાંગ્લાદેશ અને ભારતના કેટલાક લોકોએ સહાય અને મદદ કરેલ છે અને તેથી તેઓ ગુન્હાની ગંભીરતા અને તપાસનો વ્યાપ અને વિસ્તાર કેટલો રહેલો છે તેનાથી વાકેફ હતા. કાયદાના સ્થાપિત સિધ્ધાંતો માત્ર આરોપી અન્ય દેશના રહેવાશી હોય તેટલા માત્રથી આપણા દેશમાં નોંધાયેલ ગુન્હાના કામે અન્ય દેશના વ્યકિતઓ બાબતે તપાસ કરવા કોઇ પ્રતિબંધ દર્શાવતા નથી અને કેટલાક નિયમો, શીષ્ટાચાર અને પરસ્પર દેશો વચ્ચેની સમજુતીને આધીન ચોકકસપણે તપાસ હાથ ધરી શકાય છે. આમ, તપાસ કરનાર અધિકારી ધ્વારા તેમની તપાસના કામે ગુન્હાની મહત્વની કડી સમાન આ નઇમ શેખ બાબતે કોઇ તપાસ કરેલ નહી હોવાનું જણાય છે.

(૩૧૪) તપાસ કરનાર અધિકારી ધ્વારા તેમની ઉલટ તપાસમાં સ્વીકારવામાં આવેલ છે કે, ફરીયાદમાં એવી હકીકત જાહેર થયેલ કે ભોગ બનનારને આશરે બે વર્ષ પહેલાથી ફેસબુકમાં મોહમંદ નઇમ શેખ સાથે ફ્રેન્ડશીપ થયેલ અને તેણે ભોગ બનનારને ભારતમાં મોડેલીંગનું કામ આપવાની વાત કરેલી અને ફરીયાદમાં એવુ પણ જાહેર થયેલ કે મોહમંદ નઇમ શેખનાઓએ એક એજન્ટનો કોન્ટેકટ કરી આપેલો અને ફરીયાદમાં તે એજન્ટનું નામ કે કોન્ટેકટ નંબર જાહેર થયેલ નથી. જયારે ફરિયાદ પક્ષ

એવા ચોકકસ કેસ સાથે આવેલ હોય કે, ભોગ બનનારને તેણીના ફેસબુક ફ્રેન્ડ મોહમંદ નઈમ શેખે ભારતમાં મોડેલીંગનું કામ આપવાની વાત કરી મોહમંદ નઈમ શેખનાઓએ એક એજન્ટનો કોન્ટેકટ ભોગ બનનારને કરી આપી ભારતમાં એજન્ટ મારફતે મોકલેલ, તો તેવા સંજોગોમાં આ ગુન્હાની પ્રાથમિક તપાસ જ ભોગ બનનારના ફેસબુક ફ્રેન્ડ અને ભોગ બનનારને એજન્ટ મારફતે ભારતમાં મોકલનાર મોહમંદ નઈમ શેખની બાબતમાં કરવાની રહે. તપાસ કરનાર અધિકારી ધ્વારા ભોગ બનનારના ફેસબુક ફ્રેન્ડ મોહમંદ નઈમ શેખના કોઇ ફેસબુક એકાઉન્ટની વિગતોની પણ કોઇ તપાસ કરવામાં આવેલ નથી કે તેવી કોઇ વિગતો પણ આ કામે રજુ કરેલ નથી. ફરિયાદ પક્ષના પુરાવાઓના આધારે ભોગ બનનારને ભારતમાં લાવનાર કોઇ ચોક્કસ એજન્ટ અંગેની મહત્વની હકીકતો પણ રેકર્ડ ઉપર આવેલ નથી.

(૩૧૫) તપાસ કરનાર અધિકારીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આંક–૧૯૧ ના રીપોર્ટ મુજબ ભોગ બનનારે તેના ફોટા આ ફેસબુક ફ્રેન્ડ નઈમ શેખને મોકલેલા અને ત્યારબાદ તેની સાથે વાત થયા મુજબ મુંબઈ આવવાનું નકકી કરેલુ અને આ રીપોર્ટ મુજબ ભોગ બનનારને બંને તરફની બોર્ડર ક્રોસ કરાવવા માટે જુદા જુદા વ્યક્તિઓએ મદદ કરેલ છે અને તપાસના કામે ભારતમાં બોર્ડર ક્રોસ કરાવવા માટે મદદ કરનાર કોઇ વ્યક્તિના નિવેદન તેઓએ લીધેલ નથી. તપાસ કરનાર અધિકારી ધ્વારા સ્વીકારવમાં આવેલ હકીકત પણ ફરિયાદ પક્ષના કેસ પરત્વે શંકાનું નિર્માણ કરે છે.

(૩૧૬) આમ, ફરિયાદી તથા તપાસ કરનાર અધિકારીની મૌખિક પુરાવાઓ અને આંક–૧૮૭ ની જાહેરાત, આંક–૧૯૫ ની ફરિયાદ અને આંક–૧૯૧ ના જોઈન્ટ ઈન્ટ્રોગેશન રીપોર્ટના આધારે ભોગ બનનારને ભારતમાં મોડેલીંગના કામ અપાવવાની અને મુંબઈ ખાતે આવવાની વાત ભોગ બનનારના ફેસબુક ફ્રેન્ડ મોહંમદ નઈમ શેખ દ્વારા કરવામાં આવેલ અને મોહંમદ નઈમ શેખ નાઓએ કોઈ એજન્ટનો સંપર્ક કરાવી આપી ભોગ બનનારને ભારતમાં મોકલેલ હોવાની હકીકત ફલિત થાય છે. આ બાબત ફરિયાદી તથા તપાસ કરનાર અધિકારીના ધ્યાનમાં અને જાણમાં પ્રથમથી જ તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ થી રહેલ હોવા છતાં તેઓએ આ ગુન્હાની તપાસના કામે ખુબ જ મહત્વની બાબત આ મોહંમદ નઈમ શેખ બાબતે કોઈ તપાસ કરેલ નથી. ખુદ

ભોગ બનનારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓએ મુંબઈ મુકામે આવ્યા બાદ સૌપ્રથમ નઈમ શેખ સાથે વાત કરેલી. આ હકીકત હોવા છતાં જાણવા જોગની તપાસ કરનાર અને આ ગુન્હાની તપાસ કરનાર અધિકારીઓ દ્વારા ભોગ બનનાર કે આ નઈમ શેખ નામના વ્યક્તિના મોબાઈલ લોકેશન, મોબાઈલ કોલ ડીટેઈલ્સ રેકર્ડ કે ફેસબુક, વ્હોટ્સએપ ચેટીંગના સ્ક્રીન શોટ તપાસના કામે મેળવેલ નથી. આ હકીકતો ફરિયાદ પક્ષના એ કેસ કે આરોપી નં. ૦૧ મનોહર હુસેન કે મુનાવર હુસેન ભોગ બનનારને કોલકત્તામાં મોડેલીંગનું કામ આપવાની લાલચ આપી ભોગ બનનારને મુંબઈ લાવેલ અને ત્યારબાદ તેઓએ આરોપી નં. ૦૩ ને સોંપેલ અને આરોપી ૦૩ નાએ આરોપી નં. ૦૨ અને ૦૪ ની મદદથી આરોપી નં. ૦૫ થી ૦૮ પાસે ભોગ બનનારનો દેહવ્યાપાર કરાવેલ હોવાની હકીકતને કેસના પાયામાં જ નિષ્પ્રાણ બનાવતી રહેલી છે.

(૩૧૭) તપાસ કરનાર અધિકારી શ્રી ડાભીના સમગ્ર પુરાવાનું ખુબ જ કાળજીપુર્વક વિશ્લેષણ અને મુલ્યાંકન કરતા જણાય છે કે, તેમના પુરાવાના માધ્યમથી આરોપીઓની ચોક્કસ ઓળખ માટે કે આરોપીઓએ ગુન્હાના કામે ભજવેલ ચોક્કસ ભાગ બાબતે કોઈ ચસોટ અને નક્કર વિશ્વસનિય હકીકતો રેકર્ડ ઉપર આવેલ નથી. તેવી જ રીતે તપાસ કરનાર અધિકારીના પુરાવા સાથે ફરિયાદી અને જાણવા જોગના તપાસ કરનાર અધિકારી શ્રી ગઢવીના પુરાવાના મુલ્યાંકનના આધારે પણ આવી કોઈ હકીકત રેકર્ડ ઉપર સ્પષ્ટ થતી નથી.

(૩૧૮) તપાસ કરનાર અધિકારી શ્રી ડાભીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આરોપી નં. ૧ નું નામ મુનાવર હુસેન ઉર્ફે અનવર ઉર્ફે મેસન રજાક રહેમાન બિસસ હોય તેવી કોઇ હકીકત જાણવા જોગ દાખલ થઇ ત્યારથી ફરીયાદ દાખલ થઇ ત્યાં સુધી ઉર્ફે વાળા નામ જાહેર થયેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, આરોપી નં. ૦૧ ના બે મોબાઇલ નંબર હોય તેવી કોઇ હકીકત ફરીયાદ દાખલ થઇ ત્યાં સુધી જાહેર થયેલ નહી અને તેઓએ જાણવા જોગ તપાસના કાગળો જોયેલા.

(૩૧૯) ફરિયાદી અને જાણવા જોગની તપાસ કરનાર અધિકારીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, પુછપરછ દરમ્યાન મુનાવર હુસેન નામના વ્યક્તિનો મોબાઇલ નંબર પણ જાહેર થયેલ અને તે નામવાળા વ્યક્તિના મોબાઇલ નંબરની કોઇ

કોલ–ડીટેઈલ મેળવી તેઓએ કામમાં સામેલ રાખેલ નથી અને તેઓની જાણવા જોગની તપાસ દરમ્યાન એવી હકીકત ખૂલેલ કે ભોગ બનનારે આ મુનાવર હુસેન નામની વ્યક્તિ સાથે તેના મોબાઇલ નંબર ઉપર ઘણી બધી વખત વાતચીત કરેલી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, વ્હોટ્સએપ કોલથી કરેલ. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓની જાણવા જોગની તપાસ દરમ્યાન એવી હકીકત આવેલ નહી કે ભોગ બનનાર વ્હોટ્સએપ કોલથી આ મુનાવર હુસેન નામના વ્યક્તિ સાથે વાતચીત કરતા હતા. ફરિયાદીને સવાલ પુછવામાં આવેલ છે કે, આપની તપાસ દરમ્યાન એવી હકીકત પણ ખુલેલ નહી કે મુનાવર હુસેન નામના વ્યક્તિ ભોગ બનનારને ભારત દેશમાં પ્રવેશ માટે મદદ કરી હોય? જેના જવાબમાં જણાવેલ છે કે, મુનાવર હુસેન નામના વ્યક્તિ જ ભોગ બનનારને ભારતમાં લાવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તેમની જાણવા જોગની તપાસના કામે આ મુનાવર હુસેન નામના વ્યક્તિને શોધવા માટે કોઈ પ્રયત્ન કરેલા નથી.

(૩૨૦) ફરિયાદીએ તેઓની ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓની જાણવા જોગની તપાસ દરમ્યાન એવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નહી કે મુનાવર હુસેન નામની વ્યક્તિનું ફેસબુક આઇ.ડી. અનવરહુસેન જોયના નામથી હતુ અને અનવરહુસેન જોય નામની વ્યક્તિના ફેસબુક આઇ.ડી. ડીટેઈલ ડાઉનલોડ કરી તેઓની જાણવા જોગ તપાસના કામે કબજે લીધેલ નહી અને ફરીયાદ આપતા અગાઉ મુનાવર હુસેન તથા અનવરહુસેન જોય નામના વ્યક્તિ એક જ છે કે કેમ? તે બાબતે તેઓએ તેમની જાણવા જોગ તપાસના કામે કોઇ તપાસ કરેલ નહી.

(૩૨૧) આમ, ફરિયાદી અને જાણવા જોગની તપાસ કરનાર અધિકારીના મૌખિક પુરાવાના આધારે હાલના આરોપી નં. ૦૧ મુનાવર હુસેન જોય કે અનવર હુસેન જોય નામના વ્યક્તિ રહેલ હોવાની હકીકત શંકાસ્પદ જણાય છે. આ શંકા એથી પણ વધુ દ્રઢ બને છે કે, જાણવા જોગની તપાસના કામે શ્રી ગઢવીએ આ મુનાવાર હુસેન જોય ના મોબાઈલની કોઈ કોલ ડીટેઈલ્સ મેળવેલ નથી કે અનવર હુસેન જોય નામના ફેસબુક આઈ.ડી. ની કોઈ ડીટેઈલ મેળવેલ નથી. ખુબીની વાત તો એ જણાય છે કે, જાણવા જોગ તપાસના કામે શ્રી ગઢવીએ આ મુનાવર હુસેન જોય અને અનવર હુસેન જોય નામની વ્યક્તિ એક જ છે કે કેમ? તે બાબતે કે આ મુનાવર હુસેન જોય બાબતે

કોઈ તપાસ જ કરેલ નથી અને આ મુનાવર હુસેન જોય નામના વ્યક્તિને શોધવાનો પ્રયત્ન જ કરેલ નથી અને તેમ છતાં ક્યા આધાર પુરાવા ઉપર હાલના આરોપી નં. ૦૧ ને મુનાવર હુસેન જોય કે અનવર હુસેન જોય કે મનોહર હુસેન જોય તરીકે ફરિયાદમાં બતાવી અને મુંબઈથી પકડી લાવી તપાસ કરનાર અધિકારીને સોંપેલ તે બાબતે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી.

(૩૨૨) જાણવા જોગની તપાસ કરનાર શ્રી ગઢવીને તેમની ઉલટ તપાસમાં એવો સવાલ પુછવામાં આવેલ છે કે, મુનાવર હુસેન અને અનવરહુસેન જોય નામની વ્યક્તિઓ એક જ હોવાની બાબતે જાણવા જોગમાં કરેલ તપાસના ક્યા ડોકયૂમેન્ટ અને પુરાવાને આધારે ફરીયાદમાં જાહેર કરેલ છે? જેના જવાબમાં જણાવેલ છે કે, ભોગ બનનારે આપેલ મોબાઇલ નંબરને આધારે. તેઓએ આ હકીકત જણાવ્યા બાદ તેમની જ ઉલટ તપાસમાં એ હકીકત પણ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે આપેલ મોબાઇલ નંબરની કોઇ કોલ ડીટેઇલ કે સીમકાર્ડના ધારકની કોઇ વિગત મેળવી તેઓએ તેમની જાણવા જોગ તપાસના કામે ફરીયાદ આપેલ ત્યાં સુધીમાં સામેલ રાખેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે આપેલ મોબાઇલ નંબરના આધારે મુનાવર હુસેન તથા અનવરહુસેન જોય નામના એક જ વ્યક્તિ હોવાનુ તેઓ તેમની જુબાની દરમ્યાન પ્રથમ વખત જણાવે છે અને તેઓએ આ દિશામાં આજદિન સુધી તેઓની જાણવા જોગ તપાસના કામે કોઇ તપાસ કરેલ નથી.

(૩૨૩) તપાસ કરનાર અધિકારી શ્રી ડાભીના પુરાવાના આધારે જણાય છે કે, તેઓએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓની ટીમ આરોપીની શોધખોળ માટે મુંબઇ જવા રવાના થયેલ ત્યાં સુધી આરોપી નં. ૦૧ નું નામ અને ૯૩ થી શરૂ થતા તેના મોબાઇલ નંબર સિવાય અન્ય કોઇ માહિતિ કે આરોપી નં. ૦૧ નું સરનામુ તપાસના કામે મળેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, ટીમ મુંબઇ જવા રવાના થયેલ ત્યાં સુધી આરોપી નં. ૦૧ નામ મેસન રજાક બિસસ હોવાનું જાહેર થયેલ નહી અને ટીમ મુંબઇ ગઇ ત્યાં સુધી ભોગ બનનારે લખાવેલ મોબાઇલ નં. ૯૩૨૨૨૮૧૧૧૫ નું કોઇ લોકેશન કે કોલ ડીટેઇલ મેળવેલ ન હતી અને તેઓની ટીમ આરોપી નં. ૦૧ મેસન રજાક બિસસને ક્યા આધારે પકડી લાવેલ તેનો કોઇ આધાર પુરાવા રેકર્ડ ઉપર નથી.

(૩૨૪) ફરિયાદી દ્વારા સ્વીકારવામાં આવેલ ઉપરોક્ત હકીકતે તેમના દ્વારા ખુબ જ ગંભીર અને સંવેદનશીલ ગુન્હાની ફરિયાદ આપતા સમયે કે આવા ગુન્હાના કામની જાણવા જોગની તપાસ કરતા સમયે કોઈ કાળજી કે ચિવટ રાખવામાં આવેલ ન હોવાનું અને માત્ર યાંત્રિકતા પુર્વક કોઈ આધાર પુરાવા વિના ફરિયાદ આપેલ હોવાનું જણાય છે. એક જવાબદાર પોલીસ અધિકારી તરીકે માત્ર એક મોબાઈલ નંબરના આધારે અને તે પણ તે મોબાઈલ નંબરના લોકેશન કે કોલ ડીટેઈલ્સ મેળવ્યા વિના કે તેનો અભ્યાસ કર્યા વિના કોઈ વ્યક્તિ સામે ફરિયાદ આપવામાં આવે કે તેમને ગુન્હાના કામે સાંકળવામાં આવે તે બાબત તેમની તપાસના કામે ઉણપ દર્શાવે છે. તેનાથી પણ વિશેષ આ ગુન્હાની તપાસ કરનાર અધિકારી દ્વારા સ્વીકારવામાં આવેલ ઉપરોક્ત હકીકતો તેમની ખામી યુક્ત તપાસ તરફ નિર્દેશ કરે છે. માનવાખાતર માની શકાય કે, ભોગ બનનારના નિવેદનના આધારે ફરિયાદીએ ફરિયાદ આપેલ હોય અને તેમાં આરોપી નં. ૦૧ તરીકે મનોહર હુસેન કે અનવર હુસેન કે મુનાવર હુસેનનું નામ જણાવેલ હોય, પરંતુ તપાસ કરનાર અધિકારી દ્વારા જ્યારે તપાસના કામે બેદરકારી દાખવવામાં આવે અને ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન કોઈપણ ક્ષોભ વિના આરોપી નં. ૦૧ તરીકે મેસન રજાક બિસસ નામ જાહેર થયેલ ન હોવા છતાં ફરિયાદમાં દર્શાવેલ મોબાઈલ નંબરની કોલ ડિટેઈલ્સ મેળવ્યા વિના તેઓની ટીમ આરોપી નં. ૦૧ મેસન રજાક બિસસને ક્યા આધારે પકડી લાવેલ તેનો કોઇ આધાર પુરાવો રેકર્ડ ઉપર નથી તેવુ સ્વીકારવામાં આવે ત્યારે તે બાબત ફરિયાદ પક્ષના કેસ માટે આત્મઘાતી સમાન બને છે. જો હાલના આરોપી મેસન રજાક બિસેસને ક્યા આધારે ફરિયાદમાં દર્શાવેલ આરોપી નં. ૦૧ તરીકે કે મનોહર હુસેન કે અનવર હુસેન કે મુનાવર હુસેન તરીકે પકડી લાવવામાં આવેલ કે અટક કરવામાં આવેલ તેનો કોઈ આધાર પુરાવો જ ગુન્હાની તપાસ કરનાર અધિકારી પાસે ન હોય ત્યારે તેમના દ્વારા આરોપી નં. ૦૧ સામે કરવામાં આવેલ ચાર્જશીટ સામે જ પ્રશ્નાર્થ ઉભો થાય છે અને આરોપી નં. ૦૧ સામેના ફરિયાદ પક્ષના કેસને શંકાસ્પદ બનાવે છે.

(૩૨૫) ફરિયાદીના પુરાવાને ધ્યાને લેતા જણાય છે કે, તેઓએ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ફરીયાદમાં પણ આરોપી સોનિયાનું સરનામુ પશ્ચિમ બંગાળ અને બોમ્બેનું દર્શાવેલ છે અને તેઓએ ફરીયાદ આપી ત્યાં સુધીમાં આરોપી સોનિયા બાંગ્લાદેશના નાગરીક હોવાની કોઇ હકીકત તેઓની જાણવા જોગ તપાસમાં ખૂલેલ

નહી. ફરિયાદીએ સ્વીકારેલ છે કે, તા.૦૬/૦૯/૨૦૨૩ થી તા.૧૩/૦૯/૨૦૨૩ સુધી ભોગ બનનાર તેઓના પોલીસ સ્ટેશનમાં રીસ્ટ્રીકશનમાં હતા અને ફરીયાદ દાખલ થતા સુધીમાં ભોગ બનનારે આરોપી સોનિયા ઉપર કોઇપણ પ્રકારના આક્ષેપ કરેલા નહી અને તેઓની તપાસ દરમ્યાન આરોપી સોનિયા મૂળ રહેવાસી પશ્ચિમ બંગાળ ગામ– પાનીતળ, જી. ઉત્તર ૨૪ પરગણા ની રહેવાસી હોવાનુ તથા હાલ નાલાસોપારા, બોમ્બે રહેતા હોવાનુ જાહેર થયેલ અને તેઓની તપાસ દરમ્યાન સોનિયાનું આધારકાર્ડ મંગાવી તેના રહેઠાણ બાબતેની તપાસ પણ કરેલી. ફરિયાદીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તા.૧૧/૦૯/૨૦૨૩ ના રોજ તેઓએ સોનિયાનું નિવેદન લઇ તેણીને જવા દીધેલી. તેઓએ સ્વીકારેલ છે કે, તા.૧૧/૦૯/૨૦૨૩ ના રોજ આરોપી સોનિયાના નિવેદન સમયે તેમના દ્વારા રજુ કરવામાં આવેલ પાસપોર્ટ અને આધારકાર્ડની ચકાસણી કરતા તેણી મૂળ પશ્ચિમ_બંગાળના રહેવાસી હોવાનું અને હાલ બોમ્બે રહેતા હોવાનું જાહેર થતા તેણીને જવા દીધેલી અને તા.૧૧/૦૯/૨૦૨૩ સુધી આરોપી સોનિયા વિરુધ્ધ કોઇ કોગ્નીઝેબલ ગુન્હાની હકીકત જાહેર થયેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, તા.૧૧/૦૯/૨૦૨૩ થી તા.૧૩/૦૯/૨૦૨૩ દરમ્યાન તેઓએ કોઇ વિશેષ તપાસ કરેલ નહી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તા.૧૩/૯/૨૦૨૩ ના રોજ તેઓએ જે ફરીયાદ આપેલ તેમા જણાવેલ ગુન્હાના કોઇ આવશ્યક તત્વો તેઓની જાણવા જોગ તપાસ દરમ્યાન જણાય આવેલા નહી.

(૩૨૬) તેવી જ રીતે તપાસ કરનાર અધિકારીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આરોપી નં. ૦૩ સોનિયાને કોણ? કયારે? અને કેવી રીતે? તેઓની સમક્ષ લાવેલ તેનો કોઇ પુરાવો તપાસના કામે સામેલ નથી. તપાસ કરનાર અધિકારીના પુરાવાના આધારે જણાય છે કે, તેઓએ પણ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, જાણવા જોગના કામે ભોગ બનનારનું તથા આરોપી સોનિયાનું પણ નિવેદન લેવામાં આવેલ અને જાણવા જોગના કામે તા.૧૧/૦૯/૨૦૨૩ ના રોજ આરોપી સોનિયાનું નિવેદન લેવામાં આવેલ અને ત્યારબાદ તેના આધાર પુરાવા અને પાસપોર્ટની કોપી લઇ તેને ઘરે જવા દીધેલ અને તા.૧૧/૦૯/૨૦૨૩ થી તા.૧૩/૦૯/૨૦૨૩ સુધી જાણવા જોગની કોઇ વધુ તપાસ થયેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, ચાર્જશીટમાં આરોપી નં. ૦૧ અને ૦૩ ના સરનામાની વિગતમાં હાલ રહે. પનીતર, થાણા બોસીરહાત, રાજય પશ્ચિમ બંગાળ દર્શાવેલ છે અને તેઓની

તપાસ દરમ્યાન આરોપી નં. ૦૧ અને ૦૩ નાઓ મુળ બાંગ્લાદેશના રહેવાસી હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેઓ રૂબરૂના નિવેદનમાં આરોપી નં.૦૧ અને ૦૩ નાએ તેઓ બાંગ્લાદેશના હોવાનું જણાવેલ અને તેથી તેઓએ એસ.પી. સાહેબને આ અંગે રીપોર્ટ કરેલ અને ત્યારબાદ એસ.પી.સાહેબ દ્વારા જોઇન્ટ ઇન્ટ્રોગેશન કરાવવામાં આવેલ. તેઓએ સ્વીકારેલ છે કે, તા. ૨૩/૦૯/૨૦૨૩ સુધી આરોપી નં. ૦૧ , ૦૨ અને ૦૩ પોલીસ રીમાન્ડના કામે તેઓની કસ્ટડીમાં હતા અને તેઓના રૂબરૂના નિવેદન અને જોઇન્ટ ઇન્ટ્રોગેશન રીપોર્ટ સિવાય આરોપી નં. ૦૧ અને ૦૩ બાંગ્લાદેશના રહેવાસી હોય તેવો કોઇ પુરાવો તેમની પાસેથી મળી આવેલ નહી.

(૩૨૭) તપાસ કરનાર અધિકારી શ્રી ડાભી દ્વારા તેમની ઉલટ તપાસમાં સ્વીકારવામાં આવેલ છે કે, તેમની તપાસ દરમ્યાન એવી હકીકત ખુલેલી કે આરોપી નં. ૦૩ તેના પતિ સાથે મુંબઈ મુકામે રહેતા હતા અને તપાસ દરમ્યાન એવી હકીકત પણ ખુલેલ કે આરોપી નં. ૦૩ ના પતિ મુળ બંગાળ રાજ્યના ૨૪ પરગણા જીલ્લાના રહેવાસી છે અને આરોપી નં. ૦૩ મુંબઈ મુકામે રહે છે તેનું પુરૂ સરનામું તપાસના કામે તેઓ પાસે હતુ અને આરોપી નં. ૦૩ મુંબઈમાં જ્યાં રહે છે ત્યાં અને તેમના પતિ મુળ ૨૪ પરગણા જીલ્લામાં બંગાળમાં રહે છે ત્યાં તેઓએ કોઈ તપાસ કરેલી નહી અને આ બન્ને સ્થળના કોઈ વ્યક્તિઓના નિવેદન તેઓએ મેળવેલ નહી. તપાસ કરનાર અધિકારીએ સ્વીકારેલ છે કે, તેઓની તપાસના કામે મુંબઈ, વલસાડ, સુરત અને આણંદ શહેરના નામ ખુલેલા અને આ સુરત અને વલસાડના કોઈ સ્થળે તેઓ તપાસ માટે ગયેલ નથી કે ત્યાંના કોઈ વ્યક્તિઓના નિવેદનો તેઓએ લીધેલ નથી અને આ ચાર શહેરોમાંથી કોઈપણ જગ્યામાંથી આરોપી નં. ૦૩ નો કોઈ ગુન્હાહીત ઈતિહાસનો રીપોર્ટ તેઓને મળેલ નહી. ફરિયાદીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ભોગ બનનારનુ ઇન્ટ્રોગેશન કરેલ તેમાં કુલ–૮ સભ્યો પૈકી તેઓ પણ હતા અને તેના ઇન્ટ્રોગેશન દરમ્યાન તા. ૨૯/૦૮/૨૦૨૩ ના રોજ સોનિયા સાથે ભોગ બનનાર એ જ વ્યક્તિ જેનુ નામ નથી મોબાઇલ નંબર છે તે વ્યક્તિ રેલ્વે પોલીસમાં હતી અને તેના કવાર્ટસમાં રોકાયેલા હતા અને તેઓ જે વ્યક્તિના રેલ્વે પોલીસના કવાર્ટર્સમાં રોકાયેલ હતા તે વ્યક્તિનું નિવેદન તેઓએ લીધેલ નથી. તપાસ કરનાર અધિકારીએ સ્વીકારેલ છે કે, આંક–૧૯૧ ના રીપોર્ટ મુજબ ભોગ બનનાર અને આરોપી નં. ૦૩ સોનિયા વલસાડ

ખાતે રેલ્વે પોલીસના કવાર્ટસમાં એક વ્યક્તિને ત્યાં રોકાયેલા હોવાનું અને તે વ્યક્તિના મોબાઇલ નંબર પણ જાહેર થયેલ અને આ વ્યક્તિની તપાસ કરી તપાસના કામે તેનુ કોઇ નિવેદન લીધેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓની તપાસમાં એવી હકીકત ખુલેલ કે આરોપી નં. ૦૩ વલસાડ મુકામે તેમના ગુરૂભાઈ પાસે રાખડી બંધાવવા માટે ગયેલ અને તપાસના કામે આરોપી નં. ૦૩ ના ગુરૂભાઈનો ફોન નંબર પણ તેઓને મળેલ અને તેઓએ રૂબરૂમાં કે ફોન ઉપર આરોપી નં. ૦૩ ના ગુરૂભાઈનું કોઈ નિવેદન મેળવેલ નથી. આમ, તપાસ કરનાર અધિકારી દ્વારા આરોપી નં. ૦૩ ને આ ગુન્હાના કામે સાંકળતા કોઈ પુરાવાઓ મેળવવામાં આવેલ ન હોવાનું ફલિત થાય છે.

(૩૨૮) ફરિયાદી શ્રી ગઢવી અને તપાસ કરનાર અધિકારી શ્રી ડાભીના ઉપરોક્ત મુજબના સ્વીકૃત કથનો એ બાબત દર્શાવે છે કે, તા. ૧૧/૦૯/૨૦૨૩ ના રોજ આરોપી સોનીયાનું નિવેદન લઈ જાણવા જોગ તપાસ કરનાર અધિકારીએ જવાબ લીધેલ અને તેઓએ ત્યારબાદ તા. ૧૩/૦૯/૨૦૨૩ સુધી જાણવા જોગની કોઈ તપાસ કરેલ નથી અને આંક–૧૯૫ વાળી ફરિયાદ તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ આપેલ અને તેમાં આરોપી નં. ૦૩ તરીકે સોનીયાને કોઈ આધાર પુરાવા વિના અને ભોગ બનનારે ફરિયાદી સમક્ષ જાણવા જોગ તપાસના કામે કોઈ આક્ષેપો કરેલ ન હોવા છતાં આરોપી તરીકે દર્શાવેલ અને તપાસ કરનાર અધિકારી સમક્ષ આરોપી નં. ૦૩ તરીકે સોનીયાને કોણ, ક્યારે અને કઈ રીતે લાવેલ તેનો કોઈ પુરાવો તપાસના કામે સામેલ નથી. જે બાબત ફરિયાદ પક્ષના આરોપી નં. ૦૩ સામેના કેસને શંકાના દાયરામાં મુકે છે.

(૩૨૯) તપાસ કરનાર અધિકારીના મૌખિક પુરાવાના આધારે જણાય છે કે, તેઓએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, સુનિલ ઉર્ફે જેઠાનંદ નામનો વ્યક્તિ એક જ હોય તેવા કોઈ પુરાવા તેઓએ મેળવેલ નથી અને તેઓએ સુનિલ ઉર્ફે જેઠાનંદના મોબાઈલની કોલ ડીટેઈલ તથા ભોગ બનનાર અને આરોપી નં. ૦૩ નાઓની કોલ ડીટેઇલ મેળવી એકબીજા સાથે સરખામણી કરેલ હોય તેવુ બનેલ નથી. તપાસ કરનાર અધિકારી દ્વારા સ્વીકારવામાં આવેલ આ હકીકતો આરોપી નં. ૦૨ તરીકે આ કામે રહેલ આરોપી જેઠાનંદ ઉર્ફે સુનિલ ઘનશ્યામભાઈ સેવકાની સામેના ફરિયાદ પક્ષના કેસ સામે પ્રશ્નાર્થ મુકે છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારી તરીકે તપાસ કરનાર

અધિકારી દ્વારા આ ગુન્હાની ગંભીરતા અને સંવેદનશીલતા ધ્યાને લીધા વિના યાંત્રિકતા પુર્વક માત્ર ફરિયાદ હકીકત અને ભોગ બનનારના નિવેદનના આધારે આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ હોવાનું તપાસ કરનાર અધિકારીની જુબાની ઉપરથી જણાય આવે છે.

(૩૩૦) તપાસ કરનાર અધિકારીના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરતા જણાય છે કે, તેઓએ તેમની જુબાનીમાં આ કામના આરોપી નં. ૦૪ વિરુધ્ધ તેમની તપાસ દરમ્યાન ક્યો પુરાવો મળી આવેલ અને ક્યા આધારે તેઓએ આરોપી નં. ૦૪ ને આ ગુન્હાના કામે જોડેલ છે તે બાબતે કોઈ હકીકત જણાવેલ નથી. તપાસ કરનાર અધિકારીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આરોપી અમૃતભાઇ ભોગ બનનારને તેણીની ઇચ્છા વિરુદ્ધ એક હોટલ થી બીજી હોટલે લઇ ગયેલ હોય તેવો કોઇ પુરાવો રહેલ નથી.

(૩૩૧) તપાસ કરનાર અધિકારીના પુરાવાને ઝીણવટભરી રીતે મુલ્યાંકીત કરતા જણાય છે કે, તેઓએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આરોપી નં. ૪, ૬, ૭ નાએ ભોગ બનનારનું કોઇ અપહરણ કરેલ નથી કે ભોગ બનનારને બાંગ્લાદેશથી ભારતમાં લાવેલ નથી કે બોલાવેલ નથી અને આરોપી નં. ૪, ૬, ૭ નાઓએ ભોગ બનનારને કોઇ અન્ય વ્યક્તિને વેચેલ હોય કે કાયમી માટે ખરીદેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ જણાવેલ છે કે, એ તેઓ કહી શકે નહી કે, આરોપી નં. ૪, ૬, ૭ નાએ કોઇ જાણ સાથે સગીર બાળાને મેળવેલ હોય એવુ બનેલ નથી. જ્યારે કોઈ પોલીસ અધિકારી ગુન્હાની તપાસ કરનાર અધિકારી તરીકે સોગંદ ઉપર જુબાની આપતા હોય ત્યારે કાયદાના સિદ્ધાંતો તેમની પાસે એક ખુબ જ ઉચ્ચ કોટીના સમર્પણ ભાવ અને તપાસની ઝીણી ઝીણી બાબતોની જાણકારીની અને માહિતીની અપેક્ષા રાખે છે. તેવા સંજોગોમાં તપાસ કરનાર અધિકારી દ્વારા જ્યારે ખ્યાલ નથી, ખબર નથી, જાણમાં નથી, કહી શકે નહી તેવી હકીકતો વાળા જવાબ આપવામાં આવે ત્યારે તેમનો પુરાવો જ ફરિયાદ પક્ષને હાની પહોંચાડે છે.

(૩૩૨) તપાસ કરનાર અધિકારીએ તેમની ઉલટ તપાસમાં એવી હકીકત પણ સ્વીકારેલ છે કે, તમામ આરોપીઓએ એક સાથે મળી એક જગ્યાએ ભેગા થઇ

ગુન્હાહિત કાવતરુ રચેલ હોય તેવો કોઇ પુરાવો તપાસના કામે મળી આવેલ નહી અને આરોપી નં. ૪, ૬, ૭ નાઓએ ભોગ બનનારને તેની ઇચ્છા વિરુદ્ધ ગોંધી રાખેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ એવી પણ સ્વીકારેલ છે કે, તેઓએ ચાર્જશીટમાં આરોપી નં. ૦૫ અને ૦૮ ને ગ્રાહક તરીકે જોડેલા છે અને આરોપી નં. ૦૫ અને ૦૮ અન્ય કોઇ આરોપીઓ સાથે કાવતરુ રચવામાં સંકળાયેલા હોય તેવો લેશમાત્ર પુરાવો રહેલ નથી. તપાસ કરનાર અધિકારી શ્રી ડાભીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આરોપી નં. ૦૫ અને ૦૮ નાએ ભોગ બનનારને કોઇ જગ્યાએ ગોંધી રાખેલ હોય અને તેની સાથે બળાત્કાર કરેલ હોય તેવો ભોગ બનનારના નિવેદન સિવાય કોઇ સ્વતંત્ર પુરાવો મળી આવેલ નથી અને આરોપી નં. ૦૫ અને ૦૮ નાએ ભોગ બનનારને સીધી રીતે નાણા ચૂકવી ખરીદેલ હોય તેવો કોઇ સ્વતંત્ર પુરાવો તપાસના કામે મળી આવેલ નહી.

(૩૩૩) ઉપરોક્ત મુજબની ચર્ચા અનુસાર ફરિયાદી દ્વારા તેમની જાણવા જોગની તપાસના કામે અને આ ગુન્હાની તપાસ કરનાર અધિકારી દ્વારા ગુન્હાની તપાસના કામે ભોગ બનનાર કે કોઈ આરોપીઓ તેમજ ભોગ બનનારે જેમનો સંપર્ક કરેલ તે નિલોય નારાયણ પ્રસાદ ડેય અને ભોગ બનનારના ફેસબુક ફ્રેન્ડ નઈમ શેખના કોઈ કોલ ડીટેઈલ્સ રેકર્ડ, ફેસબુક કે વ્હોટ્સએપ ચેટીંગના સ્ક્રીન શોટ, ફેસબુક એકાઉન્ટની કોઈ વિગતો કે કોઈ મોબાઈલ લોકેશન્સ મેળવી તેની સરખામણી કરી તપાસના કામે સામેલ રાખવામાં આવેલ નથી અને આ કામે પુરાવા તરીકે રજુ કરવામાં આવેલ નથી. ઉપરોક્ત રીતે ખુદ ફરિયાદી અને ભોગ બનનાર સાહેદોના પુરાવાઓ ફરિયાદ પક્ષના આક્ષેપિત કેસની હકીકતોને વિશ્વસનીય સમર્થન અર્પણ કરતા નથી.

(૩૩૪) ફરિયાદીના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરતા જણાય છે કે, ફરિયાદીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ભોગ બનનાર તેમના ઘરેથી કોઇને જાણ કર્યા વિના ભારત આવી ગયેલ તેથી બાંગ્લાદેશ ખાતે ભોગ બનનાર ગુમ થયા અંગે કે અન્ય કોઇ બાબતે કોઇ અરજી કે ફરીયાદ ભોગ બનનારના વાલી દ્વારા થયેલ છે કે કેમ? તે બાબતે તેઓએ કોઇ તપાસ બાંગ્લાદેશ ખાતેની ઇન્ડીયન હાઇકમિશન ઓફીસ મારફતે કરાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, કોઇ વિદેશી વ્યક્તિના દસ્તાવેજોની ચકાસણી તેમજ તેમના દ્વારા જાહેર કરવામાં આવેલ કોઇ માહિતિ જે તે દેશમાં આવેલ ઇન્ડીયન એમ્બેસી મારફતે કરાવી શકાય છે તે તેઓ જાણે છે અને ભોગ બનનારે તેઓ સમક્ષ

જાહેર કરેલ હકીકતની ચકાસણી બાંગ્લાદેશ ખાતેની હાઇકમિશન ઓફીસ મારફતે તેઓએ કરાવેલ નથી.

(૩૩૫) તપાસ કરનાર અધિકારીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓએ ભોગ બનનારના જાણવા જોગના કામના બંને નિવેદન વાંચેલા અને તે બંને નિવેદનમાં ભોગ બનનાર ધોરણ–૧૨ સુધી ભણેલ હોવાનું જણાવેલ અને ધોરણ–૧૨ પછી ભોગ બનનાર બાંગ્લાદેશમાં કેટલુ રોકાયેલા તે બાબતે તેઓએ કોઇ તપાસ કરેલ નહી અને ભોગ બનનાર તેમના ઘરના સભ્યોને જાણ કર્યા વિના ઘરેથી નીકળી ગયેલ તે બાબતે તેમના ઘરના સભ્યોએ કોઇ ફરીયાદ કરી હોય કે બાંગ્લાદેશની સરકાર ભોગ બનનારની શોધખોળ કરતી હોય તેવો કોઇ પુરાવો તપાસના કામે મળી આવેલ નહી. તપાસ કરનાર અધિકારીએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારને વિધ્યાનગર ખાતે કોઇ જગ્યાએ કોઇએ ગોંધી રાખેલ હોય તેવી હકીકત જાણવા જોગમાં તેમજ ભોગ બનનારના તેઓના રૂબરૂના નિવેદનમાં જાહેર થયેલ નહી અને ચાર્જશીટ થતા સુધી ભોગ બનનારને વિધ્યાનગરમાં ગોંધી રાખેલ હોય તેવુ જાહેર થયેલ નહી.

(૩૩૬) ફરિયાદ પક્ષના ઉપરોક્ત મુજબના ખુબ જ મહત્વના સાહેદ તપાસ કરનાર અધિકારી શ્રી એલ.બી.ડાભી દ્વારા ઉપરોક્ત રીતે સ્વીકારવામાં આવેલ હકીકતો એ બાબતે દર્શાવે છે કે, ફરિયાદ પક્ષ દ્વારા આ કામે આરોપીઓ વિરુધ્ધ આક્ષેપાયેલા ગુન્હાઓની સાબિતી માટે કોઈ સ્વતંત્ર અને પર્યાપ્ત પુરાવાઓ તપાસ કરનાર અધિકારી તેમની તપાસ દરમ્યાન મેળવી શકેલ નથી અને શોધી શકેલ નથી અને તે સંજોગોમાં તેમના દ્વારા સ્વીકૃત કર્યા મુજબ આરોપીઓ વિરુધ્ધ કોઈ સ્વતંત્ર પુરાવો આ કામે રજુ થયેલ નથી.

(૩૩૭) તપાસ કરનાર અધિકારીને તેમની ઉલટ તપાસમાં પુછવામાં આવેલ સવાલનો તેઓએ ઈન્કાર કરેલ છે કે, ક્યા આરોપી કઇ હોટલમાં ભોગ બનનાર સાથે ગયેલા તે બાબતેનો કોઇ સ્વતંત્ર પુરાવો તપાસના કામે મળી આવેલ નથી. તપાસ કરનાર અધિકારીને સવાલ પુછવામાં આવેલ છે કે, ભોગ બનનારે તેમના નિવેદનમાં ક્યો ચોક્કસ આરોપી તેણીને કઇ હોટલના કયા રૂમમાં કઇ તારીખે અને કયા સમયે લઇ ગયેલ તે હકીકત સ્પષ્ટ રીતે જણાવેલ નથી? જેના જવાબમાં જણાવેલ છે કે,

નિવેદનમાં આવી સ્પષ્ટ અને ચોક્કસ હકીકત જણાવેલ નથી. ઉપરોક્ત મુજબની વિસ્તૃત ચર્ચા અનુસાર ફરિયાદ પક્ષના આક્ષેપ મુજબ આરોપી નં. ૦૫ થી ૦૮ નાએ ભોગ બનનાર સાથે જે જે હોટલ ખાતે દુષ્કર્મ આચરેલ તેવી ત્રણેય હોટલના જે તે સમયના મેનેજરને પણ ફરિયાદ પક્ષ દ્વારા આ કામે તપાસવામાં આવેલા છે અને તેમના પુરાવાઓના આધારે પણ આ કામના આરોપી નં. ૦૫ થી ૦૮ સામેના આક્ષેપોની સાબિતી વિશ્વસનીય રીતે થયેલ નથી અને એવા કોઈ સી.સી.ટી.વી. ફુટેજીસ કે જેમાં ભોગ બનનાર સાથે આ ત્રણેય હોટલ ખાતે અલગ અલગ સમયે અલગ આરોપીઓ જોવા મળતા હોય તેવા કોઈ આ હોટલના સી.સી.ટી.વી. ફુટેજીસના માધ્યમથી પણ આરોપીઓની ઓળખ પ્રસ્થાપિત થયેલ નથી. ઉપરાતંમાં ભોગ બનનારના મૌખિક પુરાવાના મુલ્યાંકનની ચર્ચા સમયે નોંધવામાં આવેલ હકીકત મુજબ ભોગ બનનારે તેમની સામે આક્ષેપિત દુષ્કર્મના બનાવની કોઈ હકીકત કોઈ હોટલના મેનેજર કે સ્ટાફને જણાવેલ નથી. આ સંજોગોમાં ફરિયાદ પક્ષ તપાસ કરનાર અધિકારીના પુરાવાના આધારે આરોપી નં. ૦૫ થી ૦૮ સામેના આક્ષેપિત તહોમતની સાબિતી માટે કોઈ વિશ્વસનીય પ્રમાણ કે પુરાવો રજુ કરી શકેલ નથી.

(૩૩૮) આ કામે રેકર્ડ ઉપરના પુરાવાઓનું અત્યંત સાવચેતીપુર્વક અને બારીકાઇથી મુલ્યાંકન કરતા જણાય છે કે, આ કામના ભોગ બનનારને સૌપ્રથમ વિધાનગર પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવેલા તે જ દિવસે તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ તેમની શારીરિક તપાસ કરાવવામાં આવેલી અને તે શારીરિક તપાસનું પ્રમાણપત્ર આ કામે આંક – ૧૯૦ થી રજુ થયેલ છે. તે દિવસે ભોગ બનનારને શારીરિક તપાસ માટે મોકલનાર પોલીસ અધિકારી એટલે આ કામના ફરિયાદીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, જાણવા જોગની તપાસ દરમ્યાન ભોગ બનનારની મેડીકલ તપાસ કરાવેલી અને આંક–૧૯૦ વાળુ સર્ટીફીકેટ મેળવેલ અને આંક–૧૯૦ વાળા સર્ટીફીકેટમાં ભોગ બનનાર સાથે કોઇ શારીરિક સંભોગ કે દુષ્કર્મ થયા અંગેની કોઇ હીસ્ટ્રી કે ડોકટરનો કોઇ રીપોર્ટ રહેલ નથી. ફરિયાદીને ઉલટ તપાસ દરમ્યાન એવો સવાલ પુછવામાં આવેલ છે કે, આંક–૧૮૯ વાળી યાદીમાં પણ ભોગ બનનાર સાથે કોઇ દુષ્કર્મ થયા અંગેની હકીકત જણાવવામાં આવેલ નથી? જેના જવાબમાં ફરિયાદીએ જણાવેલ છે કે, આ યાદી ભોગ બનનારની મેડીકલ તપાસ કરી તેનું સર્ટીફીકેટ આપવા માટે જ કરેલ છે. ફરિયાદી દ્વારા તેમના આ જવાબ મારફતે જે

આંક–૧૮૯ વાળી તેમના દ્વારા મેડીકલ ઓફીસર શ્રીને કરવામાં આવેલ યાદી બાબતે ખુલાસો રજુ કરવામાં આવેલ છે તે ખુલાસો કાયદાની પરિભાષામાં તદ્દન વ્યર્થ અને અસ્વીકાર્ય રહેલ છે. રેકર્ડ ઉપર ઉદ્ભભવેલી તમામ હકીકતો એ બાબત દર્શાવે છે કે, જ્યારે ૧૮૧ અભયમ મહીલા હેલ્પ લાઈનની આણંદ ટીમ દ્વારા ભોગ બનનારને વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવેલ ત્યારે તા. ૦૬/૦૯/૨૦૨૩ ના વહેલી સવારના સમયે ભોગ બનનારની સૌપ્રથમ પુછપરછ આ કામના ફરિયાદી અને તત્કાલીન વિધ્યાનગર પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી જી.એસ.ગઢવી દ્વારા કરવામાં આવેલ. આ શ્રી ગઢવી તેમની જુબાનીમાં જે જાણવા જોગ તપાસના કામે ભોગ બનનારની શારીરિક તપાસ કરાવવામાં આવેલ હોવાનું જણાવે છે તે જાણવા જોગની જાહેરાત પણ તેમના દ્વારા ભોગ બનનારે તેમના સમક્ષ આપેલ નિવેદનના આધારે તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ આપેલ હોવાનું સ્પષ્ટ થાય છે. શ્રી ગઢવીએ તેમની આંક–૧૮૭ વાળી જાહેરાતમાં સ્પષ્ટપણે એવી હકીકત જણાવેલ છે કે, “ત્યાં એક હોટલમાં રોકાયેલા ત્યારબાદ તા. ૦૧/૦૯/૨૦૨૩ રોજ ત્યાં મારી સાથે સુનિલે મોકલેલ એક માણસે મારી સાથે શારીરિક સબંધ બાંધેલ અને ત્યારબાદ બીજે દિવસે પણ અમે વડોદરા ખાતે રોકાયેલ અને ત્યાં બીજે દિવસે પણ બીજા એક માણસે મારી સાથે શારીરિક સબંધ બાંધેલ", અને "એક હોટલમાં લઈ ગયેલ અને ત્યાં એક વ્યક્તિએ મારી સાથે શારીરિક સબંધ બાંધેલ ત્યારબાદ એ જ દિવસે રાતે નાઈટમાં પણ ત્રણ વ્યક્તિઓએ મારી સાથે શારીરિક સબંધ બાંધેલ". આમ, તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ શ્રી ગઢવીએ ભોગ બનનારના નિવેદનના આધારે આપેલ જાહેરાતમાં ભોગ બનનારે તેમના સમક્ષ તેણીની સાથે અલગ અલગ વ્યક્તિઓએ શારીરિક સબંધ બાંધેલ હોવાની હકીકત જણાવેલ હોવાનું સ્પષ્ટ થાય છે. આ હકીકત હોવા છતાં જાણવા જોગની તપાસ કરનાર શ્રી ગઢવી દ્વારા ભોગ બનનારની કોઈ શારીરિક તપાસ દુષ્કર્મના બનાવ બાબતે કરાવવામાં આવેલ નથી અને તેથી તેમના દ્વારા કરવામાં આવેલ ખુલાસો કે આંક–૧૮૯ વાળી યાદી ફક્ત ભોગ બનનારની મેડીકલ તપાસ કરવા બાબતે રહેલી તે ફરિયાદ પક્ષના કેસને શંકાસ્પદ બનાવે છે. આંક–૧૮૯ વાળી યાદી ધ્યાને લેતા તેમાં ભોગ બનનારની શારીરિક તપાસ કોઈ દુષ્કર્મના બનાવ બાબતે કરાવવા માટે મેડીકલ ઓફીસર શ્રીને યાદી થયેલ તેવી હકીકત જણાતી નથી. જે બાબત આંક–૧૮૭ વાળી જાહેરાતની વિશ્વસનીયતાને શંકાસ્પદ બનાવે છે.

(૩૩૯) આ મુદ્દા બાબતે તપાસ કરનાર અધિકારી શ્રી ડાભીના મૌખિક પુરાવાને ધ્યાને લેતા જણાય છે કે, તેઓએ તેઓની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, જાણવા જોગના કામે ભોગ બનનારનું મેડીકલ કરાવવામાં આવેલ. તેઓએ સ્વીકારેલ છે કે, તે મેડીકલ સર્ટીફીકેટ તેઓની તપાસ દરમ્યાન જોયેલ. તેઓએ તે મેડીકલ સર્ટીફીકેટ જોઇ સ્વીકારેલ છે કે, તે મેડીકલ સર્ટીફીકેટમાં ભોગ બનનારે બનાવ સબંધે કોઇ હીસ્ટ્રી આપેલ હોય કે તેની સાથે કોઇ બળાત્કાર સંભોગ થયેલ હોય તે અંગે કોઇ તપાસ થયેલ હોય તેવુ જણાવેલ નથી.

(૩૪૦) આમ, ફરિયાદી અને તપાસ કરનાર અધિકારી દ્વારા સ્વીકારવામાં આવેલ આ હકીકતો અને આંક–૧૯૦ વાળું ભોગ બનનારની સૌપ્રથમ તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ થયેલ શારીરિક તપાસનું પ્રમાણપત્ર ભોગ બનનાર સાથે આક્ષેપિત દુષ્કર્મ આચરવામાં આવેલ હોવાની હકીકત બાબતે શંકા દર્શાવે છે. આંક–૧૯૦ નું તબીબી પ્રમાણપત્ર ધ્યાને લેતા તેમાં ભોગ બનનાર દ્વારા તેણીની સાથે કોઈ દુષ્કર્મ આચરવામાં આવેલ હોય તેવી હિસ્ટ્રી જણાવેલ હોય તેવુ સ્પષ્ટ થતુ નથી અને આ તબીબી પ્રમાણપત્રના આધારે ભોગ બનનારના શરીર ઉપર કોઈ ઈજા કે ઈજાના નિશાનો જણાય આવેલ હોય તેવુ પણ સ્પષ્ટ થતુ નથી.

(૩૪૧) રેકર્ડ પરના પુરાવાઓના આધારે એ હકીકત પણ ફલિત થાય છે કે, ભોગ બનનારને વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવેલ ત્યારે તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ ભોગ બનનાર તથા ભોગ બનનારની સાથે મળી આવેલ સોનીયાબેન વા/ઓ વેંકટ શીંદિની અંગઝડતીનું આંક–૧૮૮ વાળું પંચનામુ કરવામાં આવેલ. આ પંચનામા બાબતે પણ ફરિયાદી શ્રી ગઢવીને તેમની ઉલટ તપાસમાં આરોપી પક્ષ તરફે સવાલો પુછવામાં આવેલા અને તે દરમ્યાન ફરિયાદીએ સ્વીકારેલ છે કે, આંક–૧૮૮ ના અંગઝડતીના પંચનામા દરમ્યાન પણ ભોગ બનનાર સાથે શારીરિક સંભોગ થયેલ હોય તેવુ જાહેર થયેલ નહી કે પંચનામામાં કોઇ ઉલ્લેખ નથી. ફરિયાદી અને જાણવા જોગની તપાસ કરનાર અધિકારી શ્રી ગઢવીએ તેમની ઉલટ તપાસમાં એ હકીકત પણ સ્વીકારેલ છે કે, ભોગ બનનારના અંગઝડતીના પંચનામા દરમ્યાન ભોગ બનનારના શરીર ઉપર કોઇ માર મારવાના કે અન્ય ઈજાના નિશાનો જણાયેલા નહી અને તેઓ રૂબરૂના ભોગ બનનારના નિવેદનમાં ભોગ બનનારને ગોંધી રાખેલ હોય

તેવી હકીકત જાહેર થયેલ નથી. આમ, ફરિયાદી અને જાણવા જોગની તપાસ કરનાર અધિકારી દ્વારા સ્વીકારવામાં આવેલ હકીકત ફરિયાદ પક્ષના કેસ પરત્વે નિર્માણ થયેલ શંકાને વધુ મજબુત બનાવે છે.

(૩૪૨) તપાસ કરનાર અધિકારીના મૌખિક પુરાવાના આધારે એવી હકીકત પણ ફલિત થાય છે કે, તેઓએ તપાસ કરનાર અધિકારી તરીકે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી કોઈ હકીકત જણાવેલ નથી કે, કોઈ આરોપીઓએ ભોગ બનનારને લાલચ કે ધમકી આપી બાંગ્લાદેશ થી તેમના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભારતમાં ગેરકાયદેસર પ્રવેશ કરાવી લાવી અને કોઈ વેશ્યાગૃહ ચલાવી ભોગ બનનારની દેહવ્યાપાર માટે ખરીદ કે વેચાણ કરી કરાવી તેવી આવક ઉપર નિર્ભર રહી તે રીતે નાણાના બદલામાં દેહવ્યાપાર કરી કે કરાવી ભોગ બનનાર સાથે દુષ્કર્મ કે બળાત્કાર આચરી અને તેમાં મદદગારી કરી કરાવી આક્ષેપિત ગુન્હો આચરેલ હોય.

(૩૪૩) આરોપી નં. ૦૩ તરફે વિદ્વાન વકિલશ્રી ઝેડ.એ.ગાંધી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આરોપી નં. ૦૩ કોઈ વેશ્યાગૃહ ચલાવતા નથી કે તેની આવક ઉપર નિર્ભર નથી અને તેઓ આવા દેહ વ્યાપાર સાથે સંકળાયેલા નથી અને તેઓએ ભોગ બનનાર પાસે કોઈ દેહ વ્યાપાર કરાવેલ નથી. આ રજુઆત સંદર્ભે તેઓએ નામદાર આંધ્ર પ્રદેશ હાઈકોર્ટના **Goenka Sajan Kumar Vs. The State of A.P.** ના કેસના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. નામદાર આંધ્ર પ્રદેશ હાઈકોર્ટ દ્વારા આ ચુકાદામાં નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

> "5. None of these sections speak about punishment to the customer of a brothel house. Admittedly. the petitioner does not fall under the provisions of Sections 3 to 7 of the Act, as the petitioner was not running a brothel house nor did he allow his premises to be used as a brothel house. The petitioner is not alleged to be living on the earnings of prostitution. It is also not the case of the prosecution that the petitioner was procuring, inducing or in dicing any person for the sake of prostitution nor is it the case of the prosecution that any person was earning on the premises where prostitution is carried out."

(૩૪૪) હાથ ઉપરના કેસમાં ઉપરોક્ત મુજબની વિસ્તૃત ચર્ચા અનુસાર ફરિયાદ પક્ષ આ કામના આરોપીઓ પૈકી કોઈ આરોપી કોઈ ચોક્કસ સ્થળે વેશ્યાગૃહ ચલાવતા હોય અને તેના થકી દેહવ્યાપાર કરી કરાવી નાણા મેળવતા હોય તથા તેવા દેહવ્યાપાર માટે કોઈ બાળા કે સ્ત્રી નાણાના બદલામાં ખરીદ વેચાણ કરી કરાવતા હોય અને તેવી આવક ઉપર નિર્ભર હોય કે દેહવ્યાપાર માટે કોઈ આરોપીએ ભોગ બનનારને ખરીદેલ હોય કે કોઈ આરોપીએ વેચેલ હોય તેવો કોઈ વિશ્વસનીય અને માનવાલાયક પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય તેથી ઉપરોક્ત ચુકાદો આરોપી પક્ષને મદદરૂપ થતો હોવાનું આ અદાલતનું નમ્ર મંત્વય રહેલ છે.

(૩૪૫) તપાસ કરનાર અધિકારી દ્વારા તેમની તપાસના કામે સૌથી અગત્યનો દસ્તાવેજ ૧૮૧ અભયમ હેલ્પ લાઈનની હેડ ઓફીસ ખાતે સાહેદ નિલોય નારાણય પ્રસાદ ડેય દ્વારા જાણ કરવામાં આવતા આણંદની ટીમ દ્વારા ભોગ બનનારને વિધ્યાનગર ખાતેથી એક ફ્લેટમાંથી બહાર લાવવામાં આવેલ અને વિધ્યાનગર પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવેલ તે બાબતના ૧૮૧ ની ટીમ દ્વારા તૈયાર કરવામાં આવેલ પી.સી.આર. ફોર્મ પણ કબજે કરવામાં આવેલ ન હતો. તપાસ કરનાર અધિકારીએ સ્વીકારેલ છે કે, તપાસના કામે તેઓએ ૧૮૧ હેલ્પલાઇન વાળાનું પી.સી.આર. ફોર્મ મેળવેલ હોય તેવુ બનેલ નથી. તપાસ કરનાર અધિકારીને તેઓની જુબાની દરમ્યાન આંક–૧૩૩ વાળુ પી.સી.આર ફોર્મ આરોપી પક્ષ તરફે બતાવવામાં આવેલ, જો જોઇને તેઓએ સ્વીકારેલ છે કે, તેમાં ભોગ બનનારની ઉંમર ૨૨ વર્ષ દર્શાવેલ છે.

(૩૪૬) તપાસ કરનાર અધિકારીના સમગ્ર પુરાવાનું ચીવટપુર્વક મુલ્યાંકન કરતા જણાય છે કે, તેમના દ્વારા તેમની જુબાનીમાં તપાસના કામે કોઈપણ હોટલના સી.સી.ટી.વી. ફુટેજમાં આ કામના ભોગ બનનાર આ કામના અલગ અલગ આરોપીઓ સાથે જોવા મળતા હોય તેવા સી.સી.ટી.વી. ફુટેજ કબજે કરેલ હોવાનું જણાવતા નથી. તપાસ કરનાર અધિકારીએ તેમની ઉલટ તપાસ દરમિયાન આંક–૧૦૧ થી રજુ થયેલ સી.સી.ટી.વી. ફુટેજના સ્ક્રીન શોટ જોઈ જણાવેલ છે કે, તેમાં ભોગ બનનાર અને આરોપી સાથે જોવા મળતા હોય તેવા કોઈ પણ ફુટેજીસ રહેલા નથી.

(૩૪૭) આમ, તપાસ કરનાર અધિકારી દ્વારા આ કામે ભોગ બનનાર અને આરોપીઓના મોબાઈલના લોકેશન્સ, કોલ ડીટેઈલ્સ રીપોર્ટ, ફેસબુક અને વ્હોટ્સએપના ચેટીંગના સ્ક્રીન શોટની વિગતો મેળવવામાં આવેલ નથી અને પુરાવાના કામે રજુ કરવામાં આવેલ નથી અને ભોગ બનનાર સાથે આરોપીઓને સાંકળતા કોઈ સી.સી.ટી.વી. ફુટેજીસ પણ કબજે કરવામાં આવેલ નથી અથવા તો તેવા સી.સી.ટી.વી. ફુટેજીસ મારફતે પુરાવાના કામે આરોપીઓની કોઈ ઓળખ પ્રસ્થાપિત કરવામાં આવેલ નથી.

(૩૪૮) તપાસ કરનાર અધિકારીએ તેમની ઉલટ તપાસમાં એ હકીકત પણ સ્વીકારેલ છે કે, તપાસના કામે મેળવેલ હોટલના રજીસ્ટરના ઉતારા તેમજ તેની સાથેના દસ્તાવેજ મુજબ ઝાકીયા બિસસ નામના વ્યક્તિનું આધાર કાર્ડ હોટલમાં રજુ થયેલુ અને ઝાકીયા બિસસ નામના વ્યક્તિનું ખોટું આધાર કાર્ડ રજુ થયેલ હોય તે બાબતે તેઓએ કોઈ તપાસ કરેલ નહી અને ઝાકીયા બિસસ નામની વ્યક્તિના આધાર કાર્ડ મુજબ તે ઝાકીયા બિસસ નામની વ્યક્તિ ૨૨ વર્ષની ઉંમરના હતા. તપાસ કરનાર અધિકારીએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે જે કોઇ હોટલ ઉપર જયારે પણ એન્ટ્રી લીધેલ ત્યારે ઝાકીયા બિસસ નામની વ્યક્તિના આધારકાર્ડનો ઉપયોગ કરેલ તેવુ તેઓના ધ્યાન ઉપર તપાસમાં આવેલ અને તે આધારકાર્ડની ઝેરોક્ષ નકલ તેઓને તપાસના કામે હોટલ ઉપરથી મળેલ અને આ ઝાકીયા બિસસ નામની વ્યક્તિનું અસલ આધારકાર્ડ ભોગ બનનાર પાસેથી તેઓએ કબજે લીધેલ નથી અને આ દિશામાં તેઓએ કોઇ તપાસ કરેલ નથી. તપાસ કરનાર અધિકારીને પુછવામાં આવેલ સવાલના જવાબમાં તેઓએ જણાવેલ છે કે, વડોદરા અને અમદાવાદ ખાતેની હોટલ ઉપર આધારકાર્ડ માંગવામાં આવેલ ત્યારે આરોપી નં. ૦૩ સોનિયાએ આરોપી નં. ૦૧ પાસે ભોગ બનનારનું આધારકાર્ડ મંગાવેલ ત્યારે આરોપી નં. ૦૧ નાએ ઝાકીયા બિસસ નામની વ્યક્તિનુ આધારકાર્ડ વોટસએપ ઉપર આરોપી નં. ૦૩ ને મોકલાવેલ. તપાસ કરનાર અધિકારીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, કોઇ હોટલના મેનેજર કે સ્ટાફે આ હકીકત તેઓની સમક્ષ જણાવેલ નથી.

(૩૪૯) તપાસ કરનાર અધિકારીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે,

તેઓએ તા. ૧૫/૯/૨૦૨૩ ના રોજ હોટલ લોટ્સ ના મેનેજર વિકાસકુમાર કારુસવ નાઓનું નિવેદન તેઓના રૂબરૂનું લીધેલુ અને તેઓએ તેમના રૂબરૂના નિવેદનમાં એવુ જણાવેલ કે, "મેં આ બાંગ્લાદેશી બાળા જેણે પોતાનુ નામ ઝાકીયા બિસાસ તેમજ તેની સાથે આવેલ મહિલાએ પોતાનુ નામ સોનિયા સીંદે ઉંમર ૨૬ વર્ષ બંને રહે પાલઘર ના હોવાનુ જણાવી પોતાના આધારકાર્ડ આપતા મે તેઓને રૂમ નં ... ". તેઓએ સ્વીકારેલ છે કે, આ નિવેદનની હકીકતના આધારે ભોગ બનનારે પોતાનું નામ ઝાકીયા બિસસ ખોટું લખાવેલ હોવાનું તેઓના ધ્યાન ઉપર આવેલ. તેઓએ જણાવેલ છે કે, તેઓએ આ ઝાકીયા બિસસ નામના વ્યક્તિ કોણ છે તે બાબતે તપાસ કરેલી. તેઓએ સ્વીકારેલ છે કે, ખોટા નામની ખોટી ઓળખ આપ્યા અંગે તેઓએ કોઇ ગુન્હો દાખલ કરાવેલ નહી.

(૩૫૦) તપાસ કરનાર અધિકારીના મૌખિક પુરાવાના આ ભાગના આધારે એવી હકીકત ફલિત થાય છે કે, તપાસના કામે આક્ષેપિત દુષ્કર્મના બનાવની હોટલ ખાતેથી ઝાકીયા બિસસ નામના મહીલાના આધાર કાર્ડની નકલ કબજે થયેલ. અગાઉ ઉપરોક્ત રીતે ચર્ચા કર્યા અનુસાર તપાસ કરનાર અધિકારી દ્વારા આ ઝાકીયા બિસસ નામની મહીલાની કોઈ તપાસ પણ કરવામાં આવેલ નથી. જો તપાસ કરનાર અધિકારીની કથન મુજબ ભોગ બનનારે જે તે હોટલ ખાતે ઝાકીયા બિસસ નામનું આધાર કાર્ડ રજુ કરેલ હોય અને હોટલના રજીસ્ટરમાં ઝાકીયા બિસસ નામની નોંધ રહેલ હોય તો તે હકીકત ફરિયાદ પક્ષના કેસને વધુ શંકાશીલ બનાવે છે.

(૩૫૧) આ ચુકાદાના કામે અગાઉ આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ રજુઆત કે ભોગ બનનારને નાશી જવાની, સ્થળ છોડી જવાની, કોઈની મદદ મેળવવાની, મોબાઈલ વડે સંપર્ક કરવાની અથવા બુમાબુમ કરવાની તક રહેલ હોવા છતા તેઓએ કશું કરેલ નથી, તે રજુઆત અનુસંધાને ભોગ બનનારના મૌખિક પુરાવાના મુલ્યાંકનની વિસ્તૃત ચર્ચા સમયે તે બાબત પણ ધ્યાને લેવામાં આવેલ છે. આ રજુઆતને આનુષંગિક ઉલટ તપાસના સવાલો આરોપી પક્ષ તરફે તપાસ કરનાર અધિકારીને પણ પુછવામાં આવેલા અને તે દરમ્યાન તેઓએ સ્વીકારેલ છે કે, આણંદ ખાતે પટેલ કુટુંબ રહેતુ હતુ ત્યાં આરોપી નં. ૦૩ ગયેલા તેમના નિવેદન તેઓએ નોંધેલ અને આ પટેલ કુટુંબના લોકોએ તેઓના રૂબરૂના નિવેદનમાં એવી કોઈ હકીકત

જણાવેલ નહી કે ભોગ બનનાર અસહજ એટલે અનકમ્ફર્ટેબલ હતા. તપાસ કરનાર અધિકારી એ એ હકીકત પણ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર પાસે મોબાઈલ રહેલ હતો અને તેમાં ઈન્ટરનેટ પણ ચાલુ હતુ અને ફેસબુક અને વ્હોટ્સએપ પણ ચાલુ હતુ. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ ભોગ બનનારનું નિવેદન તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ નોંધેલુ અને તે નિવેદનમાં ભોગ બનનારે એવુ જણાવેલ કે, તેણી તા. ૨૨/૦૮/૨૦૨૩ થી તા. ૨૯/૦૮/૨૦૨૩ સુધી મુંબઈ મુકામે આરોપી નં. ૦૩ સાથે હતા. તપાસ કરનાર અધિકારીએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે તેમના નિવેદનમાં એવુ પણ જણાવેલ કે આ સમય દરમ્યાન તેઓ આરોપી નં. ૦૩ સોનિયા સાથે રહેતા હતા અને સમય પસાર કરતા હતા. તપાસ કરનાર અધિકારીના પુરાવાના આધારે પણ ભોગ બનનાર અલગ અલગ સમયે અલગ અલગ સ્થળેથી સ્થળ છોડી જતા રહેવાની, કોઈની મદદ મેળવવાની કે મોબાઈલ વડે સંપર્ક કરવાની તક રહેલી હતી તેમ છતાં ભોગ બનનારે તેવુ કશું કરેલ નથી.

(૩૫૨) આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તપાસ કરનાર અધિકારી શ્રી ડાભીએ સ્વીકારેલ છે કે, તપાસ એટલે સત્ય શોધવું અને ફરિયાદ દાખલ થયા બાદ ત્રણ પરિસ્થિતિ ઉદ્ભભવે, (૧) ચાર્જશીટ કરવામાં આવે, (૨) પુરતો પુરાવો ન મળે તો સમરી ભરવામાં આવેલ અને (૩) ફરિયાદ ખોટી ઠરે તો વિથ પ્રોસિક્યુશન બી સમરી ભરવામાં આવે અને ફરિયાદમાં કરેલ આક્ષેપના સમર્થનમાં સ્વતંત્ર પુરાવો મળે તો તેને ચાર્જશીટનો ભાગ બનાવવો જ જોઈએ. તપાસ કરનાર અધિકારી ધ્વારા સ્વીકારવામાં આવેલ આ હકીકત સુચવે છે કે, તપાસ કરનાર અધિકારી તેમની તપાસ કરનાર અધિકારી તરીકેની ફરજો અને જવાબદારીને સમજે છે અને કાયદાની જોગવાઇઓથી વાકેફ છે.

(૩૫૩) તપાસ કરનાર અધિકારીનું કોઈ પણ ગુન્હાની તપાસના કામે અને તેવા ગુન્હાના સત્યના અંતિમ મુળ સુધી પહોચવા માટેનું ખુબ જ સવિશેષ મહત્વ રહેલુ છે. ફોજદારી ન્યાય શાસ્ત્રમાં ફરિયાદી એ માત્ર કોઈ ગુન્હાહીત કૃત્ય અને તેવુ ગુન્હાહીત કૃત્ય આચરનાર વ્યક્તિ તરફ નિર્દેશ કરે છે અને ત્યારબાદ તપાસ કરનાર અધિકારી દ્વારા સત્ય શોધનની પ્રક્રિયાના ભાગ રૂપે તેવા ગુન્હાહીત કૃત્યના મુળ સુધી પહોચવા માટે અને ફરિયાદમાં આક્ષેપાયેલ હકીકતોની સત્ય સ્થાપન માટે ઉંડાણ પુર્વક

તલસ્પર્શી તપાસ કરવાની રહે છે. જે રીતે એક મરજીવા એક સાચા મોતીની શોધ માટે કે સાચુ મોતી મેળવવા માટે ઉંડા અંધકારમય મહાસાગરમાં ડુબકી લગાવે છે અને અથાગ મહેનત અને પરિશ્રમના અંતે સાચુ મોતી શોધી લે છે તે રીતે ખુબ જ અગત્યની જવાબદારી અને ફરજ ફોજદારી ગુન્હાના કામે તપાસ કરનાર અધિકારીની રહેલી છે અને તપાસ કરનાર અધિકારીએ પણ સાચી દિશામાં સત્ય સ્થાપન માટે મરજીવાની જેમ ખંત, પરીશ્રમ અને મહેનતથી બૌધ્ધિકતાપુર્વક સાચી હકીકત શોધી લાવવાની રહે છે અને તે માટે પુરાવાઓ એકત્રિત કરી જે રીતે મરજીવો મહાસાગરમાંથી મહેનત અને પરિશ્રમથી સાચુ મોતી શોધી લાવી બહાર આવે છે તે રીતે તપાસ કરનાર અધિકારીએ પણ સત્ય અને સાચી હકીકતો વાળા પુરાવાઓ મેળવી સાચા ગુન્હેગારને તેવા સત્ય સ્થાપિત કરનારા પુરાવાઓ સાથે ન્યાયની અદાલત સમક્ષ રજુ કરવાના રહે છે અને તેવા ગુન્હાહીત કૃત્ય આચરનાર સાચા ગુન્હેગારોને ફોજદારી કાર્યવાહીના અંતિમ બિંદુ સમાન આચરેલ ગુન્હાહીત કૃત્ય માટે સજા થઈ શકે તે માટે તમામ પ્રયત્નો કરવાના રહે છે.

(૩૫૪) તપાસ કરનાર અધિકારીના મૌખિક પુરાવાના આધારે જણાય છે કે, તપાસ કરનાર અધિકારી ધ્વારા આ ગુન્હાની તપાસના કામે પુરતી દરકાર લેવામાં આવેલ નથી અને તેમની ખંતનો અભાવ જોવા મળે છે. તપાસ કરનાર અધિકારીને આરોપી પક્ષ તરફેની ઉલટ તપાસમાં સવાલ પુછવામાં આવેલ છે કે, આપને તા. ૧૩/૦૯/૨૦૨૩ ના રોજ આપના કહેવા મુજબ તપાસ મળેલી ત્યારે ફરીયાદ સાથે કોઇ દસ્તાવેજો મળેલા? જો હા તો કયા ? જેના જવાબમાં જણાવેલ છે કે, હા. તેઓને ફરીયાદની સાથે જાણવા જોગના કામે થયેલ કાગળો મળેલ હતા. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, આપે આપને મળેલ ફરીયાદ અને જાણવા જોગના કાગળોનો અભ્યાસ કરી આગળની તપાસની કાર્યવાહી કરેલી? જેના જવાબમાં જણાવેલ છે કે, તેઓને મળેલ ફરીયાદનો અભ્યાસ કરેલો અને જાણવા જોગના તમામ કાગળોનો અભ્યાસ કરેલ નહી. તપાસ કરનાર અધિકારીએ જણાવેલ છે કે, ફરીયાદનો અભ્યાસ કરતા તેઓને ફરીયાદ ગંભીર ગુન્હાની હોવાની લાગેલ પણ અતિ ગંભીર ગુન્હાની જણાયેલ નહી. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, આપને જાણવા જોગના તમામ કાગળો વાંચવા કેમ યોગ્ય ન લાગ્યા તેનો ખુલાસો કરી શકો? જેના જવાબમાં જણાવેલ છે કે, ફરીયાદ મળેલ ત્યારબાદ જાણવા જોગના કામે ભોગ બનનારના નિવેદન અને

આરોપી નં. ૦૩ નું નિવેદન તેમજ આ કામે થયેલ જોઇન્ટ ઇન્ટ્રોગેશનના રીપોર્ટનો અભ્યાસ કરી આ કામના અન્ય આરોપીઓ મુંબઇ, અમદાવાદ, વડોદરા મુકામે રહેતા હોય અને તેઓને પકડવાના બાકી હોય અને તેઓને પકડવા જરૂરી હોય જેથી તમામ કાગળોનો અભ્યાસ થઇ શકેલો નહી. તેઓએ સ્વીકારેલ છે કે, કોઇપણ કોગ્નીઝેબલ ગુન્હાના કામે આરોપીઓ વિરુદ્ધના પુરાવાઓ એકત્રિત ન થાય ત્યાં સુધી આરોપીઓને અટક કરી શકાય નહી. તેઓએ સ્વીકારેલ છે કે, કોઇપણ ગુન્હાની તપાસના કામે તપાસના વિવિધ તબકકાઓ પ્રમાણે તપાસની ડાયરી બનાવવી ફરજીયાત છે અને તપાસ કરનાર અધિકારીએ ગુન્હાની તપાસના કામે કઇ તારીખે? કયા સમયે? કઇ જગ્યાએ? કઇ કાર્યવાહી કરી? તેની ટુંકી નોંધ આ તપાસની ડાયરીમાં કરવાની રહે છે. તેઓને ખ્યાલ નથી કે, આ રીતે ગુન્હાની તપાસના કામે તપાસની નોંધવાળી તૈયાર કરવામાં આવેલ કેસ ડાયરી સંપુર્ણ તપાસના અંતે ચાર્જશીટ સાથે સેશન્સ ટ્રાયબલ ગુન્હાના કામે સેશન્સ કોર્ટમાં સીલબંધ કવરમાં રજુ કરવાની રહે છે. તપાસ કરનાર અધિકારીએ સ્વીકારેલ છે કે, આ ગુન્હાના કામે ચાર્જશીટ તેઓએ કરેલ છે. તેઓને ખ્યાલ નથી કે તેઓએ તેમની તપાસની કેસ ડાયરી ચાર્જશીટ સાથે નામદાર કોર્ટમાં રજુ કરેલ છે કે કેમ? તેઓએ સ્વીકારેલ છે કે, કેસ ડાયરી કોઇ ગુન્હાની ઇન્સાફી કાર્યવાહીના કામે નામદાર કોર્ટના અવલોકન માટે જરૂરી આધાર છે અને તપાસના પ્રથમ તબક્કે જયારે ફરીયાદ અને કાગળો મળે તે કેસ ડાયરી નં. ૦૧ માં સમાવેશ હોય. આમ, તપાસ કરનાર અધિકારી દ્વારા યોગ્ય ખંત અને પુરતી દરકાર રાખ્યા વિના યાંત્રિકતા પુર્વક તપાસ કરવામાં આવેલ હોવાનું રેકર્ડ ઉપરથી જણાય છે.

(૩૫૫) તપાસ કરનાર અધિકારીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ફરીયાદનો અભ્યાસ કરતા ભોગ બનનાર બાંગ્લાદેશમાંથી ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશેલ હોવાની જાણકારી મળેલી અને ફરીયાદના આધારે તેઓને એ જાણકારી પણ મળેલ કે ભોગ બનનાર સાથે એક ડેઝી નામની અન્ય છોકરી પણ આ રીતે ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશેલ છે અને ભોગ બનનાર જયારે મુંબઇ થી વલસાડ આવવા નીકળેલા ત્યારે આ ડેઝી નામની છોકરી ભોગ બનનારથી છૂટી પડેલી અને આ ડેઝી નામની છોકરીની કોઇપણ તપાસ તેઓએ કરેલ નહી. તેઓએ જણાવેલ છે કે, આ ડેઝી નામની છોકરી ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશેલ છે તે બાબતે તેઓએ કોઇપણ રીપોર્ટ કોઇપણ સક્ષમ ઓથોરીટીને કે મુંબઇ પોલીસને કરેલ નથી. તપાસ કરનાર

અધિકારીએ જણાવેલ છે કે, તેઓ સમક્ષ ભોગ બનનાર પ્રથમ વખત તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ આવેલા. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશેલ છે તે બાબત એક ગુન્હો બનતો હોવાનુ તેઓની જાણમાં હતુ અને આ બાબતે સક્ષમ પોલીસ અધિકારી તરીકે તેઓએ કોઇ પગલા લીધેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ આ બાબતે તેઓના કોઇ ઉપરી અધિકારીને જાણ કરેલ નથી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેઓની પાસે ફકત આ ગુન્હાની તપાસ હતી તેથી આ બાબતે કોઇ કાર્યવાહી કરેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, કોઇપણ પોલીસ અધિકારી સમક્ષ કોઇ કોગ્નીઝેબલ ગુન્હાની હકીકત જાહેર થાય ત્યારે તાત્કાલીક તે બાબતે યોગ્ય પગલા લેવાના રહે છે.

(૩૫૬) આ તબક્કે ફરિયાદી અને તપાસ કરનાર અધિકારીના પુરાવાઓનું પુનઃમુલ્યાંકન કરતા એ હકીકત પણ જણાય આવે છે કે, આંક–૧૯૧ થી રજુ થયેલ જોઈન્ટ ઈન્ટ્રોગેશન રીપોર્ટમાં હોટલ લોટ્સ ગોલ્ડ, ફતેગંજ, વડોદરા ખાતે અન્ય પાંચ–છ છોકરીઓ હાજર હોવાની હકીકત રહેલ હોવા છતાં તેમના દ્વારા આ બાબતે કોઈ તપાસ કરવામાં આવેલ નથી. ફરિયાદીએ સ્વીકારેલ છે કે, **આંક–૧૯૧** વાળા રીપોર્ટમાં પેરા નંબર ૨૧ ની વિશેષ નોંધમાં એવી હકીકત લખેલ છે કે, "HOTEL LOTUS GOLD FATEHGUNJ. THE SUBJECT REVEALED THAT THE FEW OTHER GIRLS (5-6) WERE ALSO THERE. ON THE SAME DAY," ફરિયાદીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આંક–૧૯૧ વાળા રીપોર્ટમાં તે હોટેલ ખાતે અન્ય પાંચ થી છ છોકરીઓ હાજર હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ હોવા છતા તેઓએ તે બાબતે કોઇ તપાસ કરેલ નથી. તપાસ કરનાર અધિકારીએ પણ સ્વીકારેલ છે કે, તેઓએ તપાસ દરમ્યાન ચાર્જશીટ કરતા પહેલા જાણવા જોગના તમામ કાગળોનો અભ્યાસ કરેલો અને તેઓએ જાણવા જોગના કાગળોમાં સામેલ આંક–૧૯૧ વાળા જોઈન્ટ ઈન્ટ્રોગેશન રીપોર્ટનો અભ્યાસ કરેલો. તપાસ કરનાર અધિકારીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૧૯૧ વાળો રીપોર્ટ જોઈ સ્વીકારેલ છે કે, આ રીપોર્ટમાં એવો ઉલ્લેખ કરવામાં આવેલ છે કે હોટલ લોટ્સ ગોલ્ડમાં વિષય વસ્તુ સમયમાં અન્ય પાંચ–છ છોકરીઓ પણ એ જ દિવસે હાજર હતી અને બે કસ્ટમરોને ત્યાં મોકલવામાં આવેલા. તેઓએ સ્વીકારેલ છે કે, આ અંગે તેઓએ કોઇ તપાસ કરેલ નહી. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, જો આ પાંચ–છ છોકરીઓ અને બે

કસ્ટમરો બાબતે તપાસ કરવામાં આવી હોત તો કઈ છોકરી પાસે ક્યા કસ્ટરમર ગયેલા તેની સાચી હકીકત બહાર આવી શકી હોત? જેના જવાબમાં જણાવેલ છે કે, તેઓની પાસે ફકત ભોગ બનનાર સાથે બનેલ ગુન્હા સબંધી તપાસ હોય અને અન્ય આરોપી પકડવાના બાકી હોય તેથી આ બાબતે તપાસ કરેલ નહી. આ બાબત પણ તપાસ કરનાર અધિકારી દ્વારા તપાસના શક્યતઃ તમામ પાસા તપાસવા બાબતે દાખવવામાં આવેલ બેદરકારી દર્શાવે છે.

(૩૫૭) તપાસ કરનાર અધિકારી દ્વારા સ્વીકારવામાં આવેલ ઉપરોક્ત તમામ હકીકતો આ ગુન્હાની તપાસના કામે રહેલી ખામી અને ત્રુટી દર્શાવે છે. ચોક્કસપણે કાયદાનો એ પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે, તપાસ કરનાર અધિકારી દ્વારા તપાસમાં રહેલ ખામી કે ક્ષતિનો લાભ જો ફરિયાદ પક્ષના અન્ય પુરાવાઓ વિશ્વસનિય રહેલા હોય તો આરોપીને મળવા પાત્ર નથી પરંતુ આ કેસના કામે ઉપરોક્ત મુજબની ચર્ચા અનુસાર આ કામના સૌથી મહત્વના સાહેદ ભોગ બનનારનો મૌખિક પુરાવો સંપુર્ણપણે વિશ્વસનીય, માનવાલાયક અને શ્રેષ્ઠતાવાળો રહેલ નથી અને ભોગ બનનારના મૌખિક પુરાવાને અન્ય કોઈ વિશ્વસનીય પુરાવાઓથી સમર્થન પણ મળતુ નથી. આ સંજોગોમાં તપાસ કરનાર અધિકારી દ્વારા આ ગુન્હાના કામે તપાસ દરમ્યાન પુરાવાઓ મેળવવામાં તથા તલસ્પર્શી ઉંડાણપુર્વકની તપાસ કરવામાં દાખવવામાં આવેલી ખામી કે ક્ષતિનો લાભ આરોપીઓને મળવાપાત્ર થાય છે.

<u>કાયદાની જોગવાઈઓ:–</u>

(૩૫૮) આ તબકકે આ કામે આરોપીઓ સામે આક્ષેપાયેલ તહોમત અન્વયેની કાયદાની જોગવાઈઓ તથા કાયદાના પ્રબંધો નોંધવા અને ધ્યાને લેવા આવશ્યક રહેલ છે.

(૩૫૯) આ કામે આરોપી નં.૦૧ થી ૦૫ નાઓએ ભોગબનનાર સગીરાને ગુન્હાહિત કાવતરુ રચી એકબીજાના મેળાપીપણામાં અને મદદગારી કરીને બાંગ્લાદેશ થી ગેરકાયદેસર રીતે ભારતની બોર્ડર ક્રોસ કરાવી તેણીને કાયદેસરના વાલીપણામાંથી ખસેડી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩ મુજબનો આક્ષેપિત ગુન્હો કરેલાના

આક્ષેપ છે. તેથી આ કલમની જોગવાઈઓ ધ્યાને લેવી અનિવાર્ય જણાય છે. જે સરળતાના હેતુસર અત્રે નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

કલમ – ૩૬૩ :– અપહરણ કરવા માટે શિક્ષા :–

> જે કોઈ વ્યક્તિ, બીજ કોઈ વ્યક્તિનું ભારતમાંથી અથવા કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરે, તેને સાત વર્ષની મુદત સુધી બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

(૩૬૦) આ કામે આરોપી નં. ૦૧ થી ૦૫ નાઓએ ભોગ બનનારને ભારત બહારથી લાવી ગુન્હાહિત કાવતરુ રચી એકબીજાના મેળાપીપણામાં અને મદદગારી કરીને ભોગબનનાર સગીરાને આરોપી નં.૦૫ થી ૦૮ નાઓને દેહ વ્યાપાર કરાવવા મેળવી આપી દેહ વ્યાપાર માટે સોંપી દેહ વ્યાપાર કરાવી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૬એ તથા ૩૬૬બી મુજબનો આક્ષેપિત ગુન્હો કરેલાના આક્ષેપ છે. તેથી આ કલમની જોગવાઈઓ ધ્યાને લેવી અનિવાર્ય જણાય છે. જે સરળતાના હેતુસર અત્રે નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

Section. 366 A Procuration of minor girl.

> Whoever, by any means whatsoever, induces any minor girl under the age of eighteen years to go from any place or to do any act with intent that such girl may be, or knowing that it is likely that she will be, forced or seduced to illicit intercourse with another person shall be punishable with imprisonment which may extend to ten years, and shall also be liable to fine.

Section. 366 B Importation of girl from foreign country.

> Whoever imports into India from any country outside India or from the State of Jammu and Kashmir any girl under the age of twenty-one years with intent that she may be, or knowing it to be likely that she will be, forced or seduced to illicit intercourse with another person, shall be punishable with imprisonment which may extend to ten years, and shall also be liable to fine.

(૩૬૧) આ કામે આરોપીઓએ ભોગબનનાર સગીરાને ગુલામ તરીકે તેણીનું શોષણ થશે તેવી ચોક્કસ જાણકારી અને ઈરાદા સાથે તેણીને ગુલામ તરીકે રાખી તેણીનું શારીરિક શોષણ કરી કરાવી અને ભોગબનનાર સગીરાને ગુલામ તરીકે એક થી બીજી જગ્યાએ તબદીલ કરી તથા વહન કરી તેણીનું શારીરિક શોષણ કરી કરાવી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૦એ(૧) તથા ૩૭૦(૪) મુજબનો આક્ષેપિત ગુન્હો કરેલાના આક્ષેપ છે. તેથી આ કલમની જોગવાઈઓ ધ્યાને લેવી અનિવાર્ય જણાય છે. જે સરળતાના હેતુસર અત્રે નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

<u>કલમ–૩૭૦–એ હેરાફેરી કરાયેલ વ્યક્તિનું શોષણ.</u>

(૧) જે કોઈ જાણતા હોવા છતાં અથવા માનવાને કારણ હોય તેવુ સગીરના અપહરણમાં, તે સગીરને જાતિય શોષણ માટે કોઈપણ પ્રકારે સામેલ કરવાના ગુન્હામાં પાંચ વર્ષથી ઓછી નહી તેવી સખત કેદ પરંતુ સાત વર્ષ સુધીની સખત કેદ અને દંડ શિક્ષા થશે.

<u>માનવ હેરાફેરી : (Trafficking of person)</u>

(૧) જે કોઈ શોષણ કરવાના હેતુથી માનવ અથવા માનવીઓની,
(અ) ભરતી કરે
(બ) હેરાફેરી કરે
(ક) આશ્રય આપે
(ડ) વિનિમય કરે
(ઈ) મેળવે તેવા વ્યકિત અથવા વ્યકિતઓને

પ્રથમ : ધમકીનો ઉપયોગ કરી અથવા
બીજું : બળ વાપરીને અથવા ધમકીના બીજા કોઈપણ પ્રકારે અથવા
ત્રીજું : સ્ત્રીનું અનૈતિક સંભોગ કરવાના હેતુથી અપહરણ અથવા
ચોથુ : દગો કરી અથવા છેતરીને અથવા
પાંચમ: સત્તાનો દુરૂપયોગ કરીને અથવા

છઠ્ઠું : લલચાવીને જેમાં નાણાં આપવા કે લેવાની અથવા લાભ અથવા જેની પર વ્યકિતનો કાબુ છે તેવા ભરતી કરાયેલ. હેરાફેરી કરાયેલ, આશ્રય આપેલ, વિનિમય કરાયેલ વ્યકિત પાસેથી તેની સંમતિ મેળવે તે માનવ હેરાફેરીનો ગુન્હો કરે છે.

સ્પષ્ટીકરણ–૧ :

"શોષણ" માં શારીરિક કે શોષણ અંગેનું કોઈપણ કૃત્ય અથવા કોઈપણ પ્રકારનું જાતિય શોષણ, ગુલામી અથવા ગુલામી જેવી બીજી પ્રથા, વૈતરું અથવા દબાણપુર્વક ઈન્દ્રીય દૂર કરવાનો સમાવેશ થાય છે.

સ્પષ્ટીકરણ–૨ :

(૧) ભોગ બનનારની સંમતિ હેરાફેરીનો ગુન્હો નકકી કરવા માટે બિન જરૂરી ગણાશે.

(૨) .....

(૩) .....

(૪) જયાં સગીર વ્યકિતની હેરાફેરી નો ગુન્હો હોય ત્યાં દસ વર્ષ કરતાં ઓછી નહીં પરંતુ આજીવન કેદની સખત કેદની શિક્ષા અને દંડ થશે.

(૫) .....

(૬) .....

(૭) .....

(૩૬૨) આ કામે આરોપી નં.૦૧ થી ૦૪ નાઓએ ગુન્હાહિત કાવતરૂ રચી એકબીજાના મેળાપીપણામાં અને મદદગારીમાં ભોગબનનાર સગીરાને વેશ્યાવૃતિ માટે આરોપી નં. ૦૫ થી ૦૮ ને વેચી તેણી પાસે વૈશ્યાવૃતિ કરાવી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૨ મુજબનો આક્ષેપિત ગુન્હો કરેલાના આક્ષેપ છે. તેથી આ કલમની જોગવાઈઓ ધ્યાને લેવી અનિવાર્ય જણાય છે. જે સરળતાના હેતુસર અત્રે નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

કલમ ૩૭૨. વેશ્યાવૃત્તિ, વગેરેના હેતુઓ માટે સગીર વ્યક્તિઓનું વેચાણ કરવા બાબત :–

જે કોઈ વ્યક્તિ. અઢાર વર્ષથી ઓછી વયની કોઈ વ્યક્તિને તેની કોઈપણ ઉંમરે વેશ્યાવૃત્તિના અથવા અન્ય વ્યક્તિ સાથેના લગ્નબાહ્ય સંભોગ કરવાના હેતુ માટે અથવા કોઈ ગેરકાયદેસરના અને અનૈતિક હેતુ માટે કામે લગાડવામાં આવે કે તેનો ઉપયોગ કરવામાં આવે તેવા ઈરાદાથી અથવા એવી વ્યક્તિને કોઈપણ ઉંમરે એવા કોઈ હેતુ માટે કામે લગાડવામાં આવશે કે તેનો ઉપયોગ કરવામાં આવશે એવો સંભવ હોવાનું જાણવા છતાં, તેને વેચે, ભાડે આપે કે અન્યથા તેનો નિકાલ કરે તેને દસ વર્ષ સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

સ્પષ્ટીકરણ ૧ :અઢાર વર્ષથી ઓછી વયની કોઈ સ્ત્રીને, કોઈ વેશ્યાને અથવા વૈશ્યાગૃહ ચલાવતી અથવા તેની વ્યવસ્થા કરતી કોઈ વ્યક્તિને વેચી હોય, ભાડે આપી હોય અથવા બીજી રીતે તેનો નિકાલ કર્યો હોય, ત્યારે એ રીતે તે સ્ત્રીનો નિકાલ કરનાર વ્યક્તિએ, એથી વિરુદ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી તે સ્ત્રીનો વેશ્યાવૃત્તિ માટે ઉપયોગ કરવાના ઈરાદાથી તેનો નિકાલ કર્યો છે એમ માની લેવામાં આવશે.

સ્પષ્ટીકરણ ૨: આ કલમના હેતુ માટે "લગ્નબાહ્ય સંભોગ' એટલે લગ્નથી જોડાયેલી ન હોય એવી વ્યક્તિઓ વચ્ચેના સંભોગ અથવા જે સંબંધો કે બંધન લગ્ન તરીકે ગણાતો ન હોય છતાં તેઓ જે કોમના હોય તે કોમના અથવા તેઓ જુદી જુદી કોમના હોય ત્યારે તે બન્ને કોમના વ્યક્તિગત કાયદા અથવા રિવાજથી તેઓ વચ્ચે લગ્ન જેવા સંબંધરૂપે માન્ય હોય તેવા સંબંધ કે બંધનથી જોડાયેલી ન હોય તેવી વ્યક્તિઓ વચ્ચેનો સંભોગ.

(૩૬૩) આ કામે આરોપી નં.૦૧ થી ૦૪ નાઓએ ગુન્હાહિત કાવતરુ રચી એકબીજાને મેળાપીપણામાં અને મદદગારીમાં ભોગબનનાર સગીરાને વેશ્યાવૃતિ માટે મેળવી પોતાની સાથે રાખી આરોપી નં. ૦૫ થી ૦૮ નાઓએ ખરીદ કરી તેણી સાથે

ગેરકાયદેસર સંભોગ કરી, વેશ્યાવૃતિ કરી કરવી ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૩ મુજબનો આક્ષેપિત ગુન્હો કરેલાના આક્ષેપ છે.

<u>કલમ ૩૭૩. વેશ્યાવૃત્તિ, વગેરેના હેતુઓ માટે સગીર ખરીદવા બાબત :–</u>

જે કોઈ વ્યક્તિ, અઢાર વર્ષથી ઓછી વયની કોઈ વ્યક્તિને તેની કોઈપણ ઉંમરે વેશ્યાવૃત્તિના અથવા અન્ય વ્યક્તિ સાથેના લગ્ન બાહ્ય સંભોગ કરાવવાના હેત માટે અથવા કોઈ કાયદા વિરુદ્ધના કે અનૈતિક હેતુ માટે કામે લગાડવામાં આવે કે તેનો ઉપયોગ કરવામાં આવે તેવા ઈરાદાથી અથવા તેવી વ્યક્તિને, તેને કોઈપણ ઉંમરે એવા હેતુ માટે કોઈ કામે લગાડવામાં આવશે કે તેનો ઉપયોગ કરવામાં આવશે એવો સંભવ હોવાનું જાણવા છતાં, તેને ખરીદે, ભાડે રાખે અથવા બીજી રીતે તેનો કબજો મેળવે તેને દસ વર્ષની મુદ્દત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

સ્પષ્ટીકરણ–૧ :કોઈ વેશ્યા અથવા વેશ્યાગૃહ રાખતી અથવા તે ચલાવતી કોઈ વ્યક્તિ, અઢાર વર્ષથી ઓછી વયની કોઈ સ્ત્રીને ખરીદે. ભાડે રાખે અથવા બીજી રીતે તેનો કબજો મેળવે તેણે, એથી તેનો કબજો મેળવ્યો છે એમ માની લેવામાં આવશે. વિરુદ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી, તે સ્ત્રીનો તે વેશ્યાવૃત્તિના હેતુ માટે ઉપયોગ કરવાના ઈરાદાથી તેનો કબજો મેળવ્યો છે એમ માની લેવામાં આવશે.

સ્પષ્ટીકરણ–૨ :"લગ્ન બાહ્ય સંભોગ"નો અર્થ કલમ ૩૭૨માં તેનો જે અર્થ થાય તે જ છે.

(૩૬૪) આ કામે આરોપીઓએ ગુન્હાહિત કાવતરુ રચી એકબીજાના મેળાપીપણામાં અને મદદગારીમાં ભોગબનનાર સાથે આરોપી નં.૦૫ થી ૦૮ નાઓએ જાતીય સંભોગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૭૬ મુજબનો આક્ષેપિત ગુન્હો

કરેલાના આક્ષેપ છે. આથી આ કલમની સાથે કલમ–૩૭૫ ની જોગવાઈ ધ્યાને લેવી પણ આવશ્યક જણાય છે.

<u>કલમ – ૩૭૫ – બળાત્કાર :–</u>

આમા હવે પછી દર્શાવેલા અપવાદ સિવાય જે કોઈ પુરૂષ નીચે વર્ણવેલા છ. પ્રકારના સંજોગોમાંથી કોઈ સંજોગોમાં કોઈ સ્ત્રી સાથે સંભોગ કરે તે "બળાત્કાર " કરે છે એમ કહેવાય.

પહેલો :– તે સ્ત્રીની ઈચ્છા વિરુધ્ધ.

બીજો :– તે સ્ત્રીની સંમતી વિના.

ત્રીજો :– તે સ્ત્રીને અથવા જે વ્યક્તિમાં તેણીને રસ હોય તે કોઈપણ વ્યક્તિને મૃત્યુ અથવા વ્યથાના ભયમાં મુકીને તેની સંમતી મેળવવામાં આવી હોય ત્યારે તેણીની સંમતીથી.

ચોથો :– તે પુરુષ એમ જાણતો હોય કે પોતે તે સ્ત્રીનો પતિ નથી અને પોતે સ્ત્રી જેની સાથે કાયદેસર રીતે પરણી હોય અથવા પરણી હોવાનું માનતી હોય એવો અન્ય પુરૂષ છે એમ માનીને તે સ્ત્રીએ સંમતી આપી હોય ત્યારે, તેણીની સંમતીથી.

પાંચમો:– મગજની અસ્થિરતાને અથવા નશાને કારણે અથવા તે પુરૂષ જાતે અથવા અન્ય વ્યકિત મારફતે બેહોશ બનાવે તેવી અથવા અશુધ્ધ પદાર્થ આપવાને કારણે કોઈ સ્ત્રી જેના માટે તેણી સંમતિ આપે છે તેના પ્રકાર અને પરિણામ સમજવાને અશકિતમાન હોય, ત્યારે તેણીની સમંતીથી.

છઠ્ઠો:– તે સ્ત્રી અઢાર વર્ષથી ઓછી વયની હોય, ત્યારે તેણીની સંમતિથી અથવા સંમતિ વિના.

સ્પષ્ટીકરણ :: બળાત્કારનો ગુન્હો બનાવ માટે જે સંભોગ થવો જોઈએ તે લિંગ પ્રવેશ થવો, એ પુરતુ છે.

(એ) સ્ત્રીની યોનિ, મોં, પેશાબની નળી અથવા ગુદાના ભાગે તેનુ શિશ્ન ગમે તેટલી હદ સુધી દાખલ કરે અથવા તેણીને તેની સાથે અથવા અન્ય પુરૂષ સાથે તેમ કરવા પ્રેરે, અથવા

(બી) શિશ્ન સિવાય શરીરનો કોઈપણ ભાગ અથવા કોઈ વસ્તુ સ્ત્રીની યોનિ, મુત્રનલિકા અથવા ગુદાના ભાગમાં ગમે તેટલી હદમાં દાખલ કરવી અથવા તેણીને તેણી સાથે અથવા અન્ય પુરૂષ સાથે તેમ કરવા પ્રેરે, અથવા

(સી) સ્ત્રીના શરીરની યોનિ, મુત્રનલિકા, ગુદા અથવા તે સ્ત્રીના શરીરના કોઈપણ ભાગમાં હાથથી પ્રવેશ કરે અથવા તેણીને તેની સાથે અથવા અન્ય પુરૂષ સાથે તેમ કરવા પ્રેરે.

(ડી) સ્ત્રીની યોનિ, મુત્રનલિકા, ગુદાના ભાગે તેનુ મોં લગાવવુ અથવા તેણીને તેની સાથે બીજા પુરૂષ સાથે તેમ કરવા પ્રેરવી.

પ્રથમ : તેણીની ઈચ્છા વિરૂધ્ધ

બીજુ : તેણીની સંમતિ વિના

ત્રીજુ : તેણીની સંમતિથી જ્યારે તેણીની સંમતી તેણીને અથવા તેણીનું હિત હોય તેવી વ્યક્તિના ઈજા અથવા મૃત્યુના ભય નીચે મેળવેલ હોય.

ચોથુ : તેણીની સંમતીથી જ્યારે પુરૂષ જાણતો હોય કે તેણીનો પતિ નથી અને તેણીને આપેલ સંમતીનું કારણતે બીજો પુરૂષ જેની સાથે તેણીના કાયદેસરના લગ્ન થયાનું તેણી માનતી હોય.

પાંચમું : તેણીની સંમતીથી જ્યારે સંમતિ આપતી વખતે અસ્થિર મગજ અથવા નશો અથવા તેણીને જાતે અથવા અન્ય મારફતે કોઈ નશાયુક્ત અગર મૂર્ણિત પદાર્થ કરનાર આપવામાં આવે જેથી તેણીએ આપેલ સંમતિનો અર્થ અને તેનુ પરિણામ સમજ શક્યા અશક્તિમાન હોય.

છઠ્ઠા : તેણીની સંમતિ અથવા સંમતિ વિના જ્યારે તેણી અઢાર વર્ષથી નાની ઉંમર હોય.

સાતમું : જ્યારે તેણી સંમતિ આપવા અસમર્થ હોય.

સ્પષ્ટીકરણ–૧ :: આ કલમમાં હેતુ સારુ સ્ત્રીના પ્રજનન ભાગમાં "લિંબીયા અને મેજોરા' બંને ભં ગોષ્ટનો સમાવેશ થાય છે.

સ્પષ્ટીકરણ –૨:: સંમતિ

એટલે સ્પષ્ટ સંમતિ સ્વૈચ્છિક જ્યારે સ્ત્રીએ શબ્દથી, ઈશારાથી અથવા બોલવાના અથવા ન બોલવા કોઈપણ પ્રકારે પ્રસારીત કરી ખાસ જાતીય કૃત્યમાં ભાગ લેવાની ઈચ્છા પ્રદર્શિત કરી હોય, પરંતુ સ્ત્રી યોનિ પ્રવેશના કૃત્યનો શારીરિક પ્રતિશોધ કરી શકે તેમ ન હોય ત્યારે જાતીય પ્રવૃત્તિ માટે તેણીની સંમતિ હતી તેવું કારણ માની શકાશે નહી.

અપવાદ–૧:: તબીબી કાર્યવાહી અથવા તબીબી કારણોસર કરવામાં આવેલી દરમ્યાનગીરી બળાત્કાર ગણાશે નહીં.
અપવાદ–૨:: કોઈ પુરૂષ પોતાની પંદર વર્ષથી ઓછી વયની ન હોય તેવી પોતાની પત્નિ સાથે જાતીય સંભોગ કરે અથવા જાતીય ક્રિયા કરે તો એ બળાત્કાર નથી.

કલમ – ૩૭૬ :– બળાત્કાર માટેની શિક્ષા :–

(૧) જે કોઈ પેટા કલમ ૨ માં જોગવાઈ કર્યા સિવાયના કેસોમાં બળાત્કાર કરે તેને આપેલ જોગવાઈ અનુસારની ૧૦ વર્ષથી ઓછી નહી પરંતુ આજીવન કેદ સુધીની સખત કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

(૩૬૫) આરોપીઓ નં. ૦૫ થી ૦૮ સામે જાતીય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ– ૨૦૧૨ ની કલમ–૪ અને ૬ મુજબના પ્રવેશ જાતિય હુમલો અને ઉગ્ર પ્રવેશ જાતિય હુમલો કરવાના અને અન્ય આરોપીઓ નં. ૦૧ થી ૦૪ સામે આરોપી નં. ૦૫ થી ૦૮ ને આ અધિનિયમ અંતર્ગતના ગુન્હા માટે આ અધિનિયમની કલમ– ૧૬ મુજબની મદદગારી કરવાના કલમ– ૧૭ મુજબ શિક્ષાપાત્ર ગુન્હાઓનું

પણ તહોમત રહેલ છે. આથી આ જોગવાઈઓ પણ ધ્યાને લેવી અનિવાર્ય છે. જે નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

Section – 4 : Punishment for penetrative sexual assault -

(1) Whoever commits penetrative sexual assault shall be punished with imprisonment of either description for a term which shall not be less than ten years but which may extend to imprisonment for life, and shall also be liable to fine.

(2) Whoever commits penetrative sexual assault on a child below sixteen years of age shall be punished with imprisonment for a term which shall not be less than twenty years, but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of natural life of that person, and shall also be liable to fine.

Section-6. Punishment for aggravated penetrative sexual assault (ઉગ્ર પ્રવેશ જાતીય–હુમલા માટેની શિક્ષા)

(1) Whoever commits aggravated penetrative sexual assault shall be punished with rigorous imprisonment for a term which shall not be less than twenty years, but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of natural life of that person and shall also be liable to fine, or with death.

(2) The fine imposed under sub-section(1) shall be just and reasonable and paid to the victim to meet the medical expenses and rehabilitation of such victim.

Section-16. Abetment of an offence.-

A person abets an offence, who-
First.-Instigates any person to do that offence; or
Secondly.- Engages with one or more other person or persons in any conspiracy for the doing of that offence, if an act or illegal omission takes place in pursuance of that conspiracy, and in order to the doing of that offence; or
Thirdly.- Intentionally aids, by any act or illegal omission, the doing of that offence.
Explanation I.-A person who, by wilful misrepresentation, or by wilful concealment of a material fact, which he is bound to

disclose, voluntarily causes or procures, or attempts to cause or procure a thing to be done, is said to instigate the doing of that offence.

Explanation II.-Whoever, either prior to or at the time of commission of an act, does anything in order to facilitate the commission of that act, and thereby facilitates the commission thereof, is said to aid the doing of that act.

Explanation III.-Whoever employ, harbours, receives or transports a child, by means of threat or use of force or other forms of coercion, abduction, fraud, deception, abuse of power or of a position, vulnerability or the giving or receiving of payments or benefits to achieve the consent of a person having control over another person, for the purpose of any offence under this Act, is said to aid the doing of that act.

Section-17. Punishment for abetment.-

Whoever abets any offence under this Act, if the act abetted is committed in consequence of the abetment, shall be punished with punishment provided for that offence.

Explanation.— An act or offence is said to be committed in consequence of abetment, when it is committed in consequence of the instigation, or in pursuance of the conspiracy or with the aid, which constitutes the abetment.

(૩૬૬) આ કામે આરોપીઓ સામે ગુન્હાહિત કાવતરુ રચી એકબીજાના મેળાપીપણામાં અને મદદગારીમાં ભોગબનનાર સગીરાને બાંગ્લાદેશથી ગેરકાયદેસર રીતે ભારતની બોર્ડર ક્રોસ કરાવી તેણીને કાયદેસરના વાલીપણામાંથી ખસેડી ભોગ બનનાર સગીરાને વેશ્યાવૃતિ માટે આરોપી નં. ૦૧ થી ૦૪ નાએ આરોપી નં. ૦૫ થી ૦૮ ને વેચી અને તે રીતે ભોગ બનનાર સગીરને વિદેશમાંથી દેહવ્યાપાર માટે મેળવી આરોપી નં. ૦૫ થી ૦૮ પાસે દેહવ્યાપાર કરાવી અને આરોપી નં. ૦૫ થી ૦૮ નાએ ભોગ બનનાર સગીરાને વેશ્યાવૃતિ માટે ખરીદ કરી આરોપી નં. ૦૫ થી ૦૮ નાએ ભોગ બનનાર સાથે શરીર સંભોગ કરી કરાવી ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૨૦(બી) મુજબનો આક્ષેપિત ગુન્હો કરેલાના આક્ષેપ છે. તેથી આ કલમની જોગવાઈઓ ધ્યાને લેવી અનિવાર્ય જણાય છે. જે સરળતાના હેતુસર અત્રે નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

કલમ–૧૨૦બી ગુન્હાહીત કાવતરાની શિક્ષાઃ

(૧) જે કોઈ વ્યક્તિ મોતની, આજીવન કેદની અથવા બે કે તેથી વધુ વર્ષ સુધીની સખત કેદની શિક્ષાને પાત્ર ગુન્હો કરવાના ઈરાદાથી ગુન્હાહીત કાવતરામાં સામેલ હોય તેને એવાં કાવતરા માટેની શિક્ષાની આ અધિનિયમમાં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી ન હોય ત્યારે એવા ગુન્હામાં તેણે દુષ્પ્રેરણા કર્યું હોય એ રીતે શિક્ષા કરવામાં આવશે.

(૨) જે કોઈ બાબત ઉપર જણાવ્યા મુજબ શિક્ષાપાત્ર ગુન્હો કરવા માટે ગુન્હાહીત કાવતરા સિવાયના બીજા ગુન્હાહીત કાવતરામાં સામેલ હોય, તેને છ મહીના સુધીની બે માંથી કોઈ પ્રકારની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

(૩૬૭) આ કામે આરોપી નં.૦૧ થી ૦૪ નાઓએ ગુન્હાહિત કાવતરુ રચી એકબીજાને મેળાપીપણામાં અને મદદગારીમાં ભોગબનનાર સગીરાને વેશ્યાવૃતિ માટે લલચાવી, વેશ્યાવૃતિની દિશામાં પ્રેરીત કરી આરોપી નં. ૦૫ થી ૦૮ ને વેચી તેણી પાસે વેશ્યાવૃતિ કરાવી અને આરોપી નં. ૦૧ થી ૦૪ તેની આવક ઉપર સંપુર્ણ કે આંશિક રીતે આધારિત બની આરોપી નં. ૦૫ થી ૦૮ ને વેચી તેણી પાસે વેશ્યાવૃતિ કરાવી ધી ઈમમોરલ ટ્રાફીક (પ્રિવેન્શન) એક્ટ ૧૯૫૪ ની કલમ ૪(૧) અને ૫(૧) (ડી) મુજબનો ગુન્હો કરેલાના આક્ષેપ છે. આથી કાયદાની આ જોગવાઈઓ પણ ધ્યાને લેવી આવશ્યક રહે છે. જે નીચે મુજબ છે.

4. Punishment for living on the earnings of prostitution

(1) Any person over the age of eighteen years who knowingly lives, wholly or in part, on the earnings of the prostitution of any other person shall be punishable with imprisonment for a term which may extend to two years, or with fine which may extend to one thousand rupees, or with both and where such earnings relate to the prostitution of a child or a minor, shall be punishable with

imprisonment for a term of not less than seven years and not more than ten years.

5. **Procuring, inducing or taking person for the sake of prostitution**.

(1) any person who
(a) .....
(b) .....
(c) .....
(d) causes or induces a person to carry on prostitution;

shall be punishable on conviction with rigorous imprisonment for a term of not less than three years and not more than seven years and also with fine which may extend to two thousand rupees and if any offence under this sub–section is committed against the will of any person, the punishment of imprisonment for a term of seven years shall extend to imprisonment for a term of fourteen years:

<u>આરોપીઓ સામે આક્ષેપાયેલ કેટલાક ગુન્હાના તત્વો અસ્તિત્વ ધરાવતા નથી :–</u>

(૩૬૮) હાલના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬એ, ૩૬૬બી, ૩૭૦(૪), ૩૭૦એ(૧), ૩૭૨, ૩૭૩, ૩૭૬, ૧૨૦બી તથા જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ ૪, ૬, ૧૬ અને ઈમ્મોરલ ટ્રાફીક (પ્રિવેન્શન) એક્ટની કલમ ૪(૧), ૫(૧)(ડી) મુજબ ગુન્હાઓનો આક્ષેપ રહેલો છે.

(૩૬૯) આ ચુકાદામાં ઉપરોક્ત મુજબની મુદ્દા નં. ૦૧ ની ચર્ચા અનુસાર ફરિયાદ પક્ષ આ કામના ભોગ બનનાર આક્ષેપિત બનાવ સમયે સગીર વયના બાળક એટલે કે, ૧૮ વર્ષથી ઓછી ઉંમરના રહેલ હોવા અંગેની હકીકત નિઃશંકપણે વિશ્વસનીય પુરાવાઓના આધારે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. આ સંજોગોમાં આ કામના આરોપીઓ સામે આક્ષેપાયેલ જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ–૨૦૧૨ ની જોગવાઈઓ હેઠળના કોઈ ગુન્હાના આવશ્યક તત્વો

આકર્ષાતા નથી અને ભોગ બનનાર આ અધિનિયમની કલમ–૨(ડી) ની જોગવાઈ મુજબ બાળક હોવાની હકીકત સાબિત થયેલ ન હોય આ અધિનિયમ હેઠળના કોઈ ગુન્હાની જોગવાઈઓ આ કામે લાગુ પાડી શકાય નહી.

(૩૭૦) ઉપરોક્ત મુજબની વિસ્તૃત ચર્ચા કર્યા અનુસાર આ કામના ભોગ બનનાર આક્ષેપિત બનાવ સમયે ૧૮ વર્ષથી ઓછી વયના સગીર રહેલ હોવાની હકીકત ફરિયાદ પક્ષ દ્વારા સાબિત થયેલ ન હોય તેથી આ કામે ૧૮ વર્ષથી ઓછી વયની કોઈ સગીર બાળાને અન્ય વ્યક્તિ સાથે લગ્ન બાહ્ય સંભોગ કરવાની ફરજ પાડવાના અથવા તેમ કરવા માટેના ફોસલાવવાના ઈરાદાથી લલચાવવામાં આવે તેવા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૬એ ના ગુન્હાના આવશ્યક તત્વો પણ આ કામે અસ્તિત્વ ધરાવતા નથી.

(૩૭૧) આ કામે આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૦એ(૧) મુજબના કોઈ સગીરનું જાતિય શોષણ માટે અપહરણ અને ફેરાફેરી કરવાના ગુન્હાનું તહોમત પણ રહેલ છે. આ કલમની જોગવાઈ લાગુ પાડવા માટે સૌથી મહત્વનું તત્વ જે વ્યક્તિનું જાતિય શોષણ માટે અપહરણ કરવાનો આરોપી રહેલ હોય તેવી વ્યક્તિ સગીર એટલે ૧૮ વર્ષથી ઓછી ઉંમરની હોવાનું પાયાની જરૂરીયાત રૂપે ફરિયાદ પક્ષે સાબિત કરવાનું રહે છે. ઉપરોક્ત મુજબની વિસ્તૃત ચર્ચા કર્યા અનુસાર આ કામના ભોગ બનનાર આક્ષેપિત બનાવ સમયે ૧૮ વર્ષથી ઓછી વયના સગીર રહેલ હોવાની હકીકત ફરિયાદ પક્ષ દ્વારા સાબિત કરવામાં આવેલ ન હોય તેથી આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૦એ(૧) ના ગુન્હાના આવશ્યક તત્વો પણ અસ્તિત્વ ધરાવતા નથી.

(૩૭૨) આ કામે આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૦(૪) મુજબના ગુન્હાનું તહોમત પણ રહેલ છે. આ કલમની જોગવાઈ માનવ હેરાફેરીના એટલે કે, માનવ તસ્કરીના ગુન્હાની જોગવાઈ દર્શાવે છે. આરોપીઓ સામે આક્ષેપાયેલ કલમ–૩૭૦(૪) ની જોગવાઈ જ્યારે માનવ હેરાફેરીનો ગુન્હો કોઈ સગીર વ્યક્તિની હેરાફેરી કે તસ્કરી બાબતેની રહેલ હોય ત્યારે જ લાગુ પડે છે. આ કામે ઉપરોક્ત મુજબની મુદ્દા નં. ૦૧ ની વિસ્તૃત ચર્ચા મુજબ આ કામના ભોગ બનનાર આક્ષેપિત

બનાવ સમયે ૧૮ વર્ષથી ઓછી વયના સગીર રહેલ હોવાની હકીકત ફરિયાદ પક્ષ નિઃશંકપણે સાબિત કરી શકેલ ન હોય તે સંજોગોમાં આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૦(૪) ના ગુન્હાના આવશ્યક તત્વો પણ અસ્તિત્વ ધરાવતા નથી.

(૩૭૩) ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૦ ની જોગવાઈ માનવ હેરાફેરી કે માનવ તસ્કરી માટેના ગુન્હાની જોગવાઈ દર્શાવે છે. ઉપરોક્ત ચર્ચા મુજબ આ કામના ભોગ બનનાર આક્ષેપિત બનાવ સમયે સગીર રહેલ હોવાની હકીકત ફરિયાદ પક્ષ નિઃશંકપણે સાબિત કરી શકેલ નથી તે સંજોગોમાં કાયદા કે હકીકતને કોઈ બાબત ચકાસ્યા વિના રહી ન જાય તે માટે આ અદાલત દ્વારા આ કલમ–૩૭૦ ની તમામ પેટા કલમની જોગવાઈઓ પણ વિચારણામાં લેવામાં આવેલ છે. ચોક્કસપણે કાયદાની આ કલમ–૩૭૦ ફક્ત સગીર વ્યક્તિની હેરાફેરી બાબતના એક માત્ર ગુન્હાની જોગવાઈ દર્શાવતી નથી, પરંતુ આ કલમમાં દર્શાવ્યા મુજબના કોઈપણ હેતુ માટેના શોષણ કરવાના ઈરાદાથી માનવની હેરાફેરી બાબતના ગુન્હાની જોગવાઈ દર્શાવે છે. આ કલમની જોગવાઈ કોઈપણ પ્રકારના શોષણ કરવાના હેતુથી માનવ અથવા માનવીઓની કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓ ભરતી કરે, હેરાફેરી કરે, આશ્રય આપે, વિનીમય કરે અથવા મેળવે અને તેવુ કૃત્ય કોઈ ધમકીનો ઉપયોગ કરી, બળ વાપરી, દગો કરી અથવા છેતરી અથવા લલચાવી અથવા સત્તાનો દુરપયોગ કરી કરવામાં આવે ત્યારે લાગુ પડે છે. હાથ ઉપરના કેસમાં ઉપરોક્ત મુજબની ચર્ચા અનુસાર ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલા પુરાવાઓ આ કામના ભોગ બનનારને બાંગ્લાદેશ ખાતેથી કોઈ ધમકી આપી, બળ વાપરી, દગો કરી, છેતરી, લલચાવી કે સત્તાનો દુરપયોગ કરીને અનૈતિક સંભોગ કરવાના હેતુથી અપહરણ કરી કે હેરાફેરી કરી કે નાણાનું વિનિયમ કરી ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરાવી અને મેળવી જાતિય શોષણ કરવામાં આવેલ તેવી કોઈ હકીકત આરોપીઓ વિરુધ્ધ નિઃશંકપણે સાબિત કરવા પર્યાપ્ત અને વિશ્વસનીય રહેલા નથી. આથી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૦ ની જોગવાઈના કોઈ આવશ્યક તત્વો આ કામે અસ્તિત્વ ધરાવતા હોવાનું ફરિયાદ પક્ષ સાબિત કરવામાં નિષ્ફળ રહેલ છે.

(૩૭૪) આ કામે આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૨ અને ૩૭૩ મુજબના ગુન્હાનું તહોમત પણ રહેલ છે. આ કલમની–૩૭૨ ની જોગવાઈ

વેશ્યાવૃતિના હેતુ માટે સગીર વ્યક્તિનું વેચાણ કરવા બાબતે અને કલમ–૩૭૩ ની જોગવાઈ વેશ્યાવૃતિના હેતુ માટે સગીર વ્યક્તિ ખરીદવા બાબતે ગુન્હાની જોગવાઈ દર્શાવે છે. હાલના કામે આરોપી નં. ૦૧ થી ૦૪ સામે કલમ–૩૭૨ મુજબ આ કામના ભોગ બનનારનું વેશ્યાવૃતિ માટે વેચાણ કરવાનો આરોપ રહેલ છે જ્યારે કે આરોપી નં. ૦૫ થી ૦૮ સામે કલમ– ૩૭૩ મુજબ આ કામના ભોગ બનનારને વેશ્યાવૃતિ માટે ખરીદ કરવાનો આરોપ રહેલો છે. આ બન્ને કલમની જોગવાઈઓ માટે સૌપ્રથમ તત્વ ફરિયાદ પક્ષ દ્વારા એ સાબિત કરવાનું રહે છે કે, જે વ્યક્તિનું વેશ્યાવૃતિ કે દેહવ્યાપાર માટે ખરીદ કે વેચાણ કરવામાં આવેલ છે તે વ્યક્તિ ૧૮ વર્ષથી ઓછી વયની સગીર હોવી જોઈએ. આ કામે ઉપરોક્ત મુજબની મુદ્દા નં. ૦૧ ની વિસ્તૃત ચર્ચા મુજબ આ કામના ભોગ બનનાર આક્ષેપિત બનાવ સમયે ૧૮ વર્ષથી ઓછી વયના સગીર રહેલ હોવાની હકીકત ફરિયાદ પક્ષ નિઃશંકપણે સાબિત કરી શકેલ ન હોય તે સંજોગોમાં આ કામે ભોગ બનનારને વેશ્યાવૃતિ અથવા લગ્ન બાહ્ય સંભોગ કરવાના હેતુ માટે અથવા કાયદા વિરુધ્ધના અનૈતિક હેતુ માટે આરોપીઓ પૈકી કોઈ આરોપીઓ દ્વારા વેચાણ કરવામાં આવેલ હોય અને આરોપીઓ પૈકી કોઈ આરોપીઓ દ્વારા ખરીદવામાં આવેલ હોય તેવા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૨ અને ૩૭૩ ના ગુન્હાના આવશ્યક તત્વો પણ આ કામે અસ્તિત્વ ધરાવતા નથી.

<u>આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુન્હાના તહોમત નિઃશંકપણે સાબિત થતા નથીઃ–</u>

(૩૭૫) હાલના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬એ, ૩૬૬બી, ૩૭૦(૪), ૩૭૦એ(૧), ૩૭૨, ૩૭૩, ૩૭૬, ૧૨૦બી તથા જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ ૪, ૬, ૧૬ અને ઈમમોરલ ટ્રાફીક (પ્રિવેન્શન) એક્ટની કલમ ૪(૧), ૫(૧)(ડી) મુજબ ગુન્હાઓનો આક્ષેપ રહેલો છે.

(૩૭૬) આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩ મુજબના ગુન્હાનો આક્ષેપ રહેલ છે. કલમ ૩૬૩ ની જોગવાઈ અનુસાર કોઈ પણ વ્યક્તિ અન્ય કોઈ વ્યક્તિના કાનુની વાલીપણામાંથી અથવા ભારતમાંથી અપહરણ કરે તો તે બાબતે સજા નિર્દિષ્ટ કરવામાં આવેલી છે. કાનુની વાલીપણામાંથી

અપહરણની જોગવાઈ કલમ–૩૬૧ માં કરવામાં આવેલી છે. તે મુજબ ૧૮ વર્ષથી ઓછી વયની સ્ત્રીને તેના વાલીની સંમતિ વગર કોઈ વ્યકિત લઈ જાય અથવા ફોસલાવીને લઈ જાય તો તેવા સગીરનું કાનુની વાલીપણામાંથી અપહરણ કર્યુ કહેવાય. ભારતમાંથી અપહરણની જોગવાઈ કલમ–૩૬૦ માં કરવામાં આવેલી છે. તે મુજબ કોઈ વ્યક્તિને અથવા તેના વતી સંમતિ આપવા માટે કાયદેસર રીતે અધિકાર ધરાવતી કોઈ વ્યક્તિની સંમતિ લીધા વિના ભારતની સીમા બહાર લઈ જઈ તો તે વ્યક્તિનું ભારતમાંથી અપહરણ કર્યુ કહેવાય.

(૩૭૭) હાલના કિસ્સામાં ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલા ઉપરોક્ત પુરાવાઓ તથા ઉપરોક્ત મુજબની ચર્ચા અનુસાર ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩ માં દર્શાવવામાં આવેલા આવશ્યક તત્વો અસ્તિત્વ ધરાવતા ન હોવાનું પ્રથમ દર્શનિય રીતે જણાય આવે છે. હાથ ઉપરના કિસ્સામાં ઉપરોકત મુજબની ચર્ચા અનુસાર ખુદ તપાસ કરનાર અધિકારી દ્વારા અને ગુન્હાની ફરિયાદ અગાઉ જાણવા જોગની તપાસ કરનાર પોલીસ અધિકારીઓ દ્વારા સ્વીકારવામાં આવેલ છે કે, આ કામના ભોગ બનનારને કોઈપણ આરોપીઓ દ્વારા બાંગ્લાદેશ ખાતેથી લાલચ કે ધમકી આપી અપહરણ કરવામાં આવેલ હોય કે ગોંધી રાખવામાં આવેલ હોય તેવા કોઈ સ્વતંત્ર પુરાવાઓ મળી આવેલ નથી. આ કામના ભોગ બનનારના પુરાવાનું મુલ્યાંકન કરતા પણ જણાય છે કે, તેઓએ પણ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં તેમને કોઈ લાલચ કે ધમકી આપી તેમના કાયદેસરના વાલીપણામાંથી બાંગ્લાદેશ ખાતેથી અપહરણ કરી આ કામના કોઈ આરોપીઓ લાવેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. ભોગ બનનારના પુરાવાના આધારે એ હકીકત ફલિત થાય છે કે, ભોગ બનનાર તેમના ઘરના સભ્યોને જાણ કર્યા વિના તેઓને મોડેલીંગ કરવું હોય તેઓના ફેસબુક ફ્રેન્ડ મોહંમદ નઈમ શેખની મદદથી તેઓએ કરાવી આપેલ સંપર્કવાળા એજન્ટની મદદથી ગેરકાયેદસર રીતે ભારતમાં આવેલા. જાણવા જોગની તપાસ કરનાર અધિકારી તથા આ ગુન્હાની તપાસ કરનાર અધિકારી દ્વારા પણ સ્વીકારવામાં આવેલ છે કે, ભોગ બનનાર તેમના ઘરના સભ્યોને જાણ કર્યા વિના તેમના ઘરેથી નિકળી ગયેલા અને ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશમાંથી સરહદ ઓળંગી ભારતમાં પ્રવેશેલા અને તેમના ઘરના કોઈ સભ્યોએ બાંગ્લાદેશમાં કોઈ ફરિયાદ આપેલ હોય કે ભોગ બનનાર ગુમ થયાની જાણ કરેલ હોય તેવી કોઈ હકીકત તપાસના કામે જણાય આવેલ નહી. ઉપરોકત મુજબની ચર્ચા અને પુરાવાઓ ધ્યાને

લેતા ફરીયાદ પક્ષની આક્ષેપીત હકીકત અનુસાર બનાવના દીવસે ભોગ બનનાર સગીર વયના એટલે કે ૧૮ વર્ષથી ઓછી વયના સ્ત્રી હોવાની હકીકત સાબિત થયેલ નથી. આ સંજોગોમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૧ માં જોગવાઈ કર્યા મુજબ ભોગ બનનાર ૧૮ વર્ષથી ઓછી વયના સ્ત્રી રહેલ ન હોય અને તેમના કોઈ કાયદેસરના વાલીપણામાંથી કોઈ લાલચ કે ધમકી આપી અથવા ફોસલાવી અપહરણ કરવાના ગુન્હાના આવશ્યક તત્વો અસ્તિત્વ ધરાવતા નથી. સ્પીકૃત રીતે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૦ ની જોગવાઈ મુજબ ભોગ બનનારનું ભારતમાંથી અપહરણ કરવામાં આવેલ હોય તેવો ફરિયાદ પક્ષનો કોઈ કેસ રહેલો નથી. આ સંજોગોમાં જયારે ફરીયાદ પક્ષ આ કામના ભોગ બનનાર ૧૮ વર્ષથી ઓછી વયના સગીર સ્ત્રી રહેલ હોવાનું નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ રહેલ છે અને ઉપરાંતમાં ભોગ બનનારનું અપહરણ ભોગબનનારના કાયદેસરના વાલીપણામાંથી હાલના આરોપીઓ પૈકી કોઈ આરોપીએ કરેલ હોવાની હકીકત જ સ્થાપિત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નીવડેલ છે ત્યારે આરોપીઓને તેમની સામે આ કલમ–૩૬૩ ના આક્ષેપીત ગુન્હાના કામે કસુરવાર ઠેરવી શકાય નહી. આ સંજોગોમાં ફરિયાદ પક્ષ આરોપીઓ સામે આક્ષેપાયેલ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩ ના આવશ્યક તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય આરોપીઓને આ ગુન્હા સબબ કસુરવાર ઠેરવી શકાય નહી.

(૩૭૮) આ કામે આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬ મુજબના ભોગ બનનાર સાથે બળાત્કાર આચરવાના અને તે ગુન્હો આચરવામાં મદદગારી કરવાનો પણ આક્ષેપ રહેલો છે. આ ગુન્હા અંગેની આક્ષેપિત હકીકતો પુરવાર કરવા માટે સૌથી મહત્વના સાહેદ ભોગ બનનાર રહેલા છે. ઉપરોક્ત મુજબની વિસ્તૃત ચર્ચા અનુસાર આ કામના ભોગ બનનારનો મૌખિક પુરાવો સંપુર્ણપણે વિશ્વસનીય, માનવાલાયક, ખાતરી કરાવનારો, નિષ્કલંક અને વિશ્વાસ સંપાદિત કરનારો રહેલ નથી અને તે સંજોગોમાં કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો અનુસાર આવા ભોગ બનનારના અવિશ્વસનીય સ્વરૂપના એકમાત્ર પુરાવાના આધારે આરોપીઓ સામેના ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬ ના આક્ષેપિત તહોમતની હકીકતો પુરવાર થયાનું કહી શકાય નહી. ઉપરાંતમાં ભોગ બનનારના મૌખિક પુરાવાને ઉપરોક્ત મુજબની ચર્ચા અનુસાર તબીબી પુરાવાઓથી કે અન્ય વિશ્વસનીય પુરાવાઓથી કોઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી. ઉપરોક્ત હકીકતે ખુદ તપાસ કરનાર અધિકારી દ્વારા સ્વીકારવામાં આવેલ હકીકત

અનુસાર ભોગ બનનારના નિવેદન સિવાય તેમની તપાસના કામે ભોગ બનનાર સાથે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬ મુજબનો બળાત્કારનો ગુન્હો આચરવામાં આવેલ હોય તેવા કોઈ સ્વતંત્ર પુરાવાઓ મળી આવેલ નથી. ઉપરાંતમાં ફરિયાદ પક્ષના કેસ મુજબ ભોગ બનનાર સાથે જે અલગ અલગ ત્રણ હોટલ ખાતે આરોપી નં. ૦૫ થી ૦૮ નાઓએ અન્ય આરોપીઓની મદદથી ભોગ બનનાર સાથે દુષ્કર્મ આચરેલ તે હોટલના કર્મચારીઓના મૌખિક પુરાવાઓના આધારે તેમજ તેવી કોઈ હોટલના સી.સી.ટી.વી. કેમેરાના ફુટેજીસના આધારે પણ હાલના આરોપીઓ નં. ૦૫ થી ૦૮ જે તે હોટલ ખાતે ભોગ બનનાર સાથે રહેલ હોય કે જોવા મળેલ હોય કે તેવા કોઈ વિશ્વસનીય અને ખાતરી કરાવનારા પુરાવાઓ રજુ થયેલા નથી. ઉપરોકત મુજબની વિસ્તૃત ચર્ચા અનુસાર ભોગ બનનાર સાથે આરોપી નં. ૦૫ થી ૦૮ દ્વારા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૫ માં વ્યાખ્યાઈત કર્યા મુજબના બળાત્કારના ગુન્હા આચરેલ હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ રહેલ છે. આ સંજોગોમાં જ્યારે ફરિયાદ પક્ષના કેસ પરત્વે ખુદ ફરિયાદ પક્ષના પુરાવાઓના આધારે વ્યાજબી શંકાનું નિર્માણ થયેલ છે અને તેવી વ્યાજબી શંકાને નિર્મુળ કરતા કોઈ ખંડનાત્મક પુરાવાઓ રજુ થયેલ ન હોય ત્યારે આરોપીઓ સામે આક્ષેપાયેલ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૬ મુજબના ગુન્હાના આવશ્યક તત્વો નિઃશંકપણે સાબિત થયાનું કહી શકાય નહી.

(૩૭૯) ફરિયાદ પક્ષના કેસ મુજબ આ કામના આરોપીઓએ ભોગ બનનારને ભારત બહારમાંથી ભારતમાં લાવી તેણીની પાસે દેહવ્યાપાર કરાવી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬બી મુજબનો ગુન્હો આચરેલ છે. આરોપીઓ સામે આક્ષેપાયેલ આ ગુન્હાની સાબિતી માટે સૌપ્રથમ એ હકીકત પુરવાર થવી જરૂરી છે કે, લગ્ન બાહ્ય સંભોગ કરવાની ફરજ પાડવા કે તેમ કરવા ફોસલાવવાના ઈરાદાથી કોઈ બાળાને ભારત બહારથી ભારતમાં લાવવામાં આવે તે બાળા એકવીસ વર્ષથી ઓછી વયની હોવી જોઈએ. હાલના કામે ઉપરોક્ત મુજબ મુદ્દા નં. ૦૧ ની ચર્ચા અનુસાર આ કામે ફરિયાદ પક્ષ દ્વારા ભોગ બનનારના કોઈ આધારભુત અને માન્યતા પ્રાપ્ત જન્મ અંગેના દસ્તાવેજી પુરાવાઓ કે જન્મનું પ્રમાણપત્ર આ કામે રજુ થયેલ નથી અને ભોગ બનનારની વય નિર્ધારીત કરવા માટે ફરિયાદ પક્ષ દ્વારા ભોગ બનનારના તબીબી પરીક્ષણ અને ઓસિફિકેશન પરીક્ષણના અહેવાલ ઉપર આધાર રાખવામાં આવેલ છે અને મુદ્દા નં. ૦૧ ના નિર્ણય મુજબ ભોગ બનનારની તબીબી પરીક્ષણ અને

ઓસિફિકેશન પરીક્ષણ ના અહેવાલ મુજબ ભોગ બનનારની ઉંમરની આકારણીની શ્રેણીની ઉપરની ઉંમરમાં બે વર્ષ ભુલની મર્યાદાના સિદ્ધાંત મુજબ જોડવામાં આવ્યા બાદ ભોગ બનનારની ઉંમર આશરે અંદાજીત ૧૯ વર્ષ હોવાનું જણાય આવેલ છે. આ સંજોગોમાં આ કલમ–૩૬૬બી નું પ્રથમ આવશ્યક તત્વ આ કામે અસ્તિત્વ ધરાવતુ હોવાનું જણાય છે. પરંતુ ફરિયાદ પક્ષના પુરાવાઓને આધીન ઉપરોક્ત મુજબની ચર્ચા અનુસાર આ કામના ભોગ બનનારને હાલના આરોપીઓ પૈકી કોઈ આરોપીઓએ લગ્ન બાહ્ય સંભોગ કરવાની ફરજ પાડવાના ઈરાદાથી કે તેમ કરવા માટે ફોસલાવવાના ઈરાદાથી અથવા તેમ કરવામાં આવશે એવી સંભવ હોવાનું જાણતા હોવા છતાં ભોગ બનનારને બાંગ્લાદેશ ખાતેથી ગેરકાયદેસર ભારતમાં પ્રવેશ કરાવી ભારતમાં લાવેલ હોવાની હકીકત વિશ્વસનીય રીતે પ્રસ્થાપિત થયેલ નથી. ફરિયાદ પક્ષના પુરાવાઓના આધારે આ કામના કોઈ આરોપીઓએ ભોગ બનનારને બાંગ્લાદેશ ખાતેથી કોઈ નાણાકીય લાલચ આપીને કે કોઈ ધાકધમકી આપી કે કોઈ રીતે ફોસલાવી ગેરકાયદેસર રીતે ભારતમાં લાવેલ હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર થયેલ ન હોય, આ કામના આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૬૬બી મુજબના ગુન્હાના કામે કસુરવાર ઠરાવી શકાય નહી.

(૩૮૦) આ કામે આરોપીઓ સામે ગુન્હાહિત કાવતરુ રચી એકબીજાના મેળાપીપણામાં અને મદદગારીમાં ભોગબનનાર સગીરાને બાંગ્લાદેશથી ગેરકાયદેસર રીતે ભારતની બોર્ડર ક્રોસ કરાવી તેણીને કાયદેસરના વાલીપણામાંથી ખસેડી ભોગ બનનાર સગીરાને વેશ્યાવૃતિ માટે આરોપી નં. ૦૧ થી ૦૪ નાએ આરોપી નં. ૦૫ થી ૦૮ ને વેચી અને તે રીતે ભોગ બનનાર સગીરને વિદેશમાંથી દેહવ્યાપાર માટે મેળવી આરોપી નં. ૦૫ થી ૦૮ પાસે દેહવ્યાપાર કરાવી અને આરોપી નં. ૦૫ થી ૦૮ નાએ ભોગ બનનાર સગીરાને વેશ્યાવૃતિ માટે ખરીદ કરી આરોપી નં. ૦૫ થી ૦૮ નાએ ભોગ બનનાર સાથે શરીર સંભોગ કરી કરાવી ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૨૦(બી) મુજબનો આક્ષેપિત ગુન્હો કરેલાના આક્ષેપ છે. પરંતુ ભોગ બનનારનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા આ કામે આરોપીઓએ ભેગા મળીને ગુન્હાહીત કાવતરુ રચેલ હોય તેવી કોઈ જ હકીકતો રેકર્ડ ઉપર આવેલ નથી. તપાસ કરનાર અધિકારીએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આ કામના તમામ આરોપીઓએ એક સાથે મળી એક જગ્યાએ ભેગા થઇ ગુન્હાહિત કાવતરુ રચેલ હોય તેવો કોઇ પુરાવો તપાસના કામે મળી

આવેલ નહી. આમ, મહત્વના સાહેદ એવા ભોગ બનનાર અને તપાસ કરનાર અધિકારીના પુરાવાને ધ્યાને લેતા આ કામના આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦બી મુજબના ગુન્હાહીત કાવતરુ રચવાના ગુન્હાનું તહોમત પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

(૩૮૧) આ કામના આરોપીઓ નં.૦૧ થી ૦૪ સામે ગુન્હાહિત કાવતરુ રચી એકબીજાના મેળાપીપણામાં અને મદદગારીમાં ભોગબનનાર સગીરાને વેશ્યાવૃતિ માટે લલચાવી, વેશ્યાવૃતિની દિશામાં પ્રેરીત કરી આરોપી નં. ૦૫ થી ૦૮ ને વેચી તેણી પાસે વેશ્યાવૃતિ કરાવી અને આરોપી નં. ૦૧ થી ૦૪ તેની આવક ઉપર સંપુર્ણ કે આંશિક રીતે આધારિત બની આરોપી નં. ૦૫ થી ૦૮ ને વેચી તેણી પાસે વેશ્યાવૃતિ કરાવી ધી ઈમ્મોરલ ટ્રાફીક (પ્રિવેન્શન) એક્ટ ૧૯૫૪ ની કલમ ૪(૧) અને ૫(૧)(ડી) મુજબનો ગુન્હો કરેલાના આક્ષેપ છે. ઉપરોક્ત મુજબના મૌખિક પુરાવાઓ અને દસ્તાવેજી પુરાવાઓના સમગ્ર મુલ્યાંકન આધારિત વિસ્તૃત ચર્ચા અનુસાર ભોગ બનનારનો સોગંદ ઉપરનો મૌખિક પુરાવો ભોગ બનનારને બાંગ્લાદેશ ખાતેથી ગેરકાયદેસર રીતે કોણ ભારતમાં લાવેલ તે બાબતે વિશ્વસનીયતા પ્રદાન કરતો નથી અને ભોગ બનનાર અને તપાસ કરનાર અધિકારીના તથા જાણવા જોગની તપાસ કરનાર અધિકારીના પુરાવાઓના આધારે આરોપી નં. ૦૧ નાઓ ભોગ બનનારને કોઈ લાલચ કે ધમકી આપી બાંગ્લાદેશ ખાતેથી ભારતમાં લાવેલ હોય તેવો પુરાવો મળી આવેલ ન હોવાનું જણાય છે. તેમજ તેમના પુરાવાઓના આધારે આરોપી નં. ૦૩ ભોગ બનનારને દેહવ્યાપાર માટે લઈ ગયેલ હોય તેવા કોઈ આક્ષેપો કે પુરાવો રહેલ નથી. તપાસ કરનાર અધિકારીના મૌખિક પુરાવાના આધારે એવી હકીકત પણ ફલિત થાય છે કે, તેઓએ તપાસ કરનાર અધિકારી તરીકે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી કોઈ હકીકત જણાવેલ નથી કે, કોઈ આરોપીઓએ ભોગ બનનારને લાલચ કે ધમકી આપી બાંગ્લાદેશ થી તેમના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભારતમાં ગેરકાયદેસર પ્રવેશ કરાવી લાવી અને કોઈ વેશ્યાગૃહ ચલાવી ભોગ બનનારની દેહવ્યાપાર માટે ખરીદ કે વેચાણ કરી કરાવી તેવી આવક ઉપર નિર્ભર રહી તે રીતે નાણાના બદલામાં દેહવ્યાપાર કરી કે કરાવી ભોગ બનનાર સાથે દુષ્કર્મ કે બળાત્કાર આચરી અને તેમાં મદદગારી કરી કરાવી આક્ષેપિત ગુન્હો આચરેલ હોય. ભોગ બનનારના મૌખિક પુરાવાના આધારે એવી હકીકત પણ ફલિત થતી નથી કે, કોઈ આરોપીઓએ તેણીને કોઈ નાણા ચુકવી તેણીની પાસે દેહવ્યાપાર કરાવેલ હોય અને

રેકર્ડ ઉપર એવો અન્ય કોઈ પુરાવો પણ રહેલ નથી કે, ભોગ બનનાર પાસે દેહવ્યાપાર કરાવવા માટે અન્ય કોઈ આરોપીઓએ કોઈ ખરીદ વેચાણ કરી નાણાકીય લેવડ દેવડ કરેલ હોય કે વિનીમય કરેલ હોય. આમ, ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલા રેકર્ડ ઉપરના પુરાવાઓના આધારે આ કામના આરોપીઓ સામે આક્ષેપાયેલ ધી ઈમ્મોરલ ટ્રાફીક (પ્રિવેન્શન) એક્ટની કલમ– ૪(૧) અને ૫(૧)(ડી) મુજબના ગુન્હાના તહોમતની હકીકતો નિઃશંકપણે પુરવાર થતી ન હોય આ ગુન્હાઓ સબબ પણ આરોપીઓને વિશ્વસનીય પુરાવાઓના અભાવે કસુરવાર ઠરાવી શકાય નહી.

(૩૮૨) ઉપરોકત મુજબની વિસ્તૃત ચર્ચા અનુસાર ફરિયાદ પક્ષ વિશ્વસનિય, માનવાલાયક અને સત્યતાની ખાતરી કરાવનારા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓના આધારે આ કામના આરોપીઓએ ગુન્હાહિત કાવતરુ રચી એકબીજાના મેળાપીપણામાં અને મદદગારીમાં ભોગબનનાર સગીરાને બાંગ્લાદેશથી ગેરકાયદેસર રીતે ભારતની બોર્ડર ક્રોસ કરાવી તેણીને કાયદેસરના વાલીપણામાંથી ખસેડી ભોગ બનનાર સગીરાને વેશ્યાવૃતિ માટે આરોપી નં. ૦૧ થી ૦૪ નાએ આરોપી નં. ૦૫ થી ૦૮ ને વેચી અને તે રીતે ભોગ બનનાર સગીરાને વિદેશમાંથી દેહવ્યાપાર માટે મેળવી આરોપી નં. ૦૫ થી ૦૮ પાસે દેહવ્યાપાર કરાવી અને આરોપી નં. ૦૫ થી ૦૮ નાએ ભોગ બનનાર સગીરાને દેહવ્યાપાર માટે ખરીદ કરી આરોપી નં. ૦૫ થી ૦૮ નાએ ભોગ બનનાર સાથે શરીર સંભોગ કરી તમામ આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬એ, ૩૬૬બી, ૩૭૦(૪), ૩૭૦એ(૧), ૩૭૨, ૩૭૩, ૩૭૬, ૧૨૦બી તથા જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ ૪, ૬, ૧૬ અને ઈમ્મોરલ ટ્રાફીક (પ્રિવેન્શન) એક્ટની કલમ ૪(૧), ૫(૧)(ડી) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા આચરેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ નથી.

(૩૮૩) આ સંજોગોમાં ઉપરોકત ચર્ચા મુજબ મુદ્દા નંબર–૨ થી ૮ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

<u>મુદ્દા નં. ૦૯:–</u>

(૩૮૪) ઉપરોક્ત મુજબની વિસ્તૃત ચર્ચા અનુસાર ફરિયાદ પક્ષ દ્વારા આરોપીઓ સામે આક્ષેપાયેલ તહોમતની હકીકતો નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ

રહેલ ન હોય તેથી મુદ્દા નં. ૦૨ થી ૦૮ નો નિર્ણય નકારમાં આપવામાં આવેલ હોય, ન્યાયના વિશાળ હીતમાં મુદ્દા નંબર– ૯ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

:: આખરી હુકમ ::

(૧) ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ ૨૩૫(૧) અન્વયે આ કામના **આરોપી નં.(૦૧) મેસન સ/ઓ રઙ્કાક રહમાન બીસ્સ ઉર્ફે અનવર ઉર્ફે મુનાવર હુસેન જોય** રહે. મકાન નં.૨૦૧, બીજા માળ, મુસ્કાન એપાર્ટમેન્ટ, શાકમાર્કેટ પાસે, અલકાપુરી, નાલાસોપારા, ઈસ્ટ, વસઈ, જી.પાલઘર (મહારાષ્ટ્ર) તથા હાલ રહે. ગામ– પાનીતર, થાના. બોસીરાહત, જી. ઉત્તર ચોવીસ પરગુન્હા, (પશ્ચિમ બંગાળ, કલકત્તા) મુળ રહે. ડિગોલીયા, થાના ડિગોલીયા, જી. ખુલના, બાંગ્લાદેશ **આરોપી નં.(૦૨) જેઠાનંદ ઉર્ફે સુનિલ ઘનશ્યામભાઈ સેવકાની** હાલ રહે. મકાન નં. ૫૯, ભાથીજીનગર, ડી–માર્ટની સામે, વાધોડીયા રોડ, તા.જી.વડોદરા મુળ રહે. બી૧૨–૫૬, રૂપલ એપાર્ટમેન્ટ, રાધાસ્વામી રોડ, રાણીપ, અમદાવાદ, **આરોપી નં.(૦૩) સોનીયાબેન વા/ઓ દીનેશભાઈ વેંક્ટ શિંદે ઉર્ફે નઝમા રજાકભાઈ બીસેસ** હાલ રહે. મકાન નં. ૧૦૪, એ–વીંગ, કેમ એપાર્ટમેન્ટ, નાલાસોપારા ઈસ્ટ, વસઈ, જી.પાલઘર (મહારાષ્ટ્ર) રહે. પાનીતર, થાના– બોસીરહાત, જી. ઉત્તર ચોવીસ પરગુન્હા (પશ્ચિમ બંગાળ કોલકત્તા) મુળ રહે. ડિગોલીયા, થાના ડિગોલીયા, જી. ખુલના, બાંગ્લાદેશ, **આરોપી નં.(૦૪) અમૃત ઉર્ફે અનીલ ઉર્ફે આર્યન ગોરધનભાઈ ખરા** રહે. પ્રહલાદપુરા, શિવદાસપુરાની બાજુમાં, પોસ્ટ–બીલવા, તા. સાંગાનેર, જી.જયપુર, રાજસ્થાન હાલ રહે. સીફોનીક સોસાયટી, મકાન નં. ૧૦૪, ઉભા ભવાની ફાટક, ચાંદખેડા, અમદાવાદ, **આરોપી નં.(૦૫) પ્રદિપકુમાર ઉર્ફે લાલો કાંતીભાઈ મકવાણા** રહે. કાવીઠા, ચામુંડા ફળિયું, તા. બોરસદ, જી. આણંદ, હાલ રહે. વડોદરા, નવા યાર્ડ, ઓમ રેસીડેન્સી પાછળ, જુની આશાપુરી, મકાન નં.૬૫૯, તા.જી.વડોદરા, **આરોપી નં.(૦૬) રાહુલ પ્રકાશ નારાયણ મિશ્રા** રહે. તિવરલાલપુર, થાના, અયાના, જી. ઔરૈયા, યુ.પી., હાલ રહે. વડોદરા, ફતેગંજ, સર્નમ સોલીટાયલ, ફ્લેટ નં. ૨૦૧,

પોસ્ટ ઓફીસની પાછળ, તા.જી. વડોદરા, **આરોપી નં.(૦૭) શીભાઈભાઈ ઉર્ફે લાલભાઈ કરમશીભાઈ દેસાઈ** રહે. ઉચરપી, દેસાઈ વાસ, તા.કાંકરેજ, જી. બનાસકાંઠા, હાલ રહે. અમદાવાદ, અંજતા ઈલોરા એપાર્ટમેન્ટ, શંકર ભગવાનના મંદિર પાછળ, રિદ્ધી સિદ્ધી રો હાઉસ પાસે, થલતેજ, તા.જી.અમદાવાદ, **આરોપી નં.(૦૮) હની ત્રિભોવનભાઈ પટેલ** રહે. ઉંઝા, અંબિકા સોસાયટીની પાછળ, રધુવીર સોસાયટી, મકાન નં.૬૯, તા. ઉંઝા, જી. મહેસાણા, હાલ રહે. અમદાવાદ, ગુજરાત હાઈકોર્ટની સામે, સ્વસ્તિક બંગ્લો, પાર્ટ–૦૧, મકાન નં. ૧૨/બી, તા.જી.અમદાવાદ નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬એ, ૩૬૬બી, ૩૭૦(૪), ૩૭૦એ(૧), ૩૭૨, ૩૭૩, ૩૭૬, ૧૨૦બી તથા જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ ૪, ૬, ૧૬ અને ઈમ્મોરલ ટ્રાફીક (પ્રિવેન્શન) એક્ટની કલમ ૪(૧), ૫(૧)(ડી) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી વિશ્વસનિય પુરાવાઓના અભાવે વ્યાજબી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી નં.૦૧ મેસન સ/ઓ રઝાક રહમાન બીસ્સ ઉર્ફે અનવર ઉર્ફે મુનાવર હુસેન જોય કાચા કામના કેદી તરીકે જેલમાં હોય તેમને જો અન્ય કોઈ ગુન્હાના કામે જેલમાં જરૂર ન હોય તો આ ગુન્હાના કામેથી જેલ મુક્ત કરવા.

(૩) આરોપીઓ નં. ૦૨ થી ૦૮ ના જામીન તેમજ જાત મુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૪૩૭એ ની જોગવાઈઓને આધીન આ કેસના તમામ આરોપીઓએ આ હુકમ સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ થાય તો હાજર રહેવા રૂ.૨૫,૦૦૦/– (અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા) ના જાત મુચરકા તથા તેટલી જ રકમના અપીલ સમય સુધીના જામીન અત્રેની કોર્ટમાં રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આ કામનો મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૭ અને ૨૮ નો બીન કિમતી કપડા મુદ્દામાલનો અપીલ સમય પુરા થતા સુધી યોગ્ય સ્થિતિમાં જાળવી રાખવો

અને અપીલ સમય પુરો થયેથી મુદ્દામાલનો નિયમોનુસાર નાશ કરવો અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૪, ૧૫, ૧૬, ૧૯, ૨૨, ૨૫ અને ૨૬ મુજબના મોબાઈલ ફોન અંગે જો વચગાળાના તબક્કે કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે અને જો વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો તે મોબાઈલ ફોનની માલીકી અંગેની ખરાઈ કરી તેના મુળ માલિકને અપીલ સમય પુરો થયા બાદ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે અને મુદ્દામાલ આર્ટીકલ ૧૧ થી ૧૩ સુધી રજુ થયેલ પેનડ્રાઈવનો અપીલ સમયપુરો થયેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તારીખ ૨૫ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

(એસ.આઈ.ભોરણીયા)
સ્પેશ્યલ જજ (પોકસો)અને
બીજા એડીશ્નલ સેશન્સ જજ
આણંદ
UIC-00606

તા. ૨૫/૦૩/૨૦૨૬
સ્થળ–આણંદ